# श्री जीवसमास प्रकरण

(ગુજરાતી અનુવાદ સહ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીનેમિ - નન્દન - ગ્રન્થમાલા - ૧૪

અજ્ઞાત - શ્રીશ્રુતધર મહર્ષિ - વિરચિત

# श्री जीवसमास प्रकरण

(મલધારી શ્રી હેમચન્દ્રસૂરિ - રચિત ટીકાયુક્ત
મૂળ ગ્રંથના વિસ્તૃત ગુર્જરભાષા - અનુવાદ સહ)

અનુવાદક :

શ્રાવક પંડિત સ્વ. શાહ ચંદુલાલ નાનચંદ શિનોરવાળા

અનુવાદાર્થે પ્રેરક તથા માર્ગદર્શક :

ગીતાર્થ ધુરીણ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી વિજયોદય સૂરીશ્વરજી મ.

સંપાદક :

પં. શીલચન્દ્રવિજય ગણી

પ્રકાશક :

શ્રી જૈન ગ્રન્થ પ્રકાશન સમિતિ - ખંભાત

૧૯૯૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જીવસમાસ પ્રકરણ
(ગુજરાતી અનુવાદ-યુક્ત)

અનુવાદક : શાહ ચંદુલાલ નાનચંદ શિનોરવાળા

પ્રકાશક : શ્રી જૈન ગ્રન્થ પ્રકાશન સમિતિ - ખંભાત

સંપાદક : પૂજ્ય આચાર્ય શ્રી વિજય સૂર્યોદયસૂરિ - શિષ્ય
પં. શીલચન્દ્ર વિજય ગણી

પ્રથમ આવૃત્તિ : ૩૫૦,

ઈ. ૧૯૯૪, વિ. સં. ૨૦૫૦, વી. નિ. સં. ૨૫૨૦

સર્વાધિકાર સુરક્ષિત

: પ્રાપ્તિસ્થાન :

❖ સરસ્વતી પુસ્તક ભંડાર
૧૧૨, હાથીખાના, રતનપોળ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૧

❖ શ્રી વિજયનેમિસૂરિ જ્ઞાનશાળા
પાંજરાપોળ, રિલીફ રોડ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૧

મુદ્રણ વ્યવસ્થા :
નન્દન ગ્રાફિક્સ
૧૪૭, તંબોળીનો ખાંચો,
દોશીવાડાની પોળ
અમદાવાદ ૩૮૦ ૦૦૧. ફોન ૩૫૬૧૯૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્રી સ્તંભનપાર્શ્વનાથાય નમઃ ॥**

## પ્રકાશકીય નિવેદન

પરમપૂજ્ય શાસનસમ્રાટ બાલબ્રહ્મચારી પરમગુરુ આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિ સૂરીશ્વરજી મહારાજના સમુદાયના પરમપૂજ્ય આચાર્ય શ્રી વિજયસૂર્યોદય સૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી, તેઓશ્રીના શિષ્ય-પ્રશિષ્યાદિ દ્વારા રચિત-સંપાદિત ગ્રંથોના પ્રકાશનની સમુચિત વ્યવસ્થા માટે, કેટલાંક વર્ષો અગાઉ, 'શ્રી જૈન ગ્રન્થ પ્રકાશન સમિતિ'ની સ્થાપના થઈ છે, જેના માધ્યમથી सटीक श्री जम्बूद्वीपसंग्रहणी (સચિત્ર) વગેરે ગ્રન્થોનું પ્રકાશન થયેલ છે. આ સમિતિના આશ્રયે એક વધુ શાસ્ત્રીય ગ્રંથનું પ્રકાશન કરતાં અમો અનહદ આનંદ અનુભવીએ છીએ.

આ 'જીવસમાસ' નામના ગ્રંથનું સંપાદન પૂજ્ય આચાર્યશ્રીના શિષ્ય પૂ. પં. શ્રી શીલચન્દ્રવિજયજીએ કરેલ છે. આ ગ્રંથના પ્રકાશનના ખર્ચ અંગે પૂજ્યપાદ શાસનસમ્રાટશ્રીજીનાં આજ્ઞાવર્તિની પૂજ્ય સાધ્વીજી શ્રી દેવીશ્રીજી મ. નાં શિષ્યા પૂજ્ય સાધ્વી જી શ્રી વિદ્યુત્પ્રભાશ્રીજી મ. તથા તેઓનાં શિષ્યા પૂ. સાધ્વી શ્રી શશિપ્રભાશ્રીજી મ. – સપરિવારના શ્રુતભક્તિભર્યા સદુપદેશથી વિવિધ સંઘો, ટ્રસ્ટો તથા વ્યક્તિઓએં સંપૂર્ણ ખર્ચ આપેલ છે, જેની નામાવલી આ ગ્રંથમાં પ્રગટ કરવામાં આવી છે. આ તબક્કે અમો પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને વંદન કરીએ છીએ અને પ્રકાશનમાં દ્રવ્યસહાય કરનાર સર્વના પ્રતિ કૃતજ્ઞતાની લાગણી પ્રદર્શિત કરીએ છીએ.

ગ્રંથના મુદ્રણની વ્યવસ્થા અમદાવાદના શ્રી નન્દન ગ્રાફિક્સના માલિક શ્રી હરીન્દ્ર જે. શાહ તથા હેમેન્દ્ર જે. શાહે કરી આપી છે, અને ઘણી સુઘડ રીતે પ્રકાશન કરી આપ્યું છે તે બદલ તેમનો અમે આભાર માનીએ છીએ. અંતમાં, આવા શ્રુતભક્તિના સત્કાર્યમાં માધ્યમ બનવાનો લાભ, પૂજ્ય ગુરુભગવંતોની પ્રેરણાથી, અમોને વારંવાર મળતો રહે, તેવી ભાવના સહ વિરમીએ છીએ.

લિ.

ઠે. જીરાળા પાડો,
ખંભાત (જિ. ખેડા) ૩૮૮ ૬૨૦

'જૈન ગ્રન્થ પ્રકાશન સમિતિ'વતી
શનુભાઈ કચરાભાઈ શાહ,
સુમનલાલ પરસોત્તમદાસ કાપડિયા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अर्हम् ॥

नमो नमः श्री गुरुनेमिसूरये ॥

## સંપાદકીય

શ્રી વીતરાગ તીર્થંકર પરમાત્માનું ભવનિવારક શાસન ભવ્ય જીવોને કર્મોની નિર્જરા સાધવા માટે વિવિધ અમોઘ આલંબનો પ્રબોધે છે, તેમાં એક અદ્ભુત આલંબન છે : શ્રુતજ્ઞાનની ઉપાસના, સ્વાધ્યાય. સ્વાધ્યાયથી સદ્ધ્યાન સધાય છે અને દુર્ધ્યાનથી બચી જવાય છે; સ્વાધ્યાય થકી સંસારના વાસ્તવિક સ્વરૂપનું યથાર્થ ભાન થાય છે; અને સ્વાધ્યાયમાં વર્તતા જીવનો વૈરાગ્યભાવ દૃઢ અને તીવ્ર બની શકે છે.

પરમાત્માના પુનિત શાસનને શોભાવનારા અને સ્વાધ્યાય તથા ધ્યાનમાં અહર્નિશ રમમાણ એવા અસંખ્ય મહાપુરુષો - શ્રુતધરો અને જ્ઞાનગરિષ્ઠ મુનિવરો વીતેલાં અઢી હજાર વર્ષોમાં થઈ ગયા છે, જેમણે પોતાની આત્મસાધના તો કરી જ, સાથે સાથે આપણા જેવા અજ્ઞાની અને પ્રમાદી એવા બાળ જીવોના કલ્યાણની પણ ચિંતા તેમણે સેવી, અને આપણા આત્મોદ્ધાર કાજે અનેકાનેક ગ્રંથોની-શાસ્ત્રોની રચના કરી ગયા. ખૂબી તો એ છે કે કેટલાય મહાપુરુષોએ અનુપમ કે વિશિષ્ટ કહી શકાય તેવી શાસ્ત્રરચના કરી છતાં, તેમાં ક્યાંય - કોઈ પણ રીતે, પોતાનું નામ સૂચવવાની પણ ખેવના તેમણે ન રાખી. 'ભગવાનનું છે આ બધું, હું પણ ભગવાનનો જ છું; આ બધું ભગવાનને અર્પણ' - આવી કોઈ ઉચ્ચ ભૂમિકાએ પહોંચેલા અહંશૂન્ય પુણ્યાત્માઓ જ આવી નિરીહતા દાખવી શકે.

આવા જ કોઈ પરમનિરીહ શ્રુતધર મહાપુરુષે રચેલી એક ભવ્ય શાસ્ત્રરચના છે : જીવસમાસ પ્રકરણ. શ્રી દ્વાદશાંગીમાંના શ્રી દૃષ્ટિવાદ નામે બારમા અંગગત ચૌદ પૂર્વો પૈકી છઠ્ઠા 'સત્યપ્રવાદ' પૂર્વમાંથી આ પ્રકરણનો ઉદ્ધાર થયો છે; અને મહાન શ્રુતધર શ્રીદેવર્ધિગણિ ક્ષમાશ્રમણ ભગવંતે તેનો ઉદ્ધાર કર્યો છે, અને તે વલભી વાચનાની પરંપરાનું આગમિક પ્રકરણ છે, આવી પરંપરા આપણે ત્યાં દૃઢ છે અને માન્ય પણ છે. શ્રીવીતરાગ-પ્રવચનના પારમાર્થિક પદાર્થોની પ્રરૂપણા આ પ્રકરણમાં એવી તો સુબોધક અને હૃદયંગમ રીતે કરવામાં આવી છે કે તત્ત્વના જિજ્ઞાસુઓ તથા અભ્યાસી આત્માઓ માટે તો આ પ્રકરણ આગમિક ભાવોના એક ખજાના સરીખું જ છે.

આ પ્રકરણ ઉપર ઓછામાં ઓછી ત્રણેક વૃત્તિઓ રચાઈ છે. તેમાં એક પ્રાચીન વૃત્તિ, જેને મલધારીજી મહારાજ 'मूलवृत्ति' તરીકે ઓળખાવે છે, તે અપ્રાપ્ય જ છે. બીજી વૃત્તિ શીલાચાર્ય નામે આચાર્યદેવે રચેલી છે, અને સંભવતઃ તેને જ મલધારીજી મહારાજ 'अर्वाचीनवृत्ति' તરીકે લેખવે છે; તે વૃત્તિની પ્રતિઓ આજે પણ પ્રાપ્ત છે; જો કે તેનું મુદ્રણ થવું બાકી છે. ત્રીજી વૃત્તિ છે - મલધારી શ્રી હેમચન્દ્રસૂરિએ રચેલી વિશદ, વિસ્તૃત અને ગ્રંથગત પદાર્થોનાં સઘળાંય રહસ્યોને તથા તેના સંવાદ-વિસંવાદોને સુપેરે ખોલી આપનારી, ૬૬૨૭ શ્લોકપ્રમાણ બૃહદ્વૃત્તિ. બૃહદ્વૃત્તિયુક્ત પ્રસ્તુત પ્રકરણ પૂજ્ય આગમોદ્ધારક આચાર્ય ભગવંત શ્રી આનંદસાગરસૂરિજીએ, સૂરતની આગમોદય સમિતિ દ્વારા, ઈ. ૧૯૨૭ (વિ. સં. ૧૯૮૪)માં મુદ્રિત કરાવ્યું હતું. તે પછી દ્રવ્યાનુયોગના રસિયા મુનિવર્યો તથા વિદ્વાન ગૃહસ્થો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રકરણ પ્રતિ વિશેષે આકર્ષાયા. ભાવનગરના પંડિત શ્રાવક શા. કુંવરજી આણંદજી આના ઊંડા અભ્યાસી હતા અને તેમણે અનેક સાધુઓને આ પ્રકરણ ભણાવેલું. પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયોદયસૂરીશ્વરજી, પૂજ્ય આચાર્ય શ્રી વિજયનન્દનસૂરીશ્વરજી, પૂજ્ય આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજ વગેરે આ ગ્રંથના અભ્યાસી જ નહિ, પરંતુ અવસરે અવસરે તેનું અધ્યાપન પણ કરતા રહ્યા અને જિજ્ઞાસુઓને આ પ્રકરણ જોવા - વાંચવાની ભલામણ પણ કરતા રહ્યા હતા. તો શ્રાવક પંડિત શ્રીચંદુલાલ નાનચંદ શિનોરવાળાએ ઉપરોક્ત પૂજ્યોની પ્રેરણાનુસાર આ પ્રકરણની મૂળ ગાથાઓનો વિશદ ગુજરાતી અનુવાદ પણ કર્યો અને છપાવ્યો. પણ માત્ર મૂળ પ્રકરણનો અનુવાદ કરીને જ તેઓ અટકી ન ગયા. પછીથી પૂજ્યપાદ શ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા થતાં અને ગુંચ પડે ત્યાં પૂરેપૂરા માર્ગદર્શનની, સહાયની અને સંશોધનની ખાતરી પણ મળતાં શાહ ચંદુલાલ નાનચંદે મલધારીજી મહારાજની બૃહદ્વૃત્તિના વિસ્તૃત ગુજરાતી અનુવાદનું પણ બીડું ઝડપ્યું; અને પોતાની આ વિષયની આગવી કુશળતાને કારણે એ કાર્ય તેમણે પૂર્ણ પણ કર્યું. આ અનુવાદ, ઉપર નિર્દેશ્યું છે તેમ, પૂજ્ય શ્રી વિજયોદયસૂરિજી જેવા ગીતાર્થશિરોમણિ પુરુષની નજરમાંથી અક્ષરશઃ પસાર થઈ ચુક્યો છે, તેથી તેનું મૂલ્ય ઘણું વધી જાય, તે સ્વાભાવિક છે.

અનુવાદક શાહ ચંદુલાલ નાનચંદ માસ્તર મૂળે શિનોરના વતની હતા. તેમણે નાની વયમાં જ ધાર્મિક બાબતોનો ઊંડો અભ્યાસ કર્યો હતો. ભરૂચના સંઘમાન્ય વિદ્વાન શ્રાવકવર શેઠ શ્રી અનોપચંદભાઈ પાસે રહીને તેમણે કર્મપ્રકૃતિ, પંચસંગ્રહ વગેરેનો તથા દ્રવ્યાનુયોગના વિષયનો તલસ્પર્શી બોધ મેળવ્યો હતો. તેમણે ડભોઈ, મહેસાણા - જૈન શ્રેયસ્કર મંડળ, અમદાવાદ - ફતાસા પોળે સરસ્વતી પાઠશાળા વગેરે પાઠશાળાઓમાં જીવનભર ધર્મનો અને તત્ત્વજ્ઞાનના ગ્રંથોનો અભ્યાસ કરાવેલો. શાસનસમ્રાટ પરમગુરુભગવંત શ્રી વિજયનેમિસૂરીશ્વરજી પાસે પણ કેટલોક વખત રહેલા અને તેમના શિષ્યોને અધ્યયન કરાવેલું. આમ તો સંસ્કૃત બે બુક જ ભણેલા, પણ સતત પ્રવર્તતા શાસ્ત્રોના વ્યાસંગને કારણે તેમની મતિ એવી તો પરિકર્મિત થયેલી કે મોટા મોટા ગ્રંથોના સંસ્કૃત વિવરણને અત્યંત સરળ ગુજરાતીમાં અનુવાદિત કરવાની અજોડ નિપુણતા તેમણે સાધેલી. ચતુર્વિધ સંઘમાં હજારો-હજારો અભ્યાસીઓ જે પુસ્તકોના આધારે પોતાના જૈન તત્ત્વજ્ઞાનનો પાયો નાખે છે તે જીવવિચાર આદિ જ પ્રસિદ્ધ પ્રકરણો તથા ૩ ભાષ્યો વગેરેના, મહેસાણા-જૈન શ્રેયસ્કર મંડળ તરફથી છપાયેલાં મળતાં પુસ્તકોમાંનાં ગુજરાતી વિવેચનો શ્રી ચંદુલાલ માસ્તરનાં જ લખેલાં છે. વધુમાં બૃહત્સંગ્રહણી તથા લઘુ ક્ષેત્રસમાસ વગેરે પ્રાકરણિક ગ્રંથોના અત્યારે મળતા સવિસ્તર અનુવાદ-વિવેચન ગ્રંથો પણ શા. ચંદુલાલ નાનચંદનું જ પ્રદાન છે.

શ્રી ચંદુલાલ માસ્તર સારા કવિ પણ હતા. તેમણે સુંદર અને સંસ્કાર પ્રેરક ભાષામાં અને પદ્ધતિથી 'જૈન ગરબાવલી' પણ બનાવી પ્રસિદ્ધ કરેલી. અને આજે કયો જૈન બચ્ચો એવો હશે કે જેને 'સમરો મંત્ર ભલો નવકાર' - એ છંદ ન આવડતો હોય કે ન સાંભળ્યો હોય ? આ છંદ પણ શ્રી ચંદુલાલ નાનચંદ માસ્તરની જ અમર રચના છે. એમાં અત્યારે 'વીર વચનથી હૃદયે વ્યાપે' - એ રીતે બોલાતી પંક્તિ, વાસ્તવમાં 'ચંદ્રવચનથી હૃદયે વ્યાપે' - એમ છે, એ બહુ ઓછા જાણે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ અનુવાદની વિશેષતા એ છે કે આમાં શ્રીચંદુભાઈએ ઠેરઠેર અત્યંત વિસ્તારથી પાદનોંધો - ટિપ્પણીઓ આપી છે. જે વિષય-પરત્વે જરૂર જણાઈ, ત્યાં તેમણે પંચસંગ્રહ, પ્રજ્ઞાપના, અનુયોગદ્વાર વગેરે વિભિન્ન શાસ્ત્રોના પાઠો તેના અનુવાદો સહિત આપીને જે-તે સંદર્ભને સમજવા માટે જરૂરી સર્વ સામગ્રી અહીં જ ઉપલબ્ધ કરી આપી છે. વળી, જ્યાં જ્યાં જરૂર લાગી ત્યાં મૂળ કૃતિના વિષયને અતિસ્પષ્ટ પણ કરી આપ્યો છે. પાંચ ભાવોના કોષ્ટક વગેરે આના ઉદાહરણ છે. મૂળ અનુવાદમાં પણ એક પણ અક્ષર કે શબ્દને તેમણે જવા તો નથી જ દીધો, બલ્કે તેના મર્મને ઉઘાડવા માટે લંબાણ કરવું પડે તો તેને ()માં મૂકીને પણ તેમણે તેમ કર્યું છે. અજાણ્યા કે નવા અભ્યાસીને ગહન વિષયની આ રચના પણ દુર્ગમ કે દુર્બોધ ન બની જાય, તે માટે તેમણે પૂરી ચીવટ રાખી જણાય છે. ટિપ્પણીમાં એક બે સ્થાન તો એવાં પણ છે કે જ્યાં શ્રીમલધારીજી મહારાજે પોતાના વિવરણમાં મતભિન્નતાની કે કોઈ વિચાર કે રજૂઆત યોગ્ય હોવા વિશે આશંકા કરી હોય તે સ્થળોએ ચંદુભાઈએ વિભિન્ન સૂત્રગ્રંથોના પાઠના હવાલા આપીને, શ્રીમલધારી મહારાજની આશાતના ન થાય કે તેમના આશયને જરા પણ ઠેસ ન પહોંચે તે રીતે, સરસ સમન્વય સાધી આપ્યો છે. અનુવાદ આશરે ૭૦ વર્ષો અગાઉ થયેલો હોવાથી, તેની ભાષા તથા જોડણી જરા જૂનવાણી જણાય અને રજૂઆતમાં જરા વધુ પ્રસ્તાર જણાય તો તે સમજી શકાય તેવું છે. (આમ છતાં, જીવસમાસ પ્રકરણની મલધારીય વૃત્તિની સંશોધિત વાચનાનો ગ્રંથ પણ આ પ્રકાશનના જોડિયા પ્રકાશન રૂપે જ પ્રકાશિત થઈ રહ્યો છે. તેની સાથે આ અનુવાદને તજજ્ઞો સરખાવી જુએ તેવી અપેક્ષા છે.)

તો આવા વિદ્વાન અને શ્રદ્ધાળુ શ્રાવક-પંડિતે આશરે છ-સાત દાયકા અગાઉ કરેલો આ અનુવાદ, અમદાવાદની શ્રીવિજયનેમિસૂરિજ્ઞાનશાળાના ભંડારમાં પ્રેસમેટરરૂપે સચવાઈ રહ્યો હતો. આજથી પચીસેક વર્ષ પૂર્વે, પૂજ્યપાદ પરમ દયાળુ સંઘનાયક આચાર્ય ભગવંત શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજના ચરણોમાં બેસીને જીવસમાસ પ્રકરણનું અધ્યયન કરવાનો લાભ મળ્યો, તેની પૂર્ણતા પછી તે પૂજ્યશ્રીએ આ પ્રેસમેટર ભંડારમાંથી કઢાવી એમ કહીને સોંપ્યું કે આનો ઉદ્ધાર કરવા જેવો છે. ઉત્સાહિત હૈયે તે મેટર જોઈ ગયો, તો એક-બે સ્થળે કોઈક ગાથાનું કે ટીકાંશનું ભાષાંતર અનાભોગવશ કરવું રહી ગયું હશે, તેની તે જ ક્ષણે પૂર્તિ કરવાનું સૌભાગ્ય મળ્યું.

તે વખતે વિદ્યાર્થીકાળ હતો, એટલે પ્રકાશિત કરવાનો તો કોઈ જ અવસર મારા માટે ન હતો. પરંતુ તે ગાળામાં આ મેટર પૂ. આચાર્યશ્રી વિજયશુભંકરસૂરિજીના જોવામાં આવ્યું. તેઓ આ ગ્રંથના અને દ્રવ્યાનુયોગના પ્રખર પારંગત હતા, એટલે તેઓ તો આ જોતાં જ રાજીના રેડ થઈ ગયા અને તેમણે આના પ્રકાશન માટે નિશ્ચય કર્યો. પરંતુ તેઓ એક યા બીજા કારણે આ કામ હાથ પર લઈ શક્યા નહિ અને બીજાં વીસ વર્ષ વહી ગયાં.

મેં તો ગાંઠ વાળેલી કે કોઈ પણ હિસાબે, વહેલા મોડા, આ અનુવાદનું પ્રકાશન કરવું જ છે. દરમ્યાનમાં યોગાનુયોગ એવું બન્યું કે ખંભાતમાં સ્થિરતા હતી ત્યારે, ત્યાંના શ્રી શાંતિનાથ તાડપત્રીય જ્ઞાનભંડારમાં શ્રીમલધારીજી મહારાજે સ્વહસ્તે લખેલી મનાતી જીવસમાસ-વિવરણની તાડપત્રીય પોથી જોવામાં આવી. એટલે સહેજે જ મનમાં ભાવ ઊગ્યો કે મુદ્રિત પ્રતને આ તાડપત્ર પ્રતિ સાથે સરખાવી શુદ્ધ કરવી, અને પછી તેના આધારે અનુવાદને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ પુનઃ શોધવો - શુદ્ધ કરવો. શ્રી ગુરુકૃપાએ તાડપત્ર પરથી પાઠ મેળવવાનું ને શુદ્ધીકરણનું કાર્ય તો તે વર્ષે-સં. ૨૦૪૧માં જ થઈ શક્યું. અને તે ક્ષણે મૂળ ગ્રંથને પણ પુનઃ શુદ્ધ રૂપે પ્રગટ કરાવવાનો સંકલ્પ થયો. ત્યારબાદ સમય મળતાં તે સંશોધિત પાઠવાળી પ્રતિ સાથે અનુવાદને મેળવતાં અનેક સ્થળોએ માર્જન-સુધારા-વધારા વગેરે કરવાનું બન્યું. અને એ બધી પ્રક્રિયા પૂરી થઈ ત્યારે થયું કે પ્રકાશન આટલાં વર્ષો મોડું થયું તે પણ ઉચિત જ થયું, કે જેથી અશુદ્ધિઓ કે ક્ષતિઓનું ઉચિત માર્જન યથામતિ થઈ શક્યું.

પ્રકાશનની વાતમાં પણ કાંઈક યોગાનુયોગ એવો બન્યો કે સં. ૨૦૪૩માં પાલીતાણા જવાનું બન્યું. ત્યાં અમારા સમુદાયનાં માતાતુલ્ય વયોવૃદ્ધા સાધ્વીજી વિદ્યુત્પ્રભાશ્રીજી, તેમનાં શિષ્યા સાધ્વી શ્રી શશિપ્રભાશ્રીજી, શ્રી લલિતયશાશ્રીજી વગેરે વિહાર કરીને આવ્યાં. એમના આગમનને દિવસે જ અમારો વિહાર હોવાથી તેઓ વંદનાર્થે આવ્યાં. તેમણે વાતવાતમાં પૃચ્છા કરી : હમણાં કયો ગ્રંથ છપાવવાનો છે ? મેં સહજભાવે જીવસમાસ - ભાષાંતરની વાત કહી. તેમણે કહ્યું કે 'તે પ્રકાશનમાં જે ખર્ચ આવે, તે તમામ અમારે અપાવવાની ઈચ્છા છે. કેમ કે કેટલાક ભાવિકોએ અમારી આગળ આવા પ્રકાશનમાં લાભ લેવાની ભાવના દર્શાવેલી છે.' હવે તો મકાન બંધાય તે પહેલાં રહેનાર આવી ગયા જેવો ખેલ પડ્યો. મેં અનુવાદ તપાસી તો લીધેલો, પણ તેની ફેર નકલ કરવાના હજી કોઈ ઠેકાણાં ન હતાં. એટલે મેં તેમની વાત સ્વીકારી, પણ સાથે કહ્યું કે મારા કામમાં ઉતાવળ કરશો તો નહિ ચાલે. તે તો ધીમે ધીમે રગશિયા ગાડાની માફક થશે. તેમણે તેમાં વાંધો તો ન લીધો, પણ આજ સુધી ઉઘરાણી પણ નથી કરી, અને બધી રીતે ધીરજ ધરી છે. જો કે તોય હું સારી નકલ તો ન જ કરી શક્યો. છેવટે વિ. સં. ૨૦૪૮માં શેષકાળમાં તથા ચાતુર્માસ માટે એમ બેવાર મહુવા જવાનું થયું ત્યારે તે સાધ્વીજી મ.નાં જ શિષ્યા-પરિવારને નકલનું કામ સોંપ્યું. સાધ્વી શ્રી રાજપ્રજ્ઞાશ્રીજી, હર્ષપૂર્ણાશ્રીજી વગેરે સાધ્વીજીઓએ ખૂબ પરિશ્રમ લઈ આ અનુવાદની સારી નકલ કરી આપી, જેના આધારે પ્રસ્તુત પ્રકાશન થઈ રહ્યું છે. એટલે શ્રુતભક્તિના આ કાર્યમાં દરેક પ્રકારે સહાયક બનવા બદલ સાધ્વીજી શ્રી વિદ્યુત્પ્રભાશ્રીજી, તેમનો સમગ્ર શિષ્યાપરિવાર તથા તેમના ઉપદેશથી દ્રવ્યસહાય કરનાર સર્વ કોઈ ખૂબ ખૂબ ધન્યવાદને પાત્ર છે.

પ્રૂફવાચનમાં મારા સાથી સાધુઓ મુનિ શ્રીરત્નકીર્તિ વિજયજી તથા મુનિ શ્રીકલ્યાણકીર્તિ વિજયજીએ ખૂબ જ મહેનત કરી છે. આ બધા પર પૂજ્ય ગુરુભગવંતના આશીર્વાદ ઊતરો તેવી પ્રાર્થના કરવી તે ઉચિત કર્તવ્ય બની રહેશે.

અંતમાં, મોડામોડા પણ, પૂજ્યપાદ પરમોપકારી આચાર્યશ્રી વિજયનંદનસૂરીશ્વરજી મ.ની તેમજ દાદાગુરુ પૂજ્યપાદ શ્રી વિજયશુભંકરસૂરિજી મ.ની ભાવનાને સાકાર બનાવવાની તક ઝડપી શકાઈ, તેમાં પૂજ્યપાદ ઉપકારી ગુરુભગવંત શ્રીસૂર્યોદયસૂરીશ્વરજી મહારાજની અપાર કૃપા જ કારણભૂત લાગે છે. તેઓશ્રીના ચરણોમાં વંદના કરવા પૂર્વક, તથા આ સંપાદનમાં શ્રી પરમાત્માના માર્ગથી તથા શ્રી શ્રુતધર ભગવંતોના આશયથી વિપરીતતા અનાભોગે પણ આવી હોય તો તે બદલે મિચ્છા મિ દુક્કડં દેતો વિરમું છું.

૧-૧-૧૯૯૪ — શીલચન્દ્ર વિજય

ભોયણીતીર્થ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સમર્પણ

દ્રવ્યાનુયોગના પ્રખર જ્ઞાતા અને પ્રતિપાદક,

એકાંત નિશ્ચયવાદીઓ તથા

મૂર્તિઉત્થાપકોને સદાય

નિર્ભીકતાથી પડકારનાર

અનેક આત્માઓને ધર્મ પમાડનાર

તથા ભવનિસ્તાર કરનાર

દાદાગુરુ

**પૂજયપાદ આચાર્ય મહારાજ શ્રી વિજયશુભંકર સૂરીશ્વરજી મ.ની**

પાવન સ્મૃતિમાં -

❒

'ભવ-જંજાળ છોડાવી, પ્રભુનો માર્ગ શીખવ્યો
જેમણે, ઉપકારી તે, દાદાગુરુતણા પદે
સમર્પું અર્ધ્ય આજ આ

**- શીલચન્દ્ર વિજય**

❒

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## આ ગ્રંથપ્રકાશનમાં નિમિત્તરૂપ

## સાધ્વી શ્રી વિદ્યુત્પ્રભાશ્રીજી મ.સા.ની જીવનઝલક

આસન્ન ઉપકારી, વર્તમાન ચરમતીર્થપતિ શ્રીમહાવીરસ્વામીની હયાતિમાં નંદીવર્ધન-ભાઈએ ભરાવેલ જીવિતસ્વામીની પ્રતિમા જ્યાં જળહળી રહી છે, શાસનપ્રભાવક જાવડશા-ભાવડશા ને જગડ જેવા ભડવીર શ્રદ્ધાલુ શ્રાવકોની સ્મૃતિ કરાવતી, શાસનસમ્રાટ સૂરિચક્રચક્રવર્તિ શ્રી નેમિસૂરિ મ. સા. જેવી વિરલવિભૂતિથી ઓપતી, અનેક ભવ્યાત્માઓને પ્રવ્રજ્યાનો પયગામ દેતી, ચોમેર નાળિયેરીથી શોભતી ને સૌરાષ્ટ્રના કાશ્મીર સમાન એવી મધુપુરી નગરી...

વિલાસી આત્માને વિરાગની વાતો સમજાતી નથી. તે દુઃખને સુખ માને છે ને ખોટાને સાચું માને છે. આવા આત્માઓને પ્રેરણાના પીયૂષપાન કરાવવા માટે જ્ઞાનીઓએ મહાપુરુષો, મહાસતીઓ - શ્રમણ ભગવંતો તથા શ્રમણીઓના જીવન આલેખ્યા છે. આવી પ્રેરણાના પીયૂષપાન અમે અમારા પૂ. દાદીગુરુ મ. શ્રી વિદ્યુત્પ્રભાશ્રીજી મ.ના જીવનમાં નીરખ્યાં.

મધુપુરીમાં સુપ્રસિદ્ધ શ્રેષ્ઠિવર્ય પદ્મા તારાનું નામ પ્રખ્યાત છે. પદ્મ એટલે પરાગ પ્રસરાવનાર ને તારા એટલે પ્રકાશ પાથરનાર - પદ્મા તારા શેઠે પોતાનાં સુકૃત્યોથી જીવનમાં સુવાસ ફેલાવી છે ને ચોમેર પ્રકાશ પાથર્યો છે.

એ પેઢીના વારસદાર માતા વીજીબેન હતાં. પૂ. પાદ શાસનસમ્રાટ નેમિસૂરીશ્વરજી મ. સા. તેમના સંસારી પક્ષે કાકા હતાં. વીજીબેન પહેલેથી જ ધર્મનિષ્ઠ હતાં. તેમના પતિ ચુનીભાઈ પણ ધાર્મિક ભાવનાવાળા હતા. સાંસારિક સુખ ભોગવતાં વીજીબેનને બે પુત્રી થઈ - મોટી ચંપાબેન ને નાની મંછાબેન. માતાએ બાળપણથી જ તેઓમાં ધાર્મિક સંસ્કારોનું સિંચન કર્યું. પરંતુ ચંપાબહેનના ભાગ્યમાં ભોગાવલી કર્મો બાકી હતાં. તેથી તેમને પરણાવ્યાં. ને મંછાબેનના પુણ્યોદયે તેમને સંસાર પ્રત્યે નિર્વેદભાવ જાગ્યો.

સમયના વહેણ સાથે ચુનીભાઈ માંદગી ભોગવી પરલોક સિધાવ્યા. વીજીબેનના હૃદયમાં વૈરાગ્યભાવ તો હતો જ, પણ હવે ભાવના પુષ્ટ બની. ઘરમાંથી દરેકની અનુમતિ મેળવી વીજીબેને સં. ૨૦૦૨માં કંદબગિરિ મુકામે સંયમનો સ્વીકાર કર્યો. પૂ. પાદ શાસનસમ્રાટશ્રીના આજ્ઞાવર્તિની વાત્સલ્યવારિધિ પૂ. પાદ દેવીશ્રીજી મ. સા.નાં. શિષ્યા પૂ. સા. વિદ્યુત્પ્રભાશ્રીજી બન્યાં. તેમની પુત્રી મંછાબેન પણ વરઘોડે ચડ્યાં પરંતુ સગાસંબંધીઓએ અનુમતિ ન આપી. વરઘોડેથી ઊતરેલાં મંછાબેને પ્રતિજ્ઞા કરી કે સંયમવેશ પહેર્યા વગર મધુપુરીમાં પગ નહી મૂકું. એ પ્રતિજ્ઞાના બળે મંછાબેનને પણ વૈ.સુ. છઠ્ઠના દિવસે રોહીશાળા મુકામે પૂ. પાદ દેવીશ્રીજી મહારાજે દીક્ષા આપીને પૂ. બા.મ.ના શિષ્યા શશિપ્રભાશ્રીજી મ. તરીકે જાહેર કર્યાં.

પૂ. વિદ્યુત્પ્રભાશ્રીજી મ. પ્રકૃતિથી ભદ્રિક ને ઉદાર છે. તેમના નિખાલસ પ્રેમાળ ને મિલનસાર સ્વભાવને લીધે, આવનાર દરેક વ્યક્તિ પર વાત્સલ્યનો ધોધ વરસાવવાથી સૌને માટે 'માતૃવત્સલા' બન્યાં. તે વાત્સલ્યને પરિણામે શિષ્યા-પ્રશિષ્યાઓની વૃદ્ધિ થવા લાગી. આજે તેઓશ્રીની નિશ્રામાં ૨૮ સાધ્વીજી મ. રત્નત્રયીની નિર્મળ આરાધના કરી રહ્યાં છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આજ પૂજ્યશ્રીની ઉંમર લગભગ ૯૦ વર્ષ આસપાસ થઈ છે. છતાં બિલકુલ ટેકા વગર જ બેસે છે. જીવનમાં નવલાખ નવકારમંત્રનો જાપ કરી સંયમજીવન દીપાવી રહ્યાં છે.

શિષ્યા-પ્રશિષ્યાઓનો પરિવાર વધતાં તેઓશ્રી સૌના દાદી મ. સા. બન્યાં. અનેક ભાવિકો તેમના નિસ્વાર્થ ધર્મપ્રેરણાથી રંગાઈને તેમના ગુણાનુરાગી બન્યા. દરેકને પ્રેરણા કરી પોતે આજે અનેક સુકૃત્યનાં કાર્યો કરી રહ્યાં છે ને કરાવી રહ્યાં છે.

વિ. સં. ૨૦૩૪માં મધુપુરીમાં જ પૂજ્યપાદ નીડરવક્તા આચાર્યદેવેશશ્રી મેરૂપ્રભસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં ૩૧ છોડનું ભવ્ય ઉજમણું કરાવ્યું. પાલીતાણા, કદંબગિરિ, અમદાવાદ, મહુવા, સેંદરડા વગેરે જુદા જુદા સ્થળોએ પ્રતિમાજી પધરાવ્યા છે. ઝાંઝમેર ગામના પ્રાચીન જિનાલયનો જીર્ણોદ્ધાર માટે જુદા જુદા શ્રી સંઘોને ઉપદેશ આપી સારી રકમ અપાવી જિનભક્તિ કરાવી.

જીવસમાસ - કર્મપ્રકૃતિ તથા પાઈય વિન્નાણગાહા વગેરે પુસ્તકોના પ્રકાશન કરવા દ્વારા અપૂર્વ જ્ઞાનભક્તિ કરી ને કરાવી છે.

વિ. સં. ૨૦૪૫માં પૂ. પાદ આચાર્યદેવ શ્રી વિજય અશોકચંદ્રસૂરિ મ. સા.ની નીશ્રામાં ચાતુર્માસ દરમ્યાન તેઓશ્રીની આંતરિક ભાવનાનુસાર મહાસુ. ૧૩ના શ્રી જીવિતસ્વામીના જિનાલયની વર્ષગાંઠ નિમિત્તે મહુવા શ્રીસંઘના કાયમી સ્વામિવાત્સલ્ય માટે ગુણાનુરાગી મહાનુભાવો તરફથી માતબર રકમ અનામત મૂકાવી છે.

તેમની નિશ્રામાં સં. ૨૦૪૬ના વૈશાખ સુ. ત્રીજના સા. રત્નયશાશ્રીજીને વર્ધમાનતપની ૧૦૦મી ઓળી તથા સા. હર્ષપૂર્ણાશ્રીજીને સળંગ ૫૦૦ આયંબિલ તેમજ બીજાં સાધ્વીજીઓને વરસીતપ-ધર્મચક્રતપ-વર્ધમાનતપ આદિના પારણા પ્રસંગે પૂ. શાસનસમ્રાટશ્રીની સંયમશતાબ્દી નિમિત્તે ઉજવાયેલ અંજનશલાકા - પ્રતિષ્ઠા મહોત્સવમાં વિશેષ લાભ લેવાયો.

મહુવાની ભોજનશાળા તેમજ વલ્લભીપુરમાં અને માંગરોળમાં પૂ. સાધુ-સાધ્વીજી મ. આદિ ચતુર્વિધ શ્રી સંઘભક્તિ યોજનામાં પણ યથાશક્તિ લાભ તેમના ઉપદેશથી ભાવિકોએ લીધો છે.

આ રીતે તેમની પ્રેરણાથી જિનભક્તિ-જ્ઞાનભક્તિ જીવદયા તથા વૈયાવચ્ચ આદિ કાર્યો થયાં છે. તેઓશ્રીના શુભાશીર્વાદથી જ સા. લક્ષગુણાશ્રીજી એ 'ખીમેલ' ગામમાં તેમજ સા. વિશ્વદર્શિતાશ્રીજીએ જોધપુરમાં ૪૫ ઉપાવસની ઉગ્ર તપશ્ચર્યા કરી. અને સા. લલિતયશાશ્રીજીને સળંગ પાંચ વર્ષથી નિર્વાણ કલ્યાણકનો તપ ચાલી રહેલ છે. શાસનદેવ આપશ્રીને દીર્ઘાયુ બનાવે નિરોગિતા અર્પે એજ અંતરેચ્છા.

અપૂર્વ આરાધના દ્વારા આપ શીઘ્રમેવ સિદ્ધિને પ્રાપ્ત કરો.

લિ.

શશીપ્રભાશ્રીજી આદિ

શિષ્યા પ્રશિષ્યા પરિવાર.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પૂ. સાધ્વીજીશ્રી વિદ્યુત્પ્રભાશ્રીજી મ. સા. તથા પૂ. સાધ્વીશ્રી શશીપ્રભાશ્રીજી મ. સા. ના સદુપદેશથી જીવસમાસ-ગ્રંથ-પ્રકાશનમાં દ્રવ્ય સહાયકોની નામાવલી

| | | |
|---|---|---|
| ૧. | પ્રભાવતીબેન ઝવેરચંદ પ્રેમચંદ ઝવેરી દોલતનગર. | બોરીવલી |
| ૨. | સાયન શ્રી જૈન સંઘ. | સાયન. |
| ૩. | ઘાટકોપર શ્રી જૈન સંઘ. | ઘાટકોપર. |
| ૪. | મહુવા શ્રી જૈન સંઘ. | મહુવા. |
| ૫. | કડોદ શ્રી જૈન સંઘ. | કડોદ. |
| ૬. | દેવગાણા શ્રી જૈન સંઘ. | દેવગાણા. |
| ૭. | નવરોજીલેન ઉપાશ્રયના બેનો. | ઘાટકોપર. |
| ૮. | તળાજા શ્રી સંઘના બેનો. | તળાજા. |
| ૯. | નાની દાનશાળાની બેનો. | શિહોર. |
| ૧૦. | ખીમેલ શ્રી સંઘના બેનો. | રાજસ્થાન. |
| ૧૧. | સુરેન્દ્રનગર શ્રી સંઘના બેનો. | સુરેન્દ્રનગર. |
| ૧૨. | જોધપુર શ્રી સંઘના બેનો. | જોધપુર. |
| ૧૩. | મોરબી શ્રી સંઘના બેનો. | મોરબી. |
| ૧૪. | ગોધરા શ્રી સંઘના બેનો. | ગોધરા. |
| ૧૫. | કૈલાસનગર શ્રી સંઘના બેનો | સુરત. |
| ૧૬. | દાઠા શ્રી સંઘના બેનો. | દાઠા. |
| ૧૭. | લાલાભાઈની પોળ ઉપાશ્રયના બેનો. | અમદાવાદ |
| ૧૮. | સવિતાબેન બાબુલાલ | નાગપુર. |
| ૧૯. | દોલતનગર શ્રી સંઘના બેનો. | બોરીવલી. |
| ૨૦. | લીલીબેન જયંતિલાલ વારૈયા. | તળાજા. |
| ૨૧. | જીતુભાઈ રમણીકલાલ ચોકવાળા. | મલાડ. |
| ૨૨. | પ્રમિલાબેન શાંતીલાલ | દોલતનગર. |
| ૨૩. | જશીબેન લલ્લુભાઈ દલાલ. | મહુવા. |
| ૨૪. | શાંતાબેન જયંતિલાલ ધામી | મહુવા. |
| ૨૫. | પ્રભાબેન શાંતીલાલ ધામી | મહુવા. |
| ૨૬. | ચંપાબેન રમણીકલાલ | અમેરીકા. |
| ૨૭. | નયનાબેન સુરેશકુમાર | ન્યુયોર્ક. |
| ૨૮. | રેખાબેન ચંદ્રકાંતભાઈ ટાણાવાળા. | ભાવનગર. |
| ૨૯. | હંસાબેન નરેન્દ્રભાઈ | બેલગામ |
| ૩૦. | ઈન્દુબેન રમેશભાઈ | માટુંગા. |
| ૩૧. | જ્યોત્સ્નાબેન હરેન્દ્રભાઈ | રાજકોટ. |
| ૩૨. | સવિતાબેન પ્રવિણચંદ્ર દોશી | દાઠા. |
| ૩૩. | મુકતાબેન ગુણવંતરાય ટાણાવાળા | ભાવનગર. |
| ૩૪. | રંભાબેન પ્રમોદરાય | માટુંગા. |
| ૩૫. | હંસાબેન લલિતભાઈ ધામી. | કટક. |
| ૩૬. | બીનાબેન કિશોરભાઈ ઝવેરી | સાયન |
| ૩૭. | વિમળાબેન વિનયચંદ ઝવેરી. | |
| ૩૮. | અમૃતલાલ ચુનીલાલ | |
| ૩૯. | ચંદનબેન ત્રંબકલાલ વકીલ | મોરબી. |
| ૪૦. | ચેતનાબેન ત્રંબકલાલ વકીલ | મોરબી. |
| ૪૧. | વસંતબેન શાંતીલાલ | ભાવનગર. |
| ૪૨. | પુષ્પાબેન વસંતલાલ | ઘાટકોપર |
| | પૂ. લલિતયશાશ્રીજી મ. સા. તથા પૂ. મુક્તિધરાશ્રીજી મ. સા.ની પ્રેરણાથી... | |
| ૪૩. | ગીરધરલાલ ભુરાભાઈ મોણપરવાળા | મહુવા. |
| ૪૪. | ચંપાબેન મણીલાલ. | તળાજા. |
| ૪૫. | મણીલાલ ગુલાબચંદ | તળાજા. |
| ૪૬. | તારાબેન મુળચંદ ટાણાવાળા. | ભાંડુપ. |
| ૪૭. | મંજુલાબેન જયસુખલાલ | તળાજા. |
| ૪૮. | નીતાબેન ભદ્રેશકુમાર | તળાજા. |
| ૪૯. | નિર્મળાબેન પ્રવિણચંદ્ર | મુલુન્ડ |
| ૫૦. | મધુબેન નિરંજનભાઈ | તળાજા |
| ૫૧. | પ્રફુલાબેન મુકેશકુમાર | ભાવનગર. |
| ૫૨. | વિલાસબેન સુધીરકુમાર | પાર્લા. |
| ૫૩. | કનકબેન ખાંતિલાલ શેઠ | માટુંગા. |
| ૫૪. | કલ્પનાબેન ભુપેશકુમાર | સુરત |
| ૫૫. | રીટાબેન મનોજકુમાર | મુલુન્ડ. |
| ૫૬. | નિર્મળબેન મોહનલાલ ઝવેરી | સુરત. |
| ૫૭. | ગુણવંતીબેન ટોકરશી | મુંબઈ. |
| ૫૮. | રસીલાબેન રતીલાલ | ઝાંઝમેર. |
| ૫૯. | નિખિલકુમાર રમેશચંદ્ર શાહ | વાલોડ. |
| | પૂ. રત્નયશાશ્રીજી મ. સા.ના સદુપદેશથી | |
| ૬૦. | પાનાચંદ નારણદાસ | બોરીવલી. |
| ૬૧. | રજનીકાંત તલકચંદ | કટક. |
| ૬૨. | મંગળાબેન ગીરધરલાલ | મહુવા. |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬૩. શાંતાબેન પુનમચંદ ગાંધી મહુવા.
૬૪. ચંદ્રાબેન બાબુલાલ કુંભણ
૬૫. મદનબેન શાંતીલાલ કડોદ.
૬૬. છોટાલાલ કસળચંદ બોરીવલી.
૬૭. કેશવલાલ માવજી મહુવા.
૬૮. નાગરદાસ દીપચંદ મહુવા.

પૂ. જયપૂર્ણાશ્રીજી મ. સા.ની પ્રેરણાથી...

૬૯. શાંતાબેન ચંદુલાલ ઓસવાળ મહુવા.
૭૦. વસુમતીબેન શશીકાંતભાઈ શિહોર.
૭૧. કંચનબેન નાનચંદ ઓસવાળ ભાવનગર.
૭૨. વિમળાબેન વર્ધમાન શાહ ઓસવાળ શિહોર.
૭૩. શારદાબેન ચીમનલાલ મલાડ.

પૂ. હર્ષપૂર્ણાશ્રીજી મ. સા. તથા સૌમ્ય - મતિ - હિત - ત્રૈલોક્ય - કલ્યાણ - જ્યોતિ.શ્રીજી આદિના સદુપદેશથી...

૭૪. હર્ષદરાય ભગવાનજી ધ્રુવ. અમરેલી.
૭૫. રસીલાબેન અનંતરાય. ભાવનગર.
૭૬. વસંતબેન ખાંતિલાલ દોશી મહુવા.
૭૭. સવિતાબેન જયસુખલાલ સંઘવી સાવરકુંડલા.
૭૮. જયશ્રીબેન અંકેશભાઈ અમદાવાદ.
૭૯. બંસરીબેન ભરતકુમાર મુલુન્ડ.
૮૦. શિલ્પાબેન બીપીનકુમાર અમદાવાદ.
૮૧. દિવ્યાબેન વીરેન્દ્રકુમાર. મહુવા.
૮૨. યોગેશભાઈ હસમુખભાઈ સુરત.
૮૩. ગુણવંતીબેન મહેન્દ્રકુમાર. ખીમેલ.
૮૪. કળાબેન ધીરજલાલ ઝવેરી. પાલીતાણા.
૮૫. રેણુકાબેન રાજેશકુમાર ભાવનગર.
૮૬. જસુમતીબેન લહેરચંદ મહુવા.
૮૭. મુક્તાબેન કાંતીલાલ. મહુવા.
૮૮. ભાગીરથીબેન પ્રતાપરાય મહુવા.
૮૯. જયાબેન દામોદરદાસ શિહોર
૯૦. વીરેન્દ્રકુમાર અનોપચંદ મારફતીયા. મહુવા.
૯૧. વિભાબેન દિપકકુમાર જામનગર.
૯૨. સરોજબેન વનમાળીદાસ મહુવા.
૯૩. પન્નાબેન મનિષભાઈ સાયન.
૯૪. ગીરધરલાલ હંસરાજભાઈ ભાદ્રાવાળા મહુવા.
૯૫. નીલાબેન અશોકકુમાર. પાલીતાણા

પૂ. રાજપ્રજ્ઞાશ્રીજી મ. સા. તથા વિશ્વ - કોટિ - ભવ્ય - કલ્પ - ઋષભ - દિવ્ય - વિશ્વ - બોધિ - પ્રશમ. શ્રીજી આદિની પ્રેરણાથી

૯૬. મણીલાલ દેવજીભાઈ મહેતા. ઘાટકોપર
૯૭. ગુલાબબેન મણીલાલ મહેતા. ઘાટકોપર.
૯૮. સંજય નવીનચંદ મહેતા ઘાટકોપર
૯૯. કમળાબેન નગીનદાસ મહુવા
૧૦૦.પુષ્પાબેન ભગવાનદાસ શિહોર
૧૦૧.ચંપાબેન જીવનલાલ ઘાટકોપર.
૧૦૨.ગંભીરદાસ ગોપાલજી ઘાટકોપર.
૧૦૩.જેચંદભાઈ ભીમજીભાઈ શાહ વરલ.
૧૦૪.ભાનુબેન છબીલદાસ વરલ.
૧૦૫.પ્રવિણાબેન પ્રવિણચંદ્ર ઘાટકોપર.
૧૦૬.મંગળાબેન વ્રજલાલ. જેસર.
૧૦૭.શાંતાબેન તલકચંદ મોરચુપણા.
૧૦૮.ચારુલત્તા દિલીપકુમાર અમદાવાદ.
૧૦૯.કાંતીલાલ માણેકલાલ ઘાટકોપર.
૧૧૦.દુર્લભદાસ હરજીવનદાસ મહુવા.
૧૧૧.મણીબેન ડાયાલાલ અમડકા મોરબી.
૧૧૨.ચંપાબેન ચંપકલાલ વોરા નવાગામ
૧૧૩.હંસાબેન ધનેશચંદ્ર મુલુન્ડ.
૧૧૪.કમળાબેન રતિલાલ બોરીવલી
૧૧૫.અમુલખરાય ગુલાબચંદ સંઘવી. પીપરાળી.
૧૧૬.રસીકલાલ પ્રભુદાસ રાધનપુર.

પૂ. વારિષેણાશ્રીજી મ. સા.ના સદુપદેશથી...

૧૧૭.હીરાલાલ ટી. શાહ ઘાટકોપર.
૧૧૮.મમતાબેન કુમુદચંદ્ર ઘાટકોપર.
૧૧૯.કુમુદબેન સેવકલાલ કરાણી. બાબુલનાથ
૧૨૦.અંજનાબેન મહેન્દ્રભાઈ ગામદેવી.
૧૨૧.ચંદ્રીકાબેન જયંતિલાલ દેસાઈ મહાલક્ષ્મી

પૂ. કીર્તિષેણાશ્રીજી મ. સા.ની પ્રેરણાથી

૧૨૨.કમળાબેન રાયચંદ ગાંધી ઘાટકોપર.
૧૨૩.મંજુલાબેન નવનીતલાલ ધ્રુવ. ઘાટકોપર.
૧૨૪.કાંતીલાલ ચત્રભુજભાઈ. તળાજા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| ૧૨૫.પરમાણંદદાસ જીવનલાલ | જસપરા. |
| ૧૨૬.સુરજબેન પરમાણંદદાસ | જસપરા. |
| ૧૨૭.સૂર્યાબેન જયસિંહભાઈ | જસપરા |
| ૧૨૮.ગુણવંતીબેન મુળચંદભાઈ | જસપરા. |
| ૧૨૯.પન્નાબેન ચંદ્રકાંતભાઈ | જસપરા. |
| ૧૩૦.ચંપાબેન મનસુખલાલ | જસપરા. |

પૂ. પૂર્ણપ્રજ્ઞાશ્રીજી મ. સા.ના સદ્દુપદેશથી...

| | |
|---|---|
| ૧૩૧.હીરાબેન શાંતિલાલ દોશી | ઘાટકોપર. |
| ૧૩૨.તનસુખલાલ ચીમનલાલ દોશી | મદ્રાસ. |
| ૧૩૩.ઈન્દુબેન તનસુખલાલ દોશી | મદ્રાસ. |
| ૧૩૪.જ્યોતિબેન બિપિનચંદ્ર લાખાણી | કોઈમ્બતુર |
| ૧૩૫.અનોપચંદભાઈ ન્યાલચંદ | બેંગલોર |

પૂ. લક્ષગુણાશ્રીજી મ. સા. તથા શ્રુતગુણાશ્રીજી મ. સા.ની પ્રેરણાથી...

| | |
|---|---|
| ૧૩૬.પરમાણંદદાસ લક્ષ્મીચંદ | વલસાડ. |
| ૧૩૭.મેહુલ રમણીકલાલ | દાઠા. |
| ૧૩૮.રસીલાબેન નવીનચંદ્ર | બોરીવલી. |
| ૧૩૯.શાંતાબેન બાબુલાલ | બોરીવલી |
| ૧૪૦.વૈભવ રમેશચંદ્ર | બોરીવલી. |
| ૧૪૧.શાંતીલાલ દુર્લભદાસ | મુલુન્ડ. |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વિષયાનુક્રમણિકા


| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | ચોવીશ જિન નમસ્કાર, ૧૪ જીવસમાસના નિરૂપણની પ્રતિજ્ઞા. | ૧ |
| ૨. | નિક્ષેપ, નિરુક્તિ, ૬ અને ૮ અનુયોગદ્વારો તથા ગતિ આદિ માર્ગણાઓ વડે જીવસમાસોનો અનુગમ કરવાની સૂચના. | ૩ |
| ૩. | ૪ પ્રકારના નિક્ષેપનું સ્વરૂપ (વિવિધ જીવ નિક્ષેપો). | ૩ |
| ૪. | કિમ્ વગેરે છ અનુયોગ દ્વારો. | ૫ |
| ૫. | સત્પદપ્રરૂપણતા આદિ ૮ અનુયોગદ્વારો. | ૬ |
| ૬. | ગતિ આદિ ૧૪ માર્ગણાસ્થાનો. | ૭ |
| ૭. | વિવિધ રીતે જીવના ભેદો, તેમાંથી ૧૪ પ્રકારે જીવભેદોના વર્ણનની પ્રતિજ્ઞા. (અંડજાદિ નવવિધ જીવભેદમાં સિદ્ધના અસંગ્રહ વિશે પ્રશ્ન. ટિપ્પણીમાં). | ૮ |
| ૮-૯. | મિથ્યાદૃષ્ટિ આદિ ૧૪ ગુણસ્થાનોનું (વિસ્તૃત) સ્વરૂપ. | ૧૦ |
| ૧૦. | અયોગી ગુણસ્થાનમાં સિદ્ધ-જીવોનો સમાવેશ. | ૧૯ |
| ૧૧-૧૩. | ૪ ગતિ ભેદો; નરકના ભેદો, નામો તથા ગોત્રનામો. | ૨૦ |
| ૧૪. | તિર્યંચ અને મનુષ્યગતિનું નિરૂપણ. | ૨૨ |
| ૧૫. | મનુષ્યના કર્મભૂમિજાદિ, ગર્ભજાદિ તથા આર્ય-મ્લેચ્છ પ્રકારોનું વર્ણન. તેમાં ૫૬ અંતરદ્વીપોનું વિસ્તૃત વર્ણન, ૧૦ કલ્પવૃક્ષોનું વર્ણન, આર્ય દેશો-નગરોનું સ્વરૂપ. મ્લેચ્છમનુષ્યોનાં જાતિ નામો. | ૨૩ |
| ૧૬-૨૧ | દેવોના ૪ ભેદ; ૧૦ ભવનપતિ, ૮ વાણવ્યંતર, ૫ જ્યોતિષી, વૈમાનિકના ૧૨, ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર વિમાનવાસી દેવો. | ૩૧ |
| ૨૨. | ૪ ગતિમાં ૧૪ ગુણસ્થાનકોની વ્યવસ્થા. | ૩૫ |
| ૨૩-૨૪. | એકેન્દ્રિયાદિ પાંચ (ના પ્રકારો તથા તે)માં (ઇન્દ્રિય માર્ગણામાં) ગુણસ્થાનો. | ૩૬ |
| ૨૫. | છ પર્યાપ્તિનું સ્વરૂપ. | ૩૭ |
| ૨૬. | કાયમાર્ગણાના ઉત્તરભેદો, તેમાં ગુણસ્થાનો. | ૩૮ |
| ૨૭-૩૬. | પૃથ્વીકાય-ભેદો (૨૭-૩૦), અપકાય (૩૧), તેઉકાય (૩૨), વાયુકાય (૩૩), વનસ્પતિકાય (૩૪-૩૫-૩૬)ના ભેદો. | ૪૦ |
| ૩૭. | સાધારણ અને પ્રત્યેકવનસ્પતિકાયનાં લક્ષણો.. | ૪૮ |
| ૩૮-૩૯. | ત્રસકાય નિરૂપણ - તેમાં - બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિયરૂપ પ્રકારોનું વર્ણન. | ૪૮ |
| ૪૦-૪૪. | પૃથ્વીકાય આદિની કુલકોટિનું વર્ણન. પ્રસંગતઃ ૮૪ લાખ યોનિનું સ્વરૂપ કથન. | ૫૦ |
| ૪૫-૪૭. | સંવૃતાદિ, અચિત્તાદિ તથા શીતાદિ યોનિ-ભેદો, તથા કઈ ગતિમાં કોને કઈ/કેવી યોનિ હોય તેનું નિરૂપણ. | ૫૨ |
| ૪૮-૫૦. | છ સંઘયણો તથા તેના સ્વામીઓનું વર્ણન. | ૫૭. |
| ૫૨. | પૃથ્વી આદિ ૫ કાયોનાં સંસ્થાનોનું સ્વરૂપ. | ૫૯ |
| ૫૩-૫૪. | ૫ શરીરો તથા તેના સ્વામીઓ. | ૫૯ |
| ૫૫. | યોગમાર્ગણામાં - 'યોગ'નો શબ્દાર્થ; મનોયોગાદિનો સામાન્ય અર્થ, ૪ મનયોગ, ૪ વચનયોગ (ચોર-હરણ સંબંધી પ્રશ્નોત્તર), નિશ્ચયનયથી મન-વચનયોગનું ગુણસ્થાનો. | ૬૨ |
| ૫૬. | ૪-૪ મન-વચનયોગમાં ગુણસ્થાનો. | ૬૮ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫૭. ૪ ગતિમાં ૭ કાયયોગો. ૭૧
૫૮. કાર્મણ કાયયોગને વિશે ગુણસ્થાનો, પ્રાસંગિક કેવલીસમુદ્ઘાતનું સ્વરૂપ. ૭૫
૫૯-૬૦. વેદ માર્ગણામાં-૩ વેદના સ્વામી (૪ ગતિમાં), અને તે ૩માં ગુણસ્થાનો. ૭૭
૬૦. કષાયમાર્ગણામાં - ૪ કષાયો, તેમાં ગુણસ્થાનો. ૭૮
૬૧. જ્ઞાનમાર્ગણામાં - ૫ જ્ઞાન, મતિજ્ઞાનના અવગ્રહાદિ પ્રકારો. ૭૯
૬૨. અર્થાવગ્રહાદિ મતિભેદોનું સ્વરૂપ-નિરૂપણ. ૮૧
૬૩. શ્રુતજ્ઞાનના તથા અવધિજ્ઞાનના ૨-૨ પ્રકારો. ૮૩
૬૪. અવધિજ્ઞાનના છ, મનઃપર્યવજ્ઞાનના બે પ્રકારો તથા એકવિધ કેવલજ્ઞાનનું સ્વરૂપ. ૮૩
૬૫. ૩ અજ્ઞાન તથા જ્ઞાનમાર્ગણાના ૮ ભેદોમાં ગુણસ્થાનો. ૮૭
૬૬. સંયમમાર્ગણામાં - તેના ઉત્તરભેદો તથા સામાયિકાદિ ચારિત્રોનું સ્વરૂપ. ૮૮
૬૭. ૫ ચારિત્રોમાં ગુણસ્થાનો. ૯૨
૬૮. પુલાક આદિ ૫ નિર્ગ્રંથોનું સ્વરૂપ, તેમાં ગુણસ્થાનો. ૯૩
૬૯. દર્શનમાર્ગણામાં-૪ દર્શન તથા તેમાં ગુણસ્થાનો. છ લેશ્યાનું સ્વરૂપ, જંબૂફલ સ્વાદક તથા ગ્રામઘાતકનાં દૃષ્ટાંતો. ૧૦૦
૭૦. લેશ્યામાર્ગણામાં - છ લેશ્યા, તેમાં ગુણસ્થાનો. ૧૦૩.
૭૧-૭૪. છ લેશ્યાના સ્વામીઓ (૪ ગતિમાં). ૧૦૫
૭૫. ભવ્યમાર્ગણામાં - ભવ્ય-અભવ્યનાં લક્ષણ તથા તેમાં ગુણસ્થાનો. ૧૧૫
૭૬-૮૦. સમ્યક્ત્વમાર્ગણાની ભૂમિકારૂપે - સમ્યક્ત્વનો ઘાત કરનાર કર્મનું સ્વરૂપ, સ્પર્ધક અને વર્ગણાનું સ્વરૂપ, સર્વઘાતી-દેશઘાતી સ્પર્ધકોનું તથા કર્મના ક્ષયોપશમ - ઉપશમ - ક્ષયનું વર્ણન, સમ્યક્ત્વોમાં ગુણસ્થાનો તથા તેમાં જ વૈમાનિકાદિ - જીવ ભેદો. ૧૧૫
૮૧. સંજ્ઞિમાર્ગણામાં - ૩ સંજ્ઞાઓનું સ્વરૂપ, સંજ્ઞાઓના સ્વામી તથા ગુણસ્થાનો. ૧૨૮
૮૨. આહારમાર્ગણામાં - આહારક - અનાહારક જીવભેદોનું સ્વરૂપ, પ્રાસંગિક ઋજુગતિ - વિગ્રહ(વક્ર)ગતિનું પણ સ્વરૂપ તથા પ્રકારો, ઓજાહારાદિ ૩ પ્રકારના આહારનું સ્વરૂપ, આહારક માર્ગણામાં ગુણસ્થાનો. ૧૩૦
૮૩. સાકાર અને અનાકાર ઉપયોગ તથા 'જીવ'નું લક્ષણ. ૧૩૬
૮૪. જીવભેદરૂપ જીવસમાસનો ઉપસંહાર તથા અજીવ-ભેદોની પ્રસ્તાવના. ૧૩૯
૮૫. ૫ અજીવદ્રવ્યો તથા તેના પ્રકારો; કાળદ્રવ્યની ચર્ચા. ૧૪૦
૮૬. ૫ અજીવદ્રવ્યોનાં લક્ષણો પ્રથમ સત્પદપ્રરૂપણાદ્વારની સમાપ્તિ. ૧૪૩
૮૭. બીજા દ્રવ્યપ્રમાણદ્વારના નિરૂપણનો પ્રારંભઃ ૪ પ્રમાણો તથા તેમાં પ્રથમ દ્રવ્યપ્રમાણનું સ્વરૂપ અને તેના બે ભેદ. ૧૪૭
૮૮-૯૦. વિભાગ નિષ્પન્ન દ્રવ્યપ્રમાણના માન-ઉન્માન આદિ ૫ પ્રકારોનું સ્વરૂપ. ૧૪૯
૯૧. ક્ષેત્રપ્રમાણ, તેના ૨ પ્રકારો તથા તેમાં અવગાહનિષ્પન્ન ક્ષેત્રપ્રમાણનું સ્વરૂપ. ૧૫૩
૯૨. વિભાગનિષ્પન્ન ક્ષેત્ર-પ્રમાણના અંગુલ-વેંત આદિ ભેદો. ૧૫૫
૯૩. ત્રિવિધ અંગુલ; ઉત્સેધ-આત્મ-પ્રમાણ-અંગુલ તથા સૂચિ-પ્રતર-ઘન- અંગુલનું સ્વરૂપ. ૧૫૫
૯૪. આદિ-પ્રમાણરૂપ(વ્યાવહારિક)પરમાણુનું સ્વરૂપ. ૧૫૭
૯૫. નૈશ્ચયિક તથા (મૂળ) વ્યાવહારિક પરમાણુ-ભેદો.
(ટિપ્પણીમાં 'कारणमेव तदन्त्यं' એ શ્લોકના બાકી પદોના અર્થનું વિવરણ) ૧૫૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯૬. (બીજા) વ્યાવહારિક પરમાણુરૂપ પ્રમાણની ઉત્પત્તિનો ઉત્શ્લક્ષ્ણ-શ્લક્ષ્ણિકાદિ ક્રમ. શ્લક્ષ્ણ-શ્લક્ષ્ણિકા તે જ વ્યવહાર-પરમાણુ. ૧૬૦
૯૭. બે પ્રકારના - ભેદ્ય અને અભેદ્ય - સ્કંધો. ૧૬૦
૯૮-૧૦૦. પરમાણુથી માંડીને યોજન સુધીનો પ્રમાણક્રમ, ઉત્સેધાંગુલના વર્ણનની સમાપ્તિ. ૧૬૧
૧૦૧. પ્રમાણાંગુલ અને તન્નિષ્પન્ન પ્રમાણો(યોજન પર્યંતનાં)નું સ્વરૂપ. ૧૬૫
૧૦૨. પ્રમાણાંગુલ નિષ્પન્ન શ્રેણિ-પ્રતર-લોક-અલોકનું વર્ણન. ૧૬૬
૧૦૩. આત્માંગુલ. ૧૬૭
૧૦૪. ત્રણ પ્રકારનાં અંગુલ વડે માપવાના પદાર્થો; ક્ષેત્રપ્રમાણદ્વારની પૂર્ણતા. ૧૬૮
૧૦૫. કાલપ્રમાણદ્વાર: કાળનું સામાન્ય સ્વરૂપ. ૧૬૯
૧૦૬. 'સમય', 'આવલિકા' અને 'ઉચ્છ્વાસ'. ૧૭૦
૧૦૭. પ્રાણ, સ્તોક અને લવ. ૧૭૧
૧૦૮. નાલિકા, મુહૂર્ત્ત, અહોરાત્ર. ૧૭૨
૧૦૯. ૧ મુહૂર્તમાં શ્વાસોચ્છ્વાસ સંખ્યા. ૧૭૨
૧૧૦-૧૧૨ પક્ષથી માંડી પૂર્વ સુધીના કાળભેદો. ૧૭૨
૧૧૩-૧૧૫. પૂર્વનું પરિમાણ, પૂર્વ પછી શીર્ષપ્રહેલિકા પર્યંતના કાળભેદો. ૧૭૩
૧૧૬. સંખ્યાતકાળના નિરૂપણની સમાપ્તિ, અસંખ્યકાળના નિરૂપણની પ્રસ્તાવના. ૧૭૫
૧૧૭. ૩ પ્રકારના પલ્યોપમનું સ્વરૂપ. ૧૭૬
૧૧૮-૧૧૯. 'પલ્ય'નું માપ તેમાં ભરવાના વાલાગ્રોનું સ્વરૂપ. (ટિપ્પણીમાં પરિધિ કાઢવાની પ્રક્રિયા). ૧૭૬
૧૨૦. બાદર ઉદ્ધાર પલ્યોપમ. ૧૭૮
૧૨૧-૧૨૨. સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમનું સ્વરૂપ. ૧૭૯
૧૨૩. ઉધ્ધાર સાગરોપમનું સ્વરૂપ. ૧૮૦
૧૨૪. દ્વીપ-સમુદ્રોની સંખ્યામાં સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમનો ઉપયોગ. ૧૮૦
૧૨૫-૧૨૭. બાદર અધ્ધા પલ્યોપમ તથા સૂક્ષ્મ અધ્ધા પલ્યોપમ તથા બાદર-સૂક્ષ્મ-અધ્ધા સાગરોપમ. ૧૮૧
૧૨૮-૧૨૯. ઉત્સર્પિણી-અવસર્પિણીનું, પુદ્ગલપરાવર્તનું તથા અતીત-અનાગત અધ્ધાનું સ્વરૂપ. ૧૮૨
૧૩૦. સૂક્ષ્મઅધ્ધા પલ્યોપમ - સાગરોપમ વડે માપવાનાં પદાર્થો - કર્મસ્થિતિ, કાર્યસ્થિતિ તથા ભવસ્થિતિ. ૧૮૩
૧૩૧-૧૩૨. બાદર-સૂક્ષ્મ ભેદે ક્ષેત્ર પલ્યોપમ તથા ક્ષેત્ર સાગરોપમનું સ્વરૂપ. ૧૮૪
૧૩૩. સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ-સાગરોપમ વડે માપવાની પૃથ્વીકાયાદિ છ કાયજીવોની સંખ્યા. ૧૮૬
૧૩૪. ભાવપ્રમાણ દ્વારા, તેના ગુણનિષ્પન્ન-નોગુણનિષ્પન્ન-બે ભેદો, તથા તેના પેટાભેદો. નોગુણ. ના સંખ્યાન-નોસંખ્યાન એમ બે ભેદો. ૧૮૭
૧૩૫. સંખ્યાનભાવપ્રમાણના બે ભેદો: શ્રુતસંખ્યાન-ગણનાસંખ્યાન, શ્રુતસંખ્યાનના કાલિક-ઉત્કાલિક આદિ પ્રકારો. ૧૮૮
૧૩૬-૧૩૮. ગણનસંખ્યાના પ્રકારો: સંખ્યાત, અસંખ્યાત, અનંત તે ત્રણેની ત્રિવિધતા અને નવવિધતા. ૧૮૯
૧૩૯. સંખ્યાતના ભેદો તથા ૪ પલ્યોનું વર્ણન. નવવિધ અસંખ્યાતનું સ્વરૂપ; મતાંતરે ઉત્કૃષ્ટ અસંખ્યા સંખ્યાતની ગણતરી, ૮ પ્રકારનું અનંત; મતાંતરે ૯મું અનંતાનંત, અનુયોગદ્વારનો અભિપ્રાય; ગણનસંખ્યાનપ્રમાણ સ્વરૂપ સમાપ્ત. ૧૯૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૪૦. ૪ પ્રકારે નોસંખ્યાનપ્રમાણ, તે દરેકના ઉત્તર ભેદો; ૫ નયોનું વિશેષ સ્વરૂપ (ટિપ્પણીમાં નિલય - પ્રસ્થ આદિ દૃષ્ટાન્તો). ૨૦૧
૧૪૧. જ્ઞાનપ્રમાણે પ્રત્યક્ષ-પરોક્ષ જ્ઞાનભેદો. ૨૦૬
૧૪૨. મતિના ભેદો - ઇન્દ્રિયપ્રત્યક્ષ, ઇન્દ્રિયપરોક્ષ તે અનુમાન - ઉપમાન આદિ પ્રમાણરૂપ. (ટિપ્પણમાં અભાવ, અર્થાપત્તિ આદિનું સ્વરૂપ.) ૨૦૭
૧૪૩. દર્શન અને નયપ્રમાણના ભેદો. ૨૦૮
૧૪૪-૧૪૯. મિથ્યાદૃષ્ટિ આદિ ૧૪ ગુણસ્થાનવર્તી જીવોનું દ્રવ્ય-ક્ષેત્ર-કાલ દ્વારા પરિમાણ. ૨૦૯
૧૫૦. તિર્યંચગતિમાં ગુણસ્થાનભેદે જીવદ્રવ્યોનું પ્રમાણ. ૨૧૬
૧૫૧. વૈક્રિયલબ્ધિવાળા મિથ્યાદૃષ્ટિ તિર્યંચોનું પ્રમાણ. ૨૧૭
૧૫૨. તિર્યંચ પંચેન્દ્રિયોનું પ્રમાણ. ૨૧૯
'મહાદંડક' (પ્રજ્ઞાપનાગત) – પાઠ.
૧૫૩. મનુષ્યગતિમાં મનુષ્યોનું પ્રમાણ. ૨૨૪
૧૫૪. સર્વ મનુષ્યોનું પ્રકારાંતરે પ્રમાણ. ૨૨૭
૧૫૫. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી દેવોનું દ્રવ્ય પ્રમાણ. ૨૨૮
૧૫૬. વૈમાનિક દેવ સંખ્યા. ૨૨૯
૧૫૭. ભવનપતિ આદિની શ્રેણિની સૂચિનું પ્રમાણઃ અંગુલગત વર્ગમૂળો દ્વારા મેળવવાની રીત. (ટિપ્પણીમાં તેનું ગણિત) ૨૩૦
૧૫૮. શર્કરાપ્રભાદિ છ પૃથ્વી તથા સનત્કુમારાદિનું પ્રમાણ. ૨૩૨
૧૫૯-૧૬૧. બાદર પર્યાપ્ત એકેન્દ્રિયોનું પ્રમાણ. ૨૩૩
૧૬૨. એકેન્દ્રિયોની ૩ શેષ રાશિઓનું પ્રમાણ. ૨૩૭
૧૬૩. વૈક્રિયલબ્ધિવંત બાદર વાયુકાયનું પ્રમાણ. ૨૩૮
૧૬૪. ત્રસ-જીવભેદોનું સંખ્યાપ્રમાણ. ૨૩૯
૧૬૫. અધ્રુવ-જીવરાશિ-પ્રમાણ. ૨૪૦
૧૬૬. જીવદ્રવ્યપ્રમાણનો ઉપસંહાર. ૨૪૨
૧૬૭. અજીવદ્રવ્યોનું પ્રમાણ; દ્વિતીય દ્રવ્યપ્રમાણદ્વાર - સમાપ્તિ. ૨૪૨
૧૬૮. ત્રીજું ક્ષેત્રદ્વારઃ દ્રવ્યોમાં ક્ષેત્ર-નો ક્ષેત્ર - વિભાગ. ૨૪૪
૧૬૯. સાત નરકમાં જીવોના જન્મશરીરનું પ્રમાણ (અવગાહના). ૨૪૫
૧૭૦. દ્વીન્દ્રિયાદિ ૩ તથા વનસ્પતિનું શરીરપ્રમાણ. ૨૪૭
૧૭૧-૧૭૫. જલચરાદિ ૨૦ જીવભેદોનું શરીરપ્રમાણ.
પંચેન્દ્રિય તિર્યંચની અવગાહનામાં વિસંવાદ.
(ટિપ્પણીમાં તેનો સમન્વય). ૨૪૮
૧૭૬. પૃથ્વી આદિ ૪ કાયોનું તથા મનુષ્યનું શરીરપ્રમાણ. ૨૫૨
૧૭૭. દેવોનું શરીરપ્રમાણ. ઇતિ જીવભેદોમાં ક્ષેત્રદ્વાર. ૨૫૨
૧૭૮-૧૮૦. ગુણસ્થાનોની અપેક્ષાએ જીવદ્રવ્યોમાં ક્ષેત્રદ્વાર. ૨૫૩
૧૮૧. ક્ષેત્ર અને સ્પર્શના વચ્ચેનો તફાવત. ૨૫૭
૧૮૨. અજીવદ્રવ્યોમાં ક્ષેત્રદ્વાર. ક્ષેત્રદ્વાર સમાપ્ત. ૨૫૮
૧૮૩-૧૮૪. સ્પર્શનાદ્વારઃ લોકનું સ્વરૂપ. ૨૫૯

૧૮૫-૧૮૮. તિર્ચ્છાલોકે સ્પર્શનાદ્વાર: જંબૂદ્વીપ આદિ દ્વીપ-સમુદ્રોનું સ્વરૂપ. ૨૬૨
૧૮૯. અધોલોકે સ્પર્શનાદ્વાર. અધોલોકે જીવો વગેરેને સ્પર્શયોગ્ય ક્ષેત્રનું નિરૂપણ. ૨૬૬
૧૯૦-૧૯૧. ઊર્ધ્વલોકે સ્પર્શનીય ક્ષેત્ર. ૨૬૭
૧૯૨. ૭ સમુદ્ઘાતોનું વિસ્તારથી વર્ણન.
(ટિપ્પણીમાં કેવલિસમુદ્ઘાત વિશે વિશેષ વિચાર.) ૨૭૦
૧૯૩. સાત સમુદ્ઘાતના સ્વામી. ૨૭૭
૧૯૪. સાત સમુદ્ઘાતનું કાળમાન. ૨૭૮
૧૯૫-૧૯૯. ૧૪ ગુણસ્થાનોનું સ્પર્શનાક્ષેત્ર, ૪ ગતિ આશ્રયી જીવોનું સ્પર્શના ક્ષેત્ર; જીવદ્રવ્યોનો સ્પર્શનાક્ષેત્ર - વિચાર પૂર્ણ. ૨૭૯
૨૦૦. અજીવદ્રવ્યોનું સ્પર્શનાક્ષેત્ર; સ્પર્શનાદ્વાર સમાપ્ત. ૨૮૯
૨૦૧. કાલદ્વાર: તેના મુખ્ય ૩ પ્રકારો, તેની એક-અનેક જીવ આશ્રયી વક્તવ્યતા. ૨૯૦
૨૦૨-૨૦૩. નરકગતિમાં જઘન્ય-ઉત્કૃષ્ટ ભવાયુષ્યકાળ-વિચાર. ૨૯૧
૨૦૪-૨૦૬. દેવગતિમાં જઘન્ય-ઉત્કૃષ્ટ ભવાયુષ્યકાળ-વિચાર. ૨૯૪
૨૦૭. બા. પ. એકેન્દ્રિયોનો ઉત્કૃષ્ટ ભવાયુષ્યકાળ. ૩૦૧
૨૦૮. દ્વીન્દ્રિય-ત્રીન્દ્રિય-ચતુરિન્દ્રિય તથા પંચેન્દ્રિય તિર્યંચ - તથા પંચેન્દ્રિય મનુષ્યનો ઉત્કૃષ્ટ ભવાયુષ્યકાળ. ૩૦૧
૨૦૯-૨૧૦. તિર્યંચ પંચેન્દ્રિયોના ઉત્કૃષ્ટ ભવાય્યુષ્યકાળનો વિશેષ-વિચાર. ૩૦૨
૨૧૧. એકેન્દ્રિયાદિનું જઘન્ય આયુ:, સાધારણ વનસ્પતિકાય, સર્વે સૂક્ષ્મ એકેન્દ્રિયો, સર્વે અપર્યાપ્તાનું જઘન્ય-ઉત્કૃષ્ટ ભવાયુષ્ય. ૩૦૩
૨૧૨. બહુ જીવ આશ્રયી ભવાયુષ્યકાળ. ઈતિ ભવાયુષ્યકાળ વિચાર.
(ટિપ્પણીમાં વિરહકાળ, સતતકાળનો વિચાર). ૩૦૪
૨૧૩-૨૧૮. કાયસ્થિતિકાળ વિચાર: ચારે ગતિના જીવોનો વિવિધ રીતે કાયસ્થિતિ કાળ.
(ટિપ્પણીમાં કાયસ્થિતિ વિશે લંબાણથી વિશેષ વિચાર) ૩૦૬
૨૧૯-૨૨૦. ગુણવિભાગકાળ: અનેક જીવ આશ્રયી ગુણસ્થાનોનો કાળ વિચાર.
(ટિપ્પણીમાં વિશેષ સ્પષ્ટતા). ૩૨૦
૨૨૧. એક જીવ આશ્રયી ગુણસ્થાનોનો સતતકાળ. ૩૨૩
૨૨૨. એક જીવ આશ્રયી મિથ્યાત્વ ગુણસ્થાનના ૩ ભાંગા; સાદિ-સાંત ભાંગાનો જઘન્ય-ઉત્કૃષ્ટ કાળ. ૩૨૪
૨૨૩. ૪-૫-૧૩ ગુણસ્થાનનો ઉત્કૃષ્ટ સતતકાળ.
(ટિપ્પણીમાં વિશેષ વિચારો તથા આઠ વર્ષ પહેલાં દીક્ષા વિશે પણ વિશેષ વિચારણા) ૩૨૬
૨૨૪. પૂર્વોક્ત ૩ ગુણસ્થાનનો જઘન્ય સતતકાળ તથા ક્ષપક, ક્ષીણમોહી, અયોગીનો એક જીવ આશ્રયી જઘન્ય-ઉત્કૃષ્ટ સતત કાળ. ૩૨૮
૨૨૫. ૬-૭ ગુણસ્થાનનો એક જીવ આશ્રયી, ઉપશામક, ઉપશાન્ત (કુલ ૪ ગુણસ્થાન)નો એક-અનેક જીવ આશ્રયી જઘન્ય-ઉત્કૃષ્ટ સતતકાળ.
(ટિપ્પણીમાં ગ્રન્થાન્તર-કથિત મતાન્તર-વિચાર). ૩૩૦
૨૨૬-૨૨૮. ૪ ગતિ આશ્રયી ગુણસ્થાનોનું કાળમાન.
(ટિપ્પણીમાં ઠેર ઠેર વિશેષ વિચારણા) ૩૩૨


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૨૯. 'યોગ' ગુણના કાળમાનનો વિચાર.
(ટિપ્પણીમાં વિસ્તારથી વિશેષ વિચાર) ૩૪૧
૨૩૦. 'વેદ' ગુણમાં કાળમાનનો વિચાર; સ્ત્રીવેદના સતતકાળમાં પાંચ આદેશો. ૩૪૫
૨૩૧. 'યોગોપયોગ', 'કષાય', 'લેશ્યા' વગેરે ગુણમાં સતત કાળ-વિચાર.
(ટિપ્પણીમાં 'કષાય' ગુણ-કાળ પરત્વે વિશેષ વિચાર). ૩૪૮
૨૩૨. મતિજ્ઞાનાદિ તથા સામાયિકાદિ ચારિત્ર ગુણોનું કાળપ્રમાણ.
(ટિપ્પણીમાં વિશેષ વિચાર.) ૩૫૨
૨૩૩. વિભંગજ્ઞાનાદિ જીવગુણોનો કાળ.
(ટિપ્પણીમાં વિભંગજ્ઞાન તથા અવધિદર્શન વિશે વિશેષ વિચાર). ૩૫૫
૨૩૪. જીવના ભવ્યત્વાદિ ગુણોનો સ્થિતિકાળ. ૩૬૨
૨૩૫-૨૩૬. પૂર્વોક્ત કાયયોગાદિ ગુણોનો અનુક્ત જઘન્ય સ્થિતિકાળ. ૩૬૪
૨૩૭-૨૩૮. બે ચારિત્રોનો અનેક જીવ આશ્રયી જઘન્ય-ઉત્કૃષ્ટકાળ.
(ટિપ્પણીમાં વિશેષ વિચાર). ૩૬૯
૨૩૯. અનેક જીવ આશ્રયી યોગનો જઘન્ય-ઉત્કૃષ્ટ સતતકાળ. ૩૭૨
૨૪૦. કાળદ્વારને ઉપયુક્ત આત્માએ સૂક્ષ્મ રીતે જાણવાની સૂચના, અને જીવ દ્રવ્યોમાં કાળદ્વાર પૂર્ણ. ૩૭૫
૨૪૧-૨૪૨. અજીવદ્રવ્યોમાં કાલદ્વાર અને કાલદ્વારની સમાપ્તિ. ૩૭૬
૨૪૩. અન્તર-દ્વારઃ 'અન્તર'નું સ્વરૂપ-કથન. ૩૭૮
૨૪૪-૨૪૬. અન્તરદ્વારને ઉપકારક જીવોની ગતિનો વિચાર.
(ટિપ્પણીમાં વિશેષ વિચારો) ૩૭૯
૨૪૭. ૫ એકેન્દ્રિયોમાં 'અંતર'નો અભાવ, એટલે કે ઉદ્વર્તના તથા ઉપપાતનું પ્રમાણ. ૩૮૩
૨૪૮. દ્વીન્દ્રિયાદિ અસંખ્યાત રાશિઓમાં, સંખ્યાત રાશિઓમાં સતત ઉપપાત અને મરણનો તથા
સિદ્ધોની નિરન્તર ઉત્પત્તિનો વિચાર, તથા તે અંગે મતાન્તર. ૩૮૫
૨૪૯. બેથી આઠ સમયોની નિરંતર સિદ્ધિની સંગ્રહ ગાથા.
(ટિપ્પણીમાં સ્પષ્ટીકરણ) ૩૮૮
૨૫૦. ૭ નરકપૃથ્વીઓમાં, તિર્યંચ-મનુષ્યગતિમાં ઉપપાત-ઉદ્વર્ત્તનાનો વિરહ.
(ટિપ્પણીમાં વિશેષ વિચારણા) ૩૯૨
૨૫૧-૨૫૬. ચારે ગતિઓમાં અંતરકાળ (ટિપ્પણીમાં વિશેષ વિચારણાઓ). ૩૯૭
૨૫૭-૨૫૮. ગુણસ્થાનોમાં ઉત્કૃષ્ટ-જઘન્ય અંતરકાળ; પ્રાસંગિક પુદ્ગલ-પરાવર્ત વિચાર.
(ટિપ્પણીમાં વિશેષ વિચારો). ૪૦૯
૨૫૯. ૧૪ ગુણસ્થાનના સર્વથા અભાવરૂપ વિરહકાળનું સ્વરૂપ. ૪૧૯
૨૬૦. 'યોગ' ગુણનો વિરહકાળ-વિચાર. ૪૨૦
૨૬૧. 'ચારિત્ર'નો વિરહકાળ. ૪૨૧
૨૬૨. સમ્યક્ત્વાદિ-ગુણ-પ્રાપ્તિનો અંતરકાળ. ૪૨૩
(ટિપ્પણીમાં બાર આરાનું કોષ્ટક)
૨૬૩. શેષ ગુણોનો અંતરકાળ. ૪૨૫
૨૬૪. અજીવદ્રવ્યોનો અંતરકાળ. (ટિપ્પણીમાં વિશેષ વિચાર). અંતરદ્વારની પૂર્ણતા. ૪૨૬
૨૬૫. ભાવદ્વારઃ ૫(૬) ભાવો, તેના સ્વામીઓ.
(ટિપ્પણીમાં તેના સાંયોગિક ભાંગાનો વિચાર). ૪૨૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૬૬. ૮ કર્મોમાં છ ભાવની યથાસંભવ પ્રાપ્તિ. ૪૩૧

૨૬૭-૨૬૮. ક્ષાયિકાદિભાવ-જન્ય લબ્ધિઓનું સ્વરૂપ.
(ટિપ્પણીમાં વિશેષ વિચારો). ૪૩૪

૨૬૯. ઔદયિક તથા પારિણામિક જીવધર્મો.
(ટિપ્પણીમાં લેશ્યા સંબંધી વિશેષ વિચારણા તથા સાંયોગિકભાંગાનો વિચાર.) ૪૩૭

૨૭૦. અજીવદ્રવ્યોમાં પારિણામિક-ઔદયિક ભાવની યોજના. ઈતિ ભાવદ્વાર. ૪૪૬

૨૭૧-૨૭૬. અલ્પબહુત્વદ્વારઃ જીવભેદોમાં અલ્પબહુત્વ વિચાર. ૪૪૮

૨૭૭-૨૭૮. ગુણસ્થાનોમાં પરસ્પર અલ્પબહુત્વ.
(ટિપ્પણીમાં વિશેષ વિચારણા). ૪૫૩

૨૭૯-૨૮૧. ૪ ગતિમાં ગુણસ્થાનોનું અલ્પબહુત્વ.
(ટિપ્પણીમાં વિશેષ વિચારણા). ૪૫૬

વૃત્તિકાર પ્રરૂપિત જીવગુણોનું (અનુક્ત) અલ્પબહુત્વ.
(ટિપ્પણીમાં વિશેષ વિચાર) ૪૫૯

જીવદ્રવ્યાશ્રિત અલ્પબહુત્વ પૂર્ણ. ૪૬૬

૨૮૨. અજીવદ્રવ્યોનું અલ્પબહુત્વ-દ્રવ્યાર્થપણે. ૪૬૬

૨૮૩. અજીવદ્રવ્યોનું અલ્પબહુત્વ - પ્રદેશાર્થપણે. ૪૬૭

૨૮૪. ષડ્દ્રવ્યોનું મિશ્ર અલ્પબહુત્વ; અલ્પબહુત્વદ્વાર સમાપ્ત.
'જીવસમાસ' પ્રકરણ પણ પૂર્ણ. ૪૬૮

૨૮૫. ઉપસંહારઃ જીવસમાસના પદાર્થોના ઉપયોગવંત જીવને જિનેશ્વર-કથિત ભાવોને જાણવાનું
સામર્થ્યરૂપ ફળ-પ્રાપ્તિ. ૪૬૯

૨૮૬. આ પ્રકરણગત ભાવોના અભ્યાસીને મતિવૈપુલ્ય-ફળ-પ્રાપ્તિ. ૪૭૦

૨૮૭. (પ્રક્ષિપ્ત ગાથા) છ દ્રવ્યોનું અલ્પબહુત્વ. ૪૭૦

વૃત્તિકર્તાની પ્રશસ્તિ. ૪૭૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ श्री जिनेन्द्राय नमोनमः ॥

॥ श्री तपोगच्छाधिपतिजैनाचार्यश्रीमद्विजयनेमिसूरीश्वरेभ्यो नमः ॥

# श्री जीवसमास प्रकरण

## (मूल तथा वृत्तिसहित अर्थ.)

### વૃત્તિકર્તા મલધારી શ્રી હેમચંદ્રસૂરિકૃત પીઠિકાનો અર્થ :

દેદીપ્યમાન કેવલજ્ઞાનનાં કિરણો વડે ત્રણે જગતના આંતરિક અંધકારનો નાશ કરીને, પ્રગટ કરેલા સર્વ વસ્તુતત્ત્વોના વક્તા તથા નિત્ય ઉદયવંત અને ઉત્તમ અસુરોએ પણ સ્તવેલા છે ચરણકમળ જેના એવા [1]અપૂર્વ સૂર્ય સરખા શ્રી વીર જિનેન્દ્ર ભગવંત વિજયવંત વર્તો. ॥૧॥

ભવ્યપ્રાણિઓ રૂપ પૃથ્વીઓમાં સૂત્ર(આચારાંગાદિનિબદ્ધવચન)રૂપી મેઘો (વર્ષા સમૂહો) વડે જેઓએ વૃષ્ટિ કરી છે, તેવા શ્રી ગૌતમાદિ ગણધરોનાં ચરણયુગલોને હું નમસ્કાર કરું છું. ॥૨॥

કામધેનુની માફક સર્વ ઇષ્ટ અર્થ આપનારી અને સર્વ દેવોએ જેની સ્તુતિ કરી છે એવી શ્રુતદેવીને હું સ્તવું છું. ॥૩॥

તથા વિશેષતઃ મારા ગુરૂશ્રીના ચરણકમળને નમસ્કાર કરીને નિર્વિઘ્ન બનેલો હું (શ્રી હેમચંદ્રસૂરિ) આ જીવસમાસ પ્રકરણની વૃત્તિ કહું છું. ॥૪॥

ત્યાં આયુષ્ય, બળ અને બુદ્ધિ આદિથી હાનિ પામતા (ન્યૂન થતા) એવા વર્તમાનકાળના જીવો છે, એમ જાણીને તે જીવોના અનુગ્રહ - ઉપકાર માટે અન્ય ગ્રંથોમાં સવિસ્તર કહેલા જીવસ્થાન, ગુણસ્થાન ઇત્યાદિ ભાવોને સંક્ષેપે કરીને કહેવા માટે શ્રી જીવસમાસ નામનું પ્રકરણ રચવાની ઇચ્છાવાળા આચાર્ય સર્વ વિઘ્નોની ઉપશાન્તિ માટે મંગલાચરણયુક્ત અને બુદ્ધિમાનો આ ગ્રંથની પ્રવૃત્તિનો આદર કરે તેવા હેતુથી સંબંધ, અભિધેય તથા પ્રયોજન એ ત્રણ યુક્ત આ (આગળ કહેવાતી) ગાથા કહે છે :

**दस चोद्दस य जिणवरे, चोद्दसगुणजाणए नमंसित्ता ।**
**चोद्दस जीवसमासे, समासओऽणुक्कमिस्सामि ॥१॥**

ગાથાર્થ ૧૪ ગુણોને (ગુણસ્થાનોને) જાણનારા એવા ૧૦ અને ૧૪ એટલે ૨૪ જિનેશ્વરોને નમસ્કાર કરીને સમાસથી - સંક્ષેપથી ૧૪ જીવસમાસ (૧૪ જીવભેદ)નું સ્વરૂપ

૧. આ લોકમાં શ્રી વીરજિનેન્દ્રને અપૂર્વ સૂર્યની ઉપમા આપી. તે અપૂર્વતા આ પ્રમાણે : આકાશનો સૂર્ય પુદ્ગલજન્ય કિરણો વડે પદાર્થો પ્રકાશિત કરે છે, ત્યારે શ્રી વીરજિનેન્દ્ર આત્માનાં જ્ઞાનકિરણો વડે પદાર્થો પ્રકાશિત કરે છે. આકાશનો સૂર્ય બાહ્ય અંધકારનો નાશ કરે છે ત્યારે શ્રીવીરજિનેન્દ્ર જીવોના હૃદયગત અભ્યન્તર ભાવ અંધકારનો નાશ કરે છે; આકાશી સૂર્ય કેટલાક સ્થૂળ પદાર્થો પ્રગટ કરે છે ત્યારે શ્રી વીરજિનેન્દ્ર સર્વપદાર્થ (સૂક્ષ્મ અને સ્થૂળ-સર્વે) પ્રગટ કરે છે. આકાશી સૂર્ય નિયમિત વખતે ઉદય પામે છે, ત્યારે શ્રી વીરજિનેન્દ્ર સદાકાળ સતત ઉદયવાળા છે. આકાશી સૂર્યને માત્ર દેવો જ સ્તવે છે, જ્યારે શ્રી વીરજિનેન્દ્રની સ્તુતિ- સ્તવના તો અસુરેન્દ્રો પણ કરે છે. એ પ્રમાણે આ શ્લોકમાં કહેલાં સર્વ વિશેષણો શ્રી વીરજિનેન્દ્રની અપૂર્વ- સૂર્યતા સ્પષ્ટ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહીશ. ॥૧॥

વ્યાખ્યા : ૧૦ અને ૧૪ તીર્થંકરોને એટલે ૨૪ તીર્થંકરોને नमस्कृत्य એટલે નમસ્કાર કરીને; શું કરવાનું છે તે કહે છે. 'चोद्दस जीवसमासे ઇત્યાદિ.' એટલે જીવોનો અર્થાત્ સમગ્રજીવાસ્તિકાયગત અનંત જીવોનો સમાસ - સંગ્રાહક - સંક્ષેપ, અને તે ૧૪ જ છે. તેથી ૧૪ જીવસમાસ કે જેનાં નામ આગળ કહેવાશે, તે સિદ્ધાંતરૂપી મહાસમુદ્રના કથનની અપેક્ષાએ समासतः સંક્ષેપથી अनुक्रमिष्यामि કહીશ, એ સંબંધ છે.

તથા ૧૪ જીવસમાસ તે અહીં ૧૪ ગુણસ્થાનકો જાણવાં. કારણ કે મિથ્યાદૃષ્ટિ તથા સાસ્વાદન આદિ ભેદથી તે ૧૪ ગુણસ્થાનકો વડે સર્વ જીવોનો સંગ્રહ થાય છે. (અર્થાત્ ૧૪ ગુણસ્થાનમાં સર્વ જીવાસ્તિકાયનો સમાવેશ થાય છે.) એજ ભાવાર્થને સૂચવવા માટે ગ્રંથકર્તાએ ૨૪ જિનેશ્વરોનું 'चोद्दसगुणजाणए = ચૌદ ગુણના જ્ઞાની' એવું વિશેષણ આપ્યું છે. તે વિશેષણની સાર્થકતા આ પ્રમાણે : તે શ્રી ૨૪ જિનેશ્વરો કેવા પ્રકારના ? તે કહેવાય છે કે - મિથ્યાદર્શનાદિ ૧૪ ગુણોને જાણે છે, માટે ૧૪ ગુણના-ગુણસ્થાનોના જાણનાર (चोद्दसगुणजाणए) એ પ્રમાણે વિશેષણ કહ્યું છે. નહિતર તીર્થંકર ભગવંતો તો સમગ્ર ભાવો પણ જાણે છે જ, તો '૧૪ ગુણસ્થાનોના જાણનાર' એવા નિયત વિશેષણ વડે શું ? માટે 'આ પ્રકરણમાં ૧૪ ગુણસ્થાનકરૂપ જે ૧૪ જીવસમાસ હું કહીશ, તે ૧૪ ગુણસ્થાનકરૂપ ૧૪ જીવસમાસોને સમ્યક્ પ્રકારે સર્વ વિશેષ ભેદ સહિત તો શ્રી તીર્થંકરો જ જાણે છે; અને હું તો તેમના કહ્યા પ્રમાણે કિંચિત્માત્ર તે ૧૪ જીવસમાસો કહીશ;' એ પ્રમાણે સૂચવવા માટે જ શ્રી ગ્રંથકર્તાએ તે (चोद्दसगुणजाणए) વિશેષણ કહ્યું છે, એમ સિદ્ધ થયું. પરંતુ ગુણસ્થાનાન્તર્ગત-ગુણસ્થાન કહેવાના પ્રસંગથી પ્રાપ્ત થયેલ સૂક્ષ્મ એકેન્દ્રિય - બાદર એકેન્દ્રિય- દ્વીન્દ્રિય - ત્રીન્દ્રિય - ચતુરિન્દ્રિય - અસંજ્ઞી પંચેન્દ્રિય - સંજ્ઞીપંચેન્દ્રિયરૂપ અને વળી તે પ્રત્યેક પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ બે ભેદવાળા હોવાથી કુલ ૧૪ જીવભેદ પણ અહીં કહેવાશે એમ જાણવું.

એ પ્રમાણે આ ગાથામાં પૂર્વાર્ધ વડે વિઘ્નસમૂહના વિનાશ માટે શ્રી તીર્થંકર ભગવંતને નમસ્કાર કર્યો; અને ઉત્તરાર્ધમાં चउद्दस जीवसमासे એ અભિધેય પદ કહ્યું; અને તે ચૌદ જીવસમાસનું સ્વરૂપ કહેવું તે (આ ગ્રંથનું) પ્રયોજન છે. એ રીતે પ્રયોજન અને અભિધેય એ બે અનુબંધ તો સાક્ષાત્ - સ્પષ્ટ રીતે કહ્યા, અને સંબંધ તો પ્રકરણ તથા પ્રયોજનનો સાધ્ય સાધનરૂપ છે; તે સામર્થ્યથી જાણવા યોગ્ય છે માટે સાક્ષાત્ સ્પષ્ટ ન કહ્યો. કહ્યું છે કે :

'શાસ્ત્ર અને પ્રયોજન એ બે કહેવાથી અન્તર્ગતપણે સંબંધ પણ કહેવાઈ ગયો જાણવો, તે કારણથી પ્રયોજનથી સંબંધ ભિન્ન કહ્યો નથી.'

એ અભિધેય આદિ અનુબંધ દર્શાવવાથી બુદ્ધિમાન પુરૂષો ગ્રંથમાં અભ્યાસાદિ પ્રવૃત્તિવાળા થાય છે. જે કારણથી કહ્યું છે કે-

'જેનું પ્રયોજન કહેલું છે (એટલે જાણેલું છે) તથા જેનો સંબંધ જાણ્યો છે એવું વચનાદિ સાંભળવામાં શ્રોતાઓ પ્રવૃત્તિવાળા થાય છે. માટે શાસ્ત્રના પ્રારંભમાં પ્રયોજન સહિત સંબંધ અવશ્ય કહેવો જોઈએ.'


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ પહેલી મૂળ ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૧॥

अवतरण : હવે કયા ઉપાય વડે તે ૧૪ જીવસમાસ કહેવાના છે તે ઉપાયરૂપ દ્વારો આ બીજી ગાથામાં દર્શાવાય છે :

**निक्खेव निरुत्तीहिं, छहि अट्ठहि याणुयोगदारेहिं ।**

**गइयाइमग्गणाहि य, जीवसमासाऽणुगंतव्वा ॥२॥**

गाथार्थ : નિક્ષેપ - નિરુક્તિ - શું ? ઇત્યાદિ ૬ અનુયોગદ્વાર અને સત્પદ ઇત્યાદિ ૮ અનુયોગદ્વાર વડે તથા ગતિ આદિ ૧૪ માર્ગણા વડે પૂર્વોક્ત ૧૪ જીવસમાસનું સ્વરૂપ જાણવા યોગ્ય છે. ॥૨॥

व्याख्यार्थ : નિક્ષેપણ - સ્થાપન અર્થાત્ સિદ્ધાન્તમાં પ્રસિદ્ધ જે નામ - સ્થાપના ઇત્યાદિ કે જેનું સ્વરૂપ અહીં જ આગળની ગાથામાં કહેવાશે તે (નામ- સ્થાપનાદિ) વડે નિક્ષેપણ-સ્થાપન તે નિક્ષેપ. તથા નિશ્ચિત ઉક્તિ તે નિરુક્તિ; અથવા જેના વડે નિશ્ચયથી અર્થ કહેવાય તે નિરુક્તિ. અર્થાત્ 'જીવે છે, જીવશે અને જે જીવ્યો હતો તે જીવ' ઇત્યાદિ પ્રકારની શબ્દવ્યુત્પત્તિ તે નિરુક્તિ કહેવાય. એ વડે - નિક્ષેપ તથા નિરુક્તિ - બે વડે પૂર્વોક્ત ૧૪ પ્રકારના જીવસમાસ (એટલે ૧૪ ગુણસ્થાન) કહેવાના છે, એ સંબંધ છે. તથા સૂત્રને અનુસારે સૂત્રના અર્થનું યોજવું તે अनुयोग એટલે વ્યાખ્યાન, તેનાં દ્વાર એટલે ઉપાયરૂપ મુખ તે अनुयोगद्वार કહેવાય. અને તે આગળ કહેવાતી किं कस्स केण कत्थ व ઇત્યાદિ પદવાળી ગાથાથી ૬ પ્રકારના છે. અને संतपयपरूवणया ઇત્યાદિ પદવાળી ગાથાથી કહેવાતાં બીજાં ૮ પ્રકારનાં પણ અનુયોગદ્વાર છે. તે ૬ અને ૮ અનુયોગદ્વાર વડે પૂર્વોક્ત ૧૪ જીવસમાસ કહેવા યોગ્ય છે. મૂળ ગાથામાં अनुयोग શબ્દનું अणुयोग ને બદલે आणुयोग એમ થયું છે. તે આર્ષપ્રયોગ સમજવો; અને આ પ્રમાણે અન્યત્ર પણ આવા પ્રયોગો પરત્વે વિચારવું.

તથા માર્ગણા એટલે નરકગતિ આદિ ભેદોમાં જીવાદિ પદાર્થોનું સત્ વા અસત્ સ્વરૂપે અન્વેષણ-શોધન-જ્ઞાન તે માર્ગણા ગતિ- ઇન્દ્રિય-કાય ઇત્યાદિ ૧૪ ભેદે હોય છે. તે ગતિ આદિ માર્ગણાઓ દ્વારા પણ ૧૪ પ્રકારના જીવસમાસ કહેવાના છે. એ બીજી ગાથાનો સંક્ષિપ્તાર્થ કહ્યો. ॥૨॥

अवतरण : પૂર્વગાથામાં નિક્ષેપાદિ દ્વારા ૧૪ જીવસમાસ સ્વરૂપ કહેવાનું છે એમ કહ્યું તેમાં પ્રથમ નિક્ષેપનું સ્વરૂપ સ્વયં સૂત્રકાર (ગ્રંથકાર) દર્શાવે છે :

**नामं ठवणा दव्वे, भावे य चउव्विहो य निक्खेवो ।**

**कत्थइ य पुण बहुविहो, तयासयं पप्प कायव्वो ॥३॥**

गाथार्थ : નામ - સ્થાપના - દ્રવ્ય અને ભાવ એ ૪ પ્રકારનો નિક્ષેપ છે; પુનઃ કોઈ કોઈ પદાર્થોમાં તો ઘણા પ્રકારના નિક્ષેપ પણ થાય છે; માટે તે તે વસ્તુને આશ્રયિને નિક્ષેપ (૪ પ્રકારનો અથવા તેથી અધિક પ્રકારનો) કરવો. ॥૩॥

व्याख्यार्थ : નામ - સ્થાપના - દ્રવ્ય અને ભાવના ભેદથી અહીં સામાન્યથી ૪ પ્રકારનો નિક્ષેપ છે. તે પ્રસ્તુત ચાલુ વિષયમાં આ પ્રમાણે યોજવો. जीव એવું જે નામમાત્ર તે नामजीव;

અથવા કોઈ અચેતન પદાર્થોનું 'જીવ' એવું નામ સ્થાપી એ તો તે પણ નામજીવ છે; કારણ કે નામ વડે એટલે નામમાત્રથી પણ જે જીવ કહેવાય તે નામ જીવ ગણાય છે. માટે ચિત્રકર્મમાં (ચિત્ર[1]માં) અથવા લેપ્ય કર્મમાં (રંગથી કરેલા ચિત્રમાં) અથવા અક્ષ (અરિયા) વિગેરેમાં 'આ જીવ છે' એ રીતે આરોપણ કરેલો (મનથી સ્થાપેલો અથવા સ્થપાતો) જીવ તે સ્થાપના જીવ છે.

તથા જીવના છતા પણ જ્ઞાનાદિ ગુણોને તેમજ પથ્થરાદિક (અન્ય દ્રવ્યો)થી વ્યાવૃત્તિ વગેરે (જીવના જ) પર્યાયોને લક્ષ્યમાં ન રાખીને કેવળ તે ગુણ - પર્યાય રહિત જીવપદાર્થમાત્રને વિવક્ષીએ તો તેવો ગુણપર્યાયરહિત જીવ તે द्रव्यजीव કહેવાય; કારણ કે ગુણપર્યાયરહિત-પણાની વિવક્ષા કરવાથી ત્યાં દ્રવ્યમાત્ર જ શેષ રહે છે. અથવા બીજી રીતે વિચારીએ તો ઉપયોગરહિત એવો જીવ તે द्रव्यजीव (કારણ કે अणुवओगो दव्वं- ઉપયોગરહિત તે દ્રવ્ય કહેવાય - એ પ્રમાણે શાસ્ત્રવચન હોવાથી). અથવા ઔદારિકાદિ શરીર દ્રવ્યની સાથે અન્યોન્યાનુગત (એકાકાર) સંબંધવાળો હોઈને જીવે છે તેથી, અને દ્રવ્યની જ મુખ્ય વિવક્ષા કરીએ ત્યારે એ દ્રવ્યભૂત જીવ તે द्रव्यजीव કહેવાય; જેમ ભોગી પુરુષ તે ભોગપુરુષ કહેવાય છે, તેમ ઔદારિકાદિ શરીરદ્રવ્યવાળો જીવ પણ द्रव्यजीव કહેવાય છે. (એ દ્રવ્યજીવની વ્યાખ્યારૂપ ત્રીજો દ્રવ્યનિક્ષેપ સંક્ષેપમાં કહ્યો).

તથા ઔદયિક આદિ ભાવયુક્ત જ્ઞાનાદિ ગુણવાળો જીવપદાર્થ તે भावजीव કહેવાય. (એ પ્રમાણે ૪ નિક્ષેપાઓ જીવપદાર્થ દ્વારા સંક્ષેપમાં કહ્યા).

## ॥ ૪ થી અધિક નિક્ષેપા પણ કહેવા ॥

(जत्थ य जं जाणिज्जा ઈત્યાદિ વૃત્તિગત ગાથાઓનો અર્થ આ પ્રમાણે -) વળી અહીં જે પદાર્થમાં અધિક નિક્ષેપા ન જાણીએ તો તે પદાર્થમાં ૪ નિક્ષેપા તો અવશ્ય ઉતારવા. ॥૧॥

એ પ્રમાણે (અનુયોગાદ્વારાદિ સૂત્રોમાં) કહેલું હોવાથી વસ્તુઓના નિક્ષેપ ૪ થી ઘણા પણ સંભવે છે. જેમ નામ - સ્થાપના - દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભવ - અને ભાવ એ સાત નિક્ષેપા નિશ્ચયે અવધિજ્ઞાન - દર્શનના છે. ॥૧॥ તથા નામ - સ્થાપના - દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભવ - ભાવ અને પર્યવલોક એ ૮ નિક્ષેપા લોકના છે. ॥૧॥

તથા નામ - સ્થાપના - દ્રવ્ય - ઓઘ - ભવ - તદ્ભવ - ભોગ - સંયમ - યશઃકીર્તિ - અને જીવિત એ ૧૦ પ્રકારના પણ નિક્ષેપા છે. ॥૧॥

ઈત્યાદિ. પરંતુ જ્યાં બુદ્ધિનું વિકલપણું (મતિની અલ્પતા) ઈત્યાદિ કારણથી ઘણા નિક્ષેપા ન જાણી - સમજી શકાય તો પણ તે તે પદાર્થમાં નામ - સ્થાપના - દ્રવ્ય અને ભાવ એ ૪ નિક્ષેપા અવશ્ય જોડવા; કારણ કે એ ૪ નિક્ષેપ તો [2]સર્વવ્યાપી અને અતિપ્રસિદ્ધ છે. તો આ રીતે અહીં

---

૧. કાષ્ઠ પથ્થર ઈત્યાદિકની કોરણીથી બનાવેલો જીવનો આકાર તે ચિત્રકર્મવાળા અને ભીંત વગેરે ઉપર રંગથી ચીતરેલા જીવના આકાર તે લેપ્યકર્મવાળા સ્થાપના જીવ કહેવાય, એ પ્રમાણે ચિત્ર અને લેપ્યનો તફાવત જાણવો.

૨. દરેક પદાર્થમાત્રમાં ઉતારી શકાય એવા એ ૪ નિક્ષેપ છે માટે સર્વવ્યાપી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ ૪ પ્રકારના નિક્ષેપ દર્શાવ્યા. હવે એથી ઘણા નિક્ષેપ પદાર્થો પ્રત્યે ઊતારવાના હોય છે એમ સમજાવવા - જણાવવા માટે ગાથાના ઉત્તરાર્ધમાં કહે છે કે - कत्थइ य पुण ઇત્યાદિ. એટલે પુનઃ કોઈ વસ્તુમાં ઘણા પ્રકારના એટલે યથાસંભવ ૫-૬-૭ આદિ અનેક પ્રકારના નિક્ષેપ પણ ઊતારવા. શું કરીને ઊતારવા ? તે કહે છે - (तयासयं - तदाश्रयं = तस्य आश्रयं त्यां) तस्य-निक्षेप्य દ્રવ્યનો આશ્રય એટલે જે પદાર્થોમાં નિક્ષેપ લગાડવા છે તે પદાર્થ (નિક્ષેપ્ય પદાર્થ)નો જે આધાર ક્ષેત્ર તથા કાળ વગેરે, તેને (पप्प-प्राप्य) પામીને એટલે આશ્રયિને નિક્ષેપા લગાડવા. તે આ પ્રમાણેઃ અહીં જીવસમાસ પ્રકરણના ચાલુ વિષયમાં જીવદ્રવ્ય તે ક્ષેત્રપર્યાયની પ્રધાનતા વડે ક્ષેત્રजीव, આયુષ્ય આદિ કાળની પ્રધાનતાએ कालजीव, ચક્રવર્તી આદિ (પર્યાયની પ્રધાનતાએ) भोगजीव, ગણધરાદિ મહાત્માઓ તે संयमजीव, ઇત્યાદિ નિક્ષેપા પોતાની મેળે વિચારી વિચારીને યથાસંભવ કહેવા. એ ત્રીજી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૩॥

अवतरण : પૂર્વ ગાથામાં નિક્ષેપદ્વારે જીવસમાસ કહ્યા, અને જીવે છે, જીવશે ઇત્યાદિ પદ વડે નિરુક્તિ પણ દર્શાવી. હવે ૬ પ્રકારના અનુયોગદ્વાર દર્શાવવા માટે આ ચોથી ગાથા કહે છે :

**किं कस्स केण कत्थ व, केवचिरं कइविहो उ भावोत्ति ।**
**छहिं अणुयोगदारेहिं, सव्वभावाऽणुगंतव्वा ॥४॥**

गाथार्थः જીવ किं = શું વસ્તુ છે ?, જીવ कस्स = કોનો છે ?, જીવ कत्थ = ક્યાં રહે છે ? તથા જીવ केवचिरं = કેટલા કાળ સુધી રહેનારો છે ?, તથા કયા જીવને કેટલા પ્રકારના ભાવ છે ? એ ૬ અનુયોગદ્વાર વડે જીવાદિ સર્વ પદાર્થો જાણવા યોગ્ય છે. ॥૪॥

व्याख्यार्थ : ગાથામાં કહેલા किं कस्स આદિ ૬ અનુયોગદ્વાર વડે જીવાજીવાદિ સર્વ પદાર્થો જાણવા-કહેવા યોગ્ય છે. ત્યાં ચાલુ વિષય જીવપદાર્થનો હોવાથી અહીં પ્રથમ તે જીવપદાર્થને અંગે જ ૬ અનુયોગદ્વાર વિચારાય છે. તે આ પ્રમાણે -

(૧) કયો પદાર્થ जीव એવા નામથી ઓળખાય છે અથવા કહેવાય છે ? એ પ્રશ્ન ઉપસ્થિત થતાં તેનો ઉત્તર એ જ છે કે - ઔદયિકાદિ ભાવયુક્ત જે સચેતન પદાર્થ તે जीव કહેવાય છે. ॥इति प्रथमं अनुयोगद्वारम्॥

(૨) આ જીવપદાર્થ कस्य = કોનો છે ? એ પ્રમાણે પોતાના સ્વામીપણાના સંબંધવાળો પ્રશ્ન ઉપસ્થિત થયે વિવક્ષામાત્રથી જીવ પોતે પોતાનો જ છે, પરંતુ બીજાનો નથી. અથવા જીવ કોનો સ્વામી છે ? એવો પ્રશ્ન ઉપસ્થિત કરીએ તો ઉત્તર એ છે કે - તત્ત્વવૃત્તિથી (નિશ્ચયદૃષ્ટિથી) જોતાં જીવ પોતાનો જ એટલે પોતાના વસ્તુસ્વરૂપનો (આત્મસ્વરૂપનો) સ્વામી છે. પરંતુ ધન-કંચન ઇત્યાદિ બાહ્ય પદાર્થોનો સ્વામી નથી; કારણ કે અહીં (આ લોકમાં) પણ તે ધન-કંચન આદિ પદાર્થો - (આત્માના) વ્યભિચારી છે.

(૩) જીવ - केन = કયા કયા કારણોની સામગ્રી વડે બન્યો છે ? उत्तर : કોઈપણ કર્તાદિ સામગ્રી વડે તે બન્યો નથી; કારણ કે જીવ દ્રવ્યાર્થિકનયથી નિત્ય છે; અને નિત્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોવાથી તેનો કોઈ કર્તા (સર્જક) નથી.

(૪) આ જીવ क्व = કયાં રહે છે ? उत्तर : શરીરમાત્રમાં ત્વચાના પર્યન્ત ભાગ સુધી વ્યાપીને રહે છે અથવા લોકાકાશમાં રહે છે.

(૫) જીવ केवचिरं = કેટલા કાળ સુધી રહેવાનો છે ? उत्तर : જીવ સદાકાળ વિદ્યમાન છે, કારણ કે જીવ દ્રવ્યાર્થિકનયે અનાદિ અનંતકાળ સુધી છે માટે.

(૬) જીવ कइविहो उ भावोत्ति = આ જીવ તે કેટલા પ્રકારવાળો અર્થાત્ ભાવજીવ છે ? उत्तरः ઔદયિકાદિ ભાવ ૬ પ્રકારના છે અને તે ઔદયિકાદિ ભાવયુક્ત હોય તે જ भावजीव કહેવાય છે; જેથી ધર્મભેદ વડે ધર્મીનો પણ કથંચિત્ (કોઈ અપેક્ષાથી) ભેદ ગણાય છે; માટે ભાવજીવ ૬ પ્રકારનો છે. અથવા તો કેટલા પ્રકારનો ભાવ કયા જીવને પ્રાપ્ત થાય એમ 'कइविहो उ भावोत्ति' - પદનો અર્થ કરીએ તો એ પ્રશ્ન ઉપસ્થિત થયે ઉત્તર એ છે કે સિદ્ધ પરમાત્માને ક્ષાયિક અને પારિણામિક એ ૨ ભાવ પ્રાપ્ત થાય છે. તથા ઔદયિક-ક્ષાયોપશમિક અને પારિણામિકરૂપ ૩ ભાવ એકેન્દ્રિય- દ્વીન્દ્રિય-ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિયને હોય છે; અને મનુષ્ય સિવાયના પંચેન્દ્રિયોને તો એ ત્રણ ઉપરાંત કેટલાકને ચોથો ઔપશમિક અથવા તો ક્ષાયિક ભાવ પ્રાપ્ત થાય છે; અને કેટલાક મનુષ્યોને તો એ પાંચે ભાવ પ્રાપ્ત થાય છે. છઠ્ઠો ભાવ તો સાન્નિપાતિક છે. તે તો સિદ્ધપરમાત્મા આદિ સર્વ જીવોને અનુગત (અંતર્ગત)પણે પ્રાપ્ત હોય છે જ; કારણે કે દરેક જીવને બે - ત્રણ ઇત્યાદિ સાન્નિપાતિક ભાવોની પ્રાપ્તિ સર્વત્ર કહેલી છે. ॥૪॥

अवतरण : હવે આ ગાથામાં ૮ અનુયોગદ્વાર (જે જીવપદાર્થમાં ઊતારવાના છે તે ૮ દ્વારોનાં નામ કહેવાય છે :

**संतपयपरूवणया, दव्वपमाणं च खित्त-फुसणा य ।**
**कालंतरं च भावो, अप्पाबहुयं च दाराइं ॥५॥**

गाथार्थ : (૧) સત્પદપ્રરૂપણા (૨) દ્રવ્યપ્રમાણદ્વાર, (૩) ક્ષેત્રદ્વાર (૪) સ્પર્શનાદ્વાર (૫) કાળદ્વાર (૬) અંતરદ્વાર (૭) ભાવદ્વાર અને (૮) અલ્પબહુત્વદ્વાર એ ૮ દ્વાર છે.

व्याख्यार्थ : सत् એવું પદ તે सत्पद, અર્થાત્ જીવાદિ પદાર્થોની સત્તા; અને તે સત્પદની એટલે સત્તાની પ્રરૂપણા ગતિ આદિ માર્ગણાનાં ૧૪ દ્વારોમાં કરવાની-કહેવાની છે. જેમ કે તે જીવાદિ પદાર્થ નરકગતિ આદિ ૪ ગતિમાંની કઈ ગતિને વિષે છે ? તથા તે નરકાદિગતિમાં જીવાદિકને મિથ્યાદૃષ્ટિ આદિ ૧૪ ગુણમાંનો કયો ગુણ છે ? એમ જે ચિંતવવું તે (૧) सत्पद प्ररूपणाद्वार જાણવું.

(૨) તથા બીજું દ્રવ્યપ્રમાણદ્વાર વિચારવું. જેમ કે નરકગતિ આદિમાંની કઈ ગતિ આદિ માર્ગણામાં કેટલા જીવદ્રવ્યો વર્તે છે ? (અર્થાત્ નરકગત્યાદિ અમુક માર્ગણામાં પ્રત્યેકમાં જીવસંખ્યા કેટલી કેટલી છે ?) એમ વિચારવું તે द्रव्यप्रमाणद्वार.

(૩) તથા ત્રીજું ક્ષેત્રદ્વાર વિચારવું. જેમ કે કયો જીવ કેટલા ક્ષેત્રમાં અવગાહે છે એટલે કેટલા ક્ષેત્રમાં સમાયો છે (રહ્યો છે) એમ વિચારવું તે क्षेत्रद्वार.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪) તથા ચોથું સ્પર્શનાદ્વાર : જેમ કે કયો જીવ કેટલું ક્ષેત્ર સ્પર્શે છે ? એમ વિચારવું તે ચોથું स्पर्शनाद्वार.

(૫) તથા પાંચમું કાળદ્વાર : જેમ કે કયા જીવનો કેટલો સ્થિતિકાળ છે ? ઈત્યાદિ કહેવું તે પાંચમું कालद्वार.

(૬) તથા છઠ્ઠું અંતરદ્વાર વિચારવું, કારણ કે નિરંતર પ્રતિસમય ઉત્પન્ન થતાં નારકાદિ જીવોમાં કોઈવાર ઉપજવાનું અંતર-આંતરું -વિરહ પણ સંભવે છે. તે કારણથી કયા જીવોમાં ઉપજવાનું (તથા મરણ પામવાનું) કેટલું અંતર- આંતરું હોય ? એમ વિચારવું તે છઠ્ઠું अंतरद्वार.

અહીં કયા જીવો કયા બીજા જીવોના કેટલામા ભાગે છે ? ઈત્યાદિ વિચારણારૂપ ૭મું ભાગદ્વાર પણ આવશ્યકસૂત્ર આદિ શાસ્ત્રોમાં કહ્યું છે, પરંત તે અલ્પબહુત્વદ્વારમાં અંતર્ગત ગણીને અથવા કોઈ બીજા કારણથી તે [1]ભાગદ્વાર આ ગ્રંથમાં કહ્યું નથી એમ જાણવું.

(૭) તથા સાતમા ભાવદ્વારમાં ક્ષાયિકાદિ ૫ ભાવમાંથી કયો જીવ કયા ભાવમાં વર્તે છે ? ઈત્યાદિ વિચારણારૂપ સાતમું भावद्वार જાણવું.

(૮) તથા નારકાદિ જીવરાશિઓમાં કયો જીવરાશિ કયા બીજા જીવરાશિથી અલ્પ છે ? અથવા અધિક છે ? ઈત્યાદિ વિચારણા કરવી તે આઠમું अल्पबहुत्वद्वार.

એ પ્રમાણે ૮ અનુયોગદ્વારો પણ ૧૪ પ્રકારના જીવસમાસ કહેવાના ઉપાયરૂપ છે. એ રીતે આ પાંચમી ગાથાનો સંક્ષિપ્તાર્થ સમાપ્ત થયો; અને તેનો વિસ્તરાર્થ તો ગ્રંથકર્તા પોતે જ આ પ્રકરણની સમાપ્તિ થતા સુધી કહેશે. ॥૫॥

अवतरण : હવે ગતિ વગેરે (૧૪) માર્ગણાસ્થાનો વર્ણવે છે :

**गइ इंदिए य काए, जोए वेए कसाय नाणे य ।**
**संजम दंसण लेसा, भव सम्मे सन्नि आहारे ॥६॥**

गाथार्थ : (૧) ગતિ (૨) ઈન્દ્રિય (૩) કાય (૪) યોગ (૫) વેદ (૬) કષાય (૭) જ્ઞાન (૮) સંયમ (૯) દર્શન (૧૦) લેશ્યા (૧૧) ભવ્ય (૧૨) સમ્યક્ત્વ (૧૩) સંજ્ઞિ (૧૪) આહાર, એ ૧૪ મૂળમાર્ગણા છે. ॥૬॥

व्याख्यार्थ : गइ એટલે નરકગતિ આદિ ૪ ગતિ. તેમાં મિથ્યાદૃષ્ટિ આદિ ચૌદ પ્રકારના જીવસમાસ (જીવભેદ) સત્પદપ્રરૂપણાદ્વાર વડે શોધવા-વિચારવા, તે પહેલી ગતિમાર્ગણા કહેવાય. એ પ્રમાણે જ ઈન્દ્રિય - કાય - યોગ - વેદ - કષાય - જ્ઞાન - સંયમ - દર્શન - લેશ્યા-ભવ્ય - સમ્યક્ત્વ - સંજ્ઞી અને આહારક એ શેષ ૧૩ માર્ગણાઓમાં પણ મિથ્યાદૃષ્ટિ આદિ ૧૪ પ્રકારના જીવભેદ યથાસંભવ વિચારવા. તે કારણથી એ ગતિ આદિ ૧૪ ભેદ માર્ગણા દ્વારો કહેવાય છે; કારણ કે એ ૧૪ સ્થાનોમાં જીવાદિ પદાર્થોનું માર્ગણ - શોધવું - વિચારવું - વિશેષ સ્વરૂપ જાણવું બને છે. માટે એ ૧૪ માર્ગણાઓમાં ૧૪ જીવસમાસનો વિચાર સવિસ્તરપણે તે સૂત્રકર્તા પોતે જ કરશે. એ રીતે ૬ઠ્ઠી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૬॥

૧. ઘણાં શાસ્ત્રોમાં એ ૭મું ભાગદ્વાર ગણવાથી ૯ અનુયોગદ્વાર ગણ્યાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अवतरण : प्रश्न : આ ગ્રંથના પ્રારંભમાં 'પ્રથમ ૧૪[1] પ્રકારના જીવસમાસ કહેવાના છે,' એમ ગ્રંથકર્તાએ સ્વીકાર્યું છે, તો તે ૧૪ પ્રકારના જીવસમાસ સિવાય બીજા પ્રકારે પણ સર્વ જીવનો સંગ્રહ થાય એવા જીવભેદ સંભવે છે ? કે જેથી (જીવસમાસમાં) ૧૪ એવું વિશેષણ આપ્યું છે ? અર્થાત્ ૧૪ જીવસમાસરૂપ ૧૪ ભેદથી બીજા હીનાધિક ભેદવાળા પણ જીવભેદ ગણી શકાય છે ? એ પ્રશ્નનો उत्तर : હા, બીજા પણ સર્વ જીવરાશિનો - સમગ્ર જીવાસ્તિકાયનો સંગ્રહ થઈ શકે એવા જીવભેદ છે, અને તે આ ૭મી ગાથામાં કહેવાય છે :

**आहारभव्वजोगा - इएहिं एगुत्तरा बहू भेया ।**
**एत्तो उ चउदसण्हं, इहाणुगमणं करिस्सामि ॥७॥**

गाथार्थ : આહાર-ભય અને યોગ ઈત્યાદિ દ્વારો વડે જીવના એકેક અધિક વૃદ્ધિએ વધતા (એટલે ૨-૩-૪ ઈત્યાદિ) ઘણા ભેદ થાય છે, એ અનેક પ્રકારના જીવભેદોમાંથી આ ગ્રંથમાં તો હું ફક્ત ૧૪ જીવભેદનું જ અનુગમન - વ્યાખ્યાન કરીશ. ॥૭॥

व्याख्यार्थ : અહીં અનેક પ્રકારના જીવભેદમાં પ્રથમ તો ઉપયોગ - લક્ષણ ભેદથી જીવ ૧ પ્રકારનો છે, તેથી એ રીતે પહેલો ૧ પ્રકારનો જીવસમાસ છે; કારણ કે એ ઉપયોગ એક જ ભેદમાં સર્વજીવમાત્ર સંગૃહીત થાય છે. આ ૧ પ્રકારનો (ઉપયોગ - લક્ષણવાળો) જીવભેદ [2]ઉત્સર્ગસિદ્ધ હોવાથી તેમજ અતિપ્રસિદ્ધ હોવાથી ઉપરની ૭મી ગાથામાં જો કે કહ્યો નથી, તો પણ સ્વતઃ વિચારી લેવો કે ઉપયોગ - લક્ષણથી સર્વજીવોનો ૧ ભેદ છે. તથા -

विग्गहगइमावन्ना, केवलिणो समुहया अजोगी य ।
सिद्धा य अणाहारा, सेसा आहारगा जीवा ॥१॥

(વિગ્રહગતિને પ્રાપ્ત થયેલા જીવો, સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલા કેવલી, અયોગી કેવલી અને સિદ્ધ પરમાત્મા એ સર્વ જીવો અનાહારી છે; અને શેષ સર્વ જીવો આહારી છે) - એવું શાસ્ત્રવચન હોવાથી આહારક અને અનાહારક એ બે ભેદથી ૨ પ્રકારનો પણ જીવસમાસ છે. તથા મુક્તિગમન યોગ્ય જીવ તે ભવ્ય, અને મુક્તિગમનને અયોગ્ય તે અભવ્ય જીવ અને સિદ્ધ પરમાત્મા તો ભવ્ય પણ ન કહેવાય તેમ અભવ્ય પણ ન કહેવાય, માટે એ પ્રમાણે ભવ્યના ભેદથી જીવસમાસ (ભવ્ય-અભવ્ય-નોભવ્યનોઅભવ્ય એમ) ૩ પ્રકારનો છે. તથા મન-વચન અને કાયયોગ વડે તથા એ ત્રણે યોગના અભાવ વડે જીવસમાસ ૪ પ્રકારનો[3] પણ છે.

તથા મૂળ ગાથામાં કહેલાં (आइएहिं - ઈત્યાદિ વડે) એ ઈત્યાદિ પદથી ક્રોધ - માન - માયા - લોભ એ ૪ કષાય વડે તેમજ એ ચારે કષાયના અભાવ વડે જીવસમાસ ૫ પ્રકારનો[4] પણ છે. તથા મિથ્યાત્વ - સાસ્વાદન - ઉપશમ - ક્ષાયિક - ક્ષયોપશમ અને વેદક* એ ૬ પ્રકારના

૧. ૧૪ ગુણસ્થાનભેદે ૧૪ પ્રકારના જીવસમાસ. ૨. ઉત્સર્ગ એટલે સામાન્ય-સાધારણ અથવા બહુવ્યાપી ભાવ. જેથી ઉપયોગ- લક્ષણથી જીવનો ૧ ભેદ એ તો સાધારણ રીતે બહુવ્યાપી નિયમ પ્રમાણે સિદ્ધ-સાબિત થયેલો જ છે, માટે ઉત્સર્ગ સિદ્ધ છે. ૩. મનયોગી - વચનયોગી - કાયયોગી - અયોગી (સિદ્ધ) એ ૪ પ્રકારનો જીવસમાસ. ૪. ક્રોધી - માની - માયી - લોભી - અકષાયી (સિદ્ધ) એમ ૫ પ્રકારનો જીવસમાસ. * મુદ્રિત ટીકામાં વેદક નહિ પણ મિશ્ર સમ્યક્ત્વ ગણાવેલ છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમ્યક્ત્વના ભેદથી જીવસમાસ ૬ પ્રકારનો પણ છે. તથા કૃષ્ણાદિ ૬ લેશ્યા ભેદથી અને છએ લેશ્યાના અભાવથી જીવસમાસ ૭ [1]પ્રકારનો પણ છે. તથા વેદના - કષાય - મરણ - વૈક્રિય - આહારક - તૈજસ્ તથા કેવલિ અને ૭ સમુદ્ઘાત ભેદ વડે તેમજ એ સાતે સમુદ્ઘાતના અભાવ વડે જીવસમાસ ૮ [2] પ્રકારનો પણ છે. તથા અડંજ-પોતજ-જરાયુજ - રસજ - સ્વેદજ - સંમૂર્છજ - ઉદ્ભિજ્ઞ - ઔપપાતિક તથા [3]યોનિજ એ નવ પ્રકારના જન્મભેદથી જીવસમાસ પણ ૯ પ્રકારનો છે. તથા પૃથ્વી - અપ્ - તેજસ્ - વાયુ - વનસ્પતિ - દ્વીન્દ્રિય - ત્રીન્દ્રિય - ચતુરિન્દ્રિય - પંચેન્દ્રિય અને અનિન્દ્રિય એ ભેદથી ૧૦ પ્રકારનો પણ જીવસમાસ છે. તથા એકેન્દ્રિય - દ્વીન્દ્રિય - ત્રીન્દ્રિય - ચતુરિન્દ્રિય - પંચેન્દ્રિય એ ૫ પર્યાપ્ત અને ૫ અપર્યાપ્ત મળી ૧૦ તથા અનિન્દ્રિય મળી ૧૧ પ્રકારનો પણ જીવસમાસ છે. તથા ૫ જ્ઞાન અને ૩ અજ્ઞાન એ ૮ સાકાર ઉપયોગ અને ચક્ષુદર્શન - અચક્ષુદર્શન - અવધિદર્શન તથા કેવલદર્શન એ ૪ દર્શન સંબંધી ૪ અનાકાર ઉપયોગ મળી ૧૨ ઉપયોગ વડે જીવસમાસ ૧૨ પ્રકારનો પણ છે. તથા પૃથ્વી - અપ્ - તેજ - વાયુ - વનસ્પતિ - ત્રસ એ ૬ કાય પર્યાપ્ત અને ૬ કાય અપર્યાપ્ત મળી ૧૨ કાય તથા ૧ અકાય (સિદ્ધ) મળી ૧૩ પ્રકારનો પણ જીવસમાસ છે. તથા મિથ્યાદૃષ્ટિ - સાસ્વાદન તથા મિશ્રદૃષ્ટિ ઈત્યાદિ ૧૪ પ્રકારના ગુણસ્થાનભેદથી જીવસમાસ ૧૪ પ્રકારનો પણ છે. તથા એકેન્દ્રિય સૂક્ષ્મ - એકેન્દ્રિય બાદર - દ્વીન્દ્રિય - ત્રીન્દ્રિય - ચતુરિન્દ્રિય - અસંજ્ઞી પંચેન્દ્રિય - સંજ્ઞી પંચેન્દ્રિય એ ૭ જીવભેદ પર્યાપ્ત અને ૭ અપર્યાપ્ત તથા ૧ સિદ્ધ - જીવરાશિ મળી જીવસમાસ ૧૫ પ્રકારનો પણ છે. તથા ૪ પ્રકારનો મનયોગ, ૪ પ્રકારનો વચનયોગ અને ૭ પ્રકારનો કાયયોગ તથા ૧ અયોગી (સિદ્ધ) એ પ્રમાણે યોગના પ્રતિભેદ વડે જીવસમાસ ૧૬ પ્રકારનો પણ છે. એ પ્રમાણે એકેક અધિક અધિક ભેદ વડે (૧૭-૧૮-૧૯ ઈત્યાદિ) ઘણા ઘણા પ્રકારના જીવસમાસ (જીવભેદ) સંભવે છે. તે કારણથી એ અનેક જીવસમાસનું ગ્રહણ ન થાય તે માટે આ પ્રકરણના પ્રારંભમાં જ '૧૪ પ્રકારનો જીવસમાસ' એ વિશેષણ કહ્યું છે. અર્થાત્ એ અનેક પ્રકારના જીવસમાસોમાંથી કેવળ ૧૪ પ્રકારના જીવસમાસનું જ અનુગમન - વ્યાખ્યાન આ ગ્રંથમાં કહીશ. ગાથામાં उ (तु) શબ્દ એવકાર માટે (નિશ્ચયવાચક) કહ્યો છે, અને તેથી ચૌદ પ્રકારનો જ જીવસમાસ કહીશ એ વાક્યમાં (ज કાર નિશ્ચયવાચક) જોડેલો જ છે.

प्रश्न : જો એ પ્રમાણે બીજા પણ અનેક પ્રકારે જીવભેદ સંભવે છે તો શેષ સર્વ પ્રકારના જીવભેદ છોડીને ૧૪ પ્રકારના જીવભેદનું જ વ્યાખ્યાન શા માટે કરાય છે ?

उत्तर : એ ૧૪ પ્રકારના જીવભેદમાં જ ઘણો વિષય વિચારવા યોગ્ય (જાણવા યોગ્ય) છે.

---

૧. કૃષ્ણલેશ્યાવંત ઈત્યાદિ ૬ અને અલેશી (સિદ્ધ) મળી ૭ પ્રકારનો જીવસમાસ.

૨. ૭ સમુદ્ઘાતવંત અને ૧ અસમુદ્ઘાતી (સિદ્ધ)એ ૮ પ્રકારનો જીવસમાસ.

૩. અહીં યોનિજ એટલે યોનિ દ્વારા જન્મ આપનાર જીવ ગણાય છે. પરંતુ ઉપરના કહેલા ૨-૩-૪-૫-૬-૭-૮ પ્રકારના જીવસમાસમાં જેમ સિદ્ધનો સંગ્રહ થાય છે તેમ આ ૯ પ્રકારના જીવસમાસમાં સિદ્ધનો સંગ્રહ થયેલો જણાતો નથી. માટે વિચારવા યોગ્ય છે. આગળના ૧૦-૧૧ આદિ કહેવાતા જીવસમાસોમાં પણ સિદ્ધનો સંગ્રહ થાય છે. તથા અહીં અંડજ - પોતજ આદિ જીવભેદનો અર્થ અન્ય ગ્રંથોથી જાણવો.

અને તેવા ઘણા વિષયોના વિચાર વડે શ્રોતાઓની-શિષ્યોની વિશિષ્ટ મતિની વ્યુત્પત્તિનો-ઉત્પત્તિનો સંભવ છે. અથવા વિશિષ્ટ - શ્રેષ્ઠ એવા શિષ્યોની મતિની વ્યુત્પત્તિનો - વિશેષ સ્મૃતિનો સંભવ છે, માટે એ વિશેષ ઉપયોગી હોવાથી જ ૧૪ પ્રકારના જીવભેદનું વ્યાખ્યાન કરાશે. એ પ્રમાણે આ ૭મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૭॥

अवतरण : આ જીવસમાસ પ્રકરણમાં જે ૧૪ પ્રકારના જીવસમાસ કહેવાના છે, તે કયા ૧૪ પ્રકારના જીવસમાસ ? તે આ ૮-૯મી ગાથામાં દર્શાવાય છે :

**[१]मिच्छाऽऽसायण[२] मिस्सा[३], अविरय[४], सम्मा य देसविरया य[५] ।**
**विरया [६]पमत्त इयरे[७], अपुव्व[८] अणियट्टि[९] सुहुमा [१०] य ॥८॥**
**उवसंत खीण[१२]मोहा, [१३]सजोगिकेवलिजिणा अजोगी य ।**
**चोद्दस जीवसमासा, कमेण एएऽणुगंतव्वा ॥९॥**

गाथार्थ : મિથ્યાદૃષ્ટિ - આસ્વાદન - મિશ્રદૃષ્ટિ - અવિરતસમ્યગ્દૃષ્ટિ - દેશવિરત - પ્રમત્ત સર્વવિરત - અપ્રમત્ત સર્વવિરત - અપૂર્વકરણ - અનિવૃત્તિકરણ - સૂક્ષ્મસંપરાય - ઉપશાન્ત મોહ - ક્ષીણમોહ - સયોગિકેવલિજિન - અયોગિકેવલિજિન એ પ્રમાણે ૧૪ પ્રકારના જીવસમાસ ક્રમપૂર્વક જાણવા. ॥૮॥૯॥.

व्याख्यार्थ : 'मिच्छा = મિથ્યા' એ પદ અપૂર્ણ છે, પરંતુ સૂત્રમાં ગાથામાં આવેલું છે; અને સૂત્રમાં સૂચનામાત્ર જ હોય છે; જેથી 'મિથ્યા' એ પદ પણ સૂચનામાત્રવાળું હોવાથી યથાસંભવ સર્વ ઠેકાણે પદનો એક વિભાગ હોય તો પણ સંપૂર્ણ પદ ગ્રહણ કરી શકાય છે. તેથી 'મિથ્યા' એ અપૂર્ણ પદથી પણ 'મિથ્યાદૃષ્ટિ' એમ સંપૂર્ણ અર્થ સમજી શકાય છે. ધત્તૂર ખાધેલા પુરુષને જેમ શ્વેત વસ્તુમાં પીત વર્ણ સમજાય છે, એવી મિથ્યા-વિપરીત દૃષ્ટિ થાય છે, તેમ મિથ્યાત્વમોહનીયના ઉદયથી જેને શ્રીજિનેશ્વર પ્રણીત તત્ત્વોમાં વિપરીત દૃષ્ટિ થાય તે મિથ્યાદૃષ્ટિ કહેવાય. અર્થાત્ મિથ્યાત્વમોહનીય કર્મના ઉદયથી જે જીવો જિનેશ્વરે દર્શાવેલા યથાર્થ પદાર્થોમાં શ્રદ્ધા-વિશ્વાસ-પ્રતીતિરહિત હોય તેવા જીવો મિથ્યાદૃષ્ટિ ગણાય.

કહ્યું છે કે - 'તત્ત્વાર્થ ભાવોની એટલે સત્ પદાર્થોની જે અશ્રદ્ધા-અવિશ્વાસ તે મિથ્યાત્વ કહેવાય છે, અને તે સાંશયિક - અભિગ્રહિક તથા અનભિગ્રહિક એમ ૩ પ્રકારનું કહ્યું છે.'

વળી બીજો અર્થ મિથ્યાત્વનો એ છે કે - 'સૂત્ર સિદ્ધાંતોમાં કહેલાં વચનોમાંનો એક પદ અથવા એક અક્ષર પણ જો ન સદ્દહે - ન માને, અને શેષ સર્વ વચનો માનતો હોય તો પણ તે જીવ જમાલીની પેઠે મિથ્યાદૃષ્ટિ નિશ્ચયથી જાણવો.' ॥૧॥

જગતવર્તી સમગ્ર જીવરાશિમાંનો એક અનંતમો ભાગ વર્જીને શેષ સર્વ અનંત જીવો મિથ્યાદૃષ્ટિ હોય છે.

आसायण - એ પદમાં आ = આય એટલે ઉપશમ સમ્યક્ત્વનો લાભ તેને सायण - સાદન કરે એટલે દૂર કરે નાશ પમાડે તે आसादन એટલે અનંતાનુબંધી કષાયનો ઉદય એવો નિરુક્ત - વ્યુત્પત્તિ અર્થ છે. એ નિરુક્તિમાં आ પછીનો य કારનો લોપ થયો છે. માટે आयसादन ને બદલે आसादन શબ્દ થયો છે. એ અનંતાનુબંધી કષાયનો ઉદય થયે છતે અનંત સુખ-ફળ


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપનારા અને મોક્ષવૃક્ષના બીજભૂત એવો ઉપશમ સમ્યક્ત્વનો લાભ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૬ આવલિકા બાકી રહ્યે વિનાશ પામે છે. એ પ્રમાણે આસાદન (એટલે અનંતાનુબંધી)ના યોગથી જીવ પણ આસાદન કહેવાય છે; અને એ જીવ સમ્યગ્દૃષ્ટિ હોય છે તેથી એ आसादनसम्यग्दृष्टि - કહેવાય છે. અથવા आ समन्तात् (સર્વ બાજુથી) सातयति = स्फोटयति અર્થાત્ ઉપશમ સમ્યક્ત્વનો સ્ફોટ-વિનાશ કરે તે आसातन એટલે અનંતાનુબંધી કષાયનો ઉદય, અને તે (અનંતા૦)ના યોગથી જીવ પણ आसातन કહેવાય, અને તે પુનઃ સમ્યગ્દૃષ્ટિ હોય છે તેથી आसातन-सम्यग्दृष्टि પણ કહેવાય.

અથવા હજી સુધી પણ સમ્યક્ત્વના રસને આસ્વાદે છે, અનુભવે છે, પરંતુ સમ્યક્ત્વરસનો સર્વથા ત્યાગ કર્યો નથી, માટે आस्वादन અને તે જીવ પુનઃ સમ્યગ્દૃષ્ટિ છે માટે आस्वादन सम्यग्दृष्टि પણ કહેવાય. આ સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિપણું જીવને જે રીતે પ્રાપ્ત થાય છે તે રીત હવે કહેવાય છે. તે આ પ્રમાણે :

## પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્તિ યોગ્ય જીવ (યથાપ્રવૃત્તકરણ).

આ ગંભીર અને જેનો પાર નથી, એવા સંસારસમુદ્રમાં પરિભ્રમણ કરતો અર્થાત્ પરિવર્તન પામતો જીવ સર્વ દુઃખરૂપી વૃક્ષના બીજભૂત મિથ્યાત્વના હેતુથી અનંત પુદ્ગલપરાવર્ત્ત સુધી અનંત લાખોગમે દુઃખો અનુભવીને કોઈ પણ રીતે તથાપ્રકારના ભવ્યત્વના પરિપાકથી પર્વતની નદીના પાષાણના ઘોલના ન્યાય સરખા વિશિષ્ટ અધ્યવસાયરૂપ, અનાભોગથી પ્રાપ્ત થયેલ यथाप्रवृत्तकरण વડે આયુષ્ય સિવાયના જ્ઞાનાવરણીયાદિ ૭ કર્મોને પૃથક્ પૃથક્ પ્રત્યેકને અંતઃસાગરોપમ કોડાકોડિ (પલ્યાસંખ્યેય ભાગ ન્યૂન ૧ કોડાકોડિ સાગરોપમ) સ્થિતિવાળાં કરે છે. એ યથાપ્રવૃત્તકરણથી ૭ કર્મોની દેશોન ૧ કો. કો. સાગરોપમ સ્થિતિ બાકી રહે તે વખતે કર્મમલના સમૂહથી તિરસ્કાર પામેલ એવા આત્મવીર્યવિશેષવાળા જીવોને દુઃખે ભેદી શકાય એવો અતિકઠોર - કર્કશ - નિબિડ - ગાઢ અને દીર્ઘકાળથી પ્રરૂઢ થયેલી (વળગી ગયેલી) અતિગૂઢ ગ્રંથિ (કાષ્ઠ વા વાંસની ગુપિલ ગાંઠ) સરખો, કર્મપરિણામથી ઉત્પન્ન થયેલો, અતિનિબિડ રાગદ્વેષરૂપ પરિણામવાળો અને પૂર્વે કદી નહિ ભેદેલો એવો ગ્રંથિ (ઘન રાગદ્વેષ પરિણામ) [1] પ્રાપ્ત થાય છે. (એટલે ગ્રંથિનો ભેદ કરવા સન્મુખ થાય છે.) કહ્યું છે કે,

'ગ્રંથિ એટલે અતિદુર્ભેદ્ય, કર્કશ, ઘન, દીર્ઘકાળથી રૂઢ થયેલ અને ગૂઢ એવા કાષ્ઠની ગાંઠ સરખો જીવનો કર્મજન્ય એવો ગાઢ રાગદ્વેષરૂપ પરિણામ જાણવો.'

## ગ્રંથિભેદ કરનાર અને ન કરનાર જીવો (અપૂર્વકરણ).

આ ગ્રંથિ સુધી તો અભવ્ય જીવો પણ યથાપ્રવૃત્તકરણ વડે કર્મસ્થિતિ ખપાવીને અનંતવાર આવે છે જ; પરંતુ ગ્રંથિભેદ કરવા અસમર્થ એવા તે અભવ્યો તે ગ્રંથિથી પાછા વળીને પુનઃ

૧. શાસ્ત્રમાં સર્વત્ર 'ગ્રંથિ પ્રાપ્ત થાય છે' એ વચનનો અર્થ એવો નહિ કે અદ્યાપિ પર્યન્ત જીવ ગ્રંથિરહિત હતો, અને હવે યથાપ્ર. કરણ વડે ગ્રંથિ પામ્યો. પરંતુ વાસ્તવિક અર્થ એ છે કે - જીવ અનાદિકાળથી ગ્રંથિસહિત જ છે; તે ગ્રંથિને ભેદવાનો અવસર કોઈ વખત પામ્યો નથી, જેથી યથાપ્રવૃત્તકરણના અધ્યવસાયો વડે હવે ગ્રંથિભેદની સન્મુખ થયો તે જ ગ્રંથિ પામ્યો એમ કહેવાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ સંકલેશના વશથી ઉત્કૃષ્ટ સ્થિતિવાળાં કર્મો કરે છે. અર્થાત્ (કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ કરે છે -બાંધે છે.) વળી કોઈ મહાત્મા જીવ કે જેને મોક્ષ સુખ નજીકમાં પ્રાપ્ત થવાનું છે તે ઉલ્લાસ પામતા અતિશય અનિવાર્ય આત્મબળના પ્રસાર - વિસ્તારવાળો થયો છતો જેમ પ્રચંડ વજ્રદંડ વડે પર્વત ભેદે તેમ પૂર્વોક્ત ઘન રાગદ્વેષ પરિણામરૂપ ભાવગ્રંથિને પૂર્વે નહિ અનુભવેલી એવા પ્રકારની અતિવિશિષ્ટ વિશુદ્ધિવાળા अपूर्वकरण નામના કરણ વડે ભેદીને તેથી પણ અધિક વિશિષ્ટ વિશુદ્ધિવાળા ત્રીજા अनिवृत्तिकरणને જ અનુભવતો (પ્રાપ્ત કરતો) જીવ મિથ્યાત્વસ્થિતિના ઉદય સમયથી આરંભીને અંતર્મુહૂર્તથી ઉપરની સ્થિતિમાં તે સ્થાને વેદવા યોગ્ય મિથ્યાત્વ - પ્રદેશોના ઉદયના અભાવરૂપ अन्तरकरण (મિથ્યાત્વની ઉપલી સ્થિતિમાં) કરે છે.

## પ્રથમ ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ.

ઉપર કહ્યા પ્રમાણે અનિવૃત્તિકરણમાં વર્તતા જીવે મિથ્યાત્વની ઉપલી સ્થિતિમાં જે અંતરકરણ કર્યું છે, તે અંતરકરણ કરવાથી મિથ્યાત્વની સ્થિતિના ૨ ભાગ થાય છે, તેમાં અંતરકરણથી નીચેની સ્થિતિ તે प्रथमा स्थिति, તે અંતર્મુહૂર્ત પ્રમાણની જ છે; અને અંતરકરણથી ઉપરની તે द्वितीया स्थिति અંતર્મુહૂર્ત ન્યૂન અંતઃકોડાકોડિ સાગરોપમ જેટલી શેષ રહેલી હોય છે. તેની સ્થાપના આ પ્રમાણે :

| ૧<br>પ્રથમા ઉદય સ્થિતિ | અંતર્મુ. | દ્વિતીયા સ્થિતિ (દેશોન અંતઃ કો. કો. સાગરોપમ) |
|---|---|---|
| ૦૦૦૦૦ | અંતરકરણ | ૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ |
| અંતર્મુ | સ્થાન | |

ત્યાં પ્રથમા સ્થિતિને વિષે વર્તતો જીવ મિથ્યાત્વનાં દલિક વેદે છે માટે તે મિથ્યાદૃષ્ટિ જ કહેવાય છે; અને અંતર્મુહૂર્ત કાળ વ્યતીત થયે જ્યારે તે નીચેની પ્રથમા સ્થિતિ પ્રતિસમય ઉદયમાં આવી આવી ક્ષય પામશે અને તે ક્ષય પામતાં જ જીવ જ્યારે અંતરકરણમાં પ્રવેશ કરશે ત્યારે ત્યાં અંતરકરણના પ્રથમ સમયે જ મિથ્યાત્વના ઉદયના અભાવથી उपशम सम्यक्त्व પામે. જેમ વનનો દાવાનળ - અગ્નિ વનના જે સ્થાનમાં પ્રથમ સર્વ વનસ્પતિ બળી ગઈ છે તેવું દગ્ધ સ્થાન તથા જેમાં વનસ્પતિ ઉગતી જ નથી એવું ઊષર સ્થાન પામીને સ્વતઃ બુઝાઈ જાય છે તેમ મિથ્યાત્વના ઉદયરૂપ અગ્નિ પણ તે સ્થાને વેદવા યોગ્ય મિથ્યાત્વ પ્રદેશોના અભાવવાળું અંતરકરણ સ્થાન પામીને સ્વતઃ શાંત થઈ જાય છે જ.

## ઉપશમ સમ્યક્ત્વથી પડતાં સાસ્વાદનની પ્રાપ્તિ

પરમ નિધાનના લાભ સરખું તે અંતર્મુહૂર્ત કાળવાળું ઉપશમ સમ્યક્ત્વ જ્યારે જઘન્યથી

---

૧. 
આ પ્રમાણે સ્થાપના તાડપત્ર પ્રતિમાં જોવા મળે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧ સમય બાકી રહે અને ઉત્કૃષ્ટથી ૬ આવલિકા બાકી રહે, ત્યારે કોઈક જીવને મહાન બિભીષિકા (ભયજનક વાતાવરણ)ના ઉત્થાન (ઉપદ્રવ) સરખો અનંતાનુબંધી કષાયનો ઉદય પ્રાપ્ત થાય છે; અને તેના ઉદયથી જ તે જીવ સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ થાય છે. અથવા તો કોઈક જીવ ઉપશમશ્રેણિથી પડ્યો હોય તો તેને પણ અનંતાનુબંધી કષાયનો ઉદય થતાં આસ્વાદન સમ્યગ્દૃષ્ટિપણું પ્રાપ્ત થાય છે. ત્યારબાદ જઘન્યથી ૧ સમય (સાસ્વાદનપણાનો) વ્યતીત થયે અને ઉત્કૃષ્ટથી ૬ આવલિકા વ્યતીત થયા પછી અવશ્ય તે જીવને મિથ્યાત્વનો ઉદય થવાથી તે જીવ મિથ્યાદૃષ્ટિ થાય છે. એ પ્રમાણે સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિની ઉત્પત્તિ કહી; વિશેષ વિસ્તાર કરવા વડે સર્યું. (એટલે હવે એ સંબંધી અધિક વિવેચન કરવાનું નથી.) એ સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ જીવો કોઈક વખત ઉત્કૃષ્ટથી અસંખ્ય પણ હોય છે. વિશેષથી આગળ કહેવાશે.

**॥ ३. मिश्रदृष्टि जीवसमास ॥**

સમ્યક્ અને મિથ્યા એવા પ્રકારની જે (ઉભય પ્રકારની) દૃષ્ટિ તે મિશ્રદૃષ્ટિ છે જેને એવા જીવો મિશ્રદૃષ્ટિ કહેવાય. અહીં તાત્પર્ય એ છે કે - પૂર્વોક્ત વિધિએ પ્રાપ્ત કરેલાં ઔષધવિશેષ સરખાં ઉપશમ સમ્યક્ત્વ વડે, મીણાવાળા કોદ્રવા સરખા અશુદ્ધ એવા દર્શનમોહનીયકર્મને (મિથ્યાત્વમોહનીયને) જીવ શુદ્ધ કરીને ત્રણ પ્રકારનું કરે છે. તે આ પ્રમાણે - શુદ્ધ - અર્ધવિશુદ્ધ અને અવિશુદ્ધ. તેની સ્થાપના આ પ્રમાણે :



| | | |
|---|---|---|
| સમ્યક્પુંજ (શુદ્ધપુંજ) | મિશ્રપુંજ (અર્ધશુદ્ધ) | મિથ્યાપુંજ (અશુદ્ધ) |

એ ત્રણ પુંજમાંથી જ્યારે અર્ધવિશુદ્ધ પુંજનો ઉદય થાય ત્યારે તેના ઉદયથી જીવને શ્રી જિનેશ્વરોએ કહેલાં તત્ત્વોની શ્રદ્ધા પણ અર્ધવિશુદ્ધ થાય છે, તે કારણથી એ જીવ મિશ્રદૃષ્ટિ કહેવાય છે. (અર્થાત્ સમ્યગ્મિથ્યાદૃષ્ટિ ગણાય છે.) આ મિશ્રદૃષ્ટિ ગુણસ્થાનમાં જીવ અંતર્મુહૂર્ત કાળ સુધી રહે છે, અને ત્યારબાદ (ક્ષયોપશમ) સમ્યક્ત્વમાં અથવા મિથ્યાત્વમાં અવશ્ય જાય છે. કહ્યું છે કે -

'મિથ્યાત્વથી જીવની સંક્રાન્તિ (જીવનું ગમન) અવિરોધપણે સમ્યક્ત્વમાં અથવા મિશ્રમાં હોય છે, તેમજ મિશ્રમાંથી જીવની સંક્રાન્તિ બંનેમાં (મિથ્યાત્વમાં અથવા સમ્યક્ત્વમાં) હોય છે; તથા સમ્યક્ત્વમાંથી તો જીવની સંક્રાન્તિ મિથ્યાત્વમાં હોય છે પરંતુ મિશ્રમાં હોય[૧] નહીં' ॥૧॥

એ મિશ્રદૃષ્ટિ જીવો પણ કદાચિત્ ઉત્કૃષ્ટથી અસંખ્યાત હોય છે, એ વાત પણ સવિશેષપણે

૧. સમ્યક્ત્વથી એટલે ક્ષયોપશમ વા ઉપશમ સમ્યક્ત્વથી મિશ્રસમ્યક્ત્વમાં જીવ ન જાય એ અભિપ્રાય શ્રી સિદ્ધાંતનો છે; અને કર્મગ્રંથકાર તો ઉપશમથી સીધો મિશ્રમાં આવે તેમજ ક્ષયોપશમ સમ્યક્ત્વથી પણ સીધો મિશ્ર સમ્યક્ત્વમાં આવે એમ કહે છે. એ પ્રમાણે સમ્યક્ત્વથી જીવસંક્રાન્તિ માટે બે મત જાણવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ગ્રંથમાં જ કહેવાશે.

## ॥ ૪. अविरतसम्यग्दृष्टि जीवसमास ॥

अविरय सम्मा य ઇત્યાદિ. विरमति એટલે સાવદ્યયોગથી વિરામ પામે (નિવૃત્ત થાય), તે વિરત કહેવાય, અને તેવા પ્રકારનો જે જીવ ન હોય (એટલે સાવદ્યયોગથી વિરામ ન પામ્યા હોય એવા જીવો) તે અવિરત કહેવાય; અથવા विरमणं એટલે વિરત એટલે સાવદ્યયોગનું પ્રત્યાખ્યાન, તે જેને નથી તે અવિરત. અને તે સમ્યગ્દૃષ્ટિ પણ હોય છે, માટે અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવ કહેવાય. અહીં ભાવાર્થ એ છે કે - પૂર્વે કહેલા સ્વરૂપવાળો ઉપશમ સમ્યગ્દૃષ્ટિ, અથવા શુદ્ધ દર્શનમોહનીય-પુંજના ઉદયવાળો ક્ષયોપશમ સમ્યગ્દૃષ્ટિ, અથવા સાતે દર્શનમોહનીયનો - દર્શનસપ્તકનો જેણે ક્ષય કર્યો છે એવો ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવ પરમ મુનિમહાત્માઓએ કહેલી સાવદ્યયોગોની વિરતિને મોક્ષરૂપી મહેલ ઉપર ચઢવાને નિસરણી સરખી જાણતો છતો પણ અપ્રત્યાખ્યાની કષાયના ઉદય વડે વિઘ્નવાળો હોવાથી (તે વિરતિને) અંગીકાર કરતો નથી, તેમજ (કદાચ અંગીકાર કરી હોય તો તે) પાળવાને પણ યત્ન કરતો નથી, તે જીવ અહીં अविरतसम्यग्दृष्टि કહેવાય છે. આ અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો સર્વદા અસંખ્યાત હોય છે જ. ગાથામાં अविरय सम्मा य देसविरया य એ પદોમાં બહુવચનનો પ્રયોગ છે, તેમજ यकार એટલે च શબ્દ સમુચ્ચય અર્થમાં છે. એ પ્રમાણે ગાથામાં બીજે સ્થાને પણ જ્યાં જ્યાં य(च)કાર આવે ત્યાં સમુચ્ચયવાચક જાણવો.

## ॥ ૫ देशविरत जीवसमास ॥

देसविरया ઇત્યાદિ. સર્વ સાવદ્યયોગના દેશે-એકવ્રતના વિષયમાં એટલે સ્થૂલપ્રાણાતિપાતાદિ સર્વ વ્રતના વિષયવાળી અનુમતિ વર્જીને (સર્વ) સાવદ્યયોગ સુધીમાં विरतं - વિરતિ જે જીવને હોય તે देशविरति જીવ કહેવાય, અર્થાત્ આ જીવને સર્વ સાવદ્યયોગની વિરતિ નથી, કારણ કે એ જીવ પ્રત્યાખ્યાનાવરણીય કષાયોદય વડે નિવારણ કરાયેલો છે (એટલે પ્રત્યા. કષાયના ઉદય વડે સર્વવિરતિની પ્રાપ્તિથી અટકેલો છે.) એ જીવ દેશવિરતિ છે, તેમજ સમ્યગ્દૃષ્ટિ પણ છે માટે દેશવિરત સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે. કહ્યું છે કે -

'જે જીવ સમ્યગ્દર્શનસહિત હોય અને પોતાની શક્તિ પ્રમાણે એક વ્રતથી પ્રારંભીને યાવત્ (શ્રાવકના) અંતિમવ્રત સુધીના વ્રતનો અંગીકાર કરનાર તેમજ અનુમતિમાત્રવાળો હોય (પરંતુ કરવું - કરાવવું - એ બે કરણ રહિત હોય) તેવો જીવ देशविरत કહેવાય. ॥૧॥

તથા પરિમિત[૧] ભોગ્યવસ્તુઓને સેવનારો હોય અને શેષ રહેલી અનંત અપરિમિત વસ્તુઓને ત્યાગ કરનાર હોય એવો દેશવિરતિ શ્રાવક પરલોકને વિશેષ અપરિમિત અનંત સુખ પામે છે. ॥૨॥'

એ દેશવિરત સમ્યગ્દૃષ્ટિઓ પણ જગતમાં સર્વદા અસંખ્યાત હોય છે. એ પ્રમાણે સર્વવિરતિરહિત જે જીવભેદ સંભવે છે. તેવાં ૫ પ્રકારના જીવભેદ કહ્યા, અને હવે તે સર્વવિરતિ

---

૧. પરિમિત એટલે સંખ્યામાં અને પ્રમાણમાં પણ અલ્પ, અર્થાત્ દેશવિરત શ્રાવકો પોતાના ઉપયોગ પૂરતી વસ્તુનો ઉપભોગ કરે પણ અધિકનો નહિ.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સહિત જેટલાં જીવભેદ સંભવે છે તેટલા કહેવાની ઇચ્છાએ કહેવાય છે તે આ પ્રમાણે :

## ॥ ६-७. सर्वविरत जीवसमास (प्रमत्त-अप्रमत्त) ॥

विरया पमत्त इयरे ઇત્યાદિ - विरमन्ति એટલે સર્વ સાવદ્યયોગથી વિરામ પામે અર્થાત્ નિવૃત્ત થાય તે વિરત કહેવાય. તે બે પ્રકારના છે : ૧. प्रमत्त અને ૨. अप्रमत्त. ત્યાં સંજ્વલન ક્રોધાદિકના ઉદયથી મદ્ય - વિષય - કષાય - નિદ્રા - વિકથા એ પાંચે અથવા પાંચમાંનાં કોઈપણ એક-બે ઇત્યાદિ પ્રમાદસ્થાનો વડે જે મુનિઓ પ્રમાદ કરે એટલે સંયમયોગમાં સીદાય (દોષિત થાય) તે પ્રમત્ત, અને તેવા પ્રકારના જે ન હોય તે અપ્રમત્ત કહેવાય; અર્થાત્ એ કહેલા પાંચ પ્રમાદોથી સર્વથા રહિત હોય તે અપ્રમત્ત કહેવાય.

## ॥ ८. अपूर्वकरण जीवसमास ॥

'अपुव्व' ઇતિ. અહીં પણ ભીમ શબ્દથી જેમ ભીમસેન સમજાય છે તે ન્યાયે એક અવયવથી આખા સંપૂર્ણ અંગનું - સમુદાયનું જ્ઞાન થતું હોવાથી अपूर्व એ એક જ પદના અવયવ વડે અપૂર્વકરણવર્તી જીવો સમજી શકાય છે, એ તાત્પર્ય છે.

ત્યાં જે જીવોમાં સ્થિતિઘાત - રસઘાત - ગુણશ્રેણિ - ગુણસંક્રમ અને સ્થિતિબંધ એ ૫ પદાર્થોનું, પ્રથમ પ્રારંભ હોવાથી - અપૂર્વ એટલે અભિનવ (નવીન) એવું करण એટલે ક્રિયાવિશેષ પ્રવર્તે છે તે જીવો अपूर्वकरण ગુણવાળા કહેવાય. એ પાંચ અપૂર્વ પદાર્થો આ પ્રમાણે :

(૧) स्थितिघात :- જ્ઞાનાવરણીયાદિ કર્મોની ઘણી મોટી દીર્ઘ સ્થિતિને અપવર્ત્તના નામના કરણવિશેષ વડે ખંડવી અર્થાત્ અલ્પ-ટૂંકી કરવી તે સ્થિતિઘાત કહેવાય.

(૨) रसघात :- કર્મપ્રદેશોમાં રહેલા સ્નિગ્ધપણારૂપ રસને પણ, તે જ અપવર્ત્તનાકરણ વડે ખંડવો એટલે અલ્પ કરવો તે રસઘાત કહેવાય.

એ સ્થિતિઘાત તથા રસઘાત બંને પૂર્વનાં (૧ થી ૭) ગુણસ્થાનોમાં વિશુદ્ધિ અલ્પ હોવાથી અલ્પ થતા હતા, અને આ ગુણસ્થાનમાં તો વિશુદ્ધિ ઘણી હોવાથી ઘણા પ્રમાણમાં થાય છે, માટે એ બંને અપૂર્વ ગણાય છે.

(૩) गुणश्रेणि:- આત્મવિશુદ્ધિના બળથી કર્મની ઉપલી-અગ્રસ્થિતિમાંથી અપવર્તનાકરણ વડે નીચે ઊતારેલાં કર્મ-પ્રદેશોને ઉદય-સમયથી પ્રારંભીને અન્તર્મુહૂર્ત સુધીની સ્થિતિમાં (અર્થાત્ અન્તર્મુ૦ જેટલા સમયોમાં) તે કર્મપ્રદેશોને શીઘ્ર ખપાવવા માટે પ્રતિસમય અસંખ્યગુણ અસંખ્યગુણ વૃદ્ધિએ શ્રેણિ - પંક્તિબદ્ધ સ્થાપવા - પ્રક્ષેપવા - રચવા તે ગુણશ્રેણિ કહેવાય છે. પૂર્વનાં ગુણસ્થાનોમાં અવિશુદ્ધિ હોવાથી આ ગુણશ્રેણિ કાળથી દીર્ઘ અને પ્રદેશ - રચનાની અપેક્ષાએ અલ્પપ્રમાણવાળી રચાય છે, કારણ કે તે ગુણસ્થાનોમાં વર્તતો જીવ ઉપરની સ્થિતિમાંથી કર્મ-પ્રદેશોને અલ્પ અલ્પ ઊતારે છે. અને આ અપૂર્વ૦ ગુણસ્થાનમાં તો અતિ વિશુદ્ધિ હોવાથી તે જ ગુણશ્રેણિને અપૂર્વ રચે છે, એટલે કાળથી અતિઅલ્પ અને પ્રદેશ-રચનાની અપેક્ષાએ પુનઃ વિશાળ વિશાળ (અર્થાત્ ઘણા ઘણા પ્રદેશોના પ્રક્ષેપવાળી) રચે છે, કારણ કે આ ગુણસ્થાનમાં વર્તતો જીવ ઉપરની સ્થિતિમાંથી અપવર્તના વડે ઘણા ઘણા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્મ-પ્રદેશોને અપવર્તી નીચે ઊતારે છે.

(૪) गुणसंक्रमः- બધ્યમાન શુભ તથા અશુભ પ્રકૃતિઓમાં અશુભ પ્રકૃતિઓના કર્મપ્રદેશોને પ્રતિસમય અસંખ્યગુણ - અસંખ્યગુણ વૃદ્ધિ એ વિશુદ્ધિ વડે સંક્રમાવવા - પ્રક્ષેપવા - લઈ જવા તે ગુણસંક્રમ કહેવાય. આ ગુણસંક્રમને પણ આ ગુણસ્થાનવાળા જીવો અતિવિશિષ્ટ કરવાથી અપૂર્વ કરે છે.

(૫) अभिनव स्थितिबंधः- કર્મોની સ્થિતિ અશુભ હોવાથી પૂર્વનાં ગુણસ્થાનોમાં દીર્ઘ બંધાતી હતી અને આ ગુણસ્થાનમાં તો ઉત્કૃષ્ટ વિશુદ્ધિ હોવાથી અતિઅલ્પ બંધાવાના કારણથી અપૂર્વસ્થિતિ બંધાય છે. એ પ્રમાણે આ ગુણસ્થાનમાં સ્થિતિઘાતાદિ પાંચે પદાર્થોની અપૂર્વતા દર્શાવી. (આ અપૂર્વતા આગળનાં અનિવૃત્તિ આદિ ગુણસ્થાનોમાં પણ હોય છે.)

આ અપૂર્વકરણ ગુણસ્થાનવર્તી જીવો ૨ પ્રકારના છે; ત્યાં મોહનીય કર્મનો ક્ષય કરવા માટે ચઢેલા જીવો આ ગુણસ્થાનમાં આવ્યા હોય તે क्षपक, અને મોહનીય કર્મનો ઉપશમ કરવા માટે ચઢેલા જીવો આ ગુણસ્થાનમાં આવ્યો હોય તે उपशमक કહેવાય છે. એ પ્રમાણે ક્ષપકાપૂર્વકરણ અને ઉપશમકાપૂર્વકરણ એમ આ ગુણસ્થાન બે પ્રકારે છે.

## ॥ ९. अनिवृत्तिकरण जीवसमास ॥

अनियट्टि ઈતિ. અહીં પણ એક દેશભાગ વડે સંપૂર્ણ સમુદાયનું જ્ઞાન થાય એ ન્યાય વડે 'અનિવૃત્તિ' શબ્દ કહેવાથી 'અનિવૃત્તિ બાદર સંપરાય' ગુણસ્થાનવર્તી જીવો જાણવા. ત્યાં આ ગુણસ્થાનમાં સમકાળે પ્રવેશ કરેલા ઘણા જીવોના પરસ્પરના (એકબીજાના) અધ્યવસાય સ્થાનની વ્યાવૃત્તિ એટલે વિલક્ષણતાની (ભિન્નતાની) નિવૃત્તિ અહીં ઈચ્છેલી છે, તેવા પ્રકારની નિવૃત્તિ આ જીવોને નથી માટે આ ગુણસ્થાનનું નામ अनिवृत्ति છે. અર્થાત્ આ ગુણસ્થાનમાં સમકાળે પ્રવેશ કરેલા કોઈપણ એક જીવને પ્રથમ સમયાદિ કોઈપણ વિવક્ષિત સમયને વિષે જે અધ્યવસાય સ્થાન વર્તે છે. તે જ અધ્યવસાયસ્થાનમાં તે જ સમયે વર્તનાર કોઈ બીજો અન્ય જીવ પણ (તે જ અધ્યવસાયમાં) વર્તે છે, એ તાત્પર્ય છે.

તથા संपरैति એટલે જેના વડે સંસારમાં पर्यटति- પર્યટન કરે તે संपराय એટલે કષાયોદય. તથા बादर-સૂક્ષ્મ સંપરાયની અપેક્ષાએ સ્થૂલ કષાયોદય જે જીવોને હોય તે बादरसंपराय જીવો કહેવાય; એ પ્રમાણે અનિવૃત્તિ અને બાદર સંપરાયવર્તી એવા બે વિશેષણયુક્ત જીવો अनिवृत्ति बादरसंपराय જીવો કહેવાય. તે પણ क्षपक અને उपशमक એમ બે પ્રકારના છે; ત્યાં ક્ષપક અનિવૃત્તિબાદરસંપરાયોદયી જીવો મોહનીયકર્મની ૨૦ પ્રકૃતિઓ, દર્શનાવરણીયકર્મની સ્ત્યાનર્ધિત્રિકરૂપ ૩ પ્રકૃતિઓ અને નામકર્મની ૧૩ પ્રકૃતિઓને ખપાવે છે; ક્ષય કરે છે. કેવી રીતે ક્ષય કરે છે ? એમ જો પૂછતા હો તો કહીએ છીએ કે -

પ્રથમ તો પ્રત્યાખ્યાનાવરણ અને અપ્રત્યાખ્યાનાવરણ એ ૮ કષાયોને સમકાળે ક્ષય કરવા માંડે છે, તે ૮ કષાયો અર્ધક્ષય પામ્યે છતે અર્થાત્ અર્ધક્ષય પામવાના બાકી રહે તે દરમ્યાનમાં અંતરાલે જ-વચ્ચે જ - વિશુદ્ધિના બળથી સ્ત્યાનર્દ્ધિત્રિક અને નામની ૧૩ પ્રકૃતિઓનો (મળી ૧૬ પ્રકૃતિઓનો) સંપૂર્ણ ક્ષય કરે છે. તે નામકર્મની ૧૩ પ્રકૃતિઓનાં નામ આ પ્રમાણે -

નરકદ્વિક (૨), તિર્યગ્દ્વિક (૨), એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય એ ૪ જાતિ, આતપ, ઉદ્યોત, સ્થાવર, સાધારણ અને સૂક્ષ્મ. એ ૧૬ પ્રકૃતિઓ સંપૂર્ણ ક્ષય થયા બાદ પુનઃ અર્ધક્ષપિત ૮ કષાયો જે ક્ષય થવા બાકી હતા તે પણ ક્ષય પામે. ત્યારબાદ નપુસંકવેદ, ત્યારબાદ સ્ત્રીવેદ અને ત્યારબાદ હાસ્યાદિ ૬ (હાસ્ય-રતિ - અરતિ- શોક- ભય- જુગુપ્સા), ત્યારબાદ પુરૂષવેદ, ત્યારબાદ સંજ્વલન ક્રોધ, ત્યારબાદ સંજ્વલન માન, ત્યારબાદ સંજ્વલન માયાનો ક્ષય કરે, એ પ્રમાણે મોહનીયકર્મની ૨૦ પ્રકૃતિનો ક્ષય (આ નવમા ગુણસ્થાને) કરે. પુનઃ અહીં બાદર લોભનો પણ ક્ષય થાય છે. અને સૂક્ષ્મ લોભનો ક્ષય તો સૂક્ષ્મસંપરાય નામના અગ્રે કહેવાતા ૧૦મા ગુણસ્થાને જ થાય છે. દર્શનસપ્તક (અનંતાનુ૦ ૪ તથા ૩ દર્શનમોહનીય) તો પ્રથમ જ અવિરતથી અપ્રમત્ત સુધીની અવસ્થામાં (એટલે ૪-૫-૬-૭ મા ગુણસ્થાને) ક્ષય પામ્યું છે. એ પ્રમાણે ક્ષપકનો વ્યાપાર- કાર્ય અહીં દર્શાવ્યું, પુનઃ જે ઉપશમક જીવો છે તે તો એ ૨૦ મોહપ્રકૃતિઓને આગળ કહેવાશે તે પદ્ધતિએ ઉપશમાવે છે.

## ॥ ૧૦. सूक्ष्मसंपराय जीवसमास ॥

सुहुमा य ઈતિ. અહીં પણ પૂર્વોક્ત[૧] રીતે સૂક્ષ્મ એટલે સૂક્ષ્મસંપરાયી જીવો જાણવા. ત્યાં સૂક્ષ્મસંપરાય એટલે કિટ્ટિરૂપ[૨] થયેલા લોભ કષાયનો ઉદય તે જે જીવોને હોય તે જીવો સૂક્ષ્મસંપરાયી કહેવાય. એ સૂક્ષ્મસંપરાયી જીવો પણ क्षपक અને उपशमक એમ બે પ્રકારના છે. તેમાં ક્ષપકો તો અનિવૃત્તિ ગુણસ્થાનમાં સૂક્ષ્મકિટ્ટિ સરખા થયેલા લોભને અહીં (સૂ૦ સંપ૦ ગુણસ્થાનમાં) મૂળથી (સંપૂર્ણ) ખપાવે છે, અને ઉપશમક જીવો તે જ લોભને (સૂ૦ કિટ્ટિરૂપ થયેલા લોભને) સંપૂર્ણ ઉપશમાવે છે.

## ॥ ૧૧. उपशान्तमोह जीवसमास ॥

उवसंत ઈતિ. 'ઉવસંત' એટલે ઉપશાંતકષાયી જીવો. અહીં कषशिष ઈત્યાદિ દંડકધાતુઓ[૩] हिंसा અર્થવાળા છે; તેથી कषन्ति અથવા कष्यन्ते એટલે જેને વિષે પ્રાણીઓ પરસ્પર હિંસા કરે છે, અથવા જેમાં પ્રાણિઓની પરસ્પર હિંસા થાય છે તે कष એટલે संसार. તેથી कषं अयन्ते એટલે પ્રાણિઓ જેના વડે કષને એટલે સંસારને પામે છે તે कषाय ક્રોધ - માન - માયા અને લોભરૂપ જાણવા. એ ક્રોધાદિ કષાયોને જે જીવોએ उपशांत એટલે ઉપશમ પમાડ્યા, અર્થાત્ સત્તામાં છે પરંતુ સંક્રમકરણ-ઉદ્વર્તનાકરણ ઈત્યાદિ[૪] કરણોને અયોગ્ય થાય એવા કર્યા તે જીવો उपशान्तकषायी કહેવાય. ત્યાં અવિરત સમ્યગ્દૃષ્ટિ (નામના ૪થા) ગુણસ્થાનથી અપ્રમત્ત સુધીની અવસ્થામાં (૭મા ગુણસ્થાન સુધીમાં) દર્શનસપ્તક ઉપશાંત થાય

૧. અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણમાં જેમ પદના એક દેશથી સંપૂર્ણ પદનું ગ્રહણ કર્યું છે, તે રીતે અહીં પણ 'સૂક્ષ્મ' એ પદના એકદેશથી 'સૂક્ષ્મસંપરાય' એમ સંપૂર્ણ પદનું ગ્રહણ કરવાનું છે. તથા આગળ उवसंत પદથી પણ ઉપશાંતકષાયી જીવો જાણવા.

૨. લોભની બાદરકિટ્ટિ તથા સૂક્ષ્મકિટ્ટિનું સ્વરૂપ કર્મપ્રકૃતિ આદિ ગ્રંથોથી જાણવું.

૩. એકાર્થવાચક ધાતુ તે દંડકધાતુ. ૪. બંધ-સંક્રમ-ઉદ્વર્તના - અપવર્તના - ઉદય-ઉદીરણા - નિધત્તિ - નિકાચના એ કરણો ઉપશાંત કર્મમાં પ્રવર્તતા નથી માટે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. ત્યારબાદ અનિવૃત્તિ ગુણસ્થાનની અવસ્થામાં (૯મા ગુણસ્થાનમાં) ચારિત્રમોહનીય કર્મની ૨૧ પ્રકૃતિઓમાંથી પ્રથમ નપુંસકવેદને ઉપશમાવે છે; ત્યારબાદ સ્ત્રીવેદ, ત્યારબાદ હાસ્યાદિ ૬ પ્રકૃતિઓ, ત્યારબાદ પુરુષવેદ, ત્યારબાદ સમકાળે અપ્રત્યાખ્યાની તથા પ્રત્યાખ્યાની એ ૨ ક્રોધને, ત્યારબાદ સંજ્વલન ક્રોધને, ત્યારબાદ અપ્રત્યાખ્યાની-પ્રત્યાખ્યાની એ ૨ માન, ત્યારબાદ સંજ્વલન માન, ત્યારબાદ અપ્રત્યાખ્યાની-પ્રત્યાખ્યાની ૨ માયા, ત્યારબાદ સંજ્વલન માયા, ત્યારબાદ અપ્રત્યાખ્યાની-પ્રત્યાખ્યાની ૨ લોભને અને ત્યારબાદ સૂક્ષ્મસંપરાય નામના ૧૦મા ગુણસ્થાનમાં સંજ્વલન લોભને પણ ઉપશમાવીને સર્વથા (સંપૂર્ણ) ઉપશાન્તમોહપણું પ્રાપ્ત કરે છે, માટે એ જીવો ઉપશાન્ત કષાયી કહેવાય છે.

## ॥ १२. क्षीणमोह जीवसमास ॥

खीणमोह ઇતિ. જે જીવોનો મોહ (મોહનીયકર્મ) સંપૂર્ણ ક્ષય પામેલ હોય તે ક્ષીણમોહ જીવો કહેવાય. અર્થાત્ ૧૦મા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનમાં જે સૂક્ષ્મ સંજ્વલન લોભ ઉદય તથા સત્તામાં હતો તેને પણ સંપૂર્ણ ખપાવીને મોહનીયકર્મના સર્વથા અભાવને પ્રાપ્ત થયેલા જે જીવો તે ક્ષીણમોહી કહેવાય.

## ॥ १३. सयोगिकेवलि जीवसमास ॥

सयोगिकेवलिजिण ઇતિ. યોગ - વીર્ય - શક્તિ - ઉત્સાહ - પરાક્રમ એ સર્વ યોગના જ પર્યાય શબ્દો (એકાર્થવાચક શબ્દો) છે. એ યોગ મન-વચન અને કાયા એ ત્રણ કરણના ભેદથી ૩ સંજ્ઞા પામે છે. (અર્થાત્ ૩ પ્રકારનો છે.) તે આ પ્રમાણે : (૧) મનયોગ (૨) વચનયોગ (૩) કાયયોગ. આ ત્રણે પ્રકારનો યોગ પ્રસ્તુત (ચાલુ) વિષયમાં કહેવાતા સ્વરૂપવાળા શ્રી કેવલીભગવંતને હોય છે, તે આ પ્રમાણે :

મનયોગ તો મન:પર્યવજ્ઞાની વિગેરેએ અથવા અનુત્તર દેવાદિ કે જીવાદિ પદાર્થોનો સંદેહ વા કિંચિત્ સ્વરૂપ મન વડે જ ભગવંતને પૂછ્યું હોય તો તે વખતે ભગવંત પણ મન વડે જ ઉત્તર દર્શાવે ત્યારે હોય છે. વચનયોગ તો સામાન્યથી દેશનાદિક પ્રસંગે હોય છે, અને કાયયોગ તો ચાલવામાં તથા ચક્ષુના પલકારા વિગેરેમાં હોય છે. અહીં યોગસહિત તે સયોગ, અને સયોગ જેમને છે તે સયોગી. અથવા પૂર્વોક્ત સ્વરૂપવાળા યોગ વડે (સહિત) વર્તે તે પણ સયોગી કહેવાય, એવો પાઠાન્તર-અર્થ છે. તથા केवल એટલે સંપૂર્ણ અર્થાત્ સંપૂર્ણ જ્ઞેય પદાર્થોને જાણવાથી સંપૂર્ણ જ્ઞાન જેઓને છે તે केवली કહેવાય; એ પ્રમાણે સયોગી અને કેવલી એ બેના સમાસસંયોગે सयोगिकेवली કહેવાય. વળી તે સયોગિકેવલી ભગવંતો રાગાદિ દોષને જીતનારા હોવાથી जिन પણ ગણાય છે. જેથી ત્રણે શબ્દના સમાસસંયોગ વડે सयोगिकेवलिजिन કહેવાય. (એ પ્રમાણે ૧૩મો જીવસમાસ કહ્યો.)

## ॥ १४. अयोगिकेवलि जीवसमास ॥

अजोगी य ઇતિ. પૂર્વોક્ત સ્વરૂપવાળો યોગ જેઓને વિદ્યમાન નથી તે अयोगी કહેવાય,

પુનઃ તે કેવલીભગવંતો જ હોય છે. માટે બે શબ્દના સમાસસંયોગ વડે अयोगिकेवली કહેવાય; અર્થાત્ શૈલેશી અવસ્થામાં મન-વચન-કાયાના વ્યાપાર જેમના સંપૂર્ણ વિચ્છેદ પામ્યા છે તેવા કેવલિભગવંતો. એ ઉપર કહેલા ૧૪ પ્રકારના જીવસમાસ એટલે સમગ્ર જીવરાશિનો સંગ્રહ કરનાર જીવભેદ આ પ્રકરણમાં અનુક્રમે ગતિ આદિ માર્ગણાસ્થાનોમાં વિચારવાના છે. એ પ્રમાણે ૮-૯મી બે ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૮॥૯॥

अवतरण : प्रश्नः- આ પ્રકરણમાં સમગ્ર જીવાસ્તિકાયનો સંગ્રહ જેમાં થાય એવા જીવભેદરૂપ જીવસમાસ અહીં કહેવો સ્વીકારેલો છે, ત્યાં સંસારને વિષે તો મિથ્યાદૃષ્ટિથી પ્રારંભીને અયોગી સુધીના જીવભેદો સિવાય બીજા જીવો સંભવતા નથી; તેથી એ ૧૪ ગુણસ્થાનક રૂપ ૧૪ જીવસમાસો વડે સર્વ સંસારી જીવોનો સંગ્રહ થયો તે તો યુક્ત છે, પરંતુ મોક્ષ પામેલા જીવો જે અનંત સિદ્ધ પરમાત્મા છે, તેનો સંગ્રહ તો આ ૧૪ જીવસમાસમાં થતો નથી, તો તેનો સંગ્રહ ક્યાં અને કેવી રીતે જાણવો ?

उत्तर :- આ પ્રશ્નના ઉત્તરમાં અયોગિકેવલી ભગવંતના ૨ પ્રકાર છે તે કહેવાથી શ્રી સિદ્ધ પરમાત્માઓનો પણ સંગ્રહ અયોગિજીવસમાસમાં થાય છે એમ સ્પષ્ટ સમજાશે. હવે તે અયોગિભગવંતના ૨ પ્રકાર આ ૧૦મી ગાથામાં કહેવાય છે, તે આ પ્રમાણે :

**दुविहा होंति अजोगी, सभवा अभवा, निरुद्धजोगी य ।**
**इह सभवा, अभवा उण, सिद्धा जे सव्वभवमुक्का ॥१०॥**

गाथार्थ : અયોગી ભગવંત સભવ (સંસારી), અને અભવ (અસંસારી) એમ બે પ્રકારના છે, તેમાં અહીં જેમણે યોગનિરોધ કર્યો છે તેવા અયોગી ભગવંતો સભવ (સંસારી) કહેવાય, અને સર્વ સંસારથી રહિત થયેલા એવા શ્રી સિદ્ધ પરમાત્માઓ તે અભવ (અસંસારી) કહેવાય. ॥૧૦॥

व्याख्यार्थ : અયોગિભગવંત ૨ પ્રકારના હોય છે, તે આ પ્રમાણે : (૧) સભવ, (૨) અભવ, ત્યાં स = સહિત भव = સંસાર, અર્થાત્ સંસાર સહિત વર્તે છે તે સભવ, અને તે શૈલેશી અવસ્થામાં વર્તનારા, સમુચ્છિન્નક્રિયાઅપ્રતિપાતી ધ્યાન (નામના શુકલધ્યાનના ૪ થા ભેદને) ધ્યાનારા, અને ૫ હ્રસ્વ સ્વરના ઉચ્ચાર જેટલા જ (અન્તર્મુ૦) કાળ સુધી સંસારમાં રહેનારા તે सभव अयोगी.

તથા સંસારના બીજરૂપ કર્મમલરૂપી કલંકના લેશમાત્રથી પણ રહિત થયેલા (અર્થાત્ સર્વથા કર્મમુક્ત થયેલા) અને તેથી જ સિદ્ધપણું પામેલા હોવાથી अ=નથી વિદ્યમાન भव = સંસાર તે જેને એવા અયોગી ભગવંતો अभव अयोगी એટલે સિદ્ધપરમાત્મા કહેવાય છે. ત્યાં સભવઅયોગી તથા અભવઅયોગીનો સ્વરૂપાર્થ સૂત્રકાર પોતે જ (ગાથામાં) કહે છે કે - 'निरुद्धजोगी य इह सभवा' ઇતિ. એમાં य (च)કાર ભિન્નક્રમ માટે છે, અને તે अभवा य એવા અર્થમાં (એટલે અભવા શબ્દ પછી) યોજેલો જ છે. શેષ પદનો (એટલે 'નિરૂદ્ધ જોગી

ઇહ સભવા' એ પદનો) અર્થ આ પ્રમાણે : મન - વચન - કયાના યોગ જો કે રોધેલા છે, તો પણ ભવોપગ્રાહી[1] કર્મો કંઈક શેષ રહેવાથી અદ્યાપિ પર્યન્ત (હજી સુધી) પણ જે અયોગિ ભગવંતો આ સંસારમાં રહ્યા છે, તે सभव अयोगी કહેવાય. અને સર્વ ભવપ્રપંચથી (સંસારથી) મુક્ત થયેલા એવા જે શ્રી સિદ્ધ પરમાત્માઓ તે अभव अयोगी કહેવાય.

એ પૂર્વોક્ત સ્વરૂપ કહેવા વડે (એટલે અયોગીના ૨ ભેદ દર્શાવવાથી) તાત્પર્ય એ આવ્યું કે સભવ અયોગી અને અભવ અયોગી એ બંનેમાં યોગનો અભાવ તુલ્ય હોવાથી અયોગી શબ્દનો વ્યપદેશ સિદ્ધ પરમાત્માઓને પણ અવિરોધપણે સંભવે છે જ. માટે અયોગી જીવ સમાસમાં તે સિદ્ધ પરમાત્માઓનો પણ સંગ્રહ થાય છે જ. એ પ્રમાણે ૧૦ મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૧૦॥

अवतरण : હવે એ ઉપર કહેલા ૧૪ ગુણસ્થાનરૂપ ૧૪ જીવસમાસ ગતિ આદિ માર્ગણા સ્થાનોમાં વિચારવાના છે, તેથી પ્રથમ गतिद्वारનું નિરૂપણ કરવા માટે આ ૧૧મી ગાથા કહેવાય છે (આગળ ૧૨-૧૩મી ઇત્યાદિ ગાથાઓ પણ ગતિ માર્ગણાની કહેવાશે.) :

**निरयगई तिरि मणुया, देवगई चेव होइ सिद्धगई ।**
**नेरइया उण नेया, सत्तविहा पुढविभेएण ॥११॥**

गाथार्थ : નરકગતિ - તિર્યંચગતિ - મનુષ્યગતિ - દેવગતિ અને સિદ્ધગતિ[2] એ ૫ પ્રકારની ગતિ માર્ગણા છે, તેમાં વળી પૃથ્વીના સાત ભેદ વડે નારક જીવો ૭ પ્રકારના જાણવા. ॥૧॥

व्याख्यार्थ : પોતાના કરેલા કર્મરૂપી રજ્જુ (દોર) વડે આકર્ષાયેલા જંતુઓ વડે - જીવો વડે જે गम्यते = પ્રાપ્ત કરાય તે गति; અને તે નરકગતિ ઇત્યાદિ ભેદ વડે ૪ પ્રકારની છે, ત્યાં अय એટલે ઇષ્ટફળ આપનારું દૈવ - ભાગ્ય - કર્મ તે निर् એટલે નીકળી ગયું છે જેમાંથી (અર્થાત્ સુખ રહિત) તે निरया એટલે સીમંતક ઇત્યાદિ નામવાળા નરકાવાસ; તે જ ગમ્યમાન - પ્રાપ્યમાણ (પ્રાપ્ત થતા) હોવાથી તે નરકાવાસાઓ જ निरयगति કહેવાય. અહીં આદિમાં અને અંતમાં ગતિ શબ્દ ગ્રહણ કરેલ હોવાથી મધ્યમાં[3] પણ ગતિશબ્દ ગ્રહણ કરેલો છે એમ (અધ્યાહારથી) જાણવું. તેથી તિર્યંચોની એટલે એકેન્દ્રિયાદિ જીવોની ગતિ તે तिर्यंचगति. મનુષ્યોની ગતિ તે मनुष्यगति. દેવોની ગતિ તે देवगति. અને પાંચમી सिद्धगति તે કર્મજન્ય અને શાસ્ત્રપરિભાષાવાળી[4] નથી; પરંતુ કેવળ गम्यते इति गतिः એ વ્યુત્પત્તિના સમાનપણા માત્રથી જ અહીં (ગતિના વ્યપદેશપણે) ગ્રહણ કરી છે.

---

૧. સંપૂર્ણ ભવના અંત સુધી સત્તામાં તથા ઉદયમાં વર્તનારાં નામ - ગોત્ર - વેદનીય - આયુષ્ય એ ૪ કર્મ.

૨. ઘણાં ગ્રંથોમાં ૧૪ માર્ગણાઓના પ્રતિભેદ. ૪ ગતિ ૫ જાતિ ઇત્યાદિ કહ્યા છે, તે સર્વ સંસારી જીવોના સંગ્રહ માટે છે; અને અહીં ૫ ગતિ ઇત્યાદિ અધિક પ્રતિભેદ સમગ્ર જીવાસ્તિકાયના સંગ્રહ માટે છે.

૩. ગાથાને વિષે પૂર્વાર્ધમાં પહેલું પદ निरयगइ અને અંતિમપદ सिद्धगइ એ બંનેમાં (આદિમાં અને અંતમાં) गइ શબ્દ છે, તેથી એ બે પદોની વચ્ચે આવેલાં गइ પરરહિત तिरि અને मणुया એ બે પદો પણ तिरिगइ मणुयगइ એમ गइ પદવાળાં જ સમજવાં.

૪. 'ગતિ' એ કર્મજન્ય ભાવ માટે શાસ્ત્રનો પારિભાષિકસંજ્ઞા શબ્દ છે, તેથી જો કે સિદ્ધગતિ એવો શબ્દ ન હોઈ શકે, તો પણ गम्यते इति गतिः એ વ્યુત્પત્તિના આધારે સિદ્ધિ માટે સિદ્ધગતિ શબ્દ કહી શકાય છે.

અહીં ગતિ અને ગતિમાં વર્તનારા જીવો એ બે (આધાર-આધેય)ની અભેદ[1] વિવક્ષાએ જો કે ચાલુ વિષય ગતિનો છે તો પણ ગતિમાં વર્તનારા નારક આદિ જીવના જ ભેદોનું નિરૂપણ કરવા પૂર્વક 'नेरइया उण' ઇત્યાદિ વચનથી નારકાદિ જીવોના ભેદો ગાથામાં કહેવાય છે. ત્યાં ગતિ તો પૂર્વોક્ત રીતે ૫ પ્રકારની કહી, પરંતુ હવે તે ગતિના જીવોના ભેદ વિચારતાં પ્રથમ નારકના જીવભેદ પૃથ્વીના ભેદથી ૭ પ્રકારના જાણવા. અર્થાત્ રત્નપ્રભા આદિ પૃથ્વીના ભેદ સાત પ્રકારના છે, માટે તે પૃથ્વીઓમાં ઉપજનારા નારક જીવો પણ ૭ પ્રકારના જાણવા, એ તાત્પર્ય છે. એ ૧૧મી ગાથાનો અર્થ કહ્યો. ॥૧૧॥

अवतरण : જે પૃથ્વીઓના ભેદથી નારક જીવો ૭ પ્રકારના પૂર્વ ગાથામાં કહ્યા તે પૃથ્વીઓના ૭ ભેદ કયા કયા ? એ શંકાના સમાધાન માટે હવે આ ૧૨મી ગાથા તે પૃથ્વીઓના ૭ ભેદ નામપૂર્વક ગણાવે છે :

**घम्मा वंसा सेला, होइ तहा अंजणा य रिट्ठा य ।**
**मघवंति माघवत्ति य, पुढवीणं नामधेयाइं ॥१२॥**

गाथार्थ : ધર્મા - વંશા - શૈલા તથા અંજણા - રિષ્ટા - મઘવતી અને માઘવતી એ પૃથ્વીઓનાં નામ છે. ॥૧૨॥

व्याख्यार्थ : ધર્મા - વંશા - શૈલા - અંજના - રિષ્ટા - મઘવતી, (આ પૃથ્વીનું નામ અન્ય ગ્રંથોમાં મઘા પણ ગણાય છે.) અને માઘવતી, એ પ્રમાણે રત્નપ્રભાદિ ૭ પૃથ્વીઓનાં ૭ નામ અનુક્રમે જાણવાં. વળી એ નામો અનાદિ કાળથી એ પ્રમાણે જ ચાલ્યાં આવે છે, અને કોઈપણ પ્રકારના અર્થની અપેક્ષા વિના જ એ ૭ નામો પ્રવર્તેલાં છે. એ પ્રમાણે ૧૨મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૧૨॥

अवतरण : પૂર્વ ગાથામાં પૃથ્વીઓનાં અનાદિ કાળથી ચાલ્યાં આવતાં અર્થશૂન્ય નામો કહ્યાં, અને હવે આ ગાથામાં એ જ ૭ પૃથ્વીઓનાં અર્થવ્યુત્પત્તિવાળા બીજાં નામ કહે છે. તે આ પ્રમાણે :

**रयणप्पभा य सक्कर - वालुय पंकप्पभा य धूमपभा ।**
**होइ तम - तमतमा वि य, पुढवीणं नामगोत्ताइं ॥१३॥**

गाथार्थ : (૧) રત્નપ્રભા (૨) શર્કરાપ્રભા (૩) વાલુકાપ્રભા (૪) પંકપ્રભા (૫) ધૂમપ્રભા (૬) તમઃ પ્રભા (૭) તમસ્તમઃપ્રભા એ પ્રમાણે ૭ પૃથ્વીઓનાં નામ અને ગોત્ર છે. ॥૧૩॥

व्याख्यार्थ : આગળ કહેવામાં આવશે એવા ગોમેદક - રૂચક - અંક- લોહિતાક્ષ - વૈડૂર્ય વિગેરે ઘણાં રત્નોની ત્યાં ઉત્પત્તિ હોવાથી, નરકાવાસ વર્જીને[2] પ્રાયઃ શેષ સ્થાને રત્નોની પ્રભા

---

૧. ગતિ માર્ગણાના ભેદ કહેવા છોડીને ગતિમાં વર્તતા જીવોના ભેદ કેમ કહો છો ? એ પ્રશ્નના સમાધાન તરીકે એ વાક્ય છે.

૨. પૃથ્વીમાં જ્યાં જ્યાં નારક જીવોને ઉપજવા યોગ્ય અનેક નરકાવાસ છે તે સ્થાને અત્યંત અંધકાર છે, જેથી રત્નોની ઉત્પત્તિ તે નરકાવાસમાં ગણી નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે પૃથ્વીને વિષે છે, તે रत्नप्रभा પૃથ્વી કહેવાય. એ પ્રમાણે શર્કરા-પથ્થરના ખંડ (એટલે કાંકરા વગેરેનું) પ્રભા એટલે પ્રકાશન (પ્રગટપણું) એટલે સ્વરૂપે અવસ્થાન જે પૃથ્વીમાં છે તે शर्कराप्रभा પૃથ્વી. એ પ્રમાણે બીજી પૃથ્વીઓમાં 'પ્રભા[1]' શબ્દનો અર્થ કરવો. તે આ પ્રમાણેઃ વાલુકા એટલે કર્કરા-ધૂલીનું (રેતીનું) પ્રભા=સ્વરૂપાવસ્થાન જેને વિષે છે તે वालुकाप्रभा પૃથ્વી. પંક=કાદવનું સ્વરૂપાવસ્થાન જેમાં છે તે पंकप्रभा પૃથ્વી, અર્થાત્ કાદવ સરખા દ્રવ્યવાળી પૃથ્વી. ધૂમની પ્રભા જેમાં છે તે धूमप्रभा પૃથ્વી, અર્થાત્ ધૂમ સરખાં દ્રવ્યોવાળી પૃથ્વી. તમઃ=અંધકારની પ્રભા જેમાં છે તે તમઃપ્રભા પૃથ્વી, અર્થાત્ કૃષ્ણવર્ણી ધૂમાડા સરખા દ્રવ્યવાળી પૃથ્વી એમ જાણવું. અન્ય આચાર્યો તો तमा એટલા જ શબ્દના નામવાળી પૃથ્વી માને છે, તેમાં પણ તમઃરૂપ દ્રવ્યવાળી હોવાથી तमा પૃથ્વી એમ જાણવું. અતિશય તમઃ=અંધકાર તે તમઃતમઃ, તેની પ્રભા જેમાં છે તે तमस्तमः પૃથ્વી, અર્થાત્ અતિશય કૃષ્ણવર્ણી દ્રવ્યોવાળી પૃથ્વી. અહીં પણ કેટલાક આચાર્યો 'તમસ્તમા' એટલું જ નામ કહે છે. (પરંતુ તમસ્તમઃપ્રભા નામ કહેતા નથી.) ત્યાં પણ અતિશય તમોરૂપ (કૃષ્ણવર્ણી) દ્રવ્યો હોવાથી તમસ્તમા પૃથ્વી એવો જ અર્થ જાણવો. એ પ્રમાણે ઘર્માદિ પૃથ્વીઓનાં અનુક્રમે રત્નપ્રભા આદિ નામો તથા એ જ ગોત્ર તે સત્ય અર્થવાળાં (અર્થાત્ ગુણ ઉપરથી પડેલાં) છે. ત્યાં તે તે પ્રકારના અન્ય અન્ય પર્યાયોને વિષે नमनात् - સર્વકાળ નમવાથી એટલે અનુસરવાથી[2] नाम કહેવાય, અને गो = પોતાને ઓળખાવનાર વચનનું त्राणात् = યથાર્થપણું પમાડવા વડે રક્ષણ કરનાર હોવાથી गोत्र[3] કહેવાય. એ નામો તે ગોત્ર પણ છે માટે રત્નપ્રભાદિ શબ્દો નામ અને ગોત્ર બંને[4] ગણાય છે. એ પ્રમાણે ૧૩મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ।।૧૩।।

अवतरण : પૂર્વ ગાથાઓમાં નરકગતિનાં એટલે નરક પૃથ્વીઓનાં નામ તથા ગોત્ર કહીને નારક જીવોના ૭ ભેદ કહ્યા, અને હવે આ ગાથામાં તિર્યંચ તથા મનુષ્યગતિના ભેદ કહેવાય છે. તે આ પ્રમાણે :

**तिरियगईया पंचिं-दिया य पज्जत्तया तिरक्खीओ ।**
**तिरिया य अपज्जत्ता, मणुया पज्जत्त इयरे य ।।१४।।**

गाथार्थ : તિર્યંચગતિના પંચેન્દ્રિયાદિ જીવો તેમજ પંચેન્દ્રિય તિર્યંચીઓ એ બંને પર્યાપ્ત હોય છે, તેમજ સર્વ તિર્યંચો અપર્યાપ્ત પણ હોય છે. તથા મનુષ્યો પણ પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ બંને પ્રકારના હોય છે. ।। ૧૪ ।।

व्याख्यार्थ : તિર્યગ્ ગતિમાં ઉત્પન્ન થયેલા જે જીવો તે તિર્યંચગતિવાળા કહેવાય. તે જીવો કયા ? उत्तर : પંચેન્દ્રિય તિર્યંચગતિવાળા મત્સ્ય - પાડા - મયૂર ઈત્યાદિ અને ગાથામાં કહેલા

૧. શ્રી ક્ષેત્રલોકપ્રકાશ આદિ ગ્રંથોમાં પ્રભાનો અર્થ બહુલતાવાચક છે, તેથી જે પૃથ્વીમાં રત્નોની બહુલતા હોય તે रत्नप्रभा ઈત્યાદિ અન્વયાર્થ જાણવો.

૨. પામવાથી.

૩. અર્થાત્ गो = નામની યથાર્થતાનું त्र = રક્ષણ કરે તે गोत्र.

૪. ઘણા ગ્રંથોમાં એમ પણ કહ્યું છે કે પૃથ્વીનાં ઘર્મા ઈત્યાદિ નામો છે; અને રત્નપ્રભા ઈત્યાદિ ગોત્ર છે. એ પ્રમાણે નામ અને ગોત્ર જુદાં પણ છે અને એક પણ છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

य (च) શબ્દથી એકેન્દ્રિય - દ્વીન્દ્રિય - ત્રીન્દ્રિય તથા ચતુરિન્દ્રિય જીવોનો પણ સંગ્રહ-ગ્રહણ જાણવું. એ સર્વે તિર્યંચો કેવા પ્રકારના ? અર્થાત્ કેટલા પ્રકારના છે ? ઉત્તર :- પર્યાપ્તા. અહીં એ - તિર્યંચો જ કેવળ પર્યાપ્ત (તિર્યંચ) કહેવાય એટલું જ નહીં પરંતુ તિર્યંચસ્ત્રીઓ પણ પર્યાપ્ત અને તિર્યંચયોનિમાં ઉત્પન્ન થયેલી હોય છે.

प्रश्न :- એ એકેન્દ્રિયાદિ તિર્યંચગતિના જીવો શું એક પર્યાપ્ત ભેદવાળા જ ગણાય છે ?

उत्तर :- ના. કેવળ પર્યાપ્ત ભેદવાળા જ હોય એમ નહિ, પરંતુ એ એકેન્દ્રિયાદિ તિર્યંચ જીવો અપર્યાપ્ત પણ હોય છે. તે કારણથી એકેન્દ્રિય- દ્વીન્દ્રિય - ત્રીન્દ્રિય - ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય એ પાંચે પ્રકારના તિર્યંચયોનિવાળા જીવો તથા તિર્યંચસ્ત્રીઓ પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ બંને ગણાય છે, એ તાત્પર્ય છે.

હવે મનુષ્યગતિનું નિરૂપણ કરવા માટે કહે છે કે - મનુષ્યગતિમાં મનુષ્યો પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ બંને પ્રકારના હોય છે. અહીં ગાથામાં તિર્યંચગતિ તથા મનુષ્યગતિના ભેદ સંબંધમાં વાક્ય પરિસમાપ્તિનું 'हवंति' (भवंति છે) એ પદ અધ્યાહાર્ય છે. એ પ્રમાણે ૧૪મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૧૪॥

अवतरण : પૂર્વ ગાથામાં મનુષ્યના પર્યાપ્ત અને અપર્યાપ્ત એ બે ભેદ સામાન્યથી કહીને હવે આ ૧૫મી ગાથામાં એ જ મનુષ્યોના ક્ષેત્રાદિ ભેદથી ભેદ વિચાર કહે છે :

**ते कम्मभोगभूमय, अंतरदीवा य खेत्तपविभत्ता ।**
**सम्मुच्छिमा य गब्भय, आरि-मिलक्खुत्ति य सभेया ॥१५॥**

गाथार्थ : તે મનુષ્યો ક્ષેત્રના ભેદથી कर्मभूमिज, भोगभूमिज અને अंतर्द्वीपज એમ ત્રણ પ્રકારના છે. પુનઃ તે સમ્મૂર્ચ્છિમ તથા ગર્ભજ એમ બે પ્રકારના છે; તેમજ આર્ય અને મ્લેચ્છ એ પ્રમાણે પણ બે ભેદના છે. એ પ્રમાણે મનુષ્યો सभेया=૩-૨-૨ ભેદસહિત જાણવા. ॥૧૫॥

व्याख्यार्थ : તે એટલે પૂર્વે કહેલા પર્યાપ્ત તથા અપર્યાપ્ત એ બે પ્રકારના મનુષ્યો પણ વળી खेत्तपविभत्ता એટલે નિવાસસ્થાનરૂપ ક્ષેત્રના કારણથી પૃથક્ પૃથક્ ભેદે વિચારીએ તો ૩ પ્રકારના થાય છે. તે ૩ પ્રકાર દર્શાવવા માટે કહે છે કે - ખેતી - વ્યાપાર - તપ - સંયમ - અનુષ્ઠાન ઈત્યાદિ કર્મ્મ વડે પ્રધાન-ઉત્તમ એવી જે ભૂમિઓ તે कर्म्मभूमिः ભરત ૫, ઐરાવત ૫, તથા મહાવિદેહ ૫, એમ ૧૫ પ્રકારની છે. તેમાં ઉત્પન્ન થયેલા મનુષ્યો कर्मभूमिज મનુષ્યો કહેવાય.

તથા भुज्यन्ते = ભોગવાય તે भोगः શબ્દ - રૂપ - રસ - ગંધ તથા સ્પર્શ એમ ૫ પ્રકારના છે. તે અહીં યુગલિકો સંબંધી વિશિષ્ટ પ્રકારના શબ્દાદિ વિષયો ગ્રહણ કરાય છે. ત્યાં પૂર્વોક્ત કૃષિ (ખેતી) આદિ કર્મથી રહિત અને ભોગ વડે (શબ્દાદિ વિષયોના વિશિષ્ટ ભોગ વડે) પ્રધાન - ઉત્તમ એવી ભૂમિ તે भोगभूमि ૫ હૈમવત - ૫ હરિવર્ષ - ૫ દેવકુરુ - ૫ ઉત્તરકુરુ - ૫ રમ્યક્ અને ૫ હિરણ્યવત એ પ્રમાણે ૩૦ પ્રકારની છે. તેવી ૩૦ ભોગભૂમિઓને વિષે ज = ઉત્પન્ન થયેલા તે भोगभूमिज મનુષ્યો કહેવાય.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા अन्तरे એટલે લવણ સમુદ્રની મધ્યે જે દ્વીપ છે તે अंतरद्वीप એકોરુક ઈત્યાદિ નામવાળા ૫૬ છે. તેને વિષે ઉત્પન્ન થયેલા જે મનુષ્યો તે પણ (ક્ષેત્રનો ક્ષેત્રવાસીમાં) ઉપચારથી अंतरद्वीप[1] કહેવાય. ગાથામાં य(च) પદ સમુચ્ચયવાચક છે.

## ॥ ૫૬ અંતરદ્વીપનું સ્વરૂપ ॥

હવે આ ૫૬ અંતરદ્વીપ કયા સ્થાને છે ? અને કેવા સ્વરૂપવાળા છે ? તે અહીં કહેવાય છે - આ જંબૂદ્વીપને વિષે ભરતક્ષેત્રના પર્યન્ત ભાગે પૂર્વથી પશ્ચિમની લંબાઈ વડે રહેલા હિમવાન્ નામના કુલગિરિ પર્વતના પર્યન્તભાગથી ઈશાનદિશામાં લવણસમુદ્રમાં ૩૦૦ યોજન અવગાહીને (અતિક્રમીને) આગળ જઈએ એટલે હિમવાન પર્વતના પર્યન્તભાગથી ઈશાનકોણને અનુસરતા અનુસરતા ૩૦૦ યોજન સુધી લવણસમુદ્રમાં પ્રવેશ કરીએ ત્યારે તે સ્થાને દરેકનો ૩૦૦ યોજન આયામ-વિષ્કંભ (લંબાઈ-પહોળાઈ) વાળો અને નવસો ઓગણપચાસ યોજનથી કંઈક અધિક (= સાધિક ૯૪૯ યોજન) પરિધિવાળો એવો एकोरुक द्वीप - નામનો દ્વીપ છે. આ દ્વીપ ૫૦૦ ધનુષ પહોળી અને ૨ ગાઉ ઉંચી એવી ૧ પદ્મવરવેદિકા વડે તથા વનખંડ વડે સર્વબાજુથી વીંટાયેલો છે. (૧ દ્વીપ)

એ પ્રમાણે એ જ હિમવાન્ પર્વતના પર્યન્તથી દક્ષિણપૂર્વ દિશામાં (અગ્નિકોણમાં) લવણસમુદ્રને ૩૦૦ યોજન અવગાહીએ ત્યાં એકોરુક દ્વીપનું જે પ્રમાણ ઉપર દર્શાવ્યું તે જ સરખા પ્રમાણવાળો જ आभासिक द्वीप નામનો દ્વીપ છે. (૨)

તથા એજ હિમવાન્ પર્વતના પર્યન્તભાગથી દક્ષિણ પશ્ચિમ દિશામાં એટલે નૈર્ઋત્યકોણને અનુસરીને ૩૦૦ યોજન લવણસમુદ્રમાં અવગાહી જઈએ તો ત્યાં પૂર્વોક્ત પ્રમાણવાળો वैषाणिक द्वीप નામનો દ્વીપ જાણવો. (૩)

તથા એ જ હિમવાન્ પર્વતના પર્યન્તભાગથી પશ્ચિમોત્તર દિશામાં એટલે વાયવ્ય કોણને અનુસરીને ૩૦૦ યોજન લવણસમુદ્રમાં અવગાહી જઈએ તો ત્યાં પૂર્વોક્ત પ્રમાણવાળો જ नांगोलिक द्वीप નામનો દ્વીપ પ્રાપ્ત થાય છે. (૪) इति प्रथमचतुष्कम् ॥

એ પ્રમાણે એ ૪ દ્વીપ હિમવાન્ પર્વતને વિષે જ ચારે વિદિશાઓમાં એક સરખા પ્રમાણાદિવાળા કહેલા છે. હવે અહીંથી આગળ અનુક્રમે આવતા એટલે એકોરુકાદિ દ્વીપોથી આગળ રહેલાં ભિન્ન ભિન્ન પ્રમાણાદિવાળા ૪ દ્વીપ કહેવાય છે તે આ પ્રમાણે :

એકોરુક દ્વીપની ઈશાનદિશામાં ૪૦૦ યોજન આગળ જઈએ ત્યારે પ્રત્યેક સ્થાને લંબાઈ પહોળાઈમાં ૪૦૦ યોજન પ્રમાણનો અને ૧૨૬૫ યોજનથી કિંચિત્ ન્યૂન પરિધિવાળો हयकर्ण द्वीप - નામનો દ્વીપ છે. પૂર્વોક્ત પ્રમાણવાળી વેદિકા તથા ૧ વનખંડ તો સર્વ દ્વીપોની ચારે બાજુએ સરખા પ્રમાણવાળું જ જાણવું. એ પ્રમાણે આભાસિક દ્વીપની અગ્નિકોણમાં ૪૦૦ યોજન આગળ જઈએ તો ત્યાં હયકર્ણ દ્વીપના દર્શાવેલા પ્રમાણ જેટલા સરખા પ્રમાણવાળો गजकर्ण द्वीप નામનો દ્વીપ જાણવો. તથા વૈષાણિક દ્વીપની દક્ષિણપશ્ચિમ દિશામાં (નૈર્ઋત્ય કોણમાં) જ (વૈષાણિક દ્વીપથી) ૪૦૦ યોજન દૂર જઈએ ત્યાં હયકર્ણ દ્વીપ સરખા પ્રમાણવાળો

૧. જેમ कर्मभूमिज તથા अकर्मभूमिज શબ્દ છે તેમ અહીં अंतरद्वीपज પણ કહેવાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ गोकर्ण નામનો દ્વીપ જાણવો.

એ પ્રમાણે નંગોલિક દ્વીપની પશ્ચિમોત્તર દિશામાં (વાયવ્યકોણમાં) ૪૦૦ યોજન આગળ જઈએ તો ત્યાં હયકર્ણ દ્વીપના જેટલા પ્રમાણવાળો शष्कुलिकर्ण નામનો દ્વીપ જાણવો.

એ પ્રમાણે એ પણ ચારે હયકર્ણાદિ દ્વીપો સમાન પ્રમાણાદિવાળા કહ્યા છે. ।।इति द्वितीय चतुष्कम्।।

એ પ્રમાણે પૂર્વોક્ત સ્વરૂપવાળા એ હયકર્ણાદિ ચાર દ્વીપમાંના પ્રત્યેક દ્વીપની અનુક્રમે પૂર્વે કહેલી ઈશાનાદિ ચારે વિદિશાઓમાં તે તે દ્વીપથી ૫૦૦-૫૦૦ યોજન દૂર જઈએ તો ત્યાં અનુક્રમે आदर्शमुख-मिंढमुख-अयोमुख-गोमुख નામના ૪ દ્વીપ છે. એ ચારમાંનો પ્રત્યેક દ્વીપ ૫૦૦ યોજન લંબાઈ-પહોળાઈવાળો અને ૧૫૮૧ યોજન પરિધિવાળો છે. ।।इति तृतीयचतुष्कम्।।

તથા એ આદર્શમુખ આદિ ૪ દ્વીપોથી અનુક્રમે ઉપર કહેલી જ ઈશાનાદિ વિદિશાઓમાં ૬૦૦-૬૦૦ યોજન દૂર જઈએ ત્યાં અનુક્રમે अश्वमुख - हस्तिमुख - सिंहमुख - व्याघ्रमुख નામના ૪ દ્વીપ જાણવા. તે દરેક દ્વીપ ૬૦૦ યોજન લંબાઈ-પહોળાઈવાળો અને ૧૮૯૭ યોજન પરિધિવાળો છે. ।।इति चतुर्थचतुष्कम्।।

તથા એ અશ્વમુખાદિ ૪ દ્વીપોથી અનુક્રમે ઉપર કહેલી જ ઈશાનાદિ ૪ વિદિશાઓમાં ૭૦૦-૭૦૦ યોજન દૂર જઈએ ત્યાં અનુક્રમે अश्वकर्ण - हरिकर्ण - अकर्ण - कर्णप्रावरण નામના ૪ દ્વીપ જાણવા. તે દરેક ૭૦૦ યોજન આયામ - વિષ્કંભ (લંબાઈ-પહોળાઈ)વાળા છે, અને ૨૨૧૩ યોજન પરિધિવાળા છે. ।। इति पञ्चमं चतुष्कम् ।।

તથા એ અશ્વકર્ણાદિ દ્વીપથી અનુક્રમે ઉપર કહેલી જ ઈશાનાદિ ૪ વિદિશાઓમાં ૮૦૦-૮૦૦ યોજન જઈએ ત્યાં અનુક્રમે उल्कमुख - मेघमुख - विद्युन्मुख - विद्युत्दंत નામના ૪ દ્વીપ છે, ને દરેક ૮૦૦ યોજન લંબાઈ-પહોળાઈવાળા છે, અને ૨૫૨૯ યોજન પરિધિવાળા છે. ।। इति षष्ठं चतुष्कम् ।।

તથા એ ઉલ્કમુખ આદિ ચારે દ્વીપથી અનુક્રમે પૂર્વોક્ત ઈશાનાદિ ૪ વિદિશામાં ૯૦૦-૯૦૦ યોજન દૂર જઈએ ત્યાં અનુક્રમે घनदन्त - लष्टदन्त - गूढदन्त - शुद्धदन्त નામના ૪ દ્વીપ જાણવા. તે દરેક ૯૦૦ યોજન લંબાઈ-પહોળાઈવાળો અને ૨૮૪૫ યોજન પરિધિવાળો છે. ।। इति सप्तमं चतुष्कम् ।।

## ॥ ૫૬ અંતરદ્વીપમાં યુગલિકોનું સ્વરૂપ ॥

એ ૫૬ અન્તર્દ્વીપોમાં વજ્રઋષભનારાચસંઘયણવાળા, સમચતુરસ્ર સંસ્થાનરૂપ આકારવાળા, સમગ્ર લક્ષણ અને વ્યંજનના ગુણવાળા, દેવલોક સરખા રૂપ અને લાવણ્ય વડે અલંકૃત શરીરવાળા, ૮૦૦ ધનુષ ઊંચાઈવાળા, અહીં સ્ત્રીઓની ઊંચાઈ ૮૦૦ ધનુષથી કિંચિત્ ન્યૂન જાણવી, પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા આયુષ્યવાળા તથા સ્ત્રી અને પુરૂષરૂપ યુગલની વ્યવસ્થાવાળા એવા મનુષ્ય રહે છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ યુગલિકને ઉપભોગ્ય ૧૦ પ્રકારના કલ્પવૃક્ષનું સ્વરૂપ ॥

એ યુગલિક મનુષ્યો ૧૦ પ્રકારના કલ્પવૃક્ષથી આજીવિકાવાળા હોય છે. તે ૧૦ પ્રકારના વૃક્ષ આ પ્રમાણે : 'મત્તાંગ[૧] - ભૃંગાંગ[૨] - ત્રુટિતાંગ[૩] - દીપશિખા[૪] - જ્યોતિષ્ક[૫] - ચિત્રાંગ[૬] - ચિત્રરસ[૭] - મણિકાંગ[૮] - ગૃહાકાર[૯] અને અનગ્ન[૧૦] એ ૧૦ કલ્પવૃક્ષ છે.' ત્યાં કયું કલ્પવૃક્ષ કયા ઉપયોગમાં આવે છે તે કહેવાય છે.

(૧) मत्तांगवृक्ष - આ પહેલા પ્રકારનાં કલ્પવૃક્ષો વિશિષ્ટ બળ - વીર્ય - કાન્તિના કારણરૂપ એવાં, વિશ્રસા[૧] પરિણામે પરિણત, ઉત્તમ સુગંધી યુક્ત તથા સ્વાદવાળી, અનેક પ્રકારની મદિરાથી ભરેલા કોશક (મદિરાપાત્ર-વિશેષ) સરખાં ફળો વડે શોભી રહ્યાં હોય છે. એ કલ્પવૃક્ષો પાસેથી તે યુગલિક મનુષ્યોને મદિરારસની પ્રાપ્તિ થાય છે.

(૨) भृंगांगवृक्ष - જેમ અહીં મણિ અને સોનાનાં બનેલા વિવિધ પ્રકારના વાસણ (થાળી - વાટકા - ઇત્યાદિ) હોય છે, તેમ તે ભૃગાંગ વૃક્ષો પણ વિશ્રસા પરિણામે પરિણત એવા થાળાં, કચોળાં ઇત્યાદિ વિવિધ પ્રકારના પાત્ર સરખાં ફળો વડે શોભતાં દેખાય છે. જેથી તે ભૃંગાંગ વૃક્ષોવડે યુગલિક મનુષ્યોને ઉત્તમ પાત્રોની પ્રાપ્તિ થાય છે. એ પ્રમાણે આગળ કહેવાતાં ત્રુટિતાંગ વૃક્ષ આદિ વૃક્ષોમાં જે જે વસ્તુની ઉત્પત્તિ કહેવાશે, તે તે વસ્તુઓ તે તે વૃક્ષ પાસેથી પ્રાપ્ત થાય છે એમ જાણવું.

(૩) त्रुटितांगवृक्ष - આ ત્રુટિતાંગ નામનાં કલ્પવૃક્ષો તત - વિતત - ઘન - શુષિર એ ૪ પ્રકારના તથા એ જ ચારના બીજા ઘણા ભેદવાળાં વાંજીત્રો સરખાં ફળો વડે શોભતાં રહ્યાં છે. ત્યાં તત એટલે વીણા વગેરે વાજીંત્ર જાણવાં; વિતત તે પટહ-ઢોલ ઇત્યાદિ, ઘન તે કાંસીતાલ (કંસારાં) ઇત્યાદિ, અને શુષિર તે કાહલ (શરણાઈ, ભુંગળ) ઇત્યાદિ.

(૪) दीपशिखावृक्ष - જેમ અહીં ઘૃત-તેલાદિ સ્નેહથી બળથી સુવર્ણરત્નની દીવીઓ ઉદ્યોત-પ્રકાશ કરતી દેખાય છે. તેમ તે દીપશિખા વૃક્ષો પણ વિશ્રસા પરિણામે પરિણત એવા ઉત્કૃષ્ટ પ્રકાશ વડે સર્વ પદાર્થને પ્રકાશતાં રહ્યાં છે.

(૫) ज्योतिःशिखा - આ વૃક્ષો સૂર્યના બિંબની માફક પોતાના અતિશય તેજ વડે ત્યાં રહેલા સર્વ પદાર્થોને પ્રકાશ કરે છે.

(૬) चित्रांगवृक्ष - આ વૃક્ષો વિવિધ પ્રકારના સરસ સુગંધીવાળા પંચવર્ણી પુષ્પો તથા પુષ્પની માળાઓ વડે વ્યાપ્ત થયેલાં સદાકાળ શોભે છે.

(૭) चित्ररसवृक्ष - અહીં જેમ કલમશાલીના ચોખા, ઉત્તમ દાળ, પકવાન્ન અને શાક-પાન ઇત્યાદિની જે મધુરતા છે તેથી પણ અધિક મધુર સ્વાદ વગેરે ગુણવાળા વિચિત્ર સ્વાદિમાદિ સ્વાદ્ય પદાર્થો તથા ખાદ્ય પદાર્થો વડે પરિપૂર્ણ એવા ગર્ભવાળાં ફળો વડે શોભતાં સદાકાળ રહ્યાં છે. (અર્થાત્ આ વૃક્ષો સ્વાદિષ્ટ આહારના ઉપયોગમાં આવે છે.)

(૮) मणिकांगवृक्ष - આ વૃક્ષો વિશ્રસા પરિણામે પરિણત તથા નિર્મળ મહામૂલ્યવાળા અને ત્રણ ભુવનમાં એક સારરૂપ દેદીપ્યમાન હાર - કડાં - બાજુબંધ અને નુપૂર આદિ ભૂષણોના

૧. 'વિશ્રસા પરિણામે પરિણત' એટલે કોઈના બનાવ્યા વિના સ્વભાવથી જ ઉત્પન્ન થયેલા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમૂહ વડે સદાકાળ શોભતાં રહ્યાં છે.

(૯) ગૃહાકાર વૃક્ષ-આ વૃક્ષો વિશ્રસા પરિણામથી જ (સ્વભાવથી જ) પ્રાકાર વડે વીંટાયેલ - રક્ષિત તથા સોપાનની (પગથીઆંની) પંક્તિ વડે વિચિત્ર તથા શાલા - રતિગૃહ - ગવાક્ષ - છૂપા અને પ્રગટ અનેક ઓરડા તથા સુંદર ભૂમિતલ ઇત્યાદિ વડે અલંકૃત વિચિત્ર ભવન સરખા આકાર વડે વ્યાપ્ત થયેલાં સદાકાળ શોભતાં રહે છે. (અર્થાત્ યુગલિકોને આ વૃક્ષો ગૃહ - ઘર તરીકે ઉપયોગમાં આવે છે.)

(૧૦) અનગ્નવૃક્ષ - આ વૃક્ષો વિશ્રસા પરિણામથી જ દેદીપ્યમાન, અત્યંત તેજસ્વી, અતિસૂક્ષ્મ, સુકોમળ એવા દેવદૂષ્યવસ્ત્ર સરખાં ઉત્તમ વિચિત્ર વસ્ત્રો વડે વ્યાપ્ત થયાં છતાં સદાકાળ શોભતાં રહે છે. (અર્થાત્ આ વૃક્ષો યુગલિકોને વસ્ત્ર પહેરવાના ઉપયોગમાં આવે છે.)

## ॥ ૫૬ અંતરદ્વીપના યુગલિકોનું વિશેષ સ્વરૂપ ॥

વળી બીજી વાત એ છે કે આ અંતરદ્વીપના યુગલિક મનુષ્યો સ્વભાવથી ભદ્રિક, વિનયવાન, શાંત, અલ્પ ક્રોધ - માન - માયા - લોભવાળા, અલ્પ ઇચ્છાવાળા, ઉત્સુકતા રહિત, સ્વેચ્છાચારી, વાયુસરખા વેગવાળા, ત્યાં મમત્વના કારણરૂપ સુવર્ણ - મણિ - મોતી ઇત્યાદિ અનેક ઉત્તમ વસ્તુઓ હોવા છતાં પણ તે વસ્તુઓમાં મમત્વ - મૂર્ચ્છા તથા કદાગ્રહ રહિત, સર્વથા વૈરાનુબંધરહિત, પરસ્પર સ્વામી-સેવક ઇત્યાદિ ભાવરહિત, અને તેથી જ સર્વે અહમિન્દ્ર સરખા, ત્યાં હસ્તિ - અશ્વ - ઊંટ - ગાય - ભેંસ ઇત્યાદિ હોવા છતાં પણ તેના ઉપભોગથી રહિત, પગથી જ ચાલનારા, અને રોગ તથા વેદનાદિકથી રહિત હોય છે.

આ યુગલિકો ૧ દિવસના આંતરે આહાર ગ્રહણ કરે છે. એ સર્વે ને ૬૪ પૃષ્ઠકરંડક હોય છે. આ યુગલિકો છ માસ આયુષ્ય બાકી રહે ત્યારે સ્ત્રીપુરુષને જોડલે જન્મ આપે છે, ૭૯ દિવસ સુધી સંતાનની પરિપાલના કરે છે, તથા સ્નેહ અને કષાય (રાગદ્વેષ) અલ્પ હોવાથી મરણ પામીને અવશ્ય સ્વર્ગમાં જ જાય છે. તથા આ યુગલક્ષેત્રમાં રહેલા વ્યાઘ્ર-સિંહ-સર્પ ઇત્યાદિ વન્ય જીવોના સમૂહ પણ ક્રૂરતાદિ દોષરહિત હોય છે. તેઓ પરસ્પર એકબીજાનું ભક્ષણ કરવામાં પ્રવર્તતા નથી; અને તે કારણથી એ જંગલના પ્રાણિઓ પણ દેવગતિમાં જ જનારા હોય છે. વળી આ દ્વીપોમાં શાલિ-વ્રીહિ ઇત્યાદિ ધાન્યો પણ સ્વભાવથી જ ઉત્પન્ન થાય છે. પરંતુ ત્યાંના મનુષ્ય વગેરે તે ધાન્ય ખાતા નથી. ત્યાંની ભૂમિની માટી તથા વૃક્ષોનાં પુષ્પ - ફળ પણ સાકરથી અધિક સ્વાદવાળાં તથા ઘણા ગુણવાળાં હોય છે, તેથી તે મનુષ્યોના ઉપભોગમાં આવે છે.

તથા આ દ્વીપોમાં ડાંસ - મચ્છર - જૂ - માંકણ ઇત્યાદિ તેમજ ચંદ્રગ્રહણ - સૂર્યગ્રહણ વિગેરે થતાં નથી. વળી તે ક્ષેત્રોની ભૂમિ પણ રેતી - કાંટા - કાદવ ઇત્યાદિથી રહિત અને સર્વસ્થાને સરખા તલવાળી (સપાટ પ્રદેશવાળી) અતિમનોહર હોય છે. એ પ્રમાણે યુગલક્ષેત્રનો અધિક વિસ્તાર કરવાથી સર્યું. (આ સર્વ સ્વરૂપ મેરૂથી દક્ષિણદિશાના ૨૮ અન્તર્દ્વીપોનું કહ્યું.)


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ મેરૂથી ઉત્તરક્ષેત્રમાં ૨૮ અન્તર્દ્વીપ ॥

પૂર્વે જે અંતર્દ્વીપનું સ્વરૂપ કહ્યું તે ભરતક્ષેત્ર તરફના ૨૮ અન્તર્દ્વીપનું કહ્યું, અને હવે મેરૂથી ઉત્તરે રહેલા ઐરાવતક્ષેત્ર પાસેના ૨૮ અન્તર્દ્વીપોનું સ્વરૂપ કહેવાય છે. તે આ પ્રમાણેઃ મેરૂથી ઉત્તર દિશામાં પણ એ જ નામવાળા એ જ પ્રમાણવાળા ઇત્યાદિ સર્વ સ્વરૂપમાં સરખા ૨૮ અન્તર્દ્વીપો છે એમ જાણવું. પરંતુ ત્યાં હિમવાન્ પર્વતને સ્થાને - બદલે ઐરાવત ક્ષેત્રના પર્યન્તે રહેલો શિખરી પર્વત કહેવો. બીજું સર્વ સ્વરૂપ કંઈ પણ તફાવત વિનાનું જાણવું. એ પ્રમાણે સંક્ષેપથી ૫૬ અન્તરદ્વીપનું સ્વરૂપ કહ્યું, અને સવિસ્તર સ્વરૂપ તો શ્રી જીવાભિગમ આદિ શાસ્ત્રોથી જાણવું. વળી અહીંના ૨૮ અંતરદ્વીપોમાં કલ્પવૃક્ષાદિકનું જે સ્વરૂપ કહ્યું તે હૈમવત આદિ ૩૦ અકર્મભૂમિઓમાં પણ તેમજ જાણવું, પરંતુ હૈમવતાદિ ભોગભૂમિઓમાં આયુષ્ય વગેરે ભિન્નભિન્ન પ્રમાણવાળું છે; અને તે સર્વ બીજા ઘણા ગ્રંથોમાં અતિપ્રસિદ્ધ હોવાથી અહીં કહ્યું નથી. બીજાં સ્થાનોમાં - ગ્રંથોમાં અંતરદ્વીપનું સ્વરૂપ અલ્પ જ કહેલું છે તેથી અહીં વિશેષ સ્વરૂપ દર્શાવ્યું.

## ॥ મનુષ્યોના સમ્મૂર્ચ્છિમ અને ગર્ભજ એ ૨ ભેદ ॥

સામાન્ય ભેદથી કહેલા એ કર્મભૂમિજ આદિ ત્રણે ભેદવાળા મનુષ્યો પણ પુનઃ सभेया = ભેદસહિત વર્તે છે, તે કયા પ્રકારના ભેદસહિત (ભેદવાળા) છે ? उत्तरः 'सम्मुच्छिमा य' ઈત્યાદિ. संमूर्च्छनं એટલે ગર્ભની અપેક્ષારહિત વમન કરેલા પિત્ત વગેરેમાં જ એમ જ ઉત્પન્ન થવું તે-संमूर्च्छ. અને તે संमूर्च्छ થી ઉત્પન્ન થયેલા તે संमूर्च्छज મનુષ્યો કહેવાય. એ સમ્મૂર્ચ્છિમ મનુષ્યો મનુષ્યક્ષેત્રમાં જ અને ગર્ભજ મનુષ્યોના જ ઉચ્ચારાદિકમાં (વડીનીતિ - લઘુનીતિ ઈત્યાદિમાં) ઉત્પન્ન થાય છે. પરંતુ બીજે સ્થાને ઉત્પન્ન થતા નથી. જે કારણથી શ્રી प्रज्ञापनासूत्रमां કહ્યું છે કે :

'હે ભગવંત ! સમ્મૂર્ચ્છિમ મનુષ્યો કયા સ્થાને સંમૂર્ચ્છે છે (જન્મે છે) ? उत्तर : હે ગૌતમ! મનુષ્યક્ષેત્રને વિષે, (અને તેથી) ૪૫ લાખ યોજન જેટલા ક્ષેત્રમાં, અઢી દ્વીપ-સમુદ્રમાં; તેમાં પણ ૧૫ કર્મભૂમિ તથા ૩૦ અકર્મભૂમિમાં અને ૫૬ અન્તર્દ્વીપમાં નિશ્ચયે ગર્ભજ મનુષ્યોના જ ઉચ્ચારમાં (વડીનીતિમાં), પ્રશ્રવણમાં (લઘુનીતિમાં), કફ-બળખામાં, નાકના મલમાં, વમનમાં, પિત્તમાં, પરૂમાં, રૂધિરમાં, શુક્રમાં, ખરી પડેલાં શુક્રપુદ્ગલોમાં, સ્ત્રી-પુરુષના સંગમમાં, તથા નગરની ખાળમાં (ગટરોમાં) ઇત્યાદિ સર્વ અશુચિસ્થાનોમાં સમ્મૂર્ચ્છિમ મનુષ્યો ઉત્પન્ન થાય છે.

એ સમ્મૂર્ચ્છિમ મનુષ્ય અંગુલના અસંખ્યાતમા ભાગમાત્ર જેટલી અવગાહનાવાળા, અસંજ્ઞિ, મિથ્યાદૃષ્ટિ, સર્વપર્યાપ્તિ વડે અપર્યાપ્તા અને અન્તર્મુહૂર્તના આયુષ્યવાળા જ નિશ્ચય કાળ કરે છે, એવા સ્વરૂપવાળા તે સમ્મૂર્ચ્છિમ મનુષ્ય જાણવા.'

તથા સ્ત્રીઓના ગર્ભમાં ઉત્પન્ન થયેલા મનુષ્યો તે गर्भज मनुष्य પ્રસિદ્ધ જ છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ મનુષ્યના આર્ય અને મ્લેચ્છ એ ૨ ભેદ ॥

હેય ધર્મોથી દૂર ગયેલા તે आर्य મનુષ્યો ऋद्धिप्राप्त તથા અऋद्धिप्राप्त એમ બે પ્રકારના છે. ત્યાં ऋद्धिप्राप्त आर्य મનુષ્યો ૬ પ્રકારના છે. તે આ પ્રમાણે : તીર્થંકર - ચક્રવર્તી - વાસુદેવ - બળદેવ - ચારણમુનિ અને વિદ્યાધર. તથા अऋद्धिप्राप्त आर्य મનુષ્યો ૯ પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે : ક્ષેત્રથી આર્ય,જાતિથી આર્ય,કુલથી આર્ય, કર્મથી, શિલ્પથી, ભાષાથી, જ્ઞાનથી, દર્શનથી તથા ચારિત્રથી. ત્યાં ક્ષેત્રથી आर्य તે જેઓ આર્યક્ષેત્રમાં ઉત્પન્ન થયા હોય. જે ક્ષેત્રોને વિષે શ્રીતીર્થંકરભગવંતોની તથા શ્રીતીર્થંકરભગવંતના મુનિમહાત્માઓની અને શ્રી તીર્થંકરભગવંતોના ધર્મની પ્રવૃત્તિ હોય, તેવા ક્ષેત્રો આર્યક્ષેત્ર કહેવાય છે. તે આર્યક્ષેત્રોનાં નામ આ પ્રમાણે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | મગધદેશ | - રાજગૃહનગર. | (૧૪) | સાંડિલ્યદેશ | - નંદિપુરનગર. |
| (૨) | અંગદેશ | - ચંપાનગરી. | (૧૫) | મલયદેશ | - ભદ્દિલપુરનગર. |
| (૩) | વંગદેશ | - તામ્રલિપ્તિનગરી. | (૧૬) | વૈરાટદેશ | - વત્સનગર. |
| (૪) | કલિંગદેશ | - કંચનપુરનગર. | (૧૭) | આવરણદેશ | - અચ્છાનગરી |
| (૫) | કાશીદેશ | - વાણારસીનગરી. | (૧૮) | દશાર્ણદેશ | - મૃત્તિકાવતીનગરી. |
| (૬) | કોશલદેશ | - સાકેતનગર. | (૧૯) | ચેદીદેશ | - શુક્તિમતીનગરી. |
| (૭) | કુરૂદેશ | - ગજપુરનગર. | (૨૦) | સિંધુસૌવીરદેશ | - વીતભયાનગરી. |
| (૮) | કુશાર્તદેશ | - સૌરીપુરનગર. | (૨૧) | શૂરસેનદેશ | - મથુરાનગરી. |
| (૯) | પંચાલદેશ | - કાંપિલ્યપુરનગર. | (૨૨) | ભંગીદેશ | - પાપાનગરી. |
| (૧૦) | જાંગલદેશ | - અહિછત્રાનગરી. | (૨૩) | વૃત્તદેશ | - માષપુરનગર. |
| (૧૧) | સૌરાષ્ટ્રદેશ | - દ્વારિકાનગરી. | (૨૪) | કુણાલદેશ | - શ્રાવસ્તિનગરી. |
| (૧૨) | વિદેહદેશ | - મિથિલાનગરી. | (૨૫) | લાટદેશ | - કોટિવર્ષાનગરી. |
| (૧૩) | વત્સદેશ | - કોસામ્બીનગરી. | (૦॥) | (અર્ધ) કૈકેયીદેશ-શ્વેતામ્બિકાનગરી | |

એ પ્રમાણે ૨૫ દેશ સંપૂર્ણ અને કૈકેયીદેશ ૦॥ મળી ૨૫॥ દેશ આર્યક્ષેત્ર છે. એ ૨૫॥ દેશોમાં જ શ્રી તીર્થંકરો - ચક્રવર્તિઓ - બળદેવો અને વાસુદેવોની ઉત્પત્તિ કહી છે. અહીં તાત્પર્યાર્થ એ છે કે - રાજગૃહી નગર તે રાજધાની છે, અને મગધ તે દેશ છે, તથા અંગ દેશ છે અને ચંપાનગર રાજધાની છે, વંગ દેશ છે ને તામ્રલિપ્તિ રાજધાની છે. એ પ્રમાણે યાવત્ ૦॥ કેત[1]કીદેશ અને શ્વેતામ્બિકા રાજધાની સુધી સર્વત્ર દેશ અને રાજધાનીનો અનુક્રમ જાણવો. એ પ્રમાણે એ ૨૫॥ દેશ आर्यक्षेत्रो કહ્યાં છે. તેથી એ આર્યક્ષેત્રોમાં ઉત્પન્ન થયેલા મનુષ્ય ક્ષેત્રથી આર્ય કહેવાય. એ પ્રત્યા[2]સત્તિ વડે ભરતક્ષેત્રમાં રહેલા જ આર્યક્ષેત્ર તથા ક્ષેત્રાર્ય મનુષ્યો કહ્યા, અને તે ભરતક્ષેત્રવર્તિ આર્ય મનુષ્યોના ઉપલક્ષણથી મહાવિદેહાન્તર્ગત વિજયોના મધ્ય ખંડાદિકમાં પણ બીજા ઘણાં क्षेत्रार्य મનુષ્યો છે તેમ જાણવું (હવે જાતિ-આર્ય મનુષ્યોનું સ્વરૂપ કહેવાય છે તે આ પ્રમાણે) :

---

૧. કેતકી અથવા કૈકેયીદેશ બંને એક જ દેશનાં નામાન્તર છે.

૨. જે સ્થાને રહેલા હોય તે સ્થાનનું સ્વરૂપ કહેવું તે प्रत्यासन्न (અતિનિકટવર્તિ) અથવા प्रत्यासत्ति સ્વરૂપ અહીં આપણે ભરતક્ષેત્રમાં રહેલા હોવાથી ભરતક્ષેત્રના ૨૫॥ આર્યદેશોનું સ્વરૂપ (પ્રત્યાસત્તિ વડે) કહ્યું.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जातिआर्य મનુષ્યો ૩ પ્રકારના છે. જે કારણથી શ્રી પ્રજ્ઞાપનાજીમાં કહ્યું છે કે :-

અંબષ્ટા - કલંદા - વિદેહા - વેંઢગા - હરિયા અને ચુંચુણા એ ૬ પ્રકારની નિશ્ચય ઇભ્ય જાતિ (ઉત્તમ જાતિ) છે.

એ ઉપર કહેલી ૬ ઉત્તમ જાતિમાં ઉત્પન્ન થયેલાં મનુષ્ય जातिआर्य કહેવાય. પરંતુ એ ૬ પ્રકારની જાતિઓ વર્તમાનકાળે જણાતી નથી. (પ્રસિદ્ધ નથી.)

कुलार्य મનુષ્યો પણ ઉગ્રકુલ - ભોગકુલ - રાજન્યકુલ - ઇક્ષ્વાકુકુલ - જ્ઞાતિકુલ અને કૌરવ્યકુલના ભેદથી ૬ પ્રકારના છે.

कर्मार्य મનુષ્યો કે જેઓ આર્યકર્મ (ઉત્તમ વ્યાપારાદિ ધંધો) કરે છે પરંતુ નિંદનીય (નીચો ધંધો) કરતા નથી તે દૂષિક (દોશી), ગાંધિક (ગાંધી), સૌત્રિક (સુતરિયા), કાર્પાસિક (કપાસી), કૌસુંભિક ઇત્યાદિ ભેદથી (કર્માર્ય મનુષ્યો પણ) અનેક પ્રકારના છે.

शिल्पार्य મનુષ્યો પણ ઉત્તમ શિલ્પકાર્ય કરનારા તે પણ - તુન્નાક, લેપ્યકાર, શંખકાર, દન્તકાર, ચિત્રકાર વગેરે અનેક પ્રકારના છે.

भाषार्य મનુષ્યો કે જેઓ અર્ધમાગધી ભાષા વડે બોલે છે અને જેઓમાં ૧૮ ભેદવાળી બ્રાહ્મીલિપિ પ્રવર્તે છે, તે ૧૮ [1]ભેદવાળી બ્રાહ્મી લિપિ હાલમાં પ્રસિદ્ધિમાં જણાતી નથી. (અર્થાત્ બ્રાહ્મી લિપિના ૧૮ ભેદ સર્વે પ્રાયઃ પ્રસિદ્ધ નથી.) ज्ञानार्य મનુષ્યો તે મતિજ્ઞાન - શ્રુતજ્ઞાન ઇત્યાદિ યુક્ત હોય તે. (પરંતુ મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાનવંત મિથ્યાદૃષ્ટિ મનુષ્યો જ્ઞાનાર્ય કહેવાય નહિ.) दर्शनार्य મનુષ્યો કે જેઓ ક્ષાયિક સમ્યક્ત્વાદિ સમ્યક્ત્વયુક્ત[2] હોય તે. चारित्रार्य મનુષ્યો કે જેઓ સામાયિકચારિત્ર ઇત્યાદિ[3] ચારિત્રવાળા હોય છે.

## ॥ મ્લેચ્છ મનુષ્યોના ભેદ ॥

मिलिक्खुत्ति य એ પદમાં य (च)કાર સમુચ્ચયવાચક છે. જે મનુષ્યોમાં ધર્મનું નામ પણ જણાતું નથી પરંતુ કેવળ અપેય-પાન, અભક્ષ્યનું ભક્ષણ, અને અગમ્યના ગમન ઇત્યાદિમાં આસક્ત થયેલા હોય તથા શાસ્ત્ર આદિમાં અપ્રસિદ્ધ (નહિ કહેલો) એવો વેષ પહેરનારા તથા તેવી ભાષા બોલનારા ઇત્યાદિ (અશાસ્ત્રોક્ત) આચાર-વિચારવાળા તે અનાર્યમનુષ્યો म्लेच्छ એવા નામથી ઓળખાય છે. તે મ્લેચ્છ મનુષ્યો ઘણા પ્રકારના છે. તે આ પ્રમાણે :

'શક[4]- યવન - શબર - બબ્બર - કાય - મુરુંડ - ઉડ્ડગ - ઉડ્ડપક્કણ - આરબ - હૂણ -

---

૧. દેવનાગરી આદિ કેટલીક લિપિઓ અદ્યાપિ પ્રસિદ્ધ છે. પ્રજ્ઞાપનાદિકમાં બ્રાહ્મી આદિ ૧૮ લિપિ તે જ કહી છે. અહીં બ્રાહ્મીના ૧૮ ભેદ કહ્યા છે તે વિચારવું.

૨. ક્ષાયિક - ઉપશમ અને ક્ષયોપશમ એ ૩ સમ્યક્ત્વવાળા અથવા પ્રજ્ઞાપનાજીમાં ૧૦ પ્રકારના સમ્યક્ત્વવાળા તે સરાગ દર્શનાર્ય, અને ૧૧ થી ૧૪ ગુણસ્થાનક સુધીના વીતરાગ દર્શનાર્ય કહ્યા છે.

૩. સામાયિક - છેદોપસ્થાપન - પરિહાર - સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત એ ૫ ચારિત્ર.

૪. અહીં કહેલાં શક બબ્બર યવન ઇત્યાદિ નામોથી પણ અધિક નામો શ્રી પ્રજ્ઞાપનાજીમાં છે. તથા આ નામોમાંથી કોઈ નામ સમાસયુક્ત પદો ઉપરથી અર્થ લખેલો હોવાથી કદાચ ફેરફારવાળું પણ હશે તે વિચારવું. તથા એ અનાર્યોના ભેદ પ્રાયઃ તે તે નામના દેશોના નામ ઉપરથી થયેલા છે એમ શ્રી પ્રજ્ઞાપનાજીની વૃત્તિમાં કહ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રોમસ - પારસ - ખસ - ખાસિક. ॥૧॥ દુંબિલય - લકુશ - બોક્કસ - ભિલ્લ - અંબ - પુલિંદ - કુંચ - ભ્રમર - રૂત - કુંચાય - ચીન - ચુંચુક - માલવ - દમિલ - કુલગ્ઘ. ॥૨॥ કેક્કય - કિરાત - હયમુખ - ખરમુખ - તુરંગમુખ - મેંઢમુખ - હયકર્ણ - ગજકર્ણ - અને એ સિવાય બીજા પણ ઘણા પ્રકારના અનાર્ય મનુષ્યો છે. ॥૩॥ (આ ત્રણ ગાથાનો અર્થ છે). તથા પાપી - ચંડ - રુદ્ર - નિર્દય - અનુકંપારહિત તથા જેઓ ધર્મ એવો અક્ષર સ્વપ્ને પણ સાંભળતા નથી તેવા પુરુષો અનાર્ય મનુષ્યો કહેવાય છે. ॥૪॥

અહીં કર્મભૂમિજ, ભોગભૂમિજ અને અન્તરદ્વીપજ એ ત્રણે પ્રકારના મનુષ્યોના ગર્ભજ અને સમ્મૂર્ચ્છન એ બે બે ભેદ સામાન્યથી સંભવે છે; કારણ કે કર્મભૂમિ આદિ ત્રણે સ્થાનોમાં પ્રત્યેકમાં ગર્ભજ અને સમ્મૂર્ચ્છિમ મનુષ્યો ઉત્પન્ન થાય છે, અને આર્ય તથા મ્લેચ્છ એ બે ભેદ તો કેવળ કર્મભૂમિજ મનુષ્યોના જ જાણવા. બીજા મનુષ્યો તો ભોગપુરુષપણા વડે જુદા પ્રકારના ભેદવાળા હોવાથી આર્ય તથા મ્લેચ્છ એવા બે ભેદરહિત છે. ઇત્યાદિ વિશેષ વિસ્તારથી સર્યું. આ ૧૫મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૧૫॥

अवतरण : પૂર્વ ગાથામાં મનુષ્યગતિના ભેદ કહીને હવે આ ગાથામાં દેવગતિના ભેદ કહેવાય છે તે આ પ્રમાણે :

**देवा य भवणवासी, वंतरिया जोइसा य वेमाणी ।**
**कप्पोवगा य नेया, गेविज्जाणुत्तरसुरा य ॥१६॥**

गाथार्थ : ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્, વૈમાનિક (તેમાં વૈમાનિક તે-) કલ્પોપપન્ન અને (કલ્પાતીત એટલે) ગ્રૈવેયક તથા અનુત્તર વિમાનવાસી દેવો, આ દેવોના પ્રકાર છે.

व्याख्यार्थ : दीव्यन्ति અતિસુખપૂર્વક યથેચ્છ ક્રીડા કરે તે દેવ. અર્થાત્ પૂર્વભવમાં ઉપાર્જન કરેલા પુણ્યના સમૂહથી પ્રાપ્ત થયેલ ઉત્તમ પ્રકારના સુખવાળા જીવવિશેષ તે દેવ કહેવાય. અને તે દેવો મૂળ ભેદથી ચાર પ્રકારના છે તે આ પ્રમાણે : भवनेषु - એટલે રત્નમય આવાસ ઇત્યાદિ સ્થાનોમાં વસે તે ભવનવાસી દેવ. તથા वि એટલે વિશિષ્ટ પ્રકારના, નીચે તથા ઉપર ૧૦૦-૧૦૦ યોજન છોડીને પહેલાં ૧૦૦૦[૧] યોજનવાળા રત્નપ્રભા પૃથ્વીના अन्तराः અંતરમાં - આંતરામાં - મધ્ય ભાગમાં ઉત્પન્ન થયેલા દેવો તે (वि + अन्तरा =) व्यन्तरદેવો કહેવાય. તથા ज्योतिः એટલે તેજ (દેદીપ્યમાનપણું - ભાસ્વરપણું) જે દેવોને વિદ્યમાન છે તે ज्योतिष् દેવો કહેવાય. તથા विमानो વડે જે વિચરે છે (એટલે વિમાનોમાં જેઓ વિચરે છે - રહે છે) તે वैमानिक દેવો કહેવાય.

એ જ પ્રકારના દેવો જે હમણાં કહ્યા તેમાં તુર્તમાં જ ઉપર કહેલા હોવાથી (અર્થાત્ ચાર દેવોમાં પર્યન્તે અને આ વાક્યની પહેલાં તુર્તમાં કહેલા હોવાથી) તેમજ સર્વ દેવનિકાયોમાં (ચારે નિકાયમાં) પ્રધાન હોવાથી પ્રથમ વૈમાનિક દેવોના ભેદ કહે છે, તે આ પ્રમાણે :

૧. અર્થાત્ રત્નપ્રભા પૃથ્વીનો પહેલો આંતરો જો કે ૧૦૦૦ યોજનનો કહ્યો પરંતુ વ્યન્તરોની વસતિ તો ઉપર નીચે ૧૦૦ - ૧૦૦ યોજન છોડીને શેષ રહેલો ૮૦૦ યોજનમાં છે. તથા ઉપરના છોડેલા ૧૦૦ યોજનમાંથી પણ ઉપર નીચે ૧૦-૧૦ યોજન છોડીને શેષ ૮૦ યોજનમાં વાણવ્યન્તરની વસતિ છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'कप्पोवगा य' ઈતિ. વિમાનમાં ઉત્પન્ન થયેલા નવીન દેવોને (એટલે નવા ઉત્પન્ન થયેલા દેવોને) (૧) મજ્જનકરણ (૨) અલંકારગ્રહણ (૩) વ્યવસાયસભાગમન (૪) પુસ્તકવાંચન (૫) સિદ્ધાયતન પૂજન અને (૬) ઈન્દ્રાદિકની સેવા ઈત્યાદિ જે આવશ્યક કાર્યો તે कल्प કહેવાય; તેવા કલ્પને જેઓ પ્રાપ્ત થયા છે, આશ્રય કરે છે, અર્થાત્ સેવે છે તે कल्पोपग એટલે ૧૨ દેવલોકના વૈમાનિક દેવો જાણવા. કારણ કે એ બારે દેવલોકના દેવોમાં પૂર્વોક્ત કલ્પ પ્રવર્તે છે માટે. અને તેથી ઉપરના જે ગ્રૈવેયક તથા અનુત્તરના દેવો છે તે સર્વે कल्पातीत દેવો કહેવાય છે; કારણ કે એ દેવોને પૂર્વોક્ત સ્વરૂપવાળા કલ્પનો અભાવ છે. તે કલ્પાતીત દેવોને ગાથામાં દર્શાવે છે કે ग्रीवा એટલે લોકરૂપી પુરુષાકારના ગ્રીવાસ્થાને (ડોક-કંઠસ્થાને) રહેલાં વિમાનો તે ग्रैवेयक કહેવાય; અને તેમાં ઉત્પન્ન થયેલા દેવો પણ ઉપચારથી ग्रैवेयक देव કહેવાય. તથા अन् એટલે નથી उत्तर એટલે પ્રધાન બીજા દેવો જેનાથી તે (અર્થાત્ જે દેવોથી બીજા પ્રધાન-ઉત્તમ દેવો નથી તેવા અતિ ઉત્તમ દેવો તે) अनुत्तर देव કહેવાય. તે વિમાનો તેમજ તેમાં વસનાર દેવો એ બંને अनुत्तर કહેવાય. તે વિજય-વિજયન્ત-જયંત-અપરાજિત તથા સર્વાર્થસિદ્ધ એ ૫ વિમાનમાં જ વસનારા દેવો અનુત્તર દેવ કહેવાય છે. એ બંને સ્વરૂપવાળા દેવો (અર્થાત્ ગ્રૈવેયક અને અનુત્તર આ બંને પ્રકારના દેવો) कल्पातीत દેવો જાણવા; કારણ કે એ દેવોને અહંઈન્દ્રપણા[1] વડે મજ્જનકરણ ઈત્યાદિ કલ્પનો સર્વથા અભાવે છે. એ ૧૬મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૧૬॥

अवतरण : પૂર્વ ગાથામાં ૪ પ્રકારના દેવોમાં જે પ્રથમ ભવનવાસી દેવો કહ્યા તેના ૧૦ પ્રતિભેદ છે તે આ ગાથામાં દર્શાવાય છે :

**असुरा नाग सुवन्ना, दीवोदहि थणिय विज्जु दिसिनामा ।**
**वायग्गिकुमाराविं य, दसेव भणिया भवणवासी ॥१७॥**

गाथार्थ : (૧) અસુરકુમાર (૨) નાગકુમાર (૩) સુવર્ણકુમાર (૪) દ્વીપકુમાર (૫) ઉદધિકુમાર (૬) સ્તનિતકુમાર[2] (૭) વિદ્યુત્કુમાર (૮) દિશિકુમાર - એ નામવાળા તથા (૯) વાયુકુમાર (૧૦) અગ્નિકુમાર એ દસ પ્રકારના જ ભવનવાસી દેવો કહ્યા છે. ॥૧૭॥

व्याख्यार्थ : ગાથામાં कुमारा = કુમાર એ શબ્દ પ્રત્યેક ભેદ સાથે જોડવો. તેથી (૧) અસુરકુમાર (૨) નાગકુમાર (૩) સુવર્ણકુમાર (૪) દ્વીપકુમાર (૫) ઉદધિકુમાર (૬) સ્તનિતકુમાર (૭) વિદ્યુત્કુમાર (૮) દિશિકુમાર (૯) વાયુકુમાર (૧૦) અગ્નિકુમાર, એ પ્રમાણે ૧૦ પ્રકારના જ ભવનવાસી દેવો છે. અહીં ગાથાના પદોનો સંબંધ તથા અનુક્રમ બરાબર બેસાડવાના ઈત્યાદિ કારણથી કોઈક રીતે પણ આ ગાથા એવા ક્રમવાળી કહી છે. પરંતુ સિદ્ધાન્તોમાં તો એ ૧૦ પ્રકારના ભવનવાસી દેવો આ કહેવાતા ક્રમ પ્રમાણે ગણાય છે. તે ક્રમ આ પ્રમાણે - '(૧) અસુરકુમાર (૨) નાગકુમાર (૩) સુવર્ણકુમાર (૪) વિદ્યુત્કુમાર (૫)

૧. એ દેવોમાં પરસ્પર સ્વામી - સેવકભાવ ન હોવાથી કોઈ નાનો મોટો નથી, જેથી સર્વે દેવો પોતે જ સ્વામી સરખા હોવાથી अहमिन्द्र કહેવાય છે. ૨. મેઘકુમાર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અગ્નિકુમાર (૬) દ્વીપકુમાર (૭) ઉદધિકુમાર (૮) દિશિકુમાર (૯) વાયુકુમાર તથા (૧૦) મા સ્તનિતકુમાર - એ ૧૦ પ્રકારના ભવનપતિ દેવો છે. ॥૧૭॥

अवतरण : પૂર્વ ગાથામાં ભવનપતિ દેવોના ૧૦ ભેદ કહીને હવે આ ગાથામાં વ્યન્તર દેવોના ૮ ભેદ કહે છે :

**किंनर किंपुरिस महोरगा य गंधव्व रक्खसा जक्खा ।**
**भूया य पिसाया वि य, अट्ठविहा वाणमंतरिया ॥१८॥**

गाथार्थ : કિન્નર - કિંપુરુષ - મહોરગ - ગંધર્વ - રાક્ષસ - યક્ષ - ભૂત અને પિશાચ એ ૮ પ્રકારના વાણવ્યન્તર[૧] દેવો છે. ॥૧૮॥

व्याख्यार्थ : આ ગાથામાં પણ કિન્નરાદિ વાણવ્યન્તરોનો ક્રમ(ગાથાનો પદસંબંધ બેસાડવાના ઈત્યાદિ કારણથી) ભિન્ન પ્રકારનો છે. કારણ કે સિદ્ધાન્તોમાં ઘણા સ્થાને એ ૮ વાણવ્યન્તરોનો ક્રમ આ પ્રમાણે કહ્યો છે કે - 'પિશાચ - ભૂત - યક્ષ - રાક્ષસ - કિન્નર - કિંપુરુષ - મહોરગ - ગંધર્વ - એ ૮ પ્રકારના વાણવ્યન્તર કહ્યા છે.' એ પ્રમાણે સિદ્ધાન્તોમાં કહેલો અનુક્રમ છે. તે કારણથી આ ગ્રંથમાં વાણવ્યન્તરોના ભેદનો કિન્નર આદિ રૂપે ક્રમ કહેવાનું કારણ સ્વતઃ વિચારવું. એ પ્રમાણે ૧૮મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૧૮॥

अवतरण : પૂર્વ ગાથામાં વ્યન્તરોના ૮ ભેદ કહીને હવે આ ગાથામાં જ્યોતિષી દેવોના ભેદ કહેવાય છે તે આ પ્રમાણે :

**चंदा सूरा य गहा, नक्खत्ता तारगा य पंचविहा ।**
**जोइसिया नरलोए, गइरयओ संठिया सेसा ॥१९॥**

गाथार्थ : ચંદ્ર - સૂર્ય - ગ્રહ - નક્ષત્ર તથા તારા એ ૫ પ્રકારના જ્યોતિષી દેવો છે, તે પાંચે પ્રકારના જ્યોતિષીઓ આ મનુષ્ય લોકમાં गतिरतिक (ગતિ કરવામાં રતિવાળા) છે. અને શેષ પાંચ પ્રકારના જ્યોતિષીઓ જે મનુષ્યલોકની બહાર છે. તે संस्थित જ્યોતિષીઓ (સ્થિર જ્યોતિષી) છે. ॥૧૯॥

व्याख्यार्थ : અસંખ્યાત ચંદ્ર અને અસંખ્યાત સૂર્ય એ પ્રમાણે ગ્રહ, નક્ષત્ર તથા તારા, પ્રત્યેક અસંખ્ય અસંખ્ય છે. એ પ્રમાણે ૫ પ્રકારના જ્યોતિષી દેવો છે.

**प्रश्न :-** એ પાંચે પ્રકારના જ્યોતિષીઓ તે અહીં દેખાતા ચંદ્રાદિકની પેઠે સર્વે ચલ છે કે કેટલાક સ્થિર પણ છે ? એ પ્રમાણે આશંકા કરીને હવે તેનો ઉત્તર કહે છે કે - नरलोए गइरयओ ઈતિ. = નરલોક એટલે મનુષ્યલોક પર્વતની અભ્યન્તર રહેલા છે તે સર્વે પણ गइ = ગતિમાં (ભ્રમણ કરવામાં) रति = સ્વાભાવિક વૃત્તિ-પ્રવૃત્તિવાળા તે गतिरतिका છે. (અર્થાત્ મનુષ્યક્ષેત્રાન્તરવર્તી જ્યોતિષીઓ ગતિરતિક છે - ચલ છે.) અને શેષ એટલે માનુષોત્તર પર્વતથી આગળ સ્વયંભૂરમણ સમુદ્ર સુધીમાં જેટલા જ્યોતિષીઓ છે તે સર્વે પણ संस्थित એટલે ભ્રમણ નહિ કરવાના ધર્મ વડે પોતાના સ્થાને જ સ્થિર રહેલા છે. આ ગાથામાં કોઈ પ્રત્યંતરે

૧. વ્યન્તર તથા વાણવ્યન્તર એ બંનેમાં વિશેષ ભેદ ન ગણતાં આ ગ્રન્થમાં વ્યન્તર દેવોના ૮ ભેદ કહ્યા છે; અને વાણવ્યન્તર તો અણપન્ની ઈત્યાદિ ૮ પ્રકારના છે તે ગ્રંથાન્તરથી જાણવા.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(બીજી પ્રતોમાં) नरलोए પદને બદલે तिरिलोए - એવો પાઠ છે, તે અસંગત જ જણાય છે, કારણ કે 'ગતિરતિક જ્યોતિષીઓ [1]नरलोए = નરલોકમાં છે' એમ કહીએ ત્યારે જ संठिया सेसा એ પદ સંગતિવાળું થાય, પરંતુ બીજી રીતે એ પદ સંગતિવાળું ન થાય. કારણ કે તિર્યગ્લોક સિવાય બીજા કોઈ પણ સ્થાને જ્યોતિષીઓનો સર્વથા અભાવ જ છે. તેમજ 'તિર્યગ્લોકમાં ગતિરતિક[2] છે, એ વ્યાખ્યાર્થ પણ ઘટતો નથી, કારણ કે સ્થિતિરતિક જ્યોતિષીઓ પણ તિર્યગ્લોકમાં જ છે. એ (પદવિપર્યયની ચર્ચાના) વિસ્તારથી સર્યું. ઇતિ ૧૯મી ગાથાનો અર્થ ॥૧૯॥

अवतरण : પૂર્વ ગાથામાં જ્યોતિષી દેવોના ભેદ કહીને હવે આ ગાથામાં કલ્પોપગ વૈમાનિક દેવોના ભેદ કહે છે :

**सोहम्मीसाणसणं - कुमारमाहिंदबंभलंतयया ।**
**सुक्कसहस्साराणय, पाणय तह आरणच्चुयया ॥२०॥**

गाथार्थ : સૌધર્મ - ઈશાન - સનત્કુમાર - માહેન્દ્ર - બ્રહ્મ - લાંતક - શુક્ર - સહસ્રાર - આનત - પ્રાણત તથા આરણ અને અચ્યુત (એ ૧૨ પ્રકારના કલ્પદેવલોક છે.) ॥૨૦॥

व्याख्यार्थ : એ ગાથા અતિપ્રસિદ્ધ અર્થવાળી છે.

अवतरण : પૂર્વ ગાથામાં ૧૨ પ્રકારના કલ્પોપપન્ન દેવ કહીને હવે કલ્પાતીત વૈમાનિક દેવોના વિશેષ ભેદ દર્શાવાય છે. તે આ પ્રમાણે :

**हेट्ठिम मज्झिम उवरिम गेवेज्जा तिण्णि तिण्णि तिण्णेव ।**
**सव्वट्ठ विजय वेजय जयंत अपराजिया अवरे ॥२१॥**

गाथार्थ : ૩ હેટ્ઠિમ ગ્રૈવેયક, ૩ મધ્યમ ગ્રૈવેયક તથા ૩ ઉપરિમ ગ્રૈવેયક (એ પ્રમાણે ૯ ગ્રૈવેયક દેવ છે) તથા બીજા સર્વાર્થ-વિજય - વૈજયંત - જયંત અને અપરાજિત (એ પાંચ અનુત્તર દેવ છે). ॥૨૧॥

व्याख्यार्थ : અહીં ગ્રૈવેયક વિમાનોના ૯ પ્રતર છે. તેમાં નીચેના ૩ પ્રતર अधस्तन ग्रैवेयक કહેવાય છે. મધ્યમના ૩ પ્રતર मध्यम ग्रैवेयक અને ઉપરના ૩ પ્રતરો તે उपरितन ग्रैवेयक કહેવાય છે. એ ગ્રૈવેયકનાં ત્રણે ત્રણ - ત્રણ પ્રતરોની દરેકની (એટલે દરેક ત્રણની) ત્રણ - ત્રણ સંજ્ઞા છે, (એટલે દરેક ત્રણના સમુદાયની બીજી ત્રણ - ત્રણ સંજ્ઞા છે) તેથી નવ પ્રકારના ગ્રૈવેયક સિદ્ધ છે. ત્યાં નીચેના ત્રણ પ્રતરોમાં પણ જે સર્વથા નીચે રહેલું પ્રતર તેને વિષે જે વિમાનો છે તે अधस्तनाधस्तन ग्रैवेयक કહેવાય છે. એ જ નીચેના ૩ પ્રતરોમાં મધ્ય પ્રતરે રહેલાં વિમાનો अधस्तनमध्यम ग्रैवेयक કહેવાય છે. અને ઉપરના ત્રીજા પ્રતરમાં રહેલાં વિમાનો अधस्तनोपरितन ग्रैवेयक કહેવાય છે.

તથા મધ્યવર્તી ત્રણ પ્રતરોમાં નીચેના પ્રતરનાં વિમાન मध्यमाधस्तन ग्रैवेयक, મધ્યમ પ્રતરગત વિમાનો मध्यममध्यम ग्रैवेयक અને ઉપરના પ્રતરનાં વિમાનો मध्यमोपरिम ग्रैवेयक કહેવાય છે. (એ મધ્યમત્રિક કહ્યું.)

---

૧-૨. આ બે વાક્યોમાં પ્રથમના વાક્યમાં नरलोक પદની મુખ્યતાએ અર્થ વિચારવો, અને બીજા વાક્યમાં 'ગતિરતિક' પદની મુખ્યતાએ અર્થ વિચારવો; જેથી બે ભાવાર્થ ભિન્ન જણાશે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા ઉપર રહેલાં ૩ પ્રતરોમાં નીચેના પ્રતરનાં વિમાન उपरिमाधस्तन ग्रैवेयक, મધ્યમપ્રતરગત વિમાનો उपरिममध्यम ग्रैवेयक અને ઉપરના પ્રતરનાં વિમાનો उपरिमोपरिम ग्रैवेयक કહેવાય છે (એ ત્રીજું ત્રિક કહ્યું).

એ જ વાત ગાથામાં કહી છે કે तिन्नि तिन्नि ઈત્યાદિ. શેષ ભાવાર્થ કહેવાઈ ગયો છે. (અર્થાત્ सव्वट्ठ विजय ઈત્યાદિ પદોનો ભાવાર્થ સુગમ છે, અને એ ૫ નામો પણ પ્રથમ કહેવાઈ ગયાં છે. તેથી અહીં વ્યાખ્યાર્થમાં કહ્યાં નથી.) ઈતિ ૨૧મી ગાથાનો અર્થ. ॥૨૧॥

अवतरण : એ પ્રમાણે નારકાદિ ૪ ગતિઓ (એટલે ૧૪ માર્ગણામાંની પહેલી ગતિ માર્ગણા) કહી, અને હવે 'गइयाइमग्गणाहि य, जीवसमासाणुगंतव्वा = ગત્યાદિ માર્ગણા દ્વાર વડે જીવસમાસ એટલે ૧૪ ગુણસ્થાન જાણવા યોગ્ય છે.' એમ જે બીજી ગાથામાં કહ્યું હતું તે ઉદ્દેશને અનુસરીને એ ચારે ગતિઓમાં ગુણસ્થાનરૂપ જીવસમાસ કહેવાય છે, તે આ પ્રમાણે :

**सुरनारएसु चउरो, जीवसमासा य पंच तिरिएसु ।**
**मणुयगईए चउदस, मिच्छद्दिट्ठी अपज्जत्ता ॥२२॥**

गाथार्थ : દેવ અને નારકને વિષે ૪ જીવસમાસ (ગુણસ્થાન) છે, તિર્યંચોમાં ૫ ગુણસ્થાન છે. મનુષ્યગતિમાં ૧૪ ગુણસ્થાન છે, અને એ ચારે ગતિના અપર્યાપ્ત જીવોમાં (લબ્ધિ અપર્યાપ્ત જીવોમાં) ૧ મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાન છે. ॥૨૨॥

व्याख्यार्थ : દેવોમાં અને નારકોમાં એ બંનેમાં પ્રત્યેકમાં ૪ જીવસમાસ પ્રાપ્ત થાય છે. એટલે મિથ્યાદૃષ્ટિ - સાસ્વાદન-મિશ્ર અને અવિરત સમ્યગ્દૃષ્ટિ એ પ્રથમનાં ૪ ગુણસ્થાન સામાન્યથી હોય છે. અને વિશેષ ભેદથી વિચારીએ તો - અનુત્તર દેવોમાં અવિરત સમ્યગ્દૃષ્ટિ નામનું એક જ ગુણસ્થાન પ્રાપ્ત થાય છે. દેશવિરતાદિ ગુણસ્થાનો દેવ તથા નારકોને હોય નહિ, કારણ કે તેઓને અપ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય અવશ્ય હોય છે, અને તે અપ્રત્યાખ્યાની કષાયના ઉદયથી વિરતિનો દેશથી પણ (લેશમાત્ર પણ) સંભવ હોતો નથી.

તથા તિર્યંચગતિમાં ૫ ગુણસ્થાન છે; તેમાં ૪ ગુણસ્થાનો તો દેવ - નારકને કહ્યાં તે જ લેવાં; અને પાંચમું દેશવિરતિ ગુણસ્થાન હોય છે; કારણ કે કેટલાક તિર્યંચોને અપ્રત્યાખ્યાનાવરણ કષાયનો ક્ષયોપશમ હોવાથી દેશવિરતિનો પણ તેમનામાં સંભવ છે. પરંતુ પ્રમત્તસંયત આદિ ગુણસ્થાનો તિર્યંચોમાં પ્રાપ્ત થતા નથી, કારણ કે તિર્યંચોને પ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય અવશ્ય હોય છે, અને પ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયે સર્વવિરતિનો અભાવ હોય છે.

તથા મનુષ્યગતિમાં તો ચૌદ ગુણસ્થાન પ્રાપ્ત થાય છે, કારણ કે મનુષ્યોને મોહનીયકર્મની સર્વપ્રકૃતિઓનો ઉદય, ક્ષય તથા ક્ષયોપશમ વગેરે હોય છે. એ સામાન્ય વિચાર કહ્યો અને હવે કંઈક વિશેષ વિચારથી ગુણસ્થાનપ્રાપ્તિનું દિગ્દર્શન માત્ર મનુષ્યાદિકમાં દર્શાવાય છે તે આ પ્રમાણે - ' मिच्छद्दिट्ठी ' ઈત્યાદિ. જે મનુષ્ય તથા તિર્યંચો લબ્ધિથી અપર્યાપ્ત છે, તે સર્વે મિથ્યાદૃષ્ટિ જ હોય છે; કારણ કે અપર્યાપ્ત જીવો સંક્લિષ્ટ અધ્યવસાયવાળા હોવાથી તેઓમાં શેષ ગુણસ્થાનનો અસંભવ છે. એ પ્રમાણે (વિશેષ વિચારમાં) કર્મભૂમિજ - અકર્મભૂમિજ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈત્યાદિ ભેદની વિશેષ વિચારણામાં પણ જે જે વિશેષ[1] ભેદ હોય તે સ્વતઃ વિચારવા યોગ્ય છે. એ ૨૨મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૨૨॥

अवतरण : ગતિદ્વારરૂપ પહેલી માર્ગણામાં જીવસમાસની પ્રાપ્તિ સમાપ્ત થઈ. હવે इन्द्रियद्वारનું નિરૂપણ કરાય છે. ત્યાં ઈન્દ્રિયો નિરાશ્રય (આશ્રય વિનાની) સંભવતી નથી, માટે તે ઈન્દ્રિયોના આશ્રયભૂત - આધારભૂત જે એકેન્દ્રિયાદિ જીવો છે તે એકેન્દ્રિયાદિ જીવો દ્વારા તે ઈન્દ્રિયો કહે છે :

**एगिंदिया य बायर-सुहुमा पज्जत्तया अपज्जत्ता ।**
**बिय तिय चउरिंदिय दुविह-भेय पज्जत्त इयरे य ॥२३॥**
**पंचिंदिया असन्नी, सन्नी पज्जत्तया अपज्जत्ता ।**
**पंचिंदिएसु चोद्दस, मिच्छद्दिट्ठी भवे सेसा ॥२४॥**

गाथार्थ : એકેન્દ્રિયો બાદર તથા સૂક્ષ્મ એમ બે પ્રકારના છે; તે પુનઃ પ્રત્યેક પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ બે બે પ્રકારના છે. તથા દ્વીન્દ્રિય - ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિય એ ત્રણે વિકલેન્દ્રિયો પર્યાપ્ત તથા અપર્યાપ્ત એમ ૨-૨ પ્રકારના છે. ॥૨૩॥

પંચેન્દ્રિય જીવો અસંજ્ઞિ તથા સંજ્ઞિ એમ બે પ્રકારના છે, અને તે પ્રત્યેક પુનઃ પર્યાપ્ત-અપર્યાપ્ત ભેદથી ૨-૨ પ્રકારના છે. (એ પ્રમાણે ૧૪ જીવભેદ પાંચ ઈન્દ્રિય માર્ગણાના છે તેમાં ૧૪ જીવસમાસ વિચારતાં) પંચેન્દ્રિય માર્ગણામાં ૧૪ જીવસમાસ (ગુણસ્થાન) છે, અને શેષ ૪ ઈન્દ્રિય માર્ગણામાં ૧ મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાન છે. ॥૨૪॥

व्याख्यार्थ : એકેન્દ્રિયો ૨ પ્રકારના છે, ગાથામાં य (च)કાર ભિન્ન ક્રમવાળો હોવાથી બાદર અને સૂક્ષ્મ એમ ૨ પ્રકારના છે. ત્યાં બાદર નામકર્મોદયવાળા હોવાથી બાદર અને સૂક્ષ્મ નામકર્મના ઉદયથી સૂક્ષ્મ ગણાય છે. પુનઃ તે પણ પ્રત્યેક ૨ પ્રકારના છે, પર્યાપ્ત અને અપર્યાપ્ત. તથા દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિય પણ દરેક પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ ૨-૨ પ્રકારના છે. તથા પંચેન્દ્રિયો પણ અસંજ્ઞિ અને સંજ્ઞિના ભેદથી ૨-૨ પ્રકારના છે, અર્થાત્ સમ્મૂર્ચ્છિમ[2] અને ગર્ભજ એમ ૨-૨ પ્રકારના છે, અને તે પણ દરેક પર્યાપ્ત તથા ઈતર એટલે અપર્યાપ્ત એમ બે બે પ્રકારના છે. આ પ્રમાણે આ ગાથામાં કહેલા ભેદ વડે (અર્થાત્ આ ગાથા વડે), અન્ય સ્થાનોમાં -

'એકેન્દ્રિય જીવ સૂક્ષ્મ અને બાદર, તથા પંચેન્દ્રિયો સંજ્ઞિ અને અસંજ્ઞિ, તથા દ્વીન્દ્રિય,

૧. મનુષ્યગતિમાં ગુણસ્થાનની વિશેષ ચિન્તાનું દિગ્દર્શન આ પ્રમાણે - અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા યુગલિક મનુષ્યો તથા તિર્યંચો પ્રથમના જ ગુણસ્થાનવાળા હોય છે, પરન્તુ દેશવિરત્યાદિ ૧૦ ગુણસ્થાનથી રહિત હોય છે. સંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યોમાં સંમૂર્ચ્છિમ મનુષ્યો ૧ મિથ્યાત્વ ગુણસ્થાનવાળા, અને ગર્ભજ મનુષ્યો ૧૪ ગુણસ્થાનવાળા હોય છે. તેમજ સંખ્યાત આયુષ્યવાળા તિર્યંચોમાં પણ ગર્ભજ તિર્યંચોને યથાસંભવ ૫ ગુણસ્થાન, અને સંમૂર્ચ્છિમ તિર્યંચોને સામાન્યથી ૨ ગુણસ્થાન પહેલાં હોય છે, ઈત્યાદિ વિશેષ વિચાર આ ગ્રન્થમાં પણ આગળ કહેવાશે.

૨. જે અસંજ્ઞિ પંચેન્દ્રિય તે સમ્મૂર્ચ્છિમ જ હોય છે; અને સંજ્ઞિ પંચેન્દ્રિયો સર્વે ગર્ભજ હોય છે; એ પ્રમાણે પરસ્પર અવશ્યભાવ હોવાથી જ અસંજ્ઞિ-સંજ્ઞિરૂપ ૨ ભેદ તે સંમ્મૂર્ચ્છિમ અને ગર્ભજ એ ૨ ભેદથી સર્વથા અભિન્ન-એકરૂપ જ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિયસહિત ગણતાં એ ૭ જીવ પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ ૨-૨ ભેદ વડે ગણતાં ૧૪ પ્રકારના ग्राम = ભૂતગ્રામ - જીવસમૂહ - જીવભેદ થાય છે;'

- એ રીતે જે ૧૪ પ્રકારે જીવભેદ વર્ણવ્યા છે તે જ અહીં પાંચ ઈન્દ્રિયોના આશ્રયપણે કહ્યા છે એમ જાણવું.

એ રીતે ઈન્દ્રિયદ્વાર કહેવાના પ્રસ્તુત વિષયમાં ઈન્દ્રિયોના આશ્રયભૂત ૧૪ પ્રકારના એકેન્દ્રિયાદિ જીવો કહીને હવે એ જ ૧૪ પ્રકારના જીવભેદોમાં જેને વિષે જેટલા જીવસમાસ (જેટલા ગુણસ્થાન) સંભવે તેને વિષે તેટલાં ગુણસ્થાન દર્શાવવા માટે કહે છે કે पंचिंदिएसु ઈત્યાદિ. જે જીવોને ૫ ઈન્દ્રિયો છે તે પંચેન્દ્રિય જીવો પર્યાપ્ત તથા અપર્યાપ્ત સંજ્ઞિ પંચેન્દ્રિય અને અસંજ્ઞિ પંચેન્દ્રિય એમ ૪ પ્રકારના છે તેને વિષે (એટલે સામાન્યથી પંચેન્દ્રિય માર્ગણામાં) ૧૪ ગુણસ્થાન પ્રાપ્ત થાય છે. અહીં સામાન્યથી નારક વગેરે તથા મનુષ્યો પંચેન્દ્રિય કહેવાય છે, અને એ બધામાં મળીને (ઓઘથી) પૂર્વોક્ત ૧૪ ગુણસ્થાનો પ્રાપ્ત થાય છે એ તાત્પર્ય છે. શેષ સૂક્ષ્મ અપર્યાપ્ત એકેન્દ્રિયાદિ ૧૦ જીવભેદો મિથ્યાદૃષ્ટિ જ હોય છે, કારણ કે તથાપ્રકારની વિશુદ્ધિના અભાવથી એ ૧૦ જીવોમાં શેષ ૧૩ ગુણસ્થાનોનો અભાવ છે.

प्रश्न :- કરણ પર્યાપ્ત બાદર પૃથ્વી, અપ્, વનસ્પતિમાં, તથા કરણ અપર્યાપ્ત દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિયમાં સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ(રૂપ બીજું ગુણસ્થાન) પ્રાપ્ત થાય છે. તો તે સાસ્વાદન ગુણસ્થાન કેમ ન કહ્યું ?

उत्तर :- એ વાત જો કે સત્ય છે, પરંતુ એ જીવોમાં સાસ્વાદન ગુણસ્થાન અતિઅલ્પકાળવાળું હોવાથી અહીં તેની ગણતરી કરી નથી, અથવા તે સાસ્વાદનભાવ અનંતાનુબંધી કષાયના ઉદય વડે અત્યંત કલુષિત - મલિન હોવાથી તથા મિથ્યાત્વનો ઉદય તુર્તમાં થનારો હોવાથી (નિકટ કરેલો હોવાથી) એ સાસ્વાદનભાવને અહીં મિથ્યાત્વરૂપે જ ગણેલો છે, માટે બીજું ગુણસ્થાન ૧૦ જીવભેદમાં ન કહ્યું તે અવિરુદ્ધ છે. એ પ્રમાણે ૨ ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૨૩॥૨૪॥

अवतरण : प्रश्न - ૨૩-૨૪મી ગાથામાં દોઢ ગાથાવડે (પ્રથમની દોઢ ગાથા વડે) સૂક્ષ્મ એકેન્દ્રિય - બાદર એકેન્દ્રિય - દ્વીન્દ્રિય - ત્રીન્દ્રિય - ચતુરિન્દ્રિય - અસંજ્ઞિ પંચેન્દ્રિય તથા સંજ્ઞિ પંચેન્દ્રિય એ સાતે જીવભેદ પર્યાપ્ત અને અપર્યાપ્ત એ બે વિશેષણો વડે વિશેષિત કર્યા છતા ૧૪ ભેદ કહ્યા. તો તે પર્યાપ્તિઓ કઈ કઈ છે કે જેના વડે જીવ પર્યાપ્ત કહેવાય છે ? અને જેના રહિતપણાથી (જે ન હોવાથી) જીવો અપર્યાપ્તપણું પામે છે ? એ આશંકા કરીને હવે પ્રસંગથી તે પર્યાપ્તિઓનું સ્વરૂપ નિરૂપણ કરવા માટે આ ૨૫મી ગાથા કહેવાય છે તે આ પ્રમાણે :

**आहार सरीरिंदिय, पज्जत्ती आणपाण भासमणे ।**
**चत्तारि पंच छप्पिय, एगिंदिय विगलसन्नीणं ॥२५॥**

गाथार्थ : આહાર - શરીર - ઈન્દ્રિય - આનપાન (ઉચ્છ્વાસ) - ભાષા તથા મન એ ૬ પર્યાપ્તિઓ છે, તેમાં એકેન્દ્રિયોને ૪ પર્યાપ્તિ, વિકલેન્દ્રિયોને ૫ પર્યાપ્તિ અને સંજ્ઞિને ૬ પર્યાપ્તિ


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય છે. ॥૨૫॥

व्याख्यार्थ : અહીં આહારાદિનાં પુદ્ગલો ગ્રહણ કરવામાં તથા તે તે રૂપે પરિણમાવવામાં કારણભૂત એવી જીવની જે શક્તિવિશેષ તે पर्याप्ति અને તે પર્યાપ્તિ (શક્તિ) સાધ્યના ભેદથી ૬ પ્રકારની છે. તે આ પ્રમાણે :

જે શક્તિ વડે આહારનાં પુદ્ગલો ગ્રહણ કરી ખલ-રસ રૂપે પરિણમાવે તે ૧ आहारपर्याप्ति. જે શક્તિ વડે રસરૂપ થયેલા આહાર ને રસ - રુધિર - માંસ - મેદ - અસ્થિ - મજ્જા અને શુક્ર એ ૭ ધાતુરૂપે પરિણમાવે તે ૨ शरीरपर्याप्ति. જે શક્તિ વડે ધાતુરૂપે પરિણમેલા આહારને ઇન્દ્રિયરૂપે પરિણમાવે તે ૩ इन्द्रियपर्याप्ति. જે શક્તિ વડે શ્વાસોચ્છ્વાસ વર્ગણાનાં પુદ્ગલદ્રવ્યોને ગ્રહણ કરી શ્વાસોચ્છ્વાસરૂપે પરિણમાવી મૂકે-વિસર્જે તે શક્તિ ૪ श्वासोच्छ्वास पर्याप्ति. તથા જે શક્તિ વડે જીવ ભાષાવર્ગણાનાં પુદ્ગલોને ગ્રહણ કરી ભાષારૂપે પરિણમાવી મૂકે - વિસર્જે તે ૫ भाषापर्याप्ति. અને જે શક્તિ વડે જીવ મનઃપ્રાયોગ્ય પુદ્ગલવર્ગણાત્મક દ્રવ્યો ગ્રહણ કરી મનપણે પરિણમાવી મૂકે તે ૬ मनःपर्याप्ति. એ પ્રમાણે ગાથાના પૂર્વાર્ધમાં ગ્રહણ કરેલા (કહેલા) 'પર્યાપ્તિ (पज्जत्ती)' શબ્દને સર્વ સ્થાને જોડવાથી ૬ પર્યાપ્તિઓ જાણવી.

प्रश्न :- શું એ સર્વ પર્યાપ્તિઓ સર્વ જીવોને હોય છે ? (અર્થાત્ સર્વ જીવોને એ છએ પર્યાપ્તિઓ હોય છે કે હીનાધિક હોય છે ?)

उत्तर :- ના, સર્વ જીવોને સર્વ પર્યાપ્તિઓ હોય નહિ. તે દર્શાવવાને કહે છે કે - चत्तारि ઇત્યાદિ. અહીં સંબંધ અનુક્રમે જોડવો, તે આ પ્રમાણે - એકેન્દ્રિયોને પહેલી ૪ પર્યાપ્તિઓ જ હોય છે, કારણ કે એકેન્દ્રિયોને ભાષા તથા મનનો અભાવ છે. ગાથામાં કહેલાં विकल શબ્દથી અહીં મનવિકલ જીવો ગ્રહણ કરવા, અને તે પરિશેષપણાથી (બાકી રહેલાં) દ્વીન્દ્રિય - ત્રીન્દ્રિય - ચતુરિન્દ્રિય - તથા અસંજ્ઞિ પંચેન્દ્રિય જાણવા. એ જીવોને પહેલી ૫ જ પર્યાપ્તિઓ હોય છે, પરંતુ મનઃપર્યાપ્તિ હોતી નથી. કારણ કે એ જીવોને મનનો (મનોવિજ્ઞાનનો) અભાવ છે. તથા સંજ્ઞિ પંચેન્દ્રિય જીવોને તો એ છ એ પર્યાપ્તિઓ હોય છે, કારણ કે તેઓને તો મનનો સદ્ભાવ પણ હોય છે. એ પ્રમાણે ૨૫મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૨૫॥

अवतरण : સવિસ્તરપણે ઇન્દ્રિયમાર્ગણારૂપ બીજું દ્વાર કહ્યું. હવે ત્રીજું कायमार्गणा રૂપ દ્વાર કહેવાય છે :

**पुढवि दग अगणि मारुय-साहारणकाइया चउद्धा उ ।**
**पत्तेय तसा दुविहा, चोद्दस तस सेसया मिच्छा ॥२६॥**

गाथार्थ : પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય તથા સાધારણ વનસ્પતિકાય એ પાંચે પ્રત્યેક (દરેક) ૪-૪ પ્રકારના છે, અને પ્રત્યેક વનસ્પતિકાય તથા ત્રસકાય એ બંને ૨-૨ પ્રકારના છે. ત્યાં ત્રસકાયમાર્ગણામાં ૧૪ જીવસમાસ (ગુણસ્થાન) છે, અને ત્રસ સિવાયના શેષ સર્વે કાયના જીવો મિથ્યાદૃષ્ટિ (રૂપ ૧ જ ગુણસ્થાનવાળા) છે. ॥૨૬॥


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

व्याख्यार्थ : પૃથ્વીકાય - અપ્કાય - અગ્નિકાય - વાયુકાય તથા વનસ્પતિકાય પણ જે સાધારણ વનસ્પતિકાય અર્થાત્ નિગોદ નામની વનસ્પતિકાય- એ પાંચે કાય દરેક સૂક્ષ્મ - બાદર, પર્યાપ્ત - અપર્યાપ્ત ભેદથી (એટલે સૂ. અપર્યાપ્ત, સૂ. પર્યાપ્ત; બા. અપર્યાપ્ત, બા. પર્યાપ્ત એ પ્રમાણે) ૪ પ્રકારની છે. અર્થાત્ એ પાંચે કાય પૃથક્ પૃથક્ (જુદી જુદી) ૪-૪ પ્રકારની છે અને જે પ્રત્યેક સ્વરૂપ (એટલે પ્રત્યેક વનસ્પતિકાય રૂપ) લીંબડા - આમ્રવૃક્ષ - કોસમ્બવૃક્ષ - જંબૂવૃક્ષ વગેરે વનસ્પતિઓ, તેમજ દ્વીન્દ્રિય - ત્રીન્દ્રિય - ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિયરૂપ त्रसकाय જીવો તે દરેક પર્યાપ્ત તથા અપર્યાપ્ત - સૂક્ષ્મ અને બાદર એવા ૨ ભેદ હોતા નથી. કારણ કે એ જીવોને બાદર નામકર્મના ઉદયથી કેવળ બાદરપણું જ છે.

એ પ્રમાણે પૃથ્વીકાયાદિ જીવોનું નિરૂપણ કરીને હવે તે પૃથ્વીકાયાદિ જીવોમાં (કાયમાર્ગણામાં) જીવસમાસનો (ગુણસ્થાનનો) વિચાર કહે છે. તે આ પ્રમાણે :

चोद्दस तस ઇત્યાદિ. પૂર્વોક્ત સ્વરૂપવાળા ત્રસકાયિક જીવોમાં સામાન્યથી વિચારીએ તો ૧૪ ગુણસ્થાનરૂપ ૧૪ જીવસમાસ પ્રાપ્ત થાય છે; એ સંબંધમાં વિશેષ વિચાર તો સ્વતઃ કરવા યોગ્ય છે. શેષ પ્રત્યેક વનસ્પતિકાય સુધીના પાંચ નિકાયના જીવો તો સર્વ મિથ્યાદૃષ્ટિ (રૂપ ૧ ગુણસ્થાનવાળા જ) છે. કારણ કે તેવા પ્રકારની વિશુદ્ધિના અભાવે શેષ ગુણસ્થાનકોનો તેમને અભાવ છે. અહીં કરણ અપર્યાપ્ત પૃથ્વીકાયાદિ જીવોમાં સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાન ન કહેવાનું કારણ[1] તો પૂર્વે કહ્યું છે તે પ્રમાણે જ જાણવું. એ પ્રમાણે ૨૬મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૨૬॥

प्रश्न :- અહીં બાદર પૃથ્વીકાયાદિ જીવોને પર્યાપ્ત અને અપર્યાપ્ત એ ૨ ભેદવાળા કહ્યા, તો એ જીવોના એ ૨-૨ ભેદ જ સંભવે છે? અથવા તો બીજા પણ કોઈ ભેદ સંભવે છે? (અર્થાત્ એ બે ભેદ સિવાયના બીજા કોઈ ભેદ છે?)

उत्तर :- બીજા ભેદ પણ સંભવે છે; પરંતુ તે બીજા પ્રકારના ભેદ અન્ય સ્થાને સવિસ્તરપણે કહેલા હોવાથી અહીં તો દિગ્દર્શનમાત્રથી જ એ ૨-૨ ભેદ દર્શાવવાના હોવાથી બીજા સર્વે ભેદ કહ્યા નથી. (અર્થાત્ બીજા ભેદો અન્ય ગ્રંથોમાં રહ્યા છે.)

प्रश्न :- **બાદર પૃથ્વીકાયાદિકના એ ૨-૨ ભેદ સિવાયના બીજા પ્રકારના ભેદ જે અન્ય સ્થાને (અન્ય ગ્રંથોમાં) કહ્યા છે તે કેવી રીતે (કયા કયા) કહેલા છે?**

उत्तर :- બાદર પૃથ્વીકાય ૨ પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે ૧ શ્લક્ષ્ણ બાદર પૃથ્વીકાય, ૨ ખર બાદર પૃથ્વીકાય. ત્યાં કૃષ્ણવર્ણની, નીલવર્ણની, પીતવર્ણની, રક્તવર્ણની તથા શ્વેતવર્ણની એ ૫ પ્રકારના વર્ણવાળી મૃત્તિકા-માટી, પાંડુ મૃત્તિકા અને પનક મૃત્તિકા, એ પ્રમાણે ૭ પ્રકારની માટીના ભેદથી શ્લક્ષ્ણ બાદર પૃથ્વીકાય જીવો ૭ પ્રકારના છે. ત્યાં કિંચિત્ ઉજ્જવલ મૃત્તિકા જ કે જે લોકમાં 'પાંડુય' નામથી પ્રસિદ્ધ છે તે પાંડુ મૃત્તિકા કહેવાય છે. આ પાંડુ મૃત્તિકા

૧. સાસ્વાદન ગુણસ્થાન અતિ અલ્પકાળ હોવાથી, તથા અનુંતાનુબંધી કષાયના ઉદયવડે મિથ્યાત્વ સન્મુખ કરેલું હોવાથી એ ૨ કારણથી આ જીવોમાં સમ્યગ્દૃષ્ટિપણાની વિવક્ષા નથી.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જો કે શુક્લવર્ણની મૃત્તિકા ગ્રહણ કરવાથી તેમાં અંતર્ગત થઈ શકે છે તો પણ જુદા ભેદ તરીકે ગ્રહણ કરી, કૃષ્ણાદિ વર્ણવાળી મૃત્તિકાઓ પણ પોતપોતાના સ્થાનમાં વર્ણાદિકના ભેદથી ઘણા પ્રકારના ભેદવાળી છે એમ સૂચવવા માટે જ. તથા पनक એટલે આકાશમાં ઊડતી અત્યંત સૂક્ષ્મરજરૂપ મૃત્તિકા તે જ पनकमृत्तिका કહેવાય છે. મરૂદેશમાં એ પનકમૃત્તિકા 'પર્પટિકા' એવા નામથી પ્રસિદ્ધ થયેલી છે. કેટલાક આચાર્યો કહે છે કે - પગના આઘાતથી જે શીઘ્ર ઊડે તે પનક મૃત્તિકા કહેવાય છે. અને બીજા આચાર્યો પુનઃ એમ પણ કહે છે કે, જલમાં રહેલી કાદવરૂપ જે મૃત્તિકા તે પનક મૃત્તિકા ગણાય. (એ પ્રમાણે પનક મૃત્તિકાના સંબંધમાં ૩ અભિપ્રાય ભિન્નભિન્ન છે.) એ પ્રમાણે શ્લક્ષ્ણ મૃત્તિકારૂપ પહેલો ભેદ કહીને હવે શિષ્યજનોના ઉપકારને અર્થે ગ્રંથકાર પોતે જ ખર બાદર પૃથ્વીકાયરૂપ બીજા ભેદવાળી પૃથ્વીના ભેદ ગાથા દ્વારા કહે છે.

अवतरण : પૂર્વ ગાથામાં પૃથ્વીકાયાદિ કાયમાર્ગણા દ્વારા ગુણસ્થાન કહ્યાં. ત્યાં પૃથ્વીકાયના પર્યાપ્ત-અપર્યાપ્ત એ ૨ ભેદ સિવાયના બીજા પણ ૨ ભેદ શ્લક્ષ્ણ પૃથ્વી તથા ખર પૃથ્વીરૂપ છે, ત્યાં શ્લક્ષ્ણ પૃથ્વીના ૭ ભેદ વૃત્તિકર્તાએ વૃત્તિમાં કહ્યા છે, અને ખર પૃથ્વીના જે ભેદ છે તે ગ્રંથકાર પોતે જ દર્શાવે છે, તે આ પ્રમાણે :

**पुढवी य सक्करा वालुया य उवले सिला य लोणूसे ।**
**अय तंब तउय सीसय, रुप्प सुवन्ने य वइरे य ॥२७॥**
**हरियाले हिंगुलुए, मणोसिला सासगंजण पवाले ।**
**अब्भपडलऽब्भवालुय, बायरकाए मणिविहाणा ॥२८॥**

गाथार्थ : શુદ્ધ પૃથ્વી - શર્કરા - વાલુકા - ઉપલ - સિલા - લવણ - ઉષ - લોખંડ - ત્રાંબુ - ત્રપુ - સીસું - રૂપું - સુવર્ણ તથા વજ્ર આદિ (હીરા વગેરે રત્નો) હરિતાલ - હિંગલોક - મણસિલ - સીસક - અંજન - પ્રવાલ - અભ્રક - અભ્રવાલુકા - એ સર્વ બાદર પૃથ્વીકાયના ભેદ છે તેમજ મણિના ભેદ પણ બાદર પૃથ્વીકાય છે. ॥૨૭॥૨૮॥

व्याख्यार्थ : પદના એક દેશભાગથી પણ સંપૂર્ણ પદનું ગ્રહણ થતું હોવાથી અહીં સામાન્યથી पुढवी = પૃથ્વી શબ્દ કહ્યો છે તો પણ શુદ્ધ પૃથ્વી ગ્રહણ કરવી, કે જે सक्करा ઇત્યાદિ આગળ કહેવાતા પૃથ્વીના ઉત્તર ભેદો પૈકી એક ન ગણાય. ગાથામાં કહેલો य (च) શબ્દ આગળ કહેવાતા પ્રતિભેદોની અપેક્ષાએ સમુચ્ચયવાચક છે. હવે ગાથામાં કહેલા પૃથ્વીભેદોનો શબ્દાર્થ-ભાવાર્થ આ પ્રમાણે :

सक्करा = કર્કરા, અર્થાત્ બહુ નાના પથ્થરા સરખા (કાંકરા). वालुका = રેતી પ્રસિદ્ધ છે. उपल = ગંડશૈલ (ઘણી મોટી શિલાઓ) વગેરે. शिला = પથ્થર સ્વરૂપ (અર્થાત્ મોટા પથરા). लोण = લવણ પ્રસિદ્ધ છે. उष = વસ્ત્ર ધોવામાં ઉપયોગ આવતી ખારી માટી. अयस् = લોખંડ. तंब = તામ્ર. तउय = ત્રપુ. सीसय = સીસું. એ ચારે પ્રસિદ્ધ છે; પરંતુ એ ચારેની અહીં ધાતુઓ જ ગ્રહણ કરવી, પરંતુ લોકને વિષે વ્યવહારમાં આવતા અયઃપિંડ વગેરે નહિ; કારણ કે તે

લોકોપયોગી લોખંડ વગેરે પદાર્થો તો અગ્નિ આદિ શસ્ત્રથી હણાવા વડે અચિત્ત થયેલા હોય છે, અને અહીં તો ચાલુ પ્રકરણમાં સચિત્ત પૃથ્વીભેદો ગ્રહણ કરવાના છે માટે. પુનઃ કોઈ કહે કે અયઃપિંડાદિ અવસ્થા પહેલાં તે અયઃ = લોખંડ આદિ ધાતુ તત્ત્વ દેખાતું નથી; માટે ધાતુઓ તો અયઃપિંડાદિ જ છે, એ પ્રમાણે કહેનારને આ પ્રમાણે કહેવું કે - અયઃપિંડાદિ અવસ્થા પહેલાં એટલે ધાતુ અવસ્થામાં પણ તે લોખંડ, તામ્ર ઈત્યાદિ વિદ્યમાન છે જ. અગ્નિ આદિ સામગ્રીના કારણથી તે ધાતુઓનો મેલ બળી જવાથી તે ધાતુઓનું વિશિષ્ટ સ્વરૂપ (સ્વચ્છ સ્વરૂપ) પ્રગટ થાય છે, જેથી તે લોખંડ વગેરે લોકોપયોગી બને છે. માટે તે લોકોપયોગી લોખંડ વગેરેની પ્રથમ અવસ્થા એટલે ભૂમિગત મૃત્તિકા પથ્થર સરખી અવસ્થા તે સચિત્ત પૃથ્વીકાયાદિરૂપે ગ્રહણ કરાય છે. તથા वज्र = હીરો, हरिताल, हिंगुलुक અને मणसिल એ ત્રણે લોકપ્રસિદ્ધ છે. सीसक = (સીસું) એ પણ ધાતુવિશેષ છે. अंजन = સૌવીરાંજન (અર્થાત્ સુરમો), प्रवाल = વિદ્રુમ (અર્થાત્ પરવાળાં), अभ्रपटल = એ લોકપ્રસિદ્ધ છે (અર્થાત્ અબરખ). अभ्रवालुका = સૂક્ષ્મ - બારીક અબરખ મિશ્રિત વાલુકા - રેતી. એ સર્વે ખર બાદર પૃથ્વીકાયના ભેદ છે. च કારનું અહીં પણ ગ્રહણ હોવાથી ખર પૃથ્વીના કેવળ એટલા જ ભેદ છે એમ નહીં પરંતુ मणिविहाणा = મણિભેદો (મણિરત્નના અનેક ભેદ) પણ ખર બાદર પૃથ્વીકાય છે. એ પ્રમાણે ૨૭મી તથા ૨૮મી એ ૨ ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૨૭॥૨૮॥

अवतरण : પૂર્વ ગાથામાં ખર બાદર પૃથ્વીકાયના ભેદોમાં પર્યન્તે જે મણિરત્નના અનેક ભેદ કહ્યા તે મણિરત્નના કયા કયા ભેદ છે ? તે ૨ ગાથામાં કહે છે :

**गोमेज्जए य रुयए, अंके फलिहे य लोहियक्खे य ।**
**चंदप्पह वेरुलिए, जलकंते सूरकंते य ॥२९॥**
**गेरुय चंदण वच्चग, भुयमोए तह मसारगल्ले अ ।**
**वण्णाईहि य भेया, सुहुमाणं नत्थि ते भेया ॥३०॥**

गाथार्थ : ગોમેદ્યકમણિ, રુચકમણિ, અંકરત્ન, સ્ફટિકરત્ન, લોહિતાક્ષરત્ન, ચંદ્રપ્રભમણિ, વૈડૂર્યરત્ન, જલકાંતમણિ, સૂર્યકાંતમણિ, ગૈરુકમણિ, ચંદનમણિ, વચ્ચકરત્ન, ભુજમોચકમણિ, તથા મસારગલ્લમણિ એ ખર બાદર પૃથ્વીકાયના ભેદ છે. તથા ખર પૃથ્વીના વર્ણાદિક ભેદે બીજા પણ અનેક ભેદ છે, અને તેવા ભેદ સૂક્ષ્મ પૃથ્વીકાયના નથી. ॥૨૯॥૩૦॥

व्याख्यार्थ : ગોમેજ્જક (ગોમેદ્યક), રુચક નામનો મણિ, અંકરત્ન, સ્ફટિકરત્ન, લોહિતાક્ષમણિ, ચંદ્રપ્રભમણિ, વૈડૂર્યમણિ, જલકાંતમણિ, અને સૂર્યકાંતમણિ, તથા ગૈરુકમણિ, ચંદનમણિ, વચ્ચકમણિ, ભુજમોચકમણિ તથા મસારગલ્લમણિ એ સર્વે પણ ખર બાદર પૃથ્વીકાયના ભેદ છે.

प्रश्न :- ગ્રંથાન્તરોમાં મણિના ભેદનો ક્રમ તો આ પ્રમાણે કહેવાય છે કે 'ગોમેદ્યક - રુચક - અંક - સ્ફટિક - લોહિતાક્ષ - મરકત - મસારગલ્લ - ભુજમોચક - ઈંદ્રનીલ - ચંદન - ગૈરુક - હંસ - પુલક - સૌગંધિક - એ મણિના ભેદનો ક્રમ જાણવો, તથા ચંદ્રપ્રભ, વૈડૂર્ય, જલકાંત તથા સૂર્યકાંત' આ પ્રમાણે મણિના ભેદનો ક્રમ કહ્યો છે તો આ ગ્રંથમાં પૂર્વોક્ત ક્રમ કેવી રીતે


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહ્યો ?

उत्तर :- એ વાત સત્ય છે, પરંતુ કોઈ કોઈ મણિભેદમાં પરસ્પર કોઈ મણિભેદનું કોઈક રીતે અંતર્ગતપણું હોવાથી વિરોધ ન જાણવો, તો પણ તત્ત્વ તો શ્રીબહુશ્રુતો જ જાણે.

તથા એ ખર બાદર પૃથ્વીકાયના પૂર્વે કહેલા સર્વે ભેદોથી બીજા પ્રકારના પણ ઘણા ભેદ વર્ણ - ગંધ - રસ - સ્પર્શ ઇત્યાદિ વડે થાય છે તે જાણવું. વળી જે પૃથ્વીકાય જીવો સૂક્ષ્મ નામકર્મના ઉદયથી અતિસૂક્ષ્મ છે; અને સમગ્ર લોકાકાશમાં વ્યાપ્ત થયેલાં છે, તે જીવોના 'શુદ્ધ પૃથ્વી - શર્કરા - વાલુકા' ઇત્યાદિ ગાથામાં કહેલા ભેદ નથી; તેમજ ઇન્દ્રિયગોચર થઈ શકે એવા વર્ણાદિથી ઉત્પન્ન થયેલા (કૃષ્ણમૃત્તિકાદિ) ભેદ તે પણ સૂક્ષ્મ પૃથ્વીકાયના નથી. કારણ કે તે જીવો અતિસૂક્ષ્મ છે, માટે તે સૂક્ષ્મ પૃથ્વીકાય જીવોને તો પર્યાપ્ત તથા અપર્યાપ્ત ભેદથી ૨ પ્રકારના જ પૂર્વે કહ્યા છે. ॥૨૯॥૩૦॥

अवतरण : પૂર્વ ગાથામાં બાદર પૃથ્વીકાયના પ્રતિભેદ કહીને હવે આ ગાથામાં બાદર અપ્કાયના ભેદ કહેવાય છે. તે આ પ્રમાણે :

**ओसा य हिमं महिगा, हरतणु सुद्धोदए घणोए या ।**
**वण्णाईहि य भेया, सुहुमाणं नत्थि ते भेया ॥३१॥**

गाथार्थ : ઓસ - હિમ - ધૂમરી - હરતનુ - શુદ્ધ જળ - ઘનોદધિ એ બાદર અપ્‌ના ભેદ છે, તેમજ વર્ણાદિક વડે પણ બાદર અપ્કાયના બીજા અનેક ભેદ છે, અને તેવા ભેદ સૂક્ષ્મ અપ્કાયના હોય નહિ. ॥૩૧॥

व्याख्यार्थ : શરદ આદિ ઋતુમાં રાત્રિના પશ્ચાત્ ભાગમાં (પરોઢીએ) થતી સૂક્ષ્મ વૃષ્ટિ તે ओस (અથવા અવશ્યાય) કહેવાય છે. हिम પ્રસિદ્ધ છે. महिका એટલે ગર્ભમાસ (જે માસમાં મેઘ વાદળરૂપી ગર્ભમાં રહે તે - વૈશાખ- જેઠ) માં થતી સૂક્ષ્મ વૃષ્ટિરૂપ ધૂમાડા સરખી ધૂમરી. હરતનુ એટલે સ્નેહવાળી (જળગર્ભવાળી) પૃથ્વીમાંથી ઉત્પન્ન થઈને ઘાસના અગ્રભાગે જઈને ઠરેલા જળના બિંદુ. शुद्धोदक = સમુદ્ર તથા મોટા સરોવર - દ્રહ ઇત્યાદિના અતિમધ્યભાગમાં રહેલું જળ. घनोदक = ઘનોદધિનું જળ. આ ઘનોદક ભેદ દશવૈકાલિક આદિ શાસ્ત્રોમાં ગ્રહણ કરેલા (કહેલા) શિરાજળ[1] - અંતરિક્ષજળ[2] અને કરા[3] ઇત્યાદિ જળના ભેદ ગ્રહણ કરવા માટે ઉપલક્ષણ (સૂચક) જાણવું. ગાથામાં કહેલ वन्नाईहि य भेया ઇત્યાદિ ઉત્તરાર્ધનો અર્થ પૂર્વલી ૩૦મી ગાથામાં કહેલાં એ જ પદોના અર્થના અનુસારે કહેવો, પરંતુ પૃથ્વીકાયના સ્થાને અપ્કાય શબ્દ કહેવો. એ પ્રમાણે ૩૧મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૩૧॥

अवतरण : પૂર્વ ગાથામાં અપ્કાયના ભેદ કહીને હવે આ ગાથામાં બાદર अग्निकायના પ્રતિભેદ કહે છે તે આ પ્રમાણે :

**इंगाल जाल अच्ची, मुम्मुर सुद्धागणी य अगणी य ।**
**वण्णाईहि य भेया, सुहुमाणं नत्थि ते भेया ॥३२॥**

---

૧. નદી અથવા કૂવા વગેરેમાં જળની શિરા-સર ફૂટે છે તેમાંનું જળ.

૨. વર્ષાદનું જળ. ૩. કાચો જળગર્ભ જે પથ્થરના રૂપમાં વર્ષે છે તે જળના પથરા તથા જળની શિલાઓ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગાથાર્થ : અંગારાનો અગ્નિ. જ્વાલાગ્નિ, જ્વાલા (અપ્રતિબદ્ધ જ્વાલા) તથા શુદ્ધ અગ્નિ એ અગ્નિકાયના બાદરના ભેદ છે, તેમજ વર્ણાદિક વડે અગ્નિના બીજા ભેદ પણ જાણવા, પરંતુ આ કહેલા ભેદો સૂક્ષ્મ અગ્નિકાયના ન હોય. ॥૩૨॥

વ્યાખ્યાર્થ : અહીં બળી ગયેલ અને ધૂમરહિત થયેલ કાષ્ઠ તે अंगार (અર્થાત્ ભડકા રહિત બળતું જાજવલ્યમાન કાષ્ઠ તે અંગાર), અથવા લોખંડ આદિકમાં વ્યાપ્ત થયેલો અગ્નિ પણ अंगार કહેવાય. કેટલાક આચાર્યો જ્વાલાદિરહિત અગ્નિને અંગાર કહે છે. તથા ज्वाला = અગ્નિના સંબંધવાળી શિખારૂપ અગ્નિ (અર્થાત્ કાષ્ઠાદિકના સંબંધવાળો ભડકો), अर्चि = અગ્નિ સાથે સંબંધરહિત ત્રુટેલી શિખારૂપ અગ્નિ (અર્થાત્ કાષ્ઠાદિકના સંબંધ વિનાનો ભડકો). કેટલાક આચાર્યો જ્વાલા તથા અર્ચિનો અર્થ પરસ્પર ફેરફાર[1] વાળો કહે છે. मुर्मुर = ભસ્મમિશ્રિત છૂટા છૂટા અગ્નિકણ. शुद्धाग्नि = વીજળીનો અગ્નિ. કેટલાક આચાર્યો ધૂમાડા રહિત બળતા અંગારાને શુદ્ધ અગ્નિ કહે છે, અને બીજા કેટલાક આચાર્યો પૂર્વોક્ત અંગારાદિ ભેદથી જુદા ભેદવાળો કે જે મહાનગરના દાહરૂપ તથા ઈંટને પકવવા માટે (ઈંટમાં વ્યાપ્ત) થયેલો અગ્નિ તે શુદ્ધાગ્નિ કહે છે. આ અર્થવાળા પક્ષમાં ઉલ્કાપાત ઈત્યાદિ અગ્નિઓનું શુદ્ધ અગ્નિ ઉપલક્ષણ[2] થાય છે. તથા वन्नाईहि य ઈત્યાદિ ઉત્તરાર્ધનો અર્થ પૂર્વગાથાર્થવત્ કહેવો. એ પ્રમાણે ૩૨મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૩૨॥

अवतरण : પૂર્વ ગાથામાં અગ્નિકાયના ભેદ કહીને હવે આ ગાથામાં બાદર વાયુકાયના ભેદ કહેવાય છે. તે આ પ્રમાણે :

**वाउब्भामे उक्कलि, मंडलि गुंजा महा घण तणूया ।**
**वन्नाईहि य भेया, सुहुमाणं नत्थि ते भेया ॥३३॥**

ગાથાર્થ : ઉદ્ભ્રામકવાયુ - ઉત્કલિકાવાયુ - મંડલિવાયુ - ગુંજવાયુ - મહાવાયુ - ઘનવાયુ તથા તનવાયુ, તેમજ વર્ણાદિક વડે વાયુકાયના બીજા પણ અનેક ભેદ છે અને તેવા ભેદ સૂક્ષ્મ વાયુકાયના ન હોય. ॥૩૩॥

વ્યાખ્યાર્થ : અહીં ગાથામાં કહેલા (ઉત્કલિકાદિ) ભેદથી જુદો મંદ વાયુ ઈત્યાદિ વાયુ જે ઊર્ધ્વગતિએ વાય છે તે उद्भ्राम वायु, જે વાયુ રહી રહીને વાય તે उत्कलिका वायु, વંટોળિયારૂપે જે વાયુ તે मंडलि वायु, જે વાયુ ગુંજારવ ધ્વનિ કરતો વાય છે તે गुंज वायु, વૃક્ષાદિને ભાંગતો (તોફાની) જે વાયુ વાય છે તે महावायु, તથા घनवायु અને तनवायुतो ઘનોદધિ આદિકને આધારભૂત છે તે પ્રસિદ્ધ છે. અહીં પ્રસ્તુત વિષયને અનુસરીને ગાથામાં પ્રારંભે કહેલો वाउ શબ્દ વાયુના સર્વ ભેદોમાં જોડેલો છે. વળી संवर्त्त वायु ઈત્યાદિ ભેદો પણ અન્ય ગ્રંથોમાં કહ્યા છે, તે સર્વ ગાથામાં પ્રારંભે કહેલા वाउ = વાયુ શબ્દથી સંગૃહીત થયેલા જાણવા. ત્યાં જે વાયુ

૧. અર્થાત્ જ્વાલાના અર્થમાં અર્ચિનો અર્થ કહે છે, અને અર્ચિના અર્થમાં જ્વાલાનો અર્થ કહે છે. એ પરસ્પર વ્યત્યયાર્થ જાણવો.

૨. મહાનગરનો દાહ તથા ઈંટના પાકનો અગ્નિ જેમ શુદ્ધાગ્નિ કહેવાય છે, તેમ એવા પ્રકારના બીજા પણ કણગ-ઉલ્કાપાત-વીજળી ઈત્યાદિ અગ્નિ તે શુદ્ધાગ્નિ જાણવા એ ઉપલક્ષણનું તાત્પર્ય છે. અહીં કણગ એટલે લોકપ્રસિદ્ધ ખરતા તારા જાણવા.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બહાર રહેલા તૃણાદિ પદાર્થોને સંવર્ત્તીને એટલે એકત્ર કરીને (એટલે પોતાનામાં આંટવીને) વિવક્ષિત ક્ષેત્રમાં લાવી નાખે તે संवर्त्तक વાયુ કહેવાય. 'वन्नाईहि य' ઈત્યાદિ પદવાળું ગાથાનું ઉત્તરાર્ધ પૂર્વ ગાથા પ્રમાણે (અર્થથી) કહેવું. એ પ્રમાણે ૩૩મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૩૩॥

अवतरण : પૂર્વ ગાથામાં બાદર વાયુકાયના ભેદ કહીને હવે આ ગાથામાં બાદર વનસ્પતિના ભેદ કહે છે, તે આ પ્રમાણે :

**मूलग्गपोरबीया, कंदा तह खंधबीय बीयरुहा ।**

**सम्मुच्छिमा य भणिया, पत्तेय अणंतकाया य ॥३४॥**

गाथार्थ : મૂળબીજ - અગ્રબીજ - પર્વબીજ - કંદબીજ તથા સ્કંધબીજ - બીજબીજા અને સમ્મૂર્ચ્છિમા એ ૭ પ્રકારની પ્રત્યેક વનસ્પતિ તથા ૭ પ્રકારની અનંતકાય વનસ્પતિ કહી છે. ॥૩૪॥

व्याख्यार्थ : જે વનસ્પતિનું મૂળ એ જ બીજ[1] છે, તે મૂલબીજ વનસ્પતિ કમળકંદ તથા કેળ વગેરે છે. જે વનસ્પતિનું બીજ અગ્રભાગે હોય તે કોરંટ - નાગવલ્લી ઈત્યાદિ વનસ્પતિઓ अग्रबीज કહેવાય. જે વનસ્પતિઓનું પર્વ એ જ બીજ છે. તે શેલડી આદિ વનસ્પતિઓ पर्वबीज કહેવાય. ગાથામાં કહેલાં कंदा એ પદને પણ બીજ શબ્દનો સંબંધ જોડાય છે. તેથી જે વનસ્પતિઓનો કંદ એ જ બીજ છે તે સૂરણ વગેરે कंदबीज વનસ્પતિ કહેવાય. જે વનસ્પતિઓનો સ્કંધ એ જ બીજ છે તેવી શલ્લકી - પારિભદ્ર ઈત્યાદિ વનસ્પતિઓ स्कंधवीज કહેવાય. જે વનસ્પતિઓ બીજથી ઉગનારી હોય છે તેવી ડાંગર-મગ આદિ ઔષધિરૂપ વનસ્પતિઓ बीजरुह કહેવાય. વળી તેવા પ્રકારના લોકપ્રસિદ્ધ બીજના અભાવે બળેલી ભૂમિ આદિકમાં પણ જે વનસ્પતિઓ संमूर्च्छन्ति એટલે સંમૂર્ચ્છે છે - પ્રગટ થાય છે ઊગે છે તેવી તૃણાદિ વનસ્પતિઓ सम्मूर्च्छिम કહેવાય છે,

प्रश्न :- ઉપર કહેલી મૂળબીજ ઈત્યાદિ ૭ ભેદવાળી કઈ વનસ્પતિઓ જાણવી ?

उत्तर :- 'पत्तेय' ઈતિ. એક એક પ્રતિ તે પ્રત્યેક એટલે એક એકનું દરેકનું જુદું જુદું શરીર તે प्रत्येक शरीर, અને તેવા શરીરના સંબંધથી તેમાં રહેલા (એટલે એકેક શરીરમાં જુદા જુદા એકેક રહેલા) જીવો પણ પ્રત્યેક કહેવાય, અને તેવા જીવોવાળી (અથવા તેવા શરીરયુક્ત જીવોવાળી) વનસ્પતિઓ પણ प्रत्येक वनस्पति ગણાય છે. અર્થાત્ એ પ્રત્યેક વનસ્પતિઓમાં જે એક વિવક્ષિત જીવનું શરીર તે બીજાનું શરીર નથી. (એટલે તે શરીરમાં તે જ એક જીવ રહ્યો છે, પરંતુ બીજો જીવ તેમાં હોય નહિ). એ પ્રમાણે હોવા છતાં એટલે કે જુદાં જુદાં શરીરો હોવા છતાં જુદાં જુદાં ન દેખાતા એક જ મૂળાદિ શરીરનો પ્રતિભાસ થાય છે, તેનું કારણ સરસવોના દાણાની બનાવેલી સળીમાં જેમ સર્વ સરસવોનો સળીરૂપે એકત્વભાવ દેખાય છે. તેમ અહીં પણ તથા પ્રકારના પરિણામ વડે મૂળ-સ્કંધ ઈત્યાદિ ૧ શરીરરૂપે પ્રતિભાસમાન થાય છે. કહ્યું છે કે :

---

૧. અર્થાત્ જે વનસ્પતિનું મૂળ વાવ્યાથી જ તે વનસ્પતિ ઊગે તો તે मूलवीज. એ અનુસારે અગ્રબીજ આદિ વનસ્પતિઓનો અર્થ પણ વિચારવો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'જેમ શ્લેષદ્રવ્ય (સ્નિગ્ધ દ્રવ્ય) વડે મિશ્રિત થયેલા સર્વ અનેક સર્ષપોની વાળેલી વર્તિકા (બત્તી આકારની સળી) એકરૂપ દેખાય છે, તેમ પ્રત્યેક શરીરી જીવોનાં શરીરોનો સમૂહ પણ ૧ શરીર સરખો દેખાય છે ।।૧।। અથવા ઘણા તલ વડે મેળવેલી (અનેક તલના દાણાથી ભેગી થયેલી) તલસાંકળી જેમ એકરૂપે દેખાય છે તેમ પ્રત્યેક શરીરી જીવોનાં પ્રત્યેક શરીરોનો સમુદાય પણ ૧ શરીરરૂપે દેખાય છે. ।।૨।।

તથા अनंत જીવોનું એક काय = શરીર જે વનસ્પતિઓમાં છે તે વનસ્પતિઓ (અથવા તે શરીરો અથવા તે જીવો) अनंतकाय કહેવાય છે. એ પ્રત્યેક વનસ્પતિઓ તથા અનંતકાય વનસ્પતિઓ મૂલબીજ આદિ ભેદથી ઉપર કહેલા ૭ ભેદવાળી સંભવે છે જ. એ પ્રમાણે ૩૪મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ।।૩૪।।

अवतरण : પૂર્વ ગાથામાં પ્રત્યેક વનસ્પતિના તથા અનંતકાય વનસ્પતિના ૭-૭ ભેદ કહીને હવે આ ગાથામાં કંદ-મૂલ ઈત્યાદિની મુખ્યતાએ વનસ્પતિના સામાન્ય ભેદ કહે છે :

**कंदा मूला छल्ली, कट्ठा पत्ता पवाल पुप्फ फला ।**
**गुच्छा गुम्मा वल्ली, तणाणि तह पव्वया चेव ।।३५।।**

गाथार्थ : કંદ - મૂળ - છાલ - કાષ્ટ - પત્ર - પ્રવાલ - પુષ્પ - ફળ - ગુચ્છા - ગુલ્મ - વલ્લી - તૃણ તથા પર્વજ એ નિશ્ચય વનસ્પતિના સામાન્ય ભેદ છે. ।।૩૫।।

व्याख्यार्थ : અહીં કંદની મુખ્યતાવાળી[૧] વનસ્પતિઓનું નામ कन्द વનસ્પતિ છે, અને તેવી વનસ્પતિઓ સૂરણ ઈત્યાદિ જાણવી. કારણ કે એ કંદ વનસ્પતિઓના (સૂરણ આદિકના) કંદમાં જ ઘણા (અનંત) જીવો હોય છે, અને તે કંદો જ લોકમાં ઘણા ઉપયોગી હોય છે તથા તે (કંદનો, કંદના જીવોનો) વિનાશ થતાં તેના સંબંધવાળી સર્વ વનસ્પતિનો પણ વિનાશ થાય છે. એ પ્રમાણે કહેલી પદ્ધતિએ બીજી વનસ્પતિઓમાં પણ જેમાં જેની મુખ્યતા સંભવે તે તેની મુખ્યતાનું - નામનું કારણ સ્વતઃ વિચારવું. ત્યારબાદ એરંડા આદિ વનસ્પતિઓમાં મૂળની મુખ્યતા હોવાથી તે मूल વનસ્પતિ જાણવી. છલ્લી એટલે ત્વચા, અને તે ત્વચાની - છાલની મુખ્યતાવાળી કદલી (કેળ) આદિ વનસ્પતિઓ त्वचा વનસ્પતિ છે. વનસ્પતિની અંદર રહેલ કાષ્ઠની મુખ્યતાએ ખદિર (ખેર) આદિ વૃક્ષો काष्ट વનસ્પતિ છે. નાગવલ્લી આદિ પત્રની મુખ્યતાવાળી વનસ્પતિઓ पत्र વનસ્પતિ છે. પ્રવાલની મુખ્યતાવાળી અશોક આદિ प्रवाल વનસ્પતિ કહેવાય. પુષ્પની મુખ્યતાવાળી જાઈ ઈત્યાદિ पुष्प વનસ્પતિ કહેવાય. ફળની મુખ્યતાવાળી બદરી (બોરડી) આદિ વનસ્પતિઓ फल વનસ્પતિ કહેવાય. એ પ્રમાણે વનસ્પતિના તે તે અંગની - અવયવોની મુખ્યતાએ વનસ્પતિઓ તે તે નામવાળી કહી છે. (હવે અંગની મુખ્યતા વિના બીજી રીતે વનસ્પતિભેદ દર્શાવે છે. તે આ પ્રમાણે -)

૧. એ કંદવનસ્પતિઓમાં મૂળ - કંદ - ત્વચા - પત્ર - પુષ્પ ઈત્યાદિ અંગ હોય છે તો પણ લોકપ્રસિદ્ધિમાં કંદ આદિ એક અવયવની મુખ્યતા ગણીને કંદવનસ્પતિ આદિ નામો ગણાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુચ્છ એટલે સમુદાય, અર્થાત્ એક જ સ્થાનમાં ઘણાં ફળ વિગેરેનાં ઝુમખાં ઉગે તે તે ગુચ્છા - ઝુમખાંઓની મુખ્યતાએ વૃન્તાક (વેંગણ) આદિ વનસ્પતિઓ ગુચ્છ વનસ્પતિ કહેવાય. તથા પ્રથમ ઊગેલી એક જ લતાના મૂળમાં બીજી ઘણી લતાઓ ઊગવાથી લતાઓનું જે ગાઢ જાળું બાઝે તે લતાજાળનું નામ गुल्म વનસ્પતિ કહેવાય, અને તેવી ગુલ્મપ્રધાન વનસ્પતિઓ નવમાલિકાદિ તે ગુલ્મવનસ્પતિ કહેવાય. તથા ત્રપુષી આદિ વલ્લી વનસ્પતિ છે, શ્યામાક આદિ તૃણ વનસ્પતિ છે. તથા પર્વ એટલે સંધિઓ - સાંધા - ગાંઠા - તેમાંથી જ ઊગનારી શેલડી આદિ પર્વજ વનસ્પતિઓ છે.

અહીં વલ્લી, તૃણ તથા પર્વજ એ ૩ વનસ્પતિભેદ પૂર્વે કહેલા બીજરુહ, સંમૂર્ચ્છજ તથા પર્વજ આદિ ભેદોમાં તેમજ ફળપ્રધાનાદિ (ફળ ઇત્યાદિ ભેદવાળા) વનસ્પતિભેદોમાં જો કે કોઈનો કોઈમાં (કોઈ ભેદનો કોઈ બીજા ભેદમાં) અંતર્ભાવ થાય છે, તો પણ અહીં પુનઃકથન દોષ ન જાણવો. કારણ કે પૂર્વે કહેલાં (મૂલબીજ આદિ) ભેદ સામાન્યથી કહ્યા છે, અને આ (કંદ આદિ) ભેદ વિશેષભેદરૂપે કહ્યા છે.

વળી આ સ્થાને અન્ય શાસ્ત્રોમાં વનસ્પતિના બીજા પણ ભેદ કહ્યા છે, અને તે ભેદ અહીં કહેલા ભેદોના ઉપલક્ષણરૂપ હોવાથી તે ભેદો આ સ્થાને પણ ગ્રહણ કરવા. તે આ પ્રમાણે :

ચંપકલતા વગેરે लता વનસ્પતિ છે. નાળિયેરી વગેરે लतावलय વનસ્પતિ છે. કારણ કે એ વનસ્પતિઓને અનેક શાખાઓનો અભાવ હોવાથી (અર્થાત્ એક જ શાખારૂપ હોવાથી) લતાસ્વરૂપ ગણાય છે. તથા ત્વચાનો - છાલનો આકાર વલય સરખો ફરતો ગોળ હોવાથી (નાળિયેરી આદિ વનસ્પતિઓ) લતાવલય સ્વરૂપ ગણાય છે. તથા कुहुणा એ એક જાતની સર્પછત્રક વગેરે રૂપ, ભૂમિસ્ફોટક (કૂતરાના કાન અથવા બિલ્લીના ટોપ ઇત્યાદિ નામથી પ્રસિદ્ધ ચોમાસામાં ઊગતી અનંતકાય વનસ્પતિ સરખી) વનસ્પતિ છે. તથા બીજી जलरुह એટલે પદ્મ આદિ કમળો, તથા औषधितृण એટલે શાલિ આદિ ધાન્યરૂપ વનસ્પતિ તથા हरितकाय = તંદૂલેયક આદિ વનસ્પતિ ઇત્યાદિ બીજા પણ [૧]વનસ્પતિભેદ શ્રી સિદ્ધાંતને અનુસારે જાણવા. એ પ્રમાણે ૩૫મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૩૫॥

अवतरण : પૂર્વ ગાથાઓમાં સામાન્યથી બાદર વનસ્પતિકાયના ભેદ કહીને હવે આ ગાથામાં સાધારણ વનસ્પતિના વિશેષ ભેદ કહે છે. તે આ પ્રમાણે :

**सेवाल पणग किन्हग, कवया कुहुणा य बायरो काओ ।**
**सव्वो य सुहुमकाओ, सव्वत्थ जलत्थलागासे ॥३६॥**

---

૧. પ્રત્યેક વનસ્પતિના ૧૨ ભેદ ક્રમશઃ જે સર્વ ગ્રંથોમાં પ્રસિદ્ધ છે તે ૧૨ ભેદ આ પ્રમાણે - (૧) વૃક્ષ - (૨)ગુચ્છ (૩) ગુલ્મ (૪) લતા (૫) વલ્લી (૬) પર્વગ (૭) તૃણ (૮) વલય (૯) હરિતક. (૧૦) ઔષધિ (૧૧) જલરુહ અને (૧૨) કુહણા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગાથાર્થ : સેવાલ - લીલ - કૃષ્ણક - કવય તથા કુહુણા એ સર્વ બાદર સાધારણ વનસ્પતિકાયના ભેદ છે. અને સર્વ સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય જળમાં, સ્થળમાં તથા આકાશમાં (લોકાકાશમાં) સર્વત્ર વ્યાપ્ત છે. ॥૩૬॥

વ્યાખ્યાર્થ : सेवाल તે જળ ઉપર થતી - થનારી પ્રસિદ્ધ છે. पनक = કાષ્ઠાદિક ઉપર થનારી ઉલ્લીવિશેષ (લીલવિશેષ). किन्नक = પાણીના ઘડામાં થનારી અને પ્રાયઃ વર્ષાઋતુમાં ઉત્પન્ન થનારી ઉલ્લી - લીલવિશેષ. कवय = ભૂમિફોડા. कुहणा - સર્પછત્રાદિરૂપ એક જાતિના ભૂમિફોડા છે. એ કવય તથા કુહુણા અન્ય સ્થાનો એટલે ગ્રંથાન્તરોમાં પ્રત્યેક વનસ્પતિરૂપે કહ્યા છે, અને અહીં તો સાધારણ વનસ્પતિકાયરૂપે કહ્યા, માટે એમાં તત્ત્વ શું છે તે શ્રી કેવલી ભગવંત જાણે.

ઉપર કહેલ સેવાલ આદિ સર્વે બાદર સાધારણ વનસ્પતિકાય છે. અને સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય જીવો તો સર્વે સર્વત્ર એટલે સામાન્યથી ૧૪ રજ્જુ પ્રમાણ લોકાકાશમાં વ્યાપ્ત છે. અને વિશેષથી તો જલ, સ્થલ તથા આકાશમાં અનિયતપણે રહેલ છે. વળી બાદર સાધારણ વનસ્પતિકાય તો પૃથ્વી, જળ, સ્થળ ઇત્યાદિમાં પણ નિયત - અમુક અમુક સ્થાને જ રહેલ છે, એ તાત્પર્ય છે. એ પ્રમાણે ૩૬મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૩૬॥

अवतरण : આ સ્થાને સિદ્ધાંતમાં आलू-मूला-अद्रक ઇત્યાદિ બાદર સાધારણ વનસ્પતિના ઘણા [1]ભેદ કહ્યા છે અને સૂચવેલા છે, અને અહીં તો સેવાલ આદિ કેટલાક અલ્પ ભેદ જ કહ્યા છે, માટે શેષ સર્વ ભેદના સંગ્રહ માટે સર્વ બાદર સાધારણ વનસ્પતિકાયનું સામાન્યથી લક્ષણ કહે છે. તે આ પ્રમાણે :

પૂર્વ ગાથામાં વનસ્પતિના સાધારણ તથા પ્રત્યેક એ ૨ ભેદ કહ્યા તે સાધારણ અને પ્રત્યેક વનસ્પતિનું લક્ષણ આ ગાથામાં કહે છે :

---

૧. સિદ્ધાંતોમાં બાદર સાધારણ વનસ્પતિના આલૂ ઇત્યાદિ ભેદ આ પ્રમાણે :

साहारणसरीरा उ, णेगहा ते पकित्तिआ ।
आलुए मूलए चेव, सिगंबेरे तहेव य ॥९६॥ ઉત્તરાધ્યયને ॥

हिरिली सिरिली सिस्सिरिली, जावई केअकंदली ।
पलंडू लसणकंदे, कंदली अ कुहुव्वए ॥९७॥
लोहणी हूअ थीहू अ, कूहगा य तहेव य ।
कन्हे अ वज्रकंदे य, कंदे सूरणए तहा ॥९८॥
अस्सकन्नी अ बोधव्वा, सीहकन्नी तहेव य ।
मुसुंढी य हलिद्दा य णेगहा एवमायओ ॥९९॥

અર્થ :- સાધારણ શરીરવાળા જીવો તે અનેક પ્રકારના કહ્યા છે. તેમાંના કેટલાએકનાં નામ આ પ્રમાણે : આલૂ - મૂલા - અર્દ્રક (આદૂ) ઇત્યાદિ ગાથામાં કહેલા અનેક ભેદ તે કોઈ કોઈ દેશવિશેષમાં પ્રસિદ્ધ જાણવા. પુનઃ શ્રી પ્રજ્ઞાપનાજીમાં બાદર અનંતકાયના ભેદ તથા લક્ષણો અતિસવિસ્તર કહ્યાં છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**गूढसिरसंधिपव्वं, समभंगमहीरयं च छिन्नरुहं ।**
**साहारणं सरीरं, तव्विवरीयं च पत्तेयं ॥३७॥**

ગાથાર્થ : ગુપ્ત શિરા, ગુપ્ત સાંધા, ગુપ્ત પર્વ - ગાંઠા, ભાંગવાથી સરખા ભાગ થાય તે સમભંગ, હીરક-રેસારહિત, તથા છેદ્યા છતાં વાવવાથી પુનઃ ઊગે તે છિન્નરુહ; એ લક્ષણોવાળી વનસ્પતિ સાધારણ શરીરવાળી જાણવી, અને એથી વિપરીત લક્ષણોવાળી વનસ્પતિ પ્રત્યેકશરીરવાળી (એટલે પ્રત્યેકવનસ્પતિ) કહેવાય. ॥૩૭॥

વ્યાખ્યાર્થ : અહીં જે વનસ્પતિમાં પત્રની-કાંડની (સ્કંધની) - નાળની તથા શાખા વગેરેની શિરા ગૂઢ એટલે ઓળખી-દેખી ન શકાય તેવી હોય, તથા સંધિઓ અને પર્વ ગૂઢ હોય, તથા જે વનસ્પતિને ભાંગતાં એટલે શાખાદિકને ભાંગતાં તેમજ પત્રાદિકને તોડતાં સમ - અદંતુર - (સરખો સપાટ) ભંગ - ભેદ થાય, તથા હીરક એટલે તંતુ-રેસા જેના મધ્યે ન હોય, તથા જે વનસ્પતિને છેદીને ગૃહાદિકમાં લાવી (ઘેર લાવી) શુષ્કતાદિ અવસ્થા પામવા છતાં પણ (સૂકવવા છતાં પણ) જળાદિક સામગ્રી પામીને ગળો ઇત્યાદિની માફક જે પુનઃ પણ ઊગી નીકળે છે તે छिन्नरुह કહેવાય. એ સર્વ લક્ષણોવાળી વનસ્પતિનું શરીર તથા પૂર્વે કહેલી સેવાલ આદિ વનસ્પતિ સિવાયની બીજી પણ વનસ્પતિઓનું અનંત જીવોવાળું શરીર તે સાધારણ શરીર જાણવું. અને તેથી વિપરીત લક્ષણવાળું હોય તે પ્રત્યેક શરીર જાણવું. તથા એ ગૂઢસિર આદિ કહેલાં લક્ષણ તે બીજાં પણ લક્ષણોનું ઉપલક્ષણ - ગ્રહણદર્શક છે, જે કારણથી બીજાં લક્ષણો આ પ્રમાણે કહ્યાં છે કે -

''જે વનસ્પતિને ભાંગતાં કુંભારના ચક્ર સરખો અદન્તુર - સમાન ભાગ થાય, તથા જે વનસ્પતિની ગ્રંથિ - ગાંઠ ઉજ્જવલ ચૂર્ણઘન હોય એટલે જે વનસ્પતિની ગાંઠને ભાંગતાં ઉજ્જવલ ઘણું ચૂર્ણ ઊડતું દેખાય, તે વનસ્પતિ અનંત જીવોનું સાધારણ શરીર છે એમ જાણવું. એ વનસ્પતિનો એવો સરખો ભાગ કેવી રીતે - કયા પ્રકારે થાય ? તે સંબંધમાં દૃષ્ટાંત કહે છે કે, પૃથ્વી સરખા ભેદ વડે જેનો સરખો ભેદ થાય તે સાધારણ શરીર જાણવું. અહીં પૃથ્વી તે કેદાર વગેરેની (એટલે ક્ષેત્રાદિકની ભૂમિ) ઉપર રહેલી સૂકી ખપોટી અથવા બારીક ખડીની બનાવેલી વર્તિકા (સળી) ગ્રહણ કરવી. જેમ તે માટીની સૂકી ખપોટી (પોપડી) ભાંગતાં તથા ખડીની સળી ભાંગતાં દાંતારહિત સરખો ભેદ થાય છે, તેમ જે વનસ્પતિ પણ ચક્રના આકાર સરખી દાંતારહિત ભાંગે તે સાધારણ વનસ્પતિ કહેવાય.'' એ ૩૭મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૩૭॥

अवतरण : એ પ્રમાણે પૃથ્વીકાય વગેરે પાંચે સ્થાવરોનું નિરૂપણ કર્યું, અને હવે त्रसकायનું સ્વરૂપ કહેવાય છે :

**दुविहा तसा य वुत्ता, वियला सयलिंदिया मुणेयव्वा ।**
**बितिचउरिंदिय वियला, सेसा सयलिंदिया नेया ॥३८॥**

ગાથાર્થ : ત્રસ જીવો બે પ્રકારના કહ્યા છે : ૧. વિકલેન્દ્રિય અને ૨. સકલેન્દ્રિય જાણવા. ત્યાં દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય તથા ચતુરિન્દ્રિય એ ૩ પ્રકારના વિકલેન્દ્રિય છે અને શેષ સર્વ જીવો


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(એટલે સર્વ પંચેન્દ્રિય) સકલેન્દ્રિય જાણવા. ॥૩૮॥

व्याख्यार्थ : શીત વાયુ અને આતપ (તાપ) ઇત્યાદિની અભિલાષાથી જે જીવો त्रस्यन्ति = ચાલે એટલે સ્થાનાન્તર ગતિ કરે તે ત્રસ જીવ કહેવાય. તે દ્વિવિધ = ૨ પ્રકારના કહ્યા છે; અને તે ૨ પ્રકાર વિકલેન્દ્રિય અને સકલેન્દ્રિય એ ૨ ભેદરૂપ જાણવા. ઈન્દ્રિયો ૫ સંખ્યાવાળી છે. અર્થાત્ ૫ ઇન્દ્રિયો છે, તે પાંચની અપેક્ષાએ જે જીવો વિકલ એટલે હીન સંખ્યાયુક્ત ઇન્દ્રિયોવાળા દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય તથા ચતુરિન્દ્રિય જીવો તે विकलेन्द्रिय કહેવાય. એ સિવાયના જેટલા જીવો ત્રસકાયના શેષ અર્થાત્ બાકી રહ્યા, તેટલા સર્વ જીવો सकलेन्द्रिय જાણવા. અહીં ઇન્દ્રિયોની જે ૫ સંખ્યા છે તે સંખ્યા આશ્રયી સંપૂર્ણ (પાંચે) ઇન્દ્રિયો જે જીવોને છે તે જીવો सकलेन्द्रिय ત્રસ જીવો જાણવા. એ પ્રમાણે ૩૮મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૩૮॥

अवतरण : પૂર્વ ગાથામાં વિકલેન્દ્રિયાદિ ત્રસ જીવોના દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય એ ૪ ભેદ કહ્યા તેમાં દ્વીન્દ્રિયાદિ જીવો કયા કયા જાણવા ? તે દર્શાવે છે :

**संखा गोम्मी भमराइया य विगलिंदिया मुणेयव्वा ।**
**पंचिंदिया य जल थल खहयर सुरनारयनरा य ॥३९॥**

गाथार्थ : શંખ આદિ જીવો દ્વિન્દ્રિય, ગોમી (કાનખજૂરા) આદિ જીવો त्रीन्द्रिय, તથા ભ્રમર આદિ જીવો चतुरिन्द्रिय. એ પ્રમાણે અનુક્રમે ૩ પ્રકારના વિકલેન્દ્રિયો જાણવા. તથા જલચર - સ્થલચર-ખેચર - દેવ-નારક અને મનુષ્ય એ જીવો पंचेन्द्रिय જાણવા.

व्याख्यार्थ : ગાથામાં કહેલા 'आइया = આદિ' શબ્દ संखा = શંખ ઇત્યાદિ પ્રત્યેક ભેદની સાથે સંબંધવાળો છે, તેથી संखा = શંખ આદિ દ્વીન્દ્રિય જીવો છે, गोम्मी = કાનખજૂરા આદિ ત્રીન્દ્રિય જીવો છે, અને भमराइया = ભ્રમર આદિ ત્રીન્દ્રિય જીવો છે. અને એ સર્વે विकलेन्द्रिय જીવો જાણવા. અને પૂર્વ ગાથામાં જે સકલેન્દ્રિયપણું (સકલ - સમગ્ર ઇન્દ્રિયોવાળા) જે પંચેન્દ્રિય જીવો કહ્યા તે જલચર ઇત્યાદિ જાણવા.

તે પંચેન્દ્રિય જીવો આ પ્રમાણે : जल = જળને વિષે चर = ચાલે, પર્યટન કરે, - ભમે તે जलचर પંચેન્દ્રિય જીવો મત્સ્ય તથા મગર વગેરે જ જાણવા. તથા ગાય - બળદ - રોઝ વગેરે જીવો स्थलचर पंचेन्द्रिय જાણવા. કાગ - બગ વગેરે खेचर पंचेन्द्रिय જીવો છે. (એ ત્રણે પ્રકારના તિર્યંચ પંચેન્દ્રિય જીવો છે.) તથા ભવનપતિ આદિ देव पंचेन्द्रिय તથા રત્નપ્રભા આદિ પૃથ્વીઓમાં ઉત્પન્ન થયેલાં તે (સાત પ્રકારના) नारक पंचेन्द्रिय, કર્મભૂમિ ઇત્યાદિ ક્ષેત્રોમાં ઉત્પન્ન થયેલા मनुष्य पंचेन्द्रिय. (એ પ્રમાણે પંચેન્દ્રિય જીવોના ભેદ કહ્યા). આ ૩૯મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૩૯॥

अवतरण : એ પ્રમાણે પૂર્વ ગાથાઓમાં काय માર્ગણા દ્વારે જીવસમાસનું નિરૂપણ કરવા માટે પૃથ્વીકાય વગેરે ૬ પ્રકારની કાયમાર્ગણા કહી. એ છ પ્રકારની કાયમાર્ગણાવાળા (એટલે ૬ નિકાયના) જીવોમાં સર્વ પ્રાણીઓની મળીને ઘણાં કુલોની કંઈક અધિક ૧ કોડાકોડિ જેટલી સંખ્યા છે. તથા સંવૃત, વિવૃત આદિ ભિન્ન ભિન્ન પ્રકારે ૮૪ લાખ યોનિ છે. ૬ સંઘયણ તથા ૬ સંસ્થાન ઇત્યાદિ અનેક ભાવ (એ ૬ કાય જીવોમાં) સંભવે છે; તો પણ એ જીવોના કુલ


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદિ કહેવાથી શિષ્ય પ્રત્યે કંઈક વિશેષ ઉપકાર જાણીને શ્રી ગ્રંથકર્તા પ્રથમ તે કુલ વગેરે ભાવ અહીં પ્રસંગથી કહે છે. તે આ પ્રમાણે :

**बारस सत्त य तिन्नि य, सत्त य कुलकोडिसयसहस्साइं ।**
**नेया पुढवि - दगागणि - वाऊणं चेव परिसंखा ॥४०॥**

ગાથાર્થ : પૃથ્વીકાયની ૧૨ લાખ કુલકોટિ[1], અપકાયની ૭ લાખ કુલકોટિ, અગ્નિકાયની ૩ લાખ કુલકોટિ અને વાયુકાયની ૭ લાખ કુલકોટિ છે. એ પ્રમાણે પૃથ્વીકાયાદિ ૪ નિકાયના જીવોની નિશ્ચય કુલકોટિની સંખ્યા જાણવી. ॥૪૦॥

વ્યાખ્યાર્થ : આ ગાથામાં કહેલો 'कुलकोडिसयसहस्साइं એટલે લાખ કુલકોટિ,' એ શબ્દ 'બારસ' ઈત્યાદિ દરેક પદની સાથે સંબંધવાળો છે, જેથી ૧૨ લાખ કુલકોટિ, ૭ લાખ કુલકોટિ ઈત્યાદિ ક્રમ કુલકોટિનો જાણવો. અર્થાત્ કુલકોટિની એ પરિસંખ્યા = સંખ્યા જાણવી એ સંબંધ છે. તે કુલકોટિની પરિસંખ્યા ૧૨ લાખ ઈત્યાદિ કહી તે કયા કયા જીવોની ? તે કહેવાય છે કે - पुढवि = પૃથ્વીકાય ઈત્યાદિ પદનો પણ અનુક્રમ પૂર્વોક્ત સંખ્યાના અનુક્રમ સાથે જોડવો. તે આ પ્રમાણે :- પૃથ્વીકાય જીવોની ૧૨ લાખ કુલકોટિ જાણવી. અપ્કાય જીવોની ૭ લાખ કુલકોટિ જાણવી. અગ્નિકાય જીવોની ૩ લાખ કુલકોટિ તથા વાયુકાય જીવોની પુનઃ ૭ લાખ કુલકોટિ જાણવી. એ પ્રમાણે ૪૦મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૪૦॥ (શેષ જીવોની કુલકોટિ આગળની ગાથામાં કહેવાશે.)

अवतरण : પૂર્વ ગાથામાં ૪ એકેન્દ્રિયોની કુલકોટિ કહીને હવે આ ગાથામાં વનસ્પતિકાયની તથા ૩ વિકલેન્દ્રિયોની કુલકોટિની સંખ્યા કહે છે :

**कुलकोडिसयसहस्सा, सत्तट्ठ य नव य अट्ठवीसं च ।**
**बेइंदिय तेइंदिय, चउरिंदिय हरियकायाणं ॥४१॥**

ગાથાર્થ : દ્વીન્દ્રિયોની ૭ લાખ કુલકોડિ છે, ત્રીન્દ્રિયોની ૮ લાખ કુલકોડિ, ચતુરિન્દ્રિયની ૯ લાખ કુલકોડિ તથા હરિતકાયની એટલે સમગ્ર વનસ્પતિકાયની ૨૮ લાખ કુલકોડિ છે. ॥૪૧॥

વ્યાખ્યાર્થ : ગાથાર્થવત્ સુગમ છે. ॥૪૧॥

अवतरण : પૂર્વ ગાથામાં વિકલેન્દ્રિયની કુલકોડિ કહીને હવે આ ગાથામાં પંચેન્દ્રિય નિકાયના જીવભેદોની કુલકોડિ કહે છે. તે આ પ્રમાણે :

**अध्धत्तेरस बारस, दस दस कुलकोडिसयसहस्साइं ।**
**जलयर पक्खि चउप्पय-उरभुयसप्पाण नव हुंति ॥४२॥**

ગાથાર્થ : પૂર્વે કહેલા સ્વરૂપવાળા (૩૯મી ગાથામાં કહેલા મત્સ્યાદિ) જલચર પંચેન્દ્રિયોની अध्धत्तेरस = સાડાબાર લાખ કુલકોટિ છે, અને પક્ષીઓની (એટલે ખેચર પંચેન્દ્રિયોની) ૧૨

---

૧. અહીં યોનિ તથા કુલ એ બેમાં તફાવત એ છે કે યોનિ તે ઉત્પત્તિસ્થાન છે, અને તે એક જ પ્રકારના ઉત્પત્તિસ્થાનમાં જુદી જુદી જાતના પૃથ્વીકાયાદિ જીવો ઉપજે તે કુલ તે જીવોની પરસ્પર ભિન્નતાને આધારે ગણાય છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાખ કુલકોટિ છે. તથા સ્થલચર તિર્યંચો ચતુષ્પદ - ઉરઃપરિસર્પ અને ભુજપરિસર્પ એમ ત્રણ પ્રકારના છે, તેમાં ચતુષ્પદ તિર્યંચ પંચેન્દ્રિયોની ૧૦ લાખ કુલકોડિ છે, સર્પ વગેરે ઉરઃપરિસર્પ તિર્યંચોની ૧૦ લાખ કુલકોડિ છે અને ઘો તથા નકુલ (નોળ) આદિ ભુજપરિસર્પોની ૯ લાખ કુલકોડિ છે.

व्याख्यार्थ : ગાથાર્થવત્. એ પ્રમાણે ૪૨મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૪૨॥

अवतरण : પૂર્વ ગાથાઓમાં તિર્યંચોની કુલકોડિ - સંખ્યા કહીને હવે આ ગાથામાં દેવ - નારક તથા મનુષ્યોનાં કુલની સંખ્યા કહે છે :

**छव्वीसा पणुवीसा, सुरनेरइयाण सयसहस्साइं ।**
**बारस य सयसहस्सा, कुलकोडीणं मणुस्साणं ॥४३॥**

गाथार्थ : ભવનપતિ આદિ સર્વે દેવોની ૨૬ લાખ કુલ કોડિ છે. નારકોની ૨૫ લાખ કુલકોડિ છે, અને મનુષ્યોની ૧૨ લાખ કુલકોડિ છે.

व्याख्यार्थ : અહીં વ્યાખ્યાર્થ પણ ગાથાના અર્થને અનુસારે જાણવો. એ ૪૩મી ગાથાનો અર્થ સમાપ્ત.॥૪૩॥

अवतरण : આ ગાથામાં કુલકોડિની સર્વ સંખ્યા દર્શાવે છે :

**एगा कोडाकोडी, सत्ताणउई भवे सयसहस्सा ।**
**पन्नासं च सहस्सा, कुलकोडीणं मुणेयव्वा ॥४४॥**

गाथार्थ : જીવોનાં કુલ સર્વ મળીને ૧ કોડાકોડિ ૯૭ લાખ ૫૦ હજાર જાણવાં.

विशेषार्थ :- गतार्थ = અર્થ કહેવાઈ ગયો છે (અર્થાત્ ગ્રંથમાં ૩૯મી ગાથાના અર્થ પ્રસંગે समस्तजंतूनां सातिरेका कोटिकोटी कुलानां એ પદથી કહેવાયો છે), અને આ ભાષાર્થમાં ૪૦મી ગાથાના અવતરણ તરીકે કહ્યો છે.

## ॥ ૮૪ લાખ જીવયોનિનું સ્વરૂપ ॥

જીવોનાં સર્વ કુલ કહીને હવે ઉત્પત્તિસ્થાનરૂપ જીવોની યોનિનું સ્વરૂપ કહેવાય છે તે આ પ્રમાણે :- यु ધાતુ મિશ્રણ અર્થમાં છે, તેથી युवन्ति એટલે તેજસ્-કાર્મણ શરીરવાળા જીવો, અન્ય ભવમાં જઈ ઉત્પન્ન થતી વખતે જેને વિષે ઔદારિકાદિ ભવધારણીય શરીરદ્રવ્યો સાથે મિશ્રિત થાય છે, તે योनि કહેવાય. અર્થાત્ योनि એટલે એકેન્દ્રિયાદિ જીવોનું उत्पत्तिस्थान. સર્વ જીવોની અપેક્ષાએ તેવી ૮૪ લાખ યોનિ છે. અહીં એમ ન વિચારવું કે જીવો અનન્ત છે તો ઉત્પત્તિસ્થાનરૂપ યોનિઓ પણ અનંત હોવી જોઈએ. કેમ કે જીવોને સામાન્ય આધારભૂત એવો લોક (લોકાકાશ) પણ અસંખ્ય પ્રદેશાત્મક જ છે, તેમજ જીવોના વિશેષ આધારભૂત નરકાવાસ - નિષ્કુટ - દેવશય્યાઓ - પ્રત્યેક જીવોનાં શરીર તથા સાધારણ (નિગોદ) જીવોનાં શરીર તે પણ સર્વે (અથવા સર્વ મળીને) અસંખ્યાત જ છે. એ જ રીતે જીવો અનંત હોવા છતાં પણ ઉત્પત્તિસ્થાનો અનંત કેમ હોય ? ન જ હોય.

प्रश्न :- એ પ્રમાણે જીવો અનંત હોવા છતાં ઉત્પત્તિસ્થાનો પણ અનંત ન હોય તે માની લીધું, પણ તે 'અસંખ્યાત' હોય તેમ માનવામાં શો વાંધો ?


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उत्तर :- ના, તેમ પણ નહિ; કારણ કે ઉત્પત્તિસ્થાન જો કે ઘણાં છે તો પણ શ્રી કેવલિભગવંતે દેખેલા કેટલાક ધર્મો વડે એક સરખાં ઉત્પત્તિસ્થાનો ઘણાં હોય તો પણ તે સર્વે ૧ યોનિ તરીકે જ ગણાય છે. તેથી અનંત જીવોને શ્રીકેવલિભગવંતે દેખેલા કેટલાક સદૃશ ધર્મો વડે પરસ્પર અંતર્ગતપણે વિચારીએ તો યોનિઓ ૮૪ લાખ જ છે, એથી ન્યૂન નથી, તેમ અધિક પણ નથી. અને તે ૮૪ લાખ યોનિઓ અતિપ્રસિદ્ધ હોવાથી આ ગ્રંથમાં જો કે કહી નથી, તો પણ તે આ પ્રમાણે જાણવી :

**''પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય એ એકેકની (દરેકની) સાત સાત લાખ યોનિ છે. ॥૧॥ વિકલેન્દ્રિયોની દરેકની બે બે લાખ યોનિ છે. નારકની ૪ લાખ તથા દેવની ૪ લાખ યોનિ છે, પંચેન્દ્રિય તિર્યંચોની ૪ લાખ તથા મનુષ્યની ૧૪ લાખ યોનિ છે. ॥૨॥''**

प्रश्न :- योनि અને कुल એ બેમાં તફાવત શું ?

उत्तर :- योनि એટલે ઉત્પત્તિસ્થાન. જેમ છાણ એ વીંછી વગેરેનું ઉત્પત્તિસ્થાન છે, માટે વીંછી વગેરે જીવોની છાણ એ યોનિ છે; અને कुल તો વર્ણાદિ-ભેદવાળું છે, અને તે એકજ યોનિમાં ઉત્પન્ન થયેલા જીવોનું પણ ઘણા પ્રકારનું સંભવે છે. જેમ છાણ વગેરે એક જ પ્રકારની યોનિમાં ઉત્પન્ન વીંછી વગેરે જીવો પણ કપિલવર્ણી, રક્તવર્ણી ઇત્યાદિ અનેક ભેદવાળા હોય છે. જેથી કુલ અનેક પ્રકારનું હોય છે. વિશેષ વિસ્તારથી સર્યું. એ પ્રમાણે ૪૪મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૪૪॥

अवतरण : પૂર્વ ગાથાઓમાં જીવોનાં કુલ કહીને હવે આ ગાથામા જીવોની ૮૪ લાખ યોનિના અંતર્ગત ભેદરૂપ સંવૃત-વિવૃત આદિ ધર્મભેદે યોનિઓના ભેદ કહે છે. તેમજ તે સંવૃતાદિ યોનિ કયા કયા જીવોને હોય ? તે જીવભેદ પણ કહેવાય છે :

**एगिंदिय नेरइया, संवुडजोणी य हुंति देवा य ।**
**विगलिंदियाण वियडा, संवुडवियडा य गब्भंमि ॥४५॥**

गाथार्थ : એકેન્દ્રિય-નારક અને દેવો એ ત્રણે સંવૃત યોનિવાળા છે. વિકલેન્દ્રિયોને વિવૃતા યોનિ છે અને ગર્ભજ જીવોને (સંજ્ઞી મનુષ્ય - તિર્યંચોને) સંવૃતવિવૃતા નામની (મિશ્ર) યોનિ છે. ॥૪૫॥

व्याख्यार्थ : એકેન્દ્રિયો અને નારકજીવો સર્વ સંવૃતયોનિવાળા છે. ત્યાં નારકો સંવૃત યોનિવાળા કેવી રીતે છે ? તે કહેવાય છે કે - નારકોને ઉત્પન્ન થવાનાં સ્થાનરૂપ નિષ્કુટો ઢંકાયેલા ગવાક્ષ સરખાં છે માટે. તથા સર્વે દેવોપણ સંવૃત યોનિવાળા જ છે. કહ્યું છે કે, '[1]देवसयणिज्जंसि देवदूसंतरिए अंगुलस्स असंखिज्जभागमित्ताए सरीरोगाहणाए उववन्ना' ઇત્યાદિ સૂત્રવચનથી દેવો સર્વે વસ્ત્રથી ઢાંકેલી દેવશય્યામાં દેવદૂષ્ય વસ્ત્રની અંદર સંવૃત-ઢંકાયેલા સ્વરૂપમાં ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે સર્વે એકેન્દ્રિયોને પણ શ્રી કેવલિભગવંતે દેખેલા કોઈપણ પ્રકારે સંવૃત

૧. અર્થ - 'દેવદૂષ્યવસ્ત્રથી ઢાંકેલી દેવશય્યામાં અંગુલના અસંખ્યાતમા ભાગ માત્ર શરીરની અવગાહના વડે ઉત્પન્ન થયા.' અહીં દેવશય્યા પલંગના આકારવાળી હોય છે, અને દેવદૂષ્ય એટલે અતિ ઉત્તમ દિવ્ય રેશમી વસ્ત્રથી ઢંકાયેલી હોય છે. તે દેવદૂષ્યની અંદર દેવ ઉત્પન્ન થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(ગુપ્ત) યોનિપણું વિચારવું. તથા વિકલેન્દ્રિય પદના (विगलिंदियाण એ ગાથામાં કહેલા પદના) ગ્રહણથી અહીં દ્વીન્દ્રિય - ત્રીન્દ્રિય - ચતુરિન્દ્રિય - સમ્મૂ૦ તિર્યંચ પંચેન્દ્રિય તથા સમ્મૂ૦ મનુષ્ય ગ્રહણ કરાય છે. કારણ કે એ પાંચે જીવો મનરહિત હોવાથી સંપૂર્ણ ઇન્દ્રિયોથી બનતાં વિશિષ્ટ કાર્ય કરવા અસમર્થ હોય છે. તેથી એ પાંચે જીવોને વાસ્તવિક રીતે વિકલેન્દ્રિયપણું જ ગણાય. તેથી એ દ્વીન્દ્રિયાદિ પાંચે પ્રકારના જીવોને विवृतयोनि એટલે શ્રી કેવલિભગવંતે દેખેલા કોઈ પ્રકાર વડે અગુપ્ત સ્વરૂપ (અર્થાત્ સ્પષ્ટ દેખાતી) યોનિ જાણવી. વળી ગર્ભમાં જે સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ - મનુષ્યો ઉત્પન્ન થાય છે, તે ગર્ભજ મનુષ્યોની તથા ગર્ભજ તિર્યંચોની સંવૃતવિવૃતા યોનિ જાણવી; અર્થાત્ આવૃત-ઢંકાયેલા અને અનાવૃત- નહિ ઢંકાયેલા એમ ઉભયસ્વરૂપ જાણવી. આ સંવૃતવિવૃતા યોનિ ઢંકાયેલા અને નહિ ઢંકાયેલા - ઉભયસ્વરૂપવાળી કેવી રીતે ? તેનો વિચાર અતીન્દ્રિય જ્ઞાનીઓથી - શ્રી સર્વજ્ઞોથી જ જાણી શકાય તેવો છે. માત્ર મનુષ્યની સંવૃતવિવૃત યોનિનું સ્વરૂપ પૂર્વાચાર્યોએ લખેલું દેખાય છે, તે આ પ્રમાણે :- સ્ત્રીઓની નાભિની નીચે બે શિરા (નસો) થી નીચે અધોમુખે (નીચે મુખવાળી) કોશક (કમલડોડા સરખા) આકારવાળી યોનિ છે. તેની બહાર આંબાની મંજરી સરખા માંસના ફોડલા ઋતુકાલે (સ્ત્રીઓના માસિક ધર્મ વખતે) ફૂટે છે. તેમાંથી રુધિર ઝરે છે. તેમાંથી કેટલાંક રુધિર-બિંદુઓ યોનિમાં પ્રવેશ કરે છે. તે રુધિર બિંદુઓમાં પુરુષના શુક્રનો સંબંધ પામીને (અર્થાત્ રુધિર અને શુક્રનાં સંયોગમાં) જીવ તેમાં ઉત્પન્ન થાય છે અને ત્યાં કલલ[૧], અર્બુદ, માંસપેશી ઇત્યાદિ ક્રમથી સર્વ અવયવો પ્રાપ્ત થાય છે; અને ત્યારબાદ (અમુક કાળે) યોનિથી બહાર નીકળે છે. એ ૪૫મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૪૫॥

अवतरण : પૂર્વ ગાથામાં સંવૃતાદિ ૩ પ્રકારની યોનિ કહીને હવે આ ગાથામાં સચિત્તાદિ ૩ પ્રકારની યોનિ કહે છે :

**अच्चित्ता खलु जोणी, नेरइयाणं तहेव देवाणं ।**
**मीसा य गब्भवसही, तिविहा जोणी उ सेसाणं ॥४६॥**

गाथार्थ : નારકોની તથા દેવોની યોનિ નિશ્ચય અચિત્ત હોય છે. ગર્ભજ જીવોની મિશ્ર યોનિ હોય છે અને શેષ સર્વ જીવોની ત્રણે પ્રકારની યોનિ હોય છે. ॥૪૬॥

व्याख्यार्थ : નારકોની તથા દેવોની યોનિ અચિત્ત હોય છે. જો કે સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો તો ત્યાં પણ વ્યાપ્ત - રહેલા છે, તો પણ નારક-દેવોનું ઉત્પત્તિક્ષેત્ર - ઉત્પત્તિસ્થાન કોઈપણ જીવે પરિગૃહીત[૨] નહિ કરેલું હોવાથી (એટલે સૂક્ષ્મ એકેન્દ્રિયોએ પોતાના આશ્રયરૂપે નહિ કરેલું હોવાથી) નારક-દેવોનું ઉત્પત્તિસ્થાન - યોનિ અચિત્ત છે.

તથા ગબ્ભ પદ વડે અહીં ગર્ભજ જીવો કહ્યા છે. તેઓની वसहि = वसति = યોનિ મિશ્ર

૧. કલલ = જળરૂપ અવસ્થા, અર્બુદ = જળના પરપોટા સરખી અવસ્થા, અને ત્યારબાદ તે પરપોટો બંધાઈને માંસપેશી સરખો દૃઢ થાય, ઇત્યાદિ ક્રમે કલલાદિ અવસ્થા તંદુલવૈતાલિક આદિ શાસ્ત્રોથી જાણવા યોગ્ય છે.

૨. કોઈપણ જીવે પોતાના પરિગ્રહરૂપે એટલે મમત્વ સ્વરૂપથી સ્વઆશ્રય રૂપે નહિ કરેલું, તે અપરિગૃહીત ક્ષેત્ર - અચિત્તક્ષેત્ર ગણાય.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલે સચિત્ત અને અચિત્ત ઉભય સ્વરૂપવાળી છે, કારણ કે તે ગર્ભમાં શુક્રના તથા રુધિરનાં પુદ્ગલો અચિત્ત છે, અને સ્ત્રીના શરીરના અવયવો તો સચિત્ત છે, તે અતિપ્રસિદ્ધ છે.

તથા શેષ એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને સમ્મૂર્ચ્છિમ પંચેન્દ્રિય જીવોની યોનિ સચિત્ત, અચિત્ત તથા મિશ્ર એમ ત્રણે પ્રકારની સંભવે છે; કારણ કે એ એકેન્દ્રિયાદિકમાંના કેટલાક જીવો તો અન્ય જીવોએ આત્મસાત્ (સ્વદેહાશ્રયરૂપે) કરેલા ક્ષેત્રમાં ઉત્પન્ન થાય છે, માટે તેવા જીવોની સચિત્ત યોનિ છે. કેટલાક જીવો અન્ય જીવોએ સ્વાધીન નહિ કરેલા ક્ષેત્રમાં ઉત્પન્ન થાય છે, માટે તેવા જીવોની અચિત્ત યોનિ છે. અને કેટલાક જીવો તો અન્ય જીવોએ આત્મસાત્ કરેલા તેમજ આત્મસાત્ નહિ કરેલા એવા ઉભય સ્વરૂપવાળા ક્ષેત્રમાં ઉત્પન્ન થાય છે; માટે તેઓની મિશ્ર યોનિ છે, એ તાત્પર્ય છે. એ પ્રમાણે આ ૪૬મી ગાથાનો અર્થ સમાપ્ત થયો ॥૪૬॥

अवतरण : પૂર્વ ગાથામાં સચિત્તાદિ ૩ પ્રકારની યોનિનું સ્વરૂપ કહીને હવે આ ગાથામાં શીત આદિ ૩ પ્રકારની યોનિનું સ્વરૂપ કહે છે, તે આ પ્રમાણે :

**सीओसिणजोणीया, सव्वे देवा य गब्भवक्कंती ।**
**उसिणा य तेउकाए, दुह नरए तिविह सेसाणं** ॥४७॥

गाथार्थ : સર્વે દેવો તથા સર્વે ગર્ભજ જીવો શીતોષ્ણ યોનિવાળા છે. અગ્નિકાયના જીવો ઉષ્ણ યોનિવાળા છે, નારકો શીત તથા ઉષ્ણ એ ૨ પ્રકારની યોનિવાળા છે અને શેષ સર્વ જીવોની (શીત - ઉષ્ણ - તથા શીતોષ્ણ એ) ત્રણ પ્રકારની યોનિ છે. ॥૪૭॥

व्याख्यार्थ : ભવનવાસી ઇત્યાદિ સર્વે પણ દેવો શીતોષ્ણ યોનિવાળા છે, કારણ કે તેઓનું ઉત્પત્તિક્ષેત્ર શીતોષ્ણ (મિશ્ર) સ્પર્શના પરિણામવાળું છે. અર્થાત્ એ ઉત્પત્તિક્ષેત્ર એકાન્તે શીતસ્પર્શવાળું નહીં, તેમજ એકાન્તે ઉષ્ણસ્પર્શવાળું પણ નહીં, પરંતુ અનુષ્ણશીત (ઉષ્ણ નહીં તેમજ શીત પણ નહીં એવું મધ્યમ પરિણામવાળું) હોય છે. એ પ્રમાણે ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયો તથા ગર્ભજ મનુષ્યો પણ સર્વે શીતોષ્ણ યોનિવાળા છે એમ જાણવું. तेउकाए એટલે તૈજસ્કાયિક (અગ્નિકાયિક) જીવોની ઉષ્ણ યોનિ હોય છે, કારણ કે અગ્નિજીવો ઉષ્ણસ્પર્શવાળા ક્ષેત્રમાં જ ઉત્પન્ન થાય છે.

नरए = નારકોની યોનિ ૨ પ્રકારની છે. ત્યાં કેટલાક નારકોની શીત યોનિ, અને કેટલાક નારકોની ઉષ્ણ યોનિ હોય છે, એ તાત્પર્ય છે. અહીં ભાવાર્થ એ છે કે -

પહેલી ૩ પૃથ્વીઓમાં તો નારકો એકાન્તે (કેવળ) ઉષ્ણવેદના જ અનુભવે છે. તે ઉષ્ણવેદના અહીંના ખેરના અંગારાના અગ્નિથી પણ અનંતગુણ ઉષ્ણ હોય છે. તથા ચોથી પૃથ્વીમાં પણ ઘણા નારકો કેવળ ઉષ્ણસ્પર્શ - વેદના જ અનુભવે છે, કારણ કે એ પૃથ્વીમાં પણ ઘણાં પ્રતરોમાં પૂર્વોક્ત સ્વરૂપવાળો ઉષ્ણસ્પર્શરૂપ પરિણામ વર્તે છે માટે એ પ્રમાણે જાણવું. તેમજ એ પૃથ્વીમાં કેટલાક અલ્પ નારકો શીતવેદના જ સહન કરે છે, કારણ કે એ પૃથ્વીનાં કેટલાંક પ્રતરોમાં અહીંના હિમથી પણ અનંતગુણો શીતસ્પર્શ વર્તે છે. વળી પાંચમી પૃથ્વીમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ એ પ્રમાણે જ (૨ પ્રકારની) વેદના કહેવી; પરંતુ તફાવત એ જ કે આ પાંચમી પૃથ્વીમાં શીતસ્પર્શવાળાં ઘણાં પ્રતરો હોવાથી શીતવેદના વેદનારા ઘણા નારકો જાણવા, અને ઉષ્ણવેદના વેદનારા અલ્પ નારકો જાણવા. કારણ કે એ પૃથ્વીમાં ઉષ્ણસ્પર્શવાળાં સ્થાનો અલ્પ છે. માટે એ રીતે તફાવત જાણવો. તથા ૬ટ્ઠી અને ૭મી પૃથ્વીના નારકો એકાંતે (કેવળ) શીતવેદના જ સહન કરે છે. કારણ કે એ ૨ પૃથ્વીઓમાં પૂર્વે કહેલા શીતસ્પર્શથી (અર્થાત્ હિમથી અનંતગુણ સ્પર્શ જે ૪-૫મી પૃથ્વીનો કહ્યો છે તે શીતસ્પર્શથી) પણ અત્યંત તીવ્ર શીતસ્પર્શ હોય છે. એ પ્રમાણે સ્પર્શવેદના હોવાથી જે કેટલાક નારકો અહીં ઉષ્ણવેદના અનુભવનારા કહ્યા છે તે સર્વે નારકો શીતયોનિ વાળા જાણવા. અને જેટલા નારકો શીતવેદના અનુભવનારા કહ્યા છે, તે સર્વે उष्णयोनि વાળા જાણવા. જો અહીં શીતવેદના અનુભવનારા નારકોની શીત યોનિ જ હોય અને ઉષ્ણવેદના વેદનાર નારકોની ઉષ્ણ યોનિ જ હોય તો સજાતીયપણાથી અતિવેદના ન હોય, અને નારકોને તો સર્વ - પદાર્થ - પરિણામ એવો હોવો જોઈએ કે જેથી તેઓને વેદના અધિક અધિક થાય, તે કારણથી વેદના અને યોનિનો પરસ્પર વિપર્યભાવ (નારક જીવોમાં) વર્તે છે.

એ પ્રમાણે યોનિ તથા વેદનાનો વિપર્યય વિચારીએ તો પહેલી ૩ પૃથ્વીના સર્વ નારકો તથા ચોથી પૃથ્વીમાંનાં ઘણાં સ્થાનોમાં (રહેનાર ઘણા નારકો), અને પાંચમી પૃથ્વીમાંનાં અલ્પ સ્થાનોમાં (અલ્પ પ્રતરોમાં રહેનારા થોડા નારકો) શીત યોનિવાળા જ નારકો છે. અને ચોથી પૃથ્વીનાં અલ્પ સ્થાનોમાં, પાંચમી પૃથ્વીનાં ઘણાં સ્થાનોમાં તથા છઠ્ઠી - સાતમી પૃથ્વીમાં રહેનારા નારકો સર્વે ઉષ્ણયોનિવાળા છે એમ સિદ્ધ થયું. હવે એ યોનિસંબંધમાં ઘણા વિસ્તાર વડે સર્યું. યોનિસ્વરૂપના વિશેષ જિજ્ઞાસુએ પ્રજ્ઞાપના સૂત્રમાંથી વિશેષ વિસ્તાર જાણવો. (કે જેમાં યોનિપ્રજ્ઞાપના અધિકાર કહ્યો છે.)

આ ગ્રંથના મૂળ વૃત્તિકારે તો પહેલી ૩ પૃથ્વીઓમાં નારકોની ઉષ્ણયોનિ જ કહી છે. ચોથી પૃથ્વીના કેટલાક પહેલાં પ્રતરોમાં ઉષ્ણયોનિ અને શેષ પ્રતરોમાં શીતયોનિ તેમજ નીચેની ૩ પૃથ્વીઓ (૫-૬-૭)માં કેવળ શીતયોનિ જ કહી છે. એ વાત શ્રી પ્રજ્ઞાપના સૂત્રના અભિપ્રાયથી વિચારતાં બહુ વિસંવાદવાળી જણાય છે. એ બાબતમાં સત્ય તત્ત્વ તો શ્રી બહુશ્રુતો જ જાણે.

'तिविह सेसाण' ઈતિ. પૂર્વે કહેલા જીવોથી શેષ રહેલા પૃથ્વી - અપ્-વાયુ - વનસ્પતિ - વિકલેન્દ્રિય અને સમ્મૂર્ચ્છિમ પંચેન્દ્રિયોની યોનિ ત્રણે પ્રકારની સંભવે છે. ત્યાં શીતસ્પર્શવાળા ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલા જીવોની શીત યોનિ, ઉષ્ણસ્પર્શવાળા ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલા જીવોની उष्णयोनि અને શીતોષ્ણ સ્પર્શવાળા ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલા જીવોની શીતોષ્ણ યોનિ હોય એ તાત્પર્ય છે. એ પ્રમાણે ૪૭મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૪૭॥

अवतरण : પૂર્વોક્ત સ્વરૂપવાળી યોનિમાં ઉત્પન્ન થયેલાં જીવો યથાયોગ્ય ૬ સંઘયણમાં વર્તે છે. (એટલે ૬ સંઘયણવાળા હોય છે). તે કારણથી સંહનનનું - સંઘયણના સ્વરૂપનું નિરૂપણ કરવા માટે આ ૪૮મી ગાથા કહેવાય છે :

**वज्जरिसहनारायं, वज्जनाराययं च नारायं ।**
**अद्धं चिय नारायं, खीलिय छेवट्ठ संघयणं ॥४८॥**


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગાથાર્થ : વજ્રઋષભનારાચ, વજ્રનારાચ, નારાચ, નિશ્ચય અર્ધનારાચ, કીલિકા અને છેદસ્પૃષ્ટ એ ૬ સંઘયણ છે. ।।૪।।

વ્યાખ્યાર્થ :- સંહનન એટલે संहति અર્થાત્ અસ્થિઓનો (હાડસમુદાયનો) પરસ્પર સંબંધ થવો. તે હાડના સંબંધની વિચિત્રતાથી સંહનન-સંઘયણ ૬ ભેદવાળું છે. ત્યાં वज्र શબ્દથી 'ખીલી' અર્થ થાય છે. અને ऋषभ એટલે બે હાડકાંના સંબંધ ઉપર જ વલયાકારે વીંટાઈ વળેલો પાટો. તથા નીચેથી બીજા હાડકા વડે સંચય પામેલ (જકડાયેલ) એવાં બે વિવક્ષિત હાડની બંને બાજુએ આવેલ મર્કટબંધ તે नाराच કહેવાય. એથી તાત્પર્ય એ આવ્યું કે - બંને બાજુએ મર્કટબંધ વડે બંધાયેલા અને તે ઉપર પાટા સરખા ત્રીજા હાડ વડે વીંટાયેલા એ હાડના ઉપર તે ત્રણે હાડને ભેદીને આરપાર ગયેલ વજ્ર નામનું ત્રીજું હાડ જેમાં હોય છે તે वज्रऋषभनाराच નામનું સંઘયણ કહેવાય. અર્થાત્ વજ્ર અને ઋષભ એ બે વડે ઉપલક્ષિત - નિયંત્રિત અર્થાત્ યુક્ત એવો નારાચ છે જેને વિષે તે વજ્રર્ષભનારાચ, એ વ્યુત્પત્તિ વડે એ પ્રથમ સંઘયણ વજ્રર્ષભનારાચ છે.

'वज्रनाराययं च' = જે સંઘયણમાં ઋષભ (પાટો) નથી, પરંતુ બીજા બે સંબંધ (વજ્ર તથા મર્કટબંધ) છે તે બીજું वज्रनाराच નામનું સંઘયણ કહેવાય. કેટલાક આચાર્યો વજ્રરહિત ऋषभनाराच નામનું બીજું સંઘયણ કહે છે. તથા વજ્ર અને ઋષભરહિત નારાચ નામનું ત્રીજું સંઘયણ છે. તથા 'अद्धं चिय नारायं' ચોથું અર્ધનારાચ નામનું સંઘયણ છે. અહીં જે સંઘયણ એક બાજુ મર્કટબંધના સંબંધવાળું અને બીજી બાજુ કીલિકા વડે વ્યાપ્ત હોય તેથી અર્ધનારાચ કહેવાય છે એમ જાણવું. તથા ઋષભ અને નારાચ રહિત પરંતુ બે હાડનો સંબંધ કેવળ કીલિકા-ખીલી વડે જ વળગેલો હોય તે कीलिका નામનું પાંચમું સંઘયણ છે. તથા 'છેવટ્ઠ' આ પદમાં દકારનો તથા અનુસ્વારનો લોપ થયેલો છે જેથી છેદવૃત્ત ને બદલે છેવટ્ઠ શબ્દ પ્રાકૃતમાં બન્યો છે. પરંતુ મૂળ શબ્દ છેદપૃષ્ઠ છે. તેનો અર્થ આ પ્રમાણે - છેદ વડે - પર્યન્તભાગો વડે (છેડાઓ વડે) હાડકાનું વૃત્ત એટલે પરસ્પર સંબંધની રચનારૂપ વર્તન એટલે વૃત્તિ જે સંઘયણમાં છે તે છેદવૃત્ત નામનું છટ્ઠું સંઘયણ છે. અર્થાત્ ખીલી, પાટો અને મર્કટબંધ એ ત્રણે સંબંધરહિત હોવાથી બે હાડના છેડાના સ્પર્શમાત્રવાળું છેદવૃત્ત નામનું છટ્ઠું સંઘયણ છે. કેટલાક આચાર્યો આ છટ્ઠા સંઘયણને सेवार्त સંઘયણ કહે છે. ત્યાં બે હાડના બે છેડાનો પરસ્પર સ્પર્શ સંબંધ તે सेवा તેને ऋत એટલે પ્રાપ્ત થયેલ તે सेवार्त સંઘયણ એવી વ્યુત્પત્તિ થાય છે. એ ૪૮મી ગાથાનો અર્થ સમાપ્ત. ।।૪૮।।

अवतरण : હવે ૬ સંહનનના નામમાં આવેલા ઋષભ, વજ્ર અને નારાચ એ ૩ શબ્દનો અર્થ ગ્રંથકાર પોતે જ આ ગાથામાં કહે છે :

**रिसहो य होइ पट्टो, वज्जं पुण खीलिया वियाणाहि ।**
**उभओ मक्कडबंधं, नारायं तं वियाणाहि ।।૪૯।।**

ગાથાર્થ : ઋષભ એટલે પાટો અર્થ થાય છે, અને વજ્ર એટલે ખીલી અર્થ જાણવો, તથા બંને બાજુ મર્કટબંધ હોય તે નારાચ જાણવો.

વ્યાખ્યાર્થ : ગાથાના અર્થ પ્રમાણે સુગમ છે. ।।૪૯।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अवतरण : પૂર્વ ગાથામાં ૬ સંઘયણ તથા સંઘયણાન્તર્ગત શબ્દોનો અર્થ કહીને હવે આ ગાથામાં તે સંઘયણોમાંથી જે જીવોને જેટલાં સંઘયણ હોય છે, તેમજ જે જીવોને સંઘયણ સર્વથા હોતું જ નથી તે દર્શાવે છે :

**नरतिरियाणं छप्पिय, हवइ हु विगलिंदियाण छेवट्ठं ।**
**सुरनेरइया एगिंदिया [य] सव्वे असंघयणी ॥५०॥**

गाथार्थ : મનુષ્ય તથા તિર્યંચોને નિશ્ચય છ એ સંઘયણ હોય છે, વિગલેન્દ્રિયોને છેવટ્ઠું સંઘયણ છે, અને દેવ, નારકો તથા સર્વે એકેન્દ્રિયો સંઘયણરહિત છે. ॥૫૦॥

व्याख्यार्थ : અહીં વિકલેન્દ્રિય અને એકેન્દ્રિયોને ભિન્ન ગ્રહણ કરેલા (કહેલા) હોવાથી જ तिरियाण પદમાંનો તિર્યંચ શબ્દ શેષ રહેલા પંચેન્દ્રિય તિર્યંચના જ અર્થમાં પ્રવર્તે છે. તેથી મનુષ્યોને અને પંચેન્દ્રિય તિર્યંચોને કોઈકને કંઈક અને કોઈકને કંઈક સંઘયણ હોવાથી સામાન્યતઃ છએ સંઘયણ પૂર્વોક્ત સ્વરૂપવાળાં પ્રાપ્ત થાય છે. અને વિકલેન્દ્રિયોને એક છેદવૃત્ત સંઘયણ જ હોય છે, શેષ ૫ નહીં. તથા સર્વ દેવો અને નારકો તેમજ સર્વે એકેન્દ્રિયો સંઘયણ રહિત છે, કારણ કે સંઘયણ તો હાડના સમૂહરૂપ છે, અને દેવાદિકને હાડનો અભાવ છે, એ તાત્પર્ય છે. એ પ્રમાણે ૫૦ મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૫૦॥

अवतरण : પૂર્વ ગાથામાં કહેલાં ૬ સંઘયણ, સંસ્થાનોની સાથે અવ્યભિચારી છે. (એટલે જ્યાં સંઘયણ હોય ત્યાં સંસ્થાન તો અવશ્ય હોય જ.) કારણ કે સંસ્થાનના અભાવે સંઘયણનો સર્વથા અભાવ જ હોય છે, માટે સંઘયણનું સ્વરૂપ કહ્યા બાદ હવે આ ગાથામાં ૬ સંસ્થાન અને તેના સ્વામી કહેવાય છે. તે આ પ્રમાણે :

**समचउरंसा नग्गोह, साइ खुज्जा य वामणा हुंडा ।**
**पंचिंदिय तिरिय - नरा, सुरा समा सेसया हुंडा ॥५१॥**

गाथार्थ : સમચતુરસ્ર સંસ્થાન - ન્યગ્રોધ સંસ્થાન - સાદિ સંસ્થાન - કુબ્જ સંસ્થાન - વામન સંસ્થાન અને હુંડક સંસ્થાન એ ૬ સંસ્થાન છે. તેમાં પંચેન્દ્રિય તિર્યંચો તથા મનુષ્યો એ છએ સંસ્થાનવાળા છે. દેવો સમચતુરસ્ર સંસ્થાનવાળા છે, અને શેષ સર્વ જીવો હુંડક સંસ્થાનવાળા છે. ॥૫૧॥

व्याख्यार्थ : શરીરના અવયવોની રચનારૂપ શરીરની જે આકૃતિ તે સંસ્થાન કહેવાય. તે પણ સમચતુરસ્ર આદિ ભેદથી ૬ પ્રકારનું છે. ત્યાં સમ એટલે શરીરનાં લક્ષણ તથા પ્રમાણ વડે અવિસંવાદી (અર્થાત્ લક્ષણ અને પ્રમાણયુક્ત) એવા ૪ વિભાગ વડે ઉપલક્ષિત (અર્થાત્ ૪ પ્રકારના), શરીરના અવયવોરૂપ चतुः = ચાર अस्रि = ખૂણા અથવા બાજુઓ જે સંસ્થાનમાં હોય તે समचतुरस्र સંસ્થાન કહેવાય.

અહીં સમાસાન્ત વિધિ વડે (अत् પ્રત્યય આવવાથી) समचतुरस्र શબ્દ બને છે. અર્થાત્ આ પ્રથમ સંસ્થાન સામુદ્રિક આદિ શાસ્ત્રમાં કહેલાં સમગ્ર લક્ષણો તથા પ્રમાણ વડે સંપૂર્ણ છે. એ પ્રથમ સંસ્થાનના સંબંધથી જીવો પણ સમચતુરસ્ર કહેવાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नग्गोह ઈતિ. અહીં પદના એક દેશભાગ વડે પણ સમગ્ર પદનું ગ્રહણ થતું હોવાથી ''ન્યગ્રોધ પરિમંડલ સંસ્થાનવાળા જીવો'' એમ જાણવું. ત્યાં ન્યગ્રોધ એ વૃક્ષવિશેષ છે. તે વૃક્ષ સરખું परिमंडल = મંડલાકારવાળું તે न्यग्रोधपरिमंडल સંસ્થાન છે. જેમ ન્યગ્રોધ વૃક્ષ ઉપરના ભાગમાં મનોહર અને સંપૂર્ણ અવયવવાળું હોય છે, પરંતુ નીચેના ભાગમાં તેવું હોતું નથી, તેમ જે જીવોને નાભિથી ઉપરનો ભાગ ઘણા વિસ્તારવાળો એટલે શરીરનાં લક્ષણ તથા પ્રમાણથી યુક્ત હોય છે, અને નાભિથી નીચેનો ભાગ હીનાધિક પ્રમાણવાળો હોય છે, એવું જે સંસ્થાન તે न्यग्रोधपरिमंडल સંસ્થાન કહેવાય.

साइ = સાદિ. અહીં आदि એટલે નાભિથી નીચેનો ઉત્સેધ નામનો ભાગ જાણવો. તે શરીરનાં લક્ષણ તથા પ્રમાણથી યુક્ત એવા આદિ ભાગ વડે स = સહિત વર્તે - હોય તે सादि સંસ્થાન કહેવાય. અહીં કંઈ પણ વિશેષતા ન વિચારીએ તો સંપૂર્ણ શરીર (સર્વ બાજુથી) આદિ સહિત વર્તે છે જ, જેથી आदि વિશેષણની અન્યથા ઉપપત્તિ (નિરર્થકપ્રાયઃ) થઈ જાય છે. તે કારણથી અહીં 'આદિ' વિશેષણ વિશિષ્ટતાવાળું જ પ્રાપ્ત થાય છે. (અર્થાત્ આદિ પદથી અંગના દરેક ભાગ છોડીને નાભિની નીચેનો જ ભાગ ગ્રહણ કરવાથી આદિ પદ અહીં વિશિષ્ટતાવાળું છે). એ સાદિ સંસ્થાનના યોગથી જીવો પણ સાદિ સંસ્થાનવાળા કહેવાય. (એ ત્રીજા સંસ્થાનનું સ્વરૂપ કહ્યું.)

खुज्जा य ઈતિ. અર્થાત્ कुब्जाश्च. જે સંસ્થાનમાં હાથ, પગ, શીર્ષ અને ગ્રીવા એ ૪ અવયવો લક્ષણ તથા પ્રમાણયુક્ત હોય, અને શેષ કાયારૂપ કોષ્ટ (કોઠો) ભાગ હીનાધિક પ્રમાણવાળો હોય તે ચોથું कुब्ज संस्थान કહેવાય. તેના યોગે જીવો પણ कुब्ज કહેવાય.

वामणा ઈતિ. જે સંસ્થાનમાં હાથ, પગ, શીર્ષ અને ગ્રીવા એ ૪ અંગ લક્ષણ રહિત હોય અને પૃષ્ઠ (પીઠ), ઉદર ઈત્યાદિ શેષ કાયારૂપ કોષ્ટ (કોઠો) લક્ષણયુક્ત હોય તે ૫મું वामन संस्थान કહેવાય, અને તેના યોગથી જીવો પણ વામન સંસ્થાનવાળા કહેવાય.

हुंडा ઈતિ. જે સંસ્થાનમાં પ્રાયઃ એક પણ અવયવ સુલક્ષણ યુક્ત હોય નહિ તે સર્વ અંગે અલાક્ષણિક આકારવાળું છટ્ઠું हुंडक સંસ્થાન કહેવાય, અને તેના યોગથી જીવો પણ હુંડક સંસ્થાનવાળા કહેવાય.

प्रश्न :- એવા કયા જીવો છે કે જે પૂર્વોક્ત સ્વરૂપવાળાં ૬ સંસ્થાનયુક્ત હોય ?

उत्तर :- पंचिंदिय तिरियनरा ઈતિ. અનેક જીવો આશ્રયિ પંચેન્દ્રિય તિર્યંચ તથા મનુષ્યો પૂર્વે કહેલા છએ સંસ્થાનવાળા જાણવા. તથા 'सुरा सम' એટલે દેવો સર્વે પણ સમચતુરસ્ર સંસ્થાનવાળા છે. અને એ કહેલા જીવોથી બાકી રહેલા જીવો - નારક, એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય - તે સર્વે હુંડક સંસ્થાનવાળા જ છે. અહીં લાઘવને ખાતર સમકાળે (એકજ ગાથામાં) સંસ્થાન અને તેના સ્વામી પણ દર્શાવ્યા છે. એ પ્રમાણે ૫૧ મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૫૧॥

अवतरण : પૂર્વ ગાથામાં એકેન્દ્રિયોને સામાન્યથી હુંડક સંસ્થાન દર્શાવ્યું. પરંતુ તે પૃથ્વીકાયાદિકને મસૂરાદિ આકારના ભેદથી જુદું જુદું જાણવું. તે જ વાત આ ગાથામાં કહેવાય છે :

**मस्सूरए य थिबुगे, सूइ पडागा अणेगसंठाणा ।**

**पुढवी दग अगणि मारुय - वणस्सईणं च संठाणा ॥५२॥**

गाथार्थ : પૃથ્વીકાયનું સંસ્થાન મસૂરની આકૃતિ સરખું છે, અપ્‌કાયનું સ્તિબુક (પરપોટા) સરખું, અગ્નિનું સોય સરખું, વાયુનું પતાકા સરખું અને વનસ્પતિનું સંસ્થાન અનેક વિવિધ આકૃતિવાળું છે. ॥૫૨॥

व्याख्यार्थ : मसूर એટલે માળવા આદિ દેશમાં પ્રસિધ્ધ મસૂરકના આકારવાળું એક જાતિનું ધાન્ય થાય છે; તેવા આકારવાળું पुढवी = પૃથ્વીકાયના શરીરનું હુંડક સંસ્થાન જાણવું. તથા दग = અપ્‌કાયિક જીવોનું સ્તિબુક-બિંદુ સરખા આકારવાળું, અગ્નિકાય જીવોનું સોયના આકારવાળું, વાયુકાય જીવોનું પતાકા આકારનું અને वणस्सईणं च संठाणा એટલે વનસ્પતિઓના શરીરનાં સંસ્થાન અનેક આકારવાળાં છે. (આ પદમાં य (च) પદ પૂર્વે કહેલા પુઢવી આદિ પદોની અપેક્ષાએ સમુચ્ચય અર્થમાં છે.) એ ૫૨ મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૫૨॥ ૧૦૦૦ गाथा ॥

अवतरण : અહીં ૧૪ માર્ગણાદ્વારમાં ૧૪ જીવસમાસ કહેવાના ચાલુ વિષયમાં ત્રીજા कायमार्गणा દ્વારમાં જીવસમાસ કહેવાય છે. (અને તે કાયમાર્ગણાના પ્રસંગમાં જ યોનિ-કુલ-સંઘયણ-સંસ્થાન આદિ દ્વાર કહ્યાં.) તે काय શબ્દ જેમ પૃથ્વી આદિ જીવોના સમુદાયના અર્થવાળો છે, તેમ ઔદારિકાદિ શરીરના પણ અર્થવાળો છે. અર્થાત્ काय એટલે ઔદારિકાદિ ૫ શરીર. જેથી આ ચાલુ કાયદ્વારના વાચ્યત્વને આશ્રયીને જ આ પ્રસ્તુત કાયદ્વારમાં ઔદારિકાદિ શરીરનો પણ વિચાર કરવા માટે આ ગાથા કહેવાય છે. (અર્થાત્ ૫ શરીર અને તેના સ્વામી કહેવાય છે.) :

**ओरालिय वेउव्विय, आहारय तेयए य कम्मयए ।**

**पंच मणुएसु चउरो, वाऊ पंचिंदियतिरिच्छे ॥५३॥**

गाथार्थ : ઔદારિક - વૈક્રિય - આહારક - તૈજસ્ અને કાર્મણ એ ૫ શરીર છે. અને મનુષ્યમાં એ પાંચે શરીર છે. તથા વાયુકાય જીવોને અને પંચેન્દ્રિય તિર્યંચોને (આહારક રહિત) ૪ શરીર છે. ॥૫૩॥

व्याख्या : उदार એટલે શ્રી તીર્થંકર ભગવંતના શરીરની અપેક્ષાએ સમગ્ર ૩ ભુવનના અતિ ઉત્તમ પુદ્‌ગલો વડે રચાયેલું શરીર તે ઔદારિક શરીર. અથવા ઉદાર એટલે સ્ફારતામાત્ર વડે જ (સ્થૂલતામાત્ર વડે) સાર-પ્રધાન, અર્થાત્ વૈક્રિયાદિ શરીરનાં પુદ્‌ગલોની અપેક્ષાએ સ્થૂલ એવા પ્રકારનાં પુદ્‌ગલો વડે બનેલું તે ઔદારિક શરીર. અથવા ઉદાર એટલે[1] શેષ સ્વાભાવિક સર્વ શરીરોની અપેક્ષાએ મહાપ્રમાણવાળું (ત્યાં ઉદાર એ જ ઔદારિક ~ ઈતિ તદ્ધિત), કારણ કે વૈક્રિય શરીર તો ઉત્તર વૈક્રિય અવસ્થામાં જ ૧ લાખ યોજનના પ્રમાણવાળું થાય છે, અને સ્વાભાવિક (જન્મ) વૈક્રિય શરીર તો ઉત્કૃષ્ટથી પણ ૫૦૦ ધનુષ પ્રમાણનું છે. પરંતુ ઔદારિક શરીર તો સહજથી પણ (જન્મશરીરથી પણ) સ્વયંભૂરમણ સમુદ્રના મત્સ્યોની અપેક્ષાએ

૧. અર્થાત્ શેષ વૈક્રિય મૂળ શરીરની અપેક્ષાએ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦૦૦ યોજન પ્રમાણ છે. અથવા તો કમળની નાળ ઈત્યાદિકની અપેક્ષાએ ૧૦૦૦ યોજનથી કંઈક અધિક પણ છે. તે કારણથી આ ઔદારિક શરીર શેષ સહજ (મૂળ) શરીરોથી ઘણા મોટા પ્રમાણવાળું જાણવું. (એ ઔદારિક શરીરનો શબ્દાર્થ કહ્યો.)

તે દેવો ઉત્તરવૈક્રિય રચવાની ઈચ્છાવાળા થયા છતા પ્રથમ વૈક્રિય સમુદ્‌ઘાત વડે સમુદ્‌ઘાત કરે, સમુદ્‌ઘાત કરીને સંખ્યાત યોજનનો દંડ બહાર કાઢે, બહાર કાઢીને યથાબાદર (સ્થૂલ અસાર) પુદ્‌ગલો દૂર કરે અને સૂક્ષ્મ પુદ્‌ગલો ગ્રહણ કરે, અને તેમ કરીને બીજીવાર પણ વૈક્રિય સમુદ્‌ઘાત વડે સમુદ્‌ઘાત કરે ઈત્યાદિ વિશેષ અર્થ શ્રી ભગવતીજી આદિથી જાણવો.

તથા वि = વિવિધ પ્રકારની - क्रिया તે विक्रिया, અને તે વિક્રિયામાં થયેલું (અર્થાત્ વિક્રિયાવાળું) તે વૈક્રિય શરીર કહેવાય. તથા વૈક્રિય શરીરની હેતુભૂત ક્રિયાઓનું વૈક્રિય સમુદ્‌ઘાત કરવાને દંડનિસર્ગ આદિ વિવિધપણું શ્રી પ્રજ્ઞપ્તિ (શ્રી ભગવતીજી) આદિ ગ્રંથોમાં દર્શાવ્યું છે. તે આ પ્રમાણે :

'[1]ताहे चेव णं से वेउव्वियं काउकामे वेउव्वियसमुग्घाएणं समोहण्णइ, समोहणित्ता संखेज्जाइं जोयणाइं दंडं निसिरइ, निसिरित्ता अहाबायरे पोग्गले परिसाडेइ परिसाडित्ता अहासुहुमे पोग्गले परियाइयइ [परियाइत्ता] दोच्चंपि वेउव्वियसमुग्घाएणं समोहण्णइ' इत्यादि.

એવા પ્રકારની વિક્રિયા વડે બનેલું હોવાથી એ વૈક્રિય શરીર કહેવાય છે, અર્થાત્ અસ્વાભાવિક શરીર. (સમુદ્‌ઘાત વડે બનતું વૈક્રિય શરીર અસ્વાભાવિક - કૃત્રિમ શરીર છે.)

प्रश्न :- 'વિક્રિયા વડે બનેલું તે વૈક્રિય' એ વ્યુત્પત્તિ વડે તો ઉત્તર વૈક્રિય શરીરનું જ ગ્રહણ થાય, પરંતુ સ્વાભાવિક (મૂળ) વૈક્રિયનું ગ્રહણ થાય નહિ, કારણ કે સ્વાભાવિક વૈક્રિય શરીર તો સમુદ્‌ઘાત આદિ ક્રિયા વિના જ પ્રગટ થાય છે. (તો મૂળ વૈક્રિય શરીરને વિક્રિયાની વ્યુત્પત્તિ કેમ ઘટે ?)

उत्तर :- એ વાત જો કે સત્ય છે, તો પણ ઉત્તર વૈક્રિયની સમાન જાતિવાળાં પુદ્‌ગલોથી (એટલે ઉત્તર વૈક્રિયનાં અથવા મૂળ વૈક્રિયનાં પણ પુદ્‌ગલો વૈક્રિયવર્ગણાનાં છે તે કારણથી સમાનજાતીય પુદ્‌ગલોથી) ઉત્તર વૈક્રિયના સરખું મૂળ વૈક્રિય શરીર (અર્થાત્ જેવું ઉત્તર વૈક્રિય તેવું મૂળ વૈક્રિય) છે, તે કારણે ઉપચારથી તે સ્વાભાવિક શરીર પણ વૈક્રિય શરીર કહેવાય. અથવા બીજો અર્થ વિચારીએ તો ઔદારિક શરીરોની અપેક્ષાએ वि = વિશિષ્ટ અથવા વિલક્ષણ ક્રિયા તે विक्रिया. તે વિક્રિયાને વિષે થયેલું જે શરીર તે વૈક્રિય શરીર, એવી વ્યુત્પત્તિ વડે તો મૂળ શરીર પણ વૈક્રિય શરીર કહી શકાય.

તથા 'પ્રાણીની દયા માટે, શ્રી તીર્થંકર ભગવંતની સમવસરણાદિ ઋદ્ધિ દેખવા માટે, સૂક્ષ્મ અર્થનું (શાસ્ત્રના રહસ્યનું) અવગાહન કરવા (જાણવા) માટે, અથવા તો સંદેહ દૂર કરવા

૧. તે દેવો ઉત્તરવૈક્રિય રચવાની ઈચ્છાવાળા થયા છતા પ્રથમ વૈક્રિય સમુદ્‌ઘાત વડે સમુદ્‌ઘાત કરે, સમુદ્‌ઘાત કરીને સંખ્યાત યોજનનો દંડ બહાર કાઢે, બહાર કાઢીને યથાબાદર (સ્થૂલ અસાર) પુદ્‌ગલો દૂર કરે અને સૂક્ષ્મ પુદ્‌ગલો ગ્રહણ કરે, અને તેમ કરીને બીજીવાર પણ વૈક્રિય સમુદ્‌ઘાત વડે સમુદ્‌ઘાત કરે ઈત્યાદિ વિશેષ અર્થ શ્રી ભગવતીજી આદિથી જાણવો.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે શ્રી જિનેશ્વરના ચરણકમળ પાસે (આહારક શરીરનું) ગમન થાય છે. ॥૧॥'

એવા પ્રકારનાં કારણ ઉત્પન્ન થયે ચૌદ પૂર્વધર વડે જે શરીરનું आहरण એટલે ગ્રહણ થાય તે आहारक शरीर કહેવાય. અથવા જે શરીર વડે શ્રીકેવલી ભગવંત પાસે જીવ આદિ સૂક્ષ્મ પદાર્થો आहराय એટલે ગ્રહણ થાય તે आहारक शरीर.

તથા આહારને પચાવવામાં કારણભૂત અને તેજોલેશ્યાદિ તેજસ્‌ને બહાર કાઢવામાં કારણભૂત એવાં જે ઉષ્ણ પુદ્‌ગલો તે तेजस् કહેવાય; અને તેવા પ્રકારનાં તેજસ્ પુદ્‌ગલો વડે બનેલું જે શરીર તે तैजस शरीर કહેવાય.

તથા કર્મ વડે બનેલું જે શરીર તે कार्मण शरीर, અર્થાત્ ૮ કર્મોનો સમુદાય તે કાર્મણ શરીર. (એ રીતે ૫ શરીરોનો વ્યુત્પત્તિ અર્થ કહ્યો).

એ પ્રમાણે એ ૫ શરીર સામાન્યથી સર્વે જીવને હોય છે. અને જો વિશેષ જીવભેદથી વિચારીએ તો પણ पंच मणुएसु = અનેક જીવો આશ્રયિ (મનુષ્યોને) એ પાંચે શરીરો હોય છે. વાયુ તથા ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચોને ઔદારિક - વૈક્રિય-તૈજસ-કાર્મણ એ ચાર શરીર હોય છે, પરંતુ આહારક શરીર ન હોય. કારણ કે આહારક શરીર તો ચૌદ પૂર્વધર મુનિઓને જ હોય છે. એ ૫૩મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૫૩॥

अवतरण : હવે દેવ આદિકને કેટલાં શરીર હોય ? તે આ ગાથામાં કહેવાય છે :

**वेउव्विय तेए कम्मए य सुर - नारया य तिसरीरा ।**
**सेसेगिंदिय - वियला, ओरालिय तेय कम्मइगा ॥५४॥**

गाथार्थ : દેવ તથા નારકો વૈક્રિય-તૈજસ-કાર્મણ એ ૩ શરીરવાળા હોય છે, અને શેષ એકેન્દ્રિય તથા વિકલેન્દ્રિય જીવો ઔદારિક-તૈજસ-કાર્મણ એ ૩ શરીરવાળા છે. ॥૫૪॥

व्याख्यार्थ :- જેઓને ૩ શરીર હોય તે ત્રણ શરીરવાળા કહેવાય અને તે દેવ તથા નારકો હોય છે.

प्रश्न :- કયા ત્રણ શરીરો દેવ - નારકોને હોય છે ?

उत्तर :- વૈક્રિય, તૈજસ્, કાર્મણ. એમને ઔદારિક શરીર હોય નહિ, કારણ કે ઔદારિક શરીર તો તિર્યંચ-મનુષ્યોને જ હોય. તેમ આહારક શરીર પણ ન હોય, કારણ કે તે ૧૪ પૂર્વધર મનુષ્યને જ હોય છે. તથા એ કહેલા જીવોથી બાકી રહેલા જીવો પૃથ્વી-અપ્-તેજસ્-અને વનસ્પતિ એ ૪ એકેન્દ્રિયો તથા સંપૂર્ણ ઈન્દ્રિયો અને મનના વિકલપણાથી (રહિતપણાથી) વિકલેન્દ્રિય જીવો એટલે દ્વીન્દ્રિય-ત્રીન્દ્રિય - ચતુરિન્દ્રિય - અસંજ્ઞી પંચેન્દ્રિય એ સર્વે ઔદારિક તૈજસ્ અને કાર્મણ એ ૩ શરીરવાળા જ હોય છે; કારણ કે પ્રથમ તો ભવ[1]પ્રત્યયિક વૈક્રિયશરીર એમને હોય નહિ, કારણ કે તે ભવપ્રત્યયિક વૈક્રિય શરીર તો દેવ - નારકોને જ હોય; તેમ એ જીવોને ઉત્તર વૈક્રિય શરીર પણ ન હોય, કારણ કે તેવા પ્રકારની લબ્ધિનો અભાવ છે. તેમજ આહારક શરીર ન હોવાનું કારણ તો પ્રથમ કહ્યા પ્રમાણે વિ[2]ચારવું. એ પ્રમાણે ૫૪મી ગાથાનો

---

૧. જન્મથી જ જે શરીર પ્રાપ્ત થાય તે મૂળ શરીર અથવા ભવપ્રત્યયિક શરીર કહેવાય.

૨. આહારક શરીર ચૌદ પૂર્વધર મુનિ મહાત્માને જ હોય- એ કારણ વિચારવું.

અર્થ સમાપ્ત થયો. ॥૫૪॥

अवतरण :- એ પ્રમાણે ત્રીજું પ્રસં[1]ગસહિત કાયમાર્ગણા દ્વાર સંપૂર્ણ કહીને હવે ૪થું દ્વાર योगमार्गणा કહે છે. તે આ પ્રમાણે :

**सच्चे मोसे मीसेऽसच्चमोसे मणे य वाया य ।**
**ओरालिय वेउव्विय, आहारय मिस्स कम्मइए ॥५५॥**

गाथार्थ :- સત્ય-મૃષા-મિશ્ર અને અસત્યામૃષા એ ચાર પ્રકારના મનયોગ તથા વચનયોગ (મળીને ૮ યોગ) તથા ઔદારિકયોગ, વૈક્રિયયોગ, આહારયોગ, તેમજ એ ત્રણે મિશ્રયોગ (એટલે ઔદારિકમિશ્રયોગ, વૈક્રિયમિશ્રયોગ, આહારકમિશ્રયોગ) અને કાર્મણયોગ એ પ્રમાણે ૧૫ યોગ છે. ॥૫૫॥

व्याख्यार्थ : મનસંબંધી તથા વચનસંબંધી જે યોગ તે પ્રત્યેક સત્ય-મૃષા-મિશ્ર અને અસત્યામૃષા એમ ૪ પ્રકારનો છે, એ અક્ષરાર્થ કહ્યો. હવે એ ૮ યોગસંબંધી ભાવાર્થ કહેવાય છે, તે આ પ્રમાણે :

## ॥ યોગ એટલે શું ? તેનો શબ્દાર્થ ॥

અહીં 'યોગ' એ પદનો પ્રથમ તો શબ્દાર્થ (વ્યુત્પત્તિ અર્થ) શું ? તે કહેવાય છે -

योज[2]नं = જોડવું - જોડાવું તે યોગ એટલે જીવનું વીર્ય-શક્તિ-ઉત્સાહ- પરાક્રમ - ચેષ્ટા અથવા સ્ફુરણા. અથવા युज्यते એટલે ધાવન - વલ્ગન - (દોડવું - વળગવું) ઈત્યાદિ ક્રિયાઓમાં વ્યાપૃત થાય તે યોગ એ ક[3]ર્મણિ પ્રયોગ છે. (અર્થાત્ અહીં 'યોગ' કર્મ તરીકે છે.) અથવા युज्यते એટલે ધાવન - વલ્ગનાદિ ક્રિયાઓમાં જીવ જેના વડે સંબંધવાળો થાય - જોડાય તે યોગ, એ પ્રમાણે કરણ[4]રૂપ પણ યોગ છે. (અર્થાત્ યોગ એ કરણ પણ છે.) એ કરણરૂપ યોગ મન-વચન-કાયાના ભેદથી ૩ પ્રકારનો છે. તે આ પ્રમાણે -

(૧) मनोयोग (૨) वचनयोग (૩) काययोग

## ॥ મનયોગ - વચનયોગ - કાયયોગનો સામાન્ય અર્થ ॥

સંજ્ઞિ પંચેન્દ્રિય જીવોએ કાયયોગ વડે મનઃપ્રાયોગ્ય પુદ્ગલવર્ગણાઓમાંથી ગ્રહણ કરીને મનપણે પરિણમાવેલાં એટલે વસ્તુના ચિંતવનમાં પ્રવર્તાવેલાં જે પુદ્ગલદ્રવ્યો તે मन કહેવાય છે, અને સહકારી કારણભૂત એવા તે મન વડે (એટલે મનનાં પુદ્ગલો વડે) જે યોગ તે मनयोग કહેવાય. અથવા તો મનસંબંધી જે યોગ તે मनयोग એવો પણ અર્થ થાય છે. તથા उच्यते = બોલાય તે वचन એટલે ભાષાપરિણામને પ્રાપ્ત થયેલાં પુદ્ગલદ્રવ્યોનો સમૂહ તે વચન. અને સહકારી કારણભૂત એવા તે વચન વડે (વચનપુદ્ગલો વડે) જે યોગ (વચનોચ્ચાર ક્રિયા) તે વચનયોગ. અથવા વચનસંબંધી જે યોગ તે वचनयोग. તથા चीयते = અન્નાદિ વડે વૃધ્ધિ પામે તે काय = શરીર ઔદારિકાદિ ૫ પ્રકારનું છે. તે સહકારી કારણભૂત એવા ઔદારિકાદિ કાય

૧. 'પ્રસંગ સહિત' એટલે પ્રસંગે કહેલાં યોનિદ્વાર તથા કુલદ્વાર સહિત.

૨-૩-૪. અહીં પહેલા અર્થમાં ક્રિયા પોતે યોગ છે, બીજા અર્થમાં ધાવન-વલ્ગનાદિ ક્રિયા, જીવ કર્તા અને યોગ કર્મ છે. અને ત્રીજા અર્થમાં ધાવનાદિ ક્રિયા, જીવ કર્તા અને યોગ એ કરણ છે. એ ભાવાર્થ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વડે જે યોગ તે काययोग. અથવા કાયાસંબંધી જે યોગ તે काययोग. એ ૩ પ્રકારનો યોગ પુનઃ ૧૫ પ્રકારનો છે તે આગળ કહેવાશે.

## ॥ ૪ પ્રકારનો મનયોગ ॥

અહીં પ્રથમ મનોયોગ ૪ પ્રકારનો છે. તે આ પ્રમાણે - सन्त એટલે મુનિઓ અથવા જીવાદિ પદાર્થો, તેઓનું ક્રમશઃ મુક્તિદાતાપણે, અથવા યથાર્થ વસ્તુસ્વરૂપના વિચાર વડે જે કલ્યાણકારી ચિંતવન તે ૧ सत्य. જેમ કે - જીવ પદાર્થ વિદ્યમાન છે અને શરીરમાત્રમાં વ્યાપ્ત થયેલો છે ઈત્યાદિ રીતે યથાર્થ વસ્તુસ્વરૂપનું ચિંતવન તે સત્ય. 'પુનઃ સત્ય અને તે મનોયોગ.' એ સમાસથી ૧. सत्यमनोयोग છે. (હવે આ સંબંધે જે પ્રશ્ન ઉપસ્થિત થાય છે તે આ પ્રમાણે :)

प्रश्न :- યોગ તો પરિસ્પન્દક્રિયા (સ્ફુરણ ક્રિયા) રૂપ છે, તો તેને (યોગને) સત્ય-અસત્ય ઈત્યાદિ વ્યપદેશ કેમ ઘટે ? (અર્થાત્ ક્રિયાત્મક યોગ તે સત્ય, અસત્ય કેવી રીતે હોય ?) કારણ કે તેવા પ્રકારની પ્રતીતિ (સત્ય - અસત્યપણાની પ્રતીતિ) થતી નથી.

उत्तर :- એ વાત સત્ય છે; તો પણ સત્ય-મનોવિજ્ઞાનનું સહકારી કારણપણું (યોગમાં) હોવાથી મનોયોગને સત્ય-અસત્ય કહી શકાય છે. કારણ કે અહીં કારણમાં કાર્યધર્મનો ઉપચાર છે. આ પ્રમાણે વચનયોગ વિગેરેમાં પણ સત્ય - અસત્યપણાનો વ્યપદેશ થઈ શકે છે એમ જાણવું.

તથા સત્યથી જે વિપરીત તે असत्य. અર્થાત્ 'જીવ નથી,' અથવા 'તે જીવ સર્વવ્યાપી છે' ઈત્યાદિ અયથાર્થ વસ્તુ વિચારણા તે અસત્ય, એ તાત્પર્ય છે. વળી 'તે અસત્ય અને મનોયોગ' એ બેના સમાસ થી ૨. असत्यमनोयोग છે.

તથા સત્ય અને અસત્ય એમ ઉભય પ્રકાર તે સત્યાસત્ય કહેવાય. 'કૃતાકૃતાદિ' પદની પેઠે આ કર્મધારય સમાસ છે. તે 'સત્યાસત્ય અને મનોયોગ' એ પણ કર્મધારય સમાસ પ્રમાણે ૩. सत्यासत्यमनोयोग છે. અહીં સત્યાસત્યનું સ્વરૂપ આ પ્રમાણે :- ધવ - ખદિર અને પલાશ આદિ અનેક વૃક્ષોથી મિશ્ર એવા ઘણા અશોકવૃક્ષવાળા વનને અંગે 'આ અશોકવન જ છે,' એવા પ્રકારનો જ્યારે વિચાર કરે ત્યારે પ્રસ્તુત મનોયોગનો વિષય ગણાય; (એટલે સત્યાસત્ય મનોયોગ ગણાય) કારણ કે વનમાં ઘણાં અશોકવૃક્ષ હોવાથી તે વિકલ્પ ('આ અશોકવન જ છે,' એવો વિચાર) સત્ય છે, પરંતુ બીજા પણ ધવ - ખદિરાદિ અનેક વૃક્ષો હોવાથી અસત્ય છે. એ પ્રમાણે અહીં મિશ્રપણું હોવાથી એ ૩. सत्यासत्यमनोयोग કહેવાય છે. આ કારણથી જ આ ગ્રંથકર્તાએ સત્યાસત્યને (ગાથામાં) મિશ્ર (मीसे) યોગ કહ્યો છે. એ કહેલું અશોકવનનું દૃષ્ટાન્ત તો ઉપલક્ષણમાત્ર છે. તેથી 'આખા નગરમાં ઘરે ઘરે બાળકો જન્મ્યા છે, ઘેર ઘેર વિવાહ છે' ઈત્યાદિ વિચાર પણ પ્રસ્તુત મનોયોગના વિષયવાળો છે (એટલે સત્યાસત્ય મનોયોગ છે) એમ જાણવું. તથા એ જ અશોકવનાદિકને વચન વડે બોલતાં આગળ કહેવાતો સત્યાસત્ય વચનયોગ થાય છે.

## ॥ ચોર અને હરણો સંબંધિ પ્રશ્નનો ઉત્તર॥

વળી 'આ સ્થાને ક્યાંક તમે ચોર અથવા હરણને દેખ્યા છે ?' એમ કોઈએ પૂછવાથી 'તે ચોર અથવા હરણો આ અહીં આગળ જ ગયા છે વા ઊભાં છે', એમ કહું, તો એવા પ્રકારના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિચારો તે પણ સત્યાસત્ય મનોયોગ છે, કારણ કે એ વિચાર સ્થૂલ વ્યવહારનયની દૃષ્ટિએ (સ્થૂલ બુદ્ધિથી) વિચારીએ તો સત્ય છે. પરંતુ નિશ્ચયનયના મતથી (સૂક્ષ્મ બુધ્ધિથી) વિચારીએ તો એ વિચાર પર જીવને પીડાકારી અને પાપકર્મોનો બંધ કરાવનાર હોવાથી અસત્ય છે, માટે એ વિચાર સત્યાસત્ય મનોયોગ છે. પુનઃ એ જ પ્રશ્નમાં (પ્રશ્નના ઉત્તરમાં) 'તે ચોર અથવા તે હરિણો આ અહીં આગળ ગયા છે વા ઊભાં છે' ઈત્યાદિ વચનો બોલતાં આગળ કહેવાતો સત્યાસત્ય વચનયોગ થાય છે, કારણ સ્થૂલ બુદ્ધિથી વિચારતા એ વચન વ્યવહારથી જો કે સત્ય છે, પરંતુ નિશ્ચયથી તો એ વચન અસત્ય છે. જે કારણથી કહ્યું છે કે -

'અલિક (મૃષા-અસત્ય) ન બોલવું. તેમજ જે વચન પર જીવને પીડાકારી હોય અને તે સત્ય હોય તો તેવું સત્ય પણ ન બોલવું. કારણ કે જે વચન પર જીવને પીડાકારી હોય તેવું સત્યવચન પણ સત્ય ન કહેવાય. ॥૧॥'

તથા જે વચનમાં સત્યનો ભાવ ન હોય, તે અસત્ય. તેમજ જે વચનમાં મૃષા - અસત્યનો પણ ભાવ ન હોય તે અમૃષા. પુનઃ 'અસત્ય અને તે અમૃષા' એ બે પદના સમાસથી ૪ असत्यामृषा યોગ પૂર્વવત્ કર્મધારય સમાસ પ્રમાણે થાય છે. તેમજ કર્મધારય સમાસ પ્રમાણે અસત્યામૃષા અને તે મનયોગ એટલે ૪. असत्यामृषामनोयोग. તેનું સ્વરૂપ -

અહીં વિ[1]પ્રતિપત્તિ વિવક્ષામાં જ વસ્તુસ્વરૂપસ્થા[2]પનના અભિપ્રાયથી પ્રમાણ (અનુમાન આદિ) વડે અબાધિત (અવિરુદ્ધ), અને શ્રી સર્વજ્ઞમતના અનુસારે જે વિચાર કરાય અથવા વચન બોલાય તે सत्य કહેવાય. જેમ કે 'જીવ છે અને તે સત્ તથા અસત્ પણ છે,' ઈત્યાદિ વિકલ્પ અથવા વચનોચ્ચાર તે સત્ય ગણાય, કારણ કે એ વિચારમાં અને વચનમાં શ્રીજિનેન્દ્રની આજ્ઞાનું આરાધકપણું છે. તથા જે વિપ્રતિપત્તિ વિવક્ષામાં જ વસ્તુસ્વરૂપસ્થાપનના અભિપ્રાયથી, બાધિત (પ્રતીતિબાધિત) તેમજ શ્રી સર્વજ્ઞમતથી વિપરીત એવો કોઈપણ પ્રકારનો વિચાર અથવા વચનોચ્ચાર असत्य ગણાય છે. જેમ કે - 'જીવ નથી; અથવા જીવ એકાન્ત નિત્ય જ છે' ઈત્યાદિ વિકલ્પ વા વચન असत्य કહ્યું છે, કારણ કે એ વિચારથી અને વચનથી જીવને શ્રીજિનેન્દ્રાજ્ઞાનું વિરાધકપણું છે. તથા જેનું તત્ત્વ પ્રમાણ વડે બાધિત અને અબાધિત હોય એવા અશોકવનાદિક સંબંધી વિચાર તથા વચન सत्यासत्य છે, કારણ કે એ વિચારમાં તથા વચનમાં જીવને વિરાધકપણું અને આરાધકપણું ઉભય મિશ્રભાવે વર્તે છે. પરંતુ વિપ્રતિપત્તિ વિના જ વસ્તુસ્વરૂપસ્થાપનના અભિપ્રાયરહિત વસ્તુનું સ્વરૂપ માત્ર દર્શાવનારો અને વ્યવહાર (લોકવ્ય[3]વહાર)ને અનુસરતો એવો જે કંઈ વિચાર મનમાં વિચારાય અથવા વચન વડે બોલાય, જેમ કે 'હે દેવદત્ત ! ઘટ લાવ, મને ગાય આપ' ઈત્યાદિ; એવા પ્રકારનું

---

૧. કોઈપણ વસ્તુધર્મની પ્રતીતિ - શ્રદ્ધા- નિર્ણય - પ્રથમ ન હોય, તે અહીં વિપ્રતિપત્તિ કહેવાય, તેવા જીવમાં જ વસ્તુસ્વરૂપના નિર્ણયથી સત્ય વા અસત્ય ભાવ સંભવે છે.

૨. આ વસ્તુ - પદાર્થ અમુક આવા સ્વરૂપવાળો છે, એમ પોતાની પ્રતીતિથી ચોક્કસ પણે જે વિચારવું અથવા કહેવું તે વસ્તુસ્વરૂપસ્થાપનના અભિપ્રાય કહેવાય.

૩. અહીં વચનયોગમાં વચનોચ્ચાર જે રીતે જે ભાષા પ્રમાણે લોકસમુદાયમાં બોલાતો હોય તેમજ વિશેષતઃ મનાતો હોય (એટલે વ્યવહારમાં જે પ્રસિદ્ધ અર્થવાળો હોય) તે અર્થને અનુસારે વિચારવું અથવા બોલવું. ઈતિ તાત્પર્ય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વરૂપમાત્ર પ્રતિપાદન કરનાર એવું વ્યવહારિક વિકલ્પજ્ઞાન અથવા વચન તે સત્ય પણ નથી તેમ મૃષા પણ નથી, પરંતુ - असत्यामृषा રૂપે આગમમાં કહેલું છે, કારણ કે એ વિચાર અથવા વચનોચ્ચારમાં આરાધકપણું નથી, તેમ વિરાધકપણું પણ નથી. એ કારણથી 'હે દેવદત્ત !' ઈત્યાદિ વિકલ્પ असत्यामृषा मनोयोग - वचनयोग કહેવાય. એ પ્રમાણે મનોયોગ ૪ પ્રકારનો કહ્યો. અને મનોયોગના જ વ્યાખ્યાનમાં વચનયોગ પણ ૪ પ્રકારનો કહ્યો એમ જાણવું. કારણ કે વિશેષતઃ મનમાં પ્રથમ વિચારાયેલ ભાવ જ વચન દ્વારા બોલાય છે. (એ પ્રમાણે જો કે મનોયોગની વ્યાખ્યામાં વચનયોગની વ્યાખ્યા અંતર્ગત થઈ ગઈ છે-કહેવાઈ છે) તો પણ વચનયોગની વ્યાખ્યાનું સ્થાન શૂન્ય ન રહે તેથી તેનું કંઈક સ્વરૂપ કહેવાય છે :

## ॥ ૪ પ્રકારનો વચનયોગ ॥

सतां = મુનિ મહાત્માઓને અથવા જીવાદિ પદાર્થોને हिता = કલ્યાણ કરનાર (વાણી) તે સત્ય, પુનઃ સત્ય અને તેવી વાણી તે सत्यवचन. અને સહકારી કારણભૂત એવા સત્યવચન વડે જે યોગ (અર્થાત્ સત્યવચનવાળો જે યોગ) તે सत्यवचनयोग. અથવા પૂર્વે (મનોયોગની વ્યાખ્યામાં) કહ્યા પ્રમાણે વચનગત સત્યત્વનો યોગમાં ઉપચાર કરીએ (એટલે સત્યવચનરૂપ સહકારી કારણનો યોગરૂપ કાર્યધર્મમાં-ક્રિયામાં ઉપચાર - આરોપ કરીએ) તો 'સત્ય અને તે વચનયોગ' તે સત્યવચનયોગ (કર્મધારય સમાસ પ્રમાણે જ) ગણાય, એમ પણ જાણવું. આગળ કહેવાતા શેષ ૩ વચનયોગમાં વ્યુત્પત્તિ અર્થ સિવાયનું શેષ સ્વરૂપ સત્યમનોયોગાદિવત્ જાણવું. ॥ इति १. सत्यवचनयोग ॥

તથા સત્યથી જે વિપરીત તે અસત્ય, પુનઃ 'અસત્ય અને તે વચન' (એ કર્મધારય સમાસ પ્રમાણે) असत्यवचन કહેવાય. પુનઃ તે અસત્યવચન વડે (એટલે સહકારી કારણભૂત એવા અસત્યવચન વડે) જે યોગ તે ૨. असत्यवचनयोग કહેવાય.

તથા સત્યથી જે વિપરીત તે અસત્ય, પુનઃ 'સત્યાસત્ય અને તે વચન' તે સત્યાસત્ય વચન. તે (સહકારી કારણભૂત એવા) સત્યાસત્યવચન વડે જે યોગ તે ૩. सत्यासत्यवचनयोग. તથા જે વચનમાં સત્યભાવ ન હોય તે અસત્ય, તેમજ જે વચનમાં મૃષાભાવ ન સમાયેલો હોય તે અમૃષા. એ પ્રમાણે અસત્ય અને તે અમૃષા એ બે પદ (ના સમાસ) વડે અસત્યામૃષા અને તે જ વચનયોગ તે ૪. असत्यामृषावचनयोग. એ પ્રમાણે ચારે વચનયોગનો વ્યુત્પત્તિ અર્થ કહ્યો. પરંતુ એ ચારે વચનયોગની શેષ વિષયવ્યવસ્થા (અર્થાત્ શેષ સ્વરૂપ) સર્વ મનોયોગમાં કહ્યા પ્રમાણે યથાયોગ્ય જાણવી.

## ॥ નિશ્ચયનયથી ૨ મનયોગ અને ૨ વચનયોગ ॥

પૂર્વે જે ૪ મનયોગ તથા ૪ વચનયોગ કહ્યા તે અતિસ્થૂલ વ્યવહારનયના અભિપ્રાયથી કહ્યા છે. પરંતુ શુદ્ધ નયના અભિપ્રાય પ્રમાણે તો સર્વ મનોવિજ્ઞાન અથવા સર્વે વચનો જો અદુષ્ટ વિવક્ષાપૂર્વક (પરની હિતબુદ્ધિયુક્ત) હોય તો સત્ય અને અજ્ઞાનાદિ દુષ્ટ આશયપૂર્વક હોય તો


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અસત્ય એમ ૨ પ્રકારે જ છે. પરંતુ ઉભયરૂપ (સત્યાસત્ય), તેમજ ઉભયના અભાવરૂપ (અસત્યામૃષા) એવા ૨ ભેદ છે જ નહિ, કારણ કે એ ૨ ભેદનો પણ સત્ય અને અસત્ય એ ૨ ભેદમાં જ અંતર્ભાવ ગણેલો છે એમ જાણવું.

## ॥ ૭ પ્રકારનો કાયયોગ ॥

હવે કાયયોગ ઔદારિક - વૈક્રિય-આહારક તથા એ ત્રણે સ્વસ્વમિશ્ર અને કાર્મણ એ પ્રમાણે કાયાના ૭ ભેદથી ૭ પ્રકારનો છે. ત્યાં ઔદારિક, વૈક્રિય અને આહારક એ ૩ કાયનું સ્વરૂપ તો પ્રથમ (૫૩મી ગાથામાં અને વ્યાખ્યાર્થમાં) કહેવાઈ ગયું છે. તથા મિસ્સ ઈતિ. અહીં મિશ્ર શબ્દ ત્રણે શરીરમાં પ્રત્યેકમાં સંબંધવાળો થાય છે. અને તે કારણથી દરેક કાયયોગનો સ્વરૂપાર્થ - ભાવાર્થ આ પ્રમાણે :

ઔદારિક એ જ કાય - શરીર તે ઔદારિક કાય, અને સહકારી કારણરૂપ એવા તે ઔદારિક શરીર વડે જે યોગ અથવા ઔદારિક શરીરસંબંધિ જે યોગ તે ૧. औदारिक काययोग. અને એ ઔદારિક પદને મિશ્ર પદનો સંબંધ જોડતાં ૨. औदारिकमिश्र काययोग. અહીં મિશ્રતા તે કાર્મણ શરીર વડે છે એમ જાણવું. તે આ પ્રમાણે - પૂર્વના અનંતર ભવથી પરભવમાં ઉત્પત્તિસ્થાને આવેલો જીવ પ્રથમ સમયે કાર્મણ કાયયોગ વડે જ આહાર ગ્રહણ કરે છે. ત્યારબાદ (બીજા સમયે) ઔદારિક શરીરનો પણ પ્રારંભ થવાથી કાર્મણ વડે મિશ્ર એવા તે ઔદારિક શરીર વડે અન્તમુહૂર્ત સુધી આહાર ગ્રહણ કરે છે. શ્રી નિર્યુક્તિકર્તાએ કહ્યું છે કે -

'અનંતર સમયે જીવ કાર્મણયોગ વડે આહાર કરે છે, ત્યારબાદ જ્યાં સુધી શરીરની નિષ્પત્તિ-સમાપ્તિ થાય ત્યાં સુધી મિશ્રયોગ વડે આહાર કરે છે.'

(અહીં સમાસ આ પ્રમાણે -) ઔદારિક મિશ્ર એવી કાય તે ઔદારિકમિશ્રકાય અને તેના વડે (ઔ૦ મિ૦ કાય વડે) જે યોગ તે ઔદારિકમિશ્રકાયયોગ. જો કે મિશ્રતા તો કાર્મણ તથા ઔદારિક એ બંને શરીરને અંગે ગણવી હોય તો ગણી શકાય, તો પણ 'કાર્મણમિશ્ર' એવો વ્યપદેશ થતો નથી, કારણ કે તે સમયે ઔદારિક શરીરની રચનાનો પ્રારંભ હોવાથી તથા એ જ શરીર સંબંધિ ઘણો વ્યાપાર હોવાથી ઔદારિક શરીરની મુખ્યતાએ ઔદારિક શરીરના અંગે જ મિશ્ર શબ્દનો વ્યપદેશ થાય છે. અને તેથી જ એ યોગ ઔદારિકમિશ્ર કહેવાય છે, પરંતુ કાર્મણમિશ્ર નહિ.

તથા પૂર્વે (૫૩મી ગાથામાં) દર્શાવેલા સ્વરૂપવાળું જે વૈક્રિય એ જ શરીર તે વૈક્રિયશરીર = વૈક્રિયકાય અને તે વડે જે યોગ તે ૩. वैक्रियकाययोग. તથા જ્યાં કાર્મણ વડે મિશ્ર એવી વૈક્રિયકાય તે વૈક્રિયમિશ્રકાય, અને તે દેવ - નારકોને અપર્યાપ્ત અવસ્થામાં હોય છે. અહીં પણ કાર્મણમિશ્રકાય ન કહેતાં વૈક્રિયમિશ્રકાય કહેવાનું કારણ પ્રથમ કહેલા ઔદારિકમિશ્રકાયવત્ જાણવું. પુનઃ બીજી વાત એ છે કે - બાદર પર્યાપ્ત વાયુ, ગર્ભજ તિર્યંચ તથા ગર્ભજ મનુષ્યો કે જેઓ વૈક્રિયલબ્ધિવાળા છે, તેઓ વૈક્રિયશરીર રચીને પુનઃ સંહરી ઔદારિકકાયયોગ સન્મુખ થાય ત્યારે તેઓને ઔદારિકકાય વડે મિશ્ર એવો પણ વૈક્રિયમિશ્રકાયયોગ હોય છે. તે કારણથી તે લબ્ધિવંત ગર્ભજ તિર્યંચોને તથા ગર્ભજ મનુષ્યોને પણ વૈક્રિયમિશ્રકાયયોગ હોય છે એમ

જાણવું.

હવે આ પક્ષને વિષે ઔદારિક શરીર વડે મિશ્ર એવા વૈક્રિયયોગને પણ જેમ વૈક્રિયમિશ્ર કહેવાય છે, તેમ ઔદારિક પણ વૈક્રિય વડે મિશ્ર છે તો ઔદારિકમિશ્રયોગ પણ કેમ ન કહેવાય. - એમ જો કહેતા હોય તો તે અયુક્ત છે. કારણ કે વ્યપદેશ તો ખરેખર મુખ્ય શરીર વડે જ (એટલે જે શરીરની જે વખતે મુખ્યતા તે શરીર વડે જ) હોય છે. અને વૈક્રિયના ત્યાગ (સંહરણ) વખતે તો વૈક્રિયશરીરસંબંધિ જ ઘણો વ્યાપાર હોવાથી તે વૈક્રિયશરીરની જ મુખ્યતા ગણાય, અને તે કારણથી મિશ્રયોગનો વ્યપદેશ પણ વૈક્રિયશરીર વડે જ થાય, જેથી વાયુકાય ઈત્યાદિને વૈક્રિયના આરંભકાળે વૈક્રિયમિશ્રયોગ ન કહેવાય. કારણ કે એ જીવો ઔદારિક શરીરમાં રહ્યા છતાં વૈક્રિય શરીર રચે છે, તેથી પ્રારંભકાળે ઔદા૦નો વ્યાપાર ઘણો હોવાથી ઔદારિકશરીર જ પ્રધાન છે. તે કારણથી તે વખતે મિશ્રનો વ્યપદેશ ઔદારિકશરીર વડે જ હોય છે, માટે ઔદારિકમિશ્રયોગ (વૈક્રિયના પ્રારંભમાં) કહ્યો છે. કેટલાક આચાર્યો તો વૈક્રિયના આરંભકાળમાં જ વાયુ આદિકને વૈક્રિયમિશ્ર યોગ કહે છે, કારણ કે પ્રારંભ વૈક્રિય શરીરનો હોવાથી વૈક્રિયશરીરની મુખ્યતા ગણાય, એવી અપેક્ષા વડે તે વૈક્રિયશરીર વડે જ મિશ્રયોગ (અર્થાત્ વૈક્રિયમિશ્રયોગ) માને છે, એ તાત્પર્ય છે. અસ્તુ. હવે આ વૈક્રિયમિશ્રની વિશેષ ચર્ચા વડે સર્યું. એ બાબતનો સવિસ્તર વિચાર જાણવો હોય તો તેઓએ શ્રીપ્રજ્ઞાપનાજી સૂત્રની વૃત્તિ જોવી. એ ઉક્ત સ્વરૂપવાળો વૈક્રિયમિશ્ર અને તે કાયા એ સમાસપદ વડે વૈક્રિયમિશ્રકાય કહેવાય, અને તે કાયા વડે જે યોગ-વ્યાપાર તે ૪. वैक्रियमिश्रकाययोग કહેવાય.

તથા પૂર્વે કહેલા સ્વરૂપવાળું જે આહારકશરીર એ જ કાયા તે આહારકકાય, અને તે વડે જે યોગ તે ૫. आहारककाययोग કહેવાય.

તથા જે યોગમાં આહારકશરીર ઔદારિકશરીર વડે મિશ્ર થાય છે, તે આહારકમિશ્ર, અને એ જ કાય-શરીર તે આહારકમિશ્રકાય, અને તે કાયવડે (આ૦ મિશ્રકાય વડે) જે યોગ-વ્યાપાર તે ૬. आहारकमिश्रकाययोग કહેવાય. સિદ્ધપ્રયોજન (આહારકશરીર જે કારણથી રચ્યું હોય તે કારણ સિદ્ધ થયે - સમાપ્ત થયે તે) ચૌદ પૂર્વધર મુનિ મહાત્મા આહારકશરીર ત્યાગ કરી પુનઃ ઔદારિકશરીર ગ્ર[૧]હણ કરવાને પ્રવર્તે છે, ત્યારે આહારકશરીર ઔદારિક શરીર વડે મિશ્ર ગણાય છે, કારણ કે તે વખતે આહારકશરીરનો ઘણો વ્યાપાર હોવાથી આહારકશરીરની મુખ્યતા ગણીને તે વખતે आहारक શરીર વડે જ મિશ્રનો વ્યપદેશ થાય છે, એ તાત્પર્ય છે. અહીં પણ કેટલાક આચાર્યો તો આહારકના પ્રારંભકાળમાં પણ આહારકમિશ્રપણું માને છે, કારણ કે પ્રારંભ આહારકનો હોવાથી મુખ્યતા પણ આહારકની જ ગણાય. માટે મિશ્રનો વ્યપદેશ પણ આહારકશરીરના નામથી જ ગણવો, એમ કહે છે તે જાણવું.

૧. અહીં 'ઔદારિકશરીર ગ્રહણ કરવાને પ્રવર્તે છે' એટલે 'ઔદારિકકાયયોગ પ્રકટ કરવા સન્મુખ થાય છે' એવો અર્થ જાણવો, પરંતુ ઔદારિકશરીર સર્વથા છોડી દીધું છે તેથી તે શરીર પુનઃ ગ્રહણ કરવા પ્રવર્તે છે, એમ નહિ. કારણ કે આહારક - રચના વખતે ઔદા૦ શરીરમાંથી સર્વ આત્મપ્રદેશો નીકળતા નથી, માટે.

Jain Education International

For Private & Personal Use Only
www.jainelibrary.org

તથા પૂર્વે (૫૩મી ગાથામાં) કહેલા સ્વરૂપવાળું કાર્મણ એ જ કાય તે કાર્મણકાય, અને તેના વડે જે યોગ તે कार्मणकाययोग. અહીં કાર્મણમિશ્રયોગ જે કારણથી સંભવતો નથી તે કારણ તો પૂર્વે કહેવાયું જ છે. તેમજ કેવળ કાર્મણકાયયોગ તો વિગ્રહગતિમાં તથા કેવલિસમુદ્દ્ઘાતના ૩-૪-૫ મા સમયોમાં હોય છે, એમ જાણવું. વળી અહીં તૈજસ્‌યોગ તથા કાર્મણયોગ એ બેમાંથી કોઈપણ એક યોગ હોય ત્યારે બીજો યોગ પણ અવશ્ય હોય જ, અને એ બેમાંનો કોઈપણ એક યોગ ન હોય ત્યારે તેના અભાવે બીજો યોગ પણ અવશ્ય ન હોય, એ પ્રમાણે એ બે યોગ હમેશાં સહચારી હોવાથી કાર્મણયોગ ગ્રહણ કરવાથી તૈજસ્‌યોગ પણ અવશ્ય ગ્રહણ થયેલો જાણવો. એ અપેક્ષાએ તૈજસ્‌કાયયોગને કાર્મણકાયયોગથી જુદો કહ્યો નથી, એમ જાણવું. એ પ્રમાણે ૫૫મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૫૫॥

अवतरण : એ પ્રમાણે ૧૫ યોગનું સ્વરૂપ કહીને હવે અહીં ચાલુ વિષય તરીકે ગતિ આદિ માર્ગણાઓમાં ગુણસ્થાનરૂપ ૧૪ જીવસમાસ કહેવાય છે, તે પ્રસ્તુત-ચાલુ વિષયને મનમાં ધારણ કરતાં - સ્મરણ કરતાં આચાર્ય પૂર્વોક્ત ૧૫ યોગમાં ૧૪ ગુણસ્થાનરૂપ ૧૪ જીવસમાસનો વિચાર કરવાને - કહેવાને આ ૫૬મી ગાથા કહે છે :

**सच्चे असच्चमोसे, सण्णी उ सजोगिकेवली जाव ।**
**सण्णी जा छउमत्थो, सेसं संखाइ अंतवउ ॥५६॥**

गाथार्थ : સત્ય તથા અસત્યામૃષા (મનયોગ અને વચનયોગ) સંજ્ઞિના મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનથી યાવત્ સયોગી કેવલી (૧થી ૧૩મા) ગુણસ્થાન સુધી હોય છે. તથા શેષ મનયોગ અને વચનયોગ (૪ યોગ) સંજ્ઞિથી (એટલે સંજ્ઞિના મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનથી) યાવત્ છદ્મસ્થ ગુણસ્થાન સુધી (૧થી ૧૨મા સુધી) હોય છે. તથા શંખ આદિ જીવોને (દ્વીન્દ્રિયથી અસંજ્ઞિ પંચેન્દ્રિય સુધીના જીવોને) અંતિમ વચનયોગ (૧ અસત્યામૃષા વચનયોગ જ) હોય છે. ॥૫૬॥

व्याख्यार्थ : સત્યમનયોગ, અસત્યામૃષા મનયોગ, સત્યવચનયોગ, તથા અસત્યામૃષા વચનયોગ એ ૪ યોગ સંજ્ઞિજીવો સંબંધિ મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનથી પ્રારંભીને યાવત્ સયોગિકેવલી ગુણસ્થાન સુધી (એટલે સંજ્ઞિને ૧ થી ૧૩ મા ગુણ૦ સુધી) હોય છે. અહીં તાત્પર્ય આ છે કે એકેન્દ્રિયોને તો મનયોગ તથા વચનયોગ સર્વથા સંભવતા જ નથી, અને દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય તથા અસંજ્ઞિ પંચેન્દ્રિયોને તો વચનયોગ હોય છે. (પરંતુ મનયોગ હોય નહિ), તે એક અસત્યામૃષાવચનયોગ જ આ ગાથામાં (દ્વીન્દ્રિયાદિકને) કહેશે. તેથી હવે બાકી રહેલાં સંજ્ઞિઓને જ અંગે 'સંજ્ઞિઓને મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનથી પ્રારંભીને' એમ કહ્યું છે. તથા અયોગિકેવલીને તો યોગનો જ સર્વથા અભાવ હોય છે, માટે પર્યન્તે[૧] સયોગિકેવલી જ કહ્યા છે.

सण्णी जा छउमत्थो सेसं ઈતિ. મન-વચનયોગ સંબંધિ જે ૮ યોગ છે તેમાંના ૪ યોગ તો

---

૧. सन्नी उ सजोगिकेवली जाव એ વાક્યના અર્થ તરીકે લભ્યમાન ગુણસ્થાનોમાં પર્યન્તે અયોગી કેવલી ન કહેતાં પર્યન્તે સયોગી કેવલી કહ્યા છે, ઈતિ ભાવઃ.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપર કહ્યા છે, અને બાકી જે અસત્યમનયોગ, મિશ્રમનોયોગ તથા અસત્યવચનયોગ અને મિશ્રવચનયોગ એ ૪ યોગ તે પણ સંજ્ઞિના મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનથી જ આરંભીને ક્ષીણમોહછદ્મસ્થ (નામના ૧૨મા) ગુણસ્થાન સુધી પ્રાપ્ત થાય છે - હોય છે. અહીં પણ એકેન્દ્રિય - દ્વીન્દ્રિય-ત્રીન્દ્રિય-ચતુરિન્દ્રિય અને અસંજ્ઞિ પંચેન્દ્રિયનું મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાન ન કહેતાં 'સંજ્ઞિ પંચેન્દ્રિયના મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનથી પ્રારંભીને' એમ કહ્યું તેનું કારણ પ્રથમ[1] કહ્યું તે જ જાણવું. (અર્થાત્ અસંજ્ઞિ તથા એકેન્દ્રિયાદિકને ૧ અસત્યામૃષા વચનયોગ આ ગાથામાં જ કહેવાશે એ કારણ.)

વળી બીજી વાત એ છે કે - આ કહેવાતા ૪ યોગ (અસત્ય તથા મિશ્ર મનયોગ અને વચનયોગ) રાગ, દ્વેષ, અજ્ઞાન અને અનાભોગવાળા જીવોને જ હોય છે, અને તે રાગાદિક સર્વે દોષ સયોગિકેવલી ભગવંતોને સર્વથા સમૂલ નાશ પામેલા હોય છે, માટે 'સયોગિકેવલી સુધી' એમ કહેવું છોડીને ગ્રંથકર્તાએ પર્યન્તમાં ક્ષીણમોહ છદ્મસ્થ જ કહ્યા છે.

પ્રશ્ન :- એ પ્રમાણે કહેતા હો તો અસત્યવચનાદિ ૪ યોગ મિથ્યાદૃષ્ટિથી પ્રારંભીને પ્રમત્ત સુધીનાં (૧થી ૬) ગુણસ્થાનોમાં જ સંભવે, કારણ કે રાગાદિકથી અવિશુદ્ધપણું તેઓને જ છે, પરંતુ અપ્રમત્તથી પ્રારંભીને ક્ષીણમોહ સુધીના જે જીવો તેઓને તો અત્યંત વિશુદ્ધ, અધિક વિશુદ્ધ (વિશુદ્ધતર) અને તેથી પણ અધિક અધિક વિશુદ્ધ (વિશુદ્ધતમ) અધ્યવસાયો હોય છે તો અસત્યમનયોગાદિ તેઓને કેવી રીતે હોય ? કારણ કે અસત્યપણાનો સંભવ તો અવિશુદ્ધિમાં જ હોય છે.

ઉત્તર :- એ વાત જો કે સત્ય છે. પરંતુ એ ગુણસ્થાનવર્તી જીવોને (અપ્રમત્તથી ક્ષીણમોહ સુધીના જીવોને) જ્ઞાનાવરણીયાદિકનો ઉદય તો હજી પણ વર્તે છે જ, અને તે હોતે છતે (અર્થાત્ જ્ઞાનાવરણીયાદિકનો ઉદય વર્તે છે તેથી) અનાભોગ આદિ દોષ (રાગ, દ્વેષ, અજ્ઞાન અને અનાભોગ એ ૪ જે પ્રથમ કહ્યા છે તે) સંભવે છે, અને અનાભોગાદિ દોષથી અસત્યતા અવશ્ય હોય છે. માટે ક્ષીણમોહ ગુણસ્થાનમાં પણ છદ્મસ્થભાવે (અજ્ઞાનભાવે) અનાભોગાદિ દોષ હોય ત્યાં અસત્યતા સંભવે છે, તો શેષ (ઉપશાન્તમોહાદિ) ગુણસ્થાનોમાં અસત્યતા સંભવે તેમાં શું આશ્ચર્ય ? તે કારણથી અસત્યાદિ ૪ યોગનો સદ્ભાવ - સંભવ એ અપ્રમત્તાદિ ગુણસ્થાનોમાં કહેવો વિરોધવાળો નથી, જે કારણથી કહ્યું છે કે :

'અહીં છદ્મસ્થ જીવોને અનાભોગથી કંઈપણ સ્ખલના (ભૂલ-ચૂક) ન થાય એમ નહિ, કારણ કે જ્ઞાનાવરણીય કર્મનો ઉદય છદ્મસ્થ જીવોને છે, અને તે કર્મનો જ્ઞાન આવરવાનો સ્વભાવ જ છે. માટે તેવા જ્ઞાન આવરવાના સ્વભાવવાળા જ્ઞાનાવરણીય કર્મનો ઉદય વર્તતાં અનાભોગથી - અનુપયોગથી છદ્મસ્થ જીવોને સ્ખલના સંભવે જ. ॥૧॥

સયોગી કેવલી ભગવંતને જ્ઞાનાવરણીય કર્મનો ઉદય નથી, અને જ્ઞાનાવરણના અભાવે અનાભોગ વિગેરેનો સંભવ નથી, અને અનાભોગ આદિક દોષ ન હોવાથી અસત્યનો પણ

૧. આ ગાથાની જ વ્યાખ્યામાં કારણ કહેવાઈ ગયું છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંભવ નથી, તે કારણથી અહીં અસત્ય યોગમાં સયોગિકેવલી ભગવંતને ગ્રહણ કર્યા નથી. હવે એ બાબતની વિશેષ ચર્ચાથી સર્યું.

प्रश्न :- અહીં મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકમાં સંજ્ઞિ પંચેન્દ્રિયોને અંગે જ યોગનો (યોગ પ્રાપ્તિનો) વિચાર કહ્યો, પરંતુ મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનમાં વર્તનારા શંખ આદિ દ્વીન્દ્રિય જીવો તેમજ બીજા ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, અસંજ્ઞિ પંચેન્દ્રિય, એ જીવોને વચનયોગ છે, તો પણ તે દ્વીન્દ્રિયાદિકોને વચનયોગનો વિચાર આ ગાથામાં કેમ ન કહ્યો ? (એ આશંકા કરીને હવે તેનો ઉત્તર કહેવાય છે.)

उत्तर : संखाइ अंतवउ ઈતિ. શંખ આદિ દ્વીન્દ્રિય જીવોને, કાનખજૂરા આદિ ત્રીન્દ્રિય જીવોને, ભ્રમર આદિ ચતુરિન્દ્રિય જીવોને, તથા મત્સ્યાદિ અસંજ્ઞિ પંચેન્દ્રિય જીવોને એ સર્વે મિથ્યાદૃષ્ટિ જીવોને અસત્યામૃષા નામનો છેલ્લો ૧ વચનયોગ છે; કારણ કે એ જીવોને ધ્વનિ - ભાષા અવ્યક્ત - અસ્પષ્ટ છે, તેથી સત્ય તરીકે ગણી શકાતી નથી, તેમ અસત્ય તરીકે પણ કહી શકાય એમ નથી, માટે એ જીવોને અસત્યામૃષારૂપ એક જ વચનયોગ છે, એ તાત્પર્ય છે. (એ પ્રમાણે સર્વ અસંજ્ઞિને વચનયોગ ૧ જ હોય છે.)

प्रश्न : - અહીં કોઈ એમ શંકા-પ્રશ્ન પૂછે છે કે - પૂર્વે તો નરકગતિ વિગેરે માર્ગણામાં કઈ માર્ગણાને વિષે કેટલાં અને કયા ગુણસ્થાન હોય છે ? તે રીતે ગુણસ્થાનકરૂપ જીવસમાસો માર્ગણાસ્થાનોમાં કહ્યા છે, (અર્થાત્ જીવસમાસના વક્તવ્યરૂપે ગુણસ્થાનો જ કહ્યાં છે.) અને અહીં તો વિપરીતપણું દેખાય છે, કારણ કે અહીં તો તમોએ ગુણસ્થાનરૂપ જીવસમાસોમાં જ યોગમાર્ગણાનો વિચાર કહ્યો છે, તો એ પ્રમાણે વિપરીત વક્તવ્ય કેમ ?

उत्तर :- એ વાત સત્ય છે, પરંતુ જે અને જેટલા ગુણસ્થાનરૂપ જીવસમાસોમાં જે અને જેટલા યોગ પ્રાપ્ત થાય છે, તે અને તેટલા યોગમાં પણ તે અને તેટલા જ ગુણસ્થાનરૂપ જીવસમાસ પણ પ્રાપ્ત થાય છે, માટે એ વક્તવ્યમાં કોઈપણ રીતે અર્થભેદ (ભાવાર્થનો તફાવત) નથી. કેવળ અતિસુગમતાથી અતિપ્રસિદ્ધ ખાતરીવાળા (એટલે સુગમતાથી સહેજે સમજી શકાય તેવા) ઉપાયને આશ્રયીને કોઈ સ્થાને કોઈક પ્રકારની વચનોક્તિ (ભિન્ન) પણ પ્રવર્તે છે, માટે જો ભાવાર્થ જુદો ન પડતાં એક જ આવતો હોય તો વચનના ભેદમાત્રથી વ્યામોહ ન કરવો. (એટલે આ વિપરીત કથન કેમ ? એવી શંકા ન કરવી.) વળી અહીં જે યોગ જે જીવને કહ્યો છે, તે યોગ તે જીવને લબ્ધિથી તો પ્રથમ સમયથી જ જાણવો, પરંતુ ક્રિયાપ્રવૃત્તિરૂપે તો પોતપોતાની પર્યાપ્તિઓ સમાપ્ત થયા બાદ તે યોગ હોય એમ જાણવું. એ ૫૬મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૫૬॥

अवतरण : એ પ્રમાણે પૂર્વ ગાથામાં વચનયોગ અને મનયોગ માર્ગણામાં ગુણસ્થાનરૂપ જીવસમાસ કહીને હવે કાયયોગને વિષે તે કહે છે, અર્થાત્ કાયયોગ માર્ગણામાં ગુણસ્થાનરૂપ જીવસમાસ આ ૫૭મી ગાથામાં કહેવાય છે :


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**सुर नारया विउव्वी, नर तिरि ओरालिया सवेउव्वी ।**
**आहारया पमत्ता, सव्वेऽपज्जत्तया मीसा ॥५७॥**

ગાથાર્થ : દેવ તથા નારકો વૈક્રિયયોગવાળા હોય છે, મનુષ્યો તથા તિર્યંચો વૈક્રિયસહિત ઔદારિકયોગવાળા હોય છે, પ્રમત્ત- ગુણસ્થાનવર્તી મુનિઓ આહારકયોગવાળા હોય છે અને સર્વે અપર્યાપ્ત જીવો મિશ્રયોગવાળા હોય છે. ॥૫૭॥

વ્યાખ્યાર્થ : વિઉવ્વી = વૈક્રિયશરીરવાળા હોય છે, એ તાત્પર્ય. વૈક્રિયશરીરવાળા કયા જીવો હોય છે ? તે કહે છે - મિથ્યાદૃષ્ટિ, સાસ્વાદન સમ્યગ્દષ્ટિ, મિશ્રદૃષ્ટિ અને અવિરત સમ્યગદૃષ્ટિ એ ૪ ગુણસ્થાનવર્તી દેવો તથા એ ૪ ગુણસ્થાનવર્તી નારકો વૈ૦ શરીરવાળા હોય છે.

પ્રશ્ન :- ગાથામાં તો કંઈપણ વિશેષણ વિના સામાન્યથી જ દેવ - નારકો કહ્યા છે, તો (અહીં વ્યાખ્યામાં) મિથ્યાદૃષ્ટિ આદિ વિશેષણ કેવી રીતે કહો છો ?

ઉત્તર :- જો એમ પૂછતા હો તો કહીએ છીએ કે સામર્થ્યથી[૧] જ એ પ્રમાણે વિશેષણ કહ્યાં છે. અને જો તેમ ન કરીએ તો (અર્થાત્ મિથ્યાદૃષ્ટિ આદિ વિશેષણ રહિત દેવ-નારકો કહીએ તો) કાયયોગમાં ગુણસ્થાનરૂપ જીવસમાસનો વિચાર કરતી વખતે વિશેષણ રહિત કેવળ દેવ-નારક પદનું ગ્રહણ તે તદ્દન અપ્રસ્તુત - નિરર્થક થાય છે. (એટલે જે વિષય જે સ્વરૂપે કહેવા ધારેલો છે તે વિષય તે સ્વરૂપે કહી નહિ શકાય.) વળી દેવ - નારકો માટે મિથ્યાદૃષ્ટિ આદિ વિશેષણો કહેવાં તે મૂળસૂત્રકારનો અભિપ્રાય નથી એમ પણ ન કહેવું, કારણ કે મૂળગ્રંથકર્તાએ પણ મિથ્યાદૃષ્ટિ આદિ વિશેષણો હૃદયમાં રાખીને જ - વિચારીને જ દેવ - નારક પદ કહ્યા છે. વળી જો એમ પૂછતા હો કે મૂળગ્રંથકર્તાએ મિથ્યાદૃષ્ટિ આદિ વિશેષણો હૃદયમાં વિચારીને જ ગાથામાં દેવ-નારક શબ્દ કહ્યા છે, તે આપણે કેવી રીતે જાણી શકીએ ? તો કહીએ છીએ કે - આગળની ૫૮મી ગાથામાં જ मिच्छा सासण ઈત્યાદિ ગુણસ્થાનકો કાર્મણકાયયોગના વિચાર પ્રસંગે સ્પષ્ટ રીતે કહ્યા છે તે ઉપરથી અહીં પણ તે જ રીતે સમજવું જોઈએ તે સ્પષ્ટ છે. વળી ગ્રંથકાર દરેક પ્રતિપાદન બુદ્ધિપૂર્વક જ કરતા હોય છે. જો આવાં સ્થાનોમાં અપ્રસ્તુત હોય તેવું કથન તેઓ કરી દે, તો તેઓનું પ્રતિપાદન બુધ્ધિ કે વિચાર વગરનું છે તેમ સિદ્ધ થાય. તેવું તો છે નહિ, હોય પણ નહિ; માટે દેવ-નારકનાં વિશેષણરૂપ મિથ્યાદૃષ્ટિ આદિ ગુણસ્થાનોમાં પણ યોગનો વિચાર ભલે કરીએ તો પણ વસ્તુતઃ તેના વિશેષ્યભૂત દેવ-નારકોમાં જ સામર્થ્યથી પણ યોગપ્રાપ્તિનો વિચાર કર્યો છે એમ ગણાય; કારણ કે વિશેષ્ય વિના નિરાશ્રય[૨] વિશેષણ હોઈ શકતું નથી. માટે મિથ્યાદૃષ્ટિ આદિ વિશેષણો ચાલુ વિષયને અંગે આવશ્યક છે, તો પણ તે વિશેષણોની પ્રધાનતા - મુખ્યતા ન ગણીને (એટલે વિશેષણો ગૌણ રાખીને) માત્ર

૧. કહેવા યોગ્ય વિષયમાં જે કંઈ અવશ્ય સ્વરૂપ ગ્રંથકારે સ્પષ્ટ અક્ષરોથી ન કહ્યું હોય, અને તે સ્વરૂપ વિના કહેવાતો વિષય સાંગોપાંગ સંપૂર્ણ ન થતો હોય તો તેવા વિષયને સ્પષ્ટ કહેવો તે સામર્થ્યથી કહ્યો ગણાય.
૨. આધારરહિત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હૃદયમાં જ વિચારીને વિશેષ્યપણા વડે પ્રધાન એવા કેવળ 'દેવ-નારક' પદ માત્રથી જ (અર્થાત્ સામાન્ય પણે દેવ - નારકોમાં), મૂળગ્રંથકર્તાએ કાયયોગનો વિચાર કહ્યો છે.

એથી એકેક જીવસમાસ (મિથ્યાત્વાદિ ગુણસ્થાનકસ્વરૂપ) પણ દેવ-નારક વિગેરે રૂપ પોતાના આધારના ભેદથી અનેકપણું પામે, અને તેને વિષે કાયયોગની વિચારણા કરીએ તો વિચારની વિપુલતાથી શિષ્યને અધિક સારી વ્યુત્પત્તિ (સરળ રીતે બોધ થવા રૂપ) સિદ્ધ થાય છે.

એ પ્રમાણે હવે વિશેષ ચર્ચાથી સર્યું. વળી બુદ્ધિમંતોએ આ વિશેષણોની બાબતમાં આગમથી અવિરુદ્ધ એવું બીજું સમાધાન પણ સમજાય તો કરવું.

પ્રશ્ન :- દેવ તથા નારકોને વૈક્રિય, વૈક્રિયમિશ્ર તથા કાર્મણ એ ૩ કાયયોગ હોય છે તો અહીં મૂળગ્રંથકર્તાએ ગાથામાં માત્ર એક વૈક્રિયયોગ જ કેમ કહ્યો ?

ઉત્તર :- શરીર પર્યાપ્તિ વડે પર્યાપ્ત અવસ્થા વિચારીને જ અહીં દેવ-નારકોને કેવળ વૈક્રિયયોગ કહ્યો છે, અને શરીર પર્યાપ્તિ વડે અપર્યાપ્ત અવસ્થામાં સંભવતો વૈક્રિયમિશ્રકાયયોગ આ ગાથાના જ ઉત્તરાર્ધમાં सव्वे अपज्जत्तया मीसा એ વાક્યથી કહ્યો છે, અર્થાત્ કહેશે. અને વિગ્રહગતિ વિગેરેમાં સંભવતો કાર્મણકાયયોગ તો આગળની ૫૮મી ગાથામાં કહેવાશે, માટે એમાં કોઈ દોષ નથી; અને એ પ્રમાણે વિચાર કરીને આગળ કહેવાતા મનુષ્યગતિ આદિ માર્ગણાઓના યોગ વિચારમાં પણ ઉત્સુકતા (ઉપર પ્રમાણેની આશંકા) ન કરવી. नर तिरि ओरालिया सवेउव्वी = મિથ્યાદૃષ્ટિ, સાસ્વાદન, મિશ્ર, અવિરતસમ્યગ્દૃષ્ટિ, દેશવિરત, પ્રમત્ત, અપ્રમત્ત, અપૂર્વકરણ, અનિવૃત્તિ બાદરસંપરાય, સૂક્ષ્મસંપરાય, ઉપશાન્તમોહ, ક્ષીણમોહ તથા સયોગિકેવલી એ ૧૩ ગુણસ્થાનવર્તી મનુષ્યો, તથા મિથ્યાદૃષ્ટિ, સાસ્વાદન, મિશ્ર, અવિરત સમ્યગ્દૃષ્ટિ અને દેશવિરત એ ૫ ગુણસ્થાનવર્તી તિર્યંચો ઔદારિક કાયયોગવાળા હોય છે, તેમજ વૈક્રિય વડે સહિત હોય તે 'સવૈક્રિય' એટલે વૈક્રિયકાયયોગવાળા પણ છે. અહીં તાત્પર્ય આ છે કે-

પૂર્વોક્ત વિશેષણોવાળા મનુષ્ય તથા તિર્યંચો ઔદારિકકાયયોગી હોય છે, તથા એ જ મનુષ્ય, તિર્યંચો વૈક્રિયકાયયોગવાળા પણ હોય છે. પરન્તુ મનુષ્યો અહીં ફક્ત ગર્ભજ અને પ્રમત્ત ગુણસ્થાન સુધીના જ સમજવા. કારણ કે સમ્મૂર્ચ્છિમ મનુષ્યો અતિસંક્લિષ્ટ પરિણામવાળા હોવાથી તેઓને વૈક્રિયલબ્ધિનો અભાવ છે, તેમજ સર્વ પર્યાપ્તિઓ વડે અપર્યાપ્ત થકા જ તે મરણ પામે છે.

જો કે એ સમ્મૂર્ચ્છિમ મનુષ્યોને ૧ ઔદારિકકાયયોગ તો હોય છે જ, કારણ કે તેઓ શરીર પર્યાપ્તિ વડે પર્યાપ્ત થયા બાદ જ મરણ પામે છે. તથા અહીં અપ્રમત્તાદિ મનુષ્યો પણ (વૈક્રિય કાયયોગના સંબંધમાં) ન ગણવા, કારણ કે તેઓ અતિવિશુદ્ધ પરિણામવાળા હોવાથી વૈક્રિય લબ્ધિનું ઉપજીવન (રચના) અપ્રમત્તાદિકને ન હોય, તથા અહીં (વૈક્રિયકાયયોગના સંબંધમાં) તિર્યંચો પણ ગર્ભજ જાણવા, કારણ કે સમ્મૂર્ચ્છિમ તિર્યંચોને વૈક્રિયલબ્ધિનો અભાવ છે. (એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમાણે મનુષ્ય-તિર્યંચને ઔદા૦ તથા વૈ૦ યોગ હોય છે.)

आहारया पमत्ता ઈતિ. મનુષ્યોમાં ચૌદ પૂર્વધર પ્રમત્તસંયત (૬ઠ્ઠા ગુણસ્થાનવાળા) મુનિ મહાત્માઓ આહારકયોગવાળા પણ હોય છે.

प्रश्न :- આહારકશરીર રચવાના પ્રારંભ કાળમાં જ લબ્ધિ ફોરવવાની ઉત્સુકતા હોવાથી આહારકશરીર રચનાર મુનિને પ્રમત્તભાવ રચનાના પ્રારંભકાળમાં જ હોઈ શકે એમ સ્થાનાન્તરે (અન્ય ગ્રંથોમાં) કહ્યું છે. અને આહારકશરીર નિષ્પન્ન થયે (રચાઈ રહ્યા બાદ) તો ઉત્સુકતાની નિવૃત્તિ થવાથી આહારકશરીરને અપ્રમત્ત પણ કહ્યા છે, તો અહીં આહારકશરીરયોગમાં કેવળ પ્રમત્તગુણસ્થાનવાળા મનુષ્યો જ કેમ કહ્યા ?

उत्तर :- એ વાત જો કે સત્ય છે, પરન્તુ સ્થાનાન્તરે (અન્ય ગ્રંથોમાં) પણ જે આચાર્યોનો એ અભિપ્રાય છે કે - આહારકશરીરની રચનાના પ્રારંભમાં અને સમાપ્તિ[1]માં આહારકશરીરના રચનાર મુનિઓ પ્રમત્ત જ હોય છે, કારણ કે લબ્ધિ ફોરવવાની તથા સંહરવાની ઉત્સુકતા છે; તેઓના મત-અભિપ્રાયને આશ્રયિને જ એ પૂર્વોક્ત[2] અભિપ્રાય કહ્યો છે. માટે એમાં કોઈપણ દોષ નથી. અને તે કારણથી વૈક્રિય[3]યોગનો પણ અપ્રમત્તમાં જે નિષેધ કરાય છે તે એ મતને આશ્રયીને જ કરાય છે, એમ જાણવું.

सव्वेऽपज्जत्तया मीसा = સર્વે પણ એટલે પૂર્વે કહેલાં વિશેષણોવાળા, પૂર્વે કહેલા દેવ વિગેરે અપર્યાપ્ત = એટલે અપર્યાપ્ત અવસ્થાવાળા, હજી જ્યાં સુધી શરીરપર્યાપ્તિ સમાપ્ત કરતા નથી ત્યાં સુધી તે દેવ વિગેરે મિશ્રકાયયોગવાળા હોય છે. તે આ પ્રમાણે :

દેવ તથા નારકો તો અપર્યાપ્ત અવસ્થામાં સર્વે પણ પૂર્વે જેનું સ્વરૂપ કહેવાયું છે એવા વૈક્રિય મિશ્રકાયયોગવાળા હોય છે. પરંતુ તફાવત એ વિચારવો કે તે અપર્યાપ્ત અવસ્થામાં તેઓ મિથ્યાદૃષ્ટિ, સાસ્વાદન અને અવિરત સમ્યગ્દૃષ્ટિ એ ૩ વિશેષણવાળા જ જાણવા પરંતુ મિશ્રગુણસ્થાનરૂપ વિશેષણવાળા નહિ; કારણ કે કોઈપણ જીવને અપર્યાપ્ત અવસ્થામાં મિશ્રદૃષ્ટિ ન હોય. તે આ પ્રમાણે :

અપર્યાપ્ત અવસ્થામાં મિશ્રદૃષ્ટિપણું હોય તો તે પરભવનું સાથે આવેલું હોય કે તે જ ભવમાં નવું થયેલું હોય ? ત્યાં પરભવનું સાથે આવેલું તો સંભવે નહિ, કારણ કે મિશ્રદૃષ્ટિવાળા જીવોને મરણનો જ નિષેધ છે. (અર્થાત્ મિશ્રસમ્યક્ત્વમાં મરણ ન હોય.) શાસ્ત્રનું વચન છે કે - न सम्ममिच्छो कुणइ कालं ઈતિ. તથા તદ્‌ભવસંબંધિ નવું મિશ્રસમ્યક્ત્વ પણ (અપર્યાપ્ત અવસ્થામાં) ન હોય; કારણ કે જો મિથ્યાદૃષ્ટિ-અવસ્થા-સહિત પૂર્વભવમાંથી આવ્યો હોય તો અપર્યાપ્ત અવસ્થામાં મિશ્રસમ્યક્ત્વ પામે નહિ. કારણ કે એવી અવસ્થામાં તથાપ્રકારની

૧. અહીં આહારકનો પ્રારંભ અને સમાપ્તિ એ બે કહેવાથી આહારકના પ્રથમ સમયથી અન્ત્ય સમય સુધીનો સંપૂર્ણ કાળ જાણવો. પરંતુ આહા૦ મિશ્રયોગના વ્યપદેશવાળા બે ભાગ જાણવા.

૨. 'આહા૦યોગ પ્રમત્તગુણસ્થાનવર્તી મનુષ્યને હોય.' એ ગાથામાં કહેલો અભિપ્રાય તે પૂર્વોક્ત અભિપ્રાય જાણવો, आहारया पमत्ता ઈતિ.

૩. આ ગાથાની જ ચાલુ વ્યાખ્યામાં नरतिरि ओरालिया सवेउव्वी એ પદની વ્યાખ્યામાં જ વૈક્રિયયોગ પ્રમત્તગુણસ્થાન સુધીના જ મનુષ્યોને કહ્યો છે તે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશુદ્ધિનો અભાવ છે. અને જો સાસ્વાદન સહિત પૂર્વભવમાંથી આવ્યો હોય તો ૬ આવલિકા બાદ અવશ્ય મિથ્યાત્વે જ જાય છે, પરન્તુ મિશ્રસમ્યક્ત્વ પામતો નથી. અને જો સમ્યક્ત્વ સહિત જ ત્યાં ઉત્પન્ન થયો હોય તો તેવા જીવને પરભાર્યું - અનન્તરપણે મિશ્રમાં જવાનું જ હોય નહિ, કારણ કે અન્ય ગ્રંથોમાં તેનો નિષેધ કહ્યો છે. જે કારણથી કહ્યું છે કે :

'મિથ્યાત્વથી અવિરુદ્ધપણે શેષ બે પુંજમાં[1] સંક્રાન્તિ-ગમન હોય છે, તથા મિશ્રમાંથી પણ શેષ બે પુંજને[2] વિષે ગમન હોય છે, પરન્તુ સમ્યક્ત્વથી તો માત્ર મિથ્યાત્વમાં જ ગમન હોય પણ મિશ્રમાં ગમન ન હોય.' ॥૧॥

એ કારણથી એ દેવ, નારક વિગેરે જીવો અપર્યાપ્ત અવસ્થામાં મિશ્રદૃષ્ટિ હોતા નથી. તેથી મિશ્રદૃષ્ટિ દેવ-નારકોને વૈક્રિયમિશ્રયોગનો સંભવ નથી. (અર્થાત્ વૈ૦ મિશ્રયોગ ન હોય.) એમ સિદ્ધ-સાબિત થયું.

તથા અપર્યાપ્ત મનુષ્યો અને અપર્યાપ્ત તિર્યંચો પૂર્વે કહેલા સ્વરૂપવાળા ઔદારિકમિશ્રયોગ યુક્ત હોય છે. માત્ર તેઓ પણ તે અપર્યાપ્ત અવસ્થામાં મિથ્યાદૃષ્ટિ, સાસ્વાદની અને અવિરત સમ્યગ્દૃષ્ટિ એ ૩ વિશેષણોવાળા જ જાણવા. (પરન્તુ મિશ્રદૃષ્ટિ વિશેષણવાળા નહિ.) કારણ કે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ (એટલે મિશ્રદૃષ્ટિ)ના અભાવ માટે તો જે યુક્તિ પૂર્વે દેવ - નારકોને અંગે હમણાં જ કહી ગયા તે જ સર્વ યુક્તિ આ મનુષ્ય - તિર્યંચોના સંબંધમાં પણ સમજવી. તેમજ મનુષ્ય - તિર્યંચોને દેશવિરતિ આદિ વિશેષણો-ગુણસ્થાનકો પણ અપર્યાપ્ત અવસ્થામાં હોય નહિ, કારણ કે દેશવિરતિ આદિ ગુણસ્થાનકો તો જીવને વિરતિપણું પ્રાપ્ત થાય ત્યારે જ હોય છે, અને અપર્યાપ્ત અવસ્થામાં તો વિરતિપણાનો અંશમાત્ર પણ હોતો નથી.

प्रश्न :- 'सव्वे अपज्जत्तया मीसा' એમ જે ગ્રંથકર્તાએ ગાથામાં કહ્યું છે, તે અયુક્ત જેવું લાગે છે. કારણ કે મિશ્રયોગમાં ઔદારિકમિશ્રયોગ તો પર્યાપ્ત મનુષ્ય એવા સયોગિકેવલી ભગવંતને કેવલી સમુદ્ઘાત અવસ્થામાં ૨-૬-૭મા (એ ત્રણ) સમયોમાં હોય છે. તેમજ મનુષ્ય તથા તિર્યંચો કે જે પર્યાપ્ત હોય છે તેઓને પણ વૈક્રિયલબ્ધિવંતોને વૈક્રિયના આરંભાદિ કાળે પૂર્વોક્ત સ્વરૂપવાળો વૈક્રિયમિશ્રયોગ હોય છે. તથા પર્યાપ્ત મનુષ્યોમાં પણ ચૌદ પૂર્વધરોને આહારકના આરંભાદિ-કાળમાં આહારકમિશ્રયોગ હોય છે તે તો અત્યંત પ્રસિદ્ધ જ છે. અને એ લબ્ધિ ફોરવનારા મનુષ્ય-તિર્યંચો કંઈ અપર્યાપ્ત અવસ્થાવાળા હોતા નથી. કારણ કે સર્વે જીવો પ્રથમ ઉત્પન્ન થાય છે તે વખતે અન્તમુહૂર્તમાત્ર કાળ સુધી જ અપર્યાપ્તા હોય એમ સિદ્ધાંતોમાં કહ્યું છે. તેમજ તે અપર્યાપ્ત અવસ્થામાં કેવલિપણું ઈત્યાદિ ભાવોનો પણ સંભવ નથી (માટે સર્વે અપર્યાપ્તા જીવો જ મિશ્રયોગવાળા હોય, એમ કથન અયુક્ત સરખું ભાસે છે).

उत्तर :- એ વાત સત્ય છે. અને તે તમે ઠીક કહી છે - પૂછી છે. પરન્તુ તમોએ હજી અમારો અભિપ્રાય જાણ્યો નથી તેથી જ એ પ્રશ્ન કર્યો છે. એ બાબતમાં અમારો અભિપ્રાય એ છે કે -

૧. મિશ્રપુંજમાં અને સમ્યક્ત્વપુંજમાં. ૨. મિથ્યાત્વપુંજમાં અને સમ્યક્ત્વપુંજમાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં ગ્રંથકર્તાએ સિદ્ધાંતમાં જેને 'અપર્યાપ્ત' ગણાવ્યો છે તેનું ગ્રહણ નથી કર્યું, પરન્તુ અસંપૂર્ણ શરીરવાળો જીવ તે પણ અપર્યાપ્ત છે, એમ તેઓ કહી રહ્યા છે. કારણ કે અપર્યાપ્ત જેવો તે પણ અપર્યાપ્ત ગણાય. એ પ્રમાણે વિચારતાં મનુષ્યોનું તથા તિર્યંચોનું ઉત્તરવૈક્રિયશરીર તેમજ ચૌદ પૂર્વધરનું આહારક શરીર તેના રચવાના પ્રારંભ આદિ કાળમાં, અને સમુદ્‌ઘાતના ૨-૬-૭ સમયોમાં શ્રી કેવલિભગવંતોનું ઔદારિકશરીર પણ અસંપૂર્ણ જ છે કારણ કે તે વખતે તે શરીરના સંપૂર્ણ વ્યાપારનો અભાવ છે. તેથી પૂર્વોક્ત રીતિએ તેઓ (પર્યાપ્ત મનુષ્ય-તિર્યંચો) પણ અપર્યાપ્ત હોવાથી તે સ્થિતિમાં સંભવતા મિશ્રયોગ અહીં ગ્રહણ કર્યો છે. તેમાં કોઈ દોષ નથી. તફાવત એટલો જ કે - મિશ્રદૃષ્ટિ એવા મનુષ્ય-તિર્યંચોને વૈક્રિયમિશ્રયોગ ન જાણવો. કારણ કે અન્ય કોઈ ગ્રંથોમાં પણ કહ્યો નથી, માટે ત્યાં મિશ્રદૃષ્ટિ મનુષ્ય-તિર્યંચો તથા દેવ - નારકો વૈક્રિયશરીર જ રચતા નથી કે બીજું કોઈ કારણ હશે ? તે તો શ્રી કેવલિભગવંતો અથવા બહુશ્રુતો જાણે. અહીં વિશેષ વિસ્તારથી સર્યું. એ ૫૭ મી ગાથાનો અર્થ સમાપ્ત થયો ॥૫૭॥

अवतरण : હવે આ ગાથામાં કાર્મણ કાયયોગને વિષે જીવસમાસનો-ગુણસ્થાનોનો વિચાર કહેવાય છે. તે આ પ્રમાણે :

**मिच्छा सासण अविरय, भवंतरे केवली समुहया य ।**
**कम्मइओ काओगो, न सम्ममिच्छो कुणइ कालं ॥५८॥**

गाथार्थ : મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનવાળા, સાસ્વાદન ગુણસ્થાનવાળા, અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનવાળા, એક ભવથી બીજા ભવમાં વક્રગતિએ જતા જીવો, તથા સમુદ્‌ઘાતમાં વર્તતા શ્રી કેવલિભગવંત - એ સર્વે કાર્મણકાયયોગવાળા હોય છે. તેમજ મિશ્ર સમ્યગ્દૃષ્ટિ જીવો મરણ પામતા નથી. ॥૫૮॥

व्याख्यार्थ : મિથ્યાદૃષ્ટિઓ, સાસ્વાદનીઓ, અવિરત સમ્યગ્દૃષ્ટિઓ, ભવાન્તરે જતાં વિગ્રહગતિમાં વર્તતા જીવો એ સર્વને कार्मणकाययोग હોય છે. અર્થાત્ એ જીવો કાર્મણ કાયયોગમાં વર્તે છે, એ સંબંધ છે. અર્થાત્ પૂર્વભવના ઔદારિકાદિ શરીરનો પ્રથમ જ ત્યાગ કર્યો હોવાથી, અને અગ્રભવના (પ્રાપ્ત થનાર ભવના) ઔદારિકાદિ શરીરની હજી સુધી પ્રાપ્તિ થઈ નથી, તેથી તે જીવો તે વખતે (એટલે વિગ્રહગતિ વખતે માર્ગમાં) કાર્મણકાય-યોગને વિષે જ પ્રાપ્ત થાય છે, એ તાત્પર્ય છે. તથા જેઓએ સમુદ્‌ઘાત કર્યો છે એવા શ્રી કેવલિભગવંતો ત્રીજા, ચોથા, પાંચમા સમયમાં કાર્મણકાયયોગને વિષે જ પ્રાપ્ત થાય છે. અહીં તાત્પર્ય એ છે કે :

## ॥ કેવલિ સમુદ્‌ઘાતનું સ્વરૂપ ॥

અહીં નજીકમાં મોક્ષે જવાની અવસ્થામાં વર્તતા કોઈપણ કેવલિભગવંત પોતાનું આયુષ્યકર્મ અલ્પ અને વેદનીયકર્મ હજી ઘણું રહ્યું છે એમ જાણીને, આયુષ્યની સ્થિતિથી વેદનીયકર્મની જે અધિક સ્થિતિ છે તે અધિક સ્થિતિ ખપાવવા માટે, પોતાના આત્મપ્રદેશો વડે


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમગ્ર લોકમાં પ્રાપ્ત થવાને દંડ, કપાટ ઈત્યાદિ ક્રમ વડે સમુદ્ઘાત કરે છે. તે સંબંધમાં કહ્યું છે કે - 'વળી જે કેવલિભગવંતને વેદનીયાદિ કર્મ આયુષ્યથી અધિક સ્થિતિવાળું હોય, તે કેવલિભગવંત તે ૩ કર્મોને આયુષ્યની સરખી સ્થિતિવાળાં કરવા માટે સમુદ્ઘાત પામે છે - કરે છે.'

તે સમુદ્ઘાત કેવી રીતે કરે છે, તે કહેવાય છે. કહ્યું છે કે :

'પ્રથમ સમયે દંડ, બીજા સમયે કપાટ, ત્રીજા સમયે મન્થાન આકાર અને ચોથે સમયે તો કેવલિભગવંત સમસ્ત લોકવ્યાપી થાય છે.

'પાંચમા સમયે તો કેવલિભગવંત આંતરાં સંહરે છે, અને છઠ્ઠા સમયે મન્થાન આકાર સંહરે છે, સાતમા સમયે કપાટ સંહરે છે, અને ત્યારબાદ શ્રી કેવલિભગવંત આઠમા સમયે દંડ આકાર સંહરે છે, (જેથી પૂર્વવત્ દેહસ્થ થાય છે)'

એ આઠ સમયોમાં કયા સમયને વિશે કેવલિભગવંત કયા યોગને વિશે વર્ત્તે છે, તે કહેવાય છે :

'તે (કેવલજ્ઞાની) (સમુદ્ઘાતના) પહેલા તથા આઠમા સમયે ઔદારિકકાયયોગવાળા, ૨-૬-૭ સમયોમાં ઔદારિકમિશ્રકાયયોગવાળા તથા ૩-૪-૫ સમયોમાં કાર્મણકાયયોગવાળા હોય છે. અને એ (૩-૪-૫) ત્રણ સમયો દરમ્યાન તેઓ નિયમે અનાહારક (આહાર રહિત) હોય છે.'

એ પ્રમાણે સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલા શ્રી કેવલિભગવંતો પૂર્વે કહેલા (૩-૪-૫ એ) ત્રણે સમયોમાં કાર્મણકાયયોગને વિશે પ્રાપ્ત થાય છે, અને શેષ દેશવિરતિ આદિ જીવસમાસો (ગુણસ્થાનો) કાર્મણકાયયોગમાં પ્રાપ્ત થતા નથી. કારણ કે સયોગિકેવલી વર્જીને બીજા જીવોને તો વિગ્રહગતિમાં જ કેવલ કાર્મણકાયયોગ જ હોય છે. અને વિગ્રહગતિમાં દેશવિરતિ આદિ ગુણોનો સંભવ - સદ્ભાવ છે નહિ. તેમજ મિશ્રદૃષ્ટિ પણ વિગ્રહગતિમાં હોય નહિ, કારણ કે મરણ પામેલા અને અગ્રભવનું સ્થાન હજી નહિ પામેલા એવા (માર્ગમાં વહેતા) જીવોને જ વિગ્રહગતિ હોય છે, અને મિશ્ર દૃષ્ટિ જીવને મરણનો સિધ્ધાંતમાં નિષેધ કર્યો છે. એ જ વાત ગ્રંથકાર કહે છે કે न सम्ममिच्छो कुणइ कालं, અર્થાત્ સમ્યગ્-મિથ્યાદૃષ્ટિ (એટલે મિશ્રદૃષ્ટિ)પણામાં વર્તતો જીવ મરણ નથી જ પામતો, કારણ કે મિશ્રદૃષ્ટિનો તથાપ્રકારનો સ્વભાવ જ છે.

હવે सच्चे असच्चमोसे, सण्णी उ सजोगिकेवली जाव । ઈત્યાદિ ૩ ગાથાઓમાં કહેલા અર્થનું જ તાત્પર્ય કહેવાય છે, તે આ પ્રમાણે :

મિથ્યાદૃષ્ટિ, સાસ્વાદન અને અવિરત સમ્યગદૃષ્ટિ એ ત્રણ જીવસમાસ (એ ત્રણ ગુણસ્થાનો) તો ૪ મનયોગ, ૪ વચનયોગ, ઔદારિકયોગ, ઔદારિકમિશ્રયોગ, વૈક્રિયયોગ, વૈક્રિયમિશ્રયોગ અને કાર્મણકાયયોગરૂપ ૧૩-૧૩ યોગમાં વર્તે છે - પ્રાપ્ત થાય છે. અને મિશ્રદૃષ્ટિ ગુણસ્થાન તો ૪ મનયોગ, ૪ વચનયોગ, ૧ ઔદારિકયોગ, ૧ વૈક્રિયયોગ એ ૧૦ યોગમાં પ્રાપ્ત થાય છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા દેશવિરત ગુણસ્થાન એજ ૧૦ ઉપરાંત અગિયારમા વૈક્રિયમિશ્રકાયયોગમાં પણ પ્રાપ્ત થાય છે. તથા પ્રમત્તસંયત ગુણસ્થાન આહારકના ૨ યોગ સહિત ઉપર કહેલા ૧૧ યોગમાં એટલે સર્વ મળી ૧૩ યોગમાં પ્રાપ્ત થાય છે. તથા અપ્રમત્તથી ક્ષીણમોહ સુધીનાં (૭ થી ૧૨ સુધીનાં) ૬ ગુણસ્થાનો ૪ મનયોગ, ૪ વચનયોગ અને ૧ ઔદારિક યોગ એ ૯ યોગમાં પ્રાપ્ત થાય છે. તથા સયોગિકેવલી ગુણસ્થાન સત્યમનયોગ, અસત્યામૃષા મનયોગ, સત્ય વચનયોગ, અસત્યામૃષા વચનયોગ, ઔદારિકયોગ, ઔદારિકમિશ્રયોગ, તથા કાર્મણયોગ એ ૭ યોગમાં પ્રાપ્ત થાય છે, એમ પૂર્વોક્ત ગ્રંથ (ગા. ૫૬-૫૭-૫૮) વડે અહીં પ્રતિપાદન કર્યું અને એથી 'તેર યોગમાં ચાર જીવસમાસ છે, દશમાં એક છે, અગિયારમાં એક છે, સાતમાં એક અને નવમાં છ છે,' અને અયોગિકેવલી ગુણસ્થાન તો કોઈપણ યોગમાં પ્રાપ્ત થાય નહિ, કારણ કે એ ગુણસ્થાનમાં યોગરહિતપણું છે, એ વાતનું અ[1]હીં સમર્થન કર્યું છે. એ પ્રમાણે ૫૮ મી ગાથાનો અર્થ સમાપ્ત થયો ||૫૮||

अवतरण : પૂર્વ ગાથાઓમાં ૧૪ જીવસમાસરૂપ ૧૪ ગુણસ્થાનોમાં ૧૫ યોગ (યોગ માર્ગણા)નું પ્રતિપાદન કરીને, હવે આ ગાથામાં એ જ ૧૪ જીવ સમાસમાં ૩ વેદ માર્ગણાનું પ્રતિપાદન કરે છે તે આ પ્રમાણે :

**नेरइया य नपुंसा, तिरिक्ख मणुया तिवेयया हुंति ।**
**देवा य इत्थिपुरिसा, गेविज्ञाई पुरिसवेया ||५९||**

गाथार्थ : નારકી નપુંસકવેદવાળા હોય છે, તિર્યંચો તથા મનુષ્યો ૩ વેદવાળા છે. દેવો સ્ત્રીવેદ અને પુરૂષવેદવાળા છે, અને ગ્રૈવેયકાદિ દેવો એક પુરુષવેદવાળા છે. ||૫૯||

व्याख्यार्थ : वेद्यते = સ્ત્રી આદિકને કામાભિલાષ ઉત્પન્ન કરવા વડે અનુભવાય તે વેદ કહેવાય, અને તે ચારિત્રમોહનીયાન્તર્ગત કર્મપુદ્ગલનો સમૂહ વિશેષ છે. તે વેદ ૩ પ્રકારનો છે, તે આ પ્રમાણે :- સ્ત્રીઓને પુરૂષ પ્રત્યે કામાભિલાષ ઉત્પન્ન કરનાર તે स्त्रीवेद, પુરુષોને સ્ત્રી પ્રત્યે કામાભિલાષ ઉત્પન્ન કરનાર તે पुरुषवेद, અને નપુંસકોને સ્ત્રી તથા પુરુષ એ ઉભય પ્રત્યે કામાભિલાષ ઉત્પન્ન કરનાર તે नपुंसकवेद. એ ત્રણે પ્રકારનો વેદ આધાર વિના નિરાશ્રય (નિરાધાર) સંભવતો નથી, તેથી ૩ વેદનું નિરૂપણ તેના નારક આદિ આશ્રય દ્વારા જ (એટલે જે જે જીવોને એ ૩ વેદ હોય છે તે તે જીવો દ્વારા જ) કરાય છે.

ત્યાં પ્રથમ નારકો નપુંસકવેદવાળા જ હોય છે, અર્થાત્ નારકોમાં નપુંસકવેદ જ પ્રાપ્ત થાય છે, કારણ કે તેઓને અતિસંક્લિષ્ટપણું હોવાથી શેષ ૨ વેદનો અભાવ છે, એ તાત્પર્યાર્થ છે. તથા તિર્યંચ અને મનુષ્યો ૩ વેદવાળા હોય છે. ત્યાં એકેન્દ્રિય - દ્વીન્દ્રિય - ત્રીન્દ્રિય - ચતુરિન્દ્રિય - સમ્મૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ તથા સમ્મૂર્ચ્છિમ મનુષ્યોમાં કેવળ ૧ નપુંસકવેદ હોય છે, અને ગર્ભજ તિર્યંચ તથા ગર્ભજ મનુષ્યોમાં તો ત્રણે વેદ હોય છે. તથા ભવનપતિઓ, વ્યન્તરો, જ્યોતિષી દેવો અને વૈમાનિક દેવો, સૌધર્મ તથા ઈશાન સ્વર્ગના દેવો ઉપપાત આશ્રયી સ્ત્રીવેદ તથા પુરુષવેદવાળા છે, કારણ કે એ દેવોમાં દેવ અને દેવીઓ બન્ને ઉત્પન્ન થાય છે. પુનઃ

૧ અહીં એટલે આ વ્યાખ્યામાં પ્રતિપાદન કર્યું છે, ગાથામાં યોગાભાવે અયોગીને યોગ ન હોય એમ કહ્યું નથી માટે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સનત્કુમાર આદિ દેવો ઉપપાત આશ્રયી પુરુષવેદવાળા જ છે, કારણ કે એ સ્વર્ગોમાં દેવીઓ ઉત્પન્ન થતી નથી, પરન્તુ સૌધર્મ અને ઈશાન સ્વર્ગમાં ઉત્પન્ન થયેલી દેવીઓ જ અચ્યુત કલ્પ સુધીના દેવોના ઉપભોગમાં આવે છે. તે કારણથી સંભોગ આશ્રયિને તો બારમા સ્વર્ગ સુધી સ્ત્રીવેદ અને પુરુષવેદ બન્ને પ્રાપ્ત થાય છે. તથા ગ્રૈવેયક અને અનુત્તર દેવો તો સર્વથા (ઉપપાતથી અને ઉપભોગથી પણ) પુરુષવેદવાળા જ છે, કારણ કે (ત્યાં દેવીઓની ઉત્પત્તિ નથી એટલું જ નહિ, પરંતુ) દેવીઓના ઉપભોગનો પણ અભાવ છે. એ ૫૯મી ગાથાનો અર્થ સમાપ્ત. ।।૫૯।।

अवतरण : પૂર્વ ગાથામાં સ્વરૂપથી પોતપોતાના (જીવોના) આશ્રયવાળો વેદ કહીને હવે આ ગાથામાં એ જ ૩ વેદમાં ગુણસ્થાન રૂપ ૧૪ જીવસમાસનો વિચાર કરાય છે તે આ પ્રમાણેઃ

**अनियट्टंत नपुंसा, सन्नी पंचिंदिया ब थीपुरिसा**
**कोहो माणो मायाऽनियट्टि लोभो सरागंतो ।।६०।।**

गाथार्थ : નપુંસકવેદવાળા નવમા અનિવૃત્તિ ગુણસ્થાન સુધીના જીવો હોય છે, સ્ત્રી અને પુરુષવેદવાળા સંજ્ઞિપંચેન્દ્રિયો હોય છે. ।। ઈતિ वेदद्वारम् ।। અનિવૃત્તિ (નવમા) ગુણસ્થાન સુધી ક્રોધ, માન, માયા એ ત્રણ કષાય હોય છે, અને સરાગ ગુણસ્થાન (સૂક્ષ્મસંપરાય ગુણસ્થાન) સુધી લોભ હોય છે. ।। ઈતિ कषायद्वारम् ।।૬૦।।

व्याख्यार्थ : મિથ્યાદૃષ્ટિથી પ્રારંભીને જેના અન્તે અનિવૃત્તિ ગુણસ્થાન છે, તે अनिवृत्त्यन्त ગુણસ્થાનકો ૧ થી ૯ સુધીનાં ગણાય. તે ૧ થી ૯ સુધીનાં ગુણસ્થાન नपुंसा = એકેન્દ્રિયાદિ જીવોની અપેક્ષાએ નપુંસકવેદમાં પ્રાપ્ત થાય છે. શું તે ગુણસ્થાનવર્તી જીવો માત્ર નપુંસકવેદમાં જ પ્રાપ્ત થાય છે ?

उत्तर : ના. सन्नी पंचिंदिया य थीपुरिसा = મિથ્યાદૃષ્ટિથી અનિવૃત્તિગુણસ્થાન સુધીના જીવોમાં જે જીવો સંજ્ઞિ પંચેન્દ્રિય એટલે ગર્ભજ પંચેન્દ્રિય છે, તે જીવો સ્ત્રીવેદમાં અને પુરુષવેદમાં પણ પ્રાપ્ત થાય છે, એ તાત્પર્ય છે. અહીં કહેવાનો ભાવાર્થ એ છે કે - મિથ્યાદૃષ્ટિથી પ્રારંભીને અનિવૃત્તિ સુધીનાં ૯ ગુણસ્થાનો અનેક જીવોની અપેક્ષા ત્રણે વેદમાં પ્રાપ્ત થાય છે, અને દશમું સૂક્ષ્મસંપરાય ઈત્યાદિ ગુણસ્થાનો તો વેદના ઉદયરહિત જ જાણવાં. એ પ્રમાણે વેદદ્વાર કહ્યું ।। ઈતિ वेदद्वारम्।।

હવે कषायद्वार કહેવાય છે. ત્યાં 'कष-शिष' ઈત્યાદિ દંડક ધાતુ હિંસાના અર્થવાળા છે. તેથી નરક આદિ સ્થાનોમાં પ્રાણીઓ જેના વડે कष्यन्ते = હિંસાય છે - હણાય છે તે कष એટલે કર્મ કહેવાય. અથવા જેને વિશે પ્રાણીઓ પરસ્પર कषन्ति = કષાય છે, હણાય છે તે कष એટલે સંસાર કહેવાય. એજ कष એટલે કર્મરૂપ જે आय = લાભ, અથવા कष = સંસારનો आय = લાભ જેઓનો છે તે कषाय ક્રોધ, માન, માયા, અને લોભ એ (૪ નામવાળા ૪ પ્રકારના) પ્રસિદ્ધ જ છે. તે કારણથી જ સૂત્રકર્તા કષાયના ભેદોનું નિરૂપણ ન કરતાં સીધા કષાયોને વિશે પ્રસ્તુત એવા ૧૪ જીવસમાસનો જ વિચાર કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં कोहो ઈત્યાદિ પદો ગાથાનું ઉત્તરાર્ધ છે, તેનો અર્થ આ પ્રમાણે :- ક્રોધ, માન, માયા રૂપ ૩ કષાયોમાં મિથ્યાદૃષ્ટિથી પ્રારંભીને અનિવૃત્તિ સુધીના ૯ જીવસમાસ જ પ્રાપ્ત થાય છે, અને લોભ કષાયમાં ૯ જીવસમાસ તો એ કહ્યા તે જ અને દશમો સૂક્ષ્મસંપરાય જીવસમાસ પ્રાપ્ત થાય છે. એ કારણથી જ ગાથામાં કહ્યું છે કે - लोभो सरागंतो = સૂક્ષ્મકિટ્ટિકૃત લોભરૂપ રાગસહિત હોય તે सराग એટલે સૂક્ષ્મસંપરાય ગુણસ્થાન, તે સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનમાં કષાયનો - લોભનો સદ્ભાવ છે. અહીં લોભને सरागान्त કહ્યો તે સરાગાન્ત પદની વ્યુત્પત્તિ આ પ્રમાણે - સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનમાં લોભ કષાયનો સદ્ભાવ, અને તેથી અગ્રનાં ગુણસ્થાનોમાં કષાયના અભાવરૂપ અન્ત = વિચ્છેદ છે જેનો તે सरागान्त લોભ કહેવાય. એમાં તાત્પર્ય એ છે કે - ક્રોધ, માન, માયારૂપ ૩ કષાયનો અનિવૃત્તિબાદર નામના નવમા ગુણસ્થાનમાં જ વિચ્છેદ થાય છે, તેથી તેના આગળનાં દશમાં વિગેરે ગુણસ્થાનોમાં એ ૩ કષાયના ઉદયનો અભાવ હોય છે, તે કારણથી એ ૯ ગુણસ્થાનો જ ક્રોધાદિ ૩ કષાયમાં પ્રાપ્ત થાય છે. અને લોભ કષાયનો ઉદય તો દશમા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનમાં પણ હોય છે, માટે લોભ કષાયમાં સૂક્ષ્મસંપરાય સુધીનાં ૧૦ ગુણસ્થાન પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે ૬૦મી ગાથાનો અર્થ સમાપ્ત થયો ॥૬૦॥

अवतरणः પૂર્વ ગાથામાં કષાયદ્વારમાં ૧૪ જીવસમાસ કહીને હવે જ્ઞાનદ્વારમાં ૧૪ જીવસમાસની યથાસંભવ પ્રાપ્તિ કહેવાય છે. તે આ પ્રમાણે :

**आभिणिसुओहिमणके-वलं च नाणं तु होइ पंचविहं ।**
**ओग्गह ईह अवाया, धरणाऽऽभिणिबोहियं चेव ॥६१॥**

गाथार्थ : આભિનિબોધિકજ્ઞાન - શ્રુતજ્ઞાન - અવધિજ્ઞાન-મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન એ પ્રમાણે જ્ઞાન ૫ પ્રકારનું છે. તેમાં આભિનિબોધિકજ્ઞાન અવગ્રહ- ઈહા-અપાય-ધારણા એ પ્રમાણે ૪ પ્રકારનું છે. ॥૬૧॥

व्याख्यार्थ : ज्ञायते = परिच्छिद्यते એટલે વસ્તુ જેના વડે પરિછેદાય એટલે ઓળખાય તે જ્ઞાન કહેવાય. અથવા ज्ञातिः એટલે જાણવું તે જ્ઞાન, અર્થાત્ સામાન્યધર્મ તથા વિશેષધર્મ એ ઉભયધર્માત્મક વસ્તુમાં જે વિશેષધર્મગ્રાહી બોધ તે જ્ઞાન, અને તે પુનઃ આભિનિબોધિકજ્ઞાન-શ્રુતજ્ઞાન-અવધિજ્ઞાન-મનઃપર્યવજ્ઞાન-કેવળજ્ઞાન એમ ૫ પ્રકારનું જ્ઞાન છે. અહીં 'ભીમ એટલે ભીમસેન' ઈત્યાદિ ન્યાયથી પદના એકદેશ વડે પણ સમસ્ત - સંપૂર્ણ પદનો બોધ થતો હોવાથી ગાથામાં 'आभिणि = આભિનિ' એટલું જ પદ કહેવાથી પણ आभिनिबोधिक ज्ञान એ સંપૂર્ણ પદનું ગ્રહણ થાય છે. ત્યાં आभि પદ અભિમુખ અર્થમાં છે, नि પદ નિયતપણાના અર્થમાં છે, તેથી જે વસ્તુનો બોધ કરવાનો છે તે વસ્તુ પોતાના યોગ્ય પ્રદેશમાં - સ્થાનમાં રહી હોય તે અભિમુખ વસ્તુ કહેવાય, માટે अभि એટલે અભિમુખ એટલે વસ્તુના યોગ્ય દેશાવસ્થાનની અપેક્ષાવાળો અને नियत એટલે ઈન્દ્રિયોને આશ્રયિ પોતપોતાના વિષયની અપેક્ષાવાળો જે बोध તે अभिनिबोध, અને અભિનિબોધ પદને સ્વાર્થિક તદ્ધિતનું રૂપ બનાવતાં आभिनिबोधिक પદ થાય છે. અથવા કર્તરિ પ્રયોગની વ્યુત્પત્તિ કરીએ તો વસ્તુને જે अभिनिबुध्यते-परिच्छिनत्ति એટલે જાણે તે आभिनिबोधिकज्ञान, અથવા કર્મણિ પ્રયોગને


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુસરીને વ્યુત્પત્તિ કરીએ તો આત્મા વડે જે અભિનિબોધાય એટલે સંવેદાય તે आभिनिबोधिक ज्ञान કહેવાય. એમાં અભિનિબોધ પદનું આભિનિબોધિક પદ તો ઉપર કહ્યા પ્રમાણે સ્વાર્થિક તદ્ધિતના રૂપથી જ થાય છે, એટલે જે અભિનિબોધ તે જ આભિનિબોધિક. (એ પ્રમાણે આભિનિબોધિક જ્ઞાનની વ્યુત્પત્તિ કહીને હવે શ્રુતજ્ઞાનની વ્યુત્પત્તિ કહે છે તે આ પ્રમાણે) :

શ્રવણ તે શ્રુત, અર્થાત્ અભિલાપ[1] પ્લાવિત અર્થગ્રહણના હેતુરૂપ જ્ઞાનવિશેષ તે श्रुतज्ञान; અથવા श्रूयते = જે સંભળાય તે શ્રુત એટલે શબ્દ એજ શ્રુત તરીકે ગણાય. અહીં પ્રશ્ન થાય કે શબ્દ તે શ્રુતજ્ઞાન તરીકે કેમ ગણાય ? કારણ કે શબ્દ એ કંઈ જ્ઞાન નથી. (જ્ઞાન તો આત્મગુણ છે.) તો એ પ્રશ્નના સમાધાન તરીકે સમજવા યોગ્ય એ છે કે - અહીં શબ્દ પોતે જ્ઞાનરૂપ નથી પરન્તુ શબ્દ સાંભળવાથી અથવા વાંચવાથી આત્મગુણરૂપ જ્ઞાન પ્રગટ થાય છે તેથી શબ્દ એ જ્ઞાનનું કારણ છે, અને જ્ઞાન તે કાર્ય છે, માટે જ્ઞાનરૂપ કાર્યનો શબ્દરૂપ કારણમાં ઉપચાર કરીને વિવક્ષા કરીએ ત્યારે કારણમાં કાર્યોપચારની અપેક્ષાએ શબ્દ પણ શ્રુતજ્ઞાનરૂપે ગણી શકાય છે.

તથા अवधान = ધારણ - ગ્રહણ તે अवधि, અર્થાત્ ઇન્દ્રિયાદિકની અપેક્ષા વિના આત્માને અર્થનું - વસ્તુનું જે સાક્ષાત્ અવધાન - અવધારણ-ગ્રહણ થાય તે अवधिज्ञान કહેવાય. અથવા अवधि એટલે રૂપી દ્રવ્યોનું જ જ્ઞાન થાય એવી જે મર્યાદા તે રૂપી દ્રવ્યજ્ઞાનરૂપ अवधि = મર્યાદાવાળું જે જ્ઞાન પ્રવર્તે તે = अवधिज्ञान. આ અર્થમાં પણ રૂપીદ્રવ્યની મર્યાદા એ પોતે જ્ઞાન નથી, પરન્તુ જ્ઞાનનું કારણ છે, તેથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને જ અવધિ-મર્યાદાને પણ અવધિજ્ઞાન કહ્યું છે. તથા संज्ञिभिर्जीवैः काययोगेन ઇત્યાદિ પદો વડે પૂર્વે મનનું જે સ્વરૂપ કહ્યું છે તેવા સ્વરૂપવાળા मन ને જે पर्येति = જાણે તે मनःपर्यय જ્ઞાન, એમાં કર્મણિ પ્રયોગ માટે अण् પ્રત્યયનો अ વધારતાં मनःपर्याय જ્ઞાન થાય.

તથા केवल એટલે એક. અથવા કેવલ એટલે અસહાયી. અથવા કેવલ એટલે અસાધારણ. અથવા કેવલ એટલે અનન્ત. અથવા કેવલ એટલે અપરિશેષ (સમગ્ર-સંપૂર્ણ) ઈત્યાદિ અર્થ છે. ત્યાં કેવળજ્ઞાન પ્રગટ થાય ત્યારે શેષ ૪ છાદ્મસ્થિક જ્ઞાન અને ૩ દર્શનનો અભાવ હોવાથી एक, તથા ઇન્દ્રિયો અને મનની સહાયની અપેક્ષા વિના અર્થનું પરિજ્ઞાન હોવાથી असहाय, કેવળજ્ઞાન સરખું ઉત્તમ જ્ઞાન બીજું ન હોવાથી असाधारण(એટલે અસમાન), અનન્તકાળ સુધી રહેનારું હોવાથી अनन्त, અને સર્વે સંપૂર્ણ દ્રવ્યાદિ જ્ઞેય પદાર્થોને ગ્રહણ કરનાર હોવાથી अपरिशेष એટલે संपूर्ण કહેવાય છે. ત્યાં એ ૫ પ્રકારના જ્ઞાનમાં પ્રથમ આભિનિબોધિક જ્ઞાન તો અવગ્રહ-ઈહા-અપાય અને ધારણાના ભેદથી ૪ પ્રકારનું છે. એ ૬૧મી ગાથાનો અર્થ સમાપ્ત થયો ॥૬૧॥

૧. અભિલાપ = વચનગોચર અને પ્લાવિત = યુક્ત, અર્થાત્ વચનગોચરતાને પ્રાપ્ત થયેલા એટલે વચન ગોચરતાવાળા અર્થોના ગ્રહણમાં કારણરૂપ જે જ્ઞાન તે श्रुतज्ञान.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अवतरण : પૂર્વ ગાથામાં ૫ પ્રકારનું જ્ઞાન કહીને પહેલા આભિનિબોધિક જ્ઞાનના અવગ્રહ ઇત્યાદિ જે ચાર પ્રકાર કહ્યા તે અવગ્રહાદિ ૪ ભેદનું સ્વરૂપ આ ગાથામાં કહેવાય છે. તે આ પ્રમાણે :

**पंचहि वि इंदिएहिं, मणसा अत्थोग्गहो मुणेयव्वो ।**
**चक्खिंदिय मणरहियं, वंजणमीहाइयं छध्धा ॥६२॥**

गाथार्थ : અર્થાવગ્રહ ૫ ઇન્દ્રિયો વડે અને ૧ મન વડે એમ ૬ પ્રકારનો જાણવો, વ્યંજનાવગ્રહ ચક્ષુઇન્દ્રિય તથા મન એ બે રહિત ૪ પ્રકારનો જાણવો, અને ઈહા વિગેરે (ઈહા - અપાય - ધારણા એ ત્રણ ભેદ અર્થાવગ્રહવત્) ૬-૬ પ્રકારના જાણવા. ॥૬૨॥

व्याख्यार्थ : અવગ્રહ ૨ પ્રકારનો છે -૧ વ્યંજનાવગ્રહ, ૨ અર્થાવગ્રહ. ત્યાં જેના વડે શબ્દાદિ અર્થ-વિષય व्यज्यते = પ્રગટ કરાય તે व्यञ्जन, તે શું ? તે કહેવાય છે કે - કદંબપુષ્પ ઇત્યાદિ આકારવાળી શ્રોત્ર-ઘ્રાણ- રસના-સ્પર્શન એ જ ઉપકરણ ઇન્દ્રિયોનો અને તે ઇન્દ્રિયો સંબંધિ અનુક્રમે શબ્દ-ગન્ધ-રસ અને સ્પર્શ એ જ પ્રકારના પરિણામવાળા દ્રવ્યનો જે પરસ્પર સંબંધ એટલે પ્રથમ ઉપશ્લેષ-સંઘટ્ટન- સ્પર્શમાત્ર તે અહીં व्यञ्जन કહેવાય. વળી બીજી વાત એ છે કે - ઇન્દ્રિયો વડે પણ અર્થનું-વિષયોનું- પદાર્થોનું વ્યજ્યમાનપણું (પ્રગટ કરવાપણું) હોવાથી એટલે ઇન્દ્રિયો વડે પણ પદાર્થો પ્રગટ થતા હોવાથી અહીં ઇન્દ્રિયોને પણ વ્યંજન કહેલ છે, તેથી ઈન્દ્રિયરૂપ વ્યંજન વડે વિષયના સ્પર્શરૂપ વ્યંજનનું અવગ્રહણ-પરિચ્છેદન-તે व्यञ्जनावग्रह કહેવાય. અહીં ઇન્દ્રિયો અને ઇન્દ્રિયના વિષયો એ બન્ને વ્યંજન હોવાથી વ્યંજનવ્યંજનાવગ્રહ શબ્દ બનવો જોઈએ, પરન્તુ તેમ ન બનવાનું કારણ કે એક 'વ્યંજન' શબ્દનો લોપ થયો છે, તેથી વ્યંજનાવગ્રહ શબ્દ થયો છે. અર્થ તરીકે વિચારીએ તો 'આ કંઈક છે' એવું અસ્પષ્ટ જ્ઞાન જે આગળ કહેવાતા અર્થાવગ્રહમાં થાય છે, તે અર્થાવગ્રહથી પણ નીચેનું અત્યંત અવ્યક્ત જ્ઞાન માત્ર તે व्यञ्जनावग्रह કહેવાય. એ વ્યંજનાવગ્રહ ચક્ષુ અને મન વર્જીને શેષ ૪ ઇન્દ્રિયોના ભેદથી ૪ પ્રકારનું છે. કારણ કે ચક્ષુ અને મન એ બન્ને અપ્રાપ્યકારી હોવાથી તેને પોતપોતાના વિષયપદાર્થના સ્પર્શનો અભાવ છે. (અર્થાત્ ચક્ષુને તથા મનને સ્વવિષયી પદાર્થના સ્પર્શથી જ્ઞાન થતું નથી), અને વ્યંજનાવગ્રહ તો ઇન્દ્રિય અને તેનો વિષય એ બેના સંબંધને જ ગ્રહણ કરનાર છે. એજ કારણથી સૂત્રકર્તાએ ગાથામાં चक्खिंदिय मणरहियं वंजणं એટલે ચક્ષુઇન્દ્રિય તથા મનરહિત શેષ ૪ ઇન્દ્રિયોના વિષયવાળો વ્યંજન એટલે વ્યંજનાવગ્રહ છે, એમ કહ્યું છે. ॥ इति व्यञ्जनावग्रहस्वरूपम्॥

अर्यते (જે જણાય તે, શબ્દ-રૂપ વિગેરે) ઇતિ अर्थः. એટલે શબ્દ-રૂપ ઇત્યાદિ ભેદોમાંના કોઈ એક પણ ભેદ વડે અનિશ્ચિત એવા સામાન્ય રૂપનું अवग्रहण તે अर्थावग्रह કહેવાય, અર્થાત્ 'આ કંઈક છે' એવા પ્રકારનું અવ્યક્ત-અસ્પષ્ટજ્ઞાન તે અર્થાવગ્રહ. અને તે ૫ ઇન્દ્રિય તથા મનસહિત ઉત્પન્ન થતો હોવાથી (એટલે એ ૬ વડે ઉત્પન્ન થતો હોવાથી) અર્થાવગ્રહ ૬ પ્રકારનો છે. તે કારણથી જ શ્રી સૂત્રકર્તાએ ગાથામાં पंचहिवि इंदिएहिं मणसा अत्थोग्गहो એટલે ૫ ઇન્દ્રિયો વડે (અને તે ૫ ઇન્દ્રિયોને જ્ઞાન કરાવવામાં) કારણભૂત એવા મન વડે તે અર્થાવગ્રહ ઉત્પન્ન થાય છે, માટે અર્થાવગ્રહ ૬ પ્રકારનો કહ્યો છે, એમ જાણવું.

એમાં વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહ એ બે જ્યારે ઉત્પન્ન થાય છે, ત્યારે પ્રથમ વ્યંજનાવગ્રહ અને ત્યારબાદ અર્થાવગ્રહ ઉત્પન્ન થાય છે, એ અનુક્રમ છે. તો પણ ગ્રંથકર્તાએ તો ગાથાનો છંદ બેસાડવાની અનુકૂળતા ઇત્યાદિ કોઈ કારણથી ગાથામાં પ્રથમ અર્થાવગ્રહનું સ્વરૂપ કહીને ત્યારબાદ વ્યંજનાવગ્રહનું સ્વરૂપ કહેવાથી વ્યતિક્રમ (ઊલટો ક્રમ) નિર્દેશ કર્યો છે (દર્શાવ્યો છે), એમ જાણવું.

ईहाइयं छद्धा એમાં आइयं (આદિ) પદથી અપાય અને ધારણા એ ૨ ભેદ ગ્રહણ કરવા, અને તેથી અહીં આભિનિબોધિક જ્ઞાનના ઈહા - અપાય તથા ધારણા એ ૩ ભેદ પણ પ્રત્યેક '૫' ઇન્દ્રિય અને મનથી ઉત્પન્ન થતા હોવાથી પ્રત્યેક ૬-૬ પ્રકારના જાણવા. ત્યાં અર્થાવગ્રહ વડે જ ગ્રહણ કરેલ સ્થાણુ (ઝાડનું ઠૂંઠું) આદિ પદાર્થના સંબંધમાં પણ 'આ શું હશે ? આ તો સ્થાણુ હોઈ શકે પરન્તુ પુરુષ ન હોય' ઇત્યાદિ સ્વરૂપે વસ્તુધર્મના અન્વેષણ - શોધનરૂપ જે જ્ઞાનચેષ્ટા તે ईहा કહેવાય. કારણ કે ईहनं = વસ્તુના અન્વય[1] વ્યતિરેક ધર્મો વિચારવા તે ईहा એવી વ્યુત્પત્તિ થાય છે માટે. કહ્યું છે કે :

> अरण्यमेतत्सविताऽस्तमागतो, न चाधुना संभवतीह मानवः ।
> प्रायस्तदेतेन खगादिभाजा, भाव्यं स्मरारातिसमाननाम्ना ।।१।।

આ અરણ્ય છે, અને સૂર્ય અસ્ત પામ્યો છે, માટે આ વખતે પ્રાયઃ અહીં કોઈ માણસ હોય એમ સંભવે નહિ, તેમજ પક્ષી આદિક પણ એના ઉપર બેઠેલ છે. તે કારણથી એ (स्मर) કામદેવના (अराति) શત્રુ-શંકરના નામ- (स्थाणु) જેવા નામવાળું હોવું જોઈએ અર્થાત્ એ સ્થાણુ (ઝાડનું ઠૂંઠું) હોવું જોઈએ માણસ નહિ.

ઇત્યાદિ રીતે પદાર્થના અન્વયધર્મો ઘટાવવા અને વ્યતિરેક ધર્મોનું નિરાકરણ કરવા સન્મુખ થયેલ વિચારના ચિહ્નવાળો - લક્ષણવાળો જે બોધવિશેષ અથવા તેવા લક્ષણવાળી જે જ્ઞાનચેષ્ટા તે ઈહા, એમ જાણવું.

તથા ઈહિત વસ્તુનો જ 'આ સ્થાણુ જ છે' એવા પ્રકારનો નિશ્ચયાત્મક બોધવિશેષ તે अपाय. તથા તેવા પ્રકારથી નિશ્ચિત કરેલી વસ્તુ જ અવિચ્યુતિ - વાસના તથા સ્મૃતિ એ ૩ સ્વરૂપે ધારી રાખવી તે धारणा. ત્યાં અપાય વડે નિશ્ચિત કરેલા ઘટાદિ પદાર્થમાં અન્તર્મુહૂર્ત્ત સુધી ઘટાદિરૂપ ઉપયોગ અવિચ્છિન્નપણે ચાલુ રહેવો તે अविच्युति. તથા ઘટાદિ પદાર્થનો એકવાર નિશ્ચય કરીને પુનઃ સંખ્યાતકાળે અથવા અસંખ્યકાળે તે ઘટાદિ પદાર્થને દેખવા માત્રથી જ 'આ ઘટાદિ છે' એવા પ્રકારનો પુનઃ નિશ્ચય કરવાની યોગ્યતાવાળો જે સંસ્કાર તે वासना. અને પ્રથમ દેખેલા - અનુભવેલા પદાર્થનું કોઈ કાળે જે પુનઃ સ્મરણ થવું તે स्मृति, એ પ્રમાણે ધારણા ૩ પ્રકારની છે. એ ૬૨મી ગાથાનો અર્થ સમાપ્ત થયો ॥૬૨॥

---

૧. ઇન્દ્રિયો વડે ગ્રહણ થયેલ પદાર્થના પોતાના ધર્મો, જે ધર્મો બીજાના ન હોય તે अन्वय धर्म, અને બીજા પદાર્થના ધર્મો કે જે તે પદાર્થમાં ઘટી શકે નહિ તે व्यतिरेक धर्म. અથવા तद्भावे भावः (જે ધર્મ હોતે તે વસ્તુ હોય) તે અન્વય ધર્મ, અને तदभावेऽभावः (જે ધર્મના અભાવે તે વસ્તુનો પણ અભાવ) તે વ્યતિરેક ધર્મ.

अवतरण : પૂર્વ ગાથામાં અને વ્યાખ્યામાં આભિનિબોધિક જ્ઞાનના કેટલાક ભેદનું સ્વરૂપ સંક્ષેપથી કહ્યું છે, અને વિસ્તરાર્થીએ સર્વ સ્વરૂપ આવશ્યક આદિ સૂત્રથી જાણવું. હવે આ ગાથામાં શ્રુતજ્ઞાનના તથા અવધિજ્ઞાનના કેટલાક ભેદ કહે છે :

**अंगपविट्ठियरसुयं, ओहि भवं पति गुणं च विन्नेयं ।**
**सुरनारएसु य भवे, भवं पती सेसमियरेसुं ॥६३॥**

गाथार्थ : અંગપ્રવિષ્ટ અને ઈતર (અંગબાહ્ય) એમ ૨ પ્રકારનું શ્રુતજ્ઞાન છે. તથા અવધિજ્ઞાન ભવપ્રત્યયિક અને ગુણપ્રત્યયિક એમ ૨ પ્રકારનું જાણવું. ત્યાં દેવ તથા નારકોમાં ભવપ્રત્યયિક અવધિજ્ઞાન હોય, અને ઈતરમાં (તિર્યંચ તથા મનુષ્યોમાં) શેષ (ગુણપ્રત્યયિક) અવધિજ્ઞાન હોય. ॥૬૩॥

व्याख्यार्थ : શ્રુતજ્ઞાન ૨ પ્રકારનું છે, ૧. અંગપ્રવિષ્ટ તે અંગસ્વરૂપ અર્થાત્ આચારાંગ વિગેરે, અને ઈતરત્ = બીજું અંગબાહ્ય શ્રુતજ્ઞાન તે આવશ્યક, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન વિગેરે, તથા અવધિજ્ઞાન પણ પ્રથમ ૨ પ્રકારનું જાણવું. તે ૨ પ્રકાર દર્શાવે છે કે, ૧. ભવ પ્રતિ અને ૨. ગુણ પ્રતિ એ પ્રમાણે પ્રતિ શબ્દનો સંબંધ બન્ને પદમાં જોડવાથી ૧. भवप्रत्ययिक અને ૨. गुणप्रत्ययिक. ત્યાં દેવ અને નારકોમાં કેવા પ્રકારનું અવધિજ્ઞાન હોય તે કહે છે, भवं प्रति = ભવપ્રત્યયિક અવધિજ્ઞાન જ દેવ-નારકોમાં भवे = હોય છે. અહીં भव એટલે દેવભવ તથા નરકભવને વિષે જન્મ એ જ प्रत्यय = કારણ છે જેનું, પરન્તુ તેથી ભિન્ન તપશ્ચર્યાદિ ગુણરૂપ બીજું કારણ જેમાં નથી તે भवप्रत्यय अवधिज्ञान કહેવાય. જો કે અવધિજ્ઞાન ઉત્પન્ન થવાનું કારણ તો અવધિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ જ છે, અને તે ક્ષયોપશમ સર્વત્ર (ભવ પ્ર૦માં તેમજ ગુણ પ્ર૦માં પણ) છે, પરન્તુ તે કારણરૂપ ક્ષયોપશમભાવ દેવલોકમાં અને નરકમાં તપશ્ચર્યાદિ બીજા ગુણની અપેક્ષા વિના જન્મમાત્રથી તુર્ત જ થાય છે; જેમ પક્ષીઓને ગગનમાં ઊડવાનું સામર્થ્ય જન્મમાત્રથી જ થાય છે તેમ; માટે તે भवप्रत्यय अवधिज्ञान કહેવાય છે. તથા इयरेसुं = ઈતર જીવોમાં એટલે તિર્યંચોમાં તથા મનુષ્યોમાં તો सेसं = ઉપર કહેલા ભવપ્રત્યયથી શેષ-બાકીનું જે गुणप्रत्यय અવધિજ્ઞાન, તે જ હોય છે. એ ૬૩મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૬૩॥

अवतरण : પૂર્વ ગાથામાં અવધિજ્ઞાનના જે ૨ ભેદ કહ્યા તે ભેદથી જુદા પ્રકારે પણ અવધિજ્ઞાનના ભેદ તેમજ મનઃપર્યવજ્ઞાનાદિકના પણ ભેદ આ ગાથામાં કહે છે :

**अणुगामि अवट्ठिय हीयमाणमिइ तं भवे सपडिवक्खं ।**
**उज्जुमई विउलमई, मणनाणे केवलं एक्कं ॥६४॥**

गाथार्थ : અનુગામી અવધિજ્ઞાન - અવસ્થિત અવધિજ્ઞાન - હીયમાન અવધિજ્ઞાન એ પ્રમાણે એ ૩ પ્રકારનું અવધિજ્ઞાન સપ્રતિપક્ષ (પ્રતિપક્ષ- ઊલટા ભેદ સહિત) છે, જેથી ૬ પ્રકારનું છે. તથા મનઃપર્યવજ્ઞાન ઋજુમતિ અને વિપુલમતિ એમ ૨ પ્રકારનું છે, અને કેવલજ્ઞાન ૧ જ પ્રકારનું છે. ॥૬૪॥

व्याख्यार्थ : અનુગામી, અવસ્થિત અને હીયમાન એ પ્રમાણે ૩ પ્રકારનું અવધિજ્ઞાન

Jain Education International

For Private & Personal Use Only
www.jainelibrary.org

સપ્રતિપક્ષ હોવાથી ૬ પ્રકારનું છે તે આ પ્રમાણે :

## અનુગામી આદિ અવધિજ્ઞાનના ૬ ભેદ

ત્યાં જે સ્થાને રહેલા જીવને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું હોય, તે સ્થાનથી અન્ય સ્થાને જતાં પણ ચક્ષુની પેઠે જે અવધિજ્ઞાન પાછળ પાછળ આવે એટલે સાથેનું સાથે જ રહે તે ૧. अनुगामी अवधिज्ञान કહેવાય. તથા એક સ્થાને રહેલા દીપકની પેઠે જે અવધિજ્ઞાન ઉત્પન્ન થયેલ સ્થાનથી અન્ય સ્થાને જતાં ત્યાંનું ત્યાં જ રહે તે, અનુગામી અવધિજ્ઞાનનું પ્રતિપક્ષી એવું ૨. अननुगामी अवधिज्ञान કહેવાય. તથા अवतिंष्ठते = ભવપર્યંત કાયમ રહે તે અવિચલસ્વરૂપ ३. अवस्थित अवधिज्ञान કહેવાય. એ અવસ્થિત અવધિજ્ઞાન અવસ્થાનવાળું હોય છે, અને તે અવસ્થાન આધારથી-ઉપયોગથી - લબ્ધિથી એમ ૩ પ્રકારે વિચારાય છે. તે આ પ્રમાણે :

## અવસ્થિત અવધિજ્ઞાનના ૩ અવસ્થાનનો વિચાર

ત્યાં પ્રથમ આધાર અવસ્થાન એટલે ક્ષેત્ર અવસ્થાન, અર્થાત્ आधार એટલે ક્ષેત્ર. ત્યાં એક જ ક્ષેત્રમાં ૩૩ સાગરોપમ સુધીનું અવસ્થિત અવધિજ્ઞાન અનુત્તર દેવોને હોય છે. તથા उपयोगથી અવસ્થિત અવધિજ્ઞાન વિચારીએ તો દ્રવ્યમાં અવધિજ્ઞાનનો ઉપયોગ ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત સુધી રહે છે, અને પર્યાયમાં તો ઉત્કૃષ્ટથી ૭ અથવા ૮ સમય સુધી સતત અવધિજ્ઞાનોપયોગ રહે છે. અહીં બીજા આચાર્યો એમ કહે છે કે- પર્યાયમાં ૭ સમય સુધી અને ગુણમાં ૮ સમય સુધી ઉપયોગ રહે છે. ત્યાં દ્રવ્યના સહધર્મી જે શુક્લવર્ણ આદિ તે ગુણ, અને ક્રમભાવી જે નવીનતા-પ્રાચીનતા આદિ તે પર્યાય; એ ત્રણે એટલે દ્રવ્ય-ગુણ અને પર્યાય અનુક્રમે સૂક્ષ્મ, સૂક્ષ્મતર હોવાથી ઉપયોગકાળ પણ અલ્પ, અલ્પતર જાણવો. તથા लब्धिથી अवस्थित અવધિજ્ઞાન, તે અથવા અન્ય ક્ષેત્રમાં ઉત્કૃષ્ટથી સાધિક ૬૬ સાગરોપમ હોય છે.

## અનવસ્થિત અવધિજ્ઞાનનાં ૩ અનવસ્થાન.

(જેમ અવસ્થિત અવધિજ્ઞાન ૩ અવસ્થાનવાળું છે તેમ અનવસ્થિત અવધિજ્ઞાન પણ આધાર-ઉપયોગ-લબ્ધિથી ૩ પ્રકારનું છે, તે ત્રણેની અનવસ્થિતતાનું સ્વરૂપ સુગમ છે. તે આ પ્રમાણે) :

અવસ્થિત અવધિજ્ઞાનનું પ્રતિપક્ષરૂપ જે અનવસ્થિત અવધિજ્ઞાન એટલે ચલ અવધિજ્ઞાન કે જે અનુત્તર દેવોનું અવધિજ્ઞાન એક સ્થાને સ્થિર રહે છે તેમ સ્થિર રહેતું નથી, પરંતુ અચ્યુતદેવાદિકની પેઠે અન્ય અન્ય ક્ષેત્રોમાં સંચરે છે. તે ક્ષેત્રથી અનવસ્થિત અવધિજ્ઞાન. તથા દ્રવ્યથી દ્રવ્યાન્તરમાં અને પર્યાયથી પર્યાયાન્તરમાં જે શીઘ્ર જાય છે તે उपयोगથી અનવસ્થિત અવધિજ્ઞાન. અને જે અવધિજ્ઞાન પોતાની ઉત્કૃષ્ટ સ્થિતિ સંપૂર્ણ કર્યા વિના ચાલ્યું જાય છે, અને પુનઃ ઉત્પન્ન થાય છે તે સર્વ અહીં અનવસ્થિત - ચલ અવધિજ્ઞાન लब्धिથી અનવસ્થિત અવધિજ્ઞાન કહેવાય.

## હીયમાન અને વર્ધમાન અવધિજ્ઞાનનું સ્વરૂપ

હીયમાન એટલે અનુક્રમે ઘટતું ઘટતું અવધિજ્ઞાન તે हीयमान अवधिज्ञान. અહીં પણ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હીયમાનતા ક્ષેત્રથી - કાળથી - દ્રવ્યથી અને પર્યાયથી (ભાવથી) એમ ૪ પ્રકારની છે. તે આ પ્રમાણે : ક્ષેત્ર અને કાળ આશ્રયિ કોઈ અવધિજ્ઞાન, ઘણા વિષયવાળું ઉત્પન્ન થઈને પુનઃ અસંખ્યભાગહાનિ વડે અથવા સંખ્યભાગહાનિ વડે અથવા સંખ્યગુણહાનિ વડે અથવા અસંખ્યગુણહાનિ વડે હીન હીન થતું જાય છે. પરન્તુ અનંતભાગહાનિ વડે અને અનન્તગુણ-હાનિ વડે હીન થતું નથી. કારણ કે અનન્ત ક્ષેત્ર તથા અનન્ત કાળ તે અવધિજ્ઞાનનો વિષય જ નથી. તથા દ્રવ્યોની અપેક્ષાએ વિચારીએ તો અવધિજ્ઞાન પ્રથમ ઘણાં દ્રવ્યના વિષયવાળું ઉત્પન્ન થઈ ત્યારબાદ અનન્તગુણહાનિ વડે અથવા તો અનન્તભાગહાનિ વડે હીનતા પામે છે. (ન્યૂન થાય છે.) કારણ કે અવધિજ્ઞાન વડે અનન્ત દ્રવ્યોનું જ્ઞાન હોઈ શકે છે (તેથી હીનતા પણ અનંતગુણહાનિ વડે અથવા અનન્તભાગહાનિ વડે થાય છે). તથા પર્યાયોમાં જેમ અવધિજ્ઞાનની ૬ પ્રકારની હાનિ આગળ કહેવામાં આવશે તેમ અહીં દ્રવ્યમાં ૬ પ્રકારની હાનિ હોય નહિ. કારણ કે તથાપ્રકારનો સ્વભાવ જ છે. તથા પર્યાયોની અપેક્ષાએ વિચારીએ તો અવધિજ્ઞાન પ્રથમ ઘણા પર્યાયના વિષયવાળું ઉત્પન્ન થઈને ત્યારબાદ અનન્તભાગહાનિ વડે અથવા અસંખ્યભાગહાનિ વડે અથવા સંખ્યભાગહાનિ વડે અથવા સંખ્યગુણહાનિ વડે અથવા અસંખ્યગુણહાનિ વડે અથવા અનન્તગુણહાનિ વડે હીન-ન્યૂન થાય છે; કારણ કે અવધિજ્ઞાનનો વિષય અનન્તદ્રવ્યમાં અને પ્રત્યેક દ્રવ્યના અનન્ત અનન્ત પર્યાયમાં છે. ॥ इति हीयमान अवधिज्ञान ॥

તથા હીયમાન અવધિજ્ઞાનનું પ્રતિપક્ષ અવધિજ્ઞાન તે वर्धमान अवधिज्ञान છે, તે કારણથી વર્ધમાન અવધિજ્ઞાન પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને પર્યાયથી ૪ પ્રકારનું છે. તે આ પ્રમાણે : ક્ષેત્રથી અને कालथी કોઈ અવધિજ્ઞાન પ્રથમ, અલ્પ વિષયવાળું (એટલે અલ્પ ક્ષેત્ર અને અલ્પ કાળ જાણે એવા વિષયવાળું) ઉત્પન્ન થઈને ત્યારબાદ અસંખ્યભાગવૃધ્ધિ વડે અથવા સંખ્યભાગવૃધ્ધિ વડે અથવા સંખ્યગુણવૃદ્ધિ વડે અથવા અસંખ્યગુણવૃદ્ધિ વડે વૃદ્ધિ પામે છે, ઈત્યાદિ સર્વ વક્તવ્યતા હીયમાન અવધિજ્ઞાનવત્ કહેવી. પરન્તુ હાનિ શબ્દના સ્થાને વૃદ્ધિ શબ્દ કહેવો, અને શેષ સર્વ વિષય વિશેષતઃ હીયમાન અવધિજ્ઞાનવત્ કહેવો, એ પ્રમાણે અવધિજ્ઞાનના ૬ ભેદ જાણવા.

## મનઃપર્યવજ્ઞાનના ૨ ભેદનું સ્વરૂપ

હવે મનઃપર્યવજ્ઞાનનું સ્વરૂપ કહેવાની ઈચ્છાવાળા આચાર્ય મનઃપર્યવજ્ઞાનના ૨ ભેદ કહે છે તે આ પ્રમાણે :

उज्जुमई विउलमई मणनाणे (અહીં मणनाणे એ પદ સપ્તમી વિભક્તિ સરખું છે પરન્તુ પ્રાકૃતના નિયમથી વિભક્તિનો વિપર્યય થયેલો છે તેથી પ્રથમા વિભક્તિ તરીકે मणनाणं પદ પ્રમાણે અર્થ કરવાથી) મનઃપર્યવજ્ઞાન ૨ પ્રકારનું છે. ૧. ઋજુમતિ, ૨. વિપુલમતિ. ત્યાં मनन એટલે मति અર્થાત્ (વિષયપરિચ્છેદ અને ઋજુ-અતિઅલ્પ વિશેષના વિષયવાળી હોવાથી મુગ્ધ એવી मति છે જેની તે ऋजुमति મનઃપર્યવજ્ઞાન, અને विपुल = ઘણા વિશેષના વિષયવાળી હોવાથી પટુ-કુશળતાવાળી मति છે જેની તે विपुलमति મનઃપર્યવજ્ઞાન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## મન:પર્યવજ્ઞાનનો દ્રવ્યાદિ વિષય

અહીં ઋજુમતિ મન:પર્યવજ્ઞાનનો વિષય અઢી અંગુલન્યૂન મનુષ્યક્ષેત્ર જેટલો ક્ષેત્રથી છે, અને વિપુલમતિ મન:પર્યવનો ક્ષેત્રવિષય સંપૂર્ણ મનુષ્યક્ષેત્ર જેટલો તેમજ અધિક નિર્મળ છે. कालથી એટલા જ ક્ષેત્રમાં (૨॥ અંગુલ ન્યૂન અને સંપૂર્ણ મનુષ્યક્ષેત્રમાં) ભૂતકાળમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા કાળમાં વ્યતીત થયેલા તથા ભવિષ્યમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા કાળમાં થનારા સંજ્ઞિ જીવોનાં મનરૂપ મૂર્તદ્રવ્યો જાણે છે. द्रव्यથી પણ બન્ને મન:પર્યવજ્ઞાનીઓ પોતપોતાના વિષયક્ષેત્રમાં વર્તતા સંજ્ઞિ જીવોનાં અનંત મનોદ્રવ્યોને જાણે છે, અને ભાવથી એજ અનન્ત મનોદ્રવ્યના ચિંતનપરિણતિરૂપ પર્યાયો (અનન્ત પર્યાયો) જાણે છે. વળી મન:પર્યવજ્ઞાનીઓ ચિંતવવા યોગ્ય જે બાહ્ય પદાર્થ રૂપી હોય અથવા અરૂપી હોય તો પણ તે ત્રિકાલગોચર પદાર્થને અનુમાનથી જ જાણે છે. (પરન્તુ મનોદ્રવ્યવત્ સાક્ષાત્ ન જાણે.) તે અનુમાન આ પ્રકારનું છે : 'જે કારણે આ મનોદ્રવ્યો આ પ્રકારની પરિણતિ (આકાર પરિણતિ) વાળાં છે, તેથી તે આકાર પરિણતિ, તે વ્યક્તિએ તેવા આકાર-પ્રકારના દ્રવ્યની ચિંતા ન કરી હોય તો સંભવે - ઉત્પન્ન થાય નહિ; માટે આ વ્યક્તિએ અમુક અર્થ (દ્રવ્ય)નું ચિંતન કર્યું છે', આમ લેખાક્ષર દેખવાથી (લિપિના અક્ષરો દેખવાથી) જેમ તેનાથી કહેવાતા - સમજાતા અર્થને જાણે તેમ, તે પ્રત્યક્ષ કરેલા મનોદ્રવ્યથી ચિંતવાયેલા અર્થનું- બાહ્ય પદાર્થનું અનુમાન કરે છે, પરન્તુ સાક્ષાત્ જાણી - દેખી શકતા નથી. વળી તે આ બાહ્ય પદાર્થરૂપ વિષય અને અભ્યન્તર મનોદ્રવ્યરૂપ વિષયને ઋજુમતિજ્ઞાની અસ્ફુટ (અતિઅસ્પષ્ટ) અને અતિઅલ્પ જાણે છે, અને તેથી અધિક સ્ફુટ અને અતિ ઘણા વિષય વિપુલમતિના જ્ઞેયપણે જાણવા (એટલે વિપુલમતિજ્ઞાની ઋજુમતિના વિષયથી અધિક સ્પષ્ટ અને ઘણો વિષય જાણે છે). એ પ્રમાણે પ્રતિભેદ સહિત મન:પર્યવજ્ઞાન કહ્યું. ॥ इति मनःपर्यवज्ञानम् ॥

## કેવળજ્ઞાનનું સ્વરૂપ

કેવળજ્ઞાન જ્ઞાનાવરણીયનો સર્વથા ક્ષય થવાથી ઉત્પન્ન થાય છે, માટે તેમાં ઘણા ભેદ હોતા નથી. તે કારણથી શ્રીગ્રંથકર્તાએ केवलं एकं એટલે કેવળજ્ઞાન ભેદરહિત એક જ પ્રકારનું છે તેમ કહ્યું છે. ક્ષાયોપશમિક જ્ઞાનોમાં તો પોતપોતાના આવરણના ક્ષયોપશમની વિચિત્રતા હોવાથી અનેક ભેદ હોવા સંભવે છે, પરન્તુ સર્વ આવરણના ક્ષયથી ઉત્પન્ન થયેલા અને તેથી ક્ષાયિકભાવવાળા આ કેવળજ્ઞાનમાં તો ભેદની સંભાવના પણ ક્યાંથી હોય ? એ પ્રમાણે આ ૬૪મી ગાથાનો અર્થ સમાપ્ત થયો (શેષ વૃત્ત્યર્થ આગળ અવતરણમાં કહેવાય છે). ॥૬૪॥

अवतरण : એ પ્રમાણે પૂર્વ ગાથાઓમાં સંક્ષેપથી પાંચે જ્ઞાનોનું સ્વરૂપ કહ્યું. હવે પ્રસ્તુત-ચાલુ વિષય જ્ઞાનનો હોવાથી તેના પ્રતિપક્ષી મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન એ ૩ અજ્ઞાન પણ કહેવા યોગ્ય છે. ત્યાં મિથ્યાદૃષ્ટિનું જે મતિજ્ઞાન તે જ मतिअज्ञान કહેવાય છે, તથા મિથ્યાદૃષ્ટિનું શ્રુતજ્ઞાન તે श्रुतअज्ञान કહેવાય, અને મિથ્યાદૃષ્ટિનું અવધિજ્ઞાન તે विभंगज्ञान કહેવાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रश्न :- મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન પણ અજ્ઞાન શા માટે કહેવાય ?

उत्तर :- જ્ઞાનનું કાર્ય નહિ કરવાથી મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન અજ્ઞાનરૂપે કહેવાય છે. કારણ કે જ્ઞાનનું ફળ તત્ત્વબોધ છે અને તે મિથ્યાદૃષ્ટિને ન જ હોય. તેથી જેમ પુત્રે કરવા યોગ્ય કાર્ય પુત્ર ન કરે તો તે પુત્ર પણ અપુત્ર કહેવાય, તથા વસ્તુ જેમ વસ્તુનું કાર્ય ન કરે તો તે અવસ્તુ કહેવાય, તે પ્રમાણે જ્ઞાનનું કાર્ય ન કરવાથી મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન પણ અજ્ઞાન જ કહેવાય.

હવે તે ૫ જ્ઞાન અને ૩ અજ્ઞાન મળી ૮ જ્ઞાનમાં ગુણસ્થાનરૂપ ૧૪ જીવસમાસ વિચારવાના - કહેવાના છે, તે આ ગાથામાં કહે છે :

**मइ सुय मिच्छासाणे, विभंग समणे य मीसए मीसं ।**
**सम्म छउमाभिणिसुओ-हि विरय मण केवल सनामे ॥६५॥**

गाथार्थ : મતિઅજ્ઞાન તથા શ્રુતઅજ્ઞાન, મિથ્યાદૃષ્ટિ અને સાસ્વાદન એ બે ગુણસ્થાનમાં હોય, વિભંગજ્ઞાન મનસહિત મિથ્યાદૃષ્ટિ તથા સાસ્વાદનમાં હોય, મિશ્રગુણસ્થાને મિશ્રજ્ઞાન (એટલે ૩ અજ્ઞાન અને ૩ જ્ઞાન મિશ્રિતભાવે) હોય છે, તથા સમ્યક્ત્વથી પ્રારંભીને છદ્મસ્થ ગુણસ્થાન સુધી (૪થી ૧૨માં ગુણ૦ સુધી) આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન એ ત્રણ હોય છે, તથા વિરતથી છદ્મસ્થ સુધીમાં (૬ થી ૧૨ ગુણ૦ સુધીમાં) મનઃપર્યવજ્ઞાન હોય, અને કેવળજ્ઞાન સ્વનામવાળા (સયોગિકેવળી - અયોગિકેવળી એ) બે ગુણસ્થાનમાં હોય.

व्याख्यार्थ : मइसुय ' त्ति. અહીં એકદેશથી સમુદાય જણાય છે, એટલે મતિ પદથી મતિઅજ્ઞાન અને શ્રુત પદથી શ્રુતઅજ્ઞાન લેવું. એ મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન, મિથ્યાદૃષ્ટિ અને સાસ્વાદન એ બે જીવસમાસમાં વર્તતા સંજ્ઞી તથા અસંજ્ઞી ત્રસ અને સ્થાવરમાં સામાન્યથી પ્રાપ્ત થાય છે. विभंग समणे य ' त्ति. તે જ મિથ્યાદૃષ્ટિ અને સાસ્વાદન જીવસમાસમાં વિભંગજ્ઞાન હોય છે. (અહીં समणे यमां चनो અર્થ एव નિશ્ચય, છે, માટે) તે વિભંગજ્ઞાન (મિથ્યાદૃષ્ટિ અને સાસ્વાદને વર્તતા) સંજ્ઞીને જ હોય છે. અસંજ્ઞી જીવોને તો પરભવનું કે તે ભવનું પણ વિભંગજ્ઞાન ન હોય. જો કે સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિને સમ્યક્ત્વનો અંશ હોય છે, (સમ્યક્ત્વ વમતાં વમતાં પડ્યો હોવાથી અને તેથી તેને જ્ઞાનની માત્રા હોઈ શકે) તો પણ તે અનંતાનુબંધી કષાયના ઉદયથી દૂષિત થયો હોવાથી અહીં તેની અજ્ઞાનીપણાએ જ વિવક્ષા કરી છે, તે વિચારવું - સમજવું.'मीसए मीस ' त्ति. મિશ્ર એટલે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ. તેને મતિ-શ્રુત-અવધિ એ ૩ જ્ઞાન મિશ્ર-જ્ઞાન-અજ્ઞાન-ઉભય સ્વરૂપ હોય છે. (મિશ્રદૃષ્ટિને મતિ-શ્રુત-અવધિ, એ ૩ જ્ઞાન હોય ખરાં, પણ તે મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન એ ૩ થી મિશ્ર હોય.) આ વાત માત્ર વ્યવહારનયના મતથી કહી છે. વ્યવહારનય સ્થૂલ છે, તેથી તે માને છે કે આ (મિશ્રદૃષ્ટિ) એકાંતે સમ્યગ્દૃષ્ટિવાળો નથી, તેમ એકાંતે મિથ્યાદૃષ્ટિવાળો પણ નથી, પરંતુ મિશ્ર છે - સમ્યગ્દૃષ્ટિ - મિથ્યાદૃષ્ટિ બન્ને સ્વરૂપ છે. તેથી એને મતિ, શ્રુત અને અવધિ, એ ત્રણે એકાન્તે જ્ઞાન પણ નથી, તેમ એકાંતે અજ્ઞાન પણ નથી; પણ જ્ઞાન-અજ્ઞાન ઉભય સ્વરૂપ-મિશ્ર કહેવાય છે.

હવે નિશ્ચયનય એમ માને છે કે - સમ્યગ્ (સાચો) બોધ તે જ્ઞાન. એટલે તેનાથી ભિન્ન અર્થાત્ લેશમાત્ર પણ અસમ્યગ્ભાવ (મિથ્યાભાવ)થી દૂષિત હોય, તો તે બધું અજ્ઞાન જ છે.

જેમ - અલ્પ પણ ઝેરથી મિશ્રિત અન્ન અપથ્ય-ન ખાવા લાયક જ હોય છે; વળી, જેમ સહેજ પણ અશુચિ પદાર્થથી મિશ્રિત પાણી વિગેરે પણ અશુચિ જ ગણાય છે; તેમ અલ્પ પણ મિથ્યાભાવથી દૂષિત એવું જ્ઞાન તે અજ્ઞાન જ છે. તેથી મિશ્રદૃષ્ટિને મતિઅજ્ઞાન-શ્રુતઅજ્ઞાન - વિભંગજ્ઞાન રૂપ ત્રણ અજ્ઞાન જ હોય, પણ જ્ઞાનમિશ્રિત અજ્ઞાન નહિ (આ નિશ્ચયનયનો અભિપ્રાય છે).

બીજે સર્વ ઠેકાણે (શાસ્ત્રાન્તરમાં) પણ પ્રાયઃ મિશ્રિદૃષ્ટિને અજ્ઞાની તરીકે જ ગણ્યો છે, એ જાણવું.

'सम्म छउमाभिणिसुओहि' त्ति **અવિરત સમ્યગ્દૃષ્ટિથી પ્રારંભીને ક્ષીણકષાયછદ્મસ્થ સુધીનાં ૯ ગુણસ્થાનકોમાં આભિનિબોધિક (મતિજ્ઞાન), શ્રુત અને અવધિ - એ ૩ જ્ઞાન હોય છે.** 'विरयमण' त्ति. અને વિરત એટલે પ્રમત્તસંયત (૬ઠ્ઠું ગુણ૦)થી માંડીને ક્ષીણકષાય - છદ્મસ્થ પર્યન્તનાં ૭ ગુણસ્થાનકોમાં ચોથું મનઃપર્યાયજ્ઞાન પણ પ્રાપ્ત થાય છે. (મતિ-શ્રુત-અવધિ અને મનઃપર્યાય એમ ૪ જ્ઞાન હોય છે).

જો કે મનઃપર્યાયજ્ઞાન તો અપ્રમત્તસંયત જ પ્રાપ્ત કરે, તો પણ પહેલાં અપ્રમત્તદશામાં તે જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય, અને પછી પ્રમત્તભાવ પણ પામે, એથી પ્રમત્તમાં પણ મનઃપર્યવજ્ઞાનની સત્તા અવિરુધ્ધ છે. 'केवलसनामे' त्ति સમાન છે નામ જેનું તે 'सनामा' - (સમાન નામવાળો) કહેવાય. તેને વિશે અર્થાત્- કેવલજ્ઞાનીને, કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે. કેવલજ્ઞાન કેવલજ્ઞાનીને (૧૩-૧૪મે ગુણ૦) હોય છે.

શંકા : અહીં 'केवली' માં मत्वर्थीय 'इन्' પ્રત્યય આવ્યો છે, તેથી કેવલ અને કેવલી, એ બંન્ને સમાન નામવાળા નહિ બને ?

સમાધાન : એમ શંકા ન કરવી. કારણ કે તેટલો ભેદ (इन् પ્રત્યયથી થતો ભેદ) અહીં અવિવક્ષિત રાખ્યો છે.

તે કેવલી સયોગી અને અયોગી એમ બે પ્રકારે છે, તેથી આ બે ગુણસ્થાનકે (૧૩-૧૪ મે) કેવલજ્ઞાન પ્રાપ્ત થાય એ અહીં તાત્પર્ય છે. એ પ્રમાણે ૬૫મી ગાથાનો અર્થ પૂર્ણ થયો. ॥૬૫॥

અવતરણ : આ પ્રમાણે જ્ઞાનદ્વાર કહ્યું, હવે સંયમદ્વાર કહેવાય છે :

**अजया अविरयसम्मा, देसविरया य हुंति सट्ठाणे ।**
**सामाइय छेय परिहार, सुहुम अहखाइणो विरया ॥६६॥**

गाथार्थ : અવિરત સમ્યગદૃષ્ટિ સુધીના અવિરત છે, અને દેશવિરતિવાળા સ્વસ્થાનમાં - દેશવિરતિમાં હોય છે. સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, અને યથાખ્યાત ચારિત્રવાળા વિરત છે. ॥૬૬॥

व्याख्यार्थ : અવિરત સમ્યગ્દૃષ્ટિથી પ્રારંભીને તેની પહેલાંના સર્વે પણ અયત એટલે અવિરત હોય છે. અર્થાત્ મિથ્યાદૃષ્ટિ-સાસ્વાદન-મિશ્ર અને અવિરત સમ્યગ્દૃષ્ટિ એ ચારે ગુણસ્થાનવર્તી જીવો અસંયમમાં-અવિરતમાં જ પ્રાપ્ત થાય છે. અને દેશવિરત જીવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વગુણસ્થાનમાં એટલે દેશવિરતિ ગુણસ્થાનમાં જ પ્રાપ્ત થાય છે. કારણ કે તેઓનું સ્વસ્થાન દેશવિરત ગુણસ્થાન જ છે, તે કારણથી દેશવિરત જીવો એ ગુણસ્થાનમાં જ પ્રાપ્ત થાય છે, એમ જાણવું. તથા સામાયિક ચારિત્ર- છેદોપસ્થાપન ચારિત્ર-પરિહારવિશુદ્ધિ ચારિત્ર- સૂક્ષ્મ સંપરાય ચારિત્ર - યથાખ્યાત ચારિત્ર એ પાંચે ચારિત્રવાળા જીવો વિરત એટલે સર્વવિરતિવંત હોય છે. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે - સામાયિકાદિ ૫ ચારિત્રોમાં સંયમ પ્રાપ્ત થાય છે, અને દેશવિરતિ ચારિત્રમાં સંયમાસંયમ પ્રાપ્ત થાય છે; અને શેષ ઉપર કહેલાં (મિથ્યાત્વાદિ ૪) ગુણસ્થાનોમાં અસંયમ- અવિરતિ જ હોય છે.

પ્રશ્ન :- સામાયિકાદિ ૫ ચારિત્ર કે જે સંયમરૂપ કહેલાં છે, તે ૫ ચારિત્રોનું સ્વરૂપ કેવા પ્રકારનું છે ? અર્થાત્ તે ચારિત્રોનું શું સ્વરૂપ છે ?

ઉત્તર :- તે સામાયિકાદિ ૫ ચારિત્રોનો શબ્દાર્થ તથા સ્વરૂપ આ પ્રમાણે :

## ૧. સામાયિક ચારિત્રનું સ્વરૂપ

અહીં सम એટલે તો રાગદ્વેષરહિતપણું છે, તે સમનો आय એટલે લાભ તે समाय. એવા પ્રકારનો સમ તે પ્રતિસમય અધિક અધિક વિશુદ્ધિવાળા અથવા ભિન્ન ભિન્ન પ્રકારની અન્ય અન્ય[1] થી ચઢતી વિશુદ્ધિવાળા જ્ઞાન-દર્શન-ચારિત્રના પર્યાયોમાં હોવો યોગ્ય જ છે. તે સમનો જે લાભ એ જ सामायिक એટલે ચારિત્રાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલો સર્વવિરતિરૂપ આત્મપરિણામવિશેષ છે. ત્યાં પાંચે પ્રકારનું ચારિત્ર જો કે સામાન્યથી સામાયિક કહેવાય છે, પરન્તુ જે જે ચારિત્રમાં (સામાયિકમાં) છેદોપસ્થાપન ઈત્યાદિ વિશેષતાઓ સંભવે છે, તે તે વિશેષતાઓના કારણથી એક જ સામાયિકરૂપ ચારિત્રના જુદા જુદા ૫ ભેદ ગણાય છે, અને જે સામાયિકમાં કોઈપણ પ્રકારની વિશેષતા નથી, તે સામાયિક કંઈપણ વિશેષ નામ સિવાય સામાન્યતઃ 'સામાયિક ચારિત્ર' એવા નામથી ઓળખાય છે. તે સામાયિક ચારિત્ર ઈત્વર અને યાવત્કથિક એમ ૨ પ્રકારનું છે. ત્યાં જે અલ્પકાળનું સામાયિક ચારિત્ર તે इत्वर सामायिक चारित्र કહેવાય, અને એ ચારિત્ર ભરત તથા ઐરવંત ક્ષેત્રમાં પહેલા અને છેલ્લા તીર્થંકર ભગવંતના તીર્થમાં મહાવ્રતનું આરોપણ નહિ કરેલા શિષ્યને હોય એમ જાણવું. તથા યાવજ્જીવ સુધીનું જે સામાયિક ચારિત્ર તે यावत्कथिक सामायिक चारित्र કહેવાય. અને એ યાવત્કથિક ચારિત્ર ભરત - ઐરવતક્ષેત્રને વિશે મધ્યમ ૨૨ તીર્થંકરોના તીર્થમાં વર્તતા મુનિઓને તથા મહાવિદેહક્ષેત્રના સર્વ તીર્થંકરોના તીર્થમાં વર્તનારા મુનિઓને જાણવું. કારણ કે ૨૨ તીર્થંકરના તથા મહાવિદેહાન્તર્ગત તીર્થંકરોના મુનિઓને મહાવ્રતની (વડીદીક્ષારૂપ) ઉપસ્થાપનાનો અભાવ છે. (અર્થાત્ પ્રથમથી જ મહાવ્રતનું આરોપણ કરાય છે.)

## ૨. છેદોપસ્થાપન ચારિત્રનું સ્વરૂપ

જે ચારિત્રમાં છેદ અને ઉપસ્થાપના એ બે હોય તે छेदोपस्थापन ચારિત્ર કહેવાય. એમાં તાત્પર્ય એ છે કે - જીવને જે ચારિત્રમાં પૂર્વ દીક્ષાપર્યાયનો છેદ અને મહાવ્રતોમાં ઉપસ્થાપન હોય છે તે છેદોપસ્થાપન ચારિત્ર. તે સાતિચાર તથા નિરતિચાર એમ ૨ પ્રકારનું છે. ત્યાં

૧. અહીં અન્ય અન્યથી ચઢતી વિશુદ્ધિ હોય એટલે દર્શન - જ્ઞાન - ચારિત્ર એ ત્રણમાં પરસ્પર એકબીજાથી ચઢતી વિશુદ્ધિ યથાયોગ્ય વિચારવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૂલગુણનો (૫ મહાવ્રતનો) ઘાત કરનાર મુનિને જે પુનઃ મહાવ્રતોનું આરોપણ કરવું તે सातिचार છેદો૦ ચારિત્ર, અને અલ્પકાલીન સામાયિક ચારિત્રવાળા (ઇત્વર સામાયિક ચારિત્રવાળા - લઘુદીક્ષાવાળા) શિષ્યને વડીદીક્ષા વખતે જે મહાવ્રતના આરોપણ દ્વારા આરોપણ કરાય છે, અપાય છે; અથવા એક તીર્થ થકી અન્ય તીર્થમાં સંક્રાન્તિ વખતે જે પુનઃ મહાવ્રતોનું આરોપણ કરાય છે; જેમ પાર્શ્વનાથના તીર્થમાંથી (શાસનમાંથી) શ્રી મહાવીર સ્વામીના તીર્થમાં આવતા-પ્રવેશ કરતા મુનિમહાત્માઓને (૪ મહાવ્રતના સ્થાને) ૫ મહાવ્રતનો ધર્મ અંગીકાર કરવામાં ઉપસ્થાપના કરાય છે તે निरतिचार છેદોપ૦ ચારિત્ર કહેવાય. (એ પ્રમાણે छेदोपस्थापन ચારિત્ર ૨ પ્રકારનું છે).

## ૩. પરિહાર વિશુદ્ધિ ચારિત્રનું સ્વરૂપ

परिहरण (અમુક પ્રકારના તપ વિશેષનું આચરણ) તે परिहार અર્થાત્ અમુક પ્રકારનો તપ વિશેષ, તેના વડે विशुद्धि જે ચારિત્રમાં થાય છે (અર્થાત્ તેવા પ્રકારના તપ વડે જે ચારિત્રમાં આત્મવિશુદ્ધિ થાય છે) તે परिहारविशुद्धि ચારિત્ર. તે પણ ૨ પ્રકારનું છે. ૧. નિર્વિશમાનક, ૨. નિર્વિષ્ટકાયિક. ત્યાં પરિહારવિશુદ્ધિ તપને સેવનારા એટલે તપશ્ચર્યામાં વર્તતા મુનિઓ निर्विशमानकचारित्री કહેવાય, અને તે તપશ્ચર્યા તથા તપશ્ચર્યા કરનાર મુનિ એ બેના અભેદની અપેક્ષાએ એ ચારિત્ર (એ તપશ્ચર્યારૂપ ચારિત્ર) પણ નિર્વિશમાનક કહેવાય. તથા વિવક્ષિત તપશ્ચર્યારૂપ ચારિત્ર વડે સેવાયેલી છે કાયા જેઓની તે નિર્વિષ્ટકાય મુનિઓ કહેવાય, અને તે મુનિઓ જ (સ્વાર્થિકમાં इकण् પ્રત્યય લાગવાથી) નિર્વિષ્ટકાયિક કહેવાય. તથા તે મુનિ અને ચારિત્ર એ બેના અભેદની વિવક્ષાએ તે મુનિ વડે આચરણ કરાયેલું ચારિત્ર પણ निर्विष्टकायिक પરિહારવિશુદ્ધિ ચારિત્ર કહેવાય.

## પરિહાર વિશુદ્ધિ કલ્પનો ગણ અને તપશ્ચર્યા

આ પરિહારવિશુધ્ધિ ચારિત્ર અંગીકાર કરવામાં પ્રથમ ૯ સાધુનો ગણ-સમુદાય પોતાના ગચ્છમાંથી નીકળીને આ પરિહાર તપ કરે છે. ત્યાં ૪ સાધુ परिहारिक થાય છે, અને બીજા ૪ સાધુ તો તે ૪ પરિહારિકોની વૈયાવૃત્ત્ય કરનારા થાય છે તે अनुपरिहारिक કહેવાય છે. અને તેમાં ૧ સાધુ કલ્પસ્થિત વાચનાચાર્ય એટલે ગુરુરૂપ થાય છે. હવે એ ૯ સાધુઓમાં ૪ નિર્વિશમાનક (પરિહારિક) સાધુઓનો જે તપશ્ચર્યારૂપ પરિહાર છે (એટલે જે તપવિશેષ છે) તે ભાષ્યની ગાથાઓ વડે કહેવાય છે (તે ગાથાઓનો અર્થ આ પ્રમાણે) : 'ધીર પુરુષોએ પરિહારી મુનિઓનો તપ શીત-ઉષ્ણ અને વર્ષાકાળમાં પ્રત્યેકમાં જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ૩ પ્રકારનો હોય, તે આ પ્રમાણે કહેલો છે. ॥૧॥

ત્યાં ગ્રીષ્મ ઋતુમાં જઘન્ય તપ ચોથભક્ત (બે આયંબિલપૂર્વક મધ્યમાં ૧ ઉપવાસ), મધ્યમ તપ છઠ્ઠભક્ત, અને ઉત્કૃષ્ટથી અષ્ટમ તપ હોય છે, હવે પછી શિશિર ઋતુમાં પરિહારી મુનિઓનો તપ કહીશ. ॥૨॥

શિશિર ઋતુમાં જઘન્યાદિ તપ છઠ્ઠથી છેલ્લો દશમભક્ત સુધીનો જાણવો. (એટલે જઘન્યથી છઠ્ઠભક્ત, મધ્યમ તપ અષ્ટમભક્ત, અને ઉત્કૃષ્ટ તપ દશમભક્ત જાણવો.) તથા વર્ષાઋતુમાં જઘન્યાદિ તપ અઠ્ઠમભક્તથી દ્વાદશભક્ત સુધીનો જાણવો. (એટલે જઘન્ય તપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અષ્ટભક્ત, મધ્યમ તપ દશભક્ત, અને ઉત્કૃષ્ટ તપ દ્વાદશભક્ત જાણવો.) ॥૩॥

તપના પારણે આયંબિલ હોય છે, તથા ૭ પ્રકારની ભિક્ષામાં ૫ ભિક્ષાનું અગ્રહણ હોય અને ૨ ભિક્ષાનું ગ્રહણ પણ અભિગ્રહ સહિત હોય છે, એ પ્રમાણે કલ્પમાં રહેલા મુનિઓ હંમેશા આયંબિલ કરે છે. ॥૪॥

એ પ્રમાણે પરિહારી મુનિઓ ૬ માસ સુધી પૂર્વોક્ત તપશ્ચર્યા આચરીને પોતે અનુચારી થાય છે, અને પ્રથમ જે ૪ મુનિઓ અનુચારી હતા તે પુનઃ ૬ માસ સુધી પરિહારીપદવાળા થાય છે, (એટલે પરિહારી મુનિઓવત્ પૂર્વોક્ત તપશ્ચર્યા આદરે છે). ॥૫॥

[એ પ્રમાણે તે બીજા ૪ મુનિઓનો પરિહાર તપ પૂર્ણ થયા બાદ (૧૨ માસ પૂર્ણ થયે)] કલ્પસ્થિત ગુરુ પણ પૂર્વોક્ત રીતે ૬ માસ સુધી તપશ્ચર્યા કરે છે, અને શેષ ૮ મુનિઓ અનુપરિહારીભાવ-અનુચારીભાવ અને (તે આઠમાંનો કોઈ એક) કલ્પસ્થિતપણું (ગુરુપદપણું પણ) પામે છે. ॥૬॥

એ પ્રમાણે આ પરિહારકલ્પ ૧૮ માસ પ્રમાણનો કહ્યો છે. તેમાં આ સ્વરૂપ અતિસંક્ષેપથી કહ્યું છે. અને વિશેષ જાણવું હોય તો એ કલ્પનો વિશેષ વિચાર સૂત્ર - સિદ્ધાંતમાંથી જાણવા યોગ્ય છે. ॥૭॥

તથા એ પરિહારવિશુદ્ધિ કલ્પ સમાપ્ત થયે તયં = તે જ કલ્પ પુનઃ અંગીકાર કરે અથવા ત્યાંથી નીકળી જિનકલ્પ અંગીકાર કરે અથવા તો તે કલ્પમાંથી નીકળી પુનઃ ગચ્છમાં આવે. તથા એ કલ્પને અંગીકાર કરનારા મુનિઓ શ્રીજિનેશ્વરની પાસે અંગીકાર કરે. ॥૮॥

એ કલ્પ શ્રીજિનેશ્વરની પાસે અંગીકાર કરે અથવા શ્રીજિનેશ્વરની સમીપે રહેનાર (શ્રી જિનેશ્વરના મુખ્ય શિષ્ય) ગણધરાદિ પાસે અંગીકાર કરે, પરન્તુ બીજાની પાસે અંગીકાર ન કરે. એ પ્રમાણે એ મુનિઓનું જે ચારિત્ર તે परिहारविशुद्धि चारित्र કહેવાય.' ॥૯॥

## ૪. સૂક્ષ્મ સંપરાય ચારિત્રનું સ્વરૂપ

संपरैति એટલે સંસારમાં पर्यटति પર્યટન-ભ્રમણ કરાવે તે सम्पराय એટલે કષાય કહેવાય, અને सूक्ष्म એટલે કિટ્ટિ[1] કૃત એવો લોભરૂપ કષાય જે ચારિત્રને વિષે ઉદયમાં વર્તે તે सूक्ष्मसंपराय चारित्र કહેવાય. એ ચારિત્ર વિશુધ્યમાન અને સંકિલશ્યમાન એમ ૨ પ્રકારનું છે. ત્યાં ઉપશમ શ્રેણિએ અથવા ક્ષપક શ્રેણિએ ચઢતા જીવને એ ચારિત્ર વિશુધ્યમાન ગણાય છે, અને ઉપશમ શ્રેણિથી પડેલા જીવને અંગે એ ચારિત્ર સંક્લિશ્યમાન ગણાય છે.

## ૫. યથાખ્યાત ચારિત્રનું સ્વરૂપ

અકષાય (કષાયના ઉદયરહિત) ચારિત્ર જ સર્વ ચારિત્રોમાં વિશુદ્ધ ચારિત્ર છે, એમ સિદ્ધાંતોમાં કહ્યું છે. તે કારણથી સિદ્ધાન્તમાં यथा = જેવી રીતે ख्यातं = કહેલું છે તેવી રીતનું અતિવિશુદ્ધ ચારિત્ર જે વર્તે છે તે यथाख्यात चारित्र કહેવાય છે. અર્થાત્ સર્વથા કષાયોદય રહિત ચારિત્ર તે યથાખ્યાત ચારિત્ર. વળી આ યથાખ્યાતચારિત્ર પણ ૨ પ્રકારનું છે. ૧. છદ્મસ્થ

૧. એ કિટ્ટિકરણનું સ્વરૂપ કર્મપ્રકૃતિ આદિ ગ્રંથમાં સવિસ્તર કહ્યું છે. ત્યાંથી જાણવા યોગ્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યથાખ્યાત ચારિત્ર, ૨. કેવલિ યથાખ્યાત ચારિત્ર, પુનઃ તેમાં પણ પહેલું છદ્મસ્થ યથાખ્યાત ચારિત્ર ૨ પ્રકારનું છે-૧. ઉપશાન્તમોહ છદ્મસ્થ યથાખ્યાત ચારિત્ર, ૨. ક્ષીણમોહ છદ્મસ્થ યથાખ્યાત ચારિત્ર. તથા બીજું કેવલિ યથાખ્યાત ચારિત્ર પણ ૨ પ્રકારનું છે - ૧. સયોગિકેવલિ યથાખ્યાત ચારિત્ર, ૨. અયોગિકેવલિ યથાખ્યાત ચારિત્ર.

એ પ્રમાણે ઉપર કહેલાં ૫ ચારિત્રો સંયમરૂપે માનવા યોગ્ય - અંગીકાર કરવા યોગ્ય છે એમ સિદ્ધ થયું. એ ૬૬ મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૬૬॥

अवतरण : એ પ્રમાણે પૂર્વ ગાથામાં સંયમનું સ્વરૂપ કહ્યું, અને તે કહેવાથી અસંયમ તથા સંયમાસંયમનું સ્વરૂપ પણ કહેવાયું. હવે સંયમપણે કહેલાં સામાયિક ચારિત્રાદિ ૫ ચારિત્રોમાં ગુણસ્થાનરૂપ ૧૪ જીવસમાસનું નિરૂપણ કરાય છે :

**सामाइय - छेया जा [ऽ] नियट्टि परिहारमप्पमत्तंता ॥**
**सुहुमा सुहुमसरागे, उवसंताई अहक्खाया ॥६७॥**

गाथार्थ : સામાયિક ચારિત્ર તથા છેદોપસ્થાપનીય ચારિત્ર (૬ઠ્ઠા પ્રમત્ત ગુણસ્થાનથી પ્રારંભીને) ૯મા અનિવૃત્તિ ગુણસ્થાન સુધી હોય છે. પરિહારવિશુદ્ધિ ચારિત્ર ૬ઠ્ઠાથી અપ્રમત્ત સુધી (૬-૭મા ગુણસ્થાને) હોય છે. સૂક્ષ્મસંપરાય ચારિત્ર સૂક્ષ્મસરાગ (૧૦ મા સૂક્ષ્મસંપરાય) ગુણસ્થાનમાં એકમાં જ હોય છે, અને યથાખ્યાત ચારિત્ર ઉપશાન્તાદિ સર્વ (૧૧-૧૨-૧૩-૧૪મા) ગુણસ્થાનોમાં હોય છે ॥૬૭॥

व्याख्यार्थ : સામાયિક ચારિત્ર અને છેદોપસ્થાપન ચારિત્ર હોય છે. કેટલા દૂર સુધી હોય છે ? उत्तर : जाऽनियट्टि = પ્રમત્તસંયત નામના ૬ઠ્ઠા ગુણસ્થાનથી પ્રારંભીને અનિવૃત્તિ બાદર સંપરાય નામના ૯મા ગુણસ્થાન સુધી હોય છે, અર્થાત્ પ્રમત્ત-અપ્રમત્ત-અપૂર્વકરણ - અનિવૃત્તિ બાદર સંપરાય એ ૪ જીવસમાસ સામાયિક ચારિત્ર તથા છેદોપસ્થાપન ચારિત્રરૂપ બે સંયમને વિષે પ્રાપ્ત થાય છે. '૬ઠ્ઠા ગુણસ્થાનથી પ્રારંભીને' એ વચન જો કે સૂત્રમાં - ગાથામાં કહ્યું નથી તો પણ અહીં ગ્રહણ કરવું. કારણ કે દેશવિરતિ સુધીના ૫ જીવસમાસોમાં સર્વવિરતિ ચારિત્રનો સર્વથા અસંભવ છે. (માટે, ૬ઠ્ઠા ગુણસ્થાનકથી પ્રારંભીને એ ભાવાર્થ અધ્યાહારથી ગ્રહણ કરવો.)

તથા પરિહારવિશુદ્ધિ સંયમમાં અપ્રમત્ત સુધીના જીવસમાસ પ્રાપ્ત થાય છે, અર્થાત્ પ્રમત્ત અને અપ્રમત્ત એ બે ગુણસ્થાનવર્તી બે જીવસમાસ પૂર્વે કહેલા સામાયિક ચારિત્ર અને છેદોપસ્થાપન ચારિત્રરૂપ ૨ સંયમમાં તેમજ પરિહારવિશુદ્ધિરૂપ ત્રીજા ચારિત્રમાં પણ પ્રાપ્ત થાય છે. અપૂર્વકરણ આદિ ગુણસ્થાનો પરિહારવિશુદ્ધિ ચારિત્રમાં પ્રાપ્ત થતાં નથી, કારણ કે એ અપૂર્વકરણાદિ ગુણસ્થાનો તો બે શ્રેણિએ ચઢતા જીવોને જ હોય છે. અને કેટલાક આચાર્યોના મતે (અભિપ્રાય પ્રમાણે) તો પરિહારવિશુદ્ધિ ચારિત્રવંતોને બે શ્રેણિએ ચઢવાનો જ નિષેધ છે.

તથા સુહુમ એટલે સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનમાં વર્તનારા જીવો સૂક્ષ્મસંપરાય ચારિત્રમાં જ વર્તે છે, પરન્તુ બીજા ચારિત્રમાં વર્તતા નથી. તથા ઉપશાન્તમોહ આદિ ગુણસ્થાનવર્તી જીવો

યથાખ્યાત ચારિત્રવાળા હોય છે, એટલે ઉપશાન્તમોહ-ક્ષીણમોહ-સયોગિકેવલી તથા અયોગિકેવલી એ ૪ જીવસમાસ યથાખ્યાત ચારિત્રમાં પ્રાપ્ત થાય છે, એ ભાવાર્થ છે.

એ પ્રમાણે ૫ સંયમમાં -ચારિત્રમાં જીવસમાસનો વિચાર કહ્યો. અને અસંયમમાં તો મિથ્યાદૃષ્ટિથી પ્રારંભીને અવિરત સમ્યગ્દૃષ્ટિ સુધીના ૪ જીવસમાસ હોય છે, અને સંયમાસંયમમાં દેશવિરતિ ગુણસ્થાનવર્તી ૧ જ જીવસમાસ પ્રાપ્ત થાય છે, એ વાત અનન્તર ગાથામાં (આ ગાથાથી પહેલાંની ૬૬મી ગાથામાં) કહી છે. એ પ્રમાણે આ ૬૭મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૬૭॥

अवतरणः એ પ્રમાણે પૂર્વ ગાથાઓમાં સામાયિક ચારિત્ર, છેદોપસ્થાપન ચારિત્ર ઈત્યાદિ ચારિત્રના ૫ ભેદ રૂપે संयम मार्गणानुं સ્વરૂપ કહીને તેમાં જીવસમાસની પ્રાપ્તિ પણ યથાસંભવ દર્શાવી. વળી આગમમાં - સિદ્ધાન્તમાં તો પુલાક-બકુશ-કુશીલ-નિર્ગ્રંથ અને સ્નાતક એ ૫ શ્રમણ કહેવાય છે, તેથી તેના ચારિત્ર - પરિણામરૂપ પણ संयममार्गणा સંભવે છે. માટે તે પુલાકાદિ ભેદે પણ સંયમનું સ્વરૂપ કહેવાને (અને તેમાં જીવસમાસની પણ પ્રાપ્તિ કહેવા માટે) આ ૬૮મી ગાથામાં તે પુલાક-બકુશ આદિ શ્રમણોનું સ્વરૂપ કહેવાય છે :

**समणा पुलाय बउसा, कुसील निग्गंथ तह सिणाया य ।**
**आइतियं सकसाई, विराय छउमा य केवलिणो** ॥६८॥

गाथार्थः પુલાક-બકુશ-કુશીલ-નિર્ગ્રંથ- તથા સ્નાતક એ ૫ પ્રકારના શ્રમણો છે. તેમાં પહેલા ત્રણ શ્રમણો સકષાય (યથાસંભવ પ્રમત્તાદિ ગુણસ્થાનવાળા) હોય છે. તથા નિર્ગ્રંથ શ્રમણો વીતરાગ છદ્મસ્થ ગુણસ્થાનવાળા અને સ્નાતકો કેવલિ ગુણસ્થાનવાળા હોય છે. ॥૬૮॥

व्याख्यार्थ : श्राम्यन्ति इति श्रमणा : એટલે સાધુઓ અથવા ચારિત્રીઓ. તે શ્રમણો કયા કયા ? તે કહે છે કે - पुलाय बउस ઈત્યાદિ. પુલાક-બકુશ -કુશીલ-નિર્ગ્રંથ અને સ્નાતક, એ પુલાકાદિ પાંચે શ્રમણોને સામાન્યથી ચારિત્રનો સદ્ભાવ હોવા છતાં પણ મોહનીયકર્મના ક્ષયોપશમાદિકના વિચિત્રપણાથી પરસ્પર ભેદ છે એમ જાણવું. હવે તે પુલાકાદિ શ્રમણનું સ્વરૂપ આ પ્રમાણે :

## ૧. पुलाक વિગેરે શ્રમણના શબ્દાર્થ

પલંજી નામના ધાન્યનો નિઃસાર (સત્ત્વરહિત) કણ તે पुलाक કહેવાય. તે કણની માફક આગળ કહેવાતી રીતે જ્ઞાન - દર્શન - ચારિત્ર વડે આજીવિકા કરવાથી સંયમના સારનો-સત્ત્વનો વિનાશ કરનાર એવા જે અસાર સાધુઓ તે पुलाक श्रमण કહેવાય. કારણ કે પુલાક (પલંજી ધાન્યના અસાર કણ) સરખા શ્રમણ તે પુલાક શ્રમણ એવી વ્યુત્પત્તિ હોવાથી (તે પુલાક શ્રમણો કહેવાય છે).

તથા बकुश એટલે શબલ અર્થાત્ કર્બુર (એટલે કાબરૂં-વિચિત્ર) એ ત્રણે એક અર્થવાળા શબ્દ છે. અને અતિચારયુક્ત હોવાથી એવા પ્રકારનો (કાબરો) સંયમ તે बकुश संयम કહેલો છે. અને તેથી તેવા પ્રકારના બકુશ સંયમના યોગથી- સંબંધથી સાધુઓ પણ बकुश श्रमण કહેવાય. એટલે અતિચારસહિત હોવાથી શબલચારિત્રી (મલિન ચારિત્રવાળા) કહેવાય, એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવાર્થ છે.

તથા મૂળગુણ અને ઉત્તરગુણોની વિરાધના કરવાથી અથવા સંજ્વલન કષાયના ઉદયથી કુ = કુત્સિત છે શીલ = ચારિત્ર જેઓનું તે कुशील શ્રમણ કહેવાય.

તથા મોહનીયકર્મરૂપી ग्रंथથી (ગાંઠથી) જેઓ निः = નીકળી ગયા છે તે निर्ग्रंथ શ્રમણ કહેવાય. તથા ઘાતિકર્મરૂપી મલના સમૂહને स्नात એટલે ધોઈ નાખેલ હોવાથી સ્નાન કરાયેલા સરખા स्नातक શ્રમણ એટલે શ્રીકેવલિભગવંત જાણવા.

## પુલાક શ્રમણના પ્રતિભેદનું સ્વરૂપ

ત્યાં પુલાક શ્રમણો ૨ પ્રકારના છે. ૧. લબ્ધિ પુલાક, ૨. પ્રતિસેવા પુલાક. ત્યાં લબ્ધિ-વિશેષસહિત હોય તે लब्धिपुलाक કહેવાય. જે કારણથી કહ્યું છે કે - 'जीए = જે લબ્ધિ વડે સંઘાદિકના કાર્યપ્રસંગે ચક્રવર્તીને (એટલે ૧૨ યોજન પ્રમાણ ચક્રવર્તીના સૈન્યને પણ) ચૂર્ણ કરી નાખે तीए = તેવા પ્રકારની લબ્ધિ વડે જે યુક્ત એવા મુનિ તે लब्धिपुलाक શ્રમણ જાણવા.'

અન્ય આચાર્યો કહે છે કે - આસેવન[1]થી જે જ્ઞાનપુલાક છે, તેની એવા પ્રકારની લબ્ધિ હોય છે, તે જ લબ્ધિપુલાક કહેવાય છે, પરન્તુ લબ્ધિપુલાક એ કોઈ જુદો ભેદ નથી.

प्रतिसेवा पुलाक શ્રમણ ૫ પ્રકારના છે : ૧. જ્ઞાનપ્રતિસેવક પુલાક, ૨. દર્શનપ્રતિસેવક પુલાક, ૩. ચારિત્રપ્રતિસેવક પુલાક, ૪. લિંગપ્રતિસેવક પુલાક, અને ૫. સૂક્ષ્મપ્રતિસેવક પુલાક. તે સંબંધમાં કહ્યું છે કે : 'સ્ખલિત - સ્ખલના આદિ દૂષણો વડે જ્ઞાનને મલિન કરે, શંકા ઈત્યાદિ વડે દર્શન-સમ્યક્ત્વ મલિન કરે, અને મૂલગુણ - ઉત્તરગુણની - પ્રતિસેવા-વિરાધના વડે ચારિત્રની વિરાધના કરે (તે અનુક્રમે જ્ઞાનપ્રતિસેવક - દર્શનપ્રતિસેવક અને ચારિત્રપ્રતિસેવક પુલાક મુનિ કહેવાય). ॥૧॥

જે સાધુ નિષ્કારણે-વિના કારણે અન્ય લિંગ ધારણ કરે તે લિંગપુલાક જાણવો, અને નહિ સેવવા યોગ્ય આચાર અથવા પદાર્થનું જે મનથી પણ સેવન કરે તે મુનિ યથાસૂક્ષ્મપુલાક કહેવાય. (એ પુલાકના ૫ ભેદનો અર્થ કહ્યો).'

## બકુશ શ્રમણના પ્રતિભેદનું સ્વરૂપ

बकुश શ્રમણો પણ ૨ પ્રકારના છે. ૧. ઉપકરણ બકુશ, ૨. શરીર બકુશ. ત્યાં વસ્ત્રાદિને ધોવું તથા વસ્ત્રાદિ ઉપકરણોની વિભૂષા-શોભા કરવી ઈત્યાદિ કરનારા તે उपकरण बकुश કહેવાય. તથા હાથ-પગ-નખ-મુખ ઈત્યાદિ શરીરના અવયવોને અથવા સમગ્ર શરીરને ધોવા તથા તેની વિભૂષા - શોભા કરવી ઈત્યાદિ અનુવર્તન કરનારા શ્રમણો शरीर बकुश કહેવાય. પુનઃ એ બન્ને પ્રકારના બકુશ મુનિઓ પણ સામાન્યથી ૫ પ્રકારના છે. તે આ પ્રમાણે-૧. આભોગ બકુશ, ૨. અનાભોગ બકુશ, ૩. સંવૃત બકુશ, ૪. અસંવૃત બકુશ, ૫. સૂક્ષ્મ બકુશ.

ત્યાં શરીર તથા ઉપકરણોની વિભૂષા કરવી તે સાધુઓને કરવા યોગ્ય નથી એવા પ્રકારનો જે आभोग એટલે જ્ઞાન તેની મુખ્યતાવાળા મુનિઓ તે ૧. आभोग बकुश, એથી વિપરીત

---

૧. આગળ પ્રતિસેવા પુલાકના જે ૫ ભેદ કહેવામાં આવશે તેમાં જ્ઞાનપ્રતિસેવક નામના પુલાક શ્રમણને તેવા પ્રકારની લબ્ધિ હોય છે. તે લબ્ધિપુલાક - ઈતિ અન્ય આચાર્યોનો અભિપ્રાય.

(એટલે શરીર તથા ઉપકરણોની વિભૂષા કરવી તે સાધુનું કર્તવ્ય નથી એવા પ્રકારની જ્ઞાનની પ્રધાનતારહિત) તે ૨. अनाभोग बकुश. સંવૃત એટલે ગુપ્ત, અર્થાત્ લોકમાં જેના દોષ પ્રસિદ્ધ નથી (લોકો જેના દોષ જાણતા નથી) એવા પ્રકારના મુનિ તે ૩. संवृत बकुश કહેવાય. અને તેથી વિપરીત (એટલે લોકો જે મુનિઓના દોષ પ્રગટ રીતે જાણે છે તો પણ તે મુનિ દોષ સેવે છે) તે ૪. असंवृत बकुश. તથા નેત્રનો મેલ કાઢવો ઈત્યાદિ સૂક્ષ્મ દોષ સેવનારા મુનિઓ ૫. सूक्ष्म बकुश કહેવાય. કહ્યું છે કે - જે મુનિ દોષને જાણવા છતાં પણ દોષ કરે, તે આભોગ બકુશ. અને દોષનું સ્વરૂપ નહિ જાણનારા એવા અજાણ મુનિઓ અજ્ઞાનથી જે દોષ સેવે તે અનાભોગ બકુશ મુનિ કહેવાય. તથા લોકમાં દોષ સેવન પ્રસિદ્ધ હોવા છતાં મુનિ દોષ સેવન કરે તે અસંવૃત બકુશ, અને છૂપી રીતે દોષ સેવે તે સંવૃત બકુશ તથા આંખ પ્રમુખને સ્વચ્છ કરનાર મુનિ યથાસૂક્ષ્મ બકુશ મુનિ કહેવાય.

એ બકુશમુનિઓ સામાન્યથી ઋદ્ધિ તથા યશની ઈચ્છાવાળા, શાતાગૌરવવાળા, અવિવિક્ત પરિવારવાળા, અને છેદ પ્રાયશ્ચિત્ત યોગ્ય શબલ-મલિન ચારિત્રવાળા જાણવા. અહીં ઋદ્ધિ એટલે ઘણાં વસ્ત્ર, ઘણાં પાત્ર (આદિની ઈચ્છાવાળા), અને યશઃ એટલે પ્રસિદ્ધિને ઈચ્છનારા જાણવા. તથા सात = સુખ તેને વિષે गौरव = આદરવાળા તે શાતાગારવ આશ્રિત મુનિ જાણવા. તથા अविविक्त એટલે (અસંયમથી) જુદા નહિ પડેલા, (અને તે કારણથી) સમુદ્રફીણ ઈત્યાદિ વડે મર્દન કરાયેલી જંઘાવાળા, તૈલાદિ વડે શરીરનું અભ્યંગ કરનારા, કાતર વડે કેશ કાપનારા, એવા પ્રકારના સાધુઓના પરિવારવાળા તે અવિવિક્ત પરિવારવાળા બકુશ શ્રમણ કહેવાય. તથા છેદયોગ્ય (છેદ પ્રાયશ્ચિત્ત યોગ્ય) એવું શબલ = અતિચાર વડે કર્બુર - મલિન જે ચારિત્ર તે છેદયોગ્ય શબલ ચારિત્ર, એવા ચારિત્રવાળા મુનિઓ તે છેદયોગ્ય શબલચારિત્રવાળા બકુશમુનિ જાણવા.

## કુશીલ શ્રમણના પ્રતિભેદનું સ્વરૂપ

कुशीलमुनि ૨ પ્રકારના છે-૧. પ્રતિસેવા કુશીલ, ૨. કષાય કુશીલ. ત્યાં સેવા એટલે સંયમની-ચારિત્રની સમ્યક્ આરાધના, તેનાથી प्रति = પ્રતિપક્ષ (ઊલટું કર્તવ્ય) તે અહીં प्रतिसेवा કહેવાય, તે પ્રતિસેવા વડે જે કુશીલ તે प्रतिसेवा कुशील કહેવાય. તથા સંજ્વલન ક્રોધાદિકના ઉદયસ્વરૂપ જે કષાયો તે વડે કુશીલ તે कषाय कुशील કહેવાય. ત્યાં પ્રતિસેવા કુશીલ ૫ પ્રકારના છે, તે આ પ્રમાણે - ૧. જ્ઞાનપ્રતિસેવા કુશીલ, ૨. દર્શનપ્રતિસેવા કુશીલ, ૩. ચારિત્રપ્રતિસેવા કુશીલ, ૪. લિંગપ્રતિસેવા કુશીલ, ૫. સૂક્ષ્મપ્રતિસેવા કુશીલ. (એ ૫. પ્રકારના કુશીલનું સ્વરૂપ આ પ્રમાણે) :

'અહીં (પ્રતિસેવાકુશીલ મુનિના ૫ ભેદમાં) જે મુનિ જ્ઞાન વિગેરેથી [જ્ઞાન- દર્શન ચારિત્ર- અને લિંગ (મુનિવેષ)થી] ઉપજીવિકા ચલાવે તે મુનિ જ્ઞાનાદિ-પ્રતિસેવાકુશીલ કહેવાય, અને 'આ તપસ્વી છે' એમ લોકના કહેવાથી જે મુનિ સંતોષ પામતો હોય તે મુનિ યથાસૂક્ષ્મ પ્રતિસેવાકુશીલ કહેવાય.'

તથા કષાય કુશીલ પણ ૫ પ્રકારના છે. તે આ પ્રમાણે - ૧. જ્ઞાન કષાય કુશીલ, ૨. દર્શન કષાય કુશીલ, ૩. ચારિત્ર કષાય કુશીલ, ૪. લિંગ કષાય કુશીલ, ૫. સૂક્ષ્મકષાય કુશીલ.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાં સંજ્વલન ક્રોધ કષાયાદિમાં ઉપયુક્ત થયો છતો જ્ઞાન, દર્શન તથા લિંગને પોતપોતાના વિષયમાં વ્યાપૃત કરે તે, તે તે કષાય કુશીલ કહેવાય. કષાયના આવેશમાં આવ્યો છતો જ જે મુનિ કોઈને પણ શાપ (શ્રાપ) આપે તો તે ચારિત્રકષાય કુશીલ મુનિ કહેવાય. તથા મનમાત્રથી જ ક્રોધાદિ કષાય કરનાર મુનિ સૂક્ષ્મકષાય કુશીલ કહેવાય. અથવા સંજ્વલન ક્રોધાદિ કષાય વડે આવિષ્ટ - વ્યાપ્ત થયો છતો જ જે મુનિ જ્ઞાન, દર્શન, ચારિત્ર તથા લિંગની (મુનિવેષની) વિરાધના કરે અર્થાત્ અતિચારો વડે મલિન કરે, તે ज्ञानादि कषाय कुशील કહેવાય. અને સૂક્ષ્મકષાય કુશીલ તો પૂર્વોક્ત અર્થવાળો જ જાણવો. કહ્યું છે કે :

'જે મુનિ ક્રોધ-માન-માયા-લોભ એ ૪ પ્રકારના સંજ્વલન કષાયો વડે જ્ઞાન-દર્શન તથા લિંગનો-વેષનો ઉપયોગ (વિપરીત ઉપયોગ) કરે, તે જ્ઞાનાદિ કષાય કુશીલ કહેવાય, અને બીજા જીવોને શ્રાપ આપવા વડે તે મુનિ ચારિત્ર વડે કષાય કુશીલ કહેવાય.' અથવા ક્રોધાદિ કષાય વડે જ્ઞાનાદિકની વિરાધના કરનાર મુનિ જ્ઞાનાદિ કષાય કુશીલ કહેવાય, અને મન વડે ક્રોધાદિ કરતો મુનિ યથાસૂક્ષ્મ કષાય કુશીલ કહેવાય.'

## નિર્ગ્રંથ તથા સ્નાતક શ્રમણના પ્રતિભેદનું સ્વરૂપ

निर्ग्रंथ મુનિઓ ૨ પ્રકારના છે - ૧. ઉપશાન્તમોહ, ૨. ક્ષીણમોહ. એ બે નિર્ગ્રંથોનું સ્વરૂપ તો પ્રથમ જ કહ્યું છે. (૬૬મી ગાથાની વ્યાખ્યામાં પર્યન્તે કહ્યું છે). વળી स्नातक મુનિ ઓ તો સર્વ ઉપાધિરહિત હોવાથી નિરુપચરિત ભેદના અસંભવથી ૧ પ્રકારના જ છે. (એ પ્રમાણે ૫ શ્રમણોનું સ્વરૂપ સામાન્યથી કહ્યું.)

## ॥ પુલાક આદિ ૫ શ્રમણમાં વેદ આદિ દ્વારની પ્રાપ્તિ ॥

શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ (શ્રી ભગવતીજી) સૂત્રમાં એ પુલાક આદિ ૫ શ્રમણોને અંગે पन्नवण वेयरागे कप्प चरित्त पडिसेवणा नाण ઇત્યાદિ યથોક્ત ૩૬ દ્વારો વડે વિચાર કહ્યો છે. તે દ્વારો ઘણાં ઉપયોગી હોવાથી તેમાંનાં કેટલાંક દ્વાર અહીં પણ લખાય છે -

૧. वेदद्वार - અહીં પ્રથમ વેદદ્વારમાં પુલાકને સ્ત્રીવેદ ન હોય, કારણ કે સ્ત્રીવેદવાળા જીવોને પુલાક લબ્ધિનો અભાવ છે. બકુશ તથા પ્રતિસેવના કુશીલ તો ત્રણે વેદમાં પ્રાપ્ત થાય છે. તેમજ કષાય કુશીલ શ્રમણો પણ શ્રેણિ સિવાયનાં ગુણસ્થાનોમાં ત્રણે વેદને વિશે પ્રાપ્ત થાય છે; કારણ કે શ્રેણિમાં ચઢેલા તો વેદરહિત પણ હોય છે. તથા નિર્ગ્રન્થ અને સ્નાતક મુનિઓ તો વેદરહિત જ હોય છે.

૨. चारित्रद्वार - પુલાક-બકુશ તથા પ્રતિસેવા કુશીલ એ ૩ પ્રકારના શ્રમણો સામાયિક તથા છેદોપસ્થાપન એ ૨ ચારિત્રમાં જ પ્રાપ્ત થાય છે, પરન્તુ શેષ ચારિત્રમાં નહિ. તથા કષાય કુશીલ શ્રમણો તો યથાખ્યાત સિવાયના શેષ ૪ ચારિત્રમાં વર્તે છે. તથા નિર્ગ્રન્થ અને સ્નાતક તો ૧ યથાખ્યાત ચારિત્રવાળા જ હોય છે.

૩. प्रतिसेवनाद्वार - પુલાક અને પ્રતિસેવા કુશીલ એ બે શ્રમણો મૂળગુણ તથા ઉત્તરગુણના બન્નેના વિરાધક હોય છે. બકુશ મુનિઓ ઉત્તરગુણના વિરાધક હોય છે, પરન્તુ મૂળગુણના વિરાધક નહિ. તથા કષાય કુશીલ - નિર્ગ્રંથ અને સ્નાતક એ ૩ શ્રમણો તો પ્રતિસેવનારહિત

(મૂળગુણ - ઉત્તરગુણના અવિરાધક) જ હોય છે.

૪. ज्ञानद्वार - પુલાક - બકુશ અને પ્રતિસેવનાકુશીલ એ ૩ શ્રમણો મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન તથા અવધિજ્ઞાન એ ત્રણ જ્ઞાનને વિશે વર્તે છે, પરન્તુ શેષ જ્ઞાનમાં નહિ. કષાયકુશીલ તથા નિર્ગ્રંથો કેવળજ્ઞાનરહિત ૪ જ્ઞાનમાં વર્તે છે, અને સ્નાતકો તો કેવળજ્ઞાની જ હોય છે. ત્યાં પુલાક મુનિને જઘન્યથી નવમા પૂર્વની આચાર નામની ત્રીજી વસ્તુ સુધીનું અને ઉત્કૃષ્ટથી ૯ પૂર્વ સંપૂર્ણ સુધીનું શ્રુતજ્ઞાન હોય છે. બકુશ તથા પ્રતિસેવાકુશીલ મુનિઓને જઘન્યથી અષ્ટપ્રવચનમાતા જેટલું શ્રુતજ્ઞાન અને ઉત્કૃષ્ટથી ૧૦ પૂર્વ સુધીનું શ્રુતજ્ઞાન હોય છે. તથા કષાયકુશીલ અને નિર્ગ્રંથોને પણ જઘન્યથી અષ્ટપ્રવચનમાતા જેટલું પરન્તુ ઉત્કૃષ્ટથી તો ૧૪ પૂર્વ સુધીનું શ્રુતજ્ઞાન હોય છે. તથા સ્નાતકોને કેવળજ્ઞાન હોવાથી શ્રુતજ્ઞાન નથી.

૫. कालद्वार - પુલાક શ્રમણો અવસર્પિણીના સુષમદુઃષમ અને દુઃષમસુષમ નામના ત્રીજા તથા ચોથા આરામાં જ જન્મ પામે છે અને દીક્ષા અંગીકાર કરે છે. તથા ચોથા આરામાં દીક્ષા ગ્રહણ કરી હોય એવા પુલાક શ્રમણો સદ્ભાવ આશ્રયિ તો પાંચમા દુઃષમ આરામાં પણ વિદ્યમાન હોય છે. વળી ઉત્સર્પિણીકાળના તો દુઃષમ, દુઃષમસુષમ અને સુષમદુઃષમ એ નામના અનુક્રમે બીજા-ત્રીજા તથા ચોથા આરામાં જન્મ પામે છે; પરન્તુ દીક્ષા તો ત્રીજા-ચોથા આરામાં જ ગ્રહણ કરે છે. તથા દુઃષમસુષમ સરખા કાળવાળા મહાવિદેહક્ષેત્રમાં તો જન્મથી તથા વ્રતથી (દીક્ષાગ્રહણથી) પણ વિદ્યમાન હોય છે.

બકુશ શ્રમણો તથા પ્રતિસેવાકષાયકુશીલ એ ૨ પ્રકારના શ્રમણો અવસર્પિણીના સુષમદુઃષમ, દુઃષમસુષમ અને દુઃષમ એ નામના ત્રીજા, ચોથા તથા પાંચમા આરામાં જન્મથી અને વ્રતથી પણ વિદ્યમાન હોય છે, પરન્તુ શેષ ૩ આરામાં નહિ. વળી ઉત્સર્પિણીકાળમાં દુઃષમ, દુઃષમસુષમ, તથા સુષમદુઃષમ નામના બીજા, ત્રીજા, ચોથા આરામાં જન્મ પામે છે, પરંતુ દીક્ષાગ્રહણ તો ત્રીજા, ચોથા આરામાં જ પામે છે પરન્તુ શેષ બીજા આરામાં નહિ. પુનઃ દુઃષમસુષમ સરખા (અવસર્પિણીના ચોથા આરા સરખા) કાળવાળા મહાવિદેહક્ષેત્રોમાં તો જન્મથી તથા વ્રતથી એ બે શ્રમણો સદાકાળ વિદ્યમાન હોય છે. તથા દેવ આદિ વડે સંહરાયેલા એ શ્રમણો[૧] ઉત્સર્પિણી-અવસર્પિણીના સર્વ આરાઓમાં પ્રાપ્ત થાય છે. તથા સદાકાળ સુષમસુષમ (અવસર્પિણીના પહેલા આરા) સરખા કાળવાળા દેવકુરુ તથા ઉત્તરકુરુક્ષેત્રોમાં, તેમજ સદાકાળ સુષમ (અવસર્પિણીના બીજા આરા) સરખા કાળવાળા હરિવર્ષ ક્ષેત્રોમાં અને રમ્યક્ક્ષેત્રોમાં, તેમજ સદાકાળ સુષમદુઃષમ (અવસર્પિણીના ત્રીજા આરા) સરખા કાળવાળા હૈમવત તથા ઐરણ્યવત ક્ષેત્રોમાં, તેમજ દુઃષમસુષમ (અવસર્પિણીના ચોથા આરા) સરખા કાળવાળા મહાવિદેહ ક્ષેત્રોમાં સર્વત્ર એ સર્વે[૨] શ્રમણો સંહરણથી પ્રાપ્ત થાય છે.

નિર્ગ્રંથ અને સ્નાતક એ બે શ્રમણોનું કાળદ્વાર તથા ક્ષેત્રપુલાક શ્રમણવત્ કહેવું પરન્તુ ઉપસંહરણ તો નિર્ગ્રંથ અને સ્નાતકોનું બકુશાદિવત્ અધિક કહેવું. નિર્ગ્રંથ તથા સ્નાતકભાવમાં નહિ વર્તતા એ નિર્ગ્રંથ તથા સ્નાતકોને પૂર્વે વિરાધેલા (વૈરવાળા) દેવાદિકો મહાવિદેહમાંથી સંહરીને ભરતાદિ ક્ષેત્રોમાં લાવી મૂકે છે, અને ત્યાં મૂક્યા છતા નિર્ગ્રંથભાવ તથા સ્નાતકભાવ

૧-૨. બકુશ તથા કુશીલ શ્રમણો. (કારણ કે પુલાક શ્રમણનું સંહરણ ન હોય).

Jain Education International

For Private & Personal Use Only
www.jainelibrary.org

પામીને અલંકૃત કેવલિઓ થઈ મોક્ષ પામે છે. અહીં નિર્ગ્રંથભાવ તથા સ્નાતકભાવને પ્રાપ્ત થયેલા નિર્ગ્રંથ-સ્નાતકોનું સંહરણ સિધ્ધાન્તોમાં નિષેધ્યું છે, અને પુલાક શ્રમણોને સર્વથા[1] સંહરણ નિષેધ્યું છે. જે કારણથી સિદ્ધાન્તમાં કહ્યું છે કે - 'શ્રમણી (સાધ્વી) - અવેદી - પરિહારવિશુદ્ધચારિત્રી - પુલાકશ્રમણ અને અપ્રમત્ત તથા ચૌદપૂર્વધર અને આહારકલબ્ધિવંત એટલા જીવોનું કોઈપણ દેવાદિક સંહરણ કરે નહિ (એટલે એક સ્થાનેથી ઉપાડી બીજા સ્થાને વૈરભાવથી મૂકે નહિ).'

૬. चारित्रशुद्धिद्वार - પુલાકથી બકુશ અને પ્રતિસેવાકુશીલ અનન્તગુણ વિશુદ્ધિવાળા છે, પરન્તુ કષાયકુશીલની સાથે તો તે ષટ્સ્થાનપતિત ગણાય. વળી, બકુશ, પ્રતિસેવનાકુશીલ તથા કષાયકુશીલની સાથે ષટ્સ્થાનપતિત છે. અને પ્રતિસેનાકુશીલ પણ કષાયકુશીલની સાથે ષટ્સ્થાનપતિત છે. તથા નિર્ગ્રંથ અને સ્નાતક એ બન્ને વિશુદ્ધિની અપેક્ષાએ પરસ્પર તુલ્ય છે, પરન્તુ પુલાક વિગેરે પૂર્વોક્ત શ્રમણોથી તો એ બન્ને અનન્તગુણ વિશુદ્ધિવાળા છે.

૭. प्रमाणद्वार - પુલાક શ્રમણ ૧૫ કર્મભૂમિમાં કદાચ હોય અને કદાચ ન પણ હોય અને જો હોય તો જઘન્યથી ૧-૨ અને ઉત્કૃષ્ટથી સહસ્રપૃથકત્વ (૯૦૦૦ સુધી) હોય છે. બકુશ મુનિઓ તો સર્વકાળ હોય છે. અને તે જઘન્યથી ક્રોડપૃથકત્વ (૯ ક્રોડ સુધી), અને ઉત્કૃષ્ટથી શત ક્રોડપૃથકત્વ (૯૦૦ ક્રોડ સુધી) હોય છે. એ પ્રમાણે પ્રતિસેવાકુશીલ પણ બકુશવત્ (૯ ક્રોડથી ૯૦૦ ક્રોડ સુધી) જાણવા. તથા કષાયકુશીલ શ્રમણો સર્વકાળ હોય છે, પરન્તુ જઘન્યથી હજાર - ક્રોડપૃથક્ત્વ (૯૦૦૦ ક્રોડ સુધી), અને ઉત્કૃષ્ટથી પણ તેટલા જ હોય છે. તથા નિર્ગ્રંથ શ્રમણો કદાચિત્ હોય અને કદાચિત્ ન પણ હોય, જો હોય તો જઘન્યથી એકાદિ અને ઉત્કૃષ્ટથી શતપૃથક્ત્વ (૯૦૦ સુધી) હોય છે. તથા સ્નાતક શ્રમણો તો સર્વકાળ હોય છે, અને તેઓ જઘન્યથી ક્રોડપૃથકત્વ અને ઉત્કૃષ્ટથી પણ ક્રોડપૃથકત્વ (૯૦૦ ક્રોડ સુધી) હોય છે (એ ૭મું પ્રમાણદ્વાર કહ્યું).

એ પ્રમાણે પુલાક આદિ ૫ શ્રમણોનું સ્વરૂપ કહ્યું. અને હવે એ ૫ શ્રમણોમાં ભગવતીજીને વિશે જે ૩૬ દ્વાર કહ્યાં છે તેમાંથી શેષ દ્વારોના ઉપલક્ષણ માટે (ગ્રહણાર્થે) कषायद्वार ને સૂત્રકાર પોતે જ વિચારતા છતાં ગાથામાં કહે છે તે આ પ્રમાણે :

आइत्तियं ઈત્યાદિ. આદિમાં - પ્રારંભના જે ૩ શ્રમણ તે આદિત્રિક એટલે પુલાક, બકુશ તથા કુશીલ એ ૩ શ્રમણો; सकसाइ = કષાયસહિત એટલે સંજ્વલન ક્રોધાદિસહિત વર્તે છે માટે સકષાય ગણાય છે. અહીં તાત્પર્ય એ છે કે - પ્રતિસેવાકુશીલ અને કષાયકુશીલ એમ ૨ પ્રકારના કુશીલ શ્રમણ પૂર્વે કહ્યા છે, ત્યાં પુલાક, બકુશ તથા પ્રતિસેવાકુશીલ એ ૩ શ્રમણો તો ક્ષપકશ્રેણિ અથવા ઉપશમશ્રેણિ એ બે શ્રેણિમાંની કોઈ એક પણ શ્રેણિ પામતા નથી. કારણ કે તથાપ્રકારની વિશુદ્ધિનો અભાવ છે, તે કારણથી એ ૩ શ્રમણો સંજ્વલન ક્રોધ-માન-માયા-લોભ એ ચારે કષાયમાં વર્તે છે. અને કષાયકુશીલ મુનિઓ તો બન્ને શ્રેણિ અંગીકાર કરે છે. અને દશમા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાન સુધી કષાયકુશીલપણાના વ્યપદેશની પ્રવૃત્તિ છે, માટે

૧. પુલાકભાવ પામ્યા પહેલાં પણ પુલાક શ્રમણનું સંહરણ ન હોય તેમ પુલાકભાવમાં વર્તતા પુલાક શ્રમણનું સંહરણ ન હોય, એ પ્રમાણે ઉભય પ્રકારે પુલાક સંહરણનો નિષેધ છે, માટે સર્વથા નિષેધ.

એ કષાયકુશીલ પણ ક્રોધ-માન-માયા-લોભ એ ચારે કષાયમાં વર્તે છે. પરન્તુ (શ્રેણિ પ્રાપ્ત થયે) ક્રોધનો ક્ષય થાય અથવા ઉપશમ થાય તો માન-માયા-લોભ એ ૩ કષાયમાં વર્તે છે. માનનો ક્ષય વા ઉપશમ થયે માયા અને લોભ એ ૨ કષાયમાં વર્તે છે. માયાનો ક્ષય વા ઉપશમ થયે કેવળ લોભ કષાયમાં વર્તે છે. તે કારણથી એટલું સિદ્ધ થયું કે પુલાક, બકુશ અને કુશીલ મુનિઓ તો કષાયવાળા જ હોય છે. કારણ કે અકષાયપણું પ્રાપ્ત થયે તો નિર્ગ્રંથ અને સ્નાતકપણું પ્રાપ્ત થાય છે.

छउमा य = અહીં છઉમા = છદ્મસ્થ શબ્દ વડે નિર્ગ્રંથ શ્રમણો જ ગ્રહણ કરવા. કારણ કે આ ગાથામાં કહેલા શ્રમણોના સ્વરૂપના ક્રમ પ્રમાણે કુશીલનું સ્વરૂપ પૂર્ણ થયાથી હવે કુશીલ પછીના નિર્ગ્રંથ શ્રમણો અહીં 'છઉમ' શબ્દ વડે જાણવા. તે નિર્ગ્રંથ શ્રમણો કેવા પ્રકારના હોય છે તે કહેવાય છે : विराय = विगतः એટલે ક્ષય પામ્યો છે અથવા ઉપશાન્ત થયો છે, માયા અને લોભરૂપ राग : = રાગ જેઓનો તે વિરાગ = રાગરહિત એવા નિર્ગ્રન્થો કહેવાય. અથવા (વિરાગના ઉપલક્ષણથી) વિગતદ્વેષ = દ્વેષરહિત એવા વિશેષણવાળા પણ નિર્ગ્રંથ શ્રમણ કહેવાય. કારણ કે પ્રથમ ક્રોધ અને માન એ બે કષાયરૂપ દ્વેષનો ઉપશમ અથવા ક્ષય થાય ત્યારબાદ જ માયા તથા લોભનો ક્ષય થાય છે એમ સિદ્ધાન્તમાં કહ્યું છે. (અર્થાત્ પ્રથમ દ્વેષનો ક્ષય વા ઉપશમ થયા બાદ જ રાગનો ક્ષય વા ઉપશમ થાય છે, જેથી વિરાગ એ વિશેષણ વડે વીતદ્વેષ એ વિશેષણ પણ અવશ્ય જાણવું.), એથી એ વાત સિદ્ધ થઈ કે - નિર્ગ્રંથો તો સર્વથા કષાયરહિત જ હોય, અને स्नातक શ્રમણો તો કેવલિભગવંતો જ જાણવા.

અહીં તાત્પર્ય એ છે કે -કેવળ કષાયનો અભાવ થયે સ્નાતકપણું ન થાય, પરન્તુ સ્નાતકોમાં જ્ઞાનાવરણીયાદિ કર્મોનો પણ અભાવ હોય છે. આ ગાથામાં સ્નાતકો જો કે કહ્યા નથી તો પણ અધ્યાહારથી ગ્રહણ કરવા. કારણ કે બીજા મુનિઓને કેવલિપણાનો અસંભવ છે. (અર્થાત્ ગાથામાં કહેલા विराय પદથી નિર્ગ્રંથ અને સ્નાતક એ બન્ને પ્રકારના શ્રમણો જાણવા). એ પ્રમાણે તુલાદંડ[૧]ના ન્યાય વડે મધ્યગત કષાયદ્વારનું ગ્રહણ કરવાથી શેષ પહેલાનાં તથા પછીનાં (કષાયદ્વારથી પહેલાનાં દ્વારો તથા કષાયદ્વારો પછીનાં) દ્વારો કે જે ભગવતીજીમાં કહ્યા છે તે સર્વ અહીં ગ્રહણ કર્યા જાણવાં, અને તે દ્વારોમાનાં કેટલાંક દ્વારો પૂર્વે વૃત્તિને વિશે (આ ચાલુ વ્યાખ્યામાં) પુલાક આદિ શ્રમણોને વિશે વિચાર્યા, અને નહિ કહેલાં શેષ દ્વારો તો શ્રીભગવતીજીમાં કહ્યા પ્રમાણે પોતે પણ વિચારવાં. એ પ્રમાણે આ ૬૮મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૬૮॥

(હવે આ સંયમ સંબંધિ વર્ણનનો ઉપસંહાર આ પ્રમાણે :)

એ પ્રમાણે પૂર્વ ગાથામાં (તથા વ્યાખ્યામાં) પુલાક આદિ શ્રમણોનું સ્વરૂપ કહેવાથી તે પુલાકાદિકના ચારિત્રરૂપ આત્મપરિણામ પણ સંયમ છે, એમ દર્શાવ્યું. હવે એ પુલાક આદિના સંયમમાં પણ ગુણસ્થાનકરૂપ જીવસમાસ વિચારવાના છે. ત્યાં સંયમ નિરાધાર (આશ્રયરહિત) હોય નહિ, તે દૃષ્ટિએ તે સંયમનો આધાર પુલાક આદિ શ્રમણો જે ચાલુ વિષયમાં કહ્યા તે જ છે. માટે તે પુલાક આદિ શ્રમણોમાં જ ગુણસ્થાનનો વિચાર કરાય છે. તે આ પ્રમાણે : ત્યાં પુલાક-બકુશ-પ્રતિસેવાકુશીલ એ ૩ શ્રમણોને પ્રમત્ત તથા અપ્રમત્ત એ બે ગુણસ્થાન હોય છે,

---

૧. તુલાદંડ = ત્રાજવાની દાંડીનો મધ્યભાગ ગ્રહણ કર્યાથી તેની બન્ને બાજુના સર્વ ભાગ ઉંચકાય છે તેમ.

Jain Education International

www.jainelibrary.org

શેષ ગુણસ્થાનો નહિ. કારણ કે એ શ્રમણો ચારિત્રગુણયુક્ત હોવાથી તેઓમાં મિથ્યાદૃષ્ટિ આદિ (પૂર્વનાં) ગુણસ્થાનોનો અભાવ છે. અને બે શ્રેણિમાંની કોઈપણ શ્રેણિ પ્રારંભનાર ન હોવાથી (પછીનાં) અપૂર્વકરણાદિ ગુણસ્થાનોનો અભાવ છે. તથા કષાયકુશીલ શ્રમણોમાં તો પ્રમત્ત, અપ્રમત્ત, અપૂર્વકરણ, અનિવૃત્તિબાદરસંપરાય, સૂક્ષ્મસંપરાય એ ૫ ગુણસ્થાનો હોય છે. જેનું કારણ તો ઘણું ખરૂં પૂર્વે કહેવાઈ ગયું છે. તથા નિર્ગ્રંથમાં ઉપશાન્તમોહ અને ક્ષીણમોહ એ બે ગુણસ્થાન હોય છે, અને સ્નાતકને સયોગિકેવલી તથા અયોગિકેવલી એ ૨ ગુણસ્થાન હોય છે.

એ પ્રમાણે સામાયિક-છેદોપસ્થાન ઈત્યાદિ ભેદે ૫ પ્રકારનો સંયમ કહ્યો, તેમજ પુલાક આદિ શ્રમણના ભેદે પણ ચારિત્રપરિણામરૂપ ૫ પ્રકારનો સંયમ કહ્યો. અને તે પ્રત્યેક ચારિત્રમાં (એટલે સામાયિકાદિ ભેદમાં તથા પુલાક આદિ શ્રમણભેદમાં) ગુણસ્થાનરૂપ જીવસમાસનો વિચાર પણ કહ્યો, જેથી संयमद्वार સમાપ્ત થયું. ॥૬૮॥

अवतरण : પૂર્વ ગાથામાં સંયમદ્વાર કહીને હવે दर्शनद्वार કહીને તેમાં ગુણસ્થાનરૂપ જીવસમાસ કહે છે. તે આ પ્રમાણે :

**चउरिंदियाइ छउमे, चक्खु अचक्खू य सव्व छउमत्थे ।**
**सम्मे य ओहिदंसी, केवलदंसी सनामे य ॥६९॥**

गाथार्थः ચક્ષુદર્શન ચતુરિન્દ્રિયાદિ છદ્મસ્થ જીવોને હોય, (એટલે ચતુરિન્દ્રિયના મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનથી પ્રારંભીને સંજ્ઞિ પંચેન્દ્રિયના બારમા ગુણસ્થાન સુધી હોય). અને અચક્ષુદર્શન સર્વ છદ્મસ્થને (એકેન્દ્રિયાદિના મિથ્યાદૃષ્ટિથી સંજ્ઞિ પંચેન્દ્રિયના બારમા ગુણ૦ સુધી) હોય, અવધિદર્શન સમ્યગ્દૃષ્ટિ છદ્મસ્થને હોય (૪થી બારમા સુધી હોય), અને કેવલદર્શન પોતાના નામવાળા (સયોગિકેવલી - અયોગિકેવલિરૂપ બે) ગુણસ્થાનમાં હોય. ॥૬૯॥

व्याख्यार्थः અહીં ચક્ષુદર્શન-અચક્ષુદર્શન-અવધિદર્શન - કેવલદર્શન એમ ૪ પ્રકારનાં દર્શન છે, આ ૪ દર્શન અતિપ્રસિદ્ધ હોવાથી સૂત્રકર્તાએ તેનું સ્વરૂપ (ગાથા દ્વારા) કહ્યું નથી, તે કારણથી શિષ્યજનના ઉપકાર માટે અમો જ તેનું કિંચિત્ સ્વરૂપ કહીએ છીએ, તે આ પ્રમાણેઃ જેના વડે दृश्यते = દેખાય તે दर्शन, અથવા દૃષ્ટિ તે દર્શન; અર્થાત્ સામાન્ય અને વિશેષ એ ઉભય - ધર્માત્મક વસ્તુમાં સામાન્યધર્મગ્રાહી બોધ તે दर्शन. જેમ વન, સેના, ગામો, નગર ઈત્યાદિ. ત્યાં ચક્ષુ વડે વસ્તુના સામાન્ય ધર્મના ગ્રહણરૂપ બોધ તે ૧. चक्षुदर्शन. અચક્ષુ વડે એટલે ચક્ષુ સિવાયની શેષ ૪ ઇન્દ્રિયો વડે અને મન વડે પૂર્વોક્ત સ્વરૂપવાળું (સામાન્યધર્મગ્રાહી બોધરૂપ) દર્શન તે ૨. अचक्षुदर्शन. ચક્ષુ આદિ ઇન્દ્રિયોના સમૂહથી નિરપેક્ષ (અપેક્ષારહિત) બોધરૂપ જે અવધિ એ જ દર્શન એટલે વસ્તુના સામાન્ય ધર્મનું ગ્રહણ તે ૩. अवधिदर्शन. અથવા, રૂપી દ્રવ્યને જ ગ્રહણ કરવા (જાણવા) રૂપ જે મર્યાદા તે અવધિ. અને તેવા અવધિ વડે જે દર્શન તે અવધિદર્શન. પૂર્વે કહેલા શબ્દાર્થવાળું 'કેવલ', અને તે કેવલ વડે જે યથોક્ત સ્વરૂપવાળું દર્શન તે) केवलदर्शन. એ પ્રમાણે સ્વરૂપથી ચારે દર્શન કહ્યાં, (એટલે ચારે દર્શનનું સ્વરૂપ કહ્યું). હવે તે દર્શનમાં ગુણસ્થાનરૂપ ૧૪ જીવસમાસ વિચારવાના છે, અને તે પ્રસ્તુત


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(આ ચાલુ) ગાથા વડે સૂત્રકારે પણ વિચાર્યા છે, માટે ગાથાની જ વ્યાખ્યા કરાય છે. તે આ પ્રમાણે :

चउरिंदियाइ = એટલે જે મિથ્યાદૃષ્ટિ એવા પંચેન્દ્રિયાદિકની આદિમાં ચતુરિન્દ્રિયો છે, તે ચતુરિન્દ્રિયાદિ. અહીં 'મિથ્યાદૃષ્ટિ' એ અધ્યાહાર્ય હોવાથી 'ચતુરિન્દ્રિયાદિ મિથ્યાદૃષ્ટિ' એવો અર્થ થાય. અને તેથી ચતુરિન્દ્રિય આદિ મિથ્યાદૃષ્ટિથી પ્રારંભીને छउम = ક્ષીણકષાય છદ્મસ્થ ગુણસ્થાન સુધી चक्खु = ચક્ષુદર્શન પ્રાપ્ત થાય છે. અર્થાત્ મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનથી પ્રારંભીને ક્ષીણમોહછદ્મસ્થ સુધીનાં ૧૨ ગુણસ્થાનોમાં ચક્ષુદર્શન હોય છે, એ તાત્પર્ય છે. વળી, આ વાક્યમાં (ગાથાના પહેલા ચરણમાં) મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનમાં 'ચતુરિન્દ્રિયાદિ' એ જે વિશેષણ આપ્યું છે, તે એકેન્દ્રિય, દ્વીન્દ્રિય અને ત્રીન્દ્રિયોને ચક્ષુઇન્દ્રિય ન હોવાથી ચક્ષુદર્શન નથી હોતું તે કારણે છે, તે વિચારી લેવું. તથા સયોગિકેવલીને અને અયોગિકેવલીને ચક્ષુદર્શન હોય નહિ, કારણે કે 'કેવલિભગવંતો અતીન્દ્રિય = ઇન્દ્રિયજ્ઞાનરહિત છે' એવું શાસ્ત્રોમાં કહ્યું છે.

अचरक्खू य सव्व छउमत्थे = એટલે સર્વ છદ્મસ્થ જીવોને અચક્ષુદર્શન હોય છે. અહીં તાત્પર્ય એ છે કે - ચક્ષુદર્શનના વિચારમાં જે ત્રીન્દ્રિય સુધીના જીવો છે, તે જીવો વર્જિત કર્યા, તેઓમાં પણ અચક્ષુદર્શન પ્રાપ્ત થાય છે. માટે તે ત્રીન્દ્રિય સુધીના જીવો પણ અહીં અચક્ષુદર્શનના વિચારમાં વર્જવા નહિ, પરન્તુ ગ્રહણ કરવા. કારણ કે સ્પર્શાદિ ઇન્દ્રિયો તે ત્રીન્દ્રિય સુધીના જીવોમાં પણ હોય છે, અને તે સ્પર્શાદિ ઇન્દ્રિયો હોતે અચક્ષુદર્શનનું અવ્યાહતપણું હોય છે (એટલે અચક્ષુદર્શન હોય છે). અને એ પ્રમાણે હોવાથી પૂર્વોક્ત ૧૨ ગુણસ્થાનોમાં સામાન્યથી અચક્ષુદર્શન જ પ્રાપ્ત થાય, એમ સિધ્ધ થયું.

सम्मे य ओहिदंसी = અવિરતસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનથી પ્રારંભીને ક્ષીણમોહછદ્મસ્થ ગુણસ્થાન સુધી જ અવધિદર્શન હોય છે. અને ત્યારબાદ કેવલિપણું પ્રાપ્ત થવાથી અને મિથ્યાદૃષ્ટિઓને વિભંગજ્ઞાન હોવાથી તે ગુણસ્થાનવર્તી જીવોને અવધિદર્શનનો અભાવ છે. અહીં બીજા આચાર્યો મિથ્યાદૃષ્ટિ આદિ ૩ ગુણસ્થાનવર્તી જીવોને પણ અવધિદર્શન માને છે, પરન્તુ તે મત-અભિપ્રાય અહીં અંગીકાર કર્યો નથી.

केवलदंसी सनामे य- જે બેનું સરખું નામ હોય તે સમાન નામવાળા અર્થાત્ સનામવાળા કહેવાય, તે સનામવાળાં સયોગિકેવલી તથા અયોગિકેવલી એ બે ગુણસ્થાનોમાં કેવલદર્શન પ્રાપ્ત થાય છે. કેવલદર્શનસહિત એ બે ગુણસ્થાનોનું સમાનનામપણું માત્ર 'કેવલ' એ શબ્દની પ્રવૃત્તિથી થયેલું જાણવું. એ ૬૯મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૬૯॥

## ૬ લેશ્યાનું સ્વરૂપ

એ પ્રમાણે દર્શનદ્વાર કહ્યું. હવે लेश्या द्वार કહેવાય છે. ત્યાં लिश् ધાતુ શ્લેષણના (સંબંધ થવાના) અર્થમાં છે, જેથી જીવ જેના વડે શ્લેષાય એટલે કર્મ સાથે સંબંધવાળો થાય તે लेश्या કહેવાય. તે લેશ્યાઓ કર્મપ્રકૃતિના નિષ્યન્દભૂત કૃષ્ણ-નીલ-કાપોત-તેજ - પદ્મ અને શુક્લ એ ૬ વર્ણવાળાં દ્રવ્યોની સહાયવાળા જીવના અશુભ તથા શુભ પરિણામવિશેષો છે એમ જાણવું.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહ્યું છે કે - 'કૃષ્ણાદિ વર્ણવાળા દ્રવ્યોના સંબંધથી સ્ફટિક સરખા આત્માનો જે જુદા જુદા પ્રકારનો પરિણામ તે પરિણામને વિશે અહીં લેશ્યા શબ્દ પ્રવર્તે છે.'

એ પરિણામવિશેષરૂપ લેશ્યાઓ કૃષ્ણ-નીલ-કાપોત-તૈજસ-પદ્મ અને શુક્લ એ નામો વડે ૬ પ્રકારની છે. તેમાં પહેલી ૩ લેશ્યાઓ અશુભ અને તેથી આગળની તૈજસાદિ ૩ લેશ્યાઓ શુભ છે. એ ૬ લેશ્યાઓનું વિશેષ સ્વરૂપ જાણવા માટે જંબૂફળ ખાનાર ૬ મુસાફરોનું દૃષ્ટાંત તથા ગામનો ઘાત કરનારા ૬ ચોરનું દૃષ્ટાંત કહેવાય છે :

## જંબૂફળ ખાનાર ૬ મુસાફરનું દૃષ્ટાંત

એક મહાવનમાં, ભૂખ્યા થયેલ છ પુરુષોએ, પરિપક્વ અને રસાળ ફળોના ભારથી લચેલ શાખાઓવાળાં, શાખાઓની ટોચ પર લાગેલા ઉન્મત્ત ભમરા અને ભમરીઓના ગુંજનને કારણે જેની ચોપાસની સઘળી દિશાઓ શબ્દમય બને છે તેવાં, સઘળી દિશાઓ થકી આવી મળનારાં પક્ષીવૃંદોના કોલાહલથી છવાયેલાં, પક્ષીવૃંદના એ કલરવ સાંભળીને જેમના કાનને પ્રસન્નતા ઉપજે છે અને વૃક્ષની છાયાતળે વિસામો લઈને જેમનો શ્રમ દૂર થાય છે તેવા વટેમાર્ગુઓથી આશ્રિત, યુગલિકોના સમયની સ્મૃતિ તેમજ તે કાળે થતું હોય તેવું સમાધાન કરવામાં સમર્થ એવો કલ્પવૃક્ષ સરખો આકાર ધરાવતાં, એક મહાન જાંબૂના વૃક્ષને નીરખ્યું. તેથી હર્ષ પામેલા તે સર્વે મુસાફરોએ કહ્યું, અહો ! અવસરે પ્રાપ્ત થયેલા એવા આ જંબૂવૃક્ષનું દર્શન થયું, તેથી ક્ષુધા દૂર કરીએ, અને આ વૃક્ષનાં ઉત્તમ જંબૂફળ પોતાની ઈચ્છા પ્રમાણે ખાઈએ. એ પ્રમાણે તે સર્વે મુસાફરોએ એક જ પ્રકારનું સરખું વચન ઉચ્ચાર્યે છતે તેઓમાંથી અતિક્લિષ્ટ - દુષ્ટ પરિણામવાળા એક મુસાફરે કહ્યું કે - 'જંબૂફળ ખાવાની વાત તો ઠીક છે, પરન્તુ આ જંબૂવૃક્ષ ઉપર ચઢતાં તો જીવિતનો પણ સંદેહ છે. તે કારણથી તીક્ષ્ણ કુહાડા વડે આ વૃક્ષને મૂળસહિત-મૂળથી જ કાપીને અને તિર્ય્ગ-આડું પાડીને સુખપૂર્વક સર્વ ફળો ખાઈએ.' તે પુરુષનો આવા પ્રકારનો જે આ પરિણામ તે ૧. कृष्णलेश्यापरिणाम જાણવો.

કંઈક સશૂક (દયાર્દ્ર) એવા બીજા મુસાફરે કહ્યું કે - 'આવા મોટા વૃક્ષને કાપવાથી આપણે શું પ્રયોજન છે ? આ વૃક્ષની એક મોટી શાખા જ કાપીને નીચે પાડીએ, અને ત્યારબાદ તે શાખાનાં જંબૂફળ ખાઈએ.' આવા પ્રકારનો તેનો જે પરિણામ તે ૨. नीललेश्यापरिणाम જાણવો.

ત્રીજા મુસાફરે કહ્યું કે - 'તે મોટી શાખાને કાપવાનું શું કામ છે ? તે મોટી શાખાની અવયવભૂત (અંગભૂત) નાની નાની શાખાઓ જ છેદી નીચે પાડીએ.' આવા પ્રકારનો તેનો જે પરિણામ તે અહીં ૩. कापोतलेश्यापरिणाम જાણવો.

ચોથા મુસાફરે કહ્યું કે - 'તે બિચારી નાની નાની શાખાઓ તોડી પાડવાનું શું પ્રયોજન છે ? તે નાની શાખાઓના છેડે રહેલા કેટલાક જંબૂફળના ગુચ્છ જ તોડી તોડી નીચે પાડીએ.' આવા પ્રકારનો તેનો પરિણામ તે ૪. तेजोलेश्यापरिणाम જાણવો.

પાંચમા મુસાફરે કહ્યું કે - 'તે ગુચ્છાઓ છેદવા વડે શું પ્રયોજન ? તે ગુચ્છાઓમાંથી જ સારી રીતે પાકી ગયેલાં અને ભક્ષણ કરવા યોગ્ય એવાં કેટલાંક ફળ તોડી લઈએ.' આવા પ્રકારનો તેનો જે પરિણામ તે ૫. पद्मलेश्यापरिणाम જાણવો.

છઠ્ઠા મુસાફરે કહ્યું - 'તે ગુચ્છાઓમાંથી ફળો ચૂંટવાનું પણ શું કામ છે ? આપણ સર્વને જેટલાં ફળ જોઈએ તેટલાં ફળ તો આ વૃક્ષની નીચે પણ પડેલાં છે જ, માટે તે નીચે પડેલાં ફળ વીણીને પ્રાણવૃત્તિ કરવી (ક્ષુધા શમાવવી) તે શ્રેષ્ઠ છે. તો આ વૃક્ષને મરોડવું - ભાંગવું ઈત્યાદિ સંતાપ-ચિંતા કરવાથી શું ?' આવા પ્રકારનો તેનો પરિણામ તે ૬. शुक्ललेश्यापरिणाम જાણવો. એ પ્રમાણે જંબૂફળ ખાનાર ૬ મુસાફરનું દૃષ્ટાંત સમાપ્ત.

## ગ્રામઘાતક ૬ ચોરનું દૃષ્ટાંત

હવે બીજું ગ્રામઘાતક ચોરોનું દૃષ્ટાંત કહેવાય છે, તે આ પ્રમાણે :- ચોરની ટોળીઓના ૬ નાયકોએ મળીને ધન - ધાન્યાદિકનું અપહરણ કરવા માટે (ધનાદિક લૂંટવા માટે) કોઈ એક ગામમાં ધાડ પાડી. ત્યાં ૬ નાયકમાંના ૧ ચોરનાયકે કહ્યું કે - 'દ્વિપદ (મનુષ્ય) હોય અથવા ચતુષ્પદ (જનાવર) હોય, પુરુષ હોય અથવા સ્ત્રી હોય, બાળક હોય અથવા વૃદ્ધ હોય, પરન્તુ જે કોઈને દેખો તે સર્વને હણો.' આવા પ્રકારનો જે પરિણામ તે ૧. कृष्णलेश्यापरिणाम જાણવો.

બીજો ચોરનાયક જે નીલલેશ્યાના પરિણામ સરખા પરિણામવાળો છે, તે કહે છે કે - 'તિર્યંચોને હણવાનું શું પ્રયોજન ? મનુષ્યોને જ હણો.' આવા પ્રકારનો જે પરિણામ તે અહીં ૨. नीललेश्यापरिणाम જાણવો.

ત્રીજો ચોરનાયક જે કાપોતલેશ્યા સરખા પરિણામવાળો છે, તેણે કહ્યું - 'મનુષ્યોમાં પણ પુરુષોને જ હણવા, સ્ત્રીઓને શા માટે હણવી ?' આવા પ્રકારનો ૩. कापोतलेश्यापरिणाम છે.

તેજોલેશ્યા સરખા પરિણામવાળા ચોથા ચોરનાયકે કહ્યું કે - 'પુરુષોમાં પણ શસ્ત્રવાળા પુરુષોને જ હણો, નિઃશસ્ત્રને હણવાથી શું ?' આવા પ્રકારનો ૪. तेजोलेश्यापरिणाम છે.

પદ્મલેશ્યા સરખા પરિણામવાળા પાંચમા ચોરનાયકે કહ્યું કે - 'શસ્ત્રવાળા પુરુષોમાં પણ જે આપણી સાથે યુદ્ધ કરવા તૈયાર થાય તેઓને જ હણો, બીજા નિરપરાધીઓને હણવાથી શું ?' આવા પ્રકારનો પરિણામ તે ૫. पद्मलेश्यापरिणाम.

શુક્લલેશ્યા સરખા પરિણામવાળા છઠ્ઠા ચોરનાયકે કહ્યું - 'અરે ! તમે જે સર્વ કહો છો, તે સર્વ અયુક્ત છે. કારણ કે એક બાજુ તો લોકોનું ધન પણ લૂંટો છો, અને બીજી બાજુ બિચારા લોકોનો ઘાત પણ કરો છો, માટે જો કે ધન હરણ કરો છો તો પણ લોકના સર્વના પ્રાણોનું તો રક્ષણ જ કરો.' આ ૬. शुक्ललेश्यापरिणाम. [ગાથા ૬૯નો અર્થ સમાપ્ત થયો.] ॥૬૯॥

अवतरण : એ પ્રમાણે દૃષ્ટાંત સહિત ૬ લેશ્યાઓનું સ્વરૂપ કહીને હવે એ ૬ લેશ્યાઓમાં ગુણસ્થાનરૂપ જીવસમાસનું સૂત્રકાર પોતે જ આ ૭૦મી ગાથામાં નિરૂપણ કરતા છતા કહે છે, તે આ પ્રમાણે :

**किन्हा नीला काउ, अविरय सम्मत्त संजयंतऽपरे ।**
**तेऊ पम्हा सण्णऽप्पमाय सुक्का सजोगंता ॥७०॥**

गाथार्थ : કૃષ્ણ, નીલ અને કાપોત એ ત્રણ લેશ્યા મિથ્યાદૃષ્ટિથી અવિરતસમ્યક્ત્વ ગુણસ્થાનક સુધી હોય છે. કેટલાક આચાર્યો પ્રમત્ત ગુણસ્થાન સુધી હોય, એમ કહે છે. તેજો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા પદ્મલેશ્યા સંજ્ઞી જીવોને મિથ્યાદૃષ્ટિથી અપ્રમત્ત ગુણસ્થાન સુધી હોય છે, અને શુક્લલેશ્યા મિથ્યાદૃષ્ટિથી સયોગિકેવલી ગુણસ્થાન સુધી (સંજ્ઞી જીવોને) હોય છે. ॥૭૦॥

વ્યાખ્યાર્થ : કૃષ્ણ, નીલ તથા કાપોત એ પ્રથમની ૩ લેશ્યા મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનથી આરંભીને યાવત્ અવિરતસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાન સુધી હોય છે, પરન્તુ તેથી આગળના દેશવિરતાદિ ગુણસ્થાનમાં હોય નહિ. અહીં તાત્પર્ય એ છે કે - મિથ્યાદૃષ્ટિથી અવિરત સમ્યગ્દૃષ્ટિ સુધીના (૪ ગુણસ્થાનવાળા) જીવો જ પૂર્વોક્ત ૩ લેશ્યામાં વર્તે છે. પરન્તુ દેશવિરત આદિ જીવો એ ૩ લેશ્યામાં વર્તતા નથી. કારણ કે દેશવિરતાદિ ગુણસ્થાનવાળા જીવોને તથાપ્રકારનું વિશુદ્ધિપણું હોવાથી, અને કૃષ્ણાદિ ૩ લેશ્યાઓ અવિશુદ્ધ હોવાથી (દેશવિરતાદિને કૃષ્ણાદિ લેશ્યાઓ નથી).

તથા संजयंतऽपरे = 'અપરે' એટલે અન્ય આચાર્યો વળી એમ કહે છે કે - સંયત ગુણસ્થાન સુધી એ ૩ લેશ્યાઓ હોય છે. અર્થાત્ મિથ્યાદૃષ્ટિથી આરંભીને પ્રમત્તસંયત ગુણસ્થાન સુધીના જીવો કૃષ્ણાદિ ૩ લેશ્યામાં વર્તે છે, પરંતુ અપ્રમત્તાદિ ગુણસ્થાનવર્તી જીવો એ ૩ લેશ્યામાં વર્તતા નથી, એ તાત્પર્ય છે. અર્થાત્ દેશવિરત અને પ્રમત્ત અવસ્થામાં પણ તથા પ્રકારની (વિશિષ્ટ) વિશુદ્ધિના અભાવથી એ ૩ અશુભ લેશ્યાઓ તે આચાર્યો અંગીકાર કરે છે, એમ જાણવું.

तेऊ पम्हा सण्णऽप्पमाय એમાં सण्ण = સંજ્ઞી જીવ ગ્રહણ કરવાથી મિથ્યાદૃષ્ટિ સંજ્ઞી ગ્રહણ કરવો. જેથી તે સંજ્ઞિપંચેન્દ્રિય મિથ્યાદૃષ્ટિથી પ્રારંભીને અપ્રમત્તસંયત સુધીના જીવોમાં તેજોલેશ્યા તથા પદ્મલેશ્યા પ્રાપ્ત થાય છે. અહીં सण्णप्पमाय એ પદમાં प्पमाय પદની અંદર अ-કાર દેખાય છે, માટે अप्पमाय એટલે જેમાં પ્રમાદ વિદ્યમાન નથી તે અપ્રમાદ - સંયત = અપ્રમત્તસંયત કહેવાય. તે અપ્રમત્તને અન્તે સ્થાપીને (એટલે મિથ્યાદૃષ્ટિને પ્રારંભમાં સ્થાપી અપ્રમત્તને અંતે સ્થાપીએ) જેથી મિથ્યાદૃષ્ટિથી અપ્રમત્ત સુધીના જીવોને તેજો તથા પદ્મ એ બે લેશ્યા છે. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે - મિથ્યાદૃષ્ટિથી પ્રારંભીને અપ્રમત્ત સુધીનાં ૭ ગુણસ્થાનોમાં વર્તતા સંજ્ઞી જીવોને તેજોલેશ્યા અને પદ્મલેશ્યારૂપ ૨ લેશ્યાઓ વર્તે છે. પરન્તુ અપૂર્વકરણાદિ ગુણસ્થાનોમાં એ ૨ લેશ્યાઓ વર્તતી નથી, કારણ કે અપૂર્વકરણાદિ ગુણસ્થાનોમાં તો કેવળ ૧ શુક્લલેશ્યાનો જ સદ્ભાવ છે.

प्रश्नः- બીજાં શાસ્ત્રોમાં પૃથ્વી-જળ-વનસ્પતિમાં પણ તેજોલેશ્યા સંભળાય છે. અને આ ગ્રંથમાં તો માત્ર સંજ્ઞી જીવોને જ તેજોલેશ્યા કહી, તો આવો વિરોધ કેમ ?

उत्तरः- અહીં તુર્તમાં જે વર્ણન કરવામાં આવશે તે વર્ણનના ન્યાય પ્રમાણે લેશ્યા ૨ પ્રકારની છે ૧. દ્રવ્યથી, ૨. ભાવથી. ત્યાં ઈશાનકલ્પ સુધીના દેવોને આ વર્ણનમાં જ જે દ્રવ્યથી તેજોલેશ્યા છે એમ કહેવામાં આવશે, તે દ્રવ્યતેજોલેશ્યા સહિત જ કોઈ મિથ્યાદૃષ્ટિ દેવ, દેવોમાંથી ચ્યવીને પૃથ્વી અથવા જળ અથવા વનસ્પતિમાં ઉત્પન્ન થાય તો તે પૃથ્વ્યાદિ જીવને તે તેજોલેશ્યા પૂર્વભવ સંબંધિ છે. અને તે પણ દ્રવ્યતેજોલેશ્યા જ છે, તે કારણથી (પૂર્વભવ


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંબંધિ હોવાના કારણથી) આ પૃથ્વી આદિ ભવમાં તે પૂર્વભવ સંબંધિ તેજોલેશ્યા કહી નથી. કારણ કે આ ગ્રંથમાં તો ગુણસ્થાનોને વિષે ભાવલેશ્યાનો જ વિચાર કહેવા પ્રારંભેલો છે. અથવા તો એ તેજોલેશ્યા પૃથ્વ્યાદિ જીવોને અપર્યાપ્ત અવસ્થામાં જ હોય છે, પરન્તુ અપર્યાપ્ત અવસ્થાથી આગળ (પર્યાપ્ત અવસ્થામાં) તે તેજોલેશ્યા બદલાઈને કૃષ્ણાદિ અશુભ લેશ્યાપણે પરાવર્તન પામે છે; તે કારણથી અલ્પ કાળ હોવાથી એ તેજોલેશ્યા પૃથ્વ્યાદિ જીવોમાં આ ગ્રંથને વિષે કહી નથી. તેથી તેમાં કોઈ પ્રકારનો વિરોધ નથી.

सुक्का सजोगंत - એટલે મિથ્યાદૃષ્ટિથી પ્રારંભીને સયોગિકેવલી સુધીના જીવસમાસો શુક્લલેશ્યાવાળા પ્રાપ્ત થાય છે. અર્થાત્ મિથ્યાદૃષ્ટિથી પ્રારંભીને સયોગિકેવલી સુધીનાં ૧૩ ગુણસ્થાનોમાં શુક્લલેશ્યા પ્રાપ્ત થાય છે. કારણ કે ૧૪મા ગુણસ્થાનમાં અયોગિકેવલીઓ લેશ્યા રહિત હોય છે. એ પ્રમાણે ૭૦મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૭૦॥

अवतरणः પૂર્વ ગાથામાં ગુણસ્થાનો પ્રત્યે લેશ્યાનો સદ્ભાવ દર્શાવીને હવે આ ચાલુ લેશ્યાદ્વારમાં જ પૃથ્વ્યાદિ જીવોમાંના કયા કયા જીવોને કઈ કઈ અને કેટલી લેશ્યાઓ હોય ? તે શિષ્યોને ઉપયોગી હોવાથી તેનું નિરૂપણ આ ગાથામાં કરાય છે :

**पुढवि दग हरिय भवणे, वण जोइसिया असंख नरतिरिया ।**
**सेसेगिंदिय विगला, तिल्लेसा भावलेसाए ॥७१॥**

गाथार्थः પૃથ્વી-જળ-વનસ્પતિ-ભવનપતિ-વ્યંતર- (૪ લેશ્યાવાળા) જ્યોતિષી (૧ લેશ્યાવાળા) અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા (યુગલિક) મનુષ્યો તથા યુગલિક તિર્યંચો તથા (પૃથ્વી-જળ-વનસ્પતિ સિવાયના) શેષ એકેન્દ્રિયો અને સર્વે વિકલેન્દ્રિયો એ સર્વે ઓઘથી - સામાન્યથી ભાવલેશ્યાની અપેક્ષાએ યથાયોગ્ય ૩ લેશ્યાવાળા હોય છે. ॥૭૧॥

व्याख्यार्थ : પૃથ્વી, જળ તથા વનસ્પતિ અને અસુરકુમારાદિ ભવનપતિ તથા વ્યન્તરો એ પ્રત્યેકમાં કૃષ્ણ-નીલ-કાપોત-તેજો એ ૪ લેશ્યા હોય છે. તથા જ્યોતિષીઓ કેવળ તેજોલેશ્યાવાળા હોય છે, એ પ્રમાણે આ પણ ઉપસ્કાર[૧] છે. તથા અસંખ્ય વર્ષના આયુષ્યવાળા યુગલિકધર્મને અનુસરનારા(એટલે યુગલિક) મનુષ્ય તથા યુગલિક તિર્યંચો કૃષ્ણ-નીલ-કાપોત - તેજો એ ૪ લેશ્યાવાળા છે. અહીં ૪ લેશ્યાવાળા છે, એ પદ ગાથામાં નથી તો પણ અધ્યાહારથી ગ્રહણ કરવું. તથા શેષ એકેન્દ્રિયો એટલે અગ્નિકાય અને વાયુકાય તથા દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, અને ચતુરિન્દ્રિયરૂપ વિકલેન્દ્રિયો કૃષ્ણ-નીલ- કાપોત એ ૩ લેશ્યાવાળા છે. (એ પ્રમાણે યથાયોગ્ય જીવસ્થાનોમાં લેશ્યાઓ કહી).

प्रश्न :- ગાથાના પૂર્વાર્ધમાં ત્રણ ઠેકાણે '૪ લેશ્યા હોય' એવો જ અધ્યાહાર હોવાનું શી રીતે જાણ્યું ? કેવી રીતે નક્કી કર્યું ? ખરેખર તો આ ગાથાના છેડે 'तिल्लेसा ' પદથી કહેલી 'કૃષ્ણ

૧. ઉપસ્કાર એટલે પરિશિષ્ટ (કહેવામાં બાકી રહેલું) પદ અથવા વાક્ય. અહીં 'કેવળ તેજોલેશ્યાવાળા હોય છે' એ વાક્ય ઉપસ્કાર છે એટલે પરિશિષ્ટ અથવા અધ્યાહાર્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદિ ત્રણ લેશ્યાઓ હોય' એવો સંબંધ પહેલેથી જ પૃથિવીકાય આદિ બધે સમાનભાવે જોડી દેવો જોઈતો હતો; છતાં તેમ કેમ ન કર્યું ?

उत्तर :- એ અધ્યાહારનું સ્વરૂપ એ પ્રમાણે નથી, એટલે સર્વ જીવભેદોમાં ૩ લેશ્યાનો સદ્ભાવ કંઈપણ વિશેષ વિના પ્રાપ્ત કરવો તે બની શકે નહિ. કારણ કે ઉત્તરાર્ધમાં પૃથ્વી, અપ્ અને વનસ્પતિથી શેષ એકેન્દ્રિયોને ખાસ જુદા જ ગ્રહણ કર્યા છે. જો પૃથ્વ્યાદિ સર્વ જીવોને કંઈ પણ વિશેષતા સિવાય સરખી રીતે ૩-૩ લેશ્યા કહેવાની ઈચ્છા રાખી હોત તો સમુદિતપણે સર્વ એકેન્દ્રિયો કહ્યા હોત, પરન્તુ અગ્નિ-વાયુને જુદા શા માટે કહે ? તે કારણથી એ એકેન્દ્રિયોના ભેદ જુદા પાડવાથી જ ગાથાના પૂર્વાર્ધમાં જુદો અધ્યાહાર ગ્રહણ કરવાની જરૂર સમજાય છે. અને તે અધ્યાહાર પ્રજ્ઞાપનાદિ શાસ્ત્રોના સંવાદ વડે (વચન વડે) પૂર્વે કહ્યો છે તે જ ઘટિત છે. એક શાસ્ત્ર બીજા શાસ્ત્રના વિસંવાદ વડે કહેવાતું હોય (એટલે જે રચાતું શાસ્ત્ર પ્રાચીન શાસ્ત્ર સાથે વિસંવાદવાળું-ભિન્ન કથનવાળું થતું હોય) તો તે વિસંવાદી શાસ્ત્ર પ્રમાણ થતું નથી. આ વાતની વિશેષ ચર્ચા વડે સર્યું.

प्रश्नः- ગાથાના ઉત્તરાર્ધમાં કહેલા અગ્નિ-વાયુ આદિ જીવો દ્રવ્યલેશ્યા વડે જ ૩ લેશ્યાવાળા છે કે ભાવલેશ્યા વડે પણ ૩ લેશ્યાવાળા છે ? એવી આશંકાના સમાધાનમાં કહે છે કે :

उत्तर :- भावलेसाए = અહીં 'અપિ' શબ્દનો અધ્યાહાર છે, માટે અગ્નિ-વાયુ આદિ જીવો કેવળ દ્રવ્યલેશ્યા વડે જ ૩ લેશ્યાવાળા છે એમ નહિ, પરન્તુ ભાવલેશ્યા વડે પણ એ જીવો પૂર્વોક્ત ૩ લેશ્યાવાળા (કૃષ્ણ-નીલ-કાપોત લેશ્યાવાળા) છે. પરન્તુ આગળ કહેવામાં આવશે તે પ્રમાણે દેવ વિગેરેની માફક ભાવપરાવૃત્તિએ ૬ લેશ્યાવાળા પણ હોય એમ નહિ, એ તાત્પર્ય છે. પૃથ્વી, જળ અને વનસ્પતિ જીવો પણ, દ્રવ્યલેશ્યા વડે અને ભાવલેશ્યા વડે, પૂર્વોક્ત કૃષ્ણાદિ ૩ અશુભ લેશ્યાવાળા જ જાણવા. ફક્ત અપર્યાપ્ત અવસ્થામાં પૂર્વે કહ્યા પ્રમાણે ચોથી તેજોલેશ્યા પણ દ્રવ્યથી એ જીવોને હોય છે.

તથા ભવનપતિ-વ્યન્તરોને તો પૂર્વે કહેલી ૪ લેશ્યા તે દ્રવ્યલેશ્યા જ જાણવી. જ્યોતિષી દેવોને પણ દ્રવ્યથી ૧ તેજોલેશ્યા જ જાણવી. પરન્તુ ભાવપરાવૃત્તિએ તો એ ભવનપતિ આદિ દેવોને એ છએ લેશ્યાઓ હોવાનું આગળ કહેવામાં આવશે, એ તાત્પર્ય છે. તથા અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્યો અને અસંખ્ય વર્ષના આયુષ્યવાળા તિર્યંચો દ્રવ્યલેશ્યા વડે તેમજ ભાવલેશ્યા વડે પણ પૂર્વે કહેલી પહેલી ૪ લેશ્યાવાળા જ જાણવા. વળી બીજી વાત એ છે કે - આ ગાથામાં કહેલો અર્થ ઉપલક્ષણ[1] વાળો છે તેથી સંખ્યાત વર્ષના આયુષ્યવાળા ગર્ભજ મનુષ્યોને તથા સંખ્યાત વર્ષના આયુષ્યવાળા ગર્ભજ તિર્યંચોને દ્રવ્યથી તથા ભાવથી પણ છએ લેશ્યા હોય છે, એમ જાણવું. અને સમ્મૂર્ચ્છિમ મનુષ્ય તથા સમ્મૂર્ચ્છિમ તિર્યંચોને કૃષ્ણાદિ ૩

૧. અર્થાત્ એ ગાથામાં કહેલા જીવભેદોમાં અસંખ્ય આયુષ્યવાળા નર - તિર્યંચો ઉપલક્ષણવાળા છે, તેથી સંખ્યાત આયુષ્યવાળા નર - તિર્યંચો ગાથામાં ન કહ્યા છતાં પણ અધ્યાહારથી ગ્રહણ કરવા. ઉપલક્ષણ એટલે પરિશેષ - બાકી રહેલા વક્તવ્યનું ગ્રહણસૂચક.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અશુભ લેશ્યા (જ) જાણવી. એ ૭૧મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥ ॥૭૧॥

अवतरण: પૂર્વ ગાથામાં મનુષ્ય, તિર્યંચ તથા દેવોને યથાયોગ્ય લેશ્યાઓ કહીને હવે આ ગાથામાં સાતે પૃથ્વીને વિષે રહેલા નારકોને અનુક્રમે લેશ્યા પ્રતિપાદન કરવા માટે કહે છે :

**काऊ काऊ तह काउनील नीला य नीलकिण्हा य ।**
**किण्हा य परमकिण्हा, लेसा रयणप्पभाईणं ॥७२॥**

गाथार्थ: પહેલી પૃથ્વીમાં કાપોતલેશ્યા, બીજી પૃથ્વીમાં કાપોતલેશ્યા, ત્રીજી પૃથ્વીમાં કાપોત અને નીલલેશ્યા, ચોથી પૃથ્વીમાં નીલલેશ્યા, પાંચમી પૃથ્વીમાં નીલ અને કૃષ્ણલેશ્યા છે, ૬ઠ્ઠી પૃથ્વીમાં કૃષ્ણ લેશ્યા છે, અને સાતમી પૃથ્વીમાં પરમકૃષ્ણ લેશ્યા છે, એ પ્રમાણે રત્નપ્રભા આદિ ૭ પૃથ્વીઓમાં લેશ્યાનો ક્રમ રહ્યો. ॥૭૨॥

व्याख्यार्थ: काऊ = રત્નપ્રભા પૃથ્વીના નારકોને ૧ કાપોતલેશ્યા જ હોય, એ ભાવાર્થ છે. काऊ = તથા શર્કરાપ્રભા પૃથ્વીના નારકોને પણ તે જ લેશ્યા અર્થાત્ કાપોતલેશ્યા જ હોય છે; પરન્તુ રત્નપ્રભાથી કંઈક અધિક ક્લિષ્ટ - મલિન જાણવી. काउनील = વાલુકાપ્રભા પૃથ્વીના નારકોને કાપોતી તથા નીલ એ બે લેશ્યા છે, એટલે એ પૃથ્વીના કેટલાંક ઉપલાં પ્રતરોમાં કાપોતલેશ્યા અને કેટલાંક નીચેનાં પ્રતરોમાં નીલલેશ્યા હોય છે. नीला य = ચોથી પંકપ્રભા પૃથ્વીમાં કેવળ ૧ નીલલેશ્યા જ હોય છે. તથા नीलकिण्हा य = અહીં પણ પાંચમી ધૂમપ્રભા પૃથ્વીમાં કેટલાંક ઉપલાં પ્રતરોમાં નીલલેશ્યા અને નીચેનાં કેટલાંક પ્રતરોમાં કૃષ્ણલેશ્યા હોય છે. किण्हा य = છઠ્ઠી તમઃપ્રભા પૃથ્વીમાં કેવળ કૃષ્ણલેશ્યા જ છે, परमकिण्हा य = સાતમી તમસ્તમા પૃથ્વીમાં પરમકૃષ્ણલેશ્યા છે, એટલે એ જ કૃષ્ણલેશ્યા તે સાતમી પૃથ્વીમાં અત્યંત ક્લિષ્ટ-મલિન છે, એ ભાવાર્થ છે. એ પ્રમાણે કહેલા ક્રમને અનુસારે રત્નપ્રભાદિ ૭ પૃથ્વીના નારકોને એ ૩ લેશ્યાઓ યથાસંભવ હોય છે. એ ૭૨મી ગાથાનો અર્થ સમાપ્ત થયો, એટલે નારકોમાં લેશ્યાપ્રાપ્તિનો ભાવાર્થ કહ્યો. ॥૭૨॥

अवतरण: પૂર્વ ગાથામાં સાતે પ્રકારના નારકોમાં લેશ્યાઓની પ્રાપ્તિ કહીને હવે આ ગાથામાં વૈમાનિક દેવોને લેશ્યાપ્રાપ્તિનું નિરૂપણ કરવા માટે કહે છે :

**तेऊ तेऊ तह तेउ - पम्ह पम्हा य पम्हसुक्का य ।**
**सुक्का य परमसुक्का, सक्काइविमाणवासीणं ॥७३॥**

गाथार्थ: સૌધર્મકલ્પમાં તેજોલેશ્યા, ઈશાનકલ્પમાં પણ તે જ તેજોલેશ્યા છે. તથા સનત્કુમાર કલ્પમાં કેટલાક દેવોને તેજોલેશ્યા અને કેટલાક દેવોને પદ્મલેશ્યા છે, માહેન્દ્રકલ્પમાં સર્વને પદ્મલેશ્યા છે. બ્રહ્મકલ્પમાં કેટલાકને પદ્મલેશ્યા અને કેટલાક દેવોને શુક્લલેશ્યા છે, ત્યાર બાદ લાંતકકલ્પથી અચ્યુતકલ્પ તથા ૯ ગ્રૈવેયક સુધી કેવળ શુક્લલેશ્યા છે. અને ૫ અનુત્તરમાં પરમશુક્લ લેશ્યા છે. એ પ્રમાણે શક્ર આદિ (સૌધર્મ આદિ) વિમાનવાસી દેવોની લેશ્યાઓનો અનુક્રમ કહ્યો. ॥૭૩॥


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

व्याख्यार्थः શક્ર એટલે સૌધર્મ દેવલોકનો અધિપતિ ઈન્દ્ર, તેના વડે ઓળખાતો એવો સૌધર્મ દેવલોક જ અહીં ગ્રહણ કરવો. અને તેથી सक्काइविमाणवासीणं એટલે સૌધર્મ દેવલોક આદિ દેવલોકમાં રહેનારા વિમાનવાસી દેવોની લેશ્યાઓ અનુક્રમે (ગાથામાં કહી છે તે પ્રમાણે) જાણવી. તે આ પ્રમાણે :

સૌધર્મ દેવલોકમાં તો કેવળ ૧ તેજોલેશ્યા જ હોય છે. ઈશાન દેવલોકમાં પણ તે તેજોલેશ્યા જ હોય છે. પરન્તુ આ ઈશાનકલ્પની તેજોલેશ્યા કંઈક અધિક વિશુદ્ધ જાણવી. तह तेउपम्ह એટલે सनत्कुमार સ્વર્ગના કેટલાક અલ્પઋધ્ધિવાળા થોડા દેવોને તેજોલેશ્યા અને શેષ સર્વ દેવોને પદ્મલેશ્યા હોય છે. पम्हा य = माहेन्द्र કલ્પમાં કેવળ પદ્મલેશ્યા જ હોય છે. તથા पम्हसुक्का य = ब्रह्म દેવલોકમાંના ઘણા દેવોને અધિક વિશુદ્ધ પદ્મલેશ્યા જ હોય છે, અને કેટલાક મહાઋધ્ધિવાળા અલ્પ દેવોને તો શુક્લલેશ્યા પણ હોય છે, એ ભાવાર્થ છે. सुक्का य ઇતિ. એટલે लांतकथी अच्युत સુધીના દેવલોકમાં અને ૯ ગ્રૈવેયકોમાં ૧ શુક્લલેશ્યા જ પ્રાપ્ત થાય છે. પરન્તુ લાન્તકથી શુક્રકલ્પની લેશ્યા કંઈક અધિક વિશુદ્ધ જાણવી, શુક્રથી સહસ્રારની શુક્લલેશ્યા તેથી પણ અધિક વિશુદ્ધ જાણવી. એ પ્રમાણે ઉપર ઉપરના દેવલોકમાં એ શુક્લલેશ્યા અનુક્રમે અધિક અધિક વિશુદ્ધ જાણવી, તે યાવત્ ૯ મા ગ્રૈવેયક સુધી અધિક વિશુદ્ધ જાણવી. અને अनुत्तर વિમાનોમાં તો परमसुक्का = પરમ શુકલ લેશ્યા એટલે અત્યંત વિશુદ્ધ શુક્લલેશ્યા હોય છે, એ ભાવાર્થ છે. એ પ્રમાણે આ ૭૩મી ગાથાના અર્થની વ્યાખ્યા કરી. પરન્તુ અન્યત્ર લેશ્યાનો અનુક્રમ કંઈક જુદી રીતે પણ કહ્યો છે. તે આ પ્રમાણે-) 'ભવનપતિ તથા વ્યન્તરો કૃષ્ણ-નીલ-કાપોત અને તેજસ્ એ ૪ લેશ્યાવાળા છે, અને જ્યોતિષી, સૌધર્મ તથા ઈશાન એ ત્રણે તેજોલેશ્યાવાળા જાણવા ॥૧॥'

'સનતકુમાર કલ્પમાં, માહેન્દ્ર કલ્પમાં તથા બ્રહ્મદેવલોકમાં એ ૩ દેવલોકમાં ૧ પદ્મલેશ્યા છે, અને ત્યારબાદના સર્વ દેવલોકમાં ૧ શુક્લલેશ્યા જ છે ॥૨॥ (અહીં સનત્કુમાર અને બ્રહ્મ એ બે કલ્પમાં ૧ પદ્મલેશ્યા જ કહી છે અને આ ગ્રંથની ૭૩મી ગાથામાં બે-બે લેશ્યા કહી છે, એ ભિન્નતા છે).'

એ પ્રમાણે આ બે ગાથાને અનુસારે શ્રી પ્રજ્ઞાપનાદિ ગ્રંથોમાં તો સનત્કુમાર કલ્પમાં કેવળ પદ્મલેશ્યા કહી છે, તેમજ બ્રહ્મકલ્પમાં પણ કેવળ પદ્મલેશ્યા કહી છે, પરન્તુ આ પ્રસ્તુત (ચાલુ ગ્રંથની ૭૩મી) ગાથામાં તો સનત્કુમારમાં કેટલાક દેવોને તૈજસ્ અને કેટલાક દેવોને પદ્મલેશ્યા કહી છે, તેમજ બ્રહ્મકલ્પમાં પણ કેટલાક દેવોને પદ્મલેશ્યા અને કેટલાક દેવોને શુક્લલેશ્યા એમ બે કલ્પમાં બે બે લેશ્યા કહી છે. એમાં તત્ત્વ શું છે તે શ્રી કેવલિભગવંત અથવા બહુશ્રુતો જાણે. વળી બીજા આચાર્યો તો આ ગાથાની વ્યાખ્યા બીજી રીતે પણ કરે છે. પરન્તુ તે વ્યાખ્યા પ્રજ્ઞાપનાદિ સિધ્ધાન્તોની સાથે અતિવિસંવાદવાળી છે માટે તે અર્થની અહીં ઉપેક્ષા કરી છે (એટલે તે અર્થ અહીં દર્શાવ્યો નથી.) એ પ્રમાણે આ ૭૩મી ગાથાનો અર્થ સમાપ્ત થયો ॥૭૩॥

अवतरणः અહીં ભવનપતિથી પ્રારંભીને વૈમાનિક સુધીના દેવોને અને રત્નપ્રભાદિ પૃથ્વીભેદે ૭ પ્રકારના નારકોને પૂર્વે કોઈને કંઈ અને કોઈને કંઈ એમ યથાસંભવ લેશ્યાઓ કહી


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, તે દ્રવ્ય લેશ્યાઓ જ જાણવી. પરન્તુ ભાવલેશ્યાની અપેક્ષાએ તો દરેક નારકને તથા દરેક દેવને છ એ છ પણ સંભવે છે, તે વાત દર્શાવવાને અર્થે આ આગળની देवाण ઈત્યાદિ પદોવાળી ૭૪મી ગાથા કહેવાય છે :

**देवाण नारयाण य, दव्वल्लेस्सा हवंति एयाओ ।**

**भावपरित्तीए उण, नेरइय-सुराण छल्लेसा ॥७४॥**

गाथार्थः एयाओ એ પૂર્વે જે લેશ્યાઓ દેવોને તથા નારકોને (જુદી જુદી રીતે) કહી તે દ્રવ્યલેશ્યાઓ જાણવી, પરન્તુ ભાવપરાવૃત્તિ વડે તો સર્વ નારકોને તથા સર્વ દેવોને પ્રત્યેકને ૬-૬ લેશ્યાઓ હોય છે. ॥૭૪॥

व्याख्यार्थः દેવોને તથા નારકોને एयाओ = એ પૂર્વે જે યથાસંભવ લેશ્યાઓ કહી, તે તો દ્રવ્યલેશ્યાઓ જ જાણવી, અર્થાત્ તે તો દ્રવ્યલેશ્યા જ છે. પરન્તુ भावस्स = લેશ્યાદ્રવ્યોના આલંબનવાળા ચિત્તના અધ્યવસાયની परित्तीए = પરાવર્તનાથી નારકોને તથા દેવોને સર્વને પ્રત્યેકને છ એ લેશ્યાઓ હોય છે, એમ જાણવું.

અહીં તાત્પર્ય આ છે કે - लेश्या શબ્દની વ્યાખ્યા કરતાં 'શુભ કે અશુભ પરિણતિ વિશેષ તે લેશ્યા' એમ કહેલું છે. અને તે પરિણામવિશેષને ઉત્પન્ન કરનાર એવાં અને સર્વ કર્મોના નિસ્યંદરૂપ એવાં દ્રવ્યો પ્રાણીઓની પાસે હમેશાં છે, એ વાત પણ પૂર્વે કહેવાઈ જ ગઈ છે. ત્યાં कृष्णलेश्या રૂપ પરિણામને ઉત્પન્ન કરનાર દ્રવ્યો વર્ણથી અંજનરાશિ (કાજળના સમૂહ) સરખા કૃષ્ણ વર્ણવાળાં છે. ગંધથી મરેલા પશુ આદિકના મડદાના કલેવરના અશુભ ગંધથી પણ અનંતગુણ અશુભ ગંધવાળાં છે. રસથી = કડવી તુંબડી - લીંબડો અને રોહિણીના રસથી પણ અનંતગુણ કડવા રસવાળાં છે. સ્પર્શથી કરવતના સ્પર્શથી પણ અનન્તુગણ કર્કશ સ્પર્શવાળાં છે. ॥ इति कृष्णलेश्याद्रव्यस्य वर्णादयः ॥

नीललेश्यानां દ્રવ્યો કે જે નીલ લેશ્યાનો પરિણામ ઉત્પન્ન કરનાર છે, તે વર્ણથી ચાસ પક્ષીનાં પીંછાં તથા વૈડૂર્યરત્ન તેના સરખા વર્ણવાળાં છે. ગંધથી કૃષ્ણલેશ્યાના દ્રવ્ય સરખાં છે, પરન્તુ તેથી કંઈક શુભ ગંધ જાણવો. રસથી ત્રિકટુ તથા ગજપીપરના રસથી પણ અનન્તગુણ તીખા રસવાળાં, અને સ્પર્શથી ગાયની જીભના સ્પર્શથી પણ અનન્તગુણ કર્કશ સ્પર્શવાળાં છે. ॥ इति नीललेश्याद्रव्यस्य वर्णादय : ॥

कापोतलेश्या-રૂપ પરિણામ ઉત્પન્ન કરનાર દ્રવ્યો વર્ણથી તિલકંટક વૃક્ષ, કોયલનું શરીર તથા પારેવાની ગ્રીવા એ ત્રણના વર્ણ સરખા વર્ણવાળાં, ગંધથી નીલલેશ્યા સરખા ગંધવાળાં, પરન્તુ તેથી આ દ્રવ્યો કંઈક અધિક શુભ ગંધવાળાં જાણવાં; રસથી અતિ ન્હાનું આમ્રફળ (મરવો), તુવર, અને કવિઠ (કોઠું) એ ત્રણેના રસથી પણ અનંતગુણ અશુભ રસવાળાં; અને સ્પર્શથી સાગવૃક્ષના પત્રના સ્પર્શથી પણ અનન્તગુણ કર્કશ સ્પર્શવાળાં છે ॥ इति कापोतलेश्याद्रव्यस्य वर्णादयः ॥

तेजोलेश्याરૂપ પરિણામને ઉત્પન્ન કરનારાં દ્રવ્યો વર્ણથી હિંગલોક-પ્રવાલ- સૂર્ય-પોપટની ચાંચ અને દીપકની શિખા સરખા વર્ણવાળાં છે; ગંધથી સુગંધી પુષ્પ અથવા મૃધમાન (= મસળાતા) ગન્ધદ્રવ્ય સરખા સુરભિગંધયુક્ત છે; રસથી પરિપક્વ આમ્રફળ તથા પરિપક્વ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કવિઠના રસથી પણ અનન્તગુણ શુભ રસવાળાં છે; અને સ્પર્શથી બુરાં, માખણ તથા શિરીષપુષ્પના સ્પર્શથી પણ અનન્તગુણ કોમળ સ્પર્શવાળાં છે. ।। इति तेजोलेश्याद्रव्यस्य वर्णादयः।।

पद्मलेश्याરૂપ પરિણામ ઉત્પન્ન કરનાર દ્રવ્યો વર્ણથી દળેલી હરતાલ તથા શણના પુષ્પ સરખા વર્ણવાળાં છે; ગંધથી તેજોલેશ્યા તુલ્ય ગંધવાળાં છે, પરન્તુ તેજોલેશ્યાના ગંધથી અધિક શુભ ગંધવાળાં જાણવાં. રસથી સંસ્કાર કરાયેલી દ્રાક્ષથી તથા સ[1]રકાથી પણ અનન્તગુણ શુભ રસવાળાં છે, અને સ્પર્શથી તેજોલેશ્યાના દ્રવ્યના સ્પર્શ સરખાં પરન્તુ તેથી અધિક કોમળ સ્પર્શવાળાં જાણવાં. ।। इति पद्मलेश्याद्रव्यस्य वर्णादयः ।।

शुक्ललेश्याરૂપ પરિણામ - હેતુભૂત દ્રવ્યો વર્ણથી શંખ-કુન્દપુષ્પ-દુગ્ધ અને મોતીના હાર સરખા ઉજ્જવલ વર્ણવાળાં છે; ગન્ધથી તેજોલેશ્યા તુલ્ય, પરન્તુ તેથી ઘણો જ શુભ ગન્ધ છે એમ જાણવું. રસથી ખજૂર-દ્રાક્ષ-દુગ્ધ અને સાકરથી પણ અનન્તગુણ શુભ રસવાળાં છે, અને સ્પર્શથી તેજોલેશ્યાતુલ્ય, પરન્તુ તેથી અતિઘણો કોમળ સ્પર્શ અહીં કહેવો. ।। इति शुक्ललेश्याद्रव्यस्य वर्णादयः ।।

એ પ્રમાણે હોવાથી એ કૃષ્ણાદિક દ્રવ્યો વડે જીવના જે પરિણામવિશેષો (પરિણામના ભેદ) ઉત્પન્ન થાય છે, તે (પરિણામો) જ મુખ્યવૃત્તિએ અહીં લેશ્યાશબ્દ વડે કહ્યા છે, અને ગૌણવૃત્તિએ તો કારણને વિષે કાર્યોપચારરૂપ લક્ષણા વડે (એટલે કારણમાં કાર્યનો આરોપ ગણીને) એ કૃષ્ણાદિક દ્રવ્યો પણ લેશ્યા શબ્દથી વ્યપદેશવાળાં થાય છે. અને તેથી કૃષ્ણાદિ દ્રવ્યો દ્રવ્યરૂપ લેશ્યા એટલે દ્રવ્યલેશ્યા ગણાય છે, અને તે કારણથી ભવનપતિ તથા વ્યન્તર દેવોને કૃષ્ણ-નીલ-કાપોત-તૈજસ્રૂપ જે ૪ લેશ્યાઓ કહી છે, તે ચાર દ્રવ્યલેશ્યા જ જાણવી. તેનો ભાવાર્થ આ પ્રમાણે :

કોઈક દેવને જન્મથી પ્રારંભીને પર્યન્ત સુધી (ચ્યવન સુધી) કૃષ્ણલેશ્યાદ્રવ્યો જ ઉદયપ્રાપ્ત હોય છે, કોઈકને નીલલેશ્યાદ્રવ્યો જ, કોઈકને કાપોતલેશ્યાનાં દ્રવ્યો જ; અને કોઈક દેવને જન્મથી પ્રારંભીને ચ્યવન પર્યન્ત તેજોલેશ્યાનાં જ દ્રવ્યો ઉદયપ્રાપ્ત હોય છે. પરન્તુ એ દેવોમાંના કોઈપણ દેવને પદ્મલેશ્યાનાં તથા શુક્લલેશ્યાનાં દ્રવ્ય અ[2]વસ્થિત ઉદયવાળાં હોય એમ નહિ. એ પ્રમાણે શેષ દેવોમાં તથા નારકોમાં પૂર્વે જેને જે લેશ્યા કહી છે, તે તેની દ્રવ્યલેશ્યા જાણવી. અર્થાત્ તે તે દેવને અને તે તે નારકને તે તે લેશ્યાદ્રવ્યો હંમેશા અ[3]વસ્થિત ઉદયવાળાં હોય છે, એ ભાવાર્થ છે. અને ભાવની અપેક્ષાએ વિચારીએ તો સર્વ દેવોને તથા સર્વ નારકોને છએ લેશ્યાઓ હોય છે.

प्रश्नः- ભાવ તે દ્રવ્યલેશ્યાથી જ ઉત્પન્ન થયેલો કહ્યો છે, માટે જો તે દેવ- નારકોને ૬ પ્રકારનાં લેશ્યાદ્રવ્યો ન સંભવે તો દ્રવ્યલેશ્યાથી ઉત્પન્ન થતી ૬ પ્રકારની ભાવલેશ્યા પણ કેવી રીતે સંભવે ? જો કારણ વિના કાર્ય થાય તો તેવા કાર્યને નિર્હેતુકપણાનો પ્રસંગ આવે છે, (એટલે કાર્યની ઉત્પત્તિ કારણ વિના જ થયેલી ગણાય છે), માટે ૬ દ્રવ્યલેશ્યા નહિ, તો ૬ ભાવલેશ્યા પણ કેવી રીતે હોય ?

---

૧. દ્રાક્ષ - શેલડી ઇત્યાદિ મધુર રસવાળી ચીજોનો ખાટો થઈ ગયેલો રસ તે सरको કહેવાય.
૨-૩. જન્મથી પ્રારંભીને ચ્યવન પર્યન્ત ઉદય તે અહીં ચાલુ પ્રકરણમાં અવસ્થિત ઉદય જાણવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उत्तरः- જો કે એ વાતં (પ્રશ્ન) સત્ય છે, તો પણ ઉદયના અવસ્થિતપણાની અપેક્ષાએ (લેશ્યાના અવસ્થિત ઉદય આશ્રયિ) જેને જે લેશ્યાદ્રવ્યો કહ્યાં છે, તેને તે જ લેશ્યાદ્રવ્યો હોય છે, અને કદાચિત્ ઉદય (કોઈ વખતના ઉદય)ને આશ્રયિ તો તેને ઉદયમાં કહેલાં લેશ્યાદ્રવ્યોથી બીજાં લેશ્યાદ્રવ્યો પણ હોય છે જ. તે આ પ્રમાણે :

સાતમી નરકપૃથ્વીમાં કૃષ્ણલેશ્યાનાં દ્રવ્ય જ જો કે હંમેશા અવસ્થિત ઉદયવાળાં છે, તો પણ કોઈ વખત સમ્યક્ત્વલાભ વિગેરેના પ્રસંગે તૈજસ્ આદિ લેશ્યાદ્રવ્યો પણ ઉદયમાં આવે છે, અને તેથી તે સમ્યક્ત્વાદિ ભાવ પામે છે. અને એ વાત અવશ્ય અંગીકાર કરવી જોઈએ. નહિતર સિધ્ધાન્તમાં તેઓને જે સમ્યક્ત્વ લાભ કહ્યો છે, તે ન પ્રાપ્ત થાય. કારણ કે અશુભલેશ્યા પરિણામમાં તે સમ્યક્ત્વનો લાભ થતો જ નથી.

प्रश्नः- જો એ પ્રમાણે હોય તો (તેનો અર્થ એ કે) અવસ્થિત લેશ્યાદ્રવ્યો અને આગન્તુક લેશ્યાદ્રવ્યો એ બેથી ઉત્પન્ન થયેલા બે પ્રકારના પરિણામનો સદ્ભાવ એકી સાથે સમકાળે સંભવે. જ્યારે સિદ્ધાન્તમાં તો પરસ્પરવિરુધ્ધ પરિણામનો સદ્ભાવ એક કાળમાં (સમકાળે) અંગીકાર કર્યો નથી. હા, યુક્તિ વડે વિચારતાં તો એ બે વિરુધ્ધ પરિણામનો સદ્ભાવ સમકાળે સંભવે છે. (પણ સિધ્ધાંતમાં તો ના કહી છે. તેનું શું ?).

उत्तरः- તમારી વાત ખરી છે. પરન્તુ જે આગન્તુક લેશ્યાદ્રવ્યો કદાચિત્ ઉદયમાં આવે છે, તે આગન્તુક દ્રવ્યો વડે તે અવસ્થિત લેશ્યાદ્રવ્યો એવાં પ્રતિહત સામર્થ્યવાળાં (સામર્થ્ય વિનાનાં) થઈ જાય છે કે જેથી પોતાને ઉત્પન્ન કરવા યોગ્ય પરિણામ ઉત્પન્ન કરી શકતાં નથી. તે કારણથી આગન્તુક લેશ્યાદ્રવ્યોના ઉદય વખતે તે આગન્તુક દ્રવ્યોથી ઉત્પન્ન થયેલો એક જ પરિણામ હોય છે. તો સમકાળે બે પરિણામનો સદ્ભાવ ક્યાંથી હોય ?

प्रश्नः- જો એ પ્રમાણે હોય તો નારક-દેવોને જે અવસ્થિત કૃષ્ણલેશ્યા કહી છે, તેમાં વિરોધ આવશે. કારણ કે આગંતુક લેશ્યાદ્રવ્યોના ઉદય સમયે તેનો પ્રતિઘાત થાય છે, માટે (તે અવસ્થિત નહિ રહે). उत्तर : ના, એ વાત એ પ્રમાણે નથી; કારણ કે આગન્તુક લેશ્યાદ્રવ્યોના ઉદયકાળે અવસ્થિત લેશ્યાદ્રવ્યો તેના (આગંતુક-દ્રવ્યના) આકારમાત્રને જ પામે છે, પરન્તુ પોતાનું સ્વરૂપ સર્વથા છોડી દઈને અન્ય સ્વરૂપને પ્રાપ્ત થતાં નથી, કે જેથી પોતાના અવસ્થિત ઉદયમાં વિરોધ આવે. તે સંબંધ श्रीप्रज्ञापनाजीમાં કહ્યો છે. તે આ પ્રમાણે -

'તે નિશ્ચય હે ભગવંત ! કૃષ્ણલેશ્યા નીલલેશ્યાનો સંબંધ પામીને તેના વર્ણપણે, તેના ગંધપણે, તેના રસપણે અને તેના સ્પર્શપણે વારંવાર ન પરિણમે ? उत्तरः- હા ગૌતમ ! કૃષ્ણલેશ્યા નીલલેશ્યાનો સંબંધ પામીને તેના વર્ણપણે, તેના ગંધપણે, તેના રસપણે અને તેના (નીલલેશ્યાના) સ્પર્શપણે વારંવાર ન પરિણમે.'

इत्यादि અભ્યુપગમથી (અનુસરણથી) સર્વ[૧] પ્રત્યે આલાપક કહેવો, તે યાવત્ પર્યન્તે भुज्जो भुज्जो परिणमइ ? એ પાઠ આવે, (જેથી તાત્પર્ય એ આવે કે-) હે ગૌતમ ! જેમ તું

૧. સર્વ એટલે વર્ણ - ગંધ - રસ અને સ્પર્શ એ ચારેના સંબંધમાં ઉત્તરનો આલાપક કહેવો. ઉપલક્ષણથી કાપોત આદિ લેશ્યાના સંબંધમાં પણ એજ સ્વરૂપવાળા આલાપક હોય છે.

Jain Education International
For Private & Personal Use Only

www.jainelibrary.org

પ્રતિપાદન કરે છે (કહે છે) તેમ જ છે કે અવસ્થિત ઉદયવાળી કૃષ્ણલેશ્યા આગન્તુક નીલલેશ્યા - દ્રવ્યોના ઉદય વડે તેના વર્ણ-ગંધ-રસ-સ્પર્શપણે પરિણમતી નથી. એ પ્રમાણે ભગવંતે ઉત્તર આપ્યે છતે શ્રી ગૌતમસ્વામીએ પુનઃ પ્રશ્ન કર્યો કેઃ

'તે કયા કારણથી હે ભગવંત ! એમ કહી શકાય કે - કૃષ્ણલેશ્યા નીલલેશ્યાનો સંબંધ પામીને તેના રૂપપણે યાવત્ તેના સ્પર્શપણે ન પરિણમે ?'

અહીં ભગવંતે કારણ આ પ્રમાણે કહ્યું છે કે - आगारभावमायाए वा सिया, परिभाग - मायाए वा से सिया, किन्हलेसाएणं सा नो खलु नीललेसा तत्थ गया ओस्सक्कइत्ति।આ પાઠના અર્થમાં (आगार) आकार એટલે આગન્તુક નીલ વિગેરે લેશ્યાદ્રવ્યોનો આભાસ, અર્થાત્ બહુ નજીકમાં નહિ (પણ કિંચિત્ દૂર પાસે) રહેલા જાસુદ વિગેરેનાં પુષ્પ આદિ વસ્તુઓનું પ્રતિબિંબ જેમ દર્પણમાં (આરીસામાં) પડ્યું હોય તે પ્રતિબિંબ તે આકારમાત્ર કહેવાય, અને તે આકાર એજ ભાવ એટલે પદાર્થ તે आकारभाव, અને તે આકારભાવ જ માત્ર - ફક્ત તે आकारभावमात्र, અને તે આકારભાવમાત્ર વડે જ તે અવસ્થિત-કૃષ્ણલેશ્યા આગન્તુક નીલલેશ્યારૂપ થાય છે, પરન્તુ (પોતાનું સ્વરૂપ સર્વથા છોડીને) સર્વથા નીલલેશ્યારૂપ થતી નથી, એ ભાવાર્થ છે. તથા પ્રતિરૂપ ભાગ તે प्रतिभाग એટલે પ્રતિબિંબ એ ભાવાર્થ છે. તે (પ્રતિબિંબ)ને વિષે જ જાસુદ પુષ્પ વિગેરે વસ્તુઓ નિકટવર્તી છતે દર્પણમાં સંક્રમેલા તે પ્રતિબિંબની પેઠે. તથા કેવળ પ્રતિભાગ તે પ્રતિભાગમાત્ર કહેવાય, તે પ્રતિભાગમાત્ર વડે જ (આગન્તુક લેશ્યાના સંબંધથી) તે કૃષ્ણલેશ્યા જે અવસ્થિત છે તે અવસ્થિત લેશ્યા નીલ આદિ આગન્તુક લેશ્યાના સ્વરૂપવાળી થાય છે, પરન્તુ સર્વથા તત્સ્વરૂપ થતી નથી, એ ભાવાર્થ છે. અહીં તાત્પર્ય એ છે કે -

આગન્તુક લેશ્યાનો ઉદય પ્રથમ મંદતર (અતિમન્દ) હોય ત્યારે અવસ્થિત લેશ્યા તેના આકારભાવમાત્રને જ પામે છે, અને ત્યારબાદ તે આગન્તુક લેશ્યાનો ઉદય પ્રકૃષ્ટ (અધિક) થાય ત્યારે ઇતર લેશ્યા (અવસ્થિત લેશ્યા) તેના પ્રતિબિંબમાત્રપણાને જ પામે છે, અર્થાત્ અધિક પ્રકૃષ્ટ ઉદય (આગંતુક લેશ્યાનો) થાય ત્યારે તે અવસ્થિત લેશ્યા તેના વિશેષ આકારને પામે છે અર્થાત્ (વિશેષ) તદાકાર થાય છે, પરન્તુ સર્વથા પોતાનું સ્વરૂપ છોડી દઈને તદ્રૂપતા (આગન્તુકલેશ્યાસ્વરૂપતા) પામતી નથી. તે કારણથી (સમ્યક્ત્વપ્રાપ્તિ વખતે સાતમી પૃથ્વીના નારકોને આગન્તુક તેજોલેશ્યા હોવા છતાં) સ્વરૂપથી તો તે કૃષ્ણલેશ્યા જ છે, પરન્તુ નીલલેશ્યા નહિ; માત્ર એટલું જ કે તે અવસ્થિત લેશ્યા ત્યાં રહી છતી જ ખસી જાય છે, એટલે ત્યાં જ પોતાના સ્વરૂપમાં રહેલી અવસ્થિત લેશ્યા બીજી નીલ આદિ લેશ્યાઓ પામીને ખસી જાય છે. અર્થાત્ કહેવાનો ભાવાર્થ એ છે કે - આગન્તુક શુભ લેશ્યાના સંબંધથી તે અવસ્થિત અશુભ લેશ્યા કિંચિત્ શુભ તદાકારમાત્રને અથવા તેના પ્રતિબિંબમાત્રને પામે છે.

આ પ્રમાણે કૃષ્ણલેશ્યાની સાથે કાપોતલેશ્યા વિગેરેના પણ આલાપક (નીલલેશ્યાવત્)


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહેવા. તે આ પ્રમાણે - से नूणं भंते, किन्हलेसा काऊलेसं पप्प ઈ[1]ત્યાદિ. તથા तेउलेसं पम्हलेसं सुक्कलेसं पप्प એ રીતે (પાંચ આલાપક) અવસ્થિત કૃષ્ણલેશ્યાના ઉદય આશ્રયિ કહ્યા. પરંતુ જ્યારે અવસ્થિત ઉદયવાળી નીલલેશ્યા હોય ત્યારે તેની નીચેની કૃષ્ણલેશ્યાસહિત તેમજ ઉપરની કાપોતલેશ્યા અને તેજોલેશ્યા વિગેરે સહિત (પાંચ) આલાપક કહેવા. તે આ પ્રમાણે - से नूणं भंते, नीललेसा कन्हलेसं पप्प ઇત્યાદિ. તથા नीललेसा काऊलेसं तेउलेसं पम्हलेसं सुक्कलेसं पप्प ઇત્યાદિ. પરન્તુ વિશેષ એજ કે કૃષ્ણલેશ્યાવાળા આલાપકમાં 'तत्र गता नीललेश्याऽवसर्पति- એટલે ત્યાં રહેલી નીલલેશ્યા ખસી જાય છે' એમ કહેવું. કારણ કે આગન્તુક કૃષ્ણલેશ્યાના ઉદયમાં અવસ્થિત નીલલેશ્યાનું જ ખસવું ઘટી શકે છે. એ પ્રમાણે જે રીતે નીલલેશ્યાની મુખ્યતાએ નીચેની ૧ અને ઉપરની ૪ લેશ્યાઓ સાથે નીલલેશ્યાના (પાંચ) આલાપક ઉત્પન્ન કર્યા તે જ રીતે કાપોતલેશ્યા આદિ ચાર લેશ્યાઓના પણ પ્રત્યેકના ઉપર-નીચેની લેશ્યાઓ સાથે આલાપક (પાંચ પાંચ) ઉત્પન્ન કરવા. અને સ[2]ર્વ આલાપકોમાં નીચેની લેશ્યાવાળા આલાપકમાં ओसक्कइ (अवसर्पति) અને ઉપરની લેશ્યાઓવાળા આલાપકોમાં સર્વત્ર उस्सक्कइ (उत्सर्पति) પાઠ કહેવો. એ પ્રમાણે યાવત્ શુક્લલેશ્યા પદ્મલેશ્યાને પામીને ओसक्कइ-अवसर्पति એ પાઠ સુધી કહેવું. અહીં શુક્લલેશ્યા સંબંધિ આલાવામાં પાંચેમાં अवसर्पति પાઠ આવે, પરન્તુ તેની ઉપરની લેશ્યાઓ ન હોવાથી उत्सर्पति પાઠ આવે નહિ. એ પ્રમાણે પ્રસંગોપાત્તથી કરેલા એ વર્ણનમાં વધુ લંબાણથી હવે સર્યું ! સાર એ છે કે આથી આગન્તુક લેશ્યાનો ઉદય થયે અવસ્થિત લેશ્યાનો ઉદય પણ વિરોધવાળો નથી. કારણ કે પૂર્વે કહેલી રીતે તેનો સર્વથા પ્રતિઘાત થવાનું નિષેધ કરેલું હોવાથી અવસ્થિત લેશ્યા આગન્તુક લેશ્યાના ઉદયે સર્વથા નાશ પામતી નથી એ વાત સિદ્ધ થઈ. અને એ પ્રમાણે નારક-દેવોને જેને જે દ્રવ્ય લેશ્યા કહી છે, તેને તે જ લેશ્યા હમેશાં હોય છે. અને ભાવલેશ્યા તો સર્વ જીવોને સર્વે હોય છે, એ વાતનું નિરૂપણ પણ આ ચાલુ વાતથી જ સિદ્ધ થયું જાણવું. અને તે થયું એટલે સાતમી પૃથ્વીના નારકોને સમ્યક્ત્વ આદિ લાભના વખતે તેજોલેશ્યા વિગેરે (ત્રણે) શુભ લેશ્યાનો સંભવ હોય છે, અને સંગમક દેવ વિગેરે દેવોને (મહાસંક્લિષ્ટ દેવોને) પણ શ્રી મહાવીરસ્વામીને ઉપસર્ગ કરવા વિગેરેના સમયે કૃ[3]ષ્ણાદિ અશુભ લેશ્યાનો સદ્ભાવ હોય,

---

૧. અહીં કૃષ્ણલેશ્યાનો કાપોતલેશ્યાની સાથેનો સંપૂર્ણ આલાપક નીલલેશ્યા સાથે કહેવાઈ ગયેલાં પ્રશ્નના અને ઉત્તરના બન્ને આલાપકતુલ્ય જાણવો, અને જે તફાવત છે તે વૃત્તિકાર પોતે જ દર્શાવશે. (તફાવત उस्सक्कइ અને ओसक्कइ એ બે શબ્દનો છે).

૨. દરેક લેશ્યાના પાંચ પાંચ આલાપક થવાથી સર્વ મળી (૬ × ૫ =) ૩૦ આલાપક થાય, તેમાં કૃષ્ણલેશ્યાના પાંચે આલાપકમાં उस्सक्कइ, મધ્ય ચાર લેશ્યાઓના આલાપકમાં उस्सक्कइ અને ओसक्कइ, અને છેલ્લી લેશ્યાના આલાપકમાં કેવળ ओसक्कइ પાઠ આવે.

૩. સંગમકદેવ તે સૌધર્મ કલ્પનો સામાનિક દેવ છે, અને સૌધર્મ કલ્પમાં સર્વને દ્રવ્યથી તેજોલેશ્યા જ હોય છે, માટે સંગમકદેવને પણ અવસ્થિત લેશ્યા જો કે તેજોલેશ્યા (શુભ લેશ્યા) છે, તો પણ શ્રી મહાવીર પ્રભુને ઉપસર્ગ કરતી વખતે ભાવથી કૃષ્ણલેશ્યા જ ઘટે છે, કારણ કે કૃષ્ણલેશ્યા જેવા દુષ્ટ પરિણામ વિના એવા મહાઉપસર્ગ કરી શકાય નહિ. - એ તાત્પર્ય છે. એ પ્રમાણે એ બીજું દૃષ્ટાંત શુભલેશ્યાવાળા દેવને પણ અશુભ ભાવલેશ્યા સંબંધિ કહ્યું.

Jain Education International

For Private & Personal Use Only
www.jainelibrary.org

એ પણ નિર્વિવાદ ઘટે છે જ. એ ગાથાનો અર્થ સમાપ્ત થયો, અને પ્રસંગોપાત્ત લેશ્યાદ્વાર પણ સમાપ્ત થયું. ।। इति लेश्याद्वारं समाप्तम् ।।

## ।। ભવ્ય દ્વાર ।।

હવે ભવ્ય - અભવ્યદ્વાર કહેવાય છે. ત્યાં જે જીવો ભવિષ્યમાં મોક્ષપર્યાયવાળા થશે, (એટલે મોક્ષમાં જશે તે ભવ્ય કહેવાય), અર્થાત્ જે જીવ વર્તમાન કાળમાં હજી સુધી મોક્ષ પામ્યો નથી, પરન્તુ આગામી કાળમાં (ભવિષ્યકાળમાં) નિશ્ચયથી મોક્ષ પામશે તે ભવ્ય. અને એ લક્ષણથી વિપરીત લક્ષણવાળા જીવો તે अभव्य जीव કહેવાય. એ કારણથી જ ભવ્ય જીવો भवसिद्धिक જીવો પણ કહેવાય છે. ત્યાં भवा એટલે ભાવી કાળમાં થનારી છે સિધ્ધિ જેઓની તે भवसिद्धिक એવી વ્યુત્પત્તિ હોવાથી. અને તેથી વિપરીત તે अभवसिद्धिक જીવ કહેવાય. વળી ભવ્ય જીવોનું તે ભવ્યપણું અનાદિકાળથી સ્વભાવ સિદ્ધ છે, અને શાશ્વત જ છે. પરન્તુ કોઈ અન્ય સામગ્રી વડે (કોઈપણ પ્રકારના હેતુથી - નિમિત્તથી) તે ભવ્યત્વ પ[1]શ્ચાત્ થાય છે, અથવા ચાલ્યું જાય છે તેમ નથી. એ પ્રમાણે અભવ્યોનું અભવ્યત્વ પણ (અનાદિકાળથી સ્વભાવસિદ્ધ છે, અને તે કોઈપણ હેતુ પામીને પશ્ચાત્ થતું નથી અથવા ચાલ્યું જતું નથી એમ) જાણવું. એ ભવ્ય અને અભવ્ય એ બે જીવભેદ વડે સંસારના સર્વ જીવોનો સંગ્રહ થયો જાણવો. (અર્થાત્ એ બે ભેદમાં સર્વે સં[2]સારી જીવો ગણાઈ ગયા જાણવા). તેમાં અભવ્ય જીવ અલ્પ છે, અને ભવ્ય જીવો તેથી અનંતગુણ જાણવા. કારણ કે સિધ્ધાન્તોમાં અભવ્ય જીવો સર્વ સિદ્ધથી અનન્તમા ભાગ જેટલા કહ્યા છે, અને ત્યાં જ (સિદ્ધાન્તમાં જ) ભવ્ય જીવોને સર્વ સિદ્ધથી અનન્તગુણ કહ્યા છે. (જેથી અભવ્યથી ભવ્ય જીવો અનન્તગુણ સહેજે સમજી શકાય છે).

प्रश्नः- જો ભવ્યત્વ અને અભવ્યત્વ એ બન્ને ભાવને અનાદિકાળથી સ્વભાવસિદ્ધ સ્વીકારીએ, તો એ ભવ્યત્વાભવ્યત્વ શું પ્રત્યક્ષ પ્રમાણથી જણાય છે કે અનુમાન પ્રમાણથી જણાય છે ? તે કહેવું જોઈએ.

उत्तरः- કેવલિભગવંતોને એ સ્વભાવસિદ્ધતા પ્રત્યક્ષ જાણી શકાય છે, અને વ્યવહારી જીવોને (છદ્મસ્થોને) અનુમાન પ્રમાણથી જાણી શકાય છે.

प्रश्नः- અનુમાન પ્રમાણ તો કોઈપણ પ્રકારના લિંગથી - ચિહ્નથી પ્રવર્તે છે, તો આ અનુમાનમાં એવું કયું લિંગ છે કે જે લિંગ વડે છદ્મસ્થ જીવો ભવ્યત્વ (અથવા અભવ્યત્વ) આદિ જાણી શકે ?

उत्तरः- જે જીવ સંસારનો પ્રતિપક્ષભૂત એવો મોક્ષ છે એમ સ્વીકારે છે, અને મોક્ષની પ્રાપ્તિનો અભિલાષ સ્પૃહાસહિત ધારણ કરે છે, તેમજ 'હું શું ભવ્ય હોઈશ કે અભવ્ય હોઈશ ? (હું ભવ્ય છું કે અભવ્ય ?). જો હું ભવ્ય હોઉં તો સારૂં, અને જો અભવ્ય હોઉં તો મને

૧. ભવ્યત્વ અથવા અભવ્યત્વ જે અનાદિકાળથી છે તે ચાલ્યું જાય અને ફરીથી પ્રાપ્ત થાય નહિ તો पश्चात्कृत કહેવાય, અને વારંવાર આવે અને પુનઃ ચાલ્યું જાય તે अपगच्छति = ચાલ્યું જાય કહેવાય.

૨. ભવ્યત્વ અને અભવ્યત્વમાં સિદ્ધોનો સંગ્રહ થાય નહિ, કારણ કે સિદ્ધજીવો ન ભવ્ય ન અભવ્ય કહ્યા છે, માટે અહીં કેવળ સંસારી જીવોનો જ સંગ્રહ કર્યો છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધિક્કાર છે,' એવી ચિંતા કોઈ વખત પણ કરે, તો તેવો જીવ એ અને બીજા પ્રકારનાં પણ ચિહ્નો વડે ભવ્ય છે એમ જણાય છે. અને જે જીવને કોઈપણ કાળે એવા પ્રકારની ચિંતા ઉત્પન્ન થઈ નથી, થતી નથી, અને થવાની પણ નથી, તે જીવ અભવ્ય જણાય છે, એમ વૃદ્ધ પુરુષો કહે છે. જે કારણથી આચારટીકામાં કહ્યું છે કે - अभव्यस्य हि भव्याभव्यशङ्काया अभावात् ઇત્યાદિ. (અભવ્યને ભવ્ય છું કે અભવ્ય ? એ શંકાનો અભાવ હોવાથી - ઇત્યાદિ.) એ પ્રમાણે સંક્ષેપથી ભવ્ય અને અભવ્યનું સ્વરૂપ કહ્યું. અને હવે મૂળગ્રંથકર્તા પોતે જ તે ભવ્યમાં અને અભવ્યમાં ગુણસ્થાનરૂપ જીવસમાસોને (જીવભેદોને) અવતારવાને - નિરૂપણ કરવાને (આગળની) ગાથા કહે છે. ઈતિ ૭૪મી ગાથાનો ટીકાર્થઃ ॥૭૪॥

**मिच्छद्दिट्ठि अभव्वा, भवसिद्धीया य सव्वठाणेसु ।**
**सिद्धा नेव अभव्वा, नवि भव्वा हुंति नायव्वा ॥७५॥**

ગાથાર્થઃ અભવ્યો મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનવાળા (ગુણસ્થાનમાં) જ હોય છે, અને ભવ્ય જીવો સર્વ ગુણસ્થાનોમાં હોય છે. તથા સિદ્ધના જીવ તો અભવ્ય પણ નહિ તેમ ભવ્ય પણ ન હોય એમ જાણવું ॥ ૭૫ ॥

ટીકાર્થઃ અભવ્ય જીવો સર્વદા મિથ્યાદૃષ્ટિ જ હોય છે, અને સાસ્વાદન આદિ ગુણસ્થાનો તેઓને કદી પણ પ્રાપ્ત થતાં નથી. તે સાસ્વાદનાદિ ગુણસ્થાનો તો કેવળ ભવ્યને વિષે જ પ્રાપ્ત થાય છે. તથા ભવસિદ્ધિક એટલે ભવ્ય જીવો તો મિથ્યાદૃષ્ટિ આદિ સર્વ ગુણસ્થાનકોમાં હોય છે. અર્થાત્ મિથ્યાદૃષ્ટિથી પ્રારંભીને અયોગી કેવલી સુધીનાં સર્વે-ચૌદે ગુણસ્થાનો ભવ્ય જીવોને વિષે પ્રાપ્ત હોય છે. કારણ કે તીર્થંકર વિગેરે જીવોને પણ અનાદિકાળમાં પહેલું મિથ્યાદૃષ્ટિ વિગેરે ગુણસ્થાન હતું.

તથા સિદ્ધ પરમાત્માઓ એટલે ક્ષય પામ્યા છે સર્વે કર્મો જેના એવા જીવો અભવ્ય તો હોય જ નહિ; તેમજ મોક્ષપર્યાયનો અનુભવ કરતા હોવાથી તે સિદ્ધો ભવ્ય પણ ગણાય નહિ એમ જાણવું; કારણ કે (જે ભવિષ્યકાળે મુક્તિરૂપ પર્યાયને પામવાના હોય તે ભવ્ય ગણાય, જ્યારે સિદ્ધ આત્માઓને તો) મુક્તિપર્યાયમાં વર્તતાં હોવાથી તેના ભવિષ્યત્પણાનો અભાવ છે માટે. (અર્થાત્, તેમને ભવિષ્યમાં મોક્ષ મળશે એમ નથી, પણ વર્તમાનમાં જ તેઓ મુક્ત છે. તેથી તેમનામાં 'ભવ્ય'ની વ્યાખ્યા પણ નહિ લાગે.) એ ગાથાર્થ કહ્યો. ॥ इति भव्याभव्यद्वारम् ॥

અવતરણઃ એ પ્રમાણે ભવ્યાભવ્યત્વદ્વાર કહ્યું, અને હવે सम्यक्त्वद्वार કહેવાની ઈચ્છાવાળા આચાર્ય પ્રસંગોપાત્ત શિષ્યના ઉપકાર માટે પ્રથમ તો સમ્યક્ત્વલાભમાં વિઘાત કરનાર કર્મોનું નિરૂપણ કરવા માટે આ ગાથા કહે છે :

**मइसुयनाणावरणं, दंसणमोहं च तदुयघाईणि ।**
**तप्फड्डगाइं दुविहाइं, सव्वदेसोवघाईणि ॥७६॥**

ગાથાર્થઃ સમ્યક્ત્વનો ઉપઘાત કરનાર મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ અને દર્શન મોહનીય (મિથ્યાત્વ મોહનીય) એ ૩ કર્મ છે, અને એ કર્મોનાં સ્પર્ધકો (રસસ્પર્ધકો) સર્વઘાતી અને દેશઘાતી એમ બે પ્રકારના છે. ॥૭૬॥

टीकार्थः ગાથામાં तदुवघाईणि શબ્દમાં કહેલા तत् શબ્દથી પ્રસ્તાવ વડે પ્રાપ્ત થયેલું (એટલે ચાલુ દ્વારના સંબંધથી પ્રાપ્ત થયેલું) ચિત્તને વિષે વર્તમાન એટલે ચાલુ પ્રસંગથી ચિત્તમાં કહેવાની ઈચ્છાથી જે પ્રવર્તી રહેલું છે) એવું सम्यक्त्व જ વિચારવું. ત્યાં જીવ આદિ પદાર્થના શ્રદ્ધાનમાં જીવ જેના વડે સમ્યક્ રીતે अञ्चति એટલે શુભાશુભ અધ્યસાય વિશેષ વડે પ્રવર્તે તે सम्यक्त्व કહેવાય. (એ વ્યુત્પત્તિ અર્થ જાણવો). અર્થાત્ સર્વ વસ્તુઓ જેવા સ્વરૂપે રહી છે, તેવા સ્વરૂપે સર્વ વસ્તુની શ્રદ્ધાના વિષયવાળો એવો જીવનો જે શુભપરિણામવિશેષ તે સમ્યક્ત્વ. તે સમ્યક્ત્વને હણવાનો સ્વભાવ છે જેનો એવાં જે કર્મો તે 'તદુપઘાતિ કર્મો' જાણવાં. તે સમ્યક્ત્વોપઘાતક કર્મો કયાં ? તે કહે છે -

મતિ અને શ્રુત તે મતિશ્રુત, એ બન્ને જ્ઞાન; અને તે બેનાં આવરણ તે 'મતિશ્રુતજ્ઞાનાવરણ' કહેવાય. તથા दृश्यते એટલે જે હોતે છતે વસ્તુ સમ્યક્ પ્રકારે પરિછેદાય - જણાય - દેખાય તે दर्शन એટલે સમ્યક્ત્વ કહેવાય. તે જ સમ્યક્ત્વને मोहयति એટલે મૂંઝાવે-આચ્છાદન કરે તે 'દર્શનમોહ' કહેવાય. એ દર્શનમોહ કર્મ સમ્યક્ત્વ-મિશ્ર-મિથ્યાત્વ એ ત્રણ પુંજરૂપ છે. તેથી એ મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ અને દર્શનમોહરૂપ ત્રણ કર્મો સમ્યક્ત્વનાં ઉપઘાતક જાણવાં.

प्रश्नः- મતિજ્ઞાનાવરણ અને શ્રુતજ્ઞાનાવરણ એ બે કર્મ તો મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એ બેનાં ઉપઘાતક છે, તો અહીં સમ્યક્ત્વનાં ઉપઘાતક કેમ કહેવાય ? સમ્યક્ત્વનું ઉપઘાતક કર્મ તો દર્શનમોહનીય જ હોઈ શકે.

उत्तरः- એ વાત સત્ય છે, પરન્તુ જ્યારે જીવ સમ્યક્ત્વ પામે છે. ત્યારે સમ્યક્ત્વ પામવા સાથે તુર્ત જ સમકાળે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પણ અવશ્ય પામે છે. અને તે જીવને જ્યારે સમ્યક્ત્વ ચાલ્યું જાય છે, ત્યારે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પણ અવશ્ય ચાલ્યાં જાય છે. તે કારણથી મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને સમ્યક્ત્વ એ ત્રણેનું સહચારીપણું હોવાથી (એટલે એ ત્રણેનો અવિનાભાવી સંબંધ હોવાથી) એ પ્રમાણે મનાય છે કે - એ ત્રણમાં જે કર્મ એકનું ઉપઘાતક છે, તે કર્મ સ્થૂલ વ્યવહારનયની અપેક્ષાએ બીજાનું પણ ઉપઘાતક કહીએ તો પણ કાંઈ હાનિ નથી. કારણ કે અ[૧]ન્વય - વ્યતિરેકની સર્વત્ર તુલ્યતા છે. અને પરમાર્થથી (વસ્તુતઃ) વિચારતાં તો સમ્યક્ત્વનું ઉપઘાતક દર્શનમોહનીય કર્મ જ છે. હવે એ ચર્ચાથી સર્યું.

તથા કર્મ - પરમાણુઓના સ્કંધરૂપ તે મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ અને દર્શનમોહ એ ત્રણે કર્મનાં फड्डुगाइं = સ્પર્ધકો કે જે રસના સમૂહવિશેષરૂપ છે (અર્થાત્ રસસમૂહરૂપ સ્પર્ધકો છે) તે दुविहाइं = બે પ્રકારનાં છે. તે કેવી રીતે બે પ્રકારનાં છે ? તે કહે છે - सव्वदेसोवघाईणि (સર્વદેશોપઘાતી) = સર્વઘાતી અને દેશઘાતી. ત્યાં પોતાને આવરવા યોગ્ય જ્ઞાનાદિગુણને

---

૧. સમ્યક્ત્વ હોય તો જ્ઞાન હોય અને જ્ઞાન હોય તો સમ્યક્ત્વ પણ અવશ્ય હોય માટે જ્ઞાન અને સમ્યક્ત્વનો એ સંબંધ अन्वयसंबंध કહેવાય. તથા સમ્યક્ત્વ ન હોય તો જ્ઞાન પણ ન હોય, અને જ્ઞાન ન હોય તો સમ્યક્ત્વ પણ ન હોય એ व्यतिरेकसंबंध, અને જે અન્વય-વ્યતિરેક સંબંધવાળું છે તે જ અવિનાભાવી સંબંધવાળું હોય. જેના વિના જે ન હોય તે તેની સાથે અવિનાભાવી સંબંધવાળું ગણાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સર્વને - સર્વથા હણવાનો જેનો સ્વભાવ છે તે રસસ્પર્ધકો સર્વઘાતી કહેવાય. અને જે કર્મ (નો રસ) પોતાને આવરવા યોગ્ય તે જ ગુણને દેશથી (એક અંશે) હણવાના સ્વભાવવાળું હોય તેનાં તે રસસ્પર્ધકો અથવા તે કર્મો દેશઘાતી કહેવાય. (અર્થાત્ આત્મગુણને દેશથી - અલ્પ હણે તે દેશઘાતી).

પ્રશ્નઃ- અહીં પ્રથમ તો સ્પર્ધક એટલે શું કહેવાય? અને એ સ્પર્ધકનો શબ્દાર્થ શું? તે કહો (જેથી રસસ્પર્ધકોનું સ્વરૂપ સમજી શકાય).

ઉત્તરઃ- અહીં પ્રથમ તો જીવ, દરેક કર્મમાં અનન્ત પરમાણુઓ ભેગા મળીને થયેલો એક સ્કંધ, તેવા અનન્ત સ્કંધોને, પ્રતિસમયે, કર્મપણે ગ્રહણ કરે છે. ત્યાં અનન્ત સ્કંધોમાંના એકેક સ્કંધને વિશે જે પરમાણુ સર્વથી જઘન્ય (અલ્પ) રસવાળો છે, તે પરમાણુના તે જઘન્ય રસને પણ શ્રી સર્વજ્ઞની બુદ્ધિરૂપ શસ્ત્ર વડે છેદીએ (તે રસના વિભાગ કલ્પીએ-કરીએ) તો નિશ્ચય સર્વ જીવથી અનન્તગુણ વિભાગ થાય છે. વળી બીજો કોઈ પરમાણુ તે સ્કંધમાં એવો પણ છે કે તેમાંના રસના વિભાગ કરતાં પહેલાં પરમાણુ જેટલા સર્વ જીવથી અનંતગુણ અને તે ઉપરાંત ૧ ભાગ અધિક એટલા વિભાગવાળો છે. વળી ત્રીજો પરમાણુ બે ભાગ અધિક તેટલા રસાવિભાગવાળો છે, અને ત્રીજા કોઈ પરમાણુમાં ત્રણ ભાગ અધિક તેટલા રસાંશ થાય છે. એ પ્રમાણે એકોત્તર વૃદ્ધિએ (એકેક રસાંશ અધિકાધિક વૃદ્ધિએ) ત્યાં સુધી કહેવું કે જ્યાં સુધી કોઈ પરમાણુ મૂળ પરમાણુમાં કહેલા રસાવિભાગોથી અનન્તગુણ રસાવિભાગવાળો હોય. એ પ્રમાણે હોતે છતે વિવક્ષિત એક કર્મસ્કંધને વિશે જેટલા પરમાણુઓ સર્વ જઘન્ય રસવાળા હોય તે (સમાન રસવાળા) સર્વ પરમાણુનો સમુદાય તે સમાન જાતિવાળો હોવાથી पहेली वर्गणा ગણાય. તેથી એક રસાવિભાગ અધિક તેટલા રસાંશવાળા બીજા પરમાણુઓનો સમુદાય તે बीजी वर्गणा. બે રસાવિભાગયુક્ત તેટલા રસાંશવાળા બીજા પરમાણુઓનો સમુદાય તે त्रीजी वर्गणा. ત્રણ રસાવિભાગ અધિક તેટલા રસાંશવાળા બીજા પરમાણુઓનો સમુદાય તે ચોથી वर्गणा. એ પ્રમાણે એ જ પદ્ધતિએ એકેક રસાવિભાગ અધિક પરમાણુઓના સમુદાયરૂપ વર્ગણાઓ સર્વ સિદ્ધથી અનન્તમા ભાગ જેટલી અને અભવ્યથી અનંતગુણી પ્રાપ્ત થાય છે. એ એટલી વર્ગણાઓનો સમુદાય તે એક प्रथम रसस्पर्धक કહેવાય છે. તે સ્પર્ધકનો શબ્દાર્થ આ પ્રમાણે - જેમાં પરમાણુવર્ગણાઓ પોતાની એકોત્તર વૃદ્ધિ વડે જાણે પરસ્પર સ્પર્ધા કરતી હોય તે (વર્ગણાઓ) स्पर्धक. અહીંથી આગળ નિરન્તર એકેક રસાણુ અધિક વડે વધતા રસવાળા પરમાણુઓ પ્રાપ્ત થતા નથી. ત્યારે કેવા પરમાણુઓ પ્રાપ્ત થાય છે? તે કહે છે :- પહેલા સ્પર્ધકની છેલ્લી વર્ગણાના પરમાણુઓમાં રહેલા રસાવિભાગોથી, સર્વ જીવથી અનન્તગુણ રસાવિભાગ વડે અધિક રસવાળા પરમાણુઓ પ્રાપ્ત થાય છે, માટે ત્યાંથી પ્રારંભીને બીજું સ્પર્ધક આરંભાય છે. ત્યાં એ બીજા સ્પર્ધકમાં પણ સર્વ જઘન્ય રસવાળા પરમાણુઓની એક-પહેલી વર્ગણા, તેથી એક રસાવિભાગ અધિક પરમાણુઓની બીજી વર્ગણા, બે રસાવિભાગ અધિક પરમાણુઓની ત્રીજી વર્ગણા, એ પ્રમાણે ત્યાં સુધી કહેવું કે જ્યાં સુધી પૂર્વે કહેલી સંખ્યા જેટલી (પહેલા સ્પર્ધક જેટલી અર્થાત્ સર્વ સિદ્ધથી અનંતમા ભાગ જેટલી અને અભવ્યથી અનન્તગુણ) વર્ગણાઓ થાય. એ વર્ગણાઓનો સમુદાય તે बीजुं रसस्पर्धक.

પુનઃ પણ અહીંથી આગળ એકેક રસાવિભાગ અધિક પરમાણુઓ પ્રાપ્ત થતા નથી, પરન્તુ સર્વ જીવથી અનન્તગુણ અધિક રસવાળા જ પરમાણુઓ પ્રાપ્ત થાય છે, માટે ત્યાંથી પૂર્વે કહેલા ક્રમ પ્રમાણે જ પુનઃ ત્રીજું સ્પર્ધક પ્રારંભવું. પુનઃ એજ પધ્ધતિએ ચોથું સ્પર્ધક, એ પ્રમાણે યાવત્ અનન્ત રસસ્પર્ધકો પ્રાપ્ત થાય છે.

એ રસસ્પર્ધકોમાં રસ બે પ્રકારનો હોય છે. શુભ અને અશુભ રસ. જ્યાં શુભ પ્રકૃતિઓનો રસ તે શુભરસ, અને અશુભ પ્રકૃતિઓનો રસ તે अशुभरस. ત્યાં શુભ રસ ગાયના દૂધ - શેરડીનો રસ વિગેરેના રસ સરખો હોય છે, માટે તે દૂધ સરખા દૃષ્ટાંતથી જ કર્મનો રસ પણ વિચારવો. તે આ પ્રમાણે - જેમ ભેંસ વિગેરેનું દૂધ અને શેલડી વિગેરેનો રસ જે ઉકાળ્યા વિનાનો સ્વાભાવિક હોય તે एकस्थानिक रस એવા નામને યોગ્ય છે. અને એજ સ્વાભાવિક રસમાં પાછળથી પાણીનો અંશ, પાણીનું બિંદુ, અર્ધ ચુલુ પ્રમાણ પાણી, ચુલુક (ચળુ) જેટલું પાણી, પસલી જેટલું પાણી, ખોબા જેટલું પાણી, કરક (માપ વિશેષ) જેટલું પાણી, કુંભ જેટલું પાણી, દ્રોણ જેટલું પાણી, ઈત્યાદિ પ્રમાણનું પાણી પ્રક્ષેપ્યું હોય તો તેના સંબંધથી તે એકસ્થાનિક રસ પણ મન્દ-મન્દતર-મન્દતમ ઈત્યાદિ અનેક ભેદની તરતમતાવાળો થાય છે; તેવી રીતે શુભ પ્રકૃતિઓ સંબંધિ કોઈ તથાપ્રકારનો શુભ રસ (એટલે સ્વાભાવિક શુભ રસ) એકસ્થાનિક કહેવાય છે. તે જ રસ પોતાના કારણભૂત અધ્યવસાયોની વિચિત્રતાથી મંદ-મંદતર ઈત્યાદિ અનેક ભેદવાળો થાય છે. તથા તે જ સ્વાભાવિક રસને ઉકાળીને અર્ધ પ્રમાણનો રાખે ત્યારે તે અધિક મધુર રસ द्विस्थानिक કહેવાય છે. પુનઃ એ જ રસમાં જળનો અંશ, જળનું બિંદુ, અર્ધચુલુક જળ, ખોબો જળ, કરક જળ, કુંભ જળ, અને દ્રોણ જળ ઈત્યાદિ પ્રમાણવાળા જળના સંબંધથી તે द्विस्थानिक રસ પણ મન્દ-મન્દતર ઈત્યાદિ અનેક ભેદવાળો થાય છે. એ પ્રમાણે શુભ પ્રકૃતિનો રસ પણ કોઈક અધિક મધુરતાવાળો તે द्विस्थान કહેવાય છે, અને પોતાના કારણભૂત અધ્યવસાયોની વિચિત્રતાથી મન્દ-મન્દતર ઈત્યાદિ અનેક ભેદવાળો થાય છે. તથા તે જ ક્ષીર અથવા શેલડી આદિના રસને ઉકાળીને બે ભાગ જેટલો બાળીને એક[1] ભાગ જેટલો રાખે તો તેવા પ્રકારની અત્યંત મધુરતાવાળો તે રસ त्रिस्थानरस કહેવાય, અને એ જ રસ પુનઃ જળનો અંશ, બિન્દુ આદિ પ્રક્ષેપવાથી મન્દ-મન્દતર ઈત્યાદિ અનેક ભેદવાળો થાય છે. તે પ્રમાણે શુભ પ્રકૃતિનો પણ તેવા કોઈ પ્રકારનો રસ જે અતિઘણો મધુર હોય છે, તે त्रिस्थानरस કહેવાય છે, અને પોતાના કારણભૂત અધ્યવસાયોની વિચિત્રતાથી એ જ રસ મન્દ-મન્દતરાદિ અનેક વિચિત્રતા પામે છે. તથા તે જ ક્ષીર અથવા શેલડી વિગેરેના રસને ઉકાળીને ત્રણ ભાગ જેટલો બાળી એક[2] ભાગ જેટલો રાખે તો અતિશય ઘણો મધુર એવો તે રસ चतुःस्थानिक રસ કહેવાય, અને એજ ચતુઃસ્થાની રસ જેમ જળનો લવ, બિંદુ, ચુલુ આદિ પ્રક્ષેપવાથી મન્દ-મન્દતર ઈત્યાદિ રીતે જુદા જુદા પ્રકારનો થાય છે, તેમ શુભ પ્રકૃતિનો પણ કોઈ તેવા પ્રકારનો અતિશય ઘણો મધુર રસ તે चतुःस्थानिकरस કહેવાય, અને પોતાના કારણભૂત અધ્યવસાયોની વિચિત્રતાથી એ જ રસ પુનઃ અનેક પ્રકારની વિસદૃશતા (વિચિત્રતા) પામે છે - અનુભવે છે. એ પ્રમાણે શુભ પ્રકૃતિના રસની ભાવના (સ્વરૂપ વિચારણા) કરી. (હવે

૧. અર્થાત ૧/૩ (એક તૃતીયાંશ) રાખે. ૨. અર્થાત્ ૧/૪ (એક ચતુર્થાંશ) એટલે ચોથા ભાગ જેટલો રાખે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અશુભપ્રકૃતિઓના રસનો વિચાર કરાય છે. તે આ પ્રમાણે :-)

અશુભ પ્રકૃતિઓની અશુભરસ કો[1]શાતકી તથા લીંબડા વિગેરેના રસ સરખો હોય છે, માટે એ જ દૃષ્ટાંત દ્વારા અશુભ પ્રકૃતિઓનો એકસ્થાનિકાદિ રસ સમજાવીએ છીએ. તે આ પ્રમાણે : - જેમ પટો[2]લિકા અને લીંબડા વિગેરેના જે સ્વાભાવિક રસ, અર્ધ ઉકાળેલો (બાળેલો) રસ, બે ભાગ બાળેલો રસ (એટલે રસના ૩ ભાગમાંથી બે ભાગ બાળી ૧ ભાગ રાખેલો રસ), તથા ત્રણ ભાગ બાળેલો રસ (એટલે રસના ૪ ભાગ કરી તેમાંથી ત્રણ ભાગ જેટલો બાળીને ૧ ભાગ રાખેલો રસ), તે અનુક્રમે જેમ એકસ્થાનિક-દ્વિસ્થાનિક-ત્રિસ્થાનિક અને ચતુઃસ્થાનિક કહેવાય, અને તે અનુક્રમે કડવો-અધિક કડવો-ઘણો કડવો અને અતિશય કડવો હોય છે, અને એ ચારે પ્રકારના રસ તે સર્વમાં જળનો અંશ, બિંદુ, અર્ધચુલુક આદિ પ્રક્ષેપવાથી વિચિત્ર પ્રકારના બને છે; તે પ્રમાણે અશુભ પ્રકૃતિઓનો રસ પણ યથાસંભવ એકસ્થાનિક-દ્વિસ્થાનિક-ત્રિસ્થાનિક અને ચતુઃસ્થાનિક કહેવાય છે, અને પોતાના કારણભૂત અધ્યવસાયોની વિચિત્રતાથી એ દરેક રસ પણ ઘ[3]ણા પ્રકારનો બને છે.

અહીં અશુભ પ્રકૃતિઓના ચતુઃસ્થાનિક અને ત્રિસ્થાનિક એ બે પ્રકારના રસના સર્વે પણ સ્પર્ધકો પોતાને આવરવા યોગ્ય આત્મગુણનો સર્વથા ઘાત કરે છે, માટે એ બે રસ તો સર્વઘાતી જ છે. અને દ્વિસ્થાનિક રસ તો કેટલોક તેવા પ્રકારનો સર્વઘાતી છે, અને કેટલોક દેશઘાતી પણ છે. અને એકસ્થાનિક રસ તો સર્વ દેશઘાતી જ છે. તેથી એ વાત સિદ્ધ થઈ કે જ્ઞાનાવરણ આદિ અશુભ કર્મોના રસસ્પર્ધકો બે પ્રકારના છે. ત્યાં પૂર્વે કહેલા સર્વઘાતી રસવાળાં સ્પર્ધકો સર્વઘાતી, અને દેશઘાતી રસવાળાં સ્પર્ધકો દેશઘાતી જાણવાં. એ ૭૬ મી ગાથાનો અર્થ કહ્યો. ॥૭૬॥

અવતરણઃ પૂર્વ ગાથામાં મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ અને દર્શનમોહનીય એ ત્રણ કર્મનાં રસસ્પર્ધકો સર્વઘાતી અને દેશઘાતી એમ બે પ્રકારનાં કહ્યાં, તેથી શું તાત્પર્ય છે ? તે આ ગાથામાં દર્શાવાય છે :

**सव्वेसु सव्वघाइसु, हएसु देसोवघाइयाणं च ।**
**भागेहि मुच्चमाणो, समए समए अणंतेहिं ॥७७॥**

ગાથાર્થઃ સર્વે સર્વઘાતી રસસ્પર્ધકો હણ્યે છતે, અને દેશોપઘાતી સ્પર્ધકોમાંથી પ્રતિસમય અનંત અનંત ભાગને છોડતો છતો જીવ સમ્યક્ત્વ પામે છે. ॥૭૭॥

ટીકાર્થઃ સર્વે સર્વઘાતી સ્પર્ધકો એટલે ચતુઃસ્થાનક અને ત્રિસ્થાનક રસવાળાં રસસ્પર્ધકો

---

૧. કોશાતકી એટલે કડવી કાકડીનો વેલો.

૨. પટોલિકા પણ એક જાતિની કડવી વનસ્પતિનો વેલો સંભવે છે.

૩. કારણભૂત અધ્યવસાયો અસંખ્યાત લોકાકાશના પ્રદેશ જેટલા છે, માટે રસભેદ પણ તેટલા અસંખ્યાત છે, અને અન્તર્ગત વિશુદ્ધિ અથવા સંક્લેશના અંશથી વિચારતાં દરેક રસસ્થાન વિશુદ્ધિના અનંત અંશવાળું અથવા સંક્લેશના પણ અનંત અંશવાળું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા કેટલાક દ્વિસ્થાનક રસવાળાં સ્પર્ધકો હણાયે છતે, એટલે વિશુદ્ધ અધ્યવસાયો વડે અપવર્તના વિગેરે કરણોના ક્રમથી (પદ્ધતિથી) સર્વથા વિચ્છેદ પામ્યે છતે, તથા (શેષ રહેતાં) દ્વિસ્થાનિકાદિ રસસ્પર્ધકોનો અનંત અનંત ભાગ પ્રતિસમય ક્ષય કરતો એટલે દેશઘાતી સ્પર્ધકવાળા રસનો પણ એક અનન્તમો ભાગ બાકી રહ્યે છતે 'જીવ સમ્યક્ત્વ પામે છે, પરન્તુ બીજી રીતે (એથી અધિક રસ હોતે) સમ્યક્ત્વ પામી શકતો નથી' એ વાક્ય અધ્યાહારથી જાણવું. એ પ્રમાણે ૭૭મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ।।૭૭।।

अवतरणः એ પ્રમાણે પૂર્વ ગાથામાં સમ્યક્ત્વની પ્રાપ્તિનું કારણ (એટલે સમ્યક્ત્વની પ્રાપ્તિ કઈ રીતે થાય ? તે) દર્શાવ્યું, અને હવે સમ્યક્ત્વના ભેદ કહે છે :- ત્યાં સમ્યક્ત્વ ત્રણ પ્રકારનું છે. તે આ પ્રમાણે - (દર્શનમોહનીય આદિ કર્મના) ક્ષયોપશમથી થયેલું તે क्षयोपशमसम्यक्त्व, ઉપશમથી થયેલું તે उपशमसम्यक्त्व, અને તે કર્મોના ક્ષયથી થયેલું તે क्षायिकसम्यक्त्व. ત્યાં પ્રથમ ક્ષયોપશમ સમ્યક્ત્વનું નિરૂપણ કરવાને કહે છે :

**खीणमुइण्णं सेसय - मुवसंतं भन्नए खओवसमो ।**
**उदयविघाय उवसमो, खओ अ दंसणतिगग्घाओ** ।।૭૮।।

गाथार्थः જે ઉદયમાં આવેલું હોય તે ક્ષય પામે, અને શેષ (ઉદયમાં નહિ આવેલું હોય તે)નો ઉપશમ થાય તે ક્ષયોપશમ કહેવાય. તથા ઉદયનો વિઘાત થાય તે ઉપશમ, અને ત્રણે દર્શનમોહનીયનો ઘાત થાય તે ક્ષાયિક કહેવાય. ।।૭૮।।

टीकार्थः મિથ્યાત્વ મોહનીય કર્મ જે (જેટલું) 'ઉદીર્ણ' એટલે ઉદયમાં આવ્યું હોય તે સર્વનો જ્યારે 'क्षीणम्'એટલે નાશ થાય, અને ઉદયમાં આવેલા મિથ્યાત્વથી 'शेषकं'એટલે શેષ રહેલું મિથ્યાત્વ કે જે વિવક્ષિતકાળે હજી સુધી ઉદયમાં આવતું નથી. પરન્તુ કેવળ સત્તાભાવે જ રહે તે 'ઉપશાન્ત' એટલે અટકેલા ઉદયવાળું (જેનો ઉદય અમુક વખત માટે રોકાઈ ગયો છે એવું) કહેવાય. એ પ્રમાણે મિથ્યાત્વ જ્યારે એવા પ્રકારના વિષ્કંભિત ઉદયવાળું થાય ત્યારે તે કર્મનો તેવા પ્રકારવાળો क्षयोपशम કહેવાય છે. કારણ કે ઉદયમાં આવેલ મિથ્યાત્વ મોહનીયકર્મ ક્ષય પામેલું હોવાથી અને ઉદયમાં નહિ આવેલ મિથ્યાત્વ ઉપશાન્ત થયેલું હોવાથી (એવા પ્રકારનો મિશ્રભાવવાળો ક્ષયોપશમભાવ છે); એવા પ્રકારના ક્ષયોપશમભાવ વડે ઉત્પન્ન થયેલું જે સમ્યક્ત્વ તે क्षयोपशम सम्यक्त्व કહેવાય. અર્થાત્ મિથ્યાત્વમોહનીય કર્મ ક્ષયોપશમ ભાવવાળું થયે છતે જીવ જે સમ્યક્ત્વ પામે છે તે ક્ષયોપશમ સમ્યક્ત્વ કહેવાય, એ તાત્પર્ય છે. અહીં આ ગાથામાં જો કે ક્ષયોપશમ સમ્યક્ત્વ નથી કહ્યું, પરન્તુ કેવળ 'ક્ષયોપશમ' એટલું જ કહ્યું છે, તો પણ ચાલુ પ્રસંગમાં સમ્યક્ત્વની જ વાત ચાલી આવતી હોવાથી ક્ષયોપશમ ભાવ નહિ પરન્તુ 'ક્ષયોપશમ સમ્યક્ત્વ' એ અર્થ પોતાની મેળે જ જાણી લેવો.

તથા उदयविघाव उवसमो- એ પદનો અર્થ આ પ્રમાણે :- અહીં ઉપશમવું તે ઉપશમ. તે શું છે ? તે કહે છે - મિથ્યાત્વ મોહનીયનો જે ઉદય, તેનો જે વિઘાત એટલે અભાવ થાય તે ઉપશમ કહેવાય. અહીં 'ઉદયનો વિઘાત' એ ઉપલક્ષણ છે, માટે તે ઉપલક્ષણથી 'ઉદયમાં આવેલા મિથ્યાત્વનો ક્ષય' એમ પણ જાણવું; કારણ કે ઉદયમાં આવેલું મિથ્યાત્વ જો ક્ષય ન


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પામે તો મિથ્યાત્વનો ઉપશમભાવ પણ ન હોય. એ કારણથી જ કોઈકની સૂત્રપુસ્તિકામાં (કોઈ બીજી પ્રતમાં) 'खओ अ दंसणतिगग्घाओ ' એ પાઠના સ્થાને जा समुइण्णस्स य विसुद्धी એવો પાઠ દેખાય છે, તેનું તાત્પર્ય આ પ્રમાણે છે:- ઉદયમાં નહિ આવેલા મિથ્યાત્વનો ઉદયવિઘાત, અને 'समुइण्णस्स-समुदीर्णस्य' એટલે ઉદયમાં આવેલા મિથ્યાત્વની જે વિશુદ્ધિ એટલે ક્ષય તે ઉપશમ કહેવાય. આ ચાલુ ગાથાના પાઠમાં 'ક્ષય'નું લક્ષણ નથી કહ્યું, તો પણ તે સ્વતઃ વિચારી લેવું. એથી કરીને તાત્પર્ય એ આવ્યું કે - ઉદયપ્રાપ્ત મિથ્યાત્વનો ક્ષય થયે છતે શેષ ઉદયમાં નહિ આવેલ એટલે સત્તામાત્રથી વર્તનારા મિથ્યાત્વનો જે ઉદયવિઘાત એટલે ઉદયની અયોગ્યતાની પ્રાપ્તિ તે ઉપશમ.

प्रश्नः- જો ઉપશમનો અર્થ એ પ્રમાણે છે તો ક્ષયોપશમનો અર્થ પણ પૂર્વે એવા જ સ્વરૂપવાળો કહ્યો છે, તો પછી એ બેમાં ભેદ નહિ રહે, તેનું શું ?

उत्तरः- એ વાત જો કે સત્ય છે, પરન્તુ કર્મ જ્યારે ક્ષયોપશમભાવે વર્તતું હોય ત્યારે તે કર્મનો વિપાકથી જ ઉદય ન હોય, પરન્તુ પ્રદેશથી તો ઉદય હોય છે જ. અને ઉપશમ અવસ્થાને પ્રાપ્ત થયેલા કર્મનો તો પ્રદેશથી પણ ઉદય નથી, માટે એટલા વડે જ એ બેનો ભેદ છે. ઈત્યલમ્.

(ચાલુ અધિકાર -) તેવા પ્રકારના ઉપશમભાવ વડે થયેલું જે સમ્યક્ત્વ તે ઉપશમ સમ્યક્ત્વ, એમ સ્વતઃ જાણી લેવું. વળી આ ઉપશમ સમ્યક્ત્વ જીવને જે રીતે પ્રાપ્ત થાય છે, અને મિથ્યાત્વમોહનીયના અંતરકરણમાં વર્તતા જીવને જે રીતે એ ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે, તે સર્વ રીતિ આ ગ્રન્થમાં જ સાસ્વાદન ગુણસ્થાનના સ્વરૂપ પ્રસંગે પ્રથમ જ દર્શાવેલ છે. તેમજ શુદ્ધ સમ્યક્ત્વપુંજનાં પુદ્ગલોને વેદવારૂપ ક્ષયોપશમ સમ્યક્ત્વનું સ્વરૂપ પણ ત્યાં જ નિર્ણીત કર્યું છે (દર્શાવ્યું છે), એમ જાણવું.

હવે खओ अ दंसणतिगग्घाओ એ પદનો અર્થ કહેવાય છે - એ પદમાં दंसण - દર્શન શબ્દ વડે દર્શનમોહનીયકર્મ કહેલું છે, તેનું ત્રિક એટલે પૂર્વે કહેલા સ્વરૂપવાળા સમ્યક્ત્વ મોહનીય-મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીય એ ત્રણ પુંજ, તેનો જે ઘાત એટલે વિશુદ્ધ અધ્યવસાયથી સર્વથા દલિકની નિર્લેપતા કરવી (એટલે એ ત્રણે પુંજનાં પુદ્ગલોનો સર્વથા અભાવરૂપ નાશ કરવો) તે અહીં क्षय કહેવાય, અને તેવા પ્રકારના ક્ષય વડે ઉત્પન્ન થયેલું જે સમ્યક્ત્વ તે क्षायिक सम्यक्त्व કહેવાય, તે પોતાની મેળે જાણી લેવું.

प्रश्नः- બીજાં શાસ્ત્રોમાં દર્શનસપ્તકના (અનંતાનુ૦ ૪ અને દર્શનત્રિક એ ૭ ના) ક્ષય વડે ક્ષાયિક સમ્યક્ત્વ કહ્યું છે, અને અહીં (આ ગાથામાં) તો કેવળ દર્શનત્રિકના જ ક્ષય વડે ક્ષાયિક સમ્યક્ત્વ કહ્યું છે આવો વિરોધ કેમ છે ?

उत्तरः- એ વાત જો કે સત્ય છે, પરન્તુ મુખ્યત્વે તો એ દર્શનત્રિક જ સમ્યક્ત્વનો ઘાત કરનાર છે, તે કારણથી જ તેના ક્ષયથી ક્ષાયિક સમ્યક્ત્વ કહેવું યોગ્ય છે. અને અન્ય ગ્રંથોમાં દર્શનસપ્તકના ક્ષયથી ક્ષાયિક સમ્યક્ત્વ જે કહેવાય છે, તે તો અનંતાનુબંધિચતુષ્કનો ક્ષય થયા વિના દર્શનત્રિકનો ક્ષય કદી પણ થતો નથી, અને દર્શનત્રિકના ક્ષય વિના ક્ષાયિક સમ્યક્ત્વ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થતું નથી, માટે ક્ષાયિક સમ્યક્ત્વ પરંપરાભાવથી ચાર અનંતાનુબંધીના ક્ષય વિના નહિ થનારૂં હોવાથી, અનંતાનુબંધી ક્રોધ વિગેરે ચાર અનુંતાનુબંધી કષાયોને પણ દર્શનમોહનીયરૂપે વિવક્ષેલા છે, માટે દર્શનસપ્તકના ક્ષયથી ક્ષાયિક સમ્યકૃત્વ થાય એમ અન્ય શાસ્ત્રોમાં કહેલું છે. માટે (દર્શનત્રિકના ક્ષયથી પણ ક્ષાયિક સમ્યકૃત્વ કહેવામાં) કોઈ વિરોધ નથી. પરમાર્થથી તો પૂર્વે કહેલું દર્શનત્રિક જ દર્શનમોહનીય કહેવાય; કારણ કે દર્શનત્રિકના ક્ષયથી જ અનન્તરભાવે (તુર્ત) ક્ષાયિક સમ્યકૃત્વની ઉત્પત્તિ થાય છે માટે, હવે એ બાબતની અધિક ચર્ચા કરવાથી સર્યું.

તથા કોઈ સ્થાને खइयं दंसणतिगग्घाओ એવો પાઠ છે, ત્યાં દર્શનત્રિકનો ઘાત એટલે ક્ષય, તે ક્ષયથી ઉત્પન્ન થયેલું જે સમ્યક્ત્વ તે ક્ષાયિક સમ્યક્ત્વ કહેવાય, એવી વ્યાખ્યા કરવી. એ પ્રમાણે બીજા પણ ફેરફારવાળા પાઠ દેખવામાં આવે તો પૂર્વે કહેલા સ્વરૂપને અનુસારે ચાલુ વાતમાં વિરોધ ન આવે તેવી રીતે અર્થ કરવો. એ ૭૮ મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૭૮॥

अवतरणः એ પ્રમાણે પૂર્વ ગાથામાં ત્રણ પ્રકારના સમ્યક્ત્વનું સ્વરૂપ કહ્યું. હવે તે સમ્યક્ત્વમાં ગુણસ્થાનરૂપ જીવભેદોને વિચારે છે (એટલે તેમાં ગુણસ્થાન કહે છે):

**उवसम वेयग खइया, अविरयसम्माइ सम्मदिट्ठीसु ।**
**उवसंतमप्पमत्ता, तह सिद्धंता जहाकमसो ॥७९॥**

गाथार्थः ઉપશમ સમ્યક્ત્વ, વેદક (ક્ષયોપશમ) સમ્યક્ત્વ અને ક્ષાયિક સમ્યક્ત્વવાળા જીવો સમ્યગ્દૃષ્ટિઓમાં જ હોય છે. (પરન્તુ પહેલાં ૩ ગુણસ્થાનમાં નહિ), અને તે અનુક્રમે ઉપશાન્ત સમ્યક્ત્વ ઉપશાન્તમોહ સુધી, ક્ષયોપશમ અપ્રમત્ત સુધી, અને ક્ષાયિક સમ્યકત્વ સિદ્ધ અવસ્થા સુધી હોય છે. ॥૭૯॥

टीकार्थः उवसम ઇત્યાદિ. અહીં उवसम એટલે ઉપશમ સમ્યક્ત્વ, અને वेयग એટલે જેને વિષે શુધ્ધ એવા સમ્યક્ત્વ પુંજનાં પુદ્ગલો વેદાય એટલે અનુભવાય તે वेदकसम्यक्त्व, અર્થાત્ ક્ષયોપશમ સમ્યક્ત્વ કહેવાય. ઔપશમિક અને ક્ષાયિક સમ્યક્ત્વમાં પુદ્ગલવેદનનો સર્વથા જ અભાવ હોવાથી ક્ષયોપશમ સમ્યક્ત્વને જ વેદક સમ્યક્ત્વ કહેવામાં આવે છે, એ તાત્પર્ય છે. અને તે કારણથી જ ક્ષય પામતા સમ્યક્ત્વપુંજનાં પુદ્ગલોના જે[1] ચરમ ગ્રાસને બીજાં શાસ્ત્રોમાં વેદક સમ્યક્ત્વ કહ્યું છે, તે (ચરમ ગ્રાસરૂપ વેદકને) આ ગ્રંથમાં જુદું કહ્યું નથી; કારણ કે પુદ્ગલવેદનપણાથી સમાનતા હોવાથી તે ચરમ ગ્રાસરૂપ વેદકસમ્યક્ત્વ આ ક્ષયોપશમ સમ્યક્ત્વમાં જ અંતર્ગત થાય છે. તથા खइय એટલે ક્ષાયિક સમ્યક્ત્વ. એ ત્રણે સમ્યક્ત્વ अविरयसम्माइसम्मदिट्ठीसु એટલે અવિરત સમ્યગ્દૃષ્ટિ આદિ ગુણસ્થાનવાળા સમ્યગ્દૃષ્ટિ જીવોમાં વર્તે છે, પરંતુ મિથ્યાદૃષ્ટિ, સાસ્વાદન અને મિશ્ર-એ ત્રણ ગુણસ્થાનવાળા જીવોમાં

૧. ક્ષાયિક સમ્યક્ત્વ પામતી વખતે સમ્યક્ત્વમોહનીયનાં પુદ્ગલો જે છેલ્લા સમયે ક્ષય પામે છે, તે છેલ્લા સમયે ક્ષય પામતાં પુદ્ગલો चरमग्रास કહેવાય, કે જેના અનન્તર સમયે જ ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે માટે ક્ષયોપ૦નો છેલ્લો સમય તે वेदक सम्यक्त्व.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય નહિ, એ ભાવાર્થ છે. અહીં અવિરતસમ્યગ્દૃષ્ટિથી પ્રારંભીને અયોગી ગુણસ્થાન સુધીના સર્વે જીવો સમ્યગ્દૃષ્ટિ જાણવા, માટે તે (૪ થી ૧૪ ગુણ૦ સુધીના) જીવો યથાસંભવ એ ત્રણે સમ્યક્ત્વમાં પ્રાપ્ત થાય છે. અને નીચેના ત્રણ ગુણસ્થાનવાળા જીવો અવિરત સમ્યગ્દૃષ્ટિ ન હોવાથી જ તેઓમાંના કોઈપણ ગુણસ્થાનમાં વર્તતા જીવોમાં તે સમ્યક્ત્વ હોતું નથી. વળી અવિરત સમ્યગ્દૃષ્ટિથી પ્રારંભીને ઉપરનાં સર્વે પણ ગુણસ્થાનોમાં એ ત્રણે સમ્યક્ત્વ સમુદિતપણે હોતાં નથી (એટલે એક ગુણસ્થાનવાળાને ત્રણે સમ્યક્ત્વ સમકાળે હોતાં નથી), પરન્તુ કોઈ સમ્યક્ત્વ અમુક ગુણસ્થાન સુધી અને કોઈ સમ્યક્ત્વ અમુક ગુણસ્થાન સુધી, એ પ્રમાણે હોય છે. તે સ્પષ્ટ રીતે દર્શાવે છે -

उवसंतमप्पमत्ते ઇત્યાદિ. આગળ કહેવાતા सिद्धन्ता શબ્દમાં પર્યન્તે જે अन्त શબ્દ છે, તે પ્રત્યેકની સાથે સંબંધવાળો છે, તેથી અર્થ આ પ્રમાણે થાય છે :- ઉપશમ સમ્યક્ત્વ ઉપશાન્ત સુધી હોય છે, એટલે અવિરત સમ્યક્ત્વરૂપ ચોથા ગુણસ્થાનથી પ્રારંભીને ઉપશાન્તમોહરૂપ અગીઆરમા ગુણસ્થાન સુધી હોય છે, એ ભાવાર્થ છે. અને ત્યાર પછી તો ક્ષીણમોહ નામના ૧૨મા ગુણસ્થાનમાં મોહનીયકર્મનો સર્વથા ક્ષય થયેલો હોવાથી ક્ષાયિક સમ્યક્ત્વ જ હોય છે. તથા ક્ષયોપશમ સમ્યક્ત્વ અપ્રમત્ત ગુણસ્થાન સુધી હોય છે. અર્થાત્ અવિરતિ - દેશવિરતિ - પ્રમત્ત અને અપ્રમત્ત એ ચાર ગુણસ્થાનકોમાં જ હોય છે, પરન્તુ તેથી આગળના ગુણસ્થાનમાં (આઠમા અપૂર્વકરણ વિગેરે ગુણસ્થાનમાં) ક્ષયોપ૦ સમ્યક્ત્વ હોતું નથી. કારણ કે અપૂર્વકરણાદિ ગુણસ્થાનવાળા જીવોને તો દર્શનમોહનીયકર્મનો ક્ષય અથવા ઉપશમ થયેલો હોવાથી ક્ષાયિક સમ્યક્ત્વ અથવા ઉપશમ સમ્યક્ત્વ હોય છે, પરન્તુ ક્ષયોપશમ સમ્યક્ત્વ હોતું નથી, એ ભાવાર્થ છે. તથા ક્ષાયિક સમ્યક્ત્વ સિદ્ધપર્યન્ત હોય છે. કારણ કે ચોથા અવિરતિ ગુણસ્થાનથી પ્રારંભીને ચૌદમા અયોગી ગુણસ્થાન સુધી ક્ષાયિક સમ્યક્ત્વ પ્રવર્તતું હોવાથી સિદ્ધ અવસ્થામાં પણ તે ચાલ્યું જતું નથી. जहाकमसो એટલે પૂર્વે કહેલા સ્વરૂપવાળા યથાસંભવ અનુક્રમ વડે જેવા ક્રમથી તે સમ્યક્ત્વ-પ્રવૃત્તિ હોય છે તેવા ક્રમથી વિચારવી, પરન્તુ સર્વે ગુણસ્થાનોમાં સમુદિત પ્રવૃત્તિ (એક જ ગુણસ્થાનમાં ત્રણે સમ્યક્ત્વની પ્રવૃત્તિ સમકાળે હોવાથી સંભાવના) ન વિચારવી.

અહીં પરમાર્થ એ છે કે - અવિરત, દેશવિરત, પ્રમત્ત અને અપ્રમત્ત એ ચાર ગુણસ્થાનમાં ત્રણે સમ્યક્ત્વ પૂર્વે જે કહ્યાં તે હોય છે. (જુદા જુદા જીવને આશ્રયિ અથવા એક જ જીવને જુદા જુદા કાળ આશ્રયિ એ ત્રણે સમ્યક્ત્વ હોય છે.) તથા અપૂર્વકરણ - અનિવૃત્તિબાદર-સૂક્ષ્મસંપરાય અને ઉપશાન્તમોહ એ ચાર ગુણસ્થાનવાળા જીવો કોઈ ક્ષાયિક સમ્યક્ત્વવાળા હોય છે, અથવા તો કોઈ ઉપશમ સમ્યક્ત્વવાળા હોય છે, પરન્તુ ક્ષયોપશમ સમ્યક્ત્વવાળા હોતા નથી. તથા ક્ષીણમોહ - સયોગિકેવલી અને અયોગિકેવલી એ ત્રણ ગુણસ્થાનવાળા જીવો તથા સર્વે સિધ્ધપરમાત્મા તે ક્ષાયિક સમ્યક્ત્વવાળા


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ હોય. (પરન્તુ ઉપશમ કે ક્ષયોપશમ સમ્યક્ત્વવાળા હોતા નથી). એ ૭૯ મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૭૯॥

अवतरणः હવે એ ત્રણે સમ્યક્ત્વનો વિચાર વૈમાનિક વિગેરે જીવોમાં, પ્રસંગથી, કરાય છે. તે આ પ્રમાણે :

**वेमाणिया य मणुया, रयणाएऽसंखवासतिरिया य ।**
**तिविहा सम्मद्दिट्ठी, वेयगउवसामगा सेसा ॥८०॥**

गाथार्थः વૈમાનિક દેવો, મનુષ્યો, રત્નપ્રભાના નારક, અને અસંખ્યવર્ષના આયુષ્યવાળા તિર્યંચો એ ચાર પ્રકારના જીવો ત્રણે પ્રકારના સમ્યક્ત્વવાળા હોય છે, અને શેષ સર્વ જીવો ક્ષયોપશમ અને ઉપશમ એ બે પ્રકારના સમ્યક્ત્વવાળા હોય છે. ॥૮૦॥

टीकार्थः વૈમાનિક દેવો તથા મનુષ્યો તથા रयणाए = રત્નપ્રભાના નારકો અને અસંખ્યવર્ષના આયુષ્યવાળા (યુગલિક) તિર્યંચો એ સર્વ तिविहा समद्दिट्ठी = ત્રણે પ્રકારના સમ્યક્ત્વવાળા હોય છે, એટલે એ જીવો ત્રણેમાંના કોઈપણ એક સમ્યક્ત્વમાં વર્તતા હોય છે, એ ભાવાર્થ છે. તે આ પ્રમાણે :

વૈમાનિક દેવોમાં જે કોઈ અનાદિ મિથ્યાદૃષ્ટિ દેવ પ્રથમ સમ્યક્ત્વ પામે, તેને અંતરકરણના કાળમાં પ્રથમ અન્તર્મુહૂર્ત્ત પ્રમાણનું ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. વળી તે ઉપશમ સમ્યક્ત્વ કેવી રીતે પ્રાપ્ત થાય ? અને તેનું સ્વરૂપ શું ? એ વાતનો નિર્ણય આ ગ્રન્થને વિષે જ સાસ્વાદન સમ્યક્ત્વના વિચારમાં કરેલો જ છે. તથા તે ઉપશમ સમ્યક્ત્વ બાદ અનંતર કાળમાં (એટલે ઉપશમ સમ્યક્ત્વનો અન્તર્મુ૦ કાળ સમાપ્ત થયા બાદ) સમ્યક્ત્વના શુદ્ધ પુંજરૂપ પુદ્‌ગલો વેદતાં (પુદ્‌ગલોનો ઉદય થતાં) તે જ દેવને ક્ષયોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. અથવા મનુષ્ય કે તિર્યંચમાંથી જો કોઈ જીવ વૈમાનિકમાં (પૂર્વભવના સમ્યક્ત્વસહિત) ઉત્પન્ન થાય તો તે દેવને પરભવનું સમ્યક્ત્વ પણ હોય છે. વળી જ્યારે કોઈ મનુષ્ય વૈમાનિકદેવપ્રાયોગ્ય આયુષ્ય બાંધીને ત્યારબાદ ક્ષપકશ્રેણિ આરંભે; જો કે આયુષ્ય બંધાયેલું હોવાથી તે શ્રેણિ સંપૂર્ણ સમાપ્ત થાય નહિ, પરન્તુ કેવળ સાત દર્શનમોહનીયનો ક્ષય કરીને ક્ષાયિક સમ્યક્ત્વ જ પામે, અને ત્યારબાદ મનુષ્ય આયુષ્ય સમાપ્ત થયે મરણ પામીને વૈમાનિક દેવમાં ઉત્પન્ન થાય, ત્યારે એ રીતે વૈમાનિક દેવોને પરભવનું ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. પરન્તુ વૈમાનિકના ભવમાં પ્રાપ્ત થયેલું ક્ષાયિક સમ્યક્ત્વ એટલે તદ્‌ભવજન્ય ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત થતું નથી, કારણ કે ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિનો પ્રારંભ તો મનુષ્યભવમાં મનુષ્યને જ હોય છે. એ પ્રમાણે વૈમાનિક દેવો ત્રણે પ્રકારના સમ્યક્ત્વવાળા હોય છે. ॥ इति वैमानिकमां ३ सम्यक्त्व ॥

હવે મનુષ્યો બે પ્રકારના છે - ૧. સંખ્યાતવર્ષના આયુષ્યવાળા, અને ૨. અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા. તેમાં સંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યોને પૂર્વે કહેલી પદ્ધતિ પ્રમાણે પ્રથમ સમ્યક્ત્વની પ્રાપ્તિ વખતે ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે, અથવા ઉપશમશ્રેણિમાં પણ (ઉપશમશ્રેણિની પદ્ધતિ પ્રમાણે) ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. અને તે ઉપશમ સમ્યક્ત્વથી અનન્તર કાળ આદિ વખતે થનારું ક્ષયોપશમ સમ્યક્ત્વ તદ્‌ભવજન્ય હોય છે. અથવા તો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્ષયોપશમ સમ્યક્ત્વવાળા દેવ વિગેરે મનુષ્યમાં ઉત્પન્ન થાય તે વખતે મનુષ્યને પારભવિક ક્ષયોપશમ સમ્યક્ત્વ પણ હોય છે. (એ પ્રમાણે મનુષ્યને ક્ષયોપશમ સમ્યક્ત્વ તદ્ભવનું અને પરભવનું એમ બન્ને પ્રકારનું હોય છે.) અને ક્ષાયિક સમ્યક્ત્વ તો ક્ષપકશ્રેણિમાં જ પ્રાપ્ત થાય છે અને તે તદ્દ્ભવજન્ય હોય છે, અથવા તો ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ એવા ના[1]રક અને દેવો મનુષ્યને વિષે ઉત્પન્ન થાય ત્યારે મનુષ્યને પા[2]રભવિક ક્ષાયિક સમ્યક્ત્વ પણ હોય છે.

તથા અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યોને ઔપશમિક સમ્યક્ત્વ વૈમાનિક દેવની પેઠે વિચારવું. અને ઉપશમ સમ્યક્ત્વથી અનન્તર કાળાદિકમાં થનારૂં ક્ષયોપશમ સમ્યક્ત્વ પણ તેવી જ રીતે તદ્ભવનું હોય છે; કારણ કે ક્ષયોપશમ સમ્યક્ત્વવાળા તિર્યંચ અને મનુષ્યો તો વૈમાનિક દેવોમાં જ ઉત્પન્ન થાય છે, બીજે ક્યાંય ઉત્પન્ન થતા નથી. અને જે જીવો મિથ્યાદૃષ્ટિ અવસ્થામાં આયુષ્ય બાંધીને એ અસંખ્યવર્ષવાળા મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે તેઓ તો મરણ સમયે અવશ્ય મિથ્યાત્વ પામીને જ ઉત્પન્ન થાય છે, માટે યુગલિક મનુષ્યોને પારભવિક ક્ષયોપશમ સમ્યક્ત્વ હોતું નથી. એ કર્મગ્રંથવાળા આચાર્યોનો અભિપ્રાય છે. પરન્તુ સિદ્ધાન્તવાદી આચાર્યો તો યુગલિકોને પારભવિક ક્ષયોપ૰ સમ્યક્ત્વ આ પ્રમાણે માને છે કે - પૂર્વે બાંધેલા આયુષ્યવાળા એવા ક્ષયોપશમ સમ્યગ્દૃષ્ટિવાળા પણ કેટલાક જીવો આ અસંખ્યવર્ષના આયુષ્યવાળા મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે, માટે યુગલિક મનુષ્યોને પારભવિક (પરભવથી આવેલું) ક્ષયોપશમ સમ્યક્ત્વ પણ હોય છે. તથા ક્ષાયિક સમ્યક્ત્વ તો વૈમાનિક દેવોની પેઠે વિચારવું (અર્થાત્ ક્ષાયિક સમ્યક્ત્વ પારભવિક છે, પરન્તુ તાદ્દ્ભવિક નથી).

રત્નપ્રભા પૃથ્વીમાં રહેલા નારક-જીવોને ઉપશમસમ્યક્ત્વ અને ક્ષાયિકસમકિત વૈમાનિક દેવવત્ વિચારવું, અને ક્ષયોપશમ સમ્યક્ત્વ અસંખ્યવર્ષાયુષ્યવાળા મનુષ્યોની પેઠે વિચારવું.

તથા અસંખ્યવર્ષના આયુષ્યવાળા તિર્યંચોને ત્રણે પ્રકારનાં સમ્યક્ત્વ અસંખ્યવર્ષાયુષ્ક મનુષ્યવત્ કહેવા. કોઈક પ્રતિમાં (ગ્રંથમાં) असंखवासनरतिरिया એવો પાઠ છે તે અસંગત (અયુક્ત) છે; કારણ કે પૂર્વે સંખ્યાત વર્ષના આયુષ્યવાળા અને અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યોનું मणुया એ સામાન્ય પદ વડે ગ્રહણ કર્યું જ છે.

તથા वेयगमुवसामगा सेसा એટલે પૂર્વે કહેલા જીવો સિવાયના શેષ રહેલા જે ભવનપતિ, વ્યન્તરો, જ્યોતિષીઓ, સંખ્યાતવર્ષના આયુષ્યવાળા સંજ્ઞિપંચેન્દ્રિય તિર્યંચો અને શર્કરાપ્રભાથી પ્રારંભીને નીચેની સર્વે છ પૃથ્વીઓના નારકો એ સર્વે वेयग એટલે ક્ષયોપશમ

---

૧. ક્ષાયિક સમ્યક્ત્વવાળા તિર્યંચો અને મનુષ્યો વૈમાનિકનું જ આયુષ્ય બાંધે છે, અને તેથી વૈમાનિકમાં જ ઉત્પન્ન થાય છે, માટે અહીં તિર્યંચ અને મનુષ્યો કહ્યા નથી. પરન્તુ દેવ અને નારકો જ કહ્યાં છે, કારણ કે ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ દેવ-નારકોની ઉત્પત્તિ મનુષ્ય સિવાય બીજી ગતિમાં ન હોય.

૨. ક્ષાયિક સમ્યક્ત્વનો પ્રારંભક મનુષ્ય જ હોય એમ ચાલુ અર્થમાં પણ કહ્યું છે, અને નિષ્ઠાપક (એટલે ક્ષા૰ સમ્યક્ત્વ સંપૂર્ણ કરનાર-પામનાર) ચારે ગતિવાળા જીવ હોય એમ पट्ठवगो य मणुस्सो, निट्ठवगो होइ चउगईसु એ વચનથી પ્રસિદ્ધ છે, માટે નિષ્ઠાપક એવા દેવ-નારકો મનુષ્યગતિમાં ઉત્પન્ન થાય તે અપેક્ષાએ મનુષ્યગતિમાં પારભવિક ક્ષાયિક સમ્યક્ત્વ સંભવી શકે છે. નહિતર બીજી કોઈ રીતે મનુષ્યગતિમાં પારભવિક ક્ષાયિક સમ્યક્ત્વ સંભવતું નથી. પછી શ્રી બહુશ્રુત કહે તે સત્ય.

Jain Education International

For Private & Personal Use Only
www.jainelibrary.org

સમ્યક્ત્વવાળા, અને ઉવસામગ એટલે ઉપશમ સમ્યક્ત્વવાળા હોય છે, પણ ક્ષાયિક સમ્યક્ત્વવાળા ન હોય. કેમ કે એ ભવનપતિ આદિકમાં ક્ષાયિક સમ્યક્ત્વ તાદ્ભવિક તો નથી જ હોતું, કારણ કે તેના પ્રારંભક તો સંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યો જ હોય છે એમ પૂર્વે કહ્યું છે જ. તેમજ પારભવિક ક્ષાયિક સમ્યકત્વ પણ ન હોય, કારણ કે ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિવાળા જીવો એ ભવનપતિ વિગેરેમાં ઉત્પન્ન થતા નથી.

પ્રશ્નઃ- ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ એવા વાસુદેવ વિગેરેની ઉત્પત્તિ ત્રીજી નરકપૃથ્વી સુધી સિદ્ધાન્તમાં સંભળાય છે, તો શર્કરાપ્રભા - વાલુકાપ્રભાના નારકોને પણ ક્ષાયિક સમ્યકત્વનો નિષેધ શા માટે કર્યો ?

ઉત્તરઃ- એ વાત જો કે સત્ય છે, પરન્તુ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવો વિશેષે કરીને રત્નપ્રભા પૃથ્વી સુધી જ જાય છે, અને તેની આગળ કોઈ અલ્પ જીવો જ જાય છે, માટે તેવા અલ્પપણાથી આ ગ્રંથમાં ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિઓ શર્કરાપ્રભાદિ પૃથ્વીઓમાં કહ્યા નથી, અથવા તો તેવા બીજા કોઈ કારણથી નથી કહ્યા, તે વાત શ્રી કેવલિભગવંતો અથવા શ્રી બહુશ્રુતો જાણે. (એ પ્રમાણે ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિની ઉત્પત્તિ રત્નપ્રભા સુધી જાણવી.)

તથા એકેન્દ્રિય-દ્વીન્દ્રિય-ત્રીન્દ્રિય-ચતુરિન્દ્રિય- અને અસંજ્ઞિપંચેન્દ્રિયોને તો તદ્ભવ અથવા પરભવની અપેક્ષાએ પણ એ ત્રણમાંનું એક પણ સમ્યકત્વ હોતું નથી. એ ગાથાર્થ કહ્યો ।।૮૦।। इति सम्यक्त्वद्वारम् ।।

પ્રસંગપૂર્વક સમ્યક્ત્વદ્વાર કહ્યું, હવે સંજ્ઞિદ્વાર કહેવાય છે. ત્યાં સંજ્ઞા એટલે સંજ્ઞાન અર્થાત્ બોધ-જ્ઞાન. તે સંજ્ઞા ત્રણ પ્રકારની છે. હેતુવાદ સંજ્ઞા, દીર્ઘકાલિક સંજ્ઞા, અને દૃષ્ટિવાદ સંજ્ઞા. ત્યાં હેતુ એટલે યુક્તિનિષ્ઠ (યુક્તિવાળું) અને સાધ્ય અર્થને જણાવનારું એવું વચન; અને વાદ એટલે વદવું; હેતુનો વાદ તે હેતુવાદ, અને તેવા હેતુવાદ વડે જે સંજ્ઞા - જ્ઞાનવિશેષ તે હેતુવાદસંજ્ઞા. એ સંજ્ઞા દ્વીન્દ્રિય-ચતુરિન્દ્રિય અને અસંજ્ઞપંચેન્દ્રિય જીવોને હોય છે, એમ જાણવું. કારણ કે એ જીવો હેતુવાદ વડે આ પ્રમાણે સંજ્ઞી છે એમ કહી શકાય છે. 'એ જીવો, સંજ્ઞી છે; કેમ કે તેઓ આતપ (તડકા) વિગેરેમાંથી નિકળી છાયા વિગેરેનો આશ્રય કરે છે, અને આહાર વિગેરેને માટે ચેષ્ટાવાળા હોય છે; મનુષ્યાદિકની પેઠે (માટે મનુષ્યાદિવત્ એ જીવોને પણ તેવા પ્રકારનું જ્ઞાન હોવું જોઈએ).' એવા પ્રકારનો જે હેતુવાદ તે (હેતુવાદ) વડે એ દ્વીન્દ્રિયાદિ જીવો સંજ્ઞી કહેવાય છે. અને એ હેતુવાદસંજ્ઞાની અપેક્ષાએ અથવા દ્વીન્દ્રિયાદિ ચેષ્ટાવાળા જીવોની અપેક્ષાએ ચેષ્ટારહિત એવા પૃથ્વી-જળ-અગ્નિ- વાયુ અને વનસ્પતિ જીવો અસંજ્ઞી ગણાય છે (કારણ કે પૂર્વોક્ત હેતુ વડે એ જીવોમાં જ્ઞાન ઓળખી શકાતું નથી).

પ્રશ્નઃ- પૃથ્વીકાય વિગેરેને પણ સિદ્ધાન્તમાં ૧૦ પ્રકારની સંજ્ઞા-આહારસંજ્ઞા વિગેરે કહેલી જ છે. તો પણ તે એકેન્દ્રિય અસંજ્ઞી કેવી રીતે ગણાય ?

ઉત્તરઃ- એ વાત જો કે સત્ય છે, પરન્તુ એકેન્દ્રિયોની તે આહારાદિ સંજ્ઞાઓ અત્યંત અસ્પષ્ટ છે; તથા આહાર વિગેરે અતિતુચ્છ છે; અને આ ઈષ્ટ છે, આ અનિષ્ટ છે, ઈત્યાદિ જ્ઞાનવિશેષનો અભાવ છે; તે કારણથી તેઓની આહારાદિ સંજ્ઞાઓ અશુભ છે, માટે તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આહારાદિ સંજ્ઞાઓ એકેન્દ્રિયોને વિદ્યમાન હોવા છતાં પણ તેઓને આ હેતુવાદસંજ્ઞા કહી નથી, અને તે કારણથી જ પૃથ્વીકાય વિગેરે એકેન્દ્રિય જીવોને સંજ્ઞીપણું ગણ્યું નથી. જેમ થોડાક રૂપિયાવાળો ધનવાન ન કહેવાય, તથા અશુભ રૂપવાળો (વા અલ્પ રૂપવાળો) રૂપવાન ન ગણાય, તેમ એકેન્દ્રિયો પણ અતિઅલ્પ તથા અશુભ સંજ્ઞાઓવાળા હોવાથી અહીં (શાસ્ત્રોમાં) સંજ્ઞીપણે કહ્યા નથી, એ તાત્પર્ય છે.

તથા દીર્ઘ એટલે અતીતકાળ, અનાગતકાળ અને વર્તમાનકાળ, એ ત્રણ કાળરૂપ જે કાળ-દિવસ, પક્ષ અને માસ વિગેરે, તે દીર્ઘકાળમાં થયેલી-થનારી સંજ્ઞા તે दीर्घकालिकी संज्ञा. 'આ કર્યું, આ કરૂં છું, અને આ કરીશ; આ ઠીક છે, આ ઠીક નથી; આ પહેલાં હતું, હમણાં છે, અને ભવિષ્યમાં આમ થવાનું છે;' ઇત્યાદિ રીતે અતિ દીર્ઘ ત્રિકાળસંબંધી મનોવ્યાપાર (ચિંતવન)વાળી દીર્ઘકાલિકી સંજ્ઞા છે. પરન્તુ હેતુવાદસંજ્ઞાની પેઠે વિશેષતઃ વર્તમાનકાળસંબંધી જ વિચાર માત્ર કરનારી આ સંજ્ઞા હેતુવાદ વડે સિધ્ધ થતી નથી, કારણ કે (તે હેતુવાદસંજ્ઞા તો અસ્પષ્ટ છે, અને આ) અતિસ્પષ્ટ સંજ્ઞા હોવાથી બાળક જેવાઓને અથવા અજ્ઞાની જેવાઓને પણ આ સંજ્ઞા અતિસ્પષ્ટ પ્રતીતિ - બોધ કરાવનારી છે. માટે હેતુવાદ સંજ્ઞાની સાથે આ સંજ્ઞાનું સાંકર્ય (એટલે આ સંજ્ઞા હેતુવાદ સંજ્ઞામાં અન્તર્ગત-મિશ્ર છે એમ) ન વિચારવું. આ સંજ્ઞા મનોલબ્ધિ જેને પ્રાપ્ત થઈ છે એવા નારક, ગર્ભજ તિર્યંચ, ગર્ભજ મનુષ્ય અને દેવોને જ જાણવી. કારણ કે એ જીવો ત્રણે કાળસંબંધિ યુક્ત-અયુક્તનો વિચાર કરવામાં ચતુર હોવાથી દીર્ઘકાલિકી સંજ્ઞા વડે संज्ञी કહેવાય છે, અને એ દીર્ઘકાલિકી સંજ્ઞાની અપેક્ષાએ મનોલબ્ધિરહિત સર્વે જીવો असंज्ञी કહેવાય છે. (એ દીર્ઘકાલિકી સંજ્ઞાનું સ્વરૂપ કહ્યું).

તથા દૃષ્ટિ એટલે અહીં સમ્યગ્દૃષ્ટિ ગ્રહણ કરવી. તે સમ્યગ્દૃષ્ટિનું વદન-કથન-વાદ તે दृष्टिवाद. અને તે દૃષ્ટિવાદ વડે (અથવા દૃષ્ટિવાદસહિત) જે સંજ્ઞા તે અહીં दृष्टिवादसंज्ञा કહેવાય. અર્થાત્ આ સંજ્ઞા સમ્યક્ત્વ વડે નિર્મળ થયેલા જ્ઞાનવાળી જાણવી. પરન્તુ મિથ્યાદૃષ્ટિ નારકાદિ જીવોની પેઠે મિથ્યાત્વથી કલુષિત (મલિન) થયેલા એવા જ્ઞાનસ્વરૂપવાળી નથી, એમ જાણવું. આ સંજ્ઞા પણ નારક, ગર્ભજ તિર્યંચ, ગર્ભજ મનુષ્ય અને દેવોને જ જાણવી. તેમાં પણ કેવળ સમ્યગ્દર્શનવાળાઓને જ જાણવી, પરંતુ મિથ્યાદૃષ્ટિ નારક વિગેરેને નહિ. એ કારણથી જ તે સમ્યગ્દૃષ્ટિ નારક વિગેરે જીવો સમ્યક્ત્વયુક્ત વિશુદ્ધ જ્ઞાન વડે જ્ઞ - જાણનારા હોવાથી એ દૃષ્ટિવાદ સંજ્ઞા વડે संज्ञी કહેવાય છે. માટે એ દૃષ્ટિવાદસંજ્ઞાની અપેક્ષાએ સર્વે મિથ્યાદૃષ્ટિઓ અસંજ્ઞી ગણાય છે.

प्रश्नः- એ પ્રમાણે હેતુવાદસંજ્ઞા વિગેરે ભેદથી ત્રણ પ્રકારની જ સંજ્ઞા આ શાસ્ત્રમાં કહેલી ગણાય. જ્યારે સિધ્ધાન્તમાં તો દ્વીન્દ્રિયાદિ જીવોને પણ, આહાર સંજ્ઞા વિગેરે ભેદથી ૧૦ પ્રકારની પણ સંજ્ઞા કહી છે. આવો વિરોધ કેમ છે ?

उत्तरः- એવું (વિરોધ) નથી. કેમકે એ ત્રણ સંજ્ઞાઓમાં જ તે આહારાદિ (૧૦) સંજ્ઞાઓ

સંગૃહીત હોવાથી, સા[1]માન્ય સ્વરૂપવાળી તે (હેતુવાદ વિગેરે) સંજ્ઞાઓમાં વિશેષરૂપ એવી તે (આહારાદિ) સંજ્ઞાઓ અંતર્ભૂત થઈ જાય છે. હવે એ સંબંધી ઘણી ચર્ચાથી સર્યું. જે જરૂરી છે તે જ વિચારીએ.

ત્યાં એ ત્રણ સંજ્ઞાઓમાં હેતુવાદ સંજ્ઞા અસ્પષ્ટ છે; તેથી દીર્ઘકાલિકી સંજ્ઞા અધિક સ્પષ્ટ છે, અને દૃષ્ટિવાદસંજ્ઞા સમ્યગ્જ્ઞાનસ્વરૂપ હોવાથી તેથી પણ વિશેષ સ્પષ્ટ છે. સિદ્ધાન્તોમાં જે કોઈપણ સ્થાને સંજ્ઞી-અસંજ્ઞીનો વ્યવહાર છે (અમુક સંજ્ઞી અને અમુક અસંજ્ઞી એમ કહેલું છે) તે સર્વ વ્યવહાર વિશેષતઃ દીર્ઘકાલિકી સંજ્ઞાની અપેક્ષાએ જ જાણવો (એટલે દીર્ઘકાલિકી સંજ્ઞાવાળા જીવો સંજ્ઞી અને દીર્ઘકાલિકીસંજ્ઞારહિત હોય તે જીવો અસંજ્ઞી ગણાય. એમ જાણવું). માટે અહીં પણ મનોલબ્ધિને પ્રાપ્ત થયેલા સર્વે પંચેન્દ્રિય જીવો સંજ્ઞી, અને તે મનોલબ્ધિરહિત જીવો, મનોલબ્ધિના નિષેધથી જ અથવા સંજ્ઞીપણાના નિષેધથી - અભાવથી તે જ પંચેન્દ્રિય જીવો असंज्ञी એમ જાણવું. ।। इति संज्ञाद्वारं समाप्तम् ।।૮૦।।

अवतरणः એ પ્રમાણે પૂર્વગાથામાં સ્વરૂપથી સંજ્ઞી તથા અસંજ્ઞી જીવો કહ્યા (એટલે સંજ્ઞી - અસંજ્ઞી જીવોનું સ્વરૂપ કહ્યું). અને હવે એ બે ભેદમાં ગુણસ્થાનરૂપ જીવભેદોનું નિરૂપણ કરવા માટે સૂત્રકર્તા પોતે જ ગાથા વડે તે જીવભેદો કહે છે. તે આ પ્રમાણે :

**असण्णि अमणपंचिंदियंत सण्णी उ समण-छउमत्था ।**
**नो सण्णि नो असण्णि, केवलनाणी उ विण्णेओ ।।८१।।**

गाथार्थः અસન્નીપણું મનરહિત (અસન્ની) પંચેન્દ્રિય સુધીના જીવોમાં હોય છે, અને મનવાળા છદ્મસ્થ જીવો સંજ્ઞી હોય છે, તથા કેવળજ્ઞાનીઓ તો નોસંજ્ઞી-નોઅસંજ્ઞી જાણવા. ।।૮૧।।

टीकार्थः ગાથામાં કહેલો असण्णि શબ્દ વિભક્તિરહિત નિર્દેશવાળો છે. એ પ્રમાણે બીજે સ્થાને પણ વિભક્તિરહિત નિર્દેશવાળા શબ્દો જાણવા. તેથી અર્થ (વિભક્તિસહિત અર્થ) 'અસંજ્ઞી જીવોને વિષે' એમ સાતમી વિભક્તિનો અર્થ થાય છે. જેથી અસંજ્ઞિઓમાં એટલે મનોલબ્ધિરહિત સમ્મૂર્છિમ તિર્યંચ પંચેન્દ્રિયોમાં પ્રાપ્ત થાય છે. કોણ પ્રાપ્ત થાય છે ? તે કહે છે કે :- अमणपंचिंदियंत એટલે અમનસ્ક અર્થાત્ મનોલબ્ધિરહિત પંચેન્દ્રિય જીવ વૃત્તિની અપેક્ષાએ જેઓના અન્તે છે (એટલે જે જીવભેદોમાં અથવા ગુણસ્થાનમાં છેલ્લામાં છેલ્લા અસંજ્ઞિપંચેન્દ્રિયો પ્રાપ્ત થાય છે) તે અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીનાં ગુણસ્થાનો એટલે મિથ્યાદૃષ્ટિ અને સાસ્વાદન એ બે ગુણસ્થાનરૂપ બે જીવભેદ પ્રાપ્ત થાય છે (અર્થાત્ અસંજ્ઞી માર્ગણામાં

૧. ઘણા ભેદરૂપ ભાવ વિશેષ કહેવાય, અને અલ્પ ભેદરૂપ સામાન્ય કહેવાય. અથવા જે ઘણા ભેદોનો જે અલ્પ ભેદોમાં એકમાં વા અનેકમાં અંતર્ભાવ થતો હોય તો તે અંતર્ભૂત થનારા ઘણા ભેદ વિશેષ કહેવાય, અને જેમાં અંતર્ભૂત થાય તે સામાન્ય કહેવાય, માટે અહીં હેતુવાદ વિગેરે ૩ સંજ્ઞામાં આહારાદિ ૧૦ સંજ્ઞાઓ અંતર્ભૂત ગણવાની છે, તેથી હેતુવાદ વિગેરે ૩ સંજ્ઞાઓ અલ્પ ભેદરૂપ હોવાથી સામાન્ય ગણાય, અને આહારાદિ ૧૦ સંજ્ઞાઓ વિશેષ ભેદરૂપ હોવાથી વિશેષ ગણાય, તે કારણથી અહીં પણ આહારાદિ ૧૦ સંજ્ઞાઓ હેતુવાદાદિમાં અંતર્ગત હોવાથી હેતુવાદ આદિ સંજ્ઞાઓને સામાન્ય સ્વરૂપવાળી કહી છે. અહીં ૧૦ સંજ્ઞાઓ ૩ સંજ્ઞાઓમાં દરેકમાં યથાસંભવ અંતર્ગત સંભવે છે, પરન્તુ એ ૩ માંની કોઈ એકમાં જ અંતર્ગત સંભવતી નથી, તે સ્વબુદ્ધિથી યથાયોગ્ય વિચારવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહેલાં બે ગુણસ્થાન હોય છે). કારણ કે એકેન્દ્રિયથી પ્રારંભીને અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવોમાં એ જ બે ગુણસ્થાન વર્તતાં હોય છે. મિશ્ર અને અવિરતસમ્યગ્દૃષ્ટિ આદિ ગુણસ્થાનોમાં તો એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવો વર્તતા નથી.

અહીં તાત્પર્ય એ જાણવું કે - એકેન્દ્રિય-દ્વીન્દ્રિય-ત્રીન્દ્રિય-ચતુરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય એ પાંચ જીવોને વિષે જે મિથ્યાદૃષ્ટિ અને સાસ્વાદન ગુણસ્થાનરૂપ જીવસમાસ વર્તે છે, તે જ અસંજ્ઞી માર્ગણામાં પ્રાપ્ત થાય છે. પરન્તુ મિશ્ર અને અવિરત સમ્યગ્દૃષ્ટિ આદિ ગુણસ્થાનરૂપ જીવસમાસો અસંજ્ઞીમાં પ્રાપ્ત થતા નથી. કારણ કે અસંજ્ઞી જીવોને તથા પ્રકારની વિશુદ્ધિનો અભાવ છે. વળી સાસ્વાદનભાવ પણ પૂર્વભવમાંથી સાથે આવેલો જ અસંજ્ઞીઓને વિષે અપર્યાપ્ત અવસ્થામાં પ્રાપ્ત થાય છે, અને ત્યાર બાદ તો (એટલે અપર્યાપ્ત અવસ્થા વીત્યા બાદ પર્યાપ્ત અવસ્થામાં તો) મિથ્યાત્વની જ પ્રાપ્તિ થાય છે. એમ જાણવું.

તથા सन्नी उ - અહીં उ એટલે तु શબ્દ પુનઃ અર્થમાં છે, (અર્થાત્ तु એટલે પુનઃ - વળી). અને सन्नी શબ્દમાં સાતમી વિભક્તિના બહુવચનનો લોપ થાય છે, માટે સાતમી વિભક્તિના બહુવચન પ્રમાણે અર્થ કરતાં संज्ञिषु = મનોલબ્ધિરહિત સંજ્ઞીપંચેન્દ્રિયોને વિષે વળી વર્તે છે; કોણ વર્તે છે ? તે કહે છે समण छउमत्थ (સમન છદ્મસ્થ). અહીં छादयति એટલે આવરે, આચ્છાદન કરે કેવળજ્ઞાનાદિ ગુણોને જે તે छद्म એટલે જ્ઞાનાવરણીયાદિ કર્મ, તેને વિષે स्थ-तिष्ठन्ति = રહે તે छद्मस्थ કહેવાય. અને તે બારમા ક્ષીણમોહ સુધીના ગુણસ્થાનવાળા જીવો જાણવા. વળી એકેન્દ્રિય-દ્વીન્દ્રિય-ત્રીન્દ્રિય-ચતુરિન્દ્રિય-અસંજ્ઞિપંચેન્દ્રિય એ સર્વ મનોલબ્ધિરહિત જીવો પણ છદ્મસ્થ હોય છે, માટે તે સર્વના નિષેધ માટે समण = 'મનોલબ્ધિસહિત' એમ કહ્યું છે. તેથી તાત્પર્ય એ આવે છે કે - મનોલબ્ધિવાળા હોય એવા જે કોઈ છદ્મસ્થ જીવો તે સર્વે પણ સંજ્ઞિઓમાં ગણાય છે. અને તેવા (મનોલબ્ધિયુક્ત છદ્મસ્થો) જીવો મિથ્યાદૃષ્ટિથી પ્રારંભીને ક્ષીણમોહ સુધીના (૧ થી ૧૨મા ગુણસ્થાન સુધીના એટલે) ૧૨ ગુણસ્થાનવાળા જીવો જાણવા. એમાં મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનવાળા અને સાસ્વાદન ગુણસ્થાનવાળા જીવો તો મનોલબ્ધિસહિત અને મનોલબ્ધિરહિત એમ બન્ને પ્રકારના હોય છે, તે કારણથી તેઓની (૧-૨ ગુણસ્થાનકરૂપ જીવસમાસોની) પ્રાપ્તિ તો યથાસંભવ સંજ્ઞીમાં અને અસંજ્ઞીઓમાં પણ જાણવી. અને મિશ્ર તથા અવિરતિ સમ્યગ્દૃષ્ટિ આદિ ગુણસ્થાનવાળા જીવો તો મનોલબ્ધિવાળા જ હોય છે, તે કારણથી એ ગુણસ્થાનરૂપ જીવસમાસોની પ્રાપ્તિ સંજ્ઞીઓમાં જ હોય છે, એ પ્રમાણે અહીં તાત્પર્ય સમજવું. હવે જો એ પ્રમાણે (અસંજ્ઞી જીવોમાં બે ગુણસ્થાન અને સંજ્ઞી જીવોમાં ૧૨ ગુણસ્થાનક પ્રાપ્ત થાય) છે તો (તેરમા - ચૌદમા ગુણસ્થાનવાળા) સયોગી - અયોગી કેવલીઓની શું વાત છે ? (એટલે સયોગી - અયોગી કેવલીને સંજ્ઞી-અસંજ્ઞી એ બેમાંથી શામાં ગણવા ?) તેને માટે કહે છે કે - नो सण्णी नो असण्णी = બન્ને પ્રકારના કેવલી (સયોગી કેવલી તેમજ અયોગી કેવલી પણ) ન તો સંજ્ઞીમાં ગણાય, કે ન તો અસંજ્ઞીમાં ગણાય. કારણ કે કેવલી ભગવંતો સંજ્ઞી તો હોતા જ નથી. તેનું કારણ આ પ્રમાણે :

મનના વ્યાપારપૂર્વક ભૂતકાળના અર્થનું સ્મરણ અને ભવિષ્યકાળના અર્થની ચિંતા વિગેરે લિંગવાળી દીર્ઘકાળના મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનના વિચારવાળી સંજ્ઞા અહીં ચાલુ વિષયમાં


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અધિકૃત ગણાયેલી છે, (અર્થાત્ તેવી સંજ્ઞાવાળા હોય તેને સંજ્ઞી ગણવાના હોય છે); અને તેવી સંજ્ઞા શ્રી કેવલી ભગવંતોને સંભવતી નથી. કારણ કે શ્રી કેવલી ભગવંતોને સર્વ આવરણોના ક્ષયથી ઉત્પન્ન થયેલા કેવળજ્ઞાન વડે સાક્ષાત્ સર્વ પદાર્થોના સમૂહનું પ્રતિસમય અવભાસન - જ્ઞાન છે, અને તે કારણથી મનના વિકલ્પથી થતા સ્મરણ અને ચિંતાવાળા મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાનનો અભાવ છે. માટે તેવા પ્રકારની સંજ્ઞારહિત હોવાથી શ્રી કેવલી ભગવંતો 'સંજ્ઞી' કહેવાતા નથી. શાસ્ત્રોમાં તેમજ કહ્યું છે કે -

'સંજ્ઞા એટલે (અતીત કાળનું) સ્મરણ, અને (ભવિષ્યકાળની) ચિંતા તે જિનેશ્વરોમાં - સર્વજ્ઞોમાં હોતી નથી, માટે મતિ (મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન)ના વ્યાપારથી રહિત એવા તે સર્વજ્ઞો - કેવલી ભગવંતો સંજ્ઞાતીત (સંજ્ઞારહિત) ગણાય છે. ।।૧।।'

તથા કેવલી ભગવંતો જે રીતે અસંજ્ઞી કહેવાતા નથી તે રીતિ તો (તે કારણ તો) પ્રસિદ્ધ જ છે. કારણ કે તે વ્યપદેશ (અસંજ્ઞીપણાનો વ્યપદેશ) તો મનોલબ્ધિરહિત એવા સમ્મૂર્છિમ પંચેન્દ્રિયોને વિષે જ સ્થપાયેલો-ગણાયેલો હોવાથી, અને કેવલી ભગવંતો તો મનો[1]લબ્ધિવાળા છે. તે કારણથી સયોગીકેવલી તથા અયોગીકેવલી ન સંજ્ઞી કે ન અસંજ્ઞી એવા જાણવા, પરન્તુ સંજ્ઞી અને અસંજ્ઞી એ બે રાશિથી જુદા જ જાણવા એમ સિદ્ધ થયું. એ ૮૧ મી ગાથાનો ટીકાર્થ સમાપ્ત થયો. ।।૮૧।।

अवतरणः પૂર્વ ગાથામાં સંજ્ઞીદ્વાર કહ્યું. હવે આહારક અને અનાહાર દ્વાર કહેવાનું છે, તેમાં કયા જીવો આહારક ? અને કયા જીવો અનાહારક ? તેનું જ પ્રથમ નિરૂપણ કરતા છતા શ્રી ગ્રંથકર્તા આ ગાથા કહે છે :

**विग्गहगइमावन्ना, केवलिणो समुहया अजोगी य।**
**सिद्धा य अणाहारा, सेसा आहारगा जीवा ।।८२।।**

गाथार्थः વિગ્રહગતિને પ્રાપ્ત થયેલા જીવો, સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલા કેવલી ભગવંતો, તથા અયોગી કેવલીઓ અને સિદ્ધ, એ સર્વે અનાહારી છે, અને શેષ સર્વે જીવો આહારી જાણવા. ।।૮૨।।

टीकार्थः અહીં પરભવમાં જતા જીવોની ઋજુશ્રેણિની અપેક્ષાએ અન્ય વિશિષ્ટ પ્રકારની વક્રશ્રેણિનું જે ગ્રહણ એટલે સ્વીકાર તે વિગ્ર[2]હ. અર્થાત્ વક્રશ્રેણિરૂપ વક્રગતિ તે વિગ્રહગતિ (એ વ્યુત્પત્તિ-અર્થ છે). તેવા પ્રકારના વિગ્રહ વડે, પૂર્વભવના શરીરને ત્યજી દેનારા જીવની, પરભવમાં ઉત્પત્તિસ્થાન સન્મુખ ગતિ એટલે ગમન તે विग्रहगति. તેવા પ્રકારની વિગ્રહગતિને પ્રાપ્ત થયેલા જીવો 'અનાહારક હોય છે' એ વાક્યનો સંબંધ સર્વ સ્થાને જોડવો. તથા समुहया = समवहत એટલે સમુદ્ઘાતવર્તી યથાસંભવ શ્રી સયોગી કેવલી ભગવંતો તથા અયોગી કેવલીઓ, તેમજ સિદ્ધ પરમાત્માઓ, એ સર્વે પણ અનાહારક હોય છે. તે આ પ્રમાણે - (અહીં

૧. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે - શ્રી કેવલી ભગવંતો દ્રવ્યમનવાળા છે, તેમજ તે દ્રવ્યમનને અનુત્તર દેવાદિકને પ્રશ્નનો ઉત્તર આપતી વખતે ઉત્તરરૂપે પરિણમાવે છે, માટે મનોલબ્ધિવાળા છે, પરન્તુ તે દ્રવ્યમન દ્વારા પોતે જ્ઞાનોપયોગવાળા નથી.

૨. वि = વિશિષ્ટ પ્રકારનો ગતિનો ग्रह = ગ્રહણ તે विग्रह ઇતિ વ્યુત્પત્તિઃ ।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ૠજુગતિ અને વક્રગતિનું સ્વરૂપ દર્શાવવા પૂર્વક આહારી - અનાહારીપણું કહેવાય છે) -

## ॥ ૠજુગતિ અને તેમાં આહારીપણાનું સ્વરૂપ ॥

જ્યારે જીવનું મરણસ્થાનથી આગળના ભવનું (પરભવનું) ઉત્પત્તિસ્થાન ઉપર, નીચે અથવા તિર્ય્ચું પણ જો સમશ્રેણિએ સીધું હોય છે, તો તે જીવ તે સ્થાન એક જ સમયમાં પામે છે (એટલે ૠજુગતિ વડે જીવ ઉત્પત્તિસ્થાને એક જ સમયમાં પહોંચી જાય છે), તે ऋजुगति કહેવાય. એ ૠજુગતિમાં તો જીવ નિશ્ચયથી આહારી જ હોય છે; કારણ કે ત્યાગ કરવાયોગ્ય પૂર્વભવનું શરીર છોડતાં, અને ગ્રહણ કરવાયોગ્ય પરભવનું શરીર ગ્રહણ કરતાં બન્ને શરીરના સ્પર્શનો સદ્ભાવ હોવાથી ગ્રહણ કરવાયોગ્ય (આહરવા યોગ્ય) પુદ્ગલોના વ્યવચ્છેદનો અભાવ હોવાથી (એટલે બન્ને સ્થાનમાં આહરવાયોગ્ય પુદ્ગલોનો સદ્ભાવ હોવાથી) ૠજુગતિમાં આહારી જ હોય છે, એ નિશ્ચય છે.

## ॥ વક્રગતિ અને તેમાં અનાહારીપણાનું સ્વરૂપ ॥

જ્યારે મરણસ્થાનથી ઉત્પત્તિસ્થાન કંઈક વક્ર હોય, એટલે જેમ ઈશાનકોણના ઉપરના ભાગથી અગ્નિખૂણાનો નીચેનો ભાગ ઉત્પન્ન થવા યોગ્ય હોય તો, જીવ પહેલા સમયે ઈશાન ખૂણાના ઉપરના ભાગથી (એટલે ઊર્ધ્વ ઈશાનકોણથી) અગ્નિખૂણાના ઉપરના ભાગમાં (ઊર્ધ્વ અગ્નિકોણમાં સીધો) જઈને તેની નીચેના ભાગમાં જે ઉત્પત્તિસ્થાન આવેલું છે, તે ઉત્પત્તિસ્થાન સન્મુખની સમશ્રેણિએ આવે, (એટલે ઉપરના જ ભાગમાં સીધો આવે); કારણ કે જીવોની અને પુદ્ગલોની ગતિ આકાશપ્રદેશોની શ્રેણિને અનુસારે છે, માટે પ્રથમ સમયમાં ઉત્પત્તિસ્થાનની પ્રાપ્તિ થાય નહિ. ત્યારબાદ બીજે સમયે બીજી વક્રશ્રેણિના આરંભરૂપ વિગ્રહ કરીને જીવ ત્યાં ઉત્પત્તિસ્થાનમાં ઉત્પન્ન થાય (એટલે ઉત્પત્તિસ્થાનની સમશ્રેણિએ રહેલા ઉપરના ભાગમાં પહેલા સમયે આવેલો જીવ બીજે સમયે ત્યાંથી સીધો નીચે ઊતરી ઉત્પત્તિસ્થાનમાં આવી જાય છે). તે विग्रहगति કહેવાય છે. કારણ કે વક્ર એવી બીજી શ્રેણિના આરંભરૂપ એક વિગ્રહ વડે ઉપલક્ષિત (ઓળખાયેલી) ગતિ તે વિગ્રહગતિ છે. આ બે સમયવાળી एकविग्रहा ગતિમાં પહેલે સમયે પૂર્વશરીર છોડેલું હોવાથી, અને પરભવનું શરીર હજી પ્રાપ્ત થયેલું નહિ હોવાથી જીવ અનાહારી છે એમ પ્રજ્ઞપ્તિ (શ્રી ભગવતીજી) આદિ સિદ્ધાન્તોને અનુસરનારા આચાર્યો કહે છે. કારણ કે परभवपढमे साडो (પરભવના પહેલા સમયે કેવળ શાટ એટલે પુદ્ગલોનું મોચન જ હોય છે) એવું વચન છે. મૂકાતું એવું પૂર્વભવનું શરીર તે આ પહેલા સમયમાં મુક્ત (મૂકાયેલું) એટલે અભાવાત્મક થયેલું ગણાય છે, માટે તે વખતે જીવ અનાહારી હોય છે એમ 'પ્રજ્ઞપ્તિ' આદિને અનુસરનારા માને છે. અહીં ક્રિયાકાળ અને નિષ્ઠાકાળ (સમાપ્તિકાળ) એ બેને અભિન્ન માનવારૂપ નિશ્ચયનો આશ્રય તે આચાર્યોએ કરેલો હોવાથી એ પ્રમાણે માને છે, એ તાત્પર્ય છે.

અને શ્રી તત્ત્વાર્થસૂત્રની ટીકા વગેરેને અનુસરનારા આચાર્યો તો એમ માને છે કે - એમાં (એકવિગ્રહા ગતિમાં) પહેલા સમયે પણ જીવ અનાહારી હોતો નથી, કારણ કે તે પૂર્વભવનું


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છોડાતું શરીર હજી 'મુચ્યમાન' એટલે મૂકાતું ગણાય, પરન્તુ હજી 'મુક્ત' એટલે મૂકી દીધેલું અર્થાત્ સર્વથા છોડી દીધેલું ન ગણાય, એટલે તેનો સદ્ભાવ હજી છે (તે અભાવાત્મક નથી થયું); અને એ કારણથી જ તે સમય પૂર્વભવનો છેલ્લો સમય ગણાય છે (અર્થાત્ શરીર સર્વથા મૂકી દીધું હોય તો તે સમય પૂર્વભવનો સમય અને છેલ્લો સમય શી રીતે ગણાય ?) પરન્તુ પરભવનો પહેલો સમય ગણાય નહિ; કારણ કે શરીર મૂકવાના સમયે પૂર્વભવના શરીરનો હજી પણ સદ્ભાવ છે, અને તે શરીરનો સદ્ભાવ હોવાથી 'જેને આહાર વિદ્યમાન ન હોય તે અનાહારક' એમ કહેવું અશક્ય જ છે. માટે તે સમયે (શરીર છોડવાના સમયે) જીવ અનાહારી ન હોય. અહીં ક્રિયાકાળ અને સમાપ્તિકાળ એ બેમાં ભેદ માનવાવાળા વ્યવહારનયનો આશ્રય છે, એમ જાણવું. અહીં એ બન્ને મત કથંચિત્ પ્રમાણ છે. કારણ કે જૈન સિદ્ધાન્ત નિશ્ચયનય અને વ્યવહારનય એમ બન્ને નયાત્મક છે. તથા બીજા સમયમાં તો જીવ ઉત્પત્તિસ્થાનમાં આવી જવાથી બીજા સમયમાં આહારી જ હોય છે, તે વાતમાં કોઈપણ પ્રકારનો વિવાદ નથી. (અર્થાત્ બીજા સમયે આહારી હોવાના સંબંધમાં પહેલા સમયવત્ નિશ્ચયવાદ અને વ્યવહારવાદ રૂપ બે મત પૂર્વે કહ્યા તે છે નહિ).

વળી જ્યારે જીવનું ઉત્પત્તિસ્થાન મરણસ્થાનથી જો વિશેષ વક્ર હોય તો જીવની દ્વિવક્રા વિગ્રહગતિ હોય છે. જેમ કે તે જ ઈશાનખૂણાના ઉપરલા ભાગથી નૈર્ઋત્યકોણનો નીચેનો પ્રદેશ (ઉત્પત્તિસ્થાન હોય ત્યારે) જીવ પહેલા સમયે ઉપરના વાયવ્યખૂણામાં જાય છે, ત્યારબાદ બીજા સમયે નૈર્ઋત્યકોણના નીચેના ભાગમાં જ ઉત્પત્તિસ્થાને આવી જાય છે. એ પ્રમાણે તે બે વિગ્રહવાળી ત્રણ સમયની વિગ્રહગતિ (દ્વિવક્રા ગતિ) ગણાય છે. વળી એ ત્રણ સમયોની ગતિ એ જ રીતે હોય એમ ન જાણવું. પરન્તુ કહેલી પદ્ધતિએ બીજી રીતે પણ હોઈ શકે છે તે બુધ્ધિમાનોએ વિચારવી. અહીં જે પ્રકાર દર્શાવ્યો તે તો ઉપલક્ષણમાત્ર જ (દિગ્દર્શનમાત્ર જ) છે. અને આ સૂચના પૂર્વે તથા હવે પછી વર્ણવાતી ગતિઓ માટે પણ સમજી લેવી.

અહીં પણ, પૂર્વે કહેલી યુક્તિ પ્રમાણે, નિશ્ચયનયવાદીઓ પહેલા બે સમયમાં અનાહારી અને ત્રીજે સમયે આહારી એમ માને છે. અને વ્યવહારનયવાદીઓ પૂર્વે કહેલી (વ્યવહારનયની) યુક્તિ પ્રમાણે એક વિગ્રહના સમયમાં જ (મધ્યના જ એક સમયમાં) અનાહારી માને છે, પરન્તુ પહેલા અને છેલ્લા (ત્રીજા) સમયમાં અનાહારી માનતા નથી. એ પ્રમાણે ત્રસ જીવોને પરભવમાં જતાં પૂર્વે કહેલા સ્વરૂપવાળી એક સમયની ઋજુગતિ અને બે સમય તથા ત્રણ સમયની (એ બે પ્રકારની) વિગ્રહગતિ; એ રીતે ત્રણ પ્રકારની ગતિ સંભવે છે.

હવે ચાર સમયની ત્રણ વિગ્રહવાળી (ત્રિવક્રા) ગતિ જે એકેન્દ્રિયોને જ હોય છે, તેની ભાવના કહેવાય છે - અહીં, ત્રસનાડીની બહાર, વિદિશામાં રહેલા જે નિગોદ વિગેરે એકેન્દ્રિય જીવની ઉત્પત્તિ, અધોલોકથી ઊર્ધ્વલોકમાં, ત્રસનાડીની બહાર જ, દિશિમાં થાય છે, તે જીવ અવશ્ય એક સમયમાં વિદિશિમાંથી દિશામાં આવે છે; બીજે સમયે ત્રસનાડીમાં પ્રવેશ કરે છે, ત્રીજે સમયે ઊર્ધ્વલોકમાં જાય છે, અને ચોથે સમયે ત્રસનાડીથી બહાર નીકળીને


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્પત્તિસ્થાનમાં ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે આ વિગ્રહગતિ ત્રણ વિગ્રહવાળી અને ચાર સમયની છે. આ વિગ્રહગતિમાં પણ પૂર્વવત્ કેટલાક આચાર્યોના મતે (નિશ્ચયનયની અપેક્ષાએ) પહેલા ત્રણ સમયમાં અનાહારી હોય અને ચોથે સમયે જીવ આહારી ગણાય છે. અને બીજા આચાર્યોના (વ્યવહારવાદીઓના) મતે મધ્યના બે સમયમાં જ અનાહારી હોય છે, પરન્તુ પહેલા અને છેલ્લા (ચોથા) સમયમાં નહિ. એ પ્રમાણે સિદ્ધાન્તમાં જીવોની ભવાન્તરાલગતિ (બે ભવ વચ્ચેની ગતિ) એ ચાર પ્રકારની જ કહી છે. તેમાં ૧. ઋજુગતિ, ૨. એકવક્રા, ૩. દ્વિવક્રા અને ૪. ત્રિવક્રા ગતિ.

બીજા આચાર્યો એમ કહે છે કે અહીં પાંચ સમયની ચાર વિગ્રહવાળી (चतुर्वक्रा) ગતિ પણ સંભવે છે. તે આ પ્રમાણે - જીવ જ્યારે ત્રસનાડીની બહારની વિદિશામાંથી નીકળી ત્રસનાડી બહારની જ વિદિશામાં ઉત્પન્ન થાય ત્યારે પાંચ સમયની ચતુર્વક્રા ગતિ થાય છે. અને એ ચતુર્વક્રા ગતિમાં પૂર્વ[૧]ની પેઠે જ ૩ સમય થાય છે. અને ચોથે સમયે ત્રસનાડીની બહાર નીકળી ઉત્પત્તિસ્થાનની સમશ્રેણિમાં આવે છે, તથા પાંચમા સમયે ત્રસનાડી બહાર વિદિશિમાં રહેલા ઉત્પત્તિસ્થાનમાં ઉત્પન્ન થાય છે.

એ પાંચ સમયની ચતુર્વક ગતિમાં પણ કેટલાક આચાર્યોના (નિશ્ચયનયના) મતે પહેલા ચાર સમયમાં અનાહારી, અને પાંચમે સમયે આહારી હોય છે. અને બીજા કેટલાક આચાર્યોના મતે (વ્યવહારનયના મતે) મધ્યના ૩ વિગ્રહસમયોમાં જ અનાહારી, અને પહેલા તથા છેલ્લા (પાંચમા) સમયે આહારી હોય છે. કહ્યું છે કે -

'एकं द्वौ वाऽनाहारकः' (તત્ત્વાર્થ, અધ્યાય ૧ લો, સૂત્ર ૩૧ મું) એટલે એક અથવા બે સમય અનાહારક હોય છે'. એમાં वा શબ્દથી કોઈક વખત ત્રણ સમય પણ અનાહારીપણું પ્રાપ્ત થાય[૨] છે. વળી એ પાંચ સમયની ચતુર્વિગ્રહા ગતિ કદાચિત્ હોવાથી સિદ્ધાન્તોમાં કહી નથી. કારણ કે એકેન્દ્રિય જીવોની પણ પ્રાયઃ એવી રીતે ઉત્પત્તિ થતી નથી.

એ પ્રમાણે વિગ્રહગતિને પ્રાપ્ત થયેલા જીવો અનાહારક જે રીતે છે તે રીતે દર્શાવ્યા. અહીં વિગ્રહગતિવાળા જીવો જ અનાહારી હોય (પરન્તુ બીજા નહિ) એમ નિશ્ચય ન જાણવો. કારણ કે સિદ્ધ વિગેરેને પણ અનાહારીપણું છે. તેમજ વિગ્રહગતિમાં અનાહારક જ હોય એવો પણ નિશ્ચય ન જાણવો. કારણ કે (વિગ્રહગતિમાં પણ કેટલાક (અમુક) સમયોમાં જ અનાહારીપણું હોય છે, અને) કેટલાક સમયોમાં અનાહારીપણું નથી પણ કહેલું માટે.

प्रश्नः- તો પછી 'સર્વે વાક્યો સાવધારણ (નિશ્ચયવાળાં) હોય છે,' એ નિયમ અહીં કેમ લગાડવો ?

उत्तरः- અહીં પણ અવધારણ થશે જ. પણ ફક્ત તે સંભાવના દર્શાવવા પૂરતું જ હશે,

૧. પૂર્વની પેઠે ૩ સમય આ પ્રમાણે - પહેલા સમયે અધોલોકમાં ત્રસનાડી બહાર વિદિશિમાં મરણ પામેલો એકેન્દ્રિયજીવ વિદિશિમાંથી દિશિમાં આવે છે. ત્યારબાદ બીજે સમયે દિશિમાંથી સમશ્રેણિએ ત્રસનાડીમાં પ્રવેશ કરે છે. ત્યારબાદ ત્રીજા સમયે ઊર્ધ્વલોકમાં જાય છે. (ત્યારબાદ ચોથે સમયે ઊર્ધ્વ. ત્રસનાડી બહાર દિશિમાં જાય, અને પાંચમે સમયે વિદિશિમાં ઉત્પસ્થાને આવે. - ઈતિ)

૨. તથા ભાષ્યકારના અભિપ્રાય પ્રમાણે તો वा શબ્દ એક સમય અને બે સમય એ બે વિકલ્પ માટે સાર્થક કરેલ છે, તેથી તેમાં અધિક સમયનો નિષેધ સ્પષ્ટ થાય છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને તે અવધારણ 'અ[1]યોગ વ્યવચ્છેદ' પ્રકારનું હશે. એટલે અહીં 'વિગ્રહગતિમાં (પણ) અનાહારક (જીવો) સંભવે છે જ' એવું અવધારણ થશે. જેમ 'આકાશમાં પંખી' તથા 'જાળમાં માછલું' (એ વાક્યોમાં 'સંભવે જ' એવું અવધારણ કલ્પાય છે, તેમ અહીં પણ કલ્પવાનું છે). અધિક વિસ્તારથી અહીં સર્યું.

**॥ सयोगी अयोगी केवलीमां अनाहारकपणुं ॥**

તથા સમવહત એટલે સમુદ્દ્ઘાતને પ્રાપ્ત થયેલા એવા સયોગીકેવલીઓ પણ સમુદ્દ્ઘાતમાં ત્રીજા, ચોથા અને પાંચમા એ ત્રણ સમયોમાં કેવળ કાર્મણ કાયયોગ વખતે અનાહારી હોય છે, એ વાત આ ગ્રંથમાં પણ પ્રથમ સવિસ્તર કહેવાઈ ગઈ છે જ. અને અયોગી કેવલીઓ તો સર્વથા અનાહારક જ હોય છે. કારણ કે આહાર ગ્રહણ કરવામાં કારણભૂત એવા ઔદારિકાદિ શરીરનો અને ક્ષુધાદિ વેદનીયકર્મનો અયોગી કેવલીઓમાં અભાવ છે માટે.

**॥ ઓજ આહાર, લોમ આહાર, અને પ્રક્ષેપાહાર ॥**

વળી પૂર્વે કહેલા અનાહારી જીવો સિવાયના શેષ સર્વે જીવો આહારી જ હોય છે, કારણ કે ઓજ આહાર, લોમ આહાર અને પ્રક્ષેપઆહાર (કવલાહાર) એ ત્રણ આહારને, આહાર ગ્રહણનું કારણ હોવાથી (ઔદારિકાદિ શરીર હોવાથી) યથાસંભવ કરે છે જ માટે. ત્યાં ओजस् એટલે तैजस् શરીર વડે અર્થાત્ પોતાના સહચારી (અનાદિ કાળથી તૈજસ્ શરીર સાથે સંબંધવાળા) કાર્મણશરીરસહિત એવા તૈજસ શરીર વડે જે આહાર તે ओजआहार. અહીં 'ઓજસ્' શબ્દમાંથી સ્ નો લોપ થયો છે (તેથી ઓજસ્ આહારને બદલે ઓજઆહાર નામ છે. અથવા ओजस् એટલે પોતાના ઉત્પત્તિસ્થાનને યોગ્ય શુક્રસહિત શોણિત (વીર્યસહિત રૂધિર) વિગેરે પુદ્ગલોનો સમૂહ; તેનો જે આહાર તે ओजआहार. આ ઓજઆહાર સર્વ જીવોને અપર્યાપ્ત અવસ્થામાં જ અંતર્મુહૂર્ત સુધી હોય છે, એમ જાણવું. ॥इति ओजआहारस्वरूपम् ॥

તથા લોમ - રૂંવાડાનાં છિદ્રો વડે, શિશિર તથા વર્ષાઋતુ વગેરેના કાળમાં સંભવનાર શીતલ જલ આદિનાં પુદ્ગલોનું ગ્રહણ થવું તે લોમાહાર. અને તે આહાર, પર્યાપ્તિ પૂરી થયા પછીથી ભવની સમાપ્તિ થાય ત્યાં સુધી, સર્વ જીવોને હોય છે.

તથા પ્રક્ષેપણ એટલે મુખમાં પ્રવેશ કરાવવો તે प्रक्षेप; તે રૂપે ઓદન (ભાત) વિગેરેનો આહાર તે प्रक्षेपाहार કહેવાય. અથવા જે વસ્તુ મુખમાં પ્રક્ષેપાય તે પ્રક્ષેપ. તે ભાતના કવલ (કોળિયા) વિગેરે; તેનો જે આહાર તે प्रक्षेपाहार (એ રીતે બે [2]પદ્ધતિએ અર્થ કહ્યો). એ પ્રક્ષેપઆહાર વિકલેન્દ્રિયોને, પંચેન્દ્રિય તિર્યંચોને તથા મનુષ્યોને જ જાણવો. વળી તેઓને પણ એ આહાર કદાચિત્ કદાચિત્ હોય છે, પરન્તુ પ્રતિસમય (અવિરહિત) હોતો નથી. જે કારણથી કહ્યું છે કે -

---

૧. આ एवकाररूप અવધારણ 'અત્યન્તાયોગવ્યવચ્છેદ' નામક અવધારણ છે. આ અવધારણ વાક્યમાં હમેશાં ક્રિયાપદની સાથે જોડાય છે, અને એ અવધારણથી જે તે પદાર્થમાં જે તે પદાર્થની સંભાવના અવશ્ય હોવાનું - અને તેનો અભાવ નહિ હોવાનું સિદ્ધ થાય છે.

૨. એ બે પ્રકારના અર્થમાં પહેલો અર્થ ક્રિયાવાચક છે, અને બીજો અર્થ પદાર્થવાચક છે, માટે બન્ને અર્થ સાર્થક છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'સર્વે અપર્યાપ્ત જીવો ઓજઆહારવાળા જાણવા, તથા પર્યાપ્ત જીવો લોમઆહારવાળા જાણવા, અને પર્યાપ્ત જીવોમાં પ્રક્ષેપઆહાર ભજ[1]નાએ (વિકલ્પે) હોય છે ॥૧॥ એકેન્દ્રિયોને, દેવોને અને નારકોને પ્રક્ષેપઆહાર નથી, અને શેષ સર્વ સંસારી જીવોને પ્રક્ષેપ આહાર હોય છે. ॥૨॥'

પ્રશ્નઃ- ભવનપતિ આદિ દેવોને મન વડે ચિંતવવા માત્રથી જ આહાર પ્રાપ્ત થાય છે, તો તે ચિંતવનમાત્રથી પ્રાપ્ત થતા આહારરૂપ ચોથો ભેદ પણ સંભવે છે, છતાં આ ગ્રંથમાં કેમ કહ્યો નથી ? (એટલે મનઃચિંતિત - આહારસહિત આહાર ચાર પ્રકારનો કેમ ગણતા નથી ?)

ઉત્તરઃ- જો કે આ વાત સત્ય છે. પરન્તુ મનોઆહારમાં હાથ વિગેરેથી, મુખમાં નહિ પ્રક્ષેપેલાં આગન્તુક પુદ્ગલો જ (સ્વતઃ ગ્રહણ થતાં પુદ્ગલો જ) આહારરૂપે પરિણમે છે, અને લોમાહારમાં પણ એમ જ થાય છે (એટલે લોમાહારમાં પણ મુખમાં નહિ પ્રક્ષેપેલા, પરન્તુ સ્વતઃ પ્રાપ્ત થયેલાં પુદ્ગલો જ આહારપણે પરિણમે છે.) તે કારણથી એવા પ્રકારની તુલ્યતા - સમાનતામાત્રથી મનશ્ચિંતિત આહારને લોમાહારમાં જ અન્ત[2]ર્ગત ગણ્યો છે, પરન્તુ તે આહારને આગમમાં પણ જુદો ગણાવ્યો નથી, માટે એ બાબતમાં કોઈ વિરોધ નથી.

આ રીતે, વિગ્રહગતિવાળા, સમુદ્ઘાતપ્રાપ્ત કેવલી, અયોગી, અને સર્વ સિદ્ધ એ સિવાયના સર્વે સંસારી જીવો પૂર્વોક્ત સ્વરૂપવાળા ત્રણે પ્રકારના આહારને યથાસંભવ (જેને જેવી રીતે સંભવે છે તે તેવી રીતે) ગ્રહણ કરે છે તેથી તે આહારક છે જ. એ ગાથાર્થ કહ્યો. ॥૮૨॥

એ પ્રમાણે આહારી અને અનાહારી જીવોનું સ્વરૂપ કહ્યું. હવે તે આહારી- અનાહારીપણું ગુણસ્થાનરૂપ જીવભેદોમાં વિચારવું જોઈએ, પરન્તુ તે ગુણસ્થાનોમાં આહારનો વિચાર સુગમ હોવા વિગેરેરૂપ કોઈપણ કારણથી ગ્રંથકર્તાએ કર્યો નથી. માટે મુગ્ધ (અજ્ઞાન) શિષ્યોના અનુગ્રહ માટે અમો જ તે બાબતનો વિચાર કહીએ છીએ.

## ॥ ગુણસ્થાનોમાં આહારીપણું અને અનાહારીપણું ॥

ત્યાં અનાહારીપણામાં મિથ્યાદૃષ્ટિ, સાસ્વાદન, અવિરત સમ્યગ્દૃષ્ટિ, અયોગી કેવલી, અને સમુદ્ઘાતમાં ત્રીજા, ચોથા, પાંચમા સમયમાં વર્તતા સયોગી કેવલિઓ હોય છે, પરન્તુ શેષ ગુણસ્થાનવાળા જીવો હોતા નથી. તે આ પ્રમાણે - અયોગી કેવલી અને ત્રીજા, ચોથા, પાંચમા સમયમાં સમુદ્ઘાતવર્તી કેવલી, એ બેને વર્જીને શેષ સર્વે સંસારી જીવો વિગ્રહગતિમાં જ અનાહારક સંભવે છે, પરન્તુ બીજે નહિ. અને તે વિગ્રહગતિ પૂર્વભવમાંથી મરણ પામીને પરભવમાં જતાં (માર્ગમાં વહેતા) જીવોને જ હોય છે. અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ (મિશ્રગુણસ્થાનવાળા જીવો) તો મિશ્રગુણસ્થાનમાં રહ્યા છતાં મરણ જ પામતાં નથી, 'ન

૧. પર્યાપ્ત જીવોમાં દેવ - નારકને પ્રક્ષેપ આહાર ન હોય, અને મનુષ્યાદિને હોય માટે ભજના.

૨. લોમાહાર બે પ્રકારનો છે, આભોગિક એટલે બુદ્ધિપૂર્વક ગ્રહણ થતો, અને અનાભોગિક એટલે ઈચ્છા વિના સ્વતઃ પ્રાપ્ત થતો. ત્યાં દેવનો આભોગિક આહાર 'મનોભક્ષી' નામથી સિદ્ધાન્તોમાં કહ્યો છે, અને તે ઘણાં કાળના આંતરે આંતરે હોય છે. નારકને મનોભક્ષી લોમાહાર નથી, પરન્તુ પ્રતિસમય આહારનો અભિલાષ હોવાથી અશુભ પુદ્ગલો પ્રતિસમય ગ્રહણ કરે છે, તે આભોગિક લોમાહારમાં ગણાય છે.

Jain Education International

For Private & Personal Use Only
www.jainelibrary.org

सम्ममिच्छो कुणइ कालं (સમ્યગ્મિથ્યાદૃષ્ટિ કાળ ન કરે)' એવું વચન હોવાથી. માટે તે મિશ્રગુણસ્થાનવાળા જીવોને વિગ્રહગતિનો સંભવ જ ક્યાંથી હોય ? અને જો વિગ્રહગતિ ન હોય તો અનાહારીપણું પણ કેવી રીતે હોય ? (માટે મિશ્રગુણસ્થાનવર્તી જીવો અનાહારી ન હોય, પરન્તુ આહારી જ હોય).

તથા દેશવિરતિથી ક્ષીણમોહ ગુણસ્થાન સુધીનાં આઠ ગુણસ્થાનમાં વર્તતા જીવો વિગ્રહગતિમાં સંભવતા નથી. કારણ કે પરભવમાં જતાં માર્ગમાં દેશવિરતિ વિગેરેને યોગ્ય અધ્યવસાયોનો જ સિદ્ધાન્તમાં નિષેધ કરેલો છે. તેથી તે જીવોને (આઠ ગુણસ્થાનવાળા જીવોને) પણ અનાહારકપણું ક્યાંથી હોય ? (માટે તે ૫ થી ૧૨ સુધીના ગુણસ્થાનવાળા જીવો આહારી જ હોય છે). તથા સમુદ્ઘાતના ત્રીજા, ચોથા, પાંચમા સમયને વર્જીને શેષ સયોગી કેવલીઓ પણ અનાહારી સંભવતા નથી. કારણ કે તેઓને વિગ્રહગતિનો અભાવ છે. અને જે તે મિશ્રદૃષ્ટિ, દેશવિરતિ આદિ આઠ, અને સમુદ્ઘાતના ત્રીજા, ચોથા, પાંચમા સમય સિવાયના કેવલીઓ એ સર્વે જીવો તથા વિગ્રહગતિ સિવાયના મિથ્યાદૃષ્ટિઓ, સાસ્વાદનીઓ, અને અવિરતસમ્યગ્દૃષ્ટિઓએ સર્વે પણ પૂર્વે કહેલી રીતિ પ્રમાણે અનાહારીપણાથી રહિત હોવાથી સર્વે આહારીપણામાં વર્તે છે, એમ સામર્થ્યથી કહેલું જ જાણવું. એ પ્રમાણે આહારકદ્વાર સમાપ્ત થયું. અને એ આહારકદ્વાર સમાપ્ત થયા સાથે ગતિથી પ્રારંભીને આહારક માર્ગણા સુધીનાં ૧૪ દ્વારોમાં (૧૪ માર્ગણાઓમાં અને ૬૨ પ્રતિમાર્ગણાઓમાં) ચૌદ ગુણસ્થાનરૂપ ૧૪ જીવભેદ પણ વિચાર્યા (એટલે ૧૪ માર્ગણામાં ૧૪ ગુણસ્થાનક કહ્યાં). અને તે વિચારવા સાથે संतपयपरूवणया दव्वपमाणं च ઈત્યાદિ પદવાળી ગાથામાં કહેલું પહેલું सत्पदप्ररूपणा દ્વાર સમાપ્ત થયું. ।। इति प्रथमं सत्पदप्ररूपणाद्वारं समाप्तम् ।।८२।।

अवतरण: હવે બીજું द्रव्यप्रमाणद्वार કહેવાનો અવસર છે, તો પણ તે કહેવાશે નહિ, કારણ કે તે દ્વાર કહેવાનું બાકી છે, તે પહેલાં વચમાં જ કોઈ પ્રશ્ન કરે છે કે - તમોએ ગતિ વિગેરે ૧૪ માર્ગણાઓમાં ૧૪ ગુણસ્થાનરૂપ જીવભેદ વિચાર્યા - કહ્યા, પરન્તુ જે કોઈપણ પ્રકારના સાધારણ (સર્વને એક સરખી રીતે લાગુ પડી શકે તેવા) લક્ષણ વડે જીવ અજીવથી ભિન્ન સમજાય છે, તેવું સાધારણ લક્ષણ તો તમોએ હજી સુધી પણ અહીં કહ્યું નહિ. તો તેવા પ્રકારનું જીવનું લક્ષણ જાણ્યા વિના અજીવથી વિલક્ષણ (ભિન્ન લક્ષણવાળા) જીવોને સમજવા જ કેવી રીતે ? એવા પ્રકારની આશંકા કરીને તેના પ્રત્યુત્તરરૂપે હવે સર્વ જીવોનું જે સાધારણ લક્ષણ છે તે કહે છે :

**नाणं पंचविहंपि य, अण्णाणतिगं च सव्वसागारं ।**
**चउदंसणमणगारं, सव्वे तल्लक्खणा जीवा ।।८३।।**

गाथार्थ: પાંચે પ્રકારનું જ્ઞાન પણ અને ત્રણ પ્રકારનું અજ્ઞાન એ સર્વે (આઠે) સાકાર ઉપયોગ છે, અને ચાર પ્રકારનું દર્શન તે અનાકાર ઉપયોગ છે, અને સર્વે જીવો એ ૧૨ પ્રકારના ઉપયોગરૂપ લક્ષણવાળા છે. ।।૮૩।।

टीकार्थ: અહીં ઉપયોજન (સમીપમાં જોડાવું, અર્થાત્ ગ્રાહ્ય અર્થ પ્રત્યે આત્માનું જોડાવું) તે ઉપયોગ. અથવા જેના વડે, અથવા જેનાથી, અથવા જેને વિષે, જીવ 'उपयुज्यते' એટલે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થગ્રહણરૂપ પરિણામ વડે પરિણમે તે उपयोग કહેવાય. અર્થાત્ કંઈપણ વિશેષતા રહિત સામાન્યપણે જે બોધ તે ઉપયોગ. વળી તેને વિશેષ પ્રકારે વિચારીએ તો તે ઉપયોગ બે પ્રકારનો છે - ૧. સાકાર ઉપયોગ અને ૨. નિરાકાર ઉપયોગ. ત્યાં ગ્રહણ કરવા યોગ્ય અર્થસંબંધી આકાર (વિશેષ ધર્મ) સહિત જે પ્રવર્તે તે साकार उपयोग, અને જે ઉપયોગમાં ગ્રાહ્ય અર્થસંબંધી આકાર (વિશેષ ધર્મ) વર્તતો નથી તે अनाकार उपयोग. ત્યાં સાકાર ઉપયોગ આઠ પ્રકારનો છે. તે કેવી રીતે ? તે કહે છે. -

नाणं पंचविहं ઇત્યાદિ. જેના વડે વસ્તુ વિશેષ પ્રકારે ज्ञायते એટલે પરિચ્છેદ કરાય તે ज्ञान. તે આભિનિબોધિક જ્ઞાન (મતિજ્ઞાન), શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન અને કેવળજ્ઞાન એમ પાંચ પ્રકારનું છે. એ પાંચે પ્રકારનું જ્ઞાન તથા મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન એ ત્રણ પ્રકારનું અજ્ઞાન તે सव्व सागार એટલે તે સર્વે (આઠે બોધ) સાકાર છે, અર્થાત્ साकारोपयोग છે.

તથા અનાકારોપયોગ ૪ પ્રકારનો છે. કેવી રીતે ? તે કહે છે - चउ दंसणं એટલે ચાર દર્શન, તેમાં પહેલું ચક્ષુદર્શન છે. તેનો અર્થઃ - ચક્ષુ વડે જે દર્શન એટલે પદાર્થનું સામાન્ય આકારે પર્યાલોચન (વસ્તુનો સામાન્ય બોધ) તે ૧. चक्षुर्दर्शन, તથા અચક્ષુ વડે એટલે ચક્ષુ સિવાયની ૪ ઇન્દ્રિયો વડે અને મન વડે જે દર્શન એટલે વસ્તુનું સામાન્ય આકારે ગ્રહણ તે ૨. अचक्षुर्दर्शन. તથા અવધિ વડે જે દર્શન અથવા તો અવધિ એજ દર્શન તે ૩. अवधिदर्शन. તથા કેવલ એટલે (ઇન્દ્રિય અથવા મનની) સહાય વિનાનું એટલે ચક્ષુદર્શન આદિ વડે અસહચારી (રહિત) જે દર્શન તે ૪. केवलदर्शन જાણવું. વળી એ ચારે દર્શન अणगार = अनाकार એટલે જેનો આકાર વિદ્યમાન નથી તે અનાકાર, એવું છે, અર્થાત્ એ ચારે દર્શન અનાકાર ઉપયોગરૂપ છે એ ભાવાર્થ છે.

प्रश्नः- 'મનુષ્ય મનુષ્ય' ઇત્યાદિ રીતે સામાન્ય આકારરૂપે વસ્તુનું ગ્રહણ થાય ત્યારે તે દર્શન કહેવાય છે, અને તે જ વસ્તુનું 'આ સ્ત્રી છે, આ પુરુષ છે, આ દેવદત્ત છે, આ યજ્ઞદત્ત છે' ઇત્યાદિ વિશેષ આકારરૂપે ભાન થાય ત્યારે તે જ્ઞાન કહેવાય છે. એ પ્રમાણે દર્શનોપયોગમાં પણ પદાર્થનો સામાન્ય આકાર તો ભાસમાન થાય છે જ. તો દર્શનોપયોગમાં અનાકારપણું (આકારનો અભાવ) કેવી રીતે ગણાય ?

उत्तरः- એ વાત સત્ય છે, પરન્તુ જેમ કન્યાને ઉદર (પેટ) છે, તો પણ ગર્ભવાળું ઉદર ન હોવાથી 'અનુદરા કન્યા' એટલે 'કન્યા ઉદર વિનાની છે' એમ લોકમાં કહેવાય છે; તથા જેમ એક રૂપિયો વિગેરેરૂપ અલ્પ ધન હોવા છતાં વિશિષ્ટ પ્રકારનું ઘણું ધન ન હોવાથી 'દેવદત્ત નિર્ધન છે' એમ લોકમાં કહેવાય છે, તેમ અહીં પણ દર્શનોપયોગમાં વસ્તુનો સામાન્ય આકાર વર્તવા છતાં, જ્ઞાન વડે ગ્રહણ કરાય છે તેવા પ્રકારનો વિશિષ્ટ આકાર ન હોવાથી દર્શનોપયોગમાં અનાકારપણું કહેવાય છે, માટે એ બાબતમાં કોઈ દોષ નથી.

એ રીતે પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન એ સર્વે साकार उपयोग છે, માટે સાકાર ઉપયોગ આઠ પ્રકારનો છે. અને ચક્ષુદર્શન વિગેરે ચાર દર્શનો તે अनाकार उपयोग છે. એ પ્રમાણે આ અનાકાર ઉપયોગ ચાર પ્રકારનો છે એમ સિદ્ધ થયું.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सव्वे तल्लक्खणा जीवा = તે પૂર્વે કહેલા બારે પ્રકારના ઉપયોગ તે જીવનું લક્ષણ છે, એટલે જીવપણું જાણવાનો ઉપાય છે. તે લક્ષણ - સામાન્યથી જે સર્વ જીવોને છે તે સર્વે જીવો 'તત્લક્ષણા' એટલે ઉપયોગ લક્ષણવાળા છે. અર્થાત્ સામાન્યપણે એ બારે ઉપયોગ જીવનાં લક્ષણ તરીકે ગણાય છે. અને વિશેષથી જાણવાની ઈચ્છા થયે છતે તો એકેન્દ્રિયોને, દ્વીન્દ્રિયોને અને ત્રીન્દ્રિયોને મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન તથા અચક્ષુદર્શન એ ૩ ઉપયોગ છે, તેથી ત્રણ જ ઉપયોગ એકેન્દ્રિય જીવોનાં લક્ષણ તરીકે જાણવાં. તથા ચતુરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયોને તો ત્રણ ઉપયોગ એજ, અને ચોથો ચક્ષુદર્શન ઉપયોગ છે. અને સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય વિગેરેને અનેક જીવની (જુદા જુદા જીવની) અપેક્ષાએ એ બારે ઉપયોગ પ્રાપ્ત થાય છે, અને સંજ્ઞી પંચેન્દ્રિયોમાં એકેક જીવની અપેક્ષાએ જેટલા ઉપયોગ પ્રાપ્ત થવા યોગ્ય છે તેટલા ઉપયોગ પોતાની બુદ્ધિ વડે વિચારવા. (અર્થાત્ સંજ્ઞી પંચેન્દ્રિય જીવોમાં એક મનુષ્યને અથવા એક દેવને અથવા એક નારકને અથવા એક તિર્યંચને બારે ઉપયોગ વર્તતા હોય છે એમ નથી, પરન્તુ કોઈને કેટલા તો કોઈને કેટલા ઉપયોગ વર્તે છે, તે સર્વ સ્વબુદ્ધિ વડે વિ[1]ચારવા).

એ પ્રમાણે ઉપર કહેલા સ્વરૂપવાળા બાર પ્રકારના ઉપયોગ વડે અજીવથી વ્યાવૃત્ત (જુદા પડતા) એવા જીવો ઓળખાય છે, તે કારણથી જીવોને તે બાર પ્રકારના ઉપયોગરૂપ લક્ષણવાળા કહ્યા છે, પરન્તુ અજીવોને નહિ; કારણ કે તે અજીવોમાં પૂર્વે કહેલા સ્વરૂપવાળા ઉપયોગનો અભાવ છે, એ તાત્પર્ય છે. વળી બીજા ગ્રંથોમાં જે કહ્યું છે કે 'उपयोगलक्षणो जीवः' (તત્ત્વાર્થસૂત્રના બીજા અધ્યાયમાં उपयोगो लक्षणं એ સૂત્ર છે) તે જીવ-સામાન્યની તેમજ સામાન્ય (નિર્વિશેષ) ઉપયોગની અપેક્ષાએ કહ્યું છે, એમ જાણવું. કારણ કે કોઈપણ જીવના જીવત્વનો કોઈ એક પ્રકારના પણ ઉપયોગમાત્ર સાથે કદાચિત્ પણ વ્યભિ[2]ચાર નથી, માટે જ

---

૧. અહીં ચાર ગતિમાં એક જીવની અપેક્ષાએ કેટલા ઉપયોગ હોય તે દર્શાવાય છે - એક નારકને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન, વિભંગજ્ઞાન, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિ દર્શન એ ૯ ઉપયોગ ભિન્નકાળ આશ્રયિ હોય, અને સમકાળે તો લબ્ધિથી ત્રણ જ્ઞાન હોય તો ત્રણ અજ્ઞાન ન હોય અને ત્રણ અજ્ઞાન હોય તો ત્રણ જ્ઞાન ન હોય, માટે બેમાંથી ગમે તે ત્રણ ઉપયોગ રહિત ૬ ઉપયોગ હોય. એક દેવને પણ લબ્ધિથી ભિન્નકાળ આશ્રયિ એજ ૯ ઉપયોગ, અને સમકાળે નારકવત્ ૬ ઉપયોગ હોય, કારણ કે જ્ઞાન - અજ્ઞાનમાં વિરોધી ૩ ઉપયોગ ન હોય. એક મનુષ્યને ભિન્નકાળ આશ્રયિ ૧૨ ઉપયોગ હોય, અને સમકાળે ૪ જ્ઞાન અને ૩ દર્શન (કેવળજ્ઞાન - દર્શન વિના) એ ૭ ઉપયોગ હોય.

એક સમ્મૂ૦ મનુષ્યને બન્ને રીતે બે અજ્ઞાન અને અચક્ષુદર્શન એ ૩ ઉપયોગ હોય. એક ગર્ભજ તિર્યંચને પણ ૯ ઉપયોગ તથા ૬ ઉપયોગ દેવ વા નારકવત્ વિચારવા. એક સમ્મૂર્છિમ તિર્યંચ પંચેન્દ્રિયને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન એ ૬ ઉપયોગ ભિન્નકાળ આશ્રયિ હોય, અને સમકાળે તો જ્ઞાન-અજ્ઞાનમાં વિરોધી બે જ્ઞાન વા અજ્ઞાન ન હોય તેથી ૪ ઉપયોગ હોય. એ પ્રમાણે ગતિની અપેક્ષાએ પણ એક જીવ આશ્રયિ ઉપયોગ સામાન્યથી કહ્યા જાણવા, કારણ કે વિશેષથી વિચારતાં તો દરેક ગતિના પ્રતિભેદ અનેક છે, માટે તે દરેકમાં જુદો જુદો વિચાર કરવાથી ઘણો વિસ્તાર થઈ જાય. તથા જેમ ગતિમાર્ગણામાં વિચાર કરાય છે, તેમ જાતિમાર્ગણા વિગેરે શેષ માર્ગણાઓમાં તથા તે દરેક માર્ગણાના ઉત્તરભેદમાં અને પ્રતિભેદમાં ઉપયોગનો વિચાર ઘણા વિસ્તારવાળો હોવાથી તે સર્વ પોતાની બુદ્ધિથી વિચારવું. અહીં તો સામાન્યથી ગતિમાર્ગણામાં એક જીવ આશ્રયિ સામાન્યથી ઉપયોગની પ્રાપ્તિ યથાસંભવ દર્શાવી છે.

૨. અર્થાત્ કોઈપણ જીવનું જીવત્વ એટલે કોઈપણ જીવ બાર પ્રકારમાંના ઉપયોગમાંના કોઈપણ પ્રકારના ઉપયોગવાળો અવશ્ય છે, અર્થાત્ જીવ ત્યાં ઉપયોગ, અને ઉપયોગ ત્યાં જીવ, તથા જીવ નહિ તો ઉપયોગ નહિ, અને ઉપયોગ નહિ તો જીવ પણ નહિ, એવા પ્રકારનો સંબંધ તે વ્યભિચારરહિત ગણાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપયોગ તે જીવનું લક્ષણ છે એમ ભાવાર્થ છે. એ પ્રમાણે અહીં ૮૩ મી ગાથાનો અર્થ સમાપ્ત થયો ॥૮૩॥ इति जीवलक्षणानि ॥

अवतरणः હવે ચાલુ વિષયના ઉપસંહાર માટે અને એ જે વાત કહી તે ઉપરથી જ ઉપજતા પ્રાસંગિક (પ્રસંગથી પ્રાપ્ત થયેલા) અજીવનાં લક્ષણ કહેવા રૂપ વિષયની પ્રસ્તાવના રચવા માટે આ ૮૪ મી ગાથા કહે છે :

**एवं जीवसमासा, बहुभेया वन्निया समासेणं ।**
**एवमिह भावरहिया, अजीवदव्वा उ विन्नेया ॥८४॥**

गाथार्थः એ પ્રમાણે જીવસમાસ (ગુણસ્થાનો વડે સંગૃહીત કરેલા જીવભેદો) ઘણા પ્રકારના છે, તે સંક્ષેપથી કહ્યા, અને (એ રીતે તે ૧૨ પ્રકારના ઉપયોગરૂપ) તેવા ભાવ-સ્વભાવ રહિત તે અજીવ-દ્રવ્યો જાણવાં. ॥૮૪॥

टीकार्थः एवं = પૂર્વે કહેલા પ્રકારે जीवसमासा એટલે સમગ્ર જીવરાશિનો સંગ્રહ થાય તેવા જીવસંક્ષેપ (જીવભેદ) वन्निया એટલે વર્ણવ્યા. તે જીવસમાસો કેવા પ્રકારના છે ? તે કહે છે - મિથ્યાદૃષ્ટિ અને સાસ્વાદન આદિ ગુણસ્થાનના પ્રકારે અથવા પ્રસંગથી કહેવાયેલા એકેન્દ્રિય, દ્વીન્દ્રિય આદિ પ્રકારો વડે અથવા તો ગતિ આદિ માર્ગણાદ્વારોના પ્રકાર વડે જેના ઘણા ભેદ છે, તે બહુ ભેદવાળા જીવો-જીવસમાસો કહ્યા અર્થાત્ જીવસમાસો પૂર્વે કહેલા ઘણા ભેદો વડે પ્રતિપાદન કર્યા; અને તે પણ समासेणं = સં[1]ક્ષેપથી જ પ્રતિપાદન કર્યા. કારણ કે તેનો ઘણો વિસ્તાર તો સિધ્ધાન્તરૂપી સમુદ્રથી જ જાણી શકાય તેમ છે.

प्रश्नः- જો જીવભેદો પૂર્વે કહેલા સ્વરૂપવાળા છે, તો અજીવો કેવા પ્રકારના અને કયા લક્ષણવાળા છે ? તે કહો; કારણ કે પ્રતિપક્ષ પદાર્થોનું સ્વરૂપ કહ્યે છતે જ તેનાથી વ્યાવૃત્ત સ્વરૂપવાળો (ભિન્ન સ્વરૂપવાળો) અર્થ-પદાર્થ સુખે જાણી શકાય છે. આવી આશંકા કરીને, જીવસમાસોનું પ્રતિપાદન પ્રસ્તુત હોવા છતાં તેના પ્રતિપક્ષી તરીકે તેની નજીકના સંબંધવાળા અજીવભેદોને પણ પ્રસંગથી પ્રતિપાદન કરવાની (કહેવાની) ઈચ્છાએ તેની પ્રસ્તાવના માટે ગ્રંથકર્તા કહે છે કે -

उत्तरः- एवमिह भावरहिया ઈત્યાદિ. એટલે જેમ પૂર્વે કહેલા સ્વરૂપવાળાં જીવ-દ્રવ્યો જાણ્યાં તેવી રીતે અજીવ-દ્રવ્યો પણ આ લોકમાં જાણવા યોગ્ય છે, એ સંબંધ છે. અહીં तु શબ્દનો अपि અર્થ છે. તે અજીવ-દ્રવ્યોને પણ જો જાણી લઈએ તો આ ગ્રંથમાં જ આગળ ઉપર તથા અન્યત્ર- અન્ય ગ્રંથોમાં પણ પ્રયોજનસિદ્ધિનો સંભવ છે (એટલે આ ગ્રંથમાં આગળ, અથવા બીજા ગ્રંથોમાં પણ, અહીં જાણેલાં અજીવ-દ્રવ્યો વડે જીવ અને અજીવ પદાર્થ સુખપૂર્વક સમજી શકાય, એ પ્રયોજન છે), એ તાત્પર્ય છે.

હવે તે અજીવ-દ્રવ્યો કેવા પ્રકારનાં છે ? તે ગ્રંથકર્તા કહે છે કે- भावरहिया = અહીં ભાવ

૧. 'અહીં ઘણા ભેદોપૂર્વક જીવ કહ્યા' એમ કહીને પુનઃ 'તે સંક્ષેપથી કહ્યા' એમ કહ્યું તે એ કહેલા ઘણા ભેદોથી પણ હજી ભિન્ન ભિન્ન પ્રકારે એથી પણ ઘણા ભેદો તેમજ તે ભેદોનું ઘણું વિસ્તૃત સ્વરૂપ સિદ્ધાન્તમાં છે એમ જણાવવા માટે જ.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલે ઔદયિક અને ઔપશમિક ભાવ વિગેરે ભાવો, અથવા તો પૂર્વે કહેલા ૧૨ ઉપયોગરૂપ જીવપર્યાયો, તે ભાવો વડે રહિત અજીવ-દ્રવ્યો છે, એમ જાણવું એ ગાથાર્થ કહ્યો. ॥૮૪॥

अवतरण : તે અજીવ-દ્રવ્યો કયા કયા ? એ પ્રમાણે શિષ્યની આશંકા કલ્પીને (તેના સમાધાનરૂપે) રૂપી અને અરૂપી એમ બે પ્રકારનાં અજીવ-દ્રવ્યો કહેવાની ઈચ્છાએ ગ્રંથકર્તા આ ગાથા કહે છે :

**ते उण धम्माधम्मा, आगास अरूविणो तहा कालो ।**
**खंधा देस पएसा, अणुत्तिऽवि य पोग्गला रूवी ॥८५॥**

गाथार्थ : તે અજીવદ્રવ્યો પુનઃ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એ ત્રણ અરૂપી દ્રવ્યો છે, અને કાળ પણ અરૂપી દ્રવ્ય છે. તથા સ્કંધ, દેશ, પ્રદેશ, અને પરમાણુ પણ એ ચાર પ્રકારનાં પુદ્ગલો છે, અને તે રૂપી છે. ॥૮૫॥

टीकार्थ : ते उण એટલે પૂર્વ ગાથામાં જે અજીવ-દ્રવ્યો જ્ઞેયપણે દર્શાવ્યાં છે તે દ્રવ્યો પુનઃ રૂપી અને અરૂપી એ બે પ્રકારનાં છે. આ વાક્યમાં 'બે પ્રકારનાં છે' એ શબ્દો અધ્યાહારથી ગ્રહણ કરેલા જાણવા. ત્યાં अरूविणो=અરૂપી એટલે અમૂર્ત દ્રવ્યો કયા છે ? તે કહે છે - धम्मा धम्मा आगास એટલે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એ ત્રણ તથા એક कालो = કાળદ્રવ્ય એ ચારે અજીવ દ્રવ્યો અમૂર્ત = અરૂપી જાણવાં.

## ॥ પાંચ અજીવ દ્રવ્યોનો શબ્દાર્થ અને ભાવાર્થ ॥

ત્યાં પોતાની મેળે જ ગતિ-ક્રિયા પરિણત થયેલા (એટલે ગતિક્રિયામાં પરિણમતા, ગતિ ક્રિયા કરતા) એવા જીવ અને પુદ્ગલોને પોતાના સ્વભાવરૂપ ઉપષ્ટંભ- આલંબન દ્વારા જે ધારણ કરી રાખે અથવા ધારણ કરે તે (અર્થાત્ ધર્માસ્તિકાયનો સ્વભાવ ગતિક્રિયામાં પરિણત થયેલા જીવોને અને પુદ્ગલોને તેઓની ગતિક્રિયામાં સહાયક થવું તે છે, તેવા પ્રકારના સ્વભાવ વડે જીવ-પુદ્ગલોને ગતિમાં સહાય કરે તે) ધર્મ કહેવાય. અને अस्ति એટલે પ્રદેશો, તેનો काय- સમૂહ-સંઘાત તે अस्तिकाय. અને 'ધર્મ અને તે અસ્તિકાય' એવો સમાસ છે માટે धर्मास्तिकाय એ શબ્દ સિદ્ધ થયો. અર્થાત્ સર્વ લોકાકાશમાં વ્યાપીને રહેલ અને અસંખ્ય પ્રદેશવાળો એવો એક પદાર્થવિશેષ ધર્માસ્તિકાય છે. તથા તેવી જ રીતે (પોતાની મેળે જ) ગતિક્રિયામાં પરિણત થયેલા જીવ- પુદ્ગલોને તેવા સ્વભાવપણે જે ધારણ ન કરે તે अधर्मास्तिकाय કહેવાય. અર્થાત્ જીવ-પુદ્ગલોને સ્થિર રહેવામાં આલંબનભૂત જે દ્રવ્ય તે અધર્માસ્તિકાય, એ તાત્પર્ય છે. શેષ સર્વ સ્વરૂપ ધર્માસ્તિકાયતુલ્ય જાણવું. (એટલે અધર્માસ્તિકાય પણ ધર્માસ્તિકાયવત્ સર્વ લોકમાં વ્યાપી રહેલો અને અસંખ્ય પ્રદેશવાળો એક પદાર્થ છે. તથા અસંખ્ય પ્રદેશરૂપ अस्तिनो काय = સમૂહ હોવાથી એ અધર્મ દ્રવ્ય પણ અસ્તિકાય છે).

તથા સર્વ પદાર્થોને આકાશન કરનાર હોવાથી આકાશદ્રવ્ય કહેવાય છે. અહીં તાત્પર્ય એ છે કે - પદાર્થસમૂહો, જેને વિષે, મર્યાદા એટલે કે તે (આકાશદ્રવ્ય)નો સંયોગ થવા છતાં પોતપોતાના રૂપમાં જ રહેવાની અને સર્વથા તે (આકાશ)ના સ્વરૂપમાં ઓગળી ન જવારૂપ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મર્યાદા વડે શોભે છે, અર્થાત્ પોતાના સ્વ-ભાવનો લાભ પામવા વડે તથા (આકાશમાં) અવસ્થિતિ કરવા વડે દીપે છે, તે 'આકાશ' છે. અથવા બીજો અર્થ વિચારતાં, સર્વભાવે તેના (આકાશના) સંયોગના અનુભવરૂપ અભિવિધિ વડે પદાર્થો જેને વિષે काशन्ते એટલે તેવી જ રીતે દીપે છે- પ્રકાશે છે, તે आकाश. વળી તે આકાશરૂપ અસ્તિકાય તે आकाशास्तिकाय, અર્થાત્ લોકમાં અને અલોકમાં પણ વ્યાપી રહેલો અનન્ત પ્રદેશવાળો એક પદાર્થવિશેષ તે આકાશાસ્તિકાય, એ ભાવાર્થ છે. (એ પ્રમાણે આકાશદ્રવ્યનો શબ્દાર્થ કહ્યો). તથા સર્વ વસ્તુઓના સમૂહનું कलन એટલે સંખ્યાન (એટલે ગણના અથવા વિચારણા) તે કાલ કહેવાય; અથવા 'આ પદાર્થને આ રૂપે ઉત્પન્ન થયાને એક સમય કે આવલિકા કે મુહૂર્ત વિગેરેરૂપ કાળ થયો' - એવા પ્રકારે, કેવળજ્ઞાની વગેરે મહાત્માઓ, સર્વ સચેતન કે અચેતન પદાર્થોને જેના વડે જાણે તે પદાર્થ 'કાલ'. તે સમય- આવલિકા ઈત્યાદિ સ્વરૂપવાળો પદાર્થવિશેષ છે. અથવા એજ સમય- આવલિકા વિગેરે कला એટલે કાળના અંશ તે વડે બનેલો અથવા તે કાળના અંશોનો સમૂહ તે काल કહેવાય, અને તે સમય- આવલિકા ઈત્યાદિ (અનેક ભેદના) સ્વરૂપવાળો જ છે. (એ પ્રમાણે કાળદ્રવ્યનો શબ્દાર્થ કહ્યો).

## ॥ કાળદ્રવ્યમાં દ્રવ્યપણાની ચર્ચા ॥

प्रश्नः- જેમ ધર્માસ્તિકાય, (અધર્માસ્તિકાય) એમ કહ્યું તેમ કાળને માટે કાલાસ્તિકાય કેમ કહેતા નથી ? (અર્થાત્ કાળને 'અસ્તિકાય' શબ્દનો સંબંધ કેમ નથી ?)

उत्तरः- આ પ્રશ્ન બરાબર નથી. કાળદ્રવ્યને કાલાસ્તિકાય કહી શકાય તેમ નથી; કારણ કે અસ્તિકાય તો ઘણા પ્રદેશો હોય તો જ કહેવાય, અને કાળદ્રવ્યમાં તે ઘણા પ્રદેશો છે નહિ. કારણ કે ભૂતકાળના સમયો નાશ પામેલા હોવાથી તથા ભવિષ્યકાળના સમયે હજી ઉત્પન્ન થયેલા નહિ હોવાથી પ્રજ્ઞાપકની પ્રરૂપણા વખતે (ઉપદેશકના કથનસમયે) તો વર્તમાનકાળનો એક જ સમય વર્તતો હોય છે.

प्रश्नः જો એ પ્રમાણે (ઉપદેશકના કથન સમયનો ૧ સમયરૂપ જ કાળ હોવાથી એક જ પ્રદેશરૂપ) હોય તો આવલિકા, મુહૂર્ત, દિવસ વિગેરેની પ્રરૂપણાના અભાવનો જ પ્રસંગ આવે; કારણ કે આવલિકા વિગેરે કાળભેદો અસંખ્ય સમયાત્મક છે, જે કાળમાં ઘણા પ્રદેશો હોવાનું માનીએ તો જ ઘટી શકે તેમ છે. (અર્થાત્, જો આવલિકા આદિ કાળ-પ્રકારોને માનવાના હોય, તો કાળને ૧ સમયરૂપ અથવા ૧ પ્રદેશરૂપ જ કેમ કહેવાય ?)

उत्तरः એ વાત સત્ય છે. પરન્તુ (આવલિકા ઈત્યાદિ ઘણા પ્રદેશોરૂપ કાળભેદ જે ગણાય છે તે), ફક્ત, સ્થિર (નિત્ય) અને સ્થૂર (બાદર) એવી ત્રણે કાળમાં વર્તનારી વસ્તુઓનો સ્વીકાર કરનાર એવા વ્યવહારનયના મતની અપેક્ષાએ તે આવલિકાદિક કાળની પ્રરૂપણા કરાય છે. બાકી નિશ્ચયનય તો એમ માને છે કે - ધર્માસ્તિકાય વિગેરે પદાર્થોમાં જેમ પોતાનો પ્રદેશરાશિ છે તેની માફક આવલિકાદિકને વિષે સમયરાશિ નથી, કારણ કે ભૂતકાળનો સમયરાશિ વિનાશ પામી ગયેલ હોવાથી અને ભવિષ્યકાળનો સમયરાશિ હજી ઉત્પન્ન નહિ થયેલ હોવાથી (ગમે તે વખતે પણ) કેવળ વર્તમાનકાળનો જ ૧ સમય વિદ્યમાન હોય છે, માટે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવલિકા વિગેરે કાળભેદો વાસ્તવિક નથી, અને તેથી કાળદ્રવ્યમાં અસ્તિકાયતા પણ નથી. એ કારણથી જ અન્ય ગ્રંથોમાં કાળને વર્તમાન ૧ સમયરૂપ જ નિર્ધારીને - સ્પષ્ટતઃ જુદો દર્શાવીને કહેલો છે, પરન્તુ સામાન્યથી 'કાલ' એવા નામે કહ્યો નથી.

જે કારણથી સિદ્ધાન્તમાં કહ્યું છે કે - कइ णं भंते ! दव्वा पन्नत्ता ? गोयमा, छ दव्वा पन्नत्ता, तं जहा - धम्मत्थिकाए अधम्मत्थिकाए आगासत्थिकाए जीवत्थिकाए पोग्गलत्थिकाए अध्धासमए (અર્થ :- હે ભગવંત ! દ્રવ્ય કેટલાં કહ્યાં છે ? હે ગૌતમ ! દ્રવ્ય છ કહ્યાં છે, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને અધ્ધાસમય.) એ સંબંધિ હવે વિશેષ વિસ્તાર વડે સર્યું.

એ પ્રમાણે ધર્માસ્તિકાય વિગેરે ચાર અજીવ-દ્રવ્યો અરૂપી જાણવાં, તથા 'પુદ્ગલો અને તે અસ્તિકાય તે पुद्गलास्तिकाय' એમ જે અન્ય સ્થાને કહ્યું છે તે પુદ્ગલાસ્તિકાય સ્કંધ-દેશ-પ્રદેશ અને પરમાણુના ભેદથી ચાર પ્રકારનો છે, અને તે રૂપી છે, તે કારણથી ગાથામાં खंधा देसे ઈત્યાદિ કહ્યું છે.

ત્યાં સ્કંધ તે અનંતાનંત પરમાણુઓના સમૂહરૂપ, માંસચક્ષુ (ચર્મચક્ષુ વડે) ગ્રહણ કરી શકાય (દેખી શકાય) એવા સ્તંભ-ઘટ વિગેરે જાણવા. અને માંસચક્ષુને અગ્રાહ્ય એવા સ્કંધો તે અચિત્ત મહાસ્કંધ વિગેરે પણ જાણવા. તથા તે જ સ્કંધમાં ઊર્ધ્વ - ઉપર, નીચે અને મધ્ય ભાગમાં વર્તનારા સ્થૂલખંડરૂપ અવયવો- અંશો તે દેશ જાણવા. અને તે દેશરૂપ અવયવોના પુનઃ અતિસૂક્ષ્મ ખંડ-અંશરૂપ અવયવો તે પ્રદેશ જાણવા. તથા अणुत्तिऽवि य = અણુ તે પણ અર્થાત્ નિર્વિભાગ એક પરમાણુ પણ પુદ્ગલ છે. અહીં 'अणुः 'માં એકવચન છે તે પરમાણુ-જાતિનો નિર્દેશ કરે છે; અર્થાત્ જે જે પરમાણુ છે તે તમામ પુદ્ગલ છે એવો અર્થ સૂચવે છે. (વસ્તુની જાતિ સૂચવવા માટે હંમેશા એકવચન વપરાય છે). અને જો અહીં પરમાણુની જાતિને બદલે વ્યક્તિશઃ પરમાણુ લેવા હોય તો 'अणवः ' એમ બહુવચનપરક વ્યાખ્યા 'अणुत्ति ' શબ્દની કરવી. અર્થાત્ 'બધા પરમાણુઓ' પુદ્ગલ છે એમ જાણવું. કેમ કે વેરવિખેર કે છૂટા છવાયા, એકલા પરમાણુઓ पुद्गलास्तिकाय - દ્રવ્યમાં અનંતાનંત છે; અને જાતિસૂચક એકવચન દ્વારા તે દરેકનો સંગ્રહ થઈ શકે તેમ ન હોવાથી એકત્વ અનુપપન્ન છે (માટે 'પરમાણુઓ પુદ્ગલ છે' એમ બહુવચન વધુ યોગ્ય છે). એ પ્રમાણે તે સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુરૂપ ચારે પ્રકારનાં પુદ્ગલો पुद्गलास्तिकाय ગણાય, અને તે અજીવદ્રવ્યરૂપ છે, તેમજ રૂપી એટલે મૂર્તિમંત જ છે એમ જાણવું. પ્રતિસમય પૂરાવું અને ગળવું (મળવું અને વિખરાવું) એવા સ્વભાવવાળાં હોવાથી એ पुद्गल કહેવાય છે. કારણ કે દ્રવ્યો (પુદ્ગલો) કોઈક દ્રવ્યમાંથી (સ્કંધમાંથી) છૂટાં પડે છે, એટલે વિયુક્ત થાય છે, અને કોઈક દ્રવ્યને પોતાના સંયોગથી - સંબંધથી પૂરે છે એટલે પુષ્ટ કરે છે, માટે પૂરણ-ગલન ધર્મથી એ પુદ્ગલ કહેવાય છે.

એ પ્રમાણે એ ધર્માસ્તિકાય વિગેરે પાંચે દ્રવ્યો યથાસંભવ મૂર્તામૂર્ત સ્વરૂપ = રૂપી અરૂપીપણાવાળાં અજીવ-દ્રવ્યો જાણવાં. એ ગાથાર્થ કહ્યો. ॥૮૫॥

अवतरण : प्रश्नः જીવદ્રવ્યનું 'ઉપયોગ' લક્ષણ કહ્યું. તે ઉપયોગના દર્શને જીવદ્રવ્યની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સત્તા સ્વીકારીએ છીએ. પરન્તુ એ રીતે ધર્માસ્તિકાય વિગેરે અજીવ-દ્રવ્યોનું શું લક્ષણ છે, કે તે લક્ષણ દેખીને તેની સત્તા પણ સ્વીકારી શકાય ? એવી આશંકા કરીને તેના ઉત્તરરૂપે હવે ગ્રંથકર્તા આ ગાથા કહે છે :

**गइ-ठाण- वगाहण- लक्खणाणि कमसो य वत्तणगुणो य ।**
**रूवरसगंधफासाइ, कारणं कम्मबंधस्स ॥८६॥**

ગાથાર્થ : એ પાંચ અજીવ-દ્રવ્યોનાં લક્ષણો અનુક્રમે ગતિ-સ્થિતિ-અવગાહના- વર્તના ગુણ અને રૂપ, રસ, ગંધ તથા સ્પર્શ છે. તે (પુદ્ગલ) કર્મબંધનું કારણ છે. ॥૮૬॥

ટીકાર્થ : વસ્તુઓ જેના વડે लक्ष्यन्ते = એટલે ઓળખાય અર્થાત્ સત્પણે સમજાય તે लक्षण કહેવાય. ત્યાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અને આકાશાસ્તિકાયનાં कमसो = અનુક્રમે ગતિ, સ્થિતિ અને અવગાહના એજ લક્ષણો છે. ત્યાં જીવ અને પુદ્ગલોનું એક સ્થાનથી બીજે સ્થાને પ્રાપ્તિરૂપ ગમન એટલે ગતિ, તે ધર્માસ્તિકાયનું લક્ષણ છે. તથા ગતિથી નિવૃત્ત થવારૂપ (એટલે ગતિના અભાવરૂપ) જે સ્થિતિ તે સ્થાન, તે અધર્માસ્તિકાયનું લક્ષણ છે. તથા અવગાહન કરવું (રહેવું) તે અવગાહના, ગતિ અને સ્થિતિના પરિણામે પરિણત થયેલાં એજ જીવ- પુદ્ગલોને અવકાશ-જગ્યા આપવારૂપ એટલે આશ્રય થવારૂપ જે પરિણતિ અર્થાત્ આધારપણાની પ્રતિપત્તિ (આધાર રૂપે થવું) તે અવગાહના, તે આકાશાસ્તિકાયનું લક્ષણ છે. અહીં તાત્પર્ય આ પ્રમાણે છે કે -

## ॥ ધર્માસ્તિકાયાદિ અજીવ-દ્રવ્યનાં લક્ષણો ॥

જીવોની અને પુદ્ગલોની ગતિક્રિયા તથા સ્થિતિક્રિયા અન્યથા બીજી રીતે ઉપપન્ન યુક્તિથી ઘટમાન ન હોવાથી (એટલે જીવ- પુદ્ગલોની ગતિ અને સ્થિતિ કોઈપણ અપેક્ષા કારણ વિના નહિ થઈ શકતી હોવાથી) ધર્માસ્તિકાયની અને અધર્માસ્તિકાયની સત્તા વિદ્યમાનતા માનવી-સ્વીકારવી જોઈએ. માટે ધર્માસ્તિકાયનું 'ગતિ' અને અધર્માસ્તિકાયનું 'સ્થિતિ' એમ લક્ષણ છે. આ સ્થાને એમ ન કહેવું કે - 'જીવ-પુદ્ગલોની ગતિ- સ્થિતિ પ્રવર્તશે, પરન્તુ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય નહિ હોય, તો તેમાં પ્રતિબંધ શું ? અર્થાત્, ધર્મ-અધર્મ હોય તોજ જીવ-પુદ્ગલોની ગતિ-સ્થિતિ સંભવે, અન્યથા નહિ, એવો પ્રતિબંધ એટલે કે એવી વ્યાપ્તિ નથી. તો ધર્મ-અધર્મ વિના પણ જીવ-પુદ્ગલોની ગતિ-સ્થિતિ તો થયા જ કરવાની, એમ માનવામાં શી હાનિ ?'

કારણ કે જો તે બે (ધર્મ- અધર્મ) ન હોય છતાં પણ જીવ- પુદ્ગલોની ગતિ અને સ્થિતિ થતી હોય તો અલોકમાં પણ જીવ-પુદ્ગલોની ગતિ- સ્થિતિનો પ્રસંગ આવે, અને અલોકમાં પણ જો તેઓની ગતિ- સ્થિતિ હોય તો અલોક અનન્ત (અનન્તપ્રદેશી તથા અનન્ત યોજનપ્રમાણ મહાક્ષેત્રવાળો) હોવાથી જીવ અને પુદ્ગલો લોકમાંથી નીકળીને તેમાં (અલોકમાં) પણ પ્રવેશ કરે, અને તેમ થવાથી કોઈક વખત એવો પણ પ્રસંગ આવે કે લોકાકાશ કોઈ વખત ૧-૨-૩ આદિ જીવ- પુદ્ગલવાળો જ રહી જાય, અને કદાપિ જીવ-પુદ્ગલ-રહિત શૂન્ય પણ થઈ જાય. અને આવું તો કદી બન્યુ (દૃષ્ટં) નથી અને આવું બને તે इष्ट પણ નથી.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેથી લોકને વિશે જ જીવ- પુદ્ગલની ગતિ અને સ્થિતિ હોવાનું સ્વીકારવું જોઈએ. અને અલોકને વિશે નહિ હોતી અને લોકને વિશે જ થતી છતી તે ગતિ-સ્થિતિ ક્રિયાઓ જ, તેમ થવામાં કારણરૂપ એવા ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય નામનાં દ્રવ્યો લોકમાં વિદ્યમાન છે એમ પ્રસ્થાપિત કરી આપે છે, અને તેથી તે બન્ને ક્રિયાઓ, તે બન્ને દ્રવ્યોનું લક્ષણ બને જ છે - એમ તર્કથી તે દ્રવ્યો અને તે ક્રિયાઓની વ્યાપ્તિ પુરવાર થાય છે.

વળી આકાશ પણ જીવ-પુદ્ગલોનો આધાર-આશ્રય બનવારૂપ અવગાહના વડે ઓળખાય છે, અર્થાત્, તે દ્વારા તેનું અસ્તિત્વ સિદ્ધ થાય છે, તેથી તે અવગાહના એ જ તેનું (આકાશનું) લક્ષણ છે. જો જીવ-પુદ્ગલોને આધાર-આશ્રયરૂપ આકાશ ન હોય તો, ધર્માસ્તિકાય તેમ જ અધર્માસ્તિકાયના ટેકાથી, ગતિ અને સ્થિતિ પરિણામે પરિણમેલાં પણ આ જીવ-પુદ્ગલો ક્યાં વર્તે - રહે ? (અર્થાત્ જીવ- પુદ્ગલો ગતિ-સ્થિતિ ક્યાં કરે ? અથવા શી રીતે કરે ?) એ તાત્પર્ય છે. દા.ત. ગતિ અને સ્થિતિમાં પરિણમેલ એવા પણ (ચાલતા અને સ્થિર રહેતા એવા) દેવદત્ત વિગેરે મનુષ્યો પૃથ્વી આદિકના આધાર વિના ગતિ-સ્થિતિનો પ્રયત્ન કરી શકે નહિ. વળી એમ પણ ન કહેવું કે '(જો અવગાહનાને અંગે આકાશદ્રવ્ય માનવું અનિવાર્ય હોય તો) ત્યારે તેઓની ગતિ- સ્થિતિ પણ આકાશના આલંબન વડે જ પ્રવર્તશે એટલે અન્તર્ગડુતુલ્ય - શરીર પર નીકળેલી વ્યર્થ ગાંઠ જેવા (નિષ્ફળ સરખા) ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયને માનવાની શી જરૂર છે ?' આકાશ તો અલોકમાં પણ હોવાથી ત્યાં પણ તે જીવ-પુદ્ગલોની ગતિ-સ્થિતિનો પ્રસંગ આવે, અને તેવો પ્રસંગ આવવાથી જે દોષ પ્રાપ્ત થાય તે પૂર્વે કહ્યો છે.

પ્રશ્નઃ- જો એમ છે તો જીવ અને પુદ્ગલોના આધાર-આશ્રયરૂપે પણ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયને જ માનો - સ્વીકારો ! (આકાશની શી જરૂર છે ? )

ઉત્તરઃ- જો તમો એ પ્રમાણે (ધર્માધર્માસ્તિકાયને જ આધારરૂપે સ્વીકારવાનું) કહેતા હો તો તે વાત અયુક્ત છે. કારણ કે આધારશક્તિ આકાશમાં જ પ્રાપ્ત થયેલી છે. અને ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાયનું સામર્થ્ય તો કેવળ ગતિ-સ્થિતિના જ ઉપષ્ટંભમાં - આલંબનમાં છે. અને અન્ય વડે સાધ્ય એવું કાર્ય અન્ય સાધી શકતો નથી (અર્થાત્ જેનું જે કાર્ય છે તે જ તે કાર્ય કરે છે, પરન્તુ બીજો કોઈ પદાર્થ કરતો નથી.) કારણ કે જો તેમ થાય તો અતિ[1]પ્રસંગ દોષ આવે; અને તેમ થવાથી અગ્નિ વડે થતો એવો દાહ અને પાક તે જળ વિગેરેથી પણ થવાનો પ્રસંગ આવે. વળી એવો પણ તર્ક કરવો યોગ્ય નથી કે એવા પ્રકારની શક્તિ (આધારશક્તિ) એની જ (આકાશની જ) કેમ છે ? અને બીજાની કેમ નથી ? એ તર્ક તો કેવળ અજ્ઞાનતા જ સૂચવે છે. કારણ કે એ પ્રશ્નને વ્યાજબી ગણીએ તો પછી અગ્નિ અને જળ વિગેરે સર્વ પદાર્થોમાં પણ એવા પ્રશ્નનો-તર્કનો પ્રસંગ ઉપસ્થિત થાય. વળી યુક્તિ વડે, આગમપ્રમાણ વડે, અને લોકપ્રસિદ્ધિ વડે પણ પ્રત્યેક જીવને પ્રસિદ્ધ (પ્રત્યેક જીવના ઉપયોગમાં વા માનવામાં આવતું) એવું આકાશ તે પ્રમાણરહિત છે, એમ કહેવું યોગ્ય નથી. વળી અતીન્દ્રિય પદાર્થોમાં

૧. જે લક્ષણ જે વસ્તુનું નિર્ણીત કર્યું હોય, તે લક્ષણ તે વસ્તુ સિવાય બીજી વસ્તુઓમાં પણ પ્રાપ્ત થતું હોય તો તે अतिप्रसंग દોષ ગણાય.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(ઇન્દ્રિયો દ્વારા સાક્ષાત્ નહિ અનુભવાતા પદાર્થોમાં) એકાન્તે યુક્તિસંગતિ શોધવી એ પણ યોગ્ય નથી. (અર્થાત્ યુક્તિસિદ્ધ હોય તો જ આ પદાર્થ માની શકાય એવા વિચારવાળા ન થવું.) જે કારણથી સિદ્ધાન્તમાં - શાસ્ત્રમાં કહ્યું છે કે -

आगमश्चोपपत्तिश्च, संपूर्णं दृष्टिकारणम् ।
अतीन्द्रियाणामर्थानां, सद्भावप्रतिपत्तये ॥१॥

અતીન્દ્રિય પદાર્થોનો સદ્ભાવ સિદ્ધ કરનાર અને તે પદાર્થોના સંપૂર્ણ દર્શનના કારણરૂપ પ્રમાણ આગમપ્રમાણ તથા ઉપપત્તિ-યુક્તિ-તર્ક-પ્રમાણ છે. (અર્થાત્ આ બે પૈકી એક - યુક્તિ-પ્રમાણ વડે જે સિદ્ધ થાય તે જ પદાર્થ સ્વીકારવો એવું વલણ ઐકાંતિક અને અયોગ્ય છે. પદાર્થોની સિધ્ધિમાં આગમપ્રમાણ પણ એક મહત્ત્વનું પરિબળ છે તે સમજવું જ જોઈએ.) તે કારણથી જીવ - પુદ્ગલોને આધાર આપવામાં હેતુરૂપ અવગાહના વડે આકાશ लक्ष्यते - ઓળખાય છે, માટે તે અવગાહના એ જ આકાશનું લક્ષણ છે.

## ॥ કાળદ્રવ્યનું લક્ષણ વર્તના ॥

તે તે પ્રકારના (તેવા તેવા) નવા-પુરાણાદિ ભાવે અથવા પ્રતિનિયત (અમુક વખતે જ) ફળ-ફુલ વિગેરે ઉત્પન્ન કરવાના સ્વભાવે જે પરિણમન એટલે વર્તન એટલે વર્તના; તે વર્તના જે કાળનો ગુણ સાધ્યપણા વડે (સાધ્ય તરીકે) વર્તે છે તે વર્તનાગુણવાળો કાળ જાણવો. (અર્થાત્ કાળ વડે જ વર્તનાની સિદ્ધિ - સાબિતી થાય છે તે કારણથી તે કાળદ્રવ્ય વર્તના ગુણવાળું જાણવું).

અહીં તાત્પર્ય એ છે કે - પૂર્વોક્ત સ્વરૂપવાળી વર્તના તે કાળદ્રવ્ય વડે જ સિદ્ધ થાય છે. તે કારણથી વર્તના તે કાળદ્રવ્યનો ગુણ કહેવાય છે, અને તે વર્તના એ જ કાળદ્રવ્યનું લક્ષણ છે; કારણ કે વર્તના વડે જ કાળદ્રવ્ય ઉપલબ્ધ થાય છે. તે આ પ્રમાણે -

'જગતમાં કાળ દ્રવ્ય છે, કારણ કે સ્તંભ-કુંભ વિગેરે પદાર્થોની નવીનતા અને પ્રાચીનતાની પરિણતિરૂપ તેમજ બકુલવૃક્ષ, અશોકવૃક્ષ, આમ્રવૃક્ષ અને ચમ્પકવૃક્ષ ઈત્યાદિ વૃક્ષોમાં અમુક સમયના નિયમપણે (એટલે અમુક સમયે જ) પુષ્પ-ફળ આદિ ઉત્પન્ન કરવાની પરિણતિરૂપ વર્તના તે કાળદ્રવ્ય વિના ઉપપન્ન-સિદ્ધ નથી થતી માટે'. કારણ કે તે વૃક્ષો વિગેરે દ્રવ્યો વિદ્યમાન હોવા છતાં, તેમ જ ત્યાં ગામ, નગર વિગેરે પણ વિદ્યમાન હોવા છતાં, વસન્તઋતુ આદિ અમુક નિયતકાળે જ વૃક્ષાદિકોમાં પુષ્પ-ફળ વિગેરેની ઉત્પત્તિરૂપ વર્તના દેખાય છે. અને જો સ્વભાવથી જ એમ બને છે એમ માનીએ તો नित्यं सत्त्वमसत्त्वं वा (એટલે નિત્ય સત્ અથવા તો નિત્ય અસત્) એ દોષનો પ્રસંગ આવે.

અર્થાત્ તે વૃક્ષોમાં પુષ્પ-ફળ આદિ સ્વભાવતઃ થતાં હોય તો કાં તો તે ત્યાં હમેશાં હોવાં જોઈએ (અમુક ઋતુમાં જ ફળ- ફુલ હોય અને અમુક કાળે ન જ હોય તે ન ચાલે) અને કાં તો તે ત્યાં કદીયે ન જ હોવાં જોઈએ; આવા દોષો આવશે. કારણ કે જો નિયમ ન કરનાર એવો કોઈ નિયામક હેતુ હોય તો જ ભાવોનું કદાચિત્પણું (કોઈ વખતે તે ભાવ હોવો અને કોઈ વખતે તે ભાવ ન હોવો એમ) સંભવે; માટે અહીં- એ વર્તનાનો જે કોઈ નિયામક છે તે જ કાળ


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે એમ સ્વીકારવું જોઈએ. આ સ્થાને (કાળદ્રવ્યના સંબંધમાં) ઘણું સ્વરૂપ (અથવા ચર્ચાવાદ) કહેવા યોગ્ય છે, પણ ગ્રંથ વધી જવાના ભયથી તેમ જ તે ચર્ચાવાદ અન્ય શાસ્ત્રોમાં કહેલો હોવાથી અહીં કહેવાશે નહિ. એ પ્રમાણે પૂર્વે કહેલા ન્યાય પ્રમાણે વર્તના વડે કાળ ઓળખાતો હોવાથી વર્તના કાળનું લક્ષણ છે. ।। इति कालद्रव्यलक्षणं ।।

## ।। પુદ્‌ગલાસ્તિકાયનું લક્ષણ ।।

रूवरस ઈત્યાદિ એટલે રૂપ-રસ-ગંધ અને સ્પર્શ તે અનુક્રમે ચક્ષુ-જીહ્વા-ઘ્રાણ અને સ્પર્શ ઈન્દ્રિયને ગ્રાહ્ય એવા જે ગુણવિશેષ, તે આદિમાં છે જે સંસ્થાન-સંઘયણ વિગેરેની તે 'રૂપ રસ ગંધ સ્પર્શાદિ' કહેવાય. તેઓનું કારણ - હેતુ - નિબંધન તે 'રૂપ રસ ગંધ સ્પર્શાદિનું કારણ' કહેવાય, અને તે (રૂપાદિકનું કારણ) પુદ્‌ગલાસ્તિકાય છે, એમ ચાલુ અધિકારથી જ સમજાય છે. (અર્થાત્ ગાથામાં રૂપરસાદિકનું કારણ) પુદ્‌ગલાસ્તિકાય છે એમ સ્પષ્ટ કહ્યું નથી તો પણ તેનું કારણ 'પુદ્‌ગલાસ્તિકાય છે' એમ ચાલુ સંબંધથી સહેજે સમજી શકાય છે.) તથા પુદ્‌ગલો કેવલ રૂપ-રસ વિગેરેનાં જ કારણ છે એમ નહિ, પરન્તુ ઉત્તરભેદ સહિત જ્ઞાનાવરણીયાદિ ૮ કર્મના (એટલે આઠ મૂળકર્મના અને તેના જ ૧૫૮ ઉત્તરભેદના) બન્ધનું કારણ પણ તે પુદ્‌ગલો જ છે, માટે અહીં ગાથામાં કહેલો 'કારણ' શબ્દ ડમરૂકમણિના ન્યાય પ્રમાણે અહીં પણ જોડવો.

તથા જેમ સ્થા[1]સ-કોશ-કપાલ-કુંભ- શરાવ અને ઉદંચન (ઢાંકણું) આદિ રૂપે પરિ[2]ણામ પામતી એવી મૃત્તિકા (માટી) તે સ્થાસ વિગેરેનું પરિણામી કારણ છે, તેમ પુદ્‌ગલો પણ રૂપ-રસ-ગંધ અને સ્પર્શાદિરૂપે પરિણામ પામતાં તેમજ આઠ પ્રકારના (અથવા ઉત્તરભેદની અપેક્ષાએ ૧૫૮ પ્રકારના) કર્મરૂપે પરિણામ પામતાં છતાં તેઓનું (એટલે રૂપાદિકનું તથા કર્મનું) પરિણામી કારણ થાય છે, એ વાત પ્રતીતિકર જ છે (એટલે સહજે સમજાય તેવી ખાતરીવાળી છે). એ પ્રમાણે પુદ્‌ગલો કારણ છે, અને રૂપ-રસ-ગંધ- સ્પર્શાદિ તથા કર્મપરિણામ તે કાર્ય છે એમ વર્ણવીને તે રૂપાદિક તથા કર્મપરિણામ તે પુદ્‌ગલોનાં લક્ષણ છે, એમ સામર્થ્યથી કહ્યું - કહી દીધું એમ જાણવું. (એટલે જે કાર્ય તે લક્ષણ અને કારણ તે દ્રવ્ય એમ સિદ્ધ થયું).

કેમ કે પ્રત્યેક પ્રાણી માટે પ્રત્યક્ષસિદ્ધ એવા રૂપ વિગેરેથી તથા જેના વિના જગતની વિચિત્રતા ઉપપન્ન થતી નથી તે કર્મબંધ થકી, તેના (રૂપાદિના તથા કર્મબંધનના) કારણભૂત પુદ્‌ગલદ્રવ્યને ઓળખી શકાય છે; (તેથી તે બન્ને રૂપાદિ તથા કર્મબંધન પુદ્‌ગલનાં લક્ષણ બની રહે છે). જેમ ધૂમાડા વડે અગ્નિ ઓળખાતો હોવાથી અગ્નિનું લક્ષણ ધૂમાડો બની જાય છે તેની જેમ અહીં પણ સમજવું. એ પ્રમાણે આ ૮૬મી ગાથાનો અર્થ કહ્યો. ।।૮૬।। इति सत्पदप्ररूपणाद्वारम् ।।

अवतरण : એ પ્રમાણે જીવસમાસની પ્રરૂપણામાં પ્રસંગથી પ્રાપ્ત થયેલ અજીવ-દ્રવ્યો પણ

૧. સ્થાસ એ ઘટનો અવયવ વિશેષ છે, તેમજ કોશ અને કપાલ તે પણ ઘટના અવયવો છે. અર્થાત્ એ અવયવોના ક્રમથી ઘટ બને છે.

૨. 'પરિણામ પામતી' એટલે તે તે આકારરૂપે બનતી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લક્ષણ સહિત કહ્યાં. અને તે અજીવ-દ્રવ્યોની પ્રરૂપણા સમાપ્ત થવા સાથે પ્રસંગે પ્રાપ્ત થયેલું એવું સત્પદપ્રરૂપણાદ્વાર પણ સમાપ્ત થયું. જેથી હવે संतपयपरूवणया, दव्वपमाणं च ઈત્યાદિ પદવાળી ગાથામાં કહેલા દ્વારના ક્રમ પ્રમાણે પ્રાપ્ત થયેલું બીજું द्रव्यप्रमाणद्वार કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકર્તા પ્રથમ તો પ્રમાણનું સ્વરૂપ નિરૂપણ કરવાને અર્થે આ ૮૭ મી ગાથા કહે છે (અર્થાત્ આ ગાથામાં પ્રમાણ કેટલા પ્રકારનાં અને કેવી રીતે ? તેનું પ્રતિપાદન કરીને ત્યાર બાદ દ્રવ્યોનું એટલે ધર્માસ્તિકાય વિગેરે પદાર્થોનું પ્રમાણ એટલે તે તે દ્રવ્યોની સંખ્યાવિશેષ કહેશે). તે આ પ્રમાણે :

**दव्वे खेत्ते काले, भावे य चउव्विहं पमाणं तु ।**
**दव्वपएसविभागं पएसमेगाइयमणंतं ॥८७॥**

ગાથાર્થ : દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવથી ચાર પ્રકારનું પ્રમાણ છે. ત્યાં દ્રવ્ય તે પ્રદેશનિષ્પન્ન અને વિભાગનિષ્પન્ન એમ બે પ્રકારનું છે, અને તેમાં પ્રદેશનિષ્પન્ન દ્રવ્ય તે એકથી પ્રારંભીને અનન્ત પ્રકારનું છે. ॥૮૭॥

ટીકાર્થ : प्रमीयते એટલે ધાન્ય વિગેરે પદાર્થો જેના વડે परिच्छिद्यते = પરિછેદાય - મપાય તે प्रमाण, તે અસલી અને પસલી વિગેરે જાણવું. અથવા આ પદાર્થ આ છે, અથવા તેનું આવું સ્વરૂપ છે, એ પ્રમાણે પ્રતિનિયત સ્વરૂપે પ્રત્યેક પદાર્થ જેના વડે प्रमीयते એટલે परिच्छिद्यते = જણાય-સમજાય તે प्रमाण પૂર્વે કહેલા સ્વરૂપવાળું જાણવું. અથવા ધાન્યાદિ પદાર્થોની પ્રમિતિ એટલે પરિચ્છેદ અર્થાત્ સ્વરૂપબોધ તે प्रमाण કહેવાય. આ અર્થમાં અસતિ (અસલી) અને પસલી વિગેરે તે પ્રમાણનું કારણ હોવાથી પ્રમાણ ગણાય છે, અને તે પ્રમાણ દ્રવ્યાદિ પ્રમેય (જેનું પ્રમાણ જાણવું છે તે દ્રવ્ય)ના વશથી (ભેદથી) ચાર પ્રકારનું છે. તે જ વાત ગાથામાં કહે છે કે - 'चउव्विहं पमाणं तु' એ વાક્યમાં तु શબ્દ પુનઃ અર્થમાં છે, જેથી 'પુનઃ પ્રમાણ ચાર પ્રકારનું છે' (એવો અર્થ થાય છે). તે ચાર પ્રકાર આ પ્રમાણે -

दव्वे ઈત્યાદિ. અહીં સૂત્ર તો માત્ર સૂચના કરે છે તેથી दव्वे કહેવાથી પણ દ્રવ્યસંબંધી પ્રમાણ અર્થાત્ 'द्रव्यप्रमाण' જાણવું. તથા (खित्ते) ક્ષેત્રસંબંધી પ્રમાણ તે क्षेत्रप्रमाण. એ પ્રમાણે (કાળસંબંધી પ્રમાણ તે) कालप्रमाण, અને ભાવસંબંધી પ્રમાણ તે भावप्रमाण જાણવું. (એ પ્રમાણે સામાન્યથી ૪ પ્રકારનું પ્રમાણ કહીને હવે તે પ્રત્યેક પ્રમાણનું વિશેષ સ્વરૂપ કહે છે, તે આ પ્રમાણે) -

## ॥૧. દ્રવ્યપ્રમાણનું સ્વરૂપ ॥

ત્યાં दव्व એટલે દ્રવ્યપ્રમાણ બે પ્રકારનું છે, તે બે પ્રકાર કહે છે - पएसविभागं એટલે પ્રદેશનિષ્પન્ન દ્રવ્ય અને વિભાગનિષ્પન્ન દ્રવ્ય. ત્યાં पएस = પ્રદેશ એટલે અત્યંત નિર્વિભાજ્ય (જેના ભાગ ન થઈ શકે તેવા) તથા નિરંશ (જેનો અંશ ન હોઈ શકે) એવા જે દેશો એટલે અવયવો - વિભાગો તે प्रदेश કહેવાય, અર્થાત્ परमाणु. તે પ્રદેશો એટલે પરમાણુઓ વડે બનેલું જે દ્રવ્ય તે प्रदेशनिष्पन्नद्रव्य અનેક પ્રકારનું છે. તે જ કહે છે - एगाइयमणंतं = એક પરમાણુથી પ્રારંભીને 'અનન્ત' એટલે અનન્ત પ્રદેશો મળીને બનેલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્કંધ સુધીનાં સર્વે દ્રવ્યો (અર્થાત્ પરમાણુ, દ્વ્યણુક, ત્ર્યણુક ઈત્યાદિ ભેદથી) પ્રદેશનિષ્પન્ન દ્રવ્યપ્રમાણ (દ્રવ્યો) કહેવાય છે, એ ભાવાર્થ છે.

ત્યાં એક પરમાણુ તે એક પ્રદેશરૂપ દ્રવ્યપ્રમાણ છે. બે પરમાણુનો બનેલો દ્વ્યણુકસ્કંધ તે દ્વિપ્રદેશનિષ્પન્ન દ્રવ્યપ્રમાણ છે. અને ત્રણ પરમાણુનો બનેલો ત્ર્યણુકસ્કંધ તે ત્રિપ્રદેશનિષ્પન્ન દ્રવ્યપ્રમાણ છે. એ પ્રમાણે યાવત્ અનન્ત પરમાણુનો બનેલો અનન્તાણુક સ્કંધ તે અનન્તપ્રદેશનિષ્પન્ન દ્રવ્યપ્રમાણ કહેવાય.

प्रश्नः- એ પરમાણુથી પ્રારંભીને અનંતપ્રદેશી સ્કંધ સુધીના જે અનન્ત દ્રવ્ય કહ્યાં તે તો દરેક દ્રવ્ય જ છે, (અને દ્રવ્ય તે પ્રમેય હોય પરન્તુ પ્રમાણ ન હોય) તો તે દરેક દ્રવ્ય પ્રમેય હોવાથી તે પ્રમાણ કેમ ગણાય ?

उत्तरः- એ વાત એ પ્રમાણે નથી (અર્થાત્ પરમાણુ આદિ દ્રવ્યો પ્રમેય છે, પરન્તુ પ્રમાણ નથી એમ જે કહો છો તે તેમ નથી), કારણ કે દ્રવ્ય જો કે પ્રમેય છે તો પણ તેવાં પ્રમેય-દ્રવ્યોને પ્રમાણ ગણવાનો રૂઢ વ્યવહાર છે. તે આ પ્રમાણે - પ્રસ્થક વિગેરેથી (શેરિયા વિગેરેથી) માપીને ઢગલી કરેલ એવા ધાન્યાદિ પદાર્થોને જોઈને લોકમાં બોલનારા એમ પણ બોલે છે કે - આ શેરની ઢગલી કરેલી છે (આ બશેરની ઢગલી કરેલી છે) ઇત્યાદિ. એમ '૧-૨-૩-૪ ઇત્યાદિ-સંખ્યક પ્રદેશો વડે નિષ્પન્ન થવું' એવા પોતાના સ્વરૂપથી જ પોતે મપાતાં હોઈ, પરમાણુ આદિ દ્રવ્યો માટે, कर्मणि अनट् પ્રત્યય કરેલો કર્મ[1]સાધન प्रमाण શબ્દ પ્રયોજીએ તો તેમાં કાંઈ દોષ નથી. જ્યારે કરણ અર્થમાં अनट् કરી प्रमाण શબ્દ બનાવીએ, ત્યારે ૧-૨-૩-૪ ઇત્યાદિ સંખ્યક પ્રદેશો વડે નિષ્પન્ન થયેલું (તે તે દ્રવ્યોનું) સ્વરૂપ જ મુખ્યત્વે प्रमाण ગણાય. પરમાણુ આદિ દ્રવ્ય તો, તે સ્વરૂપના યોગે ઉપચારથી પ્રમાણ ગણાય.

પુનઃ ભાવસાધન પ્રમાણની (प्रमितिः प्रमाणं એવી) વિવક્ષામાં તો જે પ્રમિતિ તે જ પ્રમાણ. પરન્તુ તે પ્રમાણ તથા પ્રમેયને આધીન છે, માટે પ્રમાણ અને પ્રમેય એ બન્નેને પણ ઉપચારથી પ્રમાણ ગણી શકાય; માટે આ પક્ષમાં-અર્થમાં-વિવક્ષામાં (ભાવસાધનની વિવક્ષામાં) પણ પરમાણુ આદિ દ્રવ્યોને ઉપચારથી પ્રમાણસ્વરૂપ ગણાય, અને તેમાં કોઈ પ્રકારનો વિરોધ નથી. એ પ્રમાણે ૮૭મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૮૭॥

अवतरण : એ પ્રમાણે પૂર્વે કહેલા સ્વરૂપવાળું દ્રવ્ય ઉત્તરોત્તર ભિન્ન ભિન્ન સંખ્યાવાળા પોતાના જ પ્રદેશો વડે બનેલું હોવાથી તે દ્રવ્યને प्रदेशनिष्पन्न द्रव्यप्रमाण કહ્યું. અને હવે પોતાના પ્રદેશોને વર્જીને (પ્રદેશરૂપ વિભાગોને વર્જીને) બીજો જે વિવિધ પ્રકારનો અથવા વિશિષ્ટ પ્રકારનો (અમુક નિયત પ્રકારનો) જે ભાગ એટલે ભાંગો - ભંગ - વિકલ્પ અર્થાત્ પ્રકાર તે વડે બનેલું; અથવા તો પ્રમાણની પ્રમેય થકી ભિન્નતા તે જ વિભાગ, તેના વડે નિષ્પન્ન થતું તે विभागनिष्पन्न द्रव्यप्रमाण નામનું બીજું દ્રવ્યપ્રમાણ છે. તેને લક્ષ્ય બનાવીને હવે આ ૮૮મી ગાથા કહેવાય છે. (અર્થાત્ वि = વિવિધ અથવા વિશિષ્ટ પ્રકારના भाग = ભંગ - પ્રકાર વડે

---

૧. અહીં કર્મસાધન, કરણ સાધન અને ભાવસાધન એ ત્રણ પ્રકારની વિવક્ષા છે, તેની સમજૂતી :- कर्मसाधनः प्रमीयते यानि परमाण्वादिद्रव्याणि तानि प्रमाणम् । करणसाधनः प्रमीयन्ते परमाण्वादिद्रव्याणि येन स्वरूपेण तत् प्रमाणम् । भावसाधनः प्रमितिः प्रमाणम् ।


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

निष्पन्न = બનેલું જે દ્રવ્ય તે विभागनिष्पन्नद्रव्य એ પ્રકારના વ્યુત્પત્તિ અર્થથી બીજા પ્રકારનું - બીજું વિભાગનિષ્પન્ન દ્રવ્યપ્રમાણ કહે છે) તે આ પ્રમાણે :

**माणुम्माणपमाणं, पडिमाणं गणियमेव य विभागं ।**
**पत्थकुडवाइ धन्ने, चउभागविवड्ढियं च रसे ॥८८॥**

गाथार्थ : માન-ઉન્માન- અવમાન-પ્રતિમાન અને ગણિમ એ પાંચ પ્રકારનું વિભાગ-નિષ્પન્ન પ્રમાણ છે. ત્યાં માન-પ્રમાણ બે પ્રકારનું છે, તે આ પ્રમાણે - પ્રસ્થ અને કુડવ આદિ વડે માપ કરવું તે ધાન્ય સંબંધી, અને ધાન્યમાનથી ચોથા ભાગે અધિક એવું બીજું રસ સંબંધી માન છે (એ પ્રમાણે માન પ્રમાણ બે પ્રકારનું કહ્યું). ॥૮૮॥

टीकार्थ : વિભાગનિષ્પન્ન પ્રમાણ પાંચ પ્રકારનું છે, તે આ પ્રમાણે - માન-ઉન્માન-અવમાન-પ્રતિમાન અને ગણિમ. તેમાં मान નામનું પ્રમાણ વળી બે પ્રકારનું છે - ધાન્યમાન પ્રમાણ, અને રસમાનપ્રમાણ. ત્યાં જેના વડે મપાય તે मान કહેવાય, અને વળી એ માનરૂપ પ્રમાણ (એવા સમાસથી) તે मानप्रमाण કહેવાય. તથા ધાન્યસંબંધી માનપ્રમાણ તે धान्यमानप्रमाण. તે (ધાન્યમાનપ્રમાણ) મગધ દેશમાં પ્રસિદ્ધ છે. સિદ્ધાન્તમાં दो असईओ पसई ઈત્યાદિ પદવાળી ગાથાઓ વડે અસલી વિગેરે ધાન્યપ્રમાણ કહેલું છે, તે આ પ્રમાણે - अश्नुते એટલે ધાન્યને માપવાનાં બધાં પ્રમાણો આ 'અશતિ'માંથી જ ઉદ્ભવતાં હોઈ, (આદિ કારણ તરીકે) બધાં ધાન્યનાં માપોમાં પ્રસરી જાય તે अशतिः એટલે અવાङ્મુખ હસ્તતલ (અધોમુખ-ઊંધી હથેલી) તે વડે માપેલું ધાન્ય પણ 'અશતિ' (અસતિ) કહેવાય. તથા તેવી બે અસલીઓ વડે ઉત્પન્ન થયેલી ૧ પસલી કહેવાય. તે प्रसृति (પસલી એટલે) નૌકાના આકારે સ્થાપેલી (રાખેલી) સીધી હથેલી જણાવી. તેવી બે પસલીની ૧ સેતિકા ગણાય, તે સેતિકા અહીં - ગુજરાતમાં પ્રસિદ્ધ છે તે ન લેવી. કારણ કે અહીં તો મગધ દેશમાં પ્રવર્તતું માન પ્રમાણ જ કહેવાશે માટે આ સેતિકા તે મગધદેશમાં પ્રસિદ્ધ એવું કોઈ માપ છે, એમ જાણવું.

તે ચાર સેતિકાનો ૧ કુડવ, તેવા ચાર કુડવનો ૧ પ્રસ્થ, તેવા ચાર પ્રસ્થનો ૧ આઢક, તેવા ચાર આઢકનો ૧ દ્રોણ, તેવા ૬૦ આઢકનો ૧ નાનો કુંભ, ૮૦ આઢકનો મધ્યમ કુંભ, અને ૧૦૦ આઢકનો મોટો કુંભ થાય છે. તથા ૮૦૦ આઢકનો ૧ બાહ. આવા પ્રકારના ધાન્યમાનપ્રમાણ વડે (ધાન્યના માપ વડે) મગધદેશમાં વ્રીહિ (ડાંગર આદિ) ધાન્યો મપાય છે. અહીં ગાથામાં पत्थकुडवाइ धन्ने એ સૂત્ર કહેવા વડે પ્રસ્થ અને કુડવનું ધાન્યમાન તો સાક્ષાત્ (ગાથામાં જ) ગ્રહણ કર્યું (કહ્યું) અને શેષ જે અસલી, પસલી, આઢક વિગેરે માન, તે તો ગાથામાં કહેલા (कुडवाइ પદમાં કહેલા) आइ = આદિ પદ વડે ગ્રહણ કર્યું (કહેલું) જાણવું. ॥ इति धान्यमानप्रमाणम् ॥

હવે रसमान प्रमाण નામે જે બીજા પ્રકારનું માન છે તેનું સ્વરૂપ કહે છે - चउभागविवड्ढियं च रसे ઈતિ. અહીં રસ તે ઘી - તેલ વિગેરે જાણવો. માટે તે ઘી - તેલ વિગેરે સંબંધિ જે માન તે રસમાન કહેવાય. તે સેતિકા વિગેરે ધાન્યમાનથી ચોથા ભાગ જેટલી વૃદ્ધિવાળું છે, એટલે ચોથા ભાગ જેટલું અધિક છે. કારણ કે - ધાન્ય અપ્રવાહી હોવાથી તેની શિખા સંભવે છે, અને

રસ પ્રવાહી હોવાથી તેની શિખા થતી નથી, તે કારણથી ધાન્યના પ્રમાણથી-માનથી ચોથા ભાગ અધિક[1] રૂપ અન્તઃશિખા (અધઃશિખા) વડે સહિત તે રસમાન મપાય છે, અને ધાન્યમાન તો તે રસમાનની અપેક્ષાએ હીન હોય છે, માટે તે હીન ચતુર્થભાગરૂપ બહિઃશિખા વડે (અગ્ર શિખા વડે) યુક્ત હોય છે, તે કારણથી રસમાન અન્તઃશિખાવાળું અને ધાન્યમાન બહિઃશિખાવાળું હોય છે, માટે સામર્થ્યથી જ સમજાય છે કે - તે બન્ને માન તુલ્ય છે. ત્યાં સિદ્ધાન્તમાં રસમાન આ પ્રમાણે કહ્યું છે - 'चउपलमाणा चउसट्ठिया' ઇત્યાદિ વચન વડે ચોસઠ વિગેરેને રસમાન કહ્યું છે. તે આ પ્રમાણે - ૨૫૬ પળ પ્રમાણનું ૧ माणिका (મણિકો) નામનું રસમાન સર્વથી ઉત્કૃષ્ટ છે, એમ આગળ કહેવાશે. તેથી તેના ચોસઠમાં ભાગ જેટલું બનેલું હોવાથી (અર્થાત્ ૪ પળ તે ૨૫૬ પળનો ૬૪મો ભાગ હોવાથી) ચતુઃષષ્ઠિકા (ચોસટ્ઠી) નામનું જે પહેલું રસમાન કહ્યું તે યથાર્થ છે. અને તે ચોસટ્ઠી તે સામર્થ્યથી ચાર પળ પ્રમાણની જ હોય એમ જાણવું. તથા તે જ માણિકાના બત્રીસમા ભાગ જેટલી હોવાથી આઠ પળ પ્રમાણનું માન તે द्वात्रिंशिका બત્રીસી કહેવાય છે. તથા સોળ પળ પ્રમાણનું માન તે માણિકાના સોળમા ભાગ જેટલું હોવાથી (તે ૧૬ પળના માનને) એક षोडशिका કહે છે. તથા તે જ માણિકાના આઠમા ભાગ જેટલી હોવાથી બત્રીસ પળ પ્રમાણના માનને ૧ अष्टभागी (આઠભાગી) કહે છે. અને તે જ માણિકાના ચોથા ભાગ જેટલી હોવાથી ચોસઠ પળ પ્રમાણની चतुर्भागिका ગણાય છે. વળી તે જ માણિકાના અર્ધભાગ જેટલું હોવાથી એકસો અટ્ઠાવીસ પળ પ્રમાણ માનને अर्धमाणिका કહે છે, અને બસો છપ્પન પળ પ્રમાણના માનને સંપૂર્ણ ૧ माणिका કહે છે. એ પ્રમાણે ઉપર કહેલાં સર્વ રસમાનો વડે મગધદેશમાં જ ઘી-તેલ વિગેરે મપાય છે. આ રસમાનને ગ્રંથકર્તાએ ગાથામાં નામ ગ્રહણપૂર્વક કહ્યું નથી (અર્થાત્ ગાથામાં રસમાનનાં નામ કહ્યાં નથી), કારણ કે સૂત્રરચનાનું પ્રયોજન-ફળ સંક્ષિપ્ત રુચિવાળા જીવોને ઉપકાર કરવો એ જ છે, (જેથી સંક્ષિપ્ત રચનાથી રચાયેલા સૂત્રમાં-ગાથામાં રસમાનનાં નામો કહ્યાં નથી). એ પ્રમાણે ૮૮ મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૮૮॥

अवतरण : એ પ્રમાણે ધાન્યમાન અને રસમાન એ બે ભેદ સહિત માનરૂપ દ્રવ્યપ્રમાણનું પ્રતિપાદન કર્યું (એટલે પાંચ પ્રકારના દ્રવ્યપ્રમાણ દ્વારમાં પહેલાં પ્રકારનું જે માન નામનું દ્રવ્યપ્રમાણ બે પ્રકારવાળું હતું તે કહ્યું), અને હવે ઉન્માન વિગેરે ચાર ભેદ (કે જે દ્રવ્યપ્રમાણ દ્વારમાં કહેવા બાકી છે) તે કહેવાય છે :

**कंसाइयमुम्माणं, अवमाणं चेव होइ दंडाई ।**
**पडिमाणं धरिमेसु य, भणियं एक्काइयं गणिमं ॥८९॥**

गाथार्थ : ઉન્માન તે કાંસુ આદિ ધાતુના વિષયવાળું છે, અવમાન તે દંડ વિગેરે સંબંધી

૧. અહીં જે આ ધાન્યમાન કહેવાય છે, તે સાક્ષાત્ મપાયેલા ધાન્યનું નહિ, પરન્તુ ધાન્ય માપવા માટે કોતરેલા કાષ્ઠના પાત્રનું સંભવે છે. માટે જ અહીં રસમાનનું અંતઃશિખાવાળું કાષ્ઠપાત્ર અને ધાન્યમાનનું શિખારહિત કાષ્ઠપાત્ર હોવાથી એ બેમાં ચતુર્થભાગ અધિક રસમાન (નું કાષ્ઠપાત્ર) હોય છે. અને ધાન્યમાન (નું પાત્ર) ચતુર્થભાગ હીન હોય છે.

છે, પ્રતિમાન ધરિમ વસ્તુઓનું હોય છે, અને એક આદિ સંખ્યા તે ગણિમ દ્રવ્યપ્રમાણ કહેવાય છે. ॥૮૯॥

## ॥ २. उन्मानप्रमाण ॥

ટીકાર્થ : उत् એટલે ઉંચુ અર્થાત્ ઉંચકીને - ઉપાડીને मीयते = તોલ કરવારૂપે મપાય જેના વડે તે उन्मान એટલે કર્ષસંબંધી તુલા વિગેરે (અર્થાત્ ત્રાજવામાં જે કર્ષ-પળ-ગદ્યાણક આદિથી તોલાય છે) તે ઉન્માનપ્રમાણ કહેવાય. તે આ ઉન્માન નામનું દ્રવ્યપ્રમાણ કયા દ્રવ્યોના ઉપયોગમાં વપરાય છે કે જેથી એને દ્રવ્યપ્રમાણમાં ગણો છો ?

उत्तरः- कंसाइयं = અહીં (આ શબ્દમાં) સુપ્‌નો (સાતમી વિભક્તિના બહુવચનના 'સુ' પ્રત્યયનો) વ્યત્યય (ફેરફાર-વિભક્તિ વ્યત્યય) થવાથી 'कंसाइय'એ પ્રથમા વિભક્તિ સરખું રૂપ થયું છે, પરન્તુ વિભક્તિ સાતમીનું બહુવચન હોવાથી 'कांस्यादिषु'એટલે કાંસુ વિગેરે દ્રવ્યોમાં એ ઉન્માનપ્રમાણ ઉપયોગી થાય છે. ત્યાં કાંસુ ધાતુ તો પ્રસિદ્ધ છે, અને 'આદિ' શબ્દથી તાંબુ, લોખંડ, કપાસ, ગોળ, ખાંડ વિગેરેનું પણ ગ્રહણ કરવું, કારણ કે એ સર્વ દ્રવ્યો એ ઉન્માનપ્રમાણ વડે મપાતાં હોવાથી (એ સર્વ દ્રવ્યો ઉન્માનપ્રમાણનાં વિષયવાળાં કહ્યાં છે-) એ ભાવાર્થ છે. વળી આ ઉન્માનપ્રમાણને સિદ્ધાન્તોમાં अध्धकरिसो करिसो ઈત્યાદિ વચનથી (અર્ધકર્ષ, કર્ષ ઇત્યાદિ નામથી) ભાર સુધીનું કહ્યું છે. ત્યાં એક પલનો આઠમો ભાગ તે अर्धकर्ष, પલનો ચોથો ભાગ તે कर्ष, પલનો અર્ધભાગ તે अर्धपल, તેવા બે અર્ધપલનો पल, એકસો પાંચ પલ પ્રમાણની तुला, દશ તુલાનો अर्धभार, વીશ તુલાનો भार. એ પ્રમાણે એ કહેલા તોલ વડે મગધ દેશમાં કાંસુ વિગેરે મપાય છે - તોલાય છે, માટે તે સર્વ પ્રકારના તોલ તે उन्मानप्रमाण કહેવાય છે.

प्रश्नः- જો સિદ્ધાન્તમાં ઉપર કહ્યાં પ્રમાણે અર્ધકર્ષ ઈત્યાદિ તોલને ઉન્માનપ્રમાણ કહ્યું છે તો અહીં (આ ગ્રંથમાં, આ વૃત્તિમાં) 'कार्षिका तुलादिकं (કાર્ષિકા અને તુલા વિગેરે)' એમ શા માટે કહ્યું ? (અર્ધકર્ષ વિગેરે, એમ કેમ નથી કહ્યું ?)

उत्तरः- જો કે એ વાત સત્ય છે, તો પણ અર્ધકર્ષ ઈત્યાદિ તોલને જાણવાના ઉપાયરૂપ હોવાથી ઉપચારથી તે અર્ધકર્ષ વિગેરેને પણ કર્ષ વિગેરે કહી શકાય માટે એમ કહેવામાં કોઈ પ્રકારનો દોષ - વિરોધ નથી.

## ॥ ३. अवमानप्रमाण ॥

એ પ્રમાણે ઉન્માનપ્રમાણ કહ્યું. હવે અવમાનપ્રમાણનું સ્વરૂપ કહેવાય છે - જેના વડે ભૂમિ વિગેરે પ્રમાણ વિશિષ્ટ (અમુક પ્રમાણવાળી) વસ્તુઓ अवगम्यते = અવગમાય એટલે અમુક પ્રમાણની છે એમ સમજાય તે પ્રમાણનું નામ अवमानप्रमाण કહેવાય. અને તે વળી દંડ વિગેરે જ હોય છે, તથા 'આદિ' શબ્દ વડે હાથ - ધનુસ્ - યુગ - રજ્જુ આદિનું પણ ગ્રહણ કરવું. વળી એ હાથ-ધનુસ્-યુગ-રજ્જુ વિગેરેનું વિશેષ સ્વરૂપ આગળની (એટલે ૯૦ મી) ગાથામાં કહેવાશે.

## ॥ ४. प्रतिमानप्रमाण ॥

હવે ચોથા પ્રતિમાન પ્રમાણનું સ્વરૂપ કહેવાય છે તે આ પ્રમાણે - पडिमाणं ઇત્યાદિ. જેના વડે મેય[1]નું એટલે સુવર્ણ વિગેરેનું પ્રતિરૂપ मीयते = મપાય-પરિછેદાય તેવું માન તે પ્રતિમાન. અથવા બીજો અર્થ એ છે કે - પ્રતિ[2]યોગીપણા વડે પ્રતિ[3]તુલ્ય એટલે પ્રતિસદૃશમાન તે પ્રતિમાન તે ગુંજા તથા કાકિણી વિગેરે જાણવાં. એ પ્રતિમાનને પણ સિદ્ધાન્તમાં गुंजा कागिणि निप्फावो ઇત્યાદિ વચનથી ઘણા પ્રકારનું કહ્યું છે. ત્યાં 'ગુંજા' તો 'ચણોઠી' એવા નામથી લોકમાં પ્રસિદ્ધ જ છે, તેવી સવા ગુંજાની ૧ काकिणी, ત્રિભાગસહિત કાકિણી અથવા એક ત્રિભાગ ન્યૂન બે ગુંજાથી બનેલો ૧ वल्ल-વાલ, ત્રણ વાલનો ૧ कर्ममाष, બાર કર્મમાષ નો ૧ मण्डलक, અને સોળ કર્મમાષનો ૧ सुवर्ण. એ સર્વ પ્રમાણ તે પ્રતિમાન કહેવાય છે.

प्रश्नः- વળી એ પ્રતિમાન પ્રમાણ કયા પદાર્થોમાં પરિચ્છેદકપણે માપવાના ઉપયોગ તરીકે પ્રવર્તે છે ? કે જેથી એ પ્રતિમાનને દ્રવ્યપ્રમાણ દ્વારના ભેદોમાં ગણ્યું છે ? (અર્થાત્ પ્રતિમાન પ્રમાણથી કઈ વસ્તુઓ તોલાય છે ?)

उत्तरः- તે કહેવાય છે કે - પ્રમાણ જાણવા માટે જે વસ્તુને નારાચમાં (ત્રાજવામાં) ध्रियन्ते = ધરાય-સ્થાપવામાં આવે, તે धरिम વસ્તુઓ સુવર્ણ - રૂપું - મોતી વિગેરે (અર્થાત્ સુવર્ણ વિગેરે વસ્તુઓ ધરિમ દ્રવ્યો છે). તે વસ્તુઓના વિષયમાં પરિચ્છેદકપણે પ્રવર્તતું હોવાથી (એટલે તે સુવર્ણ વિગેરે પ્રતિરૂપ વસ્તુઓ તોલવાના ઉપયોગમાં આવવાથી) ગુંજા - કાકિણી વિગેરે માપને - પ્રમાણને प्रतिमानद्रव्यप्रमाण કહેવામાં આવે છે.

## ॥ ५. गणिमप्रमाण ॥

જેના વડે વસ્તુ गण्यते = सङ्ख्यायते = ગણાય તે गणिम અથવા गणित કહેવાય, અને તે એક-બે-ત્રણથી પ્રારંભીને શીર્ષપ્રહેલિકા સુધીના ગણિતનું સ્વરૂપ આ જ ગ્રંથમાં આગળ કહેવામાં આવશે (કાળપ્રમાણમાં કહેવાશે). ॥८९॥

अवतरण : હવે પૂર્વ ગાથામાં કહેલા અવમાન પ્રમાણનું કંઈક વિશેષ સ્વરૂપ ગાથા વડે કહેવાય છે, તે આ પ્રમાણે :

**दंडो धणु जुग नालिय, अक्खो मुसलं च होइ चउहत्थं ।**
**दसनालियं च रज्जुं, वियाण ओमाणसन्नाए ॥९०॥**

गाथार्थ : દંડ-ધનુસ્-યુગ-નાલિકા-અક્ષ અને મુસલ એ સર્વે (એક સરખા પ્રમાણના વાચક -પર્યાય શબ્દો છે અને તે સર્વે) ચાર હાથ પ્રમાણના છે, તથા દશ નાલિકાની ૧ રજ્જુ થાય છે. એ પ્રમાણે અવમાનપ્રમાણની સંજ્ઞાઓ જાણવી. ॥९०॥

टीकार्थ : અહીં અવમાનપ્રમાણને સિદ્ધાન્તરૂપી સમુદ્રમાં (સિદ્ધાન્તમાં 'हत्थेण वा दंडेण

૧. મેય એટલે માપવા યોગ્ય પદાર્થો, સુવર્ણ-રૂપું વિગેરે.
૨. અહીં प्रति એટલે સ્હામું, અર્થાત્ સ્હામા ત્રાજવામાં સ્થપાતી વસ્તુ, જેથી 'પ્રતિયોગીપણા વડે' એટલે સ્હામા ત્રાજવામાં સ્થપાવારૂપ સંબંધ વડે, અર્થાત્ એ પ્રકારના પ્રતિપક્ષી પદાર્થપણા વડે.
૩. સ્હામાં ત્રાજવામાં સ્થાપેલી વસ્તુ જેટલા વજનવાળું તે प्रतितुल्य.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वा' ઈત્યાદિ વચનથી હસ્ત, દંડ, ધનુસ્ વિગેરે કહ્યું છે. અને અહીં સૂત્રકર્તાએ (ગાથામાં) કોઈપણ કારણથી જો કે 'હસ્ત' કહ્યો નથી તો પણ ઉપલક્ષણના વ્યાખ્યાનથી (ઉપલક્ષણથી) 'હસ્ત' એ પણ અવમાન પ્રમાણ છે એમ જાણવું. અને તે હસ્ત અહીં આગળ કહેવાશે તેવા સ્વરૂપવાળા ઉત્સેધાંગુલ વડે ચોવીસ અંગુલ પ્રમાણનો (૨૪ ઉત્સેધાંગુલ પ્રમાણનો) જાણવો. તેવા પ્રકારના (એટલે ૨૪ ઉત્સેધાંગુલ પ્રમાણના) હસ્ત વડે ઉપર કહેલાં દંડ- ધનુસ્ - યુગ-નાલિકા-અક્ષ અને મુસલ નામનાં છએ માન-પ્રમાણ દરેક ચાર હાથ પ્રમાણનાં જાણવાં. એ છએ પ્રમાણને अवमान સંજ્ઞા જાણવી. એ સંબધ છે.

प्रश्नः- જો દંડ વિગેરે છએ પ્રમાણ જો પ્રત્યેક ચાર ચાર હાથ પ્રમાણના જ છે, અને હીન વા અધિક નથી, તો એ દંડ વિગેરે છ માંના કોઈપણ એક માન વડે અવમાન સંજ્ઞા (અવમાન પ્રમાણ) સિદ્ધ છે. તો તેવા જ પ્રકારના સરખા પ્રમાણવાળી શેષ અવમાન સંજ્ઞાઓ કહેવાનું શું પ્રયોજન છે?

उत्तरः- એ કહેવું જો કે સત્ય છે, પરન્તુ વાસ્તુ, ભૂમિ વિગેરે મેય વસ્તુઓમાં (માપવા યોગ્ય પદાર્થોમાં) લોકરૂઢિના વશથી તે સમાન પ્રમાણવાળાં માન પણ જુદાં જુદાં ઉપયોગમાં આવતાં હોવાથી (સંજ્ઞાભેદે ઉપયોગમાં આવવાથી) તે સર્વનું (છએ સંજ્ઞાઓનું) અહીં ગ્રહણ કર્યું છે. જેમ કે - લોકમાં વાસ્તુ અને ભૂમિ વિગેરે हस्त વડે જ મપાય છે, અને ખેતીના વિષયવાળું (જેમાં ખેતી કરાય છે એવું) ક્ષેત્ર (ખેતર) તે ચાર હાથના વાંસરૂપ दंड વડે જ મપાય છે. વળી માર્ગ તો ગાઉ યોજન વિગેરેના પ્રમાણથી જાણવાને धनुस् વડે જ મપાય છે, તથા કૂવો વિગેરે ખાતને ચાર હાથ પ્રમાણની યષ્ટિવિશેષરૂપ (લાકડી) વડે જ મપાય છે, એ પ્રમાણે યુગ વિગેરેનો પણ અમુક અમુક વસ્તુઓ માપવામાં ઉપયોગ થાય છે તે દેશ વિગેરેની રૂઢિથી જાણવો. કહ્યું છે કે - 'ભૂમિ હાથથી માપવા યોગ્ય છે, ક્ષેત્ર દંડ વડે માપવા યોગ્ય છે, માર્ગ ધનુષ્ વડે માપવા યોગ્ય છે, અને ખાત નાલિકા વડે મપાય છે.' એ પ્રમાણ અવમાનપ્રમાણ જાણવું. (અહીં યુગ આદિ શેષ પ્રકાર દેશવિશેષથી જાણવા). એ પ્રમાણે આ અવમાન પ્રમાણ સંબંધી ૯૦મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૯૦॥

अवतरण : એ પ્રમાણે પૂર્વ ગાથાઓમાં પાંચે પ્રકારનું દ્રવ્યપ્રમાણ કહ્યું. હવે क्षेत्रप्रमाण કહેવાની ઈચ્છાએ આ ગાથા કહેવાય છે :

**खेत्तपमाणं दुविहं, विभागओगाहणाए निप्फन्नं ।**
**एगपएसोगाढा-इ होइ ओगाहणमणेगं ॥९१॥**

गाथार्थ : ક્ષેત્રપ્રમાણ બે પ્રકારનું છે. ૧. વિભાગનિષ્પન્ન ક્ષેત્રપ્રમાણ, ૨. અવગાહના-નિષ્પન્ન ક્ષેત્રપ્રમાણ. ત્યાં એક પ્રદેશાવગાઢ ઈત્યાદિ અનેક પ્રકારનું અવગાહના-નિષ્પન્ન ક્ષેત્રપ્રમાણ છે. ॥૯૧॥

टीकार्थ : ક્ષેત્ર એટલે આકાશ, અને તે આકાશસંબંધી જે પ્રમાણ તે क्षेत्रप्रमाण કહેવાય. તે બે પ્રકારનું છે : ૧. વિભાગનિષ્પન્ન, ૨. અવગાહનાનિષ્પન્ન. ત્યાં અવગાહનાનિષ્પન્ન પ્રમાણની વક્તવ્યતા - વ્યાખ્યા અલ્પ હોવાથી પ્રથમ તે અવગાહનાનિષ્પન્ન પ્રમાણનું સ્વરૂપ

કહેવાય છે (અને ત્યાર બાદ વિભાગનિષ્પન્ન ક્ષેત્રપ્રમાણનું સ્વરૂપ કહેવાશે.)

## ॥ ૧. અવગાહનિષ્પન્ન ક્ષેત્રપ્રમાણનું સ્વરૂપ ॥

एगपएसोगाढाइ ઈત્યાદિ. (એ પદોનો અર્થ વિભાગનિષ્પન્ન ક્ષેત્રપ્રમાણસંબંધી હોવાથી ઉપર કહ્યા પ્રમાણે પશ્ચાત્ કહેવામાં આવશે,) 'ओगाहणमणेगं ઈતિ.' એ પદોમાં કેવળ 'અવગાહન' શબ્દ છે, તો પણ પદના (અથવા વાક્યના) એક દેશ વડે (એક ભાગ - એક અવયવ વડે) પણ સંપૂર્ણ શબ્દ સૂચવાતો હોવાથી એ પદનો અર્થ 'અવગાહન-નિષ્પન્ન ક્ષેત્રપ્રમાણ' એમ જાણવો. તે અવગાહનિષ્પન્ન ક્ષેત્રપ્રમાણ અનેક પ્રકારનું છે. કેવી રીતે અનેક પ્રકારનું છે ? તે કહે છે - જે એક પરમાણુ અથવા બે અણુનો ૧ સ્કંધ, ત્રણ અણુનો ૧ સ્કંધ, ઈત્યાદિ યાવત્ અનન્ત અણુનો સ્કંધ તે જો એક જ આકાશપ્રદેશમાં અવગાહ્યો-સમાઈ રહ્યો હોય તો તે એક અણુ અથવા દ્વિઅણુસ્કંધ-ત્રિઅણુસ્કંધ વિગેરે સર્વે एकप्रदेशावगाढ કહેવાય; અને જે અવગાહ ભેદોમાં તે જ (એક પ્રદેશાવગાઢરૂપ ભેદ) આદિ હોય- છે તે एकप्रदेशावगाढादि કહેવાય. અહીં 'આદિ' શબ્દથી દ્વિપ્રદેશાવગાઢ - ત્રિપ્રદેશાવગાઢ - યાવત્ અસંખ્યપ્રદેશાવગાઢ એવા અનન્તદ્રવ્યસમૂહનું ગ્રહણ કરવું. તેથી તાત્પર્યાર્થ એ પ્રમાણે છે કે:

એકપ્રદેશાવગાઢ-દ્વિપ્રદેશાવગાઢ-ત્રિપ્રદેશાવગાઢ -ચતુ:પ્રદેશાવગાઢ- યાવત્ અસંખ્ય-પ્રદેશાવગાઢ સુધીના અનેક દ્રવ્યસમૂહના ભેદથી (અસંખ્ય) ભેદવાળું હોવાથી તે અવગાહનાનિષ્પન્ન ક્ષેત્રપ્રમાણ અસંખ્ય પ્રકારનું છે. તે કારણથી જ એ પ્રમાણને અનેક પ્રકારનું કહ્યું છે. વળી આ પ્રમાણને બીજા ગ્રંથોમાં 'પ્રદેશનિષ્પન્ન ક્ષેત્રપ્રમાણ' એવું બીજું નામ આપ્યું છે; કારણ કે એકપ્રદેશાવગાઢ આદિ ભેદ જે એ અવગાહપ્રમાણના કહ્યા તે સર્વે ક્ષેત્રના - આકાશના પ્રદેશો વડે બનેલા (વિવક્ષેલા) હોવાથી તે પ્રદેશનિષ્પન્ન નામ કહ્યું છે. એમાં એક-બે આદિ ક્ષેત્રના જ પ્રદેશોમાં જ તે દ્રવ્યો અવગાહેલાં હોવાથી તેવા પ્રકારની અવગાહના વડે બનેલું (વિવક્ષેલું) જે ક્ષેત્રપ્રમાણ તે પ્રદેશનિષ્પન્ન ક્ષેત્રપ્રમાણ કહેવાય. એમાં તત્ત્વથી એક જ અર્થ છે, તેથી કોઈ પ્રકારનો વિરોધ નથી. (અર્થાત્ અવગાહનિષ્પન્નપ્રમાણ કહો, અથવા તો પ્રદેશનિષ્પન્નપ્રમાણ કહો તો પણ એ બન્ને વસ્તુતઃ એક જ છે.) [તથા એ એવા પ્રદેશાવગાઢ ઈત્યાદિ અસંખ્ય ભેદો પ્રમાણ કઈ રીતે ગણાય ? તે કહે છે-] એકપ્રદેશાવગાઢ દ્રવ્યોનું સ્વરૂપ એકપ્રદેશાવગાહિત્વ - એક પ્રદેશમાં જ અવગાહીને રહેવાનું - છે અને તે સ્વરૂપ થકી જ તે દ્રવ્યોનું તે પ્રમાણ છે અથવા તે દ્રવ્યોમાં તે તે પ્રમાણપણું છે તે પ્રતીત થઈ જાય છે. અર્થાત્ એક પ્રદેશમાં અવગાહીને રહેવાનું તે દ્રવ્યનું સ્વરૂપ જ તે દ્રવ્ય એકપ્રદેશાવગાઢ - પ્રમાણવાળું હોવાનું નક્કી કરી આપે છે. એ પ્રમાણે આ ૯૧મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૯૧॥

अवतरण : હવે वि = વિવિધ પ્રકારનો અથવા વિશિષ્ટ ભાગ = ભંગ - વિકલ્પ-પ્રકાર તે विभाग, તેના વડે (તેવા પ્રકારના વિભાગ વડે) निष्पन्न = બનેલું (વિવક્ષેલું) તે विभागनिष्पन्न, ઈત્યાદિ રીતે પૂર્વે કરેલા વ્યુત્પત્તિ અર્થવાળું જે વિભાગનિષ્પન્ન ક્ષેત્રપ્રમાણ તેનું સ્વરૂપ કહેવાની ઈચ્છાએ આ ગાથા કહેવાય છે :


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अंगुल विहत्थि रयणी, कुच्छी धणु गाउयं च सेढी य ।**
**पयरं लोगमलोगो, खेत्तपमाणस्स पविभागा ॥९२॥**

गाथार्थ : અંગુલ-વેંત-રત્નિ(હસ્ત) -કુક્ષિ-ધનુસ્-ગાઉ-શ્રેણિ-પ્રતર-લોક અને અલોક એ સર્વ ક્ષેત્રપ્રમાણના (વિભાગનિષ્પન્ન ક્ષેત્રપ્રમાણના) વિભાગ-ભેદો છે. ॥૯૨॥

टीकार्थ : અંગુલ-વેંત-રત્નિ(હસ્ત) -કુક્ષિ-ધનુસ્- ગાઉ-શ્રેણિ-પ્રતર-લોક અને અલોક એ સર્વે વિભાગનિષ્પન્ન ક્ષેત્રપ્રમાણના પ્રવિભાગ એટલે પ્રવિકલ્પ- ભેદ છે. એ ગાથાનો સંક્ષિપ્તાર્થ કહ્યો. ॥૯૨॥

अवतरण : ઉપરની ગાથામાં કહેલા અંગુલ વિગેરે ક્ષેત્રપ્રમાણનો અર્થ વિસ્તારથી પ્રતિપાદન કરવાની (કહેવાની) ઇચ્છાએ સૂત્રકર્તા પોતે જ તે અંગુલ વિગેરે સ્વરૂપનું નિરૂપણ કરવા માટે આ ગાથા કહે છે :

**तिविहं च अंगुलं पुण, उस्सेहंगुल पमाण आयं च ।**
**एक्केक्कं पुण तिविहं, सूइ पयरंगुल घणं च ॥९३॥**

गाथार्थ : વળી અંગુલ ત્રણ પ્રકારનું છે - ૧ ઉત્સેધાંગુલ, ૨ પ્રમાણાંગુલ, ૩ આત્માંગુલ. વળી તે એકેક-પ્રત્યેક અંગુલ તે સૂચિ અંગુલ, પ્રતર અંગુલ અને ઘન અંગુલ એમ ત્રણ ત્રણ પ્રકારનું છે. ॥૯૩॥

टीकार्थ : अगि रगि ઈત્યાદિ ધાતુઓ ગતિ અર્થવાળા છે (એટલે તે ધાતુઓનો 'ગતિ' એવો અર્થ છે), અને જે જે ધાતુઓ ગતિ અર્થવાળા છે, તે તે ધાતુઓ જ્ઞાન અર્થવાળા પણ હોય છે, તે કારણથી 'જેના વડે પદાર્થો अङ्ग्यन्ते = પ્રમાણથી જાણવામાં આવે તે अङ्गुल' પ્રસિદ્ધ જ છે. વળી તે અંગુલ तिविहं = ત્રણ પ્રકારનું છે, તે આ પ્રમાણે - ઉત્સેધાંગુલ, પ્રમાણાંગુલ અને આત્માંગુલ.

## ॥ ઉત્સેધાંગુલ - પ્રમાણાંગુલ અને આત્માંગુલ. ॥

ત્યાં ઉત્સેધ એટલે 'अणंताणं सुहुमपरमाणुपोग्गलाणं समुदयसमिइसमागमेणं से एगे वावहारिए परमाणू (અનન્ત સૂક્ષ્મ પરમાણુ પુદ્ગલોના સમુદાયની સમિતિ (ભેગા થવા) રૂપ સમાગમ તે વડે તેનો એક વ્યાવહારિક પરમાણુ થાય-અર્થાત્ અનન્ત સૂક્ષ્મ પરમાણુ મળીને ૧ સ્થૂલ પરમાણુ થાય) ઇત્યાદિ (સિદ્ધાન્તમાં) કહેલા ક્રમ પ્રમાણે उच्छ्रय = વૃદ્ધિની પ્રાપ્તિ કે જે આગમમાં કહેલી છે, અથવા આ ગ્રંથમાં જ જેનું સ્વરૂપ આગળ કહેવામાં આવશે તેવા પ્રકારના કહેલા સ્વરૂપવાળા ઉત્સેધથી (વૃદ્ધિથી) ઉત્પન્ન થયેલું જે અંગુલ તે उत्सेध अङ्गुल કહેવાય (એ એક પ્રકારનો અર્થ થયો).

અથવા उत्सेध એટલે નારક વિગેરે જીવોના શરીરની ઊંચાઈ. તે ઊંચાઈનું પ્રમાણ નિશ્ચિત કરનાર હોવાથી તે ઊંચાઈ (ઉત્સેધ) સંબંધી જે अङ्गुल તે उत्सेधाङ्गुल કહેવાય (એ ઉત્સેધાંગુલનો બીજો અર્થ કહ્યો).

તથા આ ચાલુ વ્યાખ્યામાં - ગ્રંથમાં જ આગળ કહેવાશે તેવા પ્રકારે ચારસોગુણા અથવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હજારગુણા ઉત્સેધાંગુલના પ્રમાણથી બનેલું તે प्रमाणाङ्गुल. અથવા પ્રમાણ વડે પ્રાપ્ત થયેલું અંગુલ તે प्रमाणाङ्गुल. કારણ કે એનાથી બીજું કોઈપણ અંગુલ મોટું નથી, તે કારણથી આ અંગુલ જ પ્રમાણ પ્રાપ્ત અંગુલ કહેવાય, એ તાત્પર્ય છે. અથવા સર્વ પ્રકારનો લોકવ્યવહાર અને રાજ્ય વિગેરે સ્થિતિ-મર્યાદા સર્વથી પ્રથમ દર્શાવનાર હોવાથી આ અવસર્પિણીકાળને વિશે તો શ્રીયુગાદિદેવ (શ્રીઋષભદેવ) અથવા પહેલા ભરતચક્રવર્તી તે પ્રમાણભૂત પુરુષ ગણાય. તે પ્રમાણભૂત પુરુષનું (શ્રી ઋષભદેવ ભગવાનનું અથવા ભરતચક્રવર્તીનું) જે અંગુલ તે प्रमाणाङ्गुल.

તથા આત્માંગુલમાં તો જે કાળને વિશે જે ભરતચક્રવર્તી, સગરચક્રવર્તી આદિ મનુષ્યો-પુરુષો શાસ્ત્રમાં કહેલા પ્રમાણયુક્ત હોય (એટલે જેમનાં શરીર શાસ્ત્રોક્ત પ્રમાણવાળાં હોય) તેવા પુરુષોનો આત્મા (એટલે તે જ પુરુષો) ગ્રહણ કરાય છે, તેથી તેઓના આત્માનું (એટલે તે પ્રમાણયુક્ત પુરુષોનું) જે અંગુલ તે आत्माङ्गुल કહેવાય. (એ પ્રમાણે ત્રણે અંગુલનો વ્યુત્પત્તિ અર્થ કહ્યો.)

## ॥ ત્રણ અંગુલના ત્રણ ત્રણ પ્રતિભેદ ॥
## [॥ સૂચિ અંગુલ - પ્રતર અંગુલ - ઘનાંગુલ ॥]

વળી એ ત્રણે પ્રકારનું અંગુલ તે પ્રત્યેક ત્રણ ત્રણ પ્રકારનું છે, તે આ પ્રમાણે :

સૂચિ અંગુલ - પ્રતરાંગુલ - ઘનાંગુલ. ત્યાં લંબાઈમાં ૧ અંગુલ દીર્ઘ અને જાડાઈમાં એક આકાશપ્રદેશ જેટલી એવી આકાશપ્રદેશની પંક્તિ-શ્રેણિ તે ૧ सूचि अङ्गुल કહેવાય. વળી એ સૂચિ અંગુલ સદ્ભાવથી (વસ્તુતઃ) જો કે અસંખ્ય આકાશ પ્રદેશની સૂચિ-શ્રેણિરૂપ છે, તો પણ અસત્કલ્પનાએ સૂચિ આકારે (સીધી પંક્તિએ) ત્રણ આકાશપ્રદેશ (બિંદુ) સ્થાપીને વિચારવું. તે આ પ્રમાણે : [⋮] (એ ત્રણ બિંદુની પંક્તિને સૂચિ અંગુલ ધારવું.)

તથા સૂચિને સૂચિ વડે જ ગુણતાં प्रतराङ्गुल થાય છે. એ પણ જો કે વસ્તુતઃ અસંખ્ય આકાશપ્રદેશાત્મક છે, તો પણ અસત્કલ્પનાએ એ જ પૂર્વે દર્શાવેલી ત્રણ પ્રદેશ-બિંદુરૂપ સૂચિને તે જ ત્રણ પ્રદેશવડે ગુણતાં દરેક ત્રણ ત્રણ પ્રદેશની બનેલી ત્રણ સૂચિ- શ્રેણિરૂપ નવ પ્રદેશની સંખ્યાવાળું સ્થાપીને વિચારવું - સમજવું. એ પ્રતરાંગુલની પણ સ્થાપના આ પ્રમાણે [⋮⋮⋮] (એ ૯ બિંદુવાળી ત્રણ પંક્તિઓનું પ્રતરાંગુલ છે).

તથા પ્રતરને સૂચિ વડે ગુણતાં લંબાઈ, પહોળાઈ અને જાડાઈમાં સરખી સંખ્યાવાળું (સરખા પ્રમાણવાળું) घनाङ्गुल[1] થાય છે. લંબાઈ, પહોળાઈ, જાડાઈ એ ત્રણેય સ્થાનોમાં પ્રદેશોની સંખ્યા સમાન-એક સરખી હોય તો જ 'ઘન' બને છે. વળી પ્રતર અંગુલ તો દીર્ઘ અને વિષ્કંભ (લંબાઈ અને પહોળાઈ) એ બે વડે જ પ્રદેશોથી સરખી સંખ્યાવાળું છે (એટલે

---

૧. ગ્રંથમાં સૂચિ અંગુલની તથા પ્રતર અંગુલની સ્થાપના બિંદુઓ સ્થાપીને દર્શાવી છે, પરંતુ ઘનાંગુલની સ્થાપના દર્શાવી નથી, તે આ પ્રમાણે :

| ⋮⋮⋮ | ⋮⋮⋮ | ⋮⋮⋮ |
|---|---|---|
| અધઃના | મધ્યમાંના | ઉપરના |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતર અંગુલ તો લંબાઈ અને પહોળાઈ એ બે વડે જ સરખું છે, અર્થાત્ જેટલા પ્રદેશની લંબાઈ તેટલા જ પ્રદેશની પહોળાઈવાળું છે), પણ પિંડથી સરખું નથી (એટલે જાડાઈ તેટલા પ્રદેશવાળી નથી, અર્થાત્ લંબાઈ અથવા પહોળાઈ જેટલા પ્રદેશવાળી જાડાઈ નથી, અથવા જેટલી લંબાઈ વા પહોળાઈ તેટલી જાડાઈ નથી), કારણ કે તે પ્રતરાંગુલમાં જાડાઈ તો માત્ર એક પ્રદેશ જેટલી જ છે, તે કારણથી પ્રતરાંગુલ તે ઘનાંગુલના ભેદ તરીકે થાય (એટલે એક ઘનાંગુલમાંથી ઘણાં પ્રતરાંગુલ નીકળે, પરંતુ પ્રતરાંગુલમાંથી ઘનાંગુલ ન નીકળે), એમ જાણવું. વળી આ ઘનાંગુલ પણ લંબાઈમાં, પહોળાઈમાં અને જાડાઈમાં પ્રત્યેકમાં અસંખ્ય અસંખ્ય આકાશપ્રદેશરૂપ સદ્ભાવથી (વાસ્તવિક રીતે) છે, તો પણ અસત્કલ્પના વડે તે ૨૭ (સત્તાવીસ) પ્રદેશપ્રમાણ છે; કારણ કે પૂર્વે કહેલ ત્રણ પ્રદેશની સૂચિ વડે પૂર્વે કહેલ નવ પ્રદેશરૂપ પ્રતરને ગુણતાં એટલાં જ (સત્તાવીસ જ) પ્રદેશો પ્રાપ્ત થાય છે. એ ૨૭ પ્રદેશોની સ્થાપના પૂર્વે દર્શાવેલા નવ પ્રદેશની નીચે અને ઉપર નવ નવ પ્રદેશ સ્થાપીને વિચારવી. અને તેમ કર્યે છતે એ ઘનાંગુલ તે લંબાઈ, પહોળાઈ અને જાડાઈ એ ત્રણે રીતે સરખું થાય છે. એ ૯૩મી ગાથાનો અર્થ કહ્યો. ||૯૩||

अवतरण : એ ઉત્સેધાંગુલ, પ્રમાણાંગુલ અને આત્માંગુલ એ ત્રણ અંગુલની મધ્યે પ્રથમ ઉત્સેધાંગુલ કેટલા પ્રમાણવાળું છે ? (અર્થાત્ ઉત્સેધાંગુલની લંબાઈ કેટલી ?) એવી આશંકા કરીને તેના પ્રમાણની ઉત્પત્તિનો અનુક્રમ નિરૂપણ કરવાને અર્થે આ ગાથા કહેવાય છે :

**सत्थेण सुतिक्खेण वि, छेत्तुं भेत्तुं व जं किर न सक्का ।**
**तं परमाणुं सिद्धा, वयंति आइं पमाणाणं ॥९४॥**

गाथार्थ : અત્યંત તીક્ષ્ણ એવા પણ શસ્ત્ર વડે નિશ્ચય જે છેદી કે ભેદી ન શકાય, તેને શ્રીજિનેશ્વરો સર્વ પ્રમાણોની આદિરૂપ परमाणु કહે છે, (એટલે સર્વ પ્રમાણોમાં પ્રથમ પરમાણુ છે). ||૯૪||

टीकार्थ : અહીં જે પરમાણુ અતિતીક્ષ્ણ એવા પણ શસ્ત્ર વડે એટલે ખડ્ગ આદિ વડે તથા કુંત (ભાલા) આદિ વડે અનુક્રમે નિશ્ચય છેદી ન શકાય, કે ભેદી પણ ન શકાય, (એટલે ખડ્ગાદિ વડે છેદી ન શકાય, અને કુંત આદિ વડે ભેદી ન શકાય) કારણ કે અત્યંત સ્નિગ્ધ-લપટણો-શ્લક્ષ્ણ હોય છે; તે કારણથી તેવા પરમાણુને सिद्धा = જ્ઞાનસિદ્ધ એટલે સર્વજ્ઞો; પરંતુ સિદ્ધ પરમાત્માઓ નહિ કારણ કે તેમને શરીરાદિનો અસંભવ હોવાથી વચનનો અસંભવ છે; તે સિદ્ધો આગળ કહેવાતી ઉત્સેધાંગુલની ઉત્પત્તિમાં કારણભૂત એવી ઉત્શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા વગેરે પ્રમાણોનું આદિ એટલે પ્રથમ પ્રારંભક કહે છે. અહીં ગાથામાં किर (किल=નિશ્ચય) કહેવાથી એ સૂચવ્યું કે-એ પરમાણુનું લક્ષણ જ કહેવાય છે, પરંતુ તે પરમાણુને કોઈ છેદવા-ભેદવાનો આરંભ કરતું નથી, કારણ કે પરમાણુ અતિબારીક - સૂક્ષ્મ હોવાથી છેદન-ભેદનના વિષયમાં આવતો નથી (એટલે છેદાતો-ભેદાતો નથી), તેમ જ તેને છેદવા-ભેદવાનું કંઈ કારણ પણ નથી (માટે તે પરમાણુનું 'છેદાય નહિ, ભેદાય નહિ' એ લક્ષણ માત્ર જ કહ્યું).

વળી અહીં જે આ પરમાણુ કહ્યો, તે વ્યવહારનયમત વડે જ પરમાણુ કહ્યો. બાકી વાસ્તવિક રીતે તો એ અનંત પરમાણુઓનો બનેલો સ્કંધ જ છે. પરન્તુ સૂક્ષ્મ પરિણામ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પામવાથી એટલે સૂક્ષ્મપરિણામી હોવાથી ચક્ષુથી ગ્રહણ થવાના તથા છેદન-ભેદનના વિષયમાં આવી શકતો નથી, તેથી એને (અનન્ત પરમાણુથી બનેલા સ્કંધને) પણ વ્યવહારનયવાળા પરમાણુ માને છે, માટે તે સ્કંધને પણ અહીં (ઉત્સેધાંગુલના ક્રમમાં) परमाणु રૂપે કહ્યો છે. એ ગાથાર્થ કહ્યો ॥૯૪॥

अवतरण : શું પરમાણુમાં પણ નિશ્ચયનયથી અને વ્યવહારનયથી બે ભેદ થાય છે ? કે જેનાથી 'તેને (અનન્ત અણુવાળા સ્કંધને) પણ વ્યવહારનય પરમાણુ માને છે' એમ કહો છો ! ઉત્તર :- હા, પરમાણુમાં પણ તેવા બે ભેદ છે (વ્યવહારિક પરમાણુ અને નૈશ્ચયિક પરમાણુ એમ બે પ્રકારના પરમાણુ છે). તે કહેવાય છે :

**परमाणू सो दुविहो, सुहुमो तह वावहारिओ चेव ।**
**सुहुमो च अप्पएसो, ववहारनएण अणंतओ खंधो ॥९५॥**

गाथार्थ : પરમાણુ તે બે પ્રકારનો છે, - સૂક્ષ્મ પરમાણુ, તેમજ નિશ્ચય વ્યાવહારિક પરમાણુ. તેમાં સૂક્ષ્મ પરમાણુ તે અપ્રદેશી છે, અને વ્યવહારનય વડે જે પરમાણુ છે તે અનન્ત પરમાણુનો સ્કંધ છે. ॥૯૫॥

टीकार्थ : આ ગાથા ગીતિ છંદમાં છે, પરંતુ આર્યા છંદમાં નથી. તે પરમાણુ સામાન્યથી બે પ્રકારનો છે, सुहुम = સૂક્ષ્મ એટલે નૈશ્ચયિક પરમાણુ, તથા वावहारिए = વ્યાવહારિક પરમાણુ. ત્યાં નિશ્ચયનયથી મનાયેલો સૂક્ષ્મ પરમાણુ અપ્રદેશી (પ્રદેશ રહિત) જ જાણવો. કારણ કે અંશ રહિત હોવાથી પોતાનાથી ભિન્ન એવા બીજા પ્રદેશથી રહિત હોય છે માટે. આવા પ્રકારનો પરમાણુ જ, પરમાર્થથી (વાસ્તવિક) પરમાણુ કહેવાય છે. 'परम = પ્રકૃષ્ટ એટલે ઉત્કૃષ્ટતાને પ્રાપ્ત થયેલો જે अणु = સૂક્ષ્મ પરમાણુ તે જ परमाणु' એવી વ્યુત્પત્તિ હોવાથી. જે કારણથી કહ્યું છે કે :

'कारणमेव तदन्त्यं = આ (નૈશ્ચયિક) પરમાણુ તે ઉત્તરવર્તી એવા દ્વિઅણુ સ્કંધ, ત્રિઅણુ સ્કંધ ઇત્યાદિનું પર્યન્તભૂત (છેલ્લામાં છેલ્લું) કારણ છે, પરંતુ કોઈપણ અન્યનું એ કાર્ય નથી. કારણ કે તે પરમાણુની પછી કોઈપણ એવો પુદ્ગલ નથી કે જે એ પરમાણુને પણ બનાવવામાં કારણભૂત હોય અને દ્વિઅણુ સ્કંધ, ત્રિઅણુ સ્કંધ ઇત્યાદિ સ્કંધો તો પોતાનાથી પૂર્વ[1] - અલગ અલગ પરમાણુઓ - તેનું કાર્ય છે, અને ઉત્તર-ત્ર્યણુક આદિ સ્કંધો-તેનું કારણ પણ થાય છે. (પરમાણુ તો ફક્ત દ્વ્યણુકનું કારણ બને છે, પણ કાર્ય કોઈનું ય નથી બનતી.) એ ગાથાના

---

૧. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે - પુદ્ગલનો સર્વોત્કૃષ્ટ સ્કંધ તે કેવળ કાર્યભૂત છે, અને તેમાં અનન્ત અણુઓ અથવા અનન્ત પૂર્વસ્કંધો કારણભૂત છે, કારણ કે અનન્ત અણુ વા સ્કંધોથી તે મહાસ્કંધ બનેલો છે, પરંતુ હવે તે સ્કંધથી બીજો કોઈ સ્કંધ બનવાનો નથી (માટે તે સ્કંધ કોઈનું કારણ નથી બનતો). તથા તે મહાસ્કંધની પશ્ચાત્નો એકાણુ-ન્યૂન સ્કંધ તે મહાસ્કંધને બનાવવામાં કારણભૂત છે, અને પોતાની પૂર્વના અણુઓ અથવા પોતાનાથી એકાણુકાદિ ન્યૂન સ્કંધોનું કાર્યભૂત છે, એ પ્રમાણે યાવત્ દ્વ્યણુકસ્કંધ તે ઉત્તરવર્તી ત્ર્યણુકાદિ સ્કંધોને બનાવવામાં કારણભૂત છે, અને પૂર્વવર્તી બે અણુઓનું કાર્ય છે, એ પ્રમાણે પરમાણુ અને મહાસ્કંધ એ બે વર્જીને શેષ સર્વે પુદ્ગલ સ્કંધો ઉત્તરવર્તી સ્કંધનું કારણ અને પૂર્વવર્તી સ્કંધાદિનું કાર્ય એમ કારણ- કાર્યરૂપ છે, તેવી રીતે પરમાણુ કારણ - કાર્ય બે રૂપ નથી પરંતુ કેવળ ઉત્તરવર્તી દ્વિઅણુકાદિ સ્કંધોનું કારણ જ છે, પણ પૂર્વવર્તી પુદ્ગલભેદના અભાવે પોતે કાર્યરૂપ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શેષ ત્રણ ચરણોની વ્યાખ્યા સુગમ[1] છે [ માટે અહીં તે ત્રણ ચરણોની (सूक्ष्मो नित्यश्च ઇત્યાદિ પદોની) વ્યાખ્યા કરી નથી. ] ववहारनएण अणंतओ खंधो - એટલે વ્યવહારનયના મત વડે પુનઃ અનન્ત પરમાણુનો બનેલો સ્કંધ પણ કે જે હજી સુધી સૂક્ષ્મપરિણામીપણું પામેલો હોવાથી છેદી શકાતો નથી, તેમજ ભેદી શકાતો પણ નથી, તે પણ परमाणु કહેવાય છે. કારણ કે સૂક્ષ્મપણું હોવાથી એ અનન્તાણુક સ્કંધમાં પણ નહિ છેદાવા-ભેદાવાનો વિષય તો તે સૂક્ષ્મ પરમાણુના સરખો જ છે (માટે પરમાણુ કહેવાય છે). એ ભાવાર્થ છે.

પ્રશ્નઃ- ભલે તેમ હો (એટલે અપ્રદેશી એવો સૂક્ષ્મ પરમાણુ તે નૈશ્ચયિક પરમાણુ અને અનન્ત પરમાણુનો સ્કંધ તે વ્યાવહારિક પરમાણુ એમ બે પ્રકારનો પરમાણુ ભલે કહેવાય) પરંતુ અહીં ચાલુ પ્રકરણમાં પ્રમાણોની આદિમાં (ઉત્સેધાંગુલની ઉત્પત્તિના ક્રમમાં સર્વથી પ્રથમ) સૂક્ષ્મ પરમાણુ જ (નૈશ્ચયિક પરમાણુ જ) શા માટે ગ્રહણ ન કરવો ? વળી તે સૂક્ષ્મ પરમાણુ પ્રમાણોના કારણ તરીકે ઉપયોગી થતો નથી એમ પણ નથી, કારણ કે વ્યાવહારિક પરમાણુ પણ તેવા અનન્ત પરમાણુઓ વડે જ બનેલો છે, (તો તે સૂક્ષ્મ પરમાણુને જ સર્વ પ્રમાણોની આદિમાં કેમ ન ગણવો ?)

ઉત્તરઃ- એ વાત જો કે સત્ય છે, પરંતુ અહીં 'પ્રમાણ'નો વ્યવહાર (લોકમાં શી રીતે થાય ? તે) નિરૂપવાનો છે. એટલે લોકના ઉપયોગમાં આવે તેવા પ્રમાણની અહીં વાત છે, અને લોકવ્યવહારમાં તો સર્વત્ર અનન્ત પરમાણુનો સ્કંધ જ મુખ્યપણે ઉપયોગી થાય છે, પરંતુ સૂક્ષ્મ પરમાણુઓ લોકવ્યવહારમાં ઉપયોગી થતા નથી; એમ જણાવવાને જ સૂક્ષ્મ પરમાણુને પ્રમાણોની આદિમાં ગણ્યો નથી. અથવા સૂત્રપ્રવૃત્તિઓ (સૂત્ર રચના - શાસ્ત્રવચનો) ગંભીર અભિપ્રાયયુક્ત હોય છે, માટે બુદ્ધિમાન પુરુષોએ આ વાતમાં બીજું પણ કારણ હોય તો વિચારવું. એ ગીતિકાનો (ગીતિ છંદયુક્ત ગાથાનો) અર્થ કહ્યો. ||૯૫||

---

૧. સુગમ હોવાથી એ ત્રણ ચરણોની વ્યાખ્યા કરી નથી. તે વ્યાખ્યા આ પ્રમાણે - એ પરમાણુ સૂક્ષ્મ છે, તથા नित्य એટલે સદાકાળ અવસ્થિત છે, એનો કોઈપણ કાળે નાશ થતો નથી. દ્વિઅણુ આદિ સર્વે સ્કંધોમાંનો દરેક વિવક્ષિત સ્કંધ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અસંખ્ય કાળ સુધી સ્વરૂપે રહીને વિનાશ પામી જાય છે, પરંતુ જગતમાં જે અનન્તાનન્ત પરમાણુઓ વિદ્યમાન છે તેમાંનાં કોઈ એકનો પણ વિનાશ થવાનો નથી. અહીં પરમાણુ કોઈ વખતે સ્કંધથી અપ્રતિબદ્ધ - છૂટો રહેવાથી परमाणु અને સ્કંધપ્રતિબદ્ધ થાય ત્યારે प्रदेश એવી ભિન્ન સંજ્ઞા પામે છે, પરન્તુ સ્વરૂપે તો જેવો છે તેવો જ સદાકાળ કાયમ રહે છે.

**एकरसवर्णगन्धो** - એટલે એ પરમાણુમાં પાંચ રસમાંનો કોઈપણ એક રસ સદાકાળ હોય છે જ. જો કે વિવક્ષિત એક રસ બદલાઈને જઘન્યથી એક સમયમાં અને ઉત્કૃષ્ટથી અસંખ્ય કાળે બીજો રસ અવશ્ય પ્રગટ થાય છે તો પણ કોઈ કાળે એક રસરહિત તો થતો જ નથી. તેવી જ રીતે પાંચ વર્ણમાંનો કોઈ એક વર્ણ, તથા બે ગંધમાંની કોઈ એક ગંધ પણ સદાકાળ હોય છે.

**द्विस्पर्शः** - આઠ સ્પર્શમાંથી પરમાણુમાં સામાન્યથી શીત-ઉષ્ણ-સ્નિગ્ધ અને રૂક્ષ એ ચાર સ્પર્શ હોય છે, પરંતુ વિવક્ષિત એક પરમાણુમાં સમકાળે એક સાથે તો શીત-સ્નિગ્ધ, અથવા તો ઉષ્ણ-સ્નિગ્ધ, અથવા તો શીત-રૂક્ષ, અથવા તો ઉષ્ણ-રૂક્ષ, એ પ્રમાણે અવિરોધી બે જ સ્પર્શ પરમાણુ અવસ્થામાં તેમજ પ્રદેશ અવસ્થામાં પણ સદાકાળ હોય છે.

**कार्यलिंगः**- વળી પરમાણુ જગતમાં વિદ્યમાન છે કે નહિ ? તે જાણવાનું લિંગ-લક્ષણ-ચિહ્ન શું ? તેના ઉત્તરમાં એ જ કે ઘટ-પટ આદિ દૃષ્ટાદૃષ્ટ કાર્યો તે જ પરમાણુની વિદ્યમાનતા સિદ્ધ કરવામાં લક્ષણરૂપ છે, માટે ઘટાદિ કાર્ય તે પરમાણુને ઓળખાવનારું લિંગ-લક્ષણ છે. તે કારણે પરમાણુ કાર્યલિંગ છે. (કાર્યનું લિંગ નહિ, પણ કાર્ય એ જ લિંગ-લક્ષણ છે જેનું તે કાર્યલિંગ એવો સમાસ અહીં યોગ્ય છે.) એ પ્રમાણે શેષ ત્રણ ચરણોની વ્યાખ્યા સંક્ષિપ્ત રીતે જાણવી.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अवतरणः હવે આગળ (વ્યાવહારિક પરમાણુ પ્રમાણ બાદ) એ વ્યાવહારિક પરમાણુ વડે પ્રમાણ જેવી રીતે ઉત્પન્ન થાય છે તે પ્રમાણની ઉત્પત્તિને તેવી રીતે દર્શાવતાં શ્રી ગ્રંથકર્તા આ (૯૬મી) ગાથા કહે છે :

**परमाणू य अणंता, सहिया उस्सण्हसण्हिया एक्का ।**
**साऽणंतगुणा संती, ससण्हिया सोऽणु ववहारी ॥९६॥**

गाथार्थः અનન્ત પરમાણુ સહિત એક ઉત્શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા થાય છે, અને તે અનન્તગુણી થઈ છતી (તેની અનન્ત ઉત્ક્ષ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા મળીને) એક શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા થાય છે, તે વ્યવહાર પરમાણુ ગણાય છે. ॥૯૬॥

टीकार्थः તેવા અનન્ત વ્યાવહારિક પરમાણુ सहिया મળીને એક उत्श्लक्ष्णश्लक्ष्णिका થાય છે, (અહીં શબ્દાર્થ આ પ્રમાણે-) અત્યન્ત શ્લક્ષ્ણ (બારીક-સૂક્ષ્મ) તે श्लक्ष्णश्लक्ष्णा, અને એ જ શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા ઉત્તરવર્તી પ્રમાણોની અપેક્ષાએ उत् = અતિપ્રબલ (અતિસૂક્ષ્મ) શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા ગણાય, માટે उत्श्लक्ष्णश्लक्ष्णिका કહેવાય. (એ ઉત્સેધાંગુલનાં ક્રમમાં બીજું પ્રમાણ જાણવું.)

તથા તે અનન્તગુણી થઈ છતી (એટલે અનન્ત ઉત્શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા મળીને) ससण्हिय એટલે એક શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા થાય છે, એ ભાવાર્થ છે. સિદ્ધાન્તોમાં તો આ શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકાને પૂર્વના પ્રમાણથી એટલે ઉત્શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકાથી આઠ ગુણી જ કહી છે, અને આ આચાર્યે - ગ્રંથકર્તાએ અનન્તગુણી ક્યાંથી લખી ? તે શ્રી સર્વજ્ઞો જ જાણે, પરંતુ અર્વાગ્[1]દર્શી (પ્રાચીન મુનિઓને પગલે ચાલનારા-પ્રરૂપણ કરનારા) એવા અમે (વૃત્તિકર્તા) એ સંબંધમાં કંઈ પણ જાણતા નથી.

सोऽणु ववहारी - આ પદમાં લિંગનો ફેરફાર થવાથી (એટલે સ્ત્રીલિંગને બદલે પુલ્લિંગ થવાથી) અને ચકાર અધિક જાણવાનો હોવાથી તે સ્ત્રીલિંગ અને ચકારપૂર્વક અર્થ આ પ્રમાણે જાણવો - सा च = વળી તે શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા વ્યવહારિક પરમાણુના ક્રમપૂર્વક બનેલી હોવાથી ઉપચારે व्यावहारिक परमाणु કહેવાય, એ ભાવાર્થ છે. અને તે કારણથી એટલા પ્રમાણવાળી એ મુખ્યત્વે શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા કહેવાય, અને ઉપચારથી એ વ્યાવહારિક પરમાણુ પણ આ ચાલુ પ્રમાણમાં ગણાય છે, એમ સિદ્ધ થયું. એ પ્રમાણે ૯૬મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૯૬॥

अवतरणः પૂર્વ ગાથામાં ઉત્સેધાંગુલની ઉત્પત્તિના ક્રમમાં અનન્તાણુક સ્કંધને છેદન-ભેદનના અવિષયવાળો કહ્યો તે સંબંધમાં અવ્યુત્પન્ન મતિવાળો (અલ્પ મતિવાળો) શિષ્ય શંકા કરે છે કે - प्रश्नः- વ્યાવહારિક પરમાણુ અનન્ત અણુઓનો બનવા છતાં પણ જો છેદન - ભેદનના વિષયવાળો કહ્યો, તો શું સર્વે અનન્ત પરમાણુઓવાળા સ્કંધો એવા જ પ્રકારના છે ? કે કોઈ છેદન - ભેદનાદિ વિષયવાળા સ્કંધો પણ છે ? એવા પ્રકારની આશંકા કરીને તેના ઉત્તર રૂપે હવે આ ગાથા કહેવાય છે :

**खंधोऽणंतपएसो, अत्थेगइओ जयम्मि छिज्जेज्जा ।**
**भिज्जेज्ज व एगइओ, नो छिज्जे नो य भिज्जेज्जा ॥९७॥**

---

૧. અર્વાગ્દર્શી એટલે સામે હોય તેટલું જ જોઈ શકનારા, આગળ-પાછળના અજાણ.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગાથાર્થઃ જગતમાં અનન્ત પ્રદેશવાળા એવા પણ કેટલાક સ્કંધો છે કે જે છેદાય છે અને ભેદાય છે, અને કેટલાક એવા પણ છે કે જે છેદાતા નથી તેમજ ભેદાતા પણ નથી. (એમ બન્ને પ્રકારનાં સ્કંધો વિદ્યમાન છે.) ॥૯૭॥

ટીકાર્થઃ અનન્ત પરમાણુરૂપ પ્રદેશો વડે બનેલો, जयम्मि = આ જગતને વિષે તેવો કોઈ એક, તથા પ્રકારના બાદરપરિણામે પરિણમેલો સ્કંધ પણ છે કે જે; - (એમ કહીને) શું કહેવાનું છે તે કહે છે કે - छिज्जेज्जा भिज्जेज्ज व = ખડ્ગાદિ વડે છેદાય છે, એટલે (જેના) બે ભાગ કરાય છે, અને કુન્ત (ભાલા) આદિ વડે ભેદાય છે એટલે છિદ્રવાળા કરાય છે. તથા તેવા પ્રકારનો પણ કોઈ એક, સૂક્ષ્મપરિણામને પ્રાપ્ત થયેલો સ્કંધ પણ હોય છે કે જે; - (એમ કહીને) શું કહેવાનું છે તે કહે છે કે - ન છેદાય કે ન ભેદાય, એવા કાષ્ઠ - પથ્થર - ઢેફું ઇત્યાદિ બાદર પરિણામે પરિણમેલા અને માંસચક્ષુ વડે (ચર્મચક્ષુ વડે) ગમ્ય (દેખી શકાય) એવા સ્કંધો - છેદન-ભેદન, વિષયવાળા હોય છે અને સૂક્ષ્મપરિણામે પરિણમેલા સ્કંધો તો સાતિશય જ્ઞાનવાળાઓને જ ગમ્ય છે. (એટલે અવધિજ્ઞાન આદિ શ્રેષ્ઠ જ્ઞાન વડે જ જાણી-દેખી શકાય એવા છે.) તે સ્કંધો છેદન - ભેદનનો વિષય થતા જ નથી. એ ભાવાર્થ છે. (અર્થાત્ સૂક્ષ્મ પરિણામી સ્કંધો છેદી - ભેદી શકાતા નથી.)

અહીં ઉપર કહેલા પાઠને બદલે 'खंधोऽणंतपएसो, अत्थेगइओ उ जो य छिज्जेजा भिज्जेज व ।' એવો પણ પાઠ કોઈ ગ્રંથમાં છે. એમાં પણ અર્થ એ જ છે, જુદો નથી. અનન્તપ્રદેશી કોઈ એક એવો પણ સ્કંધ છે કે જે છેદાય- ભેદાય છે (અને કોઈ એક એવો પણ છે કે જે છેદાતો - ભેદાતો જ નથી). એ ગાથાર્થ કહ્યો. ॥૯૭॥

अवतरणः ત્યાં જે છેદનાદિકને અવિષયભૂત (છેદન - ભેદન નહિ થઈ શકવાના સ્વભાવવાળો) અને સૂક્ષ્મપરિણામને પ્રાપ્ત થયેલો એવો વ્યાવહારિક પરમાણુ તો પૂર્વ ગાથામાં જ દર્શાવ્યો. હવે બાદરપરિણામને પ્રાપ્ત થવાથી છેદન- ભેદન થઈ શકે એવા સ્કંધરૂપ અને શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકાથી ઉત્તરવર્તી એવાં, ઉત્સેધાંગુલની ઉત્પત્તિમાં કારણભૂત જે શેષ પ્રમાણો તેને દર્શાવતા છતા ગ્રંથકાર (આ ૯૮મી ગાથા) કહે છે [ અર્થાત્ ઉત્સેધાંગુલની ઉત્પત્તિના આ ચાલુ પ્રસંગમાં ઉત્સેધાંગુલ સંબંધી પ્રમાણના ક્રમમાં પ્રથમ ઉત્શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા અને ત્યારબાદ વ્યાવહારિક પરમાણુ એ બે પ્રમાણ દર્શાવીને ત્યારબાદ હવે આ ગાથામાં શેષ પ્રમાણે અનુક્રમે અધિક અધિક દર્શાવે છે - ઇતિ તાત્પર્ય ] :

**परमाणू तसरेणू रहरेणू अग्गयं च वालस्स ।**
**लिक्खा जूया य जवो, अट्ठगुणविवड्ढिया कमसो ॥९८॥**

ગાથાર્થઃ પરમાણુ [ - ઊર્ધ્વરેણુ ] - ત્રસરેણુ-રથરેણુ અને વાલનો અગ્ર (વાલાગ્ર) - લિક્ષા (લીખ)-યૂકા (જૂ) અને યવ એ અનુક્રમે આઠ આઠ ગુણાં વધતાં જાણવાં. [અર્થાત્ ૮ પરમાણુનો એક ઊર્ધ્વરેણુ, ૮ ઊર્ધ્વરેણુનો એક ત્રસરેણુ ઇત્યાદિ.] ॥૯૮॥

ટીકાર્થઃ અહીં ઉપલક્ષણના વ્યાખ્યાનથી પરમાણુ કહ્યા બાદ ऊर्ध्वरेणु કહેલો જાણવો (એટલે ગાથામાં પરમાણુ પછી ઊર્ધ્વરેણુ જો કે પ્રગટ કહ્યો નથી તો પણ પરમાણુના ઉપલક્ષણથી

ઊર્ધ્વરેણુ પણ ગ્રહણ કરવો). કારણ કે સિદ્ધાન્તોમાં અનેક સ્થાને એજ અનુક્રમ કહેલો છે, અને યુક્તિવાળો પણ છે. તે કારણથી એ પરમાણુ - ઊર્ધ્વરેણુ - ત્રસરેણુ ઇત્યાદિ યવ સુધીના સર્વે પ્રમાણ અનુક્રમે આઠ આઠ ગુણાં જાણવાં. તે આ પ્રમાણે :

પરમાણુ આઠગુણો થાય ત્યારે ઊર્ધ્વરેણુ થાય, અર્થાત્, આઠ પરમાણુઓ મળીને એક ઊર્ધ્વરેણુ બને. અહીં, ૮ પરમાણુનો એક ઊર્ધ્વરેણુ-એ વાતમાં 'પરમાણુ' તરીકે તો પૂર્વની ગાથામાં ઉપચારથી વ્યવહારપરમાણુ તરીકે શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકાને ગણાવેલ છે. તે જ લેવાનો છે, પણ છેદન આદિ ન થઈ શકે તેવા, પ્રમાણોના આદિભૂત વ્યાવહારિક પરમાણુ નહિ. કેમ કે તે આદિ પ્રમાણરૂપ[1] વ્યાવહારિક પરમાણુઓ તો (આઠ નહિ, પણ) અનંતા ભેગા થાય ત્યારે ઉત્શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકાદિરૂપ પ્રમાણો વચમાં જ - આદિ પ્રમાણભૂત પરમાણુ તથા ત્રસરેણુની વચાળે જ - હોવાનું કહેલું છે; અને એ અતિસૂક્ષ્મ હોવાથી તેવા આઠ પરમાણુઓ વડે બાદર પરિણામી એવો ઊર્ધ્વરેણુ બની પણ શકે નહિ. તે આ પ્રમાણે - બારીઓ વગેરેમાંથી આવતાં સૂર્યના કિરણો વગેરેથી સ્પષ્ટ દેખાતો અને પોતાની મેળે અથવા પર પ્રયોગથી ઉપર, નીચે અને તિર્ચ્છી ગતિ કરવાના સ્વભાવવાળો જે રેણુ-અણુ તે અહીં ઊર્ધ્વરેણુ કહેવાય છે. તો તેવો ઊર્ધ્વરેણુ તેવા (પ્રથમ કહેલા) ૮ પરમાણુઓ વડે કેવી રીતે બની શકે ? તે કારણથી સિદ્ધાન્તને બાધ ન આવે એવી રીતે એમ સિદ્ધ થયું કે - પૂર્વ ગાથામાં (ઉપચારથી) વ્યાવહારિક પરમાણુ તરીકે કહેલ આઠ શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા વડે ૧ ऊर्ध्वरेणु થાય છે.

તથા त्रस्यति એટલે પૂર્વ દિશા વગેરે દિશાઓમાંથી વાતા વાયુઓ વડે પ્રેરાયેલો એવો જે અણુ-રેણુ ગતિ કરે તે त्रसरेणु કહેવાય. ઊર્ધ્વરેણુ તો વાયુના પ્રયોગ વિના પોતાની મેળે પણ ગતિમાન થાય છે, અને આ ત્રસરેણુ તો પૂર્વાદિ દિશાઓના વાયુથી પ્રેરાય ત્યારે જ ગતિવાળો થાય છે, તે કારણથી તે ઊર્ધ્વરેણુ આ ત્રસરેણુથી અલ્પ પ્રમાણવાળો છે, માટે આઠ ઊર્ધ્વરેણુ વડે ૧ ત્રસરેણુ થાય છે, અને એ પ્રમાણે હોવાથી આ ગાથામાં ઊર્ધ્વરેણુનો અધ્યાહાર (ગાથામાં ન કહ્યા છતાં ઊર્ધ્વરેણુનું ગ્રહણ કરવું) તે યુક્તિયુક્ત જ જાણવો.

તથા ચાલતા રથના ચક્રથી - પૈડાથી ઉખડેલો - ઉડેલો - ઉડતો જે રેણુ (સૂક્ષ્મ રજકણ) તે रथरेणु કહેવાય. પૂર્વે કહેલો ત્રસરેણુ તો વાયુના પ્રયોગથી ગતિવાળો છે, અને આ રેણુ તો વાયુ હોવા છતાં પણ રથના ચક્ર વગેરેથી ઉખડ્યા વિના ગતિવાળો થતો નથી, તે કારણથી આ રથરેણુથી ત્રસરેણુ અલ્પ પ્રમાણવાળો છે, અને તેથી જ આઠ ત્રસરેણુ મળીને ૧ रथरेणु થાય છે.

વળી આ ઠેકાણે 'परमाणू रहरेणू तसरेणू' ઇત્યાદિ પાઠ જ બીજી ઘણી પ્રતોમાં દેખાય છે,

---

૧. તાત્પર્ય એ છે કે - ચાલુ પ્રકરણમાં વ્યાવહારિક પરમાણુ બે વાર કહેવાયા છે, તેમાં અનન્ત સૂક્ષ્મ પરમાણુઓથી (નૈશ્ચયિક પરમાણુઓથી) બનેલો તે પહેલો વ્યાવહારિક પરમાણુ અને પુનઃ તેવા અનન્ત વ્યાવ૦ પરમાણુઓથી બનેલી જે ઉત્શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા અને તેવી અનન્ત અથવા આઠ ઉત્શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકાથી બનેલી શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા તે પણ વ્યવહાર પરમાણુ જ કહેલો છે, માટે એ શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા રૂપે જે પરમાણુ તે અહીં બીજો વ્યાવહારિક પરમાણુ જાણવો, અને આ ગાથામાં જે પરમાણુ શબ્દ પહેલો કહ્યો છે તે બીજા વ્યાવહારિક પરમાણુરૂપ એટલે શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા રૂપ જાણવો, અને પહેલો વ્યાવહારિક પરમાણુ તો ઉત્શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકાથી પણ અનન્તમા ભાગ જેટલો સૂક્ષ્મ છે, અને તે જ સર્વ પ્રમાણોમાં આદિભૂત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે અસંગત-અયુક્ત જ જણાય છે. કારણ કે રથરેણુથી ત્રસરેણુ આઠ ગુણો હોય એમ બની શકતું નથી; પરંતુ પૂર્વે કહેલી રીતિ પ્રમાણે વિચારતાં તો વિપરીત જ સમજાય છે (અર્થાત્ ૮ રથરેણુનો ૧ ત્રસરેણુ એ તો વિપરીત સંભવે છે.) વળી જો કે સંગ્રહણી[1] સૂત્રકર્તાએ परमाणू रहरेणू ઇત્યાદિ જ પાઠ કહ્યો છે એમ કહેવાય છે, તેમાં પણ સમાન પંથ છે (એટલે એ પાઠ પણ ઘટી શકતો નથી), કારણ કે એ પાઠ પણ (સંગ્રહણી કર્તાએ કહેલો પાઠ પણ) ઘટાવવા જતા વિચારણીય થઈ પડે છે, તેમજ આગમની સાથે વિરોધ આવે છે, અને યુક્તિથી પણ સંગત નથી (સમજાય તેવો નથી). - इति पाठान्तरविसंवादः ।

તથા આઠ રથરેણુ મળીને દેવકુરુ અથવા ઉત્તરકુરુ[2] મનુષ્યોનો ૧ वालाग्र[3] થાય છે. તેવા આઠ વાલાગ્ર વડે હરિવર્ષ અને રમ્યક્ક્ષેત્રના મનુષ્યોનો વાલાગ્ર થાય છે. તેવા આઠ વાલાગ્રો વડે હૈમવત-હિરણ્યવતના મનુષ્યનો વાલાગ્ર થાય છે. પુનઃ તે આઠ વાલાગ્રોનો પૂર્વ મહાવિદેહ અને પશ્ચિમ મહાવિદેહના મનુષ્યોનો વાલાગ્ર થાય છે. પુનઃ એવા આઠ વાલાગ્ર વડે ભરત તથા ઐરવત ક્ષેત્રના મનુષ્યનો એક વાલાગ્ર થાય છે. અહીં એ પ્રમાણે વાલાગ્રના અનેક ભેદ હોવા છતાં પણ સર્વમાં વાલાગ્રપણું તુલ્ય હોવાથી સમાન જાતિની વિવક્ષા વડે 'वालग्गं' એ પ્રમાણે ગાથામાં સામાન્યથી એક જ ભેદ દર્શાવ્યો છે. (સર્વ વાલાગ્રોમાં અહીં ભરત - ઐરવતના મનુષ્યના જ વાલાગ્ર ગ્રહણ કરવા).

તથા તે ભરત-ઐરવત ક્ષેત્રના મનુષ્યોના ૮ વાલાગ્ર મળીને ૧ लिक्षा= લીખ થાય છે. અને તેવી ૮ લીખ વડે ૧ यूका = જૂ થાય છે. અને તેવા ૮ યૂકા મળીને ગાથામાં સૂચવેલાં जव શબ્દથી એક यवमध्य થાય છે. એ પ્રમાણે ગાથાનો અર્થ સમાપ્ત થયો. ||૯૮||

अवतरणः પૂર્વ ગાથામાં યવમધ્ય સુધીનાં પ્રમાણ કહીને હવે એ યવમધ્ય પછી કયા કયા (ઉત્સેધાંગુલની ઉત્પત્તિમાં કારણભૂત) છે ? તે દર્શાવે છે :

**अट्ठेव य जवमज्झाणि, अंगुलं छच्च अंगुला पाओ ।**
**पाया य दो विहत्थी, दो य विहत्थी भवे हत्थो ॥९९॥**

गाथार्थः આઠ જ યવમધ્ય મળીને ૧ અંગુલ (उत्सेधांगुल) થાય છે. તેવા ૬ અંગુલનો ૧ પાદ (=પગ) થાય છે, તેવા બે પદનો ૧ વેંત, અને બે વેંતનો ૧ હાથ થાય છે. ||૯૯|| (એથી આગળ પણ હજી પ્રમાણભેદ ધનુષ્ આદિ છે).

टीकार्थः આઠ યવમધ્ય[4] વડે ૧ અંગુલ થાય છે, અર્થાત્ પૂર્વ ગાથામાં કહેલા સ્વરૂપવાળા

૧. એ પ્રમાણની વાત પ્રાયઃ બૃહત્ સંગ્રહણી કે જે વર્તમાન કાળે પઠન - પાઠનના ઉપયોગમાં આવે છે તેમાં નથી, પરંતુ क्षेत्रसमास (લઘુક્ષેત્રસમાસ)માં છે.

૨-૩. દેવકુરુ અને ઉત્તરકુરુ એ બંન્ને ક્ષેત્રમાં એક સરખા ભાવ હોવાથી, બન્ને ક્ષેત્ર ગ્રહણ કર્યાં છે. એ ક્ષેત્રોમાં સર્વદા પહેલો આરો છે, અને યુગલિક મનુષ્યો રહે છે. તેના વાળ બારીક અને સુંવાળા હોય છે, તેવા બારીક વાળનો અગ્રભાગ તે પણ શીર્ષ મુંડાવ્યા બાદ એકથી સાત દિવસ સુધીમાં ઉગેલા વાળનો અગ્રભાગ ગ્રહણ કરવો. એમ અન્ય ગ્રંથોમાં કહ્યું છે.

૪. અહીં यवमध्य એટલે યવ નામના ધાન્યના દાણાનો તિર્ચ્છો (આડો) મધ્યભાગ જાણવો, પરંતુ યવની લંબાઈ નહિ, અર્થાત્ યવમધ્ય શબ્દથી મધ્યભાગની જાડાઈ ગ્રહણ કરવી, જેથી આઠ યવને સાથે સાથે આડા ગોઠવતાં ૧ ઉત્સેધાંગુલ જેટલી જગ્યામાં સમાય છે - એ તાત્પર્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આઠ ગુણા યવમધ્ય વડે (એટલે ૮ યવમધ્ય વડે) ચાલુ વિષયમાં ઉપયોગી એવો ૧ उत्सेधांगुल થાય છે. અને તેવા छच्च अंगुला એટલે છ અંગુલ પ્રમાણ (અર્થાત્ ૬ ઉત્સેધાંગુલ પ્રમાણ) વિસ્તારવાળો પગનો મધ્યતલ પ્રદેશ છે (એટલે પગતળિયાનો આડો મધ્યભાગ છે). એ મધ્યતલ પ્રદેશ તે પગનો એક દેશભાગ હોવાથી पाद ગણાય છે. તથા એવા બે પગને સાથે સાથે જોડવાથી (એટલે બે પાદ પ્રમાણનો) ૧ વેંત ૧૨ અંગુલ પ્રમાણનો થાય છે અને તેવા બે વેંતનો ૧ हस्त થાય છે. અહીં अंगुल विहत्थी रयणी ઈત્યાદિ પદવાળી ઉપર કહેલી મૂળ ગાથામાં रयणी = રત્નિ શબ્દ કહ્યો છે તે હાથનો પર્યાયવાચક શબ્દ છે, માટે રત્નિ કહેવાથી ૧ હસ્ત-હાથ જ જાણવો. તથા બે હાથનું ૧ कुक्षि પ્રમાણ થાય છે, એ કુક્ષિપ્રમાણ આ ગાથામાં પ્રગટ રીતે જો કે કહ્યું નથી તો પણ અધ્યાહારથી ગ્રહણ કરવું; કારણ કે આ ગ્રંથમાં પહેલાં પણ મૂળ ગાથાને વિશે કહેલ હોવાથી (એટલે આ ગ્રંથમાં ૯૨મી ગાથાને વિષે अंगुल विहत्थी रयणी, कुच्छी धणु गाउयं च सेढी य ઈત્યાદિ પદોથી कुच्छी = કુક્ષિપ્રમાણ કહેલ હોવાથી) તેમજ સિદ્ધાન્તોમાં પણ કુક્ષિપ્રમાણ કહેલું હોવાથી અહીં પણ ગ્રહણ કરવું. એ પ્રમાણે આ ૯૯મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૯૯॥

अवतरण: પૂર્વ ગાથામાં કહેલા ઉત્સેધાંગુલ પ્રમાણના ભેદથી (એટલે પરમાણુથી હસ્ત સુધીના ભેદથી) આગળ બીજા કયા કયા ભેદ છે ? તે આ ગાથામાં દર્શાવાય છે. (અર્થાત્ યોજન સુધીના ભેદ દર્શાવાય છે) :

**चउहत्थं पुण धणुयं, दुन्नि सहस्साइं गाउयं तेसिं ।**
**चत्तारि गाउया पुण, जोयणमेगं मुणेयव्वं ॥१००॥**

गाथार्थ: વળી ૪ હાથનો ૧ ધનુષ્, તે બે હજાર ધનુષ્નો ૧ ગાઉ, અને તેવા ૪ ગાઉનો ૧ યોજન જાણવો. ॥૧૦૦॥

टीकार्थ: વળી ૪ હાથનો ૧ ધનુષ્ થાય છે. અથવા બે કુક્ષિપ્રમાણનો ૧ ધનુષ્ થાય છે, એમ પણ સરખો અર્થ હોવાથી જાણવું. (અર્થાત્ એ બન્નેનો અર્થ એક સરખો છે). તેવા બે હજાર ધનુષ્નો ૧ ગાઉ થાય છે, અને તેવા ચાર ગાઉનો ૧ योजन જાણવો. આ યોજનનું પ્રમાણ મૂળ ગાથામાં (પૂર્વે કહેવાયેલી ૯૨મી ગાથામાં) કહ્યું નથી તો પણ તે ગાથામાં ગાઉનું પ્રમાણ કહ્યું છે, તે ગાઉના ઉપલક્ષણથી તેમજ સિદ્ધાન્તોમાં પણ કહેલું હોવાથી અને અત્યંત ઉપયોગી હોવાથી આ ગાથામાં (આ ૧૦૦મી ગાથામાં યોજનનો ભેદ) કહેલ છે. એ પ્રમાણે આ મૂળ ગાથાનો અર્થ કહ્યો. ॥૧૦૦॥

હવે અહીંથી શ્રેણિ, પ્રતર વિગેરે પણ ક્ષેત્રપ્રમાણના વિભાગો દર્શાવ્યા છે, તો પણ આ ઉત્સેધાંગુલ પ્રમાણની ઉત્પત્તિના વિચારમાં તેની વ્યાખ્યા નહિ કરાય, કારણ કે તે શ્રેણિ-પ્રતર વિગેરે પ્રમાણનો અહીં પ્રસ્તુત વિષય (ચાલુ પ્રસંગ) નથી. અહીં તો નારક વગેરે જીવભેદોની અવગાહનાના પ્રમાણ તરીકે આ ઉત્સેધાંગુલ પ્રમાણ (તેના સંબંધમાં જ) અહીં જ કહેવાશે. અને તે નારક વિગેરેની અવગાહનામાં યોજન સુધીનું જ ક્ષેત્રપ્રમાણ ઉપયોગી છે, તે કારણથી તે વિષયના પ્રસંગમાં પ્રસ્તુત હોવાથી અહીં યોજન સુધીનું ક્ષેત્રપ્રમાણ કહ્યું છે અને શ્રેણિ-પ્રતર વિગેરે પ્રમાણ ભેદોનો અહીં ઉપયોગ ન હોવાથી તેમજ તેનો વિષય-પ્રસંગ પણ ન હોવાથી તે

Jain Education International  For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રેણિ-પ્રતર વિગેરે ક્ષેત્રપ્રમાણની વ્યાખ્યા અહીં કરવામાં આવતી નથી. પરંતુ આગળ તો તે શ્રેણિ-પ્રતર વિગેરેની પણ વ્યાખ્યા કરવામાં આવશે.

अवतरणः એ પ્રમાણે ઉત્સેધાંગુલનું પ્રમાણ કહ્યું, તેમજ તેનાથી ઉત્પન્ન થયેલાં વેંત-હાથ-ધનુષ્ આદિ પ્રમાણો પણ કહ્યાં. અનુક્રમથી પ્રાપ્ત થયેલ પ્રમાણાંગુલ અને તે પ્રમાણાંગુલથી ઉત્પન્ન થયેલ જે વેંત-હાથ-ધનુષ્ વિગેરે તેને કહેવાની ઈચ્છાએ ગ્રંથકર્તા આ ગાથા કહે છે. (અર્થાત્ અંગુલ-વેંત-હાથ વગેરે પ્રમાણભેદો પ્રત્યેક ઉત્સેધથી, પ્રમાણથી અને આત્માંગુલથી એમ ત્રણ પ્રકારે છે. તેમાંનો પહેલો પ્રકાર કહીને હવે બીજો પ્રકાર કહેવાય છે :

**उस्सेहंगुलमेगं हवइ पमाणंगुलं दुपंचसयं ।**
**ओस्सप्पिणीए पढमस्स, अंगुलं चक्कवट्टिस्स ॥१०१॥**

गाथार्थः એક ઉત્સેધાંગુલને બે પાંચસોગણું (હજાર ગુણ) કરવાથી એક પ્રમાણાંગુલ થાય, અને તેવું પ્રમાણાંગુલ આ અવસર્પિણીના પહેલા ચક્રવર્તીનું હતું (અર્થાત્ ભરત ચક્રવર્તીનું અંગુલ ૧ પ્રમાણાંગુલ જેવડું હતું). ॥૧૦૧॥

टीकार्थः પૂર્વે કહેલા સ્વરૂપવાળું એક ઉત્સેધાંગુલ તે દ્વિપંચશત (બે વાર પાંચસો ગુણ કરે તો તેથી કયું પ્રમાણ થાય ? તે કહે છે - पमाणंगुलं हवइ = પ્રમાણાંગુલ થાય, અર્થાત્ એક ઉત્સેધાંગુલને હજાર ગુણ કર્યું છતું ૧ પ્રમાણાંગુલ થાય, એ તાત્પર્ય છે. અહીં ગાથામાં दुपंचसय-गुणं નથી પરંતુ કેવળ दुपंचसयं છે, પરંતુ 'પદના એક ભાગ વડે પણ સંપૂર્ણ પદ ગ્રહણ કરવાનો' ન્યાય હોવાથી નહિ કહેલો गुणं શબ્દ પણ અધિક ગ્રહણ કરવો. વળી આ ઉત્સેધાંગુલથી પ્રમાણાંગુલ જે હજાર ગુણ કહ્યું, તે આ અવસર્પિણીમાં પહેલા ચક્રવર્તીનું જ તેવું એક અંગુલ જાણવું. (હવે એ સંબંધમાં પ્રશ્ન ઉપસ્થિત થાય છે તે આ પ્રમાણે -)

प्रश्नः- જો એ પ્રમાણે કહો તો ભરતચક્રવર્તીનું ૧ અંગુલ તે જ प्रमाणाङ्गुल કહ્યું એમ ગણાય અને જો એ પ્રમાણે હોય તો ઉત્સેધાંગુલથી પ્રમાણાંગુલ ચારસો ગુણ જ થાય, પરંતુ હજાર ગુણ ન થાય. તેનું કારણ આ પ્રમાણે - ભરતચક્રવર્તી નિશ્ચયે પોતાના અંગુલ વડે અથવા આત્માંગુલ વડે ૧૨૦ (એકસો વીસ) અંગુલ ઊંચા હતાં એમ અનુયોગદ્વાર ચૂર્ણિ વિગેરે ગ્રંથોમાં નિર્ણીત કર્યું છે (કહ્યું છે) તથા ઉત્સેધાંગુલના પ્રમાણથી ગણતાં ૫૦૦ ધનુષ્ (પાંચસો ધનુષ્) ઊંચા હતા. ત્યાં પ્રત્યેક ધનુષ્ ૯૬ અંગુલ પ્રમાણવાળું હોવાથી પાંચસો ધનુષ્નાં અડતાલીસ હજાર (૪૮૦૦૦) ઉત્સેધાંગુલ થયાં. અને એમ થતાં એક પ્રમાણાંગુલમાં ૪૦૦ અંગુલ જ પ્રાપ્ત થયાં. કારણ કે - એકસોવીસ પ્રમાણાંગુલ વડે અડતાલીસ હજાર ઉત્સેધાંગુલને ભાગતાં એટલાં જ (૪૦૦) પ્રાપ્ત થાય. તે કારણથી એ પ્રમાણે ગણતાં ભરતચક્રવર્તીનું એક અંગુલરૂપ પ્રમાણાંગુલ તે ઉત્સેધાંગુલથી ૪૦૦ ગુણ જ થાય, પરંતુ ૧૦૦૦ ગુણ ન થાય (માટે હજાર ગુણ કહો છો તે કેવી રીતે ?).

उत्तरः- એ વાત જો કે તમોએ સત્ય કહી છે, પરંતુ પ્રમાણાંગુલ (ભરતના અંગુલ)ની અઢી ઉત્સેધાંગુલ જેટલી પહોળાઈ પણ છે, તેથી જ્યારે પોતાની પહોળાઈ સહિત પ્રમાણાંગુલ જેવું

છે (ભરતચક્રીનું અંગુલ જેવું છે) તેવું જ યથાર્થ વિચારીએ (લઈએ) ત્યારે તો તે પ્રમાણાંગુલ ઉત્સેધાંગુલથી ચારસોગુણ જ થાય. પરંતુ જ્યારે અઢી અંગુલરૂપ પહોળાઈ (વિષ્કંભ) વડે પ્રમાણાંગુલની ચારસો ઉત્સેધાંગુલ જેટલી દીર્ઘતા = લંબાઈને ગુણીએ તો ૧ ઉત્સેધાંગુલ પહોળી અને એક હજાર અંગુલ લાંબી સૂચિ પ્રમાણાંગુલમાં થાય. અહીં તાત્પર્ય એ છે કે - અઢી ઉત્સેધાંગુલની પહોળાઈ (વિષ્કંભ) ધરાવતાં પ્રમાણાંગુલમાં પણ ત્રણ શ્રેણિઓ કલ્પવામાં આવે છે : એક : ઉત્સેધાંગુલ વડે એક અંગુલ પહોળી અને ચારસો અંગુલ દીર્ઘ-લાંબી. બીજી (શ્રેણિ) પણ તેટલા જ માપની થાય. અને ત્રીજી (શ્રેણિ)તો લંબાઈમાં ચારસો અંગુલ જેટલી જ થશે, પણ પહોળાઈ (વિષ્કંભ)માં અર્ધા અંગુલ જેવડી જ હોય. હવે તેની લંબાઈમાંથી બસો અંગુલ જેટલી લંબાઈ કાઢી લઈ પહોળાઈમાં પૂરીએ, તો તેમ કરવાથી બસો અંગુલ લાંબી અને એક અંગુલ પહોળી એવી તે ત્રીજી લંબાઈ પણ થાય. તેથી એ ત્રણે લંબાઈને ઉપરાઉપરી (આગળ આગળ) જોડતાં ૧૦૦૦ ઉત્સેધાંગુલ દીર્ઘ અને એક ઉત્સેધાંગુલ જેટલી પહોળી એવી એક સૂચિ-શ્રેણિ-પંક્તિ નિષ્પન્ન થાય. તે કારણથી એ સૂચિની અપેક્ષાએ ઉત્સેધાંગુલથી પ્રમાણાંગુલ હજારગુણ હોય એમ કહ્યું છે, પરંતુ વાસ્તવિક રીતે તો ચારસોગુણ જ છે. એ કારણથી જ પૃથ્વી, પર્વત, દ્વીપ, સમુદ્ર અને વિમાન વગેરેના પ્રમાણો તે અઢી અંગુલરૂપ પોતાના વિષ્કંભ સહિત ચારસોગુણ પ્રમાણાંગુલ વડે જ મપાય છે, પરંતુ એક અંગુલ વિષ્કંભવાળી હજાર ગુણી સૂચિ વડે મપાતાં નથી, એ પ્રમાણે અમોએ બીજાં શાસ્ત્રો દેખવાથી તેમજ વૃદ્ધ સંપ્રદાયથી જાણેલું છે, પછી સત્ય તત્ત્વ શું છે તે તો શ્રીસર્વજ્ઞો જાણે. (કારણ કે આ બાબતમાં અઢી ગુણ, ચારસો ગુણ અને હજાર ગુણ એ ત્રણ રીતે પ્રમાણાંગુલથી માપવાના ત્રણ પ્રકારો ત્રણ મતાન્તરરૂપે પ્રસિદ્ધ છે.). એ પ્રમાણે આ ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૧૦૧॥

ઉપર કહેલાં તેવાં ૬ પ્રમાણાંગુલ જેવડો ભરત ચક્રવર્તીનો ૧ પાદ એટલે પગતળિયાનો મધ્યભાગ થાય છે. તેવાં બે પગતળિયાંના મધ્યભાગ મળીને એટલે બે પ્રમાણપાદનો ૧ वितस्ति (પ્રમાણવેંત) થાય છે. તેવા બે વેંતનો ૧ હાથ, તેવા ચાર હાથનો ૧ ધનુષ્, તેવા બે હજાર ધનુષ્નો ૧ ગાઉ, ચાર ગાઉનો ૧ યોજન (प्रमाणयोजन) એ પ્રમાણે પૂર્વે કહેલ તે સર્વે પ્રકારનાં પ્રમાણ અહીં પણ (એટલે પ્રમાણાંગુલથી પણ) જાણવાં. ॥

अवतरणः प्रश्नः- એ પ્રમાણે પ્રમાણાંગુલનાં પ્રમાણો કહ્યે છતે પણ યોજન સુધીના જ ક્ષેત્રપ્રમાણો કહ્યાં, પરંતુ શ્રેણિ-પ્રતર વગેરે જે બીજા પ્રમાણ ભેદો મૂળ ગાથામાં (પૂર્વે કહેલી ૯૨મી ગાથામાં) કહ્યા છે, તે તો હજી સુધી પણ કહ્યા (વ્યાખ્યારૂપે વર્ણવ્યા) નથી, તો તે પ્રમાણભેદોનું સ્વરૂપ શું છે ? તેના ઉત્તરમાં હવે આ ગાથા કહેવાય છે (અર્થાત્ આ ગાથામાં શ્રેણિ-પ્રતર વગેરે ક્ષેત્રપ્રમાણો કહેવાય છે) :

**तेणंगुलेण जं जोयणं तु एत्तो असंखगुणयारो ।**
**सेढी पयरं लोगो लोगाऽणंता अलोगो य ॥१०२॥**

गाथार्थः તે પ્રમાણાંગુલ વડે જે યોજન થાય છે, તે યોજનને અસંખ્યગુણ કરે ત્યારે ૧ શ્રેણિ થાય, તેથી અસંખ્યગુણ પ્રતર, તેથી અસંખ્યગુણ લોકાકાશ, અને તેથી અનંતગુણ અલોક થાય છે. ॥૧૦૨॥

ભાવાર્થ: તે પૂર્વે કહેલા પ્રમાણાંગુલ વડે જે પૂર્વોક્ત ક્રમે યોજન પ્રાપ્ત થાય છે. (અર્થાત્ જે પ્રમાણયોજન પ્રાપ્ત થાય છે), તે પ્રમાણયોજનથી આરંભીને અનુક્રમે (ઉત્તરોત્તર) અસંખ્ય રાશિવાળો ગુણાકાર કરવો. તેથી શ્રેણિ વગેરે નિષ્પન્ન થાય છે, તે આ પ્રમાણે - પ્રમાણાંગુલથી નીપજતાં અસંખ્યગુણ યોજનો વડે એટલે કે પ્રમાણાંગુલ-નિષ્પન્ન અસંખ્યાતા યોજનો વડે, અનુયોગદ્વાર સૂત્રમાં કહેલા ક્રમ પ્રમાણે, સંવર્તીને[1] ઘન કરેલા સમચતુરસ્ર લોકાકાશની એક આકાશપ્રદેશની શ્રેણિ થાય છે (અર્થાત્ લોકાકાશની સાત રજ્જુ દીર્ઘ એવી એક સૂચિ-શ્રેણિ થાય છે). તે સૂચિ-શ્રેણિને પણ અસંખ્યગુણી કરતાં પૂર્વે કહેલા જ સ્વરૂપવાળા[2] લોકાકાશનો એક આકાશપ્રદેશ જેટલો જ જાડો અને અસંખ્યાત યોજન લંબાઈ-પહોળાઈવાળો એવી આકાશપ્રદેશનો ૧ प्रतर થાય છે. અને તે આકાશપ્રતરને પણ અસંખ્યાતગુણ કરીએ ત્યારે પૂર્વે કહેલા સ્વરૂપવાળો[3] સંપૂર્ણ लोक (લોકાકાશ) પ્રાપ્ત થાય છે.

તથા लोगाऽणंता अलोगो य એટલે અલોક તે વળી તેવા અનન્ત લોક વડે પ્રાપ્ત થાય છે (અર્થાત્ અનન્ત લોકાકાશ મળીને એક અલોક થાય છે, અથવા અલોક તે અનન્ત લોકાકાશ જેટલો મોટો છે); પરંતુ અસંખ્યાત લોકનો એક અલોક થતો નથી; કારણ કે અલોકનો અન્ત નથી માટે, એ પ્રમાણે આ ગાથાનો અર્થ-ભાવાર્થ કહ્યો. ॥૧૦૨॥

અવતરણ: એ પ્રમાણે પ્રમાણાંગુલનું નિરૂપણ કરીને તે પ્રમાણાંગુલના પ્રસંગથી પૂર્વે નહિ કહેલા એવા શ્રેણિ આદિક પ્રમાણભેદો પણ કહ્યા, અને હવે પૂર્વે દર્શાવેલા ઉદ્દેશાન્તર્ગત અનુક્રમ પ્રમાણે આત્માંગુલનું સ્વરૂપ કહેવાની ઇચ્છાએ આ ગાથા કહેવાય છે. (અર્થાત્ હવે આત્માંગુલ કહેવાય છે) :

**जे जम्मि जुगे पुरिसा, अट्ठसयंगुलसमूसिया हुंति ।**
**तेसिं सयमंगुलं जं, तयं तु आयंगुलं होई ॥१०३॥**

ગાથાર્થ: જે યુગને વિષે જે પુરુષો એકસો આઠ અંગુલ ઊંચા હોય, તેઓનું પોતાનું જે અંગુલ તે આત્માંગુલ થાય છે. ॥૧૦૩॥

ભાવાર્થ: जे = જે પુરુષો ચક્રવર્તી - વાસુદેવ વગેરે जम्मि = જે યુગને વિષે એટલે સુષમદુઃષમાદિ કાળને વિષે પોતાના અંગુલ વડે જ એકસો આઠ અંગુલ ઊંચા હોય तेसिं सयमंगुलं जं = પોતાના અંગુલ વડે ૧૦૮ અંગુલ ઊંચા એવા તે પુરુષોનું सयं એટલે પોતાનું જે અંગુલ તે વળી પૂર્વે કહેલા સ્વરૂપવાળું आत्माङ्गुल ગણાય છે. અહીં તાત્પર્ય આ પ્રમાણે છે કે :

અહીં ૧૦૮ અંગુલની ઊંચાઈ કહી તે લક્ષણશાસ્ત્રોમાં કહેલાં, પ્રમાણ વગેરે લક્ષણો વડે

---

૧. લોકાકાશનો જે આકાર કેડે હાથ દઈ પગ પહોળા રાખી ઊભા રહેલા પુરુષ સરખો છે, તે આકારને બુદ્ધિથી છેદી ભેદીને દેશોન સાત રાજ લાંબો અને સાત રાજ પહોળો અને સાત રાજ જાડો કરીએ તો તે આકારવાળો સંવર્તિત ઘન ચતુરસ્ર લોક કહેવાય છે. તે સંવર્તનવિધિનું સ્વરૂપ અન્ય ગ્રંથોમાં સવિસ્તર કહેલું છે.

૨-૩. 'પૂર્વે કહેલા સ્વરૂપવાળો' એટલે સંવર્તિત ઘન સમચતુરસ્ર લોક જાણવો. શાસ્ત્રોમાં શ્રેણિ અને પ્રતર તે એ જ આકારવાળા લોકાકાશના મપાય છે માટે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સહિત એવા પુરુષોનું ગ્રહણ કરવા માટે છે. કારણ કે પ્રમાણ વગેરે લક્ષણોને પ્રાપ્ત થયેલ (એટલે ઉત્તમ લક્ષણવાળો) પુરુષ પ્રાયઃ (વિશેષતઃ) ૧૦૮ અંગુલ ઊંચો જ હોય છે, માટે ૧૦૮ અંગુલની ઊંચાઈ અહીં આત્માંગુલના પ્રસંગમાં કહી છે. અને પરમાર્થથી (વાસ્તવિક રીતે) તો જે યુગમાં જે પુરુષો શાસ્ત્રમાં કહેલાં પ્રમાણ આદિ લક્ષણો વડે ઉત્તમ લક્ષણવાળા હોય તે પુરુષો ૧૦૮ અંગુલથી કંઈક હીન હોય અથવા તો અધિક હોય તો પણ તેઓનું જે પોતપોતાનું અંગુલ તે આત્માંગુલ છે, એમ જાણવું એ ગાથાર્થ કહ્યો. ॥૧૦૩॥ ॥ इति अंगुलत्रयस्वरूपम् ॥

अवतरणः प्रश्नः- ઉત્સેધાંગુલ આદિ ત્રણ પ્રકારના અંગુલના સ્વરૂપનું નિરૂપણ કર્યું. પરંતુ એ ત્રણ પ્રકારના અંગુલને તમોએ ક્ષેત્રપ્રમાણભેદની વ્યાખ્યામાં કહેલાં હોવાથી (એ ત્રણ અંગુલ) ક્ષેત્રપ્રમાણ સ્વરૂપે તમોએ કહ્યાં ગણાય, તો એ અંગુલ વડે કયું ક્ષેત્ર મપાય છે ? કે જેથી એ ત્રણે અંગુલને ક્ષેત્રપ્રમાણ રૂપે કહ્યાં ? એ પ્રશ્નની આશંકા કરીને (તેના ઉત્તરરૂપે) હવે તે ત્રણે અંગુલ વડે કયું કયું ક્ષેત્ર મપાય છે ? તે પ્રમેય (માપવા યોગ્ય) ક્ષેત્ર દર્શાવવાને આ ગાથા કહેવાય છે. (અર્થાત્ આ ગાથામાં કયા અંગુલ વડે શું મપાય છે ? તે કહે છે) :

**देहस्स ऊसएण उ, गिहसयणाई य आयमाणेणं ।**
**दीवुदहिभवणवासा, खेत्तपमाणं पमाणेणं ॥१०४॥**

गाथार्थः ઉત્સેધાંગુલ વડે દેહનું પ્રમાણ મપાય છે, આત્માંગુલ વડે ઘર અને શય્યા વગેરે મપાય છે, તથા પ્રમાણાંગુલ વડે દ્વીપ, સમુદ્રો, ભવનો અને વર્ષક્ષેત્રોનું પ્રમાણ મપાય છે. ॥૧૦૪॥

टीकार्थः નારક વગેરે જીવોના देहस्स = શરીરનું પ્રમાણ ऊसएण = ઉત્સેધાંગુલ વડે જણાય છે (મપાય છે). અર્થાત્ નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ સર્વેના શરીરનું પ્રમાણ,

'સાત ધનુસ્, ત્રણ હાથ અને છ અંગુલ એટલું રત્નપ્રભા પૃથ્વીમાં નારકોના ભવધારણીય શરીરનું (મૂળ શરીરનું) પ્રમાણ જાણવું' ॥૧॥ ઇત્યાદિ શાસ્ત્રાન્તરોમાં (બીજાં શાસ્ત્રોમાં) જે પ્રમાણ કહ્યું છે, તે ઉત્સેધાંગુલથી ઉત્પન્ન થયેલ વેંત, હસ્ત ઇત્યાદિ પ્રમાણ વડે જાણવું, પરંતુ બીજા પ્રમાણ વડે નહિ (એટલે આત્માંગુલી અથવા પ્રમાણાંગુલી એવા વેંત, હસ્ત ઇત્યાદિ વડે જીવોના શરીરનું માપ થતું નથી), એ ભાવાર્થ છે. ॥इति उत्सेधाङ्गुलेन मेयं॥

તથા ઘર અને શય્યા વગેરેનું પ્રમાણ આત્માંગુલ વડે જાણવું. અર્થાત્ જે કાળને વિષે ચક્રવર્તી, વાસુદેવ વગેરે પૃથ્વીમંડલનું રાજ્ય કરવાવાળા એવા જે પ્રમાણ પુરુષો (ઉત્તમ પુરુષો) ઉત્પન્ન થાય છે, તેઓનાં જે શયન - આસન - ઘર અને નગર વગેરે વસ્તુઓ, તે સર્વે આત્માંગુલથી ઉત્પન્ન થયેલા જ વેંત, હસ્ત ઇત્યાદિ પ્રમાણ વડે મપાય છે, પરંતુ બીજાં ઉત્સેધાંગુલાદિ પ્રમાણ વડે મપાતાં નથી, એ તાત્પર્ય છે. ॥ इति आत्माङ्गुलेन मेयम् ॥

તથા दीवुदहिभवणवासा खेत्तपमाणं એ વાક્યમાં वासा એ શબ્દોમાંનો सકાર જે દીર્ઘ છે તે અલાક્ષણિક છે, તેથી દ્વીપ - ઉદધિ - ભવન અને વર્ષરૂપ ક્ષેત્રનું જે પ્રમાણ એટલે માપ, તે પ્રમાણ વડે એટલે પ્રમાણાંગુલથી ઉત્પન્ન થયેલા યોજન સુધીના પ્રમાણ વડે (અંગુલથી યોજન સુધીના પ્રમાણ વડે) મપાય છે, પરંતુ બીજાં ઉત્સેધાંગુલ આદિથી ઉત્પન્ન થયેલ પ્રમાણો વડે


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મપાતું નથી, એ ભાવાર્થ છે. ત્યાં દ્વીપ અને સમુદ્રો તો પ્રસિદ્ધ જ છે, અને ભવનો એટલે અસુરકુમાર વગેરે ભવનપતિ દેવોના આવાસ, તથા વર્ષ એટલે ભરત, ઐરવત, હૈમવત, હરિવર્ષ અને મહાવિદેહ વગેરે. તેમજ 'વર્ષ' એ શબ્દથી વર્ષધરાદિ એટલે હિમવાન્ આદિ વર્ષધર પર્વતો વગેરે સર્વે પર્વતો, સર્વે વિમાનો, સર્વે નરકાવાસ, તથા પૃથ્વી વગેરેનાં આંતરાં, પાતાલકલશો, સર્વે સરોવરો તેમજ સર્વે નદીઓ વગેરેનું પણ ગ્રહણ કરવું. અર્થાત્ એ સર્વ પણ પ્રમાણાંગુલથી ઉત્પન્ન થયેલા યોજનાદિ પ્રમાણે વડે જ મપાય છે, એ તાત્પર્ય છે.

प्रश्नः- ઉત્સેધાંગુલ વગેરેથી નારકાદિનાં શરીર વગેરે માપવાનું કહ્યું. તે શરીરો તો દ્રવ્ય છે. તે કારણથી ઉત્સેધાંગુલાદિ ત્રણે અંગુલને (દ્રવ્યનું પ્રમાણ તે દ્રવ્યપ્રમાણ એમ) દ્રવ્યપ્રમાણપણું ઘટી શકે છે, તો તમોએ એ ત્રણેને ક્ષેત્રપ્રમાણના ભેદમાં કેમ ગણ્યાં ?

उत्तरः- આ વાત બરાબર નથી. (તમે) અમારો અભિપ્રાય સમજ્યા નથી. કારણ કે નારક વગેરેનાં શરીરાદિ દ્રવ્યો દ્વારા તે શરીરાદિ દ્રવ્યો વડે અવગાહાયેલું જે ક્ષેત્ર, તે જ અહીં માપવાનું કહ્યું છે એમ જાણવું, માટે એ ત્રણે અંગુલને ક્ષેત્રપ્રમાણપણું વિરોધી નથી (અર્થાત્ એ ત્રણે અંગુલ તે ક્ષેત્રપ્રમાણના ભેદ છે એમ માનવામાં વિરોધ નથી). વળી અહીં ક્ષેત્રને જ સાક્ષાત્ તેના પ્રમેયપણે કહ્યું નથી (એટલે એ ત્રણે અંગુલથી ક્ષેત્ર મપાય છે એમ જે કહ્યું નથી પણ શય્યા, ઘર, પર્વત આદિ દ્રવ્યો મપાય છે તેમ કહ્યું છે) તે તો ક્ષેત્ર અમૂર્ત્ત હોવાથી (એટલે ક્ષેત્ર તે આકાશ અને તે અરૂપી હોવાથી) તેનું માપ કરવું અશક્ય છે એમ જાણવું. એ પ્રમાણે આ ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૧૦૪॥

अवतरणः એ પ્રમાણે પોતપોતાના વિષયસહિત (પ્રમેય પદાર્થો સહિત) ત્રણે પ્રકારના અંગુલની વ્યાખ્યા કરી અને તે વ્યાખ્યા કરવાના પ્રસંગથી अंगुल विहत्थि रयणी, कुच्छी ઈત્યાદિ અલોક સુધીના ક્ષેત્રપ્રમાણ ભેદો તે સર્વે જે મૂળગાથામાં (૯૨મી ગાથામાં) કહ્યા હતા તે સર્વની પણ વ્યાખ્યા કરી. અને તે સર્વની વ્યાખ્યા કરવાથી સંપૂર્ણ મૂળગાથાની (૯૨મી ગાથાની) પણ વ્યાખ્યા થઈ. અને તેની વ્યાખ્યા કરવાથી પ્રમાણદ્વારનો બીજો ભેદ જે ક્ષેત્રપ્રમાણ તેની પણ સંપૂર્ણ વ્યાખ્યા થઈ. હવે તે પ્રમાણદ્વારનો ત્રીજો ભેદ જે कालप्रमाण તેના સ્વરૂપનું નિરૂપણ કરવાને અર્થે આ ગાથા કહેવાય છે (અર્થાત્ આ ગાથામાં કાળપ્રમાણ કહેવાય છે) :

**कालत्ति य एगविहो, कालविभागो य होइ णेगविहो ।**
**समयावलियाईओ, अणंतकालोत्ति नायव्वो ॥१०५॥**

गाथार्थः કાળ તે એક પ્રકારનો છે, અને કાળનો વિભાગ અનેક પ્રકારનો છે. ત્યાં સમય, આવલિકા વગેરે યાવત્ અનન્ત કાળ સુધીનો કાળવિભાગ જાણવો. ॥૧૦૫॥

टीकार्थः અહીં શ્રી તીર્થંકરપ્રભુના શાસનમાં સર્વ વસ્તુ સામાન્યરૂપ અને વિશેષરૂપ માનેલી છે. ત્યાં સામાન્યરૂપે વિવક્ષા કરીએ તો સર્વ વસ્તુ એકરૂપ જ છે, જેમ વન, અને વિશેષરૂપે વિવક્ષા કરીએ તો સર્વ વસ્તુ અનેકરૂપ છે, જેમ તે જ વન ધવ- ખદિર- પલાશ - શાલ - તાલ - તમાલ - ઈત્યાદિ પોતાના અનેક ભેદની વિવક્ષા વડે તે વન અનેક પ્રકારનું (એટલે ધવવન-ખદિરવન-પલાશવન ઈત્યાદિ રીતે અનેક પ્રકારનું) છે. એ પ્રમાણે હોવાથી સમય, આવલિકા ઈત્યાદિ પોતાના અનેક ભેદના સમૂહની વિવક્ષાથી રહિત એવો કાળ પણ પૂર્વે કહેલા


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દાર્થ (વ્યુત્પત્ત્યર્થ) વાળો 'કાળ' એમ સામાન્ય વિવક્ષા વડે एगविह = એક પ્રકારનો જ છે. અને જ્યારે તે કાળનો विभाग = ભેદ વિવક્ષીએ તો તે કાળ અનેક પ્રકારનો પણ છે. હવે તે કાળ અનેક પ્રકારનો કેવી રીતે છે ? તે કહેવાય છે -

સમય અને આવલિકા તે સમયાવલિકા, એ બે જે પ્રાણ, લવ, સ્તોક વગેરેની આદિમાં છે, તે સમય-આવલિકા વગેરેરૂપ કાળ, હવેની આગળ(ની ગાથામાં) કહેવાતા લક્ષણવાળો-ભેદવાળો (અનેક પ્રકારનો) જાણવો.

વળી એ કાળ તે સામાન્યથી શું સાન્ત (અન્તવાળો) છે કે અનન્ત (અન્તરહિત) છે ? એવા પ્રકારની આશંકા કરીને હવે તેનો ઉત્તર કહેવાય છે - 'अणंतकालो त्ति नायव्वो' એટલે આ કાળની સામાન્ય સ્વરૂપે વિવક્ષા કરીએ તો કાળ અનન્ત એટલે પર્યવસાન(અન્ત)રહિત છે, તેમજ ઉપલક્ષણથી અનાદિ પણ છે. કારણ કે આ કાળ પૂર્વે કદી પણ ન હતો એમ નથી, તેમજ વર્તમાનમાં નથી એમ પણ નથી, અને ભવિષ્યમાં નહિ હોય એમ પણ નથી. એ પ્રમાણે ગાથાર્થ સમાપ્ત. ॥૧૦૫॥

अवतरणः પૂર્વ ગાથામાં વિશેષ વિવક્ષા વડે કાળ જે અનેક પ્રકારનો કહ્યો, તેના અનેક પ્રકારનું વર્ણન કરવા માટે આ ગાથા કહેવાય છે :

**कालो परमनिरुध्धो, अविभागी तं तु जाण समओत्ति ।**
**तेऽसंखा आवलिया, ता संखेज्जा य ऊसासो ॥१०६॥**

गाथार्थः અત્યંત અલ્પ અને અવિભાજ્ય એવો જે કાળ તે સમય જાણવો. તેવા અસંખ્યાત સમયની આવલિકા અને તેવી સંખ્યાત આવલિકાનો એક ઉશ્વાસ (શ્વાસોચ્છ્વાસ) જાણવો. ॥૧૦૬॥

टीकार्थः सम् = સમ્યક્ પ્રકારે આવલિકા વગેરે સર્વ કાળભેદોને પોતાનામાંથી ઉત્પન્ન કરવાપણા વડે જે अय = एति પ્રાપ્ત થાય છે - વ્યાપ્ત થાય છે તે સમય, (અર્થાત્ આવલિકાદિ ભેદોને જે सम् = સમ્યક્ પ્રકારે अय = ઉત્પન્ન કરનાર તે સમય, એ વ્યુત્પત્તિ અર્થ કહ્યો). અથવા બીજી રીતે વિચારીએ તો सम् = સમ્યક્ પ્રકારે પદાર્થ જેનાથી સ્થિતિવિશિષ્ટપણે (સ્થિતિભેદે) अय = ईयन्ते = પરિચ્છેદાય - સમજાય તે समय, તેવા પ્રકારના સમયને હે શિષ્ય ! તું આ પ્રકારે जाण = જાણ. અહીં 'તું' એ શિષ્યના સંબોધન અર્થે છે. હવે તે શું જાણવાનું ? તે કહે છે - कालः = કાળનો ભેદ. તે કાળનો ભેદ કેવા પ્રકારનો ? તે કહે છે - परमनिरुद्धः એટલે પરમ સંક્ષિપ્ત અર્થાત્ સર્વ જઘન્ય. જેનાથી વધીને અલ્પ એવી બીજી કોઈપણ કાળમાત્રા (કાળમાન) નથી, પરંતુ એ જ (સમય જ) સર્વથી અલ્પ છે - એ તાત્પર્ય છે. અને તે કારણથી જ પુનઃ अविभागी એટલે સર્વજઘન્ય છે. કેવલી ભગવંતની બુદ્ધિરૂપ શસ્ત્ર વડે છેદતાં પણ જેનો વિભાગ-ભેદ-અંશ પ્રાપ્ત થાય નહિ. તે અવિભાગી કહેવાય. જો તેનો પણ (સર્વજઘન્ય કાળરૂપ સમયનો પણ) વિભાગ થાય - હોય તો પરમનિરુદ્ધપણું (સર્વજઘન્યપણું) જ પ્રાપ્ત ન થાય, એમ જાણવું. તે કારણથી સર્વથી સૂક્ષ્મ અને અંશરહિત એવો જે કાળભેદ તે समय એમ સિદ્ધ થયું. વળી અત્યંત કોમળ એવા એક જ કમળપત્રમાં તીક્ષ્ણ સોયને ભેદતાં તે એક જ પત્રના


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભેદમાં તેવા અસંખ્યાતા સમયો વ્યતીત થાય છે એમ જાણવું. વળી પટ્ટસાટિકાપાટનનું દૃષ્ટાંત વગેરે અહીં ઘણી બાબત કહેવા યોગ્ય છે, તે સર્વ અનુયોગદ્વાર સૂત્રથી જાણવી.

તેવા અસંખ્યાત સમયોની એક આવલિકા થાય છે. વળી અહીં આ ગ્રંથમાં જ, અસંખ્યાત તે પણ અસંખ્યાત પ્રકારનું કહેવાશે. ત્યાં જેટલા પ્રમાણના અસંખ્યાત સમયો વડે આવલિકાના અસંખ્યાત સમય થાય છે, તે પણ વાત આ પ્રકરણમાં આગળ કહેવામાં આવશે. તેવી સંખ્યાતી આવલિકાઓનો એક ઉચ્છ્‌વાસ. અહીં ઊર્ધ્વશ્વાસ તે ઉચ્છ્‌વાસ જો કે કહેવાય છે, તો પણ અહીં ઉચ્છ્‌વાસના ઉપલક્ષણથી મુખની અંદરથી નીચે લેવાતો શ્વાસ તે નિઃશ્વાસ કહેવાય તે પણ સંખ્યાત આવલિકા પ્રમાણનો જાણવો, તેમજ ઉચ્છ્‌વાસ વડે ઉપલક્ષિત નિઃશ્વાસ તે ઉચ્છ્‌વાસ-નિઃશ્વાસ, તે બે મળીને પણ સંખ્યાતી ($૪૪૪૬ \frac{૨૪૫૮}{૩૭૭૩}$) આવલિકા પ્રમાણના છે, એમ પણ જાણવું. એ પ્રમાણે આ ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૧૦૬॥

अवतरण: પૂર્વ ગાથામાં સંખ્યાત આવલિકાનો ૧ ઉચ્છ્‌વાસનિઃશ્વાસ કહ્યો તે કંઈપણ વિશેષતા વિનાનો ગમે તે જીવનો ગ્રહણ ન કરવો, પરંતુ અમુક પ્રકારના વિશેષણવાળો જ ગ્રહણ કરવો. અને તેવો ઉચ્છ્‌વાસનિઃશ્વાસ તે જ ૧ પ્રાણ કહેવાય, તે દર્શાવવાને આ ગાથા કહેવાય છે :

**हट्ठऽणगल्लुस्सासो, एसो पाणुत्ति सन्निओ एक्को ।**
**पाणू य सत्त थोवो, थोवा सत्तेव लवमाहु ॥१०७॥**

ગાથાર્થ: હૃષ્ટ અને અનવકલ્પ (યુવાન) મનુષ્યનો જે ઉચ્છ્‌વાસ તે એક પ્રાણ એવા નામનો કાળ કહેવાય, અને તેવા સાત પ્રાણ વડે એક સ્તોક અને તેવા સાત સ્તોક વડે એક લવ કહ્યો છે. ॥૧૦૭॥

ટીકાર્થ: हट्ठ = હૃષ્ટ એટલે પ્રમુદિત (હર્ષવંત) અને अणवगल्लस्स એટલે અનવકલ્પ અર્થાત્ વૃદ્ધાવસ્થા વડે અપીડિત અથવા કોઈપણ પ્રકારના કષ્ટરહિત, 'તથા પ્રથમ અને હમણાં પણ વ્યાધિ વડે પરાભવ નહિ પામેલ' એ ઉપલક્ષણથી જાણવું. એવા પ્રકારના પ્રાણીનો જે એક ઉચ્છ્‌વાસનિઃશ્વાસ તે ૧ प्राणु એ નામનો કાળ છે, અર્થાત્ એ કાળને શ્રી સર્વજ્ઞોએ प्राणु એવા નામથી વ્યવહર્યો છે, કહ્યો છે, એ ભાવાર્થ છે. અહીં ગાથામાં उस्सासो એ એક જ શબ્દ છે તો પણ પદના એક દેશથી પણ સંપૂર્ણ પદનું ગ્રહણ કરવાના ન્યાયથી ઉચ્છ્‌વાસનિઃશ્વાસ એ સંપૂર્ણ પદ જાણવું. (ગ્રહણ કર્યું છે.) તથા ગાથામાં पाणु શબ્દમાં રહેલો उ કાર અલાક્ષણિક હોવાથી બીજા આચાર્યો प्राण શબ્દ પણ કહે છે. તથા શોક અને વૃદ્ધાવસ્થા વગેરેથી અસ્વસ્થ એવા જીવનો ઉચ્છ્‌વાસનિઃશ્વાસ ત્વરિત આદિ સ્વભાવવાળો (શીઘ્ર ચાલનારો ઇત્યાદિ સ્વરૂપવાળો) અસ્વસ્થ હોય છે, તે કારણથી હૃષ્ટ ઇત્યાદિ વિશેષણોનું અહીં ગ્રહણ કર્યું છે, એમ જાણવું. એવા પ્રકારના ૭ પ્રાણુઓ અથવા સાત પ્રાણ મળીને ૧ स्तोक થાય છે, અને તેવા સાત સ્તોક મળીને ૧ लव થાય છે, એમ શ્રી તીર્થંકરોએ તથા ગણધરોએ કહ્યું છે. ઇતિ ગાથાર્થ: ॥૧૦૭॥

अवतरण: પૂર્વ ગાથામાં લવ સુધીના કાળભેદ કહીને હજી જે બીજા કાળભેદ છે તે આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગાથામાં દર્શાવાય છે :

**अट्ठत्तीसं तु लवा, अध्धलवो चेव नालिया होइ ।**

**दो नालिया मुहुत्तो, तीस मुहुत्ता अहोरत्तो ॥१०८॥**

गाथार्थः આડત્રીસ લવ તથા અર્ધલવ (એટલે ૩૮॥લવ) મળીને નિશ્ચયથી ૧ નાલિકા (ઘડી) થાય છે, બે ઘડીનો ૧ મુહૂર્ત અને ત્રીસ મુહૂર્તનો ૧ અહોરાત્ર થાય છે. ॥૧૦૮॥

टीकार्थः આડત્રીસ લવ તથા અર્ધલવ એ બે મળીને ૧ નાલિકા થાય છે, એટલે ૩૮॥ (સાડી આડત્રીસ) લવની ૧ ઘડી થાય છે. તથા બે નાલિકાનો (બે ઘડીનો) ૧ મુહૂર્ત થાય છે, અને ત્રીસ મુહૂર્તનો ૧ અહોરાત્ર થાય છે. એ પ્રમાણે આ ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૧૦૮॥

अवतरणः હવે આ ગાથામાં એક મુહૂર્તને વિષે જેટલા ઉચ્છ્વાસનિઃશ્વાસ થાય છે, તે દર્શાવાય છે :

**तिन्नि सहस्सा सत्त य, सयाणि तेवत्तरिं च उस्सासा ।**

**एक्केक्कस्सेवइया, हुंति मुहुत्तस्स उस्सासा ॥१०९॥**

गाथार्थः ત્રણ હજાર સાતસો અને તોંતેર (૩૭૭૩) શ્વાસોચ્છ્વાસ એકેક મુહૂર્તના હોય છે. ॥૧૦૯॥

टीकार्थ : પૂર્વે કહેલા સ્તોક અને લવ વગેરેના અનુક્રમ પ્રમાણે ત્રણ હજાર સાતસો અને તોંતેર (૩૭૭૩) એટલા ઉચ્છ્વાસ એટલે ઉપલક્ષણથી એટલા ઉચ્છ્વાસ-નિઃશ્વાસ બે ઘડી પ્રમાણ એકેક મુહૂર્તના થાય છે. તે આ પ્રમાણે -

સાત ઉચ્છ્વાસનિઃશ્વાસનો ૧ સ્તોક કહ્યો છે. અને તેવા સાત સ્તોક એક લવના કહ્યા છે. તેથી સાતને સાત વડે ગુણતાં ૪૯ (ઓગણપચાસ) ઉચ્છ્વાસ-નિઃશ્વાસ એક લવમાં સિદ્ધ થાય છે. વળી એક મુહૂર્તમાં ૭૭ (સિત્તોત્તેર) લવ કહ્યા છે, તેથી ઓગણપચાસને સિત્તોતેર વડે ગુણીએ તો પૂર્વે કહેલું પ્રમાણ એટલે ૩૭૭૩ (ત્રણ હજાર સાતસો તોંતેર) શ્વાસોચ્છ્વાસ એક મુહૂર્તમાં થાય છે. (અર્થાત્ એક મુહૂર્તના ૩૭૭૩ શ્વાસોચ્છ્વાસ થયા.) એ પ્રમાણે આ ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૧૦૯॥

अवतरणः પૂર્વ ગાથામાં એક મુહૂર્તમાં ૩૭૭૩ શ્વાસોચ્છ્વાસ કેવી રીતે થાય ? તેની ગણતરી દર્શાવીને હવે આ ગાથામાં ૩૦ મુહૂર્તના અહોરાત્રરૂપ કાળભેદથી હજી આગળ જે જે કાળભેદ છે તે દર્શાવાય છે :

**पन्नरस अहोरत्ता, पक्खो पक्खा य दो भवे मासो ।**

**दो मासा उउसन्ना, तिन्नि य रियवो अयणमेगं ॥११०॥**

**दो अयणाइं वरिसं, तं दसगुणवड्ढियं भवे कमसो ।**

**दस य सयं च सहस्सं, दस य सहस्सा सयसहस्सं ॥१११॥**

**वाससयसहस्सं पुण, चुलसीइगुणं हवेज्ज पुव्वंगं ।**

**पुव्वंगसयसहस्सं, चुलसीइगुणं भवे पुव्वं ॥११२॥**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગાથાર્થ: પંદર અહોરાત્રનો ૧ પક્ષ અને તેવા બે પક્ષનો ૧ માસ થાય છે. બે માસની ૧ ઋતુ નામનો કાળભેદ છે, અને તેવી ત્રણ ઋતુઓનું ૧ અયન થાય છે. ॥૧૧૦॥ બે અયનનું ૧ વર્ષ થાય છે, અને તેવાં વર્ષને દશગુણ દશગુણ કરવાથી અનુક્રમે દશ વર્ષ, સો વર્ષ, હજાર વર્ષ, દશ હજાર વર્ષ અને સો હજાર વર્ષ (એટલે ૧ લાખ વર્ષ) થાય છે. ॥૧૧૧॥ તથા તેવાં લાખ વર્ષને ચોર્યાસી વડે ગુણતાં ૧ પૂર્વાંગ થાય છે, અને તેવાં લાખ પૂર્વને ચોર્યાસી વડે ગુણતાં ૧ પૂર્વ થાય છે. ॥૧૧૨॥

ટીકાર્થ: પંદર અહોરાત્રનો ૧ पक्ष, અને બે પક્ષનો ૧ मास થાય છે. તથા બે માસનું ૧ ऋतु એવું નામ છે. અને ત્રણ ઋતુઓ એટલે છ માસ પ્રમાણનું ૧ अयन થાય છે. એ પ્રમાણે ૧૧૦મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૧૧૦॥

તથા બે અયનનું ૧ वर्ष, અને તે વર્ષને દશ દશ વડે ગુણતાં અનુક્રમે અધિક અધિક કાળપ્રમાણ થાય છે. હવે તે ક્યું કાળપ્રમાણ થાય છે ? તે કહે છે - એક વર્ષને દશ વડે ગુણતાં ૧૦ वर्ष, તેને પુનઃ દશ વડે ગુણતાં शतवर्ष (૧૦૦ વર્ષ), તે સો વર્ષને પુનઃ દશ વડે ગુણતાં सहस्रवर्ष થાય છે, એટલે ૧૦૦૦ વર્ષ થાય છે, તે હજાર વર્ષને પુનઃ દશ વડે ગુણતાં दशहजार वर्ष (૧૦,૦૦૦ વર્ષ) થાય છે, તે દશ હજાર વર્ષને પણ દશ વડે ગુણતાં शतसहस्र = ૧ लक्षवर्ष (૧,૦૦,૦૦૦ વર્ષ) થાય છે. એ પ્રમાણે એકસો અગિયારમી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૧૧૧॥

વળી પણ એ લાખ વર્ષને પુનઃ ચોર્યાસી વડે ગુણતાં ચોર્યાસી લાખ વર્ષ પ્રમાણનું ૧ पूर्वांग થાય છે, તેની અંકસ્થાપના - '૮૪૦૦૦૦૦ વર્ષ' એ પ્રમાણે છે. વળી એવાં શતસહસ્ર એટલે ૧ લાખ પૂર્વાંગોને સ્થાપીને ચોર્યાસી વડે ગુણીએ તો ૧ पूर्व થતાય છે. અર્થાત્ તાત્પર્ય એ છે કે - પૂર્વાંગ વર્ષોને ૧ લાખ વડે ગુણવાં, અને તે ગુણવાથી જે રાશિ-સંખ્યા આવે તેને પણ પુનઃ ચોર્યાસી વડે ગુણીએ તો એક પૂર્વ પ્રાપ્ત થાય. અહીં અન્ય ગ્રંથોમાં તો પૂર્વાંગને પૂર્વાંગ વડે ગુણતાં ૧ પૂર્વ થાય. એમ કહ્યું છે, તે પણ આ જ ભાવાર્થવાળું છે, અર્થાત્ તે કથનમાં પણ વસ્તુઅર્થ સરખો જ છે, માટે કોઈ પણ વિરોધ નથી. આ પૂર્વમાં વર્ષોની જે અંકસંખ્યા પ્રાપ્ત થાય છે તે આગળની (૧૧૩)મી ગાથામાં દર્શાવાશે. ઇતિ ગાથાર્થ: ॥૧૧૨॥

अवतरण: પૂર્વ ગાથામાં કહેલા પૂર્વના અર્થ પ્રમાણે ગણતરીવિધિ કરીએ તો એક પૂર્વમાં કેટલાં વર્ષો પ્રાપ્ત થાય ? તેનું પ્રમાણ આ ગાથામાં દર્શાવાય છે :

**पुव्वस्स उ परिमाणं, सयरिं खलु होंति कोडिलक्खा उ ।**
**छप्पन्नं च सहस्सा, बोद्धव्वा वासकोडीणं** ॥११३॥

ગાથાર્થ: એક પૂર્વનું પ્રમાણ નિશ્ચય સિત્તેર લાખ ક્રોડ અને છપ્પન હજાર ક્રોડ એટલાં વર્ષોનું જાણવું. (૭૦૫૬૦૦૦ ક્રોડ વર્ષનું ૧ પૂર્વ જાણવું.) ॥૧૧૩॥

ટીકાર્થ: ગાથાનો અર્થ ગાથાના પાઠથી જ સમજાય તેવો સુગમ છે. (માટે કહ્યો નથી.) અને પૂર્વના અંકનું પ્રમાણ તો ૭૦૫૬૦૦૦, ૦૦૦૦૦૦૦ આ પ્રમાણે જાણવું. (એ પ્રમાણે પૂર્વ સુધીનું પ્રમાણ કહીને તેથી આગળનું નયુતાંગ, નયુત આદિ પ્રમાણ જે આગળ ગાથામાં

કહેવાશે તેનો જ ભાવાર્થ અહીં દિગ્દર્શનરૂપે કહેવાય છે-)

એ પૂર્વને ચોર્યાસી લાખ વડે ગુણતાં ૧ नयुतांग થાય છે. તેને પણ ચોર્યાસી લાખ વડે ગુણતાં ૧ नयुत થાય. તેને ચોર્યાસી લાખ વડે ગુણતાં ૧ नलिनांग થાય છે. પુનઃ તે નલિનાંગને પણ ચોર્યાસી લાખ વડે ગુણતાં ૧ नलिन થાય છે. એ પ્રમાણે સર્વત્ર પૂર્વ પૂર્વના અંકને ચોર્યાસી લાખ ચોર્યાસી લાખ વડે ગુણતાં આગળ આગળનો અંકરાશિ પ્રાપ્ત થાય છે, એમ જાણવું. તે આગળ આગળ વર્તતા અંકરાશિનાં નામો અનુક્રમે આ પ્રમાણે જાણવાં :

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭. | મહાનલિનાંગ | ૧૫. | ત્રુટિતાંગ | ૨૩. | અયુતાંગ |
| ૮. | મહાનલિન | ૧૬. | ત્રુટિત | ૨૪. | અયુત |
| ૯. | પદ્માંગ | ૧૭. | અટટાંગ | ૨૫. | પ્રયુતાંગ |
| ૧૦. | પદ્મ | ૧૮. | અટટ | ૨૬. | પ્રયુત |
| ૧૧. | કમલાંગ | ૧૯. | અવવાંગ | ૨૭. | શીર્ષપ્રહેલિકાંગ |
| ૧૨. | કમલ | ૨૦. | અવવ | ૨૮. | શીર્ષપ્રહેલિકા |
| ૧૩. | કુમુદાંગ | ૨૧. | હૂહુકાંગ | | |
| ૧૪. | કુમુદ | ૨૨. | હૂહુક | | (ઇતિ ૨૮ અંકરાશિનામાનિ) |

એ પ્રમાણે એ રાશિઓ - અંકસંખ્યાઓ ચોર્યાસી લાખના ગુણાકાર વડે અનુક્રમે વધતી વધતી જાણવી, તે યાવત્ શીર્ષપ્રહેલિકાંગ સુધી જાણવી. ત્યારબાદ શીર્ષપ્રહેલિકાંગને પુનઃ ચોર્યાસી લાખ વડે ગુણતાં પર્યંત અંકરાશિ शीर्षप्रहेलिका થાય છે. એ શીર્ષપ્રહેલિકાનું સ્વરૂપ (શીર્ષ૦નો રાશિ) અંકસંખ્યાથી પણ દર્શાવાય છે. અંકો અહીં ૧૯૪ થાય છે. તે આ પ્રમાણે - ૭૫૮૨ ૬૩૨૫ ૩૦૭૩ ૦૧૦૨ ૪૧૧ ૫૭૯૭ ૩૫૬૯ ૯૭૫૬ ૯૬૪૦ ૬૨૧૮ ૯૬૬૮ ૪૮૦૮ ૦૧૮૩ ૨૯૬, એની આગળ એકસો ચાલીસ શૂન્ય સ્થાપવી, (જેથી ૫૪ અંક અને ૧૪૦ શૂન્ય મળી ૧૯૪ અંક પ્રમાણનો શીર્ષપ્રહેલિકારાશિ જાણવો). इति गाथार्थः ॥૧૧૩॥

अवतरणः નયુતાંગથી પ્રારંભીને શીર્ષપ્રહેલિકા સુધીનાં નામો પૂર્વ ગાથાની ટીકામાં પ્રસંગતઃ દર્શાવ્યાં અને હવે એજ નામો આ ગ્રંથકર્તા પોતે જ ગાથાથી કહે છે (અર્થાત્ નયુતાંગ વગેરે નામો આ ગાથાઓમાં દર્શાવાય છે):

**पुव्वंगं पुव्वंपि य नउयंगं चेव होइ नउयं च ।**
**नलिणंगं नलिणं पि य, महनलिणंगं महानलिणं ॥११४॥**
**पउमं कमलं कुमुयं, तुडिय-मडड-मवव-हूहुयं चेव ।**
**अउयंग अउय पउयं, तह सीसपहेलिया चेव ॥११५॥**

गाथार्थः પૂર્વાંગ - પૂર્વ - નયુતાંગ - નયુત - નલિનાંગ - નલિન - મહાનલિનાંગ - મહાનલિન - પદ્માંગ - પદ્મ - કમલાંગ - કમલ - કુમુદાંગ - કુમુદ - ત્રુટિતાંગ - ત્રુટિત - અડડાંગ - અડડ - અવવાંગ - અવવ - હૂહુકાંગ - હૂહુક - અયુતાંગ - અયુત - પ્રયુતાંગ - પ્રયુત તથા શીર્ષપ્રહેલિકા એ નિશ્ચય અંકરાશિનાં નામો છે. ॥૧૧૪॥ ॥૧૧૫॥

टीकार्थः અહીં પહેલી ગાથામાં પૂર્વાંગ આદિ આઠ નામો સાક્ષાત્ કહ્યાં છે, અને બીજી


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગાથામાં સાક્ષાત્ અગિઆર નામો કહ્યાં છે, અને પદ્માંગ - કમલાંગ - કુમુદાંગ - ત્રુટિતાંગ - અટટાંગ - અવવાંગ - હૂહુકાંગ - પ્રયુતાંગ અને શીર્ષપ્રહેલિકાંગ એ નવ નામો ઉપલક્ષણ વ્યાખ્યાનથી (ઉપલક્ષણથી એટલે કહ્યાં નથી તો પણ અધ્યાહારથી) પોતાની મેળે જાણવાં. એ પ્રમાણે સર્વ મળીને અઠ્ઠાવીસ અંકરાશિનામો જાણવાં.

વળી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ (શ્રી ભગવતીજી) વગેરે સિદ્ધાન્તોમાં કહેલાં અંકરાશિનામોની અપેક્ષાએ એ અઠ્ઠાવીસ નામોમાં કોઈ સ્થાને અનુક્રમભેદ અને કોઈ સ્થાને તો સર્વથા બીજા જ પ્રકારનાં નામો પણ જણાય છે, માટે તેટલા માત્રથી (એટલા વિસંવાદમાત્રથી) સંમોહ ન કરવો (એટલે એમાં સત્ય શું હશે ? એવો ભ્રમ ન કરવો); કારણ કે સંકેતને અનુસરતાં નામોના ભેદમાં પણ વસ્તુતત્ત્વનો ભેદ પડતો નથી. તે કારણથી જ આ ગ્રંથના સૂત્રના પુસ્તકોમાં પણ (જુદી જુદી પ્રતોમાં પણ) કોઈ કોઈ સ્થાને વાચનાના ભેદ જોઈને પણ વાચ્ય અર્થનો (વસ્તુસ્વરૂપનો) ભેદ ન હોવાથી અશ્રદ્ધા ન કરવી. ઈતિ ગાથાવિશેષાર્થઃ ।।૧૧૪।।૧૧૫।।

अवतरणः એ પ્રમાણે પૂર્વ ગાથામાં જેટલો કાળ ગણિતના વિષયમાં પ્રાપ્ત થાય છે, તેટલો કાળ શીર્ષપ્રહેલિકા સુધીનો દર્શાવ્યો, અને હવે એક, દશ, સો, હજાર ઈત્યાદિરૂપ ગણિતસંખ્યાના વ્યવહારમાં પ્રાપ્ત ન થતો હોવાથી આગળનો અસંખ્યકાળ છે, તે અસંખ્યકાળ ગણિતના વિષયમાં ન પ્રાપ્ત થતો હોવાથી અતિશયરહિત જ્ઞાનીઓએ ( એટલે ઉત્કૃષ્ટ આત્મજ્ઞાનરહિત અથવા અવધિજ્ઞાનાદિ વિશિષ્ટજ્ઞાનરહિત એવા મનુષ્યોએ) તો 'પલ્ય' વગેરેની ઉપમા વડે જ તે કાળનું પ્રમાણ જાણવા યોગ્ય છે, માટે તે વાતને સમર્થન કરનારી આ ગાથા કહેવાય છે :

**एवं एसो कालो, वासच्छेएण संखमुवयाइ ।**
**तेण परमसंखेज्जो, कालो उवमाए नायव्वो ।।११६।।**

गाथार्थः એ પ્રમાણે એ કાળ વર્ષછેદ વડે (વર્ષપ્રમાણ વડે) સંખ્યાતપણું પામે છે, અને તેથી આગળનો અસંખ્યાત કાળ તે ઉપમા વડે જાણવો. ।।૧૧૬।।

टीकार्थः એ પ્રમાણે પૂર્વે કહેલા અનુક્રમ પ્રમાણે એક, દશ, સો, હજાર ઈત્યાદિ ગણિત વડે વર્ષોનો જે છેદ એટલે ઈયત્તાપરિચ્છેદ (આટલાં જ વર્ષો એવા જ્ઞાનરૂપ) તે વડે एसो = આ કાળ એટલે શીર્ષપ્રહેલિકા સુધીનો કાળ સંખ્યાપણું પામે છે, (ગણિત વિષયમાં આવી શકે છે). અને તેથી આગળનો કાળ પૂર્વાચાર્યોએ ગણિતસંખ્યામાં વ્યવહૃત (ઉપયોગી) નહિ કરેલો હોવાથી તે અસંખ્યાત કાળ કહેવાય છે, માટે તે અસંખ્યકાળ ઉપમા વડે જ જાણવા યોગ્ય કહ્યો છે. એ પ્રમાણે આ ગાથાનો અર્થ સમાપ્ત થયો. ।।૧૧૬।।

अवतरणः [ પૂર્વ ગાથામાં કહ્યા પ્રમાણે શીર્ષપ્રહેલિકાથી ઉપરાન્તનો કાળ જે ઉપમાથી જાણવા યોગ્ય કહ્યો છે તે પલ્ય વગેરેની ઉપમા વડે જાણવા યોગ્ય છે. ] અને જે કાળ પલ્ય વગેરેની ઉપમા વડે જાણવા યોગ્ય છે તે કાળ પલ્યોપમરૂપ અને સાગરોપમરૂપ એમ બે પ્રકારનો છે, ત્યાં પ્રથમ પલ્યોપમના નિર્ણય માટે આ ગાથા કહેવાય છે. [ અર્થાત્ આ ગાથામાં પલ્યોપમના ભેદ કહે છે]:

**पलिओवमं च तिविहं, उद्धारद्धं च खेत्तपलियं च ।**
**एक्केक्कं पुण दुविहं, बायरसुहुमं च नायव्वं ॥११७॥**

ગાથાર્થઃ ઉદ્ધારપલ્યોપમ, અદ્ધાપલ્યોપમ, અને ક્ષેત્રપલ્યોપમ એ પ્રમાણે પલ્યોપમના ત્રણ પ્રકાર છે અને તે એકેક પ્રકાર પુનઃ બાદર અને સૂક્ષ્મ એમ બે બે પ્રકારનો જાણવો. (જેથી પલ્યોપમ ૬ પ્રકારના છે). ॥૧૧૭॥

## ॥ ૩ પ્રકારના પલ્યોપમનું સ્વરૂપ ॥

ટીકાર્થઃ ધાન્યના પલ્ય સરખો તે पल्य કહેવાય, કે જેનું સ્વરૂપ આગળની અનન્તર ગાથામાં જ (૧૧૮મી ગાથામાં) કહેવાશે, તેવા પલ્યની ઉપમા જે કાળને અપાય છે તે કાળ पल्योपम કહેવાય. અને તે ત્રણ પ્રકારનો છે. તે આ પ્રમાણે - ૧. ઉદ્ધારપલ્યોપમ, બીજો અદ્ધાપલ્યોપમ, અને ૩. ક્ષેત્રપલ્યોપમ. ત્યાં આગળ કહેવાશે તેવા સ્વરૂપવાળા વાલાગ્રોને અથવા તે વાલાગ્રના ખંડોને, અથવા તે દ્વારા દ્વીપ-સમુદ્રોને ઉદ્ધરવા એટલે અપહરવા, તે उद्धार કહેવાય, તેવા પ્રકારના ઉદ્ધારના વિષયવાળો, અથવા ઉદ્ધારની મુખ્યતાવાળો જે પલ્યોપમ તે उद्धारपल्योपम કહેવાય. अद्धा એટલે કાળ, અને તે અહીં વૃત્તિમાં આગળ કહેવાતા સ્વરૂપવાળા વાલાગ્રોનો અથવા તે વાલાગ્રના ખંડોનો દરેકનો સો સો વર્ષરૂપ ઉદ્ધાર કાળ ગ્રહણ કરાય છે. અથવા ચાલુ વિષયમાં કહેવાતો જે અદ્ધાપલ્યોપમ, તે વડે પરિછેદ્ય-જાણવા યોગ્ય (પ્રમાણ કરવા યોગ્ય) જે કાળ તે अद्धा, અને તેવા પ્રકારની અદ્ધાની મુખ્યતાવાળો અથવા અદ્ધાના વિષયવાળો જે પલ્યોપમ તે अद्धापल्योपम.

તથા क्षेत्र એટલે આકાશ, તેના ઉદ્ધારના વિષયવાળો જે પલ્યોપમ તે क्षेत्रपल्योपम (અર્થાત્ આકાશપ્રદેશોને અપહરવાના વિષયવાળો ક્ષેત્રપલ્યોપમ છે). એ ત્રણ પ્રકારના પલ્યોપમમાંનો પુનઃ દરેક પલ્યોપમ આગળ કહેવાશે તેવા સ્વરૂપે બાદર અને સૂક્ષ્મ એમ બે બે પ્રકારનો છે. ઈતિ ગાથાર્થ. ॥૧૧૭॥

अवतरणः [ પૂર્વ ગાથામાં ત્રણ પ્રકારના પલ્યોપમ કહ્યા, પરંતુ ] પલ્ય તે કેવા સ્વરૂપવાળો છે કે જેની ઉપમા પલ્યોપમ રૂપ કાળમાં અપાય છે ? તે કહે છે :

**जं जोयणवित्थिण्णं, तं तिउणं परिरएण सविसेसं ।**
**तं चेव य उव्विद्धं, पल्लं पलिओवमं नाम ॥११८॥**

ગાથાર્થઃ જે એક યોજનના વિસ્તારવાળો છે, અને તે પુનઃ ત્રણ ગુણથી વિશેષ પરિધિયુક્ત છે, અને ૧ યોજન ઉદ્વેધ-ઊંડાઈવાળો છે, એવો જે પલ્ય તે અહીં પલ્યોપમના વિષયમાં ઉપમાવાળો (ઉપમાન) છે. ॥૧૧૮॥

ટીકાર્થઃ ગાથામાં 'नाम'એ પદ શિષ્યના કોમલ-મૃદુ આમંત્રણ માટે છે, (એટલે 'હે શિષ્ય !' એવા સંબોધનવાળો છે). તથા पलिओवमं એ શબ્દ વિભક્તિના ફેરફારવાળો હોવાથી સપ્તમી વિભક્તિવાળો જાણવો (અર્થાત્ પ્રથમા વિભક્તિ છે તે સાતમી વિભક્તિના અર્થમાં જાણવી), તેમજ पल्लं ઈત્યાદિ શબ્દોમાં પણ લિંગનો વ્યત્યય હોવાથી પુલ્લિંગના અર્થમાં નપુંસક લિંગ જાણવું. અને તેથી पलिओवमे = પલ્યોપમના વિષયમાં - સંબંધમાં ધાન્યના પલ્ય સરખો

જે પલ્ય તે પૂર્વે સામાન્યથી કહેલો છે તે જાણવો, કે જે પલ્ય કેવા પ્રકારના સ્વરૂપવાળો છે ? તે કહે છે -

## ॥ પલ્યોપમને અંગે પલ્યનું સ્વરૂપ ॥

જે પલ્ય વિસ્તારમાં કેટલો ? તે કહે છે - ૧ યોજન. વળી વૃત્ત આકારવાળો હોવાથી લંબાઈમા પણ ૧ યોજન જાણવો. (અર્થાત્ ૧ યોજન પહોળો અને ૧ યોજન લાંબો એવી પલ્ય જાણવો.) વળી તે પલ્ય ત્રણગુણ યોજનવાળો અને કંઈક અધિક એટલો परिरए એટલે પરિધિ વડે છે (એટલે ત્રણ યોજનથી કંઈક અધિક પરિધિ-ઘેરાવાળો છે). કારણ કે સર્વે વૃત્ત પદાર્થો પોતાના વિષ્કંભથી (પહોળાઈથી) અથવા પોતાની લંબાઈથી ત્રણગુણથી કંઈક અધિક વૃત્ત-ગોળાકારવાળા હોય છે, એવું શાસ્ત્રવચન હોવાથી, એ પલ્ય સાધિક ત્રણગુણી ભમતીવાળો (ગોળાઈવાળો-ઘેરાવાળો) છે, એ ભાવાર્થ છે.

તથા उव्विद्ध એટલે ઊંચો પણ તેટલો જ એટલે ૧ યોજન પ્રમાણ છે. અર્થાત્ લંબાઈ અને વિસ્તાર વડે પ્રત્યેક યોજનપ્રમાણ, તેમજ ઊંચાઈમાં પણ યોજનપ્રમાણ, અને ભમતી વડે-પરિધિ વડે તો કંઈક ન્યૂ[૧]ન ૬ ભાગ અધિક ત્રણ યોજન પ્રમાણવાળો એવો જે પલ્ય, તે જ અહીં પલ્યોપમના સંબંધમાં નિર્દેશેલો છે, એટલે જાણવા યોગ્ય છે, એ તાત્પર્ય છે. એ પ્રમાણે આ ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૧૧૮॥

अवतरणः હવે તે પલ્ય જેવા પ્રકારના વાલાગ્રો વડે ભરવાનો હોય છે, તે તે વાલાગ્રોનું નિરૂપણ કરવાને આ ગાથા કહેવાય છે (અર્થાત્ આ ગાથામાં પલ્યને વિષે ભરવા યોગ્ય વાલાગ્રોનું સ્વરૂપ કહે છે) :

**एगाहिय बेहिय तेहियाण उक्कोस सत्तरत्ताणं ।**
**सम्मट्ठं संनिचियं, भरियं वालग्गकोडीणं ॥११९॥**

गाथार्थः એક દિવસના, બે દિવસના, ત્રણ દિવસના યાવત્ ઉત્કૃષ્ટથી સાત રાત્રિના (સાત દિવસના) ઉગેલા વાલાગ્રકોટીઓથી સમ્મૃષ્ટ (કાંઠા સુધી ભરેલ) અને સંનિચિત (નિબિડ)

---

૧. અહીં विक्खंभवग्गदहगुण करणी वट्टस्स परिरओ होइ એ સિદ્ધાન્તોમાં કહેલી પરિધિ કાઢવાની ગણિતરીતિ પ્રમાણે પરિધિનું ગણિત કરીએ તો એક યોજનવૃત્તનો પરિધિ કિંચિત્ ન્યૂન ૬ ભાગ અધિક ત્રણ યોજન આવે, તે આ પ્રમાણે- અહીં પરિધિ કાઢવાની રીતિ 'વિક્ખંભવગ્ગ' ઇત્યાદિ વચનથી કહી તે રીતિ આ પ્રમાણે - વિષ્કંભનો વર્ગ કરી તેને દશવડે ગુણી, જે આવે તેનું વર્ગમૂળ કરીએ તો તે વૃત્ત પદાર્થનો પરિધિ પ્રાપ્ત થાય. એ રીતિ પ્રમાણે અહીં પલ્યનો વિષ્કંભ ૧ યોજન છે, માટે તેને દશ વડે ગુણતાં ૧૦ આવ્યા, તેનું વર્ગમૂળ કાઢવાથી ૩ $\frac{૧}{૬}$ આવે. તેની અંક સ્થાપના:

૧ યોજન વિષ્કંભ ભાજક
× ૧૦
――
૧૦

૩) ૧૦ (૩ જવાબ = ૩ $\frac{૧}{૬}$ પરિધિ.
+ ૩ ૯
―― ――
૬ ૧

અહીં ભાજક ત્રણમાં ત્રણનો જવાબ ઉમેરવો તે વર્ગમૂળની રીતિ જાણવી. વર્ગમૂળ તે કહેવાય કે જે વર્ગમૂળને વર્ગમૂળે ગુણતાં પુનઃ વર્ગ આવવો જોઈએ. તે પ્રમાણે ગણતાં.

૩ $\frac{૧}{૬}$ એટલે $\frac{૧૯}{૬} \times \frac{૧૯}{૬} = \frac{૩૬૧}{૩૬}$; ૩૬) $\frac{૩૬૧}{૩૬}$ (૧૦ જવાબ
――
૧ શેષ

એ પ્રમાણે ૧૦ સંપૂર્ણ આવવા જોઈએ તેને બદલે ૧૦ ઉપરાન્ત $\frac{૧}{૩૬}$ અધિક આવ્યા, માટે જાણવું જોઈએ કે વર્ગમૂળમાં ભાજક ૬ જો કિંચિત્ન્યૂન હોત તો અહીં વર્ગ કરતી વખતે ૧૦ જવાબ બરાબર આવત, માટે કિંચિત્ ન્યૂન ૬ ભાગ કહ્યા છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભરેલ એવો તે પલ્ય જાણવો. ॥૧૧૯॥

टीकार्थः એક દિવસમાં ઉત્પન્ન થયેલા (ઉગેલા) તે एकाहिक, બે દિવસમાં ઉત્પન્ન થયેલ તે द्व्यहिक, અને ત્રણ દિવસમાં ઉત્પન્ન થયેલા તે त्र्यहिक, તે એકાહિક, દ્વ્યહિક, ત્ર્યહિક અને એ પ્રમાણે (ચાર દિવસમાં ઉત્પન્ન થયેલા તે) चतुरहिक યાવત્ ઉત્કૃષ્ટથી સાત દિવસમાં ઉગેલા વાળોની અગ્રકોટીઓ; અહીં વાળ પોતે જ અતિસૂક્ષ્મ હોવાથી અગ્રકોટી (સૂક્ષ્મ અણી) સરખા ગણાય છે, માટે તે વાળ એ જ વાલાગ્રકોટીઓ. તેનાથી ભરેલો એવો તે પલ્ય અહીં અધિકૃત છે. ત્યાં શીર્ષ મુંડાવ્યા બાદ એક દિવસમાં જે વાલાગ્રકોટીઓ (એટલે વાળ) ઉગે છે, તે એકાહિક અગ્રકોટીઓ કહેવાય. બે દિવસમાં જે ઉગે છે તે દ્વ્યહિક, ત્રણ દિવસમાં ઉગે તે ત્ર્યહિક અને એ પ્રમાણે યાવત્ સાત દિવસમાં ઉગેલી વાલાગ્રકોટીઓ તે સાતરાત્રિકી વાલાગ્રકોટીઓ કહેવાય. વળી તે વાલાગ્રકોટીઓ વડે તે પલ્ય કેવો ભરેલો? તે કહે છે - સમ્મૃષ્ટ એટલે આકર્ણ (કાંઠા સુધી) ભરેલો, અને તે પણ સન્નિચિત એટલે સમૂહવિશેષથી નિબિડ કરેલો (અર્થાત્ બહુ ઘન - ગાઢ રીતે ભરેલો) એવો તે પલ્ય જાણવો. એ પ્રમાણે ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૧૧૯॥

अवतरणः પૂર્વ ગાથામાં કહેલા સ્વરૂપવાળા વાલાગ્રકોટીઓ વડે તે પલ્યને ભરીને ત્યારબાદ શું કરવું? તે આ ગાથામાં કહેવાય છે :

**तत्तो समए समए, एक्केक्के अवहियंमि जो कालो ।**
**संखेज्जा खलु समया, बायरउद्धारपल्लंमि ॥१२०॥**

गाथार्थः ત્યારબાદ તે પલ્યમાંથી એકેક સમયે એકેક વાલાગ્ર અપહરતાં જે કાળ થાય તે નિશ્ચય સંખ્યાતા સમય બાદર ઉદ્ધારપલ્યોપમના (રૂપ) જાણવા. (અર્થાત્ તેટલા સંખ્યાત સમયનો એક બાદર ઉદ્ધાર પલ્યોપમ થાય.) ॥૧૨૦॥

टीकार्थ :- ત્યારબાદ પૂર્વે કહેલા વાલાગ્રો વડે ભરેલા પલ્યમાંથી પ્રતિસમય એકેક વાલાગ્ર અપહરતાં જેટલો કાળ થાય તેટલો કાળ बादर उद्धारपल्योपम જાણવો. અહીં અર્થને વિશે 'બાદર ઉદ્ધાર પલ્યોપમ' એ શબ્દ ગાથામાં પર્યન્તે કહ્યો છે, છતાં આવૃત્તિ વડે (અનુકર્ષણ વડે) ગાથાના પૂર્વાર્ધમાં પણ પ્રથમ જોડાય, તેમજ ઉત્તરાર્ધમાં પર્યન્તે પણ જોડી શકાય છે.

વળી તે (એકેક સમયે એકેક વાલાગ્ર અપહરતાં) કેટલો કાળ થાય? તે કહો, તેના ઉત્તરમાં કહે છે કે - खलु એ શબ્દ નિશ્ચયવાચક હોવાથી સંખ્યાતા જ સમયો તે બાદર ઉદ્ધારપલ્યોપમમાં થાય છે, પરંતુ અસંખ્ય સમયો થતા નથી. કારણ કે તે પલ્યમાં વાલાગ્ર પણ સંખ્યાત છે, અને તે દરેકને પ્રતિસમયે એકેક અપહરવાનો હોવાથી (જેટલા વાલાગ્ર તેટલા જ) સમયો પણ સંખ્યાત જ થાય છે. વળી અહીં પલ્યોપમમાં જે બાદરપણું કહ્યું તે તે વાલાગ્રોના સૂક્ષ્મ ખંડ કર્યા નથી તેથી તે વાલાગ્રો બાદર ગણાય છે માટે પલ્યોપમને પણ અહીં બાદરપણું જાણવું. એ પ્રમાણે આ ગાથાનો ભાવાર્થ સમાપ્ત થયો. ॥૧૨૦॥

अवतरणः હવે (પૂર્વ ગાથામાં બાદર ઉદ્ધારપલ્યોપમનું સ્વરૂપ કહીને) આ ગાથામાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુક્રમે પ્રાપ્ત થયેલા સૂક્ષ્મ ઉદ્ધારપલ્યોપમનું સ્વરૂપ કહેવાય છે :

**एक्केक्कमओ लोमं, कट्टुमसंखेज्जखंडमद्दिस्सं ।**
**समछेयाणंतपए- सियाण पल्लं भरेज्जाहि ॥१२१॥**

ગાથાર્થ: તે પલ્યમાં ભરેલા બાદર વાલાગ્રમાંથી એકેક વાલાગ્રના અદૃશ્ય સૂક્ષ્મ અસંખ્યાત ખંડ કરીને સરખા પ્રમાણવાળા કરેલા અને તો પણ અનન્ત પ્રદેશવાળા એવા તે સૂક્ષ્મખંડોથી પલ્ય ભરવો. ॥૧૨૧॥

ટીકાર્થ: अतः એટલે સ્વાભાવિક વાલાગ્રો વડે ભરેલા એવા તે પલ્યમાંથી એકેક લોમના (વાલાગ્રના) અસંખ્ય અસંખ્ય ખંડ કરવા, તેવા અસંખ્ય ખંડ જે પલ્યમાં વાલાગ્રોના કર્યા છે તે પલ્ય અસંખ્ય ખંડવાળો અને અદૃશ્ય વાલાગ્રવાળો જાણવો, અર્થાત્ તે વાલાગ્રોના અસત્ કલ્પનાએ ત્યાં સુધી ખંડ કરવા કે જ્યાં સુધી દરેક વાલાગ્ર અદૃશ્ય સ્વરૂપવાળો અને અસંખ્ય ખંડવાળો થાય - એ તાત્પર્ય છે. એ પ્રમાણે કર્યાથી દરેક ખંડ બાદર પર્યાપ્ત પૃથ્વીકાયના શરીર જેવડો થાય એમ વૃદ્ધો (પૂર્વાચાર્યો) કહે છે. હવે એ પ્રમાણે પ્રત્યેક વાળના અસંખ્ય અસંખ્ય ખંડ કરીને ત્યારબાદ શું કરવું ? તે જ વાત અહીં કહેવાય છે કે -

ત્યારબાદ તે સર્વ ખંડો કે જે સમચ્છેદ થયેલા છે, એટલે પરસ્પર જે વિભાગ સરખા પ્રમાણવાળા થયા છે, તે પ્રત્યેક વિભાગ-ખંડ હજી પણ અનન્તપ્રદેશી છે, એટલે અનન્ત પરમાણુઓના સ્કંધરૂપ છે, તેવા ખંડો વડે તે જ પલ્યને તમે ભરો, એટલે બુદ્ધિ વડે પરિપૂર્ણ કરો. એ ગાથાનો ભાવાર્થ કહ્યો. ॥૧૨૧॥

अवतरण: એ પ્રમાણે પૂર્વ ગાથામાં કહ્યા પ્રમાણે એકેક બાદર વાલાગ્રના અસંખ્ય અસંખ્ય સૂક્ષ્મ ખંડ કરીને તે જ પલ્યને બુદ્ધિ વડે ભરીને હવે શું કરવું ? તે આ ગાથામાં કહેવાય છે :

**तत्तो समए समए एक्केक्के अवहियंमि जो कालो ।**
**संखेज्जवासकोडी, सुहुमे उद्धारपल्लंमि ॥१२२॥**

ગાથાર્થ: ત્યારબાદ તે પલ્યમાંથી સમયે સમયે એકેક સૂક્ષ્મ વાલાગ્ર અપહરતાં જેટલો કાળ થાય, તેટલો કાળ સૂક્ષ્મ ઉદ્ધારપલ્યોપમરૂપ છે, અને તે સંખ્યાત ક્રોડ વર્ષ પ્રમાણનો કાળ થાય છે. ॥૧૨૨॥

ટીકાર્થ: तत्तो એટલે તેમાંથી અર્થાત્ વાલાગ્રોના સૂક્ષ્મ ખંડ કરીને ભરેલા પલ્યમાંથી દરેક સમયે એકેક સૂક્ષ્મ વાલાગ્રખંડ અપહરતાં જેટલો કાળ લાગે તેટલા પ્રમાણનો કાળ સૂક્ષ્મ उद्धारपल्योपम ગણાય છે - થાય છે. અહીં સૂ. ઉ. પલ્યો. એ પદ ગાથામાં (પૂર્વાર્ધમાં) નથી તો પણ પૂર્વ ગાથામાં (૧૨૦મી ગાથામાં) કહ્યાં[૧] પ્રમાણે અહીં પણ (પૂર્વાર્ધમાં પણ) જોડવું. વળી તે સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ કાળ કેટલો થાય છે ? તે કહો, તેના ઉત્તરમાં કહેવાય છે કે - સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમને વિષે સંખ્યાત ક્રોડ વર્ષ થાય છે, એમ જાણવું. કારણ કે અહીં પ્રત્યેક વાલાગ્ર અસંખ્ય ખંડવાળો હોવાથી એક જ વાલાગ્રના ખંડોને અપહરતાં પણ અસંખ્યાત સમય થાય તો સર્વ વાલાગ્રોના કરેલા સર્વ સૂક્ષ્મ ખંડોને અપહરતાં અસંખ્યાત સમય થાય તેમાં શું

૧. 'तद् बादरमुद्धारपल्योपममित्यावृत्त्या प्रथमान्ततयाप्यत्र सम्बध्यते' એ પ્રમાણે ૧૨૦મી ગાથાની વ્યાખ્યામાં જેમ 'બાદર ઉદ્ધાર પલ્યોપમ' એ શબ્દને ગાથાના પૂર્વાર્ધના અર્થ સાથે તેમજ ગાથાના પર્યન્તે એટલે ઉત્તરાર્ધના અર્થ સાથે પણ જોડવાનો કહ્યો છે તેમ અહીં પણ 'સૂક્ષ્મ ઉદ્ધારપલ્યોપમ' એ શબ્દ બન્ને સ્થાને જોડવો.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહેવું ? અર્થાત્ અસંખ્યાત સમય થાય જ, અને તે સંખ્યાત ક્રોડ વર્ષ પ્રમાણ પણ થાય જ. વળી આ પલ્યોપમ 'સૂક્ષ્મ' એવા વિશેષણવાળો છે, તે સૂક્ષ્મતા તે વાલાગ્રોના સૂક્ષ્મ ખંડ કરવાથી જ વિચારવી - જાણવી. એ પ્રમાણે આ ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૧૨૨॥

अवतरणः એ પ્રમાણે બાદર ઉદ્ધારપલ્યોપમ તથા સૂક્ષ્મ ઉદ્ધારપલ્યોપમનું સ્વરૂપ કહ્યું, અને હવે આ ગાથામાં એ જ બે પલ્યોપમથી ઉત્પન્ન થયેલ બે પ્રકારના સાગરોપમનું (બા. ઉ. સા.નું અને સૂ. ઉ. સા.નું) સ્વરૂપ કહેવાય છે :

**एएसिं पल्लाणं, कोडाकोडी हविज्ज दसगुणिया ।**
**तं सागरोवमस्स उ, एक्कस्स भवे परीमाणं ॥१२३॥**

गाथार्थः એ બન્ને પલ્યોપમની દસ કોડાકોડીને દસ વડે ગુણ્યા હોય, તો તે પ્રમાણ એક સાગરોપમનું (બા. ઉ. સા.નું અને સૂ. ઉ. સા.નું) થાય છે. ॥૧૨૩॥

टीकार्थः એ પૂર્વે કહેલા બાદર અને સૂક્ષ્મ એ બે ભેદવાળા ઉદ્ધારપલ્યોપમની જે કોડાકોડી તેને દશ વડે ગુણી હોય તો અર્થાત્ દશ કોડાકોડી પલ્યોપમ એ પ્રત્યેક એક બાદર ઉદ્ધાર સાગરોપમનું અને એક સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમનું પ્રમાણ થાય છે. અર્થાત્ બાદર ઉદ્ધાર પલ્યોપમની દશ કોડાકોડી વડે એક બાદર ઉદ્ધાર સાગરોપમ થાય અને સૂક્ષ્મ ઉદ્ધારપલ્યોપમની દશ કોડાકોડી વડે એક સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમ થાય [ અથવા બીજી રીતે વિચારીએ તો ૧૦ કોડાકોડી બાદર ઉદ્ધારપલ્યોપમનો ૧ बादर उद्धार सागरोपम, અને ૧૦ કોડાકોડી સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમનો ૧ सूक्ष्म उद्धारसागरोपम થાય] છે, ત્યાં કાળના અતિમહાનપણાની સમાનતા હોવાથી [ એટલે જેમ સમુદ્ર મહાન છે તેમ આ કાળપ્રમાણ પણ મહાન છે માટે ] સાગર એટલે સમુદ્ર વડે જેની ઉપમા અપાય તે સાગરોપમ એવો શબ્દાર્થ છે. એ પ્રમાણે આ ૧૨૩મી ગાથાનો વ્યાખ્યાર્થ સમાપ્ત થયો. ॥૧૨૩॥

अवतरणः અહીં બાદરની પ્રરૂપણા કર્યા બાદ સૂક્ષ્મની પ્રરૂપણા અનુક્રમપૂર્વક હોવાથી સુખે કરી શકાય છે, તેમજ સુખે સમજી પણ શકાય છે, તે કારણથી જ (એ જ કારણમાત્રથી અર્થાત્ સુખપૂર્વક પ્રરૂપણા કરવાના અને સુખપૂર્વક સમજવાના કારણથી જ) પ્રથમ બાદર ઉદ્ધાર પલ્યોપમની અને બાદર ઉદ્ધારસાગરોપમની પ્રરૂપણા કરી, પરન્તુ સિદ્ધાન્તમાં એ બન્ને બાદરનું કંઈ પણ પ્રયોજન નથી, અને સિદ્ધાન્તમાં તે બન્ને સૂક્ષ્મનું એટલે સૂ. ઉ. પલ્યો.નું તથા સૂ. ઉ. સાગરો.નું તો પ્રયોજન છે જ, તે વાત આ ગાથામાં દર્શાવાય છે :

**जावइओ उद्धारो, अड्ढाइज्जाण सागराण भवे ।**
**तावइया खलु लोगे, हवंति दीवा समुद्दा य ॥१२४॥**

गाथार्थः અઢી સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમનો જેટલો ઉદ્ધાર (જેટલા સમય) થાય તેટલા જ નિશ્ચયથી લોકને વિષે દ્વીપ અને સમુદ્ર છે. ॥૧૨૪॥

टीकार्थः અઢી જેટલા, એટલે કે અઢી સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમોનો જેટલો ઉદ્ધાર એટલે વાલાગ્રોને અપહરવામાં જેટલો સમયરાશિ થાય, તેટલા જ દ્વીપ અને સમુદ્રો આ લોકને વિષે છે. અહીં તાત્પર્ય એ છે કે - અઢી ઉદ્ધાર સૂક્ષ્મ સાગરોપમ ના ૨૫ કોડાકોડી સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ થાય છે, તે અપહાર સંબંધી જેટલા સમયો થાય, તેટલી જ સંખ્યાવાળા આ તિર્ચ્છાલોકમાં સર્વે દ્વીપ-સમુદ્રો પણ છે, એ ભાવાર્થ છે. એ પ્રમાણે સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમનું

અને સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમનું પ્રયોજન દ્વીપ-સમુદ્રોની સંખ્યા પ્રાપ્ત કરવામાં કહ્યું છે. એ પ્રમાણે આ ગાથાનો અર્થ સમાપ્ત થયો, [ અને તે સાથે સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ તથા સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમનું સ્વરૂપ તથા વિષય-પ્રયોજન પણ કહેવાયું. ] ।।૧૨૪।।

अवतरण: હવે આ ગાથામાં અનુક્રમે પ્રાપ્ત થયેલ અદ્ધાપલ્યોપમનું નિરૂપણ કરાય છે (એટલે ત્રણ પ્રકારના પલ્યોપમમાંના બીજા પલ્યોપમનું સ્વરૂપ કહેવાય છે) :

**वाससए वाससए, एक्केक्के बायरे अवहियम्मि ।**
**बायरअद्धापल्ले, संखेज्जा वासकोडीओ ।।१२५।।**

गाथार्थ: સો સો વર્ષે એકેક બાદર વાલાગ્ર અપહરતાં બાદર અદ્ધાપલ્યોપમ થાય, અને તે બાદર અદ્ધાપલ્યોપમને વિષે સંખ્યાત ક્રોડ વર્ષ થાય છે. ।।૧૨૫।।

टीकार्थ : તે જ પૂર્વે કહેલા સ્વરૂપવાળા પલ્યમાં સ્વાભાવિક બાદર વાલાગ્રો પૂર્યે છતે (એટલે ભરીને), જ્યારે દર સો સો વર્ષે એકેક વાલાગ્ર અપહરિયે, ત્યારે તે સર્વ વાલાગ્રો અપહરતાં જેટલો કાળ થાય, તેટલો જ કાળ बादर अद्धापल्योपम જાણવો. અને તેવા બાદર અદ્ધા પલ્યોપમને વિષે સંખ્યાત ક્રોડ વર્ષ થાય તે સમજવું સુગમ જ છે. એ પ્રમાણે આ ગાથાનો વ્યાખ્યાર્થ સમાપ્ત થયો. ।।૧૨૫।।

अवतरण : હવે આ ગાથામાં સૂક્ષ્મ અદ્ધાપલ્યોપમનું સ્વરૂપ કહેવાય છે :

**वाससए वाससए, एक्केक्के अवहियम्मि सुहुमम्मि ।**
**सुहुमे अद्धापल्ले, हवंति वासा असंखेज्जा ।।१२६।।**

गाथार्थ : સો સો વર્ષે એકેક સૂક્ષ્મ વાલાગ્ર અપહરતાં સૂક્ષ્મ વાલાગ્ર અપહરતાં સૂક્ષ્મ અધ્ધપલ્યોપમને વિષે અસંખ્યાત વર્ષો થાય. ।।૧૨૬।।

टीकार्थ: અસંખ્યાત ખંડ કરેલા સૂક્ષ્મ વાલાગ્રોથી ભરેલા એવા તે પલ્યમાંથી પ્રત્યેક સો વર્ષે-સો વર્ષે એકેક સૂક્ષ્મ વાલાગ્રખંડને અપહરતાં જેટલો કાળ થાય, તેટલો કાળ તે सूक्ष्म अद्धा पल्योपम જાણવો. વળી તે સૂક્ષ્મ અદ્ધાપલ્યોપમને વિષે અસંખ્ય વર્ષો થાય છે, એટલે અસંખ્યાત ક્રોડ વર્ષો થાય છે, એ ભાવાર્થ છે (અર્થાત્ અસંખ્યક્રોડવર્ષનો ૧ સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ થાય છે) એ પ્રમાણે આ ૧૨૬મી ગાથાનો વ્યાખ્યાર્થ સમાપ્ત થયો. (અને તે સાથે બન્ને પ્રકારના અદ્ધાપલ્યોપમનું સ્વરૂપ પણ કહેવાયું.) ।।૧૨૬।।

अवतरण: પૂર્વે બાદર અદ્ધાપલ્યોપમ અને સૂક્ષ્મ અદ્ધાપલ્યોપમનું સ્વરૂપ કહ્યું, અને હવે આ ગાથામાં એ જ અદ્ધાપલ્યોપમથી ઉત્પન્ન બાદર અદ્ધાસાગરોપમનું અને સૂક્ષ્મ અદ્ધા સાગરોપમનું સ્વરૂપ કહેવાય છે :

**एएसिं पल्लाणं, कोडाकोडी हवेज्ज दसगुणिया ।**
**तं सागरोवमस्स उ, परिमाणं हवइ एक्कस्स ।।१२७।।**

गाथार्थ: એ બે પ્રકારના પલ્યોપમોની દશ કોડાકોડીને દશ વડે ગુણી હોય તો તે પ્રમાણ એક સાગરોપમનું થાય છે. ।।૧૨૭।।

टीकार्थ: એ પૂર્વે કહેલ બાદર અને સૂક્ષ્મ એ બે ભેદવાળા અદ્ધાપલ્યોપમની જે કોડાકોડી તેને દશ વડે ગુણી છતી, અર્થાત્ દશ કોડાકોડી અદ્ધાપલ્યોપમ તે પ્રત્યેક એક બાદર અદ્ધા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાગરોપમનું અને સૂક્ષ્મ અદ્ધાસાગરોપમનું પ્રમાણ થાય છે તેનો ભાવાર્થ ઉદ્ધાર સાગરોપમ [1]તુલ્ય જાણવો. ।।इति गाथार्थः ।।૧૨૭।।

अवतरणः - અહીં શંકા થાય કે - સમય - આવલિકા વગેરે કાળભેદો અહીં પ્રતિપાદન કરવાનો પ્રસંગ આવે છે, અને તે ભેદો તો તમોએ હજી સુધી સાગરોપમ સુધીના જ દર્શાવ્યા, અને સિદ્ધાન્તોમાં તો सायर उस्सप्पिणि परियट्टा (સાગરોપમ, ઉત્સર્પિણી, અવસર્પિણી અને પુદ્‌ગલપરાવર્ત) ઇત્યાદિ વચનોથી જ ઉત્સર્પિણી વગેરે પણ તેના જ (કાળના જ) ભેદો સંભળાય છે, તો તે ભેદો અહીં શા માટે કહેવામાં આવતા નથી ? એવા પ્રકારની આશંકા કરીને ગ્રંથકર્તા પૂર્વોક્ત કાળભેદોથી બાકી રહેલા અવસર્પિણી આદિ કાળભેદોને પણ સૂક્ષ્મ અદ્ધા સાગરોપમથી ઉત્પન્ન થવા યોગ્ય હોવાથી આ ચાલુ પ્રકરણના પ્રસંગમાં જ પ્રતિપાદન કરતા છતા આ બે ગાથાઓ કહે છે :

**दस सागरोवमाणं, पुन्नाओ हुंति कोडिकोडीओ ।**
**ओसप्पिणीपमाणं. तं चेवुस्सप्पिणीए वि ।।१२८।।**
**ओसप्पिणी अणंता, पोग्गलपरियट्टओ मुणेयव्वो ।**
**तेऽणंता तीयद्धा, अणागयद्धा अणंतगुणा ।।१२९।।**

गाथार्थः સંપૂર્ણ દશ કોડાકોડી સાગરોપમ થાય, ત્યારે એક અવસર્પિણીનું પ્રમાણ થાય, અને તેટલું જ પ્રમાણ નિશ્ચય ઉત્સર્પિણીનું પણ થાય. ।।૧૨૮।। તથા અનન્ત ઉત્સર્પિણીનો એક પુદ્‌ગલપરાવર્ત્ત જાણવો. તેવા અનન્ત પુદ્‌ગલપરાવર્ત્તનો એક અતીત અધ્ધા (ભૂતકાળ), અને અનાગત અધ્ધા (ભવિષ્યકાળ) તેથી અનન્તગુણ જાણવી (અર્થાત્ ભૂતકાળથી અનન્તગુણ ભવિષ્યકાળ છે). ।।૧૨૯।।

टीकार्थः જ્યારે સૂક્ષ્મ અદ્ધા સાગરોપમોની દશ કોડાકોડી થાય ત્યારે શું થાય ? તે કહે છે - પ્રમાણ થાય. કયું પ્રમાણ થાય ? તે કહે છે - છ આરાવાળી, કાળવિશેષરૂપ અવસર્પિણીનું પ્રમાણ થાય. અર્થાત્ સૂક્ષ્મ અદ્ધા સાગરોપમોની દશ કોડાકોડી વડે (૧૦ કો૦ કો૦ સૂક્ષ્મ અદ્ધા સાગરોપમ વડે) બનેલી अवसर्पिणी રૂપ કાળવિશેષ જાણવો, તેમજ છ આરાવાળી उत्सर्पिणीનું પ્રમાણ પણ એટલું જ જાણવું. (એ પ્રમાણે અવસર્પિણી અને ઉત્સર્પિણીનું પ્રમાણ કહ્યું). ।।૧૨૮।।

ओसप्पिणी ઇત્યાદિ પદોનો ભાવાર્થ આ પ્રમાણે - ગાથામાં ओसप्पिणी અવસર્પિણી એ એક જ શબ્દ છે તો પણ તે અવસર્પિણીના ઉપલક્ષણથી ઉત્સર્પિણી પણ ગ્રહણ કરવી, જેથી ઉક્ત પ્રમાણવાળી અવસર્પિણી અને ઉત્સર્પિણી અનન્ત ભેગી થયે જે કાળ પ્રમાણ થાય તે ૧ पुदगलपरावर्त જાણવો. તથા તેવા અનન્ત પુદ્‌ગલપરાવર્ત મળીને ૧ अतीत अद्धा થાય, અર્થાત્ અનન્ત પુદ્‌ગલપરાવર્ત્તનો એક અતીતકાળ છે. તથા અતીતકાળની અપેક્ષાએ અનન્તગુણ अनागत अद्धा એટલે ભવિષ્યકાળ જાણવો. વળી અહીં, વર્તતા એક સમયનો वर्तमान अद्धा પણ જાણવી અને તે એક વર્તમાન સમયનું પ્રમાણ તો 'कालो परमनिरुद्धो अविभागी तं तु जाण

૧. અર્થાત્ ૧૨૩મી ગાથામાં જેમ કહ્યું છે કે - દશ કોડાકોડી બાદર ઉદ્ધાર પલ્યોપમનો ૧ બાદર ઉદ્ધાર સાગરોપમ અને દશ કોડાકોડી સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમનો એક સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમ થાય છે, તેમ ૧૦ કોડાકોડી બાદર અદ્ધા પલ્યોપમનો ૧ બાદર અદ્ધા સાગરોપમ થાય, અને ૧૦ કોડાકોડી સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમનો ૧ સૂક્ષ્મ અદ્ધા સાગરોપમ થાય છે - તે તાત્પર્ય.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

समउ' એ ગાથામાં કહેલી સમયપ્રરૂપણામાં કહેવાઈ ગયું છે એમ જાણવું. તથા સામાન્યથી સર્વકાળરૂપ सर्वाद्धा પણ 'कालोत्ति य एगविहो' એ ગાથામાં સામાન્ય કાળ કહેવાથી જ કહેવાઈ ગયેલી જાણવી. इति गाथाद्वयार्थः ॥૧૨૯॥

अवतरणः એ પ્રમાણે પૂર્વ ગાથાઓમાં સર્વે કાળભેદ કહ્યા. હવે ચાલુ પ્રસંગની વાત કહેવાય છે – ત્યાં બાદર અદ્ધાપલ્યોપમ અને બાદર અદ્ધાસાગરોપમ પ્રયોજનરહિત છે. તો પણ [1]પૂર્વે કહેલા કારણથી એ બે કાળભેદ કહ્યા છે, અને હવે સૂક્ષ્મ અદ્ધાપલ્યોપમ અને સૂક્ષ્મ અદ્ધા સાગરોપમનું જે પ્રયોજન છે, તે દર્શાવવાને માટે આ ગાથા કહેવાય છે (અર્થાત્ આ ગાથામાં સૂક્ષ્મ અદ્ધાપલ્યોપમ અને સૂક્ષ્મ અદ્ધાસાગરોપમ એ બેનું પ્રયોજન – કારણ કહેવાય છે) :

**सुहुमेण य अद्धासागरस्स माणेण सव्वजीवाणं ।**
**कम्मठिई कायठिई, भवट्ठिई यावि नायव्वा ॥१३०॥**

गाथार्थः સૂક્ષ્મ અદ્ધાસાગરોપમના પ્રમાણ વડે સર્વ જીવોની કર્મસ્થિતિ, કાયસ્થિતિ અને ભવસ્થિતિ પણ મપાય છે એમ જાણવું. ॥૧૩૦॥

टीकार्थः સૂક્ષ્મ એવા અદ્ધાસાગરોપમના અને ઉપલક્ષણથી અદ્ધાપલ્યોપમના પણ, પ્રમાણ વડે, એટલે સૂક્ષ્મ અદ્ધાપલ્યોપમના તથા સૂક્ષ્મ અદ્ધાસાગરોપમના પણ પ્રમાણ વડે કરવું. એ બે પ્રમાણ વડે શું કરવું ? તો કહે છે – જાણવું. શું જાણવું ? તો કહે છે – સર્વ નારક અને તિર્યંચ વગેરે જીવોની કર્મસ્થિતિ-કાયસ્થિતિ અને ભવસ્થિતિઓ જાણવી.

ત્યાં કર્મસ્થિતિને વિષે જ્ઞાનાવરણ-દર્શનાવરણ – વેદનીય અને અન્તરાય એ ચાર કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીશ કોડાકોડી સાગરોપમ છે, મોહનીયકર્મની સિત્તેર કોડાકોડી સાગરોપમ, આયુષ્યની ૩૩ સાગરોપમ, નામકર્મ અને ગોત્રકર્મની વીસ કોડાકોડી સાગરોપમ, એ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. ॥इति कर्मस्थितिप्रमाणं॥

તથા काय એટલે અહીં પૃથ્વીકાય આદિ કાય કહેલ છે, ત્યાં વિવક્ષિત (અમુક) એક કાયને વિષે (મરણ પામીને) વારંવાર ત્યાં જ ઉત્પન્ન થવુ (તે જ કાયમાં ઉપજવું) તે સંબંધી જે સ્થિતિ તે કાયસ્થિતિ કહેવાય. ત્યાં પૃથ્વીકાયને વિષે વિવક્ષિત એક જ જીવ વારંવાર મરણ પામીને ત્યાં પૃથ્વીકાયમાં જ ઉત્પન્ન થયા કરે તો અસંખ્યાત ઉત્સર્પિણી અને અસંખ્યાત અવસર્પિણી સુધી ઉત્પન્ન થતો રહે છે. એ પ્રમાણે અપ્કાય-તેઉકાય અને વાઉકાયને વિષે પ્રત્યેકમાં પણ અસંખ્યાત ઉત્સર્પિણી – અવસર્પિણી સુધી જીવ ઉત્પન્ન થાય છે, માટે એ ચાર કાયની તેટલી કાયસ્થિતિ જાણવી અને વનસ્પતિમાં તો એક જીવ અનન્ત ઉત્સર્પિણી – અવસર્પિણી સુધી ઉત્પન્ન થાય છે. તથા ત્રસકાયમાં સાધિક બે હજાર સાગરોપમ જેટલી ઉત્કૃષ્ટ [2]કાયસ્થિતિ જાણવી. ॥इति कायस्थितिमानं॥

તથા भव એટલે નારક વગેરે એક જીવનો વિવક્ષિત એક જ ભવ = જન્મ, તેને વિષે જે

---

૧. ગ્રંથમાં ૧૨૩મી ગાથાની વૃત્તિમાં તે કારણ કહ્યું છે, અને આ ભાષાન્તરમાં ૧૨૪મી ગાથાના પ્રારંભમાં અવતરણમાં તે કારણ કહ્યું છે કે – બાદરની પ્રરૂપણા કર્યા બાદ સૂક્ષ્મની પ્રરૂપણા અનુક્રમે પ્રાપ્ત થયેલ હોવાથી સુખે પ્રરૂપવા યોગ્ય અને સુખે સમજવા યોગ્ય હોવાથી.

૨. એ સિવાય કાયસ્થિતિ ઘણા જીવભેદોમાં ભિન્ન ભિન્ન પ્રમાણવાળી છે, તે કાયસ્થિતિ નામના ગ્રંથમાંથી અથવા બીજા ગ્રંથોમાંથી પણ જાણવા યોગ્ય છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થિતિ તે ભવસ્થિતિ કહેવાય. ત્યાં નારકોમાં એક જ જીવની એક જ ભવમાં ૩૩ સાગરોપમ જેટલી ઉત્કૃષ્ટ ભવસ્થિતિ છે. એ પ્રમાણે દેવોમાં પણ (એક દેવની ૩૩ સાગરો૦ જેટલી ઉત્કૃષ્ટ ભવસ્થિતિ છે). તિર્યંચ અને મનુષ્યમાં પ્રત્યેકમાં ત્રણ પલ્યોપમ જેટલી ભવસ્થિતિ છે. એ પ્રમાણે તે કર્મસ્થિતિ, કાયસ્થિતિ અને ભવસ્થિતિ તે સૂક્ષ્મ અદ્ધાપલ્યોપમ અને સૂક્ષ્મ અદ્ધા સાગરોપમના પ્રમાણ વડે જ જાણવી. એ પ્રમાણે સિદ્ધાન્તને અનુસારે એ બે કાળપ્રમાણનું બીજું પણ જે કંઈ પ્રયોજન હોય તે કહેવું. એ પ્રમાણે આ ગાથાનો અર્થ સમાપ્ત થયો. ।।इति भवस्थितिः।।૧૩૦।। (કાળપ્રમાણમાં બે પ્રકારના અદ્ધાપલ્યોપમ કહેવાયા.)

अवतरणः હવે ક્ષેત્રપલ્યોપમનું નિરૂપણ આ ગાથામાં કરાય છે :

**बायरसुहुमागासे, खेत्तपएसाण समयमवहारे ।**
**बायरसुहुमं खेत्तं, ओसप्पिणिओ असंखेज्ञा ।।१३१।।**

गाथार्थः બાદર અને સૂક્ષ્મ ખંડથી ભરેલા પલ્યના આકાશમાં જે ક્ષેત્રપ્રદેશો છે, તેને સમયે સમયે અપહરતાં બાદર અને સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમ થાય, અને તેમાં અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણીઓ થાય. ।।૧૩૧।।

टीकार्थः બાદર અને સૂક્ષ્મ તે બાદરસૂક્ષ્મ, એટલે પૂર્વે કહેલા સ્વરૂપવાળા પલ્યમાં રહેલા સ્વાભાવિક અને અસંખ્યાત ખંડ કરેલા જે વાલાગ્રો તેના અવગાહપણાના સંબંધ વડે સંબંધવાળું જે આકાશ, તે આકાશમાં રહેલા જે ક્ષેત્રપ્રદેશો કે જે નિર્વિભાજ્ય આકાશના વિભાગ છે, તેઓને (તે આકાશપ્રદેશોને) પ્રતિસમય એકેક અપહરતાં જેટલો કાળ લાગે તેટલા કાળવાળો અનુક્રમે बादर क्षेत्रपल्योपम અને सूक्ष्म क्षेत्रपल्योपम થાય, અને તે દરેક એકેક અસંખ્ય ઉત્સર્પિણી અને અવસર્પિણી જેટલો જાણવો.

અહીં તાત્પર્ય એ જાણવાનું કે - બાદર વાલાગ્રો વડે પૂરેલા પલ્યમાં એકેક વાલાગ્રે જેટલો આકાશ અવગાહ્યો છે (રોક્યો છે, અર્થાત્ એક વાલાગ્ર જેટલા આકાશમાં સમાયો છે) તેટલા આકાશમાં દરેકમાં અસંખ્ય ક્ષેત્રપ્રદેશો (આકાશપ્રદેશો) રહેલા છે. કારણ કે - વાલાગ્ર બાદર હોવાથી, અને આકાશપ્રદેશો અત્યંત સૂક્ષ્મ હોવાથી દરેક વાલાગ્ર અસંખ્યાત આકાશપ્રદેશમાં જ અવગાહે છે (રહે છે) તે ઘટિત છે - એ તાત્પર્ય છે. તે સર્વ બાદર વાલાગ્રોએ સ્પર્શેલા સર્વ આકાશપ્રદેશોમાંથી એકેક આકાશપ્રદેશને એકેક સમયે ઉદ્ધરીએ - અપહરીએ તો તેમાં જેટલો કાળ લાગે તેટલો કાળ તે बादर क्षेत्रपल्योपम કહેવાય, અને તે અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી પ્રમાણનો જાણવો. કારણ કે એકેક વાલાગ્રે અવગાહેલા આકાશપ્રદેશોને પણ એકેક સમયે અપહરતાં 'अंगुलअसंखभागे ओसप्पिणिओ असंखेज्ञा એટલે અંગુલના અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશપ્રદેશ છે તેટલા આકાશપ્રદેશને એકેક સમયે અપહરતાં અસંખ્ય અવસર્પિણીઓ વ્યતીત થાય' એ શાસ્ત્રવચનથી અહીં પલ્યના એક વાલાગ્રસ્પૃષ્ટ આકાશપ્રદેશોને પણ અપહરતાં અસંખ્ય ઉત્સર્પિણી- અવસર્પિણીઓ લાગે તો વાલાગ્રોએ અવગાહેલા આકાશપ્રદેશને સર્વથા (સમગ્રપણે) અપહરતાં અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણીઓ લાગે તેમાં તો કહેવું જ શું ?

તથા તે બાદર વાલાગ્રોને અસંખ્ય અસંખ્ય ખંડ કરવાથી સૂક્ષ્મ થયેલા વાલાગ્રો વડે ભરેલા પલ્યને વિષે એકેક સૂક્ષ્મ વાલાગ્રખંડે જે આકાશ અવગાહ્યું છે, તે પ્રત્યેક આકાશમાં પણ અસંખ્ય અસંખ્ય ક્ષેત્રપ્રદેશો છે જ; કારણ કે તે સૂક્ષ્મ વાલાગ્રખંડ પણ આકાશની અપેક્ષાએ સ્થૂલ જ છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે તે સ્થૂલ વાલાગ્ર અસંખ્ય આકાશપ્રદેશ વિના અલ્પ પ્રદેશોમાં અવગાહે તે સંભવે નહિ, (માટે સૂક્ષ્મ વાલાગ્રસ્પૃષ્ટ આકાશપ્રદેશોને પણ પ્રતિસમય અપહરતાં અસંખ્ય ઉત્સર્પિણી - અવસર્પિણી લાગે તેમાં કંઈ આશ્ચર્ય નથી). તે સર્વ સૂક્ષ્મ વાલાગ્રોએ અવગાહેલાં સર્વ આકાશપ્રદેશોને પ્રતિસમય એકેક આકાશપ્રદેશ અપહરતાં જે કાળ લાગે તે सूक्ष्म क्षेत्रपल्योपम જાણવો અને તેનું પ્રમાણ પણ અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી જેટલું જ જાણવું, પરંતુ પૂર્વે કહેલા બાદર ક્ષેત્રપલ્યોપમથી અસંખ્યગુણ જાણવું. કારણ કે બાદર વાલાગ્રોથી સૂક્ષ્મ વાલાગ્રો અસંખ્યાતગુણા છે.

અથવા બીજી રીતે વિચારીએ તો તે પલ્યમાં અસંખ્યાત ખંડ કરેલા એવા વાલાગ્રોએ જે આકાશપ્રદેશો સ્પર્શ્યા હોય અને ન સ્પર્શ્યા હોય તે સર્વે આકાશપ્રદેશો અહીં ગ્રહણ કરવા, અને તે સ્પૃષ્ટાસ્પૃષ્ટ આકાશપ્રદેશોમાંના પ્રત્યેક આકાશપ્રદેશને એકેક સમયે અપહરતાં જેટલો કાળ વ્યતીત થાય, તેટલા કાળપ્રમાણનો પણ એક सूक्ष्म क्षेत्रपल्योपम જાણવો. (એ બીજી રીતે અર્થ કહ્યો).

प्रश्नः- સૂક્ષ્મ સૂક્ષ્મ ખંડ કરેલા તે વાલાગ્રો વડે નિરંતર (ખીચોખીચ-ગાઢ ભરેલા એવા તે પલ્યમાં હજી પણ શું તે વાલાગ્રો વડે નહિ સ્પર્શાયેલા એવા કેટલાક આકાશપ્રદેશો છે (હોય) ? કે જેથી આ બીજા અર્થનું વ્યાખ્યાન કર્યું ?

उत्तरः- હા, સૂક્ષ્મ વાલાગ્રખંડોએ સ્પર્શેલા આકાશપ્રદેશોથી તો હજી નહિ સ્પર્શેલા આકાશપ્રદેશો અસંખ્યગુણા છે. જેમ શિલા-સ્તંભ-કપાટ અને પર્વત વગેરે પદાર્થો પોતાના અવગાહેલા આકાશમાં ગાઢ વ્યાપીને રહ્યા છે એમ છદ્મસ્થો જો કે જાણે છે, તો પણ (શ્રી સર્વજ્ઞોની દૃષ્ટિએ તો) તે પદાર્થોમાં નહિ સ્પર્શાયેલા પણ આકાશપ્રદેશો તે તે પદાર્થોમાં વ્યાપ્ત થયેલા (અવગાહેલા) આકાશપ્રદેશોથી અસંખ્યાતગુણા હોય છે; અને જો તેમ ન હોય તો પછીથી ઉપરના ભાગમાં અફાળેલા[૧]- ઠોકેલા ખીલા વડે ભેદાઈને અંદર પેઠેલા ખીલાવાળા વૃક્ષના મૂળ વગેરે અવયવમાં આકાશપ્રદેશ વિના તે પ્રમાણે ખીલાનું પેસવું ન સંભવે. તે પ્રમાણે અહીં સૂક્ષ્મ વાલાગ્રખંડો વડે ભરેલા એવા પલ્યમાં પણ તે વાલાગ્રોને સ્પર્શેલા આકાશપ્રદેશોથી નહી સ્પર્શેલા આકાશપ્રદેશો અસંખ્યગુણ હોય છે, તે કારણથી જ પૂર્વોક્ત પ્રકારે કહેલા સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમથી આ બીજા અર્થવાળું સૂક્ષ્મ પલ્યોપમ અસંખ્યાતગુણ મોટું છે, અને વર્તમાનકાળના સિદ્ધાન્તોમાં આ બીજા અર્થવાળું જ સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમ અંગીકાર કરાય છે. (અર્થાત્ વર્તમાનમાં આ બીજા પ્રકારવાળું સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમ પ્રસિદ્ધ છે).

प्रश्नः- જો એમ જ છે તો પલ્યને સૂક્ષ્મ વાલાગ્રખંડો વડે પૂરવાનું શું પ્રયોજન છે ? અને જો તેને સ્પર્શેલા અને નહિ સ્પર્શેલા સર્વ આકાશપ્રદેશો જ ગ્રહણ કરવા હોય ત્યારે તો એમ જ

૧. અહીં તાત્પર્ય એ છે કે - વૃક્ષના મૂળમાં અથવા ભિત્તિ વગેરેમાં ખીલાના મથાળા ઉપર હથોડી ઠોકી ઠોકીને પણ ખીલાનો પ્રવેશ કરાવાય છે, તેથી એમ સમજાય છે કે - તે મૂળ અથવા ભિત્તિ વગેરે જો કે નક્કર સરખા દેખાય છે, તો પણ તેમાં આકાશ-અવકાશ છે જ, અને જો આકાશ સર્વથા ન જ હોત તો ચાહે તેટલા પ્રયત્નથી પણ ખીલો વગેરે વૃક્ષમૂળમાં અથવા ભિત્તિ વગેરેમાં લેશમાત્ર પણ પ્રવેશી શકે નહિ. માટે શિલા વગેરે અતિનક્કર પદાર્થોમાં પણ ઓછું વત્તું અસ્પૃષ્ટ આકાશ હોય છે જ.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહેવું યોગ્ય છે કે -

'તે પલ્યમાં જે આકાશપ્રદેશો છે, તે આકાશપ્રદેશોને પ્રતિસમય એકેક અપહરતાં જે કાળ લાગે, તેટલો કાળ સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ કહેવાય' એ પ્રમાણે કહેવું યોગ્ય છે, પરંતુ વાલાગ્રો વડે પલ્યને ભરવાનું શું પ્રયોજન ?

उत्तरः- તમે કહો છો તેમ નથી; કારણ કે પલ્યને પૂર્યા વિના પ્રથમ પ્રકારમાં કહેલા (એટલે પહેલા અર્થવાળા) સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમની પ્રરૂપણા કરવી અશક્ય છે. વળી (તમો એમ પણ પૂછતા હો કે) તે પહેલા પ્રકારના પલ્યોપમની પ્રરૂપણા કરવાનું પણ શું કારણ ? કેમ કે બીજો પ્રકાર જ હવે અહીં (સિદ્ધાન્તમાં) અધિકૃત (સ્વીકૃત) છે. તો તે સત્ય છે, પરંતુ પ્રસ્તુત પલ્યોપમ વડે (એટલે પહેલા પ્રકારના અર્થવાળા સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમ વડે) દૃષ્ટિવાદ સૂત્રમાં દ્રવ્યો મપાય છે, અને તે દ્રવ્યો કેટલાંક તો સૂક્ષ્મ વાલાગ્રખંડોએ સ્પર્શેલા આકાશપ્રદેશો વડે મપાય છે, અને કેટલાંક દ્રવ્યો સ્પૃષ્ટ અને અસ્પૃષ્ટ એ બન્ને આકાશપ્રદેશો વડે મપાય છે, માટે એ પ્રમાણે દૃષ્ટિવાદ અંગમાં કહેલાં દ્રવ્યોના પ્રમાણમાં (માપમાં) પહેલા પ્રકારનો પલ્યોપમ પણ ઉપયોગી હોવાથી વાલાગ્રખંડો વડે પલ્ય ભરવો તે અયુક્ત નથી, (અર્થાત્ યુક્ત છે). એ પ્રમાણે આ ગાથાનો ભાવાર્થ સમાપ્ત થયો. ॥૧૩૧॥

अवतरणः પૂર્વ ગાથામાં બાદર ક્ષેત્રપલ્યોપમ અને સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમ કહ્યો, અને હવે તે પ્રમાણના અનુક્રમથી ઉત્પન્ન થયેલ ક્ષેત્રસાગરોપમ કહે છે :

**एएसिं पल्लाणं, कोडाकोडी हवेज्ज दसगुणिया ।**
**तं सागरोवमस्स उ, एक्कस्स भवे परीमाणं ॥१३२॥**

गाथार्थः એ બાદર અને સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમની કોડાકોડીને દશ વડે ગુણી હોય તો તે પ્રમાણ તેવા એક ક્ષેત્રસાગરોપમનું થાય. ॥૧૩૨॥

टीकार्थः બાદર ક્ષેત્રપલ્યોપમની દશ કોડાકોડી વડે (એટલે દશ કોડાકોડી બાદર ક્ષેત્ર પલ્યોપમનો) એક बादर क्षेत्रसागरोपम થાય છે, અને સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમની દશ કોડાકોડી વડે (એટલે દશ કોડાકોડી સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમનો) એક सूक्ष्म क्षेत्रसागरोपम થાય છે, એ તાત્પર્યાર્થ છે, અને ગાથાનો અક્ષરાર્થ તો પૂર્વે કહ્યા પ્રમાણે (ઉદ્ધાર અને અદ્ધા સાગરોપમના પ્રસંગે કહ્યા પ્રમાણે) જ જાણવો. એ પ્રમાણે આ ગાથાનો વ્યાખ્યાર્થ સમાપ્ત થયો. ॥૧૩૨॥

अवतरणः અહીં પણ બાદર ક્ષેત્રપલ્યોપમ તથા બાદરક્ષેત્ર સાગરોપમનું કંઈપણ પ્રયોજન નથી, તો પણ પૂર્વે કહેલા (બાદર ઉદ્ધાર પલ્યોપમ અને બાદર ઉદ્ધાર સાગરોપમની પ્રરૂપણાના પ્રસંગે કહેલા) કારણથી અહીં તેનું નિરૂપણ કર્યું છે, અને સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમ તથા સાગરોપમનું તો અહીં પ્રયોજન છે, તે કયું પ્રયોજન છે ? તે દર્શાવવાને આ ગાથા કહેવાય છે (અર્થાત્ આ ગાથામાં સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમ અને સૂક્ષ્મ ક્ષેત્રસાગરોપમનું પ્રયોજન કહેવાય છે) :

**एएण खेत्तसागर - उवमाणेणं हवेज्ज नायव्वं ।**
**पुढवि-दग-अगणि-मारुय-हरिय-तसाणं च परिमाणं ॥१३३॥**

गाथार्थः એ સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમ તથા સાગરોપમની ઉપમા વડે પૃથ્વીકાય - અપ્કાય -


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અગ્નિકાય - વાયુકાય - વનસ્પતિકાય અને ત્રસકાય જીવોનું પરિમાણ (એટલે સંખ્યાપ્રમાણ) મપાય છે, એમ જાણવું. ॥૨૩૩॥

ટીકાર્થઃ એ સૂક્ષ્મ ક્ષેત્રસાગરોપમની અને ઉપલક્ષણથી સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમની પણ ઉપમા વડે એટલે પ્રમાણ વડે જાણવું. શું જાણવું ? તે કહે છે - પરિમાણ એટલે સંખ્યા. કોનું પ્રમાણ જાણવું ? તે કહે છે - પૃથ્વીકાયજીવોનું, અપ્કાયજીવોનું, અગ્નિકાયજીવોનું, વાયુકાયજીવોનું, વનસ્પતિજીવોનું અને ત્રસકાયજીવોનું, (પરિમાણ-સંખ્યામાન જાણવું) અને તે કિંચિત્માત્ર આ ગ્રંથમાં પણ આગળ કહેવાશે, અને કેટલુંક દૃષ્ટિવાદથી જાણવા યોગ્ય છે. એ પ્રમાણે આ ગાથાનો વ્યાખ્યાર્થ-ભાવાર્થ સમાપ્ત થયો. ॥૧૩૩॥

अवतरणः એ પ્રમાણે पलिओवमं च तिविहं, उद्धारद्धं च ઇત્યાદિ પદવાળી (૧૧૭મી) ગાથાનું વ્યાખ્યાન કર્યું, અને તે વ્યાખ્યાના પ્રસંગમાં અદ્ધાપલ્યોપમની પ્રરૂપણાના અવસરે (૧૨૮ તથા ૧૨૯મી ગાથામાં) સર્વાદ્ધા સુધીના સર્વે કાળવિભાગો કહ્યા, અને તે કાળવિભાગો કહેવાથી 'कालविभागो य होइऽणेगविहो ।' ઇત્યાદિ પદવાળી (૧૦૫ મી) ગાથામાં કહેલા અર્થનું ભાવાર્થસહિત વ્યાખ્યાન કર્યું, અને તે વ્યાખ્યાન કરવાથી પ્રમાણદ્વારનો ત્રીજો ભેદ જે કાળપ્રમાણ, તેનું સ્વરૂપ કહેવાયું. હવે આ ગાથાથી પ્રમાણદ્વારનો ચોથો ભેદ જે भावप्रमाण તેનું નિરૂપણ કરાય છે :

**गुणनोगुणनिप्फन्नं, गुणनिप्फन्नं तु वन्नमाईयं ।**
**नोगुणनिप्फन्नं पुण, संखाणं नो य संखाणं ॥१३४॥**

गाथार्थः ગુણનિષ્પન્ન અને નોગુણનિષ્પન્ન (એમ ભાવપ્રમાણ બે પ્રકારનું છે). ત્યાં ગુણનિષ્પન્ન તે વર્ણ વગેરે, અને નોગુણનિષ્પન્ન ભાવપ્રમાણ તે સંખ્યા અને નોસંખ્યા એમ બે પ્રકારનું છે. ॥૧૩૪॥

ટીકાર્થઃ भवन = થવું તે भाव એટલે વસ્તુનો જ્ઞાનાદિ અથવા વર્ણાદિ પરિણામ. તથા प्रमिति (એટલે માપ) એ જ પ્રમાણ; અથવા જેના વડે મપાય તે પ્રમાણ; અથવા જે વસ્તુ મપાય તે વસ્તુ પોતે પણ પ્રમાણ કહેવાય (એમ ત્રણે રીતે પ્રમાણનો અર્થ છે.) અહીં ભાવ પોતે જ પ્રમાણ તે भावप्रमाण અને તે ગુણનિષ્પન્ન તથા નોગુણનિષ્પન્ન એમ બે પ્રકારનું છે. અથવા ગુણસ્વરૂપ અને નોગુણસ્વરૂપ એમ પણ બે પ્રકારનું છે. ત્યાં રૂપ - રસ - ગંધ - સ્પર્શ અને સંસ્થાનરૂપ જે ગુણો તે गुणस्वरूप પહેલું ભાવપ્રમાણ છે, અને તે રૂપ-રસ વગેરે વસ્તુના પરિણામરૂપ હોવાથી 'ભાવ' કહેવાય છે. તે રૂપ-રસાદિ ભાવો વડે વસ્તુપ્રમાણ કરાય છે, અર્થાત્ પરિછેદાય છે (એટલે સમજાય છે). અથવા એ રૂપ-રસ વગેરે પોતે પણ પોતાના સ્વરૂપે પ્રમાણ કરાય છે - ઉપલબ્ધ થાય છે, માટે એ રૂપ-રસાદિકને પ્રમાણપણું ઘટી શકે છે. એ પ્રમાણે બીજા ભાવોમાં પણ ભાવપ્રમાણપણું સર્વ ઠેકાણે વિચારવું. ॥ इति गुणनिष्पन्नभावप्रमाणम् ॥ તથા नोगुण એટલે ગુણના નિષેધરૂપ, તે સ્વરૂપવાળું (એટલે ગુણના નિષેધવાળું) તે नोगुणनिष्पन्न ભાવપ્રમાણ કહેવાય. એ બીજા પ્રકારનું ભાવપ્રમાણ છે. તે વળી બે પ્રકારનું છે, તે આ પ્રમાણે - ૧. संख्यान એટલે સંખ્યાસ્વરૂપ, અને ૨. नोसंख्यान એટલે સંખ્યાના નિષેધવાળું. ॥ इति नोगुणनिष्पन्नभावप्रमाणम् ॥१३४॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવતરણઃ પૂર્વ ગાથામાં સંખ્યાન તે ગુણનિષ્પન્ન ભાવપ્રમાણ કહ્યું, તે સંખ્યાનપ્રમાણના (સંખ્યાપ્રમાણના) બે ભેદ છે, તે આ ગાથામાં દર્શાવાય છે :

**संखाणं पुण दुविहं, सुयसंखाणं च गणणसंखाणं ।**

**अक्खरपयमाईयं, कालियमुक्कालियं च सुयं ॥१३५॥**

ગાથાર્થઃ વળી સંખ્યાન ભાવપ્રમાણ બે પ્રકારનું છે - ૧. શ્રુતસંખ્યાન, ૨. ગણન સંખ્યાન, ત્યાં અક્ષર, પદ વગેરે તથા કાલિકશ્રુત અને ઉત્કાલિકશ્રુત વગેરે તે શ્રુતસંખ્યા - ભાવપ્રમાણ જાણવું. ॥૧૩૫॥

ટીકાર્થઃ વળી સંખ્યા ભાવપ્રમાણ બે પ્રકારનું છે. ૧. શ્રુતસંખ્યા ભાવપ્રમાણ અને ૨. ગણનસંખ્યા ભાવપ્રમાણ. ત્યાં શ્રુતસઙ્ખ્યાન તે અક્ષર અને પદ વગેરે, અહીં 'आइ = આદિ' એ શબ્દથી પર્યાયશ્રુત, સંઘાતશ્રુત, પાદ તથા ગાથા ઇત્યાદિ અનેક શ્રુતભેદનું ગ્રહણ કરવું. જે કારણથી કહ્યું છે કે -

'सुयपरिमाणसंखा अणेगविहा पन्नत्ता, तं जहा - पज्जवसंखा, अक्खरसंखा, संघायसंखा, पयसंखा, पायसंखा, गाहासंखा, सिलोगसंखा, वेढयसंखा, निज्जुत्तिसंखा, अणुओगदारसंखा, उद्देससंखा, अज्झयणसंखा, सुयखंधसंखा, अंगसंखा ॥ '

[ અર્થ :- શ્રુતપરિમાણસંખ્યા અનેક પ્રકારની કહી છે, તે આ પ્રમાણે - પર્યાયસંખ્યા અક્ષરસંખ્યા - સંઘાતસંખ્યા - પદસંખ્યા - પાદસંખ્યા - ગાથાસંખ્યા - શ્લોકસંખ્યા - વેષ્ટકસંખ્યા - નિર્યુક્તિસંખ્યા - અનુયોગદ્વારસંખ્યા - ઉદ્દેશસંખ્યા - અધ્યયનસંખ્યા - શ્રુતસ્કંધસંખ્યા - અને અંગસંખ્યા ].

ત્યાં 'પર્યવ', 'પર્યાય' 'ધર્મ' એ (બધા) એક અર્થ (સમાન અર્થ) વાળા શબ્દો છે, તે પર્યાયરૂપ સંખ્યા તે શ્રુતની અનન્ત જાણવી. કારણ કે अकार વગેરે એકેક અક્ષરના અને તેની અભિધેય જીવાદિ વસ્તુના (અકારાદિ અક્ષરો વડે ઓળખાતી વસ્તુઓના) પ્રત્યેકના અનન્ત અનન્ત પર્યાય છે. એ પ્રમાણે બીજા ભેદોમાં પણ સંખ્યાનો સંબંધ વિચારવો. પરંતુ વિશેષ એ છે કે - શ્રુતને વિષે अकार ककार (अ-क) વગેરે અક્ષરો સંખ્યાતા જ છે. બે વગેરે અક્ષરોના સંયોગરૂપ સંઘાત તે સંખ્યાતા છે. તથા सुप्[1]-तिङ्[2] જેને અંતે લાગે તે 'પદ'. અથવા સિદ્ધાંતમાં 'પદ' સંજ્ઞાથી પ્રસિદ્ધ એવાં 'પદ', તે પણ સંખ્યાત છે. તથા ગાથાના ચોથા ભાગ રૂપ 'પાદ' તે પણ સંખ્યાત છે. તેવી જ રીતે ગાથાઓ સંખ્યાત છે. શ્લોક સંખ્યાત છે, તે પ્રસિદ્ધ જ છે. તથા છંદવિશેષરૂપ વેષ્ટક (એટલે વેષ્ટક છંદ આદિ છંદો) સંખ્યાતા છે. તથા નિક્ષેપનિર્યુક્તિ[3], ઉપોદ્‌ઘાતનિર્યુક્તિ અને સૂત્રસ્પર્શિકનિર્યુક્તિ, એ પ્રમાણે નિર્યુક્તિ ત્રણ પ્રકારની છે. તથા વ્યાખ્યા કરવાના ઉપાયરૂપ 'સત્પદપ્રરૂપણા' વગેરે અથવા 'ઉપક્રમ' વગેરે અનુયોગદ્વારો પણ

---

૧. सुप् એ નામ શબ્દોને લાગતી વિભક્તિ છે, તે सुप् વગેરે વિભક્તિના પ્રત્યયો જેના અન્તે લાગ્યા હોય તેવા વિભક્ત્યન્ત શબ્દો.

૨. तिङ् એ ધાતુને લાગતી વિભક્તિનો પ્રત્યય છે, તે તિઙ્ આદિ પ્રત્યયો જે શબ્દને અન્તે આવ્યા હોય તેવા ધાતુપદો.

૩. એ વગેરે સર્વ ભેદનું વિશેષ સ્વરૂપ શ્રી અનુયોગદ્વારમાંથી જાણવા યોગ્ય છે.

Jain Education International  For Private & Personal Use Only www.jainelibrary.org

સંખ્યાત છે. ઉદ્દેશા સંખ્યાત છે. અધ્યયનો સંખ્યાત છે. શ્રુતસ્કંધો સંખ્યાત છે. તેમજ આચારાંગ વગેરે અંગો પણ સંખ્યાત જ છે.

प्रश्नः- આ અક્ષર- પદ વગેરે સંખ્યા જેમાં હોવાનું કહો છો તે શ્રુત વળી શું છે ? એટલે શ્રુત ક્યું ગણાય ? (તેના જવાબમાં કહે છે) -

उत्तरः- કાલિકશ્રુત તે આચારાંગ અને ઉત્તરાધ્યયન વગેરે, અને ઉત્કાલિકશ્રુત તે દશવૈકાલિક - આવશ્યક - જીવાભિગમ - પ્રજ્ઞાપના અને દૃષ્ટિવાદ વગેરે (એ પ્રમાણે બે પ્રકારનું શ્રુત છે) કે જેમાં 'અક્ષર' 'પદ' વગેરે દરેક સંખ્યા છે. પરંતુ વિશેષ એ છે કે - ઉત્કાલિક શ્રુતમાં અંગ તો એક દૃષ્ટિવાદ જ છે, પરંતુ બીજું નથી. (અને કાલિકશ્રુતમાં તો આચારાંગ વગેરે ૧૧ અંગ ગણાય છે - એ તાત્પર્ય). એ પ્રમાણે આ ૧૩૫મી ગાથાનો ભાવાર્થ સમાપ્ત થયો.॥૧૩૫॥

अवतरणः શ્રુતસંખ્યા - ભાવપ્રમાણ કહ્યું, અને હવે ગ્રંથકાર ગણનસંખ્યા - ભાવપ્રમાણને દર્શાવતા છતા આ ગાથા કહે છે :

**संखेज्जमसंखेज्जं, अणंतयं चेव गणणसंखाणं ।**
**संखेज्जं पुण तिविहं, जहण्णयं मज्झिमुक्कोसं ॥१३६॥**

गाथार्थः સંખ્યાત, અસંખ્યાત અને અનન્ત એ પ્રમાણે ગણનસંખ્યા ત્રણ પ્રકારની છે. તેમાં સંખ્યાત પણ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એ પ્રમાણે ત્રણ પ્રકારનું છે.

टीकार्थः આગળ જેનું સ્વરૂપ કહેવાશે તે સંખ્યાત, અસંખ્યાત અને અનન્ત, એ પ્રમાણે ગણનસંખ્યા ત્રણ પ્રકારની છે. તેમાં પુનઃ સંખ્યાત તે જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકારનું છે. ઈતિ ગાથાર્થઃ ॥૧૩૬॥

अवतरणः પૂર્વ ગાથામાં ગણિતસંખ્યાનો પહેલો પ્રકાર સંખ્યાત, તે ત્રણ પ્રકારનો દર્શાવીને હવે ગણિતસંખ્યા - પ્રમાણનો બીજો પ્રકાર જે અસંખ્યાત તે નવ પ્રકારનો છે, તે દર્શાવવાને આ ગાથા કહેવાય છે :

**तिविहमसंखेज्जं पुण, परित्त-जुत्तं असंखयासंखं ।**
**एक्केक्कं पुण तिविहं, जहण्णयं मज्झिमुक्कोसं ॥१३७॥**

गाथार्थः ટીકાર્થ પ્રમાણે સુગમ છે.

टीकार्थः અસંખ્યાત ત્રણ પ્રકારનું છે - પરિત્ત અસંખ્યાત, યુક્ત અસંખ્યાત, અને અસંખ્યાત અસંખ્યાત. વળી તે દરેકમાંનું એકેક જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટના ભેદથી ત્રણ પ્રકારનું છે. એ પ્રમાણે અસંખ્યાત નવ પ્રકારનું જાણવું. ॥૧૩૭॥

अवतरणः પૂર્વ ગાથામાં અસંખ્યાતના ૯ ભેદ દર્શાવીને હવે આ ગાથામાં અનન્તના ૮ (આઠ) ભેદ છે તે દર્શાવાય છે :

**तिविहमणंतंपि तहा, परित्त-जुत्तं अणंतयाणंतं ।**
**एक्केक्कंपि य तिविहं, जहण्णयं मज्झिमुक्कोसं ॥१३८॥**

गाथार्थः તથા પરિત્ત અનંત, યુક્ત અનંત અને અનંતાનંત એ પ્રમાણે અનંત ત્રણ પ્રકારનું


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. અને તે એકેક પણ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકારનું છે. (એ પ્રમાણે અનન્તના ૯ ભેદ કહ્યા). ॥૧૩૮॥

टीकार्थः તથા અનન્ત પણ ત્રણ પ્રકારનું છે. તે આ પ્રમાણે-પરિત્ત અનંત, યુક્ત અનંત અને અનંતાનંત. તથા એ પ્રત્યેક પણ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટના ભેદથી ત્રણ ત્રણ પ્રકારનું છે. એ પ્રમાણે સૂત્રમાં સામાન્યથી કહ્યા છતાં પણ 'વ્યાખ્યાથી (અર્થથી) તેનો વિશેષ બોધ થાય છે' એ ન્યાયથી પહેલા બે ભેદમાં જ દરેકમાં ત્રણ ત્રણ પ્રકાર જાણવા, અને ત્રીજો ભેદ તો બે પ્રકારનો જ છે. તે આ પ્રમાણે- જઘન્ય અનન્તાનન્ત અને મધ્યમ અનન્તાનન્ત. તથા ઉત્કૃષ્ટ અનન્તાનન્ત તો કોઈપણ વસ્તુમાં સંભવતો નથી, માટે તેની પ્રરૂપણા પણ કરવાની નથી. માટે અનન્ત આઠ પ્રકારનું જાણવું. એ પ્રમાણે આ ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૧૩૮॥

अवतरणः એ પ્રમાણે પૂર્વ ગાથાઓમાં સંખ્યાત વગેરેનું સ્વરૂપ સામાન્યમાત્રથી કહીને હવે તેનું સ્વરૂપ વિશેષથી ભાવાર્થસહિત કહેવાને આ ગાથા (તેમજ આગળની બીજી ગાથાઓ) દર્શાવાય છે, (ત્યાં પ્રથમ સંખ્યાતનું સ્વરૂપ કહેવાય છે) :

**जंबुद्दीवो सरिसव - पुन्नो ससलागपडिसलागाहिं ।**
**जावइअं पडिपूरे, तावइअं होइ संखेज्जं ॥१३९॥**

गाथार्थः જંબૂદ્વીપ સરખો અનવસ્થિતપલ્ય તે સલાક અને પ્રતિસલાક નામના પ્યાલાઓ વડે જ્યાં સુધી પૂર્ણ થાય ત્યાં સુધી જેટલા સર્ષપો વડે પૂરાય-ભરાય, તેટલા સર્ષપ-પ્રમાણનું સંખ્યાત થાય. ॥૧૩૯॥

टीकार्थः આ ગાથાનો પ્રથમ ભાવાર્થ કહીને ત્યારબાદ અક્ષરાર્થ કહેવાશે.

## ॥ સંખ્યાતના ૩ ભેદનું સ્વરૂપ, તે પ્રસંગમાં ૪ પલ્યનું સ્વરૂપ ॥

અહીં સંખ્યાત વગેરેનું સ્વરૂપ જણાવવાના પ્રસંગમાં લંબાઈ અને પહોળાઈ વડે જંબૂદ્વીપ સરખો તે પ્રત્યેક એક લાખ યોજન પ્રમાણનો, હજાર યોજન ઊંડો; એટલે રત્નપ્રભા પૃથ્વીનો જે એક હજાર યોજન પ્રમાણનો પહેલો રત્નકાંડ છે, તેને ભેદીને બીજા વજ્રકાંડમાં રહેલો; અને જંબૂદ્વીપ વૃત્તાકાર (ગોળ) હોવાથી આ પહેલો પલ્ય પણ ભમતી વડે (કેટલા પ્રમાણનો જાણવો તે ગાથા પૂર્વક કહેવાય છે કે) :

परिही तिलक्ख सोलस, सहस्स दो य सय सत्तवीसहिया ।
कोसतिय अट्ठवीसं धणुसय तेरंगुलद्धहियं ॥१॥

### ॥ अनवस्थितपल्य ॥

[ જંબૂદ્વીપનો પરિધિ-ઘેરાવો ૩૧૬૨૨૭ યોજન-૩ ગાઉ - ૧૨૮ ધનુષ્ અને ૧૩ ॥ અંગુલથી કિંચિત્ અધિક એટલા પ્રમાણનો છે ].

એ ગાથામાં કહેલા પ્રમાણ(ની પરિધિ)વાળો, અને ધાન્યના પલ્ય (પાલા) સરખો એક પલ્ય કલ્પવો. તે એવા પ્રમાણવાળો પલ્ય બુદ્ધિની કલ્પના વડે સર્ષપોથી ત્યાં સુધી ભરવો કે જ્યાં સુધી જંબૂદ્વીપની વેદિકાની ઉપર પણ સંપૂર્ણ શિખાવાળો થાય. (અર્થાત્ તે જંબૂદ્વીપ સરખા પલ્યને શિખા સુધી સર્ષપો વડે ભરવો.) તે પલ્યમાં ભરેલા તે સર્ષપોને નિશ્ચય અસત્ કલ્પના


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વડે કોઈ દેવ વગેરે ઉપાડે, અને ઉપાડીને તેમાંથી એકેક દાણો એકેક દ્વીપ - સમુદ્રમાં નાખે, એટલે એક દાણો દ્વીપમાં અને એક દાણો સમુદ્રમાં એ રીતે નાખે. અને એવા અનુક્રમેથી નાખતાં નાખતાં જ્યારે સર્વે સર્ષપો નખાઈ રહે, ત્યારે તે નખાયેલા દાણાઓ જે દ્વીપમાં અથવા સમુદ્રમાં સમાપ્ત થાય (એટલે છેલ્લો દાણો જે દ્વીપ અથવા સમુદ્રમાં નાખ્યો હોય) તે દ્વીપ/સમુદ્ર જેવડો [1]अनवस्थितपल्य નામનો પલ્ય કલ્પવો. વળી તે પલ્યને પણ તેની વેદિકા ઉપરાંત શિખા સુધી સર્ષપો વડે સંપૂર્ણ ભરવો, અને શલાકાપલ્યમાં એક સર્ષપરૂપ શલાકા નાખવી. હવે એ શલાકાપલ્ય તે કેવો ? એમ જો પૂછતા હો તો તે શલાકાપલ્યનું પણ સ્વરૂપ કહેવાય છે, તે આ પ્રમાણે :

## ॥ શલાકા વગેરે ૩ પલ્યનું સ્વરૂપ ॥

એક હજાર યોજન ઊંડો, એક લાખ યોજનના વિસ્તારવાળો (એટલે લંબાઈ-પહોળાઈમાં ૧ લાખ યોજનનો) અને કંઈક અધિક ત્રણ લાખ યોજનની પરિધિવાળો (એટલે ૩૧૬૨૨૭ યોજન-૩ ગાઉ-૧૨૮ ધનુષ્-૧૩॥ અંગુલ, એટલી પરિધિવાળો) તથા જંબૂદ્વીપની વેદિકાની ઊંચાઈ સુધીની ઊંચાઈવાળો (એટલે ૨ ગાઉ ઊંચો) એવો પલ્ય જેવો સર્વથી પહેલાં (અનવસ્થિતપલ્ય) કલ્પ્યો હતો, તેવા પ્રકારના જ બીજા ત્રણ પલ્ય પણ કલ્પવા, એટલે એ પ્રમાણે સર્વ મળીને ચાર પલ્ય થાય છે. ત્યાં પહેલો પલ્ય અનુક્રમે વધતાં વધતાં સ્વરૂપવાળો (પ્રમાણવાળો) હોવાથી અવસ્થિત સ્વરૂપના અભાવે अनवस्थितपल्य કહેવાય છે, અને બીજો પલ્ય શલાકાઓ વડે (સાક્ષીરૂપ સર્ષપો વડે) ભરાતો હોવાથી शलाकापल्य કહેવાય છે. તથા ત્રીજો પલ્ય પ્રતિશલાકા વડે (શલાકાની પણ સાક્ષીના સર્ષપો વડે) ભરાતો હોવાથી प्रतिशलाकापल्य કહેવાય છે, અને ચોથો પલ્ય મહાશલાકાઓ વડે (એટલે પ્રતિશલાકાની સાક્ષીઓ વડે) ભરાતો હોવાથી महाशलाकापल्य કહેવાય છે. હવે (પ્રથમ જે સર્ષપો ભરવા-ઠાલવવાની) પ્રસ્તુત વાત ચાલતી હતી તે કહેવાય છે -

હવે પૂર્વે જે અનવસ્થિતપલ્ય સર્ષપો વડે ભરીને મૂક્યો છે, તેના સર્ષપો પણ ફરી ઉપાડવા અને તે ઉપાડીને એક દાણો દ્વીપમાં (એટલે છેલ્લો દાણો જે દ્વીપ વા સમુદ્રમાં ખાલી થયો છે તે દ્વીપ વા સમુદ્રથી આગળના દ્વીપમાં) અને એક દાણો (તેથી આગળના) સમુદ્રમાં વારંવાર નાખતા જવું. એ પ્રમાણે નાખતાં નાખતાં જ્યારે તે અનવસ્થિતપલ્ય ખાલી થાય ત્યારે શલાકાપલ્યમાં પુનઃ બીજો શલાકા સર્ષપ નાખવો (એટલે બીજો અનવસ્થિત ખાલી થયો તેની સાક્ષીરૂપ બીજો દાણો શલાકાપલ્યમાં નાખવો). અને એ બીજા અનવસ્થિતપલ્યના સર્ષપો આગળના જે દ્વીપ વા સમુદ્રમાં ખાલી થયા હોય (એટલે બીજા અનવસ્થિતનો છેલ્લો દાણો જે દ્વીપ વા સમુદ્રમાં નાખ્યો હોય) ત્યાં સુધીના અન્તવાળો એટલે તેવડા પ્રમાણવાળો અને તે પૂર્વેના સર્વ દ્વીપ-સમુદ્ર જેમાં અંતર્ગત થયા છે એવડો મોટો ત્રીજો અનવસ્થિતપલ્ય કલ્પવો અને તેમાં પણ પુનઃ શિખા સુધી સર્ષપો સંપૂર્ણ ભરવા. વળી તે પણ પલ્ય ઉપાડીને તેમાંના સર્ષપો

---

૧. અહીં, જે એક પ્રમાણ વડે અવસ્થિત નહીં તે अनवस्थित पल्य લંબાઈ પહોળાઈમાં અનવસ્થિત ગણવો, પરંતુ હજાર યોજનની ઊંડાઈ તથા વેદિકાની ૨ ગાઉ ઊંચાઈ વગેરે પ્રમાણ તો સર્વે અનવસ્થિત પલ્યોમાં પણ એક સરખું અવસ્થિત જ જાણવું.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક દાણો દ્વીપમાં અને એક દાણો સમુદ્રમાં (એટલે બીજા અનવસ્થિતનો છેલ્લો દાણો જે દ્વીપ વા સમુદ્રમાં પડ્યો છે તેથી આગળના દ્વીપ વા સમુદ્રમાં અર્થાત્ જે દ્વીપ વા સમુદ્રમાં તેટલા પ્રમાણવાળો અનવસ્થિતપલ્ય કલ્પ્યો હોય તે જ દ્વીપ વા સમુદ્રથી આગળના દ્વીપ વા સમુદ્રમાં) અનુક્રમે નાખતા જઈએ, અને તે પ્રમાણે નાખતાં નાખતાં જ્યારે એ ત્રીજો અનવસ્થિતપલ્ય ખાલી થઈ જાય ત્યારે (તેની સાક્ષીરૂપે) ત્રીજો દાણો શલાકાપલ્યમાં નાખવો. વળી એ ત્રીજા અનવસ્થિતપલ્યના સર્ષપો જે દ્વીપ વા સમુદ્રમાં સમાપ્ત થયા છે (એટલે જ્યાં છેલ્લો દાણો નાખવામાં આવ્યો છે) તે પર્યન્તવાળો પૂર્વના દ્વીપ-સમુદ્રો સહિત (એટલે છેલ્લો દાણો જે દ્વીપ વા સમુદ્રમાં પડ્યો છે તે દ્વીપ વા સમુદ્ર જેવડો મોટો છે, તેવડા પ્રમાણવાળો) ઘણો મોટો (ચોથો) અનવસ્થિતપલ્ય કલ્પવો, અને તેને પણ પૂર્વે કહ્યા પ્રમાણે સર્ષપો વડે ભરવો. વળી તેને પણ ઉપાડીને તેમાંના સર્ષપો પૂર્વોક્ત ક્રમ પ્રમાણે જ તેથી આગળના દ્વીપ-સમુદ્રોમાં નાખવા, અને એ ચોથો અનવસ્થિત ખાલી થયાની સાક્ષીરૂપ ચોથો સાક્ષી સર્ષપ શલાકાપલ્યમાં નાખવો. એ પ્રમાણે અનુક્રમે વધતા વધતા પ્રમાણવાળા અનવસ્થિતપલ્યની પ્રરૂપણા ભરવા અને ખાલી કરવાના ક્રમ પ્રમાણે ત્યાં સુધી કરવી કે જ્યાં સુધી એકેક શલાકાના (સાક્ષી સર્ષપોના) પ્રક્ષેપ વડે શલાકાપલ્ય પણ વેદિકા ઉપર પ્રશિખા (શિખા) સહિત એવો સંપૂર્ણ ભરવો કે બીજો સાક્ષીનો દાણો ન સમાય.

ત્યારબાદ હવે (છેલ્લા અનવસ્થિતનો છેલ્લો દાણો જે દ્વીપ વા સમુદ્રમાં નાખ્યો છે તે દ્વીપ વા સમુદ્ર જેવડો ઘણો મોટો અનવસ્થિતપલ્ય કલ્પીને તેમાં સર્ષપો શિખાસહિત ભરવા. પરંતુ તેને ઉપાડી પૂર્વોક્ત ક્રમે ખાલી કરીએ તો તે ખાલી થયાની સાક્ષીરૂપ એક સર્ષપ જે શલાકાપલ્યમાં નાખવો જોઈએ તે શલાકાપલ્ય તો સંપૂર્ણ શિખા સુધી સાક્ષીના સર્ષપો વડે ભરાઈ ગયો છે, જેથી એક પણ સાક્ષી સર્ષપદાણો તેમાં નાખી શકાય એવો નથી, માટે હવે) તે કલ્પેલા, ઘણા મોટા, સર્ષપોથી ભરેલા, છેલ્લા અનવસ્થિતને જ્યાં ભર્યો છે; ત્યાંને ત્યાં જ ભરેલો રહેવા દઈ આ ભરાઈ ગયેલા શલાકાપલ્યને જ ઉપાડવો. અને તે અનવસ્થિતપલ્ય જે દ્વીપ વા સમુદ્રમાં કલ્પ્યો છે તે દ્વીપ વા સમુદ્રથી આગળના દ્વીપ - સમુદ્રોમાં શલાકાપલ્યના સર્ષપોમાંનો એકેક દાણો નાખતા જવું, અને એ પ્રમાણે નાખતાં જ્યારે એ શલાકાપલ્ય ખાલી થાય ત્યારે (એક શલાકાપલ્ય ખાલી થયો એમ સ્પષ્ટ જાણવાને) શલાકાની સાક્ષીરૂપ ૧ દાણો ત્રીજા પ્રતિશલાકાપલ્યમાં નાખવો. એ પ્રતિશલાકામાં પડેલો એક (પહેલો) દાણો તે એક સર્ષપરૂપ 'પહેલી પ્રતિશલાકા' ગણાય. (એ પ્રમાણે પ્રતિશલાકામાં એક દાણો પડ્યો, પહેલો શલાકાપલ્ય ખાલી થયો, અને છેલ્લો કલ્પેલો અનવસ્થિતપલ્ય ભરેલો જ રહ્યો છે, માટે હવે શું કરવું ? તે દર્શાવાય છે).

ત્યારબાદ સર્ષપોથી પ્રથમ ભરી મૂકેલા અનવસ્થિતપલ્યને ઉપાડીને શલાકાપલ્ય જ્યાં ખાલી થયો છે ત્યાંથી આગળના દ્વીપ-સમુદ્રોમાં પૂર્વે કહેલા ક્રમ પ્રમાણે જ સર્ષપો નાખતા જવા, અને તે ખાલી થાય ત્યારે તેનો એક સાક્ષી સર્ષપ પુનઃ શલાકાપલ્યમાં નાખવો. એ પ્રમાણે પુનઃ પણ અનેક અનવસ્થિતપલ્યો કલ્પી કલ્પીને અને તેને ભરીભરી ખાલી કરવા વડે, તેની સાક્ષીના સર્ષપોથી તે શલાકાપલ્યને ભરી દેવો. (અનવસ્થિત ભરવો, પરંતુ શલાકાપલ્યમાં સાક્ષી


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સર્ષપની જગ્યાના અભાવે ખાલી કરાય નહિ તેથી અનવસ્થિત અને શલાકા એ બે પલ્ય સર્ષપોથી ભરાયેલા થયા માટે) હવે તે અનવસ્થિત અને શલાકા એ બે પલ્ય જે સર્ષપોથી ભરાયેલા થયા છે, તેમાંથી શલાકાપલ્યને જ ઉપાડવો, અને તેમાંના સર્ષપો છેલ્લો અનવસ્થિત ખાલી થયા પછીના આગળના દ્વીપ-સમુદ્રોમાં પૂર્વોક્ત ક્રમ પ્રમાણે નાખતા જવા અને એ બીજો શલાકા ખાલી થયે તેની સાક્ષીના એક સર્ષપરૂપ જે બીજી પ્રતિશલાકા તેને પ્રતિશલાકાપલ્યમાં નાખવી.

ત્યારબાદ (પ્રથમ ભરી રાખેલા) અનવસ્થિતપલ્યને ઉપાડી તેમાંના સર્ષપો શલાકાપલ્ય જ્યાં ખાલી થયો છે ત્યાંથી આગળના દ્વીપ-સમુદ્રોમાં તે જ અનુક્રમ પ્રમાણે નાખવા, અને તેની સાક્ષી શલાકાપલ્યમાં નાખવી. એ પ્રમાણે અનેક અનવસ્થિતપલ્યોને ઉપાડી ઉપાડી ખાલી કરવાના ક્રમ પ્રમાણે તેની સાક્ષીના સર્ષપો વડે પુનઃ પણ શલાકાપલ્ય ભરવો, અને શલાકાપલ્યને ઉપાડી ઉપાડી ખાલી કરવા વડે પૂર્વોક્ત ક્રમ પ્રમાણે પ્રતિશલાકાપલ્યમાં તેટલી પ્રતિશલાકાઓ (એટલે શલાકા ખાલી થયાની સાક્ષીઓ) ત્યાં સુધી નાખવી કે જ્યાં સુધી તે પ્રતિશલાકાપલ્ય પણ શિખાસહિત સંપૂર્ણ ભરાય, અને જ્યારે એ પ્રમાણે કરતાં કરતાં પ્રતિશલાકાપલ્ય, શલાકાપલ્ય અને અનવસ્થિતપલ્ય એ ત્રણે પલ્ય શિખાસહિત પૂર્ણ ભરાઈ ગયેલા હોય (થાય), ત્યારે પ્રતિશલાકાપલ્યને જ ઉપાડીને તેમાંના સાક્ષી સર્ષપો આગળ આગળના દ્વીપ-સમુદ્રોમાં પૂર્વોક્ત ક્રમે એકેક પ્રક્ષેપવા. અને એ રીતે જ્યારે પ્રતિશલાકા ખાલી થાય ત્યારે મહાશલાકાપલ્યમાં (એક પ્રતિશલાકા ખાલી થયાની સાક્ષીની) એક સર્ષપરૂપ મહાશલાકા નાખવી (એટલે મહાશલાકાપલ્યમાં એક સર્ષપ નાખવો).

ત્યારબાદ શલાકા[1] પલ્યને ઉપાડીને તેવી જ રીતે આગળના દ્વીપ-સમુદ્રોમાં નાખવો, અને તે ખાલી થયાની સાક્ષી પ્રતિશલાકામાં નાખવી. ત્યારબાદ અનવસ્થિતપલ્યને ઉપાડી તેમાંના સર્ષપો આગળના દ્વીપ-સમુદ્રોમાં નાખવા, અને તે ખાલી થયાની સાક્ષીરૂપ શલાકા (સાક્ષીનો સર્ષપ) શલાકાપલ્યમાં નાખવો.

એ પ્રમાણે અનવસ્થિતપલ્યને વારંવાર ઉપાડી ઉપાડી તેમાંના સર્ષપોને આગળ આગળના દ્વીપ-સમુદ્રોમાં નાખવાના ક્રમ પ્રમાણે એ અનવસ્થિતપલ્યની સાક્ષીના સર્ષપોથી શલાકાપલ્ય ભરવો, અને શલાકાપલ્યને ઉપાડી ખાલી કરવાના ક્રમ પ્રમાણે (અનેક શલાકાપલ્યો ખાલી કરી) તેની સાક્ષીમાં સર્ષપો વડે (એટલે પ્રતિશલાકાઓ વડે) પ્રતિશલાકાપલ્ય ભરવો, અને પ્રતિશલાકાપલ્યને ઉપાડી ઉપાડી તેમાંના સર્ષપો ખાલી કરવાના ક્રમ પ્રમાણે તે ખાલી થયાની સાક્ષીના સર્ષપો વડે એટલે મહાશલાકાઓ વડે મહાશલાકાપલ્ય ભરવો, અને એ પ્રમાણે જ્યારે તે ચારે પલ્ય પૂર્ણ ભરાઈ રહે ત્યારે એક અધિક उत्कृष्ट सङ्ख्यात થાય.

---

૧. અહીં શલાકાપલ્યને જ શા માટે ઉપાડવો ? ભરી રાખેલા અનવસ્થિતને કેમ ન ઉપાડવો ? એ શંકાના સમાધાનમાં સમજવાનું કે - જો અનવસ્થિતપલ્ય ઉપાડી ખાલી કરે તો તે ખાલી થયાની સાક્ષીનો સર્ષપ ક્યાં નાખવો ? કારણ કે તેની સાક્ષીના સર્ષપોવાળો શલાકાપલ્ય જ હોય, અને તે તો ભરેલો પડ્યો છે, માટે પ્રતિશલાકા ખાલી કર્યા બાદ અનવસ્થિત પણ જો કે પ્રથમ ભરાયેલો જ રહ્યો છે, તો પણ તેને ભરેલો રહેવા દઈ પહેલાં શલાકાપલ્યને જ ઉપાડી ખાલી કરવો જોઈએ.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં તાત્પર્ય એ છે કે - પૂર્વે કહેલા સર્ષપોથી ભરેલા ચારે પલ્યમાં જે સર્ષપો છે તે, અને અનવસ્થિતપલ્ય, શલાકાપલ્ય તથા પ્રતિશલાકાપલ્ય એ ત્રણ પલ્યને ઉપાડી ઉપાડી ખાલી કરવાના ક્રમ પ્રમાણે જેટલા દ્વીપ-સમુદ્રોમાં જે સર્ષપો પડ્યા છે, તેટલા સર્વ દ્વીપ-સમુદ્રો સહિત (અથવા તે વેરેલા સર્ષપો સહિત) જે સંખ્યા થાય તે સંખ્યા ઉત્કૃષ્ટ સંખ્યાત ઉપરાંત એક સર્ષપ જેટલી અધિક છે. (જેથી એ સર્વ સર્ષપમાંથી તે એક અધિક સર્ષપને કાઢી લઈએ તો સંપૂર્ણ उत्कृष्ट सङ्ख्यात થાય. વળી આ કહેલી સંખ્યા તો ઉત્કૃષ્ટ સંખ્યાત થયું, અને जघन्य सङ्ख्यात તો બેની જ સંખ્યા જાણવી, પરન્તુ એક નહિ, કારણ કે સંખ્યાના વ્યવહારમાં એકની સંખ્યા મુખ્ય ગણાતી નથી[1]. તથા એ જઘન્ય સંખ્યાત અને ઉત્કૃષ્ટ સંખ્યાત, તે બેની મધ્ય-વચ્ચે જેટલા સંખ્યાભેદ ત્રણ- ચાર વગેરે છે, તે સર્વ સંખ્યાભેદો मध्यम सङ्ख्यातમાં જાણવા. સિદ્ધાન્તોમાં જ્યાં કોઈપણ સ્થાને સામાન્યમાત્રથી સંખ્યાત કીધું હોય તો ત્યાં સર્વત્ર મધ્યમ સંખ્યાત જ જાણવું. એ પ્રમાણે જઘન્ય સંખ્યાત, મધ્યમ સંખ્યાત, અને ઉત્કૃષ્ટ સંખ્યાત, એ પ્રમાણે સંખ્યાતના ત્રણ પ્રકાર કહ્યા. ।। इति सङ्ख्यातं त्रिविधं ।।

## ॥ ૯ પ્રકારનું અસંખ્યાત ॥

હવે પૂર્વે ઉદ્દેશ કરેલું (સામાન્યથી-નામમાત્રથી કહેલું) જે નવ પ્રકારનું અસંખ્યાત છે, તેના સ્વરૂપની પ્રરૂપણા કરાય છે. તે આ પ્રમાણે -

અહીં ઉત્કૃષ્ટ સંખ્યાતમાં જે એક સર્ષપરૂપ અધિક કહ્યું છે, તે જ એક અધિક સર્ષપ ઉત્કૃષ્ટ સંખ્યાતમાં ઉમેરીએ તો તે સંખ્યા जघन्य परित्त असङ्ख्यात કહેવાય છે. (અર્થાત્ ઉત્કૃષ્ટ સંખ્યાતમાં એક ઉમેરીએ તો જઘન્ય પરિત્ત અસંખ્યાત થાય, અથવા સર્વ સર્ષપોની સંખ્યા તે પણ જઘન્ય પરિત્ત અસંખ્યાત છે).

ત્યારબાદ એ જ પરિત્ત અસંખ્યાતથી આગળ (૧ અધિક, ૨ અધિક, ૩ અધિક ઇત્યાદિ સંખ્યા તે) मध्यम परित्त असङ्ख्यात થાય છે. તે મધ્યમ પરિત્ત અસંખ્યાતના ભેદો (સંખ્યાભેદ) ત્યાં સુધી જાણવા કે જ્યાં સુધી એ જ ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાત થાય. હવે ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાત તે કેટલા પ્રમાણનું થાય છે ? એમ જો પૂછતા હો તો કહીએ છીએ કે -

એ જઘન્ય પરિત્ત અસંખ્યાતમાં જેટલાં રૂપ છે, (એટલે જઘન્ય પરિત્ત અસંખ્યાતની જેટલી સંખ્યા છે) તેટલી સંખ્યાવાળી જઘન્ય પરિત્ત અસંખ્યાતરૂપ રાશિઓ જુદી જુદી સ્થાપવી. ત્યારબાદ તે દરેકનો પરસ્પર ગુણાકાર કરવો. એ રીતે તે રાશિઓને પરસ્પર ગુણવાથી જે રાશિ (જે સંખ્યા) આવે તેમાંથી એક રૂપ હીન કરીએ (એટલે એક કાઢી લઈએ) તો તે રાશિ उत्कृष्ट परित्त असङ्ख्यात થાય છે. અહીં શિષ્યોને સુખે સમજવા માટે કિંચિત્ ઉદાહરણમાત્ર કહેવાય છે. તે આ પ્રમાણે - જો કે જઘન્ય પરિત્ત અસંખ્યાતનો રાશિ સદ્‌ભાવથી (વાસ્તવિક રીતે) અસંખ્ય સંખ્યાવાળો છે, તો પણ તેને અસત્કલ્પના વડે ૫ (પાંચ) જેટલો જ ધારીએ, તો તે પાંચને પાંચ વાર પાંચ પાંચ સંખ્યાથી ગોઠવીએ, તે આ પ્રમાણે ૫-૫-૫-૫-૫. એ રીતે

---

૧. એટલે બે ઘટને બે ઘટ, ત્રણ ઘટને ત્રણ ઘટ ઇત્યાદિ રીતે જેમ ઘટસંખ્યા કહેવાય છે, તેમ એક ઘડો હોય ત્યારે 'એક ઘટ' બોલવાનો વ્યવહાર નથી માટે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગોઠવીને એમાં પાંચનો પ્રથમ અંકરાશિ છે, તેને ઉત્તરવર્તી (એની સાથેના જ) પાંચના અંકરાશિ સાથે ગુણીએ તો ૨૫ (પચીસ) થયા. તેને પુનઃ ત્રીજા પાંચ સાથે ગુણતાં ૧૨૫ (એકસો પચીસ) થયા, ઈત્યાદિ અનુક્રમ પ્રમાણે એ પાંચ વાર સ્થાપેલા પાંચ પાંચના પાંચે અંકરાશિઓનો પરસ્પર[૧] અભ્યાસ[૨] કરતાં ૩૧૨૫ (એકત્રીસસો પચીસ) થયા. એટલા પ્રમાણનો આ રાશિ થયો તે તો અસત્કલ્પનાએ થયો, પરંતુ એ જ રાશિ સદ્ભાવથી (સત્પણે) તો અસંખ્યાતસ્વરૂપ છે. તે અસંખ્યાતમાંથી એક ઓછો કરતાં ઉત્કૃષ્ટ પરિત્તાસંખ્યાત થાય છે. વળી જે એક ઓછો કરીને એ ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાત રાશિ કહ્યો, તે જ એકને પુનઃ તેમાં ઉમેરીએ તો जघन्य युक्त असङ्ख्यात થાય છે. (એ ચોથું અસંખ્યાત કહ્યું).

એ જઘન્ય યુક્ત અસંખ્યાતમાં જેટલાં રૂપ (જેટલી સંખ્યા) પ્રાપ્ત થાય છે, તેટલા સમયો પૂર્વે કહેલી (૧૦૬મી ગાથામાં કહેલી) આવલિકાના પણ છે એમ જાણવું. (અર્થાત્ એક આવલિકાના અસંખ્ય સમય તે જઘન્ય યુક્ત અસંખ્યાત જેટલા છે). તે કારણથી શાસ્ત્રમાં જ્યાં કોઈપણ સ્થાને આવલિકા ગ્રહણ કરી હોય, ત્યાં સર્વ સ્થાને જઘન્ય યુક્ત અસંખ્યાત જેટલા સમયપ્રમાણની આવલિકા જાણવી. (એ પ્રમાણે ચોથા અસંખ્યાતમાં પ્રાપ્ત થતી વસ્તુ કહી.)

હવે અહીં જઘન્ય યુક્ત અસંખ્યાતના અંકરાશિથી આગળ એકોત્તર વૃદ્ધિએ (એકેક અધિક સંખ્યાવાળાં) વધતાં જેટલાં સંખ્યાસ્થાનો છે (એટલે જેટલા સંખ્યાભેદ છે) તે સર્વે સંખ્યાસ્થાનો मध्यम युक्त असङ्ख्यात રૂપ જાણવાં. તે પણ ત્યાં સુધી કે જ્યાં સુધી ઉત્કૃષ્ટ યુક્ત અસંખ્યાત પ્રાપ્ત ન થાય. હવે જો એમ પૂછતા હો કે – તે ઉત્કૃષ્ટ યુક્ત અસંખ્યાત કેટલી મોટી સંખ્યાવાળું છે ? તો કહીએ છીએ કે – જઘન્ય યુક્ત અસંખ્યાતનો જે અંકરાશિ છે, તેને તે જ અંકરાશિ વડે ગુણીએ (એટલે જઘન્ય યુક્ત અસંખ્યાતનો વર્ગ કરીએ) અને તે ગુણવાથી જેટલી અંકરાશિ આવે તે અંકરાશિમાંથી એક રૂપ ઓછું કરીએ તો उत्कृष्ट युक्त असङ्ख्यात થાય છે. અને જે એક ઓછો કર્યો છે, તે જ એકને પુનઃ તેમાં ઉમેરીએ તો जघन्य असङ्ख्यात असङ्ख्यात થાય છે. ત્યારબાદ એકોત્તર વૃદ્ધિએ વધતાં આગળ આગળનાં જેટલાં સંખ્યાસ્થાનો છે તે સર્વે मध्यम असङ्ख्यात असङ्ख्यात જાણવા, તે પણ ત્યાં સુધી કે જ્યાં સુધી ઉત્કૃષ્ટ અસંખ્યાત અસંખ્યાત પ્રાપ્ત ન થાય.

---

૧-૨. પરસ્પર અભ્યાસની અંક સ્થાપના.

| | |
|---|---|
| ૫-૫-૫-૫-૫ | અહીં જે સંખ્યા હોય તે સંખ્યાને તેટલીવાર એક પંક્તિએ જુદી જુદી સ્થાપી પરસ્પર ગુણાકાર કરવો તે अभ्यास અથવા राशिअभ्यास કહેવાય, એ સિદ્ધાન્તની પરિભાષા છે. |
| ૫ | |
| ૨૫ | |
| ૫ | |
| ૧૨૫ | |
| ૫ | |
| ૬૨૫ | |
| ૫ | |
| ૩૧૨૫ | રાશિ અભ્યાસનો જવાબ. |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે તે ઉત્કૃષ્ટ અસંખ્યાતાસંખ્યાત કેટલા પ્રમાણનું છે ? તે કહીએ છીએ કે જઘન્ય અસંખ્યાતાસંખ્યાતમાં જેટલી સંખ્યા પ્રાપ્ત થાય છે, તેટલી સંખ્યાએ દરેક જઘન્યાસંખ્યાતાસંખ્યાત રાશિઓ જુદા જુદા સ્થાપીએ, અને તે રાશિઓને પૂર્વે કહ્યા પ્રમાણે (પ્રત્યેક અસંખ્યાતના સ્વરૂપમાં કહ્યા પ્રમાણે) પરસ્પર ગુણતાં જે રાશિ આવે તે રાશિમાંથી એક ઓછો કરતાં उत्कृष्ट असङ्ख्यातासङ्ख्यात થાય. અહીં પણ પરસ્પર ગુણાકારનું (રાશિ અભ્યાસનું) દૃષ્ટાન્ત ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાતના સ્વરૂપમાં કહ્યા પ્રમાણે વિચારવું. કારણ કે પરસ્પર ગુણાકારની રીતિ બન્ને સ્થાને સરખા સ્વરૂપવાળી છે માટે. તફાવત માત્ર એટલો જ કે - ત્યાં (ઉત્કૃષ્ટ પરિત્તાસંખ્યાતમાં) ગુણેલા રાશિઓની અપેક્ષાએ અહીં (ઉત્કૃષ્ટ અસંખ્યાતાસંખ્યાતમાં) ગુણાતા રાશિઓ ઘણા મોટા ગુણવા.

વળી ઉત્કૃષ્ટ અસંખ્યાતાસંખ્યાતમાં જે એક ઓછો કર્યો છે, તે જ એકને પુનઃ તેમાં (ઉ. અસં. અસં.માં) ઉમેરીએ તો जघन्य परित्त अनन्त થાય. એ પ્રમાણે કેટલાક આચાર્યોનો મત દર્શાવ્યો. અને બીજા કેટલાક આચાર્યો તો ઉત્કૃષ્ટ અસંખ્યાત અસંખ્યાતને જુદી રીતે પ્રરૂપે છે, તે આ પ્રમાણે - તેઓનું વચન છે કે -

## ॥ મતાન્તરથી ઉત્કૃષ્ટ અસંખ્યાતાસંખ્યની ગણતરી ॥

[ એ ઉત્કૃષ્ટ અસંખ્યાતાસંખ્યાતની ગણતરી અન્ય આચાર્યો જે જુદી રીતે ગણે છે તે ગણતરી આ પ્રમાણે - ] જઘન્ય અસંખ્યાતાસંખ્યાત રાશિનો પ્રથમ વર્ગ કરવો, પુનઃ તે વર્ગરાશિનો (પ્રથમ વર્ગ કરવાથી પ્રાપ્ત થયેલ રાશિનો) બીજીવાર વર્ગ કરવો, અને તે વર્ગરાશિનો (એટલે બે વાર વર્ગ કરવાથી પ્રાપ્ત થયેલ અંકરાશિનો) પુનઃ પણ ત્રીજીવાર વર્ગ કરવો. એ પ્રમાણે ત્રણ વાર વર્ગ કર્યા બાદ પણ અસંખ્ય અસંખ્ય રાશિવાળા દશ રાશિઓ (દશ વસ્તુઓ) તેમાં ઉમેરવા, તે આ પ્રમાણે -

**लोगागासपएसा, धम्माधम्मेगजीवदेसा य ।**
**दव्वट्ठिया निओया, पत्तेया चेव बोधव्वा ॥१॥**
**ठिइबंधज्झवसाणे, अणुभागा जोग छेय पलिभागा ।**
**दुण्ह य समाण समया, असंखपक्खेवया दस उ ॥२॥**

એ બે ગાથાઓનો અર્થ આ પ્રમાણે - સર્વ લોકાકાશના જેટલા આકાશપ્રદેશ છે તે, તથા ધર્માસ્તિકાયના, અધર્માસ્તિકાયના અને એક જીવના જેટલા પ્રદેશ છે તે, તથા दव्वट्ठिया निओया એટલે સૂક્ષ્મ અને બાદર અનન્તકાય વનસ્પતિજીવોનાં શરીર, તથા पत्तेया चेव એટલે પૃથ્વીકાય - અપ્કાય - તેઉકાય - વાયુકાય - પ્રત્યેક વનસ્પતિકાય - દ્વીન્દ્રિય - ત્રીન્દ્રિય - ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિયરૂપ સર્વે પ્રત્યેકશરીરી જીવો; ॥૧॥ તથા ठिइबंधज्झवसाणे એટલે જ્ઞાનાવરણીયાદિ કર્મોના સ્થિતિબંધમાં કારણભૂત અધ્યવસાયસ્થાનો તે સ્થિતિબન્ધાધ્યવસાય-સ્થાનો તે પણ સર્વે પ્રક્ષેપવાં. (હવે અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે તે આ પ્રમાણે -)

प्रश्नः- અહીં ચાલુ વિષયરૂપ અસંખ્યાતના વિચારમાં પ્રક્ષેપને વિષે તો અસંખ્યાતરૂપ રાશિઓનો જ અધિકાર હોવો જોઈએ (અર્થાત્ અસંખ્યાતવાળી રાશિઓ જ ઉમેરવી જોઈએ).


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરંતુ સંખ્યાતવાળી રાશિઓનો અધિકાર ન હોય; કારણ કે તે સંખ્યાત રાશિઓ અલ્પ સંખ્યાવાળી હોવાથી અહીં તેનું કંઈપણ પ્રયોજન - સાર્થકતા નથી. તેમજ અનન્તરૂપ રાશિઓ પણ ઉમેરાય નહિ, કારણ કે અસંખ્યાતમાં અનન્તનો પ્રવેશ હોય નહિ. તો શું આ સ્થિતિબંધાધ્યવસાયસ્થાનો અસંખ્યાત છે કે જેને અહીં અધિકૃત કર્યાં છે ? (એટલે ઉમેરવામાં ગણ્યા છે !).

उत्तरः- હા, તે એ પ્રમાણે જ છે. (એટલે સ્થિતિબંધાધ્યવસાયસ્થાનો અસંખ્યાત જ છે). તે આ પ્રમાણે -

જ્ઞાનાવરણીય કર્મનો જઘન્ય સ્થિતિબંધ અન્તર્મુહૂર્તપ્રમાણ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ત્રીસ કોડાકોડી સાગરોપમપ્રમાણનો છે અને મધ્યમ સ્થિતિબંધ તો એક અન્તર્મુહૂર્તથી એક સમય અધિક, બે સમય અધિક, ત્રણ સમય અધિક, ચાર સમય અધિક ઈત્યાદિ રીતે અન્તર્મુહૂર્ત આદિ અસંખ્ય પ્રકારનો છે. અને એ સ્થિતિબંધોને ઉત્પન્ન કરનાર અધ્યવસાયસ્થાનો પ્રત્યેકનાં જુદાં જુદાં જ છે. અને એ પ્રમાણે હોવાથી એક જ્ઞાનાવરણીયકર્મમાં જ અસંખ્ય સ્થિતિબંધાધ્યવસાયસ્થાનો પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે દર્શનાવરણીય વગેરે કર્મોનાં પણ અસંખ્ય અસંખ્ય સ્થિતિબંધાધ્યવસાયસ્થાનો જાણવાં. એથી આ રીતે એ અધ્યવસાયોનું અસંખ્યપણું તો સ્પષ્ટ જ છે.

તથા अणुभाग એટલે જ્ઞાનાવરણીય આદિ કર્મોના સ્થિતિબંધમાં પ્રત્યેકમાં જઘન્ય, મધ્યમ ઈત્યાદિ વિશેષવાળા રસના ભેદો તે પણ અસંખ્યાત જ છે. અને તે દરેક અનુભાગભેદને (રસભેદને) ઉત્પન્ન કરનારાં અધ્યવસાયસ્થાનો પણ અસંખ્ય લોકાકાશના પ્રદેશ જેટલાં છે. તે કારણથી અધ્યવસાયસ્થાનો જે કારણભૂત છે તે અસંખ્યાત હોવાથી તેના કાર્યરૂપ અનુભાગભેદ પણ અસંખ્યાત જ જાણવા. કારણ કે કાર્યના ભેદ કારણના ભેદની અપેક્ષાવાળા હોય છે. (એ પ્રમાણે અનુભાગસ્થાનો અસંખ્યાત જાણવાં).

તથા जोग-छेय-पलिभाग એટલે યોગ તે મન-વચન-કાયાસંબંધી વીર્ય; તેને કેવલી ભગવંતની બુદ્ધિરૂપ શસ્ત્ર વડે છેદતાં છેદતાં જે પ્રતિવિશિષ્ટ એવા નિર્વિભાજ્ય વિભાગો તે 'યોગચ્છેદપ્રતિભાગ' કહેવાય, અને તે નિગોદથી પ્રારંભીને સંજ્ઞિપંચેન્દ્રિય સુધીના જીવોની અપેક્ષાએ જઘન્યાદિ ભેદવાળા અસંખ્ય યોગ જાણવા.

તથા दुण्ह य समाण समया એટલે બે સમય તે ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળરૂપ તેના સમયો તે અસંખ્યાત છે.

એ પ્રમાણે એ દરેક અસંખ્ય અસંખ્ય અંકરાશિવાળા દશ ક્ષેપ (એટલે) ક્ષેપવવા યોગ્ય ૧૦ પદાર્થો પૂર્વોક્ત ત્રણ વાર વર્ગ કરેલા અંકરાશિમાં પ્રક્ષેપીએ-ઉમેરીએ, અને એ રીતે (પ્રમાણે) સર્વ રાશિઓ એકત્ર કરતાં જે મહાન અંકરાશિ પ્રાપ્ત થાય, તેનો ફરીથી પણ ત્રણ વાર વર્ગ કરીએ, અને તેમ કરવાથી જે રાશિ થાય તેમાંથી એક બાદ કરે ત્યારે उत्कृष्ट असङ्ख्यातासङ्ख्यात થાય. એ પ્રમાણે ૯ પ્રકારનું અસંખ્યાત કહ્યું. ।। इति नवविधं असङ्ख्यातम् ।।

Jain Education International

For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ ૮ પ્રકારનું અનન્ત ॥

હવે પૂર્વે ઉદ્દિષ્ટ કરેલું (સામાન્યથી કહેલું) જે આઠ પ્રકારનું અનન્ત છે, તેનું વિશેષથી સ્વરૂપ કહેવાય છે. તે આ પ્રમાણે -

ત્યાં ઉત્કૃષ્ટ અસંખ્યાતાસંખ્યાતની ગણતરી કરવાના પ્રસંગે જે એક બાદ કરેલો છે, તે જ એકને પુનઃ તેમાં (એટલે ઉ. અસં. અસં.માં) પ્રક્ષેપીએ ત્યારે जघन्य परित्तानन्त થાય છે. અહીંથી આગળ એકેકની વૃદ્ધિવાળાં જેટલાં સંખ્યાસ્થાનો આવે તેટલાં સર્વે मध्यम परित्त अनन्त સ્થાનો-રાશિઓ જાણવી. તે ત્યાં સુધી કે જ્યાં સુધી ઉત્કૃષ્ટ પરિત્તાનન્ત પ્રાપ્ત ન થાય. હવે તે ઉત્કૃષ્ટ પરિત્તાનન્ત જેટલી સંખ્યાવાળું છે, તેટલી સંખ્યાવાળી તેટલી રાશિઓ દરેક જુદી જુદી સ્થાપવી, અને પૂર્વે કહ્યા પ્રમાણે તે રાશિઓને પરસ્પર ગુણતાં છતાં જે મહાન અંકરાશિ પ્રાપ્ત થાય, તેમાંથી એક ઓછો કરવાથી उत्कृष्ट परित्तानन्त થાય. અહીં પણ ઉદાહરણની ભાવના પૂર્વવત્ (પાંચનો રાશિ - અભ્યાસ ૩૧૨૫ કર્યો છે તે પ્રમાણે) વિચારવી.

તથા ઉત્કૃષ્ટ પરિત્તાનન્તમાં જે એક બાદ કર્યો છે, તે જ એકને ઉત્કૃષ્ટ પરિત્તાનન્તમાં પુનઃ ઉમેરીએ તો जघन्य युक्त अनन्त થાય. એ જઘન્ય યુક્તાનન્તના રાશિપ્રમાણ અભવ્ય જીવોનો રાશિ શ્રી કેવલી ભગવંતોએ દેખેલો છે. (અર્થાત્ જગતમાં અભવ્ય જીવોની સંખ્યા એ જઘન્ય યુક્તાનન્ત જેટલી એટલે ચોથા અનન્ત જેટલી છે.) એમ જાણવું. પુનઃ અહીંથી(જઘ૦ યુક્તાનન્તથી) આગળ એકેકની અધિક અધિક વૃદ્ધિએ જેટલા સંખ્યાભેદ છે તે સર્વે સંખ્યાભેદ मध्यम युक्त अनन्त જાણવા, તે ત્યાં સુધી કે જ્યાં સુધી ઉત્કૃષ્ટ યુક્ત અનન્ત પ્રાપ્ત ન થાય. તે ઉત્કૃષ્ટ યુક્ત અનન્ત કેટલા પ્રમાણવાળું છે ? એમ જો પૂછતા હો તો કહીએ છીએ કે - જ્યારે જઘન્ય યુક્તાનન્તના અંકરાશિને એ જ એક રાશિ વડે ગુણીએ (એટલે જઘ૦ યુક્તાનન્તનો વર્ગ કરીએ), અને જે જવાબ આવે તેમાંથી એક બાદ કરીએ તો उत्कृष्ट युक्त अनन्त થાય.

તથા ઉત્કૃષ્ટ યુક્તાનન્તમાં જે એક બાદ કર્યો છે, તે જ એકને પુનઃ તે ઉ. યુક્તાનન્તમાં ઉમેરીએ તો जघन्य अनन्तानन्त થાય. ત્યારબાદ આગળ એકેકની અધિક વૃદ્ધિએ જેટલા સંખ્યાભેદ પ્રાપ્ત થાય, તે સર્વે मध्यम अनन्तानन्तમાં ગણાય, અને ઉત્કૃષ્ટ અનન્તાનન્ત તો છે જ નહિ.

## ॥ મતાન્તરે ૯મું ઉત્કૃષ્ટ અનન્તાનન્ત ॥

વળી આ ઉત્કૃષ્ટ અનન્તાનન્ત આણવાને કેટલાક આચાર્યો એમ કહે છે કે - જઘન્ય અનન્તાનન્તનો પૂર્વની પેઠે ત્રણ વાર વર્ગ કરવો, અને તેમ કરવાથી જે રાશિ પ્રાપ્ત થાય તેમાં આ કહેવાતા ૬ અનન્ત રાશિવાળા પ્રક્ષેપો (પદાર્થો) ઉમેરવા. તે ૬ પ્રક્ષેપ (ઉમેરવા યોગ્ય પદાર્થો) આ પ્રમાણે -

**सिद्धा निओयजीवा, वणस्सई काल पोग्गला चेव ।**
**सव्वमलोगागासं, छप्पेतेऽणंतपक्खेवा ॥१॥**

એ ગાથાનો અર્થ આ પ્રમાણે - સર્વે સિદ્ધો, સૂક્ષ્મ નિગોદ અને બાદર નિગોદના સર્વે જીવો, પ્રત્યેક અને સાધારણ એ બન્ને ભેદવાળી સર્વ વનસ્પતિના જીવો, અતીતકાળ-

Jain Education International  For Private & Personal Use Only www.jainelibrary.org

અનાગતકાળ અને વર્તમાનકાળ એ ત્રણે કાળના સર્વે સમયો, સર્વ લોકમાં રહેલો સર્વ પુદ્ગલસમૂહ, લોકાકાશ અને અલોકાકાશ એ બન્ને આકાશના સર્વે આકાશપ્રદેશો, એ છએ પણ પદાર્થો આ ચાલતા અનન્તાનન્તના વિચારમાં પોતે અનન્ત અનન્ત રાશિવાળા પ્રક્ષેપ છે, તે પ્રસ્તુત રાશિમાં (એટલે જઘન્ય અનન્તાનન્તનો ત્રણ વાર વર્ગ કરતાં પ્રાપ્ત થયેલાં રાશિમાં) ઉમેરવા. (અહીં પ્રશ્ન ઉપસ્થિત થાય છે, તે આ પ્રમાણે -)

प्रश्नः- અહીં અનન્તસંબંધી વિચારણા ચાલતી હોવાથી અનન્તરૂપ રાશિઓ જ ઉમેરવા યોગ્ય ગણાય. પરંતુ સંખ્યાત અને અસંખ્યાત રાશિવાળા પ્રક્ષેપો અકિંચિત્કર હોવાથી (પ્રસ્તુત અનન્તવૃદ્ધિ નહિ કરનાર હોવાથી) તે પ્રક્ષેપો ઉમેરવા યોગ્ય ગણાય નહિ. હવે એ પ્રક્ષેપોમાં વનસ્પતિનું ગ્રહણ કર્યું, તેમાં તો પ્રત્યેક વનસ્પતિઓ જ પ્રક્ષેપમાં વધારાના પ્રાપ્ત થાય છે; કારણ કે - निगोयजीवा એ વચનથી સાધારણ વનસ્પતિઓનું ગ્રહણ તો પ્રથમ જ થઈ ચૂક્યું છે. અને પ્રત્યેક વનસ્પતિઓ ઉમેરવાનો કંઈપણ ઉપયોગ નથી. (અર્થાત્ પ્રત્યેક વન૦ ઉમેરવાની કંઈપણ જરૂર નથી.) કારણ કે પ્રત્યેક વનસ્પતિજીવો બહુ જ અલ્પ છે. (અસંખ્યાતમાત્ર હોવાથી.)

उत्तरः- ના, એ વાત એ પ્રમાણે નથી, કારણ કે હજી તમો અભિપ્રાય સમજી શક્યા નથી. કારણ કે - 'वणस्सई = વનસ્પતિ' એમ સામાન્ય ગ્રહણ કરવાથી તો અનન્તનો રાશિ ઘણો મોટો બનાવવાને પ્રત્યેક જીવોની અધિકતા વડે વિશેષિત (એટલે પ્રત્યેક વનસ્પતિના પણ જીવો સહિત) તે જ નિગોદજીવોનું અનન્ત બીજી વાર પ્રક્ષેપ કરેલું છે, એમ જાણવું. વળી આ બાબતમાં [1]પુનરુક્ત-અપુનરુક્તની ચિંતા પણ જરૂરી નથી, કારણ કે અહીં સાધ્ય એ જ છે કે - કોઈપણ પ્રકારે અનન્તનો રાશિ ઘણો મોટો બનાવવો. અને તેવા પ્રકારનું સાધ્ય એક જ રાશિને બે વાર પ્રક્ષેપવાથી પ્રાપ્ત (સિદ્ધ) થાય છે જ, માટે હવે એ સંબંધી ચર્ચા કરવાથી સર્યું. (અર્થાત્ એ સંબંધિ અધિક ચર્ચા કરવાની જરૂર નથી.)

એ પ્રમાણે એ છએ પ્રક્ષેપ્ય રાશિઓને પૂર્વોક્ત રાશિમાં પ્રક્ષેપવાથી જે રાશિ પ્રાપ્ત થાય, તે રાશિનો પુનઃ પણ પૂર્વે કહ્યા પ્રમાણે ત્રણ વાર વર્ગ કરવો. તો પણ હજી ઉત્કૃષ્ટ અનન્તાનન્ત પ્રાપ્ત ન થાય. એટલે પછી કેવલજ્ઞાન અને કેવળદર્શન કે જેના જ્ઞેયના ભેદથી (એટલે જ્ઞાન વડે જાણવાયોગ્ય પદાર્થો અનન્ત હોવાથી) અનન્ત અનન્ત ભેદ છે, તે બન્નેને પ્રક્ષેપીએ તો उत्कृष्ट अनन्तानन्त થાય છે, એ પ્રમાણે આ પ્રકરણની (જીવસમાસની) ચૂર્ણિમાં કહ્યું છે. (એ ઉત્કૃષ્ટ અનન્તાન્ત થવાનું) કારણ કે એમાં એ ઉ. અનંતાનંતમાં સર્વ વસ્તુ - સમૂહનો સંગ્રહ થયો છે માટે, હવે અહીંથી આગળ તો સંખ્યાના વિષયમાં આવી શકે એવું કોઈપણ વસ્તુતત્ત્વ રહ્યું જ નથી, એ તાત્પર્ય છે. (॥ इति मतान्तरेण नवमं उत्कृष्टानन्तानन्तम् ॥)

## ॥ અનુયોગદ્વાર પ્રમાણે ૮ જ અનન્તાનન્ત ॥

વળી શ્રી અનુયોગદ્વાર સૂત્રના અભિપ્રાય પ્રમાણે વિચારતાં તો ઉપર કહ્યા પ્રમાણે સંગ્રહ

---

૧. ચાલુ ગાથામાં જ કહેલા ૬ પ્રક્ષેપોમાં નિગોદ કહીને પુનઃ વનસ્પતિ પણ પ્રક્ષેપરૂપે કહી, જેથી નિગોદનો પ્રક્ષેપ બે વાર થયો, કારણ કે નિગોદ તે સાધારણ વનસ્પતિ જ છે, તેથી અહીં पुनरुक्तचिंता ગણવી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્યા પછી પણ હજી ઉત્કૃષ્ટ અનન્તાનન્ત થતું નથી. કારણ કે એ સૂત્રમાં તો અજઘન્યોત્કૃષ્ટ[1] સંખ્યાસ્થાનોનું જ પ્રતિપાદન કરેલું છે. માટે શ્રી અનુયોગદ્વારના મત પ્રમાણે પણ અહીં અનન્ત આઠ પ્રકારનાં જ કહેલ છે. એ બાબતમાં તત્ત્વ શું છે ? (એટલે કેટલાક આચાર્યો ઉપર કહ્યા પ્રમાણે ૯મું અનન્ત માને છે, અને અનુયોગદ્વાર સૂત્રમાં આઠ જ અનન્ત કહ્યાં છે, માટે એ બે વિસંવાદની બાબતમાં સત્ય શું છે ?) તે શ્રી સર્વજ્ઞ ભગવંત જાણે. સૂત્રમાં (સિદ્ધાન્તોમાં) તો જ્યાં કોઈપણ સ્થાને અનન્તાનન્ત ગ્રહણ કર્યું છે, ત્યાં સર્વ સ્થાને અજઘન્યોત્કૃષ્ટ અનન્તાનન્ત જ જાણવું (એટલે મધ્યમ અનન્તાનન્તનું ગ્રહણ જાણવું).

એ પ્રમાણે સંખ્યાત, અસંખ્યાત અને અનન્ત એ ત્રણે સંખ્યા-ગણનપ્રમાણની પ્રરૂપણા ઉત્તરભેદસહિત કરી, અને તેની પ્રરૂપણા કર્યે છતે जंबुद्दीवो सरिसवपुण्णो ઇત્યાદિ પદવાળી ગાથાનો (૧૩૯મી ગાથાનો) ભાવાર્થ કહ્યો.

હવે ગાથાનો અક્ષરાર્થમાત્ર કહેવાય છે. તે આ પ્રમાણે - અહીં जंबुद्दीवो એટલે 'જંબૂદ્વીપ' એ પદ ગ્રહણ કરવાથી જંબૂદ્વીપના પ્રમાણ જેવડો મોટો પલ્ય પ્રથમ જ સ્થાપેલો હોવાથી તે પલ્યના ઉપલક્ષણથી અનવસ્થિતપલ્ય જ ગ્રહણ કર્યો જાણવો, અને શલાક તથા પ્રતિશલાક એ બે શબ્દો ગ્રહણ કરવાથી શલાકાપલ્ય અને પ્રતિશલાકાપલ્ય ગ્રહણ કર્યા જાણવા, અને એ બન્નેના ઉપલક્ષણથી મહાશલાકાપલ્ય પણ ગ્રહણ કર્યો જાણવો. અને તેથી जंबुद्दीवो = જંબૂદ્વીપ એટલે અનવસ્થિતપલ્ય જે વર્તે છે, વળી તે કેવો છે ? તે કહે છે કે - स = સહ = સહિત. કોના સહિત ? उत्तरः- ससलागपडिमहसलागाहिं એટલે શલાક, પ્રતિશલાક અને મહાશલાક એ ત્રણ પલ્યો વડે તે અનવસ્થિતપલ્યનું શું કહેવું છે ? તે કહે છે - जावइयं पडिपूरे એટલે જેટલા સર્ષપના સમૂહ વડે પૂરાય એટલે પૂર્વે સવિસ્તર કહેલા સર્ષપ ભરવાના અનુક્રમ પ્રમાણે પ્રશિખાસહિત તે ચારે પલ્યમાં નિરન્તર (ગાઢપણે) જેટલા સર્ષપો ભરાય, તેટલો સર્ષપસમૂહ અને તે પણ જે જે દ્વીપ-સમુદ્રોમાં સર્ષપના કણ પડ્યા છે તેટલા સર્વ દ્વીપ-સમુદ્રોની સંખ્યાસહિત (તે સર્ષપસમૂહ) કરી તેમાંથી એક બાદ કરે તો तावइअं = તેટલો સર્ષપસમૂહ होइ संखेज्जं = ઉત્કૃષ્ટ સંખ્યાત થાય છે, અને તે કાઢી લીધેલા એકને ઉમેરતા જઘન્ય પરિત્ત અસંખ્યાત થાય છે, ઇત્યાદિ ભાવાર્થ પૂર્વે કહ્યો છે તે સર્વ પોતાની મેળે જાણી લેવો. પરંતુ સૂત્રકારે (મૂળ ગાથાઓમાં) કહ્યો નથી, કારણ કે સંખ્યાતનું સ્વરૂપ કહ્યા બાદ આગળની પરિત્ત અસંખ્યાત વગેરે ગણતરીઓ સુખે સમજી શકાય તેવી છે માટે. ઇતિ ૧૩૯મી ગાથાનો અર્થઃ ॥૧૩૯॥
इति गणन[2] सङ्ख्याप्रमाणं त्रिविधं समाप्तम् ॥

अवतरणः એ પ્રમાણે શ્રુતસંખ્યાન અને ગણનસંખ્યાન એ બે સંખ્યાન કહીને હવે આ ગાથામાં તે સંખ્યાના નિષેધવાળું नोसङ्ख्यानप्रमाण કહે છે :

૧. જઘન્ય અનન્તાનન્ત નહિ, તેમ ઉત્કૃષ્ટ અનન્તાનન્ત પણ નહિ, પરન્તુ એ બેની વચ્ચે રહેલા અનન્તાનન્તના જે અનન્તાનન્ત ભેદ છે, તે સર્વ અજઘન્યોત્કૃષ્ટ અનન્તાનન્ત ગણાય.

૨. ભાવપ્રમાણના ગુણનિષ્પન્ન ભાવપ્રમાણ અને નોગુણનિષ્પન્ન ભાવપ્રમાણ એ બે ભેદ જે ૧૩૪મી ગાથામાં કહ્યા હતા, તેમાં નોગુણનિષ્પન્ન ભાવપ્રમાણના સંખ્યાન અને નોસંખ્યાન એ બે ભેદ કહ્યા છે, તેમાં સંખ્યાનના પણ શ્રુતસંખ્યાન અને ગણનસંખ્યાન એવા બે ભેદમાંથી આ બીજું ગણનસંખ્યા-ભાવપ્રમાણ કહેવાયું.

**नोसंखाणं नाणं, दंसण चरणं नयप्पमाणं च।**

**पंच चउ पंच पंच य, जहाणुपुव्वीए नायव्वा ॥१४०॥**

ગાથાર્થઃ નોસંખ્યાન ભાવપ્રમાણ તે જ્ઞાનપ્રમાણ - દર્શનપ્રમાણ - ચારિત્રપ્રમાણ અને નયપ્રમાણ એમ ચાર પ્રકારનું છે, અને તેના ઉત્તરભેદ અનુક્રમે ૫-૪-૫-૫ જાણવા. (સર્વ મળી ૧૯ ઉત્તરભેદ જાણવા.) ॥૧૪૦॥

ટીકાર્થઃ સંખ્યાનો નિષેધ તે नोसङ्ख्या. તે સંખ્યાનિષેધના લક્ષણવાળું જે પ્રમાણ એટલે ભાવપ્રમાણ, તે અહીં જ્ઞાન-દર્શન-ચારિત્ર અને નયના ભેદથી ચાર પ્રકારનું જાણવું. વળી એ જ્ઞાનાદિ ચારે પણ પદાર્થો यथानुपूर्व्या યથાસંખ્ય એટલે અનુક્રમે પાંચ, ચાર, પાંચ અને પાંચ ભેદરૂપ જાણવા.

## ॥ નોસંખ્યા-ભાવપ્રમાણના ૪ ભેદનું વિશેષ સ્વરૂપ ॥

ત્યાં આભિનિબોધિક(મતિ)જ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન અને કેવળજ્ઞાન એ ભેદથી જ્ઞાન નોસંખ્યાન ભાવપ્રમાણ પાંચ પ્રકારનું છે, તે પાંચે ભેદનું (પાંચ જ્ઞાનનું) સ્વરૂપ પહેલાં જ્ઞાનદ્વારમાં કહેવાઈ ગયું છે.

દર્શનના (દર્શન નોસંખ્યા-ભાવપ્રમાણના) ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળદર્શન એ ભેદથી ચાર ભેદ પૂર્વે દર્શનદ્વારમાં કહેવાઈ ગયા છે.

ચારિત્રના સામાયિકચારિત્ર, છેદોપસ્થાપનીયચારિત્ર, પરિહારવિશુદ્ધિચારિત્ર, સૂક્ષ્મસંપરાયચારિત્ર, અને યથાખ્યાતચારિત્ર એ ભેદથી પાંચ ભેદ પૂર્વે ચારિત્રદ્વારના વર્ણનમાં વિસ્તારપૂર્વક કહ્યા છે જ.

તથા નૈગમનય - સંગ્રહનય - વ્યવહારનય - ઋજુસૂત્રનય અને શબ્દનય એ પાંચ ભેદ નયના (નય નોસંખ્યા ભાવપ્રમાણના) કહ્યા છે, તેનું વિશેષ સ્વરૂપ-

## ॥ ૫ નયનું વિશેષ સ્વરૂપ ॥

ત્યાં नयन्ति એટલે વસ્તુને જે એકાંશે જ્ઞાનના વિષયરૂપે प्रापयन्ति = પમાડે, (અર્થાત્ વસ્તુના અનેક ધર્મોમાંથી એક ધર્મનો જે બોધ કરાવે) તે नय કહેવાય. અથવા જે વડે વસ્તુ, તેના એકાંશમાં, અવબોધનો વિષય બનાવાય તે नय. અથવા વસ્તુના એક અંશના જ્ઞાનસ્વરૂપ એવી नीति તે नय. અર્થાત્ અનન્ત ધર્મવાળી વસ્તુમાં એક અંશના અધ્યવસાયરૂપ (એટલે એક ધર્મનો બોધ કરાવનાર) તે नय કહેવાય, એ તાત્પર્ય છે, અને તે નૈગમ વગેરે નામવાળા છે. કહ્યું છે કે -

'નૈગમનય - સંગ્રહનય - વ્યવહારનય - ઋજુસૂત્રનય - શબ્દનય અને સમભિરૂઢનય એ પ્રમાણે નિશ્ચય પાંચ મૂળ નય છે તે જાણવા.'

ત્યાં સામાન્ય (તે નામનો સ્વતંત્ર પદાર્થ) છે, અને વિશેષ (તે નામનો સ્વતંત્ર પદાર્થ) છે, એ પ્રમાણે પરસ્પર અપેક્ષારહિત એવા સામાન્ય અને વિશેષ વગેરેને સ્વીકાર કરનાર, એક



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગમ નહિ પરન્તુ બહુ-ઘણા ગમ એટલે વસ્તુપરિચ્છેદ જેના (જે નયના) છે, તે નૈગમ કહેવાય. અહીં नैकगम (ન એક ગમ) તે નૈગમ એ શબ્દમાં નિરૂક્તની વિધિ વડે कનો લોપ થયો છે. અથવા સામાન્ય ધર્મને પણ સ્વીકારે અને વિશેષ ધર્મોને પણ સ્વીકારે છે, માટે અનુયોગદ્વાર સૂત્રમાં કહેલા નિલયન[1] - પ્રસ્થક[2] અને ગ્રામના[3] ઉદાહરણ આદિ કહેલા પ્રકારો વડે ઘણા સ્વરૂપવાળી વસ્તુને અંગીકાર કરવામાં તત્પર એવો જે નય તે નૈગમનય એ ભાવાર્થ છે. તથા ત્રણ ભુવનમાં રહેલા સર્વ પદાર્થોના સમૂહને જે संगृह्णाति એટલે સામાન્યથી એક સ્વરૂપે ગ્રહણ કરે - જાણે તે सङ्ग्रह, અર્થાત્ કેવળ સામાન્યને જ અંગીકાર કરનાર નય તે सङ्ग्रहनय એ તાત્પર્ય છે.

તથા व्यवहरण એટલે લૌકિક પ્રવૃત્તિરૂપ વ્યવહાર તે व्यवहारनय, અર્થાત્ લૌકિક પ્રવૃત્તિઓને (લૌકિક વ્યવહારને) સ્વીકાર કરનારો નય તે વ્યવહારનય; અથવા જેના વડે સર્વપ્રકારનો લોકવ્યવહાર व्यवह्रियते = પ્રવર્તે તે વ્યવહારનય. અર્થાત્ ઘણું ખરું વસ્તુના કેવળ વિશેષ ધર્મોને અંગીકાર કરનાર નય તે વ્યવહારનય. જળ લાવવામાં ઘટ અને વ્રણપિંડી પ્રદાનમાં (ગુમડા વગેરેને પિંડી બાંધવામાં) લીંબડો એમ લોકવ્યવહારમાં તે ઘટ-લીંબડો વગેરે વિશેષો જ ઉપકાર કરનારા દેખાય છે, પરંતુ તેનાથી જુદું ઘટ વગેરે સામાન્ય ઉપકારી નથી, માટે આ વ્યવહારનય વસ્તુના વિશેષોને જ સત્‌રૂપે સ્વીકારે છે, પણ સામાન્યને સત્‌રૂપે સ્વીકારતો નથી. વળી સામાન્ય તે લોકવ્યવહારમાં પ્રાયઃ અનુપકારી (અપ્રયોજનવાળું) છે,

---

૧. શ્રી અનુયોગદ્વારમાં એ ત્રણ ઉદાહરણ કહ્યાં છે તેનું કિંચિત્ સ્વરૂપ આ પ્રમાણે-निलयन એટલે રહેવાનું સ્થાન, જેનું ઉદાહરણ - તમો ક્યાં રહો છો ? उत्तरः- લોકમાં. प्रश्न :- લોકના ઊર્ધ્વલોક આદિ અનેક ભાગ છે, તેમાં તમે ક્યાં રહો છો ? उत्तरः- તિર્ચ્છાલોકમાં. प्रश्न :- તિર્ચ્છાલોકમાં અસંખ્ય દ્વીપસમુદ્ર છે તેમાં ક્યાં રહો છો ? उत्तरः- જંબૂદ્વીપમાં. प्रश्न :- જંબૂદ્વીપમાં ભરતાદિ અનેક ક્ષેત્ર છે તેમાં ક્યાં રહો છો ? उत्तरः- ભરતક્ષેત્રમાં. અનેક દેશમાંના કયાં દેશમાં ? उत्तरः- અમુક દેશમાં. એ પ્રમાણે યાવત્ અમુક નગરમાં, અમુક પોળમાં, અમુક ઘરમાં, તેમાં પણ અમુક આટલી જગ્યામાં, રહું છું. આ બધાએ ઉત્તર નૈગમનય સત્યરૂપે સ્વીકારે છે. વ્યવહારનયવાદી પણ એ જ ઉત્તરો આપે છે, અને સંગ્રહનયથી સંથારામાં, ઋજુસૂત્ર નયથી આટલા આકાશપ્રદેશોમાં, અને ત્રણ શબ્દનયથી આત્મભાવમાં રહેવાનો ઉત્તર જાણવો.

૨. બીજું પ્રસ્થ એટલે પાલી એટલે કાષ્ઠનું બનાવેલું શેરિયું આદિ માપ વિશેષ, તેનું દૃષ્ટાંત આ પ્રમાણે-કોઈ પુરુષ પ્રસ્થ બનાવવાને કાષ્ઠ કાપવા અર્થે હાથમાં કુહાડી લઈને અટવીમાં જાય, તેને કોઈ પૂછે કે - તમે ક્યાં જાઓ છો ? ત્યારે ઉત્તર આપે કે - પ્રસ્થકને માટે જાઉં છું, વળી કાષ્ઠને કાપતી વખતે કોઈ પૂછે કે શું કાપો છો ? ત્યારે કહે કે - પ્રસ્થક કાપું છું, કાષ્ઠ કાપીને લાવતાં કોઈ પૂછે કે શું લાવ્યા ? उत्तरः- પ્રસ્થક લાવ્યો, એ પ્રમાણે યાવત્ તે કાષ્ઠને પ્રસ્થ બનાવવા ખોતરતો હોય તે વખતે પણ કોઈ પૂછે કે શું ખોતરો છો ? उत्तरः- પ્રસ્થક ખોતરું છું. યાવત્ પ્રસ્થક બનાવીને તેના ઉપર પ્રસ્થક એવું નામ કોતરે ત્યાં સુધીના સર્વે ઉત્તરો નૈગમનયના જાણવા, તેમજ વ્યવહારનયના પણ જાણવા. તથા સંગ્રહનયવાદી દાણા ભરીને મપાતો એવા પ્રસ્થકને પ્રસ્થક કહે છે, ઋજુસૂત્રવાદી તે ધાન્ય મપાતી વખતે જ (એટલે માપવાના ઉપયોગમાં આવી શકે એવા પ્રસ્થકને) પણ પ્રસ્થક કહે છે, અને મપાયેલા ધાન્યને પણ પ્રસ્થક કહે છે, અને ત્રણ શબ્દનયો તો પ્રસ્થકના અર્થાધિકારના જ્ઞાનીને અને તે જ્ઞાનમાં ઉપયોગવાળા જીવોને પ્રસ્થક કહે છે.

૩. અહીં ગ્રામ એટલે ૬ દ્રવ્યોનો પ્રદેશસમૂહ અર્થ જાણવો, તે સંબંધમાં નૈગમાદિ નયોની ઘટના શ્રી અનુયોગદ્વારમાં બહુ વિસ્તારવાળી છે, માટે ત્યાંથી જ જાણવા યોગ્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમજ વિશેષ વિના તે સામાન્ય જોવા પણ મળતું નથી, માટે આ વ્યવહારનય વિશેષવાદી (વસ્તુના વિશેષ ધર્મોને કહેનાર-માનનાર) છે.

તથા ऋजु એટલે ભૂતકાળમાં વ્યતીત થયેલ અર્થ અને ભવિષ્યમાં થનારો અર્થ તેમજ પ્રસ્તુત વસ્તુથી પર વસ્તુનો અર્થ એ ત્રણે અર્થના ત્યાગથી વસ્તુને प्रांजलपणे - સરળપણે અથવા તે વખતના વિદ્યમાન અર્થપણે सूत्रयति= કહે-માને તે ऋजुसूत्रनय. અર્થાત્ વર્તમાનકાળમાં વર્તતી અને પોતાની જ વસ્તુને જે વસ્તુરૂપે અંગીકાર કરે- માને તે ઋજુસૂત્રનય જાણવો.

તથા शप् ધાતુના આક્રોશના અર્થમાં છે, તેથી शप्यते એટલે જેના વડે અર્થ કહેવાય. તે શબ્દ એટલે અર્થવાચક ધ્વનિ, અને તેની મુખ્યતાવાળો નય તે પણ शब्दनय કહેવાય. આ નય શબ્દને જ પ્રધાન માને છે, અને અર્થને ગૌણ માને છે. કારણ કે અર્થનો બોધ શબ્દને જ આધીન છે (અર્થાત્ શબ્દ વિના અર્થબોધ થતો નથી.) વળી સાંકેતિક શબ્દ વિના અર્થનો બોધ ક્યાંય પણ થતો નથી, માટે શબ્દ એ જ પ્રધાન છે, પરંતુ અર્થ પ્રધાન નથી, એ તાત્પર્ય છે. વળી બીજી વાત એ છે કે - આ શબ્દનય, પ્રથમના ચાર નયોથી વિશેષ શુદ્ધ હોવાથી નામ ઇન્દ્ર, સ્થાપના ઇન્દ્ર, અને દ્રવ્ય ઇન્દ્ર (એટલે નામ - સ્થાપના અને દ્રવ્ય એ ત્રણ નિક્ષેપ) નથી જ એમ માને છે; કારણ કે આકાશપુષ્પ અસત્ હોવાથી જેમ કંઈ પણ કાર્યવાળું નથી, તેમ ઇન્દ્રપણાનું કાર્ય નહિ કરનારા હોવાથી એ ત્રણ ઇન્દ્રો પણ નથી જ, અને તેથી કેવળ ભાવ ઇન્દ્રને જ સત્ (વસ્તુરૂપે) અંગીકાર કરે છે.

વળી तटः तटी तटं એ ત્રણ લિંગવાળા પદાર્થ તથા दाराः कलत्रं અને भार्या એ ત્રણ ભિન્ન ભિન્ન લિંગવાળા શબ્દો, તથા वृक्षः वृक्षौ वृक्षाः ઇત્યાદિ રીતે જુદાં જુદાં વચનવાળા (એકવચન, દ્વિવચન, બહુવચનવાળા) શબ્દો એક અર્થવાળા છે (અર્થાત્ એક વસ્તુ છે) એમ શબ્દનય માનતો નથી. કારણ કે સ્ત્રી અને પુરુષ એ બે જુદા શબ્દ હોવાથી જેમ જુદા પદાર્થ છે, તેમ तटः तटी तटं ઇત્યાદિ પણ જુદા શબ્દ હોવાથી જુદા પદાર્થ છે, એમ માને છે. વળી સરખાં લિંગવાળા અને સરખાં વચનવાળા 'इन्द्रः, शक्रः, पुरन्दरः'ઇત્યાદિ શબ્દોનો, પર્યાય શબ્દોનો અર્થ એક જ હોવાનું પણ આ નય સ્વીકારે છે; કારણ કે આ નય, આગળ કહેવાતા નયની અપેક્ષાએ અશુદ્ધ છે.

તથા इन्द्रः, शक्रः, पुरन्दरः ઇત્યાદિ એક જ પદાર્થના વાચક શબ્દો, સમાનાર્થક એવા પર્યાયશબ્દો તરીકે રૂઢ થયેલા હોય તો પણ, જે નય તે પર્યાયશબ્દોનો અર્થ ભિન્ન ભિન્ન હોવાનું समभिरोहति - સમાશ્રય કરે અર્થાત્ માને તે समभिरूढनय કહેવાય. આ નય જો કે શબ્દની પ્રધાનતાવાળો છે, (એટલે શબ્દને જ પ્રધાન માને છે) તો પણ પૂર્વે કહેલા શબ્દનયથી આ નય અધિક વિશુદ્ધ છે માટે તે માને છે કે- ઇન્દ્ર અને શક્ર વગેરે પર્યાયશબ્દોના વાચ્ય પદાર્થો એક નથી, પરંતુ ઘટ-પટ ઇત્યાદિ શબ્દની પેઠે ભિન્ન નિમિત્તવાળા હોવાથી ભિન્ન ભિન્ન છે (અર્થાત્ ઇન્દ્ર શબ્દનો વાચ્ય પદાર્થ જુદો છે, અને શક્ર શબ્દનો વાચ્ય અર્થ પણ જુદો છે.) તે આ પ્રમાણે :- इन्दनात् (એટલે ઐશ્વર્ય ભોગવે તે) इन्द्र, शकनात् (શક્તિમાન હોય તે) शक्रः અને पूर्दारणात् (નગરને વિદારે-નાશ કરે તે) पुरंदर ઇત્યાદિ રીતે ત્રણ શબ્દોનાં નિમિત્ત જુદાં જુદાં


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. તે જ રીતે 'घट चेष्टायाम्' એટલે વિશિષ્ટ પ્રકારની (અમુક પ્રકારની) ચેષ્ટાવાળો અર્થ (પદાર્થ) તે ઘટ કહેવાય. અને 'कुट कौटिल्ये' એટલે કુટિલપણાના સંબંધથી કુટ કહેવાય, તથા 'उभ उंभ पूरणे' એટલે કુસ્થિત-કુ એટલે પૃથ્વી, તેમાં સ્થિત-રહેલ, તેને પૂરવાથી-ભરવાથી કુંભ કહેવાય, એ પ્રમાણે એ ઘટ ઈત્યાદિ પર્યાયશબ્દોનાં પણ નિમિત્ત જુદાં જુદાં છે, (માટે ઘટ, કુટ અને કુંભ એ ત્રણે શબ્દથી વાચ્ય પદાર્થો ભિન્ન ભિન્ન છે - એ તાત્પર્ય છે). વળી જો નિમિત્ત ભિન્ન હોવા છતાં પણ તે શબ્દોવાળો પદાર્થ એક જ માનીએ તો અતિવ્યાપ્તિ[૧] દોષનો પ્રસંગ આવે છે, કારણ કે - એ પ્રમાણે માનવાથી તો ઘટ અને વૃક્ષ આદિ શબ્દો પણ એક જ અર્થના વાચક બની શકે. એ તો બનતાં નથી, તો તેની જેમ જ ઘટ, કુટ, કુંભ વગેરે શબ્દો પણ એક અર્થના વાચક બની નહિ શકે. [ એ પ્રમાણે આ સમભિરૂઢ નયનું માનવું છે. ] વળી આગળ કહેવાતા (એવંભૂત) નયની અપેક્ષાએ આ નય અવિશુદ્ધ હોવાથી, તે પદાર્થની યોગ્યતા વડે પણ તેને તે પદાર્થરૂપે સ્વીકારે છે. કારણ કે તેનું માનવું એમ છે કે - 'ઘટ વગેરે પદાર્થો' સ્વવાચક ઘટાદિ શબ્દ વડે અભિધેય (વાચ્ય) જે ચેષ્ટાદિ (ક્રિયારૂપ) અર્થ તે અર્થને નહિ કરતો છતો પણ, તે ચેષ્ટાદિની યોગ્યતા તેમાં હોવાથી, ઘટાદિ શબ્દ વડે વાચ્ય હોઈ[૨] શકે છે, અને 'ઘટ' આદિ શબ્દ તે પદાર્થનો વાચક હોઈ શકે છે.

જેવો શબ્દ હોય તેવો જ અર્થ (તે શબ્દવાળો પદાર્થ) પણ હોવો જોઈએ, અને જેવો અર્થ-પદાર્થ તેવો જ શબ્દ પણ હોવો જોઈએ; एवं એ પ્રમાણે એટલે એવા પ્રકારને भूतः પ્રાપ્ત થયેલો જે નય તે एवंभूतनय કહેવાય. અહીં તાત્પર્ય એ છે કે - આ નય પણ શબ્દને પ્રધાન માનનારો છે, અને તેથી ઘટ, કુટ, કુંભ આદિ પર્યાયશબ્દોવાળા પદાર્થને જુદા જુદા માનનારો છે, પરંતુ કેવળ પૂર્વે કહેલા સમભિરૂઢનયથી આ નય અધિક શુદ્ધ હોવાના કારણથી આટલું વિશેષ માને છે કે -

ઘટાદિ શબ્દના વાચ્ય તરીકે જે પદાર્થ કહ્યો છે, (એટલે જે પદાર્થનું ઘટ આદિ નામ પાડેલું છે) તે પદાર્થ જ્યારે જલ ભરી લાવવા વગેરે કાર્યોની અવસ્થામાં સ્ત્રીના મસ્તકાદિ ઉપર રહેલો હોય અને એ રીતે પોતાના અભિધાયક શબ્દ વડે (એટલે ઘટાદિ શબ્દ વડે) વાચ્ય એવા ચેષ્ટાદિ અર્થને કરતો હોય તે વખતે જ તે ઘટ આદિ કહેવાય; અને તે જ વખતે તે અર્થ, ઘટાદિ શબ્દ વડે વાચ્ય ('ઘટ' એમ કહેવા યોગ્ય) છે, પરંતુ બીજે વખતે નહિ.

વળી અહીં આ પ્રસ્તુત નય (એટલે એવંભૂતનય) એમ માને છે કે - કોઈ સ્થાનમાં પડી રહેલો અને ચેષ્ટા રહિત એવો ઘટ તે ઘટ ન જ કહેવાય; કારણ કે 'ઘટ' એ શબ્દ વડે વાચ્ય જે 'ચેષ્ટા' રૂપ અર્થ, તેનો તેમાં અભાવ છે [ અર્થાત્ ઘટ એટલે ચેષ્ટા એવો અર્થ છે, માટે જેમાં

---

૧. જે લક્ષણ જે પદાર્થને-લક્ષ્યને અંગે કહ્યું હોય તે જ લક્ષણ તે લક્ષ્ય ઉપરાન્ત બીજા પદાર્થમાં પણ ઘટતું હોય તો તે અતિવ્યાપ્તિ દોષ કહેવાય. અહીં ઘટ-કુટ અને કુંભ એ પર્યાયશબ્દો એક જ અર્થ-પદાર્થના માનીએ તો ઘટનું ચેષ્ટાલક્ષણ કુટાદિમાં પણ ચાલ્યું જાય છે, માટે અહીં અતિવ્યાપ્તિ દોષ આ નયવાળો માને છે.

૨. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે - ઘટ જે વખતે જલાહરણાદિ ચેષ્ટામાં ન વર્તતો હોય. અને કંઈપણ પ્રયોજન વિના ખાલી પડ્યો રહ્યો હોય, તો પણ જલ ભરવું હોય અથવા જલ લાવવું હોય તો લાવી શકાય એવી યોગ્યતા હોવાથી તે વખતે તે ખાલી પડી રહેલા ઘટને પણ સમભિરૂઢ નયવાળો 'આ ઘટ છે' એમ કહે છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચેષ્ટા ન હોય તેને ઘટ શી રીતે કહેવાય ? ] ત્યાં ઉદાહરણ પર્વત વગેરેનું જાણવું. [ એટલે જેમ પર્વતમાં ચેષ્ટાનો અભાવ હોવાથી પર્વતને ઘટ કહેવાતો નથી તો ચેષ્ટાના અભાવવાળા ખાલી ઘટને પણ ઘટ શા માટે કહેવો જોઈએ ? ]

વળી નિશ્ચેષ્ટ ઘટને ઘટપદાર્થ ન માનવો એટલું જ નહિ, પરંતુ નિશ્ચેષ્ટ અવસ્થામાં તો 'ઘટ' એવો શબ્દ પણ ઘટના વાચકપણે (ઘટ પદાર્થને ઓળખવામાં) પ્રવર્તી શકે નહીં; કારણ કે નિશ્ચેષ્ટ એવા પટ આદિ શબ્દમાં જેમ ઘટ અભિધેયનો અભાવ છે, તેમ નિશ્ચેષ્ટ એવા ઘટાદિમાં પણ ઘટ અભિધેયનો (ચેષ્ટાનો) અભાવ છે, અને એ પ્રમાણે કુટ-કુંભ-ઈન્દ્ર-શક્ર આદિને વિષે પણ વિચારવું (એટલે એ શબ્દના જે કૌટિલ્ય- કુસ્થિતપૂરણ-ઈંદન અને શકન એ અર્થો વર્તતા હોય તો તે વખતે જ તે પદાર્થને કુટ-કુંભ-ઈન્દ્ર અને શક્ર કહી શકાય, પરંતુ બીજે વખતે તો તે શબ્દથી તે પદાર્થને પણ ન બોલાવવો, તેમજ તે પદાર્થમાં તે શબ્દનો પણ ઉપયોગ ન કરવો).

એ પ્રમાણે અહીં એવંભૂતનયના અર્થમાં કહેવાનું ઘણું છે, પરંતુ હવે ગ્રંથવિસ્તાર થઈ જવાના ભયથી તેનું વિશેષ સ્વરૂપ કહેતા નથી. તેમજ એ નયોનાં વર્ણન વિશેષઆવશ્યક વગેરે શાસ્ત્રોમાં તે તે નયની પ્રરૂપણાના સ્થળોએ, વિસ્તાર કહેલ છે. ।।इति ५ नयस्वरूपम्।।

એ નૈગમનય વગેરે ૭ મૂળ નય છે, અને ઉત્તરભેદની અપેક્ષાએ તો સિદ્ધાન્તમાં નયો અનેક પ્રકારે કહ્યાં છે. જે કારણથી કહ્યું છે કે -

'एक्केक्को य सयविहो, सत्त नयसया हवंति एमेव ।'

[ એકેક નય ૧૦૦-૧૦૦ પ્રકારનો છે, તેથી એ રીતે ૭૦૦ નય થાય છે ] ઈતિ.

प्रश्नः- જો શાસ્ત્રમાં નૈગમાદિ નયોને અનેક પ્રકારના કહ્યા છે, તો અહીં અતિઅલ્પ ભેદો કેમ કહ્યા ? વળી જો તમો એમ કહેશો કે - આ ગ્રંથમાં તો મૂળ નયોની જ વિવક્ષા કરી છે, તો તેમ પણ નથી, કારણ કે મૂળ નય તો (ઉપરની અર્થ ગાથામાં) સાત કહ્યા છે, તો આ ગ્રંથમાં (મૂળ ગાથામાં) પાંચ નય કેમ કહ્યા ?

उत्तरः- જો કે તમોએ એ વાત સત્ય કહી, પરંતુ શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એ ત્રણ નયો અનુક્રમે અધિક અધિક વિશુદ્ધ સ્વરૂપ અંગીકાર કરનારા છે, તો પણ ત્રણેમાં શબ્દપ્રધાનતા સામાન્યપણે રહેલી છે, જેથી શબ્દપ્રધાનતાનો કોઈમાં પણ વ્યભિચાર નથી (એટલે શબ્દની પ્રધાનતા છોડીને અર્થની પ્રધાનતાને માનનારા કોઈ નથી); માટે એ ત્રણે નયોને સામાન્યથી શબ્દપ્રધાનતાની અપેક્ષાએ કેવળ એક જ શબ્દનયમાં ગણ્યા છે. તે કારણથી નૈગમનય - સંગ્રહનય - વ્યવહારનય અને ઋજુસૂત્રનય એ ચાર મૂળ નય, અને પાંચમો શબ્દનય, એ રીતે પાંચ મૂળ નય કહ્યા છે, તેમાં કોઈ પ્રકારનો દોષ નથી. એ પ્રમાણે આ ગાથાનો ભાવાર્થ સમાપ્ત થયો. ।।इति पंच वा सप्त नयभेदाः ।।૧૪૦।।

अवतरणः પૂર્વ ગાથામાં પાંચ પ્રકારના (અથવા સાત પ્રકારના) નય પ્રમાણનું સ્વરૂપ કહીને હવે મતિજ્ઞાન - શ્રુતજ્ઞાન - અવધિજ્ઞાન - મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન એ પાંચ ભેદથી ૫ પ્રકારનું જે ज्ञानप्रमाण કહ્યું છે તે સંક્ષેપમાં प्रत्यक्षज्ञान અને परोक्षज्ञान એમ બે પ્રકારનું


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે તે આ ગાથામાં દર્શાવાય છે.

**पच्चक्खं च परोक्खं, नाणपमाणं समासओ दुविहं ।**
**पच्चक्खमोहिमणकेवलं च पारोक्ख मइसुत्ते ।।१४१।।**

ગાથાર્થઃ જ્ઞાનપ્રમાણ પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે પ્રકારનું છે, તેમાં અવધિજ્ઞાન-મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન એ ત્રણ પ્રત્યક્ષજ્ઞાન છે, તથા મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એ બે પરોક્ષજ્ઞાન છે. ।।૧૪૧।।

ટીકાર્થઃ જ્ઞાનપ્રમાણ समासओ એટલે સંક્ષેપથી બે પ્રકારનું જ છે. તે આ પ્રમાણે - પ્રત્યક્ષજ્ઞાન અને પરોક્ષજ્ઞાન. ત્યાં अस् ધાતુ વ્યાપ્તિના અર્થમાં છે, માટે એ ધાતુથી अश्नुते, એટલે જ્ઞાનસ્વરૂપે અર્થો (પદાર્થો) પ્રત્યે જે વ્યાપ્ત થાય, તે अक्ष એટલે જીવ. અથવા अश ધાતુ ભોજનના અર્થમાં પણ છે, માટે એ ધાતુનું अश्नाति રૂપ બને છે, ત્યાં अश्नाति એટલે સર્વ અર્થોને જે ભોગવે છે, એટલે પાલન કરે છે તે अक्ष એટલે જીવ જ જાણવો. અને प्रति એટલે પ્રતિગત એટલે આશ્રિત, અર્થાત્ अक्ष એટલે જીવને प्रति = આશ્રિત એવું જે જ્ઞાન તે प्रत्यक्ष કહેવાય. અહીં 'अत्यादयः क्रान्ताद्यर्थे द्वितीयया' એ વ્યાકરણના સૂત્ર વડે દ્વિતીયાતત્પુરુષ સમાસ થયો છે. બીજા કેટલાક આચાર્યો अक्षं એટલે अक्ष, प्रति = પ્રત્યે જે જ્ઞાન પ્રવર્તે તે प्रत्यक्ष એમ અવ્યયીભાવ સમાસ કરે છે, તે યોગ્ય નથી, કારણ કે અવ્યયીભાવ સમાસવાળો પ્રત્યક્ષ શબ્દ તો કેવળ નપુંસકલિંગવાળો હોવાથી એ પ્રત્યક્ષશબ્દ ત્રણે લિંગમાં આવી શકે નહિ, અને પ્રત્યક્ષશબ્દ ત્રણે લિંગના અર્થમાં પ્રવર્તે છે તે તો સ્પષ્ટ જ છે. જેમ કે બુદ્ધિના સંબંધમાં प्रत्यक्षा बुद्धिः'એ સ્ત્રીલિંગ થાય છે, બોધના સંબંધમાં લઈએ તો 'प्रत्यक्षो बोधः'એ પુરુષલિંગ થાય છે, અને જ્ઞાનના સંબંધમાં લઈએ તો 'प्रत्यक्षं ज्ञानं'એ નપુસકલિંગ થાય છે, એ પ્રમાણે પ્રત્યક્ષશબ્દ ત્રણે લિંગમાં દેખાય છે. તે કારણથી પ્રત્યક્ષ શબ્દમાં પૂર્વે દર્શાવેલો તત્પુરુષસમાસ (દ્વિતીયા તત્પુરુષસમાસ જ) થાય છે. અર્થાત્ ઇન્દ્રિયોની અપેક્ષા વિના જ આત્માને જે જ્ઞાન સાક્ષાત્ અર્થ દેખાડે છે તે જ્ઞાન प्रत्यक्ष કહેવાય, અને તે અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાન એ ત્રણ જ્ઞાનરૂપ જ છે; કારણ કે - એ ત્રણ જ્ઞાનો જ ઇન્દ્રિયની અપેક્ષા વિના અર્થને દર્શાવનારાં છે. વળી સિદ્ધાન્તમાં એ જ્ઞાનને नोइन्द्रिय प्रत्यक्ष જ્ઞાન કહ્યું છે. ત્યાં नो શબ્દનો અર્થ સર્વથા નિષેધરૂપ હોવાથી જે જ્ઞાનમાં ઇન્દ્રિયો સર્વથા વ્યાપારવાળી નથી (એટલે ઇન્દ્રિયોનો લેશ પણ ઉપયોગ નથી), પરંતુ જીવ પોતે જ તે અર્થોને સાક્ષાત્ દેખે છે, તે नोइन्द्रिय प्रत्यक्षજ્ઞાન અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાનરૂપ જ છે. તે કારણથી પ્રત્યક્ષજ્ઞાન અને નોઇન્દ્રિય પ્રત્યક્ષજ્ઞાન એ બન્ને એક સરખા અર્થવાળા હોવાથી (આ ગ્રંથમાં નોઇન્દ્રિય પ્રત્યક્ષ ન કહેતાં કેવળ પ્રત્યક્ષજ્ઞાન જ કહ્યું છે તેમાં) કોઈ પ્રકારનો વિરોધ નથી. ।।इति प्रत्यक्षज्ञानत्रयम् ।।

તથા अक्ष એટલે જીવને पर એટલે ઇન્દ્રિયાદિ વડે વ્યવધાનવાળું (આંતરાવાળું) એવું જે જ્ઞાન તે પરોક્ષ જ્ઞાન, અને તે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનના ભેદથી બે પ્રકારનું છે; કારણ કે એ બે જ્ઞાન વડે જ અર્થનો જે બોધ થાય છે તે ઇન્દ્રિયોની અપેક્ષાવાળો છે (અર્થાત્ ઇન્દ્રિયો ન હોય તો એ બે જ્ઞાન પણ ન હોય). એ પ્રમાણે આ ગાથાનો અર્થ સમાપ્ત થયો. ।। इति


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

परोक्षज्ञानद्वयम् ॥१४१॥

अवतरणः હવે આ ગાથામાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની વિશેષ પ્રરૂપણા કરે છે (એટલે એ બેના વિશેષ ભેદ કહે છે). તે આ પ્રમાણે :

**इंदियपच्चक्खंपि य, अणुमाणं ओवमं च मइनाणं ।**
**केवलभासिय अत्थाण, आगमो होइ सुयनाणं ॥१४२॥**

गाथार्थः મતિજ્ઞાન બે પ્રકારનું છે, ઇન્દ્રિયપ્રત્યક્ષ અને ઇન્દ્રિયપરોક્ષ. ત્યાં ઇન્દ્રિયપરોક્ષજ્ઞાન પુનઃ અનુમાનથી અને ઉપમાનથી એમ બે પ્રકારનું છે. તથા શ્રી કેવલજ્ઞાન વડે ભાષિત અર્થોનું જે આગમ તે શ્રુતજ્ઞાન છે. ॥૧૪૨॥

टीकार्थः પૂર્વ ગાથામાં જે પરોક્ષમતિજ્ઞાન કહ્યું, તે બે પ્રકારનું છે - ઇન્દ્રિયપ્રત્યક્ષ અને (ગાથામાં કહેલા पि =) 'અપિ' શબ્દથી ઇન્દ્રિયપરોક્ષ એ પ્રમાણે બે પ્રકારનું જાણવું. ત્યાં ઇન્દ્રિયો એટલે સ્પર્શન - રસના - ઘ્રાણ - ચક્ષુ અને શ્રોત્રેન્દ્રિય એ સહકારી કારણભૂત પાંચ ઇન્દ્રિયો વડે અક્ષ એટલે જીવ प्रति = પ્રત્યે પ્રાપ્ત થયેલું તે इन्द्रियप्रत्यक्ष જ્ઞાન કહેવાય. અર્થાત્ જે જ્ઞાનમાં વસ્તુને ઇન્દ્રિયો જ સાક્ષાત્ દેખે છે, પરન્તુ જીવ દેખતો નથી, (જીવ ઇન્દ્રિયો દ્વારા જુએ છે), તે શ્રોત્રેન્દ્રિય આદિ ઇન્દ્રિયો દ્વારા ઉત્પન્ન થયેલું (હોવાથી) જ્ઞાન ઇન્દ્રિયોને સાક્ષાત્ રૂપ છે, અને જીવને પરોક્ષ છે, તો પણ લોકમાં (લોકવ્યવહારમાં) તે પરોક્ષજ્ઞાન પ્રત્યક્ષપણે રૂઢ થયું છે (એટલે લોક તે પરોક્ષને પણ પ્રત્યક્ષજ્ઞાન કહે છે) માટે શબ્દ - રૂપ - રસ - ગંધ અને સ્પર્શ સંબંધિ જે મતિજ્ઞાન તે इन्द्रियप्रत्यक्ष मतिज्ञान કહેવાય છે, એ ભાવાર્થ છે. અને જે જ્ઞાનમાં ઇન્દ્રિયો પણ ધૂમ વગેરે ચિહ્ન દ્વારા અગ્નિ આદિ પદાર્થને જાણે છે, પરંતુ ઇન્દ્રિયો તે પદાર્થને સાક્ષાત્ જાણતી-દેખતી નથી, માટે ઇન્દ્રિયોને પણ પરોક્ષ હોવાથી તે इन्द्रियपरोक्ष मतिज्ञान કહેવાય છે.

હવે એ ઇન્દ્રિય - પરોક્ષજ્ઞાન તે કયું ? તે ગ્રંથકર્તા પોતે જ દર્શાવે છે - અનુમાનજ્ઞાન અને ઉપમાજ્ઞાન. ત્યાં अनु એટલે લિંગગ્રહણ અને સંબંધના સ્મરણથી 'पश्चात्'= પછી मान = मीयते - परिच्छिद्यते - ઉપલબ્ધ થાય વસ્તુ જેના વડે તે अनुमान કહેવાય (અર્થાત્ લિંગગ્રહણ અને સંબંધ-વ્યાપ્તિનું સ્મરણ થયા (अनु =) બાદ જેનું मान = માપ થાય - જ્ઞાન થાય, તે अनुमान), અને તે કૃતકત્વ[1] તથા ધૂમવત્ત્વ[2] ઇત્યાદિ લિંગથી-ચિહ્નથી શબ્દ અને પર્વતાદિને વિશે અનિત્યત્વ અને અગ્નિમત્ત્વ એ સાધ્ય વસ્તુના નિશ્ચયવાળું જાણવું. [ અર્થાત્ અનુમાન પ્રમાણથી શબ્દ અનિત્ય છે, એવું સાધ્યજ્ઞાન કૃતકત્વલિંગથી થાય છે, અને પર્વત વહ્નિમાન્ છે એવું જ્ઞાન ધૂમવત્ત્વલિંગથી થાય છે. ] ॥ इति अनुमानप्रमाणमतिज्ञानम् ॥

ઉપમા એટલે સદૃશપણું (કેટલેક અંશે સરખાપણું). તે કોઈ વખતે કોઈ વસ્તુનો નિશ્ચય

૧-૨. અહીં 'કૃતકત્વ' એ લિંગ, શબ્દમાં અનિત્યત્વને અંગે છે, અને ધૂમવત્ત્વલિંગ પર્વત ઉપર અગ્નિને અંગે કહ્યું છે, એટલે શબ્દની અનિત્યતા કૃતકત્વરૂપ લિંગથી, અને પર્વત ઉપર અગ્નિનું જ્ઞાન ધૂમાડાના લિંગથી થાય છે. એ પ્રમાણે કૃતકત્વ લિંગથી શબ્દનું અનિત્યપણું સાધ્ય છે, અને ધૂમવત્ત્વલિંગથી પર્વત ઉપર અગ્નિ સાધ્ય છે, જેથી શબ્દોઽનિત્યઃ કૃતકત્વાત્ અને પર્વતો વહ્નિમાન્ ધૂમવત્ત્વાત્ એ જ્ઞાન થાય છે, તે અનુમાન જ્ઞાન જાણવું.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇન્દ્રિયોથી પણ ન થઈ શકે તેમ હોય તો તેવી જાતિની સમાન લક્ષણવાળી બીજી વસ્તુથી પણ તે વસ્તુનો નિશ્ચય થાય છે. જેમ કે - રોઝ ગાય સરખું હોય છે, એવું જ્ઞાન જેણે પ્રથમ કરી લીધું છે, (તેમજ ગાયનું સ્વરૂપ દેખી લક્ષ્યમાં રાખી લીધું છે) એવો પ્રમાતા (રોઝને ઓળખવાની જિજ્ઞાસાવાળો) અટવીમાં ગયો હોય તો રોઝને દેખીને 'આ પશુ ગાય સરખું જ છે માટે રોઝ છે,' એ પ્રમાણે ગાય સરખું દેખવાથી તે ગવયનો-રોઝનો નિશ્ચય કરી શકે છે. (માટે એ ઉપમાજ્ઞાન કહેવાય.) ।। इति उपमामतिज्ञानम् ।।

એ પ્રમાણે એ બન્ને પ્રકારનું પણ જ્ઞાન કૃતકત્વાદિ લિંગ વડે અને સાદૃશ્ય વડે આત્મા ને વ્યવધાનવાળું (આંતરાવાળું એટલે વચમાં ઇન્દ્રિયોની અપેક્ષાવાળું) હોવાથી ઇન્દ્રિયપરોક્ષ મતિજ્ઞાન કહેવાય છે. તથા અભાવપ્રમાણ[૧] અને અર્થાપત્તિપ્રમાણ[૨] એ બે પ્રમાણ પણ ઇન્દ્રિયપરોક્ષ છે, પરંતુ તે કેવળ અનુમાનપ્રમાણમાં જ અંતર્ગત હોવાથી અહીં જુદાં કહ્યાં નથી. તથા શબ્દરૂપ જ્ઞાન તે શ્રુતજ્ઞાન આગળ કહેવાશે, અને પ્રત્યક્ષજ્ઞાનને તો ઇન્દ્રિયપ્રત્યક્ષ એ નામથી કહેલું જ છે. એ પ્રમાણે સર્વ પ્રમાણોનો સંગ્રહ ગણતાં ૬[૩] પ્રમાણ ગણાય છે. એ પ્રમાણે ઇન્દ્રિયપ્રત્યક્ષ અને ઇન્દ્રિયપરોક્ષ એ રીતે બે પ્રકારનું મતિજ્ઞાન કહ્યું. ।।इति द्विविधं मतिज्ञानम्।।

હવે શ્રુતજ્ઞાનનું સ્વરૂપ કહેવાય છે - 'केवलभासिय' ઇત્યાદિ. કેવળ એટલે કેવળજ્ઞાન, તે વડે ભાસિત એટલે પ્રગટ કરેલા જે પદાર્થો તેને પ્રતિપાદન કરનાર જે आगम એટલે द्वादशांगीરૂપ તે श्रुतज्ञान કહેવાય. એ શ્રુતજ્ઞાન તે शब्दप्रमाण કહેવાય. આ જ્ઞાનમાં પણ ઇન્દ્રિયોનું અને શબ્દનું વ્યવધાન હોવાથી પૂર્વ ગાથામાં કહેલું પરોક્ષપણું પ્રાપ્ત થાય છે જ. એ પ્રમાણે આ ગાથાનો અર્થ સમાપ્ત થયો. ।।इति श्रुतज्ञानभावप्रमाणम् ।।૧૪૨।।

अवतरणः [ ભાવપ્રમાણના પ્રતિભેદમાં નોસંખ્યાન ભાવપ્રમાણના પ્રતિભેદરૂપ ] જ્ઞાનપ્રમાણ કહ્યું, અને હવે ચક્ષુદર્શન આદિ ભેદથી ચાર પ્રકારનું दर्शनप्रमाण અને સામાયિક વગેરે ભેદથી પાંચ પ્રકારનું चारित्रप्रमाण, તથા નૈગમ-સંગ્રહ ઇત્યાદિ ભેદથી પાંચ પ્રકારનું नयप्रमाण આ ગાથામાં દર્શાવાય છે :

**चक्खूदंसणमाई, दंसणचरणं च सामइयमाई ।**
**नेगमसंगहववहारुज्जुसुए चेव सद्दनया ।।१४३।।**

गाथार्थः ચક્ષુદર્શન આદિ ચાર પ્રકારનું દર્શનપ્રમાણ, સામાયિક આદિ પાંચ પ્રકારનું ચારિત્રપ્રમાણ, અને નૈગમ - સંગ્રહ - વ્યવહાર - ઋજુસૂત્ર તેમજ નિશ્ચયે શબ્દનય એ પાંચ પ્રકારનું નયપ્રમાણ છે. ।।૧૪૩।।

टीकार्थः આ ગાથાના અર્થની વિશેષ વ્યાખ્યા પૂર્વે કહેવાઈ ગઈ છે, [ ૧૪૦મી ગાથાની

૧. ભૂતળમાં ઘટાભાવ ઇત્યાદિ રીતે અભાવને પ્રમાણ માનવામાં આવે છે, અને કેટલાક દર્શનવાળા તો અભાવને પદાર્થ તરીકે પણ માને છે.

૨. દેવદત્ત દિવસે ભોજન કરતો નથી. છતાં પુષ્ટ છે, તો સિદ્ધ થાય છે કે - રાત્રિભોજન કરે છે, એમાં દિવસના અભોજન ઉપરથી રાત્રિભોજનનું જ્ઞાન થવું તે अर्थापत्ति.

૩. પ્રત્યક્ષપ્રમાણ - અનુમાનપ્રમાણ - ઉપમાનપ્રમાણ - અભાવપ્રમાણ - અર્થાપત્તિપ્રમાણ અને શ્રુતપ્રમાણ (આગમપ્રમાણ), એ ૬ પ્રમાણ.

Jain Education International

For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યાખ્યામાં કહેવાઈ છે, તેથી જે કંઈ વિશેષતા છે તે દર્શાવાય છેઃ ]

વળી અહીં જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ આત્માના ગુણ છે, તો પૂર્વે[1] કહેલ ગુણપ્રમાણથી આ જ્ઞાનાદિ ગુણપ્રમાણો ભિન્ન કેમ કહ્યાં ? એવી શંકા ન કરવી, કારણ કે - અધિક વિસ્તારથી કહેવામાં શિષ્યની બુદ્ધિ વ્યુત્પન્ન (કુશળતાવાળી) થાય છે, એ ફળ છે. એ પ્રમાણે આ ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૧૪૩॥

अवतरणः એ પ્રમાણે સર્વ ભાવપ્રમાણ કહ્યું, (એટલે ભાવપ્રમાણના સર્વે ઉત્તરભેદ અને તેનું સ્વરૂપ કહ્યું), અને તે કહેવાથી દ્રવ્યપ્રમાણ - ક્ષેત્રપ્રમાણ - કાળપ્રમાણ અને ભાવપ્રમાણ એ ચારે પ્રકારનું પ્રમાણ કહ્યું. એ પ્રમાણો વડે દ્રવ્યો મપાય છે, તે કારણથી જ 'દ્રવ્યોનું પ્રમાણ તે દ્રવ્યપ્રમાણ' એવી વ્યુત્પત્તિ હોવાથી એ द्रव्यप्रमाणद्वार ગણાય છે. વળી આ ગ્રંથમાં ચાલુ અધિકારને વિષે મિથ્યાદૃષ્ટિ અને સાસ્વાદન વગેરે ૧૪ જીવસમાસરૂપ જીવદ્રવ્યો કહેવાનો પ્રસંગ ચાલે છે, માટે તે ૧૪ જીવદ્રવ્યો જ આ ચાર પ્રકારના પ્રમાણ વડે સમજાવતાં, જેટલાં છે તેટલાં આ [ અને બીજી ગાથાઓથી પણ ] દર્શાવાય છે [ અર્થાત્ હવે દરેક ગુણસ્થાનવર્તી જીવોનું ચાર ચાર પ્રકારનું પ્રમાણ કહેવાય છે ] :

**मिच्छादव्वमणंता, कालेणोसप्पिणी अणंताउ ।**
**खेत्तेण मिज्जमाणा, हवंति लोगा अणंताउ ॥१४४॥**

गाथार्थः મિથ્યાદૃષ્ટિ જીવો દ્રવ્યથી અનન્ત છે, કાળથી અનન્ત ઉત્સર્પિણી-અવસર્પિણી જેટલા છે, અને ક્ષેત્રથી માપતાં અનન્ત લોકપ્રમાણ છે. ॥૧૪૪॥

टीकार्थः અહીં દ્રવ્યથી મિથ્યાદૃષ્ટિ જીવદ્રવ્યો અનન્ત છે. અને कालेण = કાળથી માપીએ તો તે જ મિથ્યાદૃષ્ટિ જીવદ્રવ્યો અનન્ત ઉત્સર્પિણી-અવસર્પિણી જેટલાં છે. શું કહ્યું ? (એનું તાત્પર્ય શું ?) - અનન્ત ઉત્સર્પિણી અને અવસર્પિણીના જેટલા સમયો છે, સમગ્ર લોકાકાશમાં રહેલા એકેન્દ્રિયાદિ મિથ્યાદૃષ્ટિ જીવદ્રવ્યો સર્વ મળીને પણ તેટલા જ થાય છે. તથા खेत्तेण = ક્ષેત્રથી માપતાં તે મિથ્યાદૃષ્ટિ જીવદ્રવ્યો અનન્ત લોકપ્રમાણ છે, એટલે અનન્ત લોકાકાશના જેટલા આકાશપ્રદેશ થાય તેટલા છે. અહીં ભાવપ્રમાણથી માપતાં મિથ્યાદૃષ્ટિ જીવદ્રવ્યો કેટલાં છે ? તે કહ્યું નથી, કારણ કે ભાવપ્રમાણમાં દ્રવ્ય, ક્ષેત્ર અને કાળ એ ત્રણ પ્રમાણ પણ અંતર્ગત હોઈ તે જ ભાવપ્રમાણ તે પ્રમાણરૂપ ગણાય છે. તે આ પ્રમાણે - ભાવપ્રમાણમાં સંખ્યાત, અસંખ્યાત અને અનન્ત એ ત્રણ પ્રકારની સંખ્યા કહી છે, અને દ્રવ્યો પણ મુખ્યત્વે એ જ ત્રણ સંખ્યાઓ વડે મપાય છે. અને દ્રવ્ય, ક્ષેત્ર અને કાળ એ ત્રણ તો સંખ્યેય છે, અને એ રીતે સંખ્યેય હોવાથી જ ઉપાધિપણે વર્તતા તે ત્રણે ગુણરૂપ ગૌણ જ છે, (એટલે ભાવરૂપ જ છે). માટે મુખ્યત્વે ભાવપ્રમાણ સર્વત્ર અંતર્ગત હોવાથી (એટલે દ્રવ્યમાં, ક્ષેત્રમાં અને કાળપ્રમાણમાં પણ અંતર્ગત હોવાથી) વસ્તુતઃ ભાવપ્રમાણ વડે જ દ્રવ્યો મપાય છે. માટે અહીં ભાવપ્રમાણ જુદું સમજાવ્યું - કહ્યું નથી. એ પ્રમાણે અન્યત્ર (શેષ ગુણસ્થાનરૂપ જીવભેદોના પ્રમાણમાં) પણ સમજવું. એ ગાથાર્થ સમાપ્ત થયો. ॥૧૪૪॥

---

૧. गुणनोगुणनिप्फन्नं ઈત્યાદિ પદોવાળી ૧૩૪મી ગાથામાં ગુણનિષ્પન્નપ્રમાણ કહ્યું છે, તેની વ્યાખ્યામાં જ્ઞાનાદિ અને વર્ણાદિ ગુણોને ગુણનિષ્પન્નપ્રમાણમાં ગણ્યા છે માટે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अवतरणः હવે આ ગાથામાં સાસ્વાદન ગુણસ્થાનવર્તી જીવો તથા મિશ્રદૃષ્ટિ ગુણસ્થાનવાળા જીવોનું પ્રમાણ કેટલું છે ? તે કહે છે :

**एगाईया भज्जा, सासायण तह य सम्ममिच्छा उ ।**
**उक्कोसेणं दोण्हवि, पल्लस्स असंखभागो उ ॥१४५॥**

गाथार्थः સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ અને મિશ્રદૃષ્ટિ જીવો ભજનાએ હોય છે, (કદી હોય અને કદી ન પણ હોય) અને જો હોય તો જઘન્યથી એકાદિ હોય છે, અને ઉત્કૃષ્ટથી બન્ને ગુણસ્થાનવાળા જીવો પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા હોય છે. ॥૧૪૫॥

टीकार्थः સાસ્વાદન ગુણસ્થાની અને મિશ્ર ગુણસ્થાની જીવો અધ્રુવ હોવાથી લોકમાં કદાચિત્ હોય છે, અને કદાચિત્ ન પણ હોય. અને જો હોય તો એકાદિ ભાજ્ય-વિકલ્પે હોય, એટલે એ બન્ને ગુણસ્થાનવાળા પ્રત્યેક એક અથવા બે અથવા ત્રણ હોય છે, તે યાવત્ ઉત્કૃષ્ટથી બન્ને રાશિના પ્રત્યેકના ક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશપ્રદેશો હોય તેટલા સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ અને તેટલા મિશ્રદૃષ્ટિ પણ હોય છે. એ રીતે ઉત્કૃષ્ટ સંખ્યાથી કદાચિત્ હોય છે. એ ગાથાર્થ સમાપ્ત થયો. ॥૧૪૫॥

अवतरणः હવે અવિરત સમ્યગ્દૃષ્ટિ વગેરે જીવોનું પ્રમાણ કહે છે :

**पल्लासंखियभागो, अविरयसम्मा य देसविरया य ।**
**कोडिसहस्सपुहत्तं, पमत्त इयरे उ संखेज्जा ॥१४६॥**

गाथार्थः અવિરત સમ્યગ્દૃષ્ટિ અને દેશવિરતિ જીવો પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા છે, પ્રમત્ત ગુણસ્થાનવર્તી જીવો પૃથક્ત્વ હજારક્રોડ જેટલા હોય, અને ઇતર એટલે અપ્રમત્તાદિ ગુણસ્થાનવર્તી જીવો પ્રત્યેક સંખ્યાતા હોય છે. ॥૧૪૬॥

टीकार्थः અહીં (લોકમાં) અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો, દેશવિરતિ જીવો, પ્રમત્ત ગુણસ્થાનવર્તી જીવો અને અપ્રમત્ત ગુણસ્થાનવર્તી જીવો એ ચારે રાશિ ધ્રુવ હોવાથી સર્વ લોકને આશ્રયિ તેઓનો કદી પણ વિચ્છેદ (અભાવ) હોતો નથી. માટે તે ચારે રાશિના જીવોની સંખ્યાનો અહીં (ધ્રુવપણે) વિચાર કરાય છે, તે આ પ્રમાણે :

એ દરેક ગુણસ્થાનવર્તી જીવો લોકમાં કેટલા હોય છે ? તે કહેવાય છે કે - તેમાં अविरत सम्यग्दृष्टि જીવો જઘન્યથી પણ ક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશપ્રદેશોનો રાશિ હોય છે તેટલા હોય છે, અને ઉત્કૃષ્ટથી પણ એટલા જ (અર્થાત્ ક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમાં ભાગવર્તી આકાશપ્રદેશો જેટલા જ) હોય છે. પરંતુ અસંખ્યાતના અસંખ્યભેદ હોવાથી જઘન્યપદના અસંખ્યાતથી ઉત્કૃષ્ટપદવાળું અસંખ્યાત મોટું જાણવું, અને તે પણ અસંખ્યાતગુણ મોટું જાણવું.

તથા દેશવિરતિ જીવો પણ એટલા પ્રમાણના જ (એટલે ક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગવર્તી આકાશપ્રદેશો જેટલા જ) છે, પરંતુ પલ્યોપમનો આ અસંખ્યાતમો ભાગ સમ્યગ્દૃષ્ટિ જીવોથી મોટો જાણવો, અને દેશવિરતિ જીવોનો તેથી ઘણો નાનો જાણવો.

તથા कोडिसहस्सपुहत्तं पमत्त = અહીં પ્રમત્ત તે પૂર્વે કહેલા અર્થ-સ્વરૂપવાળા છઠ્ઠા


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણસ્થાનવાળા જીવો તે પ્રમત્ત સંયત તે સામાન્યથી પંદર કર્મભૂમિઓમાં ઉત્પન્ન થયેલાની અપેક્ષાએ ગણીએ તો જઘન્યથી પણ હજારક્રોડ પૃથક્ત્વ હોય, અને ઉત્કૃષ્ટથી પણ હજારક્રોડ પૃથક્ત્વ હોય છે. અહીં બેથી પ્રારંભીને નવ સુધીની સંખ્યા તે 'પૃથક્ત્વ' એવી સિદ્ધાન્તસંજ્ઞા છે. તેથી જઘન્યથી પણ બે હજાર ક્રોડથી ઉપર અને ઉત્કૃષ્ટથી પણ નવ હજાર ક્રોડ સુધીની સંખ્યા જેટલા પ્રમત્ત સંયત જીવો હોય છે એમ કહ્યું છે. (એ પ્રમાણે છટ્ઠા ગુણસ્થાનવર્તી જીવો ૯૦૦૦ ક્રોડ સુધીના કહ્યા.)

તથા પૂર્વે કહેલા શબ્દાર્થ(સ્વરૂપ)વાળા અપ્રમત્ત મુનિઓ સંખ્યાતા પ્રાપ્ત થાય છે. પ્રમત્ત મુનિઓથી અપ્રમત્ત મુનિઓ અત્યંત અલ્પ હોય છે, એ તાત્પર્ય છે. એ પ્રમાણે આ ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૧૪૬॥

अवतरणः હવે આઠમું અપૂર્વકરણ ગુણસ્થાન, નવમું અનિવૃત્તિબાદર ગુણસ્થાન, અને દશમું સૂક્ષ્મસંપરાય ગુણસ્થાન, એ ત્રણ ગુણસ્થાનોમાં મોહનીયકર્મના ઉપશમક (મોહને ઉપશમાવનારા), અને મોહનીયકર્મના ક્ષપક (મોહનો ક્ષય કરનારા) એ બે જ હોય છે, પરંતુ બીજા હોતા નથી. તથા ઉપશાંતમોહરૂપ અગિઆરમા ગુણસ્થાનમાં તો ઉપશાંત થઈ ગયેલ મોહવાળા જ, અને બારમા ક્ષીણમોહ ગુણસ્થાનમાં ક્ષીણમોહી (જેઓનો મોહ સર્વથા ક્ષય પામેલો હોય તેવા જ) જીવો હોય છે, પરંતુ બીજા નહિ. તે સર્વ સ્વરૂપ પહેલાં ગુણસ્થાનોના વિચારમાં કહેવાઈ ગયું છે, તે કારણથી અહીં આઠમા અપૂર્વકરણ ગુણસ્થાનથી પ્રારંભીને બારમા ક્ષીણમોહ ગુણસ્થાન સુધીનાં પાંચ ગુણસ્થાનોમાં જેટલા જીવો હોઈ શકે તેટલા જીવોનું પ્રમાણ મોહના ઉપશમક, મોહના ક્ષપક, ઉપશાન્તમોહ, અને ક્ષીણમોહ જીવોના પ્રમાણ દ્વારા વિચારવાની ઇચ્છાએ પ્રથમ આ ગાથામાં મોહના ઉપશમક[૧] જીવોનું તથા ઉપશાન્ત[૨]મોહી જીવોનું પ્રમાણ કહે છે :

**एगाई भयणिज्ञा, पवेसणेणं तु जाव चउपन्ना ।**
**उवसामगोवसंता, अद्धं पड़ जाव संखेज्ञा ॥१४७॥**

गाथार्थः ઉપશમક અને ઉપશાન્ત જીવો ભજનાએ = વિકલ્પે એક - બે ઇત્યાદિ પ્રવેશથી હોય, અને ઉત્કૃષ્ટથી ચોપન (૫૪) હોય, અને ઉપશમકાદ્ધા તથા ઉપશાન્તાદ્ધા આશ્રયી ઉત્કૃષ્ટથી સંખ્યાતા સુધી પણ હોય. ॥૧૪૭॥

टीकार्थः અહીં મોહનીયકર્મના ઉપશમક જીવો અને સર્વથા ઉપશાન્ત થઈ ગયેલ મોહવાળા (= ઉપશાન્તમોહી) જીવો આ લોકમાં કદાચિત્ હોય, અને કદાચિત્ ન પણ હોય. ત્યાં ન હોવાનું કારણ કે શ્રેણિનો-ઉપશમશ્રેણિનો વિરહકાળ પણ હોય છે માટે. (અર્થાત્ એ જીવો ઉપશમશ્રેણિમાં જ હોય છે, અને ઉપશમશ્રેણિ તો કોઈ વખતે હોય અને કોઈ વખતે ન પણ હોય માટે). ત્યાં જ્યારે એ જીવો કદાચિત્ હોય છે, તો વિકલ્પે એ ઉપશમક અને ઉપશાન્ત જીવો એકાદિ હોય, અર્થાત્ એ પ્રત્યેક એક અથવા બે અથવા ત્રણ તે યાવત્ ચોપન સુધી હોય

૧-૨. મોહનીયકર્મને હજી ઉપશાન્ત કર્યું નથી, પરંતુ ઉપશાન્ત કરવાને તત્પર-સન્મુખ થઈ ગયા છે, તે આઠમા, નવમા, દશમા ગુણસ્થાનવાળા જીવો उपशमक કહેવાય, અને દશમાને અન્તે મોહ શાંત થયા બાદ પ્રાપ્ત થયેલ ૧૧મા ગુણસ્થાનવાળા જીવો उपशांतमोही કહેવાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. કઈ રીતે એકથી ચોપન સુધી છે ? તે કહે છે કે - पवेसणेणं = પ્રવેશ વડે એટલે ઉપશમશ્રેણિમાં એક સમયે સમકાળે પ્રવેશ કરતા જીવોની અપેક્ષાએ (૧ થી ૫૪ સુધી છે). અર્થાત્ એક સમયમાં સમકાળે એકથી ચોપન સુધી જીવો ઉપશમશ્રેણિ અંગીકાર કરે છે, પરંતુ એથી અધિક જીવો અંગીકાર કરતા નથી, એવી સિદ્ધાન્તમાં નિશ્ચય કહેલો છે, એ તાત્પર્ય છે.

એ પ્રમાણે એ ચોપન જીવો એક સમયમાં સમકાળે પ્રવેશ કરનાર હોવાની અપેક્ષાએ કહ્યા. પરંતુ અનેક સમયમાં પ્રવેશ કરતા અનેક જુદા જુદા જીવો આશ્રયી એ ઉપશમક અને ઉપશાન્ત જીવો કેટલા હોય ? તે કહે છે - अद्धं पइ जाव संखेज्ञा = એમાં अद्धा એ શબ્દ વડે ઉપશમશ્રેણિના પ્રારંભથી ઉપશમશ્રેણિની સમાપ્તિ સુધીનો (અન્તર્મુ૦) કાળ કહ્યો છે, અને તે અસંખ્યાત સમય પ્રમાણ અન્તર્મુહૂર્તનો જાણવો. કારણ કે ઉપશમશ્રેણિ અન્તર્મુહૂર્ત બાદ નિરન્તર[1] હોતી નથી. તે કારણથી અન્તર્મુહૂર્તરૂપ ઉપશમશ્રેણિના કાળને આશ્રયી વિચારતાં ઉપશમક જીવો અને ઉપશાંત જીવો અન્ય અન્ય સમયમાં પ્રવેશેલા ત્યાં સુધી પ્રાપ્ત થાય કે જ્યાં સુધી ઉત્કૃષ્ટથી સંખ્યાત થાય. અહીં તાત્પર્ય એ છે કે - ઉપશમશ્રેણિના અન્તર્મુહૂર્તરૂપ કાળમાં પહેલે સમયે સમકાળે એકથી માંડીને યાવત ઉત્કૃષ્ટથી ૫૪ (ચોપન) જીવો દાખલ થયા. ત્યારબાદ બીજે સમયે પણ સમકાળે એટલા જ જીવો બીજા દાખલ થયા. એ પ્રમાણે તે અન્તર્મુહૂર્તના સર્વ જુદા જુદા સમયોમાં પ્રવેશ કરેલા સર્વ જીવોની અપેક્ષાએ વિચારીએ તો ઉપશમશ્રેણિના સંપૂર્ણ અન્તર્મુહૂર્ત કાળમાં પંદર કર્મભૂમિઓમાં મળીને કોઈ વખતે સંખ્યાતા ઉપશમક જીવો અને સંખ્યાતા ઉપશાંતમોહ જીવો પણ પ્રાપ્ત થાય. અને ત્યારબાદ (એટલે શ્રેણિનું અન્તર્મુહૂર્ત સમાપ્ત થયા બાદ)તો ઉપશમશ્રેણિના નિરંતરપણાનો જ અભાવ છે. (અર્થાત્ ત્યારબાદ તો ઉપશમશ્રેણિનો જ અભાવ થાય છે).

प्रश्नः- ઉપશમશ્રેણિના અન્તર્મુહૂર્તપ્રમાણ કાળમાં પણ અસંખ્યાત સમયો હોય છે, માટે તે કાળમાં પ્રતિસમય જો એકેક જીવ પ્રવેશ કરે તો પણ અસંખ્યાતા જીવનો પ્રવેશ થાય, તો પછી પ્રતિસમય ચોપન ચોપન જીવ પ્રવેશતાં સર્વ પ્રવેશેલા જીવો અસંખ્યાતા થાય તેમાં તો નવાઈ જ શી ? (માટે પ્રવેશની અપેક્ષાએ સર્વ અદ્ધામાં અસંખ્ય જીવો ઉપશમક અને અસંખ્ય જીવો ઉપશાંતમોહી ગણવા જોઈએ - એ તાત્પર્ય).

उत्तरः- અહીં સમાધાન કહેવાય છે કે - અન્તર્મુહૂર્તના તે અસંખ્યાત સમયોમાં સર્વમાં જો પ્રતિસમય તેવો પ્રવેશ ચાલુ રહે તો તેમ બની શકે, પરંતુ તેમ નથી. કારણ કે અંતર્મુહૂર્તમાંના કેટલાક સમયોમાં જ તેવો પ્રવેશ ચાલુ રહે છે, એ બાબતમાં અતિશાયી જ્ઞાનીઓએ (શ્રી સર્વજ્ઞોએ) એ પ્રમાણે જ દેખેલું છે. તેમજ બીજી વાત એ છે કે - ઉપશમશ્રેણિમાં પ્રવેશ કરનારા ગર્ભજ મનુષ્યો અને તે પણ વિશેષતઃ ચારિત્રીઓ જ હોય છે. અને ગર્ભજ મનુષ્ય અસંખ્યાત નથી પરંતુ સંખ્યાતા જ છે. હવે ચારિત્રી એવા ગર્ભજ મનુષ્ય સિવાયનો બીજો કોઈપણ જીવ તો ઉપશમશ્રેણિ અંગીકાર કરતો નથી. (તો અસંખ્યાત ઉપશમક અને અસંખ્યાત ઉપશાન્ત જીવો પ્રતિસમય પ્રવેશની અપેક્ષાએ પણ કેવી રીતે હોય ?) માટે હવે એ બાબતમાં વિશેષ

૧. અન્તર્મુહૂર્ત પૂર્ણ થયા બાદ પણ ઉપશમશ્રેણિ સતત ચાલુ રહે તો તે નિરન્તર ઉપ. શ્રેણિ કહેવાય, પરંતુ તેમ બનતું નથી. કારણ કે ઉપ. શ્રેણિનો નિરન્તર કાળ અન્તર્મુહૂર્ત છે, તે સમાપ્ત થયા બાદ બીજી ઉપ. શ્રેણિ જઘન્યથી પણ અમુક સમયને અંતરે પ્રારંભાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિસ્તારથી સર્યું, તે કારણથી અહીં એ સિદ્ધ થયું કે - અપૂર્વકરણ, અનિવૃત્તિબાદર અને સૂક્ષ્મસંપરાય એ ત્રણ ગુણસ્થાનોમાં પ્રત્યેકમાં સમકાળે એક સમયે પ્રવેશેલા જીવો જઘન્યથી એક આદિ, અને ઉત્કૃષ્ટથી ચોપન; એટલા મોહનીયકર્મના ઉપશમક કોઈક વખતે પ્રાપ્ત થાય છે. અને અનેક સમયમાં પ્રવેશેલા જીવોની અપેક્ષાએ તો ઉત્કૃષ્ટથી સંખ્યાતા જ જીવો કોઈ વખતે આ લોકમાં પ્રાપ્ત થાય છે. તેમજ ઉપશાંતમોહ ગુણસ્થાનમાં પણ એ પ્રમાણે જ જાણવું. [એક સમયમાં પ્રવેશેલા જીવોની અપેક્ષાએ જઘન્યથી એક આદિ અને ઉત્કૃષ્ટથી ચોપન, તેમજ અનેક સમયમાં પ્રવેશેલાની અપેક્ષાએ ઉત્કૃષ્ટથી સંખ્યાત જીવો પ્રાપ્ત થાય છે.] પરન્તુ તફાવત એ છે કે ઉપશમકને બદલે ઉપશાંત શબ્દ કહેવો. એ પ્રમાણે આ ગાથાનો અર્થ સમાપ્ત થયો. ।। इति ८-९-१०-११ गुणस्थानवर्त्तिजीवप्रमाणम् ।।૧૪૭।।

अवतरण: હવે આ ગાથામાં મોહનીયકર્મના ક્ષપક અને ક્ષીણમોહી જીવોનું (એટલે ક્ષપકશ્રેણિ સંબંધી ૮-૯-૧૦મા ગુણસ્થાનવર્તી જીવોનું તથા ૧૨મા ક્ષીણમોહ ગુણસ્થાનવર્તી જીવોનું) પ્રમાણ કહે છે. તે આ પ્રમાણે :

**खवगा उ खीणमोहा, जिणा उ पविसन्ति जाव अट्ठसयं ।**
**अद्धाए सयपुहत्तं, कोडिपुहत्तं सजोगीणं ।।१४८।।**

गाथार्थ: ક્ષપક અને ક્ષીણમોહી જીવો એક સમયમાં ૧ થી યાવત્ ૧૦૮ સુધી પ્રવેશે છે, અને સર્વ કાળ આશ્રયિ વિચારતાં ઉપશમક તથા ક્ષપકો શતપૃથક્ત્વ અને સયોગી જિન (= ૧૩મા ગુણસ્થાની જીવો) ક્રોડ પૃથક્ત્વ પ્રાપ્ત થાય છે. ।।૧૪૮।।

टीकार्थ: અહીં પણ (ક્ષપકશ્રેણિમાં પણ) મોહનીયકર્મના ક્ષપક અને ક્ષીણમોહી ગુણસ્થાનવાળા જીવો આ જગતમાં કોઈ વખત હોય છે, અને કોઈ વખત ન પણ હોય. કારણ કે ક્ષપકશ્રેણિ નિરન્તર ચાલુ રહેતી નથી. તે કારણથી જ્યારે તે ક્ષપકો અને રાગાદિ શત્રુઓને જીતવા વડે ક્ષીણમોહીરૂપ જિનો ક્ષપકશ્રેણિમાં વર્તતા હોય ત્યારે એક સમયમાં સમકાળે ક્ષપકશ્રેણિમાં પ્રવેશ કરવાની અપેક્ષાએ જઘન્યથી એક આદિ, અને ઉત્કૃષ્ટથી એકસો આઠ (૧૦૮) જીવો પ્રાપ્ત થાય છે. અહીં મૂળ ગાથામાં 'प्राप्यते = પ્રાપ્ત થાય છે' એ અર્થવાળો શબ્દ કહ્યો નથી, તો પણ અધ્યાહારથી ગ્રહણ કરવો. વળી એ જીવો અપૂર્વકરણ - અનિવૃત્તિબાદર અને સૂક્ષ્મસંપરાય એ ત્રણ ગુણસ્થાનોમાં વર્તતા હોય ત્યારે ક્ષપક કહેવાય, અને શ્રેણિના મસ્તકે પ્રાપ્ત થયેલા એટલે ક્ષીણમોહ ગુણસ્થાનમાં વર્તતા હોય ત્યારે ક્ષીણમોહી કહેવાય. [ હવે અહીં ૧૦૮ જ જીવ પ્રાપ્ત કેમ થાય ? તે સંબંધી શંકા - સમાધાન. ] :

प्रश्न:- એ ક્ષપક અને ક્ષીણમોહી જીવો એક સમયમાં સમકાળે પ્રવેશ કરવાની અપેક્ષા એટલા જ (૧૦૮ જ) કેમ પ્રાપ્ત થાય ? અધિક કેમ નહિ ?

उत्तर:- અહીં સમાધાન એ કહેવાય છે કે 'पविसन्ति जाव अट्ठसयं' જે કારણથી ક્ષપકશ્રેણિમાં એક સમયમાં સમકાળે જઘન્યથી એકાદિ અને ઉત્કૃષ્ટથી યાવત્ ૧૦૮ સુધીના જ જીવોનો પ્રવેશ હોય છે, પણ તેથી અધિક નહિ, એવી સિદ્ધાન્તનો નિયમ છે. (અર્થાત્ સિદ્ધાન્તોમાં એ જ નિયમ કહ્યો છે.) એ તાત્પર્ય છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ પ્રમાણે ક્ષપકશ્રેણિમાં એક સમયે સમકાળે પ્રવેશ કરનારા જીવોની અપેક્ષાએ એ પ્રમાણે કહ્યું. હવે ક્ષપકશ્રેણિના અનેક સમયોમાં પ્રવેશ કરનારા જીવોની અપેક્ષાએ (ક્ષપક અને ક્ષીણમોહીઓનું) પ્રમાણ કહે છે :

अद्धाए सयपुहत्तं = એમાં अद्धा એટલે ક્ષપકશ્રેણિનો કાળ, અને તે પણ અસંખ્યાત સમય પ્રમાણના અન્તર્મુહૂર્ત જેટલો જાણવો. તે કહેલા સ્વરૂપવાળા ક્ષપકશ્રેણિના કાળમાં ઉત્કૃષ્ટથી ક્ષપક અને ક્ષીણમોહીઓ પ્રત્યેક શતપૃથક્ત્વ જેટલા પ્રાપ્ત થાય છે. એમાં તાત્પર્ય એ છે કે - અન્તર્મુહૂર્ત પ્રમાણના ક્ષપકશ્રેણિના કાળમાં એક સમયે સમકાળે એકાદિથી પ્રારંભીને યાવત્ ૧૦૮ જીવો ઉત્કૃષ્ટથી મોહનો ક્ષય કરવા માટે પ્રવેશ્યા. ત્યારબાદ બીજા - ત્રીજા આદિ અન્ય અન્ય સમયોમાં બીજા પણ ઘણા જીવોનો નવો પ્રવેશ થાય છે. તેથી એ રીતે અનેક સમયોમાં પ્રવેશેલા સર્વ જીવોની અપેક્ષાએ વિચારીએ તો ક્ષપકશ્રેણિના અંતર્મુહૂર્તપ્રમાણના સર્વ કાળમાં પ્રવેશેલા જીવોની અપેક્ષાએ સામાન્યથી સર્વ મનુષ્યક્ષેત્રમાં કોઈ વખત શતપૃથક્ત્વ ક્ષપક અને શતપૃથક્ત્વ જેટલા ક્ષીણમોહી જીવો પ્રાપ્ત થાય છે. અને ત્યારબાદ તો ક્ષપકશ્રેણિ પણ નિરન્તર પ્રવર્તતી નથી. અહીં પણ આ જીવો અસંખ્ય કેમ ન હોય ? એની શંકા અને તેનું સમાધાન પૂર્વવત્ (ઉપશમક અને ઉપશાંત જીવોના સંબંધમાં કહેવાઈ ગયું છે તે પ્રમાણે) કહેવું. તેથી હવે અહીં એમ સિદ્ધ થયું કે - અપૂર્વકરણ, અનિવૃત્તિબાદર અને સૂક્ષ્મસંપરાય એ ત્રણ ગુણસ્થાનોમાં પ્રત્યેકમાં સમકાળે એક સમયે પ્રવેશેલા જીવોની અપેક્ષાએ જઘન્યથી એકાદિ અને ઉત્કૃષ્ટથી શતપૃથક્ત્વ ક્ષપકો [ મનુષ્યક્ષેત્રમાં સર્વ મળીને ] પ્રાપ્ત થાય છે. અને અનેક સમયમાં પ્રવેશેલા જીવોની અપેક્ષાએ ઉત્કૃષ્ટથી પૂર્વે કહેલા શબ્દાર્થવાળા શતપૃથક્ત્વપ્રમાણ - (એટલે ૨૦૦થી ૯૦૦ સુધીની સંખ્યાવાળા) જ ક્ષપકો કોઈ વખતે પ્રાપ્ત થાય છે. તેમજ ક્ષીણમોહ ગુણસ્થાનવર્તી જીવોની સંખ્યા પણ એ પ્રમાણે જ કહેવી. તફાવત એ જ કે ક્ષપક શબ્દને બદલે ક્ષીણમોહ શબ્દ કહેવો. ।। इति क्षपक અને क्षीणमोह जीवोनी संख्या ।।

એ પ્રમાણે પૂર્વ ગાથામાં કહેલા મોહનીયના ઉપશમક આશ્રયિને, અને આ ગાથામાં કહેલા મોહનીયના ક્ષપક જીવોને આશ્રયિ, સર્વ મળીને અપૂર્વકરણ ગુણસ્થાન, અનિવૃત્તિબાદર ગુણસ્થાન અને સૂક્ષ્મસંપરાય ગુણસ્થાન, એ ત્રણ ગુણસ્થાનમાં વર્તતાં જીવદ્રવ્યોની સંખ્યા વિચારવી. કારણ કે એ કહેલાં ત્રણ ગુણસ્થાનોમાં એજ બે (એ બે જ) રાશિના જીવો વર્તતા હોય છે. ત્યાં ઉપશાંતમોહ ગુણસ્થાનમાં ઉપશાંતમોહી જીવદ્રવ્યો જ, અને ક્ષીણમોહ ગુણસ્થાને ક્ષીણમોહી જીવદ્રવ્યો જ વર્તે છે, એ નિશ્ચય જ છે. ।। इति ૧૨ गुणस्थान सुधीना जीवोनुं प्रमाण।।

એ પ્રમાણે ક્ષીણમોહ ગુણસ્થાન સુધીના ગુણસ્થાનમાં વર્તનારાં જીવદ્રવ્યોનું જુદું જુદું, પ્રમાણ કહ્યું. હવે સયોગી ગુણસ્થાનમાં વર્તનારા સયોગિકેવલી જીવદ્રવ્યોનું પ્રમાણ કહે છે - સયોગિકેવલિઓનો રાશિ સર્વદા અવસ્થિત જ હોય છે. પરંતુ વિચ્છેદ પામતો નથી. અને તે સામાન્યથી પંદર કર્મભૂમિઓને આશ્રયિ જઘન્યથી ક્રોડપૃથક્ત્વ[1] પ્રમાણ હોય છે, અને ઉત્કૃષ્ટથી પણ ક્રોડ[2]પૃથક્ત્વ પ્રમાણ હોય છે. તથા અયોગીકેવલી તો કદાચિત્ હોય અને

૧. ૨. જઘન્યથી ૨ ક્રોડ, અને ઉત્કૃષ્ટથી ૯ ક્રોડ.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કદાચિત્ ન પણ હોય. જો હોય તો જઘન્યથી એક અથવા બે, અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા હોય છે. તે વાત ગ્રંથકર્તાએ (મૂળ ગાથામાં) કહી નથી, તે સુગમ હોવાથી અથવા તો બીજા કોઈ કારણથી નથી કહી તે પોતાની મેળે જ વિચારવું. એ પ્રમાણે આ ગાથાનો અર્થ સમાપ્ત થયો. ||૧૪૮||

अवतरण: એ પ્રમાણે ચાલુ વિષયમાં વર્ણવાતાં ૧૪ ગુણસ્થાનરૂપ ૧૪ જીવસમાસમાં વર્તતાં જીવદ્રવ્યોનું પ્રમાણ કહ્યું. હવે એ જ જીવદ્રવ્યોનું પ્રમાણ નારક આદિ (ચાર) ગતિના ભેદથી કહેવાનું છે, ત્યાં પ્રથમ નરકગતિમાં જીવદ્રવ્યનું પ્રમાણ કહેવાય છે (અર્થાત્ ગતિમાર્ગણામાં જીવદ્રવ્યોનું પ્રમાણ પ્રરૂપાય છે) :

**पढमाए असंखेज्जा, सेढीओ सेसियासु पुढवीसु ।**
**सेढीअसंखभागो, हवंति मिच्छाउ नेरइया ॥१४९॥**

गाथार्थ: પહેલી પૃથ્વીમાં મિથ્યાદૃષ્ટિ નારક જીવો અસંખ્યાત શ્રેણિપ્રમાણ છે, અને શેષ પૃથ્વીઓમાં મિથ્યાદૃષ્ટિ નારકો શ્રેણિના અસંખ્યાતમા ભાગ જેટલા છે. ||૧૪૯||

टीकार्थ: પહેલી રત્નપ્રભા નામની પૃથ્વીમાં મિથ્યાદૃષ્ટિ નારકો અસંખ્યાત શ્રેણિ જેટલા છે. અર્થાત્ સંવર્તીને ઘન કરેલા લોકાકાશની અસંખ્ય શ્રેણિઓમાં જેટલા આકાશપ્રદેશ હોય તેટલા પ્રમાણવાળા સર્વ મિથ્યાદૃષ્ટિ નારકો પહેલી પૃથ્વીમાં છે – એ ભાવાર્થ છે. તથા सेसियासु = શેષ શર્કરાપ્રભા આદિ છ નરક પૃથ્વીઓમાં પ્રત્યેકમાં ઘનીકૃત લોકની એક જ શ્રેણિના પણ અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશપ્રદેશ હોય તેટલા મિથ્યાદૃષ્ટિ નારકો છે.

અહીં બીજી પૃથ્વીમાં (શર્કરાપ્રભામાં) શ્રેણિના અસંખ્યાતમા ભાગ જેટલા જે નારકો કહ્યા, તેથી ત્રીજી પૃથ્વીના નારકો જો કે 'શ્રેણિના અસંખ્યાતમા ભાગ જેટલા' એ વ્યપદેશ વડે તુલ્ય છે, પરંતુ બીજીથી ત્રીજીના નારકો અસંખ્યાતમા ભાગ જેટલા જાણવા. (એટલે અસંખ્યગુણહીન જાણવા.) કારણ કે અસંખ્યાતના અસંખ્યાત ભેદ છે. એ પ્રમાણે જ ત્રીજી પૃથ્વીના નારકોથી ચોથી પૃથ્વીના નારકો પણ અસંખ્યાતમા ભાગ જેટલા જ જાણવા, અને એ પ્રમાણે યાવત્ છઠ્ઠી પૃથ્વીના નારકોથી સાતમી પૃથ્વીના નારકો પણ અસંખ્યાતમા ભાગ જેટલા જ હોય છે. (અહીં સર્વથી પહેલી પૃથ્વીમાં જ ઘણા નારકો કેમ ? અને શેષ છમાં ઘણા અલ્પ કેમ ? તે સંબંધમાં સમાધાન એ છે કે –)

ઘણા અસંજ્ઞી જીવો મત્સ્ય વગેરે પહેલી પૃથ્વીમાં જ ઉત્પન્ન થાય છે, તેથી આગળ નહિ. માટે તે પહેલી પૃથ્વીમાં ઘણા નારક જીવો પ્રાપ્ત થાય છે. વળી સંજ્ઞી જીવો પણ બહુ ઘણા, અતિ ઘણા અને અતિશય ઘણા સંકેલશયુક્ત હોય તે જ અનુક્રમે બીજી આદિ નરકપૃથ્વીઓમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય છે; અને તેવા સંકલેશવાળા સંજ્ઞી જીવો અનુક્રમે અલ્પ, અલ્પતર અને અલ્પતમ હોય છે, તે કારણથી બીજી આદિ પૃથ્વીઓમાં પણ નારક જીવોની અનુક્રમે હીનતા વિચારવી. એ પ્રમાણે મિથ્યાદૃષ્ટિ[1] નારકોનું પ્રમાણ કહ્યું.

૧. અહીં ગ્રંથનો પ્રસ્તુત વિષય ૧૪ ગુણસ્થાનો સંબંધી હોવાથી નરકગતિમાં પણ જીવોનું પ્રમાણ ગુણસ્થાનભેદે કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા સાસ્વાદન ગુણસ્થાનવર્તી અને મિશ્રદૃષ્ટિ ગુણસ્થાનવર્તી નારક જીવો સાતે પૃથ્વીઓમાં કદાચિત્ હોય અને કદાચિત્ ન પણ હોય. અને જો હોય તો પૂર્વે જેમ ચારે ગતિઓને આશ્રયિ સામાન્યથી એ બે ગુણસ્થાનવર્તી જીવો પ્રત્યેક ઉત્કૃષ્ટથી સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા કહ્યા છે, તે અનુસારે અહીં પણ (સાતે પૃથ્વીઓમાં સર્વ મળીને એટલે) નરકગતિ આશ્રયી કેટલાક અલ્પતર (ઘણા ઓછા એટલે ઘણા અલ્પ-ક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા) જાણવા.

તથા અવિરતસમ્યગ્દૃષ્ટિ નારકો સાતે પૃથ્વીઓમાં પ્રત્યેકમાં અસંખ્યાત અસંખ્યાત નારકો સદાકાળ અવિચ્છેદપણે (સર્વદા વિરહરહિત) પ્રાપ્ત થાય છે. વળી એ અસંખ્યાત તે ક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા સામાન્યથી ચારે ગતિમાં હોય એમ પૂર્વે જ નિશ્ચય કહેવાઈ ગયો છે, માટે તે અનુસારે અહીં પણ (નરકગતિમાં પણ) કંઈક અલ્પપ્રમાણવાળા ક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણનું અસંખ્યાત જાણવું.

તથા દેશવિરત વગેરે ગુણસ્થાનવાળા જીવો તો નરકગતિમાં હોય જ નહિ એમ પૂર્વે નિર્ણય કરેલો છે. એ પ્રમાણે આ ગાથાનો અર્થ સમાપ્ત થયો. ||૧૪૯||

अवतरण: હવે આ ગાથામાં ચૌદ જીવસમાસમાં રહેલા - અન્તર્ગત એવા મિથ્યાદૃષ્ટિ આદિ જીવદ્રવ્યોનું જ પ્રમાણ તિર્યંચગતિના ભેદથી કહે છે (અર્થાત્ તિર્યંચગતિમાં ગુણસ્થાનભેદે જીવદ્રવ્યોનું પ્રમાણ કહે છે):

**तिरिया हुंति अणंता, पयरं पंचिंदिया अवहरंति ।**
**देवावहारकाला, असंखगुणहीणकालेणं ।।१५०।।**

गाथार्थः સામાન્યથી સર્વ મિથ્યાદૃષ્ટિ તિર્યંચો અનન્ત છે, અને વિશેષથી વિચારતાં પંચેન્દ્રિય તિર્યંચો એક આકાશપ્રતરને [ અર્થાત્ એક પ્રતરમાં જેટલા આકાશપ્રદેશ છે તેટલા આકાશપ્રદેશોને ] દેવોના અપહારકાળથી અસંખ્યગુણહીન કાળે અપહરે છે. [ અર્થાત્ સર્વ દેવોથી અસંખ્યાતગુણ પંચેન્દ્રિય તિર્યંચો છે. ] ||૧૫૦||

टीकार्थः અહીં 'મિથ્યાદૃષ્ટિ' એ વિશેષણ પૂર્વ ગાથામાં કહેલા પાઠથી જ અધિકૃત છે (અનુસરે છે - ગ્રહણ કરવાનું છે). તેથી મિથ્યાદૃષ્ટિ તિર્યંચો તે સામાન્યથી એકેન્દ્રિયાદિ સર્વે મળીને અનન્ત છે. અને વિશેષે વિચારતાં સામાન્યથી પર્યાપ્ત-અપર્યાપ્ત બન્ને મળીને સર્વે પંચેન્દ્રિય તિર્યંચો અને તે પણ મિથ્યાદૃષ્ટિઓ, સંવર્તીને ઘન કરેલા અસંખ્ય પ્રતરવાળા લોકના, સાત રાજ લાંબા-પહોળા અને એક પ્રદેશ જેટલા જાડા, તથા સર્વ મળીને અસંખ્ય આકાશપ્રદેશવાળા, ઉપરાઉપરી રહેલા ઘણા મંડકોમાંથી (માંડાઓમાંથી - મોટા પૂડલાઓમાંથી) એક મંડક (પૂડલા) સરખા, એક આકાશપ્રતરને અપહરે છે. પરન્તુ કાળ વડે વિચારીએ તો તે આકાશપ્રતર કેટલા કાળે અપહરાય ? તે કહે છે - દેવોના અપહારકાળથી અસંખ્યગુણહીન કાળે (તે એક પ્રતર અપહરાય છે). અહીં તાત્પર્ય વિચારવાનું એ છે કે - એ પંચેન્દ્રિય તિર્યંચો (મિથ્યા૦ વિશેષણરહિત) સામાન્યથી, પૂર્વે કહેલા પ્રતરના અસંખ્યાતમા ભાગે અસંખ્ય કોડાકોડિ યોજનોમાં રહેલી આકાશપ્રદેશની શ્રેણિઓમાં જેટલા આકાશપ્રદેશ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે તેટલા પ્રમાણના સિદ્ધાન્તમાં ક્ષેત્રની અપેક્ષાએ કહ્યા છે. અને કાળથી અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણીના સમયો જેટલા કહ્યા છે. સિદ્ધાન્તમાં કહ્યું છે કે -

'હે ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિવાળા જીવો કેટલા કહ્યા છે ?' 'હે ગૌતમ ! કાળથી અસંખ્યાત કહ્યા છે. અને તે અસંખ્યાત ઉત્સર્પિણીઓ અને અસંખ્યાત અવસર્પિણીઓ (ના સમયો) વડે અપહરાય છે. તથા ક્ષેત્રથી અસંખ્ય શ્રેણિઓ જેટલો પ્રતરનો અસંખ્યાતમો ભાગ અને તે શ્રેણિઓની જે વિષ્કંભસૂચિ તે અસંખ્યાત કોડાકોડિ યોજન પ્રમાણ જાણવી. (અર્થાત્ અસંખ્યાત કોડાકોડિ યોજનમાં જેટલી સૂચિ-શ્રેણિઓ સમાય તેટલી શ્રેણિઓ અસંખ્ય યોજન કોડાકોડિ વિષ્કંભસૂચિ કહેવાય.)- એટલા પંચેન્દ્રિય તિર્યંચો છે' ઇત્યાદિ.

તે કારણથી એક આકાશપ્રતરના અસંખ્યાતમા ભાગમાં રહેલ અસંખ્ય કોડાકોડિ યોજન પ્રમાણ ક્ષેત્રમાં જેટલી આકાશપ્રદેશની શ્રેણિઓ છે, તેટલી શ્રેણિઓના આકાશપ્રદેશ જેટલા સામાન્યથી (મિથ્યાદૃષ્ટિ વિશેષણરહિત) સર્વ પંચેન્દ્રિય તિર્યંચો કહ્યા છે - એ તાત્પર્ય છે. એ સર્વે પંચેન્દ્રિય તિર્યંચો પ્રતિસમય એકેક આકાશપ્રદેશને ગ્રહણ કરે (અપહરે) તો દેવાપહાર કાળથી અસંખ્યાતમા ભાગ જેટલા - અસંખ્યગુણહીન કાળ જેટલા અલ્પકાળમાં તે આખું પ્રતર અપહરાય. વળી દેવો તો સર્વે મળીને પણ પંચેન્દ્રિય તિર્યંચોથી અસંખ્યગુણહીન છે, અને પંચેન્દ્રિય તિર્યંચો તેથી અસંખ્યગુણા છે, એમ શ્રી પ્રજ્ઞાપનાજીને વિશે મહાદંડકમાં કહ્યું છે. તેથી સર્વે પણ દેવો જો પ્રતિસમય એકેક આકાશપ્રદેશ ગ્રહણ કરે તો દેવો પંચેન્દ્રિય તિર્યંચોથી અસંખ્યગુણહીન હોવાથી અતિઅલ્પ છે, માટે પંચેન્દ્રિય તિર્યંચોએ કરેલા આખા પ્રતરના અપહારકાળથી અસંખ્યગુણ કાળે આખું પ્રતર અપહરે. અને પંચેન્દ્રિય તિર્યંચો તો દેવોથી ઘણા છે, માટે સહેજે સમજાય છે કે - દેવોએ કરેલા પ્રતરના અપહારકાળથી અસંખ્યગુણહીન જેટલા અતિઅલ્પકાળમાં જ તે સર્વ પ્રતરને એ પ્રમાણે અપહરે. વળી પ્રતરના, અંગુલના અસંખ્યાતમા ભાગ જેવડા એક ખંડને જો પ્રત્યેક પંચેન્દ્રિય તિર્યંચ ગ્રહણ કરે તો સર્વે પંચેન્દ્રિય તિર્યંચો એક હેલામાં જ (અતિશીઘ્ર) સંપૂર્ણ પ્રતરને અપહરે એમ જાણવું. એ પ્રમાણે ગાથાર્થ સમાપ્ત થયો. ॥૧૫૦॥

अवतरणः હવે એ જ મિથ્યાદૃષ્ટિ તિર્યંચોમાં વૈક્રિયલબ્ધિવાળા તિર્યંચ પંચેન્દ્રિયો કેટલા છે ? તેનું પ્રમાણ આ ગાથામાં કહેવાય છે :

**पढमंगुलमूलस्सा-संखतमो सूइसेढिआयामो ।**
**उत्तरविउव्वियाणं, पज्जत्तयसन्नितिरियाणं ॥१५१॥**

गाथार्थः અંગુલપ્રમાણ ક્ષેત્રના પહેલા વર્ગમૂળના અસંખ્યાતમા ભાગ જેટલો જે સૂચિ-શ્રેણિઓનો આયામ [અંગુલ-પ્રથમવર્ગમૂળના અસંખ્યાતમા ભાગમાં જેટલી સૂચિ-શ્રેણિઓ રહે ] તેટલા પ્રમાણ ઉત્તરવૈક્રિયલબ્ધિવાળા તિર્યંચ-પંચેન્દ્રિયો છે (અર્થાત્ વૈક્રિયલબ્ધિવાળા તિર્યંચો પણ અસંખ્યાત છે). ॥૧૫૧॥

टीकार्थः પૂર્વે કહેલા સામાન્યથી તિર્યંચ પંચેન્દ્રિયોમાં पज्जत्तसन्नि = પર્યાપ્તસંજ્ઞી એટલે પર્યાપ્ત ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયોમાં જે વૈક્રિયલબ્ધિવાળા છે, તેઓનું આટલું પ્રમાણ છે. કેટલું


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમાણ છે ? તે કહે છે - पढमंगुल ઇત્યાદિ - પ્રથમ તો એ પર્યાપ્ત ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો જે વૈક્રિયશરીર કરવાની શક્તિવાળા છે, તેઓ કાળથી અસંખ્ય ઉત્સર્પિણી - અવસર્પિણીના સમયરાશિ જેટલા છે, અને ક્ષેત્રથી તો પ્રતરના અસંખ્યાતમા ભાગમાં રહેલી અસંખ્ય શ્રેણિઓનો જે પ્રદેશરાશિ (આકાશપ્રદેશો) તેટલા પ્રમાણના સિદ્ધાન્તમાં કહ્યા છે. જે કારણથી સિદ્ધાન્તમાં કહ્યું છે કે :

'હે ભગવન્ ! પંચેન્દ્રિયતિર્યંચયોનિવાળા વૈક્રિયશરીરી જીવો કેટલા કહ્યા છે ? હે ગૌતમ ! અસંખ્યાત કહ્યા છે. તે કાળથી અસંખ્ય અવસર્પિણી - ઉત્સર્પિણીઓ વડે અપહરાય છે, અને ક્ષેત્રથી પ્રતરનો અસંખ્યાતમો ભાગ અને (તેમાં રહેલી) અસંખ્યાત શ્રેણિઓ(માં રહેલા આકાશપ્રદેશ) જેટલા છે.'

प्रश्नः - પ્રતરના અસંખ્યાતમા ભાગમાં અસંખ્યાત શ્રેણિઓ કહી, તે તો અસંખ્ય કોડાકોડિ યોજનમાં રહે એટલી પણ હોય છે, તો શું તેટલા વિસ્તારમાં (અસંખ્ય કોડાકોડિ યોજનમાં રહેલી) પણ અહીં ગ્રહણ કરવી ? અથવા બીજી રીતે ? એ આશંકા ઉપસ્થિત કરીને હવે તેનો ઉત્તર કહેવાય છે, તે આ પ્રમાણે :

उत्तरः - સિદ્ધાન્તોમાં પણ असंखेज्जाओ सेढीओ [ એ વચન આ વ્યાખ્યાની પૂર્વે પણ હમણાં જ કહેવાઈ ગયું છે ] તે પાઠની પછી તુર્ત (સંલગ્ન)આ પાઠ કહ્યો છે કે - ''तासि णं सेढीणं विक्खंभसूई, अंगुलपढमवग्गमूलस्स असंखेज्जइभागो'', એટલે તે અસંખ્યાત શ્રેણિઓની વિષ્કંભસૂચિ એટલે તિર્ચ્છા વિસ્તારવાળી પ્રદેશ પંક્તિ એમ જાણવું. અહીં 'सा ज्ञेया (= તે વિષ્કંભસૂચિ જાણવી)' એ અર્થ જો કે સિદ્ધાન્તનાં પાઠમાં પર્યન્તે કહ્યો નથી તો પણ અધ્યાહારથી જાણી લેવો. હવે તે વિષ્કંભસૂચિ કેટલા પ્રમાણવાળી જાણવી ? તે કહે છે - 'अंगुलपढम ઇત્યાદિ' = અંગુલપ્રમાણ પ્રતરક્ષેત્રનું જે મૂલ એટલે વર્ગમૂળ તે 'અંગુલમૂલ' કહેવાય. અને તે પહેલું અંગુલમૂલ તે 'પ્રથમાંગુલમૂલ' અને તે પ્રથમાંગુલમૂલનો અસંખ્યાતમો જે ભાગ તેટલા પ્રમાણની સૂચિ તે અહીં શ્રેણિઓનો આયામ એટલે વિસ્તાર જાણવો.

અહીં તાત્પર્ય એ છે કે - અંગુલ જેટલા પ્રતર ક્ષેત્રમાં જેટલી શ્રેણિઓ છે, તેટલી શ્રેણિઓના નિશ્ચય અસંખ્ય વર્ગમૂળ બને છે. તે અસંખ્ય વર્ગમૂળોમાંનું જે પહેલું વર્ગમૂળ આવે, તેમાં જેટલી શ્રેણિઓ પ્રાપ્ત થાય, તેના પણ અસંખ્યાતમા ભાગે જેટલી શ્રેણિઓ આવે, તેટલા પ્રમાણવાળી સૂચિ એટલે શ્રેણિઓનો વિસ્તાર અહીં ગ્રહણ કરવાનો છે. ત્યાં અંગુલ પ્રમાણ પ્રતરક્ષેત્રમાં પણ અસંખ્ય શ્રેણિઓ હોય છે, અને તેના પહેલા વર્ગમૂળમાં પણ અસંખ્ય શ્રેણિઓ જ આવે છે. વળી તેના અસંખ્યાતમા ભાગમાં પણ અસંખ્યાત શ્રેણિઓ પ્રાપ્ત થાય છે. તે અસંખ્યાત શ્રેણિઓમાંની દરેક શ્રેણિ પણ અસંખ્ય અસંખ્ય આકાશપ્રદેશ પ્રમાણની છે. તે કારણથી એ સર્વ શ્રેણિઓમાં જે અસંખ્ય આકાશપ્રદેશ છે, તેટલા પ્રમાણના, ઉત્તરવૈક્રિય શરીર રચવાની લબ્ધિવાળા, પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો હસ્તિ[1]-મચ્છ-હંસ વગેરે અસંખ્યાત

૧. એમાં 'હસ્તિ' કહેવાથી સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિયો બીજા પણ જાણવા, તથા મત્સ્ય કહેવાથી જલચર તિર્યંચ પંચેન્દ્રિયો, તથા 'હંસ' કહેવાથી બીજા પણ ખેચર તિર્યંચ પંચેન્દ્રિયો કહ્યા; જેથી ત્રણે પ્રકારના તિર્યંચ પંચેન્દ્રિયોને વૈક્રિયલબ્ધિ હોય છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વીપસમુદ્રોમાં હોય છે એમ જાણવું. ( અર્થાત્ જલચર, થલચર અને ખેચર ત્રણેને લબ્ધિ હોય છે. )

અહીં શિષ્યજનના ઉપકારને અર્થે અસત્કલ્પના વડે કંઈક ભાવાર્થ કહેવાય છે - ત્યાં અંગુલ જેટલું પ્રતરક્ષેત્ર જો કે અસંખ્ય આકાશપ્રદેશયુક્ત છે, તો પણ કલ્પનાથી ૬૫૫૩૬ (પાંસઠ હજાર પાંચસો છત્રીસ) આકાશપ્રદેશ જેટલું છે, એમ કલ્પીએ તો તેમાં ૬૫૫૩૬ શ્રેણિઓ કલ્પાઈ. તે અંકરાશિની સ્થાપના આ પ્રમાણે - ૬૫૫૩૬. હવે એ અંકરાશિનું પહેલું વર્ગમૂળ બસો છપ્પન (૨૫૬), બીજું વર્ગમૂળ સોળ (૧૬), ત્રીજુ વર્ગમૂળ ચાર (૪), અને ચોથું વર્ગમૂળ બે (૨) છે. અહીં જો કે ચાર વર્ગમૂળ થયાં તો પણ વાસ્તવિક રીતે વિચારતાં તો અસંખ્યાત વર્ગમૂળ જાણવાં. એ દરેક વર્ગમૂળમાં (૨૫૬-૧૬-૪-૨ શ્રેણિઓ આવી, પરંતુ) વસ્તુતઃ તો અસંખ્ય અસંખ્ય શ્રેણિઓ આવે છે, એમ જાણવું. ત્યાં બસો છપ્પન પ્રમાણવાળા પહેલા વર્ગમૂળના અસંખ્યાતમા ભાગે બત્રીસ (૩૨) શ્રેણિઓ કલ્પીએ; એ પણ વસ્તુતઃ રીતે દરેક શ્રેણિ જો કે અસંખ્ય અસંખ્ય પ્રદેશની છે, તો પણ અસત્કલ્પનાએ ૧૦-૧૦ પ્રદેશ જેટલી કલ્પીએ, તો ત્રણસો વીસ પ્રમાણના (એટલે ૩૨૦) પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો વૈક્રિયલબ્ધિવાળા જાણવા; પરંતુ પરમાર્થથી તો અસંખ્યાતા જ છે. તથા અપર્યાપ્ત અને અસંજ્ઞિઓને કોઈને પણ વૈક્રિયલબ્ધિ હોય નહિ. તે કારણથી 'પર્યાપ્ત' અને 'સંજ્ઞી' વિશેષણ દરેક સ્થાને દર્શાવ્યું છે. એ પ્રમાણે આ ગાથાનો વ્યાખ્યાર્થ સમાપ્ત થયો. ॥૧૫૧॥

અવતરણઃ એ પ્રમાણે સામાન્યથી એકેન્દ્રિયાદિ મિથ્યાદૃષ્ટિ તિર્યંચોનું પ્રમાણ પૂર્વે કહેવાઈ ગયું. અને ત્યારબાદ સામાન્યથી પર્યાપ્ત અને અપર્યાપ્ત એ બન્નેનું મળીને પંચેન્દ્રિય તિર્યંચોનું પ્રમાણ, તેમજ ત્યારબાદ ઉત્તરવૈક્રિયલબ્ધિવાળા પંચેન્દ્રિય તિર્યંચોનું પણ પ્રમાણ કહ્યું. હવે પૂર્વે કહેલા પર્યાપ્ત અને અપર્યાપ્ત તિર્યંચ પંચેન્દ્રિયોમાંથી જુદાં તારવીને વિશેષથી પર્યાપ્તા સ્ત્રી-પુરુષ-નપુંસક વેદવાળા પંચેન્દ્રિય તિર્યંચોનું પ્રમાણ આ ગાથામાં કહેવાય છે ( અર્થાત્ ત્રણ પ્રકારના વેદથી પંચેન્દ્રિય તિર્યંચોનું પ્રમાણ કહે છે ):

**संखेज्जहीणकालेण, होइ पज्जत्ततिरियअवहारो ।**
**संखेज्जगुणेण तओ, कालेण तिरिक्खअवहारो ॥१५२॥**

ગાથાર્થઃ સંખ્યાતગુણહીન કાળે પર્યાપ્ત તિર્યંચોનો અપહાર થાય છે, અને તેથી સંખ્યાતગુણ કાળે તિર્યંચોનો અપહાર (પંચે. તિ.નો અપહાર) થાય છે. ॥૧૫૨॥

ટીકાર્થઃ પ્રતિસમય દરેક દેવ એકેક આકાશપ્રદેશ ગ્રહણ કરે તો સર્વે દેવો જેટલા કાળે સંપૂર્ણ એક પ્રતરને અપહરે, તેટલા કાળથી (દેવાપહારકાળથી) સંખ્યાતગુણહીન કાળે પંચેન્દ્રિય પર્યાપ્ત તિર્યંચોનો પ્રતરાપહાર થાય છે. અહીં ભાવના સામાન્યથી પૂર્વે કહેલા પંચેન્દ્રિય તિર્યંચોની પેઠે વિચારવી, પરંતુ વિશેષ એ છે કે - સામાન્યથી પર્યાપ્ત અને અપર્યાપ્ત બન્ને મળીને તિર્યંચ પંચેન્દ્રિયો દેવોથી અસંખ્યાતગુણા છે, માટે દેવોના અપહારકાળથી પંચેન્દ્રિય તિર્યંચોનો અપહારકાળ અસંખ્યગુણહીન પૂર્વે કહ્યો છે; અને અહીં તો કેવળ પર્યાપ્ત તિર્યંચ પંચેન્દ્રિયો તો નિશ્ચયે દેવોથી સંખ્યાતગુણા જ છે, માટે દેવના અપહારકાળથી પર્યાપ્ત તિર્યંચ પંચેન્દ્રિયોનો અપહારકાળ સંખ્યાતગુણ જ હીન હોય; પરંતુ અસંખ્યાતગુણહીન ન


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય. એ પ્રમાણે તો આ ગ્રંથનો અભિપ્રાય જાણવો. અને શ્રી પ્રજ્ઞાપનાજીનો અભિપ્રાય તો - પર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચો પણ દેવોથી અસંખ્યાતગુણા જ કહ્યા છે, માટે દેવોના અપહારકાળથી પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચોનો અપહારકાળ અસંખ્યગુણ જ હીન હોય, પરંતુ સંખ્યગુણહીન નહિ, એમ સમજાય છે. તથા ઘણાં સ્થાનોમાં આ પ્રકરણને વિશે જ (આ ગ્રંથમાં ઘણે સ્થાને), તેમજ અન્ય ગ્રંથોમાં પણ તે શ્રીપ્રજ્ઞાપનાજીનો પાઠ અત્યંત ઉપયોગી હોવાથી તેમાં કહેલો મહાદંડક જ લખાય છે તે આ પ્રમાણે :

## પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચપ્રમાણના વિસંવાદમાં શ્રી પ્રજ્ઞાપનાજી મહાદંડકના પાઠનો અર્થ.

'હવે હે ભંતે ! તે સર્વ જીવોના અલ્પબહુત્વ સંબંધી મહાદંડક કહું છું. (તે આ પ્રમાણે) :

૧. સર્વથી અલ્પ ગર્ભવ્યુત્ક્રાન્ત (ગર્ભજ) મનુષ્યો છે.

૨. તેથી મનુષ્ય સ્ત્રીઓ સંખ્યાતગુણી છે.

૩. તેથી બાદર પર્યાપ્તા તેઉકાય (અગ્નિકાય) અસંખ્યાતગુણા છે.

૪. તેથી અનુત્તરોપપાતિક દેવો (પાંચે અનુત્તરના દેવો) અસંખ્યાતગુણા છે.

૫. તેથી ઉપરિતન ત્રણ ગ્રૈવેયકના દેવો સંખ્યાતગુણા છે.

૬. તેથી મધ્યમ ત્રણ ગ્રૈવેયકના દેવો સંખ્યાતગુણા છે.

૭. તેથી અધસ્તન (નીચેના) ત્રણ ગ્રૈવેયકના દેવો સંખ્યાતગુણા છે.

૮. તેથી અચ્યુત કલ્પના (બારમા દેવલોકના) દેવો સંખ્યાતગુણા છે.

૯. તેથી આરણ કલ્પના (અગીઆરમા દેવલોકના) દેવો સંખ્યાતગુણા છે.

૧૦. તેથી પ્રાણત કલ્પના (દશમા દેવલોકના) દેવો સંખ્યાતગુણા છે.

૧૧. તેથી આનત કલ્પના (નવમા દેવલોકના) દેવો સંખ્યાતગુણા છે.

૧૨. તેથી અધોલોકમાં નીચે સાતમી પૃથ્વીના નારક જીવો અસંખ્યાતગુણા છે.

૧૩. તેથી છઠ્ઠી તમઃપ્રભા પૃથ્વીના નારકો અસંખ્યાતગુણા છે.

૧૪. તેથી સહસ્રાર કલ્પના (આઠમા દેવલોકના) દેવો અસંખ્યાતગુણા છે.

૧૫. તેથી મહાશુક્ર કલ્પના (સાતમા દેવલોકના) દેવો અસંખ્યાતગુણા છે.

૧૬. તેથી પાંચમી ધૂમપ્રભા પૃથ્વીના નારક જીવો અસંખ્યાતગુણા છે.

૧૭. તેથી લાંતક કલ્પના (છઠ્ઠા દેવલોકના) દેવો અસંખ્યાતગુણા છે.

૧૮. તેથી ચોથી પંકપ્રભા પૃથ્વીના નારક જીવો અસંખ્યાતગુણા છે.

૧૯. તેથી બ્રહ્મલોક કલ્પના (પાંચમા દેવલોકના) દેવો અસંખ્યાતગુણા છે.

૨૦. તેથી ત્રીજી વાલુકાપ્રભા પૃથ્વીના નારક જીવો દેવો અસંખ્યાતગુણા છે.

૨૧. તેથી માહેન્દ્ર કલ્પના (ચોથા દેવલોકના) દેવો અસંખ્યાતગુણા છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૨. તેથી સનત્કુમાર કલ્પના (ત્રીજા દેવલોકના) દેવો અસંખ્યાતગુણા છે.
૨૩. તેથી બીજી શર્કરાપ્રભા પૃથ્વીના નારકો અસંખ્યાતગુણા છે.
૨૪. તેથી સમ્મૂર્ચ્છિમ મનુષ્યો અસંખ્યાતગુણા છે.
૨૫. તેથી ઈશાન કલ્પના (બીજા દેવલોકના) દેવો અસંખ્યાતગુણા છે.
૨૬. તેથી ઈશાન કલ્પની દેવીઓ સંખ્યાતગુણી છે.
૨૭. તેથી સૌધર્મ કલ્પના (પહેલા દેવલોકના) દેવો સંખ્યાતગુણ છે.
૨૮. તેથી સૌધર્મ દેવલોકની દેવીઓ સંખ્યાતગુણી છે.
૨૯. તેથી ભવનપતિ દેવો (દશે નિકાયના મળીને) અસંખ્યાતગુણા છે.
૩૦. તેથી ભવનપતિ દેવીઓ સંખ્યાતગુણી છે.
૩૧. તેથી આ રત્નપ્રભા પૃથ્વીના (પહેલી પૃથ્વીના) નારકો અસંખ્યગુણ છે.
૩૨. તેથી ખેચર તિર્યંચ પંચેન્દ્રિયયોનિવાળા પુરુષો અસંખ્યગુણ છે.
૩૩. તેથી સર્વ ખેચર તિર્યંચ પંચેન્દ્રિયયોનિવાળી સ્ત્રીઓ સંખ્યાતગુણી છે.
૩૪. તેથી સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિયયોનિવાળા પુરુષો સંખ્યાતગુણા છે.
૩૫. તેથી સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિયયોનિવાળી સ્ત્રીઓ સંખ્યાતગુણી છે.
૩૬. તેથી જલચર તિર્યંચ પંચેન્દ્રિયયોનિ પુરુષો સંખ્યાતગુણા છે.
૩૭. તેથી જલચર તિર્યંચ પંચેન્દ્રિયયોનિક સ્ત્રીઓ સંખ્યાતગુણી છે.
૩૮. તેથી વાણવ્યન્તર દેવો (આઠે નિકાયના મળીને) સંખ્યાતગુણા છે.
૩૯. તેથી વાણવ્યન્તરી દેવીઓ સંખ્યાતગુણી છે.
૪૦. તેથી જ્યોતિષી દેવો (પાંચે મળીને) સંખ્યાતગુણા છે.
૪૧. તેથી જ્યોતિષી દેવીઓ સંખ્યાતગુણી છે.
૪૨. તેથી ખેચર તિર્યંચ પંચેન્દ્રિય નપુંસકો અસંખ્યાતગુણા છે.
૪૩. તેથી સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય નપુંસકો અસંખ્યાતગુણા છે.
૪૪. તેથી જલચર તિર્યંચ પંચેન્દ્રિય નપુંસકો અસંખ્યાતગુણા છે.
૪૫. તેથી પર્યાપ્ત ચતુરિન્દ્રિય જીવો સંખ્યાતગુણા છે.
૪૬. તેથી પર્યાપ્ત પંચેન્દ્રિય જીવો વિશેષાધિક (દ્વિગુણથી ઓછા) છે.
૪૭. તેથી પર્યાપ્ત દ્વીન્દ્રિય જીવો વિશેષાધિક છે.
૪૮. તેથી પર્યાપ્ત ત્રીન્દ્રિય જીવો વિશેષાધિક છે.
૪૯. તેથી અપર્યાપ્ત પંચેન્દ્રિય જીવો અસંખ્યાતગુણા છે.
૫૦. તેથી અપર્યાપ્ત ચતુરિન્દ્રિય જીવો વિશેષાધિક છે.
૫૧. તેથી અપર્યાપ્ત ત્રીન્દ્રિય જીવો વિશેષાધિક છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫૨. તેથી અપર્યાપ્ત દ્વીન્દ્રિય જીવો વિશેષાધિક છે.
૫૩. તેથી પર્યાપ્ત પ્રત્યેકશરીરી બાદર વનસ્પતિ જીવો અસંખ્યાતગુણા છે.
૫૪. તેથી પર્યાપ્ત બાદર નિગોદના જીવો અસંખ્યાતગુણા છે.
૫૫. તેથી પર્યાપ્ત બાદર પૃથ્વીકાય જીવો અસંખ્યાત ગુણા છે.
૫૬. તેથી પર્યાપ્ત બાદર અપ્‌કાય જીવો અસંખ્યાતગુણા છે.
૫૭. તેથી પર્યાપ્ત બાદર વાયુકાય જીવો અસંખ્યાતગુણા છે.
૫૮. તેથી અપર્યાપ્ત બાદર અગ્નિકાય જીવો અસંખ્યાતગુણા છે.
૫૯. તેથી અપર્યાપ્ત પ્રત્યેકશરીરી વનસ્પતિ જીવો અસંખ્યાતગુણા છે.
૬૦. તેથી અપર્યાપ્ત બાદર નિગોદ જીવો અસંખ્યાતગુણા છે.
૬૧. તેથી અપર્યાપ્ત બાદર પૃથ્વીકાય જીવો અસંખ્યાતગુણા છે.
૬૨. તેથી અપર્યાપ્ત બાદર અપ્‌કાય જીવો અસંખ્યાતગુણ છે.
૬૩. તેથી અપર્યાપ્ત બાદર વાયુકાય જીવો અસંખ્યાતગુણા છે.
૬૪. તેથી અપર્યાપ્ત સૂક્ષ્મ અગ્નિકાય જીવો અસંખ્યાતગુણા છે.
૬૫. તેથી અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાય જીવો વિશેષાધિક છે.
૬૬. તેથી અપર્યાપ્ત સૂક્ષ્મ અપ્‌કાય જીવો વિશેષાધિક છે.
૬૭. તેથી અપર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાય જીવો વિશેષાધિક છે.
૬૮. તેથી પર્યાપ્ત સૂક્ષ્મ અગ્નિકાય જીવો સંખ્યાતગુણા છે.
૬૯. તેથી પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાય જીવો વિશેષાધિક છે.
૭૦. તેથી પર્યાપ્ત સૂક્ષ્મ અપ્‌કાય જીવો વિશેષાધિક છે.
૭૧. તેથી પર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાય જીવો વિશેષાધિક છે.
૭૨. તેથી અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદ જીવો અસંખ્યાતગુણા છે.
૭૩. તેથી પર્યાપ્ત સૂક્ષ્મ નિગોદ જીવો સંખ્યાતગુણા છે.
૭૪. તેથી અભવસિદ્ધિ જીવો (અભવ્ય જીવો) અનન્તગુણા છે.
૭૫. તેથી પતિતસમ્યગ્‌દૃષ્ટિ જીવો અનન્તગુણા છે.
૭૬. તેથી સર્વ સિદ્ધ અનંતગુણા છે.
૭૭. તેથી પર્યાપ્ત બાદર વનસ્પતિકાય જીવો અનંતગુણા છે.
૭૮. તેથી બાદર પર્યાપ્ત જીવો વિશેષાધિક છે.
૭૯. તેથી અપર્યાપ્ત બાદર વનસ્પતિકાય જીવો અસંખ્યાતગુણા છે.
૮૦. તેથી અપર્યાપ્ત બાદર જીવો વિશેષાધિક છે.
૮૧. તેથી બાદર જીવો વિશેષાધિક છે.
૮૨. તેથી અપર્યાપ્ત સૂક્ષ્મ વનસ્પતિકાય જીવો અસંખ્યાતગુણા છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮૩. તેથી અપર્યાપ્ત સૂક્ષ્મ જીવો વિશેષાધિક છે.

૮૪. તેથી પર્યાપ્ત સૂક્ષ્મ વનસ્પતિકાય જીવો સંખ્યાતગુણા છે.

૮૫. તેથી પર્યાપ્ત સૂક્ષ્મ જીવો વિશેષાધિક છે.

૮૬. તેથી સર્વે સૂક્ષ્મ જીવો વિશેષાધિક છે.

૮૭. તેથી ભવસિદ્ધિક જીવો (ભવ્ય જીવો) વિશેષાધિક છે.

૮૮. તેથી સર્વ નિગોદ જીવો વિશેષાધિક છે.

૮૯. તેથી વનસ્પતિકાય જીવો વિશેષાધિક છે.

૯૦. તેથી સર્વ એકેન્દ્રિય જીવો વિશેષાધિક છે.

૯૧. તેથી સર્વ તિર્યંચો વિશેષાધિક છે.

૯૨. તેથી સર્વ મિથ્યાદૃષ્ટિ જીવો વિશેષાધિક છે.

૯૩. તેથી સર્વ અવિરત જીવો વિશેષાધિક છે.

૯૪. તેથી સકષાયી જીવો વિશેષાધિક છે.

૯૫. તેથી છદ્મસ્થ જીવો વિશેષાધિક છે.

૯૬. તેથી સયોગી જીવો વિશેષાધિક છે.

૯૭. તેથી સર્વ સંસારી જીવો વિશેષાધિક છે.

૯૮. તેથી સર્વ જીવો વિશેષાધિક છે.

એ પ્રમાણે આ પ્રજ્ઞાપનાજીના મહાદંડકના આલાપકમાં જે નપુંસક ખેચર તિર્યંચ પંચેન્દ્રિય વગેરે રાશિઓ જ્યોતિષ્ સુધીના દેવોથી અસંખ્યાતગુણી વગેરે રૂપે કહી, તે રાશિઓની પણ ઉપર જ આગળ પર્યાપ્ત પંચેન્દ્રિય જીવો વિશેષાધિક કહ્યા. તો એ પ્રમાણે પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચો સર્વ દેવોથી અસંખ્યાતગુણા કેમ ન હોય ? અર્થાત્ હોય જ.

પ્રશ્નઃ- મહાદંડકમાં જે પર્યાપ્તા પંચેન્દ્રિય જીવો વિશેષાધિક કહ્યા, તે તો ચારે ગતિના સામાન્યથી પર્યાપ્ત પંચેન્દ્રિય જીવો કહ્યા, માટે તે ચારે ગતિના પર્યાપ્ત પંચેન્દ્રિય જીવો ઘણા હોવાથી સર્વ દેવોની અપેક્ષાએ અસંખ્યાતગુણા થાય તે યુક્ત જ છે, પરંતુ આ ગ્રન્થની (જીવસમાસની) ગાથામાં કહેલા પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચો સર્વ દેવોથી અસંખ્યાતગુણા થવા યુક્ત નથી, કારણ કે પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચો તો તિર્યંચગતિરૂપ એક જ ગતિવાળા હોવાથી થોડા હોય.

ઉત્તરઃ- તમારું એ કહેવું યુક્ત નથી; કારણ કે મહાદંડકમાં પર્યાપ્ત પંચેન્દ્રિયનું ગ્રહણ સામાન્યથી છે તો પણ તે સ્થાને પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચો જ કહેવાના બાકી રહેલા છે. કારણ કે નારક પંચેન્દ્રિય અને મનુષ્ય પંચેન્દ્રિયો તો અતિઅલ્પ હોવાથી જ્યોતિષ્ દેવોથી પણ નીચે ઘણે દૂર (આલાપકના ક્રમમાં પહેલાં નજીકમાં) હોવાથી અસંખ્યાતમા ભાગ જેટલા જ કહ્યા છે. વળી, તે પંચેન્દ્રિયોને (મનુષ્ય-નારકોને) ગ્રહણ કરવાથી પણ તે સ્થાને (પર્યાપ્ત પંચેન્દ્રિયના પાઠમાં અથવા સંખ્યામાં)કંઈ પણ વધે નહિ, તે કારણથી પર્યાપ્ત ચતુરિન્દ્રિયોથી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ (પર્યાપ્ત પંચેન્દ્રિય જીવો) વિશેષાધિક કહેવાથી અહીં પણ વાસ્તવિક રીતે તો (આ ગ્રંથમાં પણ) પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચો જ કહ્યા છે એમ જાણવું. એથી શ્રીપ્રજ્ઞાપનાજીના અભિપ્રાય પ્રમાણે પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચો પણ દેવોથી અસંખ્યગુણા કહેલા સમજાય છે. અને તેમ હોવાથી દેવો વડે થતા પ્રતરના અપહારકાળથી તેઓનો પણ (પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચો વડે થતો) પ્રતર સંબંધી અપહારકાળ પૂર્વવત્ અસંખ્યગુણહીન જ ઘટી શકે છે, પરંતુ સંખ્યાતગુણહીન ઘટી શકતો નથી, એમ અમે સમજીએ છીએ. અને બીજા બુદ્ધિમન્તો તો કોઈ બીજી રીતે પણ વિરોધ રહિત ઘટના કરી શકે છે. હવે આ પ્રસંગથી (ચાલુ ચર્ચાથી) સર્યું.

એ પ્રમાણે વિશેષથી પર્યાપ્ત તિર્યંચ પંચેન્દ્રિયોનું પણ પ્રમાણ કહ્યું. હવે ગાથાના ઉત્તરાર્ધ વડે એ પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચોમાંથી પણ જુદું પાડીને તિર્યંચ સ્ત્રીઓનું પ્રમાણ કહે છે - संखेज्जगुणेण तओ ઈત્યાદિ = (तओ = તતઃ) તેથી એટલે દેવોના પ્રતરાપહારકાળથી સંખ્યાત ગુણ કાળે તિર્યંચીઓનો પ્રતરાપહારકાળ જાણવો. આ અલ્પબહુત્વ (તિર્યંચીઓનું અલ્પબહુત્વ) શ્રી પ્રજ્ઞાપનાજીમાં કહેલા (હમણાં જ આ ગ્રંથમાં પણ કહેવાઈ ગયેલા) મહાદંડકની સાથે પણ સંવાદવાળું છે. કારણ કે – ત્યાં મહાદંડકમાં અધઃ- નીચે (પહેલાં) સંખ્યાતમા ભાગ જેટલી તિર્યંચીઓ કહી છે, અને વ્યન્તરાદિ દેવો તે તિર્યંચીઓથી સંખ્યાતગુણા કહ્યા છે. તે કારણથી એ વ્યન્તરાદિ દેવો ઘણા હોવાથી તિર્યંચીઓ વડે થતા પ્રતરાપહાર કાળથી સંખ્યાતગુણહીન કાળે પણ પૂર્વોક્ત રીતિએ સંપૂર્ણ પ્રતર અપહરે, અને તિર્યંચીઓ દેવોથી સંખ્યાતગુણહીન હોવાથી અલ્પ છે, માટે દેવો વડે થતા પ્રતરાપહારકાળથી તિર્યંચીઓ વડે થતો પ્રતરાપહારકાળ સંખ્યાતગુણ થાય છે, અર્થાત્ દેવકૃત પ્રતરાપહારકાળથી તિર્યંચીઓ તે પ્રતરને સંખ્યાતગુણ કાળે અપહરે છે, એ વાત યુક્તિવાળી જ છે.

એ પ્રમાણે તિર્યંચગતિમાં મિથ્યાદૃષ્ટિ જીવોનું સર્વ પ્રમાણ કહ્યું. અને સાસ્વાદન, મિશ્ર, અવિરતસમ્યગ્દૃષ્ટિ તથા દેશવિરત એ ચાર ગુણસ્થાનવર્તી તિર્યંચોનું પ્રમાણ તો પૂર્વે ચાર ગતિની અપેક્ષાએ જે ઓઘપ્રમાણ (સામાન્ય પ્રમાણ) કહ્યું છે, તે અનુસારે અહીં પણ વિભાગપૂર્વક વિચારીને કેટલુંક તો પોતાની મેળે પણ સમજી લેવાય એવું છે. તથા પ્રમત્તાદિ ગુણસ્થાનવર્તી જીવો તો તિર્યંચગતિમાં સંભવતા જ નથી, એમ પૂર્વે જ નિર્ણય કહ્યો છે. એ પ્રમાણે આ ગાથાનો વ્યાખ્યાર્થ સમાપ્ત થયો ॥ इति प्रसङ्गतो महादण्डकयुक्तव्याख्यार्थः समाप्तः ॥૧૫૨॥

अवतरणः એ પ્રમાણે તિર્યંચગતિમાં સામાન્યથી તિર્યંચોનું પ્રમાણ કહ્યું, તેથી (અથવા ત્યારબાદ) સામાન્યથી અને વિશેષથી પંચેન્દ્રિય તિર્યંચોનું પણ પ્રમાણ કહ્યું; હવે વિશેષથી જે પૃથ્વીકાય આદિ તિર્યંચોનું પણ પ્રમાણ કહેવું જોઈએ, તેને ઉલ્લંઘીને (એટલે પૃથ્વીકાય આદિ વિશેષભેદપૂર્વક તિર્યંચોનું પ્રમાણ કહેવાનું હજી બાકી છે તો પણ) પંચેન્દ્રિયપણાની સમાનતાના કારણથી પ્રથમ મનુષ્યગતિમાં મનુષ્યોનું પ્રમાણ કહે છે :

**संखेज्जा पज्जत्ता, मणुयाऽपज्जत्तया सिया नत्थि ।**
**उक्कोसेण जइ भवे, सेढीए असंखभागो उ ॥१५३॥**

गाथार्थः પર્યાપ્ત મનુષ્યો (ગર્ભજ મનુષ્યો) સર્વદા અને સંખ્યાતા હોય છે, તથા અપર્યાપ્ત મનુષ્યો (ગર્ભજ અપર્યાપ્ત અને સમ્મૂર્ચ્છિમ અપર્યાપ્ત મનુષ્યો) તો કદાચિત્ ન પણ હોય, અને જો હોય તો ઉત્કૃષ્ટથી શ્રેણિના અસંખ્યાતમા ભાગ જેટલા હોય છે (= અસંખ્યાત અપર્યાપ્ત


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનુષ્યો હોય છે) ॥૧૫૩॥

ભાવાર્થઃ મનુષ્યો પ્રથમ બે પ્રકારના છે, સ્ત્રીના ગર્ભથી ઉત્પન્ન થયેલા તે गर्भज मनुष्य, અને મનુષ્યના વાત-પિત્ત-કફ આદિથી ઉત્પન્ન થયેલા કે જેનું સ્વરૂપ સવિસ્તરપણે પ્રથમ કહેવાઈ ગયું છે તે सम्मूर्च्छिम मनुष्य. તેમાં ગર્ભજ મનુષ્યો પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ બે પ્રકારના છે, અને સમ્મૂર્ચ્છિમ મનુષ્યો તો અન્તર્મુહૂર્ત્તના આયુષ્યવાળા અપર્યાપ્તા જ મરણ પામે છે, માટે તે પર્યાપ્તા હોતા જ નથી, એમ પણ પૂર્વે કહ્યું છે. માટે અહીં (ગાથામાં) पज्जत्ता = પર્યાપ્ત મનુષ્યનું ગ્રહણ કરવાથી પર્યાપ્તા ગર્ભજ મનુષ્યો જ જાણવા. અને ગાથામાં अपज्जत्तया - અપર્યાપ્ત ગ્રહણ કરવાથી ગર્ભજ અપર્યાપ્તા અને સમ્મૂર્ચ્છિમ અપર્યાપ્તા એમ બન્ને પ્રકારના અપર્યાપ્ત મનુષ્યો ગ્રહણ કર્યા જાણવા. એ પ્રમાણે હોવાથી પ્રથમ જે ગર્ભજ પર્યાપ્ત મનુષ્યો તે તો સર્વદા ધ્રુવ હોવાથી સંખ્યાતા જ હોય છે (અર્થાત્ ગર્ભજ પર્યાપ્ત મનુષ્યો સદાકાળ હોય છે જ અને તે પણ સંખ્યાતા જ હોય છે)

प्रश्नः- સંખ્યાત તો સંખ્યાતા પ્રકારનું છે, તો અહીં કેટલી સંખ્યા વડે સંખ્યાતા ગર્ભજ મનુષ્યો જાણવા ?

उत्तरः- એ શંકાના સમાધાનમાં કહીએ છીએ કે - છઠ્ઠા વર્ગને પાંચમા વર્ગ વડે ગુણતાં જે સંખ્યાત આવે તેટલા જ સંખ્યાતા ગર્ભજ મનુષ્યો જાણવા. હવે વર્ગ તે શું કહેવાય? અને પાંચમો વર્ગ તે કેવો ? અને છઠ્ઠો વર્ગ તે કેવો ? તે સંબંધમાં કહેવાય છે કે - અહીં કોઈપણ એક અંકરાશિને તે જ અંકરાશિ વડે ગુણીએ તો તે વર્ગ કહેવાય. ત્યાં એકનો વર્ગ તો એક જ હોય છે, માટે એકના વર્ગ વડે સંખ્યાની અધિકતા ન થવાથી તે એકના વર્ગને વર્ગ તરીકે જ ન ગણવો. બે નો વર્ગ ચાર થાય છે, માટે બે એ પ્રથમ અંકરાશિનો ચાર એ પ્રથમ વર્ગ ગણવો. પુનઃ તે ચારનો વર્ગ ૧૬એ બીજો વર્ગ. ૧૬નો વર્ગ ૨૫૬ એ ત્રીજો વર્ગ. પુનઃ એ બસો છપ્પનનો વર્ગ પાંસઠ હજાર પાંચસો છત્રીસ (૬૫૫૩૬) એ ચોથો વર્ગ. અને એ ૬૫૫૩૬નો જે વર્ગ થાય છે, તે આ દોઢ ગાથા વડે કહેવાય છે. તે આ પ્રમાણે -

**चत्तारि य कोडिसया, अउणत्तीसं च होंति कोडीओ ।**
**अउणावन्नं लक्खा, सत्तट्ठी चेव य सहस्सा ॥१॥**
**दो य सया छण्णउया, पंचमवग्गो इमो विणिद्दिठो ।**

[ ચારસો ક્રોડ, ઓગણત્રીસ ક્રોડ, અઠ્ઠાવન લાખ અને નિશ્ચય સડસઠ હજાર બસો છન્નું (૪૨૯૫૮૬૭૨૯૬) એ પાંચમો વર્ગ કહ્યો છે. ]

વળી એ અંકરાશિનો પણ જે વર્ગ થાય છે તે આ ત્રણ ગાથા વડે કહેવાય છે. તે આ પ્રમાણે (અર્થાત્ ૪૨૯૫૮૬૭૨૯૬નો વર્ગ આ પ્રમાણે )-

**लक्खं कोडाकोडीण, चउरासीई भवे सहस्साइं ।**
**चत्तारि य सत्तट्ठा, हुंति सया कोडिकोडीणं ॥१॥**
**चोयालं लक्खाइं, कोडीणं सत्त चेव य सहस्सा ।**
**तिन्नि य सया य सयरा, कोडीणं हुंति नायव्वा ॥२॥**
**पंचाणउइं लक्खा, एगावन्नं भवे सहस्साइं ।**
**छस्सोल सोत्तरसया, एसो छट्ठो हवइ वग्गो ॥३॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[ એક લાખ કોડાકોડી તથા ચોરાશી હજાર ચારસો સડસઠ કોડાકોડી છે, તથા ચુમ્માલીસ લાખ કોડિ તથા સાત હજાર ત્રણસો અને સિત્તેર કોડિ છે તે જાણવા; તથા પંચાણું લાખ, એકાવન હજાર, છસો અને સોલ થાય છે, એ છઠ્ઠો વર્ગ છે. (અર્થાત્ એક લાખ, ચોરાશી હજાર, ચારસો સડસઠ કોડાકોડિ, ચુમાલીસ લાખ, સાત હજાર, ત્રણસો સિત્તેર ક્રોડ, પંચાણું લાખ, એકાવનહજાર, છસો સોળ એ છઠ્ઠો વર્ગ છે ]. એ રાશિ અંકસ્થાપનાથી પણ દર્શાવાય છે, તે આ પ્રમાણે - ૧૮૪૪ ૬૭૪૪ ૦૭૩૭ ૦૯૫૫૧૬૧૬. તે આ છઠ્ઠો વર્ગ પૂર્વે કહેલા પાંચમા વર્ગ સાથે (૪૨૯૫૮૬૭૨૯૬ સાથે) ગુણીએ, અને તેવી રીતે ગુણવાથી જે સંખ્યા થાય, તેટલી સંખ્યાએ જઘન્યથી પણ પર્યાપ્ત ગર્ભજ મનુષ્યો લોકને વિષે હોય છે. તે સંખ્યા આ પ્રમાણે - ૭૯૨૨ ૮૧૬૨ ૫૧૪૨ ૬૪૩૩ ૭૫૯ ૩૫૪૩ ૯૫૦૩ ૩૬. (એટલા ગર્ભજ પર્યાપ્ત મનુષ્યો જઘન્યથી હોય છે.)

એ અંકરાશિને 'કોડાકોડિ' ઇત્યાદિ કોઈપણ પ્રકારે કહી શકાતો નથી, તે કારણથી છેલ્લેથી પ્રારંભીને પહેલા અંક સુધીનો સંગ્રહ (સંક્ષેપ) માત્ર આ કહેવાતી બે ગાથાઓ વડે દર્શાવાય છે, તે આ પ્રમાણે -

**छ तिन्नि तिन्नि सुन्नं, पंचेव य नव य तिन्नि चत्तारि ।**
**पंचेव तिन्नि नव पंच, सत्त तिन्नेव तिन्नेव ॥१॥**
**चउ छ दुदो चउ एक्को, पण दो छक्केक्कगो य अट्ठेव ।**
**दो दो नव सत्तेव य, अंकट्ठाणा इगुणतीसं ॥२॥**

[ છ -ત્રણ -ત્રણ -શૂન્ય -પાંચ -નવ -ત્રણ -ચાર -પાંચ -ત્રણ -નવ -પાંચ -સાત -ત્રણ -ત્રણ -ચાર -છ -બે -ચાર -એક -પાંચ -બે -છ -એક -આઠ -બે -બે -નવ -સાત -એ ૨૯ અંકસ્થાનો (ઓગણત્રીસ આંકડા જેટલા ગર્ભજ મનુષ્યો આ લોકમાં જઘન્યથી હોય છે માટે એટલા આંક વડે સંખ્યાતા) છે.

એ પ્રમાણે પૂર્વોક્ત ઓગણત્રીસ અંકભેદરૂપ સંખ્યા વડે સંખ્યાતા ગર્ભજ મનુષ્યો પર્યાપ્તા જઘન્યથી હોય છે, એમ સિદ્ધ થયું. વળી अपज्जत्तया सिय नत्थि - જે ગર્ભજ પણ અપર્યાપ્ત મનુષ્યો અને સમ્મૂર્ચ્છિમ અપર્યાપ્ત મનુષ્યો, તે બન્ને પણ કદાચિત્ આ લોકમાં (મનુષ્યક્ષેત્રમાં) હોય અને ન પણ હોય. કારણ કે સિદ્ધાન્તમાં ગર્ભજ મનુષ્યોની ઉત્પત્તિનો વિરહકાળ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી બાર મુહૂર્ત્ત કહ્યો છે. અને ત્યાં જ (સિધ્ધાન્તમાં) સમ્મૂર્ચ્છિમ મનુષ્યોની ઉત્પત્તિનો વિરહકાળ પણ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી ચોવીસ મુહૂર્તનો કહેલો છે. તેથી પૂર્વે ઉત્પન્ન થયેલા તે ( ગર્ભજ અપર્યાપ્ત મનુષ્યો તથા સમ્મૂર્ચ્છિમ અપર્યાપ્ત ) મનુષ્યોનું આયુષ્ય માત્ર અન્તર્મુહૂર્ત્ત જેટલું જ હોવાથી અન્તર્મુહૂર્તને અંતે તે સર્વેનો અભાવ થઈ જાય છે (એટલે વિરહકાળમાં પહેલું આયુષ્યનું અન્તર્મુહૂર્ત વીત્યા બાદ જગતમાં કોઈપણ ગર્ભજ અપર્યાપ્ત મનુષ્ય કે સમ્મૂર્ચ્છિમ અપર્યાપ્ત મનુષ્ય એક પણ વિદ્યમાન હોય નહિ). તે કારણથી એ બન્ને પ્રકારના મનુષ્યો અધ્રુવ હોવાથી કદાચિત્ હોય છે, અને કદાચિત્ નથી હોતા. અને જો હોય તો એ બન્ને અપર્યાપ્તા અને પૂર્વે કહેલા પર્યાપ્તા તે સર્વે મળીને ઉત્કૃષ્ટથી શ્રેણિના અસંખ્યાતમા ભાગ જેટલા (અસંખ્યાતા) મનુષ્યો હોય છે. અર્થાત્ સંવર્તીને ઘન કરેલા લોકાકાશની એકેક પ્રદેશની પંક્તિરૂપ એક શ્રેણિના અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશપ્રદેશ તેટલા પ્રમાણના સર્વે મનુષ્ય ઉત્કૃષ્ટપદે હોય છે (અર્થાત્ મનુષ્યો અસંખ્યાત હોય છે.) એ

ગાથાર્થ સમાપ્ત થયો. ॥૧૫૩॥

अवतरण: એ પ્રમાણે એક શ્રેણિના અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશપ્રદેશ હોય, તેટલા સર્વ મનુષ્યો ઉત્કૃષ્ટપદે હોય, એમ નિરૂપણ કર્યા છતાં હજી પણ બીજી રીતે સર્વ મનુષ્યોનું પ્રમાણ નિરૂપણ કરે છે. તે આ પ્રમાણે :

**उक्कोसेणं मणुया, सेढिं च हरंति रूवपक्खित्ता ।**
**अंगुलपढमयतियवग्गमूलसंवग्गपलिभागा ॥१५४॥**

ગાથાર્થ: એક મનુષ્યને અધિક પ્રક્ષેપીએ તો તે સર્વે મનુષ્યો અંગુલના પહેલા વર્ગમૂળને ત્રીજા વર્ગમૂળ વડે ગુણતાં આવેલા પ્રદેશસમૂહ જેવડા વિભાગો થાય તેવડા વિભાગોથી (અપહરતાં) એક શ્રેણિ સંપૂર્ણ અપહરે. ॥૧૫૪॥

ટીકાર્થ: ગાથામાં च શબ્દ પક્ષાન્તર (અર્થાન્તર-બીજી પ્રરૂપણાનો) સૂચક છે. અને તે પક્ષાન્તર આ રીતે જાણવો કે - ઉપર કહ્યા પ્રમાણે કેવળ એક શ્રેણિના અસંખ્યાતમા ભાગ જેટલા જ સર્વ મનુષ્યો છે, એટલું જ નહિ, પરંતુ તે સર્વે મનુષ્યો એકેક પ્રદેશની પંક્તિરૂપ એક શ્રેણિને પણ અપહરે છે. કેવી રીતે હોતા છતા અપહરે છે ? તે કહે છે - रूव = એક મનુષ્યરૂપ, એટલે તે ઉત્કૃષ્ટપદે સર્વ મનુષ્યો હોવા છતાં પણ એક મનુષ્ય ઓછો છે, તેથી બુદ્ધિની કલ્પના વડે તે એક મનુષ્યનો પ્રક્ષેપ છે જેમાં (= જે સર્વ મનુષ્યોમાં) તે 'રૂપપ્રક્ષિપ્ત મનુષ્યો', એવા તે મનુષ્યો એટલે એકાધિક મનુષ્યો; અર્થાત્ અસત્ કલ્પનાએ એક મનુષ્ય ઉમેરવાથી જેટલા મનુષ્યો થાય તેટલા (એક શ્રેણિને સંપૂર્ણ અપહરે - ઇતિ અધ્યાહાર્ય). એટલી સંખ્યાવાળા મનુષ્યો પણ પ્રત્યેક મનુષ્ય એકેક પ્રદેશને અપહરતાં સંપૂર્ણ શ્રેણિ અપહરે ? કે બીજી રીતે ?

ઉત્તર: ના (એકેક પ્રદેશાપહારથી ન અપહરે). ત્યારે કઈ રીતે અપહરે ? તે કહે છે -

अंगुलपढमय - ઇત્યાદિ = તે શ્રેણિના અંગુલપ્રમાણ ક્ષેત્રમાં જેટલા આકાશપ્રદેશો હોય તેનું પહેલું વર્ગમૂળ કરવું. ત્યારબાદ પણ પૂર્વે કહેલી રીતિ પ્રમાણે બીજું વર્ગમૂળ કરવું. અને તેનું પુનઃ ત્રીજું વર્ગમૂળ કરવું. ત્યારબાદ અંગુલપ્રમાણ ક્ષેત્રનું જે પહેલું વર્ગમૂળ આવ્યું છે તેને तियवग्गमूल = ત્રીજા વર્ગમૂળ વડે જે संवग्गो = સંવર્ગ એટલે ગુણાકાર, તે ગુણાકારરૂપ હેતુ વડે (એટલે એવા પ્રકારના ગુણાકારથી આવેલી સંખ્યા તે જ જે પ્રતિભાગમાં નિમિત્ત છે તે સંખ્યા વડે) જે पलिभागा = એટલે પ્રતિભાગ અર્થાત્ શ્રેણિના ખંડરૂપ અમુક ભાગ, તે ભાગથી એટલે તે ભાગને આશ્રયિ (= તેવા ખંડ વડે) તે સર્વ મનુષ્યો શ્રેણિને સંપૂર્ણ અપહરે છે. એ ભાવાર્થ છે. (इति अक्षरार्थः ).

અહીં તાત્પર્ય એ છે કે - અંગુલપ્રમાણ એ ક્ષેત્રના પહેલા વર્ગમૂળના પ્રદેશસમૂહને ત્રીજા વર્ગમૂળના પ્રદેશસમૂહ વડે ગુણતાં જેટલા પ્રદેશો આવે, તેટલા પ્રદેશપ્રમાણનો એકેક ક્ષેત્રખંડ (શ્રેણિનો કકડો)જો એકેક મનુષ્યશ્રેણિમાંથી અપહરે - ગ્રહણ કરે તો તે ઉત્કૃષ્ટપદવર્તી (એક મનુષ્ય અધિક ઉત્કૃષ્ટપદવર્તી) સર્વ મનુષ્યો વડે તે લોકાકાશની એક પ્રદેશશ્રેણિ સમકાળે સંપૂર્ણ અપહરાય. એમાં જે એક મનુષ્યને મનુષ્યોમાં અધિક ઉમેર્યો છે, તે મનુષ્ય વાસ્તવિક રીતે નથી. શ્રી પરમગુરુઓએ (શ્રી સર્વજ્ઞોએ) ઉત્કૃષ્ટથી પણ તે એક મનુષ્યન્યૂન જેટલા જ સર્વ મનુષ્યો પોતાના જ્ઞાનથી જોયેલા છે. વળી એ પ્રમાણે હોવાથી લોકપ્રદેશની એક શ્રેણિમાં


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્વોક્ત પ્રમાણવાળા જેટલા ક્ષેત્રખંડ (ખંડ) થયા છે, તેટલા ઉત્કૃષ્ટપદવર્તી સર્વ મનુષ્યો એક મનુષ્ય (નથી તો પણ) અધિક ઉમેરીએ ત્યારે જ થાય, એમ સામર્થ્યથી સિદ્ધ થયું. અને એ પ્રમાણે પૂર્વ ગાથામાં સર્વ મનુષ્યો જે શ્રેણિના અસંખ્યાતમા ભાગ જેટલા કહ્યા તે કથન વિરોધવાળું નથી; કારણ કે એકેક મનુષ્ય પોતે અપહરેલા પૂર્વે કહેલા ક્ષેત્રખંડમાંના આકાશપ્રદેશોથી અસંખ્યાતમા ભાગે છે. તેથી કહેવાઈ ગયેલા સર્વ ક્ષેત્રખંડવાળી સંપૂર્ણ શ્રેણિથી પણ સર્વ મનુષ્યો અસંખ્યાતમા ભાગ જેટલા હોય તે નિર્ણીત જ છે, માટે હવે એ બાબતનો વિશેષ વિસ્તાર કરવવાથી સર્યું (અર્થાત્ એ બાબતમાં હવે એટલું જ વર્ણન પૂરતું છે જેથી વિશેષ કહેવાશે નહિ).

એ પ્રમાણે જઘન્યથી અને ઉત્કૃષ્ટથી એમ બન્ને પ્રકારે મનુષ્ય પંચેન્દ્રિયનું પ્રમાણ કહ્યું. વળી આ મનુષ્યગતિમાં મિથ્યાદૃષ્ટિથી પ્રારંભીને અયોગી સુધીના ચૌદે જીવભેદ (ચૌદ ગુણસ્થાન) સંભવે છે, તેમાં સમ્મૂર્ચ્છિમ મનુષ્યોમાં સાસ્વાદનથી પ્રારંભીને અયોગી સુધીનાં ગુણસ્થાનો ઓઘથી કહેલા પ્રમાણાદિકને અનુસારે વિચારવાં (એટલે ગુણસ્થાનને અંગે જે દ્રવ્યપ્રમાણ - ગુણસ્થાનવર્તી જીવોનું પ્રમાણ વગેરે કહેવાયું છે તે અનુસારે યથાસંભવ વિચારવું). એ પ્રમાણે આ ગાથાનો ભાવાર્થ સમાપ્ત થયો. ।।इति मनुष्यपञ्चेन्द्रियप्रमाणम् ।।૧૫૪।।

अवतरण: હવે પંચેન્દ્રિયપ્રમાણના જ ચાલુ અધિકારમાં દેવગતિને વિષે ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષી એ ત્રણ પ્રકારના દેવોનું પ્રમાણ આ કહેવાતી એક જ ગાથા વડે કહેવાય છે (અને ચોથા પ્રકારના વૈમાનિકદેવનું પ્રમાણ આગળ કહેવાશે) :

**सेढी उ असंखेज्जा, भवणे वणजोइसाण पयरस्स ।**
**संखेज्जजोयणंगुल, दोसयछप्पन्नपलिभागो ।।१५५।।**

गाथार्थ: ભવનપતિ દેવો અસંખ્યાત શ્રેણિઓ જેટલા છે. અને સંખ્યાત યોજન પ્રમાણ એક શ્રેણિ વડે પ્રતરના ભાગ જેટલા વ્યંતરદેવો છે, તથા બસો છપ્પન અંગુલ પ્રમાણની એક શ્રેણિ વડે પ્રતર અપહરાય એટલા જ્યોતિષી દેવો છે. ।।૧૫૫।।

टीकार्थ: सेढी उ असंखेज्जा भवणे ઇત્યાદિ. આ પદમાં વિભક્તિનો વિપર્યય - ફેરફાર થવાથી તેમજ પદના એક દેશ વડે પણ સંપૂર્ણ પદ સમજવાના ન્યાયથી भवणे એટલે ભવનપતિ દેવો જાણવા. અને તે દેવો પ્રતરના અસંખ્યાતમા ભાગમાં વર્તતી અસંખ્ય શ્રેણિઓમાં જેટલા આકાશપ્રદેશ હોય તેટલા જાણવા. વળી તે શ્રેણિઓના વિસ્તારનું પ્રમાણ તો આગળ કહેવાશે.

वण-जोइसाण - એટલે વ્યન્તરોનું અને જ્યોતિષી દેવોનું પ્રમાણ અનુક્રમે આ પ્રમાણે જાણવું- સંખ્યાત યોજનપ્રમાણ દીર્ઘ એવી એક પ્રદેશાત્મક આકાશશ્રેણિ વડે પ્રતરના ભાગ જેટલા વ્યન્તરો છે. અને બસો છપ્પન અંગુલપ્રમાણ એક પ્રદેશવાળી આકાશશ્રેણિ જેવડા ભાગથી પૂર્વે કહેલા સ્વરૂપવાળા આકાશપ્રતરના અપહાર જેટલા જ્યોતિષી દેવો જાણવા. (હવે વિશેષ સ્પષ્ટ કરે છે) -

અહીં તાત્પર્ય એ છે કે - સંખ્યાતા યોજન પ્રમાણની એક પ્રદેશવાળી (= એક પ્રદેશ જાડી) શ્રેણિમાં જેટલા આકાશપ્રદેશ છે, તે સર્વ આકાશપ્રદેશો વડે એક પ્રતરના પ્રદેશરાશિને ભાગીએ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને તે ભાગાકાર કરવાથી જેટલો જવાબ આવે તેટલા પ્રમાણનું જેટલું પ્રતરક્ષેત્ર થાય (એટલે એક પ્રતરનો જે ખંડ પ્રાપ્ત થાય), તેટલા પ્રમાણવાળા પ્રતરક્ષેત્રમાં જેટલા આકાશપ્રદેશ હોય તેટલા વ્યન્તરદેવો છે. અથવા બીજી રીતે વિચારીએ તો પૂર્વોક્ત ભાગાકારપ્રમાણના એકેક પ્રતરખંડને જો એકેક વ્યન્તર દેવ અપહરે, તો તે સંપૂર્ણ પ્રતર તે વ્યન્તર દેવો વડે શીઘ્ર (એક સમયમાં જ) અપહરાય, એ પણ સરખો જ ભાવાર્થ છે.

તથા બસો છપ્પન અંગુલપ્રમાણ દીર્ઘ અને એક પ્રદેશ જાડી એવી આકાશપ્રદેશની શ્રેણિમાં જેટલા આકાશપ્રદેશ હોય, તે સર્વ આકાશપ્રદેશો વડે પ્રતરના પ્રદેશસમૂહને ભાગીએ, અને તે ભાગાકાર વડે જેટલા પ્રમાણનું પ્રતરક્ષેત્ર (પ્રતરનો ખંડ) પ્રાપ્ત થાય, તેવા પ્રતરખંડને એકેક જ્યોતિષી દેવ અપહરે તો સંપૂર્ણ પ્રતર તે જ્યોતિષી દેવો વડે સમકાળે (એક સમયમાં જ) અપહરાય. આમાં પણ બન્ને વાતમાં ભાવાર્થ એક જ છે. વળી જ્યોતિષી દેવો વ્યન્તરોથી સંખ્યાતગુણા છે. એમ (પ્રજ્ઞાપનામાં) મહાદંડકને વિષે કહેલું છે, માટે વ્યન્તરોથી સંખ્યાતગુણ ન્યૂન-ઓછો પ્રતરભાગ (પ્રતરખંડ) જ્યોતિષીદેવોને માટે કહ્યો છે. એ પ્રમાણે આ ગાથાનો ભાવાર્થ સમાપ્ત થયો. ।। इति भवनपति- व्यन्तर - ज्योतिष्कदेवानां द्रव्यादिप्रमाणद्वारम् ।।૧૫૫।।

अवतरणः હવે આ ગાથામાં દેવગતિને વિષે વૈમાનિક દેવોનું પ્રમાણ કહે છે :

**सक्कीसाणे सेढीअसंख उवरिं असंखभागो उ ।**
**आणयपाणयमाई, पल्लस्स असंखभागो उ ।।१५६।।**

गाथार्थः શક્ર દેવલોક અને ઈશાન દેવલોકના દેવો અસંખ્યાત શ્રેણિઓ જેટલા છે. તેથી ઉપરના (૩-૪-૫-૬-૭-૮ કલ્પના) દેવો શ્રેણિના અસંખ્યાતમા ભાગ જેટલા છે. અને આનત-પ્રાણત આદિ દેવો ક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા (અસંખ્યાતા) છે. ।।૧૫૬।।

टीकार्थः सक्क એટલે સૌધર્મેન્દ્ર, અને તે વડે ઉપલક્ષિત (ઓળખાતો) એવો સૌધર્મ દેવલોક જ અહીં ગ્રહણ કરવો. અને તેથી સૌધર્મકલ્પના સર્વે પણ દેવો પૂર્વે કહેલા સ્વરૂપવાળા, સંવર્તીને ઘન કરેલા લોકપ્રતરની અસંખ્યાત શ્રેણિઓ જેટલા છે. અર્થાત્ એક પ્રતરના અસંખ્યાતમા ભાગમાં રહેલી અસંખ્યાત શ્રેણિઓમાં જેટલા આકાશપ્રદેશ હોય તેટલા સૌધર્મ દેવલોકના સર્વ દેવો છે. એ ભાવાર્થ છે. તથા ઈશાન દેવલોકમાં પણ દેવોનું પ્રમાણ એ પ્રમાણે જ એક પ્રતરના અસંખ્યાતમા ભાગમાં જેટલી શ્રેણિઓ આવે, તેના જેટલા આકાશપ્રદેશ હોય તેટલા ઈશાન દેવલોકના દેવો છે, એમ સૌધર્મકલ્પતુલ્ય કહેવું. કેવળ તફાવત એજ કે સૌધર્મકલ્પના દેવોથી એ ઈશાનકલ્પના દેવો સંખ્યાતગુણ ઓછા જાણવા અને ઈશાન દેવલોકના દેવોથી સૌધર્મ દેવલોકના દેવો સંખ્યાતગુણા જાણવા; કારણ કે મહાદંડકમાં (એ બે દેવલોકનું પરસ્પર અલ્પબહુત્વ)એ પ્રમાણે જ કહેલું છે.

उवरिं असंखभागो उ = સૌધર્મ અને ઈશાન દેવલોકથી ઉપરના સનત્કુમાર - માહેન્દ્ર - બ્રહ્મલોક - લાંતક - મહાશુક્ર અને સહસ્રાર એ છ દેવલોકમાં રહેલા સર્વે દેવો, પ્રત્યેકમાં, સમચોરસ ઘન કરેલા લોકાકાશની એક પ્રદેશવાળી શ્રેણિના અસંખ્યાતમા ભાગમાં જેટલા

આકાશપ્રદેશ હોય તેટલા પ્રમાણના સર્વે દેવ તે પ્રત્યેક દેવલોકમાં સદાકાળ હોય છે એ ભાવાર્થ છે. એ છએ કલ્પનું પરસ્પર અલ્પબહુત્વ તો મહાદંડકમાં કહ્યા પ્રમાણે જ જાણવું.

તથા આનત - પ્રાણત - આરણ અને અચ્યુત દેવલોકમાં, નીચેની ત્રણ ગ્રૈવેયકમાં, મધ્યની ત્રણ ગ્રૈવેયકમાં, ઉપરની ત્રણ ગ્રૈવેયકમાં અને અનુત્તર વિમાનોમાં એ પ્રત્યેકમાં ક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગે જેટલા આકાશપ્રદેશ હોય તેટલા દેવો સર્વકાળ હોય છે. એનું પરસ્પર અલ્પબહુત્વ મહાદંડકમાં કહ્યા[1] પ્રમાણે જાણવું. એ પ્રમાણે આ ગાથાનો અર્થ સમાપ્ત થયો. ।। इति वैमानिकदेवसंख्या ।।૧૫૬।।

अवतरणः [ આ કહેવાતા દ્રવ્યાદિપ્રમાણદ્વારમાં દેવોના સંબંધમાં જે દ્રવ્યપ્રમાણ કહ્યું, તે સંબંધમાં શંકા ઉપસ્થિત થાય છે તે આ પ્રમાણે -] અહીં ચાલુ અધિકારમાં કોઈ પ્રશ્ન કરે કે - ભવનપતિ દેવો રત્નપ્રભાપૃથ્વીના નારકો અને સૌધર્મ - ઈશાનકલ્પના દેવોને તમોએ પૂર્વે એક પ્રતરના અસંખ્યાતમા ભાગમાં રહેલી અસંખ્યાત શ્રેણિઓના આકાશપ્રદેશ જેટલા સામાન્યથી કહ્યા છે. પરંતુ પ્રતરના અસંખ્યાતમા ભાગમાં આવેલી અસંખ્ય શ્રેણિઓ તો અસંખ્યકોડાકોડિ યોજનપ્રમાણ વિસ્તારવાળી પણ હોય, માટે તમોએ કહેલા એ દ્રવ્યપ્રમાણમાં એટલા વિસ્તારમાં રહેલી અસંખ્ય શ્રેણિઓ પણ ગ્રહણ કરવી ? કે બીજી રીતે ગ્રહણ કરવી ? એવી આશંકા કરીને હવે ભવનપતિ આદિને માટે કહેલી શ્રેણિઓની પ્રતિનિયત (અમુક પ્રમાણની નિયમિત) વિસ્તારસૂચીનું પ્રમાણ દર્શાવવાને આ ગાથા કહેવાય છે :

**सेढीसूइपमाणं, भवणे घम्मे तहेव सोहम्मे ।**
**अंगुलपढमं बियतिय - समणंतरवग्गमूलगुणं ।।१५७।।**

गाथार्थः શ્રેણિની સૂચિનું (વિસ્તારસૂચિનું) પ્રમાણ ભવનપતિમાં અંગલુપ્રમાણ ક્ષેત્રને તેના પહેલા સમનંતર વર્ગમૂળ વડે ગુણવી, ઘર્માપૃથ્વી (રત્નપ્રભા) માટે ત્યારબાદના બીજા સમનંતર વર્ગમૂળ વડે ગુણવી, અને સૌધર્મકલ્પ માટે ત્રીજા સમનન્તર વર્ગમૂળ વડે ગુણવી [અંગુલને પહેલા વર્ગમૂળ વડે ગુણવો, ત્યારપછી પહેલા વર્ગમૂળને બીજા વર્ગમૂળ વડે ગુણવો અને ત્યારપછી બીજા વર્ગમૂળને ત્રીજા વર્ગમૂળ વડે ગુણવો, જેથી અનુક્રમે ત્રણેની વિસ્તારસૂચિ પ્રાપ્ત થાય]. ।।૧૫૭।।

टीकार्थः પ્રતરમાં પૂર્વે કહેલી જે અસંખ્ય શ્રેણિઓ તે સર્વે ઊર્ધ્વગામી (ઊભી) જાણવી, અને તે શ્રેણિઓની સૂચિ (વિસ્તારસૂચિ) તે તિર્ચ્છી જાણવી (એટલે વિસ્તારસૂચિ આડી સમજવી). તે પૂર્વે કહેલી શ્રેણિઓની એટલે સાત રજ્જુ દીર્ઘ અને ઊર્ધ્વગામી (ઊભી) એવી આકાશપ્રદેશની પંક્તિઓની તિર્ચ્છા વિસ્તારરૂપ જે સૂચિ, તેનું પ્રમાણ તે શ્રેણિસૂચિપ્રમાણ જાણવું, તે શ્રેણિસૂચિપ્રમાણ કેટલું હોય ? તે કહે છે.

अंगुल ઇત્યાદિ. વળી એ શ્રેણિસૂચિપ્રમાણ કયા જીવોનું છે ? તે કહે છે - भवणे ઇત્યાદિ.

૧. સહસ્રાર કલ્પના દેવ (આનત દેવોથી) અસંખ્યગુણા છે, તેથી મહાશુક્રના દેવો અસંખ્યાતગુણ છે, તેથી લાંતકકલ્પના દેવ અસંખ્યાતગુણ છે, તેથી બ્રહ્મલોકના દેવ અસંખ્યાતગુણા છે, તેથી માહેન્દ્રકલ્પના દેવ અસંખ્યગુણ છે, અને સનત્કુમાર દેવ અસંખ્યગુણા છે, તેથી ઈશાનકલ્પના દેવ અસંખ્યગુણા છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલે અનુક્રમે ભવનપતિ દેવોનું, घम्मा = ધર્મા એટલે રત્નપ્રભા પૃથ્વી, તેમાં રહેલા નારક જીવોનું, અને सोहम्मे = સૌધર્મકલ્પના દેવોનું. એ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થમાત્ર કહ્યો, અને હવે ભાવાર્થ કહેવાય છે -

ગાથામાં જે 'समणंतरवग्गमूलगुणं = સાથેના વર્ગમૂળનો ગુણાકાર કરવો,' એમ કહ્યું છે તે સર્વ સ્થાને (એટલે અંગુલ - પઢમ - બિય અને તિય એ ચારે પદોના સંબંધમાં પ્રથમના ત્રણ પદોને અંગે) જોડવું. તેથી ભાવાર્થ એ આવે છે કે - અંગુલને પહેલા વર્ગમૂળરૂપ [1]સમનન્તર વર્ગમૂળ વડે ગુણતાં ભવનપતિ દેવોની શ્રેણિઓની વિસ્તારસૂચિ આવે છે. પુનઃ તે પ્રથમ વર્ગમૂળને પણ બીજા વર્ગમૂળરૂપ સમનન્તર વર્ગમૂળ વડે ગુણતાં રત્નપ્રભાપૃથ્વીના નારકોની શ્રેણિની વિસ્તારસૂચિ પ્રાપ્ત થાય છે. વળી એ બીજા વર્ગમૂળને પણ ત્રીજા વર્ગમૂળરૂપ સમનન્તર વર્ગમૂળ વડે ગુણતાં સૌધર્મકલ્પના દેવોની શ્રેણિઓની વિસ્તારસૂચિ આવે છે. (એ પ્રમાણે ત્રણ જીવદ્રવ્યોને અંગે વિસ્તારસૂચિનું પ્રમાણ ગાથાક્ષરાર્થને અનુસારે કહ્યું). અહીં તાત્પર્ય એ છે કે - પ્રતરનું જે અંગુલપ્રમાણ ક્ષેત્ર ત્યાં સદ્ભાવથી (વાસ્તવિક રીતે) તો અસંખ્યાત શ્રેણિઓ હોય છે. તો પણ શિષ્યજનને સુખે બોધ થવા માટે તે અસંખ્યાત શ્રેણિઓને બસો છપ્પન જેટલી છે એમ કલ્પીએ - ધારીએ છીએ. હવે તે રાશિનું (બસો છપ્પનનું) પહેલું, બીજું અને ત્રીજું વર્ગમૂળ ગ્રહણ કરીએ છીએ. એ દરેક વર્ગમૂળ પણ પ્રત્યેક અસંખ્યાત અસંખ્યાત શ્રેણિ-પ્રમાણ છે, તો પણ પૂર્વોક્ત કારણથી જ (શિષ્યને સુખે સમજાવવા માટે જ) પહેલા વર્ગમૂળની સોળ શ્રેણિ, બીજા વર્ગમૂળમાં ચાર શ્રેણિ, અને ત્રીજા વર્ગમૂળની બે શ્રેણિઓ આવી છે એમ કલ્પીએ છીએ. હવે એ રીતે સદ્ભાવથી અસંખ્ય શ્રેણિઓવાળું છે તો પણ કલ્પના વડે બસો છપ્પન શ્રેણિવાળો જ એક અંગુલપ્રમાણ પ્રતરખંડ, તેને પહેલા વર્ગમૂળની શ્રેણિઓ, સદ્ભાવથી અસંખ્યાત છે તો પણ કલ્પના વડે સોળ (૧૬) શ્રેણિરૂપ જે સમનંતર (સાથેના) એવું પહેલું વર્ગમૂળ તેના વડે ગુણીએ, તો સદ્ભાવથી અસંખ્ય શ્રેણિના વિસ્તારવાળી, પણ કલ્પનાએ ચાર હજાર છન્નું શ્રેણિ જેટલા વિસ્તારવાળી એવી શ્રેણિઓની વિષ્કંભસૂચિ (વિસ્તારસૂચિ) ભવનપતિ દેવોની છે. તે અંકથી પણ દર્શાવાય છે કે - [2]૪૦૯૬. એટલી શ્રેણિઓમાં જેટલા આકાશપ્રદેશ હોય તેટલા ભવનપતિ દેવો છે, એ તાત્પર્ય છે. એ પ્રમાણે ભાવાર્થ આગળ [રત્નપ્રભા પૃથ્વીના નારક અને સૌધર્મ કલ્પના દેવોને અંગે ] પણ જાણવો. (તે આ પ્રમાણે-) જે પહેલું વર્ગમૂળ આવ્યું છે, તેને સમનન્તર (સાથે આવેલા) એવા બીજા વર્ગમૂળ વડે ગુણીએ તો રત્નપ્રભાનારકોની વિસ્તારસૂચિ થાય છે. તે પણ સદ્ભાવથી જો કે અસંખ્યાત શ્રેણિના વિસ્તારવાળી છે, તો પણ કલ્પના વડે ચોસઠ (૬૪)[3] શ્રેણિ જેટલી છે. તથા જે બીજું વર્ગમૂળ

---

૧. અહીં અંગુલ - તેનું પ્રથમ વર્ગમૂળ - બીજું વર્ગમૂળ અને ત્રીજું વર્ગમૂળ એ ચારમાં પહેલું વર્ગમૂળ તે અંગુલનું સમનન્તર (સાથેનું) છે, બીજું વર્ગમૂળ પહેલા વર્ગમૂળનું સમનન્તર છે, અને ત્રીજું વર્ગમૂળ બીજા વર્ગમૂળનું સમનન્તર જ છે.

| | | | | |
|---|---|---|---|---|
| ૨.૩. ૨૫૬ | ૧૬ | ૪ | અહીં ૨૫૬નું પહેલું વર્ગમૂળ | ૧૬ |
| X ૧૬ | X ૪ | X ૨ | બીજું વર્ગમૂળ | ૪ |
| ૪૦૯૬ | ૬૪ | ૮ | ત્રીજું વર્ગમૂળ | ૨ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪), તેને ત્રીજા વર્ગમૂળરૂપ સમનન્તર વર્ગમૂળ વડે ગુણીએ (ચારને બે વડે ગુણીએ) તો સૌધર્મદેવોની વિસ્તાર સૂચિ થાય છે. એ પણ સદ્ભાવથી જો કે અસંખ્યાત શ્રેણિવાળી છે, તો પણ કલ્પના વડે તો આઠ[1] શ્રેણિ જેટલી જ સિદ્ધ છે. એ પ્રમાણે આ અભિપ્રાય તો આ ગ્રંથકર્તાનો છે, અને તે અભિપ્રાય શ્રી પ્રજ્ઞાપનાજીના મહાદંડક સાથે અને અનુયોગદ્વાર આદિ સૂત્રો સાથે વિસંવાદવાળો છે. તે આ પ્રમાણે -

**॥ભવન૦ - રત્નપ્રભા - અને સૌધર્મની શ્રેણિસૂચિનો પ્રજ્ઞાપનાજી સાથે વિસંવાદ ॥**

શ્રી પ્રજ્ઞાપનાજીના મહાદંડકના આલાપકમાં ભવનપતિદેવોથી રત્નપ્રભાપૃથ્વીના નારકો અસંખ્યાતગુણા કહ્યા છે. અને ગ્રન્થની આ ગાથામાં તો રત્નપ્રભાની વિષ્કંભસૂચિથી ભવનપતિદેવોની વિષ્કંભસૂચિ અસંખ્યાતગુણ મોટી હોવાથી-કહેવાથી રત્નપ્રભાનો નારકોથી ભવનપતિદેવો અસંખ્યાતગુણા થયા, માટે એ પ્રગટ વિસંવાદ છે. અનુયોગદ્વારમાં પણ રત્નપ્રભાના નારકોની સંખ્યાના વિચારમાં - અધિકારમાં 'तासि णं सेढीणं विक्खंभसूई अंगुलपढमवग्गमूलं बीयवग्गमूलपडुप्पण्णं એમાં पडुप्पण्णं **प्रत्युत्पन्न** એટલે ગુણાકાર કરવો એ અર્થ છે,' એ વચનથી, અને ભવનપતિની સંખ્યાના વિચારમાં 'तासि णं सेढीणं विक्खंभसूई अंगुलपढमवग्गमूलस्स असंखेज्जइभागो' એ વચનથી (એ રીતે બે પાઠનો સંબંધ વિચારતાં), રત્નપ્રભાનારકોની વિષ્કંભસૂચિથી ભવનપતિઓની વિષ્કંભસૂચિ અસંખ્યાતમા ભાગ જેટલી સ્પષ્ટ જ કહી છે, માટે આ ગ્રન્થની સાથે વિસંવાદ પણ સ્પષ્ટ જ છે. તે કારણથી અહીં મૂળપાઠમાં घम्मे भवणे तहेव सोहम्मे એવો ફેરફારવાળો પાઠ હોય તો કોઈક રીતે કેટલીક વાત મળતી આવે, પરંતુ એવા પ્રકારનો પાઠ કોઈપણ બીજી પ્રતિઓ (બીજી આ ગ્રન્થની પ્રતો)માં દેખાતો નથી. હવે એ બાબતના અધિક વિસ્તારથી સર્યું.

વળી આ ગ્રન્થમાં ઈશાનદેવલોકના દેવોની વિષ્કંભસૂચિ કહી નથી, પરંતુ શ્રીપ્રજ્ઞાપનાજીના મહાદંડકમાં ઈશાનદેવોથી સૌધર્મકલ્પના દેવો સંખ્યાતગુણા કહ્યા છે, તે અનુસારે તેની (ઈશાનદેવોની) વિષ્કંભસૂચિ પણ પોતાની મેળે વિચારવી. એ પ્રમાણે આ ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૧૫૭॥

अवतरणः હવે આ ગાથામાં શર્કરાપ્રભાપૃથ્વીના નારકોનું અને સનત્કુમારાદિ દેવોનું પ્રમાણ અતિવિશેષપણે કહેવાય છે, તે આ પ્રમાણે :

**बारस दस अद्धेव य, मूलाइं छत्ति दुन्नि नरएसु ।**
**एक्कारस नव सत्त य, पणग चउक्कं च देवेसु ॥१५८॥**

गाथार्थः તમઃતમાદિ ૬ પૃથ્વીઓમાં અનુક્રમે બારમું - દશમું - આઠમું - છઠ્ઠું - ત્રીજું - અને બીજું વર્ગમૂળ કરીએ તેટલા નારકો, અને દેવોમાં સનત્કુમારથી પ્રારંભીને અનુક્રમે અગિયારમું - નવમું - સાતમું - પાંચમું - અને ચોથું વર્ગમૂળ કરીએ તેટલા વૈમાનિકદેવો છે, એમ જાણવું. ॥૧૫૮॥

---

[1] પૃ. ૨૩૧માં ટિ. નં. ૨.૩ જુઓ.

Jain Education International
For Private & Personal Use Only

www.jainelibrary.org

टीकार्थः આ ગાથાના અર્થની વ્યાખ્યામાં અર્વાચીન ટીકાકાર એમ કહે છે કે - 'આ ગાથાનો અર્થ મૂળટીકામાં કહ્યો નથી, પરંતુ અમને તો એવો અર્થ સમજાય છે કે -ઘનીકૃત લોકની એક પ્રદેશશ્રેણિમાં અસંખ્યાત વર્ગમૂળ ઉત્પન્ન થાય છે, તેમાંના ૧૨મા (બારમા) વર્ગમૂળમાં જેટલા આકાશપ્રદેશ પ્રાપ્ત થાય તેટલા સાતમી પૃથ્વીમાં નારકો છે. છઠ્ઠી પૃથ્વીમાં દશમા વર્ગમૂળના આકાશપ્રદેશો જેટલા નારકો છે. પાંચમી પૃથ્વીમાં આઠમા વર્ગમૂળના આકાશપ્રદેશો જેટલા નારક છે. ચોથી પૃથ્વીમાં છઠ્ઠા વર્ગમૂળના આકાશપ્રદેશ જેટલા નારકો છે. ત્રીજી પૃથ્વીમાં ત્રીજા વર્ગમૂળના પ્રદેશપ્રમાણ નારકો છે, અને બીજી પૃથ્વીમાં શ્રેણિના બીજા વર્ગમૂળના પ્રદેશો જેટલા નારકજીવો પ્રાપ્ત થાય છે. તથા પહેલી પૃથ્વીના નારકોનું પ્રમાણ તો सेढीसूईपमाणं भवणे घम्मे ઇત્યાદિ પદવાળી ગાથામાં સવિશેષપણે હમણાં જ કહેવાઈ ગયું છે, તે કારણથી તે પ્રમાણ કહ્યું નથી.

'હવે વૈમાનિકદેવોનું વિશેષભેદપૂર્વક પ્રમાણ કહેવાય છે - ત્યાં સૌધર્મ અને ઇશાનદેવોનું પ્રમાણ અનન્તરની (આ ગાથાથી પહેલી) ગાથામાં કહેવાઈ ગયું છે, તેથી હવે સનત્કુમારાદિ દેવોનું પ્રમાણ આ ગાથાના ઉત્તરાર્ધમાં પર્યન્તભાગથી - છેલ્લેથી પશ્ચાનુપૂર્વીએ કહ્યું છે, તે પ્રમાણે કહેવાય છે. તે આ પ્રમાણે -

'चउक्कं च देवेसु = વૈમાનિક દેવોમાં સનત્કુમાર અને માહેન્દ્રકલ્પના દેવો શ્રેણિનું જે ચોથું વર્ગમૂળ તેના જેટલા પ્રદેશો થાય તેટલા પ્રદેશપ્રમાણ (તેટલા દેવો) છે. બ્રહ્મલોકમાં પાંચમા વર્ગમૂળના પ્રદેશરાશિ જેટલા, લાન્તકમાં સાતમા વર્ગમૂળના પ્રદેશરાશિ જેટલા, મહાશુક્રમાં નવમા વર્ગમૂળના પ્રદેશરાશિ જેટલા, અને સહસ્રાર કલ્પમાં શ્રેણિના અગિયારમા વર્ગમૂળમાં જેટલા આકાશપ્રદેશ પ્રાપ્ત થાય તેટલા દેવો છે. અને આનત-પ્રાણત કલ્પમાં તો आणय पाणय-माई, पल्लस्स असंखभागो उ એ ગાથાના પદો વડે અતિવિશેષભેદે પ્રમાણ કહેવાઈ ગયું છે, માટે તે પ્રમાણ આ ગાથામાં કહ્યું નથી.' એ પ્રમાણે આ ગાથાનું અર્વાચીન ટીકાકારે કરેલ વ્યાખ્યાન દર્શાવ્યું. પરંતુ અમોએ એવા પ્રકારના નિર્ણય કરેલા તે અર્થનો સંવાદ (સિદ્ધાન્તો સાથે યથાર્થ મળતાપણું) કોઈપણ આગમમાં ક્યાંય પણ દેખ્યું નથી, અને એ અર્થમાં પ્રજ્ઞાપનાજીના મહાદંડક સાથે વિચારતાં દોષ પણ દેખાય છે, માટે એમાં સત્ય તત્ત્વ શું છે ? તે શ્રી સર્વજ્ઞો અથવા બહુશ્રુતો જાણે. એ પ્રમાણે આ ગાથાનો ભાવાર્થ સમાપ્ત થયો. ।।इति देवनारकप्रमाणम् ।।१५८।।

अवतरणः એ પ્રમાણે ચારે ગતિના પંચેન્દ્રિયોનું દ્રવ્યપ્રમાણ કહ્યું. હવે તિર્યંચગતિમાં પૂર્વે નહિ કહેલા બાદર પર્યાપ્ત પૃથ્વીકાય, બાદર પર્યાપ્ત અપ્કાય અને બાદર પર્યાપ્ત પ્રત્યેક વનસ્પતિકાય એ ત્રણનું પ્રમાણ ગાથામાં કહેવાય છે :

**बायरपुढवी आऊ, पत्तेयवणस्सई य पज्जत्ता ।**
**ते पयरमवहरिज्जंसु, अंगुलासंखभागेणं ।।१५९।।**

गाथार्थः પર્યાપ્ત બાદર પૃથ્વીકાય, અપ્કાય અને પ્રત્યેક વનસ્પતિકાય એ ત્રણે જીવો અંગુલના અસંખ્યાતમા ભાગ વડે સંપૂર્ણ પ્રતર અપહરાય એટલા છે. ।।૧૫૯।।

ટીકાર્થઃ બાદર પર્યાપ્ત પૃથ્વીકાય, બાદર પર્યાપ્ત અપ્કાય અને બાદર પર્યાપ્ત પ્રત્યેક વનસ્પતિકાય એ ત્રણે જીવો પ્રત્યેક આકાશના એક પ્રતરને સંપૂર્ણ અપહરે છે. તે ક્યા પ્રકારે અપહરે ? તે કહે છે - અંગુલના અસંખ્યાતમા ભાગ વડે. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે - સર્વે બાદર પર્યાપ્ત પૃથ્વીકાય જીવો ભેગા થઈને નિશ્ચય એક સમયમાં આકાશપ્રતરના એકેક પ્રદેશને (એકેક આકાશપ્રદેશને) અપહરીને - ગ્રહણ કરીને અસત્કલ્પનાએ ધારો કે તે પ્રદેશોને બીજે સ્થાને ગોઠવતા જાય (સ્થાપે), તેવી જ રીતે બીજે સમયે પણ (દરેક જીવ) એકેક આકાશપ્રદેશ ગ્રહણ કરીને બીજે સ્થાને ગોઠવે, તેવી રીતે ત્રીજે સમયે અને તેવી જ રીતે ચોથે સમયે પણ ગોઠવે તો એ પ્રમાણે યાવત્ અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા આકાશપ્રદેશના શ્રેણિખંડમાં જેટલા આકાશપ્રદેશ હોય તેટલી સંખ્યા જેટલા સમયે તે જીવો સંપૂર્ણ એક પ્રતરને અપહરે.

અથવા બીજી રીતે વિચારીએ તો અંગુલના અસંખ્યાતમા ભાગ જેવડા આકાશપ્રદેશના શ્રેણિખંડમાં જેટલા આકાશપ્રદેશ છે, તે પ્રદેશો વડે એક પ્રતરના સર્વ પ્રદેશોને ભાગીએ, અને તે કરવાથી પ્રાપ્ત થયેલા પ્રતરના પ્રદેશખંડમાં (પ્રતર વિભાગમાં) જેટલા આકાશપ્રદેશ છે, તેટલા સર્વે પણ બાદર પર્યાપ્ત પૃથ્વીકાયજીવો છે. [ અર્થાત્ પ્રતરને અંગુલના અસંખ્યાતમા ભાગ વડે ભાગતાં જે જવાબ આવે તેટલા બાદર પૃથ્વીકાય પર્યાપ્ત જીવો સર્વ મળીને છે ].

અથવા બીજી રીતે વિચારીએ તો સર્વ બાદર પૃથ્વીકાય પર્યાપ્ત જીવોને દરેકને જો અંગુલના અસંખ્યાતમા ભાગ જેવડો પ્રતરખંડ આપીએ તો સમકાળે એક જ સમયમાં તે જીવો સંપૂર્ણ પ્રતરને ગ્રહણ કરે (એટલે સમકાળે સંપૂર્ણ પ્રતર ખાલી થાય). એ પ્રમાણે ત્રણે પ્રરૂપણાઓનું તાત્પર્ય એક જ છે.

જે રીતે વળી એ બાદર પૃથ્વીકાય જીવોની પ્રમાણ-પ્રરૂપણા કરી, તેવી રીતે બાદર પર્યાપ્ત અપ્કાયજીવોની અને બાદર પર્યાપ્ત પ્રત્યેક વનસ્પતિની પણ પ્રરૂપણા (ત્રણે રીતે સરખી) કરવી. કારણ કે ગાથામાં સમાન પ્રમાણ (પ્રરૂપણા)કહી છે. વળી એ પ્રરૂપણાની રીતે તો જો કે ત્રણે જીવોનું સમાન પ્રમાણ જણાવ્યું છે, તો પણ અંગુલના અસંખ્યાતમા ભાગના અસંખ્ય ભેદ હોવાથી એ ત્રણે જીવોનું સ્વસ્થાને પરસ્પર અલ્પબહુત્વ તો છે જ એમ જાણવું. (એટલે પરસ્પર હીનાધિક છે). તે આ પ્રમાણે - બાદર પર્યાપ્ત પ્રત્યેક વનસ્પતિજીવોથી બાદર પર્યાપ્ત પૃથ્વીકાયજીવો અસંખ્યાતગુણા છે, અને તેથી બાદર પર્યાપ્ત અપ્કાયજીવો અસંખ્યાતગુણા છે. એ પ્રમાણે ગાથાનો વ્યાખ્યાર્થ સમાપ્ત થયો. ॥૧૫૯॥

અવતરણઃ હવે આ ગાથામાં બાદર પર્યાપ્ત તેઉકાય (અગ્નિકાય), અને બાદર પર્યાપ્ત વાયુકાય જીવોનું પ્રમાણ કહેવાય છેઃ

**पज्जत्तबायराणल, असंखया हुंति आवलियवग्गा ।**
**पज्जत्तवायुकाया, भागो लोगस्स संखेज्जो ॥१६०॥**

ગાથાર્થઃ પર્યાપ્તા બાદર અનલજીવો (અગ્નિજીવો) આવલિના અસંખ્યાત વર્ગ જેટલા છે, અને બાદર પર્યાપ્ત વાયુકાયજીવો લોકના સંખ્યાતમા ભાગ જેટલા છે. ॥૧૬૦॥

टीकार्थः બાદર પર્યાપ્ત તેજસ્કાયજીવો છે. કેટલા ? તે કહે છે - અસંખ્યાત આવલિવર્ગ જેટલા, અર્થાત્ એક આવલિકાના જેટલા સમયો છે, તેઓનો પહેલીવાર વર્ગ કરીએ (ત્યારબાદ આવેલા વર્ગનો વર્ગ[1] ન કરવો). એ પ્રમાણે તે આવલિકાના તેવા અસંખ્યાત વર્ગ કર્યે છતે (સર્વ ભેગા કરતાં) જેટલા સમય પ્રાપ્ત થાય તેટલા બાદર પર્યાપ્ત અગ્નિકાયજીવો છે. અને બાદર પર્યાપ્ત વાયુકાયજીવો તો લોકાકાશના સંખ્યાતમા ભાગ જેટલા છે, એટલે લોકાકાશના સંખ્યાતમા એક ભાગમાં જેટલા આકાશપ્રદેશ હોય, તેટલા સર્વે પણ બાદર પર્યાપ્ત વાયુકાયજીવો છે - એ ભાવાર્થ છે. એ પ્રમાણે આ ગાથાનો વ્યાખ્યાર્થ સમાપ્ત થયો. ॥૧૬૦॥

अवतरणः [ પૂર્વ ગાથામાં (૧૬૦મી ગાથામાં) પર્યાપ્ત બાદર અગ્નિકાય તથા વાયુકાય જીવોના પ્રમાણને અંગે એક આવલિકાના જે અસંખ્યાત વર્ગ તથા લોકના સંખ્યાતમે ભાગે પ્રતર કહ્યા તે સંબંધમાં ] અહીં શંકા ઉપસ્થિત થાય છે કે - આવલિકાના અસંખ્યાત વર્ગો વડે તો આવલિકાનો ઘન પણ થાય છે. અને તે ઘન ઓછો હોય વા અધિક પણ હોય [ એટલે તે ઘન આવલિકાના અસંખ્ય વર્ગના અંકરાશિથી તેમજ તેટલી જીવરાશિથી પણ હીન પણ અથવા અધિક પણ થાય છે, ] માટે 'આવલિકાના અસંખ્યાત વર્ગ' એટલું જ માત્ર કહેવાથી બાદર પર્યાપ્ત અગ્નિકાય જીવોનું પ્રમાણ નિશ્ચયપૂર્વક જણાતું નથી. તેમજ લોકના સંખ્યાતમા ભાગે જેટલા પ્રતર તેટલા બાદર પર્યાપ્ત વાયુકાય કહ્યા, તેમાં પણ લોકના સંખ્યાતમા ભાગે કેટલા પ્રતર જાણવા ? તે પણ નિશ્ચિત જણાતું નથી. માટે એ શંકાના સમાધાનમાં એ બન્ને જીવોના પ્રમાણની પ્રરૂપણા પુનઃ વિશેષથી સ્પષ્ટ કરે છે :

**आवलिवग्गाऽसंखा, घणस्स अंतो उ बायरा तेऊ ।**
**पज्जत्तबायराणिल, हवंति पयरा असंखेज्जा ॥१६१॥**

गाथार्थः આવલિકાના ઘનમાં અન્તર્ગત થાય એવા આવલિકાના અસંખ્યાત વર્ગ જેટલા બાદર પર્યાપ્ત અગ્નિજીવો છે, અને પર્યાપ્ત બાદર અનિલ (વાયુ) જીવો અસંખ્યાતા પ્રતર પ્રમાણ છે (એ વિશેષ સ્પષ્ટતા કહી). ॥૧૬૧॥

टीकार्थः જે બાદર પર્યાપ્ત અગ્નિકાયજીવોને પૂર્વ ગાથામાં અસંખ્યાત આવલિકાવર્ગ જેટલા કહ્યા, તે અસંખ્યાત વર્ગ તેટલા જ ગ્રહણ કરવા કે જેનાથી આવલિકાનો ઘન પૂર્ણ ન થાય. આ ભાવાર્થની પ્રતીતિ (વિશેષ સ્પષ્ટતા) શિષ્યજનના ઉપકાર માટે અસત્કલ્પના વડે દર્શાવાય છે. તે આ પ્રમાણે -

અસંખ્યાત સમયની આવલિકા છે, તો પણ અસત્કલ્પનાએ આવલિકાના ૧૦ સમય કલ્પીએ. તેનો વર્ગ (૧૦ x ૧૦ =) ૧૦૦ થાય છે. વળી તેવા અસંખ્યાત વર્ગને પણ અસત્કલ્પનાએ ૧૦ વર્ગ પણ કલ્પી શકાય, પરન્તુ એટલા ઘણા વર્ગ ન કલ્પવા. કારણ કે જો

૧. 'આવલિકાના અસંખ્યાત વર્ગ' એટલું જ કહેવાથી અહીં બે રીતે વર્ગ સમજાય છે : ત્યાં પ્રથમ તો આવલિકાનો પહેલો વર્ગ કરી પુનઃ તે વર્ગનો વર્ગ કરવો તે બીજો, પુનઃ તે બીજા વર્ગનો વર્ગ કરવો તે ત્રીજો એ પ્રમાણે પણ અસંખ્યાત વર્ગ થાય છે, પરંતુ તે અહીં ગ્રહણ ન કરતાં પહેલીવાર કરેલા વર્ગના જ અસંખ્ય રાશિ તે અહીં અસંખ્ય વર્ગ સમજવા.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલા (૧૦) વર્ગ કલ્પીએ તો આવલિકાનો (દશનો) ઘન સંપૂર્ણ થાય છે. તે આ પ્રમાણે - આવલિકાના ૧૦ સમય કલ્પ્યા છે, તેનો ઘન (૧૦ x ૧૦ x ૧૦) = ૧૦૦૦ થાય છે. અને આવલિકાના ૧૦ વર્ગો વડે પણ (૧૦૦ + ૧૦૦ + ૧૦૦ + ૧૦૦ + ૧૦૦ + ૧૦૦ + ૧૦૦ + ૧૦૦ + ૧૦૦ + ૧૦૦) = ૧૦૦૦ પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે અસંખ્ય વર્ગ એટલે ૧૦ વર્ગ ગ્રહણ કરવાથી ઘન પૂર્ણ થાય છે, માટે આવલિકાના (દશ નહિ, પણ) આઠ અથવા નવ વર્ગ જ કલ્પવા, જેથી સદ્ભાવથી અસંખ્યાત, પરંતુ કલ્પના વડે આઠસો અથવા નવસો બાદર પર્યાપ્ત અગ્નિકાયજીવો સિદ્ધ થાય છે. અને તેથી એ સંખ્યા આવલિકાના ઘનની અન્તર્ગત પણ થાય છે (ઘનથી ઓછી પણ થાય છે). અને એ પ્રમાણે હોવાથી આવલિકાના એક વર્ગને આવલિકાના સમયોથી કિંચિત્ ન્યૂન સમયો વડે ગુણીએ તો પણ બાદર પર્યાપ્ત અગ્નિકાયનું પ્રમાણ આવે છે, એમ કહ્યું છે.

તથા બાદર પર્યાપ્ત વાયુકાયજીવો અસંખ્યાત પ્રતર જેટલા છે. એમાં તાત્પર્ય એ કહ્યું છે કે પૂર્વે કહેલા, લોકના સંખ્યાતમા ભાગમાં, અસંખ્યાતા પ્રતર જાણવા. તેથી લોકના સંખ્યાતમા ભાગમાં આવેલા તે અસંખ્ય પ્રતરોમાં જેટલા આકાશપ્રદેશ છે, તેટલા બાદર પર્યાપ્ત વાયુકાયજીવો પણ છે.

વળી એ કહેલા પ્રમાણવાળા બાદર પર્યાપ્ત પૃથ્વીકાય, અપ્કાય અને પ્રત્યેક વનસ્પતિકાયનું પરસ્પર અલ્પબહુત્વ આ પ્રમાણે વિચારવું - બાદર પર્યાપ્ત અગ્નિકાય સર્વથી અલ્પ છે, તેથી પ્રત્યેક વનસ્પતિકાય અસંખ્યાતગુણ છે, તેથી પૃથ્વીકાયજીવો અસંખ્યગુણ છે, અને તેથી અપ્કાય અસંખ્યગુણ છે, અને તેથી વાયુકાયજીવો અસંખ્યાત ગુણા છે. અહીં એ પ્રમાણે જો અગ્નિકાયજીવો જ સર્વથી અલ્પ છે તો સર્વથી પ્રથમ અગ્નિકાયનું જ પ્રમાણ કેમ ન કહ્યું ? એવી આશંકા ન કરવી, કારણ કે સૂત્રકર્તાની પ્રવૃત્તિ (સૂત્રરચના) વિચિત્ર હોય છે. એ પ્રમાણે આ ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૧૬૧॥ इति बादरपर्याप्तप्रत्येकएकेन्द्रियाणां प्रमाणम् ॥

अवतरणः એ પ્રમાણે બાદર પર્યાપ્ત પૃથ્વીકાય - અપ્કાય - અગ્નિકાય - વાયુકાય અને પ્રત્યેક વનસ્પતિકાય - એ પાંચે એકેન્દ્રિયોનું પ્રમાણ કહ્યું, અને હવે એ પાંચે અપર્યાપ્તાઓનો જ એક રાશિ (નું પ્રમાણ) નહિ કહેલ બાકી રહે છે, અને સૂક્ષ્મ પર્યાપ્તા પૃથ્વી - અપ્ - તેજસ્ અને વાયુ એ ચારરૂપ બીજા રાશિનું પ્રમાણ બાકી રહે છે, અને ત્રીજો રાશિ એજ પાંચે અપર્યાપ્તાઓનો બાકી રહ્યો છે. એ રીતે એ ત્રણ રાશિ પ્રત્યેક શરીરના, અને સાધારણ વનસ્પતિના સૂક્ષ્મ-બાદર અને તે બન્ને પર્યાપ્ત અને અપર્યાપ્ત (પર્યાપ્ત સૂક્ષ્મ સાધારણ વનસ્પતિ - પર્યાપ્ત બાદર વનસ્પતિ - અપર્યાપ્ત સૂક્ષ્મ સાધારણ વનસ્પતિ અને અપર્યાપ્ત બાદર સાધારણ વનસ્પતિ)એ ચાર રાશિનું પ્રમાણ પણ કહ્યા વિનાનું બાકી રહ્યું છે, માટે એ સાતે રાશિઓનું પ્રમાણ કહેવાની ઈચ્છાએ આ ગાથા કહે છે (અર્થાત્ આ ગાથામાં એ સાતે રાશિઓનું પ્રમાણ કહેવાય છે):

**सेसा तिण्णिवि रासी, वीसुं लोया भवे असंखेज्जा ।**
**साहरणा उ चउसुवि, वीसुं लोया भवेऽणंता ॥१६२॥**

ગાથાર્થઃ શેષ ત્રણે રાશિઓ જુદા જુદા અસંખ્યાતા લોકાકાશ પ્રમાણ છે, અને ચારે રાશિના સાધારણ વનસ્પતિ જીવો ભિન્ન ભિન્ન અનંત લોકાકાશ પ્રમાણ છે. (એ પ્રમાણે એ સાતે રાશિનું પ્રમાણ જાણવું.) ॥૧૬૨॥

ટીકાર્થઃ પ્રત્યેકશરીરી એકેન્દ્રિયોના પ્રથમ ચાર રાશિ સંભવે છે. તે આ પ્રમાણે - ૧. બાદર પર્યાપ્ત, ૨. બાદર અપર્યાપ્ત, ૩. સૂક્ષ્મ પર્યાપ્ત, ૪. સૂક્ષ્મ અપર્યાપ્ત. ત્યાં પહેલા બાદર પર્યાપ્ત એકેન્દ્રિયરૂપ એક રાશિનું પ્રમાણ તો પૂર્વે કહેવાઈ ગયું. અને તે કહેલા રાશિ સિવાય બાકી રહેલા ત્રણ રાશિઓનું પ્રમાણ વીસું = વિષ્વક્ વિષ્વક્ = જુદું જુદું અસંખ્યાત લોકાકાશ જેટલું છે. અર્થાત્ અસંખ્યાત લોકાકાશના જેટલા આકાશપ્રદેશ તેટલા પ્રમાણનો દરેક રાશિ છે. એ પ્રમાણે સામાન્યથી એ ત્રણે રાશિ જો કે સરખી સંખ્યાએ કહ્યા છે તો પણ વિશેષથી સ્વસ્થાને પરસ્પર એ ત્રણે રાશિઓનું અલ્પબહુત્વ આ પ્રમાણે જાણવું :

અપર્યાપ્ત પ્રત્યેકશરીરી બાદર એકેન્દ્રિયજીવો અલ્પ છે, તેથી પ્રત્યેકશરીરી સૂક્ષ્મ અપર્યાપ્ત એકેન્દ્રિયો અસંખ્યાતગુણા છે, તેથી પણ સૂક્ષ્મ પર્યાપ્તા પ્રત્યેકશરીરી જીવો સંખ્યાતગુણા છે, (એ પ્રમાણે એ ત્રણ રાશિનું અલ્પબહુત્વ જાણવું).

તથા બાદર પર્યાપ્તા - બાદર અપર્યાપ્તા - સૂક્ષ્મ પર્યાપ્તા અને સૂક્ષ્મ અપર્યાપ્તા એ ચારે પ્રકારના સાધારણ શરીરવાળા વનસ્પતિ એકેન્દ્રિયજીવોરૂપ ચારે રાશિઓનું પ્રમાણ જુદું જુદું અનન્ત લોકાકાશ જેટલું છે. અર્થાત્ અનન્ત લોકાકાશના જેટલા આકાશપ્રદેશો છે, તેટલા પ્રમાણનો એ પ્રત્યેક-દરેક રાશિ છે. એ પ્રમાણે એમાં પણ ચારે રાશિઓ જો કે સામાન્યથી સરખી સંખ્યાએ કહી છે, તો પણ એ ચાર રાશિઓનું સ્વસ્થાને પરસ્પર અલ્પબહુત્વ આ પ્રમાણે જાણવું:

સાધારણશરીરી બાદર પર્યાપ્ત એકેન્દ્રિયજીવો અલ્પ છે, તેથી સાધારણશરીરી બાદર અપર્યાપ્તજીવો અસંખ્યગુણા છે, તેથી સૂક્ષ્મ અપર્યાપ્ત (એકેન્દ્રિયજીવો) અસંખ્યાતગુણા છે. તેથી સૂક્ષ્મ પર્યાપ્ત એકેન્દ્રિયજીવો સંખ્યાતગુણા છે. તથા એ સાતે રાશિઓનું અલ્પબહુત્વ આ પ્રમાણે કહેવું:

૧. પ્રત્યેકશરીરી બાદર અપર્યાપ્ત એકેન્દ્રિયો સર્વથી અલ્પ છે,

૨. તેથી સૂક્ષ્મ અપર્યાપ્ત એકેન્દ્રિયો અસંખ્યાતગુણા છે.

૩. તેથી સૂક્ષ્મ પર્યાપ્ત એકેન્દ્રિયજીવો સંખ્યાતગુણા છે.

૪. તેથી બાદર પર્યાપ્ત સાધારણશરીરી એકેન્દ્રિયજીવો અનન્તગુણા છે.

૫. તેથી પણ બાદર અપર્યાપ્ત એકેન્દ્રિયજીવો અસંખ્યાતગુણા છે.

૬. તેથી પણ સૂક્ષ્મ અપર્યાપ્ત એકેન્દ્રિયો અસંખ્યાતગુણા છે.

૭. તેથી પણ સૂક્ષ્મ પર્યાપ્ત એકેન્દ્રિયો સંખ્યાતગુણા છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ પ્રમાણે આ ગાથાનો અર્થ સમાપ્ત થયો ॥૧૬૨॥ इति एकेन्द्रियाणां प्रमाणम्॥

अवतरणः હવે બાદર પર્યાપ્ત વાયુકાયમાં કેટલાક જીવો ઉત્તરવૈક્રિય શરીર રચવાની લબ્ધિવાળા પણ છે. તેથી તેનું પ્રમાણ આ ગાથામાં કહે છેઃ

**बायरवाउसमग्गा, भणिया अणुसमयमुत्तरसरीरा ।**
**पल्लासंखियभागे - णऽवहीरंतित्ति सव्वेवि ॥१६३॥**

गाथार्थः ઉત્તરવૈક્રિયશરીરી બાદર વાયુકાયજીવો સર્વે સમયે સમયે એકેક આકાશપ્રદેશ અપહરે તો પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશપ્રદેશો છે, તેટલા સર્વ પ્રદેશોને સમકાળે અપહરે તેટલા अणुसमयं = પ્રતિસમય કહ્યા છે. અથવા બીજો અર્થ : ઉત્તર વૈક્રિય શરીરવાળા સર્વે બાદર વાયુકાયજીવો પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે સર્વ અપહરાય તેટલા પ્રતિસમય વિદ્યમાન કહ્યા છે. ॥૧૬૩॥

टीकार्थः ગાથામાં बायरा - બાદર કહેવાથી ઉપલક્ષણથી (અધ્યાહારથી) 'પર્યાપ્તા' એવું પણ વિશેષણ ગ્રહણ કરવું. કારણ કે અપર્યાપ્ત જીવોને ઉત્તરવૈક્રિય શરીર રચવાનો અસંભવ છે. તેથી બાદર પર્યાપ્ત સર્વે પણ વાયુકાયજીવો જે પૂર્વે કહ્યા છે, તેઓમાંથી કેટલાક ઉત્તરવૈક્રિય શરીરવાળા વાયુકાયજીવો પ્રતિસમય-નિરન્તર વિદ્યમાન હોય છે, એ પ્રમાણે સોપસ્કાર (આગળ કહેવાતા ભાવાર્થ સાથે અનુસંધાનવાળી અથવા ઘટતી) વ્યાખ્યા કરવી.

વળી તે ઉત્તરવૈક્રિય શરીરવાળા બાદર પર્યાપ્ત વાયુકાયજીવો કેટલી સંખ્યાવાળા પ્રાપ્ત થાય છે ? તે કહે છે - એ સર્વે જીવો પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે અપહરાય છે. અર્થાત્ પ્રતિસમય એકેક [1]આકાશપ્રદેશ અપહરતાં જેટલા કાળે ક્ષેત્રપલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અપહરાય- ખાલી થાય, તેટલા કાળે વૈક્રિયશરીરવાળા વાયુકાયજીવો પણ પ્રતિસમય એકેકના અપહાર વડે સર્વે પણ સમાપ્ત થાય, એ ભાવાર્થ છે. અર્થાત્ ક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશપ્રદેશ, તેટલા વૈક્રિયશરીરવાળા બાદર પર્યાપ્ત વાયુકાયજીવો સર્વ મળીને છે એ તાત્પર્ય છે. (અર્થાત્ વૈક્રિયશરીરી વાયુજીવો પણ અસંખ્યાતા છે).

વળી આ બાબતમાં બીજા આચાર્યો એવી વ્યાખ્યા કરે છે કે - 'બાદર પર્યાપ્ત વાયુકાયજીવો સર્વે પણ વૈક્રિયશરીરવાળા પ્રતિસમય પ્રાપ્ત થાય છે.' એ વાત અયુક્ત છે, કારણ કે સર્વ (ઉત્તર વૈક્રિય કરનારા તથા નહિ કરનારા તમામ) બાદર પર્યાપ્ત વાયુકાયજીવો તો લોકાકાશના સંખ્યાતમા ભાગ જેટલા છે, એમ આ ગ્રન્થમાં જ પ્રથમ નિર્ણીત રીતે કહેલું છે. અને આ ગાથામાં તો (ઉત્તરવૈક્રિય કરનારા વાયુકાયિક જીવો) ક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા કહ્યા છે, તે કેમ ઘટે ? અર્થાત્ ન ઘટે, [ માટે એ બે વાત બંધબેસતી નથી]. વળી, સિદ્ધાન્તમાં સર્વે બાદર પર્યાપ્ત વાયુકાયજીવોને વૈક્રિયશરીર હોવાનો નિષેધ પણ કર્યો છે. એ પ્રમાણે આ ગાથાર્થ સમાપ્ત થયો. ॥૧૬૩॥

अवतरणः હવે પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય તથા ચતુરિન્દ્રિય અને

૧. ક્ષેત્રપલ્યોપમ એ કાળ છે, છતાં તેના આકાશપ્રદેશનો અપહાર કહ્યો, તેનું કારણ કે - એ કાળ પણ પલ્યરૂપ ક્ષેત્રની પ્રરૂપણાથી કહ્યો છે, માટે ક્ષેત્રપલ્યોપમની પ્રરૂપણા જેના ઉપરથી થઈ છે, તેવો ક્ષેત્ર પલ્ય અહીં ગ્રહણ કરવો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંચેન્દ્રિય જીવોનું દ્રવ્યપ્રમાણ કહેવાય છે. તે આ પ્રમાણે :

**बेइंदियाइया पुण, पयरं पज्जत्तया अपज्जत्ता ।**
**संखेज्जाऽसंखेज्जे-णंगुलभागेणवहरेज्जा ॥१६४॥**

गाथार्थः વળી પર્યાપ્ત દ્વીન્દ્રિયાદિ (પંચેન્દ્રિય સુધીના) જીવો અંગુલના સંખ્યાતમા ભાગ વડે પ્રતર અપહરે એટલા છે, અને અપર્યાપ્તા દ્વીન્દ્રિયાદિજીવો અંગુલના અસંખ્યાતમા ભાગ વડે પ્રતર અપહરે એટલા છે. ॥૧૬૪॥

टीकार्थः 'बेइंदियाइया = द्वीन्द्रियादयः' એમાં 'आइया' = આદિ શબ્દથી ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિયનું પણ ગ્રહણ કરવું. તે કારણથી પર્યાપ્તા અને અપર્યાપ્તા એ બન્ને પ્રકારના દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય તે દરેક જીવભેદ સંપૂર્ણ પ્રતરને અપહરે છે. કેટલા ભાગ વડે પ્રતરને અપહરે છે ? તે કહે છે - અનુક્રમે પર્યાપ્ત દ્વીન્દ્રિયાદિ જીવો અંગુલના સંખ્યાતમા ભાગ વડે અને અપર્યાપ્ત ત્રીન્દ્રિયાદિ જીવો અંગુલના અસંખ્યાતમા ભાગ વડે પ્રતરને અપહરે છે. અહીં તાત્પર્ય એ છે કે - એક અંગુલ જેટલી આકાશશ્રેણિમાં જેટલા આકાશપ્રદેશ છે, તેટલા આકાશપ્રદેશોના સંખ્યાતમા ભાગે જેટલા આકાશપ્રદેશો આવે તેટલા આકાશપ્રદેશો વડે ઘનીકૃત લોકાકાશના એક પ્રતરના આકાશપ્રદેશોને ભાગીએ; અને તે ભાગાકાર વડે પ્રતરનો જેટલો ખંડ-ભાગ પ્રાપ્ત થાય (અર્થાત્ જેટલા આકાશપ્રદેશ પ્રમાણનો તે ભાગ આવે) તેટલા ભાગમાં જેટલા આકાશપ્રદેશ છે, તેટલા પર્યાપ્ત દ્વીન્દ્રિય જીવો સર્વ મળીને છે. અથવા સર્વે પણ પર્યાપ્ત દ્વીન્દ્રિય જીવો પ્રત્યેક પહેલે સમયે તેવા એકેક પ્રતરપ્રદેશને અપહરે, પુનઃ બીજા સમયે પણ તેવા પ્રતરપ્રદેશને (એકેક પ્રદેશને) અપહરે, પુનઃ તેવી જ રીતે ત્રીજે સમયે પણ દરેક જીવ એકેક પ્રદેશને અપહરે, તેમજ ચોથે સમયે પણ તેવી રીતે એકેક પ્રદેશ અપહરે, તો એ પ્રમાણે અપહાર કરતાં અંગુલમાત્ર શ્રેણિના સંખ્યાતમા ભાગમાં જેટલા આકાશપ્રદેશ છે, તેટલા સમયોમાં સંપૂર્ણ પ્રતર પર્યાપ્ત દ્વીન્દ્રિયો અપહરે છે. અથવા દરેક પર્યાપ્ત દ્વીન્દ્રિય જીવને અંગુલશ્રેણિના સંખ્યાતમા ભાગ જેટલો એકેક પ્રતરખંડ આપીએ, તો સર્વે પર્યાપ્ત દ્વીન્દ્રિય જીવો સમકાળે એક સમયે સંપૂર્ણ એક પ્રતરને ગ્રહણ કરે. એ પ્રમાણે પૂર્વવત્ અહીં પણ એક જ પ્રકારના અર્થમાં ત્રણ ભાવના દર્શાવી. [ વળી એ પ્રમાણે પર્યાપ્ત ત્રીન્દ્રિયાદિ જીવોનું પણ ત્રણ ત્રણ રીતિએ સંખ્યાપ્રમાણ એક જ પ્રકારનું જાણવું. ] પુનઃ એજ રીતે અપર્યાપ્ત ત્રીન્દ્રિયમાં પણ સંખ્યાપ્રમાણની સર્વ પ્રરૂપણા એ રીતે જ કહેવી, પરંતુ તફાવત માત્ર એટલો જ કે - અંગુલશ્રેણિના સંખ્યાતમા ભાગને બદલે અંગુલશ્રેણિના અસંખ્યાતમા ભાગ જેટલો (ન્હાનો ભાગ) કહેવો. કારણ કે પર્યાપ્ત દ્વીન્દ્રિયાદિ જીવોથી અપર્યાપ્ત દ્વીન્દ્રિયાદિ જીવો અસંખ્યાતગુણા પૂર્વે કહેલા છે. માટે અપર્યાપ્તાના સંબંધમાં સૂક્ષ્મ પ્રતિભાગ વડે (ન્હાના ભાગ વડે) પ્રરૂપણાની ઉત્પત્તિ થાય છે. વળી જે રીતે પર્યાપ્ત અને અપર્યાપ્ત દ્વીન્દ્રિય જીવોની પ્રમાણપ્રરૂપણા કરી તે જ રીતે ઉભયસ્વરૂપ (પર્યાપ્ત અને અપર્યાપ્ત ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, અને પંચેન્દ્રિય જીવોની પણ પ્રરૂપણા દરેકની કહેવી.

એ પ્રમાણે અપર્યાપ્ત દ્વીન્દ્રિયાદિ અને પર્યાપ્ત દ્વીન્દ્રિયાદિ જીવોની અંતર્ગત- તુલ્ય પ્રમાણ-પ્રરૂપણા કરી છે, તો પણ એ આઠે જીવભેદનું પરસ્પર અલ્પબહુત્વ છે, તે આ પ્રમાણે -



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. પર્યાપ્ત ચતુરિન્દ્રિય જીવો સર્વથી (આગળના ભેદથી) અલ્પ છે.

૨. તેથી પર્યાપ્ત પંચેન્દ્રિય જીવો વિશેષાધિક છે.

૩. તેથી પર્યાપ્ત દ્વીન્દ્રિય જીવો વિશેષાધિક છે.

૪. તેથી પર્યાપ્ત ત્રીન્દ્રિય જીવો વિશેષાધિક છે.

૫. તેથી અપર્યાપ્ત પંચેન્દ્રિય જીવો અસંખ્યાતગુણા છે.

૬. તેથી અપર્યાપ્ત ચતુરિન્દ્રિય જીવો વિશેષાધિક છે.

૭. તેથી અપર્યાપ્ત ત્રીન્દ્રિય જીવો વિશેષાધિક છે.

૮. તેથી અપર્યાપ્ત દ્વીન્દ્રિય જીવો વિશેષાધિક છે.

વળી આ ગાથામાં પંચેન્દ્રિયોનું પ્રમાણ સામાન્યથી (ચારે ગતિના મળીને) કહેલું છે. અને પૂર્વે તો ચારે ગતિનું જુદું જુદું પંચેન્દ્રિયપ્રમાણ દર્શાવ્યું છે, માટે એ પંચેન્દ્રિય જીવોનું પ્રમાણ પુનઃ બીજીવાર કેમ કહ્યું ? એવી આશંકા ન કરવી. એ પ્રમાણે આ ગાથાનો અર્થ સમાપ્ત થયો.॥ इति ८ त्रसजीवभेदसङ्ख्याप्रमाणम् ॥१६४॥

अवतरणः એ પ્રમાણે નારક આદિ જે જીવદ્રવ્યોના પ્રાયઃ અવસ્થિત રાશિ છે, તેવાં જીવદ્રવ્યોનું પ્રમાણ કહ્યું. હવે આ ગાથામાં જે જીવદ્રવ્યોના રાશિ અનવસ્થિત છે, એટલે લોકમાં કદાચિત્ તે જીવરાશિ હોય છે, અને કદાચિત્ નથી પણ હોતો, તેવા અનવસ્થિત (અધ્રુવ) જીવરાશિઓનું ભેગું પ્રમાણ કહે છે, તે આ પ્રમાણે :

**मणुय अपज्जत्ताऽऽहार - मिस्स-वेउव्वि-छेय-परिहारा ।**
**सुहुमसरागोवसमा, सासण-मिस्सा य भयणिज्जा ॥१६५॥**

गाथार्थः અપર્યાપ્ત મનુષ્યો - આહારક શરીરી - વૈક્રિયમિશ્રકાયયોગી - છેદોપસ્થાપનીય ચારિત્રી - પરિહારવિશુદ્ધિચારિત્રી - સૂક્ષ્મસંપરાયી - મોહના ઉપશમક (બે) - ઉપશાન્તમોહી - સાસ્વાદની અને મિશ્રગુણસ્થાની એ ૧૧ રાશિના જીવો ભજનીય (અધ્રુવ = કદાચિત્ હોય કદાચિત્ ન હોય એવા) છે. ॥૧૬૫॥

टीकार्थः ૧. અપર્યાપ્તા મનુષ્ય, ૨. આહારક શરીર, ૩. વૈક્રિયમિશ્રકાયયોગી, ૪. છેદોપસ્થાપનીય ચારિત્રી, ૫. પરિહારવિશુધ્ધચારિત્રી, ૬. સૂક્ષ્મસંપરાયચારિત્રી, તથા उवसमा એટલે ઉપશમકના ગ્રહણથી મોહનીયકર્મનો ઉપશમ કરવા યોગ્ય તે, ૭. અપૂર્વકરણ ગુણસ્થાનવર્તી, અને ૮. અનિવૃત્તિબાદર ગુણસ્થાનવર્તી તથા ૯. ઉપશાન્તમોહ ગુણસ્થાનવર્તી, એ ત્રણે પ્રકારના જીવો उवसम = ઉપશમ શબ્દથી ગ્રહણ કરવા; તથા ૧૦. સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ, અને ૧૧. મિશ્ર એટલે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ જીવો; એ ૧૧ (અગિયાર) જીવરાશિઓ भयणिज्जा = ભજનીય છે, એટલે લોકમાં કદાચિત્ હોય છે, અને કદાચિત્ નથી હોતા. તે આ પ્રમાણે :

## ॥૧૧ અધ્રુવ જીવરાશિઓનું સંખ્યાપ્રમાણ ॥

સિદ્ધાન્તમાં મનુષ્યગતિને વિષે ગર્ભજ મનુષ્યોનો ઉપજવાનો વિરહકાળ જઘન્યથી ૧


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમય અને ઉત્કૃષ્ટથી ૧૨ મુહૂર્ત (બાર મુહૂર્ત), સમ્મૂર્ચ્છિમ મનુષ્યોનો ઉપજવાનો વિરહકાળ જઘન્યથી ૧ સમય, અને ઉત્કૃષ્ટથી ૨૪ મુહૂર્ત (ચોવીસ મુહૂર્ત) કહ્યો છે. માટે જ્યારે એ કહેલા વિરહકાળમાં નવા મનુષ્યો ઉત્પન્ન થાય નહિ, અને પ્રથમ ઉત્પન્ન થયેલાઓમાંના કેટલાક ગર્ભજ મનુષ્યો મરણ પામતા જાય છે; અને કેટલાક ગર્ભજ મનુષ્યો સ્વયોગ્ય પર્યાપ્તિઓ સમાપ્ત કરે છે, અને તે દરમ્યાનમાં સમ્મૂર્ચ્છિમ મનુષ્યો તો અન્તર્મુહૂર્તમાત્ર આયુષ્યવાળા હોવાથી પૂર્વે ઉત્પન્ન થયેલા સર્વે પણ મરણ પામી જાય છે. માટે નિર્લેપ (સમ્મૂર્ચ્છિમ મનુષ્યોનો અભાવ) થાય છે. તે કારણથી તે વિરહકાળને વિષે અપર્યાપ્ત મનુષ્યોનો કદાચિત્ અભાવ સિદ્ધ થાય છે જ.

આહારકશરીરી જીવોને આહારક શરીર પ્રારંભવાનો ઉષ્કૃષ્ટ વિરહકાળ છ માસ સુધીનો કહ્યો છે, માટે આહારકશરીરી જીવો પણ આ લોકમાં કદાચિત્ ન હોવાનું સંભવે છે જ. તે સંબંધમાં કહ્યું છે કે - 'લોકમાં કોઈવખત આહારક શરીરવાળા ઉત્કૃષ્ટથી નિશ્ચય છ માસ સુધી ન હોય, અને જઘન્યથી ૧ સમય સુધી ન હોય ।।૧।। અને જો આહારક શરીરવાળા હોય છે તો જઘન્યથી ૧-૨ અથવા ૫ હોય છે, અને ઉત્કૃષ્ટથી સમકાળે પૃથક્ત્વસહસ્રપ્રમાણ (વધારેમાં વધારે ૯૦૦૦ જેટલા) હોય છે. ।।૨।।'

તથા વૈક્રિયમિશ્ર કાયયોગીઓ પણ જેઓ પ્રથમ ઉત્પત્તિ વખતે કાર્મણ શરીર વડે વૈક્રિય મિશ્ર કાયયોગીઓ છે તેઓનો જ અહીં ભજનીયભાવ કહ્યો છે, અને તેઓ નરકગતિમાં અથવા દેવગતિમાં પ્રથમ ઉત્પન્ન થતી વખતે પ્રાપ્ત થાય છે. વળી એ બન્ને ગતિમાં પ્રત્યેકમાં વૈક્રિયમિશ્ર યોગીઓનો વિરહકાળ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૧૨ મુહૂર્ત જેટલો કહ્યો છે. જે કારણથી સિદ્ધાન્તમાં કહ્યું છે કે -

[1]नरयगई णं भंते ! केवइयं कालं विरहिया उववाएणं पन्नत्ता ? गोयमा ! जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं बारस मुहुत्ता । एवं देवगई वि ।

વળી જ્યારે એટલા કાળ સુધી નારકજીવો અથવા દેવો ઉત્પન્ન થતા નથી, અને પ્રથમ ઉત્પન્ન થયેલા નારક વા દેવો અન્તર્મુહૂર્ત બાદ સર્વે સંપૂર્ણ વૈક્રિય કાયયોગવાળા થાય છે, ત્યારે વૈક્રિયમિશ્ર કાયયોગીઓનો કદાચિત્ અભાવ સિદ્ધ થાય છે જ.

તથા છેદોપસ્થાપનીય ચારિત્રીઓનું પણ જઘન્યથી ત્રેસઠ હજાર વર્ષ (૬૩૦૦૦ વર્ષ) અને ઉત્કૃષ્ટથી અઢાર કોડાકોડી સાગરોપમ, તથા પરિહારવિશુદ્ધિ ચારિત્રવાળાઓનું જઘન્યથી ચોર્યાસી હજાર વર્ષ (૮૪૦૦૦ વર્ષ), અને ઉત્કૃષ્ટથી અઢાર કોડાકોડી સાગરોપમ અન્ય ગ્રન્થોમાં અન્તર કહ્યું છે, તેમજ આ ગ્રંથમાં પણ આગળ કહેવાશે.

તથા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનવર્તી, અપૂર્વકરણ ગુણસ્થાનવર્તી અને અનિવૃત્તિબાદર - ગુણસ્થાનવર્તી એ ત્રણે દરેક બે બે પ્રકારના છે. ૧. ઉપશમશ્રેણિગત અને ૨. ક્ષપકશ્રેણિગત. અને ઉપશાન્તમોહગુણસ્થાનવર્તી જીવો તો કેવળ ઉપશમશ્રેણિના જ અગ્રભાગે રહેલા (તે એક

૧. હે ભગવન્ ! ઉપપાત વડે નરકગતિ કેટલા કાળ સુધી વિરહવાળી કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૧૨ મુહૂર્ત. એ પ્રમાણે દેવગતિ પણ જાણવી.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકારના જ) છે. ત્યાં ઉપશમશ્રેણિનું ઉત્કૃષ્ટ અન્તર પૃથક્ત્વવર્ષ (૯ વર્ષ) પ્રમાણનું, અને ક્ષપકશ્રેણિનું અન્તર ઉત્કૃષ્ટથી ૬ માસનું અન્ય ગ્રંથોમાં કહ્યું છે. અને આ ગ્રંથમાં પણ આગળ કહેવાશે. તથા સાસ્વાદન ગુણસ્થાન અને મિશ્રગુણસ્થાનવર્તી જીવોનું પણ અંતર જઘન્યથી ૧ સમયનું અને ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું અંતર આ ગ્રંથમાં જ આગળ કહેવાશે. માટે એ પ્રમાણે ઉપર કહેલા સર્વે જીવરાશિઓનો (૧૧ જીવરાશિઓનો) આ લોકમાં કોઈ વખત અભાવ પણ હોય છે, એમ વિચારવું (અર્થાત્ અંતર હોવાથી અભાવ પણ હોય છે). આ ગ્રંથમાં પ્રાયઃ એ સર્વ વાત પણ આગળ પ્રગટ કરવામાં આવશે. એ પ્રમાણે આ ગાથાનો ભાવાર્થ સમાપ્ત થયો. ।। इति ११ जीवराशिओनुं अध्रुवपणुं ।।१६५।।

अवतरणः એ પ્રમાણે અહીં ચાલતા દ્રવ્યપ્રમાણદ્વારમાં જીવદ્રવ્યોનું પ્રમાણ (ગત્યાદિ ભેદે તેમજ ગુણસ્થાનભેદે) કહીને હવે તે દ્રવ્યપ્રમાણદ્વારનો ઉપસંહાર આ ગાથામાં કહેવાય છે.તે આ પ્રમાણેઃ

**एवं जे जे भावा, जहिं जहिं हुंति पंचसु गईसु ।**
**ते ते अणुमज्जित्ता, दव्वपमाणं नए धीरा ।।१६६।।**

गाथार्थः એ પ્રમાણે પાંચ ગતિઓમાં જ્યાં જ્યાં જે જે ભાવો છે, તે તે ભાવો પોતાની બુદ્ધિ વડે વિચારીને ધીર પુરુષોએ તે તે ભાવો સંબંધી દ્રવ્યપ્રમાણદ્વાર જાણવું. ।।૧૬૬।। इति जीवद्रव्यप्रमाणं समाप्तम् ।।

टीकार्थः એ પ્રમાણે પૂર્વે કહેલી રીતે જે જે ભાવો એટલે જઘન્ય સ્થિતિવાળા નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ, તથા પ્રથમ સમયે ઉત્પન્ન થયેલા સિદ્ધ વગેરે ભાવો, અર્થાત્ જીવોના અવસ્થાભેદ તે નારક, તિર્યંચ, મનુષ્ય, દેવ અને સિદ્ધિ એ પાંચે ગતિઓમાં, જે જે ગતિમાં જેટલા જેટલા ભાવ હોય, તે તે ગતિમાં તેટલા તેટલા ભાવ अणुमज्जित्ता = પોતાની બુદ્ધિ વડે વિચારીને સિદ્ધાન્તને અનુસારે અને નહિ કહેલા એવા પણ તે તે ભાવોનું દ્રવ્યપ્રમાણ આ ગ્રંથમાં કહેલા વચનને અનુસરીને ધી એટલે બુદ્ધિ વડે ર એટલે રાજતા શોભતા તે ધીર પુરુષોએ અર્થાત્ બુદ્ધિમંતોએ વિચારવું. એ પ્રમાણે આ ગાથાનો અર્થ સમાપ્ત થયો. ।।૧૬૬।। इति जीवद्रव्यप्रमाणम् ।।

अवतरणः એ પ્રમાણે આ ચાલુ દ્રવ્યપ્રમાણ દ્વારમાં જીવદ્રવ્યોનું પ્રમાણ કહ્યું, અને હવે અજીવદ્રવ્યનું પ્રમાણ આ ગાથામાં કહેવાય છે.

**तिन्नि खलु एक्कयाइं, अध्धा समया य पोग्गलाऽणंता ।**
**दुन्नि असंखेज्जपएसियाणि सेसा भवेऽणंता ।।१६७।।**

गाथार्थः ત્રણ દ્રવ્યો નિશ્ચય એકેક છે. કાળના સમય અને પુદ્ગલો અનન્ત છે. બે દ્રવ્યો અસંખ્યપ્રદેશી છે. અને શેષ દ્રવ્યો અનન્તપ્રદેશી છે. ।।૧૬૭।।


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ટીકાર્થ: અહીં પૂર્વે કહેલા સ્વરૂપવાળાં પ્રથમ અજીવદ્રવ્યો પાંચ છે. તે આ પ્રમાણે ૧. ધર્માસ્તિકાય - ૨. અધર્માસ્તિકાય - ૩. આકાશાસ્તિકાય - ૪. પુદ્ગલાસ્તિકાય - ૫. કાળ, એ પ્રમાણે પાંચ અજીવદ્રવ્યો છે. આ ગ્રંથમાં એ પાંચે દ્રવ્યોનું પ્રમાણ દ્રવ્યથી અને પ્રદેશથી એમ બે બે પ્રકારે વિચારવાનું - કહેવાનું છે.

ત્યાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એ ત્રણ અજીવદ્રવ્યો દ્રવ્યથી વિચારીએ તો દરેક एक्कयाइं - એકેક દ્રવ્યસંખ્યાવાળાં છે, એ ભાવાર્થ છે. અને अद्धा એટલે કાળ, તેના જે સમયો; અને પરમાણુ, દ્વિઅણુક સ્કંધ, ત્રિઅણુ સ્કંધ ઇત્યાદિ સ્વરૂપવાળાં પુદ્ગલો, તે દ્રવ્યથી વિચારતાં દરેક અનન્ત અનન્ત દ્રવ્યો છે. અહીં કાળના અનન્ત સમયોની જે દ્રવ્યસંખ્યા કહી તે ભૂતકાળમાં વ્યતીત થયેલા અને ભવિષ્યકાળમાં આવશે તેવા સમયોની દ્રવ્યસંખ્યા કહી; તે ભૂત અને ભવિષ્યના સમયો જો કે વસ્તુતઃ વિદ્યમાન-સત્ દ્રવ્યસંખ્યા નથી, તો પણ [1]કથંચિત્ સત્ત્વથી એ અનંત દ્રવ્યો કાળસંબંધી માનવાં. ।।इति अजीवद्रव्योनुं द्रव्यथी संख्याप्रमाण।।

હવે એ પાંચે અજીવદ્રવ્યોનું પ્રમાણ પ્રદેશથી વિચારીએ તો 'दुन्नि' ઇત્યાદિ એટલે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ બે અજીવદ્રવ્યો દરેક અસંખ્ય અસંખ્ય પ્રદેશવાળાં છે, પરંતુ અનન્ત પ્રદેશવાળાં નથી; કારણ કે એ બે દ્રવ્યો માત્ર લોકાકાશમાં જ વ્યાપીને રહ્યાં છે, અને લોકાકાશના પ્રદેશ [2]અસંખ્યાત જ છે. તથા શેષદ્રવ્યો એટલે આકાશાસ્તિકાય-પુદ્ગલાસ્તિકાય અને કાળના સમય એ ત્રણ અજીવદ્રવ્યો પ્રત્યેક અનન્ત અનન્ત પ્રદેશવાળાં છે.

પ્રશ્ન:- અલોકાકાશ અનન્ત હોવાથી આકાશદ્રવ્યના અનન્ત પ્રદેશ હોય તે યુક્ત છે. તેમજ પુદ્ગલાસ્તિકાયના પણ દ્વિઅણુ સ્કંધ, ત્રિઅણુ સ્કંધ, ચતુરણુક સ્કંધ, ઇત્યાદિ અનન્તાનન્ત અણુક સ્કંધ સુધીના અનન્ત સ્કંધ હોવાથી, તથા તે દરેક સ્કંધમાં અનેક પ્રદેશ હોવાથી, તથા પુદ્ગલાસ્તિકાયમાં કેવળ પરમાણુઓ પણ અનન્ત હોવાથી પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય પ્રદેશથી અનન્ત પ્રદેશવાળું ગણાય તે તો યુક્ત જ છે. પરંતુ ભૂત, વર્તમાન અને ભવિષ્ય એ ત્રણે કાળના સર્વ સમયોને તો હમણાં ઉપર જ દ્રવ્યરૂપે કહેલા છે, (એટલે અદ્ધા-કાળ તે દ્રવ્યથી અનંત સમય દ્રવ્યવાળું છે એમ ઉપર કહેવાઈ ગયું છે) તો તે પ્રત્યેક સમય દ્રવ્યરૂપ હોવાથી તે સમયદ્રવ્યના હવે બીજા કયા પ્રદેશો છે ? કે જે પ્રદેશો વડે કાળને અનન્તપ્રદેશાત્મક કહેવાય ? (અર્થાત્ કાળના અનન્ત સમયો તો દ્રવ્યથી કહ્યા અને પુનઃ પ્રદેશથી અનન્ત પ્રદેશો કહ્યા તો તે પ્રદેશો

---

૧. જેમ વિવક્ષિત કોઈપણ સમયે ધર્માસ્તિકાયાદિ દ્રવ્ય, દ્રવ્યથી એક અને અનન્ત ઉપલબ્ધ થાય છે, તેવી રીતે કોઈ પણ વિવક્ષિત સમયે કાળનાં અનન્ત સમયદ્રવ્યો ઉપલબ્ધ ન થાય. પરન્તુ એક જ સમયદ્રવ્ય સત્=ઉપલબ્ધ થાય છે, છતાં કથંચિત્ એટલે કોઈક અપેક્ષાએ ભૂત અને ભવિષ્યના સમયો સત્ રૂપે સ્વીકારીએ તો કાળદ્રવ્ય પણ દ્રવ્ય અનન્ત સમયાત્મક ગણાય તે કથંચિત્ સત્‌થી જ.

૨. જો કે અનન્ત દ્રવ્યાત્મક અને અનન્ત પ્રદેશાત્મક એવા પુદ્ગલાસ્તિકાય પણ લોકાકાશમાત્રમાં જ વ્યાપીને રહ્યા છે, છતાં પુદ્ગલના તો અનંત દ્રવ્યો વા પ્રદેશો એક એક આકાશપ્રદેશમાં પણ વ્યાપી રહ્યાં છે, અને ધર્માધર્માસ્તિકાયનો તો એકેક પ્રદેશ જ એકેક આકાશપ્રદેશમાં વ્યાપેલો છે, માટે એ અસંખ્ય અસંખ્ય પ્રદેશી છે.

કયા ?) એમ જો પૂછતા હો તો તેના સમાધાનમાં કહેવાય છે કે -

उत्तरः- તમોએ જે આ પ્રશ્ન કર્યો તે યુક્ત છે, પરંતુ તેનો ઉત્તર એ જ છે કે - જ્યારે કાળને સામાન્યથી એક જ દ્રવ્યરૂપે ગણીએ તો તે અપેક્ષાએ ભૂતકાળ આદિ ત્રણે કાળના જે સમયોને દ્રવ્યથી કહ્યા છે તે જ સમયોને પ્રદેશરૂપે પણ ગણી શકાય. કારણ કે ભિન્ન નિમિત્તની અપેક્ષાએ એક જ વસ્તુ દ્રવ્યપણે અને પ્રદેશપણે એમ બન્ને રીતે હોય તો તેમાં કોઈ પ્રકારનો વિરોધ આવતો નથી; એકેક વસ્તુ અનન્ત અનન્ત ધર્મવાળી છે માટે. અથવા બીજી રીતે વિચારીએ તો - જે અનન્ત સમયોને દ્રવ્યસ્વરૂપે કહ્યા છે, તે જ અનન્ત સમયોમાંનો પ્રત્યેક સમય પણ અનન્ત અનન્ત ભેદવાળો ગણી શકાય છે. તે આ પ્રમાણે - પ્રથમ તો એકેન્દ્રિયાદિ જીવદ્રવ્યો અનન્તાનન્ત છે, તે પણ દરેક દ્રવ્ય - ક્ષેત્ર[1] ભેદથી, અવગાહનાભેદથી તેમજ એકસમયસ્થિતિ, બેસમયસ્થિતિ ઈત્યાદિ કાળભેદથી અને એકગુણ શ્યામ, દ્વિગુણ શ્યામ ઈત્યાદિ રીતે ભાવભેદથી (અર્થાત્ ક્ષેત્ર- અવગાહ - કાળ અને ભાવના ભેદથી) તે કાળનાં સમયદ્રવ્યો અનન્ત ભેદવાળાં છે. એ ક્ષેત્રાદિના પ્રતિભેદો સાથે દરેક સમયદ્રવ્ય સંબંધવાળું છે, અને તેવા પ્રકારના સંબંધથી કાળનો દરેક સમય અનન્તાનન્ત ભેદોવાળો ગણાય છે. જેથી એ પ્રમાણે ગણતાં ભૂતકાળ વગેરે ત્રણે કાળના જે અનન્ત સમયો તે સામાન્યથી દ્રવ્યસ્વરૂપે ગણવા, અને જીવ વગેરે દ્રવ્યાદિકના (જીવના ક્ષેત્ર - અવગાહ આદિ) સંબંધથી પ્રદેશરૂપ ગણવા. એ રીતે કાળના સમયોમાં પણ દ્રવ્યત્વ અને પ્રદેશત્વ એ બન્ને ભાવ અમે જાણી શકીએ છીએ. અને સિદ્ધાન્તમાં તો પુદ્ગલાદિ દ્રવ્યોના સ્કંધોની માફક કાળના સમયો પિંડરૂપ ન હોવાથી કાળમાં પ્રદેશત્વ સ્વીકાર્યું નથી, માટે એ બે બાબતમાં સત્ય તત્ત્વ શું છે ? તે શ્રીબહુશ્રુતો જ જાણે. એ પ્રમાણે આ ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૧૬૭॥ इति जीवाजीवद्रव्यप्रमाणं॥ इति द्वितीयं प्रमाणद्वारं समाप्तम् ॥

अवतरणः એ પ્રમાણે વિસ્તાર સહિત જીવ અને અજીવ સંબંધી દ્રવ્યપ્રમાણ દ્વાર કહ્યું. અને તે કહેવાથી संतपयपरूवणया दव्वपमाणं च ઈત્યાદિ પદવાળી ગાથામાં કહેલું (૯ દ્વારમાંનું) બીજું પ્રમાણદ્વાર સમાપ્ત થયું. હવે અનુક્રમે પ્રાપ્ત થયેલું ત્રીજું ક્ષેત્રદ્વાર આ ગાથાથી કહેવાનો પ્રારંભ થયો છે.

अवतरणः એ પ્રમાણે વિસ્તાર સહિત બીજું પ્રમાણદ્વાર કહીને હવે અનુક્રમ (દ્વારના ક્રમ) પ્રમાણે ત્રીજું ક્ષેત્રદ્વાર કહેવાય છે. તે આ પ્રમાણેઃ

**खेत्तं खलु आगासं, तव्विवरीयं च होइ नोखेत्तं ॥**
**जीवा य पोग्गला वि य, धम्माधम्मत्थिया कालो ॥१६८॥**

गाथार्थः આકાશ તે નિશ્ચય ક્ષેત્ર કહેવાય, અને તેથી વિપરીત (એટલે અન્ય દ્રવ્યો) તે નોક્ષેત્ર કહેવાય. તેમાં જીવ અને પુદ્ગલ તથા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને કાળ એ પાંચ દ્રવ્યો કહેવાય. ॥૧૬૮॥

---

૧. આ સંબંધનો વિશેષ વિસ્તાર પરમાણુ છત્રીસી (परमाणु षट्त्रिंशिका) નામનું નાનું ૩૬ ગાથાનું પ્રકરણ શ્રી ભગવતીજીની વૃત્તિમાં અંતર્ગત કહ્યું છે, તેમજ જુદું પણ પ્રગટ થયું છે, તે વાંચવાથી ઠીક સમજી શકાય છે.

टीकार्थः પૂર્વપર્યાયનો નાશ થવાથી ઉત્તરપર્યાયની પ્રાપ્તિ થયે છતે પદાર્થો જેને વિષે क्षीयन्ते - ક્ષય પામે છે એટલે વિલય પામ છે તે ક્ષેત્ર એટલે આકાશ કહેવાય. અથવા પ્રાણીઓ જેને વિષે પરસ્પર क्षिण्वन्ति એટલે ક્ષીણ થાય છે, અર્થાત્ હિંસા પામે છે તે ક્ષેત્ર કહેવાય, અને તે આકાશ જ છે. તેથી વિપરીત એટલે તે આકાશથી અન્ય પદાર્થો તે વળી નોક્ષેત્ર[1] કહેવાય છે; એટલે તે પદાર્થો ક્ષેત્રશબ્દના વાચ્ય નથી. [ અર્થાત્ 'ક્ષેત્ર' એ શબ્દથી ઓળખાતા નથી.] એ તાત્પર્ય છે. વળી તે નોક્ષેત્ર પદાર્થો કયા કયા ? તે કહે છે - જીવ - પુદ્ગલ - ધર્માસ્તિકાય - અધર્માસ્તિકાય અને કાળ એ પાંચ પદાર્થો નોક્ષેત્ર છે. એથી અધિક પદાર્થ જગતમાં છે જ નહિ [ અર્થાત્ એ ૬ પદાર્થની અધિક કોઈ સાતમો પદાર્થ વિદ્યમાન નથી ]. એ ૧૬૮મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૧૬૮॥

## ॥क्षेत्रद्वारे जीवोना शरीरनुं प्रमाण॥

अवतरणः એ પ્રમાણે ક્ષેત્રદ્વારનું [ ક્ષેત્રનું ] સ્વરૂપ કહ્યું. હવે આ ગ્રંથમાં ૧૪ પ્રકારના જીવસમાસ (એટલે ૧૪ ગુણસ્થાનો)માં સત્પદપ્રરૂપણાદિ નવ અનુયોગદ્વારની પ્રાપ્તિ વિચારવાનો અધિકાર ચાલે છે, તે ચૌદ પ્રકારના જીવસમાસો (ગુણસ્થાનરૂપે જીવભેદો) નારકાદિ સ્વરૂપે રહેલા છે, માટે [ ચાલુ ક્ષેત્રદ્વારમાં ] પ્રથમ નારકાદિ જીવોના શરીરનું પ્રમાણ વિચારવાને માટે આ ગાથાનો કહેવાય છે :

**सत्त धणु तिन्नि रयणी, छच्चेव य अंगुलाइं उच्चत्तं ।**
**पढमाए पुढवीए, विउणा विउणं च सेसासु ॥१६९॥**

गाथार्थः પહેલી પૃથ્વીમાં સાત ધનુષ્, ત્રણ હાથ અને નિશ્ચયે છ અંગુલ એટલી ઊંચાઈ છે, અને શેષ છ પૃથ્વીઓમાં તેથી દ્વિગુણ-દ્વિગુણ (બમણી બમણી) ઊંચાઈ જાણવી. ॥૧૬૯॥

टीकार्थः પહેલી પૃથ્વીમાં નારકોના શરીરની ઊંચાઈ આ પ્રમાણે છે, કેટલી ? તે કહે છે - સાત ધનુષ, ત્રણ રત્નિ એટલે ત્રણ હાથ અને છ અંગુલ એટલી જ ઊંચાઈ છે; અર્થાત્ ઉત્સેધાંગુલના પ્રમાણથી સવાએકત્રીશ હાથ જેટલી ઊંચાઈ છે - એ ભાવાર્થ છે. અને શેષ એટલે બીજી આદિ છ પૃથ્વીઓમાં વળી એજ પ્રમાણ દ્વિગુણ-દ્વિગુણ જાણવું. તે આ પ્રમાણે -

## ॥સાત પૃથ્વીઓમાં નારકોના જન્મશરીરની ઊંચાઈ॥

૧. નો શબ્દ સર્વનિષેધક તથા દેશનિષેધક પણ છે. અહીં સર્વનિષેધના અર્થમાં 'નો' શબ્દ આવેલો છે. જેથી નોક્ષેત્ર એ શબ્દમાં નો શબ્દ વડે ક્ષેત્રથી અન્ય પદાર્થો ગ્રહણ થાય છે. સિદ્ધાંતમાં પણ આકાશ સિવાયના પાંચ પદાર્થોને નોક્ષેત્ર કહેલા છે. તેનો પાઠ આ પ્રમાણે - आगासा चेव नोआगासा चेव = [દ્રવ્ય બે પ્રકારનાં જ કહ્યાં છે, આકાશદ્રવ્ય અને નોઆકાશદ્રવ્ય ] - इति सूत्रम् । आकाशं व्योम नोआकाशं तदन्यद्धर्मास्तिकायादि, [આકાશ એટલે વ્યોમ અને નોઆકાશ એટલે આકાશથી અન્ય પદાર્થો ધર્માસ્તિકાય વગેરે પાંચ.] इति वृत्तिः । એ પ્રમાણે શ્રી ઠાણાંગસૂત્રનાં બીજા સ્થાનમાં [ અધ્યયનમાં ] ૫૮મા સૂત્રમાં કહ્યું છે. જ્ઞાનના ભેદોમાં પણ કેવલજ્ઞાન અને નોકેવલજ્ઞાન (થી મત્યાદિ ચાર જ્ઞાનો) ગણ્યાં છે, માટે ત્રિરાશિમતપ્રરૂપકવત્ અહીં 'નો' શબ્દ તે જ વસ્તુનો દેશનિષેધવાચી નથી.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | | |
|---|---|---|---|---|
| ૧. રત્નપ્રભામાં | ૭ | ધનુષ્ | ૩ હાથ | ૬ અંગુલ |
| ૨. શર્કરાપ્રભામાં | ૧૫ | ધનુષ્ | ૨ હાથ | ૧૨ અંગુલ |
| ૩. વાલુકાપ્રભામાં | ૩૧ | ધનુષ્ | ૧ હાથ | ૦ અંગુલ |
| ૪. પંકપ્રભામાં | ૬૨ | ધનુષ્ | ૨ હાથ | ૦ અંગુલ |
| ૫. ધૂમપ્રભામાં | ૧૨૫ | ધનુષ્ | ૦ હાથ | ૦ અંગુલ |
| ૬. તમઃપ્રભામાં | ૨૫૦ | ધનુષ્ | ૦ હાથ | ૦ અંગુલ |
| ૭. તમસ્તમઃ પ્રભામાં | ૫૦૦ | ધનુષ્ | ૦ હાથ | ૦ અંગુલ |

એ સર્વ પ્રમાણ ઉત્સેધાંગુલના પ્રમાણથી જાણવું. એમાં જઘન્યથી શરીરનું પ્રમાણ સર્વે પૃથ્વીઓમાં અંગુલના અસંખ્યાતમા[1] ભાગ પ્રમાણનું જાણવું. એ ભવધારણીય-મૂળ [ જન્મ વખતે પ્રાપ્ત થયેલા ] શરીરનું પ્રમાણ કહ્યું. પરંતુ ઉત્તરવૈક્રિય શરીરનું પ્રમાણ તો સાતે પૃથ્વીઓમાં જઘન્યથી અંગુલનો [1]સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી ભવધારણીય શરીરના પ્રમાણથી બમણું બમણું જાણવું. તે આ પ્રમાણે - રત્નપ્રભા પૃથ્વીમાં ૧૫ ધનુષ, અને ૨॥ (અઢી) હાથ એટલું ઉત્તરવૈક્રિય શરીરનું પ્રમાણ ઉત્કૃષ્ટથી જાણવું. એ પ્રમાણે શેષ પૃથ્વીઓમાં પણ ભવધારણીય શરીરના પ્રમાણથી બમણું બમણું પ્રમાણ ત્યાં સુધી જાણવું - ગણવું કે યાવત્ સાતમી પૃથ્વીના નારકોનું ઉત્તરવૈક્રિય શરીર જઘન્યથી અંગુલનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી ૧૦૦૦ ધનુષ્ [ એક હજાર ધનુષ્ ] પ્રાપ્ત થાય.

प्रश्नः- જીવસમાસોમાં [ ૧૪ ગુણસ્થાનોમાં ] ક્ષેત્રદ્વાર વિચારવાનો અધિકાર ચાલે છે તો તે છોડીને અહીં જીવસમાસોના [ જીવભેદોના ] શરીરનું પ્રમાણ વિચારવાનો પ્રારંભ કેમ કર્યો ? કારણ કે ચાલુ અધિકારમાં તે અપ્રસ્તુત છે [ વિષયાન્તર ] છે. [ માટે એ બાબતમાં સંબંધ કેવી રીતનો છે ? તે કહો ].

उत्तरः- ક્ષેત્રદ્વારના વિચારમાં શરીરપ્રમાણનો વિચાર અપ્રસ્તુત છે એમ જો તમે કહેતા હો તો તેમ નથી. કારણ કે એમાં અભિપ્રાય શું છે તે તમારા જાણવામાં આવ્યો નથી. [ તે અભિપ્રાય આ પ્રમાણે - ] અહીં, નારકાદિ જીવોના શરીરપ્રમાણ વડે વાસ્તવિક રીતે વિચારીએ તો તે જીવના શરીર વડે અવગાહેલા એવા ક્ષેત્રનું[2] જ પ્રમાણ પ્રતિપાદન કર્યું ગણાય છે. માટે અહીં ક્ષેત્રદ્વારના ચાલતા અધિકારમાં નારકાદિ જીવભેદોના શરીરાવગાહનો [ શરીરપ્રમાણનો ] વિચાર કહ્યો તેમાં અપ્રસ્તુત જેવું કંઈ જ નથી. એ પ્રમાણે આ ૧૬૯મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૧૬૯॥

अवतरणः પૂર્વ ગાથામાં સાતે નારકોના શરીરનું પ્રમાણ કહીને હવે આ ગાથામાં દ્વીન્દ્રિયાદિ જીવોના શરીરનું પ્રમાણ કહેવાય છે. તે આ પ્રમાણે :

૧. અહીં જઘન્ય શરીર અંગુલના અસંખ્યાતમા ભાગનું તથા સંખ્યાતમા ભાગનું કહ્યું તે જન્મદેહની તથા ઉત્તરદેહની અપર્યાપ્ત અવસ્થામાં પ્રથમ સમયનું જાણવું, અન્ય પર્યાપ્ત અવસ્થામાં તો પહેલી પૃથ્વીમાં જન્મદેહનું પ્રમાણ ત્રણ હાથ અને ઉત્તરદેહનું પ્રમાણ ૬ હાથ હોય, શેષ પૃથ્વીઓમાં પૂર્વ પૃથ્વીનું ઉત્કૃષ્ટ તે પર (અગ્ર) પૃથ્વીનું જઘન્ય.

૨. આધારાધેય ભાવની અભેદવિવક્ષાએ ક્ષેત્ર આધાર છે, અને શરીર આધેય છે, માટે આધેય-શરીરનું પ્રમાણ કહેવાથી આધારરૂપ ક્ષેત્રનું પ્રમાણ પણ કહેવાયેલું જાણવું.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**बारस य जोयणाइं, तिगाउयं जोयणं च बोधव्वं ।**

**बेइंदियाइयाणं, हरिएसु सहस्समब्भहियं ॥१७०॥**

ગાથાર્થ: દ્વીન્દ્રિયાદિ જીવોનું શરીરપ્રમાણ અનુક્રમે બાર યોજન, ત્રણ ગાઉ, અને એક યોજન જાણવું. તથા વનસ્પતિના શરીરનું પ્રમાણ એક હજાર યોજનથી કંઈક અધિક જાણવું. ॥૧૭૦॥

ટીકાર્થ: દ્વીન્દ્રિયાદિ જીવોના શરીરનું પ્રમાણ ઉત્કૃષ્ટથી અનુક્રમે બાર યોજન આદિ જાણવું. તે આ પ્રમાણે - શંખ વગેરે દ્વીન્દ્રિય જીવોના શરીરનું પ્રમાણ ઉત્કૃષ્ટથી ૧૨ યોજન (બાર યોજન) છે, તેમજ ચક્રવર્તી વગેરેના સૈન્યાદિકની નીચે કોઈ કોઈ વખતે સમ્મૂર્ચ્છિમપણે ઉત્પન્ન થાય છે તેવો આશાલિક[૧] નામનો જીવ જે બાર યોજન પ્રમાણનો છે, તે દ્વીન્દ્રિય છે એમ કેટલાક આચાર્યો કહે છે, અને કેટલાક આચાર્યો તેને સમ્મૂર્ચ્છિમ [ તિર્યંચ ] પંચેન્દ્રિય કહે છે. તથા કર્ણશ્રૃગાલી [ કાનખજૂરો ] મકોડા વગેરે ત્રીન્દ્રિય જીવોના શરીરનું પ્રમાણ ઉત્કૃષ્ટથી ત્રણ ગાઉનું છે. તથા ભમરા વગેરે ચતુરિન્દ્રિય જીવોના શરીરનું ઉત્કૃષ્ટ પ્રમાણ એક યોજન[૨] જેટલું જાણવું. તથા હરિતનું એટલે સમુદ્ર વગેરેમાં રહેલી વલ્લીઓ, લતાઓ અને કમળો વગેરે બાદર વનસ્પતિનું [ પ્રત્યેક વનસ્પતિનું ] ઉત્કૃષ્ટ શરીરપ્રમાણ કંઈક અધિક[૩] એક હજાર યોજન પ્રમાણનું જાણવું. વળી જઘન્યથી શરીરનું પ્રમાણ વિચારીએ તો એ દ્વીન્દ્રિયાદિ સર્વે જીવોના શરીરનું પ્રમાણ અંગુલનો અસંખ્યાતમો ભાગ [ ઉત્પત્તિના પ્રથમ સમયે ] જાણવું. અને પૃથ્વી, જળ, અગ્નિ તથા વાયુ એ એકેન્દ્રિય જીવોના શરીરનું જઘન્ય પ્રમાણ તથા ઉત્કૃષ્ટ શરીરપ્રમાણ તો બન્ને રીતે અંગુલનો અસંખ્યાતમો ભાગ જ છે, તે ગ્રંથકર્તા પોતે જ આગળ કહેશે. એ પ્રમાણે આ ૧૭૦મી ગાથાનો અર્થ કહ્યો. ॥૧૭૦॥

અવતરણ: [ હવે આ ગાથામાં તિર્યંચ પંચેન્દ્રિયના વીશ ભેદોના શરીરનું પ્રમાણ કહેવાનું છે, ત્યાં પ્રથમ તિર્યંચ પંચેન્દ્રિયના વીશ ભેદ કયા કયા તે દર્શાવાય છે.] પંચેન્દ્રિય તિર્યંચો ત્રણ પ્રકારના છે. તે આ પ્રમાણે - જલચર, સ્થલચર અને ખેચર. વળી જલચરો પણ સમ્મૂર્ચ્છિમ અને ગર્ભજ એમ બે પ્રકારના છે; અને તે દરેક પર્યાપ્તા અને અપર્યાપ્તા ગણતાં જલચરો ચાર પ્રકારના છે. તથા સ્થલચરો ચતુષ્પદ અને પરિસર્પ એમ બે પ્રકારના છે. તેમાં પણ ચતુષ્પદો સમ્મૂર્ચ્છિમ અને ગર્ભજ તથા તે દરેક અપર્યાપ્તા અને પર્યાપ્તા ગણતાં ચાર પ્રકારના છે. વળી પરિસર્પ બે પ્રકારના છે. ઉરઃપરિસર્પ અને ભુજપરિસર્પ. તેમાં પણ ઉરઃપરિસર્પ જીવો ચતુષ્પદ સ્થલચરની પેઠે ચાર પ્રકારના, એ રીતે ભુજપરિસર્પ પણ ચાર પ્રકારના. એ પ્રમાણે સર્વ મળીને

૧. ચક્રવર્તી આદિના પુણ્યનો વિનાશ થતાં તેની છાવણીમાં અથવા નગરમાં એ આસાલિકજીવ સમ્મૂર્ચ્છિમપણે ઉત્પન્ન થઈ અન્તર્મુહૂર્ત્તમાત્રમાં બાર યોજન જેવડા મહાન શરીરવાળો થઈ તુર્ત મરણ પામતાં તે સ્થાને મોટો ખાડો પડી જાય છે, જેથી સૈન્ય અને નગર તે ખાડામાં ગરકાવ થઈ વિનાશ પામે છે, જેનું વિશેષ વર્ણન શ્રી દ્રવ્યલોકપ્રકાશથી જાણવા યોગ્ય છે.

૨. એ વિકલેન્દ્રિયોનું ઉત્કૃષ્ટ દેહપ્રમાણ વિશેષતઃ અઢીદ્વીપથી બહારના મોટા દ્વીપ-સમુદ્રોમાં જાણવું.

૩. વલ્લીઓ, લતાઓ અને કમળોના સ્કંધો ઉત્સેધાંગુલથી હજાર યોજન પ્રમાણ ઊંચી જળની સપાટીથી જેટલાં ઊંચા આવેલા હોય તેટલી અધિકતા જાણવી, અને એથી વિશેષ ઊંડાઈવાળા ગોતીર્થ સ્થાનમાં તો પૃથ્વીકાયિક કમળો [આદિ] જાણવાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થલચરો બાર પ્રકારના છે. તથા ખેચરો પણ જલચરની પેઠે ચાર પ્રકારના છે. એ પ્રમાણે વીશ પ્રકારના તિર્યંચોમાં જ પ્રથમ સમ્મૂર્ચ્છિમ અપર્યાપ્તા જલચર, સ્થલચર અને ખેચરોનું તથા પર્યાપ્તા સમ્મૂર્ચ્છિમ જલચરોનું શરીરપ્રમાણ કહેવાની ઈચ્છાએ આ ગાથા કહેવાય છે :

**जल थल खह सम्मुच्छिम-तिरिय अपज्जत्तया विहत्थीउ ।**
**जल सम्मुच्छिम पज्ज-त्तयाण अह जोयणसहस्सं ॥१७१॥**

गाथार्थः સમ્મૂર્ચ્છિમ અપર્યાપ્તા જલચર, સ્થલચર અને ખેચર તિર્યંચોનું ઉત્કૃષ્ટ શરીર એક વેંત પ્રમાણ છે. તથા સમ્મૂર્ચ્છિમ પર્યાપ્ત જલચરોનું શરીરપ્રમાણ ઉત્કૃષ્ટથી એક હજાર [૧૦૦૦] યોજન પ્રમાણ છે. ॥૧૭૧॥

टीकार्थः સમ્મૂર્ચ્છિમ અપર્યાપ્તા જલચરોનું શરીર પ્રમાણ ૧ વેંત જેટલું છે. ॥૧॥ સમ્મૂર્ચ્છિમ અપર્યાપ્તા સ્થલચરોનું પણ અને તેના અન્તર્ગત ભેદરૂપ ચતુષ્પદોનું પણ શરીર પ્રમાણ ૧ વેંત જેટલું છે. ॥૨॥ સમ્મૂર્ચ્છિમ અપર્યાપ્તા ઉરઃપરિસર્પોના શરીરનું પ્રમાણ ૧ વેંત જેટલું છે. ॥૩॥ સમ્મૂર્ચ્છિમ અપર્યાપ્તા ભુજપરિસર્પોનું શરીર ૧ વેંત પ્રમાણ છે. ॥૪॥ તેમજ સમ્મૂર્ચ્છિમ અપર્યાપ્તા ખેચરોનું શરીરપ્રમાણ પણ ૧ વેંત જેટલું છે. ॥૫॥ [ અહીં સુધીમાં આ ગ્રંથની શ્લોક સંખ્યાનું પ્રમાણ ૪૦૦૦ થયું ]. એ પ્રમાણે એ સમ્મૂર્ચ્છિમ અપર્યાપ્તા જલચર વગેરે પાંચે તિર્યંચ પંચેન્દ્રિયોનું ઉત્કૃષ્ટ શરીરપ્રમાણ ૧ વેંતનું જાણવું. અને જઘન્ય શરીરપ્રમાણ તો સર્વ જીવભેદમાં અંગુલનો અસંખ્યાતમો ભાગ જ વિચારવું.

વળી પર્યાપ્ત સમ્મૂર્ચ્છિમ જલચરો જે નદી-તળાવ આદિ જળાશયોમાં ઉત્પન્ન થાય છે. તેની અપેક્ષાએ તેઓનું શરીરપ્રમાણ જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ છે. અને ઉત્કૃષ્ટ શરીરપ્રમાણ તો સ્વયંભૂરમણ સમુદ્રમાં ઉત્પન્ન થતા મત્સ્યાદિકની અપેક્ષાએ એક હજાર યોજન પ્રમાણ છે. ॥૬॥ એ પ્રમાણે આ ૧૭૧મી ગાથાનો અર્થ સમાપ્ત થયો [ અને એમાં વીશમાંથી છ પ્રકારના તિર્યંચ પંચેન્દ્રિયોનું શરીરપ્રમાણ ઉત્કૃષ્ટથી અને જઘન્યથી એમ બન્ને પ્રકારે કહેવાયું છે. ] ॥૧૭૧॥

अवतरणः એ પ્રમાણે પૂર્વ ગાથામાં છ તિર્યંચ પંચેન્દ્રિયોનું શરીરપ્રમાણ કહીને હવે આ ગાથામાં બીજા બે તિર્યંચ પંચેન્દ્રિયોનું શરીરપ્રમાણ કહે છેઃ

**उरपरिसप्पा जोयण - सहस्सिया गब्भया उ उक्कोसं ।**
**सम्मुच्छिमपज्जत्तय, तेसिं चिय जोयणपुहत्तं ॥१७२॥**

गाथार्थः ગર્ભજ ઉરઃપરિસર્પોનું ઉત્કૃષ્ટ શરીરપ્રમાણ એક હજાર યોજન છે, અને તે જ સમ્મૂર્ચ્છિમ પર્યાપ્તા ઉરઃપરિસર્પોનું ઉત્કૃષ્ટ શરીરપ્રમાણ, નિશ્ચય, યોજન પૃથક્ત્વ [ બે યોજનથી નવ યોજન સુધીનું છે ]. ॥૧૭૨॥

टीकार्थः उरस् એટલે હૃદય [ પેટ અથવા છાતી ] વડે परिसर्पन्ति એટલે ચાલે-ખસે તે उरःपरिसर्प જે સર્પ વગેરે ગર્ભજ છે; ગાથામાં કહેલો उ (तु) શબ્દ વિશેષણના અર્થવાળો હોવાથી - પર્યાપ્તા છે. તે ગર્ભજ પર્યાપ્તા ઉરઃપરિસર્પો જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ શરીરવાળા છે. જેઓ અઢી દ્વીપથી બહારના મોટા દ્વીપ-સમુદ્રોમાં ઉત્પન્ન થાય છે તેઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ ઉત્કૃષ્ટથી હજાર યોજનના છે, એટલે હજાર યોજન જેટલા શરીરપ્રમાણવાળા છે. એ ભાવાર્થ છે. ॥૭॥ તથા એજ સમ્મૂર્ચ્છિમ પર્યાપ્તા ઉર:પરિસર્પોનું શરીર જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું છે, અને ઉત્કૃષ્ટથી યોજનપૃથક્ત્વ [ એટલે નવ યોજન જેટલું ] શરીરપ્રમાણ છે. ॥૮॥ અહીં પૃથક્ત્વ શબ્દનો અર્થ પૂર્વે [ બે થી નવ ] કહ્યો છે તે જ જાણવો. એ ગાથાર્થ સમાપ્ત થયો. ॥૧૭૨॥

અવતરણ: પૂર્વ ગાથામાં બે પ્રકાના ઉર:પરિસર્પનું શરીરપ્રમાણ દર્શાવીને હવે આ ગાથામાં એજ રીતે બે પ્રકારના ભુજપરિસર્પોનું શરીર પ્રમાણ દર્શાવે છે :

**भुयपरिसप्पा गाउय - पुहत्तिणो गब्भया उ उक्कोसं ।**
**सम्मुच्छिमपज्जत्तय, तेसिं चिय धणुपुहुत्तं च ॥१७३॥**

ગાથાર્થ: ગર્ભજ [ પર્યાપ્તા ] ભુજપરિસર્પો ઉત્કૃષ્ટથી ગાઉપૃથક્ત્વ [ નવ ગાઉ ] પ્રમાણવાળા છે, અને એ જ સમ્મૂર્ચ્છિમ પર્યાપ્તાનું શરીરપ્રમાણ નિશ્ચયથી ધનુ:પૃથક્ત્વ [ નવ ધનુષ્] જેટલું છે ॥૭॥૮॥૧૭૩॥

ટીકાર્થ: ભુજ એટલે બે ભુજાઓ (બે હાથ) વડે પરિસર્પ એટલે ખસે-ચાલે તે ભુજપરિસર્પ જીવો-ઘો અને નકુલ (નોળિયા) વગેરે ગર્ભજો છે, તથા ગાથામાં કહેલો ઉ (तु) વિશેષણ અર્થવાળો હોવાથી તે ભુજપરિસર્પ પર્યાપ્ત છે. એ ગર્ભજ અને પર્યાપ્ત એ બે પ્રકારના વિશેષણવાળા [ અર્થાત્ ગર્ભજ પર્યાપ્તા ] ભુજપરિસર્પો જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા શરીરવાળા [ જન્મના પ્રથમ્ સમયે ] છે, અને ઉત્કૃષ્ટથી તો, અઢીદ્વીપથી બહારના દ્વીપ-સમુદ્રોમાં ઉત્પન્ન થયેલા, ગર્ભજ પર્યાપ્ત ભુજપરિસર્પો, પૃથક્ત્વગાઉ પ્રમાણના એટલે પૃથક્ત્વગાઉ [ નવ ગાઉ ] જેટલા શરીરપ્રમાણવાળા છે. એ ભાવાર્થ છે. ॥૯॥ તથા એજ સમ્મૂર્ચ્છિમ પર્યાપ્તા ભુજપરિસર્પોનું શરીરપ્રમાણ જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ [જન્મના પ્રથમ સમયે ] છે. અને ઉત્કૃષ્ટથી એ સમ્મૂર્ચ્છિમ પર્યાપ્ત ભુજપરિસર્પોનું શરીર ધનુષ્પૃથક્ત્વ [ નવ ધનુષ્ ] જેટલું છે. ॥૧૦॥ એ ૧૭૩મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૧૭૩॥

અવતરણ: હવે આ ગાથામાં ગર્ભજ અપર્યાપ્ત જલચર વગેરે તિર્યંચ પંચેન્દ્રિયોનું શરીર પ્રમાણ કહે છે. તે આ પ્રમાણે:

**जल थल गब्भअपजता, खह थल सम्मुच्छिमा य पज्जत्ता ।**
**खह गब्भया उ उभये, उक्कोसेणं धणुपुहुत्तं ॥१७४॥**

ગાથાર્થ: જલચર અને સ્થલચર એ બે ગર્ભજ અપર્યાપ્તા, ખેચર અને સ્થલચર એ બે સમ્મૂર્ચ્છિમ પર્યાપ્તા, તથા ખેચર ગર્ભજ બન્ને પ્રકારના (પર્યાપ્ત- અપર્યાપ્ત) એ સર્વ જીવભેદો ઉત્કૃષ્ટથી ધનુષ્ પૃથક્ત્વ પ્રમાણવાળા છે. ॥૧૭૪॥

ટીકાર્થ: - जल थल गब्भ अपजत એ ગાથામાં પર્યન્તે આવેલો ધનુ:પૃથક્ત્વ શબ્દ સર્વ સ્થાને જોડવો, જેથી ગર્ભજ અપર્યાપ્ત જલચરોનું શરીરપ્રમાણ ઉત્કૃષ્ટથી ધનુ:પૃથક્ત્વ [ નવ ધનુષ્ ] છે ॥૧૧॥ તથા અહીં ગર્ભજ અપર્યાપ્ત સ્થલચર ગ્રહણ કરવાથી ત્રણે પ્રકારના


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[ચતુષ્પદ, ઉર:સર્પ, ભુજસર્પ ] ગર્ભજ અપર્યાપ્ત સ્થલચરો ગ્રહણ કરવા; તેથી ગર્ભજ અપર્યાપ્ત ચતુષ્પદોનું શરીરપ્રમાણ ધનુઃપૃથક્ત્વ છે ॥૧૨॥ ગર્ભજ અપર્યાપ્ત ઉર:સર્પોનું ઉત્કૃષ્ટ શરીર પ્રમાણ ધનુ:પૃથક્ત્વ છે. ॥૧૩॥ અને ગર્ભજ અપર્યાપ્ત ભુજસર્પોનું પણ ઉત્કૃષ્ટ શરીરપ્રમાણ ધનુઃ પૃથક્ત્વ છે. ॥૧૪॥ [ એ ચાર ગર્ભજોનું શરીર પ્રમાણ કહ્યું ].

તથા 'खह थल संमुच्छिमा य पज्जत्ता' [સમ્મૂર્ચ્છિમ પર્યાપ્તા ખેચર અને સ્થલચરનું શરીર પ્રમાણ આ પ્રમાણે ] - સમ્મૂર્ચ્છિમ પર્યાપ્ત ખેચરોનું શરીરપ્રમાણ ઉત્કૃષ્ટથી ધનુષ્પૃથક્ત્વ છે. ॥૧૫॥ તથા સમ્મૂર્ચ્છિમ પર્યાપ્ત સ્થલચરોનું શરીરપ્રમાણ પણ ધનુ:પૃથક્ત્વ જ છે. અહીં શેષ રહેલા [ કહેવા બાકી રહેલા ] ચતુષ્પદો જ ગ્રહણ કરવા, કારણ કે સમ્મૂર્ચ્છિમ સ્થલચરોના ત્રણ ભેદમાંથી સમ્મૂર્ચ્છિમ ઉર:પરિસર્પ અને સમ્મૂર્ચ્છિમ ભુજપરિસર્પનું શરીરપ્રમાણ ઉપર કહેવાઈ ગયેલું જ છે, જેથી કહેવા બાકી રહેલા ચતુષ્પદરૂપ જે સમ્મૂર્ચ્છિમ સ્થલચરો, તેનું શરીરપ્રમાણ ધનુ:પૃથક્ત્વ છે. ॥૧૬॥

તથા खह गब्भया उ उभए [ બન્ને પ્રકારના ખેચર ગર્ભજોનું શરીરપ્રમાણ, તે આ રીતે -] અહીં બન્ને પ્રકારના ખેચર ગર્ભજ એટલે પર્યાપ્તા અને અપર્યાપ્તા એ બન્ને પ્રકારના જાણવા, જેથી ગર્ભજ ખેચર અપર્યાપ્તાનું ઉત્કૃષ્ટ શરીર પ્રમાણ ધનુ:પૃથક્ત્વ છે. ॥૧૭॥ અને ગર્ભજ ખેચર પર્યાપ્તનું પણ ઉત્કૃષ્ટ શરીરપ્રમાણ ધનુ:પૃથક્ત્વ છે. ॥૧૮॥ વળી આ ચાલુ અધિકારવાળી ગાથાઓમાં પૂર્વે કહેલા ગર્ભજ અપર્યાપ્તા જલચરાદિ તિર્યંચના ભેદોમાં જે ધનુ:[1]પૃથક્ત્વ શરીરપ્રમાણ કહ્યું તે ઉત્કૃષ્ટથી જ જાણવું, અને જઘન્યથી તો સર્વ ભેદોમાં અંગુલનો અસંખ્યાતમો ભાગ જ જાણવો. એ પ્રમાણે ૧૭૪મી ગાથાંનો અર્થ સમાપ્ત થયો. ॥૧૭૪॥

अवतरण: તિર્યંચ પંચેન્દ્રિયના વીશ ભેદોમાં ૧૮ ભેદનું શરીરપ્રમાણ પૂર્વે કહ્યું, જેથી હવે આ ગાથામાં શેષ રહેલા બે પંચેન્દ્રિય તિર્યંચોનું શરીરપ્રમાણ કહેવાય છે :

**जल गब्भय पज्जत्ता, उक्कोसं हुंति जोयणसहस्सं ।**
**थल गब्भय पज्जत्ता, छग्गाउक्कोसगुव्विद्धा ॥१७५॥**

गाथार्थ: ગર્ભજ પર્યાપ્તા જલચરનું ઉત્કૃષ્ટ શરીર એક હજાર યોજન છે, અને ગર્ભજ પર્યાપ્તા સ્થલચરોનું શરીર ઉત્કૃષ્ટથી છ ગાઉ ઊંચાઈવાળું છે. ॥૧૭૫॥

टीकार्थ: ગર્ભજ પર્યાપ્ત જલચરોનું જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું શરીરપ્રમાણ છે, અને ઉત્કૃષ્ટથી સ્વયંભૂરમણ સમુદ્રના મત્સ્યોનું (એટલે જલચરોનું) શરીરપ્રમાણ એક હજાર યોજન છે. ॥૧૯॥ તથા ગર્ભજ પર્યાપ્તા સ્થલચરો એટલે પરિશિષ્ટન્યાયથી [ પૂર્વ કહેવાઈ ગયેલા ભેદથી બાકી રહેલા ભેદરૂપ ] અહીં પણ ચતુષ્પદો જ ગ્રહણ કરવા, કારણ કે ગર્ભજ પર્યાપ્ત ઉર:પરિસર્પ અને ગર્ભજ પર્યાપ્તા ભુજપરિસર્પના શરીરનું પ્રમાણ તો પ્રથમ જ કહેવાઈ ગયું છે, તેથી તે ચતુષ્પદરૂપ ગર્ભજ પર્યાપ્ત સ્થલચરો જે ગાય

૧. અન્તર્મુહૂર્ત પ્રમાણની અપર્યાપ્ત અવસ્થામાં ગર્ભજ તિર્યંચોનું નવ ધનુષ્ જેવડું મોટું શરીર કેમ સંભવે ? તે સંબંધમાં જાણવાનું કે પૂર્વે કહેલો આસાલિક ઉર:પરિસર્પ જેમ અન્તર્મુહૂર્તમાં ૧૨ યોજન જેવડો વધીને અપર્યાપ્તપણામાં જ શીઘ્ર મરણ પામે છે, તેમ બીજા જલચરાદિકો પણ અપર્યાપ્ત અવસ્થામાં ધનુ:પૃથક્ત્વ પ્રમાણવાળા થાય તો તેમાં કંઈ આશ્ચર્ય નથી. પુનઃ એ સંબંધી વિસંવાદ આગળની ગાથાની વૃત્તિમાં પણ કહેવાશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વગેરે, તેઓનું શરીરપ્રમાણ જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ છે, અને ઉત્કૃષ્ટથી તો દેવકુરુ - ઉત્તરકુરુક્ષેત્રના હાથી વગેરે ચતુષ્પદોનું શરીરપ્રમાણ છ ગાઉ જેટલું છે. ॥૨૦॥

## ॥ તિર્યંચ પંચેન્દ્રિયોની અવગાહનામાં વિસંવાદ ॥

એ પ્રમાણે 'जल थल खह सम्मुच्छिम' ઇત્યાદિ પાંચ ગાથાઓમાં પંચેન્દ્રિય તિર્યંચોના વીશે ભેદનું શરીરપ્રમાણ કહ્યું. એ કહેલું શરીરપ્રમાણ બીજા ગ્રંથોની સાથે કંઈક ક્વચિત્, વિસંવાદવાળું [ વિરોધ જેવું ] પણ છે, તે આ પ્રમાણે -

આ ગ્રંથમાં વીશ ભેદોમાં દશ ભેદ પર્યાપ્તા ગણ્યા અને દશ ભેદ અપર્યાપ્તા ગણ્યા. તેમાં પ્રજ્ઞાપના તથા અનુયોગદ્વાર વગેરે ગ્રંથોમાં કોઈપણ અપેક્ષાએ દશે અપર્યાપ્તા જઘન્ય અને ઉત્કૃષ્ટ એ બન્ને પ્રકારનું શરીરપ્રમાણ કંઈપણ ફેરફાર વિના અંગુલનો અસંખ્યાતમો ભાગ જ કહ્યું છે, અને આ ચાલુ ગ્રંથમાં [ જીવસમાસમાં ] તો जल थल खह सम्मुच्छिम ઇત્યાદિ પદવાળી પહેલી [ પાંચમાંની પહેલી ] ગાથામાં પાંચે સમ્મૂર્ચ્છિમ અપર્યાપ્તાનું દરેકનું ઉત્કૃષ્ટ શરીરપ્રમાણ એક વેંત પ્રમાણ કહ્યું. અને जल थल गब्भ अपजता ઇત્યાદિ પદવાળી ચોથી [ પાંચમાંની ચોથી એટલે ૧૭૪મી ] ગાથામાં દરેકનું [ દરેક અપર્યાપ્તાનું ] ઉત્કૃષ્ટથી ધનુઃપૃથક્ત્વ જેટલું શરીરપ્રમાણ કહ્યું. માટે એ બાબતમાં તત્ત્વ-સત્ય શું છે તે શ્રી સર્વજ્ઞો અથવા શ્રીબહુશ્રુતો જાણે. પર્યાપ્ત અવસ્થામાં જે જીવો હજાર યોજન પ્રમાણવાળા છે, તેવા જીવોનું પણ અપર્યાપ્ત અવસ્થાનું શરીરપ્રમાણ ઉત્કૃષ્ટથી પણ અંગુલનો અસંખ્યાતમો ભાગ જ હોવાનું શ્રીપ્રજ્ઞાપના વગેરે ગ્રંથોમાં કહ્યું છે, અને એ વાત દુઃખે સમજી શકાય એવી છે. વળી જો કે અહીં ચાલુ ગ્રંથની [પાંચ ગાથાઓમાંની ] ચોથી ગાથામાં 'खह गब्भया उ उभए' એ વચન વડે [ એ પદ વડે ] પર્યાપ્તા ખેચરની તુલ્ય અપર્યાપ્ત ખેચરોનું ઉત્કૃષ્ટથી ધનુઃપૃથક્ત્વ શરીરપ્રમાણ કહ્યું, તે પણ પૃથક્ત્વ શબ્દના બહુ ભેદ હોવા છતાં પણ અમો એ વાતમાં ઘણી સ્પષ્ટ રીતે સમજી શકતા નથી. વળી બીજી વાત એ છે કે - સમ્મૂર્ચ્છિમ પર્યાપ્તા ચતુષ્પદરૂપ સ્થલચરોનું શરીરપ્રમાણ શ્રીપ્રજ્ઞાપના તથા શ્રીઅનુયોગદ્વાર વગેરેમાં ગાઉપૃથક્ત્વ [ નવ ગાઉનું ] કહ્યું છે, અને આ ગ્રંથમાં તો ચાલુ અધિકારવાળી ચોથી [ ૧૭૪મી ] ગાથામાં ૧૬મા અંકસ્થાનમાં [ ૧૬મા ભેદમાં ] એજ સમ્મૂર્ચ્છિમ ચતુષ્પદોનું શરીરપ્રમાણ ધનુઃપૃથક્ત્વ કહ્યું છે, માટે એ બાબતમાં પણ તત્ત્વ[૧] શું છે તે અતિશયજ્ઞાનીઓ જ જાણે. એ પ્રમાણે આ ૧૭૫મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૧૭૫॥

अवतरणः [ ક્ષેત્રદ્વારના પ્રસંગમાં કહેવાતી, જીવભેદોની અવગાહનામાં નારક વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિયોની અવગાહના કહેવાઈ છે. તેમજ વિકલેન્દ્રિયના પ્રસંગે ૧૭૦મી ગાથામાં ] પૂર્વે એકેન્દ્રિયોમાંથી કેવળ વનસ્પતિની જ અવગાહના કહેવાઈ છે. જેથી હવે આ ગાથામાં પૂર્વે નહિ કહેવાયેલા શેષ ચાર એકેન્દ્રિયોના શરીરનું પ્રમાણ કહેવાય છે. તે આ પ્રમાણેઃ

---

૧. આ સર્વ વિસંવાદ કહ્યો, તે કેવલ ગ્રંથોના પરસ્પર પાઠની અપેક્ષાએ વિસંવાદ અવશ્ય છે, પરંતુ તેથી કહેલી અવગાહનાનો અસંભવરૂપ વિરોધ નથી, અર્થાત્ અપર્યાપ્તાવસ્થામાં અન્તર્મૂહૂર્ત્તમાં શીઘ્ર શરીરવૃદ્ધિ ન જ હોય - એવો સર્વથા સંભવ ન જ હોય, એમ સંભવતું નથી, જેમ આસાલિક સર્પની પેઠે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अंगुलअसंखभागो, बायर सुहुमा य सेसया काया ।**
**सव्वेसिं च जहन्नं, मणुयाण ति गाउ उक्कोसं ॥१७६॥**

गाथार्थः [ १७०मी ગાથામાં કહેલ વનસ્પતિકાય સિવાયની ] બાકી રહેલી ચાર કાયમાં શરીરનું પ્રમાણ અંગુલનો અસંખ્યાતમો ભાગ છે. તેમજ [ પ્રથમ કહેવાયેલા અને આગળ કહેવાતા ] સર્વે જીવભેદોનું જઘન્ય શરીરપ્રમાણ પણ અંગુલનો અસંખ્યાતમો ભાગ છે. તથા મનુષ્યોનું ઉત્કૃષ્ટ શરીરપ્રમાણ ત્રણ ગાઉનું છે. ॥૧૭૬॥

टीकार्थः પૂર્વે કહેલી [વનસ્પતિ] કાયથી બાકી રહેલ જે ચાર સ્થાવરકાય પૃથ્વી-જળ-અગ્નિ અને વાયુ એ ચારે દરેક સૂક્ષ્મ અને બાદરનું [ એટલે આઠ સ્થાવરોનું ] જઘન્ય શરીરપ્રમાણ તેમજ ઉત્કૃષ્ટ શરીરપ્રમાણ અંગુલનો અસંખ્યાતમો ભાગ છે, એટલું જ નહિ, પરંતુ सव्वेसिं च जहन्नं [સર્વે જીવભેદોનું જઘન્ય શરીર ], અર્થાત્ જે નારક, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, વનસ્પતિ તથા સમ્મૂર્ચ્છિમ અને ગર્ભજ પર્યાપ્તા તથા અપર્યાપ્તા [ એ ચાર ચાર ભેદવાળા ] તિર્યંચ પંચેન્દ્રિયોનું પણ પૂર્વે જે જઘન્ય શરીરપ્રમાણ [ ગાથાઓમાં ] કહ્યું નથી; તેમજ જે મનુષ્યાદિ જીવભેદોનું આગળની ગાથાઓમાં જઘન્ય શરીરપ્રમાણ નહિ કહેવાશે, તે સર્વે જીવભેદોનું પણ જઘન્ય શરીરપ્રમાણ અંગુલનો અસંખ્યાતમો ભાગ જ જાણવું. તથા મનુષ્યોનું[1] ઉત્કૃષ્ટ શરીરપ્રમાણ ત્રણ ગાઉનું છે, અને જઘન્ય શરીરપ્રમાણ તો [ सव्वेसिं च जहन्नं એ પદથી ] કહેવાઈ ગયું છે. એ પ્રમાણે ૧૭૬ મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૧૭૬॥

अवतरणः હવે આ ગાથામાં દેવોનું શરીરપ્રમાણ કહેવાય છે :

**भवणवइवाणमंतर, जोइसवासी य सत्तरयणीया ।**
**सक्काइ सत्तरयणी, एक्केक्का हाणि जावेक्का ॥१७७॥**

गाथार्थः ભવનપતિ, વાણવ્યંતર[2] અને જ્યોતિષી એ ત્રણ નિકાયના દેવોનું શરીરપ્રમાણ સાત રત્નિ [ સાત હાથ ] જેટલું છે. તથા શક્રાદિ દેવલોકનું શરીરપ્રમાણ સાત હાથનું છે, અને એકેક હાથ ઘટતાં યાવત્ એક હાથ પ્રમાણનું છે. ॥૧૭૭॥

टीकार्थः ભવનપતિ, વ્યન્તર અને જ્યોતિષીઓ એ સર્વમાંના દરેક દેવો ઉત્કૃષ્ટથી સાત હાથ જેટલા શરીરપ્રમાણવાળા હોય છે. તથા सक्काइ सत्तरयणी એમાં શક્ર એટલે સૌધર્મેન્દ્ર, તે વડે ઓળખાતો સૌધર્મ દેવલોક અહીં જાણવો. અને આદિ શબ્દથી ઈશાન દેવલોક ગ્રહણ કરવો. તેથી તે બેના એટલે સૌધર્મદેવલોક અને ઈશાનદેવલોકના દેવો દરેક ઉત્કૃષ્ટથી સાત હાથપ્રમાણ શરીરવાળા હોય છે. તથા ત્યાંથી આગળના દેવલોકમાં એકેક હાથપ્રમાણ ઘટાડવાથી, યાવત્ પર્યન્તે એક હાથ જેટલા શરીરવાળા દેવો હોય છે. અહીં ભાવાર્થ આ પ્રમાણે છે કે - સનત્કુમાર અને માહેન્દ્ર એ બે દેવલોકમાં ઉત્કૃષ્ટ સ્થિતિવાળા અને (૭ હાથની અપેક્ષાએ) શરીરની વધુમાં વધુ ઉત્કૃષ્ટ હાનિ (ન્યૂનતા) ધરાવનારા દેવોનું[3] શરીરપ્રમાણ છ

૧. અહીં મનુષ્ય એ સામાન્ય કથનથી પણ ગર્ભજ અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્યોનું શરીર ત્રણ ગાઉનું છે, અને સમ્મૂર્ચ્છિમ મનુષ્યોનું અંગુલનો અસંખ્યાતમો ભાગ તથા સંખ્યાત વર્ષાયુષ્યવાળા મનુષ્યોનું ૫૦૦ ધનુષ્ પ્રમાણ છે.

૨. અહીં વ્યન્તર કહેવાથી વ્યન્તરની અંતર્ગત વાણવ્યન્તરનિકાય પણ જાણવી.

૩. દેવોમાં જેમ આયુષ્ય અધિક તેમ શરીર હીન હીન હોવાથી એ પ્રમાણે કહ્યું છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હાથ છે. (તાત્પર્ય કે સૌધર્મની અપેક્ષાએ અહીં વધુમાં વધુ એક હાથ ઓછો થાય). બ્રહ્મકલ્પ અને લાન્તકકલ્પ એ બે દેવલોકના (ઉત્કૃષ્ટ સ્થિતિવાળા અને ઉત્કૃષ્ટ શરીરહાનિવાળા) દેવોનું શરીર પાંચ હાથ છે. એ પ્રમાણે મહાશુક્ર અને સહસ્રાર એ બે કલ્પના દેવોનું શરીર ચાર હાથનું છે. આનત, પ્રાણત, આરણ અને અચ્યુત એ ચાર કલ્પના (ઉત્કૃષ્ટ આયુષ્યવાળા અને ઉત્કૃષ્ટ હીન શરીરવાળા) દેવોનું શરીર ત્રણ હાથનું છે. નવ ગ્રૈવેયકમાં સર્વથી ઉપરના (નવમા) ગ્રૈવેયકના દેવોનું શરીર બે હાથનું છે અને અનુત્તરવિમાનોમાં ઉત્કૃષ્ટ આયુષ્યવાળા દેવોનું શરીરપ્રમાણ એક હાથ છે. વળી એ દેવોના શરીરનું જઘન્ય પ્રમાણ તો પૂર્વે જ (૧૭૬મી ગાથામાં) અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું કહ્યું છે.

વળી એ દેવોનું શરીરપ્રમાણ જે સાત હાથ વગેરે કહ્યું તે ભવધારણીય [ સંપૂર્ણ ભવપર્યન્ત રહેનાર ] સ્વાભાવિક શરીરની [ મૂળ વૈક્રિય શરીરની ] અપેક્ષાએ કહ્યું છે, અને ઉત્તરવૈક્રિય શરીર તો અચ્યુતદેવલોક સુધીના દેવોનું જઘન્યથી અંગુલનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી એક લાખ યોજન જેટલું પોતાની મેળે જ જાણવું. તથા ગ્રૈવેયક અને અનુત્તરના દેવોને તો વૈક્રિયશરીર રચવાની લબ્ધિ હોવા છતાં પણ સ્વભાવથી જ કોઈપણ વખતે ઉત્તરવૈક્રિય શરીર રચતા નથી એમ જાણવું [ જેથી તેઓના ઉત્તરવૈક્રિય શરીરનું પ્રમાણ કહ્યું નથી ]. વળી પૂર્વે કહેલું શરીરનું એ સર્વ પ્રમાણ ઉત્સેધાંગુલના પ્રમાણથી જ જાણવું. કારણ કે उस्सेहपमाणओ मिणे देहं [ઉત્સેધાંગુલના પ્રમાણથી શરીર માપવું ] એ શાસ્ત્રવચન હોવાથી. વળી આ કહેલું શરીરપ્રમાણ તો દિગ્દર્શનમાત્ર [ સંક્ષેપમાં જ કહેલું ] છે, અને અતિવિસ્તારથી તો દેવેન્દ્રનરકેન્દ્રસ્તવાદિ ગ્રંથોથી જાણવું. એ પ્રમાણે ૧૭૭મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ।।इति जीवभेदेषु क्षेत्रद्वारम् ।।૧૭૭।।

## ।।ગુણસ્થાનોમાં ક્ષેત્રદ્વારની પ્રરૂપણા ।।

अवतरणः એ પ્રમાણે ક્ષેત્રદ્વારના ક્રમ પ્રમાણે [ ક્ષેત્રદ્વારના સંબંધથી ] પ્રાપ્ત થયેલું જે ક્ષેત્રદ્વાર તે નારકાદિક જીવોની અવગાહના વિચારવા - કહેવા દ્વારા કહ્યું [ અર્થાત્ જીવભેદરૂપ જીવસમાસમાં ક્ષેત્રદ્વારનો વિચાર કહ્યો ]. પ્રસ્તુત ગુણસ્થાનરૂપ જીવસમાસમાં ગુણસ્થાન દ્વારા ક્ષેત્રદ્વાર કહેવું જોઈએ તેને બદલે જે નારકાદિ જીવોના શરીરનું પ્રમાણ [ તદ્રૂપ ક્ષેત્ર ] વિચાર્યું તેમાં કારણ તો પ્રથમ જ [1]કહ્યું છે. હવે આ કહેવાતી ગાથાઓમાં તો તે જ ગુણસ્થાનરૂપ જીવસમાસોની મુખ્યતાએ જ અવગાહનાક્ષેત્ર કહેવાનું છે, તે લોકાકાશના વિભાગરૂપ પ્રમાણથી વિચારાય છે (કહેવાય છે). તે આ પ્રમાણે - [ અર્થાત્ હવે ગુણસ્થાનોમાં ક્ષેત્રદ્વાર કહેવાય છે ] :

**मिच्छा य सव्वलोए, असंखभागे य सेसया हुंति ।**
**केवलि असंखभागे, भागेसु व सव्वलोए वा ।।१७८।।**

गाथार्थः મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનવાળા જીવો સર્વ લોકાકાશમાં છે. અને શેષ ગુણસ્થાનવર્તી જીવો લોકના અસંખ્યાતમા ભાગમાં છે, તથા કેવલી ગુણસ્થાનવાળા [ ૧૩મા ગુણસ્થાનવર્તી કેવલીઓ ] લોકના અસંખ્યાતમા ભાગમાં, તથા અસંખ્ય ભાગોમાં તેમજ સર્વ લોકમાં પણ

૧. જુઓ ૧૬૯મી ગાથાની વૃત્તિમાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્તે છે. ॥૧૭૮॥

ટીકાર્થ: પ્રથમ મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનવર્તી જીવો તો સંપૂર્ણ ચૌદ રાજલોકમાં પ્રાપ્ત થાય છે; કારણ કે સૂક્ષ્મ એકેન્દ્રિયો સર્વ લોકાકાશમાં વર્તે છે, અને તે સર્વે પણ મિથ્યાદૃષ્ટિઓ જ છે, માટે મિથ્યાદૃષ્ટિઓને સમગ્ર લોકવર્તી કહ્યા તે યુક્ત જ છે.

તથા असंखभाए य सेसया होंति - [ શેષ જીવો અસંખ્યાતમા ભાગમાં છે ], એમાં શેષ એટલે સાસ્વાદન ગુણસ્થાનવાળા, મિશ્ર ગુણસ્થાનવાળા અને અવિરતસમ્યગ્દૃષ્ટિથી પ્રારંભીને, સયોગિકેવલી વિના, સર્વે પણ ગુણસ્થાનવાળા જીવો [ ૨ - ૩ - ૪ - ૫ - ૬ - ૭ - ૮ - ૯ - ૧૦ - ૧૧ - ૧૨ - ૧૩ - ૧૪ એ બાર ગુણસ્થાનવાળા જીવો ] દરેક લોકના અસંખ્યાતમા ભાગમાં વર્તે છે. વળી મિશ્રદૃષ્ટિ ગુણસ્થાનવાળા જીવો તો સર્વે સંજ્ઞિપંચેન્દ્રિયોમાં જ હોય છે, અને સાસ્વાદન ગુણસ્થાનવાળા જીવો અપર્યાપ્ત દ્વીન્દ્રિય, અપર્યાપ્ત ત્રીન્દ્રિય, અપર્યાપ્ત ચતુરિન્દ્રિય, અપર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય વગેરેમાં કોઈ અલ્પ સંખ્યાવાળા જ હોય છે [ સંજ્ઞિપંચેન્દ્રિયોમાં તો પર્યાપ્તમાં અને અપર્યાપ્તમાં પણ અલ્પ હોય છે ]. અને એ સંજ્ઞિપંચેન્દ્રિયાદિ જીવો અલ્પ સંખ્યાવાળા હોવાથી લોકના અસંખ્યાતમા ભાગમાં જ રહેલા હોય છે; માટે સાસ્વાદન આદિ બાર ગુણસ્થાનવાળા જીવો લોકના અસંખ્યાતમા ભાગમાં વર્તનારા કહ્યા તે યુક્ત જ છે. [ એ પ્રમાણે સયોગિકેવલી વિના ૧૩ ગુણસ્થાનનું ક્ષેત્ર કહ્યું ].

તથા 'केवलि असंखभागे' ઇત્યાદિ; એટલે સયોગિકેવલી લોકના અસંખ્યાતમા ભાગમાં રહ્યા છે. તે આ પ્રમાણે - એક સયોગી કેવલી સમુદ્ઘાતને જે વખતે પ્રાપ્ત નથી થયા, તે વખતે પોતાની સ્વાભાવિક અવસ્થામાં રહ્યા છતા; તેમજ સમુદ્ઘાત વખતે પણ કરેલી દંડ અવસ્થા તથા કપાટ અવસ્થામાં પણ લોકના અસંખ્યાતમા ભાગમાં જ વર્તતા હોય છે. અને भागेसु व [ અથવા અસંખ્ય ભાગોમાં એટલે ] મંથાન આકારને રચતા છતા પણ તે કેવલી લોકના અસંખ્યાત ભાગોમાં[1] વર્તે છે, એ ભાવાર્થ છે. તથા सव्वलोए व [ અથવા સર્વ લોકમાં વર્તે છે, એટલે ] સમુદ્ઘાતના ચોથા સમયમાં જ્યારે સર્વલોકવ્યાપી થાય છે ત્યારે તે કેવલી સર્વ લોકમાં વર્તનારા પણ ગણાય છે. [ એ પ્રમાણે ૧૩મા ગુણસ્થાનનું ક્ષેત્ર ત્રણ રીતે દર્શાવ્યું છે ]. એ પ્રમાણે ૧૭૮મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૧૭૮॥

अवतरण: ૧૭૮મી ગાથામાં મિથ્યાદૃષ્ટિઓને સર્વલોકમાં વ્યાપ્ત કહ્યા. પરંતુ તે

૧. કેવલિસમુદ્ઘાત સમયે પ્રથમ અવસ્થિત અવગાહનામાંના આત્મપ્રદેશો દંડાકારે ઊર્ધ્વાધઃ લોકાન્ત સુધી જાય છે. એ પ્રયત્ન સ્વાભાવિક અવસ્થાનના - અવગાહનાના સર્વક્ષેત્રમાંથી થયો, ત્યારબાદ બીજે સમયે જે કપાટ થાય છે તે પણ દંડની સર્વ અવગાહનામાંથી [ એટલે દંડના સર્વક્ષેત્રમાંથી ] થાય છે. એ બન્ને વખતે આત્મપ્રદેશવ્યાપ્ત ક્ષેત્રની અથવા આત્મપ્રદેશોની લંબાઈ જો કે લોકાંત સુધીની છે તો પણ જાડાઈ તો કેવલી ભગવંતના શરીરપ્રમાણ જ છે, માટે એ સમુદ્ઘાતના પહેલા અને બીજા સમયમાં કેવલીના આત્મપ્રદેશો વડે વ્યાપ્ત થયેલું ક્ષેત્ર લોકના અસંખ્યાતમા ભાગ જેટલું જ છે. ત્યારબાદ ત્રીજે સમયે જે મંથરચના થાય છે તે પણ ક્યારે વ્યાપ્ત કરેલા સર્વક્ષેત્રમાંથી અર્થાત્ કપાટના સર્વ સ્થાનમાંથી [ સમગ્ર કપાટમાંથી ] થાય છે, પરંતુ કેવળ દંડ વિભાગ જેટલા મધ્યભાગમાંથી જ થાય છે એમ નહિ. જેથી સર્વ કપાટમાંથી નીકળતા આત્મપ્રદેશો લોકમાં સર્વત્ર વ્યાપ્ત થાય છે. પરંતુ લોકને અંતે જ્યાં કપાટક્ષેત્રની સમશ્રેણિ નથી તેવા કેટલાક ક્ષેત્રમાં આત્મપ્રદેશો વ્યાપ્ત થતા નથી, કારણ કે એ વખતે આત્મપ્રદેશોની ગતિ આકાશપ્રદેશોની સમશ્રેણિને જ અનુસરતી થાય છે, માટે લોકના પર્યન્તે રહેલા ઘણાં નિષ્કુટસ્થાનો અને તે ઉપરાન્ત કપાટની સમશ્રેણિમાં નહિ રહેલું ક્ષેત્ર એ બન્ને આત્મપ્રદેશરહિત છે, અને તે ક્ષેત્ર સંપૂર્ણ લોકની અપેક્ષાએ અસંખ્યાતમા ભાગ જેટલું જ અલ્પ છે, અર્થાત્ તે ખાલી રહેલા ક્ષેત્ર જેવા અસંખ્ય ભાગ આત્મપ્રદેશ વડે વ્યાપ્ત છે, અને તે જ એક ભાગ આત્મપ્રદેશ


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મિથ્યાદૃષ્ટિઓ કેન્દ્રિયાદિ ઘણા પ્રકારના છે, તો શું તે સર્વે પ્રકારના મિથ્યાદૃષ્ટિઓ સર્વલોકવર્તી છે કે તેમાંના કેટલાએક જ સર્વલોકવર્તી ? એ આશંકાના સમાધાનમાં આ ગાથા કહેવાય છે. તે આ પ્રમાણેઃ

**तिरिएगिंदिय सुहुमा, सव्वे तह बायरा अपज्जत्ता ।**
**सव्वे वि सव्वलोए, सेसा उ असंखभागम्मि** ॥१७९॥

ગાથાર્થ: સૂક્ષ્મ એકેન્દ્રિય તિર્યંચો સર્વે તથા બાદર અપર્યાપ્ત સર્વે પણ સર્વ લોકમાં વ્યાપ્ત, અને શેષ જીવો લોકના અસંખ્યાતમા ભાગમાં વ્યાપ્ત છે ॥૧૭૯॥

ટીકાર્થઃ 'तिरि एगिंदियसुहुमा सव्वे' એટલે પૃથ્વી - જળ - અગ્નિ - વાયુ અને વનસ્પતિ એ પાંચ પ્રકારના એકેન્દ્રિયરૂપ તિર્યંચો જે સૂક્ષ્મ છે તે સર્વે પણ सव्वलोए એટલે સમગ્ર લોકને વિષે પ્રાપ્ત થાય છે [ વ્યાપી રહેલા છે ], એ ભાવાર્થ છે. કારણ કે सुहुमा य सव्वलोए [સૂક્ષ્મ જીવો સર્વ લોકમાં છે ] એ વચન હોવાથી.

तह बायरा अपज्जत्ता सव्वे वि - તથા બાદર અપર્યાપ્તા પૃથ્વી - જળ - અગ્નિ - વાયુ અને વનસ્પતિ એ પાંચે એકેન્દ્રિયોમાંના દરેક પ્રકારવાળા સર્વ જીવોને સમુદાયપણે વિચારતાં સમગ્ર લોકને વિષે પ્રાપ્ત થાય છે. અહીં 'સમગ્ર લોકને વિષે પ્રાપ્ત થાય છે' એ વાક્યનો સંબંધ જેમ પૂર્વાર્ધમાં કહ્યો છે તેમ ઉત્તરાર્ધમાં (પણ) જોડવો.

પ્રશ્નઃ- સિદ્ધાન્તમાં કોઈપણ સ્થાને સૂક્ષ્મ એકેન્દ્રિયોને છોડીને બીજા કોઈપણ જીવોને સમગ્ર લોકમાં વ્યાપ્ત કહ્યા નથી, તો આ ગ્રંથમાં બાદર અપર્યાપ્ત એકેન્દ્રિયોને પ્રત્યેકને સર્વલોકવર્તી કેવી રીતે કહ્યા ?

ઉત્તરઃ- સ્વસ્થાનની અપેક્ષાએ તો સૂક્ષ્મ એકેન્દ્રિયો જ સર્વલોકવ્યાપી કહ્યા છે, પરંતુ ઉપપાત તથા સમુદ્ઘાતને આશ્રયિને તો બાદર અપર્યાપ્તા એકેન્દ્રિયો[1] પણ દરેક સર્વ લોકમાં પ્રાપ્ત થાય છે. શ્રીપ્રજ્ઞાપનાજીમાં કહ્યું છે કે - कहि णं भंते ! बायरपुढविकाइयाणं अपज्जत्तगाणं ठाणा पन्नत्ता ? गोयमा ! जत्थेव बायरपुढविकाइयाणं पज्जत्तगाणं ठाणा पन्नत्ता तत्थेव बायरपुढविकाइयाणं अपज्जत्तगाणं ठाणा पन्नत्ता, उववाएणं सव्वलोए, समुग्घाएणं सव्वलोए, सट्ठाणेणं लोगस्स असंखेज्जइभागे ' [ અર્થ :- હે ભગવન્ ! અપર્યાપ્ત બાદર પૃથ્વીકાયજીવોનું સ્થાન ક્યાં કહ્યું છે ? ઉત્તર : - હે ગૌતમ ! જ્યાં બાદર પૃથ્વીકાય પર્યાપ્તાનાં સ્થાન કહ્યાં છે ત્યાં

રહિત છે, માટે ત્રીજે સમયે મંથાન અવસ્થામાં કેવલી લોકના અસંખ્ય ભાગોમાં વ્યાપ્ત કહ્યા છે. વળી આ ત્રીજા સમયના મંથાન આકારની રચના માટે ઘણા ખરા એમ પણ સમજે છે કે - દંડમાંથી જેમ પહેલું કપાટ બન્યું તે જ રીતે બીજે સમયે બીજું કપાટ બનતાં બે કપાટનો ભેગો આકાર તે મંથાન આકાર છે. પરંતુ એ સમજવું સંગત સમજાતું નથી, કારણ કે આત્મપ્રદેશોનો જ્યારે જ્યારે સંકોચ અથવા વિસ્તાર થાય ત્યારે આત્માએ અવગાહેલા સર્વ ક્ષેત્રમાંથી એટલે સર્વ અવગાહનામાંથી થાય છે, એમ વિશેષ સમજાય છે, અને જો તેમ ન હોય તો મંથાન આકાર અસંખ્ય ભાગોમાં વ્યાપ્ત કેમ થાય ? જો બે કપાટમાત્રને જ મંથાનાકાર માનીએ તો જેમ પહેલું કપાટ એક અસંખ્યાતમા ભાગમાં રહ્યું છે તેમ બીજું પણ અસંખ્યાતમા ભાગમાં જ રહે, જેથી બન્ને મળીને થયેલો મંથાન આકાર પણ અસંખ્યાતમા એક જ ભાગમાં રહે, અને તેમ માનતાં અનેક ગ્રંથો સાથે વિરોધ આવે, માટે પૂર્વોક્ત કપાટ માનવું સંગત છે. આ બાબતમાં વધારે સ્પષ્ટતા જોવી હોય તો મહાપ્રભાવિક જૈનાચાર્ય શ્રીમદ્વિજયનેમિસૂરીશ્વરજીના શિષ્ય જૈનાચાર્ય શ્રીમદ્વિજયોદય-સૂરીશ્વરજી શિષ્ય શ્રીમદ્વિજયનંદનસૂરીશ્વરજીએ રચેલા સમુદ્ઘાતતત્ત્વ નામના સંસ્કૃત ગદ્યબંધ ગ્રંથમાંથી જોવી, જે ગ્રંથ મુદ્રિત પણ થયેલો છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ બાદર પૃથ્વીકાય અપર્યાપ્તાનાં સ્થાન કહ્યાં છે. તેમાં ઉપપાતની અપેક્ષાએ બાદર પૃથ્વીકાય અપર્યાપ્તાનું સ્થાન સંપૂર્ણ લોકાકાશ છે, સમુદ્ઘાતની અપેક્ષાએ પણ સંપૂર્ણ લોકાકાશ છે, અને સ્વસ્થાનની અપેક્ષાએ તો લોકના અસંખ્યાતમા ભાગ જેટલા ક્ષેત્રમાં જ બાદર પૃથ્વીકાય અપર્યાપ્તા જીવોનું સ્થાન છે. ] અહીં ઉપપાત એટલે એક ભવમાંથી બીજા ભવમાં જતાં બે ભવની વચ્ચેના ક્ષેત્રમાં જીવની જે ગતિ તે, [ અર્થાત્ પરભવમાં ઉપજવા માટે જવું તે ] તે ઉપપાતમાં વર્તતા વક્રગતિવાળા[1] બાદર અપર્યાપ્ત પૃથ્વીકાયજીવો[2] સર્વ લોકમાં વ્યાપ્ત થયેલા હોય છે. તથા સમુદ્ઘાત એટલે મરણસમુદ્ઘાત કે જેનું સ્વરૂપ આગળ કહેવાશે, તે સમુદ્ઘાતમાં વર્તતા બાદર અપર્યાપ્ત પૃથ્વીકાયજીવો પણ સમગ્ર લોકમાં વર્તનારા હોય છે. અને સ્વસ્થાન તો રત્નપ્રભાપૃથ્વી વગેરે. તેમાં ઉત્પન્ન થયેલા અપર્યાપ્ત બાદર પૃથ્વીકાયને આશ્રયી તો લોકના અસંખ્યાતમા ભાગમાં જ વર્તનારા હોય છે.

એ પ્રમાણે બાદર અપર્યાપ્ત અપ્કાય, વાયુ અને વનસ્પતિઓ પણ દરેક ઉપપાત તથા સમુદ્ઘાત વડે સર્વલોકવ્યાપી જાણવી. પરંતુ બાદર અપર્યાપ્ત અગ્નિકાય તો સમુદ્ઘાત વડે જ સર્વલોકવ્યાપી છે, [ પરંતુ ઉપપાત વડે નહિ[3] ]. હવે એ બાબતના ઘણા વિસ્તારથી સર્યું. એ બાબતના વિશેષ જિજ્ઞાસાવાળાએ તો શ્રી પ્રજ્ઞાપનાસૂત્ર જ જોવું.

એ પ્રમાણે બાદર અપર્યાપ્તા એકેન્દ્રિયો ઉપપાત તથા સમુદ્ઘાતને આશ્રયિને જ સર્વલોકવ્યાપી કહ્યા છે એમ જાણવું. અને એ કહેલા એકેન્દ્રિયોથી શેષ રહેલા મિથ્યાદૃષ્ટિઓ પણ બાદર વાયુ અને વનસ્પતિ એ બે વર્જીને શેષ સર્વે પણ બાદર પર્યાપ્ત પૃથ્વીકાયાદિ જીવો ઉપપાત અને સમુદ્ઘાત વડે પણ લોકના અસંખ્યાતમા ભાગમાં જ વર્તે છે. તેમાં બાદર પર્યાપ્ત વનસ્પતિઓ તો બાદરપર્યાપ્ત પૃથ્વીવત્[4] જાણવી. એ પ્રમાણે ૧૭૯મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૧૭૯॥

અવતરણઃ પૂર્વ ગાથામાં બાદર પર્યાપ્ત વનસ્પતિનું ક્ષેત્ર બાદર પર્યાપ્ત પૃથ્વીતુલ્ય કહ્યું, તો બાદર પર્યાપ્ત વાયુનું ક્ષેત્ર કેવી રીતે જાણવું ? તે આ ગાથામાં કહે છે :

**पज्जत्तबायराणिल, सट्ठाणे लोगऽसंखभागेसु ।**

**उववायसमुग्घाएण, सव्वलोगम्मि होज्ज ण्हु ॥१८०॥**

ગાથાર્થઃ પર્યાપ્ત બાદર વાયુકાયજીવો સ્વસ્થાનથી લોકના અસંખ્ય ભાગોમાં છે, અને ઉપપાત[5] તથા સમુદ્ઘાત વડે સર્વ લોકમાં વ્યાપ્ત છે. ॥૧૮૦॥

ટીકાર્થઃ બાદર પર્યાપ્ત વાયુકાયજીવો સ્વસ્થાન એટલે ઘનવાયુ તથા તનુવાયુ વગેરે

---

૧. બાદર અપર્યાપ્ત અગ્નિકાય તો કેવળ સમુદ્ઘાતથી જ સર્વલોકવ્યાપી જાણવી, તે આગળ કહેવાશે.

૨. મરણ સમુદ્ઘાત વિનાની વક્રગતિ અહીં જાણવી. ઋજુગતિ અલ્પ ક્ષેત્રવાળી હોવાથી ઋજુગતિ કહી નથી.

૩. અહીં કેવળ પૃથ્વીકાયજીવો કહ્યા તે પ્રથમ કહેલા શ્રી પ્રજ્ઞાપનાજીના પાઠને અનુસરીને છે, જેથી આગળ બીજા જીવોમાં એ તો અતિદેશ (ભળામણ) કરવામાં આવશે.

૪. બાદર અપર્યાપ્ત અગ્નિકાય તો ઉપપાત વડે અઢી દ્વીપમાંથી નીકળતા અને અઢી દ્વીપપ્રમાણ જ જાડા, તથા ઊર્ધ્વ, અધઃ અને તિર્યગ્ એ ત્રણે દિશામાં લોકાન્ત પર્યન્ત પહોંચેલા એવા બે કપાટ જેટલા ક્ષેત્રવાળા તેમજ તે ઉપરાંત તિર્છાલોકના તટ્ટ જેટલા ક્ષેત્રવાળા કહ્યા છે, જેથી લોકના અસંખ્યાતમે ભાગે છે, એનું વિશેષ સ્વરૂપ શ્રી પ્રજ્ઞાપનાજી વગેરેથી જાણવા યોગ્ય છે.

૫. ઉપપાત- સમુદ્ઘાત વડે સર્વ લોકમાં, સ્વસ્થાનથી લોકના અસંખ્યાતમા ભાગમાં.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થાનોની અપેક્ષાએ લોકના અસંખ્યાતા ભાગોમાં વર્તે છે. લોકના એક જ અસંખ્યાતમા ભાગમાં પ્રાપ્ત થતા નથી (વર્તતા નથી), પરંતુ તે એક ભાગ સિવાયના શેષ સર્વ લોકના અસંખ્યાતા ભાગોમાં પ્રાપ્ત થાય છે. કારણ કે લોકમાં કોઈપણ સુષિર ભાગ છે, તેટલા સર્વ ભાગોમાં પણ વાયુ સંચરે છે. જે મેરુપર્વતની શિલાનો મધ્યભાગ વગેરે ભાગ સુષિર (પોકળ-સચ્છિદ્ર) નથી, તેવા અતિઘન-નક્કર ભાગોમાં જ વાયુ સંચરતો નથી. અને તેવા ઘન ભાગો સર્વ મળીને પણ લોકના અસંખ્યાતમા ભાગ જેટલામાં જ છે. તે કારણથી તે જ એક અસંખ્યાતમો ભાગ છોડી ને બીજા સર્વ સુષિર ભાગો કે જે લોકના અસંખ્યાત ભાગો જેટલા છે, તે લોકાસંખ્યેય ભાગોમાં બાદર પર્યાપ્ત વાયુજીવોની વૃત્તિ-વર્તના વિરોધવાળી નથી; કારણ કે તે યુક્તિને પણ અનુસરનારી છે, તેમજ શ્રીપ્રજ્ઞાપનાજી આદિ આગમથી પણ સિદ્ધ થયેલી છે.

વળી અંતરાલગતિ (વાટે વહેવા) રૂપ उपपात અને મરણસમુદ્ઘાતરૂપ समुद्घात એ બે ઉપપાત - સમુદ્ઘાત વડે તો બાદર પર્યાપ્ત વાયુકાયિકો સર્વ લોકમાં પણ વર્તે છે; કારણ કે ભવાન્તરાલમાં વિગ્રહગતિને પ્રાપ્ત થયેલા, અને મરણસમુદ્ઘાત વખતે પરભવના ઉત્પત્તિસ્થાને પ્રક્ષેપેલા છે પોતાના આત્મપ્રદેશોના દંડ જેણે એવા તે વાયુકાયિક જીવો સમગ્ર લોકાકાશમાં વર્તનારા હોય છે. પૂર્વે (૧૬૦મી ગાથામાં) બાદર પર્યાપ્ત વાયુકાયને લોકના સંખ્યાતમા ભાગ જેટલા કહ્યા તે વાયુકાયજીવોની સંખ્યાની[૧] અપેક્ષાએ કહ્યા છે, એમ જાણવું. અને અહીં ચાલુ અધિકારમાં તો તે (વાયુજીવો) લોકના સંખ્યાત ભાગમાં જેટલા આકાશપ્રદેશ છે, તેટલા પ્રદેશોની સંખ્યા જેટલા, પૂર્વે દર્શાવેલા બાદર પર્યાપ્ત વાયુઓ, પોતાના અવગાહ વડે કેટલું ક્ષેત્ર રોકે ? તે સંબંધી વિચાર કર્યો છે. માટે એમાં કોઈ પૂર્વાપરવિરોધ છે એમ ન જાણવું. ૧૮૦મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૧૮૦॥ इति जीवद्रव्येषु क्षेत्रद्वारम् ॥

अवतरणः એ પ્રમાણે જીવદ્રવ્યોમાં ક્ષેત્રદ્વાર કહ્યું. હવે અજીવદ્રવ્યોમાં ક્ષેત્રદ્વાર કહેવાનો અવસર છે, તો પણ સૂત્રની ગતિ વિચિત્ર હોવાથી, પ્રથમ કહેવાતા ક્ષેત્રદ્વારમાં પ્રાપ્ત થયેલું ક્ષેત્ર અને આગળ કહેવાતા સ્પર્શનાદ્વારમાં રહેલી સ્પર્શના એ બેમાં તફાવત શું છે ? (અર્થાત્ ક્ષેત્ર અને સ્પર્શના એ બેમાં તફાવત શું છે ?) તે દર્શાવવાની ઇચ્છાએ આ ગાથા કહેવાય છે :

**सट्ठाणसमुग्घाएणुववाएणं य जे जहिं भावा ।**
**संपइकाले खेत्तं, तु फासणा होइ समईए ॥१८१॥**

गाथार्थः સ્વસ્થાન વડે, સમુદ્ઘાત વડે અને ઉપપાત વડે જે ભાવો જે સ્થાને વર્તમાનકાળમાં વર્તતા હોય તે ક્ષેત્ર, અને સ્પર્શના તો અતીતકાળ (ભૂતકાળ)ના વિષયવાળી પણ છે. ॥૧૮૧॥

टीकार्थः જે જીવો જે સ્થાને ઉત્પન્ન થાય છે, તે તેઓનું સ્વસ્થાન છે. જેમ પૃથ્વીકાયજીવોનું

---

૧. તે આ પ્રમાણે - पज्जत्तवाउकाया, भागो लोगस्स संखेज्जो [ આ ગ્રંથની જ ૧૬૦મી ગાથા ] અર્થાત્ બાદર પર્યાપ્ત વાયુઓ લોકાકાશના એક સંખ્યાતમા ભાગમાં જેટલા આકાશપ્રદેશ હોય તેટલા છે. વિશેષ વિચાર કરીએ તો લોકના એક સંખ્યાતમા ભાગમાં અસંખ્યાત પ્રતરો છે, તે સર્વ પ્રતરોના આકાશપ્રદેશ જેટલા બાદર પર્યાપ્ત વાયુઓ છે, અને તેટલા વાયુઓ ઉપપાત તથા સમુદ્ઘાત વડે સર્વ લોકમાં વ્યાપેલા છે. સ્વસ્થાનથી અસંખ્યાતા ભાગોમાં વ્યાપેલા છે. ઈતિ ભાવાર્થઃ ।


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વસ્થાન રત્નપ્રભાપૃથ્વી વગેરે છે. તથા સમુદ્ઘાત એટલે અહીં મરણસમુદ્ઘાત વગેરે કે જેનું લક્ષણ (સ્વરૂપ) આગળ કહેવાશે. અને ઉપપાત તે ભવાંતરાલમાં વર્તવારૂપ (એટલે પરભવમાં જતાં વાટે વહેવારૂપ) છે. એ સ્વસ્થાન, સમુદ્ઘાત અને ઉપપાત એ ત્રણ વડે જે પૃથ્વી આદિ ભાવો-પદાર્થો જે સ્થાને રત્નપ્રભા વગેરેમાં સંભવે છે, તે ભાવોનું તે વર્તમાનકાળમાં ક્ષેત્ર જાણવું, અને સ્પર્શના તો ભૂતકાળના વિષયવાળી પણ છે. તે આ પ્રમાણે -

વિગ્રહગતિની અવસ્થામાં વર્તતા (વિગ્રહગતિએ પરભવમાં જતા) બાદર અપર્યાપ્ત એકેન્દ્રિયોએ પોતાના આત્મપ્રદેશો વડે સર્વ બાજુથી સમગ્ર લોકાકાશને જે વ્યાપ્ત કર્યો છે, તે સમગ્ર લોકાકાશ એ બાદર અપર્યાપ્ત એકેન્દ્રિયોનું ક્ષેત્ર કહેવાય, તે પૂર્વે કહેવાયું છે. અને સ્પર્શના તો ભૂતકાળના વિષયવાળી પણ છે એમ આગળ કહેવામાં આવશે. દૃષ્ટાંત તરીકે જેમ - દેશવિરતાદિ કોઈ જીવ અહીંથી કાળ કરીને અચ્યુતદેવલોક વગેરે સ્થાનમાં ઉત્પન્ન થયો હોય તો અહીંથી અચ્યુત સુધીનું જે છ રજ્જુ આદિ ક્ષેત્ર તે દેશવિરતાદિકની સ્પર્શના કહેવાય. તે (દેશવિરતાદિ) નિશ્ચયે અહીંના સ્થાનથી છ રજ્જુ પ્રમાણ ક્ષેત્ર સ્પર્શીને અચ્યુતદેવલોકમાં ગયો, તો પણ પ્રથમ અતીતકાળે સ્પર્શેલા છ રજ્જુની અપેક્ષાએ તે (વર્તમાનમાં) છ રજ્જુનો સ્પર્શક[૧] ગણાશે. એ પ્રમાણે અન્યત્ર પણ જાણવું. એ ૧૮૧મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ।।૧૮૧।।

અવતરણઃ હવે અજીવદ્રવ્યોમાં ક્ષેત્રદ્વાર કહેવાનું જે બાકી રહ્યું હતું તે આ ગાથામાં કહેવાય છે, તે આ પ્રમાણેઃ

**लोए धम्माऽधम्मा, लोयालोए य होइ आगासं ।**
**कालो मणुस्सलोए, उ पुग्गला सव्वलोयम्मि ।।१८२।।**

ગાથાર્થઃ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ બે દ્રવ્યો લોકમાં વ્યાપ્ત છે, તથા આકાશદ્રવ્ય લોકમાં અને અલોકમાં પણ વ્યાપ્ત છે. કાળદ્રવ્ય મનુષ્યલોકમાં વ્યાપ્ત છે, અને પુદ્ગલો સર્વ લોકમાં વ્યાપ્ત છે. ।।૧૮૨।।

ટીકાર્થઃ પૂર્વે કહેવાયેલા સ્વરૂપવાળા ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ દરેક સમગ્ર લોકાકાશરૂપ ક્ષેત્રમાં વ્યાપ્ત છે. અર્થાત્ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ દરેક સમસ્ત પણ લોકાકાશરૂપ ક્ષેત્રને વ્યાપીને રહ્યા છે, એ તાત્પર્ય છે. અને આકાશાસ્તિકાય તો લોક અને અલોકને પણ વ્યાપીને રહ્યું છે, તથા ચંદ્રની અને સૂર્યની ગતિક્રિયા વડે પ્રગટ ઓળખાતો - ઓળખવા યોગ્ય એવો કાળ (અર્થાત્ નૈશ્ચયિક કાળ નહિ પરંતુ વ્યવહારિક કાળ) તે અઢી દ્વીપ અને બે સમુદ્રરૂપ મનુષ્યક્ષેત્રમાં જ છે, પરંતુ ત્યાંથી આગળ નથી. કારણ કે મનુષ્યક્ષેત્રથી આગળના દ્વીપ-સમુદ્રોમાં રહેલા ચંદ્ર અને સૂર્યોની ગતિક્રિયાનો જ અભાવ છે, એ તાત્પર્ય છે.

૧. તાત્પર્ય એ છે કે - દેશવિરત જીવ અહીં મરણ પામીને મરણ સમયે દેશવિરતિપણું છોડીને જ અચ્યુતાદિ દેવલોકમાં ઉત્પન્ન થાય છે, ત્યાં કંદુક વા ઇલિકાગતિએ જતા એ જીવનું ક્ષેત્ર તો આત્મપ્રદેશોની પિંડિત વા વિસ્તૃત અવગાહના જેટલું જ હીનાધિક ગણવું, પરંતુ સ્પર્શના તો અચ્યુતકલ્પ અહીંથી છ રજ્જુ દૂર છે, માટે છ રજ્જુ જેટલી ગણવી. જો કે ઉત્પન્ન થવાના પ્રથમ સમયે દેવલોકમાં રહેલો છે, તો પણ એ વખતે દેશવિરતિની છ રજ્જુ સ્પર્શના કહેવાય, વળી તે વખતે દેશવિરતિપણું પણ નથી. તો પણ નજીકમાં વ્યતીત થયેલા ભાવની અપેક્ષાએ દેશવિરતિની જ સ્પર્શના છે.

Jain Education International

For Private & Personal Use Only
www.jainelibrary.org

અને દ્રવ્યોનું જે તે તે સ્વરૂપે વર્તવું તે રૂપ (નૈશ્ચયિક)કાળ તો મનુષ્યક્ષેત્રથી બહાર પણ સિદ્ધાંતમાં કહેલો છે, એમ જાણવું. તથા પરમાણુઓ અને દ્વિઅણુસ્કંધથી પ્રારંભીને અનંતાણુક સ્કંધ સુધીનાં પુદ્ગલો દરેક સમગ્ર પણ લોકરૂપ ક્ષેત્રમાં વ્યાપ્ત છે. એ ૧૮૨મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૧૮૨॥ इति अजीवद्रव्यक्षेत्रम् ।।इति द्वितीयं क्षेत्रद्वारम् ।।

अवतरणः એ પ્રમાણે અજીવદ્રવ્યોનું પણ ક્ષેત્રપ્રમાણ દર્શાવ્યું. અને તે દર્શાવે છતે નવ અનુયોગદ્વારમાંનું બીજું અનુયોગદ્વાર જે ક્ષેત્રદ્વાર તે પણ સમાપ્ત થયું. હવે संतपयपरूवणया दव्वपमाणं च ઈત્યાદિ પદવાળી ગાથામાં રહેલું ચોથું સ્પર્શના નામનું અનુયોગદ્વાર કહેવાનું છે. ત્યાં સ્પર્શના તે સ્પર્શનીય પદાર્થો હોય ત્યારે જ હોય છે. અને તે સ્પર્શનીય પદાર્થરૂપ લોક તે સંપૂર્ણલોક, ઊર્ધ્વલોક, અધોલોક અને તિર્ચ્છાલોક ઈત્યાદિ ભેદથી અનેક પ્રકારનો છે. માટે પ્રથમ તો તે સ્પર્શનીય એવા લોકરૂપ પદાર્થને દર્શાવવાનો પ્રારંભ થાય છે. તે આ પ્રમાણે :

**आगासं च अणंतं, तस्स य बहुमज्झदेसभागम्मि ।**
**सुपइट्ठियसंठाणो, लोगो कहिओ जिणवरेहिं ॥१८३॥**

गाथार्थः આકાશ અનન્ત છે. તેના અતિમધ્યભાગમાં સુપ્રતિષ્ઠિત આકારવાળો લોક છે, એમ શ્રીજિનેન્દ્રોએ કહ્યું છે. ॥૧૮૩॥

टीकार्थः પ્રથમ સામાન્યપણે વિચારતાં લોકમાં રહેલો અને અલોકમાં રહેલો એ બે મળીને આકાશ અનન્ત છે. તે અનન્ત આકાશના બહુમધ્યદેશભાગમાં એટલે મધ્યભાગરૂપ જે દેશ તે મધ્યદેશ, તે કંઈક ન્યૂનાધિક હોવા છતાં પણ ઉપચારથી [ વ્યવહારથી ] મધ્યદેશ કહી શકાય, માટે તેવા ન્યૂનાધિક મધ્યદેશના વિચ્છેદ અર્થે [ અર્થાત્ ન્યૂનાધિક તે મધ્યદેશ નહિ એમ સમજાવવાને અર્થે ] વિશેષણ કહે છે કે - બહુ એટલે અતિશય અર્થાત્ ઉપચારરહિત [નૈશ્ચયિક રીતે ] જે આ મધ્યદેશ તત્રૂપ ભાગ એટલે સમગ્ર આકાશાસ્તિકાયનો એક અંશ તે બહુમધ્યદેશભાગ કહેવાય, તેને વિષે. આ ગાથામાં પાઠાન્તરો પણ જણાય છે, તે પાઠાન્તરોની પણ 'દેશ' શબ્દને ભિન્ન ભિન્ન સ્થાને જોડવાના પ્રકારથી પૂર્વોક્ત વ્યાખ્યાને અનુસરીને કહેવા [અર્થાત્ बहुमज्झदेसभागम्मि એ વાક્યમાં જ દેશ શબ્દને જુદા જુદા સ્થાને જોડતાં જુદા જુદા[1] પાઠ થાય છે. તો પણ તે પાઠાન્તરોના અર્થ તો ઉપર કહ્યા પ્રમાણે જ જાણવા ]. ત્યાં સમગ્ર આકાશાસ્તિકાયના એવા પ્રકારના [ પૂર્વે કહેલા સમાસસહિત અર્થવાળા ] અતિમધ્યદેશભાગમાં શું રહ્યું છે ? તે કહે છે - સુપ્રતિષ્ઠિત આકૃતિ - લોક એટલે પાંચ અસ્તિકાયનો સમૂહ રહેલો શ્રી જિનેશ્વરોએ કહ્યો છે. ત્યાં સુપ્રતિષ્ઠિત એટલે ત્રણ કાષ્ઠથી બનેલો અને ભાજનનો [ માટલાં - ઘડા આદિ વાસણોનો ] આધારભૂત એવો આસ્ખલક[2] જે લોકમાં પ્રસિદ્ધ છે તે જાણવો. અહીં આ એટલે સમન્તાત્- સર્વ બાજુથી નીચે પડતા ભાજનને स्खलति એટલે નિવારે - અટકાવે તેને आस्खलक કહેવામાં આવે છે. તથા सु = સારી રીતે

૧. અહીં ગાથાની વૃત્તિમાં એક પણ પાઠાન્તર સ્પષ્ટ કહ્યો નથી તો પણ પાઠાન્તરની દર્શાવેલી રીતિ ઉપરથી बहुदेस मज्झभागम्मि ઈત્યાદિ રીતે પાઠાન્તરો હશે એમ સંભવે છે.

૨. આસ્ખલક જો કે વર્તમાન સમયે અતિપ્રસિદ્ધ જણાતો નથી, પરંતુ આસ્ખલકનું જે સ્વરૂપ ઉપર દર્શાવ્યું તેવા સ્વરૂપવાળો આકાર કેટલાક ફેરી કરતા મિઠાઈઓવાળા રાખે છે, જેને લોખંડની વા લાકડાની ઘોડી કહેવામાં આવે છે, લોખંડની ઘોડી તો બરાબર સુપ્રતિષ્ઠિત આકારવાળી જ હોય છે. પરંતુ ઉપર કહેલી ત્રણ કાષ્ઠની બનાવેલી લાકડાની ઘોડી એવા આકારવાળી પ્રાયઃ દેખવામાં આવતી નથી.

Jain Education International  For Private & Personal Use Only www.jainelibrary.org

प्रतिष्ठित = રહેલું હોય છે ભાજન વગેરે જેમાં તે सुप्रतिष्ठित, અને તેથી જ કરીને તે સુપ્રતિષ્ઠિતના સરખો સંસ્થાન આકાર છે જેનો તે સુપ્રતિષ્ઠિત સંસ્થાનવાળો એવો લોક છે. વળી એ સુપ્રતિષ્ઠિત આકાર કહ્યો તે ઉપલક્ષણવાળો છે (અર્થાત્ સુપ્રતિષ્ઠિત શબ્દથી કેવળ સુપ્રતિષ્ઠિત આકાર જ છે, એમ નહિ, પરંતુ સાથે બીજો પણ આકાર ગ્રહણ કરવાનો છે), તેથી તે સુપ્રતિષ્ઠિત ઉપર ઊંધા મુખે સ્થાપેલું શરાવલું (મોટું કોડિયું) ઇત્યાદિ ભાજન તે સહિત આકાર છે. કારણ કે આસ્ખલકની પેઠે આ લોક નીચે નીચે અનુક્રમે વિસ્તારવાળો [ વધારે વધારે પહોળાઈવાળો ] છે, મધ્ય ભાગમાં સંક્ષિપ્ત (સાંકડો) છે. તે મધ્ય ભાગની ઉપર પણ અનુક્રમે વિસ્તાર પામતો પામતો (એટલે પહોળાઈમાં વધતો વધતો) પાંચમા બ્રહ્મદેવલોક સુધી વિસ્તારવાળો છે. અને ત્યાંથી ઉપર પુનઃ પણ સંક્ષિપ્ત (સાંકડો) થતો થતો યાવત્ સિદ્ધિક્ષેત્ર સુધી (લોકના અન્ત સુધી) અતિસંક્ષિપ્ત થયેલો છે. તે કારણથી એ રીતે વિચારતાં બ્રહ્મદેવલોક સુધીનો જ લોક સુપ્રતિષ્ઠિત આકૃતિવાળો છે. અને સિદ્ધિક્ષેત્ર સુધી (ઊર્ધ્વલોકાન્ત સુધી) વિચારીએ તો જેના ઉપર તલિકાદિ પાત્રવિશેષને ઊંધે મુખે ઢાંક્યું હોય એવા સુપ્રતિષ્ઠિત (આસ્ખલક) સરખો જ લોક છે, એમ જાણવું. એ પ્રમાણે ૧૮૩મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ।।૧૮૩।। इति संपूर्णलोकसंस्थानम्।।

अवतरणः એ ઊંધે મુખે શરાવ ઢાંકેલા સુપ્રતિષ્ઠિત આકારવાળા લોકની (લોકનો) નીચે (નો ભાગ) અધોલોક, મધ્યમાં તિર્યગ્લોક અને ઉપરનો ભાગ ઊર્ધ્વલોક એમ ત્રણ વિભાગવાળો છે, માટે એ ત્રણે વિભાગનો જુદો જુદો આકાર કહેવાને માટે ગ્રંથકર્તા આ ગાથા કહે છે. તે આ પ્રમાણે :

**हेट्टा मज्झे उवरिं, वेत्तासणझल्लरीमुइंगनिभो ।**

**मज्झिमवित्थाराहिय - चोद्दसगुणमायओ लोओ ।।१८४।।**

गाथार्थः હેઠે (એટલે અધોલોક) વેત્રાસન (નેતરના આસન) સરખો છે, મધ્યમાં (એટલે મધ્યલોક) ઝાલર (થાળીના આકારવાળા ઘંટ) સરખો છે, અને ઉપરનો (એટલે ઊર્ધ્વલોક) મૃદંગ સરખો છે. અને મધ્યભાગના વિસ્તારથી કંઈક અધિક ચૌદગુણો દીર્ઘ [ ઊંચો ] એવો આ લોક છે. ।।૧૮૪।।

टीकार्थः આ લોકાકાશ નીચે वेत्रासन સરખો છે, એટલે પાતળી નેતરની લતાઓથી (સોટીઓથી) બનાવેલું નીચે વિસ્તારવાળું અને ઉપર કંઈક સાંકડું એવું બેસવા યોગ્ય જે નેતરનું આસનવિશેષ જેવા આકારનું હોય છે તેમ તેમ લોક પણ રત્નપ્રભાપૃથ્વીના ઉપલા તળિયાથી નીચે નીચે અનુક્રમે વિસ્તાર પામતો છતો એવા જ આકારનો થાય છે. ।।इति अधोलोक संस्थानम्।।

તથા झल्लरी જે સર્વ બાજુએ (બન્ને બાજુએ) અતિવિસ્તૃત મુખવાળું અને 'જાવાલનગર' વગેરે સ્થાનોમાં પ્રસિદ્ધ એવું વાજીંત્રવિશેષ જેવા આકારનું હોય છે, તેમ લોક પણ મધ્યભાગમાં એટલે જ્યાં તિર્છાલોક (મનુષ્યલોક) આવેલો છે તે સ્થાને તેવા આકારવાળો છે. જેમ ઝલ્લરીને (આડી ન રાખતાં) ઊભી[1] સ્થાપી હોય તો ઉપર અને નીચે અત્યંત વિસ્તાર હોય છે, તેમજ વૃત્તાકાર હોય છે, અને મધ્યભાગ[2] તો અત્યંત અલ્પ દેખાય છે, તેમ

૧. ઘંટીના પડને જેમ ભૂમિ ઉપર બેઠું સ્થાપીએ તેમ.

૨. મધ્ય એટલે ઊંચાઈનો ભાગ વા જાડાઈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તિર્યગ્લોકરૂપ મધ્યલોકમાં પણ નીચે અને ઉપર કંઈક અધિક એક રજ્જુપ્રમાણનો વિસ્તાર છે, અને મધ્યભાગ તો અઢારસો યોજનમાત્ર જ ઊંચો હોવાથી મધ્યમાં અલ્પ છે [ અર્થાત્ જાડાઈ અલ્પ છે. ] ॥इति मध्यलोकसंस्थानम्॥

તથા નીચે અને ઉપરના તળિયે જેમ કંઈક સાંકડું હોય છે, અને મધ્યભાગમાં કંઈક વિસ્તૃત હોય છે એવું મૃદંગ નામનું વાજીંત્રવિશેષ તો પ્રસિદ્ધ જ છે. તેવી રીતે લોકપણ ઊર્ધ્વલોકરૂપ ઉપરના ભાગમાં (એટલે ઊર્ધ્વલોકના સ્થાને) અર્થાત્ તિર્ચ્છાલોકની ઉપર યાવત્ સિદ્ધિક્ષેત્ર (લોકાન્ત) સુધીનો ઊર્ધ્વલોક વિચારતાં એવા જ આકારવાળો છે. ॥इति ऊर्ध्वलोकसंस्थानम्॥

એ પ્રમાણે સા[1]માન્યથી અને વિશે[2]ષથી લોકનો આકાર દર્શાવ્યો. હવે એજ લોકની ઉપરથી નીચે સુધીની અથવા નીચેથી ઉપર સુધીની ઊભી લંબાઈ (એટલે લોકની ઊંચાઈ)નું પ્રમાણ દર્શાવવાને અર્થે ગાથાના ઉત્તરાર્ધનો અર્થ કહેવાય છે - मज्झिम - મધ્યમ ઇત્યાદિ. મધ્યમ અને તે વિસ્તાર [ અથવા મધ્યમ એવો જે વિસ્તાર તે] મધ્યવિસ્તાર, તથા અધિક અને તે ચૌદગુણ તે અધિકચૌદગુણ, એટલે મધ્યમવિસ્તારથી જે કંઈક અધિકચૌદગુણ તે મધ્યમવિસ્તારાધિકચૌદગુણ કહેવાય. એમાં (गुणमायओमां રહેલ म् રૂપ) અનુસ્વાર અલાક્ષણિક છે [ વ્યાકરણના નિયમો વિના જ નિષ્પન્ન ]. એ પ્રમાણે મધ્યમવિસ્તારાધિક ચતુર્દશગુણપ્રમાણ વડે [ અહીં 'પ્રમાણ વડે' એ અધ્યાહારથી ગ્રહણ કરવું ] આયત એટલે દીર્ઘ તે મધ્યમવિસ્તારાધિકચતુર્દશગુણાયત એવો લોક છે. એ ગાથાના ઉત્તરાર્ધનો સમાસ કહ્યો. પરંતુ ભાવાર્થ આ પ્રમાણે છે -

ત્યાં આ રત્નપ્રભાપૃથ્વીને વિષે ઘણા સમ-મધ્ય-ભૂ-ભાગમાં [ જાડાઈ - ઊંચાઈના મધ્યમાં નહિ પરંતુ લંબાઈ-પહોળાઈના એટલે વર્તુલાકારના અતિમધ્યભાગમાં ] મેરુપર્વતની અંદરના ભાગમાં આકાશપ્રદેશનાં બે પ્રતરો [ ઉપર નીચે ] રહેલાં છે. એ બે પ્રતરમાંનું દરેક પ્રતર લંબાઈ અને પહોળાઈમાં સંપૂર્ણ ૧ રજ્જુપ્રમાણ છે. વળી એ બે પ્રતરો સર્વ લોકના (એટલે લોકની ઊંચાઈના) મધ્યભાગે રહેલાં હોવાથી એ બે પ્રતરોને જ લોકનો મધ્યભાગ કહે છે. માટે એ પ્રતરનો જે ૧ રજ્જુપ્રમાણ વિસ્તાર તે અહીં મધ્યવિસ્તાર કહ્યો છે. તે મધ્યવિસ્તારથી આ સમગ્ર લોક (એટલે લોકની ઊંચાઈ) ૧૪ ગુણો છે. એટલે આ સમગ્ર લોક કંઈક અધિક ચૌદ રજ્જુ જેટલી લંબાઈવાળો છે, એ તાત્પર્ય છે. અન્ય ગ્રંથોમાં તો સંપૂર્ણ ૧૪ રજ્જુપ્રમાણ દીર્ઘ લોક કહ્યો છે, અને આ ગ્રંથમાં કંઈક અધિક કહ્યો, એમાં તત્ત્વ શું છે તે શ્રી સર્વજ્ઞો જાણે. એ ૧૮૪મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૧૮૪॥ इति लोकस्य आयामः॥

## ॥ तिर्यग्लोके स्पर्शनाद्वारम् ॥

अवतरणः અહીં પ્રશ્ન થાય છે કે - જ્યારે આ લોક ત્રણ પ્રકારનો છે, તો તિર્યગ્લોકમાં જીવાદિ પદાર્થોનું સ્પર્શનીય ક્ષેત્ર કેટલું છે ? (અર્થાત્ તિર્ચ્છાલોકમાં જીવાદિકની સ્પર્શના કેટલી છે ?) તે કહો, એથી આશંકાના સમાધાનમાં આ ગાથા કહેવાય છે [ અર્થાત્ પ્રથમ તિર્યગ્લોકનું સ્વરૂપ કહેવાય છે ] :

---

૧-૨. સંપૂર્ણ લોકનો આકાર સુપ્રતિષ્ઠિતતુલ્ય કહ્યો તે સામાન્યથી અને અધોલોકનો, મધ્યલોકનો તથા ઊર્ધ્વલોકનો જે જુદો જુદો આકાર અનુક્રમે વેત્રાસન સરખો, ઝલ્લરી સરખો અને મૃદંગ સરખો કહ્યો તે વિશેષથી જાણવો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**मज्झे य मज्झलोयस्स, जंबुदीवो य वट्टसंटाणो ।**
**जोयणसयसाहस्सो, वित्थिण्णो मेरुनाभीओ ॥१८५॥**

ગાથાર્થઃ મધ્યલોકના અતિમધ્યભાગમાં વૃત્ત આકારવાળો જંબૂદ્વીપ નામનો દ્વીપ છે, તે એક લાખ યોજન વિસ્તારવાળો અને મધ્યભાગે મેરુપર્વતયુક્ત છે ॥૧૮૫॥

ટીકાર્થઃ ઊર્ધ્વલોક અને અધોલોક એ બેની મધ્યમાં રહેલો તે મધ્યલોક એટલે તિર્યગ્લોક. તેના મધ્યભાગે અર્થાત્ સર્વે દ્વીપ-સમુદ્રોની અભ્યન્તર (અંદર) जंबूद्वीप નામનો દ્વીપ છે. [द्वि = બે પ્રકારે प = પાતિ - રક્ષણ કરે તે દ્વીપ એ વ્યુત્પત્તિ દર્શાવે છે -] ત્યાં द्वि = બે વડે એટલે સ્થાન આપવું અને આહારાદિકના આલંબનમાં કારણ થવું, એ બે પ્રકાર વડે પ્રાણીઓને प = પાતિ - રક્ષણ કરે તે દ્વીપ કહેવાય. અને શાશ્વત એવા રત્નમય જંબૂવૃક્ષ વડે ઓળખાતો એવો દ્વીપ તે जंबूद्वीप. અને તે સંપૂર્ણ ચંદ્રના બિંબની માફક વૃત્તસંસ્થાનવાળી એટલે વર્તુલ (થાળીસરખા ગોળ)આકારવાળો છે. અને એવો વૃત્તાકાર હોવાથી જ પૂર્વથી પશ્ચિમ અથવા દક્ષિણથી ઉત્તર છેડા સુધી સો હજાર યોજનના વિસ્તારવાળો એટલે એક લાખ યોજનના વિસ્તારવાળો છે. વળી બીજી વાત એ છે કે - એ જંબૂદ્વીપ મેરુપર્વત છે નાભિમાં એટલે મધ્યભાગમાં જેને તે મેરુનાભિવાળો એવો એ જંબૂદ્વીપ છે. એ ૧૮૫મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૧૮૫॥ इति जंबूद्वीपः॥

## ॥જંબૂદ્વીપને ફરતા દ્વીપ-સમુદ્રો॥

अवतरणः વળી પૂર્વોક્ત સ્વરૂપવાળા જંબૂદ્વીપને પડખે (જંબૂદ્વીપની પાસે ચારે બાજુએ) શું રહેલું છે ? તે કહેવાય છે :

**तं पुण लवणो दुगुणेण, वित्थडो सव्वओ परिक्खिवइ ।**
**तं पुण धायइसंडो, तद्दुगुणो तं च कालोओ ॥१८६॥**

ગાથાર્થઃ વળી તે જંબૂદ્વીપને પોતાના બમણા વિસ્તાર વડે લવણસમુદ્ર સર્વ બાજુથી વીંટાયેલો છે. તે લવણસમુદ્રને વળી તેનાથી પણ બમણા વિસ્તારવાળો ધાતકીખંડ વીંટાયેલો છે. તે ધાતકીખંડને વળી પોતાના બમણા વિસ્તારથી કાલોદ સમુદ્ર (કાલોદધિ સમુદ્ર) વીંટાયેલો છે. ॥૧૮૬॥

ટીકાર્થઃ વળી તે પૂર્વોક્ત સ્વરૂપવાળા જંબૂદ્વીપને लवण એટલે લવણરસ (ખારા રસ) સરખા સ્વાદવાળો लवणसमुद्र તેનાથી (જંબૂદ્વીપથી) બમણા વિસ્તારવાળો અર્થાત્ બે લાખ યોજનના વિસ્તારવાળો, સર્વ બાજુથી એટલે સર્વ દિશાથી પરિક્ષેપાયેલો એટલે વીંટાયેલો છે. વળી તે લવણસમુદ્રને પણ શાશ્વત અને રત્નમય ધાતકીવૃક્ષ વડે ઓળખાતો धातकीखंड નામનો દ્વીપ તેનાથી બમણો એટલે લવણસમુદ્રના પ્રમાણથી બમણો અર્થાત્ ચાર લાખ યોજનના વિસ્તારવાળો છે. 'તે (લવણસમુદ્રને) સર્વ બાજુથી વીંટાઈને રહ્યો છે.' એ વાક્યનો સંબંધ અહીં પણ જોડવો. વળી તે ધાતકીખંડને પણ શુધ્ધ જળના રસ સરખા આસ્વાદવાળો कालोदधिसमुद्र નામનો સમુદ્ર સર્વ બાજુથી વીંટાઈને રહ્યો છે. 'અને તે તેનાથી બમણો ' એ વાક્યનો સંબંધ અહીં પણ જોડવો. જેથી ધાતકીખંડ નામના દ્વીપનું જે પ્રમાણ છે, તેનાથી બમણા


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમાણવાળો અર્થાત્ આઠ લાખ યોજન વિસ્તારવાળો છે. એ ૧૮૬મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૧૮૬॥

अवतरणः પૂર્વ ગાથામાં જે કાલોદધિસમુદ્ર કહ્યો તે સમુદ્રથી આગળ પણ બીજા દ્વીપ-સમુદ્રો છે કે નહિ, અને છે તો ક્યાં છે ? તે આ ગાથામાં કહે છે :

**तं पुण पुक्खरदीवो, तम्मज्झे माणुसोत्तरो सेलो ।**
**एतावं नरलोओ, बाहिं तिरिया य देवा य ॥१८७॥**

गाथार्थः તે કાલોદધિ સમુદ્રને પણ વીંટીને બમણા પ્રમાણનો પુષ્કરદ્વીપ નામનો દ્વીપ રહેલો છે. અને તે દ્વીપના અતિમધ્યભાગમાં માનુષોત્તરગિરિ નામનો પર્વત છે. મનુષ્યલોક (મનુષ્યક્ષેત્ર) પણ એટલા જ પ્રમાણવાળું છે. અને ત્યાંથી (માનુષોત્તર પર્વતથી) બહારના પુષ્કરાર્ધમાં તેમજ બીજા દ્વીપ-સમુદ્રોમાં તિર્યંચો અને દેવો છે. ॥૧૮૭॥

टीकार्थः તે કાલોદધિસમુદ્રને પણ પુષ્કર એટલે શાશ્વત અને રત્નમય કમળો, તે વડે ઓળખાતો એવો દ્વીપ તે पुष्करद्वीप વીંટાઈને રહ્યો છે. વળી તે કાલોદધિથી 'બમણા વિસ્તારવાળો છે' એ વાક્યનો સંબંધ અહીં પણ જોડવો; અર્થાત્ પુષ્કરદ્વીપ કાલોદસમુદ્રથી બમણા વિસ્તારવાળો એટલે સોળ લાખ યોજન જેટલા વિસ્તારવાળો છે એમ જાણવું. વળી તે પુષ્કરદ્વીપના મધ્યભાગમાં એટલે કાલોદસમુદ્રના પર્યન્તથી આઠ લાખ યોજન દૂર मानुषोत्तरगिरि નામનો શૈલ-પર્વત છે. વળી એટલો જ અર્થાત્ માનુષોત્તરપર્વત સુધીમાં જ મનુષ્યોના જન્મ, મરણ અને હમેશાં રહેવાના સ્થાનરૂપ લોક એટલે મનુષ્યલોક જાણવો. કારણ કે એ મનુષ્યલોકથી (માનુષોત્તરગિરિથી) આગળ મનુષ્યોના જન્મ[1], મરણ અને હમેશાં[2] રહેવારૂપ સ્થાનનો અભાવ છે. ત્યારે તે મનુષ્યલોકની બહાર શું છે ? તે કહે છે - માનુષોત્તરપર્વતથી પ્રારંભીને બહાર તિર્યંચો, દેવો અને દેવની નગરીઓ હમેશાં અવસ્થાનવાળી (રહેલી) છે. પરંતુ મનુષ્યો નહિ. એ ૧૮૭મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૧૮૭॥ इति मनुष्यक्षेत्रम् ॥

अवतरणः प्रश्न :- પુષ્કરદ્વીપથી આગળ બીજા દ્વીપ-સમુદ્રો છે કે નહિ ? એ પ્રશ્નના ઉત્તર તરીકે હવે આ ગાથા કહેવાય છે :

**एवं दीवसमुद्दा, दुगुणदुगुणवित्थरा असंखेज्जा ।**
**एवं तु तिरियलोगो, सयंभुरमणोदहिं जाव ॥१८८॥**

गाथार्थः એ પ્રમાણે અનુક્રમે બમણા બમણા વિસ્તારવાળા દ્વીપ અને સમુદ્રો અસંખ્યાતા છે. અને એ રીતે યાવત્ સ્વયંભૂરમણસમુદ્ર સુધી તિર્યગ્લોક છે. ॥૧૮૮॥

૧-૨. મનુષ્યક્ષેત્રથી બહાર મનુષ્યોનું જન્મ, મરણ તો સર્વથા થતું જ નથી, પરંતુ વિદ્યાધરો અને ચારણમુનિઓ નંદીશ્વરદ્વીપ તથા રૂચકદ્વીપ સુધી જતા હોવાથી અલ્પકાળ અવસ્થાન તો છે જ. પરંતુ હંમેશનું અવસ્થાન-રહેવાપણું નથી.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ટીકાર્થઃ એ પ્રમાણે એટલે જેવી રીતે પૂર્વે કહી ગયા તેવી રીતે બીજા પણ દ્વીપ-સમુદ્રો કહેવા. કેટલા કહેવા ? તે કહે છે - અસંખ્યાત છે. અહીં દ્વીપ-સમુદ્રોને લગતાં અસંખ્યાતનું પ્રમાણ તો પ્રથમ[1] જ કહ્યું છે. વળી તે દ્વીપ-સમુદ્રો કેવા પ્રકારના (કેટલા વિસ્તારવાળા) કહ્યા છે ? તે કહે છે - અનુક્રમે ઉત્તરોત્તર બમણા બમણા વિસ્તારવાળા કહ્યા છે. તે આ પ્રમાણે - પુષ્કરદ્વીપથી આગળ પુષ્કરદ્વીપથી બમણા પ્રમાણવાળો અને શુદ્ધ જળના રસ સરખા સ્વાદવાળો पुष्करोदसमुद्र નામનો સમુદ્ર કહ્યો છે. તેથી આગળ वरुणवर નામનો દ્વીપ (પુષ્કરસમુદ્રથી બમણા પ્રમાણવાળો), તેથી આગળ વારુણીના (મદિરાના) રસ સરખા સ્વાદવાળો वरुणोदसमुद्र નામનો સમુદ્ર છે. ત્યારબાદ क्षीरवरद्वीप નામનો દ્વીપ છે. ત્યારબાદ ક્ષીરના (દૂધના) રસ સરખા સ્વાદવાળો क्षीरवरसमुद्र છે. ત્યાંથી પણ આગળ इक्षुवरद्वीप નામનો દ્વીપ છે, અને ત્યારબાદ શેલડીના રસ સરખા સ્વાદવાળો इक्षुरससमुद्र છે. અહીંથી આગળના હવે સર્વે સમુદ્રો દ્વીપસરખા નામવાળા જાણવા. વળી બીજી વાત એ છે કે - સ્વયંભૂરણસમુદ્ર સિવાયના આ સર્વે સમુદ્રો [ એટલે ઇક્ષુરસસમુદ્રથી પ્રારંભીને આગળના સર્વે સમુદ્રો ] શેલડીના રસ સરખા સ્વાદયુક્ત જળવાળા જાણવા. ત્યાં દ્વીપનાં નામો આ પ્રમાણે -

ઇક્ષુરસસમુદ્રની પછી નન્દીશ્વરદ્વીપ નામનો દ્વીપ (આઠમો) છે. ત્યારબાદ અરુણવરદ્વીપ, ત્યારબાદ કુંડલવર દ્વીપ, ત્યારબાદ શંખવરદ્વીપ, ત્યારબાદ રુચકવરદ્વીપ છે, એ પ્રમાણે શ્રી અનુયોગદ્વારસૂત્રની ચૂર્ણિના અભિપ્રાય પ્રમાણે તેરમો રુચકવરદ્વીપ છે, અને અનુયોગદ્વાર-સૂત્રમાં (મૂળમાં) તો અરુણાવાસદ્વીપ તથા શંખવરદ્વીપ એ બે દ્વીપ લખેલા દેખાતા નથી; જેથી મૂળસૂત્રના અભિપ્રાય પ્રમાણે તો રુચકવરદ્વીપ અગિયારમો છે. એ બાબતમાં પરમાર્થ - તત્ત્વ શું છે તે શ્રી યોગીશ્વરો (સર્વજ્ઞો) જાણે. વળી નંદીશ્વરદ્વીપ વગેરે જે દ્વીપો કહ્યા તે દ્વીપોને આંતરે આંતરે પોતાના દ્વીપના નામસરખા નામવાળા સમુદ્રો છે તે તો અહીં ન કહેવા છતાં પોતાની મેળે જ જાણી લેવા, એમ પ્રથમ જ કહ્યું છે.

## ॥રુચકવર દ્વીપથી આગળના દ્વીપ-સમુદ્રો॥

વળી એ જંબૂદ્વીપથી પ્રારંભીને રુચકવર સુધીના દ્વીપ અને સમુદ્રો નિરન્તરપણે (ઉત્તરોત્તર અનુક્રમે) રહેલા છે તેનાં નામો કહ્યાં, પરંતુ ત્યાંથી આગળ રહેલા દ્વીપ - સમુદ્રો જે નિરન્તરપણે રહ્યા છે તે દ્વીપો અને સમુદ્રો અસંખ્યાતા હોવાથી દરેકનાં જુદાં જુદાં નામ કહી શકાય નહિ, તે કારણથી અસંખ્યાત દ્વીપ-સમુદ્રો છોડીને ત્યારબાદ આગળ રહેલા દ્વીપોનાં [ અને તે સરખા નામવાળા હોવાથી સમુદ્રોનાં પણ ] નામો કેટલાએકનાં જ (અલ્પ સંખ્યાવાળાનાં જ) કહેવાય છે. તે આ પ્રમાણે -

રુચકવરદ્વીપથી આગળ અસંખ્યાતા દ્વીપ - સમુદ્રોને ઉલ્લંઘીને भुजगवरद्वीप નામનો દ્વીપ જાણવો. એ પ્રમાણે અસંખ્યાત અસંખ્યાત દ્વીપ - સમુદ્રોને ઉલ્લંઘીને આ કહેવાતી ગાથાની વિધિ પ્રમાણે નામો જાણવાં :

> आभरण वत्थ गंधे, उप्पल तिलए य पुढविनिहिरयणे ।
> वासहर दह नईओ, विजया वक्खार कप्पिंदा ॥१॥

---

૧. આ ગ્રંથની જ ૧૩૬મી ગાથાથી ૧૭૯મી ગાથા સુધીમાં गणनसंख्याप्रमाण નામનું પ્રમાણદ્વાર વર્ણવ્યું છે. તેમાં જ ત્રણ સંખ્યાત, ત્રણ અસંખ્યાત છે અને ત્રણ અનન્ત કેવી રીતે ગણવા ? તે દર્શાવ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पुर-मंदर आवासा, कूडा नक्खत्त चंद सूरा य ।
देवे नागे जक्खे भूए य सयंभुरमणे य ॥२॥

[ આભરણો - વસ્ત્રો - ગંધ - કમળો - તિલક - પૃથ્વીઓ - નિધિઓ - રત્નો - વર્ષધરપર્વતો - દ્રહો - નદીઓ - વિજયો - વક્ષસ્કારપર્વતો - કલ્પદેવલોક - ઈન્દ્રો - નગરી - મેરૂપર્વત - દેવના આવાસો - કૂટ (ભૂમિકૂટ અને ગિરિકૂટ) નક્ષત્રો - ચંદ્ર અને સૂર્ય - એ શાશ્વત પદાર્થોનાં જે નામો છે તે નામોવાળા [ એકેક નામવાળા અસંખ્યાતા ] દ્વીપ-સમુદ્રો છે. અને સર્વથી પર્યન્તે પુનઃ देवद्वीप - नागद्वीप - यक्षद्वीप - भूतद्वीप અને स्वयंभूरमणद्वीप એ પાંચ નામવાળા પાંચ દ્વીપો છે. [ અને આંતરે આંતરે એજ નામવાળા પાંચ સમુદ્રો છે, જેથી છેલ્લો સ્વયંભૂરમણ સમુદ્ર છે ]. એ બે ગાથાનો સંક્ષિપ્તાર્થ કહ્યો. આ ગાથામાં સિદ્ધાન્તને વિષે કહેલ એ બે ગાથાઓ વડે પ્રતિપાદન કરેલ આભરણ, વસ્ત્ર, ગંધ, ઉત્પલ (કમળો), તિલક આદિ વસ્તુઓના પર્યાય-નામસરખા નામવાળો એકેક દ્વીપ પણ ત્યાં સુધી કહેવો કે યાવત્ છેલ્લામાં છેલ્લો સ્વયંભૂરમણદ્વીપ આવે. અને તે સ્વયંભૂરમણ દ્વીપની આગળ શુદ્ધ જળના રસ સરખા સ્વાદયુક્ત જળવાળો स्वयंभूरमणसमुद्र છે.

प्रश्नः જો એ પ્રમાણે છે ત્યારે તો અસંખ્યાત અસંખ્યાત દ્વીપ-સમુદ્રોને ઉલ્લંઘીને આંતરે આંતરે જે જે દ્વીપો રહ્યા છે, તે દ્વીપોનાં જ નામો એ બે ગાથા વડે કહ્યાં, પરંતુ તે કયા નામવાળા છે ? તે કહેવું જોઈએ.

उत्तरः એ વાત સત્ય છે. તે દ્વીપોનાં નામ તો લોકને વિષે શંખ, ધ્વજા, કળશ, સ્વસ્તિક, શ્રીવત્સ ઈત્યાદિ જેટલાં શુભ નામો છે તે સર્વે નામો વડે ઓળખાતા તે દ્વીપો છે, એમ પોતાની મેળે જ જાણી લેવું. શ્રી સિદ્ધાન્તરૂપી સમુદ્રમાં કહ્યું છે કે – दीवसमुद्दा णं भंते, केवइया नामधेज्जेहिं पण्णत्ता ? गोयमा ! जावइया लोए सुभा नामा सुभा रूवा सुभा गंधा सुभा रसा सुभा फासा एवइया णं दीवसमुद्दा नामधेज्जेहिं पण्णत्ता [ હે ભગવન્ ! દ્વીપ- સમુદ્રો કેવા કેવા નામવાળા કહ્યા છે ? ગૌતમ ! લોકમાં જે શુભ નામવાળા, શુભ રૂપવાળા, શુભ ગંધવાળા, શુભ રસવાળા અને શુભ સ્પર્શવાળા પદાર્થો છે તે પદાર્થોના નામવાળા દ્વીપ - સમુદ્રો કહ્યા છે ]. અર્થાત્ શંખ, ધ્વજ આદિ જેટલાં શુભ નામો છે, તેમજ શુભવર્ણ, ગંધ આદિનાં વાચક જેટલા નામો છે [એટલે શુભવર્ણાદિવાળા પદાર્થોનાં જે જે નામો છે ] તે નામવાળા અસંખ્યાતા દ્વીપ જાણવા, એ તાત્પર્ય છે, અને સમુદ્રો તો દ્વીપસરખા નામવાળા છે એમ કહ્યું જ છે.

એ પ્રમાણે ઉત્તરોત્તર બમણા બમણા વિસ્તારવાળા એ દ્વીપ-સમુદ્રો અસંખ્યાતા જાણવા અને એ પ્રમાણે અસંખ્યાત દ્વીપ-સમુદ્રસહિત સ્વયંભૂરમણ સમુદ્ર સુધીનો तिर्यग्लोक જાણવો. તથા ઊર્ધ્વલોક અને અધોલોક એ બેના તિર્યક્ એટલે મધ્યમાં રહેલો લોક તે તિર્યગ્લોક [એ શબ્દાર્થ જાણવો ]. અથવા तिर्यक् શબ્દ અહીં મધ્યપણાનો વાચક છે. અને તેથી तिर्यङ् એટલે મધ્યમ પરિણતિવાળાં દ્રવ્યો જેને વિષે કેવળજ્ઞાનીઓ વડે લોકાય એટલે દેખાય તે तिर्यग्लोक. કારણ કે આ તિર્યગ્લોકમાં ક્ષેત્રપ્રભાવથી જ સર્વે દ્રવ્યો પ્રાયઃ મધ્યમ પરિણામવાળાં જ હોય છે, પરંતુ ઊર્ધ્વલોકમાં રહેલા દ્રવ્યોવત્ ઉત્કૃષ્ટ પરિણામવાળાં નથી. તેમજ અધોલોકમાં રહેલાં દ્રવ્યોવત્ નિકૃષ્ટ-જઘન્ય પરિણામવાળાં પણ નથી, એ તાત્પર્ય છે. એ ૧૮૮ મી ગાથાનો અર્થ


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમાપ્ત થયો. ॥૧૮૮॥ इति तिर्यग्लोके स्पर्शना॥

## ॥ अथ अधोलोके स्पर्शनाद्वारम् ॥

अवतरण: અહીં પ્રશ્ન એ છે કે - તિર્ચ્છાલોકમાં જીવાદિ પદાર્થોને સ્પર્શનીય [સ્પર્શયોગ્ય] ક્ષેત્ર કહ્યું. પરંતુ અધોલોકમાં જીવાદિકને સ્પર્શનીય ક્ષેત્ર કયું છે ? તે નિવેદન કરો. उत्तरः અધોલોકમાં રત્નપ્રભાદિ સાત પૃથ્વીઓ તે જીવાદિ પદાર્થોને માટે સ્પર્શનીય ક્ષેત્ર છે.

प्रश्नः જો સાત પૃથ્વીઓ એ સ્પર્શનીય ક્ષેત્ર છે, તો તે સાત પૃથ્વીઓનું તિર્ચ્છું પ્રમાણ કેટલું કેટલું છે ? તેમજ એ પૃથ્વીઓ આંતરે આંતરે રહેલી છે કે નિરંતરપણે [એકબીજાને સ્પર્શીને] રહેલી છે ? તે સમજાવો, તેમજ નીચે નીચેની પૃથ્વી ઉપર ઉપરની પૃથ્વીથી શું અધિક વિસ્તારવાળી છે કે સરખા વિસ્તારવાળી છે, તે પણ સમજાવો. એ આશંકાના સમાધાન તરીકે હવે આ ગાથા કહેવાય છે. તે આ પ્રમાણે :

**तिरियं लोगायाम-पमाणं हेट्ठा उ सव्वपुढवीणं ।**
**आगासंतरियाओ, वित्थिन्नयरा उ हेट्ठेट्ठा ॥१८९॥**

गाथार्थः નીચે સાત પૃથ્વીઓનું તિર્ચ્છું પ્રમાણ લોકાકાશની લંબાઈ જેટલું છે, વળી તે પૃથ્વીઓ આકાશ વડે અંતરિત (આંતરે આંતરે આકાશ રહેલું છે એવી) છે, અને નીચે નીચેની પૃથ્વી ઉપર ઉપરની પૃથ્વીથી અધિક અધિક વિસ્તારવાળી છે. ॥૧૮૯॥

टीकार्थः 'પૂર્વ ગાથામાં તિર્ચ્છાલોકમાં સ્પર્શનીય વસ્તુ [દ્વીપ - સમુદ્રો એ જીવાદિ પદાર્થોનું સ્પર્શનીય ક્ષેત્રરૂપ વસ્તુ] કહી, અને હવે हेट्ठा उ એ પદથી હેઠેના ક્ષેત્રમાં એટલે અધોલોકમાં સ્પર્શનીય સાત નરક પૃથ્વીઓ જાણવી,' એ ઉપસ્કાર છે [ આ ગાથામાં શું કહેવાનું છે તે રૂપ અભિધેય છે ].

सव्वपुढवीणं તે સર્વ [ સાતે ] પૃથ્વીઓનું तिरियं - તિર્ચ્છું એટલે પૂર્વપશ્ચિમ અથવા દક્ષિણોત્તર [ પૂર્વથી પશ્ચિમ સુધીનું અથવા દક્ષિણથી ઉત્તર સુધીનું ] પ્રમાણ આ પ્રમાણે જાણવું - એ વાક્યસંબંધ છે. કેટલું પ્રમાણ જાણવું તે કહે છે - અહીં पमाण એ શબ્દ નિર્દેશરૂપ છે માટે એમાં વિભક્તિનો લોપ થયો છે. હવે તે પ્રમાણ કહે છે - लोगायाम એટલે લોકની લંબાઈ જેટલું છે. એમાં કહેવાનું તાત્પર્ય એ છે કે - જેટલા પ્રમાણવાળો તિર્ચ્છો લોકાકાશ છે, તેટલા તિર્ચ્છા પ્રમાણવાળી એ સાતે પૃથ્વીઓ છે [ અર્થાત્ એક રજ્જુ આદિ ભિન્ન ભિન્ન પ્રમાણવાળી છે ].

प्रश्नः લોકની તિર્ચ્છી લંબાઈ તો અલોક સુધીની છે, અને એ સાતે પૃથ્વીઓ તો અલોકને સ્પર્શી જ નથી; કારણ કે પૃથ્વી અને અલોક એ બેની વચ્ચે 'छच्चेव अध्धपंचम जोयणमध्धं च हुंति रयणाए' [નિશ્ચયથી છ યોજન ઘનોદધિ, સાડાચાર યોજન ઘનવાયુ અને દોઢ યોજન તનુવાયુ, રત્નપ્રભાપૃથ્વીના પર્યન્તે રહ્યો છે ] ઇત્યાદિ પદવાળી ગાથાઓ વડે કહેલા ઘનોદધિ, ઘનવાયુ અને તનુવાયુ તથા કેવળ અલ્પ આકાશ (લોકાકાશ) હોવાનું આગમમાં કહેલ છે. તો પૃથ્વીઓનું તિર્ચ્છું પ્રમાણ લોકની તિર્ચ્છી લંબાઈ જેટલું છે, એમ શી રીતે કહો છો ?

उत्तरः એ વાત જો કે સત્ય છે, પરંતુ સર્વે પૃથ્વીઓનું તિર્ચ્છું પ્રમાણ તો ઘણા લોકાકાશમાં વર્તે છે. અને જે પર્યન્તે રહેલા કેટલાક અલ્પ સ્થાનમાં (અલ્પ લોકાકાશમાં) પૃથ્વીઓ નથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્તતી તેવો લોકાકાશ અતિઅલ્પ હોવાથી તેની (પૃથ્વીરહિત જે ઘનોદધ્યાદિવાળા લોકાકાશની) અહીં વિવક્ષા કરી નથી [ અર્થાત્ તે લોકાકાશને પણ પૃથ્વીના પ્રમાણમાં જ વ્યવહારથી ગણી લીધો છે ], માટે એ વાતમાં કંઈ દોષ નથી.

વળી આ ગાથામાં પણ तिरियं लोगपमाणं, તથા तिरियं लोगायामपमाणं ઇત્યાદિ જુદા જુદા પાઠ દેખાય છે, તે પાઠોનો અર્થ પણ પૂર્વોક્ત વ્યાખ્યાને જ અનુસરતો કરવો.

તથા आगासंतरियाओ એટલે આકાશ વડે અર્થાત્ અસંખ્યાતા હજાર યોજન વિસ્તારવાળા આકાશખંડ વડે એ સાતે પૃથ્વીઓ પરસ્પર અંતરિત (આંતરાવાળી) છે. અહીં તાત્પર્ય એ છે કે -

રત્નપ્રભા પૃથ્વીની આગળ એટલે રત્નપ્રભા પૃથ્વીની નીચે, અસંખ્યાતા હજાર યોજન વાળા આકાશખંડ વડે અંતરિત એટલે વ્યવધાનવાળી [ આંતરાવાળી ] શર્કરાપ્રભા નામની પૃથ્વી રહેલી છે, પરંતુ નિરંતરપણે રહી નથી [ એટલે રત્નપ્રભાને સ્પર્શીને નીચે શર્કરાપ્રભા પૃથ્વી રહેલી નથી ]. પુનઃ એ શર્કરાપ્રભાની નીચે વાલુકાપ્રભા પૃથ્વી પણ એ રીતે જ રહી છે. એ પ્રમાણે યાવત્ છઠ્ઠી પૃથ્વીની નીચે અસંખ્યાત હજાર યોજન પ્રમાણ આકાશખંડ વડે અન્તરિત સાતમી પૃથ્વી રહેલી છે. પરંતુ નિરંતરપણે [ છઠ્ઠીને સ્પર્શીને સાતમી પૃથ્વી એ રીતે ] રહી નથી. કહ્યું છે કે - 'હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી અને શર્કરાપ્રભા પૃથ્વી કેટલી અબાધાના અંતરે (એકબીજાથી કેટલી દૂર) કહી છે ? ગૌતમ ! અસંખ્યાતા હજાર યોજન જેટલી અબાધાના અંતરે કહેલી છે. એ પ્રમાણે યાવત્ છઠ્ઠી પૃથ્વી જે તમા પૃથ્વી તેની નીચે સાતમી પૃથ્વી [તમસ્તમા પૃથ્વી ] કેટલી અબાધાના અંતરે કહી છે ? હે ગૌતમ ! અસંખ્યાતા હજાર યોજન જેટલી અબાધાના અંતરે કહી છે.'

તથા वित्थिण्णयरा उ हिट्ठेट्ठा એટલે એ સાતે પૃથ્વીઓ નીચે નીચે અધિક વિસ્તારવાળી જાણવી [અર્થાત્ રત્નપ્રભાથી અધિક વિસ્તારવાળી નીચે રહેલી શર્કરાપ્રભા પૃથ્વી, શર્કરાપ્રભાથી પણ અધિક વિસ્તારવાળી નીચે રહેલી વાલુકાપ્રભા પૃથ્વી ઇત્યાદિ રીતે યાવત્ છઠ્ઠી પૃથ્વીથી પણ અધિક વિસ્તારવાળી નીચે રહેલી સાતમી પૃથ્વી જાણવી, કારણ કે -] લોકાકાશ જેમ જેમ નીચે જઈએ તેમ તેમ અધિક વિસ્તારવાળો છે, અને તિર્ચ્છા લોકાકાશ જેટલા દીર્ઘ પ્રમાણવાળી (લંબાઈવાળી) એ સાતે પૃથ્વીઓ છે, એમ હમણાં જ કહેવાઈ ગયું છે. માટે લોકાકાશના વિસ્તારને અનુસારે પૃથ્વીઓ પણ અનુક્રમે નીચે નીચે અધિક વિસ્તારવાળી સામર્થ્યથી સિદ્ધ થાય છે જ. એ ૧૮૯મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૧૮૯॥
इति अधोलोके जीवादीनां स्पर्शनीयं क्षेत्रम् ॥

**॥ अथ ऊर्ध्वलोके जीवादीनां स्पर्शनीयं (क्षेत्रम्) ॥**

अवतरणः એ પ્રમાણે અધોલોકમાં પણ (જીવાજીવાદિકને) સ્પર્શનીય વસ્તુ કહી. હવે ઊર્ધ્વલોકમાં સ્પર્શનીય વસ્તુ કહેવાને પ્રથમ ઊર્ધ્વલોકના સ્વરૂપનો નિર્ણય [ ઊર્ધ્વલોક કેવો છે ? તે ] આ ગાથામાં કહેવાય છેઃ

**उड्ढं पएसवुड्ढी निद्दिट्ठा जाव बंभलोगो त्ति ।**
**अद्धुट्ठा खलु रज्जू, तेण परं होइ परिहाणी ॥१९०॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગાથાર્થઃ ઊર્ધ્વલોકે પ્રદેશવૃદ્ધિ બ્રહ્મદેવલોક સુધી કહી છે, અને એ પ્રમાણે નિશ્ચય અર્ધુષ્ઠ એટલે સાડાત્રણ રજ્જુ સુધી વૃદ્ધિ થઈ છે, અને ત્યારબાદ પુનઃ પ્રદેશ પ્રદેશની પરિહાનિ જાણવી. ॥૧૯૦॥

ટીકાર્થઃ લોકના મધ્યભાગમાં રહેલાં રત્નપ્રભા પૃથ્વીમાં જે આકાશપ્રદેશના બે પ્રતરો પૂર્વે કહ્યાં છે, તેમાંના ઉપલા પ્રતરથી ઉપર અંગુલનો અસંખ્યાતમો ભાગ જેટલા ઊંચે ચડીએ ત્યાં આકાશપ્રતર અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું અધિક (એટલે તિર્ચ્છી વૃદ્ધિવાળું) થાય, એવી પ્રદેશ[1]વૃદ્ધિ નંદિસૂત્ર વગેરેમાં નિર્દેશ કરી છે. એટલે કહી છે, વળી એવા પ્રકારની પ્રદેશવૃદ્ધિ ઊંચે કેટલે દૂર સુધી થાય ? તે કહે છે - બ્રહ્મદેવલોક એટલે પાંચમા દેવલોક સુધી એવી પ્રદેશવૃદ્ધિ કહી છે.

પ્રશ્નઃ એવા પ્રકારની [ એટલે અંગુલનો અસંખ્યાતમો ભાગ ઊંચે ચઢતાં અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી ] વૃદ્ધિ રજ્જુના પ્રમાણથી કેટલા રજ્જુ સુધી જાણવી ?

ઉત્તરઃ अद्धुट्ठा खलु रज्जू એટલે લોકાકાશની એવા પ્રકારની ઊર્ધ્વપ્રદેશવૃદ્ધિ [ અથવા ઊર્ધ્વલોકની એવી પ્રદેશવૃદ્ધિ ] અર્ધચતુર્થરજ્જુ અર્થાત્ સાડાત્રણ રજ્જુ સુધી છે, એ તાત્પર્ય. અને तेण परं होइ परिहाणी એટલે ત્યાંથી આગળ અર્થાત્, તે ૩॥ રજ્જુથી ઉપર અંગુલનો અસંખ્યાતમો ભાગ ઊંચે ચઢીએ ત્યાં અંગુલનો અસંખ્યાતમો ભાગ હાનિ હોય, એવી હાનિ તે લોકાન્ત સુધી જાણવી. વળી એ હાનિ પણ સાડાત્રણ રજ્જુ પ્રમાણ (સુધી) જ જાણવી. અહીં अद्धुट्ठ શબ્દનો (સાડાત્રણ રજ્જુનો સંબંધ) બન્ને સ્થાને જોડવો.

પ્રશ્નઃ જો ઊર્ધ્વલોકમાં પ્રદેશવૃદ્ધિ સાડાત્રણ રજ્જુ પ્રમાણ કહી અને તેવી જ રીતે પ્રદેશહાનિ પણ સાડાત્રણ રજ્જુ જ કહી, ત્યારે તો ઊર્ધ્વલોક સંપૂર્ણ સાત રજ્જુ પ્રમાણનો કહ્યો ગણાય, અને સિદ્ધાન્તમાં તો ઊર્ધ્વલોકનું પ્રમાણ કંઈક ન્યૂન સાત રજ્જુ પ્રમાણ કહ્યું સંભળાય છે તે કેમ ?

ઉત્તરઃ એ વાત સત્ય છે. પરંતુ ઊર્ધ્વલોક જે કિંચિત્ ન્યૂન છે તે કિંચિત્ ન્યૂનતાની અહીં વિવક્ષા કરી નથી, માટે [ બન્ને સ્થાને એટલે પ્રદેશવૃદ્ધિમાં અને પ્રદેશહાનિમાં પણ ૩॥ - ૩॥ રજ્જુ કહ્યા ] તેમાં કોઈ દોષ નથી. માટે એ રીતે બ્રહ્મદેવલોક સુધી ૩॥ રજ્જુ પ્રમાણ અને લોકાન્ત સુધીમાં સાત રજ્જુ પ્રમાણ ક્ષેત્ર જીવ અને અજીવોને માટે અહીં સ્પર્શનીય ક્ષેત્ર તરીકે કહ્યું છે, એમ જાણવું. એ ૧૯૦મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૧૯૦॥

૧. અહીં પ્રદેશવૃદ્ધિનો અર્થ એકેક આકાશપ્રદેશની વૃદ્ધિ એવો નહિ, પરંતુ આકાશના અમુક અલ્પવિભાગ જેટલી વૃદ્ધિ એવો અર્થ જાણવો. વળી પ્રદેશવૃદ્ધિનો એ અર્થ કેવળ અહીં જ કરવો એમ નહિ, પરંતુ પ્રાયઃ સર્વત્ર એ જ અર્થ જાણવો. પુનઃ અહીં પ્રતરવૃદ્ધિ પણ દરેક પ્રતર અનુક્રમે વૃદ્ધિવાળું જ છે એમ નથી પરંતુ મધ્ય પ્રતરથી ઉપરનાં કેટલાંક પ્રતરો મધ્ય પ્રતર તુલ્ય પ્રમાણવાળાં છે, પુનઃ તેથી ઉપર અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી વૃદ્ધિવાળાં કેટલાંક પ્રતરો પરસ્પર સમાન પ્રમાણવાળાં છે. એ રીતે દરેક પ્રતરમાં ક્રમવૃદ્ધિ નથી. પુનઃ અધોલોકમાં પ્રદેશહાનિ તે પણ એવા જ પ્રકારની છે. અને એવી વૃદ્ધિ - હાનિ હોવાથી જ અલોક તરફ ગવાક્ષ સરખા આકારવાળાં નિષ્કુટો પ્રાપ્ત થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવતરણઃ જો એ પ્રમાણે ઊર્ધ્વલોકનું સાત રજ્જુ જેટલું સ્પર્શનીય ક્ષેત્ર કહ્યું, તો દરેક દેવલોકમાં જુદું જુદું ઈશાનાદિ દેવલોક સુધી પણ કેટલા કેટલા રજ્જુપ્રમાણનું ક્ષેત્ર જીવાદિક પદાર્થોને સ્પર્શનીય છે ? તે આશંકાના સમાધાન તરીકે આ ગાથા કહેવાય છે. તે આ પ્રમાણેઃ

**ईसाणम्मि दिवड्ढा, अड्ढाइज्जा य रज्जु माहिंदे ।**
**पंचेव सहस्सारे, छ अच्चुए सत्त लोगंते ॥१९१॥**

ગાથાર્થઃ તિર્યગ્લોકથી ઉપર સૌધર્મ - ઈશાન દેવલોકે દોઢ રજ્જુ, તેથી ઉપર માહેન્દ્ર (સનત, માહેન્દ્ર) સુધીમાં અઢી રજ્જુ, સહસ્રાર દેવલોક સુધીમાં પાંચ રજ્જુ, અચ્યુત (આરણ અચ્યુત) સુધીમાં છ રજ્જુ, અને લોકાંત સુધીમાં સાત રજ્જુપ્રમાણ (ઊર્ધ્વલોકનું) સ્પર્શનીય ક્ષેત્ર છે. ॥૧૯૧॥

ટીકાર્થઃ પૂર્વે કહેલા જે લોકનો મધ્યભાગ ત્યાંથી સૌધર્મ દેવલોક અને ઇશાન દેવલોક સુધીમાં दिव = સાર્ધ એક રજ્જુ [ અર્ધ રજ્જુસહિત એક રજ્જુ એટલે દોઢ રજ્જુ અથવા દ્વ્યર્ધ એટલે બીજા રજ્જુનો અર્ધભાગસહિત ] એટલે દોઢ રજ્જુપ્રમાણ સ્પર્શનીય ક્ષેત્ર છે, એ ભાવાર્થ છે.

એ પ્રમાણે સનત્કુમાર દેવલોક અને માહેન્દ્ર દેવલોક સુધીમાં અર્ધ રજ્જુસહિત બે રજ્જુ એટલે અઢી રજ્જુ પ્રમાણ સ્પર્શનીય ક્ષેત્ર છે. [ અહીં સર્વત્ર લોકના મધ્યભાગથી જ એટલા પ્રમાણવાળું ઊર્ધ્વ સ્પર્શનીય ક્ષેત્ર જાણવું. ]

તથા સહસ્રાર દેવલોક સુધીમાં પાંચ રજ્જુપ્રમાણ સ્પર્શનીય ક્ષેત્ર છે. આરણ તથા અચ્યુત સુધીમાં છ રજ્જુપ્રમાણ, અને લોકાન્ત સુધીમાં સાત રજ્જુપ્રમાણ સ્પર્શનીય ક્ષેત્ર છે. પૂર્વ ગાથામાં (૧૯૦મી ગાથામાં) પણ લોકાન્ત સુધીમાં સાત રજ્જુ સ્પર્શનીય ક્ષેત્ર કહ્યું, અને આ ગાથામાં પુનઃ પણ સાત રજ્જુ સ્પર્શનીય ક્ષેત્ર કહ્યું તો એ રીતે લોકાન્ત સુધીનું સાત રજ્જુ ક્ષેત્ર બે વાર કેમ કહ્યું ? એ શંકાના સમાધાનમાં જાણવું કે પૂર્વ ગાથામાં તો પ્રદેશની હાનિ-વૃદ્ધિ પ્રસંગને અનુસરીને સાત રજ્જુ કહ્યા છે, અને આ ગાથામાં તો સ્પર્શનીય ક્ષેત્રની જ મુખ્યતાએ લોકાન્તે સાત રજ્જુ કહ્યા છે, માટે એમાં પુનરૂક્તિ (દ્વિગુણ કથનનો) દોષ ન જાણવો. એ ૧૯૧મી ગાથાનો અર્થ કહ્યો. ।।इति ऊर्ध्वलोके जीवादीनां स्पर्शनीयक्षेत्रम् ।। समाप्तं च सर्व लोकाकाशे भिन्नभिन्नस्पर्शनीयक्षेत्रम् ।।

## ॥ સ્પર્શના પ્રસંગે ૭ સમુદ્ઘાતનું સ્વરૂપ ॥

અવતરણઃ પ્રશ્નઃ સમગ્ર લોકમાં રહેલી સર્વે સ્પર્શનીય વસ્તુઓ [ સ્પર્શનીય ક્ષેત્રો ] કહી, માટે હવે તો એ જ કહેવાનું બાકી છે કે - એ સ્પર્શનીય ક્ષેત્રોને સ્પર્શનારા આગળ કહેવાતા તે મિથ્યાદૃષ્ટિ વગેરે જીવો પોતાના સ્વરૂપમાં (મૂળ અવસ્થામાં) રહ્યા છતા જ સ્પર્શે છે. અથવા તો કોઈ બીજી પ્રકારની અવસ્થા વડે સ્પર્શે છે ?

ઉત્તરઃ એ પ્રશ્નના ઉત્તરમાં કહેવાય છે કે - બન્ને રીતે સ્પર્શે છે [ એટલે મૂળ અવસ્થાથી પણ સ્પર્શે છે અને બીજી ભિન્ન અવસ્થાથી પણ સ્પર્શે છે].

પ્રશ્નઃ જો એ પ્રમાણે છે, તો સ્વરૂપે રહ્યા છતા જીવો કેવી રીતે સ્પર્શે તે તો સમજી શકાય


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, પરંતુ અવસ્થાભેદે સ્પર્શતા હોય તો તે અવસ્થાભેદ કયા પ્રકારનો ? તે સમજાવો.

उत्तरः એ બાબતમાં કહેવાય છે કે - અહીં અવસ્થાભેદ તે સાત પ્રકારના સમુદ્ઘાતરૂપ છે.

प्रश्नः ત્યારે તે સાત પ્રકારના સમુદ્ઘાત કયા કયા ? તે કહો.

उत्तरः તે સંબંધમાં આ ગાથા કહેવાય છેઃ

**वेयण कसाय मरणे, वेउव्विय तेयए य आहारे ।**

**केवलिय समुग्घाए, सत्त य मणुएसु नायव्वा ॥१९२॥**

गाथार्थः વેદના સમુદ્ઘાત, કષાય સમુદ્ઘાત, મરણ સમુદ્ઘાત, વૈક્રિય સમુદ્ઘાત, તૈજસ સમુદ્ઘાત, આહારક સમુદ્ઘાત અને કેવલિ સમુદ્ઘાત એ સાત સમુદ્ઘાત છે, ત્યાં મનુષ્યોને વિષે એ સાતે સમુદ્ઘાત હોય છે. ॥૧૯૨॥

टीकार्थः सम् = એકીભાવે उत् = પ્રબલતા વડે घात = હણવું, એટલે વેદનીયાદિ કર્મપ્રદેશોનું નિર્જરવું, તે સમુદ્ઘાત. અર્થાત્ सम् એટલે એકીભાવને પ્રાપ્ત થયેલો પ્રાણી उत् એટલે પ્રબળતાથી વેદનીયાદિ કર્મપ્રદેશોનો જે घात નિર્જરા કરે તે समुद्घात કહેવાય. ત્યાં જીવને એકીભાવની (તદ્રૂપતાની - તલ્લીનતાની) પ્રાપ્તિ કોની સાથે ? એમ જો પૂછતા હો તો કહીએ છીએ કે - આત્મા જ્યારે વેદનીયાદિ સમુદ્ઘાતને પ્રાપ્ત થયો હોય છે, ત્યારે તે જ વેદનાદિકના અનુભવજ્ઞાનમાં [ વેદના ભોગવવામાં ] પરિણત [ એકાકાર ] થઈ જાય છે, જેથી તે વખતે તે આત્મા બીજા જ્ઞાનમાં પરિણત થયેલો હોતો નથી. એ પ્રમાણે વેદનાદિકના અનુભવજ્ઞાનની સાથે [ અનુભવમાં જ ] જીવની એકત્વ-પ્રાપ્તિ [ એકતા ] જાણવી. તો હવે પ્રબલતા વડે ઘાત તે કેવી રીતે ? તે સંબંધમાં કહેવાય છે કે - જે કારણથી વેદનાદિ સમુદ્ઘાતમાં પરિણત થયેલો આત્મા ઘણા કાળે અનુભવવા યોગ્ય એવા વેદનીયાદિ કર્મના ઘણા પ્રદેશોને ઉદીરણાકરણ વડે આકર્ષી ઉદયમાં પ્રક્ષેપીને અને અનુભવીને [ તે ઘણા કર્મપ્રદેશોને ] નિર્જરે છે, તે કારણથી તે સમુદ્ઘાત અવસ્થામાં उत् - પ્રબલતા વડે [ ઘણો પ્રબલ ] ઘાત કહેવાય છે, માટે सम् उत् અને घात એ ત્રણ પદ મળીને થયેલો समुद्घात શબ્દ સાર્થક છે.

તે સમુદ્ઘાત વેદનાદિ ભેદથી સાત પ્રકારનો છે, તે આ પ્રમાણે - વેદના સમુદ્ઘાત, કષાય સમુદ્ઘાત, મારણાન્તિક સમુદ્ઘાત, વૈક્રિય સમુદ્ઘાત, તૈજસ સમુદ્ઘાત, આહારક સમુદ્ઘાત અને કેવલિ સમુદ્ઘાત.

૧. वेदना समुद्घात - ત્યાં વેદના એટલે અશાતા વેદનીયથી ઉત્પન્ન થયેલી પીડારૂપ હેતુ વડે જે સમુદ્ઘાત તે વેદના સમુદ્ઘાત. તે આ પ્રમાણે-વેદનાથી કરાલિત એટલે વ્યાકુળ થયેલો જીવ અનન્તાનન્ત કર્મસ્કંધોથી વીંટાયેલા પોતાના આત્મપ્રદેશોને શરીરથી બહાર ફેંકે [કાઢે], અને તે બહાર કાઢેલા આત્મપ્રદેશો વડે પેટના, મુખના અને ભુજા વગેરેના સુષિર ભાગોને [પોલાણોને] તથા કાન - ખભા વગેરેના આંતરા પૂરીને લંબાઈ - પહોળાઈમાં પોતાના શરીર જેટલા ક્ષેત્રમાં વ્યાપ્ત થઈને અન્તર્મુહૂર્ત સુધી તેવી અવસ્થાવાળો રહે છે. અને તે અન્તર્મુહૂર્તમાં અશાતા વેદનીયકર્મનાં ઘણા પુદ્ગલોની-પ્રદેશોની નિર્જરા કરે છે, અને ત્યારબાદ સમુદ્ઘાતથી નિવૃત્ત થઈને સ્વરૂપસ્થ [ પ્રથમ જેવી અવસ્થાવાળો હતો તેવી અવસ્થાવાળો ] થાય છે.

Jain Education International

For Private & Personal Use Only
www.jainelibrary.org

૨. कषाय समुद्घात - कषाय એટલે આ સમુદ્ઘાતમાં કારણભૂત એવા ક્રોધ વગેરે કષાયો, તે વડે થતો સમુદ્ઘાત તે कषाय समुद्घात. એ આ પ્રમાણે - तीव्र कषायના ઉદય વડે વ્યાકુળ થયેલ જીવ અનન્તાનન્ત કર્મસ્કંધો વડે વીંટાયેલા પોતાના આત્મપ્રદેશોને બહાર કાઢે, અને તે બહાર કાઢેલા આત્મપ્રદેશો વડે ઉદર - મુખ તથા કંઠ વગેરેનાં સુષિરોને (પોલાણોને) પૂરીને તથા કાન ખભા વગેરેના આંતરાઓને પૂરીને લંબાઈ તથા વિસ્તારથી પોતાના શરીર જેટલા ક્ષેત્રમાં વ્યાપીને-ફેલાઈને અન્તર્મુહૂર્ત સુધી રહે, અને તે અન્તર્મુહૂર્તમાં કષાયમોહનીય કર્મના ઘણા પ્રદેશોની નિર્જરા કરે, અને ત્યારબાદ સમુદ્ઘાતથી નિવૃત્ત થઈને મૂળ અવસ્થામાં આવી જાય, તે કષાય સમુદ્ઘાત જાણવો.

૩. मारणान्तिक समुद्घात - મરણ એ જ જીવોનો અંત કરનારું હોવાથી અતરૂપ છે માટે મરણાન્ત, અને તેને વિષે થયેલ તે मारणान्तिक; અને તેવા પ્રકારનો એ સમુદ્ઘાત તે मारणान्तिक समुद्घात કહેવાય. અર્થાત્ મરણ વખતે જ્યારે અન્તર્મુહૂર્ત આયુષ્ય બાકી રહે ત્યારે જ કેટલાક જીવો એ સમુદ્ઘાત કરે છે, માટે મારણાન્તિક સમુદ્ઘાત કહેવાય છે. તે આ પ્રમાણે જાણવો -

અન્તર્મુહૂર્ત આયુષ્ય બાકી રહે ત્યારે કોઈ જીવ પહોળાઈ અને જાડાઈમાં પોતાના શરીર પ્રમાણ, અને લંબાઈમાં જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ તથા ઉત્કૃષ્ટથી અસંખ્યાતા યોજન પ્રમાણનો પોતાના આત્મપ્રદેશોનો દંડાકાર શરીર બહાર કાઢે છે - રચે છે. અને તેવો દંડ કાઢીને જે સ્થાને પરભવમાં ઉત્પન્ન થવાનો હોય તે સ્થાને તે પોતાના આત્મપ્રદેશના દંડને પ્રક્ષેપે છે [ત્યાં સુધી પહોંચાડે છે - મોકલે છે - સ્થાપે છે]. વળી તે પ્રદેશદંડ તે ઉત્પત્તિ સ્થાનમાં ઋજુગતિ વડે એક જ સમયમાં જાય છે, અને વક્રગતિ વડે તો પૂર્વે કહ્યા પ્રમાણે ઉત્કૃષ્ટથી ચોથે સમયે જાય છે. વળી આ મારણાન્તિક સમુદ્ઘાત પણ અંતર્મુહૂર્તપ્રમાણનો જ છે, અને તે અંતર્મુહૂર્તમાં આયુષ્ય કર્મના ઘણા પુદ્ગલોની નિર્જરા કરે[1] છે.

૪. वैक्रिय समुद्घात - વૈક્રિય શરીર નામકર્મ સંબંધી જે સમુદ્ઘાત તે વૈક્રિય સમુદ્ઘાત. અથવા વૈક્રિય શરીર રચવાના સમયે થતો જે સમુદ્ઘાત તે વૈક્રિય સમુદ્ઘાત. એ સમુદ્ઘાત પણ એ જ રીતે જાણવો. તે આ પ્રમાણે - વૈક્રિય શરીર રચવાની લબ્ધિવાળો જીવ વૈક્રિય શરીર રચતી વખતે પહોળાઈ અને જાડાઈમાં પોતાના શરીર જેટલો [ પહોળો અને જાડો ] અને લંબાઈમાં જઘન્યથી અંગુલનો સંખ્યાતમો[2] ભાગ તથા ઉત્કૃષ્ટથી તો સંખ્યાતા યોજનપ્રમાણ પોતાના આત્મપ્રદેશોનો દંડ રચી શરીર બહાર કાઢે [ અર્થાત્ આત્મપ્રદેશોને શરીર બહાર કાઢીને દંડ રચના કરીને ] યથાબાદર વૈક્રિય નામકર્મના પુદ્ગલો જે પૂર્વે બાંધેલા છે, તેની નિર્જરા કરે. જે કારણથી કહ્યું છે કે - 'वेउव्वियसमुग्घाएणं समोहणइ, समोहणित्ता संखेज्जाइं जोयणाइं दंडं निसिरइ, निसिरइत्ता अहाबायरे पुग्गले परिसाडेइ' ।

[ વૈક્રિય સમુદ્ઘાત વડે સમુદ્ઘાત કરે, સમુદ્ઘાત કરીને સંખ્યાત[3] યોજન પ્રમાણનો દંડ

---

૧. તે અન્તર્મુહૂર્તના અંત્ય સમયે જો મરણ પામે તો તેવી જ અવસ્થામાં રહ્યો છતો પોતાના આત્મપ્રદેશોને મરણસ્થાનથી સંહરી લે છે, અને મરણ ન પામે તો સમુદ્ઘાતથી નિવૃત્ત થઈ સ્વભાવસ્થ થાય છે, કોઈ જીવ એક જ સમુદ્ઘાત કરી મરણ પામે છે તો કોઈ જીવ બે વાર પણ સમુદ્ઘાત કરી બીજા સમુદ્ઘાતમાં મરણ પામે છે - એ અધિક જાણવું. શ્રી ભગવતીજીના અભિપ્રાયથી.

૨. વાયુને તો જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ અંગુલનો અસંખ્યાતમો ભાગ લંબાઈ જાણવી.

૩. પૃષ્ઠ ૨૭૨ની ટિપ્પણ ૧. જુઓ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બહાર કાઢે, અને બહાર કાઢીને યથાબાદર પુદ્ગલોને નિર્જરે - ઇત્યર્થઃ ] આ વૈક્રિય સમુદ્ઘાત પણ અન્તર્મુહૂર્ત[1] પ્રમાણનો જ છે. અને ત્યારબાદ વૈક્રિય શરીરની રચના સમાપ્ત થયે આત્મા સ્વરૂપસ્થ-સ્વભાવસ્થ થાય છે.

૫. તૈજસ સમુદ્ઘાત - અહીં તૈજસ્ શબ્દ વડે તૈજસ શરીર કહેવાય છે. અને તે તૈજસ શરીરનું કારણભૂત તૈજસ શરીર નામકર્મ પણ કહેવાય છે. તે કારણથી તૈજસ સંબંધી જે સમુદ્ઘાત તે તૈજસ સમુદ્ઘાત. એ તૈજસ સમુદ્ઘાત પણ એ જ રીતે જાણવો. તે આ પ્રમાણે-તૈજસ પુદ્ગલોને બહાર કાઢવાની લબ્ધિવાળો કોઈક ક્રોધ પામેલો સાધુ વગેરે સાત આઠ પગલાં પાછો હઠીને પહોળાઈ - જાડાઈમાં પોતાના શરીર જેટલો [ પહોળો - જાડો ], અને લંબાઈમાં જઘન્યથી અંગુલનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી પુનઃ સંખ્યાતા યોજનપ્રમાણ એવો અનંતાનંત તૈજસ શરીરના સ્કંધો વડે વીંટાયેલા આત્મપ્રદેશોનો દંડ શરીરથી બહાર કાઢે, અને ત્યારબાદ તે દંડથી [ એટલે દંડાન્તર્ગત તૈજસ પુદ્ગલોથી ] ક્રોધ જેના ઉપર થયેલો છે તે મનુષ્યાદિકને બાળે છે. આ સમુદ્ઘાત પણ અન્તર્મુહૂર્તપ્રમાણનો છે, અને તે અન્તર્મુહૂર્તમાં તૈજસ શરીર નામકર્મના ઘણાં પુદ્ગલોની નિર્જરા કરે છે, અને ત્યારબાદ સમુદ્ઘાતથી નિવૃત્ત થઈને સ્વભાવસ્થ થાય છે.

૬. आहारक समुद्घात - આહારકશરીર નામકર્મ સંબંધી જે સમુદ્ઘાત તે આહારક સમુદ્ઘાત. અથવા આહારક શરીરની રચના કરવાના સમયે થતો સમુદ્ઘાત તે આહારક સમુદ્ઘાત. આ સમુદ્ઘાત પણ વૈક્રિય સમુદ્ઘાત સરખો જ જાણવો, તે આ પ્રમાણે - આહારક શરીર રચવાની લબ્ધિવાળા ચૌદ પૂર્વધર મુનિ આહારક શરીર રચતી વખતે પહોળાઈ અને જાડાઈમાં પોતાના શરીર પ્રમાણ તથા લંબાઈમાં જઘન્યથી અંગુલનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા[2] યોજન પ્રમાણ પોતાના આત્મપ્રદેશનો દંડ શરીરથી બહાર કાઢે, તે કાઢીને યથાબાદર આહારકશરીર નામકર્મના ઘણાં પુદ્ગલો પૂર્વે બાંધેલા હોય તેને નિર્જરે. આ સમુદ્ઘાત પણ અન્તર્મુહૂર્ત[3] પ્રમાણનો જાણવો. વળી અન્તર્મુહૂર્ત બાદ સમુદ્ઘાતથી નિવૃત્ત થઈ સ્વભાવસ્થ[4] થાય. [ એ પ્રમાણે આહારક સમુદ્ઘાત જાણવો.]

૭. केवलि समुद्घात - સયોગિકેવલી ભગવાનનો જે સમુદ્ઘાત કે કેવલિ સમુદ્ઘાત. આ સમુદ્ઘાત રચતી વખતે [ રચ્યા પહેલાં ] કેવલી ભગવાન અંતર્મુહૂર્ત સુધી ઉદીરણાની

---

૧. વૈક્રિય શરીર રચાયા બાદ તે વૈક્રિય શરીરને અન્ય સ્થાને મોકલતાં આત્મપ્રદેશનો દંડ અસંખ્યાતા યોજન દીર્ઘ હોય છે, પરંતુ તે બીજી વારના સમુદ્ઘાતથી થયેલો દંડ જાણવો. કારણ કે વૈક્રિય સમુદ્ઘાત વૈક્રિય શરીર રચતી વખતે બે વાર થાય છે, ત્યાં પ્રથમ સમુદ્ઘાત વખતે જ સંખ્યાત યોજનનો દંડ વૈક્રિય શરીરની અપર્યાપ્ત અવસ્થામાં થાય છે. વળી વૈક્રિય શરીરનો કાળ ઘણો [ નારકને અંતર્મુહૂર્ત, મનુષ્ય-તિર્યંચને ૪ મુહૂર્ત અને દેવને ૧૫ દિવસનો ] કહ્યો છે, પરંતુ સમુદ્ઘાતનો કાળ અન્તર્મુહૂર્ત જ કહ્યો, તે વૈક્રિય રચનાના આત્મપ્રયત્નની અપેક્ષાએ જ કહ્યો; અને સમુદ્ઘાતપણું પણ તે આત્મપ્રયત્ન સમયે જ જાણવું, શરીર રચાયા બાદ નહિ.

૨. આ સંખ્યાત યોજન મહાવિદેહ ક્ષેત્ર સુધી લંબાયેલા આત્મપ્રદેશોના દંડ સંબંધી નહિ, પરંતુ શરીર રચાયા પહેલાં શરીરાપર્યાપ્ત અવસ્થામાં શરીર રચવા માટે થતાં દંડ સંબંધી જાણવા. કારણ કે સમુદ્ઘાતરૂપ પ્રયત્ન પૂર્ણ થયા પછી શરીર રચાય છે, અને તે શરીર મહાવિદેહ ક્ષેત્રમાં જાય છે.

૩. આ અન્તર્મુહૂર્ત શરીર અપર્યાપ્ત અવસ્થા સુધીનું જાણવું.

૪. સ્વભાવસ્થ થાય એટલે આત્મપ્રદેશો સંહરાઈને મૂળ શરીરમાં આવી જાય એવો અર્થ નહિ, પરંતુ શરીર રચવા માટે કરેલા દંડથી નિવૃત્ત થઈ આહારક શરીરવાળો થાય, એ અર્થ ઉચિત છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવલિકામાં કર્મોને પ્રતિસમય પ્રક્ષેપવાના વ્યાપાર રૂપ आवर्जीकरण કરે છે, અને ત્યારબાદ સમુદ્ઘાત કરે છે. તેનો અનુક્રમ આ પ્રમાણે - પહેલે સમયે તો પોતાના શરીરની પહોળાઈ જાડાઈ જેટલો પહોળો અને જાડો અને લંબાઈમાં ઊર્ધ્વલોક અને અધોલોકના પર્યન્ત - અન્ત સુધીનો એવો આત્મપ્રદેશોના સમૂહરૂપ दंड કેવળજ્ઞાનના ઉપયોગથી રચે છે. બીજે સમયે એ જ દંડને પૂર્વ - પશ્ચિમ એ બે દિશાએ આત્મપ્રદેશોને વિસ્તારવાથી તિર્ચ્છા લોકાકાશના અંત સુધી પહોંચેલું એવા કપાટ સરખું कपाट રચે છે [ અર્થાત્ પ્રથમ સમયે કરેલા દંડ[1]માંથી આત્મપ્રદેશોને પૂર્વ પશ્ચિમ લોકાંત સુધી ફેલાવીને તે દંડનું જ કપાટ રચે છે ], ત્રીજે સમયે તે જ કપાટમાંથી આત્મપ્રદેશોને દક્ષિણ[2] ઉત્તર એ બે દિશાઓમાં તિર્ચ્છાલોકાંત સુધી ફેલાવવાથી મંથાનના આકાર સરખું मन्थान રચે છે. અને એ પ્રમાણે આત્મપ્રદેશો ફેલાઈ જવાથી લોકનો પ્રાયઃ ઘણો[3] ભાગ પૂરાઈ જાય છે, અને મંથાનના આંતરાં[4] જ કેવળ પૂરાયાં વિના રહે છે. કારણ કે જીવપ્રદેશોની ગતિ આકાશપ્રદેશોની શ્રેણિને અનુસારે હોય છે માટે. [ લોકાંતે રહેલા (મંથાનનાં) આંતરાં જેટલો જ અલ્પભાગ પૂરાયા વિનાનો રહે છે. જો જીવપ્રદેશોની ગતિ આકાશશ્રેણિને અનુસારે ન હોત તો ત્રીજે સમયે તેટલો અલ્પ ભાગ પણ રહેત નહિ, એટલું જ નહિ પરંતુ કદાચ બીજે સમયે પણ લોકપૂર્તિનો સંભવ થાત - ઇતિ તાત્પર્ય. ] ત્યારબાદ ચોથે સમયે લોકનિષ્કુટોસહિત[5] તે મંથાનનાં આંતરાં પણ પૂરાઈ જાય છે, અને તેમ થવાથી ચોથે સમયે લોકાકાશ સમગ્ર પૂરાઈ જાય છે.

---

૧. આત્મપ્રદેશોનો વિસ્તાર અવગાહેલા સર્વ સ્થાનમાંથી અર્થાત્ અવગાહનાના સર્વ ભાગમાંથી થાય છે, માટે અહીં કપાટરચના વખતે આત્મપ્રદેશો દંડના અમુક ભાગમાંથી જ નીકળે છે એમ નહિ, પરંતુ દંડના સર્વ ભાગમાંથી અર્થાત્ સર્વ દંડમાંથી નિકલે છે, એ પ્રમાણે મંથાનરચના પણ કપાટમાંથી સર્વમાંથી થાય છે.

૨. કપાટ જો ઉત્તરદક્ષિણમાં ફેલાઈને થયું હોય તો મંથાન પૂર્વપશ્ચિમમાં ફેલાઈને થાય, અહીં ભરતૈરવતકેવલીને પૂર્વપશ્ચિમ કપાટ સંભવે છે, અને વિદેહકેવલીને ઉત્તરદક્ષિણ કપાટ સંભવે છે.

૩. લોકના અસંખ્યાતા ભાગો પૂરાઈને એક અસંખ્યાતમો ભાગ બાકી રહે છે. એમ પ્રથમ કહેવાઈ ગયું છે.

૪. આંતરાં અને આંતરામાં રહેલાં નિષ્કુટો એ બન્ને પૂરાયા વિના રહ્યા છે. પુનઃ પહેલા કપાટની સપાટીમાં સમશ્રેણિમાં આવેલા નિષ્કુટો તો પ્રથમ જ પૂરાઈ ગયા છે, જેથી આંતરામાં રહેલા નિષ્કુટો જ પૂરાવા બાકી રહે છે. વળી મેરુના મધ્યથી જે દિશા તરફ કેવલી નજીક રહ્યા હોય તે દિશાના પશ્ચાત્ ભાગનાં આંતરાં તો ત્રીજે સમયે પૂરાઈ જાય, પરંતુ અગ્રભાગનાં આંતરાં બાકી રહે. જેમ કેવલિભગવાન દક્ષિણ દિશામાં ખસીને રહ્યા હોય તો કેવલીની પશ્ચાત્ ભાગના દક્ષિણ દિશાનાં બે આંતરાં ત્રીજે સમયે પૂરાય અને ઉત્તર દિશામાં પૂર્વ પશ્ચિમનાં બે આંતરાં બહુ જ અલ્પક્ષેત્રવાળાં પૂરાયાં વિના રહે છે, તે ચોથે સમયે પૂરાય છે, એ પ્રમાણે દરેક દિશામાં વિપર્યય વિચારવો.

૫. प्रश्नः લોકના નિષ્કુટ અને આંતરાં એ બે જુદાં છે ? જેથી લોકનિષ્કુટ સહિત આંતરાં પૂરવાનાં કહ્યાં ?

उत्तरः હા. લોકનિષ્કુટ અને મંથાનના આંતરાં બે જુદાં છે, કારણ કે કપાટના બે છેડાઓના સ્થાનથી સમશ્રેણિએ આત્મપ્રદેશો નીકળતાં જે સન્મુખ ભાગ પૂરાયો છે, તેમાં તો સન્મુખ રહેલા નિષ્કુટો પણ પૂરાઈ ગયા છે, પરંતુ કપાટના છેડાઓની સમશ્રેણિની પડખે ડાબે ભાગે અને જમણા ભાગે રહેલું કેટલુંક ક્ષેત્ર પૂરાતું નથી તેનું કારણ લોકનો ઘેરાવો છે તેથી જ. માટે ડાબે પડખે અને જમણે પડખે રહેલા બે ઘેરાવામાં શ્રેણિ પાસેનું ક્ષેત્ર ઊર્ધ્વાધઃની અપેક્ષાએ વિચારતાં કેટલુંક સમાન છે, અને સર્વથા પર્યન્તે રહેલું ક્ષેત્ર ખાંચા પડતું છે. એ ખાંચા પડતું ક્ષેત્ર તે અહીં નિષ્કુટ કહેવાય છે, ક્ષેત્રમાં એવા ખાંચા પડવાનું કારણ આકાશપ્રતરોની ઊર્ધ્વાધઃપ્રદેશ હાનિવૃદ્ધિ એ જ કારણ છે. વળી એ પર્યન્તવર્તી નિષ્કુટો પણ દરેક લોકના ઘેરાવા જેટલા ઘેરાવાવાળાં અને અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલાં ઊર્ધ્વધિઃપ્રમાણવાળાં છે. માટે એ પ્રમાણે લોકાકાશની સ્થિતિ (આકૃતિ)નો વિચાર કરતાં આંતરાં અને નિષ્કુટ બે ભિન્ન પણ ગણી શકાય, અને જો ભિન્ન ન ગણવા હોય તો કેવળ આંતરાં કહેવાથી પણ નિષ્કુટોનું ગ્રહણ થઈ શકે છે. પરંતુ નિષ્કુટો કહેવાથી આંતરાનું ગ્રહણ થાય નહિ. વિશેષ સ્પષ્ટતા શ્રી ગુરુમુખે જ સમજી શકાય.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રશ્નઃ જો કેવલી ભગવાન લોકના મધ્યભાગમાં (તિર્છાલોકના મધ્યભાગમાં) રહ્યા હોય તો ત્રીજે સમયે પણ સંપૂર્ણ લોકાકાશ પૂરાય[1] જ, તો પછી ચોથા સમયે જ આંતરાં પૂરે એમ કહેવાથી શું તાત્પર્ય ? [ અર્થાત્ ત્રીજે સમયે પણ પૂરાય એમ કહેવું જોઈએ ].

ઉત્તરઃ ના, એ વાત પ્રમાણે નથી, [ અર્થાત્ લોકમધ્યસ્થિત કેવલી ત્રીજે સમયે સર્વ લોકાકાશ પૂરે એમ બનતું નથી ]. કારણ કે - લોકનો મધ્યભાગ મેરુપર્વતના મધ્યભાગમાં [આઠ રુચકપ્રદેશને સ્થાને ] જ છે, અને ત્યાં કેવલીનો[2] સંભવ જ નથી, અને અન્ય સ્થાને સમુદ્ઘાત કરનારા કેવલીને ત્રીજે સમયે આંતરાં પૂરવા બાકી જ રહે છે, એમ જાણવું.

ત્યારબાદ પાંચમા સમયે પૂર્વોક્ત અનુક્રમથી ઊલટા ક્રમ પ્રમાણે મંથાનનાં આંતરાં સંહરે છે [ એટલે આંતરામાં પૂરેલા આત્મપ્રદેશોને સંહરી મંથાન આકારવાળા થાય છે ], અર્થાત્ આંતરામાં ફેલાયેલા જીવપ્રદેશોને સંકોચે છે. છઠ્ઠે સમયે મંથાન સંહરે છે [ એટલે મંથાનમાં પૂરેલા આત્મપ્રદેશોને સંહરી કપાટસ્થ થાય છે ], સાતમે સમયે કપાટને સંકોચે છે [ એટલે કપાટમાં પૂરાયેલા આત્મપ્રદેશોને સંહરી દંડસ્થ થાય છે ], અને આઠમે સમયે દંડને પણ સંહરીને શરીરસ્થ [ મૂળ અવસ્થા પ્રમાણે જેવા હતા તેવા ] થાય છે.

એ પ્રમાણે આ કેવલી સમુદ્ઘાત આઠ સમયનો છે, અને શેષ પૂર્વે કહેલા છએ સમુદ્ઘાતો અંતર્મુહૂર્ત અંતર્મુહૂર્તપ્રમાણના છે. એ આઠે સમયોમાં કેવલી ભગવાન વેદનીયા[3]દિ કર્મનાં ઘણાં પુદ્ગલોને નિર્જરે છે.

---

૧. કેવલી ભગવાન લોકના મધ્યભાગમાં રહ્યા હોય તો કેવલી સમુદ્ઘાત વડે ત્રીજે સમયે જ સમગ્ર લોકાકાશ પૂરે, અને અન્યત્ર રહેલા કેવલી ત્રીજે સમયે ન પૂરે તેનું શું કારણ ?

ઉત્તરઃ જો કેવલી લોકના અતિમધ્યભાગમાં રહ્યા હોય તો ત્રીજે સમયે મંથાન રચતી વખતે જ સન્મુખશ્રેણિએ [સમશ્રેણિએ] રહેલા બે બાજુના અર્ધ અર્ધ લોકાકાશને સમાન રીતે પૂરી શકે છે, જેથી કોઈપણ ભાગ ખાલી રહેતો નથી; કારણ કે જે ભાગ પૂરવા બાકી રહી શકે એવા છે તે તો કપાટના બે છેડાઓની સમશ્રેણિમાં ન આવ્યા હોય, પરંતુ ડાબે પડખે અને જમણે પડખે (સમશ્રેણિથી) કંઈક ખસતા રહ્યા હોય એવા હોય છે, અને તેવા ખસતા ભાગો ત્યારે જ રહી શકે કે કેવલી જ્યારે અતિમધ્યભાગમાં ન રહ્યા હોય. વળી કપાટના છેડાઓની સમશ્રેણિથી એવા ખસતા ભાગો રહેવાનું કારણ તો લોકાકાશનો પરિધિ - ઘેરાવો વક્ર આકારવાળો છે, માટે જ સમશ્રેણિમાં નહિ રહેલો એવો ઘેરાવા તરફનો - નજીકનો જ ભાગ પૂરાયા વિના રહી જાય છે, કારણ કે જીવપ્રદેશોની ગતિ સમશ્રેણિએ જ હોય છે માટે.

વળી બીજી વાત એ છે કે - મન્થાનનાં આંતરાં ચાર હોય છે, પરંતુ કોઈપણ કેવલિસમુદ્ઘાત વખતે બે જ આંતરાં પૂરવાનાં બાકી રહે છે, અને બે આંતરાં તો મંથાન રચતી વખતે સમકાળે જ પૂરાઈ જાય છે. તેનું કારણ કે - કેવલી ભગવાન મેરુપર્વતના મધ્યભાગથી જે દિશા તરફ ખસીને રહ્યા હોય, તે દિશા તરફના કેવલીની પશ્ચાત્ ભાગના ઘેરાવા પાસેનાં બે આંતરાં કપાટના છેડાની સમશ્રેણિએ આવેલા હોય છે, માટે તે પશ્ચાત્નાં બે આંતરાં મંથાન સમયે જ પૂરાય. અને અગ્રભાગના (અર્થાત્ અધિક દિશા તરફના) ડાબા પડખાનો અને જમણા પડખાનો એ બે આંતરાં જે લોકપરિધિની પાસે રહેલા છે, પરંતુ કપાટના છેડાની સમશ્રેણિમાં આવ્યા નથી, માટે તે અગ્રભાગનાં બે આંતરાં જ ચોથે સમયે પૂરાય છે, અને તેથી સમગ્ર લોકાકાશની પૂર્તિ સમાપ્ત ગણાય છે, - એ અધિક જાણવું.

૨. સમુદ્ઘાત કરનાર કેવલી ભગવાન ભૂમિ પર રહેલા હોય છે, માટે મેરુપર્વતના મધ્યભાગમાં કેવલીસમુદ્ઘાતકર્તા એવા કેવલીનો પ્રાયઃ અસંભવ કહ્યો. પરંતુ સમુદ્ઘાતરહિત કેવલી તો મેરુપર્વતની ચૂલિકા ઉપર મધ્યભાગે કોઈક વર્તતા હોય તો તેનો સર્વથા નિષેધ થઈ શકે નહિ. કારણ કે જો તેવો સર્વથા નિષેધ કરીએ તો મેરુના મધ્યભાગની સમશ્રેણિએ આવેલો સિદ્ધિક્ષેત્રનો પણ તેટલો ભાગ સિદ્ધરહિત થાય માટે.

૩. વેદનીય-આયુષ્ય-નામ-અને ગોત્ર એ ચાર કર્મો જ કેવલીને બાકી રહેલાં હોય છે. તેમાંથી આયુષ્ય સિવાયનાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રણ કર્મોની સ્થિતિનું સમીકરણ [ સયોગિ ગુણસ્થાનના અન્તે એ ત્રણે કર્મોની સ્થિતિ આયુષ્યની અધિક હોય તો તેના સરખી થાય તે સમીકરણ ] કરવાને માટે કેવલિસમુદ્ઘાત કરવાનો હોય છે, જેથી કેવલિ સમુદ્ઘાતમાં વેદનીય, ગોત્ર અને નામકર્મના ઘણા પ્રદેશો નિર્જરે છે. પુનઃ એ સમુદ્ઘાતમાં પ્રતિસમય શું થાય છે ? તે દર્શાવાય છે -

દંડસમયથી પૂર્વે ત્રણ કર્મની જે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી સ્થિતિ હતી, તેના અસંખ્ય ભાગ કલ્પીએ, તેમાંથી એક અસંખ્યાતમો ભાગ બાકી રાખીને શેષ સર્વે અસંખ્યાતા ભાગ દંડ સમયે હણે છે [ન્યૂન કરે છે]. તથા દંડસમયથી પૂર્વે ત્રણે કર્મોને જ રસ હતો તે રસના અનન્તા ભાગ કરીએ, તેમાંથી એક અનંતમો ભાગ બાકી રાખી શેષ સર્વે અનન્તા ભાગ દંડસમયે હણે છે. કઈ પ્રકૃતિઓના રસ હણાય છે ? તે દર્શાવાય છે :

અશાતા વેદનીય-૫ અશુભ સંસ્થાન-૫ અશુભ સંઘયણ-અશુભ વર્ણાદિ ૪ - ઉપઘાત - અશુભ ખગતિ - અપર્યાપ્ત - અસ્થિર - અશુભ - દુર્ભગ - દુઃસ્વર - અનાદેય - અયશ અને નીચ ગોત્ર એ સત્તાગત પચીશ પ્રકૃતિઓના અનન્ત રસભાગ હણાય છે, અને એક ભાગ બાકી રહે છે. પુનઃ એ જ દંડસમયે શાતા વેદનીય - દેવદ્વિક - મનુષ્યદ્વિક - પંચેન્દ્રિયજાતિ - ૫ શરીર - ૩ ઉપાંગ - વજ્રર્ષભનારાચ - સમચતુરસ્ર - શુભવર્ણાદિ ૪ - અગુરૂલઘુ - પરાઘાત - ઉચ્છવાસ - શુભ ખગતિ - ત્રસ - બાદર - પર્યાપ્ત - પ્રત્યેક - આતપ - ઉદ્યોત - સ્થિર - શુભ - સૌભાગ્ય - સુસ્વર - આદેય - યશ - નિર્માણ - જિન - ઉચ્ચગોત્ર એ ૩૯ (ઓગણચાલીસ) પ્રકૃતિઓના શુભ રસને અશુભ પ્રકૃતિઓના રસમાં સંક્રમાવીને હણે છે. અહીં આત્મસ્વરૂપમાં વર્તતા એવા કેવલી ભગવાનની શુભ પ્રકૃતિઓનો રસ અશુભમાં સંક્રમીને હણાય એ વિચિત્ર બનાવ તે સમુદ્ઘાતનું જ માહાત્મ્ય જાણવું. [ કારણ કે શુભ પરિણતિમાં વર્તતા જીવને તો અશુભપ્રકૃતિઓનો જ રસ શુભમાં સંક્રમીને હણાય છે, અને અહીં તો તેથી ઊલટું જ બને છે, માટે તે સમુદ્ઘાતનું માહાત્મ્ય જાણવું. ] વળી મોક્ષને નિકટ થયેલા એવા કેવલીને શુભ વા અશુભનો બન્નેનો રસ હણ્યા વિના પણ ચાલે તેમ નથી, અને પ્રથમની પદ્ધતિ પ્રમાણે અશુભનો રસ અશુભમાં જ સ્વસ્થાને અને શુભનો રસ પણ શુભમાં જ સ્વસ્થાને હણાતો રહે તો શુભ પ્રકૃતિઓનો રસ ઘણો હોવાથી સર્વથા ક્ષય થાય તેવો નથી, માટે શુભ પ્રકૃતિઓના રસને પણ અશુભમાં સંક્રમાવીને હણે છે.

પ્રશ્નઃ જેમ અશુભ પ્રકૃતિઓનો રસ શુભમાં સંક્રમ્યા વિના સ્વસ્થાને રહ્યો છતો [ અથવા સ્વસ્થાનમાં સંક્રમ્યો છતો પણ ] હણાય છે, તેવી રીતે શુભ પ્રકૃતિઓનો રસ પણ શુભમાં જ સ્વસ્થાને રહ્યો છતો કેમ ન હણાય ? કે જેથી શુભના રસને અશુભમાં સંક્રમાવવો પડે ?

ઉત્તરઃ અશુભ પરિણતિવાળા આત્માનો જ શુભ કર્મનો રસ અશુભમાં સંક્રમે, પરંતુ કેવલી તો શુભ પરિણતિવાળા છે, જેથી શુભનો રસ અશુભમાં સમુદ્ઘાત સિવાયના કાળમાં સંક્રમતો નથી. પરંતુ શુભમાં જ સ્વસ્થાને સંક્રમી સંક્રમીને હણાય છે. પરંતુ તેવી પદ્ધતિએ સંક્રમતાં પર્યન્તે જ્યારે શુભનો રસ ક્ષય ન પામી શકે એટલો ઘણો હોય ત્યારે સમુદ્ઘાત વખતે અશુભમાં સંક્રમાવવાની વિચિત્રતા પણ ઊભી થાય છે, અને એ સિવાય બીજો માર્ગ પણ નથી. માટે શુભ પરિણતિવાળા કેવલી ભગવાનને સમુદ્ઘાત વખતે શુભનો રસ અશુભમાં સંક્રમે છે તે સમુદ્ઘાતનું માહાત્મ્ય છે. વળી બીજી વાત એ છે કે - કેવલી ભગવાનને પરપ્રકૃતિનો સંક્રમ જ ન હોય, [ અર્થાત્ કેવલી સંક્રમકરણરહિત છે.] છતાં સમુદ્ઘાતમાં પરપ્રકૃતિસંક્રમ થાય છે તે પણ સમુદ્ઘાતનું બીજું માહાત્મ્ય છે.

પુનઃ તે બાકી રહેલા સ્થિતિના એક અસંખ્યાતમા ભાગના પુનઃ અસંખ્યાતા ભાગ કરીએ અને બાકી રહેલા રસના એક અનન્તમા ભાગના પુનઃ અનંત ભાગ કરીએ, તેમાંથી કપાટરચના સમયે સ્થિતિના અસંખ્યાતા ભાગ હણી એક ભાગ બાકી રાખે, અને રસના અનન્ત ભાગ હણી એક અનન્તમો ભાગ બાકી રાખે છે. આ સમયે પણ શુભ પ્રકૃતિઓના [ ૩૯ ના ] રસને અશુભના રસમાં સંક્રમાવે છે.

પુનઃ કપાટ સમયે બાકી રાખેલા સ્થિતિના એક અસંખ્યાતમા ભાગના પુનઃ અસંખ્યાતા ભાગ કરીએ, અને બાકી રહેલા રસના એક ભાગના પણ અનન્ત ભાગ કરીએ તેમાંથી મંથાન સમયે સ્થિતિના અસંખ્યાતા ભાગ અને રસના અનન્તા ભાગ હણીને એકેક ભાગ બાકી રાખે છે, આ સમયે પણ શુભના રસને અશુભમાં સંક્રમાવે છે.

તથા મંથાનરચના સમયે જે સ્થિતિનો એક ભાગ બાકી રહ્યો હતો તેના અસંખ્યાતા ભાગ કરવા, અને રસનો જે એક ભાગ બાકી રહ્યો હતો તેના અનન્તા ભાગ કરવા, ત્યાં અંતરપૂર્તિ સમયે તે સ્થિતિના અસંખ્યાતા ભાગ હણી એક ભાગ બાકી રાખે અને રસના અનન્તા ભાગ હણીને રસનો પણ એક ભાગ બાકી રાખે, અને ઓગણચાલીસ શુભ પ્રકૃતિઓના રસને અશુભ પ્રકૃતિઓના રસમાં સંક્રમાવી હણે, એ રીતે ચોથા સમયની વિધિ જાણવી.

એ પ્રમાણે સ્થિતિઘાત અને રસઘાત કરતાં પણ કેવલી ભગવંતને સમુદ્ઘાતના ચોથા સમયે ત્રણે કર્મની સ્થિતિ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આયુષ્યથી સંખ્યાતગુણી બાકી રહે, અને રસ તો હજી પણ અનન્તગુણો બાકી રહ્યો છે.

પુનઃ ચોથે સમયે સ્થિતિનો અને રસનો જે એકેક ભાગ બાકી રહ્યો છે, તેમાં પણ સ્થિતિના અસંખ્યાતા નહિ પણ સંખ્યાતા ભાગ કરીએ, અને રસના અનંતા ભાગ કરીએ. તેમાંથી અન્તરસંહાર સમયે એટલે પાંચમે સમયે સ્થિતિના સંખ્યાતા ભાગ હણી એક સંખ્યાતમો ભાગ બાકી રાખે, અને રસના અનન્તા ભાગ હણી એક અનન્તમો ભાગ બાકી રાખે [અહીં શુભના રસનો અશુભમાં સંક્રમ કહ્યો નથી ], એ રીતે પાંચમા સમયની વિધિ દર્શાવી.

એ પ્રમાણે પ્રથમના પાંચ સમયોમાં સ્થિતિના એકેક કંડકનો [અસંખ્યાતા ભાગના સમૂહનો], અને રસના પણ એકેક કંડકનો [ અનંતભાગના સમૂહનો ] સ્થિતિઘાત તથા રસઘાત એકેક સમયમાં થયો, અર્થાત્ એક સમયમાં એકેક કંડકનો ઘાત થયો. અને હવે છઠ્ઠાદિ સમયે તો સ્થિતિના અને અનુભાગના એકેક કંડકનો ઘાત અન્તર્મુહૂર્તે અન્તર્મુહૂર્તે થાય છે. અર્થાત્ છઠ્ઠા સમયે જે સ્થિતિકંડકનો ઘાત કરવો શરૂ કર્યો તે ઘાત અન્તર્મુહૂર્તે પૂર્ણ થાય, અને રસના પણ જે કંડકનો ઘાત શરૂ કર્યો તે ઘાત પણ અન્તર્મુહૂર્તે જ પૂર્ણ થઈ રહે. પ્રયત્ન મંદ થવાથી જ એ વિપર્યય થાય છે.

પ્રશ્નઃ છઠ્ઠે સમયે જે કંડકની ઉત્કિરણા કરી અર્થાત્ સ્થિતિઘાત કરવો શરૂ કર્યો તે અન્તર્મુહૂર્ત પૂર્ણ થવાથી સમુદ્ઘાતનો સાતમો - આઠમો સમય તો એ અન્તર્મુહૂર્તમાં જ આવી ગયો, ત્યારે સાતમા - આઠમા સમયે વિશેષ ક્રિયા શું થઈ ?

ઉત્તરઃ એ વાત એ પ્રમાણે નથી, કારણ કે સાતમો - આઠમો સમય જો કે છઠ્ઠા સમયે ઉત્કિરેલા કંડકના અન્તર્મુહૂર્તમાં અંતર્ગત હોવા છતાં પણ જેમ છઠ્ઠે સમયે નવા કંડકનો ઘાત શરૂ થયો, તેમ સાતમા સમયે પણ બીજા નવા કંડકનો ઘાત શરૂ થયો, તેમજ આઠમા સમયે પણ ત્રીજા નવા કંડકનો ઘાત શરૂ થયો જાણવો, જેથી સાતમો - આઠમો સમય પૂર્વોત્કીર્ણ કંડકના ઘાતમાં પણ પ્રવર્તે છે, અને બીજા નવા કંડકનો પણ ઘાત શરૂ કરે છે. અને એ જ રીતે આઠમા સમયે પૂર્વોત્કીર્ણ બે કંડકોના ઘાત ચાલુ છે તેટલામાં નવા ત્રીજા કંડકનો ઘાત પણ પ્રારંભાય છે, એ તાત્પર્ય છે. વળી એ અન્તર્મુહૂર્તે હણવા યોગ્ય કંડકોના ઘાતનો પ્રારંભ છઠ્ઠાદિ સમયે થયો છે. પરંતુ તે કંડકો એવી રીતે હણાય છે કે તેમાંથી પ્રતિસમય એકેક નાનો ખંડ વિનાશ પામતો જાય છે. એ રીતે અનેક નાના ખંડોના ઘાતથી અન્તર્મુહૂર્તમાં તે આખા કંડકનો ઘાત થાય છે. એ રીતે કંડકના સર્વઘાતની સમાપ્તિ તો સયોગી અવસ્થાના છેલ્લા સમયે જાણવી. પુનઃ છઠ્ઠાદિ સમયે ઉત્કિરાતા કંડકો છઠ્ઠા - સાતમા - આઠમા સમય જેટલા ત્રણ જ કંડકો ઉત્કિરાય છે એમ નહિ, પરંતુ સમુદ્ઘાત સમાપ્ત થયા પછીના પણ અસંખ્ય સમયો સુધી દરેક સમયે એકેક નવા નવા કંડકની ઉત્કિરણા પ્રારંભાય છે, અને તેવી નવા નવા સ્થિતિઘાતના પ્રારંભ સયોગી અવસ્થાનો અન્તર્મુહૂર્ત કાળ બાકી રહ્યે બંધ પડે છે, અને તે શેષ અન્તર્મુહૂર્તમાં તો તે અસંખ્ય કંડકોના ઘાત જ ચાલુ હોય છે, પરંતુ કોઈ નવા કંડકનો ઘાત પ્રારંભાતો નથી.

પુનઃ એ પ્રમાણે કેવલિસમુદ્ઘાત કરવાનું અવશ્ય કારણ તો ત્રણ કર્મોની સ્થિતિનું સમીકરણ કરવાનું છે. પરંતુ તે સમીકરણ સમુદ્ઘાતના આઠમા સમયે (છેલ્લા સમયે) પણ બની શક્યું નથી.

પ્રશ્નઃ જે ત્રણ કર્મોનું સમીકરણ કરવાને અર્થે શ્રી કેવલી ભગવાન સમુદ્ઘાત કરે છે, તે સમુદ્ઘાત થઈ ગયા છતાં પણ આઠમા સમયે જો સમીકરણ ન થયું તો સમુદ્ઘાત જેવો મહાન પ્રયત્ન કરવાની સાર્થકતા શું ? અને સમીકરણ ક્યારે થાય છે ?

ઉત્તરઃ સમુદ્ઘાત સાર્થક જ છે. કારણ કે સમીકરણ એટલે ત્રણ કર્મોની સ્થિતિ આયુષ્યની સ્થિતિ સમાન-તુલ્ય થવી, તે તો સયોગી અવસ્થાના અન્ત્ય સમયે જ થાય છે. પરંતુ જો સમુદ્ઘાત ન થયો હોય તો સયોગી અવસ્થાના અન્ત સમયે પણ સમીકરણ થાય નહિ, પરંતુ સ્થિતિ અધિક જ રહે; માટે ત્રણ કર્મોની સ્થિતિને આયુષ્ય સરખી કરવામાં સમુદ્ઘાત જ અવશ્ય કારણરૂપ હોવાથી કહેવાય છે કે - સમુદ્ઘાત કરવાનું કારણ ત્રણ સ્થિતિઓનું સમીકરણ છે.

પ્રશ્નઃ ત્રણ કર્મોની સ્થિતિને આયુષ્યની સ્થિતિતુલ્ય કરવી ને સમીકરણ, એમ કહો છો, પરંતુ સમીકરણમાં આયુષ્યની સ્થિતિ કેટલી હોય ? કે જેથી ત્રણ કર્મોની સ્થિતિને તેના તુલ્ય કરવી પડે ? અર્થાત્ સમીકરણ થયે ચારે કર્મોની સ્થિતિ સમાન થાય, પણ કેટલા પ્રમાણની થાય ?

ઉત્તરઃ સમુદ્ઘાત પ્રારંભતી વખતે વેદનીય, નામ અને ગોત્ર એ ત્રણ કર્મોની સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી હોય છે. અને આયુષ્યની સ્થિતિ સયોગી અવસ્થાનું એક અન્તર્મુહૂર્ત અને અયોગી અવસ્થાનું એક અન્તર્મુહૂર્ત (પાંચ હ્રસ્વાક્ષરના ઉચ્ચારકાળપ્રમાણ) હોય, એટલે બે અન્તર્મુહૂર્ત હોય છે. માટે ત્રણ કર્મોની પલ્યોપમાસંખ્યેયભાગ પ્રમાણ સ્થિતિને તોડીને ચૌદમા ગુણસ્થાનના કાળ તુલ્ય બનાવવાની હોય છે. અને તે સમુદ્ઘાત વખતના વિશિષ્ટ આત્મપ્રયત્ન વડે તેમજ સમુદ્ઘાત પછીના અન્તર્મુહૂર્ત સુધીના આત્મપ્રયત્ન વડે તે ત્રણ કર્મોની

प्रश्नः એ સાતે સમુદ્ઘાતોનું સ્વરૂપ તો જાણવામાં આવ્યું, પરંતુ હવે સમુદ્ઘાતો સર્વે કયા જીવોને હોય છે ? એ આશંકા.

उत्तरः એ શંકાના ઉત્તરમાં કહેવાય છે કે - सत्त मणुएसु नायव्वा એટલે પૂર્વે કહેલા એ સાતે સમુદ્ઘાત મનુષ્યોમાં એટલે મનુષ્યજાતિમાં (મનુષ્યગતિમાં) જુદા-જુદા જીવોને આશ્રયિ હોય છે. [પરંતુ એક જીવને સમકાળે સાતે સમુદ્ઘાત હોય નહિ] એ તાત્પર્ય છે. એ ૧૯૨મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૧૯૨॥

अवतरणः પૂર્વ ગાથામાં મનુષ્યોને સાત સમુદ્ઘાત કહ્યા તો શેષ જીવોને કોને કેટલા સમુદ્ઘાત હોય ? એ આશંકાનું સમાધાન આ ગાથામાં કહે છેઃ

**पज्जत्त बायराऽनिल - नेरइएसु य हवंति चत्तारि ।**
**पंच सुर - तिरियपंचिं-दिएसु सेसेसु तिगमेव ॥१९३॥**

गाथार्थः પર્યાપ્ત બાદર વાયુકાય અને નારકોને ચાર સમુદ્ઘાત હોય છે, અને દેવોને તથા તિર્યંચ પંચેન્દ્રિયોને પહેલા પાંચ સમુદ્ઘાત હોય છે, અને શેષ જીવોમાં ત્રણ-ત્રણ સમુદ્ઘાત હોય છે. ॥૧૯૩॥

टीकार्थः વૈક્રિય શરીર રચવાની લબ્ધિ-શક્તિવાળા પર્યાપ્ત બાદર વાયુકાય અને નારકોને પહેલા ચાર સમુદ્ઘાત છે, કારણ કે તૈજસ્ લબ્ધિનો એ જીવોમાં અભાવ હોવાથી તેઓને તૈજસ સમુદ્ઘાત નથી, તેમ જ આહારક સમુદ્ઘાત પણ નથી; કારણ કે આહારક સમુદ્ઘાત તો ચૌદ પૂર્વના જ્ઞાની મુનિઓને જ હોય છે. તથા કેવલિ સમુદ્ઘાત પણ એ જીવોને નથી. કારણ કે કેવલિ સમુદ્ઘાત તો ક્ષાયિક જ્ઞાન-દર્શન-ચારિત્રવાળા કેવલીઓને જ હોય છે.

---

અસંખ્ય વર્ષો જેટલી સ્થિતિના ઘાત થઈ થઈને સયોગીના અન્ત્ય સમયે જ્યારે આયુષ્યની સ્થિતિ પંચહ્રસ્વાક્ષરોચ્ચાર પ્રમાણ અન્તર્મુહૂર્ત જેટલી બાકી રહે છે, ત્યારે તે વખતે ત્રણ કર્મોની સ્થિતિ પણ તેટલી જ બાકી રહે છે. જેથી અયોગીના અન્ત્ય સમયે ચારે કર્મોનો ક્ષય સમકાળે એક જ સમયમાં થઈ શ્રી કેવલી ભગવાન નિર્વાણ પામે છે, એટલે સર્વ કર્મ રહિત થઈ અનંત અખંડ અવ્યાબાધ ઇત્યાદિ અનેક વિશેષણોવાળા મોક્ષસુખને લોકાગ્રે જઈ અનુભવે છે.

વળી આ કેવલિ સમુદ્ઘાત સર્વે કેવલી ભગવાન કરે જ એવો નિયમ નથી. કારણ કે જે કેવલીને એ ત્રણ કર્મોની સ્થિતિ સયોગીના અન્ત્ય સમયે આયુષ્યતુલ્ય જ રહે એવી હોય, તો તે કેવલીઓ સમુદ્ઘાત કરતા નથી. અને જે સયોગીના અન્ત્ય સમયે વિષમ સ્થિતિ રહે તેવું હોય તો તે કેવલીઓ અવશ્ય સમુદ્ઘાત કરે. જેથી કહ્યું છે કે :

अगंतूणं समुग्घाय - मणंता केवली जिणा ।
जरमरणविप्पमुक्का, सिद्धिं वरगइं गया ॥१॥

અર્થ :- અનન્ત કેવલી ભગવાનો સમુદ્ઘાત નહિ પામીને (નહિ કરીને) પણ જરા અને મરણથી મુક્ત થયા છતા ઉત્તમ સિદ્ધિગતિને પ્રાપ્ત થયા. ॥૧॥

તથા કેવલિસમુદ્ઘાતના શેષકાળસંબંધમાં શાસ્ત્રોમાં વર્ણવેલી જે ગાથા છે તે આ પ્રમાણે :

छम्मासाऊसेसे, उप्पन्नं जेसि केवलं नाणं ।
ते नियमा समुग्घाइय, सेसा समुग्घाय भइयव्वा ॥१॥

[ એ ગાથાનો જુદા જુદા પ્રકારનો અર્થવિસ્તાર શ્રી આવશ્યક ચૂર્ણિ આદિથી જાણવા યોગ્ય છે. શ્રી પ્રજ્ઞાપનાજીમાં તો કેવલીનું આયુષ્ય અન્તર્મુહૂર્ત બાકી રહે છે ત્યારે જ સમુદ્ઘાત કરે છે. એ સ્પષ્ટ અર્થ છે. ] તથા સમુદ્ઘાતનું ઘણું વર્ણન તો શ્રીપ્રજ્ઞાપનાજીના ૩૬મા સમુદ્ઘાત પદમાં છે. ॥इति केवलिसमुद्घातस्य विशेषस्वरूपम्॥


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા દેવો અને સંજ્ઞિપંચેન્દ્રિય તિર્યંચોને પહેલા પાંચ સમુદ્દ્ઘાત છે. કારણ કે એ જીવોને તેજોલબ્ધિનો પણ સંભવ છે. અને આહારક સમુદ્દ્ઘાત તથા કેવલિ સમુદ્દ્ઘાત એ બે સમુદ્દ્ઘાત નહિ હોવાનું કારણ તો પૂર્વે (બાદર પર્યાપ્ત વાયુ અને નારકોને અંગે) જે હેતુ કહ્યો તે અહીં પણ જાણવો.

તથા પૂર્વે કહેલ [મનુષ્ય-વાયુ-નારક-દેવ-તિર્યંચ પંચેન્દ્રિય એ] જીવભેદો સિવાયના બાકી રહેલા પૃથ્વી-અપ્-અગ્નિ-બાદર પર્યાપ્ત સિવાયના વાયુ - વનસ્પતિ - દ્વીન્દ્રિય - ત્રીન્દ્રિય - ચતુરિન્દ્રિય અને અસંજ્ઞિપંચેન્દ્રિય એ જીવભેદોમાં પ્રથમના ત્રણ સમુદ્દ્ઘાત જ [વેદના સમુદ્દ્ઘાત, કષાય સમુદ્ઘાત અને મરણ સમુદ્દ્ઘાત] હોય છે, કારણ કે એ જીવોને વૈક્રિય સમુદ્દ્ઘાત વિગેરે ચાર સમુદ્ઘાતની લબ્ધિનો અભાવ છે. એ પ્રમાણે ૧૯૩મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ।। इति समुद्घातेषु जीवभेदाः ।।

## ।।સાત સમુદ્દ્ઘાતનું કાળપ્રમાણ ।।

अवतरणः એ પ્રમાણે પૂર્વ ગાથામાં સમુદ્દ્ઘાતમાં પ્રાપ્ત થતા જીવભેદો [કયા જીવને કેટલા સમુદ્દ્ઘાત હોય ? તે] કહીને હવે એ જ સમુદ્દ્ઘાતોનું દરેકનું કાળપ્રમાણ આ ગાથામાં નિરૂપણ કરાય છે :

**दंड कवाडे रुयए, लोए चउरो य पडिनियत्तंते ।**
**केवलिय अट्ठसमए, भिन्नमुहुत्तं भवे सेसा ।।१९४।।**

गाथार्थः દંડરચનામાં, કપાટરચનામાં, રુચક (મંથાન) રચનામાં, અને લોક પૂરવામાં એ દરેકમાં એકેક સમય થવાથી ચાર સમય, અને વિપરીત ક્રમે પ્રતિનિવર્તનમાં (સંહરણમાં) બીજા ચાર સમય મળીને કેવલિસમુદ્દ્ઘાત આઠ સમયનો છે, અને શેષ છએ સમુદ્દ્ઘાત અન્તર્મુહૂર્તપ્રમાણના છે. ।।૧૯૪।।

टीकार्थः પૂર્વે [કેવલિ સમુદ્દ્ઘાતના વર્ણન પ્રસંગે] કહેલી રીતિ પ્રમાણે પહેલે સમયે દંડ, બીજે સમયે કપાટ, ત્રીજે સમયે રુચક એટલે મંથાન, અને ચોથે સમયે લોક સર્વ પૂરાય છે; એ પ્રમાણે ચાર સમય થાય છે. પુનઃ સમુદ્દ્ઘાતથી નિવૃત્ત થતાં પણ પૂર્વે કહેલી રીતિ પ્રમાણે જ [પાંચમે સમયે અન્તરસંહરણ, છઠ્ઠે સમયે મંથાનસંહરણ, સાતમે સમયે કપાટસંહરણ અને આઠમે સમયે દંડસંહરણ એ રીતિ પ્રમાણે] બીજા ચાર સમય થાય છે. એ રીતે કેવલિ સમુદ્દ્ઘાત આઠ સમયનો છે, અને શેષ સર્વે પણ સમુદ્ઘાતો અન્તર્મુહૂર્ત પ્રમાણના છે, અને એ વાત પ્રથમ પણ [વૃત્તિમાં] કહેવાઈ ગઈ છે. એ ૧૯૪ની ગાથાનો અર્થ સમાપ્ત. ।।૧૯૪।। इति समुद्घातस्य कालमानम् ।।

## ।। ૧૪ ગુણસ્થાનોનું સ્પર્શનાક્ષેત્ર ।।

अवतरणः એ પ્રમાણે પ્રથમ લોક આદિ સ્પર્શનીય ક્ષેત્ર કહ્યું. ત્યાર બાદ તે ક્ષેત્રને સ્પર્શનારા જીવોની અવસ્થાવિશેષ રૂપ જે સમુદ્દ્ઘાત, તેનું સ્વરૂપ પણ કહ્યું. અને ક્ષેત્રને સ્પર્શનારા જીવોના ભેદ જે મિથ્યાદૃષ્ટિ, સાસ્વાદન વિગેરે ચૌદ જીવસમાસરૂપ છે, તે ચૌદ ગુણસ્થાનો જ ચાલુ વિષયવાળાં છે. માટે હવે તે ચૌદ ગુણસ્થાનમાંનું કયું ગુણસ્થાન કેટલા ક્ષેત્રની સ્પર્શના કરે


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે (અર્થાત્ ગુણ- ગુણીના અભેદથી મિથ્યાદૃષ્ટિ આદિ ચૌદ ગુણસ્થાનવાળા જીવોમાંનો કયો જીવ કેટલું ક્ષેત્ર સ્પર્શે છે ?) તે આ ગાથાઓમાં કહેવાય છેઃ

**मिच्छेहि सव्वलोओ, सासणमिस्सेहि अजयदेसेहि ।**

**पुट्ठा चउदसभागा, बारस अट्ठट्ठ छच्चेव ॥१९५॥**

ગાથાર્થઃ મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનવાળા જીવોએ સર્વ લોક સ્પર્શ્યો છે. તથા સાસ્વાદન-મિશ્ર-અવિરત-દેશવિરત એ ચાર ગુણસ્થાનવાળા જીવોએ લોકના ચૌદ ભાગ કરીએ તેવા ચૌદિયા બાર ભાગ, આઠ ભાગ, આઠ ભાગ અને છ જ ભાગ અનુક્રમે સ્પર્શ્યા છે. ।।૧૯૫।।

ટીકાર્થઃ સૂક્ષ્મ એકેન્દ્રિયાદિ મિથ્યાદૃષ્ટિઓએ યથાયોગ્ય સ્વભાવસ્થ તથા સમુદ્ઘાતસ્થ એ બન્નેમાં પ્રત્યેક અવસ્થામાં રહીને પૂર્વે (૧૭૮[૧]મી ગાથામાં) કહેલી રીતિ પ્રમાણે સમગ્ર લોકને સદાકાળ સ્પર્શ્યો છે. ગાથામાં કહેલ સાસ્વાદનાદિ શબ્દનો સંબંધ बारस = બાર ઈત્યાદિ શબ્દોની સાથે અનુક્રમે છે, તેથી સમગ્ર લોક ચૌદ રજ્જુપ્રમાણનો હોવાથી લોકનો ચૌદિયો એકેક ભાગ એકેક રજ્જુપ્રમાણ ગણાય, તેવા બાર ચૌદિયા ભાગ તે બાર રજ્જુપ્રમાણ ગણાય. જેથી સામાન્યપણે વિચારતાં सास्वादनसम्यग्दृष्टि જીવો બાર રજ્જુને સ્પર્શે છે, એ ભાવાર્થ છે. અર્થાત્ સાસ્વાદની જીવો લોકના બાર રજ્જુ જેટલા ક્ષેત્રને સ્પર્શે છે. તે આ પ્રમાણે -

છઠ્ઠી तमःप्रभा પૃથ્વીમાંથી સાસ્વાદનસમ્યક્ત્વસહિત કોઈ નારકજીવ જ્યારે આ તિર્છાલોકમાં ઉત્પન્ન થાય, ત્યારે [છઠ્ઠી પૃથ્વીથી તિર્છાલોક સુધીનું] પાંચ રજ્જુ જેટલા ક્ષેત્રની [ઊર્ધ્વક્ષેત્ર] સ્પર્શના થાય છે. પુનઃ અહીં તિર્છાલોકનો જ તિર્યંચ વા મનુષ્યમાંનો કોઈ પણ જીવ સાસ્વાદનસમ્યક્ત્વસહિત ઊર્ધ્વલોકમાં લોકપર્યન્તે ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી આદિ કોઈ જીવપણે, કર્મગ્રન્થના અભિપ્રાય પ્રમાણે, ઉત્પન્ન થાય ત્યારે તે જીવને [તિર્યંચ વા મનુષ્યને] સાત રજ્જુ જેટલા ક્ષેત્રની સ્પર્શના પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે એક સાસ્વાદન ગુણસ્થાનને જ આશ્રયિને લોકના ચૌદિયા બાર ભાગની [એટલે બાર રજ્જુ જેટલી] સ્પર્શના પ્રાપ્ત થાય છે. પરંતુ કેવળ સાસ્વાદન ગુણસ્થાનવર્તી એક જીવને આશ્રયિ એ સ્પર્શના પ્રાપ્ત થતી નથી. એ પ્રમાણે બીજાં ગુણસ્થાનોમાં પણ યથાયોગ્ય એક ગુણસ્થાન આશ્રયિ સ્પર્શના વિચારવી, (પરંતુ એક જીવ આશ્રયિ નહિ). વળી આ જીવસમાસ સૂત્રને અનુસારે વિચારીએ તો આ તિર્છાલોકમાંથી કોઈ જીવ સાસ્વાદનસહિત અધોલોકમાં પૃથ્વીકાયાદિમાં જતો જ નથી. જો જતો હોત તો તિર્છાલોકમાંથી ઊર્ધ્વલોકમાં અને અધોલોકમાં સાસ્વાદનસહિત જીવ ઉત્પન્ન થતાં તે જીવને તેર રજ્જુની સ્પર્શના પણ પ્રાપ્ત થતી હોત. વળી સાતમી પૃથ્વીનો નારક તો સાસ્વાદન ગુણસ્થાન વમીને જ - ત્યાગીને જ અહીં તિર્છાલોકમાં ઉત્પન્ન થાય છે, માટે સૂત્રમાં (ગાથામાં) છઠ્ઠી પૃથ્વીનો જ નારક કહ્યો.

તથા મિશ્રદૃષ્ટિ એટલે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનવાળા જીવો લોકના ચૌદિયા આઠ ભાગ

૧. ૧૭૮-૧૭૯-૧૮૦ એ ત્રણ ગાથાઓમાં જે વિષય કહ્યો છે, તેવો જ વિષય પુનઃ કેમ આવ્યો ? એવી આશંકા ન કરવી. કારણ કે એ ત્રણ ગાથાઓમાં પૂર્વ ગુણસ્થાનોનું (જીવસમાસોનું) અવગાહનાક્ષેત્ર કહ્યું છે અને અહીં સ્પર્શના ક્ષેત્રનો વિષય ચાલે છે, અને એ બેનો તફાવત તો ૧૮૧મી ગાથામાં કહ્યો જ છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્પર્શે છે. એટલે મિશ્ર ગુણસ્થાનની સ્પર્શના લોકના આઠ રજ્જુપ્રમાણ છે. એ ભાવાર્થ છે. કેવી રીતે ? તે કહેવાય છે - જ્યારે મિશ્ર ગુણસ્થાનવર્તી ભવનપતિ આદિ કોઈ દેવને પૂર્વભવની સંગતિવાળો (પૂર્વભવનો મિત્ર) કોઈ અચ્યુત દેવલોકનો દેવ ત્યાં (બારમા અચ્યુતકલ્પમાં) સ્નેહથી લઈ જાય, ત્યારે (ભવનપતિના સ્થાનથી અચ્યુતકલ્પ સુધીની) છ રજ્જુની સ્પર્શના મિશ્રગુણસ્થાને પ્રાપ્ત થાય છે; છ [1]अच्चुए (તિર્ચ્છાલોકથી અચ્યુતકલ્પ ૬ રજ્જુ દૂર (સ્પર્શનીય ક્ષેત્રવાળો છે) એવું વચન હોવાથી, ત્યાં સહસ્રાર સુધીના મિશ્ર ગુણસ્થાનવર્તી દેવો પૂર્વભવના મિત્ર નારકને થતી વેદના શમાવવાને અર્થે અથવા પૂર્વભવના શત્રુ નારકને વિશેષ વેદના ઉપજાવવા માટે જ્યારે ત્રીજી નરક પૃથ્વીમાં જાય, ત્યારે ભવનપતિ દેવોના સ્થાનથી ત્રીજી નરકપૃથ્વી બે રજ્જુ દૂર હોવાથી પૂર્વે કહેલા છ રજ્જુમાં એ રજ્જુ અધિક પ્રાપ્ત થાય, જેથી સામાન્યપણે વિચારતાં મિશ્રદૃષ્ટિગુણસ્થાનવર્તી જીવો લોકનું આઠ રજ્જુપ્રમાણ ક્ષેત્ર સ્પર્શે છે. (અર્થાત્ મિશ્ર ગુણસ્થાનમાં ૮ રજ્જુ સ્પર્શના પ્રાપ્ત થાય છે. એ એક મિશ્ર ગુણસ્થાન આશ્રયિ જાણવું. એક જીવ આશ્રયિ નહિ.)

અથવા (મિશ્ર ગુણસ્થાનની સ્પર્શના બીજી રીતે પણ વિચારાય છે તે આ પ્રમાણે-) મિશ્ર દૃષ્ટિવાળા સહસ્રાર દેવલોકના દેવને પૂર્વભવનો મિત્ર અચ્યુતકલ્પનો દેવ સ્નેહથી ત્યાં અચ્યુત દેવલોકમાં લઈ જાય ત્યારે (સહસ્રારથી અચ્યુત સુધીની) ૧ રજ્જુની સ્પર્શના ગણવી. અને એ જ દેવલોકનો (સહસ્રાર કલ્પનો) દેવ પૂર્વોક્ત કારણથી ત્રીજી નરકપૃથ્વીમાં જાય ત્યારે સાત રજ્જુની સ્પર્શના ગણવી. જેથી બન્ને મિશ્રદૃષ્ટિઓની મળીને સર્વ આઠ રજ્જુની સ્પર્શના છે.

[પ્રશ્નઃ મિશ્ર ગુણસ્થાનની સ્પર્શનાના વિચારમાં સહસ્રાર સુધીનો જ દેવલોક કેમ ગ્રહણ કર્યો ? એથી ઉપરના દેવો શું મિશ્રદૃષ્ટિવાળા નથી હોતા ? કે મિશ્રદૃષ્ટિ હોવા છતાં ત્રીજી પૃથ્વીએ જતા નથી ? તેમ જ સાસ્વાદનમાં જેમ મરણ આશ્રયિ સ્પર્શના ચિંતવી, તેમ મિશ્ર દૃષ્ટિમાં મરણની અપેક્ષાએ સ્પર્શના કેમ ન કહી ?]

ઉત્તરઃ સહસ્રારથી ઉપરના આનતાદિ દેવો જો કે મિશ્રદૃષ્ટિવાળા તો હોય છે જ, પરંતુ અલ્પ સ્નેહાદિવાળા હોવાથી મિત્રાદિકના કારણે (મિત્ર નારકનું દુઃખ શમાવવા તથા શત્રુ નારક ને વિશેષ દુઃખ ઉપજાવવા) પણ નરકપૃથ્વીમાં જતા નથી, માટે એ સ્પર્શનામાં સહસ્રાર સુધીના જ દેવોનું ગ્રહણ કર્યું. તથા મિશ્રદૃષ્ટિવાળા કોઈ પણ જીવો મિશ્રદૃષ્ટિમાં રહ્યા છતાં મરણ પામતા નથી. તે કારણથી અહીં ભવસ્થ દેવોની જ સ્પર્શના વિચારી છે એમ જાણવું.

તથા અવિરત સમ્યગ્દૃષ્ટિઓ પણ લોકના આઠ રજ્જુને સ્પર્શે છે. તેની ભાવના (રીતિ) આ કહેલી ગાથાના અભિપ્રાય પ્રમાણે તો મિશ્રદૃષ્ટિની માફક જ જણાય છે. અને આ ગ્રંથની પ્રાચીન ટીકાના કર્તાએ પણ એ રીતે જ (અવિરતની મિશ્રદૃષ્ટિવત્ એ પ્રમાણે જ) ભલામણ કરેલી છે. પરંતુ તથા પ્રકારની કોઈ વિશેષ ભાવના કરી નથી (જુદી રીતિ દર્શાવી નથી). પરંતુ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ (શ્રીભગવતીજી) આદિ સિદ્ધાંતોના અભિપ્રાયથી તો એ અવિરત ગુણસ્થાનની બાર રજ્જુ સ્પર્શના પણ પ્રાપ્ત થતી કહી છે. તે આ પ્રમાણે - અનુત્તર વિમાનવાસી દેવને સાત

---

૧. આ ગ્રન્થની ૧૯૧મી ગાથાના ઉત્તરાર્ધમાં છ अच्चुए सत्त लोगंते એ વચન હોવાથી; તેમજ સર્વ શાસ્ત્રોમાં પણ અચ્યુતકલ્પ છ રજ્જુ જ દૂર કહ્યો છે.

Jain Education International

For Private & Personal Use Only
www.jainelibrary.org

રજ્જુની સ્પર્શના તો પ્રથમ કહી છે જ. વળી બીજી વાત એ છે કે - શ્રી પ્રજ્ઞપ્તિ આદિ સિદ્ધાંતના અભિપ્રાયથી મનુષ્ય અથવા તિર્યંચમાં તો કોઈ પણ જીવ અવિરતસમ્યક્ત્વસહિત પૂર્વે આયુષ્ય બાંધ્યું હોય તેવો ક્ષયોપશમ સમ્યક્ત્વ સાથે લઈને પણ છઠ્ઠી નરકપૃથ્વી સુધી નારકપણે ઉત્પન્ન થાય છે. વળી ત્યાંથી (છઠ્ઠી પૃથ્વીથી) નારક પણ ક્ષયોપશમસમ્યક્ત્વસહિત અહીં આવીને મનુષ્યમાં ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે અવિરત સમ્યગ્દૃષ્ટિ છઠ્ઠી નરકપૃથ્વીમાં જતો આવતો પાંચ રજ્જુ સ્પર્શે છે. તેથી પૂર્વોક્ત સાત રજ્જુસહિત બાર રજ્જુની સ્પર્શના પ્રાપ્ત થાય છે. સમ્યક્ત્વસહિત સાતમી પૃથ્વીમાં જવું તથા ત્યાંથી સમ્યક્ત્વસહિત આવવું તે તો શ્રી પ્રજ્ઞપ્તિ આદિમાં (સિદ્ધાંતમાં) પણ નિષેધ્યું છે, માટે અહીં છઠ્ઠી પૃથ્વીનું ગ્રહણ કર્યું છે. હવે એ બાબતના વિશેષ વિસ્તારથી સર્યું.

તથા દેશવિરત મનુષ્ય આ સ્થાનથી (તિર્યગ્લોકમાંથી) મરણ પામીને અચ્યુત દેવલોકમાં ઉત્પન્ન થાય ત્યારે છ રજ્જુ સ્પર્શે છે. અહીં એમ ન કહેવું કે - 'ત્યાં ઉત્પન્ન થતી વખતે એ દેવ હોવાથી અવિરત સમ્યગ્દૃષ્ટિ જ છે, પરંતુ દેશવિરત નથી'. કેમ કે જે જીવ ઋજુગતિ વડે એક સમયમાં ત્યાં ઉત્પન્ન થાય છે, તે જીવને પૂર્વભવનું આયુષ્ય ક્ષય પામતું ગણાય, પરંતુ ક્ષીણ થયું ન ગણાય; તેમ જ પૂર્વભવનું શરીર પણ ત્યાં ઉત્પન્ન થતી વખતે મૂકાતું (છોડાતું) ગણાય, પરંતુ મુક્ત (છૂટી ગયેલું) ન ગણાય; એ પ્રમાણે ક્ષીયમાણ આયુષ્યને અક્ષીણ ગણવાથી, અને મુચ્યમાન શરીરને અમુક્ત ગણવાથી, પૂર્વભવના જ આયુષ્ય અને શરીરવાળો ગણાવાથી, ઋજુગતિમાં દેશવિરત જ ગણાય; એ કારણથી દેવગતિમાં ઉત્પન્ન થતા જીવને દેશવિરત ગણવામાં કોઈ પણ દોષ નથી. એ પ્રમાણે પુટ્ઠા ચઉદસભાગા બારસ ઈત્યાદિ પદવાળી આ ચાલુ ગાથાનો અર્થ સાસ્વાદનાદિ જીવોને (ગુણસ્થાનોને) અંગે કહ્યો. એ ૧૯૫મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૧૯૫॥

અવતરણઃ પૂર્વ ગાથામાં મિથ્યાત્વથી દેશવિરત સુધીના પાંચ ગુણસ્થાનકોની સ્પર્શના દર્શાવીને હવે આ ગાથામાં પ્રમત્ત(સર્વવિરત)થી પ્રારંભીને અયોગી કેવલી સુધીનાં [૬-૭-૮-૯-૧૦-૧૧-૧૨-૧૩-૧૪ એ નવ] ગુણસ્થાનકોનું સ્પર્શનાક્ષેત્ર કેટલું છે ? તે દર્શાવાય છે :

**सेसेहऽसंखभागो, फुसिओ लोगो सजोगिकेवलिहिं ।**
**एगाईओ भागो, बीयाईयासु पुढवीसु ॥१९६॥**

ગાથાર્થઃ અહીં શેષ ગુણસ્થાનવાળા જીવોની સ્પર્શના લોકનો અસંખ્યાતમો ભાગ જાણવો. પરંતુ સયોગી કેવલીએ તો સંપૂર્ણ લોકાકાશ સ્પર્શેલો જાણવો. તથા (પૂર્વ ગાથામાં કહેલા ભાગમાં) એકાદિક ભાગ તે બીજી આદિ નરકપૃથ્વીઓ સુધીના જાણવા (બીજી સુધીનો ૧, ત્રીજી સુધીના ૨ ઈત્યાદિ રીતે). ॥૧૯૬॥

ટીકાર્થઃ સેસ એટલે પૂર્વોક્ત (પાંચ ગુણસ્થાન) સિવાયના શેષ પ્રમત્ત, અપ્રમત્ત અને અપૂર્વકરણ ઈત્યાદિ ગુણસ્થાનવર્ત્તી જીવોએ દરેકે લોકનો અસંખ્યાતમો ભાગ સ્પર્શેલો છે. કારણ કે એ જીવો ભવાન્તરાલમાં વર્તતા છતા (એટલે પરભવમાં ઉત્પન્ન થતી વખતે) પ્રમત્તસંયતાદિભાવને (અર્થાત્ પોતપોતાના ગુણસ્થાનને) છોડીને અસંયતપણું (અવિરતપણું)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાપ્ત કરે છે. તે કારણથી તે તે સ્થાનમાં વર્તતા (તે તે ક્ષેત્રમાં રહ્યા છતા) જ ગ્રહણ કરાય છે. વળી એ ગુણસ્થાનવર્તી જીવોનું જે ભરત, ઐરવત આદિ સ્વસ્થાન, તે લોકના અસંખ્યાતમા ભાગ જેટલું જ છે, માટે તે જ ક્ષેત્રની સ્પર્શનાવાળા એ જીવોને કહ્યા છે.

प्रश्नः ઉપશાન્તમોહ ગુણસ્થાન સુધીના એ પ્રમત્તાદિ જીવો પણ ઋજુગતિ વડે અનુત્તર દેવોમાં ઉત્પન્ન થતા હોય તે વખતે તેઓને પણ સાત રજ્જુની સ્પર્શના પ્રાપ્ત થાય જ. તો શા કારણથી અહીં તેઓની સ્પર્શના લોકના અસંખ્યાતમા ભાગ જેટલી કહી ? જેમ ઋજુગતિમાં એક સમય દેશવિરતિપણું ગણાય છે (પ્રથમ કહ્યા પ્રમાણે), તેમ પ્રમત્તાદિ જીવોને પ્રમત્તાદિભાવ પણ પ્રાપ્ત થાય જ. વળી એ જીવોની સાત રજ્જુ જેટલી સ્પર્શના પંચસંગ્રહમાં પણ કહી છે; તે આ પ્રમાણે - स[1]ग सेसा उ फुसंती, रज्जू खीणो असंखंसं [શેષ એટલે પ્રમત્તાદિ જીવો સાત રજ્જુ સ્પર્શે છે, અને ક્ષીણમોહ (બારમા ગુણસ્થાન તથા ચૌદમા ગુણસ્થાનવર્તી જીવો) લોકનો અસંખ્યાતમો ભાગ સ્પર્શે છે.] એ વચન હોવાથી.

उत्तरः એ વાત સત્ય છે, પરન્તુ સૂત્રની ગતિ વિચિત્ર હોવાથી એ પ્રકાર આ ગ્રંથમાં દર્શાવ્યો નથી, માટે તેમાં કોઈ દોષ નથી.

તથા सयोगिकेवली ગુણસ્થાનવર્તી કેવલી ભગવંતો કેવલિ સમુદ્ઘાતના ચોથા સમયે સંપૂર્ણ લોકાકાશને સ્પર્શનારા હોય છે. એ પ્રમાણે ચૌદે જીવસમાસોની [એટલે ચૌદે ગુણસ્થાનનું સ્પર્શનાક્ષેત્ર કહ્યું. ॥ इति गुणस्थानेषु स्पर्शनाक्षेत्रम् ॥

## ॥ ચાર ગતિ આશ્રયિ જીવોનું સ્પર્શનાક્ષેત્ર ॥

એ પૂર્વોક્ત જીવસમાસો [ચૌદ ગુણસ્થાનવર્તી જીવભેદો] નરકગતિ આદિ ગતિ - આશ્રિત છે, તે કારણથી હવે પ્રથમ નરકગતિમાં નારકજીવોને અંગે સ્પર્શનાક્ષેત્ર નિરૂપણ કરવાની ઈચ્છાએ જે કહેવાય છે, તે આ પ્રમાણે :

एगाईओ भागो = એકાદિક ભાગ, એમાં 'આદિ' શબ્દથી બે-ત્રણ ઈત્યાદિ પણ ગ્રહણ કરવા. તથા ભાગ એટલે લોકનો (લોકની ઊંચાઈનો) ચૌદમો અંશ કે જે એક રજ્જુ જેટલો ગણાય છે તેવા એકાદિ ભાગ, એટલે એકાદિ રજ્જુ જેટલી બીજી આદિ નરકપૃથ્વીઓમાં સ્પર્શના જાણવી. તે આ પ્રમાણે :

બીજી નરકપૃથ્વીમાંથી નીકળીને જે નારકજીવ અહીં [મનુષ્ય વા તિર્યંચમાં] ઉત્પન્ન થાય, અથવા તો અહીંથી મરણ પામીને જે મનુષ્ય વા તિર્યંચ બીજી નરકપૃથ્વીમાં નારકપણે ઉત્પન્ન થાય તે જીવ[2] લોકના ચૌદમા ભાગરૂપ ૧ રજ્જુને સ્પર્શે છે. તથા ત્રીજી નરકપૃથ્વીમાં જતો અથવા ત્યાંથી આવતો જીવ બે રજ્જુને સ્પર્શે છે. ચોથી પૃથ્વીમાં જતો-આવતો જીવ ત્રણ રજ્જુ સ્પર્શે છે. પાંચમી પૃથ્વીમાં જતો-આવતો જીવ ચાર રજ્જુ સ્પર્શે છે. છટ્ઠી પૃથ્વીમાં

૧. જુઓ પંચ સંગ્રહના બીજા દ્વારની ૩૦મી ગાથા.

૨. અહીં નારકજીવોની સ્પર્શનાના વિચારમાં ભવાંતરાલમાં નારકપણું વર્તતું હોય તેવો જીવ જાણવો, જેથી નરકપૃથ્વીમાંથી નીકળતાં ઋજુગતિએ તથા વક્રગતિએ પણ મરણ સમુદ્ઘાતથી આવેલો ગણવો, અને મનુષ્ય-તિર્યંચમાંથી નીકળતી વખતે મરણ સમુદ્ઘાતરહિત એવી ઋજુગતિ અથવા વિગ્રહગતિ વિચારવી.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જતો-આવતો જીવ પાંચ રજ્જુ સ્પર્શે છે, અને સાતમી પૃથ્વીમાં જતો-આવતો છ રજ્જુ સ્પર્શે છે. એ પ્રમાણે ૧૯૬મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૧૯૬॥ इति नारकाणां स्पर्शनाक्षेत्रम् ॥

अवतरण : પૂર્વ ગાથામાં ઉત્તરાર્ધમાં નરકગતિ આશ્રયિ નારકોનું સ્પર્શનાક્ષેત્ર કહ્યું. હવે આ ગાથામાં તિર્યંચનું સ્પર્શનાક્ષેત્ર કહીને મનુષ્યનું સ્પર્શનાક્ષેત્ર કહેવાનો પ્રસંગ છે. તો પણ તિર્યંચ- મનુષ્યોના સ્પર્શનાક્ષેત્રની વક્તવ્યતા એક સરખી હોવાથી તે બન્ને એક સાથે કહેવાની છે તે કારણથી આગળ કહીશું, એમ મનમાં વિચારીને ગ્રન્થકર્તા પ્રથમ આ ગાથામાં દેવગતિ આશ્રયિ દેવોનું સ્પર્શનાક્ષેત્ર કહે છેઃ

**ईसाणंता मिच्छा, सासण नव मिस्स अविरया अट्ठ ।**
**अट्ठ सहस्सारंतिय, छलच्चुयाऽसंखभागुप्पिं ॥१९७॥**

गाथार्थः ઈશાન દેવલોક સુધીના મિથ્યાદૃષ્ટિગુણસ્થાનવર્તી તથા સાસ્વાદનગુણસ્થાનવર્તી દેવો નવ રજ્જુ સ્પર્શે છે. મિશ્રગુણસ્થાનવર્ત્તી દેવો તથા અવિરતસમ્યગ્દૃષ્ટિ દેવો આઠ રજ્જુ સ્પર્શે છે. તથા (ત્રીજાથી) સહસ્રાર સુધીના દેવો પણ આઠ રજ્જુ સ્પર્શેછે. અચ્યુત સુધીના (આનતથી અચ્યુત સુધીના) દેવો છ રજ્જુ સ્પર્શે છે, અને તેથી ઉપરના દેવો (ગ્રૈવેયક તથા અનુત્તર દેવો) લોકનો અસંખ્યાતમો ભાગ સ્પર્શે છે. ॥૧૯૭॥

टीकार्थः ભવનપતિથી પ્રારંભીને ઈશાન દેવલોક સુધીના (ભવનપતિ- વ્યન્તર-જ્યોતિષ - સૌધર્મ - ઈશાનના) દેવો મિથ્યાદૃષ્ટિ તેમ જ સાસ્વાદન ગુણસ્થાની પણ નવ રજ્જુ સ્પર્શે છે. તે આ પ્રમાણે - ભવનપતિ, વ્યન્તરો અને જ્યોતિષી એ ત્રણ નિકાયના દેવો તો પૂર્વે કહેલા કારણથી (મિત્ર નારકને થતી પીડા ઉપશમાવવા અથવા શત્રુ નારકને અધિક પીડા ઉપજાવવા) ત્રીજી નરકપૃથ્વી સુધી જાય છે તેથી (વૈક્રિયસમુદ્ઘાત વડે) નીચે બે રજ્જુ સ્પર્શે છે, અને ઉપર ઊર્ધ્વલોકમાં ઈષત્પ્રાગ્ભારાદિ પૃથ્વીઓમાં પૃથ્વીકાયપણે ઉત્પન્ન થતા હોય ત્યારે (મરણ સમુદ્ઘાત વડે) સાત રજ્જુ સ્પર્શે છે. જેથી સર્વ મળીને ૯ રજ્જુની સ્પર્શના થઈ. તથા સૌધર્મકલ્પ અને ઈશાનકલ્પના દેવો પણ મિથ્યાદૃષ્ટિ તેમજ સાસ્વાદનવર્તી, તે ત્રીજી પૃથ્વી સુધી (પૂર્વોક્ત કારણથી) જાય ત્યારે સાડા ત્રણ રજ્જુ સ્પર્શે છે, અને ઉપર ઈષત્પ્રાગ્ભારાદિ પૃથ્વીઓમાં પૃથ્વીકાયપણે ઉત્પન્ન થતા હોય ત્યારે સાડા પાંચ રજ્જુ સ્પર્શે છે. જેથી સૌધર્મેશાનના મિથ્યાદૃષ્ટિ અને સાસ્વાદની દેવો પણ સર્વ નવ રજ્જુ સ્પર્શે છે.

मिस्स अविरया अट्ठ (મિશ્રદષ્ટિ અને અવિરત એવા એ જ દેવો આઠ રજ્જુ સ્પર્શે છે, અર્થાત્) એ જ ભવનપતિથી પ્રારંભીને ઈશાનકલ્પ સુધીના મિશ્રદૃષ્ટિ તથા અવિરત સમ્યગ્દૃષ્ટિ દેવો આઠ રજ્જુ સ્પર્શે છે. એ દેવોની એ આઠ રજ્જુસ્પર્શના કહી, તેની ભાવના આ પ્રમાણે-

(એ બન્ને ગુણસ્થાનવર્તી ઈશાન સુધીના દેવો પૂર્વોક્ત કારણથી) ત્રીજી પૃથ્વી સુધી જાય છે, જેથી ૨ અને ૩॥ રજ્જુની સ્પર્શના થાય છે, અને ઉપર પૂર્વભવના મિત્ર દેવ સાથે અચ્યુત દેવલોક સુધી જતાં ૬ અને ૪॥ રજ્જુની સ્પર્શના થાય છે. જેથી ભવનપતિ આદિને તેમ જ સૌધર્મેશાનના મિશ્ર-અવિરત દેવોને આઠ રજ્જુની સ્પર્શના પ્રાપ્ત થાય છે. કારણ કે ત્રીજી નરક પૃથ્વી અને અચ્યુત દેવલોક એ બેની વચ્ચે આઠ રજ્જુ જેટલું અંતર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા अट्ठ सहस्सारंतिय એટલે સામાન્યપણે વિચારતાં સનત્કુમારથી પ્રારંભીને સહસ્રાર કલ્પ સુધીના મિથ્યાદૃષ્ટિ આદિ ચારે ગુણસ્થાનવાળા દેવો આઠ રજ્જુ સ્પર્શે છે. એ આઠ રજ્જુની સ્પર્શના પણ એ દેવોને અંગે નીચે ત્રીજી પૃથ્વી સુધી જતાં અને ઉપર અચ્યુત દેવલોકમાં પૂર્વભવના મિત્ર દેવની સાથે જતાં ઉપર કહ્યા પ્રમાણે જ વિચારવી.

प्रश्नः અહીં પ્રશ્ન થાય છે કે આ સ્થાને अट्ठ य पाणयअंतिय (પ્રાણત સુધીના દેવોની સ્પર્શના આઠ રજ્જુ સુધી છે), એ પ્રમાણે કેમ ન કહ્યું ? કારણ કે ઉપર દર્શાવેલી યુક્તિ-રીતિ પ્રમાણે તો સનત્કુમારથી પ્રાણતકલ્પ સુધીના દેવોને પણ આઠ રજ્જુની સ્પર્શનાનો સંભવ છે !

उत्तरः એ વાત સત્ય છે. પરંતુ એમ મનાય છે કે આનતાદિ દેવો (આનત અને પ્રા[1]ણત કલ્પના દેવો) અલ્પ મોહવાળા હોવાથી નરકપૃથ્વીઓમાં વિશેષ વેદના ઉપજાવવા (અથવા મિત્ર નારકને વેદના ઉપશમાવવા) માટે ત્યાં જતા જ નથી. તેમ જ પૂર્વભવનો મિત્ર દેવ પોતાની સાથે આરણ વા અચ્યુત સ્વર્ગમાં લઈ જવા કહે તો પણ તેને તે ઉપરના સ્વર્ગોમાં (ઋદ્ધિ આદિ જોવા માટે) જવાની ઈચ્છા પણ કરતા નથી. તે કારણથી अट्ठ सहस्सारंतिय (સહસ્રાર સુધીના દેવોને આઠ રજ્જુની સ્પર્શના હોય) એમ કહ્યું છે.

તથા छलच्चुय (એટલે અચ્યુત સુધીના દેવોને છ રજ્જુની સ્પર્શના છે, કારણ કે) અચ્યુત કલ્પના દેવો શ્રી જિનેશ્વરને વંદનાદિ કરવાના કારણથી અહીં મનુષ્યલોકમાં આવે છે તેથી (અચ્યુતથી મનુષ્યલોક સુધીના) છ રજ્જુ જેટલી સ્પર્શના તે અચ્યુત સુધીના દેવોને (આરણ અને અચ્યુત એ બે કલ્પના દેવોને) હોય છે. પુનઃ આ ગ્રન્થકર્તાના અભિપ્રાય પ્રમાણે એ દેવો પણ અલ્પ મોહવાળા હોવાથી વેદના ઉપજાવવા અથવા શમાવવા ત્રીજી પૃથ્વીમાં (ત્રણે પૃથ્વીઓમાં) જતા નથી. અને જેઓના મતે [2]સીતેન્દ્ર ચોથી પૃથ્વીમાં લક્ષ્મણની વેદના ઉપશમાવવા માટે ત્યાં (ચોથી પૃથ્વીમાં) ગયેલ સંભળાય છે, તેઓના મતે આરણ-અચ્યુત કલ્પના દેવોને છ રજ્જુથી અધિક સ્પર્શના (આઠ રજ્જુની સ્પર્શના) પણ પ્રાપ્ત થાય છે જ.

વળી શ્રી ભગવતીજીના અભિપ્રાયથી તો સાતમી પૃથ્વીથી પણ નીચેના સ્થાન સુધી વૈમાનિક દેવોનું જવું આવવું કહ્યું છે. જે કારણથી (શ્રી ભગવતીજીમાં) કહ્યું છે કે - "[3]अत्थि

૧. અહીં पाणयअंतिय કહેવાથી એ પ્રશ્નકર્તાના અભિપ્રાયમાં આરણ - અચ્યુત સ્વર્ગના દેવો નરકપૃથ્વીઓમાં જતા નથી, એમ સ્પષ્ટ થાય છે, નહિતર આ સ્થાને પ્રશ્નનો અવકાશ अच्चुयंतिय (અચ્યુત સુધીના) એ પાઠથી થઈ શકે.

૨. આ અવસર્પિણીમાં થયેલા અતિપ્રસિદ્ધ રામ અને લક્ષ્મણ જેઓ બળદેવ અને વાસુદેવ હતા. તેમાંના રામ બળદેવ મોક્ષે ગયા છે, લક્ષ્મણ ચોથી નરકમાં ગયા છે અને રામની સ્ત્રી સીતા તે બારમા દેવલોકમાં ઈન્દ્રપણે ઉત્પન્ન થઈ છે માટે સીતેન્દ્ર નામ છે. તે પોતાના પૂર્વભવના દિયરની વેદના શમાવવા ચોથી પૃથ્વીમાં ગયેલ છે.

૩. હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીની નીચે ઉદાર (મોટા) મેઘ હોય છે ? અથવા પોતાની મેળે ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! હા, હોય છે (સ્વતઃ ઉત્પન્ન થતા નથી). તો હે ભગવન્ ! તે મહામેઘોને શું અસુર દેવો કરે છે (વિકુર્વે છે), કે નાગદેવો વિકુર્વે છે કે વૈમાનિક દેવો કરે છે ? હે ગૌતમ ! અસુરદેવો પણ કરે છે, નાગદેવો અને વૈમાનિક દેવો પણ કરે છે એ પ્રમાણે (પહેલી પૃથ્વીની નીચે જેમ ત્રણે દેવો મહામેઘ વિકુર્વે છે તેમ) બીજી પૃથ્વીની નીચે પણ અને ત્રીજી પૃથ્વીની નીચે પણ મહામેઘોને અસુરકુમાર પણ કરે અને વૈમાનિક દેવો પણ કરે, પરંતુ નાગકુમારો ન કરે, અને નીચેની ચાર પૃથ્વીઓમાં તો દરેક પૃથ્વીની નીચે મહામેઘોને કેવળ વૈમાનિક દેવો જ કરે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

णं भंते ! इमीसे रयणप्पभाए पुढवीए अहे ओराला बलाहया संसेयंति ?'' એમાં બલાહક એટલે મેઘ અને સંસેયંતિ એટલે સમ્મૂર્છે છે (ઉત્પન્ન થાય છે ?). ઉત્તર : - 'हंता अत्थि । तं भंते ! किं असुरो पकरेइ ? नागो पकरेइ ? देवो पकरेइ ?' ઉત્તર : - 'असुरो वि पकरेइ नागो वि देवो वि '. અહીં દેવ તે વૈમાનિક દેવો જાણવા. 'एवं दोच्चाए वि पुढवीए अहे, तच्चाए वि नवरं असुरो वि पकरेइ देवो वि पकरेइ नो नागो पकरेइ' . કારણ કે નાગકુમાર દેવોને ત્રીજી પૃથ્વીથી નીચે જવા જેટલું સામર્થ્ય ન હોવાથી ત્યાં જઈ મેઘ વિકુર્વતા નથી. 'हेट्ठिल्लासु चउसु पुढवीसु अहे एगो देवो पकरेइ' . કારણ કે અસુરકુમાર અને નાગકુમાર દેવોનું નીચે ચાર પૃથ્વીઓમાં જવાનું સામર્થ્ય નથી. એ પ્રમાણે આ ગ્રંથમાં (સૂત્રમાં) સાતમી પૃથ્વીની નીચેના સ્થાન સુધી પણ વૈમાનિક દેવોનું ગમન કહ્યું છે. અને આ (જીવસમાસ) ગ્રંથમાં તો ત્રીજી પૃથ્વી સુધી જ વૈમાનિક દેવોનું ગમન કહ્યું છે એ ત્રણ બાબતમાં તત્[1]ત્વ શું છે તે શ્રીસર્વજ્ઞ જાણે.

તથા असंखभागुप्पि એટલે અચ્યુત દેવલોકથી ઉપર રહેલા ગ્રૈવેયક દેવો તથા અનુત્તર વિમાનવાસી દેવોને કોઈ પણ સ્થાને જવા આવવાનું નહિ હોવાથી તેઓનું સ્પર્શનાક્ષેત્ર પોતાના સ્થાન જેટલું જ જાણવું. અને તે સ્થાન લોકના અસંખ્યાતમા ભાગ જેટલું જ છે, એ તાત્પર્ય છે. (તથા પૂર્વ ગાથામાં નારકજીવોને માટે જેમ મરણની અપેક્ષાએ સ્પર્શનાક્ષેત્ર કહ્યું, તેમ અહીં દેવોની સ્પર્શનામાં મરણ પામતા દેવોની સ્પર્શનાની વિવક્ષા ન કરી. (અને જો મરણની અપેક્ષાએ સ્પર્શના વિચારી હોત તો એ કહેલી સ્પર્શનાથી જુદી રીતે જ કહેવાત). એ પ્રમાણે ૧૯૭મી ગાથાનો અર્થ સમાપ્ત. ।।૧૯૭।। इति देवानां स्पर्शनाक्षेत्रम् ।।

अवतरण : હવે આ ગાથામાં તિર્યંચ અને મનુષ્યગતિનું સ્પર્શનાક્ષેત્ર કહે છેઃ

**नरतिरिएहि य लोगो, सत्तासाणेहि छऽजयगिहीहिं ।**
**मिस्सेहऽसंखभागो, विगलिंदीहिं तु सव्वजगं ।।१९८।।**

गाथार्थः (ગુણસ્થાનરહિત સામાન્ય વિચારતાં) મનુષ્ય અને તિર્યંચોની સ્પર્શના સર્વ લોક જેટલી છે. (હવે ગુણસ્થાનથી વિચારતાં) સાસ્વાદનસહિત એ બન્નેની સ્પર્શના સાત રજ્જુ છે. અવિરત અને દેશવિરતસહિત વિચારતાં છ રજ્જુ સ્પર્શના છે. મિશ્રગુણસ્થાનસહિતની લોકનો અસંખ્યાતમો ભાગ છે, અને વિકલેન્દ્રિયોની સ્પર્શના સર્વ જગત(સર્વ લોક)પ્રમાણ છે. ।।૧૯૮।।

---

૧. એ પ્રમાણે વૈમાનિક દેવોમાં આ ગ્રંથને મતે સહસ્રાર સુધીના દેવોનું ગમન ત્રીજી પૃથ્વી સુધી અને આનતાદિ ચારનું ગમન મનુષ્યલોક સુધી કહ્યું. પુનઃ અન્ય ગ્રંથોને મતે અચ્યુત સુધીના સર્વ વૈમાનિકોનું ગમન ચોથી પૃથ્વી સુધી કહ્યું. અને ભગવતીજી આદિના મતે વૈમાનિક દેવોનું ગમન સાતે પૃથ્વીઓની નીચે સુધી કહ્યું. એ ત્રણ વિસંવાદમાં અપેક્ષાથી વિચારીએ તો અતિવિરોધ જેવું કંઈ નથી. કારણ કે સિદ્ધાંતોમાં અથવા ગ્રન્થોમાં કેટલીક બાબત પ્રત્યે અતિઅલ્પ અને કદાચિત્ ભાવની વિવક્ષા પણ કરી હોય છે. જે આ દેવોની સ્પર્શનાની બાબતમાં પ્રથમ તો મરણ છોડીને કેવળ વૈક્રિય સમુદ્‌ઘાતની જ વિવક્ષા કરી, અને ઉપર કહ્યા પ્રમાણે વિચારીએ તો વૈમાનિક દેવોનું વિશેષે ગમનાગમન ત્રીજી પૃથ્વી સુધી જ હોય તો તે વિશેષભાવની અપેક્ષાએ આ ગ્રન્થની વિવક્ષા પણ યથાર્થ છે, અને કદાચિત્ ભાવની અપેક્ષાએ ચોથી પૃથ્વીમાં ગમનની તથા સાતે પૃથ્વીઓમાં ગમનની વાત પણ યથાર્થ હોઈ શકે છે. જેથી અપેક્ષાએ ત્રણે વાત સત્ય સંભવે છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ટીકાર્થઃ મનુષ્યો વડે અને તિર્યંચો વડે સર્વ લોક વ્યાપ્ત થયેલો હોય છે. (અર્થાત્ મનુષ્યોની અને તિર્યંચોની સ્પર્શના સર્વલોકપ્રમાણ છે). ત્યાં મનુષ્યોની કેવલિસમુદ્ઘાતના ચોથા સમયે સર્વ લોકની સ્પર્શના જાણવી. અહીં કેટલાક આચાર્યો કહે છે કે - ''મિથ્યાદૃષ્ટિ મનુષ્ય ઊર્ધ્વલોકમાં, અધોલોકમાં અને તિર્છાલોકમાં એમ સર્વ સ્થાને ઉત્પન્ન થાય છે, જેથી એ રીતે ત્રણે લોકમાં સર્વત્ર ઉત્પન્ન થતાં અને એ ત્રણે લોકનાં સર્વ સ્થાનોમાંથી આવતાં વેદના સમુદ્ઘાત વડે અને મરણ સમુદ્ઘાત વડે સર્વ લોકમાં વ્યાપ્ત થાય છે.'' એ વ્યાખ્યાનું રહસ્ય તો અમે સમજી શકતા નથી. કારણ કે - મનુષ્યો માત્ર અઢી દ્વીપમાં જ રહેનારા (સ્વસ્થાનવાળા) હોવાથી ઘણા અલ્પ છે. તે કારણથી જો તેઓને શેષ જીવોમાં ઉત્પન્ન થવાની અપેક્ષાએ વિચારીએ, અને શેષ જીવો મનુષ્યોમાં ઉત્પન્ન થતાં તેઓને પણ મનુષ્ય તરીકે ગણીએ અને વેદના સમુદ્ઘાત તથા મરણ સમુદ્ઘાતની અપેક્ષા વિચારીએ તો પણ મનુષ્યોને સર્વલોકવ્યાપીપણું સમજી શકાતું નથી. વળી બીજી વાત એ છે કે 'પંચેન્દ્રિય જીવો ઉપપાતથી, સમુદ્ઘાતથી અને સ્વસ્થાનથી પણ લોકના અસંખ્યાતમા ભાગમાં છે,' એ વચનથી શ્રી પ્રજ્ઞાપનાજીમાં પંચેન્દ્રિયોને પણ સર્વલોકવ્યાપીપણું ગણ્યું નથી તે કેવળ મનુષ્યોની તો વાત જ શી ! તે કારણથી કેવલીની અપેક્ષાએ જ મનુષ્યોનું સર્વલોકવ્યાપીપણું જાણવું. અને સૂક્ષ્મ એકેન્દ્રિયોની અપેક્ષાએ મિથ્યાદૃષ્ટિ તિર્યંચો તો સર્વલોકવ્યાપી હોય એમ સમજાય છે જ. (એ પ્રમાણે ગુણસ્થાનરહિત વિચાર કહ્યો, પરંતુ તિર્યંચોની અપેક્ષાએ મિથ્યા[૧]દૃષ્ટિ ગુણસ્થાનનો વિચાર પણ સંગ્રહ્યો છે.)

सत्तासाणेहि એટલે (सास्वादनैः सप्त =) સાસ્વાદનગુણસ્થાનવર્તી તિર્યંચો અને મનુષ્યો જ્યારે સિદ્ધશિલા વિગેરે પૃથ્વીઓમાં પૃથ્વીકાયપણે ઉત્પન્ન થતા હોય ત્યારે તે તિર્યંચ-મનુષ્યોને સાત રજ્જુની સ્પર્શના પ્રાપ્ત થાય છે. વળી આ લોકમાંથી (તિર્ચ્છાલોકમાંથી) મરણ પામેલો સાસ્વાદન ગુણસ્થાનવાળો જીવ કંઈક શુભ અધ્યવસાયવાળો હોવાથી ઊર્ધ્વલોકમાં જ જાય છે, પરંતુ અધોલોકમાં જતો નથી. એ કારણથી જ સૂત્રમાં (ગાથામાં) એ પ્રમાણે પ્રતિપાદન કરેલું હોવાથી; વળી જો સાસ્વાદની નીચે પણ જતો હોત તો તેર રજ્જુની સ્પર્શના કહી હોત.

[પ્રશ્નઃ જો સાસ્વાદની ઊર્ધ્વલોકમાં એટલે ઊર્ધ્વગતિએ જ જાય છે, તો [૨]છઠ્ઠી નરકમાંથી નીકળેલો સાસ્વાદનસહિત નારકજીવ આ તિર્ચ્છાલોકમાં તિર્યંચ વા મનુષ્યપણે ઉત્પન્ન તો થાય છે જ. તો તે નારકજીવને અહીં ભવાન્તરાલમાં વર્તતી વખતે તિર્યંચ વા મનુષ્ય રૂપે ગણીએ તો સાસ્વાદન તિર્યંચ-મનુષ્યની સ્પર્શના સાત રજ્જુથી પણ અધિક કેમ ન ગણાય ? તે પ્રશ્નના સમાધાનમાં કહેવાય છે કે -]

---

૧. અહીં ગતિ સંબંધી સ્પર્શનામાં પ્રથમથી ચાલુ પદ્ધતિ ગુણસ્થાનસહિત કહેવાતી આવી છે, પરંતુ આ ગાથામાં પહેલા ચરણમાં મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાન નથી કહ્યું તો પણ તિર્યંચોને અંગે મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાન ગ્રહણ કરવું યોગ્ય છે. કારણ કે પછી તો સાસ્વાદનાદિમાં સ્પર્શના કહી છે. ત્યારે મિથ્યાદૃષ્ટિની સ્પર્શનાનો અવકાશ ક્યાં રહ્યો ? વળી ભેગો મનુષ્ય શબ્દો હોવાથી મનુષ્યને અંગે તો મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાન ઘટતું નથી, માટે 'સૂત્રની વિચિત્ર ગતિ' વિચારીને જ તિર્યંચમાં પહેલાં ગુણસ્થાનની સ્પર્શના ગણવી, અને મનુષ્યમાં મિથ્યાદૃષ્ટિની સ્પર્શના કહી નથી તો અન્ય ગ્રંથોથી લોકના અસંખ્યાતમા ભાગ જેટલી અધ્યાહારથી જાણી લેવી.

૨. સાતમી પૃથ્વીનો નારકજીવ ઉપશમ સમ્યક્ત્વ પામી સાસ્વાદન પામે છે, પરંતુ તે સાસ્વાદનસહિત મરણ પામી પરભવમાં જતો નથી માટે જ અહીં છઠ્ઠી પૃથ્વી કહી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાસ્વાદનસહિત જે નારકજીવ છઠ્ઠી નરકપૃથ્વી વિગેરેમાંથી નીકળીને અહીં તિર્યંચ વા મનુષ્યપણે ઉત્પન્ન થાય છે, તે જીવ ભવાન્તરાલમાં વર્તતી વખતે (એટલે માર્ગમાં વહેતાં) પરભવના આયુષ્યનો (મનુષ્ય વા તિર્યંચના આયુષ્યનો) ઉદય હોવા છતાં પણ પરભવના શરીરની પ્રાપ્તિ નહિ થવાથી તે જીવને નારકરૂપે જ ગણ્યો છે, એમ જાણવું. જો એ પ્રમાણે નારકપણે ન ગણ્યો હોત તો સાસ્વાદન તિર્યંચ વા મનુષ્યોની સ્પર્શના બાર રજ્જુ જેટલી કહી[૧] હોત.

छऽजयगिहीहिं - અજય-અયત એટલે અવિરત સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો અને (गिही = ગૃહી) ગૃહસ્થ એટલે દેશવિરત એવા મનુષ્યો (શ્રાવકો) અહીં ગ્રહણ કરવા. અર્થાત્ તે અવિરત અને દેશવિરત એ બન્નેમાંના દરેક અહીંથી - મનુષ્યલોકમાંથી મરણ પામીને અચ્યુત દેવલોકમાં ઉત્પન્ન થતા હોય તે વખતે તેઓને છ રજ્જુની સ્પર્શના હોય છે. વળી એ અવિરત અને દેશવિરત તે અહીં સામર્થ્યથી [છ રજ્જુની સ્પર્શના કહેલી હોવાથી તે સ્પર્શનાને અનુસરીને જ અર્થ કરવાથી] મનુષ્યો જ જાણવા, પરંતુ તિર્યંચો નહિ. કારણ કે તિર્યંચો આઠમા સહસ્રાર દેવલોક સુધી જ ઉત્પન્ન થાય છે, માટે છ રજ્જુની [૨]સ્પર્શનાનો અભાવ છે.

मिस्सेहऽसंखभागो - મિશ્ર એટલે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ એવા તિર્યંચ અને મનુષ્યો મિશ્રગુણસ્થાનમાં રહ્યા છતા મરણ પામતા નથી, તેથી અન્ય ભવમાં ઉત્પન્ન નહિ થવાના કારણથી તે તિર્યંચ-મનુષ્યોના જન્મસ્થાનરૂપ સ્વસ્થાન જ અંગીકાર કરવાથી સ્પર્શના લોકના અસંખ્યાતમા ભાગ જેટલી જ જાણવી.

એ પ્રમાણે સામાન્યપણે તિર્યંચોની સ્પર્શના કહી. હવે એ જ તિર્યંચોના જે વિશેષ ભેદરૂપ બાદર એકેન્દ્રિયાદિ ભેદો છે, તે ભેદોમાં વિશેષપણે તે સ્પર્શના કહેવાની ઈચ્છાએ પ્રથમ વિકલેન્દ્રિયોની સ્પર્શના કહે છે -

विगलिंदीहिं तु सव्वजगं - ઉપપાત અને સમુદ્ઘાત એ બે અવસ્થા વડે (પરભવમાં ઉપજતા ભવાન્તરાલે વર્તતી વખતે વક્રગતિમાં અને મરણ સમુદ્ઘાત વખતે) બેઇન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિયરૂપ ત્રણ પ્રકારવાળા વિકલેન્દ્રિયો સર્વ જગતને એટલે સર્વ લોકાકાશને સ્પર્શે છે,

૧. અહીં મનુષ્ય-તિર્યંચના આયુષ્યનો ઉદય હોવા છતાં પણ તે શરીર નહિ પ્રાપ્ત થવાથી નારકપણું ગણ્યું તે પણ ગ્રંથકર્તાની એક વિવક્ષા જ છે. એમાં તર્કપરંપરાને અવકાશ હોઈ શકે. તો પણ જ્યાં નિર્ણયપૂર્વક વિવક્ષા જ છે ત્યાં તર્કનો અર્થ શું ? વળી અહીં સાત રજ્જુ જેટલી સાસ્વાદન ગુણસ્થાનની સ્પર્શના નહિ પરંતુ સાસ્વાદન ગુણસ્થાની તિર્યંચ-મનુષ્યોની જ જાણવી, કારણ કે સાસ્વાદન ગુણસ્થાનની સ્પર્શના ૧૨ રજ્જુ જેટલી ૧૯૫મી ગાથામાં જ કહી છે.

૨. અહીં ગાથામાં કેવળ મનુષ્યોની વિધિ અથવા તિર્યંચનો નિષેધ કંઈ પણ સૂચવ્યો નથી. તો પણ व्याख्यानात् विशेष प्रतिपत्तिः (વ્યાખ્યાથી વિશેષ અર્થની પ્રાપ્તિ કરવી) એ ન્યાય પ્રમાણે જ અહીં તિર્યંચ-મનુષ્યોનો ભેળો અધિકાર ચાલુ હોવા છતાં આ સ્થાને કેવળ મનુષ્યોની જ સ્પર્શના કહી, હવે તિર્યંચોની સ્પર્શના જુદી કહી નથી, તો તે કેટલી જાણવી ? उत्तरः ચતુર્થ વા પંચમ ગુણસ્થાનવર્તી તિર્યંચો આઠમા સહસ્રાર દેવલોક સુધી ઉત્પન્ન થઈ શકે છે. તેથી ઉપર કોઈપણ તિર્યંચની દેવપણે ઉત્પત્તિ છે જ નહિ. અને આઠમો દેવલોક તિર્છાલોકથી પાંચ રજ્જુ દૂર છે. માટે અવિરત-દેશવિરત તિર્યંચોની સ્પર્શના પાંચ રજ્જુ જાણવી. એ સ્પર્શના સંજ્ઞિપંચેન્દ્રિય તિર્યંચોની જ જાણવી. અને અસંજ્ઞી સાસ્વાદની તિર્યંચોની સ્પર્શના તો સમ્યગ્દૃષ્ટિપણાના અભાવે હોય જ નહિ.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થાત્ વિકલેન્દ્રિયો વડે સર્વ લોક વ્યાપ્ત થાય છે, એ ભાવાર્થ છે. એ તો આ (જીવસમાસ) ગ્રંથનો અભિપ્રાય કહ્યો. પરંતુ શ્રીપન્નવણાજીમાં તો ઉપપાત તથા સમુદ્ઘાત વડે વિકલેન્દ્રિયોને લોકના અસંખ્યાતમા ભાગવર્તી જ કહ્યા છે, અને એ જ યુક્તિયુક્ત સમજાય છે; કારણ કે વિકલેન્દ્રિય જીવો અલ્પ જ છે. એ બે બાબતમાં તત્ત્વ શું છે તે શ્રી બહુશ્રુતો જ જાણે. એ ૧૯૮મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૧૯૮॥

अवतरण : પૂર્વ ગાથામાં વિકલેન્દ્રિયોને સમુદ્ઘાત અને ઉપપાત વડે સર્વલોકસ્પર્શી કહ્યા, તે જ સર્વલોકસ્પર્શનાની વિશેષ દૃઢતા આ ગાથામાં કરે છે :

**बायरपज्जत्ता वि य, सयला वियला य समुहउववाए ।**
**सव्वं फोसंति जगं, अह एवं फोसणाणुगमो ॥१९९॥**

गाथार्थः બાદર પર્યાપ્તા એકેન્દ્રિયો પણ, તેમ જ સકલા એટલે સર્વ પાંચે ઇન્દ્રિયવાળા તિર્યંચો તથા વિકલા = વિકલેન્દ્રિયો પણ સમુદ્ઘાત અને ઉપપાત વડે સર્વ જગતને સ્પર્શે છે. એ પ્રમાણે પૂર્વે કહેલો સ્પર્શનાનો વિચાર જાણવો. ॥૧૯૯॥

टीकार्थः પૃથ્વીકાયાદિ બાદર પર્યાપ્ત એકેન્દ્રિયો, સંપૂર્ણ પાંચે ઇન્દ્રિયવાળા તિર્યંચો તે सकला અને દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિયરૂપ विकला- વિકલેન્દ્રિયો એ સર્વે પ્રકારના તિર્યંચો समुह = સમુદ્ઘાત અવસ્થામાં અને उववाए = ઉપપાત અવસ્થામાં એટલે વક્રગતિરૂપ ઉપપાત અવસ્થામાં સર્વ જગતને એટલે સમગ્ર લોકને સ્પર્શે છે.

એ અભિપ્રાય પણ આ પ્રસ્તુત (જીવસમાસ) ગ્રંથનો જ છે. શ્રી પ્રજ્ઞાપનાજીના અભિપ્રાય પ્રમાણે તો સર્વે તિર્યંચ પંચેન્દ્રિયો, બાદર પર્યાપ્ત પૃથ્વીકાય, બાદર પર્યાપ્ત અપ્કાય, બાદર પર્યાપ્ત અગ્નિકાય, પંચેન્દ્રિયો અને વિકલેન્દ્રિયો એ સર્વે પણ અલ્પ હોવાથી ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાન એ ત્રણ અવસ્થામાંની કોઈપણ અવસ્થા વડે દરેક લોકનો અસંખ્યાતમો ભાગ સ્પર્શે છે. વળી આ ગાથામાં સૂક્ષ્મ એકેન્દ્રિયો કહ્યા નથી. કારણ કે તેઓને પૂર્વે સર્વલોકવ્યાપીપણે કહેલા જ છે. તેમજ અપર્યાપ્ત બાદર એકેન્દ્રિયો તો આ ગ્રંથના (જીવસમાસ ગ્રંથના) અભિપ્રાયથી સ્વસ્થાન વડે સર્વલોકવ્યાપી જ કહ્યા છે. માટે તે બાદર અપર્યાપ્તા એકેન્દ્રિયો પણ આ ગાથામાં કહ્યા નથી.

વળી પ્રજ્ઞાપનાજીના અભિપ્રાયથી તો બાદર અપર્યાપ્ત એકેન્દ્રિયો પણ ઉપપાત અને સમુદ્ઘાત વડે જ સર્વ લોકમાં વ્યાપ્ત છે, પંરતુ સ્વસ્થાન વડે વ્યાપ્ત નથી, કારણ કે પર્યાપ્ત એકેન્દ્રિયોની નિશ્રાએ જ તે અપર્યાપ્તાઓની ઉત્પત્તિ હોય છે.

હવે (આ ગ્રંથના અભિપ્રાયથી જ) વિકેલેન્દ્રિયોનું સર્વલોકવ્યાપીપણું પૂર્વ ગાથાને (૧૯૮મી ગાથાને) અન્તે કહ્યું તે સામાન્યથી કહ્યું છે, અને અહીં આ ગાથામાં પુનઃ કહ્યું તે ઉપપાત અવસ્થા અને સમુદ્ઘાત અવસ્થાના વિશેષથી કહ્યું છે, માટે પુનરુક્તિની (વિકલેન્દ્રિયોની સ્પર્શના બે વાર કેમ કહી ? એવી) આશંકા ન કરવી.

એ પ્રમાણે જીવભેદોમાં પ્રાપ્ત થતું સ્પર્શનાક્ષેત્ર કહીને હવે એ જીવસ્પર્શનાદ્વારનો ઉપસંહાર કરવા માટે કહે છે કે – अह एवं फोसणाणुगमो - અથ એટલે અનન્તર અર્થાત્ હમણાં કહેવાઈ


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગયો તે અને બીજો કહેવાનો હોય તે પણ एवं = પૂર્વે કહેલી રીતિને અનુસારે फोसणा = સ્પર્શનાનો અર્થાત્ જીવભેદોની સ્પર્શનાનો अनुगम = અનુગમ એટલે વિચાર બુદ્ધિમાનોએ વિચારવો - કરવો. એ ૧૯૯મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૧૯૯॥ इति जीवभेदेषु स्पर्शनाक्षेत्रम् ॥

अवतरणः એ પ્રમાણે જીવદ્રવ્યમાં સ્પર્શનાદ્વાર કહ્યું. હવે આ ગાથામાં તે જીવસ્પર્શનાના પ્રતિપક્ષીપણાના સંબંધ વડે પ્રાપ્ત થયેલી (કહેવાયોગ્ય એવી) અજીવસ્પર્શનાને કહેવાની ઈચ્છાએ આ પ્રમાણે કહે છેઃ

**आइदुगं लोगफुडं, गयणमणोगाढ तं तु सव्वगयं ।**
**कालो नरलोगफुडो, पोग्गल पुण सव्वलोगफुडा ॥२००॥**

गाथार्थः પહેલાં બે અજીવદ્રવ્યો (ધર્માસ્તિકાય - અધર્માસ્તિકાય) સર્વ લોકને સ્પર્શેલાં છે. અને અનવગાઢ-અસ્પૃષ્ટ જ એવું ગગન (આકાશાસ્તિકાય દ્રવ્ય) સર્વગત-સર્વવ્યાપ્ત છે (પરંતુ સર્વસ્પૃષ્ટ નથી). તથા કાળ મનુષ્યલોક જેટલા ક્ષેત્રને સ્પર્શેલો છે, અને પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય તો સર્વ લોકમાં સ્પર્શેલું છે. ॥૨૦૦॥

टीकार्थः અહી પ્રથમ પાંચ અજીવદ્રવ્યો છે :- ધર્માસ્તિકાય - અધર્માસ્તિકાય - આકાશાસ્તિકાય - પુદ્ગલ અને કાળદ્રવ્ય. તેમાં પહેલાં બે દ્રવ્યો તે આદિદ્વિક એટલે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય તે લોકસ્પૃષ્ટ છે, એટલે સમગ્ર લોકને સ્પર્શીને રહ્યા છે, એ ભાવાર્થ છે. પુનઃ गयणं -ગગન એટલે આકાશદ્રવ્ય તો અનવગાઢ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે - સર્વે પણ જીવો અને અજીવો આકાશમાં જ અવગાહ્યા છે (રહ્યા છે), પરંતુ આકાશદ્રવ્ય કોઈમાં પણ અવગાહેલું નથી (જેથી આકાશ અવગાઢ નથી પણ અનવગાઢ છે). તે કારણથી એ જ આકાશદ્રવ્યને જીવોએ તથા અજીવોએ સ્પર્શ્યું છે એમ કહેવાય છે, પરંતુ આકાશે બીજા કોઈપણ દ્રવ્યને સ્પર્શ્યું છે એમ કહેવાતું નથી, એ તાત્પર્ય છે. (જેથી આકાશદ્રવ્ય કોઈ દ્રવ્યને સ્પર્શ્યું જ નથી તો આકાશની સ્પર્શના કહેવાની હોય જ કેવી રીતે ? માટે આકાશની સ્પર્શના કહેવી છોડીને) તે ગગન-આકાશ કેટલા પ્રમાણનું છે ? (અર્થાત્ કેવડું મોટું છે ?) તે કહેવા યોગ્ય હોવાથી આકાશનું પ્રમાણમાત્ર જ કહે છે કે - तं तु सव्वगयं - तु = વળી तं = તે ગગન-આકાશ सव्व = સર્વત્ર લોકમાં અને અલોકમાં પણ गयं = गत રહેલું છે, અર્થાત્ લોકમાં અને અલોકમાં સર્વત્ર વ્યાપ્ત છે.

તથા कालो = તે - ચંદ્રની ગતિ અને સૂર્યની ગતિ વડે સ્પષ્ટ ઓળખાતો એવો કાળ અઢી દ્વીપ - સમુદ્રરૂપ (અઢી દ્વીપ અને બે સમુદ્રરૂપ) મનુષ્યલોકને જ સ્પર્શેલો છે અને મનુષ્યક્ષેત્રથી આગળના દ્વીપ- સમુદ્રોમાં તો ચંદ્ર-સૂર્યની ગતિક્રિયાનો જ અભાવ હોવાથી સમય, આવલિકા ઈત્યાદિ (વ્યાવહારિક) કાળનો અસંભવ જ છે, એ તાત્પર્ય. તથા પુદ્ગલો તો સમગ્ર લોકને જ સ્પર્શે છે, કારણ કે પુદ્ગલો સર્વ લોકાકાશમાં રહેલાં છે માટે. એ પ્રમાણે ૨૦૦મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૨૦૦॥ इति अजीवानां स्पर्शनाक्षेत्रम् ॥ तत्समाप्तौ च समाप्तं स्पर्शनाद्वारम् ॥


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ अथ जीवसमासेषु (भेदेषु) कालद्वारम् ॥

अवतरणः એ પ્રમાણે અજીવોની સ્પર્શના પણ કહેવાઈ, અને તે કહેવા સાથે નવ અનુયોગદ્વારમાંનું ચોથું સ્પર્શનાદ્વાર સમાપ્ત થયું. હવે संतपयपरूवणया दव्वपमाणं च ઇત્યાદિ પદવાળી નવ અનુયોગદ્વારની ગાથામાં કહેલું અને ક્રમ પ્રમાણે ચાલુ પ્રરૂપણામાં કહેવાના પ્રસંગને પ્રાપ્ત થયેલું એવું પાંચમું દ્વાર कालद्वार કહેવાની ઇચ્છાએ આ ગાથા કહેવાય છેઃ

**कालो भवाउकाय - ट्ठिई य तह गुणविभागकालं च ।**
**वोच्छामि एक्कजीवं, नाणाजीवे पडुच्चा य ॥२०१॥**

गाथार्थः અહીં કાળ તે ભવાયુષ્યકાળ, કાયસ્થિતિકાળ, અને ગુણવિભાગકાળ એમ ત્રણ પ્રકારનો છે. તે કાળ એક જીવને આશ્રયિ તથા અનેક જીવને આશ્રયિ કહીશ. ॥૨૦૧॥

टीकार्थः काल એટલે પૂર્વે કહેલા શબ્દાર્થવાળો જે સમય, આવલિકા ઇત્યાદિ ભેદવાળો (વ્યાવહારિક) કાળ છે તેની જ અહીં પ્રથમ પ્રરૂપણા કરવા યોગ્ય છે, અને તે પ્રરૂપણા તો પૂર્વે[1] કરેલી છે, જેથી અહીં પુનઃ (કાળના સ્વરૂપની) પ્રરૂપણા નહિ કરાય. એ પ્રમાણે સામાન્યથી કાળ પ્રરૂપણા કહ્યા બાદ હવે ભવાયુષ્યકાળ, કાયસ્થિતિકાળ અને ગુણવિભાગકાળ એ ત્રણ પ્રકારનો કાળ કહીશ. અહીં ગાથામાં कालं એ શબ્દ બીજી વિભક્તિવાળો છે તેનો સર્વસ્થાને એટલે भवाउ - कायट्ठिई અને गुणविभाग એ ત્રણે શબ્દોની સાથે સંબંધ જોડવો. (એ પ્રમાણે અહીં કાળના ત્રણ ભેદ કહ્યા.)

ત્યાં નારક વિગેરે ભવોમાંનો કોઈપણ એક વિવક્ષિત ભવ એટલે જન્મસ્થાન, તે ભવનું જે આયુષ્ય તે ભવાયુષ્ય, અને તે ભવાયુષ્ય સંબંધી જે કાળ તે भवायुष्यकाल કહેવાય. જે દશ હજાર વર્ષ ઇત્યાદિ પ્રમાણવાળો છે. તે ભવાયુષ્યકાળ અહીં એક જીવ સંબંધી તેમજ અનેક જીવ સંબંધી કહીશ-એ સંબંધ જાણવો.

તથા काय એટલે પૃથ્વીકાય, અપ્કાય વિગેરે જીવનિકાયો, તેમાંની એકેક જીવનિકાયમાં મરણ પામીને તે જ નિકાયને નહિ છોડીને તેમાં ને તેમાં જ વારંવાર ઉત્પન્ન થતા જીવની જે स्थिति તે कायस्थिति, અને તે સંબંધી જે કાળ તે कायस्थितिकाल કહેવાય. (અર્થાત્ એક જીવની એક જ નિકાયમાં દીર્ઘસ્થિતિ). જે અસંખ્યાતી ઉત્સર્પિણી અને અસંખ્યાતી અવસર્પિણી ઇત્યાદિ પ્રમાણવાળો છે, તેવો કાયસ્થિતિકાળ એક જીવ આશ્રયિ અને અનેક જીવ આશ્રયિ કહીશ - એ સંબંધ છે.

તથા गुण એટલે મિથ્યાદૃષ્ટિ, સાસ્વાદન આદિ ચૌદગુણસ્થાનરૂપ ગુણ. તે ગુણોનો (ગુણસ્થાનકોનો) विभाग વડે એટલે પૃથક્ પૃથક્ (જુદો જુદો) તે ભાવોનો (ગુણોનો) જ્યાં સુધી ત્યાગ ન થાય ત્યાં સુધીનો જે કાળ તે અહીં गुणविभागकाल કહેવાય, (અર્થાત્ પ્રત્યેક ગુણસ્થાનનો કાળ) તે એક જીવ આશ્રયિ તથા અનેક જીવ આશ્રયિ કહીશ - એ સંબંધ છે.

એ પ્રમાણે ભવાયુષ્ય ઇત્યાદિ વિશેષભેદથી ત્રણ પ્રકારનો કાળ અહીં કહેવાનો છે. એ

૧. અહીં પૂર્વે એટલે આ ગ્રંથની જ ૧૦૬ઠ્ઠી ગાથાથી પ્રારંભીને ૧૩૯મી ગાથા સુધીમાં કાળનો અર્થ તથા કાળના સર્વ ભેદોનું વર્ણન કહેવાઈ ગયું છે, તેથી ''પૂર્વે કહેલા સ્વરૂપવાળો'' એમ કહ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૦૧મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૨૦૧॥

## ॥ અથ ભવાયુષ્યકાલપ્રમાણ ॥ [નરકગતિમાં] ॥

અવતરણઃ પૂર્વ ગાથામાં ભવાયુષ્યકાળ, કાયસ્થિતિકાળ અને ગુણવિભાગકાળ (ગુણસ્થાનકાળ) એ ત્રણ પ્રકારના કાળનો અર્થ કહીને હવે તેમાંનો પહેલો ભવાયુષ્યકાળ [આયુઃસ્થિતિ] તે અનુક્રમે સાતે નરકપૃથ્વીઓમાં એકેક નારકજીવ આશ્રયિ કહેવાને અર્થે આ ગાથા કહેવાય છેઃ

**एगं च तिन्नि सत्त य, दस सत्तरसेव हुंति बावीसा ।**
**तेत्तीस उयहिनामा, पुढवीसु ठिई कमुक्कोसा ॥२०२॥**

ગાથાર્થઃ સાત નરકપૃથ્વીઓમાં ઉત્કૃષ્ટ સ્થિતિ અનુક્રમે ૧-૩-૭-૧૦-૧૭-૨૨-૩૩ સાગરોપમ છે. [ અહીં उदधिनामा - ઉદધિ એ અપરનામવાળી અર્થાત્ ઉદધિના પર્યાયવાળી સ્થિતિ એટલે સાગરોપમસ્થિતિ એ શબ્દાર્થ છે.] ॥૨૦૨॥

ટીકાર્થઃ અહીં મહાનપણાની સમાનતાથી उयहिनामा એ શબ્દ વડે 'સાગરોપમ' એવો અર્થ કહ્યો છે. તેથી એકેક નારકજીવને એકેક ભવમાં રત્નપ્રભાદિ સાત પૃથ્વીઓમાં અનુક્રમે ઉત્કૃષ્ટ સ્થિતિ આ પ્રમાણે જાણવી :

રત્નપ્રભાપૃથ્વીમાં એક નારકજીવની એક જ ભવમાં ઉત્કૃષ્ટ સ્થિતિ [ ઉત્કૃષ્ટ આયુષ્ય ] ૧ સાગરોપમ છે, શર્કરાપ્રભામાં ત્રણ સાગરોપમ, વાલુકાપ્રભામાં ૭ સાગરોપમ, પંકપ્રભામાં ૧૦ સાગરોપમ, ધૂમપ્રભામાં ૧૭ સાગરોપમ, તમઃપ્રભામાં ૨૨ સાગરોપમ, અને સાતમી મહાતમઃપ્રભા નામની નરકપૃથ્વીમાં એક નારકની એક જ ભવમાં ૩૩ સાગરોપમ જેટલી ઉત્કૃષ્ટ સ્થિતિ છે. એ પ્રમાણે ૨૦૨મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૨૦૨॥

અવતરણઃ પૂર્વ ગાથામાં સાતે નરકપૃથ્વીઓમાં એકેક જીવની એકેક ભવ સંબંધી ઉત્કૃષ્ટ સ્થિતિ કહીને હવે આ ગાથામાં જઘન્ય સ્થિતિ કહેવાય છેઃ

**पढमादि जमुक्कोसं, बीयादिसु सा जहन्नया होई ।**
**घम्माए भवणवंतर, वाससहस्सा दस जहन्ना ॥२०३॥**

ગાથાર્થઃ પ્રથમાદિ પૃથ્વીમાં જે ઉત્કૃષ્ટ સ્થિતિ કહી તે જ દ્વિતીયાદિ પૃથ્વીમાં જઘન્ય સ્થિતિ જાણવી. તથા ઘર્મા પૃથ્વીમાં [ રત્નપ્રભામાં ] જઘન્ય સ્થિતિ તેમજ ભવનપતિ અને વ્યંતરનિકાયની પણ જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની છે. [ અહીં સમાનતાના કારણે ભવનપતિ-વ્યંતરોની પણ જઘન્ય સ્થિતિ કહી ]. ॥૨૦૩॥

ટીકાર્થઃ પહેલી રત્નપ્રભા વગેરે પૃથ્વીઓમાં જે ઉત્કૃષ્ટ આયુષ્ય પ્રતિપાદન કર્યું છે [ કહ્યું છે ] તેટલું જ આયુષ્ય બીજી આદિ (શર્કરાપ્રભા વગેરે) પૃથ્વીઓમાં નારકોની જઘન્ય સ્થિતિરૂપે છે, એમ જાણવું, તે આ પ્રમાણેઃ

પહેલી રત્નપ્રભાપૃથ્વીમાં ૧ સાગરોપમ જેટલી જે ઉત્કૃષ્ટ સ્થિતિ કહી, તે જ બીજી પૃથ્વીમાં જઘન્ય સ્થિતિ જાણવી. તથા બીજી શર્કરાપ્રભાપૃથ્વીમાં જે ત્રણ સાગરોપમ જેટલી ઉત્કૃષ્ટ સ્થિતિ


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહી તે જ ત્રીજી પૃથ્વીમાં જઘન્ય સ્થિતિ જાણવી. એ પ્રમાણે ત્યાં સુધી જાણવું કે યાવત્ છઠ્ઠી તમઃપ્રભાપૃથ્વીમાં જે ૨૨ (બાવીસ) સાગરોપમ જેટલી ઉત્કૃષ્ટ સ્થિતિ કહી, તે જ સાતમી તમસ્તમઃ પ્રભાપૃથ્વીમાં જઘન્ય સ્થિતિ જાણવી.

પ્રશ્નઃ ઉપર કહેલી જઘન્ય સ્થિતિની પદ્ધતિમાં પહેલી ઘર્મા નામની [ રત્નપ્રભા નામની] પૃથ્વીમાં જઘન્ય સ્થિતિ હજી સુધી કહેવાતી નથી, માટે તે પહેલી પૃથ્વીમાં જઘન્ય સ્થિતિ કેટલી ? તે નિવેદન કરો.

ઉત્તરઃ એ આશંકાના સમાધાનમાં પહેલી પૃથ્વીના નારકજીવોની તેમજ જઘન્ય સ્થિતિની સમાનતાના કારણે પ્રસંગતઃ ભવનપતિ - વ્યંતરોની પણ જઘન્ય સ્થિતિ કહેવાની ઈચ્છાએ ગાથાના ઉત્તરાર્ધમાં કહે છે કે - घम्माए ઈત્યાદિ, એટલે ઘર્મા નામની પહેલી પૃથ્વીના નારકોની અને ભવનપતિ-વ્યંતરોની દશ હજાર વર્ષ જેટલી જઘન્ય સ્થિતિ જાણવી. એ ૨૦૩જી ગાથાનો અર્થ સમાપ્ત થયો.॥૨૦૩॥ इति नरकपृथ्वीषु एकैकनारकस्य जघन्योत्कृष्ट[1] स्थितिः ॥

---

૧. અહીં નરક પૃથ્વીઓમાં જે ૧૩-૧૧ ઈત્યાદિ જુદાં જુદાં ૪૯ પ્રતરો છે, તે દરેક પ્રતરમાં પણ જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બે બે પ્રકારની સ્થિતિ છે, પ્રસંગથી તે દરેક પ્રતરની પણ અહીં જુદી જુદી સ્થિતિ કહેવાય છે. તે આ પ્રમાણેઃ

॥ પહેલી રત્નપ્રભાના ૧૩ પ્રતરમાં આયુષ્ય॥

૧લા પ્રતરમાં - જઘન્ય ૧૦ હજાર વર્ષ, અને ઉત્કૃષ્ટ ૯૦,૦૦૦ (નેવું હજાર) વર્ષ.

૨જા પ્રતરમાં - જઘન્ય ૧૦ લાખ વર્ષ, અને ઉત્કૃષ્ટ ૯૦ લાખ વર્ષ.

૩જા પ્રતરમાં - જઘન્ય ૯૦ લાખ વર્ષ, અને ઉત્કૃષ્ટ પૂર્વક્રોડ વર્ષ.

૪થા પ્રતરમાં - જઘન્ય પૂર્વક્રોડ વર્ષ, અને ઉત્કૃષ્ટ સાગરોપમનો ૧૦મો ભાગ [ ૧/૧૦ સા. ].

૫મા પ્રતરમાં - જઘન્યથી સાગરોપમનો દશમો ૧ ભાગ અને ઉત્કૃષ્ટથી બે ભાગ.

૬ઠ્ઠા પ્રતરમાં - જઘન્યથી દશિયા બે ભાગ અને ઉત્કૃષ્ટથી દશિયા ત્રણ ભાગ.

૭મા પ્રતરમાં - જઘન્યથી દશિયા ૩ ભાગ, અને ઉત્કૃષ્ટથી દશિયા ૪ ભાગ.

૮મા પ્રતરમાં - જઘન્યથી દશિયા ૪ ભાગ, અને ઉત્કૃષ્ટથી દશિયા ૫ ભાગ.

૯મા પ્રતરમાં - જઘન્યથી દશિયા ૫ ભાગ, અને ઉત્કૃષ્ટથી દશિયા ૬ ભાગ.

૧૦મા પ્રતરમાં - જઘન્યથી દશિયા ૬ ભાગ, અને ઉત્કૃષ્ટથી દશિયા ૭ ભાગ.

૧૧મા પ્રતરમાં - જઘન્યથી દશિયા ૭ ભાગ, અને ઉત્કૃષ્ટથી દશિયા ૮ ભાગ.

૧૨મા પ્રતરમાં - જઘન્યથી દશિયા ૮ ભાગ, અને ઉત્કૃષ્ટથી દશિયા ૯ ભાગ.

૧૩મા પ્રતરમાં - જઘન્યથી દશિયા ૯ ભાગ અને ઉત્કૃષ્ટથી સંપૂર્ણ ૧ સાગરોપમ.

॥ બીજી શર્કરાપ્રભાના ૧૧ પ્રતરમાં આયુષ્ય॥

૧લા પ્રતરમાં - જઘન્યથી ૧ સાગરોપમ, અને ઉત્કૃષ્ટથી ૧ સાગરોપમ ઉપરાંત એક સાગરોપમના અગિયાર ભાગ કરીએ તેવા ૨ ભાગ.

૨જા પ્રતરમાં - જઘન્યથી ૧ સાગરોપમ અને ઉપરાંત (આમ સર્વત્ર સમજવું) સાગરોપમના અગિયારીઆ ૨ ભાગ, અને ઉત્કૃષ્ટથી ૧ સાગરોપમ અને સાગરોપમના અગિયારીઆ ૪ ભાગ જેટલું આયુષ્ય છે.

૩જા પ્રતરમાં - જઘન્યથી ઉપરોક્ત ૪ ભાગ, અને ઉત્કૃષ્ટથી ૬ ભાગ આયુષ્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪થા પ્રતરમાં - જઘન્યથી અગિયારીઆ ૬ ભાગ, અને ઉત્કૃષ્ટથી ૮ ભાગ.

૫મા પ્રતરમાં - જઘન્યથી અગિયારીઆ ૮ ભાગ, અને ઉત્કૃષ્ટથી ૧૦ ભાગ.

૬ઠ્ઠા પ્રતરમાં - જઘન્યથી અગિયારીઆ ૧૦ ભાગ, અને ઉત્કૃષ્ટથી ૨ સાગરોપમ ઉપરાન્ત અગિયારીઓ ૧ ભાગ.

૭મા પ્રતરમાં - જઘન્ય આયુષ્ય બે સાગરોપમ અને અગિયારીઓ ૧ ભાગ, તથા ઉત્કૃષ્ટ આયુષ્ય બે સાગરોપમ ઉપરાંત અગિયારીઆ ૩ ભાગ છે.

૮મા પ્રતરમાં - જઘન્ય આયુષ્ય બે સાગરોપમ તથા અગિયારીઆ ૩ ભાગ, અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૨ સાગરોપમ ઉપરાંત અગિયારીઆ ૫ ભાગનું છે.

૯મા પ્રતરમાં - જઘન્ય આયુષ્ય ૨ સાગરોપમ તથા અગિયારીઆ ૫ ભાગ, અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૨ સાગરોપમ ઉપરાંત અગિયારીઆ ૭ ભાગનું છે.

૧૦મા પ્રતરમાં - જઘન્ય આયુષ્ય ૨ સાગરોપમ તથા અગિયારીઆ ૭ ભાગ, અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૨ સાગરોપમ ઉપરાંત અગિયારીઆ ૯ ભાગનું છે.

૧૧મા પ્રતરમાં - જઘન્ય આયુષ્ય ૨ સાગરોપમ તથા અગિયારીઆ ૯ ભાગ, અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૨ સાગરોપમ ઉપરાંત અગિઆરીઆ ૧૧ ભાગનું એટલે સંપૂર્ણ ૩ સાગરોપમનું છે.

**॥ ત્રીજી વાલુકા પ્રભા પૃથ્વીના ૯ પ્રતરમાં આયુષ્ય ॥**

૧લા પ્રતરમાં - જઘન્ય આયુષ્ય સંપૂર્ણ ૩ સાગરોપમ છે, અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૩ સાગરોપમ ઉપરાંત એક સાગરોપમના નવ ભાગ કરે તેવા ૪ ભાગનું છે.

૨જા પ્રતરમાં - જઘન્ય આયુષ્ય ૩ સાગરોપમ ઉપરાંત નવિયા ૪ ભાગ છે, અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૩ સાગરોપમ ઉપરાંત નવિયા ૮ ભાગ જેટલું છે.

૩જા પ્રતરમાં - જઘન્ય આયુષ્ય ૩ સાગરોપમ ઉપરાંત નવિયા ૮ ભાગનું છે, અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૪ સાગરોપમ ઉપરાંત નવિયા ૩ ભાગ જેટલું છે.

૪થા પ્રતરમાં - જઘન્ય આયુષ્ય ૪ સાગરોપમ ઉપરાંત નવિયા ૩ ભાગનું છે, અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૪ સાગરોપમ ઉપરાંત નવિયા ૭ ભાગ જેટલું છે.

૫મા પ્રતરમાં - જઘન્ય આયુષ્ય ૪ સાગરોપમ ઉપરાંત નવિયા ૭ ભાગનું છે, અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૫ સાગરોપમ ઉપરાંત નવિયા ૨ ભાગનું છે.

૬ઠ્ઠા પ્રતરમાં - જઘન્ય આયુષ્ય ૫ સાગરોપમ ઉપરાંત નવિયા ૨ ભાગનું છે, અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૫ સાગરોપમ ઉપરાંત નવિયા ૬ ભાગ જેટલું છે.

૭મા પ્રતરમાં - જઘન્ય આયુષ્ય ૫ સાગરોપમ ઉપરાંત નવિયા ૬ ભાગનું છે, અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૬ સાગરોપમ ઉપરાંત નવિયા ૧ ભાગ જેટલું છે.

૮મા પ્રતરમાં - જઘન્ય આયુષ્ય ૬ સાગરોપમ ઉપરાંત નવિયા ૧ ભાગનું છે, અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૬ સાગરોપમ ઉપરાંત નવિયા ૫ ભાગ જેટલું છે.

૯મા પ્રતરમાં - જઘન્ય આયુષ્ય ૬ સાગરોપમ ઉપરાંત નવિયા ૫ ભાગનું છે. અને ઉત્કૃષ્ટ આયુષ્ય [૬ સા. નવિયા ૯ ભાગ એટલે] સંપૂર્ણ ૭ સાગરોપમ છે.

**॥ ચોથી પંકપ્રભા પૃથ્વીના ૭ પ્રતરોમાં આયુષ્ય ॥**

૧લા પ્રતરમાં - જઘન્ય આયુષ્ય ૭ સાગરોપમ, અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૭ સાગરોપમ ઉપરાંત એક સાગરોપમના સાત ભાગ કરે તેવા સાતિયા ૩ ભાગનું છે.

૨જા પ્રતરમાં - જઘન્ય આયુષ્ય ૭ સાગરોપમ ઉપરાંત સાતિયા ૩ ભાગનું અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૭ સાગરોપમ ઉપરાંત સાતિયા ૬ ભાગ જેટલું છે.

૩જા પ્રતરમાં - જઘન્ય આયુષ્ય ૭ સાગરોપમ ઉપરાંત સાતિયા ૬ ભાગનું છે, અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૮ સાગરોપમ ઉપરાંત સાતિયા ૨ ભાગ છે.

૪થા પ્રતરમાં - જઘન્ય આયુષ્ય ૮ સાગરોપમ ઉપરાંત સાતિયા ૨ ભાગનું છે, અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૮ સાગરોપમ


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ।।ભવાયુષ્યકાળપ્રમાણ દેવગતિમાં।।

અવતરણ: પૂર્વ ગાથામાં ભવનપતિ-વ્યંતરોની દશ હજાર વર્ષ પ્રમાણ જઘન્ય સ્થિતિ કહી, ત્યારે તેઓની ઉત્કૃષ્ટ સ્થિતિ કેટલી ? એ આશંકા કરીને હવે આ ગાથામાં તે ભવનપતિ - વ્યંતરોની ઉત્કૃષ્ટ સ્થિતિ કહે છે. તે આ પ્રમાણે:

**असुरेसु सारमहियं, सड्ढं पल्लं दुवे य देसूणा ।**
**नागाईणुक्कोसा, पल्लो पुण वंतरसुराणं ।।२०४।।**

---

ઉપરાંત સાતિયા ૫ ભાગનું છે.

૫મા પ્રતરમાં - જઘન્ય આયુષ્ય ૮ સાગરોપમ ઉપરાંત સાતિયા ૫ ભાગનું છે, અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૯ સાગરોપમ ઉપરાંત સાતિયા ૧ ભાગનું છે.

૬ઠ્ઠા પ્રતરમાં - જઘન્ય આયુષ્ય ૯ સાગરોપમ ઉપરાંત સાતિયા ૧ ભાગનું છે, અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૯ સાગરોપમ ઉપરાંત સાતિયા ૪ ભાગનું છે.

૭મા પ્રતરમાં - જઘન્ય આયુષ્ય ૯ સાગરોપમ ઉપરાંત સાતિયા ૪ ભાગનું છે અને ઉત્કૃષ્ટ આયુષ્ય [૯ સાગરોપમ ઉપરાંત સાતિયા સાત ભાગનો ૧ સાગરોપમ ગણતાં ] સંપૂર્ણ ૧૦ સાગરોપમ જેટલું છે.

### ।। પાંચમી ધૂમપ્રભા પૃથ્વીના ૫ પ્રતરોમાં આયુષ્ય।।

૧લા પ્રતરમાં - જઘન્ય આયુષ્ય ૧૦ સાગરોપમ સંપૂર્ણ છે, અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૧ સાગરોપમ ઉપરાંત સાગરોપમના પાંચ ભાગ કરે તેવા પાંચિયા ૨ ભાગનું છે.

૨જા પ્રતરમાં - જઘન્ય આયુષ્ય ૧૧ સાગરોપમ ઉપરાંત પાંચિયા ૨ ભાગનું છે, ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૧ સાગરોપમ ઉપરાંત પાંચિયા ૪ ભાગનું છે.

૩જા પ્રતરમાં - જઘન્ય આયુષ્ય ૧૨ સાગરોપમ ઉપરાંત પાંચિયા ૪ ભાગનું છે, ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૪ સાગરોપમ ઉપરાંત પાંચિયા ૧ ભાગનું છે.

૪થા પ્રતરમાં - જઘન્ય આયુષ્ય ૧૪ સાગરોપમ ઉપરાંત પાંચિયા ૧ ભાગનું છે, અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૫ સાગરોપમ ઉપરાંત પાંચિયા ૩ ભાગનું છે.

૫મા પ્રતરમાં - જઘન્ય આયુષ્ય ૧૫ સાગરોપમ ઉપરાંત પાંચિયા ૩ ભાગનું છે, અને ઉત્કૃષ્ટ આયુષ્ય સંપૂર્ણ ૧૭ સાગરોપમ જેટલું છે.

### ।। છઠ્ઠી તમ:પ્રભા પૃથ્વીના ૩ પ્રતરોમાં આયુષ્ય।।

૧લા પ્રતરમાં - જઘન્ય આયુષ્ય સંપૂર્ણ ૧૭ સાગરોપમ છે, અને ઉત્કૃષ્ટ આયુષ્ય સંપૂર્ણ ૧૮ સાગરોપમ ઉપરાંત સાગરો૦ના ત્રણ ભાગ કરે તેવા ૨ ભાગનું છે.

૨જા પ્રતરમાં - જઘન્ય આયુષ્ય ૧૮ સાગરોપમ ઉપરાંત ત્રણિયા ૨ ભાગનું છે, અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૨૦ સાગરોપમ ઉપરાંત ત્રણિયા ૧ ભાગનું છે.

૩જા પ્રતરમાં - જઘન્ય આયુષ્ય ૨૦ સાગરોપમ ઉપરાંત ત્રણિયા ૧ ભાગનું છે, અને ઉત્કૃષ્ટ આયુષ્ય સંપૂર્ણ ૨૨ સાગરોપમનું છે.

### ।।સાતમી તમસ્તમ:પ્રભા પૃથ્વીના ૧ પ્રતરમાં આયુષ્ય।।

૧લા પ્રતરમાં જ - જઘન્ય આયુષ્ય ૨૨ સાગરોપમ સંપૂર્ણ છે, અને ઉત્કૃષ્ટ આયુષ્ય સંપૂર્ણ ૩૩ સાગરોપમનું છે. ।।इति ૪૯ नरकप्रतरेषु जघन्योत्कृष्टायुष्यस्य संग्रहः।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગાથાર્થ: અસુરકુમાર નામના પહેલા ભવનપતિ દેવોમાં દક્ષિણશ્રેણિમાં ઉત્કૃષ્ટ આયુષ્ય એક સાગરોપમ છે, અને બીજી ઉત્તરશ્રેણિના દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક સાગરોપમથી કંઈક અધિક છે. બીજા નાગકુમાર વગેરે નવ નિકાયના દક્ષિણશ્રેણિના ભવનપતિઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય દોઢ પલ્યોપમ છે, અને ઉત્તરશ્રેણિના નવ નિકાયોનું દેશોન બે પલ્યોપમ છે. તથા વ્યંતર દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧ પલ્યોપમ છે. ।।૨૦૪।।

ટીકાર્થ: અહીં સિદ્ધાંતરૂપી સમુદ્રમાં ભવનપતિ દેવો અસુરકુમારાદિ ભેદથી દશ પ્રકારના કહ્યા છે, તે આ પ્રમાણે:

असुरा नाग सुवण्णा, विज्जू अग्गी य दीव उदही य ।
दिसि वाउ तहा थणिया, दस भेया हुंति भवणवई ।।१।।

અર્થ :- અસુરકુમાર-નાગકુમાર -સુપર્ણકુમાર -વિદ્યુત્કુમાર - અગ્નિકુમાર-દ્વીપકુમાર -ઉદધિકુમાર -દિક્કુમાર -વાયુકુમાર તથા સ્તનિતકુમાર એ દશ પ્રકારના ભવનપતિ દેવો છે ।।૧।।

વળી એ અસુરકુમારાદિ દશે પ્રકારના દેવો દરેક બે બે પ્રકારના છે, - મેરુપર્વતથી દક્ષિણ દિશિમાં રહેનારા, અને મેરુપર્વતની ઉત્તર દિશિમાં રહેનારા. ત્યાં असुरेसु सारं એટલે મેરુપર્વતની દક્ષિણ દિશિએ રહેનારા અસુરકુમાર દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગરોપમ છે, [ सार = સાગરોપમ એ અર્થ પ્રમાણે ] એ ભાવાર્થ. તથા अहियं એટલે મેરુપર્વતની ઉત્તરદિશિમાં રહેનારા અસુરકુમાર દેવોની અધિક સ્થિતિ અર્થાત્ એજ સાગરોપમ સ્થિતિથી કંઈક અધિક સ્થિતિ જાણવી.

તથા नागाईणं = નાગકુમારાદિકની, એમાં આદિ શબ્દથી સુવર્ણકુમાર અને વિદ્યુત્કુમાર વગેરે દક્ષિણ દિશિમાં રહેનારા નવ ભવનપતિ દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ सड्ढं पल्लं = સાર્ધપલ્યોપમ એટલે દોઢ પલ્યોપમ, અને ઉત્તર દિશિમાં રહેનારા એજ નાગકુમારાદિ નવ નિકાયના ભવનપતિ દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ दुवे य देसूणा = દેશોન [ કંઈક ન્યૂન ] બે પલ્યોપમ જેટલી છે.

ઉત્તર દિશિમાં રહેનારા એ ભવનપતિઓ સ્વભાવથી જ શુભ = ઉત્તમ - મહત્તાવાળા અને દીર્ઘાયુષ્યવાળા છે, અને દક્ષિણ દિશિમાં રહેનારા ભવનપતિઓ એથી વિપરીત [ એટલે ન્યૂન મહત્તાવાળા અને ન્યૂન આયુષ્યવાળા ] છે.

તથા વ્યન્તર દેવો જે પિશાચ, ભૂત, યક્ષ વગેરે ભેદથી આઠ પ્રકારના છે, તે સર્વેની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧ પલ્યોપમ જ છે. તથા દક્ષિણ દિશિમાં રહેનારા અસુરકુમારોનો ઇન્દ્ર જે ચમરેન્દ્ર તેની દેવીઓનું [ચમરેન્દ્રની ઇન્દ્રાણીઓનું ] ઉત્કૃષ્ટ આયુષ્ય સાડા ત્રણ પલ્યોપમ છે, અને ઉત્તર


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દિશિના અસુરકુમારના ઇન્દ્ર બલીન્દ્રની દેવીઓનું [ બલીન્દ્રની ઇન્દ્રાણીઓનું ] ઉત્કૃષ્ટ આયુષ્ય સાડા ચાર પલ્યોપમ છે. તથા નાગકુમારાદિ નવ નિકાયોની દેવીઓ જે ઉત્તર દિશિમાં રહેનારી છે, તે દેવીઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક પલ્યોપમમાં કંઈક ન્યૂન જેટલું છે, અને એ જ નવ નિકાયોની દક્ષિણ દિશિમાં રહેનારી દેવીઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય તેમજ વ્યન્તરીઓનું પણ ઉત્કૃષ્ટ આયુષ્ય અર્ધ પલ્યોપમ છે. તે ઉપર ગાથામાં કહ્યું નથી તો પણ [ અન્ય ગ્રંથોથી ] પોતાની મેળે જ જાણી લેવું. અને જઘન્ય[1] આયુષ્ય તો સર્વે ભવનપતિઓનું તથા વ્યન્તરોનું પણ દશ હજાર વર્ષ પ્રમાણ જ જાણવું. એ ૨૦૪મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥ इति भवनपतिदेवदेवीनां व्यन्तरदेवदेवीनां च जघन्योत्कृष्टायुष्यम् ॥

अवतरणः પૂર્વ ગાથામાં ભવનપતિ અને વ્યન્તરોનું આયુષ્ય દર્શાવીને હવે આ ગાથામાં જ્યોતિષી દેવોનું આયુષ્યપ્રમાણ કહેવાય છેઃ

**पल्लट्ठभाग पल्लं, च साहियं जोइसे जहन्नियरं ।**
**हेट्ठिल्लुक्कोसठिई, सक्काईणं जहण्णा सा ॥२०५॥**

गाथार्थः જ્યોતિષી દેવોમાં જઘન્ય આયુષ્ય પલ્યોપમનો આઠમો ભાગ, અને ઉત્કૃષ્ટ આયુષ્ય સાધિક પલ્યોપમ [ પલ્યોપમથી કંઈક અધિક ] છે. તથા શક્રાદિકમાં [ સૌધર્માદિ દેવોમાં ] નીચે નીચેના દેવલોકની જે ઉત્કૃષ્ટ સ્થિતિ તે ઉપર ઉપરના દેવલોકની જઘન્ય સ્થિતિ જાણવી. ॥૨૦૫॥

टीकार्थः સામાન્યપણે વિચારતાં જ્યોતિષી દેવોનું પલ્યોપમના આઠમા ભાગ જેટલું જઘન્ય આયુષ્ય છે, અને इयरं = ઇતર એટલે ઉત્કૃષ્ટ આયુષ્ય એજ જ્યોતિષી દેવોનું કંઈક અધિક એક પલ્યોપમ જેટલું છે. અર્થાત્ એક લાખ વર્ષ અધિક એક પલ્યોપમ જેટલું છે. [ એ પ્રમાણે સામાન્યથી આયુષ્ય કહ્યું. ]

હવે વિશેષથી વિચારતાં કયા જ્યોતિષીનું કેટલું આયુષ્ય છે ? એમ જો પૂછતા હો તો કહીએ છીએ કે - પ્રથમ જ્યોતિષી દેવો ચન્દ્ર - સૂર્ય - ગ્રહ - નક્ષત્ર અને તારા એ ભેદથી પાંચ પ્રકારના છે. અને એ પાંચેની દેવીઓ ગણતાં દેવીઓ પણ પાંચ પ્રકારની છે. એ પ્રમાણે સર્વ મળીને જ્યોતિષી દશ પ્રકારના થયા.

ત્યાં ચન્દ્રનું [ ચન્દ્ર ઇન્દ્રનું પોતાનું તથા ચન્દ્રના વિમાનવાસી દેવોમાંના કેટલાક દેવોનું] જઘન્ય આયુષ્ય પલ્યોપમનો ચોથો ભાગ અને ઉત્કૃષ્ટ આયુષ્ય એક લાખ વર્ષ અધિક એક પલ્યોપમનું છે. ॥૧॥ તથા ચન્દ્રની દેવીઓનું જઘન્ય આયુષ્ય પલ્યોપમનો ચોથો ભાગ અને

૧. સર્વે ઇન્દ્રોનું તથા ઇન્દ્રાણીઓનું જઘન્ય આયુષ્ય હોતું નથી, તેમજ દરેક ભવનના અધિપતિ દેવોનું પણ જઘન્ય આયુષ્ય હોય નહિ, માટે તેઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય જ જાણવું. અને જે પ્રજાસ્થાનીય દેવ - દેવીઓ છે, તેઓનું જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ એમ ત્રણે પ્રકારનું આયુષ્ય જાણવું.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્કૃષ્ટ આયુષ્ય પચાસ હજાર વર્ષ અધિક અર્ધ પલ્યોપમ છે. ॥૨॥ इति चन्द्रज्योतिषामायुः॥

સૂર્યોનું પણ જઘન્ય આયુષ્ય ચન્દ્ર સરખું [ પલ્યોપમનો ચોથો ભાગ ] જાણવું, અને ઉત્કૃષ્ટ આયુષ્ય એક હજાર વર્ષ અધિક એક પલ્યોપમ છે. ॥૩॥ તથા સૂર્યની દેવીઓનું પણ જઘન્ય આયુષ્ય ચન્દ્રની દેવીઓ તુલ્ય [ પલ્યોપમનો ચોથો ભાગ ] છે, અને ઉત્કૃષ્ટ આયુષ્ય પાંચસો વર્ષ અધિક અર્ધ પલ્યોપમ જેટલું છે. ॥૪॥ इति सूर्यज्योतिषामायुः॥

તથા મંગળ, બુધ આદિ શેષ ગ્રહોનું જઘન્ય આયુષ્ય સૂર્યના જઘન્ય આયુષ્યતુલ્ય [પલ્યોપમનો ચોથો ભાગ ] છે, અને ઉત્કૃષ્ટ આયુષ્ય એક પલ્યોપમ છે. ॥૫॥ તથા ગ્રહોની દેવીઓનું જઘન્ય આયુષ્ય સૂર્યની દેવીઓના જઘન્ય આયુષ્ય જેટલું [પલ્યોપમનો ચોથો ભાગ] છે, અને ગ્રહદેવીઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય સંપૂર્ણ અર્ધ પલ્યોપમ જેટલું છે ॥૬॥ इति ग्रहज्योतिषामायुः ॥

તથા અશ્વિની આદિ નક્ષત્રોનું જઘન્ય આયુષ્ય ગ્રહોના જઘન્ય આયુષ્ય જેટલું [પલ્યોપમનો ચોથો ભાગ] છે, અને ઉત્કૃષ્ટ આયુષ્ય તો સંપૂર્ણ અર્ધ પલ્યોપમ છે. ॥૭॥ તથા નક્ષત્રની દેવીઓનું જઘન્ય આયુષ્ય ગ્રહની દેવીઓના જઘન્ય આયુષ્ય જેટલું [ પલ્યોપમનો ચોથો ભાગ ] છે, અને ઉત્કૃષ્ટ આયુષ્ય એજ પલ્યોપમના ચોથા ભાગથી કંઈક અધિક છે. ॥૮॥ इति नक्षत्रज्योतिषामायुः॥

તથા તારા દેવોનું જઘન્ય આયુષ્ય પલ્યોપમનો આઠમો ભાગ છે, અને ઉત્કૃષ્ટ આયુષ્ય પલ્યોપમનો ચોથો ભાગ છે. ॥૯॥ તથા તારા દેવીઓનું જઘન્ય આયુષ્ય પલ્યોપમનો આઠમો ભાગ છે, અને ઉત્કૃષ્ટ આયુષ્ય તારાની દેવીઓનું એજ પલ્યોપમના આઠમા ભાગથી કંઈક અધિક છે. ॥૧૦॥ इति तारकज्योतिषामायुः॥

એ પ્રમાણે એ દશે પ્રકારના જ્યોતિષી દેવોમાં વિશેષ ભેદપૂર્વક જઘન્ય આયુષ્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય જાણવું. કહ્યું છે કે -

'ચન્દ્ર, સૂર્ય, ગ્રહ અને નક્ષત્રોનું પોતપોતાની દેવીઓ સહિત એ આઠેનું જઘન્ય આયુષ્ય પલ્યોપમના ચોથા ભાગ જેટલું છે ॥૧॥'

'તારા દેવોનું તથા તારાની દેવીઓનું જઘન્ય આયુષ્ય પલ્યોપમનો આઠમો ભાગ છે, હવે જ્યોતિષીઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય કહીશ. ॥૨॥'

'ચન્દ્રોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક પલ્યોપમ ઉપરાંત એક લાખ વર્ષ અધિક છે, અને સૂર્યોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક હજાર વર્ષ અધિક એક પલ્યોપમ છે, તથા ગ્રહોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સંપૂર્ણ એક પલ્યોપમ જેટલું છે. ॥૩॥'

'નક્ષત્રોનું ઉત્કૃષ્ટ આયુષ્ય અર્ધપલ્યોપમ છે, તારા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય પલ્યોપમનો ચોથો ભાગ છે, અને ચન્દ્રની દેવીઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય અર્ધ પલ્યોપમ અને તે ઉપરાંત - (સંબંધ


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાંચમી ગાથામાં) ॥૪॥'

'પચાસ હજાર વર્ષ અધિક (ચન્દ્રદેવીઓનું) છે, અને સૂર્યની દેવીઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય પચાસ હજાર વર્ષ અધિક અર્ધપલ્યોપમ જેટલું છે. ॥૫॥'

'ગ્રહની દેવીઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય પલ્યોપમનો અર્ધભાગ એટલે અર્ધ પલ્યોપમ છે, અને નક્ષત્રની દેવીઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય પલ્યોપમના ચોથા ભાગ જેટલું [ ૫ા પલ્યોપમ ] છે. ॥૬॥'

'તારા દેવીઓનું પણ આયુષ્ય નિશ્ચય પલ્યોપમનો આઠમો ભાગ, અને તે ઉપરાંત કિંચિત્ અધિક દર્શાવેલું છે ॥૭॥' હવે એ જ્યોતિષી દેવોના આયુષ્યના વિશેષ વર્ણનથી સર્યું.

## ॥વૈમાનિક દેવોમાં ભવાયુષ્યકાળપ્રમાણ॥

હવે વૈમાનિક દેવોની જઘન્ય સ્થિતિ નિરૂપણ કરવાને કહે છે 'हेट्ठिल्लुक्कोसे' ઈત્યાદિ. અહીં ગાથામાં કહેલા सक्काईणं = શક્રાદિ એ શબ્દમાં શક્ર શબ્દ વડે પૂર્વવત્ સૌધર્મ દેવલોક કહેવાય. તેથી સૌધર્મ વગેરે દેવલોક અને તે પણ ગ્રૈવેયક તથા અનુત્તરવિમાન સહિત સર્વની મધ્યે ઉપર ઉપરના દેવલોકની (અહીં हेट्ठिल એ શબ્દ ગ્રહણ કરવાથી, આ અધ્યાહાર વાક્ય, સામર્થ્યથી પ્રાપ્ત થાય છે, કે) તે જઘન્ય સ્થિતિ જાણવી કે જે જઘન્ય સ્થિતિ કઈ ? તે કહે છે - हेट्ठिल्लुक्कोसट्ठिई = નીચે નીચેના દેવલોકની જે ઉત્કૃષ્ટ સ્થિતિ તે. અર્થાત્ નીચે નીચેના દેવલોકની જે ઉત્કૃષ્ટ સ્થિતિ તે ઉપર ઉપરના દેવલોકની જઘન્ય સ્થિતિ છે, એ ભાવાર્થ છે. તે આ પ્રમાણેઃ

સૌધર્મ દેવલોકમાં બે સાગરોપમ જેટલી જે ઉત્કૃષ્ટ સ્થિતિ આગળ કહેવાશે તે જ ઉત્કૃષ્ટ સ્થિતિ તેનાથી [સૌધર્મથી] ઉપર રહેલા સનત્કુમાર દેવલોકની જઘન્ય સ્થિતિરૂપ જાણવી. [અહીં સૌધર્મ સાથે ઈશાન અને સનત્કુમાર સાથે માહેન્દ્ર દેવલોક પણ છે; કારણ કે એ બે બે દેવલોક એકજ સ્થાને છે તેથી ] ઈશાન દેવલોકની કંઈક અધિક બે સાગરોપમ જેટલી જે ઉત્કૃષ્ટ સ્થિતિ આગળ કહેવાશે, તે જ ઈશાનથી ઉપર રહેલા માહેન્દ્ર દેવલોકની જઘન્ય સ્થિતિ છે.

તથા સનત્કુમાર દેવલોકની ઉત્કૃષ્ટ સ્થિતિ જે સાત સાગરોપમ જેટલી છે, તે જ બ્રહ્મદેવલોકની જઘન્ય સ્થિતિ જાણવી.

બ્રહ્મલોકની ઉત્કૃષ્ટ સ્થિતિ જે દશ સાગરોપમ છે, તે જ દશ સાગરોપમ જેટલી સ્થિતિ છઠ્ઠા લાંતક દેવલોકમાં જઘન્ય સ્થિતિરૂપ છે.

છઠ્ઠા લાંતક દેવલોકની જે ઉત્કૃષ્ટ સ્થિતિ ચૌદ સાગરોપમ જેટલી છે, તે જ ચૌદ સાગરોપમ જેટલી સ્થિતિ સાતમા શુક્ર દેવલોકમાં જઘન્ય સ્થિતિરૂપ છે.

શુક્ર દેવલોકની ઉત્કૃષ્ટ સ્થિતિ જે ૧૭ સાગરોપમ છે, તે જ સત્તર સાગરોપમ શુક્રની ઉપર રહેલા આઠમા સહસ્રાર દેવલોકની જઘન્ય સ્થિતિ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા આઠમા સહસ્રાર દેવલોકની ઉત્કૃષ્ટ સ્થિતિ જે અઢાર સાગરોપમ છે. તે જ અઢાર સાગરોપમ તેની ઉપર રહેલા નવમા આનત દેવલોકની જઘન્ય સ્થિતિ છે.

તથા નવમા આનત દેવલોકની ઉત્કૃષ્ટ સ્થિતિ જે ૧૯ સાગરોપમ છે, તે જ ઓગણીસ સાગરોપમ આનતની સામે રહેલા દશમા પ્રાણત સ્વર્ગની જઘન્ય સ્થિતિ છે.

દશમા પ્રાણત દેવલોકની ઉત્કૃષ્ટ સ્થિતિ જે ૨૦ સાગરોપમ છે, તે જ વીસ સાગરોપમ આનત પ્રાણતની ઉપર રહેલા અગિયારમા આરણ સ્વર્ગની જઘન્ય સ્થિતિ છે.

અગિયારમા આરણ સ્વર્ગની ઉત્કૃષ્ટ સ્થિતિ જે ૨૧ સાગરોપમ છે, તે જ ૨૧ સાગરોપમ આરણની સામે રહેલા બારમા અચ્યુત સ્વર્ગની જઘન્ય સ્થિતિ છે.

તથા બારમા અચ્યુત સ્વર્ગની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૨ સાગરોપમ છે તે જ બાવીસ સાગરોપમ નવ ગ્રૈવેયકોના નવ પ્રતરોમાં જે સર્વથી નીચે પહેલું પ્રતર છે, તે પહેલા પ્રતરની એટલે પહેલા ગ્રૈવેયકની જઘન્ય સ્થિતિ છે. એ પ્રમાણે નવ ગ્રૈવેયકના નવ પ્રતરોમાં દરેકમાં એકેક સાગરોપમ વધારતાં વધારતાં ત્યાં સુધી વધારવા[1] કે યાવત્ નવમા પ્રતરે ૩૦ સાગરોપમ જેટલી જઘન્ય સ્થિતિ પ્રાપ્ત થાય.

તથા નવમા ગ્રૈવેયકની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૧ સાગરોપમ છે, તે જ ૩૧ સાગરોપમ વિજયાદિ ચાર અનુત્તરવિમાનોની જઘન્ય સ્થિતિ જાણવી. સર્વાર્થસિદ્ધિ નામના પાંચમા અનુત્તર વિમાનમાં તો જઘન્ય સ્થિતિ છે જ નહિ. અને એ પાંચમા અનુત્તરની ૩૩ સાગરોપમ જેટલી અજઘન્યોત્કૃષ્ટ [ નહિ જઘન્ય કે નહિ ઉત્કૃષ્ટ એવી ] સ્થિતિ જ આગળ કહેવાશે.

પ્રશ્નઃ જો એ પ્રમાણે નીચેના દેવલોકની ઉત્કૃષ્ટ સ્થિતિ તે ઉપરના દેવલોકની જઘન્ય સ્થિતિ જાણવાનું हेट्ठिल्लुक्कोसट्ठिई, सक्काईणं जहण्णा सा એ વચનથી કહ્યું, તો તેથી સનત્કુમારાદિ દેવલોકની જ જઘન્ય સ્થિતિ કહેવાઈ, પરંતુ સૌધર્મ-ઈશાન દેવલોકની જઘન્ય સ્થિતિ કેટલી ? તે કહેવી બાકી રહી ગઈ, તો એ બે દેવલોકની જઘન્ય સ્થિતિ કેટલી જાણવી ?

ઉત્તરઃ એ વાત સત્ય છે કે સૌધર્મ-ઈશાન દેવલોકની જઘન્ય સ્થિતિ કહેવાની બાકી રહી, પરંતુ તે પોતાની મેળે જ જાણી લેવી. તે આ પ્રમાણે - સૌધર્મ દેવલોકની જઘન્ય સ્થિતિ એક પલ્યોપમ છે, અને ઈશાન દેવલોકની જઘન્ય સ્થિતિ એક પલ્યોપમથી કંઈક અધિક છે.

હવે એ બાબતના વિશેષ વિસ્તારથી સર્યું. એ ૨૦૫મી ગાથાનો અર્થ સમાપ્ત થયો.

૧. નવ ગ્રૈવેયકમાં એકેક સાગરોપમની વૃદ્ધિ આ પ્રમાણે - ૧લા ગ્રૈવેયકની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૩ સાગરો૦ તે બીજા ગ્રૈવે૦ની જઘન્ય, બીજાની ૨૪ સાગરો૦ ઉત્કૃષ્ટ તે ત્રીજાની જઘન્ય. એ રીતે ત્રીજાની ઉત્કૃષ્ટ ૨૫ સાગરો૦ ચોથાની ૨૬ સાગરો૦ પાંચમાની ૨૭ સાગરો૦ છઠ્ઠાની ૨૮, સાતમાની ૨૯, આઠમાની ૩૦, અને નવમાની ૩૧ સાગરો૦ ઉત્કૃષ્ટ સ્થિતિને અનુસારે એ દરેકની જઘન્ય વિચારવી.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥२०५॥ इति वैमानिकदेवलोकेषु जघन्या स्थितिः॥

अवतरणः પૂર્વ ગાથામાં વૈમાનિક દેવોની જઘન્ય સ્થિતિ કહી. હવે આ ગાથામાં વૈમાનિક દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ કહેવાય છેઃ

**दो साहि सत्त साही, दस चउदस सत्तरेव अट्ठारा ।**
**एक्काहिया य एत्तो, सक्काइसु सागरुवमाणा ॥२०६॥**

गाथार्थः શક્ર આદિ [ સૌધર્મ આદિ ] દેવલોકમાં બે, બેથી અધિક, સાત, સાતથી અધિક, દશ, ચૌદ, સત્તર, અઢાર, અને અહીંથી આગળ એકેક અધિક એટલા સાગરોપમો પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. ॥૨૦૬॥

टीकार्थः सागर એટલે મહાનપણાની સમાનતા હોવાથી સમુદ્ર, તેની સાથે उवमाणा = ઉપમા છે જે કાળભેદોની તે सागरोपमान એટલે કાળના ભેદવિશેષ, અર્થાત્ સાગરોપમાન એટલે પૂર્વે[1] વર્ણવેલા સ્વરૂપવાળા સૂક્ષ્મ અદ્ધા સાગરોપમ જાણવા. તે પૂર્વવત્ सक्काइसु = શક્રાદિ દેવલોકમાં એટલે સૌધર્માદિ દેવલોકમાં અનુક્રમે दो = બે આદિ સાગરોપમ જેટલી [અર્થાત્ બે સાગરોપમ, સાત સાગરોપમ ઇત્યાદિ ] સ્થિતિ ઉત્કૃષ્ટ છે. અહીં ગાથામાં 'ઉત્કૃષ્ટ સ્થિતિ' એ પદ જો કે કહ્યું નથી, તો પણ ચાલુ અધિકારના સંબંધે સામર્થ્યથી પ્રાપ્ત થાય છે. તે ઉત્કૃષ્ટ સ્થિતિનો ક્રમ આ પ્રમાણે -

सौधर्म દેવલોકમાં ઉત્કૃષ્ટ સ્થિતિ બે સાગરોપમ, અને ઈશાન દેવલોકમાં साहि એટલે તે જ બે સાગરોપમ સાધિક જાણવા. [ અર્થાત્ ઈશાન દેવલોકમાં બે સાગરોપમથી કંઈક અધિક સ્થિતિ છે. ] सनत्कुमार દેવલોકમાં ઉત્કૃષ્ટ સ્થિતિ સાત સાગરોપમ છે, અને माहेन्द्र દેવલોકમાં એજ સાત સાગરોપમ साही = સાધિક જાણવા [ અર્થાત્ માહેન્દ્રકલ્પમાં ઉત્કૃષ્ટ સ્થિતિ સાત સાગરોપમથી કંઈક અધિક છે]. તથા ब्रह्म દેવલોકમાં ૧૦ સાગરોપમ, लांतक દેવલોકમાં ૧૪ સાગરોપમ, महाशुक्र દેવલોકમાં ૧૭ સાગરોપમ, અને सहस्रार દેવલોકમાં ૧૮ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે.

एक्काहिया य एत्तो - અહીંથી આગળ પ્રત્યેક સ્વર્ગમાં એકેક સાગરોપમ અધિક સ્થિતિ કહેવી. તે અનુક્રમે આ પ્રમાણે - आनत કલ્પમાં ૧૯ સાગરોપમ, प्राणत કલ્પમાં ૨૦ સાગરોપમ, आरण સ્વર્ગમાં ૨૧ સાગરોપમ, અને अच्युत સ્વર્ગમાં ૨૨ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. એ પ્રમાણે નવ ગ્રૈવેયક વિમાનોના નવ પ્રતરોમાં પણ એકેક સાગરોપમ વધારવો, જેથી યાવત્ નવમા ગ્રૈવેયકે ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૧ સાગરોપમ આવે. વળી અહીં एक्काहिया य एत्तो એ પ્રમાણે સામાન્યથી કહેવા છતાં પણ 'व्याख्यानतो विशेषप्रतिपत्तिः જે વિશેષ વાત મૂળસૂત્રમાં ન કહી તે વાત પણ વ્યાખ્યાથી-ટીકા વગેરેથી જાણવી,' એ ન્યાયથી નવમા ગ્રૈવેયક સુધી જ

૧. પૂર્વે એટલે આ ગ્રંથની જ ૧૨૬મી ગાથામાં અદ્ધા સાગરોપમનું સ્વરૂપ કહ્યું છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકેક સાગરોપમ અધિક જાણવો, પરંતુ અનુત્તર વિમાનોમાં તો બે સાગરોપમ અધિક કહેવા. કારણ કે સિદ્ધાન્તોમાં અનેક સ્થાને પાંચે અનુત્તર વિમાનોમાં ૩૩ સાગરોપમ જેટલી ઉત્કૃષ્ટ સ્થિતિ કહી છે, તેમાં પણ સર્વાર્થસિદ્ધ વિમાનમાં જઘન્ય સ્થિતિનો પણ અભાવ હોવાથી એ પાંચમા અનુત્તરની તો નહિ જઘન્ય કે નહિ ઉત્કૃષ્ટ એવી અજઘન્યોત્કૃષ્ટ સ્થિતિ જ જાણવી, - એ વિશેષ છે. એ પ્રમાણે ૨૦૬મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૨૦૬॥ इति वैमानिकदेवानामायुःप्रमाणम् ॥

अवतरणः પૂર્વ ગાથામાં વૈમાનિકોનું આયુષ્ય કહીને હવે તિર્યંચ ગતિમાં આયુષ્ય કહેવાનો પ્રસંગ પ્રાપ્ત થતાં આ ગાથામાં પ્રથમ એકેન્દ્રિયોનું ભવાયુષ્યકાળનું પ્રમાણ [ આયુઃપ્રમાણ ] કહેવાય છેઃ

**बावीस सत्त तिन्नि य, वाससहस्साणि दस य उक्कोसा ।**
**पुढविदगानिलपत्ते-यतरुसु तेऊ तिरायं च ॥२०७॥**

गाथार्थः પૃથ્વીકાયનું ઉત્કૃષ્ટ આયુષ્ય બાવીસ હજાર વર્ષનું છે, અપ્‌કાયનું સાત હજાર વર્ષનું, વાયુકાયનું ત્રણ હજાર વર્ષનું, પ્રત્યેકવનસ્પતિનું દશ હજાર વર્ષનું અને અગ્નિકાયનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ રાત્રનું [ ૩ દિવસનું ] છે. ॥૨૦૭॥

टीकार्थः અહીં बावीस ઇત્યાદિ પદોની સાથે पुढवी ઇત્યાદિ પદોનો સંબંધ અનુક્રમે જોડવો. વળી પૃથ્વી આદિ એકેન્દ્રિયો સિદ્ધાન્તમાં સૂક્ષ્મ-બાદર ઇત્યાદિ અનેક ભેદવાળા ગણાય છે. તેમાં અહીં બાદર [ બાદર પર્યાપ્ત ] એકેન્દ્રિયોનું જ આયુષ્ય અને તે પણ ઉત્કૃષ્ટ જ આયુષ્ય કહ્યું છે એમ જાણવું. અને એ બાદર એકેન્દ્રિયોનું જઘન્ય આયુષ્ય તથા સૂક્ષ્મ એકેન્દ્રિયોનું જઘન્ય અને ઉત્કૃષ્ટ એ બન્ને પ્રકારનું આયુષ્ય તે આગળ કહેવામાં આવશે.

ત્યાં બાદર પૃથ્વીકાય જીવોનું बावीसं = બાવીસ હજાર વર્ષ (૨૨૦૦૦ વર્ષ) ઉત્કૃષ્ટ આયુષ્ય છે. सत्त એટલે બાદર અપ્‌કાયનું સાત હજાર વર્ષ (૭૦૦૦ વર્ષ) ઉત્કૃષ્ટ આયુષ્ય છે. तिन्नि -એટલે બાદર વાયુકાયિક જીવોનું (૩૦૦૦ વર્ષ) ત્રણ હજાર વર્ષ ઉત્કૃષ્ટ આયુષ્ય છે. બાદર પ્રત્યેક - વનસ્પતિ જીવોનું ૧૦,૦૦૦ વર્ષ (દશ હજાર વર્ષ) ઉત્કૃષ્ટ આયુષ્ય છે, અને બાદર અગ્નિકાય જીવોનું ત્રણ રાત્ર એટલે ત્રણ અહોરાત્ર [ ત્રણ દિવસ અને ત્રણ રાત્રિ એટલું] ઉત્કૃષ્ટ આયુષ્ય છે, - એ ભાવાર્થ છે. એ ૨૦૭મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥ इति बादरएकेन्द्रियाणामायुःप्रमाणम् ॥२०७॥

अवतरणः પૂર્વ ગાથામાં એકેન્દ્રિયોનું ઉત્કૃષ્ટ ભવાયુષ્યકાળપ્રમાણ કહીને હવે આ ગાથામાં દ્વીન્દ્રિયાદિનું ઉત્કૃષ્ટ ભવાયુષ્યકાળપ્રમાણ કહેવાય છેઃ

**बारस अउणप्पन्नं, छप्पिय वासाणि दिवसमासा य ।**
**बेइंदियाइयाणं, नरतिरियाणं तिपल्लं च ॥२०८॥**

गाथार्थः દ્વીન્દ્રિયાદિ જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય અનુક્રમે બાર વર્ષ, ઓગણપચાસ દિવસ, અને છ માસ જેટલું છે. તથા મનુષ્યોનું અને તિર્યંચ પંચેન્દ્રિયોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ પલ્યોપમ છે. ॥૨૦૮॥

टीकार्थः આ ગાથામાં 'દ્વીન્દ્રિયોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૨ વર્ષ છે' ઈત્યાદિ સંબંધ અનુક્રમે[1] જોડવો. તથા ત્રીન્દ્રિયોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૪૯ દિવસ [ઓગણપચાસ દિવસ]નું છે. ચતુરિન્દ્રિય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય છ માસનું છે. ગર્ભજ મનુષ્ય તથા ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ પલ્યોપમ છે.

વળી અહીં તિર્યંચગતિનું ભવાયુષ્યકાળપ્રમાણ કહેવાનો પ્રસંગ [આ ગાથામાં] હોવા છતાં [પૂર્વ ગાથાની વૃત્તિના પર્યન્તે આ ગાથાના અવતરણમાં પ્રતિપાદન કર્યા છતાં] પણ જે મનુષ્યના પણ ઉત્કૃષ્ટ આયુષ્યનું પ્રતિપાદન કર્યું તે એ બન્નેનું [ગર્ભજ તિર્યંચ અને ગર્ભજ મનુષ્યનું] આયુષ્ય એક સરખું હોવાથી ગ્રંથના લાઘવ [સંક્ષેપ] માટે છે, જેથી એ બાબતમાં આ તો અસંબદ્ધ ભાષણ કર્યું એવી શંકા ન કરવી. એ ૨૦૮ મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૨૦૮॥

अवतरण : પૂર્વ ગાથામાં તિર્યંચ પંચેન્દ્રિયોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૩ પલ્યોપમ કહ્યું તે તો સામાન્યથી તિર્યંચ પંચેન્દ્રિયોનું આયુષ્ય કહ્યું. પરન્તુ તિર્યંચ પંચેન્દ્રિય એ તો વિશેષથી વિચારતાં સમ્મૂર્ચ્છિમ જલચર આદિ ભેદથી ઘણા પ્રકારના ભેદવાળા છે, તેમાંથી આ ગાથામાં પ્રથમ સમ્મૂર્છિમ જલચરો, સ્થલચરો અને ખેચરોનું ઉત્કૃષ્ય આયુષ્ય કહે છે :

**जलथलखहसम्मुच्छिम - पज्जत्तुक्कोसपुव्वकोडीउ ।**
**वासाणं चुलसीई, बिसत्तरी चेव य सहस्सा ॥२०९॥**

गाथार्थः સમ્મૂર્ચ્છિમ પર્યાપ્તા જલચરનું ઉત્કૃષ્ટ આયુષ્ય પૂર્વક્રોડ વર્ષ છે. સમ્મૂર્છિમ પર્યાપ્ત સ્થલચરનું [ચતુષ્પદનું] આયુષ્ય ૮૪૦૦૦ વર્ષનું છે, અને સમ્મૂર્છિમ પર્યાપ્ત ખેચરોનું ઉત્કૃષ્ટ આયુષ્ય નિશ્ચય ૭૨૦૦૦ વર્ષનું છે. ॥૨૦૯॥

टीकार्थः આ ગાથામાં પણ [અર્થ કરતી વખતે] जल= જલચર ઈત્યાદિ ત્રણ પદોનો સંબંધ અનુક્રમે पुव्वकोडी = પૂર્વક્રોડ ઈત્યાદિ ત્રણ સંખ્યાપદો સાથે જોડવો. જેથી અર્થ આ પ્રમાણે - પર્યાપ્ત સમ્મૂર્ચ્છિમ જલચરોનું ઉત્કૃષ્ટ આયુષ્ય પૂર્વક્રોડ વર્ષનું છે, પર્યાપ્ત સમ્મૂર્ચ્છિમ સ્થલચરોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ચોર્યાસી હજાર વર્ષ [૮૪૦૦૦ વર્ષ] છે, અને પર્યાપ્ત સમ્મૂર્ચ્છિમ ખેચરોનું ઉત્કૃષ્ટ આયુષ્ય બ્હોતેર હજાર વર્ષ [૭૨૦૦૦ વર્ષ]નું છે. એ ૨૦૯મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૨૦૯॥

अवतरण : પૂર્વ ગાથામાં સમ્મૂર્ચ્છિમ જલચરાદિકનું ઉત્કૃષ્ટ આયુષ્ય કહીને હવે આ ગાથામાં ગર્ભજ પર્યાપ્ત જલચરાદિકનું ઉત્કૃષ્ટ આયુષ્ય કહેવાય છે :

**तेसिं तु गब्भयाणं, उक्कोसं होइ पुव्वकोडीउ ।**
**तिण्णि य पल्ला भणिया, पल्लस्स असंखभागो उ ॥२१०॥**

---

૧. અહીં અનુક્રમ તે बारस પદનો वासाणि સાથે, अउणपन्न પદનો दिवसની સાથે, અને छप्पियनो मासा સાથે સંબંધ જોડવો.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગાથાર્થ : વળી એજ જલચરાદિ ત્રણ ગર્ભજોનું ઉત્કૃષ્ટ આયુષ્ય અનુક્રમે પૂર્વક્રોડ વર્ષ, ૩ પલ્યોપમ, અને પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે. ॥૨૧૦॥

ટીકાર્થઃ तेसिं = તેઓનું જ એટલે પૂર્વગાથામાં કહેલા જલચરાદિ गब्भयाणं = ગર્ભજોનું ઉત્કૃષ્ટ આયુષ્ય પૂર્વક્રોડ વર્ષ છે, ઈત્યાદિ સંબંધ અનુક્રમે જોડવો, જેથી પર્યાપ્ત ગર્ભજ જલચરોનું ઉત્કૃષ્ટ આયુષ્ય પૂર્વક્રોડ વર્ષનું, પર્યાપ્ત ગર્ભજ સ્થલચરોનું [ચતુષ્પદોનું] ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ પલ્યોપમ, અને પર્યાપ્ત ગર્ભજ ખેચરોનું ઉત્કૃષ્ટ આયુષ્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કહ્યું છે. એ ૨૧૦ મી ગાથા નો અર્થ સમાપ્ત થયો. ॥૨૧૦॥ इति तिर्यक्पञ्चेन्द्रियाणां विशेषभेदेनायुः प्रमाणम् ॥

अवतरणः હવે પૂર્વે જેનું ઉત્કૃષ્ટ આયુષ્ય કહેવાઈ ગયું છે, તે બાદર પૃથ્વી આદિ એકેન્દ્રિયો વગેરે તથા પર્યાપ્ત સમ્મૂર્ચ્છિમ અને ગર્ભજ જલચર, સ્થલચર, ખેચરોનું જઘન્ય આયુષ્ય કહેવાય છે. અને પૂર્વે જેનું ઉત્કૃષ્ટ આયુષ્ય હજી કહેવાયું નથી તેવા સાધારણ વનસ્પતિ આદિ જીવોનું જઘન્ય અને ઉત્કૃષ્ટ બન્ને પ્રકારનું આયુષ્ય આ ગાથામાં કહેવાય છે. તે આ પ્રમાણેઃ

**एएसिं च जहण्णं, उभयं साहार सव्वसुहुमाणं ।**
**अंतोमुहुत्तमाऊ, सव्वापज्जत्तयाणं च ॥२११॥**

ગાથાર્થઃ એ પૂર્વે કહેલા એકેન્દ્રિયાદિનું સર્વેનું જઘન્ય આયુષ્ય અને સાધારણ વનસ્પતિ, સર્વે સૂક્ષ્મ એકેન્દ્રિયો અને તે સર્વે અપર્યાપ્તાનું પણ બન્ને પ્રકારનું આયુષ્ય અન્તર્મુહૂર્ત પ્રમાણ છે. ॥૨૧૧॥

ટીકાર્થઃ એ પૂર્વે દર્શાવેલા બાદર પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય, સાધારણ વનસ્પતિ આદિનું તથા પર્યાપ્ત સમ્મૂર્ચ્છિમ અને પર્યાપ્ત ગર્ભજ એવા જલચર, સ્થલચર અને ખેચરોનું ઉત્કૃષ્ટ આયુષ્ય તો પૂર્વે જ કહેવાઈ ગયું છે; જેથી હવે અહીં કહેવા યોગ્ય એ સર્વનું જઘન્ય આયુષ્ય અન્તર્મુહૂર્ત પ્રમાણ છે; - અહીં 'અન્તર્મુહૂર્ત આયુષ્ય' એ અર્થ ગાથાના ઉત્તરાર્ધમાંકહેલા अंतोमुहुत्तमाऊ એ પદની સાથે સંબંધવાળો છે. એ પ્રમાણે પ્રથમ ઉત્કૃષ્ટ આયુષ્ય કહેવાના ક્રમ પ્રમાણે પૂર્વોક્ત જીવોનું જ જઘન્ય આયુષ્ય કહ્યું. અને હવે પૂર્વે નહિ કહેવાયેલા એવા જીવોનું બન્ને પ્રકારનું આયુષ્ય કહે છે [જઘન્ય અને ઉત્કૃષ્ટ એ બન્ને આયુષ્ય કહે છે -]

साहार = સાધારણ વનસ્પતિકાય એટલે અનન્તકાય વનસ્પતિઓ તે સૂક્ષ્મ અને બાદર એ બન્ને ભેદવાળી વનસ્પતિનું [ અર્થાત્ સૂક્ષ્મ સાધારણ વનસ્પતિનું અને બાદર સાધારણ વનસ્પતિનું,] તથા सव्व सुहुमाणं = [ સર્વે સૂક્ષ્મ જીવોનું ] એટલે પૂર્વે કહેલા જીવોથી બાકી રહેલા સર્વે પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, અને વાયુકાયરૂપ (સૂક્ષ્મ) ચાર નિકાયનું; અહીં પાંચમી સૂક્ષ્મ વનસ્પતિકાય ન કહેવાનું કારણ કે પૂર્વે જે સૂક્ષ્મ સાધારણ વનસ્પતિ કહેવાઈ ગઈ છે, તેમાં જ સૂક્ષ્મ વનસ્પતિકાય અન્તર્ગતપણે કહેવાઈ ગયેલી હોવાથી અહીં પુનઃ સૂક્ષ્મ વનસ્પતિકાય કહી નથી; એ સર્વનું उभयं એટલે જઘન્ય અને ઉત્કૃષ્ટ બન્ને પ્રકારનું આયુષ્ય અન્તર્મુહૂર્ત માત્ર જ છે. 'આયુષ્ય અન્તર્મુહૂર્ત જ છે' એ અર્થવાળા अंतोमुहुत्तमाऊ પદનો સંબંધ અહીં પણ જોડવો.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रश्नः જઘન્ય આયુષ્ય પણ અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ આયુષ્ય પણ અન્તર્મુહૂર્ત્ત હોય તો અહીં જઘન્ય- ઉત્કૃષ્ટમાં તફાવત શું રહ્યો ?

उत्तरः જઘન્ય પક્ષમાં અન્તર્મુહૂર્ત ન્હાનું જાણવું, અને ઉત્કૃષ્ટ પક્ષમાં એ જ અન્તર્મુહૂર્ત વિશેષ મોટું જાણવું. એજ અહીં જઘન્ય - ઉત્કૃષ્ટનો તફાવત છે; બીજા કોઈ પ્રકારનો તફાવત નથી, એ તાત્પર્ય છે. એ પ્રમાણે આગળ કહેવાતા જઘન્ય - ઉત્કૃષ્ટ આયુષ્યના અન્તર્મુહૂર્તમાં પણ એજ તફાવત વિચારવો.

તથા सव्वापज्जत्तयाणं ચ[વળી સર્વ અપર્યાપ્તાઓનું એટલે ] પૃથ્વીકાયાદિ જે જીવો અપર્યાપ્તા જ મરણ પામે છે, પરંતુ પોતાની સર્વ પર્યાપ્તિઓ પૂર્ણ નથી કરતા તેવા સર્વે અપર્યાપ્તાઓનું પણ બન્ને પ્રકારનું અર્થાત્ જઘન્ય આયુષ્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય પણ અન્તર્મુહૂર્ત પ્રમાણનું જ છે. એ ૨૧૧મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥इति एकैकजीवमाश्रित्य भवायुःकालप्रमाणं ॥

अवतरणः પૂર્વે એકેક જીવ આશ્રયિને ચારે ગતિના જીવભેદોમાં ભવાયુઃકાલપ્રમાણદ્વાર [એટલે આયુષ્ય ] કહીને હવે અનેક જીવ આશ્રયિ ભવાયુઃ કાલપ્રમાણ કહેવાય છે. [ અર્થાત્ એક જ જાતિના સર્વ જીવો આશ્રયિ આયુષ્ય એટલે તે જીવજાતિ કેટલા કાળ સુધી વર્તતી હોય ? તે કહેવાય છે ]:

**एक्कगजीवाउठिई, एसा बहुजीविया उ सव्वद्धं ।**
**मणुयअपज्जत्ताणं, असंखभागो उ पल्लस्स ॥२१२॥**

गाथार्थः એ પૂર્વે કહેલી સ્થિતિ તે એકેક જીવ આશ્રયિ આયુઃસ્થિતિ કહી જાણવી. અને બહુ જીવવાળી [બહુ જીવ આશ્રયિ ] આયુઃસ્થિતિ તો સર્વકાળપ્રમાણ જાણવી. અપર્યાપ્તા મનુષ્યોની બહુ જીવ આશ્રયિ આયુઃસ્થિતિ તો પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી જાણવી. ॥૨૧૨॥

टीकार्थः एसा એટલે પૂર્વે કહેલી एक्कगजीवाउठिई = રત્નપ્રભાદિના એકેક નારકાદિ જીવની આયુઃસ્થિતિ કહી. પરંતુ बहुजीविया उ सव्वद्धं = ઘણા જીવો જેનો વિષય છે એવી જે સ્થિતિ [ અર્થાત્ ઘણા જીવોના વિષયવાળી એટલે ઘણા જીવ આશ્રયિ જે સ્થિતિ ] તે બહુ જીવ આશ્રયિ સ્થિતિ, અર્થાત્ બહુજીવસંબંધી સ્થિતિ सर्व अध्धा = સર્વ કાળ સુધીની જાણવી. [અર્થાત્ કોઈપણ જાતિના જીવભેદમાં વિચારીએ તો તે જીવભેદમાં અનેક જીવો સર્વ કાળ સુધી વર્તતા હોય જ, કારણ કે ] એવો કોઈ કાળ નથી કે જે કાળે સર્વે પણ નારક જીવો મરણ પામીને અન્ય ગતિમાં ઉત્પન્ન થશે અને નરકગતિ [ સાતે નરક પૃથ્વીઓ ] તે નારકો વડે સર્વથા શૂન્ય થશે [ અર્થાત્ સાત પૃથ્વીઓમાં એક પણ નારક જીવ ન વર્તતો હોય એવો કોઈ કાળ પૂર્વે થયો નથી, છે નહિ અને આવશે પણ નહિ, માટે નારક જીવોની આયુઃસ્થિતિ અનેક જીવની અપેક્ષાએ વિચારતાં સર્વ કાળની છે ]. એ પ્રમાણે તિર્યંચગતિ વગેરે જીવભેદોમાં પણ બહુ જીવ આશ્રયિ આયુઃસ્થિતિ સર્વ કાળપ્રમાણની વિચારવી. માટે સર્વ જીવભેદોમાં અનેક જીવોની અપેક્ષાએ સર્વકાળસ્થિતિ જાણવી.

प्रश्नः જીવના સર્વે મૂળ ભેદ તથા સર્વે ઉત્તર ભેદોમાં એજ રીતે છે ? કે કેટલા એક જીવભેદોમાં જ એ પ્રમાણે સર્વ કાળસ્થિતિ છે ? તે કહો.

उत्तरः मणुय अपज्जत्ताणं - અપર્યાપ્તા[1] મનુષ્યો કોઈ વખત એક, તો કોઈ વખત બે, તો કોઈવાર ઘણા પ્રાપ્ત થાય છે. અને તે પણ ત્યાં સુધી પ્રાપ્ત થાય છે કે યાવત્ પલ્યોપમના અસંખ્યાત ભાગ જેટલા સુધી પ્રાપ્ત થાય છે. અને ત્યારબાદ અવશ્ય ઉત્કૃષ્ટથી બાર મુહૂર્ત સુધી [ અપર્યાપ્તા મનુષ્યોનું ઉત્પત્તિ અંતર પ્રાપ્ત થતું હોવાથી ] સર્વે મનુષ્યો પર્યાપ્તા જ પ્રાપ્ત થાય છે, પરંતુ એક પણ અપર્યાપ્ત મનુષ્ય પ્રાપ્ત થતો નથી. કારણ કે સિદ્ધાન્તમાં મનુષ્યગતિનો ઉત્પત્તિવિરહકાળ ઉત્કૃષ્ટથી ૧૨ મુહૂર્તનો કહેલો છે. તે કારણથી બહુ અપર્યાપ્ત મનુષ્યો આશ્રયિ આયુઃસ્થિતિ વિચારતાં પણ અપર્યાપ્તા મનુષ્યોની આયુઃસ્થિતિ સર્વકાળ હોઈ શકતી નથી. પરંતુ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી જ આયુઃસ્થિતિ છે, એ ભાવાર્થ છે.

તથા નરકગતિ-દેવગતિનો તથા દ્વીન્દ્રિયાદિ તિર્યંચોનો કોઈનો અમુક તો કોઈનો અમુક પ્રમાણનો પણ વિરહકાળ તો સિદ્ધાન્તમાં કહ્યો છે જ, પરંતુ કોઈપણ અભિપ્રાય વિચારીને તે અપર્યાપ્તા નારકાદિ જીવો કેટલા કાળ સુધી સતત વર્તતા હોય છે ? તે અહીં નથી દર્શાવ્યું, તો તે બાબત [ વિરહકાળ તથા સતતકાળ ] અન્ય સ્થાનથી [અન્ય ગ્રંથોથી] જાણવી[2]. એ ૨૧૨મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૨૧૨॥ इति भवायुःकालमानम् ॥

## ॥अथ कालद्वारे कायस्थिति कालमानम्॥

अवतरणः એ પ્રમાણે ચાલતા કાળદ્વારના અધિકારમાં ત્રણ પ્રકારના કાળમાંથી પહેલો

૧. અહીં અપર્યાપ્તા મનુષ્યો સામાન્યથી કહેલા હોવાથી ગર્ભજ અપર્યાપ્તા કે સમ્મૂર્ચ્છિમ અપર્યાપ્તા એ બેમાંથી કયા અપર્યાપ્તા ? તે સ્પષ્ટ કહી શકાય છે કે - બન્ને અપર્યાપ્ત છે, કારણ કે આગળ કહેવાતો વિરહકાળ બન્નેનો ભેગો ગણીને કહ્યો છે.

૨. આ ગ્રંથમાં નહિ દર્શાવેલો અને અન્ય ગ્રંથોમાંથી જાણવાની ભલામણવાળો જીવોનો વિરહ કાળ તથા સતત કાળ કેટલો કેટલો છે તે અહીં કહેવાય છે :

અપર્યાપ્ત મનુષ્યો ઉપર કહ્યા પ્રમાણે જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૧૨ મુહૂર્ત સુધી ઉત્પત્તિ વિરહવાળા હોય છે. અહીં અપર્યાપ્તા મનુષ્યો તે કેવળ સમ્મૂર્ચ્છિમ અપર્યાપ્ત મનુષ્યો જ નહિ, પરંતુ ગર્ભજ અપર્યાપ્તા પણ ભેગા જ જાણવા. વળી ગર્ભજ અપર્યાપ્ત મનુષ્યો પણ લબ્ધિ અપર્યાપ્તા તેમજ કરણ અપર્યાપ્તા પણ સંભવે છે. અને સમ્મૂર્ચ્છિમ મનુષ્યો તો લબ્ધિ અપર્યાપ્ત જ હોય છે. હવે અહીં પ્રથમ ગર્ભજ અપર્યાપ્તા મનુષ્યો પણ ભેગા કેવી રીતે ગણાય ? અને તેમાં વળી કરણ અપર્યાપ્તા પણ કેવી રીતે ગણાય ? એ બે વાત જો પૂછતા હોત તો કહેવાય છે કે - સિદ્ધાન્તોમાં સમ્મૂર્ચ્છિમ મનુષ્યોનો ઉત્પત્તિવિરહ ૨૪ મુહૂર્ત કહ્યો છે, અને ગર્ભજ મનુષ્યોનો ઉત્પત્તિવિરહ ૧૨ મુહૂર્ત કહ્યો છે. અને અપર્યાપ્તા તથા પર્યાપ્તાના ભેદ વિના તેમજ સમ્મૂર્ચ્છિમ-ગર્ભજના ભેદ વિના સામાન્યથી પણ મનુષ્યો ઉત્પત્તિવિરહ ૧૨ મુહૂર્તનો જ કહ્યો છે. તો એ ઉપરથી જ સમજાય છે કે - ગર્ભજ મનુષ્યો પણ ૧૨ મુહૂર્ત સુધી ઉત્પન્ન થતા જ નથી તો તે વિરહ કાળમાં લબ્ધિ અપર્યાપ્તા ગર્ભજ મનુષ્યો તેમજ કરણ અપર્યાપ્તા ગર્ભજ મનુષ્યો પણ ક્યાંથી ઉત્પન્ન થાય ? તેમજ તે વખતે સમ્મૂર્ચ્છિમ મનુષ્યોનો પણ વિરહકાળ સાથે વર્તતો હોય તો એ ૧૨ મુહૂર્તના કાળમાં કોઈ સમ્મૂર્ચ્છિમ વા ગર્ભજ, અપર્યાપ્તો વા પર્યાપ્તો મનુષ્યમાત્રની ઉત્પત્તિ જ બંધ છે. તો ઉપરની ગાથામાં કહેલા અપર્યાપ્તા મનુષ્યના વિરહમાં સમ્મૂર્ચ્છિમ અને ગર્ભજ એ બન્ને અપર્યાપ્તાનું ગ્રહણ થઈ શકે છે. તેમજ લબ્ધિ અને કરણથી પણ અપર્યાપ્તાનું ગ્રહણ થઈ શકે છે. જેથી ૧૨ મુહૂર્ત સુધીના વિરહમાં તો કેવળ પર્યાપ્તા મનુષ્યો જ વર્તતા હોય છે. એમ વૃત્તિમાં કહ્યું તે યુક્ત જ છે.

પુનઃ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ જે અપર્યાપ્તા મનુષ્યોનો સતત કાળ કહ્યો તે પણ કેવળ સમ્મૂર્ચ્છિમ મનુષ્યોને માટે જ જાણવો એમ નહિ, પરંતુ ગર્ભજ લબ્ધિ અપર્યાપ્તાને માટે પણ જાણવો. અર્થાત્ એ બેનો ભેગો મળીને જાણવો. તેમજ જુદો જાણવો હોય તો સમ્મૂર્ચ્છિમ મનુષ્યોનો પણ એજ સતત કાળ છે. તથા ગર્ભજ લબ્ધિ અપર્યાપ્તાનો

ભવાયુષ્યકાળ એક જીવ આશ્રયિ તથા અનેક જીવ આશ્રયિ [ જીવોમાં ] કહીને હવે બીજો કાયસ્થિતિકાળ કહેવાય છેઃ

**एक्केक्कभवं सुरनारयाओ तिरिया अणंतभवकालं ।**
**पंचिंदियतिरियनरा, सत्तट्ठभवा भवग्गहणे ॥२१३॥**

ગાથાર્થઃ ભવગ્રહણની અપેક્ષાએ દેવ અને નારકોનો કાયસ્થિતિકાળ એકેક ભવ જેટલો છે. એકેન્દ્રિય તિર્યંચનો અનન્ત ભવ જેટલો કાયસ્થિતિકાળ છે, અને પંચેન્દ્રિય તિર્યંચો તથા મનુષ્યોનો સાત અથવા આઠ ભવ જેટલો કાયસ્થિતિકાળ છે. ॥૨૧૩॥

ટીકાર્થઃ અહીં કાય શબ્દ વડે શરીર નહિ પરંતુ પૃથ્વીકાય વગેરે જીવોની નિકાય (જાતિ) જાણવી. તે કાયમાં સ્થિતિ એટલે સતત રહેવું તે કાયસ્થિતિ. તે કાયમાં મરણ પામીને પુનઃ પણ તે જ કાયમાં ઉત્પન્ન થવું તે કાયસ્થિતિ. અથવા તે જ વિવક્ષિત (અમુક) કાયને ત્યાગ નહિ કરીને જીવની (તે જ કાયમાં) જે સ્થિતિ અર્થાત્ અવસ્થાન તે કાયસ્થિતિ. અને તેવા પ્રકારની

એ સતતકાળ કહ્યો છે કે નહિ ? તે ગ્રંથોમાં તેનો જુદો પાઠ દેખ્યા વિના સ્પષ્ટ ન કહેવાય. તથા ગર્ભજ મનુષ્યોનો સતતકાળ તો સર્વકાળપ્રમાણ જાણવો. કારણ એવો કોઈ કાળ હતો નહિ, છે નહિ કે આવશે પણ નહિ, કે જે કાળે એક પણ ગર્ભજ મનુષ્ય વર્તતો ન હોય. જઘન્યથી પણ ગર્ભજ મનુષ્યો ૨૯ અંક પ્રમાણ પૂર્વે જ કહેવાઈ ગયા છે. શેષ જીવભેદોનો સતતકાળ સર્વદા છે. તે તો ગાથામાં જ કહ્યું છે.

હવે જીવભેદોમાં વિરહ કાળ જે કહેવાનો બાકી છે તે વિરહકાળ આ પ્રમાણે - નરકગતિમાં -

**चउवीसयं मुहुत्ता, सत्त अहोरत्त तह य पन्नरस ।**
**मासो अ दो उ चउरो, छम्मासा विरहकालो उ ॥२१०॥ બૃ૦ સંગ્રહણી ॥**

અર્થઃ રત્નપ્રભા પૃથ્વીમાં ૨૪ મુહૂર્ત અન્તર, શર્કરાપ્રભામાં ૭ અહોરાત્રનું અન્તર, વાલુકાપ્રભામાં ૧૫ અહોરાત્રનું અંતર, પંકપ્રભામાં ૧ માસનું, ધૂમપ્રભામાં ૨ માસનું, તમઃપ્રભામાં ૪ માસનું અને તમસ્તમાપ્રભામાં ઉત્કૃષ્ટ અન્તર છ માસનું છે. ॥૧॥

એ સાતે પૃથ્વીઓમાં જુદો જુદો વિરહકાળ કહ્યો, પરંતુ સાતે પૃથ્વીઓમાં એક સાથે વિરહકાળ ઉત્કૃષ્ટથી ૧૨ મુહૂર્ત સુધી જાણવો. અને જઘન્ય તો સર્વત્ર ૧ સમય.

તિર્યંચગતિમાં - સામાન્યથી તિર્યંચગતિમાં વિરહકાળ છે જ નહિ, કારણ કે પૃથ્વીકાયાદિ પાંચે પ્રકારના સૂક્ષ્મ અને બાદર સ્થાવરો પ્રતિસમય અસંખ્યાતા ઉત્પન્ન થાય છે, અને વનસ્પતિ અનન્ત ઉત્પન્ન થયા જ કરે છે.

દ્વીન્દ્રિયોનો વિરહ ૧ મુહૂર્તનો, ત્રીન્દ્રિયનો ૧ મુહૂર્ત તથા ચતુરિન્દ્રિયોનો પણ ૧ મુહૂર્ત વિરહકાળ છે. - સમ્મૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિયોનો વિરહ ૨૪ મુહૂર્ત છે, અને ગર્ભજ પંચેન્દ્રિયોનો ઉત્કૃષ્ટ વિરહ ૧૨ મુહૂર્ત છે.

દેવગતિમાં - સામાન્યથી વિચારતાં ૧૨ મુહૂર્ત સુધી કોઈપણ જીવ દેવપણે ઉત્પન્ન થાય નહિ. અને વિશેષભેદે વિચારતાં ભવનપતિમાં ૨૪ મુહૂર્ત, વ્યન્તરોમાં ૨૪ મુહૂર્ત, જ્યોતિષીમાં ૨૪ મુહૂર્ત, સનત્કુમાર કલ્પમાં ૯ દિવસ ૨૦ મુહૂર્ત, માહેન્દ્ર કલ્પમાં ૧૨ દિવસ ૧૦ મુહૂર્ત, બ્રહ્મ કલ્પમાં ૨૨॥ (સાડા બાવીસ) દિવસ, લાન્તક કલ્પમાં ૪૫ દિવસ, મહાશુક્ર કલ્પમાં ૮૦ દિવસ, સહસ્રાર કલ્પમાં ૧૦૦ દિવસ, આનત કલ્પ અને પ્રાણત કલ્પમાં સંખ્યાતા માસ, આરણ તથા અચ્યુતમાં સંખ્યાતા વર્ષ એ ઉત્કૃષ્ટ વિરહકાળ છે.

તથા નવ ગ્રૈવેયકમાં પહેલા નીચેના ત્રણ ગ્રૈવેયકોમાં સંખ્યાતા સો વર્ષ, તે ઉપરના મધ્યમ ત્રણ ગ્રૈવેયકોમાં સંખ્યાતા હજાર વર્ષ, અને ઉપરના ત્રણ ગ્રૈવેયકમાં સંખ્યાતા લાખ વર્ષનો ઉત્કૃષ્ટ વિરહ છે. એમાં સંખ્યાત સો વર્ષ કહેવાથી હજાર વર્ષથી ન્યૂન, સંખ્યાત હજાર શબ્દથી એક લાખથી ઓછાં વર્ષ, અને સંખ્યાત લાખ કહેવાથી એક ક્રોડ વર્ષથી ઓછાં વર્ષ જાણવાં. તથા વિજયાદિ ૪ અનુત્તરમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ, અને સર્વાર્થસિદ્ધમાં પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ઉત્કૃષ્ટ વિરહ છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાયસ્થિતિ સંબંધી કાળ અહીં કહેવાને ઇચ્છેલો છે, એ ભાવાર્થ છે.

ત્યાં દેવો અને નારકી પોતપોતાની નિકાયમાં નિરન્તરપણે એકેક ભવ સુધી જ રહે છે, અને ત્યારબાદ મરણ પામીને તિર્યંચગતિમાં અથવા મનુષ્યગતિમાં જ ઉત્પન્ન થાય છે; પરંતુ ત્યાં જ (એટલે દેવ મરણ પામીને પુનઃ દેવમાં અને નારક મરણ પામીને પુનઃ નારકમાં) ઉત્પન્ન થતો નથી, એ ભાવાર્થ છે. તે કારણથી વારંવાર મરણ પામીને પુનઃ ત્યાંને ત્યાં જ ઉત્પન્ન થવારૂપ જે કાયસ્થિતિ તે દેવ - નારકોને સંભવે નહિ, પરંતુ તેઓમાં કેવળ ભવસ્થિતિ જ સંભવે એમ કહ્યું છે.

तिरिया अणंतभवकालं = તિર્યંચના વિશેષ ભેદોની વિવક્ષા કર્યા વિના સામાન્યપણે તિર્યંચ વિચારીએ તો, તિર્યંચો વારંવાર મરણ પામીને પુનઃ તિર્યંચમાં જ ઉત્પન્ન થયા છતા અનન્ત ભવ અથવા અનન્ત કાળ સુધી તિર્યંચમાં ને તિર્યંચમાં જ રહે છે. અર્થાત્ અનન્તાનન્ત ભવો સુધી અને તે ભવોનો સમગ્ર કાળ ભેગો કરીએ તો અનન્તાન્ત ઉત્સર્પિણી - અવસર્પિણી જેટલા કાળ સુધી તિર્યંચો તિર્યંચગતિમાં જ રહે છે, એ તાત્પર્ય છે. વળી એ અનન્તાનન્ત કાળને ક્ષેત્રની અપેક્ષાએ વિચારીએ તો અસંખ્યાતા પુદ્ગલપરાવર્ત સુધી રહે છે. શ્રી પ્રજ્ઞાપનાજીમાં કહ્યું છે કે -

'तिरिक्खजोणिए णं भंते, तिरिक्खजोणिएत्ति कालओ केच्चिरं होइ ? गोयमा ! जहन्नेणं अंतोमुहुत्तं उक्कोसेणं अणंतं कालं, अणंताओ उस्सप्पिणीओसप्पिणीओ कालओ त्ति खेत्तओ अणंता लोगा असंखेज्जा पोग्गलपरियट्टा ते णं पोग्गलपरियट्टा आवलियाए असंखेज्जइ[1] भागो।। '

હવે પંચેન્દ્રિય તિર્યંચો પંચેન્દ્રિય તિર્યંચમાં અને મનુષ્યો મનુષ્યમાં જ વારંવાર ઉત્પન્ન થાય તો કેટલા ભવ સુધી ઉત્પન્ન થાય ? અને કેટલા કાળ સુધી તેમાં રહે ? એ આશંકા કરીને તેના

---

૧. અર્થ :- હે ભગવન્ ! તિર્યંચયોનિકજીવો તિર્યંચપણે કાળથી કેટલા કાળ સુધી હોય ? વા ઉત્પન્ન થાય ? હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત, અને ઉત્કૃષ્ટથી અનન્ત કાળ સુધી તિર્યંચગતિમાં ઉત્પન્ન થાય, [ વળી એ કાળનું પ્રમાણ કાળથી અને ક્ષેત્રથી એમ બે રીતે વિચારવાનું હોય છે ] ત્યાં કાળથી વિચારીએ તો અનન્ત ઉત્સર્પિણી અને અનન્ત અવસર્પિણી સુધી ઉત્પન્ન થાય અથવા રહે, અને ક્ષેત્રથી અનન્ત લોકાકાશ તથા અસંખ્યાતા પુદ્ગલપરાવર્ત સુધી તિર્યંચ તિર્યંચગતિમાં રહે, વળી અહીં પુદ્ગલપરાવર્ત અસંખ્યાતા કહ્યા તે આવલિકાના અસંખ્યાતમા ભાગ જેટલા [અસંખ્યાતા ] જાણવા.

એમાં અનન્ત લોકાકાશ – એટલે એક લોકાકાશના અસંખ્યાતા આકાશપ્રદેશ છે, તે પણ એટલા ઘણા છે કે પ્રતિસમય એકેક પ્રદેશ અપહરતાં અસંખ્યાત ઉત્સર્પિણી -અવસર્પિણી કાળ વ્યતીત થાય, એટલું જ નહિ, પરંતુ એક અંગુલમાત્ર ક્ષેત્રના આકાશપ્રદેશોને અપહરતાં પણ અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી વ્યતીત થાય તો સમગ્ર લોકાકાશને અપહરવામાં અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી વ્યતીત થાય તેમાં તો કહેવું જ શું ? તેવા અનન્ત લોકાકાશના અનન્તાનન્ત પ્રદેશોને અપહરવામાં અનન્તાનન્ત ઉત્સર્પિણી - અવસર્પિણી વ્યતીત થાય છે. વળી ક્ષેત્રના પ્રમાણમાં અસંખ્યાતા પુદ્ગલપરાવર્ત કહેવાનું કારણ કે અહીં સૂક્ષ્મ ક્ષેત્રપુદ્ગલપરાવર્ત (જે પુદ્ગલપરાવર્તના આઠ ભેદમાંનો ચોથો ભેદ છે તે ) ગ્રહણ કરવાનો છે, અને એજ ભેદ ક્ષેત્રના આકાશપ્રદેશોની અપેક્ષાવાળો છે, શેષ ભેદ તો દ્રવ્યાદિકની અપેક્ષાવાળા છે. તે એકેક પુદ્ગલપરાવર્ત અનંત અનંત કાળમાનવાળો છે.

વળી અહીં આવલિકાના અસંખ્યાતમા ભાગ જેટલા પુદ્ગલપરાવર્ત દર્શાવ્યા તે તિર્યંચગતિના વિશેષ ભેદે વિચારતાં એકેન્દ્રિયમાં અને તેમાં પણ વનસ્પતિકાયમાં ભવભ્રમણ કરવાથી થાય છે.

સમાધાનમાં કહે છે કે - पंचिंदियतिरियनरा सत्तट्ठ भवा भवग्गहणे = ભવોનું ગ્રહણ એટલે વારંવાર અંગીકાર કરવું તે भवग्रहण. તે ભવગ્રહણમાં એટલે ભવગ્રહણની અપેક્ષાએ વિચારીએ તો, અર્થાત્ અનેક ભવગ્રહણોને આશ્રયિ કાયસ્થિતિકાળ વિચારીએ તો તે પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો પોતાની જ નિકાયમાં ઉત્પન્ન થયા છતા સાત અથવા આઠ ભવ સુધી ઉત્કૃષ્ટપણે રહે છે. એમાં પણ કાળથી વિચારીએ તો ઉત્કૃષ્ટથી સાત પૂર્વક્રોડ વર્ષ અને તે સહિત ત્રણ પલ્યોપમ એટલો કાળ જાણવો. અહીં તાત્પર્ય એ છે કે -

સંખ્યાત વર્ષના આયુષ્યવાળો એટલે ઉત્કૃષ્ટથી પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળો પંચેન્દ્રિય તિર્યંચ અથવા મનુષ્ય જો પુનઃ સંખ્યાત વર્ષના આયુષ્યવાળા એટલે ઉત્કૃષ્ટથી પૂર્વક્રોડ[1] વર્ષના આયુષ્યવાળા તિર્યંચમાં અથવા મનુષ્યમાં અનુક્રમે [અહીં અનુક્રમે એટલે તિર્યંચ તિર્યંચમાં અને મનુષ્ય મનુષ્યમાં ] વારંવાર ઉત્પન્ન થાય તો તે દરેક સાત સાત ભવનું જ ગ્રહણ કરે [એટલે સાત ભવ સુધી જ ઉત્પન્ન થાય ]. તેથી કાળની અપેક્ષાએ અહીં સાત પૂર્વક્રોડ વર્ષ કહ્યાં. વળી જો એજ સંખ્યાતવર્ષાયુષ્યવાળો તિર્યંચ અથવા મનુષ્ય સંખ્યાતવર્ષાયુષ્યનો સાતમો ભવ કર્યા બાદ તુર્ત જ આઠમે ભવે પણ મનુષ્યપણે ઉત્પન્ન થાય તો અસંખ્યાતવર્ષાયુષ્યવાળા યુગલિકોમાં જ ઉત્પન્ન થાય એવો નિયમ હોવાથી તે તિર્યંચ અથવા મનુષ્ય જો તે યુગલિક [અસંખ્ય વર્ષાયુષ્યવાળા ] તિર્યંચમાં અથવા મનુષ્યમાં ઉત્કૃષ્ટ આયુષ્યપણે ઉત્પન્ન થાય ત્યારે બીજા ત્રણ પલ્યોપમ પણ ગણતરીમાં આવે. જેથી એ રીતે સંખ્યાતવર્ષાયુષ્યવાળા અને અસંખ્યાત વર્ષાયુષ્યવાળા એ બન્ને ભવ મેળવતાં તિર્યંચ પંચેન્દ્રિયના તેમજ મનુષ્યના પણ દરેકના આઠ ભવ જેટલાં ભવગ્રહણ, અને સાત પૂર્વક્રોડ વર્ષ અધિક ત્રણ પલ્યોપમ જેટલો કાયસ્થિતિનો કાળ ગણવો. અહીં નવમું ભવગ્રહણ પ્રાપ્ત થતું નથી. [ અર્થાત્ ગર્ભજ તિર્યંચ વા મનુષ્ય નવમા ભવમાં ગર્ભજ તિર્યંચ વા મનુષ્ય થતો નથી ]. કારણ કે [યુગલિકની દેવગતિ જ હોય એ નિયમ પ્રમાણે ] અસંખ્યાતવર્ષાયુષ્યવાળો ભવ થયા બાદ તો અવશ્ય દેવગતિમાં જ ઉત્પન્ન થાય છે. તે કારણથી કાળની અપેક્ષાએ ત્રણ પલ્યોપમ ઉપરાંત સાત પૂર્વક્રોડ વર્ષ પ્રાપ્ત થાય છે. અને તે કારણથી જ સંખ્યાતવર્ષાયુષ્યવાળા અને અસંખ્યાતવર્ષાયુષ્યવાળા એ બન્ને જાતિના ભવોની અપેક્ષાઓ ગાથામાં 'सत्तट्ठ भवा भवग्गहणे' એમ કહ્યું છે. એ ૨૧૩મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૨૧૩॥

अवतरण: હવે આ ગાથામાં એકેન્દ્રિય તિર્યંચોનો કાયસ્થિતિકાળ કહેવાય છે:

**एगिंदिय हरियंतिय, पोग्गलपरियट्टया असंखेज्जा ।**

**अड्ढाइज्ज निओया, असंखलोया पुढविमाई ॥२१४॥**

गाथार्थ: એકેન્દ્રિયો અસંખ્યાત પુદ્ગલપરાવર્ત કાળ સુધી એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે, અને તે હરિત-વનસ્પતિ સુધીના એકેન્દ્રિયો જાણવા. એમાં પણ નિગોદ અઢી પુદ્ગલપરાવર્ત સુધી અને પૃથ્વી આદિ જીવો અસંખ્ય લોકાકાશના અપહારકાળ સુધી [અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી સુધી ] સ્વનિકાયમાં ઉત્પન્ન થાય છે. ॥૨૧૪॥

टीकार्थ: हरियंति = હરિત એટલે વનસ્પતિ છે જેના અન્તે એટલે પર્યન્તે એટલે સુધી તે

---

૧. ગણનાપદ્ધતિમાં તો સંખ્યાત તથા અસંખ્યાતથી સંખ્યા ઘણી મોટી છે, પરંતુ આયુષ્યના સંબંધમાં તો પૂર્વક્રોડ વર્ષ સુધી સંખ્યાત આયુષ્ય ગણવું, અને તેથી અધિક આયુષ્યને અસંખ્યાત વર્ષાયુ: ગણવાનો જ વ્યવહાર છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હરિતાન્ત અર્થાત્ પૃથ્વીકાય આદિ એકેન્દ્રિયો [ પૃથ્વીકાયથી પ્રારંભીને વનસ્પતિ સુધીના ] પૃથ્વીકાય - અપ્કાય - તેજસ્કાય - વાયુકાય અને વનસ્પતિકાય એ સર્વે એકેન્દ્રિયો; તેમાં શું કહેવાનું છે ? તે કહે છે - पोग्गलपरियट्टया असंखेज्जा = વારંવાર એજ એકેન્દ્રિયોમાં ઉત્પન્ન થઈ તે તે કાયનો ત્યાગ નહિ કરતા છતા અસંખ્યાતા પુદ્ગલપરાવર્ત કાળ સુધી [અનન્ત કાળ સુધી] તેમાંને તેમાં [1] જ રહે છે. શ્રીપ્રજ્ઞાપનાજીમાં કહ્યું છે કે -'

'एगेंदिए णं भंते ! एगेंदिए त्ति कालओ केच्चिरं होइ ? गोयमा ! जहन्नेणं अंतोमुहुत्तं उक्कोसेणं अणंतं कालं, अणंताओ उस्सप्पिणीओसप्पिणीओ कालओ, खेत्तओ अणंता लोगा असंखेज्जा पोग्गलपरियट्टा ते णं पोग्गलपरियट्टा आवलियाए असंखेज्जइ[2]भागो ॥ '

प्रश्नः એ કાયસ્થિતિ તો સામાન્યે પાંચે એકેન્દ્રિયોની ભેગી કહી, પરંતુ એ એકેન્દ્રિયોમાંથી જ્યારે કેવળ નિગોદ વનસ્પતિને જુદી વિચારીને તેની [ નિગોદ વનસ્પતિની ] કાયસ્થિતિ વિચારીએ તો તે કેટલી થાય ?

उत्तरः अड्ढाइज्ज - ઈત્યાદિ = વારંવાર ત્યાંને ત્યાં જ (નિગોદમાં જ) ઉત્પન્ન થવાથી નિગોદપણું ત્યાગ નહિ કરનાર એવી નિગોદ વનસ્પતિઓ અઢી પુદ્ગલપરાવર્ત સુધી નિગોદમાં જ રહે છે, અને ત્યારબાદ અન્ય સ્થાને [ પૃથ્વીકાયાદિમાં ] અવશ્ય ઉત્પન્ન થાય. જે કારણથી કહ્યું છે કે - नि[3]गोए णं भंते ! निगोए त्ति कालओ केच्चिरं होई ? गोयमा ! जहन्नेणं अंतोमुहुत्तं उक्कोसेणं अणंतं कालं अणंताओ उस्सप्पिणीओसप्पिणीओ कालओ, खेत्तओ अड्ढाइज्जा पोग्गलपरियट्टा ॥'

तथा असंखलोगा पुढविमाई = વનસ્પતિનો કાયસ્થિતિકાળ ઉપર જુદો કહેલો હોવાથી હવે બાકી રહેલા પૃથ્વીકાયાદિ એટલે પૃથ્વીકાય - અપ્કાય - અગ્નિકાય અને વાયુકાય એ ચારમાંની દરેક કાય પોતપોતાની કાયમાં વારંવાર જન્મ મરણ કરતી છતી અસંખ્યાતા લોકાકાશના અપહારકાળ જેટલા કાળ સુધી રહે છે. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે - પૃથ્વીકાય જીવો પૃથ્વીકાયમાં જ વારંવાર ઉત્પન્ન થયા છતા કાળથી અસંખ્યાત ઉત્સર્પિણી - અવસર્પિણી

૧. અહીં પાંચે એકેન્દ્રિયનાં જુદાં જુદાં નામ કહેવાથી પૃથ્વીકાયાદિકનો કાયસ્થિતિકાળ કહ્યો છે એમ ન જાણવું. પરંતુ પાંચનો ભેગો એટલે સામાન્યપણે એકેન્દ્રિયોનો જ કાયસ્થિતિકાળ કહ્યો છે, એમ જાણવું. કારણ કે પૃથ્વીકાયાદિક ચારનો જુદો જુદો કાયસ્થિતિકાળ તો અસંખ્ય ઉત્સર્પિણી - અવસર્પિણીથી અધિક છે જ નહિ. તે આ ગાથામાં જ કહેવાશે.

૨. હે ભગવન્ ! એકેન્દ્રિય એકેન્દ્રિયપણામાં કાળથી કેટલા કાળ સુધી રહે ? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અનન્ત કાળ સુધી. તેમાં પણ કાળની અપેક્ષાએ વિચારીએ તો અનન્ત ઉત્સર્પિણી - અવસર્પિણી સુધી, અને ક્ષેત્રથી વિચારીએ તો અનન્ત લોકાકાશના પ્રદેશાપહારકાળ સુધી, તથા અસંખ્યાતા પુદ્ગલપરાવર્ત સુધી, આ અસંખ્યાત પુદ્ગલપરાવર્ત તે આવલિકાના અસંખ્યાતમા ભાગના જેટલા સમય તેટલા જાણવા.

૩. હે ભગવન્ ! નિગોદ તે નિગોદપણે કાળથી કેટલાક કાળ સુધી હોય ? ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અનંત કાળ સુધી, તેમાં પણ કાળથી અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી સુધી અને ક્ષેત્રથી અઢી પુદ્ગલપરાવર્ત સુધી. [એ વ્યવહાર રાશિની નિગોદ આશ્રયિ જાણવું, અવ્યવહાર રાશિની નિગોદ આશ્રયિ તો અનાદિ અનન્ત તથા અનાદિ સાન્ત જેટલો કાયસ્થિતિ કાળ જાણવો. ]



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુધી રહે છે, અને ક્ષેત્રથી અસંખ્યાતા લોકાકાશ સુધી; એટલે અસંખ્યાત લોકના આકાશપ્રદેશોને [જેવો આ એક લોકાકાશ છે, તેવા અસંખ્યાતા લોકાકાશના જેટલા આકાશપ્રદેશ થાય તેટલા આકાશપ્રદેશોમાંથી ] પ્રતિસમય એકેક આકાશપ્રદેશનો અપહાર-સંહરણ કરીએ તો તે સર્વ આકાશપ્રદેશોને સંહરવામાં જેટલો કાળ લાગે અર્થાત્ જેટલી ઉત્સર્પિણી - અવસર્પિણીઓ વ્યતીત થાય તેટલી ઉત્સર્પિણી - અવસર્પિણીઓ સુધી [પૃથ્વીકાય પૃથ્વીકાયમાં, અપ્કાય અપ્કાયમાં, અગ્નિકાય અગ્નિકાયમાં, અને વાયુકાય વાયુકાયમાં ] રહે છે (જન્મ-મરણ કરે છે), એ અહીં તાત્પર્ય જાણવું. જે કારણથી કહ્યું છે કે -'पुढविका[1]इए णं भंते ! पुढविकाइए त्ति कालओ केच्चिरं होइ ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं उक्कोसेणं असंखेज्जं कालं असंखेज्जाउ उस्सप्पिणीओसप्पिणीओ कालओ खेत्तओ असंखेज्जा लोगा ॥'

એ પ્રમાણે અપ્કાય, અગ્નિકાય અને વાયુકાય પણ દરેક પોતપોતાની કાયમાં ઉપજતા છતા એટલા કાળ સુધી [ અસંખ્ય ઉત્સર્પિણી - અવસર્પિણી સુધી ] રહે છે, એમ જાણવું. પ્રથમ જે કાયસ્થિતિકાળ [ एगिंदिय એ પદથી ] એકેન્દ્રિયોમાં કહ્યો તે તો સ્વકાય અને પરકાયમાં પણ ઉપજતા પૃથ્વીકાયાદિ એકેન્દ્રિયોનો સામાન્યથી એકેન્દ્રિયપણાનો જ કાયસ્થિતિકાળ કહ્યો. અને આ સ્થાને [ पुढविमाई એ પદથી ] જે કાયસ્થિતિકાળ કહ્યો તે તો પોતપોતાની જ કાયમાં ઉત્પન્ન થતા તે પૃથ્વીકાયાદિ એકેન્દ્રિયોનો પૃથ્વીકાયપણાનો, અપ્કાયપણાનો ઇત્યાદિ જુદો જુદો કાયસ્થિતિકાળ કહ્યો. માટે પૂર્વે કહેલા કાયસ્થિતિકાળથી આ કાયસ્થિતિકાળ ભિન્ન છે. ૨૧૪મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૨૧૪॥

अवतरणः પૂર્વ ગાથામાં એકેન્દ્રિયનો એકેન્દ્રિયપણામાં તથા પૃથ્વીકાયાદિનો પૃથ્વીકાયાદિ સ્વસ્વનિકાયમાં કાયસ્થિતિકાળ કહીને હવે આ ગાથામાં એજ એકેન્દ્રિયોના બાદર આદિ ભેદમાં કાયસ્થિતિકાળ કહેવાય છે:

> **कम्मठिइ बायराणं, सुहुमा अस्संखया भवे लोगो ।**
> **अंगुलअसंखभागो, बायरएगिंदियतरूणं ॥२१५॥**

गाथार्थः બાદર પૃથ્વીકાયાદિનો પ્રત્યેકનો કાયસ્થિતિકાળ કર્મસ્થિતિ જેટલો [ એટલે ૭૦ કોડાકોડિ સાગરોપમ જેટલો ] છે. સૂક્ષ્મનો સામાન્યથી તથા સૂક્ષ્મ પૃથ્વીકાયાદિકનો વિશેષ ભેદે પણ કાયસ્થિતિકાળ અસંખ્યાતા લોકાકાશના પ્રદેશાપહાર જેટલો, તથા બાદર એકેન્દ્રિયપણાનો સામાન્યથી અને વિશેષભેદે બાદર એકેન્દ્રિય વનસ્પતિનો કાયાસ્થતિકાળ અંગુલના અસંખ્યાતમા ભાગના પ્રદેશાપહાર જેટલો છે. ॥૨૧૫॥

टीकार्थः कम्मठिइ बायराणं = એમાં કર્મ શબ્દ વડે મોહનીય કર્મ કહેલું છે, વળી બીજી વાત એ છે કે - જો કે 'बायराणं = બાદરોનો' એ પ્રમાણે સામાન્યથી બાદર શબ્દ કહ્યો છે, તો

૧. હે ભગવન્ ! પૃથ્વીકાય જીવ પૃથ્વીકાયપણે કેટલા કાળ સુધી હોય ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ સુધી, તેમાં પણ કાળથી અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી સુધી અને ક્ષેત્રથી અસંખ્યાત લોકના અપહારકાળ સુધી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ એમાં આટલું વિશેષ જાણવું કે - પર્યાપ્ત તથા અપર્યાપ્ત એ બે ભેદની અપેક્ષા વિના બાદર પૃથ્વી - બાદર અપ્ - બાદર અગ્નિ અને બાદર વાયુકાય એ ચાર પ્રત્યેક પોતાપોતાની કાયમાં વારંવાર ઉત્પન્ન થાય તેનો એ કાળ જાણવો. કેટલો જાણવો ? તે કહે છે - મોહનીય કર્મની જે ઉત્કૃષ્ટ સ્થિતિ સિત્તેર કોડાકોડિ સાગરોપમ જેટલી ગણાય છે, તેટલો જ એ ચારનો પ્રત્યેકનો કાયસ્થિતિકાળ જાણવો. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે -

બાદર પૃથ્વીકાય જીવ બાદર પૃથ્વીકાયમાં જ વારંવાર બાદર પૃથ્વીકાયપણે ઉત્પન્ન થાય તો ઉત્કૃષ્ટથી ૭૦ કોડાકોડિ સાગરોપમ સુધી ઉત્પન્ન થાય, અર્થાત્ એટલો કાળ બાદર પૃથ્વીકાયપણું રહે. એ પ્રમાણે બાદર અપ્કાય, બાદર અગ્નિકાય અને બાદર વાયુકાય બાદરપણું નહિ છોડીને પોતપોતાની કાયમાં ઉત્પન્ન થાય તો તે પ્રત્યેકનું કાળપ્રમાણ એટલું જ [ ૭૦ કોડાકોડિ સાગરોપમ જેટલું ] કહેવું. જે કારણથી કહ્યું છે કે -

'बायर[1] पुढविकाइए णं भंते ! बायरपुढविकाइए त्ति कालओ केच्चिरं होइ ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं उक्कोसेणं सत्तरिं सागरोवमकोडाकोडीओ, एवं आउकाइयतेउकाइय वाउकाइएवि ।' [इति प्रज्ञापना ].

તથા सुहुमा अस्संखया भवे लोगो - એમાં સૂક્ષ્મ એટલે સૂક્ષ્મ નામકર્મના ઉદયવાળા જીવો પોતાનું સૂક્ષ્મપણું છોડ્યા વિના સૂક્ષ્મમાંને સૂક્ષ્મમાં જ વારંવાર ઉત્પન્ન થાય તો અસંખ્ય લોકાકાશ સુધી સૂક્ષ્મમાં જ રહે. એમાં કહેવાનું તાત્પર્ય એ છે કે - સૂક્ષ્મ નામકર્મના ઉદયવાળો જીવ સૂક્ષ્મપણું નહિ છોડીને વારંવાર સૂક્ષ્મપણે ઉત્પન્ન થાય તો અસંખ્યાત લોકાકાશના જેટલા આકાશપ્રદેશો છે તેટલા સર્વ આકાશપ્રદેશોને પ્રતિસમય એકેક આકાશપ્રદેશ અપહરવાથી - સંહરવાથી જેટલી અસંખ્યાતી ઉત્સર્પિણી - અવસર્પિણીઓ સુધીમાં સર્વ સંહરાઈ રહે તેટલી અસંખ્યાતી ઉત્સર્પિણી - અવસર્પિણીઓ સુધી સૂક્ષ્મપણામાં જ રહે. જે કારણથી કહ્યું છે કે -

'सुहुमे[2] णं भंते ! सुहुमे त्ति कालओ केच्चिरं होइ ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं उक्कोसेणं असंखेज्जं कालं, असंखेज्जाओ उस्सप्पिणीओसप्पिणीओ कालओ, खेत्तओ असंखेज्जा

---

૧. હે ભગવન્ ! બાદર પૃથ્વીકાય જીવ બાદર પૃથ્વીકાયમાં કાળથી કેટલા કાળ સુધી રહે ? ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સિત્તેર કોડાકોડિ સાગરોપમ સુધી રહે. એ પ્રમાણે બાદર અપ્કાય બાદર અપ્કાયમાં, બાદર અગ્નિકાય બાદર અગ્નિકાયમાં, અને બાદર વાયુકાય બાદર વાયુકાયમાં જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સિત્તેર કોડાકોડિ સાગરોપમ સુધી રહે.

૧. હે ભગવન્ ! સૂક્ષ્મ એકેન્દ્રિય જીવ સૂક્ષ્મ એકેન્દ્રિયમાં કાળથી કેટલા કાળ સુધી રહે ? ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ સુધી રહે. તેમાં પણ કાળથી વિચારતાં અસંખ્યાતી ઉત્સર્પિણી - અવસર્પિણીઓ સુધી, અને ક્ષેત્રથી અસંખ્યાતા લોકાકાશના પ્રદેશાપહાર સુધી. એ પ્રમાણે સૂક્ષ્મ પૃથ્વીકાય, સૂક્ષ્મ અપ્કાય, સૂક્ષ્મ અગ્નિકાય, સૂક્ષ્મ વાયુકાય તથા સૂક્ષ્મ વનસ્પતિનો (ચારનો ભેગો) અને સૂક્ષ્મ નિગોદનો પણ કાયસ્થિતિકાળ કહેવો. અહીં સૂક્ષ્મ વનસ્પતિ કહેવા છતાં પણ સૂક્ષ્મ નિગોદ જુદી કહી તે પ્રજ્ઞાપનાજીમાં જુદો સૂત્રપાઠ કહેલો છે તેથી. ત્યાં પણ પાંચ સૂક્ષ્મ પૃથ્વ્યાદિ કહ્યા બાદ પુનઃ સૂક્ષ્મ નિગોદનો આલાપક વિશિષ્ટતાને અંગે કહેલો સંભવે છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

लोगा। एवं सुहुमपुढविआउतेउवाउवणस्सईणं सुहुमनिओयाण य भाणियव्वं।' [इति प्रज्ञापना.]

प्रश्नः પૂર્વે બાદર પૃથ્વીકાય, બાદર અપ્‌કાય, બાદર અગ્નિકાય અને બાદર વાયુકાય એ ચાર બાદર એકેન્દ્રિયોની પ્રત્યેકની જુદી જુદી કાયસ્થિતિ ૭૦ કોડાકોડિ સાગરોપમ જેટલી કહી. પરંતુ બાદર વનસ્પતિકાયની કાયસ્થિતિ કહેવી બાકી રહી છે તો તે બાદર વનસ્પતિકાયની કાયસ્થિતિ કેટલી જાણવી ?

उत्तरः એ બાદર વનસ્પતિની કાયસ્થિતિ જાણવાને માટે જ આ ગાથામાં કહ્યું છે કે - अंगुल असंखभागो बायरएगिंदियतरूणं = એમાં બાદર એકેન્દ્રિય અને તે વનસ્પતિ, તે બાદર એકેન્દ્રિય વનસ્પતિ, તેની એટલે બાદર એકેન્દ્રિય વનસ્પતિઓની કાયસ્થિતિ અર્થાત્ બાદર એકેન્દ્રિય વનસ્પતિઓમાં જ વારંવાર ઉત્પન્ન થતા બાદર એકેન્દ્રિય વનસ્પતિઓની કાયસ્થિતિ, અંગુલના અસંખ્યાતમા ભાગના ક્ષેત્રખંડના આકાશપ્રદેશરાશિ જેટલી જાણવી. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે -

બાદર વનસ્પતિકાય જીવ વારંવાર બાદર વનસ્પતિકાયમાં જ ઉત્પન્ન થાય તો અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા ક્ષેત્રમાં જેટલા આકાશપ્રદેશ છે તેટલા આકાશપ્રદેશોને પ્રતિસમય એકેક અપહરતાં-સંહરતાં જેટલી સંખ્યાતી ઉત્સર્પિણી-અવસર્પિણીઓ વ્યતીત થાય, તેટલી અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણીઓ સુધી બાદર વનસ્પતિકાયમાં જ ઉત્પન્ન થાય, અર્થાત્ એટલા કાળ સુધી બાદર વનસ્પતિ બાદર વનસ્પતિમાં જ રહે [ એ પ્રમાણે બાદર વનસ્પતિનો કાયસ્થિતિ કાળ કહ્યો ].

વળી એ પદોનો બીજી રીતે અર્થ આ પ્રમાણે પણ થાય છે કે - એકેન્દ્રિય અને વનસ્પતિ એ બેનો સમાસ થતાં એકેન્દ્રિયવનસ્પતિ, અને એ એકેન્દ્રિય તથા વનસ્પતિ એ બન્ને બાદર તે બાદર એકેન્દ્રિયવનસ્પતિ તે બેનો [ એટલે બાદર એકેન્દ્રિયનો અને બાદર વનસ્પતિનો ] એ પ્રમાણે સમાસ કરવો. જેથી ભાવાર્થ એ પ્રાપ્ત થાય છે કે - પૃથ્વીકાયાદિ ભેદની વિવક્ષા કર્યા વિના સામાન્યપણે વિચારતાં બાદર એકેન્દ્રિયની કાયસ્થિતિ કે જે પૂર્વે કહેવાઈ નથી [૧] તે, તથા વિશેષભેદે વિચારતાં પૂર્વે કહેવાઈ ગયેલા બાદર વનસ્પતિ જીવોની પણ એ કાયસ્થિતિ જાણવી.

જે કારણથી કહ્યું છે કે - बा[२]दरे णं भंते बादरे त्ति कालओ केच्चिरं होइ ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं उक्कोसेणं असंखिज्जं कालं असंखेज्जाओ उस्सप्पिणीओसप्पिणीओ कालओ, खेत्तओ अंगुलस्स असंखेज्जइभागो ।

તથા 'बादरवणस्सइए णं भंते बायरवणस्सइकाइए त्ति कालओ केच्चिरं होइ ? एवं चेववत्त[३]व्वं ।' એ ૨૧૫મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૨૧૫॥

---

૧. પૂર્વે [कम्मठिइ बायराणं એમાં બાદર શબ્દથી ] બાદર પૃથ્વીકાય વગેરે ચારની કાયસ્થિતિ કહેવાઈ છે, પરંતુ સામાન્યપણે બાદર એકેન્દ્રિયની કાયસ્થિતિ નથી કહેવાઈ, તે અહીં જ [ बायरएगिंदिय પદથી ] કહી.

૨. હે ભગવન્ ! બાદર એકેન્દ્રિય જીવ બાદર એકેન્દ્રિયપણામાં કાળથી કેટલા કાળ સુધી રહે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ સુધી રહે, તેમાં પણ કાળથી વિચારતા અસંખ્યાતી ઉત્સર્પિણી-અવસર્પિણી અને ક્ષેત્રથી વિચારતાં અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા ક્ષેત્રના પ્રદેશાપહારકાળ સુધી.

૩. એ બાદર વનસ્પતિનો આલાપક પણ એ પ્રમાણે જ (બાદર એકેન્દ્રિયવત્) કહેવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવતરણ: પૂર્વ ગાથામાં બાદર એકેન્દ્રિય, સૂક્ષ્મ એકેન્દ્રિય, બાદર પૃથ્વીકાયાદિ, સૂક્ષ્મ પૃથ્વીકાયાદિ એ ચારે રીતે એકેન્દ્રિયોની કાયસ્થિતિ કહીને હવે આ ગાથામાં એ જ એકેન્દ્રિયોના વિશેષ ભેદના વિચારમાં બાદરાદિ એકેન્દ્રિયોમાં પર્યાપ્તાઓની કાયસ્થિતિ કહેવાય છે, તે આ પ્રમાણે:

**बायरपज्जत्ताणं, वियल सपज्जत्तइंदियाणं च ।**
**उक्कोसा कायठिई, वाससहस्सा उ संखेज्जा ॥२१६॥**

ગાથાર્થ: બાદર પર્યાપ્ત એકેન્દ્રિયોની અને વિકલેન્દ્રિયોની અને પંચેન્દ્રિયોની કાયસ્થિતિ ઉત્કૃષ્ટથી સંખ્યાતા હજાર વર્ષ ઇત્યાદિ પ્રમાણની છે. ॥૨૧૬॥

ટીકાર્થ: बायरपज्जत्ताणं = બાદર પર્યાપ્તાની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સંખ્યાતા હજાર વર્ષ છે, એ પ્રમાણે અહીં સામાન્યથી કહેવા છતાં પણ સિદ્ધાન્તરૂપી સમુદ્રમાં દેખેલા વિશેષ ભેદથી વિચારી એ તો તેની વ્યાખ્યા આ પ્રમાણે જાણવી [ અહીં જે સામાન્યથી કહેવાય છે તે પૃથ્વીકાયાદિ વિશેષ ભેદની અપેક્ષા વિના જ ].

જ્યારે સામાન્યપણે બાદર પર્યાપ્ત જીવ બાદર પર્યાપ્તપણું છોડ્યા વિના વારંવાર બાદર પર્યાપ્તમાં જ ઉત્પન્ન થયા કરે તેની કાયસ્થિતિની વિવક્ષા કરીએ તો તેની કાયસ્થિતિ કંઈક અધિક સાગરોપમ શતપૃથક્ત્વ [ ઘણાં સેંકડો સાગરોપમ ] પ્રમાણ જાણવી. જે કારણથી કહ્યું છે કે - बायर[1]पज्जत्तए णं भंते ! बायरपज्जत्तए त्ति कालओ केच्चिरं होइ ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं उक्कोसेणं सागरोवमसयपुहुत्तं साइरेगं ॥ इति प्रज्ञापनायां ॥

હવે જ્યારે બાદર પર્યાપ્તની કાયસ્થિતિ વિશેષભેદથી[2] વિચારીએ તો બાદર પર્યાપ્ત પૃથ્વીકાયપણું નહિ છોડતા એવા બાદર પર્યાપ્ત પૃથ્વીકાયની કાયસ્થિતિ સંખ્યાતા હજાર વર્ષની જાણવી. [ અર્થાત્ બાદર પર્યાપ્ત પૃથ્વીકાય જીવ વારંવાર બાદર પૃથ્વીકાયમાં ઉત્પન્ન થયા કરે તો સંખ્યાતા હજાર વર્ષ સુધી ઉત્પન્ન થાય, અને ત્યારબાદ અવશ્ય તે જીવનું બાદરપણું અથવા તો પર્યાપ્તાપણું અથવા તો પૃથ્વીકાયપણું એ ત્રણમાંનો કોઈ પણ એક પર્યાય પલટાય છે ]. એ પ્રમાણે બાદર પર્યાપ્ત અપ્કાય, બાદર પર્યાપ્ત વાયુકાય તથા બાદર પર્યાપ્ત પ્રત્યેક વનસ્પતિકાયની દરેકની પણ જુદી જુદી કાયસ્થિતિ સંખ્યાતા હજાર વર્ષપ્રમાણની કહેવી. એ જ વિશેષભેદનો વિચાર અંગીકાર કરીને સૂત્રમાં [ આ ૨૧૬મી ગાથામાં ] સંખ્યાતા હજાર વર્ષની કાયસ્થિતિના અધિકારમાં બાદર પર્યાપ્તા [ बायरपज्जत्ताणं ] પદ કહેલું છે, [ પરંતુ સામાન્ય વિચારને અંગીકાર કરીને એટલે સામાન્યથી 'બાદર પર્યાપ્તા' પદ કહેલું નથી. હવે અહીં બાકી રહેલ બાદર પર્યાપ્ત અગ્નિ અને બાદર પર્યાપ્ત નિગોદની કાયસ્થિતિ કેટલી તે કહેવાય છે -]

---

૧. હે ભગવન્ ! બાદર પર્યાપ્ત જીવ બાદર પર્યાપ્તપણામાં કાળથી કેટલા કાળ સુધી હોય ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી શતપૃથક્ત્વ [ ઘણા સો ] સાગરોપમ સુધી બાદર પર્યાપ્તપણામાં રહે.

૨. વિશેષભેદથી એટલે બાદર પર્યાપ્ત પૃથ્વીકાય, બાદર પર્યાપ્ત અપ્કાય ઇત્યાદિ જુદા જુદા ભેદથી વિચારીએ તો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાદર પર્યાપ્ત અગ્નિકાયની વિશેષભેદે કાયસ્થિતિ વિચારતાં સંખ્યાતા અહોરાત્ર [સંખ્યાતા દિવસો જેટલી ] કાયસ્થિતિ કહેવી. જે કારણથી કહ્યું છે કે - 'बाय[1]रतेउकाइय पज्जत्तए णं भंते ! बायरतेउकायपज्जत्तए त्ति कालओ केच्चिरं होइ ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं उक्कोसेणं संखेज्जाइं राइंदियाइं' ।

તથા બાદર પર્યાપ્ત નિગોદજીવ પોતાના ભાવને [ બાદર પર્યાપ્ત નિગોદપણાને ] નહિ છોડીને વારંવાર બાદર પર્યાપ્ત નિગોદમાં જ ઉત્પન્ન થયા કરે તો જઘન્યથી તેમજ ઉત્કૃષ્ટથી પણ અન્ત[2]ર્મુહૂર્ત સુધી જ ઉત્પન્ન થાય [ ત્યારબાદ તે પર્યાય બદલાય ].

તથા वियल सपज्जत्त इंदियाणं च = વિકલ એટલે અસંપૂર્ણ (અપૂર્ણ) છે ઇન્દ્રિયો જેઓને તે વિકલેન્દ્રિય એટલે દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિય એ ત્રણ જાણવા. તે દરેકની જુદી જુદી કાયસ્થિતિ સિદ્ધાન્તને અનુસારે વિચારીને પોતાની મેળે જ કહેવી [ એમાં કહેવી એ પદ અધ્યાહાર જાણવું ]. પરંતુ એ વિકલેન્દ્રિયોના પદની સાથે સંખ્યાતા હજાર વર્ષના પદનો સંબંધ ન જોડવો, કારણ કે સિદ્ધાન્તમાં વિકલેન્દ્રિયોની એટલી કાયસ્થિતિ કહી નથી [ તેમજ આ ગાથામાં પણ વિકલેન્દ્રિયો માટે કાયસ્થિતિપ્રમાણ દર્શાવવાનું બીજું પદ કહ્યું નથી; માટે જ વિકલેન્દ્રિયોની કાયસ્થિતિ સિદ્ધાન્તમાંથી જાણીને પોતાની મેળે કહેવી ]. હવે જો વિકલેન્દ્રિયોની કાયસ્થિતિ આ ગાથામાં કહ્યા પ્રમાણે સંખ્યાતા હજાર વર્ષની નથી તો સિદ્ધાન્તમાં તેની કાયસ્થિતિ કેટલી કહી છે ? તે કહો, એમ જો પૂછતા હો તો તે વિકલેન્દ્રિયોની કાયસ્થિતિ કહેવાય છે:

પર્યાપ્ત અને અપર્યાપ્ત એ બે વિશેષભેદની વિવક્ષા નહિ કરીને જો સામાન્યથી દ્વીન્દ્રિયાદિ દરેક વિકલેન્દ્રિયની કાયસ્થિતિ કહેવા ઇચ્છીએ તો તે ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સંખ્યાત કાળ જેટલી જ જાણવી. જે કારણથી કહ્યું છે કે - 'बेइंदिए[3] णं भंते ! बेइंदिए त्ति कालओ केच्चिरं होइ ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं उक्कोसेणं संखेज्जकालं एवं तेइंदियाण चउरिंदियाण वि' ।

અથવા બીજી રીતે વિચારતાં આ ૨૧૬મી ગાથામાં પ્રથમ કહેલું 'પર્યાપ્ત' વિશેષણ [ बायर पज्जत्ताणं એ પદમાંનું पज्जत्ताणं પદ ] અહીં વિકલેન્દ્રિય પદ સાથે જોડીને વિચારીએ તો પર્યાપ્ત દ્વીન્દ્રિયની કાયસ્થિતિ સંખ્યાતા વર્ષ, પર્યાપ્ત ત્રીન્દ્રિયની કાયસ્થિતિ સંખ્યાતા દિવસ, અને પર્યાપ્ત ચતુરિન્દ્રિયની કાયસ્થિતિ સંખ્યાતા માસ જેટલી છે. જે કારણથી કહ્યું છે કે - 'बेइंदिय[4] पज्जत्तए णं भंते ! बेइंदियपज्जत्तए त्ति कालओ केच्चिरं होइ ? गोयमा ! जहण्णेणं

---

૧. હે ભગવન્ ! બાદર પર્યાપ્ત અગ્નિકાય જીવ બાદર પર્યાપ્ત અગ્નિકાયમાં જ કાળથી કેટલા કાળ સુધી રહે ? ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત, અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા રાત્રિ દિવસ.

૨. વૃત્તિમાં એ સંબંધી પાઠ દર્શાવ્યો નથી. તે પાઠ આ પ્રમાણે - निगोयपज्जत्तए बादरनिगोयपज्जत्तए, पुच्छा, गोयमा ! दोण्हवि जहण्णेणं अंतोमुहुत्तं उक्कोसेणं अंतोमुहुत्तं = પર્યાપ્ત નિગોદ અને બાદર પર્યાપ્ત નિગોદ એ બેના પ્રશ્નમાં હે ગૌતમ ! એ બન્ને કાયસ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત છે, અને ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત છે, એ ઉત્તર છે.

૩. હે ભગવન્ ! બેઇન્દ્રિય જીવ બેઇન્દ્રિયપણામાં કેટલા કાળ સુધી રહે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સંખ્યાત કાળ સુધી રહે. એ પ્રમાણે ત્રીન્દ્રિયની અને ચતુરિન્દ્રિયની કાયસ્થિતિ પણ સંખ્યાતકાળપ્રમાણની કહેવી.

૪. હે ભગવન્ ! પર્યાપ્ત દ્વીન્દ્રિય જીવ પર્યાપ્ત દ્વીન્દ્રિયમાં જ કેટલા દીર્ઘકાળ સુધી રહે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા વર્ષ સુધી રહે. એ પ્રમાણે ત્રીન્દ્રિયની પણ કાયસ્થિતિ જાણવી, પરંતુ વિશેષ એ કે ઉત્કૃષ્ટથી સંખ્યાતા રાત્રિ-દિવસ કહેવા. તથા ચતુરિન્દ્રિયમાં પણ એ પ્રમાણે જ કહેવું, પરંતુ ઉત્કૃષ્ટથી સંખ્યાતા માસ જેટલી કાયસ્થિતિ કહેવી. [ એ દ્વીન્દ્રિયાદિકની ભિન્ન ભિન્ન કાયસ્થિતિ કહી. ]


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अंतोमुहुत्तं उक्कोसेणं संखेज्जाइं वासाइं, एवं तेइंदियपज्जत्तए वि, नवरं उक्कोसेणं संखेज्जाइं राइंदियाइं, एवं चउरिंदियपज्जत्तए वि नवरं उक्कोसेणं संखेज्जा मासत्ति । '

તથા सपज्जत्तइंदियाणं = એમાં स = સહિત पज्जत्त = પર્યાપ્ત એટલે પરિપૂર્ણ પાંચે इंदियाणं = ઇન્દ્રિયવાળા જીવોને. અર્થાત્ જેઓ પરિપૂર્ણ પાંચે ઇન્દ્રિયોસહિત વર્તે છે. તે સપર્યાપ્ત ઇન્દ્રિય એટલે પંચેન્દ્રિય જાણવા. પર્યાપ્ત અને અપર્યાપ્ત વિશેષણરહિત એવા તે સામાન્યપણે પંચેન્દ્રિયોની કાયસ્થિતિ ઉત્કૃષ્ટથી કંઈક અધિક હજાર સાગરોપમ જેટલી જાણવી. જે કારણથી કહ્યું છે કે 'पंचिंदिए[1] णं भंते ! पंचिंदिए त्ति कालओ केच्चिरं होइ ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं उक्कोसेणं सागरोवमसहस्सं साइरेगं ।'

વળી અહીં પર્યાપ્ત વિશેષણને અનુસરીએ [ એટલે પર્યાપ્તા પંચેન્દ્રિયની કાયસ્થિતિ વિચારીએ ] તો એ પર્યાપ્ત પંચેન્દ્રિયોની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સાગરોપમ શતપૃથક્ત્વ (ઘણાં સો સાગરોપમ જેટલી) જાણવી. જે કારણથી કહ્યું છે કે - पंचिंदिय[2] पज्जत्तए णं भंते ! पंचिंदियपज्जत्तए त्ति कालओ केच्चिरं होइ ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं उक्कोसेणं सागरोवमसयपुहुत्तं।'

તે કારણથી [ પ્રથમ જેમ વિકલેન્દ્રિયને અંગે સંખ્યાતા હજાર વર્ષની કાયસ્થિતિ કહેવી યોગ્ય ન હતી, તેમ ] અહીં પંચેન્દ્રિય પર્યાપ્તાના સંબંધમાં અથવા કેવળ પંચેન્દ્રિયના સંબંધમાં પણ ગાથામાં કહેલી સંખ્યાત હજાર વર્ષની કાયસ્થિતિનો સંબંધ જોડાતો નથી. [ કારણ કે પૂર્વોક્ત સિદ્ધાન્તપાઠને અનુસારે અસંખ્યાતા વર્ષની છે ], તે કારણથી પંચેન્દ્રિય પર્યાપ્તા સાથે સંખ્યાત હજાર વર્ષની કાયસ્થિતિનો [ અર્થાત્ सपज्जत्तइंदियाणं એ પદ સાથે वाससहस्सा उ संखेज्जा એ પદનો ] સંબંધ ન જોડીએ, પરંતુ એ સંબંધને દૂર કરીને પૂર્વે (સિદ્ધાન્તપાઠમાં) કહ્યા પ્રમાણે જ કહેવી.

વળી અન્ય આચાર્યો તો વિકલેન્દ્રિયને અને પંચેન્દ્રિયને પર્યાપ્ત વિશેષણનો સંબંધ જોડીને સર્વત્ર (એ બન્નેમાં) સંખ્યાત હજાર વર્ષપ્રમાણ જ કાયસ્થિતિ વર્ણવે છે. [ એટલે આ ગાથાનો એવો જ અર્થ કરે છે] તો તેઓનો કંઈ બીજો અભિપ્રાય હોય તો તે આચાર્યો જ [3]જાણે. એ ૨૧૬મી ગાથાનો અર્થ સમાપ્ત.॥૨૧૬॥

अवतरणः એ પ્રમાણે પૂર્વ ગાથામાં સામાન્યથી પંચેન્દ્રિય જીવ સામાન્યથી [ પર્યાપ્તાદિ

૧. હે ભગવન્ ! પંચેન્દ્રિય જીવ પંચેન્દ્રિયપણામાં કેટલા દીર્ઘકાળ સુધી રહે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સાધિક હજાર સાગરોપમ સુધી.

૨. હે ભગવન્ ! પર્યાપ્ત પંચેન્દ્રિય જીવ પર્યાપ્ત પંચેન્દ્રિયપણામાં કેટલા દીર્ઘકાળ સુધી રહે ? ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત, અને ઉત્કૃષ્ટથી શતપૃથક્ત્વ સાગરોપમ સુધી.

૩. આ ગાથામાં बायरपज्जत्त શબ્દથી સામાન્ય બાદર પર્યાપ્ત અર્થ ન કરતાં બાદર પર્યાપ્ત પૃથ્વી, અપ્, વાયુ અને પ્રત્યેક વનસ્પતિ એ ચારે અર્થ કરીને પણ સિદ્ધાન્તમાં કહેલી કાયસ્થિતિને અનુસારે આ ગાથામાં કહેલી કાયસ્થિતિ મેળવી, પરંતુ વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય એ બેની આ ગાથામાં કહેલી કાયસ્થિતિ કોઈ રીતે ઘટતી નથી, તેથી સિદ્ધાન્તના પાઠ દર્શાવીને પણ વિસંવાદ સ્પષ્ટ કર્યો. વળી વિકલેન્દ્રિય તથા પંચેન્દ્રિયને માટે આ વૃત્તિકર્તા આચાર્યે વિકલેન્દ્રિયો માટે વાચકોને સિદ્ધાન્તાનુસારે સ્વયં વિચારી લેવાનું પણ જણાવ્યું, અને સિદ્ધાન્તના પાઠ પર્યાપ્ત વિશેષણરહિત સામાન્યથી દ્વીન્દ્રિયાદિની અને પર્યાપ્ત વિશેષણરહિત દ્વીન્દ્રિયાદિની જુદી જુદી કાયસ્થિતિ સ્પષ્ટ દર્શાવી, તેમજ પંચેન્દ્રિયની પણ પર્યાપ્ત વિશેષણરહિત અને સહિત બન્ને પ્રકારની કાયસ્થિતિ દર્શાવી, જેમાં કોઈ પણ પાઠથી પંચેન્દ્રિયની કોઈ પણ વિકલ્પ વડે આ ગાથામાં કહેલી સંખ્યાત હજાર વર્ષની કાયસ્થિતિ પ્રાપ્ત નથી, છતાં અન્ય આચાર્યો આ ગાથાનો અર્થ પંચેન્દ્રિયને માટે પણ સંખ્યાત હજાર વર્ષની કાયસ્થિતિનો કરે છે તે તેઓ જ જાણે. એ વૃત્તિકર્તાનું તાત્પર્ય છે.

Jain Education International

For Private & Personal Use Only
www.jainelibrary.org

વિશેષણરહિત ] પંચેન્દ્રિયોમાં વારંવાર ઉત્પન્ન થાય તેની[1] [ અને તે પહેલાં બાદર પર્યાપ્ત પૃથ્વ્યાદિની અને વિકલેન્દ્રિયની પણ એ જ ગાથામાં ] કાયસ્થિતિ દર્શાવી. હવે આ ગાથામાં સંખ્યાત વર્ષના આયુષ્યવાળા [ અયુગલિક ] પંચેન્દ્રિય તિર્યંચો તથા સંખ્યાત વર્ષાયુષ્યવાળા [ અયુગલિક ] મનુષ્યો એ બન્નેમાં સામાન્યપણે વારંવાર અનુક્રમે ઉત્પન્ન થતા સંખ્યાત વર્ષાયુષ્યવાળા તિર્યંચ પંચેન્દ્રિયની તથા સંખ્યાત વર્ષાયુષ્યવાળા મનુષ્યોની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ કહે છે:

**तिण्णि य पल्ला भणिया, कोडिपुहत्तं च होइ पुव्वाणं ।**
**पंचिंदियतिरियनरा-णमेव उक्कोस कायठिई ॥२१७॥**

ગાથાર્થ: પંચેન્દ્રિય તિર્યંચોની તથા મનુષ્યોની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ ત્રણ પલ્યોપમ ઉપરાંત ક્રોડપૃથક્ત્વ પૂર્વ જેટલી કહી છે. ॥૨૧૭॥

ટીકાર્થ: અહીં પ્રથમ પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળો પંચેન્દ્રિય તિર્યંચ પૂર્વક્રોડ વર્ષના જ આયુષ્યવાળા [ એટલે સંખ્યાત આયુષ્યવાળો પંચેન્દ્રિય તિર્યંચ ] સંખ્યાતા વર્ષાયુષ્યવાળા પંચેન્દ્રિય તિર્યંચમાં વારંવાર ઉત્પન્ન થાય તો સાત વાર ઉત્પન્ન થાય છે. અને એ પ્રમાણે ગાથામાં કહેલા પૂર્વક્રોડપૃથક્ત્વ શબ્દથી અહીં સાત પૂર્વક્રોડ વર્ષ ઈષ્ટ થયાં. પુનઃ તે સંખ્યાતાયુષ્યવાળો તિર્યંચ પંચેન્દ્રિય આઠમી વાર તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય તો નિશ્ચય અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા જ તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય [ પરંતુ સંખ્યાતવર્ષાયુષ્યવાળામાં આઠમી વાર ઉત્પન્ન ન થાય ] એ પૂર્વે જ કહ્યું છે. તે અસંખ્યવર્ષાયુષ્યવાળા તિર્યંચનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ પલ્યોપમ છે. એ પ્રમાણે પંચેન્દ્રિય તિર્યંચના આઠ ભવો મળીને પૂર્વક્રોડપૃથક્ત્વ અધિક ત્રણ પલ્યોપમ જેટલી કાયસ્થિતિ પ્રાપ્ત થાય છે. એ જ પ્રમાણે સંખ્યાતવર્ષાયુષ્યવાળો મનુષ્ય પણ સંખ્યાત અને અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યમાં ઉત્કૃષ્ટ આયુષ્યવાળામાં ઉત્પન્ન થાય તો પણ આઠ ભવ કરે. તેથી કાયસ્થિતિ પૂર્વક્રોડપૃથક્ત્વાધિક ત્રણ પલ્યોપમ જેટલી થાય, તેની સર્વ ભાવના પંચેન્દ્રિય તિર્યંચવત્ કરવી. [અર્થાત્ પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળો મનુષ્ય પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળા મનુષ્યમાં સાત વાર જ ઉત્પન્ન થાય, અને આઠમી વાર મનુષ્યપણે ઉત્પન્ન થાય તો અવશ્ય યુગલિક (અસંખ્યાત વર્ષાયુષ્યવાળા) મનુષ્યમાં જ ઉત્પન્ન થાય અને ત્યાં ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમનું આયુષ્ય છે, જેથી એ આઠ ભવ મળીને મનુષ્યની કાયસ્થિતિ સાત પૂર્વક્રોડ વર્ષ અધિક ત્રણ પલ્યોપમ જેટલી થઈ જાણવી ]. એ ૨૧૭મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૨૧૭॥

અવતરણ: હવે આ ગાથામાં પર્યાપ્ત વગેરેની કાયસ્થિતિ કહેવાય છે:

**पज्जत्तय सयलिंदिय, सहस्समब्भहियमुयहिनामाणं ।**
**दुगुणं च तसत्ति भवे, सेसविभागो मुहुत्तंतो ॥२१८॥**

ગાથાર્થ: પર્યાપ્તની અને પંચેન્દ્રિયની કાયસ્થિતિ સાધિક હજાર સાગરોપમ જેટલી છે, અને

૧. વૃત્તિકર્તા અહીં 'સામાન્ય પંચેન્દ્રિયની સ્થિતિ કહી' એમ કહે છે, પરંતુ આગળ જ ૨૧૮મી ગાથાની વૃત્તિમાં 'પર્યાપ્ત પંચેન્દ્રિયની સ્થિતિ (૨૧૬મી ગાથામાં) કહી છે', એમ કહેશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[ त्रस इति ] ત્રસની કાયસ્થિતિ તેથી દ્વિગુણ - બમણી (સાધિક બે હજાર સાગરોપમ ) છે, તથા શેષ વિભાગ એટલે જઘન્ય કાયસ્થિતિ સર્વત્ર [ દેવ - નારક વર્જીને ] અન્તર્મુહૂર્ત છે. ॥૨૧૮॥

ટીકાર્થ: પર્યાપ્તપણું નહિ છોડીને વારંવાર પર્યાપ્તામાં ઉત્પન્ન થતા પર્યાપ્તા જીવની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ કંઈક અધિક શતપૃથક્ત્વ [ ઘણા સો-સેંકડો ] સાગરોપમ જેટલી છે. અહીં 'છે' એ અધ્યાહાર્ય પદ જાણવું. જે કારણથી સિદ્ધાન્તમાં કહ્યું છે કે -

'पज्जत्त[1]ए णं भंते ! पज्जत्तए त्ति कालओ केच्चिरं होइ ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं उक्कोसेणं सागरोवमसयपुहुत्तं साइरेगं ।'

તથા सयलिंदिय - સકલ એટલે પરિપૂર્ણ અર્થાત્ પાંચે ઈંદિય = ઇન્દ્રિયો છે જેઓને તે સકલેન્દ્રિય એટલે પંચેન્દ્રિય; તેઓની उदधिनामानि = સાગરોપમ, તે સાગરોપમોનું એક હજાર અર્થાત્ એક હજાર સાગરોપમ, તેથી અધિક ઉત્કૃષ્ટ કાયસ્થિતિ છે. [પંચેન્દ્રિયની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ એક હજાર સાગરોપમથી અધિક છે.] વળી એ કાયસ્થિતિ તો પ્રથમ એકાન્તરિત [વચ્ચે એક ગાથા છોડીને તે પહેલાની ૨૧૬મી ] ગાથામાં નિર્ણયપણે - નિશ્ચયથી કહેલી જ છે.

પ્રશ્ન: જો એમ છે [ એટલે પંચેન્દ્રિયની કાયસ્થિતિ ૨૧૬મી ગાથામાં કહી છે ] તો અહીં [ આ ગાથામાં ] તેનું પુનઃ કથન કેમ કર્યું ?

ઉત્તર: તે પ્રશ્ન સત્ય છે. પરંતુ પૂર્વે [ ૨૧૬મી ગાથાની વૃત્તિમાં ] બે વ્યાખ્યા કરેલી છે, [ પર્યાપ્તપક્ષરહિત અને પર્યાપ્તસહિત વ્યાખ્યા કરી છે ] ત્યાં પૂર્વે (૨૧૬મી ગાથામાં) પર્યાપ્ત વિશેષણવાળી વ્યાખ્યાના પક્ષે પર્યાપ્ત વિશેષણવાળા પંચેન્દ્રિયની કાયસ્થિતિ કહી છે, [ પર્યાપ્તા પંચેન્દ્રિયની કાયસ્થિતિ કહી છે ]. અને અહીં (આ ગાથામાં) તો પર્યાપ્તવિશેષણરહિત પંચેન્દ્રિયોની કાયસ્થિતિ કહી છે, એ તફાવત છે. અને પૂર્વે (૨૧૬મી ગાથામાં) પર્યાપ્ત વિશેષણરહિતનો જે પક્ષ (જે કાયસ્થિતિ), તે તો આ ગ્રંથકર્તાને ઇષ્ટ ન[2]થી એમ જણાય છે.

વળી અન્ય આચાર્યો તો પર્યાપ્ત પંચેન્દ્રિયોની પણ કાયસ્થિતિ સાધિક હજાર સાગરોપમ છે, એ રીતે આ ગાથાની વ્યાખ્યા કરે છે. અને તે વ્યાખ્યા અયુક્ત જ છે. કારણ કે સિદ્ધાન્તમાં પર્યાપ્ત પંચેન્દ્રિયોની કાયસ્થિતિ સાધિક સાગરોપમ શતપૃથક્ત્વ જેટલી જ કહી છે. [ પરંતુ સાધિક હજાર સાગરોપમ જેટલી નથી કહી ], તેમજ પુન[3]રુક્તિ દોષનો પણ પ્રસંગ પ્રાપ્ત થાય છે, [ એટલે પુનઃકથનરૂપ દોષ પણ આવે છે માટે અયુક્ત છે ].

---

૧. હે ભગવન્ ! પર્યાપ્ત જીવ પર્યાપ્તપણામાં કાળથી કેટલા કાળ સુધી રહે ? ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત, અને ઉત્કૃષ્ટથી શતપૃથક્ત્વ સાગરોપમથી કંઈક અધિક.

૨. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે - ૨૧૬મી ગાથામાં આ ગ્રંથકર્તાને પર્યાપ્તવિશેષણરહિતનો પક્ષ ઇષ્ટ નથી એટલે તે ગાથામાં પર્યાપ્તવિશેષણરહિત પંચેન્દ્રિયની કાયસ્થિતિ કહેવાનો ઉદ્દેશ વિચાર્યો નથી, પરંતુ પર્યાપ્ત પંચેન્દ્રિયની કાયસ્થિતિ કહેવાનો ઉદ્દેશ ગ્રંથકર્તાએ વિચાર્યો છે. પુનઃ આ ગાથાના અવતરણમાં વૃત્તિકર્તાએ 'પૂર્વ ગાથામાં સામાન્યથી પંચેન્દ્રિયની કાયસ્થિતિ કહી' એમ કહ્યું તે પણ વિચારણીય છે, કારણ કે સામાન્ય પંચેન્દ્રિયની કાયસ્થિતિ તો આ ગાથામાં કહેવાય છે.

૩. પર્યાપ્ત પંચેન્દ્રિયોની કાયસ્થિતિ ૨૧૬મી ગાથામાં કહેવાઈ ગઈ છે, અને પુનઃ આ ગાથામાં પણ પર્યાપ્ત પંચેન્દ્રિયની કાયસ્થિતિ કહે તો પુનરુક્તિ દોષ ગણાય.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तथा दुगुणं च तसत्ति भवे = त्रस જીવોની કાયસ્થિતિ દ્વિગુણ સાધિક હજાર સાગરોપમ છે. એટલે બમણા કરવાથી [ સાધિક હજારને બમણા કરવાથી ] સંખ્યાત વર્ષ અધિક બે હજાર સાગરોપમ જાણવા [ અહીં સાધિક શબ્દ વડે સંખ્યાત વર્ષ જેટલા અધિકતા જાણવી ]. જે કારણથી સિદ્ધાન્તમાં કહ્યું છે કે :

'तसकाइए[1] णं भंते ! तसकाइए त्ति कालओ केच्चिरं होइ ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं उक्कोसेणं दो सागरोवमसहस्साइं संखेज्जवासऽब्भहियाइं ।'

એ પ્રમાણે ઉત્કૃષ્ટ કાયસ્થિતિ કહીને હવે જઘન્ય કાયસ્થિતિ કહેવાની ઇચ્છાએ કહે છે કે - सेसविभागो मुहुत्तंतो. ઉત્કૃષ્ટ કાયસ્થિતિના પક્ષથી - વિભાગથી सेस - બાકી રહેલો જે વિભાગ એટલે કાયસ્થિતિ પક્ષ, અર્થાત્ કાયસ્થિતિરૂપ વિભાગ એ જ પક્ષ તે વિભાગપક્ષ એટલે વિભાગ. તે વિભાગપક્ષ અહીં જઘન્ય કાયસ્થિતિરૂપ જ કહેલો છે [ પરંતુ મધ્યમ કાયસ્થિતિરૂપ નહિ], કારણ કે જઘન્ય પક્ષ અને ઉત્કૃષ્ટ પક્ષ એ બે પક્ષ કહ્યા છે તે બેના અંતરાલમાં (વચમાં) રહેલો મધ્ય પક્ષ તો સુખે સમજી[2] શકાય છે. તે જઘન્ય કાયસ્થિતિરૂપ વિભાગ તો અહીં સર્વ સ્થાને અન્તર્મુહૂર્ત પ્રમાણ જાણવો. [ અહીં 'સર્વત્ર' એ શબ્દનો ભાવાર્થ આ પ્રમાણે છે કે - ] જે જે સ્થાનોમાં [જે જે જીવભેદોમાં ] પૂર્વે ઉત્કૃષ્ટ કાયસ્થિતિ કહી, તે તે સર્વે સ્થાનોમાં (જીવભેદોમાં) જઘન્ય કાયસ્થિતિ અન્તર્મુહૂર્તપ્રમાણ જાણવી, એ ભાવાર્થ છે. એ પ્રમાણે ૨૧૮મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૨૧૮॥ इति [3]कायस्थितिकालः ॥

---

૧. હે ભગવન્ ! ત્રસકાયિક જીવ ત્રસકાયપણામાં જ રહે તો કાળથી કેટલા દીર્ઘ કાળ સુધી રહે ? ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત સુધી, અને ઉત્કૃષ્ટથી સંખ્યાત વર્ષ અધિક બે હજાર સાગરોપમ સુધી રહે.

૨. જઘન્ય કાયસ્થિતિ કાળથી એકાદિ સમય અધિક તે યાવત્ ઉત્કૃષ્ટ કાયસ્થિતિકાળથી એક સમય ન્યૂન સુધીની સર્વે સ્થિતિઓ મધ્યમ કાયસ્થિતિઓ જાણવી.

૩. અહીં કાયસ્થિતિના સંબંધમાં જે વિશેષ વક્તવ્ય છે તે આ પ્રમાણે :

બાદર પર્યાપ્ત પૃથ્વીકાયાદિકની કાયસ્થિતિ જે સંખ્યાત હજાર વર્ષ ઇત્યાદિ કહી, તે પોતાના ઉત્કૃષ્ટ ભવાયુષ્યથી આઠ આઠ ગુણી જાણવી. કારણ કે ઉત્કૃષ્ટ આયુષ્યવાળો પર્યાપ્ત પૃથ્વીકાય જીવ ઉત્કૃષ્ટ આયુષ્યવાળા પર્યાપ્ત પૃથ્વીકાયમાં નિરન્તર આઠ ભવ સુધી ઉત્પન્ન થાય છે, તે કારણથી બાદર પર્યાપ્ત પૃથ્વીકાયાદિકની કાયસ્થિતિ એ પ્રમાણે આઠ ગુણી પ્રાપ્ત થાય છે. શ્રી દ્રવ્યલોક પ્રકાશમાં કહ્યું છે કે -

> पर्याप्तत्वे बादरायाः, क्षितेः कायस्थितिर्भवेत् ।
> वत्सराणां लक्षमेकं, षट्सप्ततिसहस्रयुक् ॥१॥

अर्थः પર્યાપ્તપણામાં બાદર પૃથ્વીકાયની [બાદર પર્યાપ્ત પૃથ્વીકાયની] કાયસ્થિતિ છોંતેર હજારસહિત એક લાખ વર્ષ જેટલી [૧૭૬૦૦૦ વર્ષની ] છે. ॥૧॥ એ કાયસ્થિતિ પ્રાપ્ત થવાનું કારણ દર્શાવાય છે કે -

> भवेदष्टभवान् यावत्, ज्येष्ठायुः क्षितिकायिकः ।
> ज्येष्ठायुष्कक्षितित्वेनो-त्पद्यमानः पुनः पुनः ॥२॥

अर्थः- ઉત્કૃષ્ટ આયુષ્યવાળો પૃથ્વીકાય જીવ વારંવાર ઉત્કૃષ્ટાયુષ્યવાળા પૃથ્વીકાયપણે ઉત્પન્ન થાય તો નિરન્તર આઠ ભવ સુધી ઉત્પન્ન થાય. ॥૨॥ यदुक्तं भगवत्यां - भवादेसेणं जहन्नेणं दो भवग्गहणाइं, उक्कोसेणं अट्ठभवग्गहणाइं [ભવના આદેશથી જઘન્યથી બે ભવનું ગ્રહણ અને ઉત્કૃષ્ટથી આઠ ભવનું ગ્રહણ કરે ].

તથા તિર્યંચ પંચેન્દ્રિયો સાત અથવા આઠ ભવ નિરન્તર કરે એમ જે કહ્યું તે સામાન્ય તિર્યંચ પંચેન્દ્રિય આશ્રયિ જ એ કાયસ્થિતિ કહી છે, એમ ન જાણવું, પરંતુ તેના જલચરાદિ વિશેષભેદો ને પ્રત્યેકને આશ્રયિ પણ સાત-આઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભવની કાયસ્થિતિ જાણવી. એમાં વિશેષ એ છે કે - જલચર, ઉરઃસર્પ અને ભુજસર્પ એ ત્રણ તિર્યંચો યુગલિકમાં ઉત્પન્ન થતા નથી, એટલે ત્રણ યુગલિક હોતા નથી, જેથી એ ત્રણની કાયસ્થિતિ સાત સાત ભવ જેટલી, અને ચતુષ્પદ સ્થલચર તથા ખેચરની કાયસ્થિતિ પોતાના આઠ ભવ જેટલી ગણવી. હવે એ દરેક ભેદની કાયસ્થિતિનાં વર્ષોની સંખ્યા શ્રી ઉત્તરાધ્યયનજીની નિર્યુક્તિમાં આ પ્રમાણે છે -

पुव्वकोडीपुहुत्तं तु, उक्कोसेण वियाहिया ।
कायट्ठिई जलयराणं, अंतोमुहुत्तं जहन्नयं ॥१७५॥

જલચરોની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ પૂર્વક્રોડીપૃથક્ત્વ [ એટલે સાત પૂર્વક્રોડ વર્ષ ] જેટલી જાણવી, અને જઘન્ય કાયસ્થિતિ અન્તર્મુહૂર્ત જાણવી. ॥૧૭૫॥

पलिओवमा तिन्नि उ, उक्कोसेणं वियाहिया ।
पुव्वकोडीपुहुत्तं तु, अंतोमुहुत्तं जहन्नयं ॥१८४॥ कायट्ठिई थलयराणं ॥

સ્થલચરો (ચતુષ્પદ)ની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ ત્રણ પલ્યોપમ અને તે ઉપરાંત પૂર્વક્રોડપૃથક્ત્વ [ સાત પૂર્વક્રોડ વર્ષ ] જેટલી, અને જઘન્યથી અન્તર્મુહૂર્ત જેટલી જાણવી. ॥૧૮૪॥

असंखभागो पलियस्स, उक्कोसेण उ साहिओ ।
पुव्वकोडीपुहुत्तेणं, अंतोमुहुत्तं जहन्नयं ॥१९०॥ कायट्ठिई खहयराणं ॥

ખેચરની કાયસ્થિતિ ઉત્કૃષ્ટથી પૂર્વક્રોડ પૃથક્ત્વ [ સાત પૂર્વક્રોડ ] વર્ષ વડે સાધિક પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે અને જઘન્ય કાયસ્થિતિ અન્તર્મુહૂર્ત છે. ॥૧૯૦॥ અહીં ખેચરો [ પક્ષીઓ ] યુગલિકપણે ઉપજે તો કેવળ છપ્પન અન્તર્દ્વીપમાં જ ઉત્પન્ન થાય છે, અને અન્તર્દ્વીપના યુગલિકોનું આયુષ્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલું છે. માટે ખેચરોની કાયસ્થિતિ એટલા પ્રમાણવાળી કહી.

એ પ્રમાણે ગર્ભજ જલચર - ચતુષ્પદ તથા ખેચરની કાયસ્થિતિ જાણવી. પરંતુ ઉરઃસર્પ અને ભુજસર્પની તો સાત પૂર્વક્રોડ વર્ષ જેટલી જ દરેકની કાયસ્થિતિ જાણવી. હવે સમ્મૂર્ચ્છિમ જલચરાદિ પાંચે તિર્યંચો સાત જ ભવ કરે છે. માટે તેઓની જુદી જુદી કાયસ્થિતિ પોતપોતાના આયુષ્ય પ્રમાણે આ રીતે છેઃ

સમ્મૂર્ચ્છિમ જલચરની કાયસ્થિતિ સાત ભવ જેટલી હોવાથી સાત પૂર્વક્રોડ વર્ષ પ્રમાણની છે. સમ્મૂર્ચ્છિમ ચતુષ્પદનું આયુષ્ય ૮૪૦૦૦ વર્ષનું હોવાથી તેવા સાત ભવ ગણતાં [૮૪૦૦૦ X ૭ = ] ૫૮૮૦૦૦ (પાંચ લાખ અઠયાસી હજાર) વર્ષની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ છે. સમ્મૂર્ચ્છિમ પક્ષીઓનું આયુષ્ય ૭૨૦૦૦ વર્ષનું હોવાથી (૭૨૦૦૦ X ૭ =) ૫૦૪૦૦૦ વર્ષની (પાંચ લાખ ચાર હજાર વર્ષની) ઉત્કૃષ્ટ કાયસ્થિતિ છે. સમ્મૂર્ચ્છિમ ઉરઃસર્પનું આયુષ્ય પૂર્વક્રોડ વર્ષ હોવાથી ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સાત પૂર્વક્રોડ વર્ષની છે. તથા સમ્મૂર્ચ્છિમ ભુજપરિસર્પનું આયુષ્ય પણ પૂર્વક્રોડ વર્ષનું હોવાથી કાયસ્થિતિ સાત પૂર્વક્રોડ વર્ષની છે.

અહીં એટલું વિશેષ જાણવુ કે - સમ્મૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય પોતાના સાત ભવ કરીને પુનઃ આઠમા ભવમાં પણ જો કે તિર્યંચ થઈ શકે છે, પરંતુ આઠમે ભવ અસંખ્યાત આયુષ્યવાળો ગર્ભજ તિર્યંચ જ થઈ શકે; અને તે છપ્પન અન્તર્દ્વીપમાં યુગલિકપણે પલ્યોપમના અસંખ્યાતમા ભાગના આયુષ્યવાળો થઈ ત્યાંથી દેવગતિમાં જ જાય, પરંતુ તે આઠમો ભવ ગર્ભજપણાનો હોવાથી સમ્મૂર્ચ્છિમની કાયસ્થિતિમાં ગણી શકાય નહિ. શ્રી દ્રવ્ય લોકપ્રકાશમાં કહ્યું છે કે :

सम्मूर्च्छिमाणां पञ्चाक्ष-तिरश्चां कायसंस्थितिः ।
सप्तकं पूर्वकोटीनां, तदेवं परिभाव्यते ॥१॥
मृत्वा मृत्वाऽसकृत्सम्मू-र्च्छिमस्तिर्यग्भवेद्यदि ।
तदा सप्त भवान् यावत्, पूर्वकोटीमितस्थितीन् ॥२॥
यद्यष्टमे भवेऽप्येष, तिर्यग्भवमवाप्नुयात् ।
तदाऽसङ्ख्यायुष्कतिर्यग्-गर्भजः स्यात् ततः सुरः ॥३॥

સમ્મૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિયોની કાયસ્થિતિ સાત પૂર્વક્રોડ વર્ષની છે, તે આ પ્રમાણે વિચારવી. ॥૧॥ વારંવાર મરણ પામીને જો સમ્મૂર્ચ્છિમ તિર્યંચપણે ઉત્પન્ન થાય તો પૂર્વક્રોડ પૂર્વક્રોડ વર્ષપ્રમાણના સાત ભવ સુધી ઉત્પન્ન થાય ॥૨॥ અને એ સમ્મૂર્ચ્છિમ તિર્યંચ જો આઠમે ભવે પણ તિર્યંચનો ભવ પામે તો અસંખ્યાત આયુષ્યવાળો (યુગલિક) ગર્ભજ તિર્યંચ થાય, અને ત્યાંથી મરણ પામીને દેવ થાય. ॥૩॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अवतरण: એ પ્રમાણે એકેક જીવ આશ્રયિ જઘન્ય તથા ઉત્કૃષ્ટ કાયસ્થિતિકાળ કહ્યો. અનેક જીવ આશ્રયિ કાયસ્થિતિકાળ કહેવાની તો પ્રથમથી પ્રતિજ્ઞા જ નથી [ એટલે કહેવાનો ઉદ્દેશ પ્રથમથી જ નથી ]. કારણ કે અનેક જીવ આશ્રયિ તો તે જીવભેદ જગતમાં હમેશાં પ્રાપ્ત હોય છે જ. માટે અહીં તો તે સંબંધી વિચાર કરવાનો [ અનેક જીવાશ્રિત કાયસ્થિતિકાળ કહેવાનો] સંભવ જ નથી. એ રીતે કાળદ્વારમાં ત્રણ વિભાગમાંના બે વિભાગ કહીને હવે ત્રીજો વિભાગ (ત્રીજો ભેદ) જે गुणविभागकाल તે આ ગાથાથી પ્રારંભીને કહેવાય છે :

**मिच्छा अविरयसम्मा, देसे विरया पमत्त इयरे य ।**
**नाणाजीव पडुच्चा उ, सव्वकालं सजोगी य ॥२१९॥**

गाथार्थ: અનેક જીવ આશ્રયિ મિથ્યાદૃષ્ટિ, અવિરત સમ્યગ્દૃષ્ટિ, દેશવિરત, પ્રમત્ત, અપ્રમત્ત, તથા સયોગી કેવલી એ છ ગુણસ્થાનવાળા જીવો સર્વકાળ હોય (અર્થાત્ જગતમાં એ છ ગુણસ્થાનો સદાકાળ વર્તતાં હોય છે). ॥૨૧૯॥

---

તથા દ્વીન્દ્રિયાદિ વિકલેન્દ્રિયને અંગે ચાલુ અધિકારવાળી ગાથામાં કાયસ્થિતિ માટે વિકલેન્દ્રિય પદ દર્શાવીને પણ કાયસ્થિતિ દર્શાવી નથી, જેથી વૃત્તિકર્તાએ વૃત્તિમાં દર્શાવી છે તે પણ સામાન્યથી સંખ્યાતા વર્ષ, સંખ્યાત દિવસ, સંખ્યાત માસ કહ્યા છે, તેમાં વિશેષથી વિચારતાં દ્વીન્દ્રિયની કાયસ્થિતિ ૯૬ વર્ષની, ત્રીન્દ્રિયની કાયસ્થિતિ ૩૯૨ દિવસની અને ચતુરિન્દ્રિયની કાયસ્થિતિ ૪૮ માસની સંભવે છે. કારણ કે પર્યાપ્ત પૃથ્વીકાયાદિ એકેન્દ્રિય જેમ ઉત્કૃષ્ટ આયુષ્યવાળા આઠ ભવ કરે છે, તેમ્ પર્યાપ્ત દ્વીન્દ્રિયાદિ પણ ઉત્કૃષ્ટ આયુષ્યવાળા આઠ ભવ કરે છે. જેથી પોતપોતાનાં આયુષ્યને આઠ વડે ગુણતાં એ કહેલી કાયસ્થિતિ પ્રાપ્ત થાય છે. વિકલેન્દ્રિયોની કાયસ્થિતિના સંબંધમાં શ્રી દ્રવ્યલોક પ્રકાશના છઠ્ઠા સર્ગમાં કહ્યું છે કે -

भवस्थितिर्द्वीन्द्रियाणामुत्कृष्टा द्वादशाब्दिकी ।
तादृग्निरन्तरकियद्-भवादानादसौ भवेत् ॥१॥

દ્વીન્દ્રિયોનું આયુષ્ય ઉત્કૃષ્ટથી બાર વર્ષનું છે, અને તેવા આયુષ્યવાળા કેટલાક ભવો નિરન્તરપણે ગ્રહણ કરવાથી દ્વીન્દ્રિયોની કાયસ્થિતિ પ્રાપ્ત થાય છે. ॥૧॥ આ ગાથામાં જો કે કેટલાક ભવો કહેવાથી આઠ જ ભવનું ગ્રહણ સ્પષ્ટ નથી. પરંતુ એ જ ગ્રંથમાં ભવસંવેધ સંબંધી દશમો સર્ગ છે, તેમાં કહ્યું છે કે -

अप्कायादीनामपीत्थं, विकलानां च भाव्यताम् ।
भवाष्टकात्मा संवेधो, ज्येष्ठायुर्भङ्गकत्रये ॥१॥

જે રીતે પૃથ્વીકાયનો ભવસંવેધ કહ્યો, એ રીતે અપ્કાયાદિકનો પણ ભવસંવેધ વિચારવો. તેમજ ઉત્કૃષ્ટ આયુષ્ય સંબંધી ત્રણ ભાંગામાં વિકલેન્દ્રિયોનો ભવસંવેધ પણ આઠ ભવરૂપ જાણવો. ॥૧॥ [ અહીં ઉત્કૃષ્ટથી નીકળી ઉત્કૃષ્ટમાં, ઉત્કૃષ્ટથી નીકળી જઘન્યમાં અને જઘન્ય આયુષ્યમાંથી નીકળી ઉત્કૃષ્ટ આયુષ્યમાં ઉત્પન્ન થવું એ ઉત્કૃષ્ટ આયુષ્ય સંબંધી ત્રણ ભાંગા જાણવા. ] જઘન્ય આયુષ્યથી નીકળી જઘન્ય આયુષ્યમાં ઉત્પન્ન થવારૂપ ચોથા ભાંગાવાળો ભવસંવેધ વિચારતાં પણ સંખ્યાતા અન્તર્મુહૂર્ત જેટલી જ અલ્પ કાયસ્થિતિ પ્રાપ્ત થવાથી તે ભાંગો પણ ઉત્કૃષ્ટ કાયસ્થિતિના વિચારમાં ઉપયોગી થઈ શક્તો નથી, માટે ઉત્કૃષ્ટ કાયસ્થિતિના વિચારમાં તો અહીં ઉત્કૃષ્ટ આયુષ્યમાંથી નીકળીને ઉત્કૃષ્ટ આયુષ્યમાં ઉત્પન્ન થવારૂપ પહેલો ભાંગો જ વિચારવો.

**॥इति कायस्थिति - अधिकारे विशेषभावना॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ટીકાર્થઃ ગુણ તે મિથ્યાત્વ, સાસ્વાદનપણું, મિશ્રપણું, અવિરતિપણું, દેશવિરતિપણું, ઇત્યાદિ. તે ગુણોનો વિભાગ વડે એટલે દરેકનો જુદો જુદો काल = કાળ તે ગુણવિભાગકાલ કહેવાનો અધિકાર અહીં ચાલે છે. વળી તે (ગુણ) આશ્રય વિના [ ગુણી વિના ] રહેતા નથી, તે કારણથી અહીં તે ગુણસ્થાનવાળા જીવોનો એટલે મિથ્યાદૃષ્ટિ વગેરેનો કાળ કહેવાય છે.

ત્યાં પ્રથમ મિથ્યાદૃષ્ટિઓ અનેક જીવને पडुच्च = આશ્રયિ વિચારીએ તો નિરન્તરપણે સર્વ કાળ પામીએ. કારણ કે નરકગતિમાં, મનુષ્યગતિમાં અને દેવગતિમાં તો દરેકમાં પ્રાયઃ[1] અસંખ્યાતા મિથ્યાદૃષ્ટિઓ નિરન્તરપણે સર્વકાળ હોય છે, અને તિર્યંચગતિમાં તો અનંત મિથ્યાદૃષ્ટિઓ નિરન્તર સર્વકાળ સુધી હોય છે.

એ પ્રમાણે અવિરતસમ્યગ્દૃષ્ટિ, દેશવિરત, પ્રમત્ત અને પ્રમત્તથી ઇતર (પ્રતિપક્ષી) અપ્રમત્ત તથા સયોગિકેવલીઓ પણ સર્વકાળ વર્તતા હોય છે. (પરંતુ સંખ્યાની અપેક્ષાએ તફાવત છે. તે આ પ્રમાણે -) અવિરતસમ્યગ્દૃષ્ટિઓ અને દેશવિરતિઓ એ દરેક ક્ષેત્ર-પલ્યોપમના [ સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમના ] અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશ[2] પ્રદેશ તેટલા પ્રમાણવાળા હોય છે. પ્રમત્ત મુનિઓ હજાર ક્રોડ[3] પૃથકત્વ, અપ્રમત્ત મુનિઓ સંખ્યાતા[4] અને સયોગિકેવલીઓ ક્રોડપૃથ[5] ક્ત્વ પ્રમાણ સર્વકાળ સુધી નિરન્તર [ પ્રતિસમય ] વર્તતા હોય છે, એમ પ્રથમ જ કહેવાઈ ગયું છે. એ ૨૧૯મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૨૧૯॥

૧. અહીં 'પ્રાયઃ' કહેવાનું કારણ કે મનુષ્યગતિમાં જ્યારે સમ્મૂર્ચ્છિમ મનુષ્યોનો વિરહકાળ વર્તતો હોય છે, ત્યારે મનુષ્યગતિમાં સંખ્યાતા જ મિથ્યાદૃષ્ટિઓ હોય છે.

૨. આકાશપ્રદેશોને બદલે તેટલા સમય ગણવા હોય તો પણ ગણી શકાય.

૩. અહીં હજાર ક્રોડપૃથકત્વ એટલે જઘન્યથી બે હજારક્રોડ અને ઉત્કૃષ્ટથી નવ હજારક્રોડથી પણ સંખ્યાતગુણા. समण्ह कोडीसहस्सदुअ, तथा कोडिसहस्सा नव साहु गम्मइ. એ શ્રી જગચિંતામણિના વચનથી.

૪. અહીં સંખ્યાતા એટલે નવ હજારક્રોડ કર્મગ્રંથાદિકને અનુસારે સંભવે છે. અને આ જીવસમાસ ગ્રંથને અનુસારે નવ હજારક્રોડથી ઓછા સંભવે છે, તે બન્ને ગ્રંથોના પાઠમાં પ્રથમ જીવસમાસનો પાઠ આ પ્રમાણે 'कोडिसहस्स पुहुत्तं, पमत्त इयरे उ संखेज्जा' ॥१४६॥. = પ્રમત્ત ગુણસ્થાનવાળા હજાર ક્રોડપૃથક્ત્વ છે, અને ઇતર = અપ્રમત્ત ગુણસ્થાનવાળા સંખ્યાતા છે. એ ઉત્તરાર્ધની વૃત્તિ આ પ્રમાણે - प्रमत्ताः पूर्वोक्तशब्दार्थाः प्रमत्तसंयता इत्यर्थः । ते सामान्येन पञ्चदशस्वपि कर्मभूमिषु जघन्यतः कोटिसहस्रपृथक्त्वमुत्कृष्टतोऽपि कोटिसहस्रपृथक्त्वं भवन्ति । द्विप्रभृत्यानवभ्यः पृथक्त्वमिति सामयिकी संज्ञा, ततश्च जघन्यतोऽपि कोटिसहस्रद्वयादुपरि उत्कृष्टतोऽपि नवकोटिसहस्राणि यावत् प्रमत्तसंयताः प्राप्यन्त इत्युक्तं भवति । इतरे तु पूर्वाभिहितशब्दार्था एवाप्रमत्तसंयताः सङ्ख्याता लभ्यन्ते । प्रमत्तसंयतेभ्यः स्तोकतरा इत्यभिप्रायः ।

वृत्त्यर्थः- પૂર્વે કહેલા શબ્દાર્થવાળા (સ્વરૂપવાળા) પ્રમત્ત એટલે પ્રમત્તસંયતો તે સામાન્યથી પંદર કર્મભૂમિને વિષે વિચારીએ તો જઘન્યથી હજાર ક્રોડપૃથક્ત્વ અને ઉત્કૃષ્ટથી પણ હજાર ક્રોડપૃથક્ત્વ છે. અહીં બેથી પ્રારંભીને નવે સુધીની સંખ્યા તે પૃથક્ત્વ એવી સિદ્ધાન્તની સંજ્ઞા છે, તે કારણથી જઘન્યથી પણ બે હજાર ક્રોડથી ઉપર અને ઉત્કૃષ્ટથી નવ હજાર ક્રોડ સુધી પ્રમત્ત સંયતો વર્તતા હોય છે, એમ કહ્યું છે. અને તેથી ઇતર એટલે અપ્રમત્ત સંયતો કે જેનું સ્વરૂપ પૂર્વે કહેવાયું છે તે સંખ્યાતા વર્તતા હોય છે, અર્થાત્ પ્રમત્તસંયતોની અપેક્ષાએ અલ્પ વર્તે છે, એ ભાવાર્થ છે.

હવે કર્મગ્રંથમાં અપ્રમત્તથી પ્રમત્ત સંયતો ઘણા કહ્યા છે, એટલે સંખ્યાતગુણા કહ્યા છે. પરંતુ નવ હજાર ક્રોડની સંખ્યા અપ્રમત્તોની કહી છે તેનો પાઠ આ પ્રમાણે :

'जोगि अपमत्त इयरे संखगुणा०' ॥૬૩॥ कर्मग्रंथे चतुर्थे॥સૂક્ષ્મસંપરાયાદિ ગુણસ્થાનવાળાથી जोगि = સયોગિકેવલીઓ સંખ્યાતગુણા છે. તેથી અપ્રમત્ત સંયતો સંખ્યાતગુણા છે. અને તેથી પણ પ્રમત્ત સંયતો સંખ્યાતગુણા છે.॥એ ગાથાની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अवतरणः હવે આ ગાથામાં સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિનું તથા મિશ્રદૃષ્ટિનું અનેક જીવ આશ્રયિ કાળમાન કહે છે, તે આ પ્રમાણે :

**पल्लाऽसंखियभागो, सासणमिस्सा य हुंति उक्कोसं ।**

**अविरहिया य जहन्ने-ण एगसमयं मुहुत्तंतो ॥२२०॥**

गाथार्थः સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિઓ તથા મિશ્રસમ્યગ્દૃષ્ટિ જીવો ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સુધી પ્રતિસમય વર્તતા હોય છે, અને જઘન્યથી તો સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિઓ ૧ સમય, તથા મિશ્રદૃષ્ટિ જીવો અન્તર્મુહૂર્ત સુધી વર્તતા હોય છે. [ એ પણ અનેક જીવાશ્રિત કાળપ્રમાણ જાણવું. ]॥૧૨૦॥

टीकार्थः સાસ્વાદનસમ્યગ્દૃષ્ટિઓ તથા મિશ્રસમ્યગ્દૃષ્ટિઓ અનુક્રમે જઘન્યથી એક સમય અને અન્તર્મુહૂર્ત સુધી અનેક જીવ આશ્રયિ નિરન્તર વર્તતા હોય છે, અને ઉત્કૃષ્ટથી તો એ બન્ને ગુણસ્થાનવાળા જીવો સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમના[૧] અસંખ્યાતમા ભાગ જેટલા કાળ સુધી નિરન્તર

વૃત્તિનો પાઠ આ પ્રમાણે :

तेभ्यः सूक्ष्मादिभ्यः सयोगिकेवलिनः सङ्ख्यातगुणाः । तेषां कोटीपृथक्त्वेन लभ्यमानत्वात् । तेभ्योऽप्रमत्ताः सङ्ख्येयगुणाः, कोटिसहस्रपृथक्त्वेन प्राप्यमाणत्वात् । तेभ्यः 'इयर' त्ति अप्रमत्तयोगिनः प्रमत्ताः सङ्ख्येयगुणाः । प्रमादभावो हि बहूनां बहुकालं च लभ्यते विपर्ययेण त्वप्रमाद इति न यथोक्तसङ्ख्याव्याघातः ।

'वृत्त्यर्थः - તે સૂક્ષ્મસંપરાયાદિથી સયોગિકેવલી સંખ્યાતગુણા છે, કારણ કે ક્રોડપૃથક્ત્વ જેટલા વર્તતા હોય છે, તેથી પણ અપ્રમત્ત સંયતો સંખ્યાતગુણ છે, કારણ કે તેઓ હજાર ક્રોડપૃથક્ત્વ વર્તતા હોય છે, તેથી પણ ઇતર એટલે પ્રમત્ત સંયતો અપ્રમત્ત સંયતોથી સંખ્યાતગુણા હોય છે. કારણ કે પ્રમાદભાવ ઘણા જીવોને હોય છે, તેમજ ઘણા કાળ સુધી રહે છે. અને અપ્રમાદ તેથી વિપરીતપણે [એટલે થોડા સંયતોને] હોય અને થોડો વખત રહે માટે પૂર્વે કહેલી પ્રમત્ત-અપ્રમત્તની સંખ્યામાં કોઈ દોષ જણાતો નથી.' ॥ એ પ્રમાણે જગચિંતામણિ ચૈત્યવંદનનો પાઠ, આ ગ્રંથનો પાઠ અને કર્મગ્રંથાદિનો પાઠ એ ત્રણે પાઠમાં કહેલી પ્રમત્ત - અપ્રમત્તની સંખ્યા યથાસંભવ વિચારવી. પ્રમત્તોથી અપ્રમત્ત તો અલ્પ સંખ્યાવાળા હોય તે સર્વસામાન્ય છે, પરંતુ નવ હજાર ક્રોડ સંખ્યા પ્રમત્તોની કે અપ્રમત્તોની ? તે જ અહીં સંવાદનીય છે.

૧. એમાં સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગ સુધી જે સાસ્વાદનીની અને મિશ્રની નિરંતર પ્રતિપત્તિ કહી તે તો કાળ દર્શાવવાને અંગે જ કહી છે. અર્થાત્ જેટલો કાળ નિરંતર પ્રતિપત્તિ તેટલો કાળ સાસ્વાદન અને મિશ્રનો જુદો જુદો છે, પરંતુ સમ્યક્ત્વની પ્રાપ્તિ પણ એક સમયમાં એટલા જીવોને થઈ શકે છે. અર્થાત્ એક સમયમાં જઘન્યથી એક જીવ અને ઉત્કૃષ્ટથી સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગના સમયો વા આકાશપ્રદેશો જેટલા જીવો નવું સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. જે કારણથી શ્રી વિશેષાવશ્યકમાં પણ કહ્યું છે કે -

किमिहाभिणिबोहियनाणिजीवदव्वप्पमाणमेगसमए। पडिवज्जेज्ज तु न वा, पडिवन्ने उक्कसओ एगो ॥४२८॥

खेत्तपलिओवमासंखभाग उक्कोसओ पवज्जेज्जा । पुव्वपवन्ना दोसु वि पलियाऽसंखेज्जईभागो ॥४२९॥

अर्थः- આ લોકમાં મતિજ્ઞાન પરિણામને પ્રાપ્ત થયેલાં જીવદ્રવ્યોનું પ્રમાણ વિવક્ષિત એક સમયમાં કેટલું ? તેના ઉત્તરમાં પ્રતિપદ્યમાન જીવો તો વિવક્ષિત સમયે હોય પણ ખરા અને ન પણ હોય. [એટલે નવું મતિજ્ઞાન પામનારા જીવો તો હોય અને ન પણ હોય], અને જો કદાચિત્ હોય તો જઘન્યથી ૧ જીવ મતિજ્ઞાન પામનાર હોય, અને ઉત્કૃષ્ટથી તો સર્વ લોકમાં મળીને ક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા જીવો નવું મતિજ્ઞાન પામતા વર્તમાન એક સમયમાં હોય છે. વળી જો પૂર્વપ્રતિપન્ન મતિજ્ઞાનીઓનું પ્રમાણ [એટલે વિવક્ષિત સમય પહેલાં મતિજ્ઞાન પામીને વિવક્ષિત સમયમાં તે જ મતિજ્ઞાનસહિત વર્તતા જીવોનું પ્રમાણ] જાણવું હોય તો બન્ને પક્ષમાં એટલે જઘન્યપક્ષમાં તેમજ ઉત્કૃષ્ટપક્ષમાં પણ ક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા જીવો જાણવા. અર્થાત્ જઘન્યથી અસંખ્યાત અને ઉત્કૃષ્ટથી પણ અસંખ્યાત જીવો મતિજ્ઞાન પામેલા પ્રતિસમય વર્તતા પામીએ. [અહીં મતિજ્ઞાનના પાઠથી પણ સમ્યક્ત્વનો જ પાઠ સમજવો, કારણ કે મિથ્યાદૃષ્ટિ મતિઅજ્ઞાની જીવો સમ્યગ્દૃષ્ટિ થતાં મતિજ્ઞાની ગણાય છે માટે.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(પ્રતિસમય) વર્તતા હોય છે [ તેથી અધિક કાળ નહિ ], કારણ કે ત્યારબાદ તો એ ગુણસ્થાનવર્તી જીવોનો અવશ્ય વિરહકાળ પ્રાપ્ત થાય છે. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે :

સાસ્વાદનસમ્યગ્દૃષ્ટિઓ જઘન્યથી ૧ સમય સુધી અને ઉત્કૃષ્ટથી ક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં રહેલા જેટલા આકાશપ્રદેશો, તે સર્વને પ્રતિસમય એકેક પ્રદેશ પ્રમાણે અપહરતાં - સંહરતાં જેટલો કાળ લાગે; અર્થાત્ તે કાળ અસંખ્યાતી ઉત્સર્પિણી - અવસર્પિણી જેટલો જાણવો; તેટલા કાળ સુધી ઉત્કૃષ્ટથી ચારે ગતિમાં અવિરહિત એટલે નિરન્તર-પ્રતિસમય થઈને [ અર્થાત્ એટલા કાળ સુધી નવા નવા જીવો સાસ્વાદનભાવ પામતા જ રહે તેવી રીતે સાસ્વાદનભાવ નિરન્તરપણે પામીને ] ત્યારબાદ અવશ્ય સાસ્વાદનપણાનો વિચ્છેદભાવ થાય. [ જેથી લોકમાં કોઈપણ જીવ સાસ્વાદન ગુણસ્થાનવાળો ઉપલબ્ધ ન જ થાય. ] એ ભાવાર્થ છે. એ પ્રમાણે -

સમ્યગ્મિથ્યાદૃષ્ટિઓનો (મિશ્રગુણસ્થાનવાળા જીવોનો) પણ કાળ (સતતકાળ) વિચારવો. પરંતુ વિશેષ એ કે - એ ગુણસ્થાનવાળાઓનો જઘન્યથી અન્તર્મુહૂર્ત સુધી અવિચ્છેદ કાળ કહેવો. કારણ કે તે અન્તર્મુહૂર્ત સમાપ્ત થયું ન હોય ત્યાં સુધી તે ગુણના અભાવનો નિષેધ કહેલો છે. અને સાસ્વાદનગુણસ્થાનવાળા જીવોનો તો એક સમય બાદ પણ તે ગુણના અભાવનો સંભવ છે [ અર્થાત્ જઘન્યપદે વિચારતાં એટલે જઘન્ય સતતકાળ વિચારતાં મિશ્રદૃષ્ટિઓ અન્તર્મુહૂર્ત સુધી જ વર્તતા હોઈને ત્યારબાદ તેઓનો અભાવ હોય છે, અને સાસ્વાદનીઓ તો એક સમયમાત્ર જ હોઈને ત્યારબાદ તેઓનો અભાવ[1] લોકને વિષે વર્તતો હોય છે - એ ભાવાર્થઃ ]. એ પ્રમાણે ૨૨૦મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૨૨૦॥

અવતરણઃ એ પ્રમાણે પૂર્વોક્ત બે ગાથાઓમાં મિથ્યાદૃષ્ટિ અને સાસ્વાદનાદિ આઠ[1] ગુણસ્થાનોનો સતતકાળ અનેક જીવ આશ્રયી કહ્યો. હવે એ જ [ ચૌદ વા આઠ ] ગુણસ્થાનોનો સતતકાળ એકેક જીવ આશ્રયી કહેવાનો છે. તેમાં આ ગાથામાં પ્રથમ સાસ્વાદન અને મિશ્ર એ બે ગુણસ્થાનોનો એકેક જીવ આશ્રયી સતતકાળ કહેવાય છે :

**सासायणेगजीविय, एक्कगसमयाइ जाव छावलिया ।**
**सम्मामिच्छद्दिट्ठी अवरुक्कोसं मुहुत्तंतो ॥२२१॥**

ગાથાર્થઃ સાસ્વાદન ગુણસ્થાનનો કાળ એક જીવ આશ્રયિને એક સમયથી યાવત્ છ આવલિકા સુધીનો છે, અને મિશ્રદૃષ્ટિ ગુણસ્થાનનો કાળ એક જીવ આશ્રયી જઘન્યથી તેમજ ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત પ્રમાણનો છે. ॥૨૨૧॥

ટીકાર્થઃ - सासायणेगजीविय - જે કાળભેદ વિચારવામાં એક જીવની જ અપેક્ષા હોય, તે

૧. ચૌદ ગુણસ્થાનમાં ૨૧૯મી ગાથામાં કહેલ છ ગુણસ્થાનો લોકમાં સર્વદા હોય છે, અને સાસ્વાદનાદિ આઠ ગુણસ્થાનો લોકમાં કોઈ વખત હોય અને કોઈ વખત ન પણ હોય, માટે એ આઠ ગુણસ્થાનોનો અભાવ કહ્યો છે. અને એજ કારણથી અહીં છ ગુણસ્થાન અને આઠ ગુણસ્થાન એવા બે વિભાગની વક્તવ્યતા કહેવાઈ છે.

Jain Education International  For Private & Personal Use Only www.jainelibrary.org

एकजीविक - એકજીવસંબંધી કાળભેદ કહેવાય. અને તેવો સાસ્વાદન ગુણસ્થાનનો એકજીવિક કાળભેદ તે સાસ્વાદનૈકજીવિકકાળ [ સાસ્વાદનગુણસ્થાનનો એક જીવ આશ્રયિ કાળ ] કહેવાય. [ અહીં उच्यते - કહેવાય એ અધ્યાહાર્ય પદ છે ]. સાસ્વાદનનો તે એક જીવ આશ્રયિ કાળ કેટલો ? તે કહેવાય છે -

एक्कगसमयाइ जाव छावलिया - અહીં કહેવાનો ભાવાર્થ એ છે કે - પૂર્વે ગુણસ્થાનોના સ્વરૂપવર્ણન વખતે દર્શાવેલી રીતિ પ્રમાણે જે સાસ્વાદનપણું પામ્યો હોય તેવો સાસ્વાદનગુણસ્થાનવર્તી કોઈ એક જીવ પૂર્વોક્ત રીતે સાસ્વાદનપણું પામીને ૧ સમય સુધી રહે. બીજો કોઈ સાસ્વાદનભાવમાં બે સમય રહે. વળી ત્રીજો કોઈ જીવ ત્રણ સમય સુધી રહે. એ પ્રમાણે યાવત્ કોઈ જીવ છ આવલિકા સુધી સાસ્વાદનભાવમાં રહીને ત્યારબાદ તે જીવ અવશ્ય મિથ્યાત્વ પામે છે. તે કારણથી એ રીતે સાસ્વાદનગુણસ્થાનવર્તી એક જીવનો જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૬ આવલિકા જેટલો કાળ કહ્યો છે.

તથા सम्मामिच्छद्दिट्ठी = સમ્યગ્મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનવાળો એક જીવ अवरुक्कोसं = અપર એટલે જઘન્યથી અને उक्कोस એટલે ઉત્કૃષ્ટથી મુહૂર્તાન્ત એટલે અન્તર્મુહૂર્ત સુધી જ હોય છે. અહીં વિચારવાનું આ પ્રમાણે છે કે - પૂર્વે ગુણસ્થાનસ્વરૂપના વર્ણન પ્રસંગે વર્ણવેલા- કહેલા ક્રમ પ્રમાણે મિશ્રદૃષ્ટિપણાને પામેલો એવો મિશ્રગુણસ્થાનવર્તી એક જીવ મિશ્રદૃષ્ટિપણામાં જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત જ રહે છે. ત્યાં જઘન્યપક્ષમાં એ જ અન્તર્મુહૂર્ત નાનું જાણવું, અને ઉત્કૃષ્ટપક્ષમાં એ જ અન્તર્મુહૂર્ત વિશેષ મોટું જાણવું - એ તફાવત જાણવો. એ પ્રમાણે ૨૨૧મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૨૨૧॥

अवतरण: હવે મિથ્યાત્વગુણસ્થાનનો કાળ એક જીવ આશ્રયિ કહેવાનો છે. ત્યાં પ્રથમ અનાદિ અનંત આદિ ચાર ભાંગાએ કાળ કહેવો જોઈએ. અર્થાત્ ચાર પ્રકારનો કાળ જાણવો જોઈએ. તે આ પ્રમાણે - અનાદિ અનન્ત એ પહેલો ભંગ, અનાદિ સાન્ત એ બીજો ભંગ, સાદિ અનન્ત એ ત્રીજો ભંગ, અને સાદિ સાન્ત એ ચોથો ભંગ. એ ચાર ભાંગામાંથી ત્રીજો ભાંગો છોડીને શેષ ત્રણ ભાંગામાં મિથ્યાત્વગુણસ્થાન એકેક જીવ આશ્રયિ સંભવે છે, તે દર્શાવવાને આ ગાથા કહેવાય છે :

**मिच्छत्तमणाईयं, अपज्जवसियं सपज्जवसियं च ।**
**साईसपज्जवसियं, मुहुत्तपरियट्टमद्धूणं** ॥૨૨૨॥

गाथार्थ: મિથ્યાત્વગુણસ્થાનનો કાળ એક જીવ આશ્રયિ અનાદિ અનન્ત, અનાદિ સાન્ત અને સાદિ સાન્ત એમ ત્રણ પ્રકારનો છે. તેમાં ત્રીજો સાદિ સાન્ત કાળ જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત્ત છે. ॥૨૨૨॥

टीकार्थ: मिच्छत्तमणाईयं अपज्जवसियं - સમ્યક્ત્વને આવરણ કરનારાં પુદ્ગલોના ઉદયથી પ્રાપ્ત થયેલ વિપરીત શ્રદ્ધાનરૂપ જે મિથ્યાત્વ તે અભવ્ય જીવનું મિથ્યાત્વ अनादि अनन्तરૂપ પહેલા ભાંગામાં વર્તે છે. કારણ કે અભવ્ય જીવમાં તે મિથ્યાત્વ અનાદિ કાળથી રહેલું છે, અને

ભવિષ્યકાળમાં પણ તેનો અભાવ થવાનો નથી - એ તાત્પર્ય છે. તથા 'સપર્યવસિત' એ પદ 'અનાદિ' પદને અનુસરતા સંબંધવાળું છે. તેથી अनादि सान्त નામના બીજા ભાંગામાં વર્તતું મિથ્યાત્વ એક અનાદિમિથ્યાદૃષ્ટિ એવા ભવ્ય જીવને હોય છે - એ ભાવાર્થ છે (અર્થાત્ ભવ્ય જીવ જે હજી સમ્યક્ત્વ પામ્યો જ નથી, પરંતુ પામવાનો છે, તેવા જીવને અનાદિ સાન્ત મિથ્યાત્વ જાણવું). કારણ કે એવા ભવ્ય જીવને પણ અનાદિ કાળથી મિથ્યાત્વ રહેલું છે, અને ભવિષ્યકાળમાં ભવ્યપણાની [1]અન્યથા ઉપપત્તિ નહિ હોવાથી તે ભવ્યને મિથ્યાત્વનો અવશ્ય અંત થવાનો છે.

તથા साईसपज्जवसियं [ એટલે સાદિ સપર્યવસિત અર્થાત્ સાદિ સાન્ત મિથ્યાત્વ કેવી રીતે જાણવું ? તે કહેવાય છે]. આ સંસારમાં કોઈ અનાદિમિથ્યાદૃષ્ટિ જીવ તથાપ્રકારના ભવ્યપણાના પરિપાકથી (અર્થાત્ ભવ્ય જીવની ભવ્યપરિણતિનો અવસર આવવાથી) કોઈક વખત પ્રથમ સમ્યક્ત્વ પામીને કોઈપણ કારણથી પતિત થઈ પુનઃ મિથ્યાત્વ પામે ત્યારે તેવા (પતિતસમ્યગ્દૃષ્ટિ એવા મિથ્યાદૃષ્ટિ) જીવનું તે મિથ્યાત્વ सादि (પ્રારંભવાળું - આદિવાળું) ગણાય. કારણ કે સમ્યક્ત્વનો લાભ થયા બાદ તેની પુનઃ પ્રાપ્તિ થઈ માટે સાદિ ગણાય. અને એ પુનઃ સમ્યક્ત્વ પામેલા જીવને જે મિથ્યાત્વની પ્રાપ્તિ થઈ તે મિથ્યાત્વ અવશ્ય सपर्यवसान = અન્તવાળું જ ગણાય. કારણ કે ઉત્કૃષ્ટથી પણ દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત જેટલો અનન્ત કાળ વ્યતીત થયા બાદ અન્તે તે જીવની અવશ્ય મુક્તિ થવાની છે. માટે એવા જીવનું [ એકવાર પણ સમ્યક્ત્વ પામેલા જીવનું ] જે મિથ્યાત્વ તે सपर्यवसित જ કહેવાય. માટે એ પ્રમાણે પતિત સમ્યગ્દૃષ્ટિ ભવ્ય જીવનું જે મિથ્યાત્વ તે सादि सपर्यवसित નામના ચોથા ભાંગામાં પ્રાપ્ત થાય એમ કહ્યું છે.

અહીં સાદિ અપર્યવસિત નામનો ત્રીજો ભંગ મિથ્યાત્વમાં સંભવતો જ નથી. કારણ કે - મિથ્યાત્વનું સાદિપણું સમ્યક્ત્વથી પડેલા જીવને જ હોય છે. અને તે જીવને દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત જેટલો અનન્ત કાળ વીત્યા બાદ પર્યન્તે સમ્યક્ત્વ અવશ્ય ઉત્પન્ન થઈ મિથ્યાત્વનો નિશ્ચય સર્વથા અન્ત જ થાય છે. માટે (ભવિષ્યમાં) અનન્તપણાનો સંભવ જ નથી. તે કારણથી એ સાદિ અનન્ત નામનો ત્રીજો ભંગ તો અહીં પ્રરૂપણામાત્ર જ (ગણતરીના ક્રમ વડે પ્રાપ્ત થયેલો હોવાથી તે ગણતરીક્રમ સાચવવા માટે જ માત્ર કહ્યો) છે.

હવે જો એ પ્રમાણે સાદિ સાન્ત છે તો તે સાદિ સાન્ત મિથ્યાત્વ કેટલા કાળ સુધી રહે ? તેવી આશંકા કરીને સમાધાન કહે છે કે -

मुहुत्तपरियट्टमध्धूणं - અહીં છંદોભંગના ભયથી मुहुत्त એ પદની સાથે 'અન્તઃ' શબ્દ જો કે દર્શાવ્યો નથી, તો પણ 'ભીમ' શબ્દના ઉચ્ચારમાત્રથી પણ 'ભીમસેન' એવો સંપૂર્ણ શબ્દ ગ્રહણ કરી શકાય તેવા, અને બીજા પણ તેવા પ્રકારના ન્યાયથી मुहुत्त = મુહૂર્ત એ અપૂર્ણ પદથી

૧. જેની મુક્તિ થવાની છે તે ભવ્ય કહેવાય, અને મુક્તિ થવા માટે મિથ્યાત્વનો અવશ્ય અન્ત થવો જોઈએ, માટે अन्यथा = મિથ્યાત્વનો અન્ત ન થાય તો ભવ્યપણાની જ अनुपपत्ति = ઉપપત્તિ ન હોય, અર્થાત્ તે જીવ ભવ્ય જ ન કહેવાય. એ પ્રમાણે ભવ્યપણાની અન્યથા અનુપપત્તિનો ભાવાર્થ છે.

પણ અન્તર્મુહૂર્ત એ સંપૂર્ણ પદ ગ્રહણ કરવું. તેથી જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત સુધી એ સાદિ સાન્ત મિથ્યાત્વ રહે છે. તે આ પ્રમાણે - કોઈ અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને પુનઃ પણ સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયો છતો મિથ્યાત્વ પામ્યો. અને તે પુનઃપ્રાપ્ત મિથ્યાત્વમાં અન્તર્મુહૂર્ત સુધી રહીને પુનઃ વળી સમ્યક્ત્વ પામ્યો. તો એ પ્રમાણે સાદિસાન્ત મિથ્યાત્વની જઘન્ય સ્થિતિ થઈ. અને ઉત્કૃષ્ટ સ્થિતિ તો સમ્યક્ત્વ પામીને પુનઃ મિથ્યાત્વ પામે, અને ત્યાં જિનેશ્વરોની આશાતના વગેરે ઘણાં પાપકર્મ કરવાથી દેશોન (કંઈક ન્યૂન - પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન) અર્ધપુદ્ગલપરાવર્ત જેટલા અનન્ત કાળ સુધી ભવમાં-સંસારમાં પરિભ્રમણ કરીને ત્યારબાદ અવશ્ય સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય જ. માટે એ રીતે ઉત્કૃષ્ટ સ્થિતિ (સાદિ સાન્ત મિથ્યાત્વની) જાણવી. એ ૨૨૨ મી ગાથાનો અર્થ સમાપ્ત.॥

अवतरणः એ પ્રમાણે અનેક જીવ આશ્રયિ કાળના વિચારમાં કહેલાં આઠ ગુણસ્થાનોમાંથી મિથ્યાત્વ, સાસ્વાદન અને મિશ્ર એ ત્રણ ગુણસ્થાનોનો એકેક જીવ આશ્રયિ પણ કાળવિચાર દર્શાવ્યો. હવે [ સર્વકાળની પ્રાપ્તિવાળાં છ ગુણસ્થાનોમાંથી ] અવિરતસમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ અને સયોગિકેવલી એ ત્રણ ગુણસ્થાનોનો એકેક જીવાશ્રયિ કાળ કહેવાય છે :

**तेत्तीसउयहिनामा, साहीया हुंति अजयसम्माणं ।**
**देसजइ - सजोगीण य, पुव्वाणं कोडि देसूणा ॥२२३॥**

गाथार्थः અવિરતસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનનો એક જીવ આશ્રયિ કાળ તેત્રીસ સાગરોપમથી સાધિક છે. તથા દેશવિરતિ અને સયોગિકેવલી એ બે ગુણસ્થાનોનો એકેક જીવ આશ્રયિ કાળ દેશોન પૂર્વક્રોડવર્ષ પ્રમાણ છે. ॥૨૨૩॥

टीकार्थः અયતસમ્યગ્દૃષ્ટિઓ એટલે અવિરતસમ્યગ્દૃષ્ટિઓની મધ્યે એક અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવ આશ્રયી સાધિક ૩૩ સાગરોપમ જેટલી ઉત્કૃષ્ટ સ્થિતિ છે. તે આ પ્રમાણે - કોઈ અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવ આ સ્થાનથી (મનુષ્યલોકમાંથી) ઉત્કૃષ્ટ આયુષ્યવાળા અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયો, અને ત્યાં અવિરતસમ્યગ્દૃષ્ટિપણામાં તેત્રીસ સાગરોપમ સુધી રહ્યો. પુનઃ ત્યાંથી ચવીને પણ અહીં મનુષ્યલોકમાં આવ્યો. તે જીવ અહીં જ્યાં સુધી વિરતિપણું પ્રાપ્ત ન કરે ત્યાં સુધી તેવા સ્વભાવે જ (અવિરતસમ્યગ્દૃષ્ટિપણામાં જ) રહ્યો. એ પ્રમાણે અવિરતસમ્યગ્દૃષ્ટિ એક જીવની ઉત્કૃષ્ટ સ્થિતિ સાધિક[૧] તેત્રીસ સાગરોપમ જેટલી સિધ્ધ થાય છે. (એ ચતુર્થ ગુણસ્થાનનો કાળ કહ્યો).

प्रश्नः કોઈ જીવ વિજયાદિ વિમાનમાં (ચાર અનુત્તરમાં) તેત્રીસ સાગરોપમ સુધી અવિરતસમ્યગ્દૃષ્ટિપણામાં રહીને અહીં આવ્યો છતો પણ વિરતિ પ્રાપ્ત ન કરે. અને તે જ ભાવમાં રહીને બારમા દેવલોકમાં ઉત્પન્ન થાય. તેવા જીવને પૂર્વે દર્શાવેલા ક્રમ પ્રમાણે પંચાવન સાગરોપમ જેટલો કાળ પણ અવિરતસમ્યગ્દૃષ્ટિપણાનો સંભવે છે. તો સાધિક તેત્રીસ

૧. અહીં અધિકતા પૂર્વક્રોડ વર્ષમાં કિંચિત્ ન્યૂન જેટલી સંભવે. કારણ કે અનુત્તરભવથી પૂર્વના મનુષ્યભવમાં ભવને અન્તે તો સર્વવિરતિપણું જ હોય, સર્વવિરતિરૂપ સાતમા-છઠ્ઠા ગુણસ્થાન વિના અનુત્તરમાં ઉત્પત્તિ જ ન હોય. માટે તે પૂર્વનો મનુષ્યભવ ગણતરીમાં ન ગણાય. પરંતુ અનુત્તરમાંથી ચ્યવીને આવ્યા પછીનો એક મનુષ્યભવ પૂર્વક્રોડવર્ષના આયુષ્યવાળો પ્રાપ્ત થાય તે જ ગણી શકાય માટે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાગરોપમ જેટલો જ કેમ કહ્યો ? (અર્થાત્ અનુત્તરસંબંધી ૩૩ સાગરોપમ અને બારમા દેવલોક સંબંધી ઉત્કૃષ્ટ આયુષ્યના ૨૨ સાગરોપમ મળી ૫૫ સાગરોપમ કાળ કેમ નહિ ?).

उत्तरः એ વાત સત્ય છે. પરંતુ એ ક્રમ પ્રમાણે અવિરતસમ્યગ્દૃષ્ટિપણું જ સતત હોતું નથી ? કે એમાં બીજું કંઈ કારણ છે ? તે શ્રી બહુશ્રુતો જ જાણે.[1] [ કે જેથી ૫૫ સાગરોપમનો સંભવિત કાળ ક્યાંય પણ કહ્યો નથી. ]

તથા देसजई सजोगीण य ઇત્યાદિ - દેશયતિ એટલે દેશવિરતિ અને સયોગી એટલે સયોગી કેવલી. એ બેનો પણ એક જીવ આશ્રયિ દરેકનો કાળ દેશોન પૂર્વક્રોડવર્ષ જેટલો છે. તે આ પ્રમાણે - ગર્ભમાં રહેલો જીવ નિશ્ચય સાધિક[2] નવ માસ જેટલો કાળ ગર્ભમાં વ્યતીત કરે છે. અને જન્મ થયા બાદ પણ *આઠ વર્ષ સુધી વિરતિને અયોગ્ય હોય છે. ત્યારબાદ દેશવિરતિપણું પામીને તથા સર્વવિરતિની પ્રાપ્તિ વડે કેવળજ્ઞાન ઉત્પન્ન કરીને જે એ દેશવરિત તથા સયોગી કેવલી તે દરેક પૂર્વક્રોડવર્ષ સુધી જીવે છે. માટે એ બેનો એ કહેલી રીતિ પ્રમાણે કિંચિત્ ન્યૂન[3] નવ વર્ષરૂપ દેશ વડે ન્યૂન પૂર્વક્રોડવર્ષ જેટલો[4] અવસ્થિતિકાળ (સ્થિતિકાળ) એ દરેકનો જુદો જુદો જાણવો. (અર્થાત્ દેશવિરતનો જેમ દેશોન પૂર્વક્રોડવર્ષ કાળ છે, તેમ સયોગી કેવલીનો પણ દેશોન પૂર્વક્રોડવર્ષ કાળ છે. એ ૨૨૩ મી ગાથાનો અર્થ સમાપ્ત.॥૨૨૩॥

---

૧. અહીં એક સંભાવનાને અવકાશ છે કે મિથ્યાદૃષ્ટિઓ ઊર્ધ્વદેવલોકમાં ઉત્પન્ન થાય છે તે મિથ્યાદૃષ્ટિની ક્રિયા વા જૈન ક્રિયાના બળથી થાય છે, તેવી રીતે સમ્યગ્દૃષ્ટિ પણ ક્રિયાબળથી ઉત્પન્ન થાય અને સમ્યગ્દૃષ્ટિની તેવી ક્રિયા દેશવિરતિ અથવા સર્વવિરતિરૂપ જ ગણાય, જેથી કેવળ સમ્યગ્દર્શન ન ગણતાં દેશવિરતિપણું વા સર્વવિરતિપણું ગણીએ તો સાધિક ૩૩ સાગરકાળ સંભવે. આ સંભાવનાની સત્યતા પણ શ્રી બહુશ્રુતગમ્ય.

૨. અહીં સાધિક એટલે વિશેષતઃ ૭॥ દિવસ અધિક જાણવા.

૩. કિંચિત્ ન્યૂન એટલે ૯ માસ ૭॥ દિવસ ન્યૂન.

૪. પૂર્વક્રોડવર્ષ એટલે અંકસ્થાપના પ્રમાણે ૭૦૫૬૦૦૦, ૦૦૦૦૦૦૦ વર્ષ જેટલો કાળ ગણવો. તેમાંથી ૯ માસ ૭॥ દિવસ ઉપરાંત ૮ વર્ષ બાદ જતાં શેષ રહેલો ૭૦૫૫૯૯૯, ૯૯૯૯૯૯૧ વર્ષ-૨ માસ - ૨૨॥ દિવસ જેટલો કાળ તે અહીં દેશોન પૂર્વક્રોડવર્ષ કાળ જાણવો. પંચસંગ્રહ- વૃત્તિમાં સાત માસ ગર્ભમાં રહીને જન્મ થયા બાદ આઠ વર્ષે દેશવિરતિ અથવા સર્વવિરતિ પ્રાપ્ત કરે એમ પણ કહ્યું છે. જેથી કેવલિપર્યાય પૂર્વે કહેલાં વર્ષોથી સવા બે માસ જેટલો અધિક ગણાય. વળી લોકપ્રકાશ આદિ ગ્રંથોમાં એવો પણ અભિપ્રાય સ્પષ્ટ કર્યો છે કે - જન્મ પામ્યા બાદ આઠ વર્ષે સર્વવિરતિ પ્રાપ્ત થાય. પરંતુ સર્વવિરતિનો જ્યારે ૧ વર્ષ જેટલો પર્યાય થાય ત્યારે કેવલજ્ઞાન પ્રાપ્ત થાય. જેથી ૯ વર્ષ અને ૭ માસ બાદ કરતાં પૂર્વક્રોડવર્ષમાંથી જે બાકી રહે તેટલો કાળ પણ સયોગી કેવલીનો હોય છે. એ ત્રણે વાતમાં કોઈ વિશેષ વિસંવાદ જેવું કંઈ પણ નથી, કેવળ અપેક્ષાવાદ જ છે.

* અહીં આઠ વર્ષ જેટલી લઘુવયમાં ચારિત્રની પ્રાપ્તિ માટે શ્રી પંચસંગ્રહની વૃત્તિમાં પણ કહ્યું છે કે - [ તે વૃત્તિનો શબ્દાર્થ આ પ્રમાણે - ]

इह किल कोऽपि पूर्वकोट्यायुष्को ઇત્યાદિ = અહીં કોઈ નિશ્ચય પૂર્વક્રોડવર્ષના આયુષ્યવાળા જીવે સાધિક નવ માસ ગર્ભમાં રહીને જ વ્યતીત કર્યા હોય, અને જન્મ થયા બાદ પણ આઠ વર્ષ સુધી દેશવિરતિ અથવા સર્વવિરતિ પ્રાપ્ત ન કરે; કારણ કે આઠ વર્ષથી ઓછી વયવાળા સર્વને પણ તથાસ્વભાવથી જ દેશવિરતિ અથવા સર્વવિરતિની પ્રાપ્તિનો અભાવ હોય છે માટે. અહીં પ્રશ્ન થાય છે કે - એ વાતમાં શ્રી વજ્રસ્વામી ભગવાન સાથે વિરોધ આવે છે. એમ જો કહેતા હો તો કહીએ છીએ કે ભગવાન વજ્રસ્વામી છ માસના હોવા છતાં પણ ભાવથી સર્વવિરતિને અંગીકાર કરેલી હતી એમ સંભળાય છે. અને તે બાબતનો સૂત્રપાઠ छम्मासियं छसु जयं, माऊए समन्नियं वंदे [ = છ માસની ઉમ્મરવાળા, છ કાયમાં જયણાવાળા એવા શ્રી ભગવાન વજ્રસ્વામીને તેમની માતા સહિત વંદન કરું છું ]. આ વાત સત્ય છે. પરંતુ બાળપણામાં પણ ભગવાન વજ્રસ્વામીને ભાવથી ચારિત્રની જે આ પ્રાપ્તિ થઈ, તે આશ્ચર્યભૂત કદાચિત્ ભાવવાળી હોવાથી કોઈ વિરોધ નથી.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવતરણ: હવે એ જ અવિરત, દેશવિરત અને સયોગીકેવલીનો જઘન્ય સ્થિતિકાળ તથા જે ગુણસ્થાનોનો કાળ હજી કહેવાનો બાકી છે તે ગુણસ્થાનોનો જઘન્ય અને ઉત્કૃષ્ટ એ બન્ને પ્રકારનો કાળ આ ગાથામાં કહેવાય છે :

**एएसिं च जहण्णं, खवगाण अजोगि - खीणमोहाणं ।**
**नाणाजीवे एगं, परापरठिई मुहुत्तंतो ॥२२४॥**

ગાથાર્થ: એ ત્રણ ગુણસ્થાનોનો જઘન્ય સ્થિતિકાળ તથા ક્ષપકોનો, અયોગીનો અને ક્ષીણમોહીનો અનેક જીવ આશ્રયિ તેમજ એક જીવ આશ્રયિ જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિકાળ, તે સર્વે અન્તર્મુહૂર્ત પ્રમાણના છે. ॥૨૨૪॥

ટીકાર્થ: एएसिं च जहण्णं = એમાં ચકાર ભિન્ન ક્રમના અર્થવાળો છે, અને તે આગળ જોડવામાં આવશે. અનન્તર (પૂર્વ) ગાથામાં કહેલા એ અવિરતસમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ અને સયોગી કેવલી એ પ્રત્યેકનો જઘન્યકાળ અન્તર્મુહૂર્તપ્રમાણનો જાણવો, એ પ્રમાણે સંબંધ ગાથાના અન્તે છે [ અર્થાત્ અન્તર્મુહૂર્ત એ પર્યન્ત શબ્દનો સંબંધ અહીં પ્રત્યેક પદમાં જોડવો]. તે આ પ્રમાણે :- કોઈ અનાદિ મિથ્યાદૃષ્ટિ વગેરે જીવ અવિરતદૃષ્ટિપણું વગેરે પ્રાપ્ત કરીને અન્તર્મુહૂર્ત બાદ પુનઃ પણ મિથ્યાત્વ પામે તો એ પ્રમાણે અવિરતસમ્યગ્દૃષ્ટિનો જઘન્ય કાળ અન્તર્મુહૂર્તપ્રમાણ જાણવો. વળી કોઈ અવિરતસમ્યગ્દૃષ્ટિ આદિ જીવ એક અન્તર્મુહૂર્તમાત્ર દેશવિરતિ પ્રાપ્ત કરીને પુનઃ પણ અવિરતાદિપણું જ પ્રાપ્ત કરે ત્યારે દેશવિરતિનો પણ જઘન્ય કાળ (અન્તર્મુહૂર્ત) સિદ્ધ થાય છે. તથા અંતકૃત્ કેવલીને સયોગિકેવલીપણું અન્તર્મુહૂર્તમાત્ર

---

પ્રશ્ન: એમ શી રીતે સમજાય કે ભગવાન શ્રીવજ્રસ્વામીને બાળપણામાં પણ જે આ ચારિત્રપ્રાપ્તિ થઈ તે કદાચિત્ભાવવાળી છે ? ઉત્તર કહેવાય છે કે - શ્રી પૂર્વાચાર્યોએ કરેલી વ્યાખ્યાઓ ઉપરથી એ રીતે સમજી શકાય છે. શ્રી પંચવસ્તુ ગ્રંથમાં દીક્ષાપ્રાપ્તિના કાળસંબંધી નિર્ણયના વિચારવાળા અધિકારમાં ગાથા કહી છે કે -

तयहो परिहवखेत्तं न चरणभावो वि पायमेएसिं ।
आहच्चभावकहगं, सुत्तं पुण होइ नायव्वं ॥१॥

આ ગાથાનો અર્થ :- એથી [ ૮ વર્ષથી ] અધો-નીચેની વયવાળા જીવો પરાભવનું સ્થાન છે, તેમજ તેઓને સ્વભાવથી પણ ચારિત્રપરિણામ હોતો નથી, અને તે સૂત્ર તો આહત્યભાવ - કદાચિત્ભાવનું કહેનારું છે, એમ જાણવું. ॥૧॥

એ ગાથાની વ્યાખ્યાનો અર્થ :- તે આઠ વર્ષની નીચે વર્તતા મનુષ્યો પરાભવનું ક્ષેત્ર છે. કારણ કે જેના તેના વડે અતિબાળપણું હોવાથી પરાભવ પમાડાય છે, (અર્થાત્ દરેક તેનો પરાભવ કરે છે. અથવા દરેકથી તે પરાભવ પામે છે). વળી બીજી વાત એ છે કે - આઠ વર્ષથી નીચે વર્તતા એ જીવોને પ્રાયઃ ચારિત્રનો ભાવ પણ એટલે ચારિત્રનો પરિણામ પણ હોતો નથી [ થતો નથી ]. વળી જે छम्मासियं छसु जयं माऊए समन्नियं वंदे એવા પ્રકારનો સૂત્રપાઠ છે તે સૂત્ર આહત્યભાવકથક એટલે [ આશ્ચર્યભૂત એવા ] કદાચિત્ભાવને કહેનાર છે [ જેથી આઠ વર્ષથી ઓછી વયવાળાને દીક્ષા પ્રાપ્તિનો સામાન્યવિધિ કહેનારું નથી] તે કારણથી આઠ વર્ષથી નીચે વર્તતો મનુષ્ય પરાભવનું ક્ષેત્ર હોવાથી તેમજ ચારિત્રના પરિણામનો પણ અભાવ હોવાથી આઠ વર્ષથી ઓછી વયવાળાને દીક્ષા આપી શકાય નહિ. ॥ઈતિ વ્યાખ્યાર્થઃ॥

વળી અતિમુક્ત (અઈમુત્તા) કુમારે પણ આઠ વર્ષથી ઓછી વયમાં દીક્ષા પ્રાપ્ત કરી છે, તો તે પણ કદાચિત્ભાવ હોવાથી તેનું આલંબન લઈ આઠ વર્ષથી ઓછી વયવાળાને દીક્ષા આપી શકાય નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ રહે છે, અને ત્યારબાદ અયોગીપણું પામીને નિર્વાણપ્રાપ્તિ થાય છે [ જેથી એ રીતે સયોગી કેવલીનો જઘન્ય કાળ પણ અન્તર્મુહૂર્ત જ છે ]. અહીં અન્તર્મુહૂર્તમાત્રમાં સંસારનો અન્ત કરનાર તે અંતકૃત્, [अन्त = સંસારનો નાશ कृत् = કરનાર તે અંતકૃત્ કેવલી - એ વ્યુત્પત્તિ].

એ પ્રમાણે અનેક જીવ આશ્રયિ કાળભેદના વિચારમાં કહેવાઈ ગયેલાં આઠ ગુણસ્થાનોમાંથી મિથ્યાદૃષ્ટિ - સાસ્વાદન- અવિરતસમ્યગ્દૃષ્ટિ - દેશવિરત અને સયોગી કેવલી એ છ ગુણસ્થાનોનો એક જીવ આશ્રયિ પણ જઘન્ય તથા ઉત્કૃષ્ટ ભેદવાળો કાળ કહ્યો. અને બાકી રહેલાં પ્રમત્ત સંયત તથા અપ્રમત્ત સંયત એ બે ગુણસ્થાનનો કાળ તો આગળ કહેવાશે. પરંતુ હમણાં પ્રથમ તો પૂર્વે નહિ કહેલાં ક્ષપકશ્રેણિ સંબંધી અપૂર્વકરણાદિ ગુણસ્થાનોનો અનેક જીવ આશ્રયિ તથા એક જીવ આશ્રયિ જઘન્ય કાળ અને ઉત્કૃષ્ટ કાળ પણ કહેવાનો છે, તે કહેવાય છે.

खवगाण अजोगि-खीणमोहाणं - મોહનીયકર્મને જે ખપાવે - ક્ષય કરે તે क्षपक. અને તે અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ તથા સૂક્ષ્મસંપરાય એ ત્રણ ગુણસ્થાનરૂપ (અર્થાત્ ૮-૯-૧૦ એ ત્રણ ગુણસ્થાનવાળા), અને ક્ષપકશ્રેણિમાં વર્તતા જાણવા. અહીં અપૂર્વકરણ ગુણસ્થાનવાળો જીવ જો કે મોહનીય કર્મની કોઈપણ પ્રકૃતિને ખપાવતો નથી, તો પણ મોહનીયને ખપાવવાની યોગ્યતા એ ગુણસ્થાનથી પ્રાપ્ત થાય છે. માટે રાજ્ય કરવાને યોગ્ય એવો રાજકુમાર જો કે રાજા નથી તો પણ રાજકુમાર અથવા રાજા કહેવાય છે, તેમ એ પણ क्षपक કહેવાય છે. એ પ્રમાણે એ ત્રણે ક્ષપકોનો સયોગી કેવલીનો અને જેનો મોહ (મોહનીયકર્મ) સર્વથા ક્ષય પામ્યો છે તે ક્ષીણમોહ - એ પાંચે ગુણસ્થાનોનો અનેક જીવ આશ્રયિ તથા એક જીવ આશ્રયિ જઘન્ય સ્થિતિકાળ અને ઉત્કૃષ્ટ સ્થિતિકાળ અન્તર્મુહૂર્ત જ છે. કારણ કે સંપૂર્ણ ક્ષપકશ્રેણિ પણ અન્તર્મુહૂર્ત્ત છે. (ચારે ગુણસ્થાનનો ભેગો કાળ પણ અન્તર્મુહૂર્ત્ત છે, તો દરેકનો જુદો જુદો કાળ અન્તર્મુહૂર્ત્તનો હોય તેમાં કહેવું જ શું !). એ કારણથી તે ક્ષપકશ્રેણિની અંદર વર્તતાં અપૂર્વકરણથી પ્રારંભીને ક્ષીણમોહ સુધીનાં ચારે ગુણસ્થાનોની જઘન્ય સ્થિતિ તેમજ ઉત્કૃષ્ટ સ્થિતિ પણ અન્તર્મુહૂર્ત્ત પ્રમાણની જ હોય તે સુખે સમજી શકાય તેવી છે; કારણ કે અન્તર્મુહૂર્તના ઘણા ભેદ છે માટે.

વળી અનેક જીવોની અપેક્ષાએ વિચારતાં પણ ક્ષપકશ્રેણિ નિરન્તરપણે અન્તર્મુહૂર્ત્ત પ્રમાણની છે. અને તે અન્તર્મુહૂર્ત્ત વ્યતીત થયા બાદ ક્ષપકશ્રેણિનું અન્તર અવશ્ય પ્રાપ્ત થાય છે. (એટલે કંઈક વખત સુધી કોઈ પણ જીવ ક્ષપકશ્રેણિ પ્રારંભે નહિ એવો વિરહકાળ પ્રાપ્ત થાય છે.) એ કારણથી ક્ષપકશ્રેણિની અંદર વર્તતા ચાર ગુણસ્થાનનો [અનેક જીવ આશ્રયિ પણ] કાળ અન્તર્મુહૂર્ત જ હોય છે. [એ ક્ષપક સંબંધી ચાર ગુણસ્થાનોનો કાળ કહ્યો].

તથા અયોગી કેવલી ભગવાન્ શૈલેશી અવસ્થામાં પાંચ હ્રસ્વાક્ષરને ઉચ્ચારવામાં [અતિ શીઘ્ર નહિ તેમ અતિત્વરાથી પણ નહિ એવી રીતે મધ્યમપણે ઉચ્ચારતાં] જેટલો કાળ લાગે


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેટલા કાળ સુધી [અર્થાત્, એ પ્રમાણવાળા અન્તર્મુહૂર્ત્ત સુધી] હોય છે. વળી શૈલેશી અવસ્થા પણ [ભિન્ન ભિન્ન જીવોને] નિરન્તર ચાલુ રહે તો પણ અન્તર્મુહૂર્ત બાદ શૈલેશી અવસ્થા વર્તતી નથી (જેથી અનેક જીવ આશ્રયિ વિચારતાં પણ અયોગી કેવલી ગુણસ્થાન અન્તર્મુહૂર્ત્ત જ હોય છે - ઈતિ તાત્પર્ય). એ પ્રમાણે અયોગી કેવલીઓ પણ એક જીવ આશ્રયિ વિચારતાં અથવા અનેક જીવ આશ્રયિ વિચારતાં જઘન્યથી તેમજ ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત્ત સુધી જ હોય છે. એ ૨૨૪ મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૨૨૪॥ (એ રીતે ક્ષપકશ્રેણિ સંબંધી ગુણસ્થાનોનો કાળ કહ્યો).

अवतरणः પૂર્વ ગાથામાં ક્ષપકશ્રેણિ સંબંધી ગુણસ્થાનોનો એક તથા અનેક જીવ આશ્રયિ કાળ કહીને હવે આ ગાથામાં ઉપશમશ્રેણિ સંબંધી ઉપશામકનાં ત્રણ ગુણસ્થાન તથા ઉપશાન્તમોહ ચોથું ગુણસ્થાન એ ચાર ગુણસ્થાનનો, તથા પ્રથમથી જ બાકી રહેલાં પ્રમત્ત અને અપ્રમત્ત એ બે ગુણસ્થાનનો કાળ કહેવાનો છે. ત્યાં પ્રમત્ત, અપ્રમત્તનો એક જીવ આશ્રયિ જઘન્ય તથા ઉત્કૃષ્ટ કાળ કહેવાનો છે. અને ઉપશમશ્રેણિ સંબંધી ચાર ગુણસ્થાનનો તો એક જીવ આશ્રયિ તથા અનેક જીવ આશ્રયિ પણ જઘન્ય તથા ઉત્કૃષ્ટ કાળ પૂર્વે કહ્યો નથી તે કહેવાનો છેઃ

**एगं पमत्त इयरे, उभए उवसामगा य उवसंता ।**
**एगसमयं जहन्नं, भिन्नमुहुत्तं च उक्कोसं ॥२२५॥**

गाथार्थः પ્રમત્ત તથા અપ્રમત્તનો એક જીવ આશ્રયિ અને ઉપશામક તથા ઉપશાન્તનો (ઉપશામક ત્રણ ગુણસ્થાનનો અને ઉપશાન્તમોહનો) ઉભય પ્રકારે (એક જીવ આશ્રયિ તથા અનેક જીવ આશ્રયિ એમ બન્ને પ્રકારે) જઘન્ય કાળ ૧ સમયનો છે, અને ઉત્કૃષ્ટ કાળ અન્તર્મુહૂર્ત્ત પ્રમાણનો છે. ॥૨૨૫॥

टीकार्थः पमत्त = પ્રમત્ત સંયતો અને इयरे - ઈતર એટલે અપ્રમત્ત સંયતો एगं - એકેક જીવને આશ્રયિને एगसमयं जहन्नं = જઘન્યથી ૧ સમય હોય છે. ત્યારબાદ મરણ પામવાથી અથવા તો અવિરતિપણું પ્રાપ્ત કરવાથી (પ્રમત્તસંયતપણું તથા અપ્રમત્તસંયતપણું રહેતું નથી). તથા ઉત્કૃષ્ટથી અન્ત[1]ર્મુહૂર્ત સુધી પ્રમત્તસંયતપણું અને અપ્રમત્તસંયતપણું હોય છે, અને ત્યારબાદ પ્રમત્તને અપ્રમત્તપણું તથા મરણ પ્રાપ્ત થવાથી પ્રમત્તપણું જાય છે. અને અપ્રમત્તને

૧. અહીં પ્રમત્ત તથા અપ્રમત્તપણાનો ઉત્કૃષ્ટ કાળ અંતર્મુહૂર્ત્ત કહ્યો. અને ગ્રન્થાન્તરે દેશોન પૂર્વક્રોડ પણ બન્ને ગુણસ્થાનોનો કહ્યો છે. તેમજ પ્રમત્તનો દેશોન પૂર્વક્રોડ વર્ષ અને અપ્રમત્તનો અન્તર્મુહૂર્ત્ત એ રીતે પણ કાળ કહ્યો છે. એ રીતે ત્રણ પ્રકારે પ્રમત્ત-અપ્રમત્તકાળના અભિપ્રાય છે. તે આ પ્રમાણે -
શ્રીપંચસંગ્રહની વૃત્તિમાં સ્પષ્ટ રીતે બન્ને ગુણસ્થાનકનો અન્તર્મુહૂર્ત્ત - અન્તર્મુહૂર્ત્ત કાળ કહ્યો છે. તે વૃત્તિનો પાઠ આ પ્રમાણે :

प्रमत्तमुनयोऽप्रमत्तमुनयो वा जघन्यत एकं समयं भवन्ति, तदनन्तरं मरणभावेनाविरतत्वाभावात् । उत्कर्षतस्त्वन्तर्मुहूर्तं, ततः परमवश्यं प्रमत्तस्याप्रमत्तभावो देशविरतत्वं वा मरणं वा । अप्रमत्तस्यापि प्रमत्तता श्रेण्यारोहो देशविरतत्वादिकं वेति । अथैतदेव कथमवसितमन्तर्मुहूर्तादूर्ध्वं प्रमत्तस्याप्रमत्तादिभावो अप्रमत्तस्य वा प्रमत्तादिभावः ?
यावता देशविरतादिवत् प्रभूतमपि कालं कस्मादेतौ न भवतः ? उच्यते - इह येषु संक्लेशस्थानेषु वर्तमानो मुनिः प्रमत्तो भवति येषु च विशोधिस्थानेषु वर्तमानोऽप्रमत्तस्तानि संक्लेशस्थानानि विशोधिस्थानानि च प्रत्येकमसङ्ख्येय लोकाकाशप्रमाणानि भवन्ति । मुनिश्च यथावस्थितमुनिभावे वर्तमानो यावदुपशमश्रेणिं क्षपकश्रेणिं वा नारोहति,


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમત્તપણું આદિ પ્રાપ્ત થવાથી અથવા કાળ કરવાથી અપ્રમત્તપણાનો અભાવ થાય છે.

तावदवश्यं तथास्वाभाव्यात् संक्लेशस्थानेष्वन्तर्मुहूर्तं स्थित्वा भूयः विशोधिस्थानेषु गच्छति । विशोधिस्थानेष्वप्यन्तर्मुहूर्तं स्थित्वा भूयः संक्लेशस्थानेषु गच्छति । एवं निरन्तरं प्रमत्ताप्रमत्तयोः परावृत्तीः करोति । ततः प्रमत्ताप्रमत्तभावावुत्कर्षतोऽप्यन्तर्मुहूर्तं कालं यावल्लभ्येते न परतः।

વૃત્તિનો અર્થ :- પ્રમત્ત મુનિઓ અથવા અપ્રમત્ત મુનિઓ જઘન્યથી એક સમય હોય છે. ત્યાર બાદ મરણ પામવા વડે અવિરતપણું પામવાથી પ્રમત્તાપ્રમત્તપણું હોતું નથી. તથા ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત્ત સુધી હોય છે, અને ત્યારબાદ અવશ્ય પ્રમત્તને અપ્રમત્તપણું, દેશવિરતિપણું અથવા મરણ (એ ત્રણમાંનું એક પણ) પ્રાપ્ત થાય. અને અપ્રમત્તને પણ પ્રમત્તપણું અથવા શ્રેણિ ઉપર ચડવું (એટલે આઠમું અપૂર્વકરણ ગુણસ્થાન પામવું) અથવા તો દેશવિરતપણું આદિ (અર્થાત્ દેશવિરતપણું, અવિરતપણું) પ્રાપ્ત થાય છે. હવે (અહીં પ્રશ્ન થાય છે કે) એમ કેવી રીતે જાણ્યું કે અન્તર્મુહૂર્ત્ત બાદ પ્રમત્તને અપ્રમત્તાદિભાવ અને અપ્રમત્તને પ્રમત્તાદિભાવ જ પ્રાપ્ત થાય ? યાવત્ દેશવિરતિ વિગેરેની પેઠે ઘણા કાળ સુધી પણ એ બે ગુણસ્થાનો કેમ ન હોય ? તેનો ઉત્તર અપાય છે કે - અહીં જે સંક્લેશસ્થાનોમાં વર્તતો મુનિ પ્રમત્ત થાય છે, અને જે વિશોધિસ્થાનોમાં વર્તતો મુનિ અપ્રમત્ત થાય છે તે સંક્લેશસ્થાનો અને વિશુદ્ધિસ્થાનો (એવા અધ્યવસાયસ્થાનો) દરેકનાં અસંખ્યાત લોકાકાશોના આકાશપ્રદેશ જેટલાં છે. વળી યથાર્થ મુનિપણામાં વર્તતો મુનિ જ્યાં સુધી ઉપશમશ્રેણિ અથવા ક્ષપકશ્રેણિ ઉપર ચઢે નહિ ત્યાં સુધી તથા પ્રકારના સ્વભાવથી જ અવશ્ય સંકલેશસ્થાનોમાં અન્તર્મુહૂર્ત સુધી રહીને વિશોધિસ્થાનોમાં જાય છે, અને વિશોધિસ્થાનોમાં પણ અન્તર્મુહૂર્ત્ત સુધી રહીને પુનઃ સંક્લેશસ્થાનોમાં જાય છે. એ પ્રમાણે પ્રમત્ત તથા અપ્રમત્ત પરિણામની નિરન્તર પરાવૃત્તિ (ફેરફારી) થયા કરે છે, તે કારણથી પ્રમત્તભાવ અને અપ્રમત્તભાવ એ બન્ને ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત્ત સુધી પ્રાપ્ત થાય છે, પરન્તુ એથી અધિક કાળ સુધી પ્રાપ્ત થતું નથી.

तथा चोक्तं शतकबृहच्चूर्णौ- इत्थ संकिलिस्सइ विसुज्झइ वा विरओ अंतमुहुत्तं जाव कालं, न परओ । तेणं संकिलिस्संतो संकिलेसठाणेसु अंतोमुहुत्तं कालं जाव पमत्तसंजओ होइ । विसुज्झंतो विसोहिठाणेसु अंतोमुहुत्तं कालं जाव अपमत्तसंजओ होइ । (= શ્રી શતકબૃહચ્ચૂર્ણિમાં એ જ પ્રમાણે કહ્યું છે કે - અહીં વિરત (મુનિ) અન્તર્મુહૂર્ત્ત કાળ સુધી સંક્લેશપરિણામી થાય છે, અને વિશુદ્ધપરિણામી થાય છે, પરન્તુ અધિક કાળ નહિ. તે વિરત સંક્લિષ્ટ અધ્યવસાયોમાં સંક્લેશપણે વર્તતો હોય ત્યારે અન્તર્મુહૂર્ત્ત કાળ સુધી પ્રમત્તસંયત ગણાય છે, અને વિશુદ્ધ અધ્યવસાયસ્થાનોમાં વિશુદ્ધિપણે વર્તતો હોય ત્યારે અન્તર્મુહૂર્ત્ત કાળ સુધી અપ્રમત્તસંયત ગણાય છે.) એ પ્રમાણે પ્રમત્તા-પ્રમત્તભાવની નિરન્તર પરાવૃત્તિ દેશોન પૂર્વક્રોડ વર્ષો સુધી ચાલે છે, એ સર્વ ભાવાર્થ શ્રીપંચસંગ્રહની વૃત્તિથી જાણવો.

તથા શ્રી દ્રવ્ય લોકપ્રકાશમાં કહ્યું છે કે - 'केचिदूचुर्न्यूनपूर्वकोटिके षष्ठसप्तके' = કેટલાએક કહે છે કે છઠ્ઠું અને સાતમું એ બન્ને ગુણસ્થાન દેશોન પૂર્વક્રોડ વર્ષના પ્રમાણવાળાં છે. શ્રીભગવતીસૂત્રમાં - 'પ્રમત્તસંયતપણામાં વર્તતા પ્રમત્તસંયતનો સર્વ અધ્ધા કાળથી કેટલા દીર્ઘકાળ સુધી હોય ? હે મંડિતપુત્ર ! એક જીવ આશ્રયિ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વક્રોડ વર્ષ, અને ઘણાં જીવ આશ્રયિ સર્વ કાળ.' એ સૂત્રની વૃત્તિનો અર્થ : - જઘન્ય ૧ સમય તે કેવી રીતે ? તે કહેવાય છે - પ્રમત્તસંયતપણાની પ્રાપ્તિના પ્રથમ સમય બાદ બીજે જ સમયે મરણ થવાથી. તથા દેશોન પૂર્વક્રોડ વર્ષ કેવી રીતે ? તે કહેવાય છે - નિશ્ચય પ્રમત્ત અને અપ્રમત્ત એ બે ગુણસ્થાનો અન્તર્મુહૂર્ત્ત પ્રમાણનાં જ છે. અને તે બન્ને પરાવૃત્તિથી પ્રાપ્ત થતાં દેશોન પૂર્વક્રોડ વર્ષ સુધી ઉત્કૃષ્ટથી પ્રવર્તે છે. વળી એમાં અપ્રમત્તની અપેક્ષાએ પ્રમત્તનાં અન્તર્મુહૂર્ત્ત ઘણાં મોટાં જાણવાં અને એ પ્રમાણે અન્તર્મુહૂર્ત્ત અન્તર્મુહૂર્ત પ્રમાણના સર્વે કાળ ભેગા કરતાં પ્રમત્તનો સર્વ કાળ દેશોન પૂર્વક્રોડ વર્ષ જેટલો પ્રાપ્ત થાય છે. (અહીં પરાવૃત્તિની અપેક્ષાએ બન્ને ગુણસ્થાનનો કાળ સામાન્યથી દેશોન પૂર્વક્રોડ વર્ષનો, પરન્તુ પોતપોતાના કાળને એકત્ર કરીને વિચારતાં પ્રમત્તનો દેશોન પૂર્વક્રોડ વર્ષ, અને અપ્રમત્તનો અન્તર્મુહૂર્ત્ત કાળ થાય છે એમ જાણવું).

વળી બીજા આચાર્યો કહે છે કે - પ્રમત્તપણું આઠ વર્ષ (સાધિક ૮ વર્ષ) ન્યૂન પૂર્વક્રોડ વર્ષ સુધી રહે છે. એ પ્રમાણે અપ્રમત્તનું સૂત્ર પણ વિચારવું (એટલે અપ્રમત્તપણું પણ દેશોન પૂર્વક્રોડવર્ષ સુધી રહે છે એમ વિચારવું). પરન્તુ જઘન્યથી અન્તર્મુહૂર્ત કહેવું. (પ્રમત્તવત્ જઘન્યથી ૧ સમય ન કહેવો - એ તાત્પર્યઃ), કારણ કે અપ્રમત્તકાળમાં વર્તતા જીવનું નિશ્ચયથી મરણ હોતું નથી.

વળી ચૂર્ણિકર્તાનો અભિપ્રાય તો એ છે કે - 'પ્રમત્ત સંયતને વર્જીને સર્વે પણ સર્વવિરતિવંતો (૭થી ૧૪ ગુણસ્થાન સુધીના સર્વે) અપ્રમત્ત કહેવાય. કારણ કે તે સર્વને પ્રમાદનો અભાવ છે, (તેવા અપ્રમત્તને જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત પ્રાપ્ત


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા उवसामगा - મોહનીયકર્મને જે ઉપશમાવે તે ઉપશામક એટલે ઉપશમશ્રેણિમાં વર્તતા અપૂર્વકરણ, અનિવૃત્તિબાદર તથા સૂક્ષ્મસંપરાય એ ત્રણ ગુણસ્થાનવાળા. અહીં પણ અપૂર્વકરણ ગુણસ્થાનવાળો જીવ જો કે કોઈ પણ મોહનીયકર્મની પ્રકૃતિને ઉપશમાવતો નથી, તો પણ પૂર્વે કહ્યા પ્રમાણે (ક્ષપકના સંબંધમાં કહેલા રાજ્યયોગ્ય કુમારને પણ રાજકુમાર અથવા રાજા કહેવાય તેની પેઠે) અહીં પણ ઉપશમાવવાની યોગ્યતામાત્ર હોવાથી उपशमक કહેવાય છે.

તથા उवसंता - જેણે મોહનીયકર્મને સર્વથા ઉપશમાવી દીધું છે તેવા એટલે ઉપશાન્તમોહ છદ્મસ્થ વીતરાગ એ નામના (અગિયારમા) ગુણસ્થાનવાળા. એ સર્વે પણ उभए = ઉભય પક્ષથી - એક જીવ આશ્રયિ અને અનેક જીવ આશ્રયિ એ બન્ને પક્ષથી વિચારતાં; શું કહેવાનું છે? તે કહે છે – જઘન્યથી એ[1]ક સમય સ્થિતિકાળ છે. કારણ કે એક સમય બાદ મરણ પામીને અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થવાથી ત્યાં અવિરતિપણાની પ્રાપ્તિ થાય છે (જેથી એ ગુણસ્થાન રહેતું નથી). વળી એ ગુણસ્થાનોનો ઉત્કૃષ્ટ સ્થિતિકાળ અન્તર્મુહૂર્તનો છે, ત્યારબાદ (અન્તર્મુહૂર્ત વ્યતીત થયા બાદ) અન્ય ગુણસ્થાનમાં ગમન થવાથી અથવા તો મરણ પામવાથી પણ એ ગુણસ્થાન રહેતું નથી. એ ૨૨૫મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૨૨૫॥

## ॥ ગતિ આશ્રયિ ગુણસ્થાનોનું કાળમાન ॥

अवतरण: એ પ્રમાણે પૂર્વ ગાથાઓમાં સામાન્યથી ચૌદે ગુણસ્થાનકોનો સ્થિતિકાળ એક જીવ આશ્રયિ તથા અનેક જીવ આશ્રયિ જઘન્ય અને ઉત્કૃષ્ટના ભેદથી કહ્યો, હવે નરકાદિ ગતિઓમાં પ્રાપ્ત થતાં કેટલાંક ગુણસ્થાનોને આશ્રયિ તે જઘન્ય તથા ઉત્કૃષ્ટ કાળ વિશેષભેદે આ ગાથાથી કહેવાય છે:

**मिच्छा भवट्ठिईया, सम्मं देसूणमेवमुक्कोसं ।**
**अंतोमुहुत्तमवरा, नरएसु समा य देवेसु ॥२२६॥**

---

થાય છે તેનું કારણ કે) તે અપ્રમત્ત ઉપશમશ્રેણિમાં પ્રાપ્ત થયો છતો મુહૂર્તની અંદર પણ કાળ કરે છે. જેથી અપ્રમત્તનો જઘન્ય કાળ (અન્તર્મુહૂર્ત જેટલો) પ્રાપ્ત થાય છે. અને અપ્રમત્તનો દેશોન પૂર્વક્રોડ વર્ષ જેટલો કાળ કહ્યો તે તો સયોગી કેવલીને આશ્રયિ કહ્યો છે.' એ સર્વ વક્તવ્ય શ્રીદ્રવ્ય લોકપ્રકાશમાંથી જાણવું.

એમાં બે અભિપ્રાય એ પણ સ્પષ્ટ થયા કે - ઘણા ગ્રંથમાં અપ્રમત્તનો કાળ ૧ સમય કહ્યો છે, અને ઉપર કહેલા પાઠમાં જઘન્ય કાળ અન્તર્મુહૂર્ત કહ્યો. અને એ જ કારણથી બીજા બે અભિપ્રાય એ થયા કે ઘણાં ગ્રંથોમાં અપ્રમત્તગુણસ્થાને મરણ પામવાનું કહ્યું છે, ત્યારે ઉપર કહેલા પાઠમાં અન્તર્મુહૂર્તની અંદર મરણ પામવાનો નિષેધ દર્શાવ્યો. અને એ બાબતની જ વિશેષ સિદ્ધિ માટે ચૂર્ણિકર્તાએ પણ ઉપશમશ્રેણિમાં મુહૂર્તની અંદર કાળ કરે તે અપેક્ષાએ જઘન્ય કાળ અન્તર્મુહૂર્ત કહ્યો પરન્તુ અપ્રમત્તગુણસ્થાનને અંગે ન કહ્યો.

૧. ચૌદ ગુણસ્થાનમાં સાસ્વાદન-પ્રમત્ત-અપ્રમત્ત- અપૂર્વકરણ-અનિવૃત્તિકરણ - સૂક્ષ્મસંપરાય અને ઉપશાન્તમોહ એ સાત ગુણસ્થાને જઘન્ય કાળ એકેક સમય દર્શાવ્યો. તેમાં વિશેષ એ કે - ઉપશમશ્રેણિ સિવાયનાં સાસ્વાદન - પ્રમત્ત અને અપ્રમત્ત એ ત્રણ ગુણસ્થાને તો મરણ થવાથી તેમજ અધ્યવસાય બદલાતાં અન્ય ગુણસ્થાને ગમન કરવાથી પણ એક સમયનો જઘન્ય કાળ પ્રાપ્ત થાય છે, પરન્તુ ઉપશમશ્રેણિનાં જે અપૂર્વકરણ-અનિવૃત્તિ-સૂક્ષ્મસંપરાય અને ઉપશાન્તમોહ એ ચાર ગુણસ્થાનમાં ૧ સમયનો જઘન્ય કાળ તો કેવળ મરણથી જ જાણવો. એટલું જ નહિ પરન્તુ પોતપોતાના અન્તર્મુહૂર્તથી ૧ સમય માત્ર પણ ઓછો કાળ મરણથી જ પ્રાપ્ત થાય, અને અન્ય ગુણસ્થાને જવામાં પોતાનો સર્વ કાળ સમાપ્ત થવો જ જોઈએ, એ નિયમ જાણવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગાથાર્થઃ નરકગતિમાં - નારકોમાં મિથ્યાત્વગુણસ્થાનવર્તી નારકો ભવસ્થિતિવાળા (સંપૂર્ણ ભવપર્યન્ત) હોય છે, સમ્યક્ત્વ ગુણસ્થાન દેશોન ઉત્કૃષ્ટ ભવસ્થિતિ જેટલું હોય છે, એ ઉત્કૃષ્ટ કાળ કહ્યો. અને અપરા = જઘન્ય સ્થિતિ (ચારે ગુણસ્થાનની) અન્તર્મુહૂર્ત હોય છે. દેવોમાં પણ ગુણસ્થાનો અને તેની સ્થિતિઓ સ્વસ્થિતિ સરખી (આયુષ્યતુલ્ય) જાણવી. ॥૨૨૬॥

ટીકાર્થઃ નરક પૃથ્વીઓમાં મિથ્યાદૃષ્ટિ નારકો ભવસ્થિતિવાળા હોય છે, એ સંબંધ છે. એમાં કહેવાનું તાત્પર્ય એ છે કે - સર્વ નરક પૃથ્વીઓમાં મિથ્યાદૃષ્ટિ નારકોને પોતપોતાની ભવસ્થિતિ (પોતપોતાના આયુષ્ય સુધી) મિથ્યાત્વ રહે છે. વળી જે નારકો અહીંથી મિથ્યાત્વ સહિત જ રત્નપ્રભાથી પ્રારંભીને નીચે સાતમી પૃથ્વી સુધીની પૃથ્વીઓમાં ઉત્પન્ન થાય છે. અને ત્યાં ગયા બાદ પણ સમ્યક્ત્વ પામતા નથી, તેવા નારકોને ઉત્કૃષ્ટથી એક સાગરોપમથી પ્રારંભીને યાવત્ તેત્રીસ સાગરોપમ સુધી એટલે પોતપોતાના આયુષ્ય સુધી મિથ્યાત્વ હોય છે, તે સુખે સમજી શકાય તેમ છે. (તાત્પર્ય કે - જે પૃથ્વીમાં જે નારકનું જેટલું આયુષ્ય છે, તે પૃથ્વીમાં તે નારકના મિથ્યાત્વની સ્થિતિ પણ તેટલી જ, જેથી નારકને મિથ્યાત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ સાતમી પૃથ્વીની અપેક્ષાએ ૩૩ સાગરોપમ જેટલી જાણવી, અને જઘન્ય સ્થિતિ તો હજી આગળ કહેવાશે).

એ પ્રમાણે सम्मं देसूणमेवमुक्कोसं - સમ્યક્ત્વ પણ ઉત્કૃષ્ટ સ્થિતિની અપેક્ષાએ એ ઉપર કહ્યા પ્રમાણે જ એક સાગરોપમ આદિ ભવસ્થિતિ જેટલું (૧ થી ૩૩ સાગરોપમ જેટલું) કહેવું - જાણવું. પરન્તુ વિશેષ એ કે દેશોન કહેવું (જેથી ૧ આદિ સાગરોપમ સંપૂર્ણ નહિ). અર્થાત્ કેટલીક નરક પૃથ્વીઓમાં સ્વ-ભવસ્થિતિથી કંઈક ન્યૂન કહેવું. કારણ કે જે નરકપૃથ્વીઓમાં સમ્યક્ત્વસહિત જીવને ઉત્પન્ન થવાનો પૂર્વે નિષેધ કર્યો છે, તે નરકપૃથ્વીઓમાં મિથ્યાત્વ સહિત ઉત્પન્ન થઈને જ્યાં સુધી પર્યાપ્ત ન થાય ત્યાં સુધી સમ્યક્ત્વ પામતો નથી, પરન્તુ પર્યાપ્ત થયા બાદ જ સમ્યક્ત્વ પામે. તે કારણથી અપર્યાપ્ત અવસ્થાનો જેટલો (અન્તર્મુહૂર્તપ્રમાણ) કાળ છે, તેટલા કાળ વડે ન્યૂન ભવસ્થિતિ જાણવી. સાતમી નરકપૃથ્વીમાં પણ ૨૮ આદિ મોહનીયની સત્તાવાળો એવો પણ કોઈ જીવ પર્યાપ્ત અવસ્થામાં સમ્યક્ત્વ પામે છે, પરન્તુ નરકમાંથી નીકળતી વખતે (મરણકાળે) પોતાનું આયુષ્ય અન્તર્મુહૂર્ત બાકી રહ્યે છતે એ સાતમી પૃથ્વીનો નારક અવશ્ય સમ્યક્ત્વનો ત્યાગ જ કરે છે; કારણ કે ત્યાંથી નીકળીને તિર્યંચ ગતિમાં જ ઉત્પન્ન થવાનું હોય છે, અને ત્યાં તિર્યંચગતિમાં સમ્યક્ત્વસહિતની (સમ્યક્ત્વ સહિત સાતમી[1] પૃથ્વીના નારકની) ઉત્પત્તિનો નિષેધ છે. તે કારણથી સાતમી પૃથ્વીમાં સમ્યક્ત્વની સ્થિતિ જે ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમરૂપ ભવસ્થિતિ જેટલી તે કંઈક મોટા દેશ ભાગ વડે ન્યૂન જાણવી. (અર્થાત્ અપર્યાપ્તપણાનું અન્તર્મુહૂર્ત અને મરણકાળનું અન્તર્મુહૂર્ત એ બે અન્તર્મુહૂર્તો વડે ન્યૂન

૧. અહીં સાતમી પૃથ્વીનો નારકજીવ મરણ પામે તો મિથ્યાત્વસહિત જ મરણ પામે એ નિયમ છે, અને શેષ છ પૃથ્વીઓના નારક મિથ્યાત્વ વિના સાસ્વાદનસહિત પણ મરણ પામે. તેમાં પણ પહેલી ત્રણ પૃથ્વીના જીવોમાં ક્ષાયિક અને ક્ષયોપશમિક સમ્યક્ત્વનો પણ સદ્ભાવ હોવાથી તે ક્ષાયિક, ક્ષયોપશમિક સમ્યક્ત્વસહિત મરણ પામે. અને ચોથી, પાંચમી, છઠ્ઠી પૃથ્વીના નારકને ક્ષયોપશમ સમ્યક્ત્વ સહિત મરણ પામવાનો નિષેધ છે નહિ. સિદ્ધાન્તને મતે તો છઠ્ઠી પૃથ્વી સુધી પણ ક્ષયોપશમ સમ્યક્ત્વસહિત ઉત્પન્ન થાય અને કર્મગ્રંથના મતે ક્ષયોપશમ સમ્યક્ત્વસહિત કોઈ પણ નરક પૃથ્વીમાં ઉત્પન્ન ન થાય એ વિશેષ છે. વળી કર્મપ્રકૃતિમાં પણ સાતમી પૃથ્વીનો નારક પર્યાપ્ત અવસ્થામાં ક્ષયોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને દેશોન ૩૩ સાગર. સુધી મનુષ્યદ્વિકનો બંધ કરે છે, એમ સંક્રમકરણની ૯૧મી ગાથામાં કહ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૩ સાગરોપમ જેટલી સમ્યક્ત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ સાતમી પૃથ્વીના નારકની જાણવી). વળી જે નરકપૃથ્વીઓમાં નારકો સમ્યક્ત્વસહિત ઉત્પન્ન થાય છે, તેમજ સમ્યક્ત્વસહિત મરણ પામે છે, તે નરકપૃથ્વીઓમાં સમ્યક્ત્વની પણ સ્થિતિ પોતપોતાની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ જેટલી સંપૂર્ણ પણ જાણવી. એ પ્રમાણે નરકગતિમાં મિથ્યાત્વનો અને સમ્યક્ત્વનો ઉત્કૃષ્ટ સ્થિતિકાળ કહ્યો. હવે એ બન્નેનો જ જઘન્ય સ્થિતિકાળ કહેવાની ઇચ્છાએ કહે છે કે :

अंतोमुहुत्तमवरा - સર્વે નરકપૃથ્વીઓમાં મિથ્યાત્વની અને સમ્યક્ત્વની અપરા એટલે જઘન્ય સ્થિતિ દરેકની અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ જ છે. તે આ પ્રમાણે - કોઈ સમ્યગ્દૃષ્ટિ નારક જીવ સમ્યક્ત્વથી પતિત થઈ મિથ્યાત્વ પામ્યો, અને ત્યાં મિથ્યાત્વમાં અન્તર્મુહૂર્ત્ત માત્ર રહીને પુનઃ સમ્યક્ત્વ પામે તો એ પ્રમાણે મિથ્યાત્વની જઘન્ય સ્થિતિ અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ જાણવી.

વળી (બીજી રીતે વિચારતાં પણ મિથ્યાત્વની જઘન્ય સ્થિતિ અન્તર્મુહૂર્ત્ત પ્રાપ્ત થાય છે તે આ પ્રમાણે –) પૂર્વ ભવમાંથી મિથ્યાત્વસહિત નરકમાં ઉત્પન્ન થાય છે, અને ત્યાં અન્તર્મુહૂર્ત્ત વ્યતીત થયા પછી (અપર્યાપ્ત[1] અવસ્થા વીત્યા બાદ) સમ્યક્ત્વ પામે તેવા નારક જીવને પણ મિથ્યાત્વની અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ જઘન્ય સ્થિતિ પ્રાપ્ત થાય છે. કારણ કે નરકગતિની અપેક્ષાએ તો તે મિથ્યાત્વ પણ અન્તર્મુહૂર્ત્ત સ્થિતિવાળું જ ગણાય. (અર્થાત્ પશ્ચા[2]ત્ ભવનું મિથ્યાત્વ અહીં ન ગણવું).

વળી જે મિથ્યાદૃષ્ટિ નારક સમ્યક્ત્વ પામીને અન્તર્મુહૂર્ત્ત બાદ પુનઃ મિથ્યાત્વ પામે તો તેવા નારક જીવની અપેક્ષાએ સમ્યક્ત્વની પણ જઘન્ય સ્થિતિ અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ પ્રાપ્ત થાય છે. ॥इति नरकगतौ गुणस्थानकालः ॥

समा य देवेसु - ભવનપતિ આદિ દેવોમાં મિથ્યાત્વની અને સમ્યક્ત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ અને તે દેવોની ભવસ્થિતિ એ બે समा = સરખી છે, પરન્તુ [નરકગતિમાં કહ્યા પ્રમાણે] દેશન્યૂન નથી, એ ભાવાર્થ છે. તે આ પ્રમાણે - ભવનપતિથી પ્રારંભીને નવમા ગ્રૈવેયક સુધીના દેવોમાં ઉત્પત્તિથી ચ્યવન સુધી મિથ્યાત્વ સહિત દેવો હોય છે, (અર્થાત્ એ દેવો સંપૂર્ણ આયુષ્ય સુધી પણ મિથ્યાત્વવાળા હોય છે) તે કારણથી એ દેવોમાં જેની જેની જે પોતાની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ એકત્રીસ સાગરોપમ સુધીની છે, તે ભવસ્થિતિ મિથ્યાત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ સાથે સરખી છે (અર્થાત્ તે ભવસ્થિતિ જેટલી જ મિથ્યાત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ છે), એ પ્રસિદ્ધ જ છે. વળી અનુત્તર વિમાનમાં તો મિથ્યાદૃષ્ટિ દેવ સર્વથા હોય જ નહિ [માટે અહીં અનુત્તર સુધીના દેવની ભવસ્થિતિ ન કહી].

તથા ભવનપતિથી પ્રારંભીને અનુત્તર વિમાન સુધીના દેવોમાં ઉત્પત્તિસમયથી યાવત્

૧. મિથ્યાત્વસહિત ઉત્પન્ન થયેલો નારક અપર્યાપ્તાવસ્થામાં સમ્યક્ત્વ પામી શકે નહિ, કારણ કે નારક હોય અથવા તો કોઈ પણ ગતિવાળા જીવને અપર્યાપ્ત અવસ્થામાં તો મિથ્યાત્વ પણ પૂર્વ ભવથી જ લાવેલું હોય, અથવા તો સમ્યક્ત્વ પણ પૂર્વ ભવનું આવેલું જ હોય, પણ તાદ્દભવિક ન હોય.

૨. પશ્ચાદ્ ભવનું મિથ્યાત્વ તે પશ્ચાદ્ ભવ સંબંધી ગણાય, પરન્તુ નરકગતિનું ન ગણાય, માટે મિથ્યાત્વ જો કે અખંડ દીર્ઘ સ્થિતિવાળું છે તો પણ ગતિભેદથી જ અહીં અન્તર્મુહૂર્ત્ત સ્થિતિનું ગણ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચ્યવનપર્યંત (મરણપર્યન્ત) પણ સમ્યક્ત્વસહિત દેવો હોય છે. માટે તે દેવોની પણ જે પોતપોતાની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ ૩૩ સાગરોપમ સુધીની છે, તે પણ સમ્યક્ત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ સાથે તુલ્ય છે, એ પણ અહીં પ્રસિદ્ધ જ છે. [અર્થાત્ દેવોની જેટલી ભવસ્થિતિ તેટલા જ પ્રમાણવાળી દેવોના સમ્યક્ત્વની પણ સ્થિતિ છે, જેથી ઉત્કૃષ્ટ સમ્યક્ત્વસ્થિતિ ૩૩ સાગરોપમ જેટલી છે].

प्रश्नः વૈમાનિક દેવોના સમ્યક્ત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ વૈમાનિક દેવોના ઉત્પત્તિસમયથી પ્રારંભીને કહી તે તો યુક્ત જ છે, કારણ કે પૂર્વભવમાંથી સાથે આવેલા સમ્યક્ત્વસહિત જ જીવની વૈમાનિક દેવોમાં ઉત્પત્તિ થાય છે માટે, પરન્તુ ભવનપતિ, વ્યન્તર અને જ્યોતિષી દેવોમાં સમ્યક્ત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ પોતપોતાના આયુષ્ય સમાન કેવી રીતે હોય ? કારણ કે પૂર્વભવના સમ્યક્ત્વસહિત જીવો ભવનપત્યાદિકમાં ઉત્પન્ન થતા નથી. કારણ કે सम्मद्दिट्ठी जीवो, विमाणवज्जं न बंधए आउं ઇત્યાદિ વચન હોવાથી. વળી જો એમ કહો કે તદ્‌ભવ સંબંધી સમ્યક્ત્વના લાભની અપેક્ષાએ [એટલે ભવનપતિ આદિ દેવ પોતાના દેવભવમાં જ જે સમ્યક્ત્વ પ્રાપ્ત કરે તેની અપેક્ષાએ] એ વાત હશે, તો તેમ પણ નથી. કારણ કે અપર્યાપ્ત અવસ્થામાં સમ્યક્ત્વના લાભનો અસંભવ હોવાથી અહીં દેવગતિના સમ્યક્ત્વમાં પણ તે અપર્યાપ્તકાળ જેટલા દેશ વડે ભવસ્થિતિની ન્યૂનતાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. (અર્થાત્ નરકગતિવત્ અહીં ભવનપતિ આદિ ત્રણ દેવોની દેવગતિમાં પણ સમ્યક્ત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ તે દેવની ભવસ્થિતિથી કંઈક ન્યૂન પ્રમાણવાળી ગણવાનો પ્રસંગ આવે છે, માટે ભવનપતિ આદિ ત્રણ નિકાયના દેવોના સમ્યક્ત્વની સ્થિતિ સ્વભવસ્થિતિતુલ્ય કેવી રીતે ?).

उत्तरः એ તમારૂં કહેવું જો કે સત્ય છે, પરન્તુ કાર્મગ્રંથિકોના અભિપ્રાય પ્રમાણે જ સમ્યક્ત્વસહિત જીવ ભવનપત્યાદિ દેવોમાં ઉત્પન્ન ન થાય. સિદ્ધાન્તના અભિપ્રાય પ્રમાણે તો જેણે ચારિત્રની વિરાધના કરેલી છે એવો કોઈ જીવ સમ્યક્ત્વસહિત પણ ભવનપતિ આદિકમાં ઉત્પન્ન થાય છે, અને તે સિદ્ધાન્તના અભિપ્રાયની જ અહીં વિવક્ષા-અપેક્ષા છે. માટે એ પૂર્વોક્ત કથનમાં કોઈ દોષ નથી. એ ૨૨૬મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૨૨૬॥ इति देवगतौ गुण[1] स्थानकालः ॥

अवतरणः એ પ્રમાણે નરકગતિમાં અને દેવગતિમાં મિથ્યાત્વ તથા સમ્યક્ત્વ એ બે ગુણસ્થાનનો જઘન્ય કાળ અને ઉત્કૃષ્ટ કાળ દિગ્દર્શન માત્ર દર્શાવ્યો [અતિસંક્ષેપથી કહ્યો]. હવે મનુષ્યગતિમાં તથા તિર્યંચગતિમાં તે ગુણસ્થાનોનો કાળ દર્શાવવાને આ ગાથા કહેવાય છે :

**मिच्छाणं कायठिई, उक्कोस भवट्ठिई य सम्माणं ।**
**तिरियनरेगिंदियमा - इएसु एवं विभइयव्वा ॥२२९॥**

गाथार्थः તિર્યંચગતિ અને મનુષ્યગતિમાં મિથ્યાત્વનો કાળ તેમની કાયસ્થિતિતુલ્ય જાણવો, અને સમ્યક્ત્વનો કાળ તેઓની ભવસ્થિતિતુલ્ય જાણવો. એ પ્રમાણે તિર્યંચગતિ,

૧. નારક તથા દેવને સંભવતાં સાસ્વાદન અને મિશ્ર એ બે ગુણસ્થાનનો ઉત્કૃષ્ટ કાળ પૂર્વે કહ્યા પ્રમાણે જ છ આવલિકા અને અન્તર્મુહૂર્ત જાણવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનુષ્યગતિ અને એકેન્દ્રિય વિગેરેમાં પણ યથાસંભવ કાળનું પ્રમાણ વિભજવું - વિશેષે કરીને પોતાની મેળે જાણવું. ॥૨૨૭॥

ટીકાર્થઃ तिरियनरेगिंदिय ઈત્યાદિ - સામાન્યથી તિર્યંચગતિમાં વર્તતા તિર્યંચોના અને મનુષ્યગતિમાં વર્તતા મનુષ્યોના मिच्छाणं = મિથ્યાદૃષ્ટિઓના મિથ્યાત્વનો ઉત્કૃષ્ટ સ્થિતિકાળ આ પ્રમાણે છે - એ સંબંધ. તે કેટલો છે ? તે કહે છે - कायट्ठिई उक्कोस- સામાન્યથી તિર્યંચોની અને મનુષ્યોની જેટલી ઉત્કૃષ્ટ કાયસ્થિતિ દરેકની પૂર્વે કહી છે, તેટલો જ મિથ્યાદષ્ટિ તિર્યંચ મનુષ્યોના મિથ્યાત્વનો પણ ઉત્કૃષ્ટ સ્થિતિકાળ છે, એ ભાવાર્થ છે. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે :

પ્રથમ સામાન્યથી તિર્યંચોની અસંખ્યાતા પુદ્ગલપરાવર્ત જેટલી ઉત્કૃષ્ટ કાયસ્થિતિ આ (જીવસમાસ) ગ્રંથમાં જ પૂર્વે કહેવાઈ ગઈ છે. અને જ્યારે મિથ્યાદૃષ્ટિ જીવ તિર્યંચગતિમાં ઉત્પન્ન થયો છતો તે ભાવને (મિથ્યાત્વયુક્ત તિર્યંચપણાને) છોડ્યા વિના વારંવાર એમાં જ (મિથ્યાદૃષ્ટિ તિર્યંચપણે જ) ઉત્પન્ન થયો છતો ઉત્કૃષ્ટથી એટલા કાળ સુધી (અસંખ્ય પુદ્ગલ-પરાવર્ત્ત સુધી) તિર્યંચગતિમાં રહે, ત્યારે તેવા તિર્યંચના મિથ્યાત્વનો પણ તે અસંખ્ય પુદ્ગલપરાવર્ત જેટલો ઉત્કૃષ્ટ સ્થિતિકાળ સિદ્ધ થાય છે. [એ રીતે મિથ્યાત્વનો ઉત્કૃષ્ટ કાળ તિર્યંચગતિમાં કહ્યો].

તથા મનુષ્યોની પણ સામાન્યથી આઠ ભવોની મળીને પૂર્વક્રોડપૃથક્ત્વ વર્ષ (સાત પૂર્વક્રોડ વર્ષ) અધિક ત્રણ પલ્યોપમ જેટલી ઉત્કૃષ્ટ કાયસ્થિતિ [આ ગ્રંથમાં જ પૂર્વે] કહી છે, તે કારણથી કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ મનુષ્યગતિમાં પણ ઉત્કૃષ્ટથી એટલા કાળ સુધી નિરન્તરપણે ભ્રમણ કરે (ઉત્પન્ન થાય) તો તેવા મિથ્યાદૃષ્ટિ મનુષ્યના મિથ્યાત્વનો એટલો ઉત્કૃષ્ટ સ્થિતિકાળ થાય તો તે યુક્તિયુક્ત જ છે. એ પ્રમાણે તિર્યંચગતિમાં અને મનુષ્યગતિમાં મિથ્યાત્વનો ઉત્કૃષ્ટ સ્થિતિકાળ કહ્યો. હવે સમ્યક્ત્વનો ઉત્કૃષ્ટ સ્થિતિકાળ એ જ બે ગતિમાં કહેવાય છે. તે આ પ્રમાણે :

ત્યાં એ सम्माणं = સમ્યગ્દૃષ્ટિ તિર્યંચોના અને સમ્યગ્દૃષ્ટિ મનુષ્યોના સમ્યક્ત્વનો ઉત્કૃષ્ટ સ્થિતિકાળ આ પ્રમાણે છે - એ સંબંધ છે. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે - તિર્યંચોની અને મનુષ્યોની એ દરેકની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ (આયુઃસ્થિતિ) પૂર્વે ત્રણ પલ્યોપમ જેટલી કહી છે. અને જ્યારે કર્મભૂમિનો મનુષ્ય કે જેણે પ્રથમ અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા (ઉત્કૃષ્ટથી ૩ પલ્યોપમ આયુષ્યવાળા) તિર્યંચનું આયુષ્ય બાંધ્યું છે, અને તે આયુષ્ય બાંધ્યા બાદ સાત દર્શનમોહનીય પ્રકૃતિનો (મિથ્યાત્વાદિ ત્રણ તથા અનંતાનુબંધી ચારનો) ક્ષય કરીને ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ થઈને દેવકુરુ અથવા ઉત્તરકુરુમાં રહેલા ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા તિર્યંચમાં ઉત્પન્ન થાય, ત્યારે તે ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ યુગલિક તિર્યંચના સમ્યક્ત્વનો ત્રણ પલ્યોપમરૂપ ઉત્કૃષ્ટ ભવસ્થિતિ - આયુષ્ય જેટલો ઉત્કૃષ્ટ સ્થિતિકાળ પ્રાપ્ત થાય છે. પરન્તુ ક્ષયોપશમ સમ્યક્ત્વ આશ્રયિ એટલો કાળ પ્રાપ્ત થતો નથી. કારણ કે તે અસંખ્ય વર્ષના આયુષ્યવાળા યુગલિક તિર્યંચોને (વા મનુષ્યોને) પૂર્વભવમાંથી સાથે આવેલું ક્ષયોપશમ સમ્યક્ત્વ હોતું[1] નથી. કારણ કે ક્ષયોપશમ સમ્યક્ત્વસહિત મનુષ્ય(તથા તિર્યંચ)ની તો

૧. આ સંબંધમાં શ્રી કાલ લોકપ્રકાશાન્તર્ગત યુગલિકવર્ણનમાં કહેલા મતાંતરો દેખવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૈમાનિક દેવોમાં જ ઉત્પત્તિ છે, અને તે યુગલિક ભવમાં જો નવું પ્રાપ્ત થાય (નવું ક્ષયોપશમ સમ્યક્ત્વ પામે) તો પર્યાપ્ત અવસ્થામાં જ થાય, પરન્તુ અપર્યાપ્ત અવસ્થામાં ન થાય. એ પ્રમાણે હોવાથી સમ્યક્ત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ તિર્યંચગતિમાં ભવસ્થિતિકાળ જેટલી (સાત પૂર્વક્રોડ વર્ષ અને ત્રણ પલ્યોપમ જેટલી) ન થાય પરન્તુ દેશન્યૂન (અન્તર્મુહૂર્તન્યૂન) થાય (માટે ક્ષયોપશમ સમ્યક્ત્વ આશ્રયિ સ્થિતિકાળ ન વિચારવો - એ તાત્પર્ય છે).

પ્રશ્ન : અહીં કોઈ પ્રશ્ન કરે છે કે - ભલે એમ હોય (એટલે ક્ષયોપશમ સમ્યક્ત્વ આશ્રયિ નહિ. પરન્તુ ક્ષાયિક સમ્યક્ત્વ આશ્રયિ સમ્યક્ત્વનો સ્થિતિકાળ વિચારાય), પરન્તુ તિર્યંચોને તો ક્ષપકશ્રેણિના પ્રારંભનો જ નિષેધ હોવાથી તે ક્ષાયિક સમ્યક્ત્વનો સ્થિતિકાળ તિર્યંચની ભવસ્થિતિ જેટલો થાય તે તિર્યંચો માટે તો યોગ્ય છે, પરન્તુ [મનુષ્યને અંગે સમાનતા કેવી રીતે ? કારણ કે -] મનુષ્ય પણ જ્યારે કર્મભૂમિજની અવસ્થામાં (સંખ્યાત આયુષ્યવાળો કર્મભૂમિનો મનુષ્ય) પ્રથમ ક્ષાયિક સમ્યક્ત્વ પામીને ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા મનુષ્યોમાં જ ઉત્પન્ન થાય (અર્થાત્ અસંખ્યવર્ષાયુષ્યવાળા મનુષ્યોમાં ઉત્પન્ન થાય), એમ તમોએ પહેલા પણ કહ્યું છે, તો તે બન્ને અવસ્થામાં (સંખ્યાતવર્ષાયુષ્યવાળી પહેલી અને અસંખ્યવર્ષાયુષ્યવાળી બીજી એ બન્ને અવસ્થામાં મનુષ્યગતિની (મનુષ્યપણાની સમાનતા હોવાથી મનુષ્યના સમ્યક્ત્વનો સ્થિતિકાળ પૂર્વભવમાં પ્રાપ્ત કરેલા સમ્યક્ત્વના કાળ વડે અધિક થાય છે, તો તે અધિકતા કેવી રીતે નિવારી શકાય ? [અર્થાત્ મનુષ્યગતિમાં તો સમ્યક્ત્વનો કાળ (પૂર્વભવ સંબંધી મનુષ્યભવસ્થિતિ વડે) સાધિક[૧] ત્રણ પલ્યોપમ જેટલો કહેવો જોઈએ તેને બદલે સંપૂર્ણ ૩ પલ્યોપમ જેટલો જ કેમ કહ્યો ?]

ઉત્તર: એ વાત સત્ય છે કે મનુષ્યગતિમાં સમ્યક્ત્વનો કાળ તિર્યંચના સમ્યક્ત્વકાળથી સાધિક છે અને તે સાધિકતા કોઈ રીતે નિવારી શકાય તેવી નથી. પરન્તુ અતિઅલ્પતા[૨]ના કારણથી સૂત્રકર્તાએ અહીં તેવા સ્થિતિકાળની વિવક્ષા કરી નથી, પરન્તુ ઉપલક્ષણવ્યાખ્યાથી (સંભવતો નહિ કહ્યા છતાં પણ અધ્યાહાર વડે ગ્રહણ કરવાથી) તે સાધિક ભવસ્થિતિ-સમાનતા એમાં પોતાની મેળે જાણી લેવી. વળી અહીં મિથ્યાત્વની અને સમ્યક્ત્વની જઘન્ય સ્થિતિ તો પૂર્વે કહ્યા પ્રમાણે પોતાની મેળે જ જાણી લેવી.

એ પ્રમાણે મનુષ્યગતિમાં મિથ્યાત્વનો તથા સમ્યક્ત્વનો સ્થિતિકાળ કહ્યો. તેમજ

---

૧. અહીં પ્રથમ ક્ષયોપશમ સમ્યક્ત્વવાળો જ જીવ ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે છે, માટે મનુષ્યભવમાં મિથ્યાત્વ ગુણસ્થાનમાં યુગલિક મનુષ્યનું આયુષ્ય બાંધ્યું, ત્યારબાદ ક્ષયોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યો, એવો સંખ્યાત વર્ષના આયુષ્યવાળો મનુષ્ય યુગલિકમાં ઉત્પન્ન થયો, તે આશ્રયિ અહીં સમ્યક્ત્વનો ઉત્કૃષ્ટ સ્થિતિકાળ કહ્યો. ત્યાં સાધિકતા ગણવી હોય તો આયુષ્ય બાંધ્યા પછીના કાળની જ સાધિકતા ગણાય. અને આયુષ્યનો બંધ ભવનો ત્રીજો ભાગ શેષ રહ્યે થવાથી દેશોન ૧/૩ (એક તૃતીયાંશ એટલે પૂર્વક્રોડ વર્ષનો એક તૃતીયાંશ) ભાગ જેટલી અધિકતા ગણી શકાય. આયુષ્યબંધ વખતે જો ક્ષયોપશમ સમ્યક્ત્વ ગણીએ તો તે ક્ષયોપશમ સમ્યક્ત્વમાં વર્તતો મનુષ્ય મનુષ્યાયુષ્ય બાંધી શકતો નથી. માટે આયુષ્યબંધ વખતે મિથ્યાત્વ જ ગણવું જોઈએ.

૨. અહીં અલ્પતા તે પૂર્વભવમાં દીર્ઘ કાળના ક્ષયોપશમ સમ્યક્ત્વવાળા મનુષ્યો ક્ષાયિક સમ્યક્ત્વ પામીને યુગલિક મનુષ્યમાં ઉત્પન્ન થાય, તે અતિઅલ્પ જાણવા.

તિર્યંચગતિમાં પણ (આ ગાથાને વિષે પહેલો જ) કહ્યો. ત્યાં તિર્યંચગતિમાં જે સ્થિતિકાળ કહ્યો તે સામાન્ય માત્ર તિર્યંચગતિ આશ્રયિ કહ્યો. પરન્તુ એકેન્દ્રિયાદિ વિશેષ ભેદથી કહ્યો નથી. તે કારણથી હવે એકેન્દ્રિયાદિકમાં તે સ્થિતિકાળની ભલામણ કરતા છતા ગ્રંથકાર કહે છે કે - एगिंदिमाइएसु ઇત્યાદિ, - એકેન્દ્રિય આદિમાં; અહીં આદિ શબ્દથી દ્વીન્દ્રિયાદિકનું પણ ગ્રહણ જાણવું (અર્થાત્ દ્વીન્દ્રિયાદિકમાં પણ મિથ્યાત્વાદિક ગુણસ્થાનનો સ્થિતિકાળ કહેવાનો છે). ત્યાં તે એકેન્દ્રિયાદિ જીવોમાં પૂર્વે કહ્યા પ્રમાણે (જીવભેદમાં ગુણસ્થાનપ્રાપ્તિ પ્રથમ દર્શાવી ગયા છે તે પ્રમાણે) જેને જે મિથ્યાત્વાદિ ગુણસ્થાન સંભવતું હોય, તેમાં તે ગુણસ્થાનનો સ્થિતિકાળ विभइयव्वा = વિભજવો - એટલે પોતાની મેળે જ વિચારીને જાણવો. અને અહીં તે કાળ સાક્ષાત્ - સ્પષ્ટ નહિ કહેવાય, કારણ કે ગ્રંથ વધી જવાના ભયથી, તેમજ તથાપ્રકારના ઉપયોગનો પણ અભાવ હોવાથી (અર્થાત્ એકેન્દ્રિયાદિ વિશેષભેદમાં કહેલો ગુણસ્થાનકાળ બહુ ઉપયોગી નથી, અને કહેવાથી ગ્રંથ પણ ઘણો વધી જાય માટે અહીં તે કાળ કહેવાશે નહિ). એ પ્રમાણે ૨૨૭મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૨૨૭॥

---

૧. અહીં ગ્રંથમાં પોતાની મેળે વિચારી લેવા યોગ્ય એકેન્દ્રિયાદિકનાં ગુણસ્થાનોનો સ્થિતિકાળ જે રીતે સંભવે છે તે રીતે કિંચિત્ દિગ્દર્શનમાત્રથી દર્શાવાય છે -

एकेन्द्रियमां - મિથ્યાત્વ ગુણસ્થાનનો સતતકાળ આવલિકાના અસંખ્યાતમા ભાગ જેટલા અસંખ્યાતા પુદ્ગલપરાવર્ત્ત જાણવો. કારણ કે એકેન્દ્રિયજીવ એટલી કાયસ્થિતિ સુધી ભ્રમણ કરે, તે અપેક્ષાએ જાણવો. તથા સાસ્વાદન ગુણસ્થાનનો કાળ તો ૬ આવલિકા જેટલો સંભવે છે. કારણ કે સંજ્ઞી પંચેન્દ્રિય જીવ ઉપશમ સમ્યક્ત્વ પામીને સમ્યક્ત્વના અન્ત્ય સમયે મરણ પામે, અથવા તો સમયાદિ ન્યૂન રહ્યે મરણ પામે તો પણ એકેન્દ્રિય ભવમાં ઉત્પન્ન થતી વખતે એકેન્દ્રિય ભવના પ્રથમ સમયમાં સાસ્વાદનભાવ જ વર્તતો હોય છે.

द्वीन्द्रियमां - મિથ્યાત્વનો ઉત્કૃષ્ટ સ્થિતિકાળ પોતાની સંખ્યાતા હજાર વર્ષની કાયસ્થિતિ જેટલો જાણવો, અને સાસ્વાદનનો કાળ ૬ આવલિકા પ્રમાણ જાણવો.

त्रीन्द्रियमां - દ્વીન્દ્રિયવત્ બે ગુણસ્થાનનો કાળ જાણવો.

चतुरिन्द्रियमां - દ્વીન્દ્રિયવત્ બે ગુણસ્થાનનો કાળ જાણવો.

असंज्ञिपंचेन्द्रियमां - મિથ્યાત્વ ગુણસ્થાનનો કાળ સાત પૂર્વક્રોડ વર્ષ જાણવો. કારણ કે અસંજ્ઞી પંચેન્દ્રિયની કાયસ્થિતિ એટલી જ છે. અને સાસ્વાદનનો કાળ છ આવલિકા જેટલો જાણવો. અહીં અસંજ્ઞી પંચેન્દ્રિયમાં અસંજ્ઞી ચતુષ્પદ તથા અસંજ્ઞી પક્ષીઓ ન જાણવા, પરન્તુ જલચર, ઉરઃપરિસર્પ તથા ભુજપરિસર્પ જાણવા. કારણ કે એ ત્રણ અસંજ્ઞિઓનું જ આયુષ્ય દરેકનું પૂર્વક્રોડ વર્ષનું છે, અને તેવા આયુષ્યવાળા ઉત્કૃષ્ટથી સાત જ ભવ કરે છે, પરન્તુ આઠમો ભવ કરતા નથી. અને આઠમો ભવ જો કરે છે તો ગર્ભજ જલચરાદિપણે ઉત્પન્ન થાય છે. જેથી અસંજ્ઞી પંચેન્દ્રિયની કાયસ્થિતિમાં ગર્ભજનો ભવ ગણતરીમાં લેવાય નહિ. વળી અસંજ્ઞી ચતુષ્પદનું આયુષ્ય માત્ર ચોર્યાસી હજાર વર્ષનું અને અસંજ્ઞી પક્ષીઓનું આયુષ્ય માત્ર ૭૨૦૦૦ વર્ષનું હોવાથી ઉત્કૃષ્ટ સ્થિતિકાળ કહેવાના પ્રસંગે એ બે અલ્પ આયુષ્યવાળાનું ગ્રહણ થાય નહિ.

संज्ञिपंचेन्द्रियमां - મિથ્યાત્વનો કાળ ઘણા સેંકડો સાગરોપમથી (શતપૃથક્ત્વ સાગરોપમથી) અધિક જાણવો, અને સાસ્વાદનનો ૬ આવલિ પ્રમાણ. મિશ્રાદિકના પૂર્વે કહ્યા પ્રમાણે.

पंचेन्द्रियमां - મિથ્યાત્વનો કાળ હજાર પૃથક્ત્વ (ઘણા હજાર) સાગરોપમથી અધિક અને સાસ્વાદનનો કાળ ૬ આવલિકા પ્રમાણ. મિશ્રાદિકના પૂર્વે કહ્યા પ્રમાણે.

पर्याप्तमां - મિથ્યાત્વનો કાળ સાધિક શતપૃથક્ત્વ સાગરોપમ, શેષ પૂર્વોક્તવત્.

अवतरणः એ પ્રમાણે વિશેષ વિચારપૂર્વક ચાર ગતિમાં મિથ્યાત્વ અને સમ્યક્ત્વનો સ્થિતિકાળ કહ્યો. હવે મનુષ્યગતિમાં જ સાસ્વાદન ગુણસ્થાન અને મિશ્ર ગુણસ્થાનનો કાળ અનેક જીવની અપેક્ષાએ તેમજ એક જીવની અપેક્ષાએ પણ કહેવાય છે. તે આ પ્રમાણે :

**सासायणमिस्साणं, नाणाजीवे पडुच्च मणुएसु ।**
**अंतोमुहुत्तमुक्कोस - कालमवरं जहुद्दिट्ठं ॥२२८॥**

गाथार्थः સાસ્વાદનનો અને મિશ્ર ગુણસ્થાનકનો કાળ મનુષ્યગતિમાં અનેક જીવની અપેક્ષાએ અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ છે, એ ઉત્કૃષ્ટ કાળ જાણવો. અને અપર (એ બેનો અનેક જીવ આશ્રયિ જઘન્ય કાળ તથા એક જીવ આશ્રયિ જઘન્ય અને ઉત્કૃષ્ટ એ બન્ને પ્રકારનો) કાળ જેવી રીતે પ્રથમ નિર્દેશેલો - દર્શાવેલો છે તેવી રીતે જાણવો (અર્થાત્ ઓઘથી પ્રથમ કહેવાયો છે તદ્વત્ જાણવો). ॥૨૨૮॥

टीकार्थः મનુષ્યોમાં અનેક જીવ આશ્રયિ (ઘણા મનુષ્યોની અપેક્ષાએ સમુદાયપણે વિચારતાં) સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિઓના તથા મિશ્રદૃષ્ટિઓના ઉત્કૃષ્ટ કાળના નિરૂપણ આશ્રયિ (ઉત્કૃષ્ટ કાળ કહેવાનો છે તે આશ્રયિ વિચાર કરીએ તો તે ઉત્કૃષ્ટ કાળ) અન્તર્મુહૂર્ત્ત પ્રમાણનો છે. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે - સાસ્વાદન ગુણસ્થાનવર્તી મનુષ્યો તથા મિશ્રદૃષ્ટિ મનુષ્યો મનુષ્યગતિમાં ઘણા મનુષ્યોની અપેક્ષાએ નિરન્તર વર્તે તો ઉત્કૃષ્ટથી દરેક અન્તર્મુહૂર્ત્ત સુધી

---

अपर्याप्तमां - મિથ્યાત્વનો કાળ ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત્ત, કારણ કે અપર્યાપ્ત જીવ અપર્યાપ્તપણામાં વારંવાર ઉત્પન્ન થાય તો પણ અન્તર્મુહૂર્ત્ત સુધી જ ઉત્પન્ન થાય, ત્યારબાદ અવશ્ય પર્યાપ્ત થાય. માટે અપર્યાપ્તની કાયસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત માત્ર હોવાથી મિથ્યાત્વનો કાળ પણ અન્તર્મુહૂર્ત્ત જાણવો. સાસ્વાદન ગુણસ્થાન લબ્ધિ અપર્યાપ્તને હોય નહિ, માટે તે લબ્ધિ અપર્યાપ્તની અપેક્ષાએ અહીં સાસ્વાદનનો કાળ પણ કહેવાય નહિ. પરન્તુ કરણ અપર્યાપ્ત અવસ્થાની અપેક્ષાએ ગણિયે તો સાસ્વાદન ગુણસ્થાનનો કાળ ૬ આવલિકા જેટલો, અને સમ્યક્ત્વ ગુણસ્થાનનો કાળ પણ અપર્યાપ્તાવસ્થાના અન્તર્મુહૂર્ત્ત જેટલો જાણવો. અપર્યાપ્તાવસ્થામાં મિશ્ર આદિ અગિયાર ગુણસ્થાનનો અભાવ છે, માટે તે ગુણસ્થાનોના કાળ પણ અહીં કહેવાય નહિ.

सूक्ष्ममां - મિથ્યાત્વનો કાળ પોતાની અસંખ્ય ઉત્સર્પિણી- અવસર્પિણીરૂપ કાયસ્થિતિ જેટલો જાણવો, અને સાસ્વાદનાદિ ગુણસ્થાનોનો અભાવ છે.

बादरमां - સૂક્ષ્મવત્ મિથ્યાત્વ ગુણસ્થાનનો કાળ અસંખ્ય ઉત્સર્પિણી - અવસર્પિણી જાણવો. અને સાસ્વાદનાદિકનો સ્વ-સ્વ ગુણસ્થાનની કાયસ્થિતિતુલ્ય પૂર્વે કહ્યા પ્રમાણે જાણવો.

पृथ्वीकायमां - મિથ્યાત્વકાળ અસંખ્ય ઉત્સર્પિણી - અવસર્પિણી જેટલો, સાસ્વાદનનો ૬ આવલિકા.

अप्कायमां - મિથ્યાત્વકાળ અસંખ્ય ઉત્સર્પિણી - અવસર્પિણી જેટલો, સાસ્વાદનનો ૬ આવલિકા.

अग्निकायमां - મિથ્યાત્વકાળ અસંખ્ય ઉત્સર્પિણી - અવસર્પિણી જેટલો, અને સાસ્વાદનપણું વિગેરે હોય નહિ.

वायुकायमां - મિથ્યાત્વકાળ અગ્નિકાયવત્ અને સાસ્વાદનાદિનો અભાવ છે.

प्रत्येक वनस्पति - મિથ્યાત્વકાળ અસંખ્ય ઉત્સર્પિણી - અવસર્પિણી જેટલો, અને સાસ્વાદનનો ૬ આવલિકા. મિશ્રાદિકનો અભાવ છે.

साधारण वनस्पति - મિથ્યાત્વકાળ આવલિકાના અસંખ્યાતમા ભાગના અસંખ્યાત પુદ્ગલપરાવર્ત જેટલો. સાસ્વાદનાદિકનો અભાવ છે.

बादर पृथ्वीकायादि त्रणमां - મિથ્યાત્વકાળ ૭૦ કોડાકોડિ સાગરોપમ જેટલો, અને સાસ્વાદનનો ૬ આવલિકા.

એ પ્રમાણે જેની જેટલી કાયસ્થિતિ તેનો તેટલો સતત મિથ્યાત્વકાળ કહેવો, અને જ્યાં કંઈ વિશેષતા હોય તો તે પોતાની બુદ્ધિથી સમ્યક્પ્રકારે વિચારીને કહેવી.

વર્તે, એથી અધિક કાળ ન વર્તે. કારણ કે અન્તર્મુહૂર્ત્ત વ્યતીત થયા બાદ અવશ્ય એ બે ગુણસ્થાનનો વિરહકાળ પ્રાપ્ત થાય છે. (જેથી અન્તર્મુહૂર્ત્ત વીત્યા બાદ કોઈ પણ મનુષ્ય સાસ્વાદનભાવવાળો ન પામીએ, તેમજ કોઈ પણ મનુષ્ય મિશ્રદૃષ્ટિવાળો પણ ન પામીએ).

પ્રશ્નઃ અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે - મનુષ્યગતિમાં અનેક મનુષ્યોની અપેક્ષાએ જો સાસ્વાદન-મિશ્રનો ઉત્કૃષ્ટ આટલો નિરન્તરકાળ છે, તો જઘન્યથી કેટલો છે ? તે કહો. તથા એક જીવ (એક મનુષ્ય)ની અપેક્ષાએ જઘન્ય અને ઉત્કૃષ્ટ કાળ કેટલો છે ? તે અહીં સમજાવો. (હવે એ પ્રશ્નનો ઉત્તર દર્શાવાય છે -)

उत्तरः अवरं जहुद्दिट्ठं - અપર એટલે બીજું પ્રમાણ અર્થાત્ જે પ્રમાણ કહેવાઈ ગયું છે તેથી બાકી રહેલું કાળપ્રમાણ, તે કયું ? તે કહે છે - અનેક જીવ આશ્રયિ જઘન્ય સ્થિતિપ્રમાણ, અને એક જીવ આશ્રયિ તો જઘન્ય અને ઉત્કૃષ્ટ એ બન્ને સ્થિતિપ્રમાણ (કહેવાં બાકી રહેલાં ત્રણ પ્રમાણો) યથોદ્દિષ્ટ જાણવાં. અર્થાત્ यथा = જે પ્રકારે કંઈ પણ વિશેષ ભેદ વિના ચારે ગતિ આશ્રયિ ઓઘ વિચારમાં (સામાન્ય ચિંતા પ્રસંગે) સાસ્વાદન અને મિશ્ર ગુણસ્થાનનું જે સ્થિતિપ્રમાણ पल्ला[1]संखियभागो, सासणमिस्सा य हुंति ઇત્યાદિ ગાથા વડે પૂર્વે उद्दिष्ट = ઉદ્દેશેલું - કહેલું છે, તેવી રીતે અહીં મનુષ્યગતિમાં પણ કહેવું, એ ભાવાર્થ છે.

એમાં કહેવાનું તાત્પર્ય એ છે કે - પૂર્વે, કંઈપણ વિશેષભેદરહિત એવી ચાર ગતિ સંબંધી સામાન્ય વિચાર દર્શાવતી વખતે સાસ્વાદન ગુણસ્થાનનો અને મિશ્ર ગુણસ્થાનનો અનેક જીવોની અપેક્ષાએ દરેકનો જુદો જુદો ઉત્કૃષ્ટ સ્થિતિકાળ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણનો પ્રથમ કહેવાઈ ગયો છે. અને અહીં તો માત્ર એક મનુષ્યગતિ આશ્રયિને જ વિશેષ ભેદે બે ગુણસ્થાનવાળાઓનો કાળ વિચારવાનો છે, તો તે અન્તર્મુહૂર્ત[2] પ્રમાણનો જ દર્શાવેલો છે એ વિશેષ છે (અર્થાત્ ચાર ગતિ આશ્રયિ એ બે ગુણસ્થાન પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સુધી વર્તે છે, અને મનુષ્યગતિમાં એ બે ગુણસ્થાન અન્તર્મુહૂર્ત્ત માત્ર વર્તે છે - એ વિશેષ છે). અને એ બે ગુણસ્થાનવાળા જીવોના - મનુષ્યોના શેષ - કહેવા બાકી રહેલા (ત્રણ પ્રકારના) કાળ તો જેમ પૂર્વે દર્શાવ્યા છે, તેમ અહીં પણ કહેવા. તે આ પ્રમાણે :

સાસ્વાદનનો અનેક જીવ આશ્રયિ જઘન્યથી ૧ સમય જેટલો સ્થિતિકાળ મનુષ્યગતિમાં છે, અને મિશ્રદૃષ્ટિઓનો જઘન્ય સતતકાળ અન્તર્મુહૂર્ત્ત છે. તથા એક મનુષ્ય આશ્રયિ પણ સાસ્વાદનનો જઘન્ય સતતકાળ ૧ સમય છે, અને ઉત્કૃષ્ટ સતતકાળ છ આવલિકા છે. તથા

૧. पल्लासंखियभागो, सासणमिस्सा य हुंति उक्कोसं ।
अविरहिया य जहण्णेण, एक्कसमयं मुहुत्तंतो ॥२२७॥

ચારે ગતિના અનેક જીવ આશ્રયિ સાસ્વાદન અને મિશ્રનો ઉત્કૃષ્ટ સતતકાળ સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલો, અને જઘન્ય સતતકાળ સાસ્વાદનનો એક સમય, તથા મિશ્રનો અન્તર્મુહૂર્ત્તપ્રમાણ જાણવો.

૨. ચારે ગતિમાં સામાન્યથી સાસ્વાદન - મિશ્રનો કાળ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલો ઘણો, અને મનુષ્ય ગતિમાં અન્તર્મુહૂર્ત્તમાત્ર જ અલ્પ સતતકાળ હોવાનું કારણ એમ સમજાય છે કે - તિર્યંચ, નારક અને દેવો અસંખ્યાતા હોવાથી અસંખ્યાત સાસ્વાદન વા મિશ્રભાવ એક પછી એક ઉપરાઉપરી ચાલુ રહેવાથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સુધી સતતકાળ ઘટી શકે છે, અને મનુષ્યો તો માત્ર સંખ્યાતા જ હોવાથી ઉપરાઉપરી સંખ્યાતી વાર જ સાસ્વાદન વા મિશ્રભાવની સતત પ્રાપ્તિ થતાં સંખ્યાત અન્તર્મુહૂર્ત્તપ્રમાણના એક અન્તર્મુહૂર્ત્ત જેટલો સતતકાળ ઘટી શકે છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક મનુષ્ય આશ્રયિ મિશ્ર ગુણસ્થાનનો સતત કાળ તો જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ જ છે. એ ૨૨૮ મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૨૨૮॥ इति गुणस्थानेषु स्थितिकालः॥

॥ अथ योगादिगुणानां कालमानम् ॥

अवतरणः એ પ્રમાણે માર્ગણાદ્વારોમાં ગતિમાર્ગણાને વિષે દિશા માત્ર દર્શાવવાને અર્થે (એટલે માર્ગણાઓમાં એ રીતે ગુણસ્થાનકાળ વિચારાય છે, એમ કિંચિત્ માત્ર રીતિ-પદ્ધતિ દેખાડવાને) મિથ્યાત્વ, સાસ્વાદન, મિશ્ર અને અવિરત સમ્યક્ત્વ એ ચાર ગુણસ્થાનનો અનેક જીવ આશ્રયિ તથા એક જીવ આશ્રયિ સ્થિતિકાળ દર્શાવ્યો. તે કારણથી એ રીતે શેષ ઇન્દ્રિયાદિ દ્વારોમાં - માર્ગણાભેદોમાં પણ ગુણસ્થાનોનો કાળ પોતાની બુદ્ધિથી જ વિચારીને કહેવો. અને હવે તો गुणकालप्ररूपणा કહેવાનો પ્રસંગ હોવાથી યોગ, વેદ તથા સંજ્ઞિપણું ઇત્યાદિ જીવના ગુણોનો અવસ્થિતિ કાળ કહેવાય છે. તે આ પ્રમાણે :

**काओगऽणंतकालं, वाससहस्सा उराल बावीसं ।**
**समयतिगं कम्मइओ, सेसा जोगा मुहुत्तंतो ॥२२९॥**

गाथार्थः કાયયોગનો સ્થિતિકાળ અનન્ત કાળ છે. ઔદારિક કાયયોગનો કાળ બાવીસ હજાર વર્ષનો, કાર્મણ કાયયોગનો કાળ ત્રણ સમયનો, અને શેષ તેર યોગના કાળ અન્તર્મુહૂર્ત્ત અન્તર્મુહૂર્ત્ત પ્રમાણના છે. ॥૨૨૯॥

टीकार्थः काओगऽणंतकालं - અહીં चीयते = વધઘટ થાય (અર્થાત્ વૃદ્ધિ પામે અને વૃદ્ધિ પામવાના ઉપલક્ષણથી પ્રતિસમય ક્ષય પણ પામે) તે काय. તથા युज्यते = જેના વડે જીવ કર્માદિકની સાથે યોજાય-સંબંધવાળો થાય તે योग કહેવાય. એ પ્રમાણે કાય અને તે (તેનો) યોગ તે કાયયોગ. તે કેવળ કાયયોગમાં જ વર્તતો (એટલે મન - વચનસહિત નહિ પણ મન વા વચનરહિત એવા કેવળ કાયયોગમાં વર્તતો) પ્રાણી અનન્ત કાળ સુધી રહે છે, અને તેવો પ્રાણી એકેન્દ્રિય જ હોય છે એમ જાણવું. તે એકેન્દ્રિયનો અસંખ્યાતા (આવલિકાના અસંખ્યાતમા ભાગના જેટલા સમય તેટલા અસંખ્યાતા) પુદ્ગલપરાવર્ત્ત જેટલો કાયસ્થિતિકાળ પૂર્વે કાયસ્થિતિના અધિકારમાં દર્શાવેલો જ છે. જેથી એટલા (અનન્ત) કાળ સુધી તે એક જ એકેન્દ્રિય જીવ કેવળ કાયયોગમાં જ વર્તે છે. વળી એકેન્દ્રિયને મનયોગનો અને વચનયોગનો અભાવ છે, તે કારણથી કાયયોગનો ઉત્કૃષ્ટ સ્થિતિકાળ અનન્ત કહ્યો છે.

હવે કાયયોગના જ વિશેષ ભેદનો અવસ્થિતિકાળ કહે છે - वाससहस्सा उराल बावीसं - ઔદારિક કાયયોગનો ઉત્કૃષ્ટ સ્થિતિકાળ બાવીસ હજાર વર્ષ જેટલો (૨૨૦૦૦ વર્ષપ્રમાણ) છે. અને તે ખર બાદર પર્યાપ્ત પૃથ્વીકાય (રત્નાદિ પૃથ્વીની)ની અપેક્ષાએ પ્રાપ્ત થાય છે. (૨૨૦૦૦ વર્ષનું આયુષ્ય હોવાથી).

प्रश्न : ઔદારિક કાયયોગનો એ (બાવીસ હજાર વર્ષ જેટલો)સ્થિતિકાળ કહ્યો તે કાળ અનેક ભવોની અપેક્ષાએ સતતકાળ કહ્યો કે એક ભવની અપેક્ષાએ કહ્યો ? જો પ્રથમ પક્ષ અંગીકાર કરો (એટલે અનેક ભવ આશ્રયી કહો) તો દરેક ભવમાં નિરન્તર ઋજુગતિએ ઉપજતા એકેન્દ્રિયાદિ જીવનો ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ પણ થાય, એમ સિદ્ધાન્તમાં તે તે સ્થાને

દર્શાવેલું છે, તો તમોએ એટલો જ કાળ કેમ કહ્યો ? અને જો બીજા પક્ષથી (એક ભવ આશ્રયિ-પક્ષથી) કહો તો અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા યુગલિકોને એક જ ભવમાં ત્રણ પલ્યોપમ (નું આયુષ્ય હોવાથી, ત્યાં) સુધી ઉત્કૃષ્ટથી ઔદારિક કાયયોગનું અવસ્થાન પ્રાપ્ત થાય છે, તો અહીં બાવીસ હજાર વર્ષ પ્રમાણનો જ ઔદારિક કાયયોગનો ઉત્કષ્ટ સ્થિતિકાળ કેમ કહ્યો ?

उत्तर : એ તમારૂં કહેવું સત્ય છે. પરન્તુ અહીં બીજો જ પક્ષ (એક ભવ આશ્રયિ-પક્ષ) ગ્રહણ કરેલો છે. તેથી કેવળ એટલે વચનયોગ તથા મનયોગરહિત જે એકલો ઔદારિક કાયયોગ, તેનો જ સ્થિતિકાળ અહીં વિચારવાનો ઇષ્ટ છે. અને એવા પ્રકારનો કેવળ કાયયોગ અસંખ્યાત વર્ષના આયુષ્યવાળાને હોતો નથી; કારણ કે તેઓને તો વચનયોગ અને મનયોગનો પણ સદ્ભાવ છે. જ્યારે એકેન્દ્રિયોને તો તેવો કેવળ કાયયોગ જ હોય છે. અને તે એકેન્દ્રિયના એક ભવમાં બાવીસ હજાર વર્ષ જેટલો જ ઉત્કૃષ્ટ સ્થિતિકાળ હોય છે. એ બાબતના વિશેષ વિસ્તારથી સર્યું.

તથા समयतिगं कम्मइगो - કાર્મણ કાયયોગ તે કેવળ ભવાન્તરાલમાં જ (પરભવ જતાં માર્ગમાં જ) પ્રાપ્ત થાય છે, પરન્તુ અન્ય સ્થાને નહિ. અને ત્યાં (માર્ગમાં) પૂર્વે કહેલી ચાર સમયવાળી વિગ્રહગતિમાં આ કેવળ કાર્મણ કાયયોગ ઉત્કૃષ્ટથી પણ ત્રણ સમય જ પ્રાપ્ત[1] થાય છે. અને પાંચ સમયની વિગ્રહગતિ તો ઘણા અલ્પ જીવોને થનારી હોવાથી અહીં તેની વિવક્ષા કરી નથી.

प्रश्नः અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે - કાર્મણ કાયયોગથી તૈજસ કાયયોગ એકલો જુદો કદી પણ પ્રવર્તતો નથી. તે કારણથી કાર્મણ કાયયોગનો કાળ પ્રતિપાદન કરવાથી તૈજસ કાયયોગનો કાળ પણ તેટલો જ પ્રતિપાદન થયો એમ તો અમે સુખે જાણી શકીએ છીએ. પરન્તુ બાકીના વૈક્રિય કાયયોગ તથા આહારક કાયયોગ, અને વચનયોગ તથા મનયોગ એ બેનો અવસ્થિતિકાળ કહો. એ આશંકાના સમાધાન તરીકે હવે ગ્રંથકર્તા આ પ્રમાણે કહે છેઃ

उत्तरः सेसा जोगा मुहुत्तंतो - પૂર્વે કહેવાઈ ગયેલા યોગથી બાકી રહેલા વૈક્રિયયોગ, આહારકયોગ, વચનયોગ અને મનયોગ એ ચાર યોગ દરેક ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત્ત સુધી જ વર્તે છે. તે આ પ્રમાણે — મન - વચનરહિત જે કેવળ વૈક્રિય કાયયોગ તેનો જ કાળ કહેવાનો અહીં ઈષ્ટ છે. અને એવા પ્રકારનો કેવળ વૈક્રિયયોગ તો વાયુને જ હોય છે. તે પણ વૈક્રિય લબ્ધિવાળા વાયુકાયિક જીવોને જ હોય છે. પરન્તુ દેવ-નારક વિગેરેને હોતો નથી; કારણ કે તે દેવ-નારકોને તો વચનયોગ અને મનયોગ પણ હોય છે (એકલો વૈક્રિયયોગ હોતો નથી). અને વાયુકાય જીવોનો વૈક્રિય કાયયોગ ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત્ત જ રહે છે. માટે વૈક્રિયયોગનો સ્થિતિકાળ અન્તર્મુહૂર્ત્ત છે.

આહારકયોગ તો ચૌદ પૂર્વધર મુનિઓને વર્જીને બીજા કોઈને હોતો નથી જ. અને તે

---

૧. વ્યવહારનયથી ત્રણ સમયની વિગ્રહગતિમાં ૧ સમય કાર્મણયોગ, ચાર સમયની વિગ્રહગતિમાં ૨ સમય કાર્મણયોગ, અને પાંચ સમયની વિગ્રહગતિમાં ૩ સમય કાર્મણયોગ એ સર્વપ્રસિદ્ધ છે. અને અન્ય ગ્રંથકર્તાઓ વિશેષતઃ વ્યવહારનયને જ મુખ્ય ગણી તે પ્રમાણે કાર્મણ યોગનો કાળ પ્રતિપાદન કરે છે, ત્યારે આ ગ્રંથકર્તા નિશ્ચયનયના અવલંબનથી કાર્મણકાયયોગનો કાળ (અહીં) પ્રતિપાદન કરે છે. કારણ કે નિશ્ચયનયથી તો પૂર્વે કહ્યા પ્રમાણે જ બે સમયની વિગ્રહગતિમાં ૧ સમય કાર્મણયોગ, ત્રણ સમયની વિગ્રહગતિમાં ૨ સમય કાર્મણયોગ અને ચાર સમયની વિગ્રહગતિમાં ૩ સમય કાર્મણયોગ હોય છે.

Jain Education International

For Private & Personal Use Only
www.jainelibrary.org

આહારકયોગ તે ચૌદ પૂર્વધર મુનિઓને અન્તર્મુહૂર્તથી અધિક રહેતો નથી તે પ્રસિદ્ધ જ છે. તેમજ વચનયોગ અને મનયોગ પણ દરેક અન્તર્મુહૂર્ત[1] પ્રમાણ જ રહે છે.

એ પ્રમાણે યોગના ઉત્કૃષ્ટ સ્થિતિ[2]કાળ કહ્યા. જઘન્ય સ્થિતિકાળ તો પોતાની મેળે જ જાણી લેવા. તે આ પ્રમાણે - સામાન્યથી કાયયોગનો અને વિશેષથી વિચારતાં ઔદારિક કાયયોગનો તથા આહારક કાયયોગનો દરેકનો જઘન્ય સ્થિતિકાળ અન્તર્મુહૂર્તપ્રમાણ છે. વળી વૈક્રિય કાયયોગનો, કાર્મણ કાયયોગનો, વચનયોગનો તથા મનયોગનો એ ચાર યોગોનો દરેકનો જઘન્ય સ્થિતિકાળ એક [3]સમય જ છે. એ પ્રમાણે ૨૨૯મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥

---

૧. અન્તર્મુહૂર્ત બાદ પ્રતિસમય ગ્રહણ કરાતાં અને વિસર્જન કરાતાં મન તથા વચનનાં પુદ્‌ગલોનો એ ગ્રહણ-વિસર્જન પ્રયત્ન સતત અન્તર્મુહૂર્ત સુધી ચાલુ રહીને ત્યાર બાદ આત્મા તે પ્રયત્નથી કિંચિત્ વિરામ પામી અન્ય પ્રયત્નમાં પ્રવર્તી પુનઃ તે મન - વચનનાં પુદ્‌ગલોના ગ્રહણ - વિસર્જનમાં પ્રવર્તે છે. એ પ્રમાણે ભવપર્યન્ત અન્તર્મુહૂર્ત અન્તર્મુહૂર્ત સુધી જ તે તે યોગ ચાલુ રહે છે.

૨. કાયયોગનો અને ઔદારિક કાયયોગનો ઉત્કૃષ્ટ સ્થિતિકાળ આ ગ્રંથમાં બાવીસ હજાર વર્ષ દર્શાવ્યો, પરન્તુ શ્રી પ્રજ્ઞાપનાજીમાં વનસ્પતિકાળ એટલે વનસ્પતિના કાયસ્થિતિકાળ જેટલો કાળ દર્શાવ્યો છે તે અહીં મુખ્ય વિવક્ષાભેદ છે.

૩. એ યોગનો સમય સમય જેટલો જ સ્થિતિકાળ કેમ ? તે ઈત્યાદિ વિગતનો પાઠ શ્રી પ્રજ્ઞાપનાજીની વૃત્તિમાં આ પ્રમાણે છે. ત્યાં પ્રથમ મૂળ પાઠ -

सजोगी णं भंते ! सजोगित्ति कालओ केच्चिरं होइ ? गोयमा ! सजोगी दुविहे पन्नत्ते, तं जहा - अणादिए वा अपज्जवसिए, अणादिए वा सपज्जवसिए । मणजोगी णं भंते ! मणजोगित्ति कालओ ? गोयमा ! जहन्नेणं एक्कं समयं उक्कोसेणं अंतोमुहुत्तं । एवं वइजोगीवि । कायजोगी णं भंते, कालओ० ? गोयमा ! जहन्नेणं अंतोमुहुत्तं उक्कोसेणं वणप्फइकालो । अजोगी णं भंते ! अजोगि त्ति कालओ केवच्चिरं होई ? गोयमा ! सादिए अपज्जवसिए (सू. २३६).

અર્થ :- હે ભગવન્ ! સયોગી આત્મા સયોગીપણે કેટલા દીર્ઘ કાળ સુધી રહે ? ગૌતમ ! સયોગીનો કાળ બે પ્રકારે છે તે આ પ્રમાણે - અનાદિ અનન્ત કાળ સુધી પણ રહે (અનાદિ નિગોદ વા અભવ્ય આશ્રયિ), અને અનાદિ સાન્ત કાળ સુધી પણ રહે (અનાદિ નિગોદમાંથી બહાર આવેલા વ્યવહારરાશિવાળા ભવ્ય જીવની અપેક્ષાએ). હે ભગવન્ ! મનયોગી જીવ મનયોગી પણ સતત કેટલા દીર્ઘ કાળ સુધી રહે ? ગૌતમ ! જઘન્યથી ૧ સમય, અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત સુધી મનયોગમાં જ વર્તે. એ પ્રમાણે વચનયોગ પણ જાણવો. તથા હે ભગવન્ ! કાયયોગી જીવ કાયયોગમાં કેટલા દીર્ઘ કાળ સુધી રહે ? ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી વનસ્પતિનો કાયસ્થિતિકાળ. હે ભગવન્ અયોગી આત્મા અયોગીપણામાં કેટલા કાળ સુધી રહે ? હે ગૌતમ ! સાદિ અનંત કાળ સુધી (સિદ્ધ આશ્રયિ). ॥સૂત્રાર્થ ૨૩૬ માનો ॥

અહીં જઘન્ય કાળ સંબંધી વૃત્તિના પાઠનો ભાવાર્થ આ પ્રમાણે - મનોયોગીના સૂત્રમાં જઘન્યથી ૧ સમય કહ્યો તેનું કારણ કે - જ્યારે કોઈ જીવ ઔદારિક કાયયોગ વડે પ્રથમ સમયે મનોયોગ્ય પુદ્‌ગલો ગ્રહણ કરીને બીજે સમયે મનપણે પરિણમાવીને તે પુદ્‌ગલોને છોડે, અને ત્રીજે જ સમયે તે પ્રયત્નથી (મનયોગનાં પુદ્‌ગલો ગ્રહણ કરવારૂપ પ્રયત્નથી) વિરામ પામે, અથવા તો મરણ પામી જાય (ત્યારે એ બે કારણથી) મનયોગી ૧ સમય પ્રાપ્ત થાય (મનોયોગ ૧ સમય ઉપલબ્ધ થાય). અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત સુધી નિરન્તર (પ્રતિસમય) મનોયોગ્ય પુદ્‌ગલોનું ગ્રહણ- વિસર્જન કરતો રહે છે. અને ત્યારબાદ તે જીવ અવશ્ય પોતાના જીવસ્વભાવથી જ વિરામ પામે છે. વળી વિરામ પામીને પુનઃ પણ ગ્રહણ - વિસર્જન કરે છે. પરન્તુ કાળની અતિસૂક્ષ્મતાથી (વિરામ સમય-કાળ અતિ અલ્પ હોવાથી) કદી પણ પોતાના અનુભવમાં આવતું નથી (એટલે ગ્રહણ - નિસર્ગ પછી વિરામ, પુનઃ ગ્રહણ - નિસર્ગ - એમ આંતરે આંતરે ગ્રહણ - વિસર્જન થતું સાક્ષાત્ ઉપલબ્ધ થતું નથી). માટે ઉત્કૃષ્ટથી પણ મનયોગ અન્તર્મુહૂર્ત જ પ્રવર્તે છે. એ પ્રમાણે 'વચનયોગી સંબંધી' એટલે મનયોગીની પેઠે વચનયોગી પણ કહેવો. તે આ પ્રમાણે - હે ભગવન્ ! વચનયોગી વચનયોગીપણે કાળથી કેટલા દીર્ઘ કાળ સુધી હોય ? ગૌતમ ! જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી

અન્તર્મુહૂર્ત. ત્યાં જે જીવ પહેલે સમયે કાયયોગ વડે ભાષાયોગ્ય દ્રવ્યો ગ્રહણ કરે, અને તે દ્રવ્યોને - પુદ્ગલોને બીજે સમયે ભાષાપણે પરિણમાવે, અને પરિણમાવીને (એજ બીજે સમયે) છોડે, અને ત્રીજે સમયે એ પ્રયત્નથી વિરામ પામે, અથવા તો મરણ પામે એવો જીવ વચનયોગ સહિત એક જ સમય ઉપલબ્ધ થાય છે. મૂલટીકાકારે કહ્યું છે કે - 'પહેલે સમયે કાયયોગ વડે ગ્રહણ કરેલાં ભાષાપુદ્ગલોને બીજે સમયે વચનયોગપણે વિસર્જન કરીને વિરામ પામતા અથવા તો મરણ પામતા જીવને (વનચયોગનો) ૧ સમય પ્રાપ્ત થાય છે. અને અન્તર્મુહૂર્ત સુધી નિરન્તર ગ્રહણ - વિસર્જન કરીને ત્યારબાદ તો તથાપ્રકારના જીવસ્વભાવથી વિરમ પામે જ છે. તથા કાયયોગી જઘન્યથી અન્તર્મુહૂર્ત હોય છે. કારણ કે - અહીં દ્વીન્દ્રિયાદિ જીવોને વચનયોગ પણ હોય છે, અને સંજ્ઞિપંચેન્દ્રિયોને મનયોગ પણ હોય છે. તેથી જ્યારે મનયોગ વા વચનયોગ પ્રવર્તતો હોય ત્યારે કાયયોગ (પ્રવર્તતો હોવા છતાં પણ તે)ની પ્રધાનતા - મુખ્યતા ન ગણાય. એ પ્રમાણે સાદિ સાન્તપણાના સદ્ભાવે જઘન્યથી પણ અન્તર્મુહૂર્ત સુધી કાયયોગી પ્રાપ્ત થાય (અર્થાત્ કાયયોગનો જઘન્ય કાળ જે અન્તર્મુહૂર્ત, તે કેવળ કાયયોગીને નહિ પરન્તુ વચનયોગ સહિત અથવા વચનયોગ અને મનયોગ સહિત એવા કાયયોગીને જાણવો). इति प्रज्ञापना १८ पदस्य २३६ सूत्रस्य वृत्तिः । (આ અર્થ સંપૂર્ણ વૃત્તિનો નથી પરન્તુ આદિ અને અન્તનો અલ્પ ભાગ વર્જી મધ્યભાગની અહીં ઉપયોગી વૃત્તિ જેટલો જ અર્થ લખ્યો છે).

અહીં વૃત્તિમાં મનોયોગનો જઘન્ય કાળ દર્શાવવાના પ્રસંગમાં यदा कश्चिदौदारिककाययोगेन ઇત્યાદિ પાઠમાં એકલું ઔદારિક પદ છે, औदारिकादिकाययोगेन એવું પદ નથી. તેનું કારણ કે આહારક અને વૈક્રિય સાથેના મનયોગમાં વિચારીએ તો આહારકયોગી મનના સંદેહાદિકના કારણે જ મનોયોગ પ્રવર્તાવે તે એક જ સમયમાં વિરામ પામવા જેવો મંદ ન સંભવે. તેમજ વૈક્રિયયોગ દેવ, નારક વા લબ્ધિવંત મનુષ્યાદિકને પણ મરણના કારણથી એક સમય ન સંભવે. પરન્તુ સ્વાભાવિક ઉપરમ પામવા આશ્રયિ ૧ સમય કેમ ન સંભવે ? તે શ્રી બહુશ્રુતગમ્ય. માટે એ સ્થાને आदि પદ ન હોવાનું કારણ પણ વિચારવા યોગ્ય છે.

વળી બીજી વાત એ છે કે - ઔદારિક મિશ્ર આદિ વિશેષ ભેદના કાળ અહીં કહ્યા નથી. તેનું કારણ પણ એજ કે તે સર્વે અન્તર્મુહૂર્ત પ્રમાણના છે, પરન્તુ ૧ સમયના નથી. બીજું કારણ એ કે - મિશ્ર કાયયોગને મૂળ કાયયોગમાં અહીં અંતર્ગત ગણીને જ ઔદારિક કાયયોગનો કાળ કહ્યો છે, જેથી મિશ્ર કાયયોગની જુદી વિવક્ષા કરી નથી. છતાં જો જુદી વિવક્ષા કરવી હોય તો -

औदारिकमिश्र काययोग નો જઘન્ય સતતકાળ ૧ સમય છે; કારણ કે કેવલિસમુદ્ઘાતના બીજા સમયે ઔદારિકમિશ્રયોગ હોય છે. ત્યારબાદ ત્રીજે સમય કાર્મણયોગ હોવાથી ઔદારિકમિશ્રયોગ ૧ સમય જ ઉપલબ્ધ થાય છે. અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત સુધી હોય છે. કારણ કે ઔદારિકશરીરી જીવની ઉત્પત્તિના પ્રથમ સમયે કાર્મણયોગ હોય છે, તે બાદ બીજા સમયથી શરીરપર્યાપ્તિ સમાપ્ત ન થાય ત્યાં સુધી એટલે અન્તર્મુહૂર્ત સુધી ઔદારિકમિશ્રયોગ જ હોય છે, માટે.

वैक्रियमिश्रयोगનો પણ જઘન્ય કાળ અન્તર્મુહૂર્ત હોય છે; કારણ કે દેવ અથવા નારક ઉત્પન્ન થયા બાદ વૈક્રિયશરીરપર્યાપ્તિ સમાપ્ત ન થાય તેટલા અન્તર્મુહૂર્ત સુધી વૈક્રિયમિશ્રયોગી હોય છે. અહીં ઉત્કૃષ્ટ કાળ પણ અન્તર્મુહૂર્ત જ જાણવો. પરન્તુ તફાવત એજ કે જઘન્યપદે નાનું અન્તર્મુહૂર્ત ગણવું, અને ઉત્કૃષ્ટપદે મોટું ગણવું. કારણ કે પર્યાપ્તા થવાના કાળમાં પણ તરતમતા હોય છે. જેથી કેટલાક જીવો શીઘ્ર પર્યાપ્તા થાય છે અને કેટલાક જીવો દીર્ઘ કાળે પર્યાપ્તા થાય છે. એમાં પણ કારણયોગની તીવ્ર - મંદતા જાણવી.

आहारकमिश्रयोग નો જઘન્ય તથા ઉત્કૃષ્ટ કાળ પણ ચૌદ પૂર્વધર મુનિ આશ્રયિ વિચારવો. આહારકશરીરપર્યાપ્તિ સમાપ્ત ન થાય ત્યાં સુધી આહારકમિશ્રયોગ હોય છે. શેષ વ્યાખ્યા વૈક્રિયમિશ્રયોગવત્ યથાયોગ્ય જાણવી.

તથા સત્યમનોયોગ આદિ મનોયોગના વિશેષભેદો તથા વચનયોગના ચારે વિશેષભેદોમાં પણ જઘન્ય યોગકાળ ૧ સમય વિચારવો. કારણ કે ૧ સમય બાદ વિરામ પામે અથવા તો મરણ પામે, માટે જ. અને ઉત્કૃષ્ટ સ્થિતિકાળ પણ અન્તર્મુહૂર્ત જ જાણવો. કારણ કે અન્તર્મુહૂર્ત બાદ મન વા વચનયોગથી જીવ અવશ્ય વિરામ પામે માટે જ.

प्रश्नः જે જીવને મન, વચન, કાયયોગ ત્રણે યોગ છે, તે જીવને કાયયોગ તો સર્વદા ચાલુ હોય અને મન, વચનયોગ પણ સાથે ચાલુ હોય છે એમ સ્પષ્ટ ઉપલબ્ધ થાય છે. જેમ એક જ જીવ કરસંચાલનપૂર્વક વિચારીને બોલતો હોય છે તો એમાં પ્રધાનતા ક્યા યોગની શી રીતે ગણવી ?

उत्तरः એમ સંભવે છે કે જે યોગમાં જીવનો ઉપયોગ વર્તતો હોય તે યોગ પ્રધાન ગણવો, અને બીજા સમકાળે વર્તતા યોગ પણ ઉપયોગરહિત હોવાથી શૂન્ય ગણવા.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવતરણ: કાળદ્વારમાં દ્રવ્યાદિકના કાળ કહ્યા બાદ ગુણવિભાગકાળના કહેવાતા પ્રસંગમાં ગુણસ્થાનોના કાળ કહીને પૂર્વ ગાથામાં જીવના ગુણરૂપ યોગનો પણ કાળ કહી હવે વેદ વિગેરે જીવગુણનો અવસ્થિતિકાળ આ ગાથાઓમાં કહેવાય છે, તે આ પ્રમાણે :

**देवी पणपण्णाऊ, इत्थित्तं पल्लसयपुहत्तं तु ।**
**पुरिसत्तं सण्णित्तं, च सयवुहत्तं च उयहीणं ॥२३०॥**

ગાથાર્થ :- દેવીનું (સ્ત્રીવેદનું) આયુષ્ય પંચાવન પલ્યોપમ, અને સ્ત્રીવેદની કાયસ્થિતિ સો પલ્યોપમ અને પૂર્વક્રોડપૃથક્ત્વ વર્ષ જેટલી છે, તથા પુરુષવેદની અને સંજ્ઞિપણાની કાયસ્થિતિ શતપૃથક્ત્વ સાગરોપમપ્રમાણ છે. ॥૨૩૦॥

ટીકાર્થ: અહીં (વેદની સ્થિતિ કહેવાના ચાલુ અધિકારમાં) વેદની સ્થિતિ એક ભવ આશ્રયી અને બહુભવ આશ્રયી એમ બે પ્રકારે કહેવાય છે. ત્યાં એક ભવ આશ્રયિ સ્થિતિ કહે છે - देवी पणपण्णाऊ इत्थित्तं એટલે બીજા ઈશાનકલ્પની અપરિગૃહીતા દેવી, જેનું પંચાવન પલ્યોપમ આયુષ્ય છે, તે દેવીની અપેક્ષાએ એક ભવ આશ્રયિ ઉત્કૃષ્ટથી પંચાવન પલ્યોપમ પ્રમાણનું જ સ્ત્રીપણું જાણવું. (અર્થાત્ સ્ત્રીવેદની એક ભવ આશ્રયિ પંચાવન પલ્યોપમ જેટલી સ્થિતિ છે). અહીં 'જાણવું' અથવા 'પ્રાપ્ત થાય' એ શબ્દ અધ્યાહારથી વાક્યપૂર્તિ માટે ગ્રહણ કરવા. હવે એ સ્ત્રીવેદની જ ઉત્કૃષ્ટ સ્થિતિ ઘણા ભવ આશ્રયિ કહેવાય છે- पल्लसयवुहत्तं तु - સો પલ્યોપમ તથા વુહત્ત એટલે પૂર્વક્રોડપૃથક્ત્વ એટલા કાળ સુધી અનેક ભવોમાં મળીને ઉત્કૃષ્ટ નિરન્તર સ્ત્રીપણું (સ્ત્રીવેદનો સતતકાળ) પ્રાપ્ત થાય. (એ સંબંધ અહીં પણ જાણવો).

## ॥ સ્ત્રીવેદના સતતકાળમાં પાંચ આદેશ ॥

વળી અહીં સ્ત્રીવેદના સતતકાળના સંબંધમાં (અર્થાત્ સ્ત્રીવેદની કાયસ્થિતિના સંબંધમાં) સિદ્ધાન્તને વિષે પાંચ આદેશાન્તરો (પાંચ જુદા જુદા અભિપ્રાયો) દર્શાવેલા છે. તે અભિપ્રાયોના પાઠ આ પ્રમાણે -

इत्थीवेए णं भंते ! इत्थीवेएत्ति कालओ केच्चिरं होइ ? गोयमा ! एगेणं आएसेणं जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं दसुत्तरपलिओवमसयं पुव्वकोडिपुहत्तमब्भहियं ति ॥१॥ एगेणं आएसेणं जहन्नेणं एक्कं समयं,उक्कोसेणं अट्ठारसपलिओवमाइं पुव्वकोडिपुहत्तमब्भहियाइं ति ॥२॥ एगेणं आएसेणं जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं चोद्दसपलिओवमाइं पुव्वकोडिवुहत्तमब्भहियाइं ति ॥३॥ एगेणं आएसेणं जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं पलिओवमसयं पुव्वकोडिमब्भहियं ति ॥४॥ एगेणं आएसेणं जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं पलिओवमपुहत्तं पुव्वकोडिपुहत्तमब्भहियं ति ॥५॥

એમાં પહેલા આદેશાન્તરની ભાવના આ પ્રમાણે - કોઈક સ્ત્રી ઉપશમશ્રેણિમાં ત્રણે વેદને ઉપશમાવીને અવેદકપણું (૯-૧૦-૧૧મા ગુણસ્થાનમાં કોઈપણ સ્થાને) અનુભવીને ઉપશમ શ્રેણિથી પડતાં સ્ત્રીવેદના ઉદયના પહેલા જ સમયે કાળ કરીને દેવમાં ઉત્પન્ન થાય, અને ત્યાં દેવપણામાં તેને પુરુષપણું[1] જ પ્રાપ્ત થાય છે. તો એ પ્રમાણે સ્ત્રીવેદની ૧ સમય જેટલી જઘન્ય

૧. કારણ કે શ્રેણિમાંથી મરણ પામીને અનુત્તર દેવ જ થાય માટે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થિતિ જાણવી. અને જ્યારે કોઈક જીવ પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળી મનુષ્યસ્ત્રીમાં વા તિર્યંચસ્ત્રીમાં કેટલાક ભવ કરીને ત્યારબાદ ઈશાન દેવલોકમાં ઉત્કૃષ્ટ આયુષ્યવાળી અપરિગૃહીતા દેવીઓમાં નિરન્તર બે ભવ સુધી (દેવીથી મનુષ્યસ્ત્રી થઈ પુનઃ દેવી) ઉત્પન્ન થાય ત્યારે પૂર્વક્રોડપૃથક્ત્વ અધિક એક સો દશ પલ્યોપમ (૧૧૦ પલ્યોપમ) પ્રમાણ સ્ત્રીવેદની ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રાપ્ત થાય છે.

પ્રશ્નઃ જો દેવકુરુ-ઉત્તરકુરુ વિગેરેમાં ત્રણ પલ્યોપમના આયુષ્યવાળી સ્ત્રીઓમાં ઉત્પન્ન થાય તો તેથી પણ અધિક (૧૧૦ પલ્યોપમથી પણ અધિક) સ્થિતિ પ્રાપ્ત થાય છે, તો એટલી જ સ્થિતિ વડે સ્ત્રીવેદની સ્થિતિ કેમ કહો છો ?

ઉત્તરઃ એ વાત જો કે સત્ય છે, પરન્તુ એમ બની શકતું નથી. કારણ કે પ્રથમ તો દેવોમાંથી નીકળેલા જીવો અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળા મનુષ્યોમાં ઉત્પન્ન થતા જ નથી. તેમ અસંખ્ય વર્ષના આયુષ્યવાળી યુગલિક મનુષ્યસ્ત્રી અથવા તિર્યંચસ્ત્રી ઉત્કૃષ્ટ આયુષ્યવાળી દેવીઓમાં ઉત્પન્ન થતી નથી[1]. તે કારણથી સ્ત્રીવેદની ઉત્કૃષ્ટ સ્થિતિ એ કહી તેટલી જ પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે બીજા ચારે આદેશાન્તરોમાં પણ ભાવના કરવી. (એટલે ચારે આદેશના જુદા જુદા અભિપ્રાય વિચારવા). પરન્તુ બીજા આદેશોમાં જે વિશેષ વિચાર કરવો તે કહેવાય છે. ॥ इति साधिक ११० पल्योपमादेशः ॥१॥

બીજા આદેશમાં ઈશાન દેવલોકની પરિગૃહીતા દેવીઓ જ કે જેનું ઉત્કષ્ટ આયુષ્ય નવ પલ્યોપમ જેટલું છે, તે દેવીઓમાં બે વાર ઉત્પન્ન થાય એમ કહેવું, અને શેષ વક્તવ્યતા સર્વ પૂર્વવત્ કહેવી. જેથી પૂર્વક્રોડપૃથક્ત્વવર્ષ સહિત ૧૮ (અઢાર) પલ્યોપમ સ્થિતિ પ્રાપ્ત થાય છે. ॥ इति साधिक १८ पल्यादेशः ॥२॥

ત્રીજા આદેશના વિચારમાં સૌધર્મ દેવલોકની જ પરિગૃહીતા દેવીઓમાં જ બે વાર ઉત્પન્ન થવાનું કહેવું. એ દેવીઓનું આયુષ્ય ઉત્કૃષ્ટથી સાત પલ્યોપમ જેટલું છે. જેથી પૂર્વક્રોડપૃથક્ત્વ વર્ષ વડે અધિક ૧૪ (ચૌદ) પલ્યોપમ જેટલી સ્ત્રીવેદની ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રાપ્ત થાય છે. ॥ इति साधिक १४ पल्यादेशः ॥३॥

ચોથા આદેશમાં સૌધર્મ દેવલોકની જ અપરિગૃહીતા દેવીઓ કે જેનું પચાસ પલ્યોપમનું ઉત્કૃષ્ટ આયુષ્ય છે, તે દેવીઓમાં બે વાર ઉત્પન્ન થાય એમ કહેવું. જેથી પૂર્વક્રોડપૃથક્ત્વ વર્ષ સહિત સો પલ્યોપમ (૧૦૦ પલ્યોપમ) જેટલી સ્ત્રીવેદની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. ॥इति साधिक १०० पल्यादेशः ॥४॥

પાંચમા આદેશમાં વિચારવાનું કે - સંખ્યાતવર્ષાયુષ્યવાળા નિરન્તર કેટલાક (સાતથી અધિક નહિ) સ્ત્રીભવ કરીને દેવકુરુ અથવા ઉત્તરકુરુ ક્ષેત્રમાં ત્રણ પલ્યોપમના આયુષ્યવાળી

૧. અહીં સ્ત્રીનો સંબંધ ચાલતો હોવાથી દેવી યુગલિકસ્ત્રીપણે ઉત્પન્ન ન થાય એમ કહ્યું છે, પરન્તુ વાસ્તવિક રીતે તો દેવો પણ યુગલિક મનુષ્યમાં વા તિર્યંચમાં ઉત્પન્ન ન થાય. વળી અહીં ત્રણ પલ્યોપમાદિ યુગલિક સ્ત્રીનો ભવ અને પંચાવનાદિ પલ્યોપમવાળો દેવીભવ એ બેના સંબંધથી - ભેગા મળીને સ્ત્રીની ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રાપ્ત થતી નથી તેનું કારણ કે જો યુગલિક સ્ત્રીના ભવમાંથી દેવી થાય તો યુગલિક સ્ત્રીના આયુષ્યતુલ્ય અથવા ન્યૂન આયુષ્યવાળી દેવી થાય જેથી ઉત્કૃષ્ટતા પ્રાપ્ત થાય નહિ, તેમજ દેવમાંથી યુગલિક થવાના અભાવે પણ ઉત્કૃષ્ટતા પ્રાપ્ત થાય નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યુગલિક સ્ત્રી થાય તો તેવા જીવને પૂર્વક્રોડપૃથક્ત્વવર્ષસહિત પલ્યોપમપૃથક્ત્વ જેટલી સ્ત્રીવેદની ઉત્કૃષ્ટ સ્થિતિ વિચારવી. ।।इति साधिकपल्यपृथक्त्वादेशः ।।५।। (એ સ્ત્રીવેદની ઉત્કૃષ્ટ સ્થિતિ સંબંધી પાંચ આદેશ દર્શાવ્યા).

એ પાંચે આદેશો અમારે છદ્મસ્થોને પ્રમાણભૂત છે. અને કેવલી ભગવંતોને તો એ પાંચમાંથી કોઈ એક જ આદેશ પ્રમાણ હોય છે. સૂત્રકર્તાએ તો આ ગ્રંથને વિષે એક ચોથો આદેશ જ (ગાથામાં) દર્શાવ્યો છે, પરન્તુ ગ્રંથનો વિસ્તાર થઈ જવાના ભય વિગેરે કારણથી શેષ આદેશો અહીં કહ્યા નથી. એ બાબતની વિશેષ ચર્ચાથી સર્યું.

## ।। પુરુષવેદની સ્થિતિ ।।

હવે પુરુષવેદ વિગેરેની સ્થિતિ કહેવાય છે - पुरिसत्तं ઇત્યાદિ. પુરુષપણું એટલે પુરુષવેદ તે અનેક ભવોમાં નિરન્તર પ્રાપ્ત થયા કરે તો કંઈક અધિક શતપૃથક્ત્વ સાગરોપમો સુધી પ્રાપ્ત થાય (એટલે ઘણા સેંકડો સાગરોપમો સુધી પ્રાપ્ત થાય). અને જઘન્યથી તો અન્તર્મુહૂર્ત્તમાત્ર જ પ્રાપ્ત થાય તે પોતાની મેળે જાણી લેવું. કારણ કે ત્યારબાદ (અન્તર્મુહૂર્ત્ત બાદ અથવા સાધિક શતપૃથક્ત્વ સાગરોપમ વ્યતીત થયા બાદ) અવશ્ય બીજો વેદ પ્રાપ્ત થાય અથવા તો અવેદકપણું પ્રાપ્ત થાય. જે કારણથી કહ્યું છે કે -

पुरिसवेए णं भंते ! पुरिसवेएत्ति कालओ केच्चिरं होइ ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं उक्कोसेणं सागरोपमसयपुहत्तं सा[1]इरेगं ।। प्रज्ञापनायां ।।

અહીં જઘન્યપદે સ્ત્રીવેદની સ્થિતિ જેમ એક સમય પ્રાપ્ત થાય છે, તેમ આ પુરુષવેદની જઘન્ય સ્થિતિ એક સમય પ્રાપ્ત થતી નથી. કારણ કે ઉપશાન્તાદ્ધામાં (ઉપશમશ્રેણિમાં પ્રાપ્ત થયેલ અવેદકાધ્ધામાં) કાળ કરીને દેવમાં ઉત્પન્ન થાય તો ત્યાં પણ પુરુષપણાની જ પ્રાપ્તિ થાય છે. ત્યારે પુરુષવેદની જઘન્ય સ્થિતિ અન્તર્મુહૂર્ત્ત કહી તે કેવી રીતે પ્રાપ્ત થાય તે કહે છે કે - પુરુષવેદવાળો જીવ અન્તર્મુહૂર્ત્ત સુધી જીવીને મરણ પામી અન્ય વેદમાં ઉત્પન્ન થાય તેને એ જ[2]ઘન્ય સ્થિતિ જાણવી.

વળી અહીં નપુંસકવેદની સ્થિતિ સર્વથા કહી જ નથી. તો તે ઉપલક્ષણવ્યાખ્યાથી (અધ્યાહારથી) જઘન્યથી એક સમયની અને ઉત્કૃષ્ટથી અનન્તકાળ પ્રમાણની પોતાની મેળે જ જાણી લેવી. જે કારણથી સિદ્ધાન્તમાં કહ્યું છે કે -

नपुंसगवेयए णं भंते ! नपुंसगवेयए त्ति कालओ केच्चिरं होइ ? गोयमा ! जहण्णेणं एक्कं

૧. હે ભગવન્ ! પુરુષવેદવાળો જીવ પુરુષવેદપણે કાળથી કેટલા દીર્ઘ કાળ સુધી રહે ? હે ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી ઘણા સેંકડો સાગરોપમથી કંઈક અધિક કાળ સુધી રહે. (એ ચારે ગતિમાં નિરન્તર પુરુષવેદે ઉત્પન્ન થતા જીવ આશ્રયિ જાણવું.)

૨. અહીં જઘન્ય સ્થિતિ પુરુષવેદની અન્તર્મુહૂર્ત્તપ્રમાણ તે અન્ય વેદમાં ઉત્પન્ન થવા આશ્રયિ દર્શાવી. પરન્તુ અવેદકપણાની પ્રાપ્તિ આશ્રયિ અન્તર્મુહૂર્ત્ત સ્થિતિ હોય કે નહિ ? એ શંકાના સમાધાનમાં સમજાય છે કે તેમ પણ હોય; કારણ કે કોઈ પુરુષ ઉપશમશ્રેણિમાં અવેદક થઈને અધ્ધાક્ષયથી પડતો અને પુરુષવેદને પુનઃ અનુભવતો પ્રમત્તાપ્રમત્ત સુધી આવી ત્યાંથી પુનઃ અન્તર્મુહૂર્ત્તમાં ઉપશમશ્રેણિ માંડી અવેદક થાય, અથવા તો ક્ષપકશ્રેણિ માંડીને પણ અવેદક થાય તો એ રીતે પણ પુરુષવેદની જઘન્ય સ્થિતિ અન્તર્મુહૂર્ત્ત પ્રાપ્ત થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

समयं, उक्कोसेणं अणंतं कालं अणंताओ ओसप्पिणिउस्सप्पिणीओ कालओ, खेत्तओ अणंता लोगा, असंखेज्जा पोग्गलपरियट्टा, ते णं पोग्गलपरियट्टा आवलियाए असंखेज्जइभागो[१] ॥

અહીં ઉપશમશ્રેણિમાં ત્રણ વેદને ઉપશમાવીને શ્રેણિથી પડેલો જીવ એક જ સમય નપુંસકવેદનો અનુભવ કરીને મરણ પામી દેવમાં ઉત્પન્ન થાય (તો દેવમાં પુરુષવેદ પ્રાપ્ત થવાથી) તેને જઘન્યથી ૧ સમય પ્રાપ્ત થાય છે. અને ઉત્કૃષ્ટ કાળ તો વનસ્પતિ વિગેરેમાં નિરન્તર નપુંસકવેદનો અનુભવ કરતા જીવને જાણવો.

એ પ્રમાણે संज्ञिपणुं પણ પુરુષવેદની પેઠે જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી સાધિક શતપૃથક્ત્વ સાગરોપમ સુધી પ્રાપ્ત થાય છે. અને ત્યારબાદ સંજ્ઞિપણાનો અભાવ થાય છે. (એટલે તે જીવ સંજ્ઞિપણું છોડીને અવશ્ય અસંજ્ઞિપણે જ ઉત્પન્ન થાય છે). તથા असंज्ञिपणुं પણ જઘન્યથી એ પ્રમાણે જ અંતર્મુહૂર્ત્ત સુધીનું છે, અને ઉત્કૃષ્ટથી તો નપુંસકવેદની પેઠે પોતાની મેળે જ જાણી લેવું. (એટલે અસંજ્ઞિપણું જીવને અનન્ત ઉત્સર્પિણી - અવસર્પિણી સુધી નિરન્તર પ્રાપ્ત થાય છે, કારણ કે જે વનસ્પતિનો સ્થિતિકાળ તે જ અસંજ્ઞિપણાનો સ્થિતિકાળ જાણવો. વનસ્પતિ પોતે અસંજ્ઞી જ છે માટે). એ રીતે ૨૩૦મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૨૩૦॥ इति वेदत्रये स्थितिकालः ॥

अवतरणः હવે આ ગાથામાં યોગના ઉપયોગ આદિ જીવગુણોના કાળનું પ્રમાણ કહેવાય છે. તે આ પ્રમાણે :

**अंतमुहुत्तं तु परा, जोगुवओगा कसाय लेसा य ।**
**सुरनारएसु य पुणो, भवट्ठिई होइ लेसाणं ॥२३१॥**

गाथार्थः યોગોપયોગની પરા-ઉત્કૃષ્ટ સ્થિતિ અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ છે, તેમજ કષાયોની અને લેશ્યાઓની પણ ઉત્કૃષ્ટ સ્થિતિ અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ છે. પરન્તુ વિશેષ એ કે - દેવ તથા નારકોમાં લેશ્યાઓની સ્થિતિ ભવસ્થિતિ જેટલી (અર્થાત્ તે લેશ્યાવાળા દેવ વા નારકનું જેટલું આયુષ્ય તેટલી તે લેશ્યાની પણ સ્થિતિ) છે. ॥૨૩૧॥

टीकार्थः  યોગ તે કાયા, વચન અને મનરૂપ જાણવા. તેઓના ઉપયોગ એટલે તે યોગ સંબંધી ज्ञानोपयोग તે योगोपयोग કહેવાય. તે યોગોપયોગની परा = ઉત્કૃષ્ટ સ્થિતિ, અહીં ગાથામાં जोगुवओगा એ પદ ષષ્ઠી વિભક્તિના સંબંધવાળું ગણવું. એમાં વિભક્તિનો અભાવ છે તો પણ ષષ્ઠીના બહુવચન તરીકે ગણતાં તે 'યોગોપયોગોની પરા = ઉત્કૃષ્ટ સ્થિતિ' (એ વાક્ય થાય) દરેકની આ પ્રમાણે છે. કેટલી છે ? તે કહે છે - अंतमुहुत्तं = અન્તમુહૂર્ત્ત પ્રમાણ.

અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે - અહીં જીવ જ્યારે કાયા વડે દોડવું, વળગવું, ચપેટા ભરવી, (ચુંટી ખણવી, લપડાક મારવી), અંગ મરોડવું, અંગ વાળવું , ચોળવું ઈત્યાદિ વ્યાપાર ઉપયોગવાળો થયો છતો કરે છે. તે વખતે કાયયોગની મુખ્યતાએ વ્યાપારવાળો હોવાથી અથવા

૨. નપુંસકવેદી જીવ હે ભગવન્ ! નપુંસકવેદપણે કાળથી કેટલા દીર્ઘ કાળ સુધી હોય ? ગૌતમ ! જઘન્યથી ૧ સમય, અને ઉત્કૃષ્ટથી અનન્તકાળ સુધી, તેમાં પણ કાળથી વિચારીએ તો અનન્ત અવસર્પિણી ઉત્સર્પિણી સુધી અને ક્ષેત્રથી વિચારીએ તો અનન્ત લોકાકાશપ્રમાણ, અથવા અસંખ્યાતા પુદ્ગલપરાવર્ત્તપ્રમાણ, વળી તે અસંખ્યાત પુદ્ગલપરાવર્ત્ત તે આવલિકાના અસંખ્યાતમા ભાગના જેટલા સમય તેટલા અસંખ્યાતા પુદ્ગલપરાવર્ત્ત જાણવા. (એ નપુંસકવેદનો સતતકાળ કહ્યો).


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાયયોગનો વ્યાપાર મુખ્ય હોવાથી કાયયોગના ઉપયોગવાળો તે જીવ કહેવાય છે. (અર્થાત્ આ જીવ કાયોપયોગી વા કાયયોગોપયોગી છે એમ કહેવાય છે) અને એવા પ્રકારના કાયયોગના ઉપયોગવાળો જીવ ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત સુધી જ રહે છે, ત્યારબાદ [1]ઉપયોગ રહિત થવાથી અથવા તો બીજા ઉપયોગ થવાથી તે જીવ [2]કાયયોગના ઉપયોગવાળો હોતો નથી.

વળી જીવ જ્યારે નિશ્ચલ શરીર કરીને રહ્યો છતો કેવળ વચનમાત્રમાં જ ઉપયોગવાળો થાય, અને તેમ થયો છતો પણ નિરન્તર [પ્રતિસમય] કેવળ વચનઉચ્ચાર જ કરતો રહે તે વખતે વચનયોગનો વ્યાપાર પ્રધાનપણે હોવાથી તે જીવ વચનયોગના ઉપયોગવાળો (વચનયોગોપયોગી ) ગણાય છે.

વળી જીવ જ્યારે નિશ્ચલ શરીર કરીને રહ્યો છતો કેવળ વચનયોગનો પણ રોધ કરીને (કાયયોગ અને વચનયોગ બન્ને બંધ કરીને) કેવળ મનવડે જ ઉપયોગવાળો થયો છતો કોઈ વસ્તુનો વિચાર કરે, ત્યારે મનયોગનો જ વ્યાપાર પ્રધાનપણે હોવાથી તે જીવ મનયોગના ઉપયોગવાળો (મનોયોગોપયોગી) ગણાય છે.

વળી એ વચનયોગનો તેમજ મનયોગનો ઉપયોગ પણ દરેક ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત સુધી જ રહે છે. અહીં જો કે એક યોગના વ્યાપાર વખતે બીજા યોગનો વ્યાપાર પણ અન્તર્ગત સંભવે છે જ. તો પણ વાયુ વિગેરે દોષોમાં જેમ ઉત્કટ અને અનુત્કટ આશ્રયિ તે તે દોષનો વ્યપદેશ સિદ્ધ છે (એટલે વાત, પિત્ત તથા કફ એ ત્રણ દોષમાં જે દોષ અધિક પ્રબલ હોય તે વખતે તે દોષવાળો જીવ ગણાય); તેમ યોગમાં પણ જે યોગ પ્રબળ વર્તતો હોય તે યોગવાળો જીવ ગણાય. કહ્યું છે કે -

'વાયુ વિગેરે (વાયુ, પિત્ત ને કફ) એ ત્રણ ધાતુઓમાં જે વખતે જે ધાતુ પ્રબલપણે વર્તતી હોય તે વખતે તે ધાતુ કોપિત થઈ એમ કહેવાય છે, પણ તેથી બીજી બે ધાતુઓ તે વખતે સર્વથા નથી એમ નહિ જ. તેવી રીતે ત્રણ યોગમાં પણ જે વખતે જે યોગ પ્રબલપણે વર્તતો હોય તે વખતે તે યોગનો નિર્દેશ કરાય છે (એટલે તે યોગ પ્રવર્તે છે એમ કહેવાય છે), પરન્તુ તે જ વખતે બીજો એક યોગ અથવા બે યોગ વર્તતા હોય છે, અથવા અન્ય યોગ સર્વથા નથી પણ હોતો.'

એમાં ઉત્કટ યોગથી ઇતર યોગ (જે યોગ અધિક પ્રવર્તે છે તે યોગ સિવાયનો બીજો અલ્પ પ્રવર્તતો યોગ) તે અનુત્કટ યોગ તે એક હોય અથવા બે હોય અથવા સર્વથા ન પણ હોય. તેનું તાત્પર્ય પણ અહીં દર્શાવાય છે -

અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે - કેવલી ભગવંતને વચનયોગની ઉત્કટતામાં કાય[3]યોગ પણ છે. (અર્થાત્ જ્યારે દેશના વખતે વચનયોગ પ્રબલ પ્રવર્તે છે ત્યારે કાયયોગ પણ અલ્પ

---

૧. કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય ત્યારે યોગ સંબંધી ઉપયોગ કે જે ક્ષયોપશમભાવનો હોય છે, તેનો અભાવ થાય છે માટે 'ઉપયોગ રહિત થવાથી' કહ્યું છે.

૨. અહીં જે કાયયોગ, વચનયોગ તથા મનયોગ કહ્યા તે જીવથી સ્પષ્ટ અનુભવાતા બાદર કાયયોગાદિ જાણવા, સૂક્ષ્મ કાયયોગાદિ અથવા અસ્પષ્ટ બાદર કાયયોગને રોધવાનું છદ્મસ્થથી તેમજ યોગનિરોધ પહેલાં કેવલીથી પણ બની શકવું અશક્ય છે. કારણ કે કેવલી ભગવંતો પણ નિયત આકાશપ્રદેશો પર હસ્તાદિકને સ્થિર રાખવા ઈચ્છે તો પણ ન રાખી શકે માટે.

૩. એ બીજો એક યોગ હોવાનું દૃષ્ટાંત.

પ્રયત્નવાળો છે). અને આપણ વિગેરેને (તમને - અમને) મનયોગ અને કાય[1]યોગ (અલ્પ પ્રયત્નવાળા) છે. પુનઃ શૈલેશી અવસ્થામાં જ્યારે કાયયોગનો નિરોધ કરે છે ત્યારે કેવલી ભગવંતને કેવળ કાય[2]યોગ જ છે, પરન્તુ બીજો યોગ પ્રવર્તતો નથી (એ પ્રમાણે ઉત્કટ - અનુત્કટપણાની અપેક્ષા વિચારવી).

कषाय એટલે ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયો. તેની દરેકની પણ ઉત્કૃષ્ટ સ્થિતિ અન્તર્મુહૂર્ત્તપ્રમાણની છે. તેમજ પહેલા ત્રણ કષાયોની તો જઘન્ય સ્થિતિ પણ અન્તર્મુહૂર્ત્તપ્રમાણની છે. અને ચોથા લોભ કષાયની જઘન્ય સ્થિતિ ૧ સમયપ્રમાણની છે. વળી એ કષાયોની સ્થિતિ જે અન્તર્મુહૂર્ત્તપ્રમાણની કહી તે વિશિષ્ટ ઉપયોગને આશ્રયી જ ક્રોધાદિકની એ સ્થિતિ જાણવી. નહિતર સત્તામાત્રથી તો ક્રોધાદિ કષાયો સદાકાળ વર્તતા જ - વિદ્યમાન જ હોય છે. અને તેથી કહેવાનું તાત્પર્ય એ છે કે - ક્રોધ, માન અને માયા એ ત્રણ કષાયમાં ઉપયોગવાળો જીવ પ્રત્યેકમાં જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત્ત જ રહે છે, અને લોભના ઉપયોગમાં આત્મા જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત્ત સુધી જ રહે છે. જે કારણથી કહ્યું છે કે -

'कोह[3]कसाई णं भंते ! कोहकसाइ त्ति कालओ केच्चिरं होइ ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं । एवं माणमायाकसाई वि । लोभकसाई जहण्णेणं एक्कं समयं, उक्कोसेणं अंतोमुहुत्तंति ।'

એનો ભાવાર્થ અહીં આ પ્રમાણે જાણવો કે - ક્રોધ, માન અને માયામાં ઉપયોગવાળો આત્મા એ દરેકમાં જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત રહે અને ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત્ત રહે. પરન્તુ ઉત્કૃષ્ટપદનું અન્તર્મુહૂર્ત્ત જઘન્યપદના અન્તર્મુહૂર્ત્તથી મોટું જાણવું. તથા લોભકષાયમાં ઉપયોગવાળો આત્મા જઘન્યથી ૧ સમય સુધી રહે, તે કેવી રીતે ? તે કહેવાય છે :

ઉપશાન્તમોહવાળો (ઉપશમશ્રેણિમાં લોભને સર્વથા ઉપશાન્ત કરેલો છે એવો અગિયારમા ગુણસ્થાનવાળો) જે જીવ શ્રેણિથી (૧૧ મા ગુણસ્થાનકથી) પડતો છતો એક જ સમય લોભનાં પુદ્ગલોનો ઉદય અનુભવીને અનન્તર સમયે (બીજે સમયે) મરણ પામવાથી અનુત્તરદેવોમાં ઉત્પન્ન થાય, તો ત્યાં તે દેવને નિશ્ચય સર્વે પણ કષાયો પ્રદેશોદય વડે ઉદયમાં આવે છે; પરન્તુ કેવળ લોભ જ પ્રદેશોદયથી ઉદયમાં આવે છે એમ નહિ. એ પ્રમાણે જઘન્યથી લોભ કષાયનો એકલો ઉદય એક જ સમય પ્રાપ્ત થાય છે. અને ઉત્કૃષ્ટથી તો ક્રોધાદિકની પેઠે અન્તર્મુહૂર્ત્ત સુધી ઉદયમાં આવે છે એમ જાણવું. (એ રીતે લોભોદયનો જઘન્ય ૧ સમય કહ્યો).

प्रश्नः જો એ પ્રમાણે છે તો એજ રીતિએ ક્રોધાદિકનો ઉપયોગ પણ જઘન્યથી ૧ સમય

---

૧. એ બીજા બે યોગ હોવાનું દૃષ્ટાંત.

૨. એ કોઈપણ બીજો યોગ ન હોવાનું ત્રીજા વિકલ્પનું દૃષ્ટાંત.

૩. હે ભગવન્ ! ક્રોધ કષાયવાળો આત્મા ક્રોધ કષાયમાં કેટલા દીર્ઘકાળ સુધી રહે ? ગૌતમ ! જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત્ત સુધી રહે, એ પ્રમાણે માન કષાય અને માયા કષાયમાં ઉપયોગવાળો આત્મા પણ જાણવો. વળી લોભ કષાયવાળો આત્મા જઘન્યથી ૧ સમય રહે, અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત્ત રહે. (ચાર કષાયનો ઉદય અધ્રુવ છે, તેમજ પરાવર્ત્તમાન છે, માટે (અન્તર્મુહૂર્ત્ત બાદ) ક્રોધાદિકની પરાવૃત્તિ થયા કરે છે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુધીનો કેમ પ્રાપ્ત ન થાય ? (જેથી કેવળ લોભ જ કહ્યો !).

ઉત્તરઃ તમારું પૂછવું સત્ય છે, પરન્તુ શ્રેણિના શિખરથી - સર્વાગ્રભાગથી પડતા જીવને જ્યારે ક્રોધાદિ કષાયો ઉદયમાં આવે છે, ત્યારે તે ઉદયપ્રાપ્ત કષાયથી બીજા કષાયો પણ પ્રદેશોદય વડે સમકાળે જ વેદાતા હોય છે. તે કારણથી લોભની પેઠે (એકલા લોભોદયની માફક) કેવળ ક્રોધાદિકનો ઉદય (એકલા ક્રોધાદિનો ઉદય) પ્રાપ્ત થતો નથી, એમ વૃદ્ધો કહે છે. એમાં ત[૧]ત્ત્વ શું છે તે શ્રીકેવલી ભગવંત જાણે. (માટે લોભનો જ ઉદય ૧ સમય પ્રમાણ જાણવો).

---

૧. અહીં તત્ત્વ એ છે કે - જીવનો સ્વભાવ જ તથા પ્રકારનો છે કે - ક્રોધકષાયના ઉદયમાં પહેલે સમયે શ્રેણિથી કાળ કરે તો જ્યાં અનુત્તરદેવપણે ઉત્પન્ન થયેલ છે ત્યાં બીજે સમયે પણ પૂર્વભવનો ક્રોધકષાય જ ઉદયમાં આવે. તેવી રીતે માનકષાયના ઉદયમાં પહેલે સમયે મરણ પામેલાને બીજે સમયે પરભવમાં પણ માનકષાય જ ઉદય આવે, તે પ્રમાણે માયાકષાયના ઉદયમાં પહેલે સમયે મરણ પામેલાને પરભવમાં બીજે સમયે પૂર્વભવના માયાકષાયનો જ ઉદય થાય. પરન્તુ લોભકષાય માટે એ રીતિ જીવસ્વભાવથી જ છે નહિ, કારણ કે લોભ કષાયના ઉદયમાં પહેલે સમયે મરણ પામેલા જીવને પરભવમાં બીજે સમયે ચાર કષાયમાંનો કોઈપણ કષાય ઉદયમાં આવે છે. જેથી શ્રેણિમાંથી ઉપશાન્તમોહથી પડી લોભના ઉદયના પ્રથમ સમયે મરણ પામેલા જીવને પરભવમાં (અનુત્તરદેવપણામાં) લોભકષાયનો ઉદય જ રહેવો જોઈએ એવો નિયમ નહિ; પરન્તુ બીજે સમયે ક્રોધકષાયી પણ થાય, અથવા તો માનકષાયી પણ થાય, અથવા તો માયાકષાયી પણ થાય; એ રીતે કોઈપણ કષાયનો ઉદય થાય. એ રીતે પરભવમાં ઉદય આવવા સંબંધી પહેલા ત્રણ કષાયો અને લોભ એ બેમાં ઘણો તફાવત છે. જેથી ક્રોધાદિ ત્રણ કષાય માટે 'જે કષાયમાં જીવ મરે તે જ કષાયમાં ઉત્પન્ન થાય,' એ નિયમ છે, અને લોભ કષાયના સંબંધમાં એ નિયમ નથી.

શ્રી પ્રજ્ઞાપનાજીના ૧૮ મા પદમાં આ ચાર કષાયોની કાયસ્થિતિના પ્રસંગમાં જ વૃત્તિમાં આ પ્રમાણે પાઠ છે, તે અક્ષરશઃ આ પ્રમાણે -

'यदा कश्चिदुपशमक उपशमश्रेणिपर्यवसाने उपशान्तवीतरागो भूत्वा श्रेणितः प्रतिपतन् लोभाणुप्रथमसंवेदनकाल एव कालं कृत्वा देवलोकेषूत्पद्यते । तत्र चोत्पन्नः सन् क्रोधकषायी मानकषायी मायाकषायी वा भवति तदा एकं समयं लोभकषायी लभ्यते । अथैवं क्रोधादिष्वप्येकसमयता कस्मान्न लभ्यते ? उच्यते - तथास्वाभाव्यात् । तथाहि- श्रेणीतः प्रतिपतन् मायाणुवेदनप्रथमसमये मानाणुवेदनप्रथमसमये क्रोधाणुवेदनप्रथमसमये वा यदि कालं करोति, कालं च कृत्वा देवलोकेषूत्पद्यते तथापि तथास्वाभाव्यात् येन कषायोदयेन कालं कृतवान् तमेव कषायोदयं तत्रापि गतः सन्नन्तर्मुहूर्त्तमनुवर्त्तयति, एतच्चावसीयते अधिकृतसूत्रप्रामाण्यात्, ततोऽनेकसमयता क्रोधादिष्विति ।

અર્થ :- જ્યારે કોઈ ઉપશમક જીવ ઉપશમશ્રેણિને અન્તે ઉપશાન્ત વીતરાગ થઈને શ્રેણિથી પડતો લોભાણુને વેદવાના પહેલા જ વેદનસમયમાં (પહેલા ઉદયસમયમાં) કાળ કરીને દેવલોકમાં ઉત્પન્ન થાય, અને ત્યાં ઉત્પન્ન થયો છતો ક્રોધકષાયી થાય અથવા માનકષાયી થાય અથવા તો માયાકષાયી થાય તો તેવા પ્રસંગે લોભકષાયને એક સમય પ્રાપ્ત થાય છે. હવે એ પ્રમાણે ક્રોધાદિ ત્રણ કષાયોમાં પણ એક સમયપણું શા માટે પ્રાપ્ત ન થાય ? તો કહેવાય છે કે - તથા પ્રકારના જીવસ્વભાવથી જ. તે આ પ્રમાણે - શ્રેણિથી પડતો જીવ માયાના અણુ વેદવાના પહેલા સમયે (માયોદયના પહેલા સમયે) અથવા માનના અણુ વેદવાના પહેલા સમયે અથવા તો ક્રોધના અણુ વેદતાં પહેલે સમયે જો કાળ કરે, અને કાળ કરીને દેવલોકમાં ઉત્પન્ન થાય, તો પણ તથાપ્રકારના જીવસ્વભાવથી જ જે કષાયના ઉદયમાં કાળ કર્યો હોય તે જ કષાયનો ઉદય ત્યાં ગયા બાદ પણ અન્તર્મુહૂર્ત્ત સુધી અનુસરે છે - થાય છે. અને એ વાત આ અધિકૃત સૂત્રના પ્રમાણથી જ સમજાય છે (એટલે જે સૂત્રની આ વૃત્તિ છે તે 'कोहकसाई णं भंते !' ઇત્યાદિ સૂત્ર પ્રમાણ હોવાથી જ અર્થાપત્તિ વડે જ એ વાત સિદ્ધ થાય છે. નહિતર ક્રોધાદિક માટે પણ જઘન્યથી ૧ સમયની સ્થિતિનું પ્રતિપાદક સૂત્ર હોત). તે કારણથી ક્રોધાદિક કષાયોમાં અનેક સમયપણું છે.

વળી અહીં વૃત્તિકર્તા લખે છે કે - 'શ્રેણિથી પડતાં ક્રોધ વિગેરેના ઉદયે શેષ પરકષાયો પ્રદેશોદય વડે સમકાળે વેદાય છે, પરન્તુ લોભની પેઠે એકલા વેદાતા નથી એમ વૃદ્ધો કહે છે, તે કારણથી ક્રોધાદિકનો એક સમય સ્થિતિકાળ નથી.' આમ કહેવામાં તાત્પર્ય શું છે ? તે શ્રી વૃત્તિકર્તા જાણે. કારણ કે સમયની સ્થિતિમાં અન્ય કષાયોનો પ્રદેશોદય અથવા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तथा लेसा य - કૃષ્ણલેશ્યા અને નીલલેશ્યા વિગેરે છ લેશ્યાઓની દરેકની સ્થિતિ પણ તિર્યંચ-મનુષ્યોમાં દ્રવ્યલેશ્યા તથા ભાવલેશ્યા એ ઉભયની અપેક્ષાએ જઘન્યથી તેમજ ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્તપ્રમાણ છે. અને દેવ તથા નારકમાં તો કેવળ ભાવલેશ્યાની સ્થિતિ કેટલી ? તે કહેવાય છે. - सुरनारएसु य ઇત્યાદિ - દેવોમાં છએ દ્રવ્યલેશ્યાઓમાંથી જે જ્યાં સંભવતી હોય તે અને કૃષ્ણાદિ ત્રણ અશુભ લેશ્યામાંની જે લેશ્યા જે નારકને સંભવે છે, તે દેવનું અથવા નારકનું પોતાનું જેટલું આયુષ્ય કહેલું છે, તેટલા પ્રમાણની જ તે લેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. તે આ પ્રમાણે - ત્યાં સાતમી પૃથ્વીના નારકોને कृष्णलेश्यानी ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ (તેત્રીસ) સાગરોપમ હોય છે. नीललेश्यानी ઉત્કૃષ્ટ સ્થિતિ પાંચમી પૃથ્વીના પહેલા પ્રતરમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગે અધિક દશ સાગરોપમ જેટલી પ્રાપ્ત થાય છે. कापोतलेश्यानी ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીજી પૃથ્વીના પહેલા પ્રતરમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગે અધિક ત્રણ સાગરોપમ જેટલી પ્રાપ્ત થાય છે. तैजसलेश्यानी ઉત્કૃષ્ટ સ્થિતિ ઈશાન દેવલોકમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગે અધિક બે સાગરોપમ જેટલી પ્રાપ્ત થાય છે. पद्मलेश्यानी ઉત્કૃષ્ટ સ્થિતિ બ્રહ્મદેવલોકમાં દશ સાગરોપમ જેટલી છે, અને शुक्ललेश्यानी ઉત્કૃષ્ટ સ્થિતિ અનુત્તર વિમાનમાં તેત્રીસ સાગરોપમ જેટલી છે.

અહીં કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા તથા કાપોતલેશ્યા એ ત્રણ લેશ્યાઓ ભવનપતિ તથા વ્યન્તર દેવોમાં પણ સંભવે છે. પરન્તુ અહીં ઉત્કૃષ્ટ સ્થિતિનું નિરૂપણ કરવા માટે નારકોમાં કહી છે (પરન્તુ ભવનપતિ, વ્યન્તરની સ્થિતિ નારકોની અપેક્ષાએ અલ્પ હોવાથી એ ત્રણ લેશ્યાઓ ભવનપતિ - વ્યન્તરોમાં અહીં વિચારી નથી). એ પ્રમાણે ૨૩૧મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૨૩૧ इति योगोपयोग - कषाय - लेश्यानां च उत्कृष्टेतरः अवस्थितिकालः ॥

अवतरणः એ પ્રમાણે નવ અનુયોગદ્વારમાં પાંચમા કાળદ્વારને વિષે ગુણવિભાગકાળ - પ્રમાણના પ્રસંગમાં વેદ આદિ ગુણોનો અવસ્થિતિકાળ કહીને હવે આ ગાથામાં મતિજ્ઞાનાદિ જીવના ગુણોનું કાળપ્રમાણ કહેવાય છે :

**छावट्ठि उयहिनामा, साहिया मइसुओहिनाणाणं ।**
**ऊणा य पुव्वकोडी, मण समइय छेय परिहारे ॥२३२॥**

गाथार्थः મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન તથા અવધિજ્ઞાનનો અવસ્થિત કાળ કંઈક અધિક છાસઠ સાગરોપમ જેટલો છે, તથા મનઃપર્યવજ્ઞાન, સામાયિક ચારિત્ર અને પરિહારવિશુદ્ધિ ચારિત્ર એ ત્રણનો કાળ દેશોન પૂર્વક્રોડ વર્ષનો છે. ॥૨૩૨॥

टीकार्थः મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન તથા અવધિજ્ઞાન એ ત્રણ જ્ઞાન નિરન્તરપણે ઉત્કૃષ્ટથી સાધિક છાસઠ સાગરોપમ સુધી વર્તતાં હોય છે. તેની ભાવના આ પ્રમાણે-

તો એકલઉદયપણું એ બે કઈ રીતે હેતુભૂત હોય ? એક સમયની સ્થિતિમાં અન્ય કષાયોનો પ્રદેશોદય કંઈ પણ બાધક સંભવતો નથી. કારણ કે એક સમયની સ્થિતિ તો વિપાકોદયની અપેક્ષાએ ગણવાની છે. તો ક્રોધના એક સમયના વિપાકોદય વખતે માનાદિકનો પ્રદેશોદય હોય તો પણ શું હરકત છે ? હરકત ત્યારે જ કે ક્રોધના વિપાકોદય સાથે માનાદિકનો પણ વિપાકોદય હોય, પરન્તુ તેમ તો છે નહિ. માટે અહીં તો શ્રી પ્રજ્ઞાપનાજીની વૃત્તિમાં એક સમયસ્થિતિ ન હોવાનો જે હેતુ ઉપર દર્શાવાયો છે, તે હેતુ વિશેષ સરળ અને સહેજે સમજાય તેવો છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં મનુષ્યલોકમાં મતિજ્ઞાન અથવા શ્રુતજ્ઞાન અથવા અવધિજ્ઞાન જેને ઉત્પન્ન થયું છે એવો કોઈ જીવ દેશોન પૂર્વક્રોડવર્ષ સુધી જીવીને તેત્રીસ સાગરોપમના આયુષ્યવાળા અનુત્તર દેવોમાં ઉત્પન્ન થયો. ત્યાંથી પુનઃ અહીં આવ્યો છતો મનુષ્યભવમાં એ ત્રણ જ્ઞાન પતિત નથી થયાં; એવી રીતે એ ત્રણ જ્ઞાનસહિત જ પૂર્વક્રોડવર્ષ સંપૂર્ણ જીવીને પુનઃ તેત્રીસ સાગરોપમના આયુષ્યવાળા અનુત્તર દેવોમાં ઉત્પન્ન થયો. પુનઃ પણ અપતિત એ ત્રણ જ્ઞાનસહિત વર્તતો મનુષ્યમાં આવ્યો. (અને ત્યાં પૂર્વક્રોડવર્ષ સુધી તે ત્રણ જ્ઞાનયુક્ત રહ્યો) તો એ રીતે ત્રણ વાર મનુષ્યના ભવ અને બે વાર અનુત્તરના ભવ થવાથી ત્રણ મનુષ્યભવના ત્રણ પૂર્વક્રોડવર્ષ સહિત છાસઠ સાગરોપમ જેટલો ઉત્કૃષ્ટકાળ એ મતિ આદિ ત્રણ જ્ઞાનનો પ્રાપ્ત થાય છે.

અથવા એ જ મનુષ્ય કે જેનાં એ ત્રણ જ્ઞાન પતિત નથી થયાં તેથી ઉત્ક્રાન્ત પણ નથી થયાં (ગયાં નથી) એવો તે મનુષ્ય બાવીસ સાગરોપમના આયુષ્યવાળા અચ્યુતદેવલોકમાં (બારમા દેવલોકમાં) પૂર્વે કહેલા ક્રમ પ્રમાણે જ (એટલે એક મનુષ્યભવ અને એક દેવભવ એ રીતે પરસ્પર અંતરિત રીતે) ત્રણ વાર ઉત્પન્ન થાય તો એ રીતે પણ એ ત્રણ જ્ઞાનોનો કહેલો સાધિક છાસઠ સાગરોપમ જેટલો કાળ પ્રાપ્ત થાય છે. જે કારણથી (સિદ્ધાન્તમાં કહ્યું છે કે -)

दो वारे विजयाइसु, गयस्स तिण्णच्चुए अहव ताइं ।
अइरेगं नरभवियं, नाणाजीवाण सव्वद्धं ।।१।।

અહીં ગાથામાં એ ત્રણ જ્ઞાનનો ઉત્કૃષ્ટ સ્થિતિકાળ કહ્યો છે, પરન્તુ જઘન્ય કહ્યો નથી. માટે જઘન્ય સ્થિતિકાળ મતિ-શ્રુતનો પ્રત્યેકનો અન્ત[1]ર્મુહૂર્તપ્રમાણ જાણવો. અને અવધિજ્ઞાનનો જઘન્ય કાળ ૧ સમય જાણવો. તે કેવી રીતે ? એમ જો પૂછતા હો તો કહેવાય છે કે (અવધિજ્ઞાનનો જઘન્ય કાળ આ પ્રમાણે ) :

કોઈ વિભંગજ્ઞાની તિર્યંચ વા મનુષ્ય[2] સમ્યક્ત્વ ઉત્પન્ન કરે તો તેનું તે વિભંગજ્ઞાન પહેલો એક સમય અવધિજ્ઞાનપણાને પામે છે, અને ત્યારબાદ બીજે જ સમયે પુનઃ અવધિજ્ઞાનાવરણના ઉદયથી તે અવધિજ્ઞાન મૂળથી જ સર્વથા નાશ પામે ત્યારે અવધિજ્ઞાન જઘન્યથી એક[3] સમય પ્રાપ્ત થાય છે. જે કારણથી કહ્યું છે કે - 'मइनाणी जहन्नेणं अंतोमुहुत्तं, एवं सुयनाणी वि, ओहिनाणी जहण्णेणं एक्कं समयं.'

૧. સમ્યક્ત્વની પ્રાપ્તિ થતાં મતિઅજ્ઞાન તે જ મતિજ્ઞાનરૂપે અને શ્રુતઅજ્ઞાન તે જ શ્રુતજ્ઞાનરૂપે પરિણમે અને અન્તર્મુહૂર્તમાં સમ્યક્ત્વ પતિત થતાં પુનઃ મતિઅજ્ઞાન-શ્રુતઅજ્ઞાન થઈ જવાથી મતિ-શ્રુતજ્ઞાનનો જઘન્ય કાળ અન્તર્મુહૂર્તપ્રમાણ થાય છે.

૨. તિર્યંચ વા મનુષ્ય વા દેવ એ ત્રણે (- પ્રજ્ઞાપનાજી).

૩. અહીં શ્રીપ્રજ્ઞાપનાવૃત્તિનો ભાવાર્થ આ પ્રમાણે - 'અહીં તિર્યંચ પંચેન્દ્રિય અથવા મનુષ્ય અથવા દેવ જે વિભંગજ્ઞાની છતો સમ્યક્ત્વ પામે, અને તે જીવને સમ્યક્ત્વની પ્રતિપત્તિના સમયે જ સમ્યક્ત્વના સદ્ભાવથી વિભંગજ્ઞાન તે અવધિજ્ઞાનરૂપે થયું, અને તે અવધિજ્ઞાન જ્યારે દેવના ચ્યવનરૂપ મરણ વડે દેવને, અને બીજાને (મનુષ્ય-તિર્યંચને) બીજી રીતે પણ (મરણથી વા અવધિઆવરણના ઉદયથી) અનન્તર સમયે પતિત થાય ત્યારે અવધિજ્ઞાનને એકસમયપણું પ્રાપ્ત થાય છે.'
અહીં શ્રી પ્રજ્ઞાપનાવૃત્તિમાં એક સમયના અધિકારી ત્રણ જીવ કહ્યા અને ઉપર બે કહ્યા, તથા પડવામાં ઉપર એક આવરણોદય જ હેતુ કહ્યો અને અહીં બે હેતુ કહ્યા એ વિશેષ છે.

Jain Education International

For Private & Personal Use Only
www.jainelibrary.org

તથા ऊणा य पुव्वकोडी ઈત્યાદિ - મનઃપર્યવજ્ઞાનનો સ્થિતિકાળ કિંચિત્ ન્યૂન - નવ વર્ષ વડે ન્યૂન પૂર્વક્રોડવર્ષપ્રમાણનો ઉત્કૃષ્ટથી છે. કારણ કે ચારિત્રીઓ જ મનઃપર્યવજ્ઞાન પામે છે. અને ચારિત્ર તો ગર્ભકાળથી પ્રારંભીને કંઈક ન્યૂન નવ વર્ષ વ્યતીત થયા બાદ જ ઘણું કરીને પ્રાપ્ત થાય છે. તે કારણથી જ તેટલાં વર્ષ ન્યૂન પૂર્વક્રોડ વર્ષ જેટલો મનઃપર્યવજ્ઞાનનો ઉત્કૃષ્ટ સ્થિતિકાળ કહ્યો છે. વળી જઘન્યથી તો એ મનઃપર્યવજ્ઞાન એક જ સમયની સ્થિતિવાળું છે. કારણ કે જેને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું છે એવા અપ્રમત્ત મુનિ એક સમય બાદ કાળ કરી દેવમાં ઉત્પન્ન થાય છે, અને દેવમાં મનઃપર્યવજ્ઞાનનો અભાવ છે, માટે એક સમયની સ્થિતિવાળું છે.

તથા सामायिक चारित्र અને छेदोपस्थापनीय चारित्र એ પણ બન્ને ચારિત્ર છે. અને ચારિત્ર હોવાના કારણથી જ એ બેની પણ એટલી જ સ્થિતિ છે. અર્થાત્ એ દરેક ચારિત્રની ઉત્કૃષ્ટ સ્થિતિ દેશોન પૂર્વક્રોડવર્ષ-પ્રમાણની છે, વળી જઘન્યથી તો એ બન્ને ચારિત્રની પણ દરેકની એકેક સમયપ્રમાણ જ સ્થિતિ જાણવી. કારણ કે એ બે ચારિત્રને એક સમયમાત્ર પ્રાપ્ત કરી અનન્તર સમયે (બીજે સમયે) મરણનો સંભવ હોવાથી; અને મરણ પામીને દેવમાં ઉત્પન્ન થવાથી દેવમાં અવિરતિપણું જ હોવાથી કોઈપણ ચારિત્રનો અભાવ છે.

તથા परिहारविशुद्धि चारित्रની પણ જઘન્ય સ્થિતિ ૧ સમયમાત્ર છે, અને ઉત્કૃષ્ટથી કિંચિત્ ન્યૂન - ઓગણત્રીસ વર્ષ ન્યૂન પૂર્વક્રોડવર્ષ પ્રમાણની સ્થિતિ છે. જે કારણથી કહ્યું છે કે -

'परिहा[1]रविसुद्धीए णं भंते ! परिहारविसुद्धिए त्ति कालओ केच्चिरं होइ ? गोयमा ! जहण्णेणं एक्कं समयं, उक्कोसेणं देसूणाए एगूणतीसाए वासेहिं ऊणिया पुव्वकोडी' ॥

અહીં જઘન્ય સ્થિતિ જે એક સમયની કહી તે પૂર્વે કહયા પ્રમાણે (એટલે સામાયિક ચારિત્ર તથા છેદોપસ્થાપનિક ચારિત્રની જઘન્ય સ્થિતિ ૧ સમય કહી તે પ્રમાણે) મરણની અપેક્ષાએ જ જાણવી. અને ઉત્કૃષ્ટ સ્થિતિ જે દેશોન ઓગણત્રીસ વર્ષન્યૂન પૂર્વક્રોડવર્ષપ્રમાણ કહી, તેની ભાવના આ પ્રમાણે -

અહીં જઘન્યથી પણ નવમા પૂર્વની આચાર નામની ત્રીજી વસ્તુ સુધીનું દૃષ્ટિવાદ સૂત્ર ભણ્યા હોય એવા મુનિને જ પરિહારવિશુદ્ધિ ચારિત્ર પ્રાપ્ત થાય છે. તે કારણથી કોઈ જીવે દેશોન નવ વર્ષની વયે પૂર્વક્રોડવર્ષના આયુષ્યવાળાએ પ્રવ્રજ્યા - દીક્ષા અંગીકાર કરી હોય, અને તેને જ્યારે વીસ વર્ષનો દીક્ષાપર્યાય થાય ત્યારે જ દૃષ્ટિવાદ સૂત્ર (બારમું અંગ) ભણવાની આજ્ઞા છે. કારણ કે દીક્ષાનો પર્યાય વીસ વર્ષનો ન થયો [illegible]ાં સુધીમાં પહેલાં દૃષ્ટિવાદ સૂત્રની અનુજ્ઞા સિધ્ધાન્તોમાં નિષેધ કરેલી છે. [માટે તે વીસ [illegible] દીક્ષાપર્યાય થયા બાદ દૃષ્ટિવાદના સૂત્રના નવમા પૂર્વની આચાર નામની ત્રીજી વસ્તુ (વસ્તુ એટલે એક મોટો અધ્યાય - વિશેષ) ભણે, ત્યાર બાદ પરિહારવિશુદ્ધિ ચારિત્ર પામી શકે છે]. વળી તે પરિહારચારિત્ર અઢાર માસ સુધીનું છે (અઢાર માસપ્રમાણનું છે), તો પણ તે ચારિત્રના અવિચ્છિન્ન અખંડિત પરિણામ વડે તે જીવે પરિપાલન કર્યું હોય (અર્થાત્ ૧૮ માસનો ક્રિયાવિધિ કર્યા બાદ પણ પરિહારના પરિણામથી પતિત ન થયો હોય) તો એ પ્રમાણે દેશોન ઓગણત્રીસ વર્ષના ન્યૂન પૂર્વક્રોડવર્ષ

૧. પરિહારવિશુદ્ધિ ચારિત્રવાળો જીવ હે ભગવન્ ! પરિહારવિશુદ્ધિ ચારિત્રમાં કેટલા દીર્ઘ કાળ સુધી વર્તે ? હે ગૌતમ ! જઘન્યથી એક સમય સુધી વર્તે અને ઉત્કૃષ્ટથી કંઈક ન્યૂન ઓગણત્રીસ વર્ષ વડે ન્યૂન (રહિત, એટલે સાધિક ૨૮ વર્ષ ન્યૂન) પૂર્વક્રોડવર્ષ સુધી પરિહારવિશુદ્ધિ ચારિત્રમાં વર્તે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

- પ્રમાણ એ પરિહારવિશુદ્ધિ ચારિત્રનો ઉત્કૃષ્ટ સ્થિતિકાળ પ્રાપ્ત થાય છે. (ત્યાં સુધી પ્રમત્તાપ્રમત્તભાવે એ પરિણામમાં વર્તે છે.)

તથા सूक्ष्मसंपराय ચારિત્રનો સ્થિતિકાળ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત પ્રમાણ[1]નો છે. તેમજ यथाख्यात ચારિત્રનો સ્થિતિકાળ પણ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વક્રોડવર્ષ પ્રમાણનો છે. તે પૂર્વે પણ ભાવાર્થપૂર્વક કહેલો જ છે તે કારણથી અહીં તેની ભાવના પુનઃ કહી નથી. તથા केवलज्ञानનો પણ સ્થિતિકાળ સાદિ અનન્ત છે તે તો પ્રસિદ્ધ જ છે, તે કારણથી અહીં (આ ગાથામાં) જ્ઞાનોના સ્થિતિકાળ કહેવાનો અધિકાર ચાલે છે છતાં કેવલજ્ઞાનનો કાળ ન કહ્યો. એ ૨૩૨ મી ગાથાનો અર્થ સમાપ્ત.॥૨૩૨॥

अवतरण: હવે આ ગાથામાં વિભંગજ્ઞાન આદિ જીવગુણોનું કાળમાન નિરૂપણ કરાય છે. તે આ પ્રમાણે :

**विब्भंगस्स भवट्ठिइ, चक्खुस्सुदहीण बे सहस्साइं ।**
**णाई अपज्जवसिओ, सपज्जवसिओत्ति य अचक्खू ॥२३३॥**

गाथार्थ: વિભંગજ્ઞાનનો સ્થિતિકાળ તે જીવની ભવસ્થિતિ જેટલો (અર્થાત્ આયુષ્ય જેટલો) છે. ચક્ષુદર્શનનો સ્થિતિકાળ બે હજાર સાગરોપમ જેટલો છે. અને અચક્ષુદર્શનનો કાળ અનાદિ અપર્યવસિત તથા અનાદિ સપર્યવસિત (અર્થાત્ અનાદિ અનંત અને અનાદિ સાન્ત એમ બે પ્રકારનો છે. ॥૨૩૩।

टीकार्थ: પાંચ જ્ઞાનનો સ્થિતિકાળ તો પૂર્વ ગાથામાં કહેવાઈ ગયો. હવે તે જ્ઞાનના પ્રતિપક્ષી એવા ત્રણ અજ્ઞાનોનો કાળ કહેવાનો પ્રસંગ છે. તે અજ્ઞાન ત્રણ પ્રકારનું છે; મતિઅજ્ઞાન - શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન. ત્યાં મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન અભવ્ય જીવોની અપેક્ષાએ અનાદિ અનન્ત છે, અને ભવ્ય જીવોની અપેક્ષાએ વિચારતાં જે અનાદિ મિથ્યાદૃષ્ટિ ભવ્ય જીવો છે (એટલે પૂર્વે કોઈવાર સમ્યક્ત્વ પામ્યા જ નથી એવા મિથ્યાદૃષ્ટિ ભવ્ય જીવો) તેઓને અનાદિકાળનાં એ બે અજ્ઞાન છે, પરન્તુ તેનો અન્ત હોવાથી અનાદિ સાન્ત છે. તથા જેઓ સમ્યકૃત્વ પામીને પુનઃ પતિત થઈ મિથ્યાદૃષ્ટિ થયા છે તેવા પતિત સમ્યગ્દૃષ્ટિઓના મતિઅજ્ઞાન-શ્રુતઅજ્ઞાનનો સ્થિતિકાળ જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અર્ધ પુદ્ગલપરાવર્ત્તરૂપ સાદિ સાન્ત કાળ સુધીનો કાળ પ્રાપ્ત થાય છે.

અહીં ગાથામાં જો કે એ બે અજ્ઞાનનો કાળ ગ્રંથકર્તાએ નથી કહ્યો તો પણ ઉપલક્ષણ વ્યાખ્યાથી એ સર્વ પોતાની મેળે જ જાણી લેવું. વિભંગજ્ઞાન રૂપ ત્રીજા અજ્ઞાનનો કાળ તો અહીં ગ્રંથકર્તા પોતે જ (ગાથામાં) કહે છે. તે આ પ્રમાણે :

विब्भंगस्स भवट्ठिइ - જે તિર્યંચભવમાં અથવા મનુષ્યભવમાં વર્તતા જીવને વિભંગજ્ઞાન ઉત્પન્ન થયું, અને તે ઉત્પન્ન થયેલા વિભંગજ્ઞાન સહિત જે બીજા ભવમાં જાય, તો તે બે ભવની

૧. એ કાળની ભાવના પૂર્વે કહેવાઈ ગઈ છે, તો પણ સ્થાનની અશૂન્યતા માટે કહેવાય છે, તે આ પ્રમાણે - ઉપશમશ્રેણિમાં ચઢતા વા પડતાં સૂક્ષ્મસંપરાયના પહેલા જ સમયે મરણ પામે તો એક સમયનો કાળ છે. અને અંતર્મુહૂર્ત તો એ ગુણસ્થાનનો સ્વાભાવિક કાળ છે. કારણ કે જો મરણ ન પામે તો સૂક્ષ્મસંમરાયપણું અવશ્ય અન્તર્મુહૂર્ત સુધી કાયમ જ રહે એવો નિયમ છે, ત્યારબાદ અન્ય ગુણસ્થાન પ્રાપ્ત થાય જ.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે ઉત્કૃષ્ટ સ્થિતિ, તેમાંથી કંઈક ન્યૂન સ્થિતિ, એટલો વિભંગજ્ઞાનનો નિરન્તરપણે ઉત્કૃષ્ટ અવસ્થિતિકાળ જાણવો એ તાત્પર્ય છે. તે આ પ્રમાણે - તિર્યંચ પંચેન્દ્રિય અથવા મનુષ્ય તે કંઈક વ્યક્ત થયો છતો (કિંચિત્ વિભંગજ્ઞાન યોગ્ય અવ[1]સ્થાને પ્રાપ્ત થયો છતો) તેને વિભંગજ્ઞાન ઉત્પન્ન થયું. અને તે વિભંગજ્ઞાન સહિત તે જીવ અહીં (તે જ ભવમાં) કંઈક ન્યૂન પૂર્વક્રોડ વર્ષ સુધી જીવ્યો. અહીં કોઈક તેવા પ્રકારના ગુણા[2]ભાસ વડે વિભંગજ્ઞાન ઉત્પન્ન થાય છે, અને તેવો ગુણાભાસ કિંચિત્ અવ્યક્તને[3] જ થાય છે. તે કારણથી અહીં પૂર્વક્રોડ વર્ષમાં કિંચિત્ ન્યૂનતા કહી છે. અને ત્યારબાદ તે અપતિત વિભંગજ્ઞાન સહિત જ નીચે સાતમી પૃથ્વીમાં ઉત્પન્ન થયો, અને ત્યાં ૩૩ સાગરોપમ સુધી જીવ્યો. તો એ પ્રમાણે બે ભવમાં મળીને નિરન્તરપણે દેશોન પૂર્વક્રોડ વર્ષ અધિક ૩૩ (તેત્રીસ) સાગરોપમ જેટલો વિભંગજ્ઞાનનો ઉત્કૃષ્ટ સ્થિતિકાળ સિદ્ધ થાય છે. અને વિભંગજ્ઞાનનો જઘન્ય કાળ જે એક સમય જેટલો કહ્યો છે, તે આ પ્રમાણે જાણવો.

વિશુદ્ધિને પ્રાપ્ત કરતા (વિશુદ્ધ અધ્યવસાયમાં વર્તતા) એવા કોઈક મિથ્યાદૃષ્ટિને પહેલે સમયે - એક સમય વિભંગજ્ઞાન ઉત્પન્ન થયું, અને ત્યારબાદ ઉત્કૃષ્ટ વિશુદ્ધિને અનુભવતાં (અર્થાત્ બીજે સમયે ઉત્કૃષ્ટ વિશુદ્ધ અધ્યવસાયમાં વર્તતાં) સમ્યક્ત્વ ઉત્પન્ન થયું. તો તે સમયે પ્રથમ સમયનું વિભંગજ્ઞાન તે બીજે જ સમયે અવધિજ્ઞાનના સ્વરૂપમાં પરિણમ્યું (ગણાયું). જેથી એ પ્રમાણે વિભંગજ્ઞાનનો જઘન્ય અવસ્થિતિકાળ એક સમય જેટલો કહ્યો છે. (સિદ્ધાન્તમાં) કહ્યું છે કે - 'विभंग[1]नाणी णं भंते ! विभंगनाणि त्ति कालओ केच्चिरं होइ ?

---

૧. અર્થાત્ કેટલાંક વર્ષ વીત્યા બાદ વિભંગજ્ઞાન થાય છે, એમ શ્રીપ્રજ્ઞાપનાજીની વૃત્તિમાં કહ્યું છે; इह कश्चित्...पूर्वकोट्यायुः कतिपयवर्षातिक्रमे विभङ्गज्ञानी जायते - इति वचनात्.

૨. અહીં ગુણાભાસ એટલે સમ્યક્ત્વરહિત તપશ્ચર્યાદિ ગુણ, અને સમ્યક્ત્વસહિત હોય તો તે તપશ્ચર્યાદિ ગુણ ગુણાભાસ નહિ પણ ગુણ કહેવાય.

૩. અહીં કિંચિત્ અવ્યક્ત એટલે મંદમિથ્યાત્વ સંજ્ઞા સંભવે છે.

૧. હે ભગવન્ ! વિભંગજ્ઞાની જીવ વિભંગજ્ઞાનીપણે કેટલા દીર્ઘ કાળ સુધી રહે ? ગૌતમ ! જઘન્યથી ૧ સમય સુધી અને ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વક્રોડ વર્ષ અધિક તેત્રીસ સાગરોપમ સુધી (વિભંગજ્ઞાનીપણું સતત કાયમ રહે).

વળી અહીં વિભંગજ્ઞાનની એક સમયની સ્થિતિ માટે વૃત્તિકર્તાએ જે કંઈક લખ્યું છે, તે ઉપર દર્શાવાયું છે. અને શ્રી પ્રજ્ઞાપનાજીની વૃત્તિમાં એ જ વાતને જુદા સ્વરૂપથી લખી છે તે આ પ્રમાણે - 'विभङ्गज्ञानी जघन्यत एकं समयं, कथमिति चेत् ? उच्यते - कश्चित् तिर्यक्पञ्चेन्द्रियो मनुष्यो देवो वा सम्यग्दृष्टित्वादवधिज्ञानी सन् मिथ्यात्वं गतस्तस्मिंश्च मिथ्यात्वप्रतिपत्तिसमये मिथ्यात्वप्रभावतोऽवधिज्ञानं विभङ्गज्ञानीभूतं 'आद्यत्रयमज्ञानमपि भवति मिथ्यात्वसंयुक्त' मिति वचनात्, ततोऽनन्तरसमये देवस्य च्यवनेनान्यस्य मरणेनान्यथा वा तद्विभङ्गज्ञानं परिपतति तत एवमेकसमयता विभङ्गज्ञानस्य ।

અર્થ :- વિભંગજ્ઞાની જઘન્યથી એક સમય પ્રાપ્ત થાય છે, તે કેવી રીતે ? એમ જો પૂછતા હો તો કહેવાય છે કે - કોઈ તિર્યંચ પંચેન્દ્રિય અથવા મનુષ્ય અથવા કોઈ દેવ સમ્યગ્દૃષ્ટિપણાથી અવધિજ્ઞાની હોઈને મિથ્યાત્વ પામ્યો, તો તે મિથ્યાત્વની પ્રાપ્તિના સમયે જ મિથ્યાત્વના પ્રભાવથી અવધિજ્ઞાન તે વિભંગજ્ઞાનરૂપે પરિણમ્યું. જે કારણથી પહેલાં ત્રણ જ્ઞાન જો મિથ્યાત્વ સહિત હોય તો તે ત્રણે અજ્ઞાન સ્વરૂપ થાય છે, એ પ્રમાણે વચન હોવાથી. ત્યારબાદ (એટલે મિથ્યાત્વ પ્રાપ્તિના સમયથી અનન્તરના) બીજા સમયે દેવનું ચ્યવન થવાથી દેવનું વિભંગજ્ઞાન નાશ પામે, અને અન્યનું (એટલે તિર્યંચ પંચેન્દ્રિયનું અથવા મનુષ્યનું) વિભંગજ્ઞાન તેના મરણ વડે અથવા તો બીજી રીતે (એટલે અવધિજ્ઞાનાવરણનો ઉદય થવાથી) પરિપતિત થાય (વિનાશ પામે), તે કારણથી એ રીતે વિભંગજ્ઞાનનો સ્થિતિકાળ એક સમયનો ઘટી શકે છે (એ રીતે એક સમય સંબંધી વક્તવ્યતા કહી).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गोयमा ! जहण्णेणं एक्कं समयं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं देसूणाए पुव्वकोडीए अब्भहियाइं।

એ પ્રમાણે જ્ઞાનોનો અને અજ્ઞાનોનો સ્થિતિકાળ કહ્યો. હવે ચક્ષુદર્શનાદિ દર્શનનો સ્થિતિકાળ કહેવાની ઇચ્છાએ ગ્રંથકર્તા કહે છે કે :

चक्खुस्सुदहीण बे सहस्साइं - ચક્ષુનો એટલે ચક્ષુદર્શનરૂપ જે લબ્ધિ તેનો નિરન્તરપણે ઉત્કૃષ્ટ સ્થિતિકાળ બે હજાર સાગરોપમ જેટલો છે, એ તો પ્રથમ સૂત્રકર્તાનો (જીવસમાસ ગ્રંથકર્તાનો) અભિપ્રાય કહ્યો. અને એ કથન તો અસંગત જેવું જ સમજાય છે, કારણ કે સિદ્ધાન્ત સાથે વિસંવાદવાળું હોવાથી તેમજ યુક્તિયુક્ત ન હોવાથી. તે આ પ્રમાણે - સિદ્ધાન્તમાં તો કહ્યું છે કે :

---

પ્રશ્નઃ અહીં મનુષ્ય-તિર્યંચનું વિભંગજ્ઞાન બીજે સમયે મરણ વડે ચાલ્યું જાય અથવા બીજી રીતે ચાલ્યું જાય એમ કહ્યું, ત્યાં બીજી રીતમાં અવધિ આવરણનો ઉદય ન લેતાં સમ્યક્ત્વની પ્રાપ્તિ થવાથી બીજે સમયે અવધિજ્ઞાનસ્વરૂપ થવાથી તે વિભંગજ્ઞાન ચાલ્યું ગયું કેમ ન ગણાય ?

ઉત્તરઃ મિથ્યાત્વની પ્રાપ્તિ જીવને જઘન્યથી પણ અન્તર્મુહૂર્ત્ત સુધી રહેનારી હોય છે, પરન્તુ કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ એક સમય મિથ્યાત્વ પામીને પુનઃ બીજે સમયે સમ્યક્ત્વ પામે એમ બનતું નથી. તે કારણથી ઉપર લખેલી બીજી રીતમાં સમ્યક્ત્વની પ્રાપ્તિ તે હેતુરૂપે ઘટી શકતી નથી, માટે જ્ઞાનાવરણનો ઉદય જ હેતુ છે.

પ્રશ્નઃ જો એમ છે તો વિભંગજ્ઞાન અથવા અવધિજ્ઞાન મરણ વડે વિનાશ પામે એ નિર્ણીત કે નહિ ? અથવા વિનાશ ન પણ પામે ?

ઉત્તરઃ વિભંગજ્ઞાન અથવા અવધિજ્ઞાન મરણ વડે વિનાશ પામે એવો નિયમ નથી. પરન્તુ એ બેના વિનાશમાં કોઈકને મરણ પણ અનિયત કારણરૂપે છે. અને આવરણનો ઉદય તો વિનાશમાં અવશ્ય કારણ છે. જો મરણ એ કારણરૂપ હોય તો અવધિનો તથા વિભંગનો જે ઉત્કૃષ્ટ કાળ કહ્યો છે તે પ્રાપ્ત ન થાય. વળી અવધિજ્ઞાન અનેક પ્રકારનાં છે, તેમાંના કેટલાક પ્રકારનાં એવાં પણ અવધિજ્ઞાન હોય કે જે મરણથી અવશ્ય વિનાશ પામનારાં હોય છે. વળી અનુમાન પણ થાય છે કે - અસંખ્ય દેવો વા નારકોને અવધિ વા વિભંગજ્ઞાન સંપૂર્ણ ભવપર્યંત હોય છે. પરન્તુ તે સર્વનાં જ્ઞાન પરભવમાં સાથે નથી જતાં પણ મરણથી અવશ્ય વિનષ્ટ થાય છે. અને અવધિ તથા વિભંગને પરભવમાં સાથે લઈ જનારા જીવો ઘણા જ અલ્પ છે, માટે એક સમયની સ્થિતિમાં મરણને હેતુરૂપ કહ્યું છે તે યથાર્થ જ છે. વળી વચ્ચે વચ્ચે સમ્યક્ત્વ અને મિથ્યાત્વથી પરાવૃત્તિ પામનારાં એ અવધિ વા વિભંગ જ્ઞાનો પ્રાયઃ પ્રતિપાતી જ હોવાથી મરણ સમયે અવશ્ય નષ્ટ થાય છે.

પ્રશ્નઃ વિભંગ અને અવધિનો એક સમય સ્થિતિકાળ શાસ્ત્રમાં તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ત્રણને અધિકૃત કરીને કહ્યો ત્યારે નારકને અધિકૃત કરીને કેમ ન કહ્યો ? શું નારકજીવને એક સમયનું અવધિજ્ઞાન વા વિભંગજ્ઞાન ન હોય ?

ઉત્તરઃ દેવોનું અવધિ વા વિભંગ મરણના પૂર્વ સમયે સમ્યક્ત્વ વા મિથ્યાત્વની પ્રાપ્તિથી ઉત્પન્ન થાય છે, અને મરણ સમયે તે અવધિ વા વિભંગ પુનઃ ચાલ્યું જાય છે. તેવી રીતે નારકોમાં મરણના પૂર્વ સમયે મિથ્યાદૃષ્ટિને સમ્યક્ત્વ થવાનો અને સમ્યગ્દૃષ્ટિને મિથ્યાત્વ થવાનો જ અવકાશ નથી તો નારકોને અંગે ૧ સમય કેવી રીતે ઘટે ? અને મરણ પૂર્વે નારકભવના મધ્યભાગમાં તો સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય તો પણ અવશ્ય અન્તર્મુહૂર્ત્ત રહેવાથી અવધિ પણ અન્તર્મુહૂર્ત સુધી રહે. અને સમ્યગ્દૃષ્ટિને મિથ્યાત્વની પ્રાપ્તિ થાય તો પણ મિથ્યાત્વ અન્તર્મુહૂર્ત્ત રહેવાથી વિભંગ પણ અંતર્મુહૂર્ત્ત રહે. વળી નારકોને પરભવમાં જતાં મરણના પર્યન્ત સમયે સમ્યક્ત્વ પ્રાપ્તિનો નિષેધ છે, એ કર્મગ્રંથનો અભિપ્રાય છે. અને શ્રીભગવતીજીનો તો અભિપ્રાય છે કે છ પૃથ્વીના નારકો પર્યન્તે ક્ષયોપશમ સમ્યક્ત્વ પામી તે સમ્યક્ત્વ સહિત અહીં ઉત્પન્ન થાય છે, અને અહીંથી ક્ષયોપશમ સમ્યક્ત્વ સહિત છઠ્ઠી પૃથ્વી સુધી ઉત્પન્ન પણ થાય છે. તો એ અપેક્ષાએ વિચારતાં નારકો પર્યન્તસમયે સમ્યક્ત્વ પામતાં એક સમય અવધિજ્ઞાનવાળા થઈ મરણ સમયે તે અવધિજ્ઞાન ચાલ્યું જાય તો નારકોને એ રીતે એક સમયની સ્થિતિ કેમ ન ઘટે ? તે સંબંધી વિશેષ વિચાર શ્રીબહુશ્રુતથી વિચારવો યોગ્ય છે.

તથા અવધિનો ઉત્કૃષ્ટ કાળ કહેવામાં તો મનુષ્ય જ અધિકૃત હોય તે યથાર્થ છે. કારણ કે અનુત્તરદેવમાં ઉત્પન્ન થવાની વક્તવ્યતા હોવાથી. અને વિભંગજ્ઞાનના ઉત્કૃષ્ટ કાળમાં દેવ અધિકૃત નથી તે પણ યથાર્થ છે, કારણ કે સાતમી પૃથ્વીમાં મનુષ્ય વા તિર્યંચ જ જાય, અને દેવને તો સ્વભાવે જ નરકમાં ઉત્પન્ન થવું નથી.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चक्खु[1]दंसणी णं भंते ! चक्खुदंसणित्ति कालओ केच्चिरं होइ ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं उक्कोसेणं सागरोवमसहस्सं साइरेगं ॥

તે કારણથી સાધિક એક હજાર સાગરોપમનું નિરૂપણ કરનાર એ કહેલા સિદ્ધાન્તના વચન સાથે આ ગ્રંથકર્તાનું બે હજાર સાગરોપમને નિરૂપણ કરનારું વચન વિસંવાદવાળું થાય છે. વળી બીજી વાત એ છે કે – 'पज्जत्तय[2] सयलिंदिय, सहस्समब्भहियमुयहिनामाणं । दुगुणं च तसत्ति भवे' ઈત્યાદિ પૂર્વે કહેલી આ ગ્રંથની જ ગાથામાં અને સિદ્ધાન્તમાં સર્વે દ્વીન્દ્રિયાદિ ત્રસ જીવોનો સાધિક બે હજાર સાગરોપમ જેટલો સ્થિતિકાળ પ્રતિપાદન કરેલો છે. અને તે કાળ ચક્ષુદર્શની એવા ચતુરિંદ્રિય અને પંચેન્દ્રિયનો જ કેવળ કેવી રીતે સંભવે ? કારણ કે ચતુરિન્દ્રિયનો સંખ્યાત કાળ અને પંચેન્દ્રિયનો સાધિક એક હજાર સાગરોપમ જેટલો કાયસ્થિતિકાળ સિદ્ધાન્તમાં અને આ ગ્રંથમાં પણ કહ્યો છે. અને ચતુરિન્દ્રિય તથા પંચેન્દ્રિયને વર્જીને બીજા કોઈને ચક્ષુદર્શન સંભવતું નથી. તે કારણથી સિદ્ધાન્તમાં કહેલો ચક્ષુદર્શનીનો કાયસ્થિતિકાળ તે યુક્તિવાળો સમજાય છે, પરન્તુ આ ગ્રંથમાં કહેલો (બે હજાર સાગરોપમ જેટલો) કાળ યુક્તિવાળો સંભવતો નથી, કારણ કે યુક્તિથી વિચારતાં વિરોધ આવે છે માટે.

તથા अचक्खु - અચક્ષુદર્શની જીવ એટલે ચક્ષુ સિવાયની શેષ ચાર ઇન્દ્રિયોથી થતા દર્શનની (સામાન્યોપયોગની) લબ્ધિવાળો પ્રાણી કાળથી અનાદિ અપર્યવસિત (એટલે અનાદિ અનન્ત) છે, અને તે અભવ્યની અપેક્ષા એ અનાદિ અનન્ત છે. અહીં ગાથામાં णाई એ પદમાં પહેલા अ કારનો લોપ થયેલો હોવાથી અર્થ વખતે अणाई એ સંપૂર્ણ પદ જાણવું. તેથી અનાદિ અનંત અને અનાદિ સાન્ત એ અર્થ નિકળે છે. તથા અભવ્યોને સ્પર્શેન્દ્રિય[3]ની અપેક્ષાએ અચક્ષુ દર્શનરૂપ લબ્ધિ અનાદિકાળની હોવાથી તેમજ અનન્તકાળ સુધી ભાવિમાં વર્તનારી હોવાથી અભવ્યોને અચક્ષુદર્શન અનાદિ અનન્ત છે. તથા सपज्जवसिओत्ति य એ પદની સાથે પણ णाई = અનાદિ પદનો સંબંધ અનુસરતો હોવાથી અનાદિ સપર્યવસિત પદ થાય. અને તેથી એ જ અચક્ષુદર્શની જીવ ભવ્યની અપેક્ષાએ વિચારીએ તો અનાદિ સપર્યવસિત છે. કારણ કે ભવ્ય જીવોને સ્પર્શેન્દ્રિયની અપેક્ષાએ અચક્ષુદર્શન લબ્ધિ અનાદિકાલની છે, અને કેવળજ્ઞાનની

---

૧. હે ભગવન્ ! ચક્ષુદર્શની જીવ ચક્ષુદર્શનીપણે કાળથી કેટલા દીર્ઘ કાળ સુધી હોય ? ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી એક હજાર સાગરોપમથી કંઈક અધિક.

૨. પર્યાપ્તાની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ કંઈક અધિક શતપૃથક્ત્વ સાગરોપમ છે. તથા सयलिंदिय- સકલેન્દ્રિય એટલે પંચેન્દ્રિયની કાયસ્થિતિ કંઈક અધિક એક હજાર સાગરોપમ જેટલી છે, અને ત્રસકાયની કાયસ્થિતિ તેથી દ્વિગુણ એટલે કંઈક અધિક (સંખ્યાત વર્ષ અધિક) બે હજાર સાગરોપમ જેટલી છે (અહીં ત્રસની કાયસ્થિતિ ચક્ષુદર્શનીમાં ઘટી શકતી નથી એ તાત્પર્ય). આ ગ્રંથની જ ગાથા ૨૧૮મી છે.

૩. અહીં સ્પર્શેન્દ્રિય તો પરભવમાં ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયા બાદ હોય છે, જેથી સ્પર્શેન્દ્રિય સાક્ષાત્ તો અનાદિ અનન્તકાળવાળી ન ગણાય. પરન્તુ સ્પર્શેન્દ્રિયની લબ્ધિ એટલે ઇન્દ્રિયાવરણનો ક્ષયોપશમ અનાદિ અનન્તકાળનો ગણાય. જો એમ હોય તો રસનેન્દ્રિયાદિક પણ સાક્ષાત્ ભલે ન હો પરન્તુ ક્ષયોપશમરૂપ લબ્ધિ કેમ ન ગણવી ? તેનું સમાધાન એ જ કે - જઘન્ય ક્ષયોપશમ હોય તો પણ સ્પર્શેન્દ્રિયલબ્ધિથી ઓછો કેવી રીતે ગણાય ? જો તેમ ગણીએ તો જીવને અનિન્દ્રિયપણાનો પ્રસંગ આવે. માટે સર્વજઘન્ય લબ્ધિમાં સ્પર્શેન્દ્રિયાવરણનો ક્ષયોપશમ ગણવો જ સંગત છે. અન્ય સ્થાને ચાર ઇન્દ્રિય અને મનને અચક્ષુદર્શનમાં ગણી ઇન્દ્રિયઅપર્યાપ્ત અવસ્થામાં સૂક્ષ્મ ભાવમનને અચક્ષુદર્શન ગણ્યું છે, એ બન્ને વાત વસ્તુતઃ તુલ્ય છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્પત્તિ વખતે તેનો અંત થનારો છે, તે માટે અનાદિ સાન્ત છે.

હવે અહીં ગ્રંથકર્તાએ ગ્રંથવિસ્તારાદિ ભયના કારણથી અવધિદર્શન અને કેવળદર્શનનો સ્થિતિકાળ કહ્યો નથી, તેથી સિદ્ધાન્તમાં તે કાળ જે પ્રમાણે કહ્યો છે તે પોતાની મેળે જાણી લેવો. તે સિદ્ધાન્તોક્ત અવધિદર્શનનો તથા કેવળદર્શનનો કાળ આ પ્રમાણે :

'ओ[1]हिदंसणी णं भंते ! ओहिदंसणित्ति कालओ केच्चिरं होइ ? गोयमा ! जहण्णेणं एक्कं समयं उक्कोसेणं दो छावट्ठिओ सागरोवमाणं साइरेगाओ ।'

એ સૂત્રની ભાવના આ પ્રમાણે - અહીં તિર્યંચ પંચેન્દ્રિય અથવા મનુષ્યોમાંનો કોઈપણ વિભંગજ્ઞાનવાળો જીવ સાતમી નરકપૃથ્વીમાં તેત્રીસ સાગરોપમના આયુષ્યવાળા નારકપણે ઉત્પન્ન થાય, અને ત્યાંથી નીકળવાના (મરણના) કાળની નજીકમાં (આયુષ્ય કિંચિત્ શેષ રહ્યે) સમ્ય[2]ક્ત્વ પ્રાપ્ત કરીને પુનઃ સમ્યક્ત્વથી પતિત થઈ વિભંગજ્ઞાનસહિત જ અવિગ્રહ[3]ગતિએ પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળા તિર્યંચમાં ઉત્પન્ન થયો. ત્યાં પોતાના આયુષ્યને અન્તે અપતિત વિભંગજ્ઞાનસહિત જ પુનઃ પણ સાતમી પૃથ્વીમાં નારકપણે ઉત્પન્ન થયો. પુનઃ પણ ત્યાંથી નીકળવાના ( મરણ પામવાના) કાળની નજીક સમ્યક્ત્વ પામીને તે સમ્યક્ત્વથી પતિત, અપતિત વિભંગજ્ઞાનસહિત જ અવિગ્રહગતિએ પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળા તિર્યંચમાં ઉત્પન્ન થયો. એ પ્રમાણે એક છાસઠ સાગરોપમથી અધિક કાળ સિદ્ધ થયો.

પુનઃ બીજા છાસઠ કોડાકોડિ સાગરોપમ સાધિક તે આ પ્રમાણે - પુનઃ એ જ જીવ વિભંગજ્ઞાન જેનું પતિત નથી થયું એવો (એટલે એ જ તિર્યંચ પંચેન્દ્રિય) તે પોતાના તિર્યગ્ ભવમાંથી નિકળીને અવિગ્રહગતિએ મનુષ્યમાં (વિભંગસહિત) ઉત્પન્ન થયો. અને ત્યાં સમ્યક્ત્વ અને સંયમને પામીને दो वारे विजयाइसु गयस्स तिन्नच्चुए अहव ताइं [વિજયાદિ ચાર અનુત્તર વિમાનમાંના કોઈ પણ એક અનુત્તર વિમાનમાં બે વાર ઉત્પન્ન થયેલાને અથવા ત્રણ વાર બારમા અચ્યુત દેવલોકમાં ઉત્પન્ન થયેલાને તે છાસઠ સાગરોપમની સ્થિતિ થાય છે] ઈત્યાદિ ગાથાથી પૂર્વે કહેલા અનુક્રમ પ્રમાણે અપરિપતિત - નિરન્તરપણે અવધિજ્ઞાનને ધારણ કરતો છતો અવધિદર્શનનો બીજો સાધિક છાસઠ સાગરોપમ જેટલો કાળ પૂર્ણ કરે, અને ત્યારબાદ તે જીવ મુક્તિ પામે છે (જેથી એ રીતે અવધિદર્શનનો સાધિક બે છાસઠ સાગરોપમ કાળ અવધિજ્ઞાન અને વિભંગજ્ઞાનના કાળને ભેગો ગણતાં સંપૂર્ણ થયો).

प्रश्नः અવધિજ્ઞાનનો કાળ એક છાસઠ સાગરોપમ તે જ અવધિદર્શનનો કાળ ન ગણતાં વિભંગજ્ઞાનનો કાળ ભેગો ગણીને અવધિદર્શનનો કાળ કેમ કહ્યો ?

---

૧. 'હે ભગવન્ ! અવધિદર્શની જીવ અવધિદર્શનપણામાં કેટલા દીર્ઘ કાળ સુધી રહે ! ગૌતમ ! જઘન્યથી એક સમય, અને ઉત્કૃષ્ટથી કંઈક અધિક બે છાસઠ સાગરોપમ સુધી.' તથા અવધિજ્ઞાનનો કાળ જે પહેલાં કહેવાઈ ગયો છે તેમજ વિભંગજ્ઞાનનો પણ કાળ જે પહેલાં કહેવાઈ ગયો છે, તે અવધિ અને વિભંગ એ બેનો કાળ ભેગો કરીને અવધિદર્શનનો કાળ અહીં કહેવાનો ઈષ્ટ છે, કારણ કે અવધિદર્શનમાં અવધિજ્ઞાન અને વિભંગજ્ઞાન (એ જ્ઞાનઅજ્ઞાન બન્ને) અન્તર્ગત છે.

૨. સમ્યક્ત્વ પ્રાપ્ત કરાવવાનું કારણ વિભંગજ્ઞાનનો કાળ એટલો જ હોવાથી, તે આગળ કહેવાશે.

૩.વિગ્રહગતિમાં મનુષ્ય-તિર્યંચને અનાહારકપણા વખતે વિભંગજ્ઞાન વા અવધિજ્ઞાનનો અભાવ છે, તે માટે અહીં અવિગ્રહગતિ કહી છે. અને તે આ વૃત્તિમાં જ આગળ કહેવાશે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તરઃ અહીં વિભંગજ્ઞાન અને અવધિજ્ઞાન એ બેમાં જ્ઞાન સંબંધી પરસ્પર ભેદ છે, પરન્તુ દર્શન તો સામાન્ય ઉપયોગરૂપ છે અને તે સામાન્ય ઉપયોગ બન્નેમાં તુલ્ય હોવાથી બન્ને મળીને અવધિદર્શન કહેવાય છે. સિદ્ધાન્તમાં[1] પણ તેમજ સ્વીકારેલું છે, તે કારણથી અવધિદર્શનનો નિરન્તરપણે અવસ્થિતિકાળ સાધિક બે છાસઠ સાગરોપમ જેટલો પ્રાપ્ત થાય છે, (પુનઃ એ

---

૧. શ્રી પ્રજ્ઞાપનાજીની વૃત્તિમાં અવધિ અને વિભંગ એ બન્ને અવધિદર્શનમાં સામાન્ય ઉપયોગરૂપે તુલ્ય કહ્યા છે, તેનો અક્ષરાર્થ આ પ્રમાણે :

'હવે વિભંગની અવસ્થામાં અવધિદર્શનનો નિષેધ કર્મપ્રકૃતિ આદિ ગ્રંથોમાં કરેલો છે, તો અહીં (કાયસ્થિતિ કહેવાના અધિકારમાં) તે અવધિદર્શનને વિભંગની અવસ્થામાં શા માટે ગણ્યું છે ? ઉત્તરઃ એમાં કોઈ દોષ નથી, કારણ કે સિદ્ધાન્તમાં વિભંગને વિશે પણ અવધિદર્શન માનેલું છે. તે સૂત્રનો - સિદ્ધાન્તનો અભિપ્રાય આ પ્રમાણે છે કે - વિભંગજ્ઞાન વિશેષ ઉપયોગના વિષયવાળું છે, અને અવધિદર્શન સામાન્ય ઉપયોગના વિષયવાળું છે. તો જેમ સમ્યગ્દૃષ્ટિનું અવધિ વિશેષ ઉપયોગવાળું હોય તો તે અવધિજ્ઞાન કહેવાય અને એ જ અવધિ સામાન્ય ઉપયોગના વિષયવાળું હોય તો અવધિદર્શન કહેવાય છે, તેમ કેવળ વિભંગજ્ઞાનીનું પણ અવધિદર્શન કહેવાય છે તે અનાકારોપયોગમાત્રનો ભેદ ન હોવાથી જ. અને તેથી જ વિભંગજ્ઞાનીનું અવધિદર્શન તે અવધિજ્ઞાનીના અવધિદર્શન તુલ્ય છે. (એટલે અવધિ સંબંધી જેવો સામાન્ય ઉપયોગ અથવા અનાકાર ઉપયોગ અવધિજ્ઞાનીને વર્તે છે, તેવો જ વિભંગનો સામાન્ય ઉપયોગ વા અનાકાર ઉપયોગ વિભંગજ્ઞાનીને વર્તે છે). તે કારણથી વિભંગજ્ઞાનીના દર્શનને વિભંગદર્શન કહ્યું નથી પરન્તુ અવધિદર્શન જ કહ્યું છે. એ સંબંધી વિચારમાં મૂળ ટીકાકારે પણ કહ્યું છે કે : दंसणं च विभंगोहीणं जतो तुल्लमेव, अतो चेव दो छावट्ठिओ साइरेगाओ इति । [જે કારણથી વિભંગવાળાનું અને અવધિવાળાનું બન્નેનું દર્શન તુલ્ય જ છે, તે કારણથી જ નિશ્ચય (વિભંગનો અને અવધિનો એ બેનો કાળ મેળવીને) સાધિક બે છાસઠ સાગરોપમ જેટલો અવધિદર્શનનો સ્થિતિકાળ કહ્યો છે ]. તેથી અમોએ પણ વિભંગમાં અવધિદર્શન ગણ્યું છે. અને કાર્મગ્રંથિકો તો આ પ્રમાણે (જુદું) કહે છે કે - જો કે સાકાર તથા અનાકાર એ વિશેષભેદ વડે વિભંગજ્ઞાન અને અવધિદર્શન એ બે ભિન્ન છે, તો પણ વિભંગજ્ઞાન વડે વસ્તુનો સમ્યક્ નિશ્ચય નથી. કારણ કે વિભંગજ્ઞાન મિથ્યાત્વયુક્ત છે. તેમજ અવધિદર્શન વડે પણ વસ્તુનો સમ્યક્ નિશ્ચય નથી. કારણ કે (દર્શન હોવાથી સામાન્ય ઉપયોગવાળું એટલે) અનાકારમાત્ર ઉપયોગવાળું છે. તો તે (વિભંગજ્ઞાનીના) અવધિદર્શનની જુદી વિવક્ષા કરવાથી શું ? (અર્થાત્ વિભંગજ્ઞાનમાં જેમ સમ્યગ્ નિશ્ચય નથી તેમ અવધિદર્શનમાં પણ સમ્યગ્ નિશ્ચય નથી. માટે વિભંગજ્ઞાનમાં અવધિદર્શન અન્તર્ગત ગણાય, પરન્તુ વિભંગજ્ઞાન અને તેનું અવધિદર્શન એ બે જુદાં ગણવાનું કંઈ કારણ નથી). એ પ્રમાણે કાર્મગ્રંથિકોના અભિપ્રાય પ્રમાણે વિભંગ અવસ્થામાં (એટલે વિભંગજ્ઞાનીને) અવધિદર્શન માનેલું નથી. વળી આ જે વાત કહી તે પોતાની (વૃત્તિકર્તા કહે છે કે મારી પોતાની) મતિ-કલ્પનાની ચેષ્ટા નથી, પરન્તુ પૂર્વાચાર્યોએ પણ એ પ્રમાણે જ બે મતના વિભાગનું વ્યવસ્થાપન (નિરૂપણ) કર્યું છે, જે કારણથી શ્રીવિશેષણવતી ગ્રંથમાં શ્રીજિનભદ્રગણિ ક્ષમાશ્રમણ પૂજ્યે આ પ્રમાણે કહ્યું છે કે :

सुत्ते (य) विभंगस्स वि, परूवियं ओहिदंसणं बहुसो ।
कीस पुणो पडिसिद्धं, कम्मपगडीपगरणंमि ? ॥१॥
विभंगे वि दरिसणं, सामण्णविसेसविसयओ सुत्ते ।
तं चऽविसिट्ठमणागारमेत्तं तोऽवहिविभंगाणं ॥२॥
कम्मपगडीमयं पुण, सागारेयरविसेसभावे वि ।
न विभंगनाणदंसणविसेसणमणिच्छयत्तणओ ॥३॥

અર્થ :- સૂત્રમાં વિભંગવાળાને પણ ઘણા સ્થાને અવધિદર્શન પ્રરૂપેલું છે, તો કર્મપ્રકૃતિ પ્રકરણમાં તેનો નિષેધ કેમ કરેલો છે ? ॥૧॥

ઉત્તરઃ વિભંગને વિષે પણ સૂત્રમાં જે દર્શન માન્યું છે તે સામાન્ય ઉપયોગ અને વિશેષ ઉપયોગ એ બે વિષયથી (વિષયભેદથી) માનેલું છે, અને તે દર્શન અવિશિષ્ટ અનાકારમાત્ર છે તે કારણથી અવધિમાં અને વિભંગમાં બન્નેમાં દર્શન (અવધિદર્શન) માન્યું છે. ॥૨॥ અને કર્મપ્રકૃતિ પ્રકરણમાં તો સાકાર - અનાકારનો વિશેષભેદ માનવા છતાં પણ વિભંગજ્ઞાન અને તેનું દર્શન (અવધિદર્શન) એ બન્નેમાં વસ્તુના સમ્યગ્ નિશ્ચયના અભાવની સમાનતા જાણીને વિભંગજ્ઞાન અને દર્શન એ બન્નેમાં કંઈ પણ વિશેષભેદ માન્યો નથી. ॥૩॥'


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંબંધમાં બીજી શંકાઓ આ પ્રમાણે -)

પ્રશ્નઃ પહેલા છાસઠ સાગરોપમ કાળની વ્યાખ્યામાં સાતમી પૃથ્વીમાં વિભંગજ્ઞાની નારકને બન્ને વખતે મરણના નજીક કાળમાં સમ્યક્ત્વપ્રાપ્તિ કહેવાનું કારણ શું ?

ઉત્તરઃ વિભંગજ્ઞાનની નિરન્તર સ્થિતિ (વિભંગનો સતતકાળ) એથી અધિક છે નહિ, અને તે પ્રમાણે જ પૂર્વે કહેવાઇ ગયું છે કે - विभंगनाणी जहण्णेणं एक्कं समयं उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं देसूणाए पूव्वकोडीए अब्भहियाइं (વિભંગજ્ઞાની જઘન્યથી ૧ સમય રહે, અને ઉત્કૃષ્ટથી દેશોનપૂર્વક્રોડ વર્ષ અધિક તેત્રીસ (૩૩) સાગરોપમ સુધી વિભંગજ્ઞાનીપણે રહે - એ વિભંગનો કાળ કહ્યો).

પ્રશ્નઃ પુનઃ બીજો પ્રશ્ન એ છે કે - અવધિદર્શનની સ્થિતિના વક્તવ્ય પ્રસંગે વિભંગજ્ઞાનીને મનુષ્યમાં તથા તિર્યંચમાં ઉત્પન્ન થતી વખતે અવિગ્રહગતિએ ઉત્પન્ન કરવાનું શું કારણ ? વિગ્રહગતિએ ઉત્પન્ન થવામાં શું વિરોધ આવે છે ?

ઉત્તરઃ એ પ્રશ્ન સત્ય છે. અને તેનું સમાધાન એ છે કે - વિગ્રહગતિમાં અનાહારકપણાનો પ્રસંગ આવે છે, અને તિર્યંચમાં તથા મનુષ્યમાં વિભંગજ્ઞાનીને અનાહારકપણાનો નિષેધ કરેલો છે. જે કારણથી કહ્યું છે કે - 'विभंग[1]नाणी पंचेंदियतिरिक्खजोणिया मणूसा य आहारगा नो अणाहारगा.' તે કારણથી વિભંગજ્ઞાનીઓની એ પ્રમાણે વ્યાખ્યા કરી છે (એટલે અવિગ્રહગતિએ ઉત્પન્ન થતા કહ્યા છે).

વળી કેટલાક આચાર્યો તો એ પ્રમાણે કહે છે કે - સાતમી પૃથ્વીના નારકપણે ઉત્પન્ન થાય ઇત્યાદિ કલ્પનાઓ કરીને અવધિદર્શનનો સ્થિતિકાળ કહેવાનું શું પ્રયોજન ? સામાન્યથી જ એમ કહેવું જોઈએ કે - નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચારે ગતિમાં પર્યટન કરતાં જીવને

૧. 'વિભંગજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચો તથા વિભંગજ્ઞાની મનુષ્યો આહારક છે, પરન્તુ અનાહારક નથી.' (અહીં અનાહારકપણું ન હોવાથી અર્થાપત્તિથી જ સિદ્ધ થાય છે કે વિભંગજ્ઞાની દેવાદિક મનુષ્ય વા તિર્યંચમાં વિભંગ સહિત ઉત્પન્ન થાય તો ઋજુગતિએ જ ઉત્પન્ન થાય.

વળી અનાહારકપણામાં વિભંગજ્ઞાનનો નિષેધ મનુષ્ય-તિર્યંચને છે એમ કહ્યું. પરન્તુ શ્રીપ્રજ્ઞાપનાજીની વૃત્તિમાં નારકપણે ઉત્પન્ન થતી વખતે પણ વિભંગજ્ઞાનીને અનાહારકપણાનો નિષેધ સમજાય છે. તે પાઠ આ પ્રમાણે - यदि कश्चिन् मिथ्यादृष्टिस्तिर्यक्पञ्चेन्द्रियो मनुष्यो वा पूर्वकोट्यायुः कतिपयवर्षातिक्रमे विभङ्गज्ञानी जायते, जातश्च सन्नप्रतिपतितविभङ्गज्ञान एवाविग्रहगत्या सप्तमनरकपृथिव्यां त्रयस्त्रिंशत्सागरोपमस्थितिको नैरयिको जायते तदा भवति यथोक्तमुत्कृष्टमानं ' એ પાઠ વિભંગજ્ઞાનના કાળના પ્રસંગનો છે. અવધિદર્શનના કાળના પ્રસંગમાં પણ એજ ભાવાર્થવાળો પાઠ છે તે આ પ્રમાણે - 'इह कश्चिद् विभङ्गज्ञानी तिर्यक्पञ्चेन्द्रियो मनुष्यो वाऽप्रतिपतितविभङ्गज्ञान एवाविग्रहगत्याधस्तनसप्तमनरकपृथिव्यां त्रयस्त्रिंशत्सागरोपमस्थितिर्नैरयिको जातः' । ઇત્યાદિ.

પુનઃ આગળ જે પાઠ છે તે આ પ્રમાણે - 'सर्वत्र च तिर्यक्षूत्पद्यमानोऽविग्रहेणोत्पद्यते, विग्रहे विभङ्गस्य तिर्यक्षु मनुष्येषु च निषेधात्, यद्वक्ष्यति - विभंगनाणी पंचिंदियतिरिक्खजोणिया मणूसा आहारगा नो अणाहारगा'।

એ પ્રમાણે ત્રણે પાઠ વિચારીને તત્ત્વ શું છે ? તે શ્રી બહુશ્રુત પાસેથી સમજવું. વિશેષતામાં તિર્યંચ - મનુષ્યને તો અનાહારકપણામાં વિભંગની નિષેધ નિર્ણયવાળો જ છે.

વળી અહીં અવધિજ્ઞાનનો અનાહારકપણામાં અથવા વિગ્રહગતિમાં નિષેધ નથી. તેમજ દેવ-નારકમાં વિભંગજ્ઞાનનો પણ વિગ્રહગતિમાં વા અનાહારકપણામાં નિષેધ પ્રાયઃ નથી. કેવળ ઉપર લખેલો નારકનો પાઠ વિચારતાં નારકોને પણ વિગ્રહગતિમાં વિભંગનો નિષેધ કદાચ સમજી શકાય છે. એ વાતની હવે વિશેષ ચર્ચાથી સર્યું.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવધિ તથા વિભંગનો ભેગો નિરન્તર સ્થિતિકાળ નિશ્ચયથી સાધિક બે છાસઠ સાગરોપમ જેટલો થાય છે. તે કારણથી અવધિદર્શનનો પણ નિરન્તર સ્થિતિકાળ એટલો જ (સાધિક બે છાસઠ સાગરોપમ) કહ્યો. હવે એ બાબતની વિશેષ ચર્ચાથી સર્યું. તથા કેવલ સંબંધી સામાન્ય અવબોધરૂપ જે કેવળદર્શન તેનો સ્થિતિકાળ સાદિ અપર્યવસિત એટલે સાદિ સાન્ત છે. એ પ્રમાણે ૨૩૩ મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ।।૨૩૩।। इति दर्शनचतुष्कस्य स्थितिकालः ।।

अवतरणः પૂર્વ ગાથામાં દર્શનચતુષ્કરૂપ જીવગુણનો સ્થિતિકાળ કહીને હવે આ ગાથામાં જીવના ભવ્યત્વાદિ ગુણોનો સ્થિતિકાળ કહેવાય છે :

**भव्वो अणाइसंतो, अणाइऽणंतो भवे अभव्वो य ।**
**सिद्धो य साइऽणंतो, असंखभागंगुलाहारो ।।२३४।।**

गाथार्थः ભવ્ય અનાદિ સાન્ત છે, અને અભવ્ય અનાદિ અનન્ત છે. તથા સિદ્ધ સાદિ અનન્ત છે, અને આહારક જીવ અંગુલના અસંખ્યાતમા ભાગના ક્ષેત્રાપહાર જેટલા કાળ સુધી (અસંખ્ય ઉત્સર્પિણી - અવસર્પિણી સુધી) છે. ।।૨૩૪।।

टीकार्थःપ્રથમ ભવ્ય જીવ અનાદિ સાન્ત સ્થિતિવાળો હોય છે. એમાં કહેવાનું તાત્પર્ય એ છે કે - ભવ્ય પ્રાણીનો જે આ ભવ્યપણારૂપ ગુણ તે અનાદિ કાળથી વર્તતો હોવાથી અનાદિ કહેવાય છે; અને જ્યારે સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત થશે ત્યારે અવશ્ય તે ભવ્યગુણ નિવૃત્ત પામશે (ભવ્યત્વનો અભાવ થશે) તે કારણથી સાન્ત કહેવાય છે. કારણ કે સિદ્ધ જીવ ન તો ભવ્ય કહેવાય કે ન અભવ્ય કહેવાય. તે આ પ્રમાણે :

મુક્તિપર્યાય વડે જે भविष्यति = થશે (અર્થાત્ જે જીવ વર્તમાનમાં સંસારી પર્યાયપણે વર્તે છે તે જ જીવ જ્યારે મુક્તિપર્યાયપણે પરિણમશે એટલે મુક્તિ પામશે તેવો જીવ જ્યાં સુધી હજી મુક્તિ પામ્યો નથી ત્યાં સુધી જ) તે भव्य કહેવાય. અને જે જીવ મુક્તિપર્યાયપણે કદાપિ પણ થવાનો નથી [અર્થાત્ કદી પણ મુક્તિ પામવાનો જ નથી ] તે જીવ अभव्य કહેવાય છે. સિદ્ધ અવસ્થામાં તો એ બન્ને ભાવ નથી (અર્થાત્ સિદ્ધ તો ભવ્ય પણ નથી અને અભવ્ય પણ નથી); કારણ કે તે સિદ્ધ તો મુક્તિપર્યાયને સાક્ષાત્ અનુભવતા હોવાથી. તે કારણથી સિદ્ધ અવસ્થામાં ભવ્યપણાનો અભાવ થઈ જવાથી સાન્તપણું (ભવ્યત્વનું સાન્તપણું) જાણવું. ।। इति भव्यकालः ।।

તથા અભવ્ય તો અનાદિ અનન્ત છે, કારણ કે અભવ્યપણું જીવને અનાદિકાળથી વર્તતું હોવાથી અનાદિ છે; અને અભવ્ય જીવ મુક્તિપર્યાયને કદી પણ પામવાનો નથી તે કારણથી અભવ્યપણું અનન્ત છે, એ ભાવાર્થ છે. ।। इति अभव्यकालः ।।

તથા सिद्धो य साइऽणंतो - સિદ્ધનું સિદ્ધત્વ સંપૂર્ણ વિશુદ્ધ જ્ઞાન-દર્શન-ચારિત્રના અનુષ્ઠાન બાદ ઉત્પન્ન થતું હોવાથી સાદિ ગણાય છે; અને સિદ્ધપણું પ્રાપ્ત થયેલા જીવને તે સિદ્ધત્વનો કદી પણ પ્રતિપાત ન થવાથી (અભાવ ન થવાથી) અનન્ત ગણાય છે. એ તાત્પર્ય છે. ।। इति सिद्धस्य स्थितिकालः ।।


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે આહારકપણારૂપ ગુણનો (આહારકપણાનો) સ્થિતિકાળ કહેવાય છે. તે આ પ્રમાણે- असंखभागंगुलाहारो - આહારક જીવ તદ્‌ભાવે (આહારકપણામાં) નિરન્તર વર્તતો અંગુલના અસંખ્યાતમા ભાગના ક્ષેત્ર જેટલા કાળ સુધી વર્તે છે. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે - 'अंगुल असंखभांगो ओसप्पिणिओ असंखेज्जा ' એ વચનથી અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા ક્ષેત્રમાં (અર્થાત્ એટલા ક્ષેત્રમાં રહેતા આકાશપ્રદેશોને પ્રતિસમય એકેક અપહરતાં) કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી - અવસર્પિણીઓ થાય છે. તેથી આહારક જીવ નિરન્તર આહાર કરવા યોગ્ય આહારપુદ્‌ગલોને પ્રતિસમય ગ્રહણ કરતો છતો કોઈક જીવ જઘન્યથી ત્રણ[1] સમયન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ (ક્ષુલ્લકભવ) સુધી આહારકપણે પ્રાપ્ત થાય છે - વર્તે છે. એ જઘન્યપદ સંબંધી વાત સૂત્ર માં (ઉપરની ગાથામાં) કહી નથી તો પણ પોતાની મેળે (અધ્યાહારથી જ) જાણી લેવી. અને ઉત્કૃષ્ટથી તો અસંખ્યાત ઉત્સર્પિણી - અવસર્પિણી સુધી જીવ નિરન્તર - સતત આહારકપણામાં વર્તે છે. એ ઉત્કૃષ્ટપદની વાત તો સૂત્રમાં (ઉપરની ગાથામાં) પણ કહી છે જ.

અહીં જઘન્યપદે આહારકપણામાં વર્તતો જીવ ત્રણ સમયન્યૂન ક્ષુલ્લકભવ સુધી કહ્યો, તેની ભાવના આ પ્રમાણે જાણવી કે - કોઈક એકેન્દ્રિયાદિ જીવ મરણ પામ્યો, અને પૂર્વે કહેલા પ્રકાર પ્રમાણે વિગ્રહગતિમાં ત્રણ સમય સુધી અનાહારક થઈને ક્ષુલ્લકભવ જેટલા આયુષ્યવાળા (અર્થાત્ ૨૫૬ આવલિકા જેટલા આયુષ્યવાળા) પૃથ્વી આદિ જીવમાં ઉત્પન્ન થયો. અને ત્યાં (પૃથ્વી આદિકમાં) તેટલા કાળ સુધી (ત્રણ સમય ન્યૂન ૨૫૬ આવલિકા સુધી) નિરન્તર-પ્રતિસમય આહારક હોઈને (આહાર ગ્રહણ કરીને) મરણ પામ્યો, અને પુનઃ પણ વિગ્રહગતિમાં (પરભવમાં જતાં ચાર[2] સમયની વક્રગતિમાં) અનાહારક થયો. તો એ પ્રમાણે જઘન્યપદે આહારકપણાનો કાળ ત્રણ સમયન્યૂન ક્ષુલ્લકભવ જેટલો પ્રાપ્ત થયો.

તથા આહારકપણાનો ઉત્કૃષ્ટ કાળ વિચારવામાં તો એ જ વિચારવાનું છે કે જીવ નિરન્તર અવિગ્રહગતિએ જ પરભવમાં ઉત્પન્ન થયા કરે તો ઉત્કૃષ્ટથી અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણીઓ સુધી ઉત્પન્ન થાય, (ત્યારબાદ અવશ્ય ૠજુગતિએ જ ઉત્પન્ન થાય) તે કારણથી એટલા કાળ સુધી નિરન્તર આહારક જીવ પ્રાપ્ત થાય છે. સિદ્ધાન્તમાં કહ્યું છે કે - 'छउमत्थाहारएणं भंते ! छउमत्थाऽहारएत्ति कालओ केच्चिरं होइ ? गोयमा ! जहण्णेणं खुड्डागं भवग्गहणं तिसम[1]ऊणं, उक्कोसेणं असंखेज्जं कालं, असंखेज्जाओ उस्सप्पिणिओस्सप्पिणीओ

१. બે સમય ન્યૂન સંબંધી પાઠ ટિપ્પણીમાં જ આગળ કહેવાય છે.

૨. અહીં ત્રણ સમય ન્યૂન કહેવામાં કારણભૂત ચાર સમયની જ વિગ્રહગતિ ગણવી, કે જે નિશ્ચયનય આશ્રયિ છે. જો કે વ્યવહારનય આશ્રયિ તો બહુધા પાંચ સમયની જ વિગ્રહગતિમાં ત્રણ સમય અનાહારકપણું કહ્યું છે. પરન્તુ શ્રી પ્રજ્ઞાપનાદિકની વૃત્તિને અનુસારે વિચારતાં આ અધિકારમાં ચાર સમયની વિગ્રહગતિમાં જ ત્રણ સમય અનાહારકપણું ગણ્યું છે, પરન્તુ પાંચ સમયની વિગ્રહગતિમાં નહિ, તે આગળ કહેલા વૃત્તિના અર્થ ઉપરથી જ સહેજે સમજી શકાશે.

૧. અહીં तिसमऊणं પાઠ કહ્યો છે, પરન્તુ શ્રીપ્રજ્ઞાપનાજી મૂળસૂત્રમાં તો दुसमयऊणं પાઠ કહેલો છે. અને તે પાઠનો ભાવાર્થ વૃત્તિકર્તાએ આ પ્રમાણે કહ્યો છેઃ 'જઘન્યથી બે સમય ન્યૂન ક્ષુલ્લકભવ' એમાં જો કે ચાર સમયની તેમજ પાંચ સમયની પણ વિગ્રહગતિ થાય છે, જે કારણથી કહ્યું છે કે :

उजुया य एगवंका, दुहतो वंका गती विणिद्दिट्ठा ।
जुज्जइ तिचउवंका वि, नाम चउपंचसमयाओ ॥१॥

(ૠજુગતિ - એકવક્રા ગતિ - અને દ્વિવક્રા ગતિ એ ત્રણ પ્રકારની ગતિ કહેલી છે, તેમજ ત્રિવક્રા ગતિ ચાર સમયની


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कालओ, खेत्तओ अंगुलस्स असंखेज्जइ भागं ॥' એ ૨૩૪ મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૨૩૪॥

અવતરણઃ હવે કાયયોગ વિગેરે જીવગુણોનો ઉત્કૃષ્ટ કાળ પૂર્વગાથાઓમાં કહેવાઈ ગયો છે. પરન્તુ જઘન્ય કાળ કહ્યો નથી. માટે તે જઘન્ય કાળ અહીં કહેવાય છે :

**काओगी नर नाणी, मिच्छं मिस्सा य चक्खु सण्णी य ।**
**आहार कसायी वि य, जहण्णमंतोमुहुत्तंतो ॥२३५॥**

ગાથાર્થઃ કાયયોગ, પુરુષવેદ, જ્ઞાન, મિથ્યાત્વ, મિશ્ર સમ્યક્ત્વ, ચક્ષુદર્શન, સંજ્ઞી, આહારક, કષાય એ સર્વનો જઘન્ય સ્થિતિકાળ અન્તર્મુહૂર્ત્તનો છે. ॥૨૩૫॥

ટીકાર્થઃ चीयते = વૃદ્ધિ પામે તે काय એટલે શરીર (અર્થાત્ અન્નાદિક વડે જે ચય પામે - વૃદ્ધિ પામે તે કાય) કહેવાય. તે કેવળ શરીરસંબંધી જે योग = વ્યાપાર તે કાયયોગ અને તે કાયયોગ જેને છે તે કાયયોગી. એ કાયયોગીનો જઘન્ય અવસ્થિતિ કાળ અન્તર્મુહૂર્ત્ત પ્રમાણનો છે. અને ઉત્કૃષ્ટ કાળ તો પૂર્વે જ काओगऽणंतकालं ઇત્યાદિ ગાથામાં (કાયયોગનો અનંત કાળ) કહેલો છે. અહીં જઘન્ય કાળની ભાવના (જઘન્ય કાળ કેવી રીતે પ્રાપ્ત થાય છે ? તે સંબંધી વિચાર) પણ તે જ ગાથાની વૃત્તિમાં પૂર્વે કહેવાઈ ગઈ છે, તેથી અહીં ફરીથી નહિ કહેવાય.

તથા નર એ પદનો નિર્દેશ ભાવપ્રધાનવાળો હોવાથી નરપણું એવો અર્થ જાણવો. અને નરપણું એટલે પુરુષપણું અથવા મનુષ્યપણું તે અહીં પુરુષવેદરૂપ જાણવું. ત્યાં પુરુષવેદનો જઘન્ય સ્થિતિકાળ અન્તર્મુહૂર્ત્ત જેટલો જાણવો. અને તે પહેલાં જ 'देवी पणपण्णाऊ इत्थित्त' ઇત્યાદિ પદવાળી ગાથામાં કહેવાઇ ગયેલો છે. અને મનુષ્યપણું (મનુષ્યગતિ રૂપ મનુષ્યપણું) તો જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત જ હોય છે તે પ્રસિદ્ધ જ છે. કારણ કે મનુષ્યનું જઘન્ય આયુષ્ય અન્તર્મુહૂર્ત્તનું છે તે આ ગ્રંથમાં જ પૂર્વે કહેવાયું છે. અને નરપણાનો વા મનુષ્યપણાનો ઉત્કૃષ્ટ કાળ પણ પૂર્વે કહેવાઈ ગયો છે.

તથા नाणी - સામાન્યપણે (એટલે મતિ આદિ વિશેષભેદની વિવક્ષા રહિત સામાન્યથી) જ્ઞાન જેને હોય તે જ્ઞાની કહેવાય. અને તે જ્ઞાની જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત તથા ઉત્કૃષ્ટથી અનન્ત કાળ (સાદિ અનન્ત કાળ) સુધી હોય છે. ત્યાં મિથ્યાદૃષ્ટિ જીવ જ્યારે સમ્યક્ત્વ પામે ત્યારે જ્ઞાની થાય છે. અને તે સમ્યક્ત્વ ભાવમાં અન્તર્મુહૂર્ત્ત સુધી વર્તીને પુનઃ મિથ્યાત્વ પામે તો અજ્ઞાની થાય છે. માટે એ રીતે જ્ઞાનીનો અવસ્થિતિકાળ જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત કહ્યો છે. અને ઉત્કૃષ્ટ કાળ તો કેવળજ્ઞાનીની અપેક્ષાએ જ્ઞાની ગણતાં તેવા જ્ઞાનીનો (કેવળજ્ઞાનીનો) અપર્યવસિત (જેનું પર્યવસાન એટલે પર્યન્તભાગ નથી તે અપર્યવસિત) રૂપ અનન્ત કાળ છે, વાત સુખે સમજી શકાય તેવી છે (એ રીતે જ્ઞાન વા જ્ઞાનીનો કાળ બન્ને પ્રકારે કહ્યો).

તથા मिच्छं = મિથ્યાત્વ તે જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત સુધી હોય છે. અને તે સમ્યક્ત્વથી પતિત

અને ચતુર્વક્ર ગતિ પણ પાંચ સમયની હોય છે.) એ રીતે પાંચ પ્રકારની ગતિ હોવા છતાં પણ બાહુલ્યથી બે સમયની અથવા ત્રણ સમયની ગતિ જ ઘણી પ્રવર્તે છે. પરન્તુ ચતુઃસમયની અને પાંચ સમયની ગતિ ઘણી પ્રવર્તતી નથી, તે કારણથી અહીં તે બે ગતિ વિવક્ષી નથી. ત્યાં ઉત્કૃષ્ટથી ત્રણ સમયવાળી (દ્વિવક્રા) ગતિવાળી વિગ્રહગતિમાં પહેલા બે સમય જીવ અનાહારક હોય છે. માટે આહારકના વિચારમાં તે બે સમયન્યૂન ક્ષુલ્લક ભવ કહેલ છે.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થઈને મિથ્યાત્વે ગયેલો જીવ ત્યાં મિથ્યાત્વમાં અન્તર્મુહૂર્ત્ત માત્ર રહીને પુનઃ સમ્યક્ત્વ પામે તો તેવા જીવની અપેક્ષાએ તે જઘન્ય કાળ પ્રાપ્ત થાય છે, અને એ વાત પૂર્વે मिच्छत्तमणाईयं अपज्ज-वसियं ઈત્યાદિ પદવાળી ગાથાની વૃત્તિમાં ઉત્કૃષ્ટ કાળ વિચારવાના જ પ્રસંગમાં કહેવાઈ છે.

તથા मिस्सा य- એટલે સમ્યગ્‌મિથ્યાત્વ (અર્થાત્ મિશ્રસમ્યક્ત્વ) એ તાત્પર્ય છે. તે પણ જઘન્યથી અન્તર્મુહૂર્ત પ્રમાણનું છે. વળી એ મિશ્ર સમ્યક્ત્વનો જઘન્ય કાળ તથા ઉત્કૃષ્ટ કાળ બન્ને सासायणेगजीविय ઈત્યાદિ પદવાળી ગાથામાં સૂત્રકર્તાએ પોતે જ કહ્યો છે (અર્થાત્ ગાથામાં જ કહ્યો છે). પરન્તુ અહીં જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત અન્તર્મુહૂર્ત્ત કાળવાળા ગુણો કહેવાનો પ્રસંગ હોવાથી મિશ્રસમ્યક્ત્વનો પણ કાળ પુનઃ બીજી વાર કહ્યો છે, એમ જાણવું.

તથા चक्खु - ચતુરિન્દ્રિયને અને પંચેન્દ્રિયને ચક્ષુ દ્વારા જે સામાન્ય ઉપયોગ થાય તે चक्षुर्दर्शन, તે પણ જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત સુધી હોય છે. અને એનો ઉત્કૃષ્ટ અવસ્થિતિકાળ તો પૂર્વે विब्भंगस्स भवट्ठिई ઈત્યાદિ ગાથામાં કહેવાઈ ગયો છે.

તથા सण्णी व એટલે સંજ્ઞી અર્થાત્ પંચેન્દ્રિય ગર્ભજ જીવ, તે પણ તદ્ભાવે (સંજ્ઞિપણામાં) વર્તતો જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત સુધી જ રહે છે. અને એનો ઉત્કૃષ્ટ અવસ્થિતિકાળ તો 'पुरिसत्तं सण्णित्तं च सयवुहत्तं च उदहीणं' એ ગાથામાં જ કહેવાઈ ગયો છે (એ રીતે સંજ્ઞિપણાનો કાળ કહ્યો).

તથા आहार- જે જીવ આહાર કરે તે આહારક કહેવાય, તે પણ નિરન્તરપણે તે ભાવમાં (આહારકપણામાં) વર્તતા છતા જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત સુધી પ્રાપ્ત થાય છે (અર્થાત્ અન્તર્મુહૂર્ત્ત સુધી આહારકપણું જઘન્યથી વર્તે છે).

प्रश्नः પૂર્વે असंखभागंगुलाहारो એ આહારકપણાના ઉત્કૃષ્ટ સ્થિતિકાળને પ્રતિપાદન કરનારી ગાથાના અવયવના વિવેચન પ્રસંગે (વૃત્તિમાં) આહારકપણાનો જઘન્ય સ્થિતિકાળ ત્રણ સમયન્યૂન ક્ષુલ્લકભવ ગ્રહણ જેટલો કહ્યો છે, અને અહીં આ ગાથામાં અન્તર્મુહૂર્ત્ત જેટલો કહ્યો છે તો એ બાબતમાં વિરોધ કેમ ન ગણાય ?

उत्तरः ના, એ વાત એ પ્રમાણે (વિરોધવાળી) નથી. કારણ કે ભાવાર્થ હજી તમારા જાણવામાં આવ્યો નથી. તે ભાવાર્થ આ પ્રમાણે છે કે - આ ગાથામાં પણ આહારકપણાનો જઘન્ય સ્થિતિકાળ જે અન્તર્મુહૂર્ત્ત કહ્યો છે, તે પણ ત્રણ સમયન્યૂન ક્ષુલ્લકભવ પ્રમાણનો જ જાણવો. કારણ કે અન્તર્મુહૂર્ત્તના અનેક ભેદ હોવાથી, એમાં કોઈ પ્રકારનો વિરોધ નથી.

તથા कसायावि य - કષાયો તે અહીં સામાન્યથી કષાયમોહનીય કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલા જાણવા. (અનન્તાનુબંધી આદિ અથવા ક્રોધાદિ વિશેષભેદે અહીં કષાયની વિવક્ષા નથી તેથી). અહીં કષાય શબ્દના અર્થ વડે સામાન્યથી માત્ર સકષાયીપણું વિવક્ષેલું છે, એ ભાવાર્થ છે. સિદ્ધાન્તમાં સ્થિતિકાળના વિચારમાં તે સકષાયીપણું ત્રણ ભાંગે (ત્રણ વિકલ્પથી) કહેલું છે. તે ત્રણ ભંગ આ પ્રમાણે :

'सकसाई णं भंते ! सकसाइत्ति कालओ केच्चिरं होइ ? गोयमा ! सकसाई तिविहे पण्णत्ते, तं जहा - अणाईए वा अपज्जवसिए, अणाईए वा सपज्जवसिए, साईए वा सपज्जवसिए, से


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जहण्णेणं अंतोमुहुत्तं उक्कोसेणं अवड्ढं पोग्गलपरि[1]यट्टं देसूणं ॥

ત્યાં મિથ્યાત્વની પેઠે પહેલો ભાંગો અહીં અભવ્યને જાણવો. અને બીજો ભાંગો અનાદિ મિથ્યાદૃષ્ટિ ભવ્ય જીવોને. અને ત્રીજો ભાંગો તો જે જીવ ઉપશાન્ત વીતરાગ અવસ્થામાં (અગિયારમે ગુણસ્થાનકે) અકષાયી થઈને ત્યાંથી પડીને પુનઃ સકષાયીપણું પ્રાપ્ત કરે, અને અન્તર્મહૂર્ત્ત સુધી સકષાયી રહી પુનઃ પણ ઉપશમશ્રેણિ ઉપર ચઢી અકષાયીપણું પ્રાપ્ત કરે તો તે જીવને સકષાયીપણું જઘન્યપદ સંબંધી અન્તર્મુહૂર્ત્ત કાળ પ્રમાણનું હોય છે - પ્રાપ્ત થાય છે. અને જે જીવ ઉપશાન્ત વીતરાગની અવસ્થાથી (અગિયારમા ગુણસ્થાનથી - અકષાયીપણાથી) પતિત થઈ સકષાયી થઈને દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત્ત સુધી સંસારસમુદ્રમાં ભમીને પુનઃ પણ અકષાયી થાય, તો તેવા જીવને અંગે સકષાયીપણું ઉત્કૃષ્ટ કાળવાળું પ્રાપ્ત થાય છે (અર્થાત્ તે જીવને સકષાયીપણાનો ઉત્કૃષ્ટ કાળ જાણવો). (- એ અહીં સાદિ સાન્ત જે ત્રીજો ભાંગો તેના જ બે કાળ જાણવા). અહીં વર્તમાન પ્રસંગમાં વિચારાતી ઉપરની ગાથામાં તો સકષાયીપણાનો કાળ ત્રીજા ભાંગાવાળો જ જઘન્યપદથી કહ્યો છે, (પરન્તુ પહેલા બે ભાંગાનો કાળ ઉપરની ગાથામાં કહ્યો નથી, એ તાત્પર્ય છે). જેથી શેષ બે ભાંગા તો ઉપલક્ષણથી પોતાની મેળે જ જાણી લેવા. કારણ કે આ ચાલુ વિષયવાળી ગાથામાં તો જે જે ભાવ અન્તર્મુહૂર્ત્ત પ્રમાણના છે તે તે ભાવ દર્શાવવાના જ ઈષ્ટ હોવાથી (તે બે ભાંગા કહેવાનું પ્રયોજન નથી).

जहण्णमंतोमुहुत्तंतो (- એટલે જઘન્ય કાળ અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ છે) એ પદ કાયયોગ વિગેરે દરેકમાં જોડવું. અને તે વૃત્તિમાં જોડીને જ તેની વ્યાખ્યા પણ કરી છે જ. એ ૨૩૫મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૨૩૫॥

अवतरणः એ પ્રમાણે પૂર્વ ગાથામાં અંતર્મુહૂર્ત્તની સ્થિતિવાળા જીવના ગુણ ભેગા કરીને કહ્યા. હવે જઘન્યથી એકેક સમયની સ્થિતિવાળા જે મનોયોગ વિગેરે જીવના ગુણ છે તેનો સંગ્રહ કરીને કહેવાની ઈચ્છાએ તે ગુણો આ ગાથામાં કહેવાય છે. તે આ પ્રમાણે :

**मण वइ उरल विउव्विय, आहारय कम्म जोग अणरित्थी ।**
**संजमविभाग विब्भंग, सासणे एगसमयं तु ॥२३६॥**

गाथार्थः મનયોગ-વચનયોગ- ઔદારિકયોગ-વૈક્રિયયોગ- આહારકયોગ- કાર્મણયોગ- અનર (નપુંસક) વેદ - સ્ત્રીવેદ - સંયમના ભેદ - વિભંગજ્ઞાન અને સાસ્વાદન એ સર્વ ગુણો એકેક સમયની જઘન્ય સ્થિતિવાળા છે (એ એક સમય સ્થિતિવાળા ગુણોનો સંગ્રહ જાણવો). ॥૨૩૬॥

टीकार्थः આ ગાથા જઘન્ય સ્થિતિ કહેનારી હોવા છતાં 'જઘન્ય' એ શબ્દ-પદ ગાથામાં કહ્યું નથી, તેથી પૂર્વ ગાથામાં જે જઘન્યપદ કહ્યું છે, તેનું અહીં અનુસરણ જાણવું. એટલે પૂર્વ ગાથામાં કહેલા જઘન્ય શબ્દનો સંબંધ આ ગાથામાં પણ જોડવો. તથા 'યોગ' એ શબ્દ પણ

૧. હે ભગવન્ ! સકષાયી જીવ સકષાયીપણે કેટલા દીર્ઘ કાળ સુધી રહે ? ગૌતમ ! સકષાયી જીવ ત્રણ પ્રકારે કહ્યા છે, તે આ પ્રમાણે - અનાદિ અપર્યવસિત, અનાદિ સપર્યવસિત, અને સાદિ સપર્યવસિત; [એ સાદિ સપર્યવસિત તે] જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ, અને ઉત્કૃષ્ટથી દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત્ત પ્રમાણ જાણવા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कम्म जोग એ પદમાં કાર્મણની સાથે જોડેલો છે, તો પણ તેનો સંબંધ યથાયોગ્ય બીજા પદોમાં (मण वइ ઇત્યાદિ સાથે પણ) જોડવો. તેથી પ્રથમ मणजोग = મનોયોગ જઘન્યથી એક સમય હોય છે. કારણ કે કોઈ ગર્ભજ પંચેન્દ્રિયને મનઃપર્યાપ્તિ વડે પર્યાપ્તપણું એક જ સમય રહીને ત્યારબાદ મરણનો સંભવ હોવાથી (અર્થાત્ એક જ સમય મનઃપર્યાપ્તિપણું રહેવાથી) મનયોગનો જઘન્ય કાળ એક સમય કહ્યો છે. એવી રીતે વચનયોગ પણ જઘન્યથી ૧ સમય હોય છે. કારણ કોઈ દ્વીન્દ્રિયાદિ જીવ એક જ સમય ભાષાપર્યાપ્તિ વડે પર્યાપ્તપણું અનુભવીને તદનન્તર મરણ પામી જાય તો વચનયોગનો જઘન્ય કાળ એક સમય પ્રાપ્ત થાય છે.

તથા उरल- ઔદારિક શરીરવાળો જીવ વૈક્રિય શરીર રચીને કાર્ય સમાપ્ત થયે તે ઉત્તર વૈક્રિયનો ત્યાગ કરીને પુનઃ ઔદારિક શરીરમાં આવી જાય, અને ત્યાં ઔદારિક શરીરમાં એક જ સમય રહી મરણ પામે. તેથી બીજે સમયે (પરભવમાં વક્રગતિએ જતાં) કાર્મણયોગ વાળો થાય. અથવા તો (દેવ- નારકમાં ઉત્પન્ન થવા જતાં ત્યાં ઉત્પત્તિસ્થાને ઋજુગતિએ) વૈક્રિય કાયયોગી (એટલે વૈક્રિયમિશ્રયોગી) થાય. તો એ અપેક્ષાએ ઔદારિક કાયયોગ જઘન્યથી એક સમયની સ્થિતિવાળો ગણાય છે. અહીં વૈક્રિયલબ્ધિરહિત એવા પૃથ્વીકાય આદિ જીવોનો ઔદારિક કા[1]યયોગ તો જઘન્યથી પણ અન્તર્મુહૂર્ત્ત પ્રમાણનો હોય છે ( માટે તે જીવોની અપેક્ષાએ એક સમયની સ્થિતિ ન જાણવી).

તથા विउव्विय (વૈક્રિય કાયયોગનો જઘન્ય સ્થિતિકાળ એક સમયનો છે તે આ પ્રમાણે -) ઔદારિકશરીરી એવા વાયુકાય વિગેરે જીવોએ વૈક્રિય શરીર રચવાનો પ્રારંભ કર્યો, અને તેનો પ્રારંભ કરતાં એક જ સમય જીવીને મરણ પામ્યો, અને મરણ પામવાથી અન્ય યોગને (પરભવમાં ઔદારિક વા વૈક્રિય યોગને) પ્રાપ્ત થયો. તો એ પ્રમાણે વૈક્રિય [2]કાયયોગ પણ જઘન્યથી ૧ સમયની સ્થિતિવાળો પ્રાપ્ત થયો.

તથા आहारय (આહારક યોગનો ૧ સમય જઘન્ય સ્થિતિકાળ છે તે આ પ્રમાણે -) ચૌદ પૂર્વધર આહારકશરીરયોગ્ય પુદ્‌ગલોને એક સમય ગ્રહણ કરીને મરણ પામે, તો એ પ્રમાણે આહારક યોગ પણ જઘન્યથી એક સમયનો પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે તો કેટલાએક આચાર્યો કહે છે, પરન્તુ એ વાત અનાગમિક સરખી (આગમમાં ન કહેલી હોવાથી આગમ સાથે વિરોધવાળી) જણાય છે. કારણ કે સિદ્ધાન્તમાં આહારકશરીરનો જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ અન્ત[3]ર્મુહૂર્ત્ત પ્રમાણનો કાળ કહ્યો છે. તે કારણથી જેણે આહારક શરીર બનાવ્યું છે એવા કોઈ

૧. અહીં ઔદારિકમિશ્ર કાયયોગ જુદો ન ગણતાં ઔદારિકમાં સામાન્યપણે અન્તર્ગત ગણ્યો છે. જો જુદો ગણાત તો પૃથ્વ્યાદિ જીવોને પણ ઔદારિક યોગ ૧ સમયનો કહેવાત. વળી મિશ્રયોગ ગણીએ તો કેવલી સમુદ્‌ઘાતમાં તે પણ ૧ સમય સ્થિતિવાળો હોય છે.

૨. વાસ્તવિક રીતે એ પહેલા સમયનો વૈક્રિય યોગ તે વિશેષભેદે વિચારતાં તો વૈક્રિયમિશ્ર યોગ જ છે. પરન્તુ અહીં વૈક્રિયમિશ્ર યોગને જુદો ન ગણવાથી એ યોગને પણ વૈક્રિય યોગ તરીકે અહીં કહ્યો છે, એમ જાણવું.

૩. જઘન્ય કાળ આહારકનો અન્તર્મુહૂર્ત્ત કહેવાથી એ વાત સિદ્ધ થઈ કે આહારક યોગના પ્રારંભમાં વર્તતો જીવ મરણ પામે જ નહિ. અને જો મરણ પામે તો અન્તર્મુહૂર્ત્ત વ્યતીત થવું જ જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચૌદ પૂર્વધર મુનિ કાર્યસિદ્ધિ સમાપ્ત થવાના નજીક કાળમાં મનયોગથી અથવા વચનયોગથી ઊતરીને પુનઃ પણ એક સમય આહારક કાયયોગ અનુભવીને ઔદારિક શ[1]રીરને પ્રાપ્ત થાય તો એવા પ્રકારની કોઈ વિવક્ષા - અપેક્ષા વડે જો કદાચ જઘન્યથી એક સમયની સ્થિતિવાળો આહારક કાયયોગ પ્રાપ્ત થતો હોય તો સંભવિત છે. એ બાબતની વિશેષ ચર્ચા વડે સર્યું (એ રીતે આહારક યોગનો જઘન્ય કાળ ૧ સમય વિસંવાદપણે જાણવો).

તથા कम्मजोगा - વિગ્રહગતિમાં જ્યારે એક સમય અનાહારક હોય છે ત્યારે કા[2]ર્મણ કાયયોગ જઘન્યથી ૧ સમયની સ્થિતિવાળો જાણવો. (અર્થાત્ નિશ્ચયનયથી એકવક્રા વિગ્રહગતિ કે જે બે સમયની છે તેમાં પહેલે સમયે અનાહારી હોય છે, અને તે વખતે કાર્મણ કાયયોગ હોય છે. માટે તે વખતનો કાર્મણ કાયયોગ ૧ સમયની સ્થિતિવાળો જાણવો. અથવા વ્યવહારનયથી વિચારતાં ત્રણ સમયવાળી દ્વિવક્રા વિગ્રહગતિમાં વચ્ચેનો એક સમય અનાહારી, અને તે વખતે જ ૧ સમયની સ્થિતિવાળો કાર્મણ કાયયોગ ગણાય.)

તથા अणरित्थी - જે નર નહિ તે અનર અને પર્યુદાસ[3]નઞ્‌ના આશ્રયથી અહીં અનર એટલે નપુંસક કહેલો છે, અને તેથી અનર અને સ્ત્રી એ બેનો સમાસ અનરસ્ત્રી એટલે નપુંસકવેદ અને સ્ત્રીવેદ, એ ભાવાર્થ છે. તે બન્નેનો પણ દરેકનો જઘન્ય સ્થિતિકાળ ૧ સમયનો છે. અને તેની ભાવના 'देवी पणपण्णाऊ' ઇત્યાદિ પદવાળી ગાથાની વૃત્તિમાં દર્શાવેલી છે જ. (ત્યાંથી જાણી લેવી.) તથા संजमविभाग (સંયમના ભેદ). અહીં સંયમ તે સામાન્યથી ચારિત્રરૂપ સંયમ કહેલું છે. તેના વિભાગ-ભેદ તે સામાયિક ચારિત્ર, છેદોપસ્થાપન ચારિત્ર, પરિહારવિશુદ્ધિચારિત્ર, સૂક્ષ્મસંપરાય ચારિત્ર અને યથાખ્યાત ચારિત્ર એ પાંચ ચારિત્ર જાણવાં. એ પાંચે ચારિત્રમાંનું પણ દરેક ચારિત્ર એકેક સમયની જઘન્ય સ્થિતિવાળું છે. અને એ વાત પણ ભાવનાસહિત 'छावट्ठिउयहिनामा साहीया' ઇત્યાદિ ગાથાની વૃ[4]ત્તિમાં દર્શાવેલી જ છે.

તથા विब्भंग - વિભંગજ્ઞાન પણ જઘન્યથી એક સમયની સ્થિતિવાળું જ છે. અને જે રીતે એ વિભંગજ્ઞાન એક સમયની સ્થિતિવાળું હોય છે તે રીતિ પણ विब्भंगस्स भवट्ठिई ઇત્યાદિ

---

૧. અહીં આહારક શરીરના પર્યન્તે આહારક યોગના ઉપયોગમાં ૧ સમય રહી પર્યન્તે ઔદારિક શરીરની પ્રાપ્તિ અથવા તો ઔદારિક યોગના ઉપયોગમાં વર્તે તો પણ એક સમયની સ્થિતિ ગણવી હોય તો ગણી શકાય.

૨. અહીં જ્યારે જ્યારે સયોગી જીવને અનાહારીપણું હોય તે વખતે કાર્મણ યોગ એકલો જ હોય છે. અથવા જ્યારે જ્યારે કાર્મણ યોગ હોય છે ત્યારે અનાહારીપણું જ હોય છે, માટે એ બેનો એવા પ્રકારનો સંબંધ જાણવો.

૩. पर्युदासाश्रयणात् એટલે - બે પ્રકારના नञ् (નકાર) હોય છે, એક પર્યુદાસ; તેમાં જેનો નિષેધ થતો હોય તેના જેવા પદાર્થનું ગ્રહણ થાય છે; અને બીજો પ્રસજ્ય नञ्; તેમાં માત્ર નિષેધ જ થાય છે. અહીં अणरित्थि એ પદમાં નરવેદનો નિષેધ છે, તો ત્યાં તેના બદલે તેના જેવો નપુંસકવેદ લેવાનો છે, માટે એ नञ् (નકાર) પર્યુદાસ नञ् કહેવાય.

૪. ऊणा य पुव्वकोडी मणसमइय छेयपरिहारे એ પદોની વૃત્તિમાં કહ્યું છે કે - ચારિત્રનો જઘન્ય સ્થિતિકાળ એક સમયનો છે. કારણ કે કોઈ જીવ ચારિત્ર એક સમય પામીને (એટલે ચારિત્રના અધ્યવસાયમાં એક સમય વર્તીને) બીજે સમયે તુર્ત કાળ કરે તો દેવમાં ઉત્પન્ન થાય અને ત્યાં દેવમાં ચારિત્રનો અભાવ છે. માટે એ ચારિત્રની જઘન્ય સ્થિતિ ૧ સમયની પ્રાપ્ત થાય છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગાથાની વૃત્તિ[1]માં કહેલી જ છે.

તથા सासणे એટલે સાસ્વાદન સમ્યક્ત્વ પણ જઘન્યથી એક સમયની સ્થિતિવાળું છે. એ સંબંધી ભાવના તો સૂત્રકર્તાએ પણ 'सासायणेगजीविय' ઈત્યાદિ ગાથામાં પૂર્વે કહેલી જ છે. છતાં અહીં બીજી વાર કહેવાનું કારણ કે - અહીં એકેક સમયની સ્થિતિવાળા સર્વ જીવગુણોના સંગ્રહનો અધિકાર હોવાથી તેના સંગ્રહમાં બીજીવાર વિવક્ષા કરી છે, માટે એમાં પુનરુક્તપણાનો દોષ ન જાણવો. એ પ્રમાણે મનોયોગાદિકનો જઘન્ય સ્થિતિકાળ એકેક સમયનો આ ગાથામાં કહેવાયો. અને ઉત્કૃષ્ટ સ્થિતિકાળ તો આ ગ્રંથની ગાથાઓમાં જ પૂર્વે કહેવાઈ ગયો છે. તે કારણથી અહીં પુનઃ તે ઉત્કૃષ્ટ સ્થિતિકાળ કહ્યો નથી. એ રીતે ૨૩૬મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥ इति जीवगुणानां जघन्यस्थितिकालः ॥२३६॥

अवतरणः પૂર્વે સામાયિક ચારિત્ર આદિ ચારિત્રના પાંચે ભેદોનો એકેક જીવ આશ્રયિ ઉત્કૃષ્ટ સ્થિતિકાળ કહેવાઈ ગયો છે. અને ઉપરની અનન્તર ગાથામાં એ પાંચે ચારિત્રનો જઘન્યકાળ પણ એકેક જીવ આશ્રયિ કહેવાયો. હવે છેદોપસ્થાપન ચારિત્ર તથા પરિહારવિશુદ્ધિ ચારિત્ર એ બે ચારિત્ર અનેક જીવની અપેક્ષાએ વિચારતાં જઘન્યથી તથા ઉત્કૃષ્ટથી કેટલા કાળ સુધી પ્રાપ્ત થાય તે વિશેષ ભેદે વિચારવાની ઈચ્છાએ અનેક જીવ આશ્રયિ એ બે ચારિત્રનો કાળ અહીં કહેવાનો છે. ત્યાં પ્રથમ ગાથામાં જઘન્ય કાળ વિચારાય છે :

**अड्ढाइज्जा य सया, वीसपुहुत्तं च होइ वासाणं ।**
**छेय - परिहारगाणं, जहण्णकालाणुसारो उ ॥२३७॥**

गाथार्थः છેદોપસ્થાપન ચારિત્રના જઘન્ય કાળનું અનુસરણ (જઘન્ય કાળની નિરન્તર પ્રવૃત્તિ) અઢીસો વર્ષ છે, અને પરિહારવિશુદ્ધિ ચારિત્રની જઘન્ય કાળની નિરન્તર પ્રવૃત્તિ વીશપૃથક્ત્વ વર્ષ પ્રમાણ છે. ॥૨૩૭॥

टीकार्थः छेय= છેદોપસ્થાપનીય ચારિત્ર જઘન્યથી અર્ધ સહિત બસો વર્ષ એટલે અઢીસો (૨૫૦)[2] વર્ષ સુધી અનેક જીવોમાં (અનેક જીવોની અપેક્ષાએ) નિરન્તર પ્રાપ્ત થાય છે, એ સંબંધ છે. એ સતતકાળ ઉત્સર્પિણીનો ત્રીજો આરો બેસતાં નેવ્યાસી (૮૯) પક્ષ- પખવાડિયાં પ્રથમના વ્યતીત થયા બાદ પ્રથમ તીર્થંકરની ઉત્પત્તિ થયે છેદોપસ્થાપનીય ચારિત્ર પ્રવર્તે છે, તે શ્રી પ્રથમ તીર્થંકરના તીર્થમાં અઢીસો વર્ષ સુધી અનેક જીવની અપેક્ષાએ નિરન્તર પ્રવર્તે (અર્થાત્ એ જઘન્ય સતતકાળ પ્રથમ તીર્થંકરના તીર્થમાં પ્રાપ્ત થાય છે). ત્યાર બાદ બીજા તીર્થંકરના તીર્થમાં તો છેદોપસ્થાપનીય ચારિત્રનો જ અભાવ હોય છે (શેષ ત્રીજાથી ૨૩મા

---

૧. આ ગ્રંથની વૃત્તિને અનુસારે ૧ સમય આ પ્રમાણે - કોઈ મિથ્યાદૃષ્ટિ જીવને વિશુદ્ધ અધ્યવસાયમાં વર્તતાં વિભંગજ્ઞાન ઉત્પન્ન થયું. ત્યારબાદ અધિક વિશુદ્ધિ વધતાં જ બીજે સમયે સમ્યક્ત્વ ઉત્પન્ન થયું. તે વખતે તે વિભંગજ્ઞાન પોતે અવધિજ્ઞાન રૂપે પરિણમ્યું (સમ્યક્ત્વ યુક્ત થવાથી અવધિ ગણાયું). જેથી એ પ્રમાણે વિભંગની જઘન્ય સ્થિતિ એક સમયની પ્રાપ્ત થઈ, - આ સંબંધમાં શ્રી પ્રજ્ઞાપનાજીની વૃત્તિમાં જે જુદી રીતિ દર્શાવી છે, તે તે જ ગાથાની વૃત્તિના અર્થ પ્રસંગે લખેલી ટિપ્પણીમાંથી જાણી લેવી.

૨. એ અઢીસો વર્ષ છેદોપસ્થાપનીય ચારિત્રની નિરન્તર નવી પ્રાપ્તિનાં નહિ, પરન્તુ ચાલુ હયાતીનાં જ જાણવા. કારણ કે સંખ્યાત મનુષ્યોમાં એટલી નિરન્તર પ્રતિપત્તિ હોય જ નહિ.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુધી પણ છેદોપસ્થાપનીય ચારિત્રનો અભાવ જ હોય છે).

તથા परिहारगाणं = પુનઃ પરિહારવિશુદ્ધિ ચારિત્રવાળાઓનો જઘન્ય કાળનો અનુસાર એટલે અનુસરણ અર્થાત્ નિરન્તર પ્રવૃત્તિ વીશપૃથક્ત્વ વર્ષ સુધી હોય છે. કેવી રીતે ? તો સો વર્ષના આયુષ્યવાળા કોઈ નવ સાધુના ગણે - સમુદાયે પૂર્વે કહેલા હેતુ[1]થી ઓગણત્રીસ વર્ષ વ્યતીત થયા બાદ અવસર્પિણીના છેલ્લા તીર્થંકરની પાસે પરિહારવિશુદ્ધિ ચારિત્ર અંગીકાર કરીને ૭૧ વર્ષ સુધી નિરન્તર પરિપાલન કર્યું. તે બાદ આયુષ્યના અન્તે તે જ ગણની પાસે સો[2] વર્ષના આયુષ્યવાળા બીજા નવ સાધુના ગણે પૂર્વે કહેલી રીતિએ જ - યુક્તિથી જ પોતાના આયુષ્યના ૨૯ (ઓગણત્રીસ) વર્ષ વીત્યા બાદ એ પરિહારચારિત્ર અંગીકાર કરીને ૭૧ (ઇકોતર) વર્ષ સુધી નિરન્તર પરિપાલન કર્યું. ત્યારબાદ હવે એ ચારિત્રને ત્રીજો કોઈ પણ ગણ અંગીકાર કરે નહિ. કારણ કે તીર્થંકરને છોડીને અથવા તીર્થંકર પાસે જ જેણે એ ચારિત્ર (પરિહારવિશુદ્ધિ ચારિત્ર) અંગીકાર કર્યું હોય તેવા મુનિને છોડીને બીજા કોઈ પણ મુનિની પાસે પરિહારચારિત્ર અંગીકાર કરવાનો નિષેધ છે માટે. અને એ પ્રમાણે હોવાથી જ એ ચારિત્રની સતત પ્રતિપત્તિ (એટલે નવી પ્રાપ્તિ નહિ પરન્તુ ચાલુ પ્રાપ્તિ) એકસો બેંતાલીસ વર્ષ (૧૪૨ વર્ષ એટલે ૭૧ × ૨ = ૧૪૨ વર્ષ) જેટલી કહી છે. એ એકસો બેંતાલીસ વર્ષને જ આ ગાથામાં વીશપૃથક્ત્વ શબ્દ વડે વિવક્ષેલ - કહેલ છે એમ જાણવું. કારણ કે બે વર્ષ અધિક એવાં સાત વીશ વર્ષથી મધ્યમ વીશપૃથક્ત્વ થાય છે (ઉત્કૃષ્ટ વિંશતિપૃથક્ત્વ ૨૦ × ૯ = ૧૮૦ વર્ષનું કહેવાય). એ પ્રમાણે ૨૩૭ મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૨૩૭॥

अवतरणः પૂર્વ ગાથામાં છેદોપસ્થાપન અને પરિહારવિશુદ્ધિ એ બે ચારિત્રનો અનેક જીવ આશ્રયિ જઘન્ય સતતકાળ કહ્યો. આ ગાથામાં એ જ બે ચારિત્રનો અનેક જીવ આશ્રયિ ઉત્કૃષ્ટ સતતકાળ કહેવાય છે :

**कोडिसयसहस्साइं, पन्नासं हुंति उयहिनामाणं ।**
**बे पुव्वकोडिऊणा, नाणाजीवेहि उक्कोसं ॥२३८॥**

गाथार्थः છેદોપસ્થાપનીય ચારિત્રનો અનેક જીવ આશ્રયિ ઉત્કૃષ્ટ સતતકાળ પચાસ લાખ ક્રોડ (૫૦૦,૦૦,૦૦, ૦૦,૦૦,૦૦૦) સાગરોપમ છે, અને પરિહારવિશુદ્ધિ ચારિત્રનો દેશોન બે પૂર્વક્રોડ વર્ષ જેટલો છે. ॥૨૩૮॥

टीकार्थः(આ ગાથામાં છેદોપસ્થાપનીય તથા પરિહાર ચારિત્ર સ્પષ્ટ નથી કહ્યું, તો પણ) પૂર્વ ગાથામાં કહેલું હોવાથી આ ગાથામાં પણ અનુસરતું તે છેદોપસ્થાપનીય ચારિત્ર અનેક જીવોની અપેક્ષાએ ઉત્કૃષ્ટ કાળ આશ્રયિ ગણીએ તો પચાસ શતસહસ્રક્રોડ જેટલા ઉદધિનામ

૧. અહીં હેતુ પરિહારચારિત્રનો નહિ પરન્તુ ઓગણત્રીસ વર્ષ ન્યૂનનો જાણવો. કારણ કે પૂર્વે પરિહારવિશુદ્ધિ ચારિત્રનો હેતુ કહ્યો નથી, પરન્તુ ચારિત્રની વ્યવસ્થા દર્શાવી છે, માટે અહીં હેતુનો સંબંધ ચારિત્રપર્યાયને અંગે જાણવો.

૨. એથી નિર્ણય થાય છે કે ૧૦૦ વર્ષથી ન્યૂન વયવાળો સાધુ પરિહાર ચારિત્ર પામી શકે નહિ, તેમજ ૨૯ વર્ષની વય થયા પહેલાં પણ પામી શકે નહિ, એ તો પ્રથમ જ કહેવાઈ ગયું છે. વળી એ ચારિત્રવાળા શ્રી જિનેશ્વરના શિષ્ય હોય અથવા શિષ્યના શિષ્ય હોય, પરન્તુ ત્યાર પછીના શિષ્ય ન હોય એમ પણ જણાય છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

-સાગરોપમ છે. અર્થાત્ છેદોપસ્થાપનીય ચારિત્ર અનેક જીવોની અપેક્ષાએ અવસર્પિણી કાળમાં પહેલા તીર્થંકરના તીર્થને વિશે પચાસ લાખ ક્રોડ સાગરોપમ સુધી[1] નિરન્તર અવિચ્છિન્નપણે પ્રાપ્ત થાય છે, એ ભાવાર્થ છે. અને બીજા-ત્રીજા આદિ તીર્થંકરના શાસનમાં તો છેદોપસ્થાપનીય ચારિત્રનો જ અભાવ છે, જેથી તે શાસનમાં કાળ કહેવાનો છે જ નહિ (એ છેદોપસ્થાપનીયનો ઉત્કૃષ્ટ કાળ કહ્યો).

તથા પૂર્વ ગાથામાં કહેલા પરિહારવિશુદ્ધિનું પણ આ ગાથામાં અનુસરણ હોવાથી તે પરિહારવિશુદ્ધિ ચારિત્ર અનેક જીવોની અપેક્ષાએ ઉત્કૃષ્ટથી દેશોન બે પૂર્વક્રોડ વર્ષ સુધી નિરન્તર પ્રાપ્ત થાય છે. તે આ પ્રમાણે - અવસર્પિણી કાળના પ્રથમ તીર્થંકર પાસે પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળા નવ સાધુના ઓગણત્રીસ વર્ષ પોતાના આયુષ્યના વ્યતીત થયા બાદ પરિહારવિશુદ્ધિ ચારિત્ર અંગીકાર કર્યું હોય, અને મરણ પર્યન્ત પરિપાલન કર્યું હોય. તે વખતે આયુષ્યને અન્તે તે જ ગણની પાસે પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળા બીજા નવ સાધુના ગણે પોતાના આયુષ્યના ઓગણત્રીસ વર્ષ વીત્યા બાદ તે (પરિહારવિશુદ્ધિ) ચારિત્ર અંગીકાર કર્યું હોય અને તે રીતે જ મરણપર્યન્ત પરિપાલન કર્યું હોય તો પૂર્વોક્ત કાળ પ્રાપ્ત થાય છે. એ બીજા ગણના આયુષ્યના પર્યન્તે ત્રીજો કોઈ પણ ગણ પરિહારવિશુદ્ધિ અંગીકાર કરે નહિ જ. (અર્થાત્ ત્યારબાદ પરિહારવિશુદ્ધિનો વિરહકાળ જ પ્રાપ્ત થાય). કારણ કે તીર્થંકર પાસે અથવા તીર્થંકર પાસે જેણે પરિહારવિશુદ્ધિ અંગીકાર કરેલ હોય તેની પાસે એ ચારિત્ર અંગીકાર થાય છે. પરન્તુ એ બેને વર્જીને બીજા કોઈ પાસે એ ચારિત્ર અંગીકાર થતું નથી. જેથી એ પ્રમાણે હોવાથી જ (૨૯ + ૨૯ =) ૫૮ વર્ષરૂપ દેશભાગ વડે ન્યૂન બે પૂર્વક્રોડ વર્ષ સુધી એ ચારિત્ર નિરન્તરપણે પ્રાપ્ત થાય છે, એમ કહ્યું છે.

વળી એ છેદોપસ્થાપનીય ચારિત્ર અને પરિહારવિશુદ્ધિ ચારિત્ર ઉત્સર્પિણી તથા અવસર્પિણી કાળમાં પહેલા તથા છેલ્લા તીર્થંકરના તીર્થમાં જ હોય છે. પરન્તુ મધ્યના બાવીસ તીર્થંકરોના તીર્થમાં તથા મહાવિદેહમાં સર્વ કાળ એ બે ચારિત્રનો અભાવ હોય છે, માટે તે સ્થાનોમાં એ બે ચારિત્ર કહ્યાં નથી (અર્થાત્ તે તીર્થંકરોના શાસનની અપેક્ષાએ આ બે ચારિત્રનો જઘન્ય તથા ઉત્કૃષ્ટ સતતકાળ કહ્યો નથી), એ તાત્પર્ય છે. શ્રી પ્રજ્ઞપ્તિમાં (શ્રી ભગવતીજીમાં) કહ્યું છે કે - 'छेओवट्ठावणियसंजया णं भंते ! कालओ केच्चिरं होंति ? गोयमा ! जहण्णेणं अड्ढाइज्जाइं वाससयाइं उक्कोसेणं पन्नासं सागरोवमकोडिसयसहस्साइं' તથા परिहारविसुध्धियसंजया णं भंते ! कालओ केच्चिरं हुंति ? गोयमा ! जहण्णेणं देसूणाइं दो वाससयाइं उक्कोसेणं देसूणाओ दो पुव्वकोडीओ ।'

પ્રશ્નઃ જો એ પ્રમાણે અનેક જીવની અપેક્ષાએ છેદોપસ્થાપનીય તથા પરિહારવિશુદ્ધિનો

૧. એટલો કાળ વ્યતીત થયા બાદ ચારિત્રનો વિચ્છેદ વા અન્તર હોય એમ નહિ, પરન્તુ છેદોપસ્થાપન સિવાયનાં પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અથવા સામાયિક ચારિત્રોમાંનાં કોઈને કોઈ તો વર્તતાં જ હોય; ફક્ત છેદોપસ્થાપનીય ચારિત્રવંત કોઈ ન હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાળ કહ્યો તો સામાયિક ચારિત્ર વિગેરે શેષ ચારિત્રોનો પણ અનેક જીવની અપેક્ષાએ સતતકાળ કહેવા યોગ્ય સંભવે છે જ, તો તે સામાયિકાદિ ચારિત્રને છોડીને એ બે ચારિત્રનો જ કાળ કેમ કહ્યો ?

ઉત્તરઃ એ વાત સત્ય છે, પરન્તુ સામાયિક ચારિત્ર તથા યથાખ્યાત ચારિત્ર તો મહાવિદેહ ક્ષેત્રમાં સદાકાળ વર્તતાં હોવાથી અનેક જીવની અપેક્ષાએ સર્વ કાળ પ્રાપ્ત થાય છે જ. અને સૂક્ષ્મસંપરાય ચારિત્ર તો જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત્ત સુધી (અનેક જીવની અપેક્ષાએ પણ) હોય છે, તે તો પોતાની મેળે જ જાણી લેવું. જે કારણથી કહ્યું છે કે - 'सुहुम संपरायसंजया णं भंते ! कालओ केच्चिरं हुंति ? गोयमा ! जहण्णेणं एक्कं समयं उक्कोसेणं[२] अंतोमुहुत्तं ॥ ' એ સૂક્ષ્મસંપરાયનો ઉત્કૃષ્ટ કાળ વ્યતીત થયા બાદ ક્ષપકશ્રેણિ અથવા ઉપશમશ્રેણિનો વિરહકાળ પ્રાપ્ત થાય તેથી, અને શ્રેણિ સિવાય એ સૂક્ષ્મસંપરાય ચારિત્ર ન હોવાથી અ[૩]ન્તર્મુહૂર્ત્ત જેટલો ઉત્કૃષ્ટ કાળ કહ્યો છે, એ ભાવાર્થ છે. એ રીતે ૨૩૮મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૨૩૮॥

અવતરણઃ એ પ્રમાણે પૂર્વ ગાથામાં ચારિત્રનો અનેક જીવની અપેક્ષાએ ઉત્કૃષ્ટ તથા જઘન્ય સતતકાળ કહ્યો. વળી યોગોનો પણ એક જીવ આશ્રયિ સતતકાળ પૂર્વ ગાથાઓમાં પ્રથમ કહેવાઈ ગયો છે, પરન્તુ અનેક જીવની અપેક્ષાએ કહ્યો નથી. માટે હવે આ ગાથામાં અનેક જીવની અપેક્ષાએ યોગનો સતતકાળ (જઘન્ય તથા ઉત્કૃષ્ટ સ્થિતિકાળ) કહેવાય છે. તે આ પ્રમાણે :

**पल्लासंखियभागो, वेउव्वियमिस्सगाण अणुसारो ।**
**भिन्नमुहुत्तं आहार - मिस्स सेसाण सव्वध्धं ॥२३९॥**

ગાથાર્થઃ વૈક્રિયમિશ્ર કાયયોગનો અનુસાર એટલે નિરન્તર પ્રવૃત્તિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સુધી હોય છે. આહારકમિશ્ર યોગનું નિરન્તર અનુસરણ અન્તર્મુહૂર્ત્ત સુધી, અને શેષ યોગો સર્વ કાળ હોય છે. ॥૨૩૯॥

ટીકાર્થઃજે યોગોમાં વૈક્રિયશરીર કાર્મણશરીરની સાથે મિશ્ર હોય તે વૈક્રિયમિશ્ર કાયયોગ. તેવા વૈક્રિયમિશ્ર કાયયોગોનો અનુસાર - અનુસરણ - નિરન્તર પ્રવૃત્તિ, પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સુધી ચાલુ હોય છે, એ ભાવાર્થ છે. અર્થાત્ નરકગતિમાં અને દેવગતિમાં (બેમાં મળીને) વૈક્રિયમિશ્ર કાયયોગ નિરન્તરપણે પ્રવર્તતો છતો ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સુધી પ્રવર્તે છે, અને ત્યારબાદ અવશ્ય અન્તરનો સદ્ભાવ હોય છે (એટલે

૧. હે ભગવન્ ! છેદોપસ્થાપનીય સંયતો કાળથી કેટલા દીર્ઘ કાળ સુધી હોય ? ગૌતમ ! જઘન્યથી અઢીસો વર્ષ અને ઉત્કૃષ્ટથી પચાસ લાખ ક્રોડ સાગરોપમ. તથા પરિહારવિશુદ્ધિ ચારિત્રીઓ કેટલા કાળ સુધી ? ગૌતમ ! જઘન્યથી દેશોન બસો (= ૧૪૨) વર્ષ, અને ઉત્કૃષ્ટથી દેશોન (૫૮ વર્ષ ન્યૂન) બે પૂર્વક્રોડ વર્ષ.

૨. હે ભગવન્ ! સૂક્ષ્મસંપરાય સંયતો કેટલા દીર્ઘ કાળ સુધી પ્રાપ્ત થાય છે ? ગૌતમ ! જઘન્યથી ૧ સમય, અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત્ત સુધી.

૩. એક જીવની અપેક્ષાએ પણ એટલો જ કાળ પૂર્વે કહેવાઈ ગયો છે, પરન્તુ તફાવત એ છે કે - તેવાં સંખ્યાત અન્તર્મુહૂર્ત્ત જેવડું આ એક અન્તર્મુહૂર્ત્ત મોટું જાણવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૈક્રિયમિશ્રનો વિરહકાળ પ્રાપ્ત થાય છે).

વળી જો વૈક્રિયલબ્ધિવાળા તિર્યંચો અને મનુષ્યોના વૈક્રિયરચનાના પ્રારંભમાં અને પર્યન્તમાં (ઉપસંહરતી વખતે) જે વૈક્રિયમિશ્ર કાયયોગ અન્ય[1] ગ્રંથોમાં કહ્યો છે, તે વૈક્રિયમિશ્ર યોગની અહીં વિવક્ષા કરીએ તો તે સર્વકાળ પ્રાપ્ત થાય છે; પરન્તુ કદાપિ પણ તે વૈક્રિયમિશ્ર યોગનો વિચ્છેદ (વિરહકાળ) પ્રાપ્ત થતો નથી. જે કારણથી કહ્યું છે કે - 'ओघतो वैक्रियमिश्रशरीरकाययोगिनो नारकादयः सदैव भवन्ति' (ઓઘથી વૈક્રિયમિશ્ર શરીરવાળા કાયયોગી નારકાદિ જીવો સદા કાળ પ્રાપ્ત થાય છે, એ પ્રમાણે વૈક્રિયમિશ્ર કાયયોગનો ઉત્કૃષ્ટ સતતકાળ કહ્યો). તથા भिन्नमुहुत्तं आहारमिस्स - જે યોગમાં ઔદારિક સાથે મિશ્ર એવો આહારક યોગ તે आहारकमिश्र યોગ તે ભિન્ન મુહૂર્ત્ત એટલે અન્તર્મુહૂર્ત્ત સુધી નિરન્તરપણે પ્રાપ્ત થાય, પરન્તુ એથી અધિક કાળ પ્રાપ્ત ન થાય. એમાં કહેવાનું તાત્પર્ય એ છે કે - પંદરે કર્મભૂમિઓમાં આહારકમિશ્ર કાયયોગમાં વર્તતા ચૌદ પૂર્વધર મુનિઓ નિરન્તરપણે પ્રાપ્ત થાય તો અન્તર્મુહૂર્ત્ત સુધી જ પ્રાપ્ત થાય. ત્યારબાદ આહારક યોગના કર્તા ચૌદ પૂર્વધર મુનિઓ સંપૂર્ણ થવાથી અથવા આહારકનો પ્રવૃત્તિકાળ સમાપ્ત થવાથી અથવા તો આહારકનો અભાવ થવાથી (એટલે આહારકનો વિરહકાળ પ્રાપ્ત થવાથી) આહારકમિશ્ર કાયયોગ વર્તતો નથી. (એ આહારક મિશ્રનો કાળ કહ્યો).

તથા सेसाण सव्वध्धं - ઉપર કહેલા બે મિશ્ર યોગ (વૈક્રિયમિશ્ર અને આહારમિશ્ર યોગ) તથા ત્રીજો આહારક કાયયોગ એ ત્રણેને વર્જીને શેષ યોગભેદો સત્ય મનયોગ - અસત્ય મનયોગ - સત્ય વચનયોગ - અસત્ય વચનયોગ ઇત્યાદિ ભેદવાળા ચાર[2] મનયોગ તથા ચાર વચનયોગ, તથા ઔદારિક કાયયોગ - ઔદારિકમિશ્ર યોગ - વૈક્રિય કાયયોગ અને કાર્મણ કાયયોગ, એ બાર યોગનો અવસ્થિતિકાળ અનેક જીવોની અપેક્ષાએ વિચારતાં સર્વ કાળ છે. કારણ કે દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિયોને સત્ય, અસત્ય, સત્યાસત્ય અને અસત્યાસત્ય એ ચાર ભેદ[3]વાળા મનયોગ અને વચનયોગ તો સ[4]ર્વદા નિરન્તર

૧. ઔદારિકમિશ્ર, વૈક્રિયમિશ્ર તથા આહારકમિશ્ર એ ત્રણ મિશ્ર યોગોના સંબંધમાં સિદ્ધાન્તનો અભિપ્રાય અને કાર્મગ્રંથિકોનો અભિપ્રાય એ બે અભિપ્રાય જુદા પડે છે. તે આ પ્રમાણે - ઔદારિકશરીરી તિર્યંચો વા મનુષ્યો વૈક્રિય શરીર બનાવે છે, તેનાં પ્રારંભમાં ઔદારિકમિશ્ર યોગ હોય. ચૌદ પૂર્વધર મુનિઓ આહારક શરીર બનાવે તેના પ્રારંભમાં પણ ઔદારિકમિશ્ર, અને ઉત્પત્તિના પ્રથમ સમયે કાર્મણ સાથે જે ઔદારિક તે પણ ઔદારિકમિશ્ર એમ ત્રણ રીતે ઔદારિકમિશ્ર યોગ સિદ્ધાન્તમાં માન્યો છે. અને વૈક્રિય તથા આહારકના ઉપસંહારમાં તો ઉભયમતે વૈક્રિયમિશ્ર તથા આહારકમિશ્ર યોગ માનેલો છે. કર્મગ્રંથકર્તા પુનઃ ઉત્તરવૈક્રિય રચનાના પ્રારંભમાં વૈક્રિયમિશ્ર અને આહારક રચનાના પ્રારંભમાં આહારકમિશ્ર યોગ માને છે, એ જ વિશેષ તફાવત છે. વળી વૃત્તિમાં જે અહીં વૈક્રિયમિશ્ર કહ્યો છે તે પુનઃ કર્મગ્રંથકર્તા પણ કેટલેક સ્થાને કાર્મણ સાથેનો જ દેવ - નારકનો વૈક્રિયમિશ્ર યોગ ગણાવે છે. અને કેટલાક ગ્રંથોમાં ઉત્તરવૈક્રિયની રચનાના પ્રારંભમાં પણ વૈક્રિયમિશ્ર યોગ ગણાવે છે.

૨. સત્ય, અસત્ય, મિશ્ર, તથા વ્યવહાર એ ચાર મનયોગ અને એજ ચાર વચનયોગ. અહીં મિશ્રનું બીજું નામ સત્યાસત્ય, અને વ્યવહારનું બીજું નામ અસત્યામૃષા અથવા અસત્યાસત્ય (ન સત્ય ન અસત્ય) છે. એ આઠ યોગ જાણવા.

૩. અહીં દ્વીન્દ્રિયાદિકને સામાન્યથી મનયોગ, વચનયોગ કહ્યા છે. પરન્તુ વિશેષતઃ આ પ્રમાણે - દ્વી૦ ત્રી૦ ચતુ૦ અસંજ્ઞી પંચેન્દ્રિય એ ચારને એક અસત્યાસત્ય વચનયોગ જ હોય, શેષ ત્રણ વચનયોગ ન હોય અને સંજ્ઞી પંચેન્દ્રિયને ચારે મનયોગ તથા ચારે વચનયોગ હોય છે, જેથી આઠ યોગ મન-વચન સંબંધી છે.

૪. કારણ કે દ્વીન્દ્રિયાદિ જીવો અસંખ્યાતા છે અને સર્વ કાળ છે માટે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવિચ્છિન્નપણે પ્રાપ્ત થાય છે. તથા ઔદારિકકાય અને ઔદારિકમિશ્રકાય તે દરેક અસંખ્ય લોકાકાશના આકાશપ્રદેશ જેટલાં સા[1]માન્યથી તિર્યંચ-મનુષ્યોમાં સર્વ કાળ અવિચ્છિન્નપણે નિરન્તર પ્રાપ્ત થાય છે. તથા વૈક્રિય શરીરો પણ નાર[2]કાદિ અનેક જીવોમાં અસંખ્યાત શ્રેણિઓમાં જેટલા આકાશપ્રદેશ હોય તેટલાં સર્વ કાળ અવિચ્છિન્નપણે - નિરન્તર પ્રાપ્ત થાય છે. અને કાર્મણ શરીરો તો સર્વ સંસારી જીવો અનન્ત હોવાથી (તે દરેકને એકેક હોવાથી) અનન્ત શરીરો સદાકાળ હોય છે, પરન્તુ વિચ્છેદ પામતાં નથી (એટલે અનંત ઘટીને કદી પણ અસંખ્યાત થતા નથી માટે એ સર્વે યોગ સર્વદા પ્રાપ્ત થાય છે).

प्रश्नः- ઔદારિકાદિ શરીરના યોગ જ્યારે સર્વકાળ અવિચ્છિન્ન પ્રાપ્ત થાય છે ત્યારે આહારક શરીરનો યોગ સર્વદા કેમ પ્રાપ્ત થતો નથી ? કે જેથી અહીં તે આહારક કાયયોગને સર્વ કાળની વક્તવ્યતામાંથી વર્જ્યો ?

उत्तरः- જો એ પ્રમાણે તમે પૂછતા હો તો, એ વાત એમ જ છે, (અર્થાત્ આહારક યોગ સર્વદા, પ્રાપ્ત થતો જ ન[3]થી). જે કારણથી સિદ્ધાન્તમાં કહ્યું છે કે - 'લોકને વિષે આહારક શરીરો યાવત્ ઉત્કૃષ્ટથી છ માસ સુધી વિકુર્વેલાં પ્રાપ્ત થતાં નથી, અને જઘન્યથી ૧ સમય સુધી જ. (અર્થાત્ આહારક શરીરનો ઉત્કૃષ્ટ વિરહકાળ ૬ માસનો છે, અને જઘન્ય વિરહકાળ ૧ સમયનો છે), માટે એટલા વિરહકાળ વખતે લોકમાં એક પણ આહારક શરીર વિદ્યમાન હોતું નથી ॥૧॥'

'જો આહારક શરીર લોકમાં હોય છે તો જઘન્યથી એક, બે અથવા ત્રણ અથવા પાંચ હોય છે, અને ઉત્કૃષ્ટથી સમકાળે એક હજાર પૃથક્ત્વ (૯૦૦૦) હોય છે ॥૨॥'

વળી આ ગાથામાં જો કે सेसाण सव्वध्धं એમ કહેવાથી (બે મિશ્ર યોગ સિવાયના શેષ યોગમાં) આહારક કાયયોગનું પણ ગ્રહણ થાય છે, તો પણ એ ગાથાના અવયવની પ્રવૃત્તિ પ્રાયઃવૃત્તિવાળી હોવાથી (એટલે सेसाण सव्वध्धं એ પદનો અર્થ સંબંધ પ્રાયઃ - અસર્વવ્યાપ્ત અથવા યથાસંભવવાળો હોવાથી) સિદ્ધાન્તને અનુસારે આહારક કાયયોગનું વર્જન પોતાની મેળે જ જાણી લેવું. એ ૨૩૯ મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૨૩૯॥ इति योगानां स्थितिकालः॥

अवतरणः એ પ્રમાણે નવ અનુયોગદ્વારમાં ત્રીજા કાળપ્રમાણ દ્વારને વિષે ભવસ્થિતિ, કાયસ્થિતિ અને ગુણવિભાગસ્થિતિ એ ત્રણ પ્રકારનો જીવસમાસ સંબંધી (ગુણસ્થાન અને

૧. વિશેષભેદે વિચારતાં એક લોકાકાશ જેવડા અસંખ્ય લોકાકાશના આકાશપ્રદેશ જેટલા તો તિર્યંચ પંચેન્દ્રિયો તથા ચતુરિન્દ્રિય, ત્રીન્દ્રિય, દ્વીન્દ્રિય અને એકેન્દ્રિયના ભેગાં મળીને સર્વ શરીરો છે. અને મનુષ્યનાં શરીર તો સમ્મૂર્ચ્છિમ-ગર્ભજ મળીને તેથી ઘણાં અલ્પ અસંખ્યાત જ છે, જેથી સર્વ મળીને પણ અસંખ્ય લોક જેટલાં જ શરીરો ગણાય.

૨. નારક, દેવ અને તિર્યંચ પંચેન્દ્રિયો એ ત્રણેનાં મળીને વૈક્રિય શરીરો અસંખ્ય શ્રેણિના આકાશપ્રદેશ જેટલાં છે, અને મનુષ્યનાં તો સંખ્યાત જ હોય છે.

૩. કારણ કે આહારક શરીરના કર્તા ચૌદ પૂર્વધર મુનિઓ સંખ્યાતા જ હોય છે. જે માટે કહ્યું છે કે લોકમાં સમકાળે વર્તતા આહારકયોગી મુનિઓ ઉત્કૃષ્ટથી પણ ૯૦૦૦ (સહસ્રપૃથક્ત્વ) જેટલા જ પ્રાપ્ત થાય છે, પણ અધિક નહિ.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવભેદો સંબંધી) કાળ કહીને હવે એ કાળદ્વારનો ઉપસંહાર કરવાની ઈચ્છાએ ગ્રંથકર્તા તેના ઉપસંહાર સંબંધી આ ગાથા કહે છે :

**एत्थ य जीवसमासे, अणुमज्जिय सुहुमनिउणमइकुसलो ।**
**सुहुमं कालविभागं, विभएज्ज सुयम्मि उवउत्तो ॥२४०॥**

ગાથાર્થ : એ પ્રમાણે સૂક્ષ્મ અને નિપુણ બુદ્ધિ વડે કુશલ એવો જ્ઞાતા અત્યંત વિચાર કરી કરીને શ્રુતને - સિદ્ધાન્તને વિષે ઉપયોગવાળો થયો - વર્તતો છતો આ જીવસમાસમાં (ગુણસ્થાનોમાં અથવા જીવભેદોમાં) કાળવિભાગને (કાળ નામના પાંચમા અનુયોગદ્વારને) સૂક્ષ્મ રીતે વિભજે - વહેંચે - જાણે - પ્રાપ્ત કરે. ॥૨૪૦॥

ટીકાર્થ : શ્રુતરૂપી સમુદ્ર અનન્ત છે, તેથી તેમાં કહેલા જીવસમાસ સંબંધી પદાર્થો પણ અપરિમિત - અપાર છે. તો તે દરેક પદાર્થોનો હું કેટલાનો સ્થિતિકાળ કહું ? (અર્થાત્ શ્રુતસમુદ્રમાં પ્રરૂપેલા દરેક પદાર્થની સ્થિતિકાળ કહેતાં પાર ન આવે). તે કારણથી કાળદ્વાર વડે વિચારવા માંડેલા (કહેવા માંડેલા) એ જીવસમાસોમાં કેટલાક સ્થૂલ સ્થૂલ પદાર્થોનો પણ (કેટલાક મુખ્ય મુખ્ય પદાર્થોનો) કાળ મેં કહેલો હોવાથી હવે બીજા જે સૂક્ષ્મ પદાર્થો સૂક્ષ્મમતિ-બુદ્ધિવાળાથી જ જાણી શકાય એવા બાકી રહ્યા હોય તે સર્વમાં જીવસમાસ સંબંધી કાળવિભાગ એટલે સ્થિતિકાળના ભેદ જે જે પ્રમાણે સંભવતા હોય તે પ્રમાણે શ્રુતજ્ઞાનમાં ઉપયોગવાળા બુદ્ધિમાનો શ્રુતને અનુસારે જ વિભજે - જાણે - પ્રરૂપે. એટલે પોતાની મેળે જ તે તે પ્રકારના કાળવિભાગ વડે તે તે સૂક્ષ્મ પદાર્થની પ્રરૂપણા કરે. અહીં ગાથામાં जीवसमासे એ પદ એક વચનાન્ત હોવા છતાં અર્થમાં વચનવ્યત્યય વડે (પ્રાકૃતમાં વચનનો ફેરફાર થતો હોવાથી તે પ્રમાણે ફેરફાર કરીને) जीवसमासेषु એ બહુવચનાન્ત અર્થ કરવો. હવે ઉપર કહ્યું કે - પોતાની મેળે કાળવિભાગની પ્રરૂપણા કરે, તો તે કેવી રીતે પ્રરૂપણા કરે ? તે કહે છે - अनुमज्ज - એટલે તર્કયુક્તિ દ્વારા વિચાર કરીને તે જ શ્રુતરૂપી સમુદ્રનું સમ્યક્ પ્રકારે અવગાહન કરીને (અર્થાત્ યુક્તિપૂર્વક સિદ્ધાન્તના પદાર્થો જાણીને) પ્રરૂપણા કરે. એવું સમવગાહન કરીને કોણ પ્રરૂપણા કરે ? તે કહે છે - सुहुमनिउणमइकुसलो = સૂક્ષ્મનિપુણમતિકુશલ એટલે અતિકઠિન (દુઃખે જાણી શકાય એવા) પદાર્થોની અંદર પણ જેની મતિ-બુદ્ધિ પ્રવેશ કરીને તત્ત્વબોધવાળી (રહસ્ય જાણનારી) થતી હોય તેથી सूक्ष्म, (સૂક્ષ્મ એ મતિનું વિશેષણ છે); તથા સૂક્ષ્મ, અતિસૂક્ષ્મ અને અતિઘણા સૂક્ષ્મ એવા પદાર્થોને જાણવામાં દક્ષ-નિપુણ હોવાથી निपुण એવી મતિ જેની છે તે સૂક્ષ્મનિપુણમતિવાળો જીવ (પ્રરૂપણા કરે). અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે :

જેની મતિ સૂક્ષ્મ અને નિપુણ ન હોય તેવો અન્ય મનુષ્ય (સ્થૂલ - અનિપુણમતિવાળો મનુષ્ય) તો ઉપરની ગાથાઓમાં જે પદાર્થોનું કથન કર્યું છે તેનું અવધારણ કરી શકે એ વાત પણ સંદેહાસ્પદ છે; તો તેવો મનુષ્ય, પોતાની મતિથી, શેષ - ન કહેલા પદાર્થોનું ચિંતન કે પ્રરૂપણ કરી શકે તે વાત દૂરસ્થિત - અસંભવિત જ છે. એટલે ઉપર કહી તેવી, સૂક્ષ્મ અને નિપુણ મતિ ધરાવતો કોઈ મનુષ્ય જ, શ્રુતને અનુસારે વિચારી વિચારીને, બીજા પણ


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવસમાસ સંબંધી કાળવિભાગને (એટલે શ્રુતસિદ્ધાન્તમાં જેનો કાળ સ્પષ્ટ નથી કહ્યો તેવા પદાર્થના પણ કાળવિભાગને - સ્થિતિકાળને) યથાર્થ રીતે કહે - પ્રરૂપે. (અર્થાત્ આ ગ્રંથમાં નહિ કહેલા પદાર્થનો કાળ પણ સૂક્ષ્મબુદ્ધિવાળાએ શ્રુતને અનુસારે વિચારીને કહેવો). એ પ્રમાણે આ ૨૪૦મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૨૪૦॥ इति जीवभेदेषु कालद्वारम् ॥

## ॥ अथ अजीवेषु कालद्वारम् ॥

अवतरण: એ પ્રમાણે પૂર્વ ગાથાઓમાં જીવસમાસ સંબંધી સ્થિતિકાળ (ગુણસ્થાનોમાં, જીવભેદોમાં અને માર્ગણારૂપ જીવગુણોમાં એ ત્રણેમાં) સ્થિતિકાળ કહ્યો. હવે અજીવ સંબંધી સ્થિતિકાળ કહેવાની ઈચ્છાએ આ ગાથા કહેવાય છે :

**तिण्णि अणाइअणंता, तीयध्धा खलु अणाइया संता ।**
**साइअणंता एसा, समओ पुण वट्टमाणध्धा ॥२४१॥**

गाथार्थ: (ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એ) ત્રણ દ્રવ્યો અનાદિ અનન્ત છે. (અને ચોથા કાળદ્રવ્યમાં) અતીતકાળ - ભૂતકાળ નિશ્ચય અનાદિ સાન્ત છે. ઐષ્યત્ - ભવિષ્યકાળ સાદિ અનન્ત છે. અને વર્તમાનકાળ તો માત્ર એક જ સમયનો છે (વર્તમાન સમય પૂરતો જ છે). ॥૨૪૧॥

टीकार्थ : ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ અને પુદ્ગલાસ્તિકાય એ પાંચ દ્રવ્યો અજીવદ્રવ્યો છે. એ પાંચ દ્રવ્યોમાં દ્રવ્યાર્થ[1]પણે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અને આકાશાસ્તિકાય એ ત્રણ અજીવ નામનાં દ્રવ્યો (એટલે અજીવ દ્રવ્યો) તે અનાદિ અનન્તકાળવાળાં છે. કારણ કે સામાન્ય[2] સ્વરૂપે વિચારતાં તે દ્રવ્યો અનાદિ કાળથી વર્તે છે; અને ભવિષ્યકાળમાં પણ કદી પણ વિનાશ પામવાનાં નથી, (એ રીતે એ ત્રણ દ્રવ્યોનો અનાદિ અનન્તકાળ દ્રવ્યાર્થપણે કહ્યો).

તથા कालद्रव्य પણ સામાન્ય[3] સ્વરૂપે વિચારતાં એ જ યુક્તિ વડે અનાદિ અનન્ત જ છે. તો પણ વિશેષપણે - વિશેષભેદે વિચારતાં તે કાળ પ્રથમ ત્રણ પ્રકારનો છે - તે આ પ્રમાણે - અતીતકાળ, ઐષ્યત્કાળ (ભવિષ્યકાળ) અને વર્તમાનકાળ. એમાં (ગાથામાં કહેલો) अध्धा શબ્દ સ્ત્રીલિંગનો પ્રતિ[4]રૂપક અવ્યય છે, અને તે કાળવાચક છે. તે કારણથી અતીત એવી જે અધ્ધા તે अतीताध्धा, અર્થાત્ અતીતકાળ એ અર્થ છે. તે આ અતીતકાળરૂપ અતીત અધ્ધા ખલુ એટલે નિશ્ચયે અનાદિ અને સાન્ત જ છે. ત્યાં જેનો આદિ - આરંભ વિદ્યમાન નથી તે

૧. દ્રવ્યમાં - પદાર્થમાં દ્રવ્યપણું અને પર્યાયપણું એ બે પ્રવર્તે છે. ત્યાં એ ત્રણ પદાર્થો દ્રવ્યની અપેક્ષાએ અનાદિ અનન્ત કહેવાય, પરન્તુ એમાં પ્રવર્તતા અનન્ત પર્યાયોમાંના પર્યાયની અપેક્ષાએ તો સાદિ સાન્ત જ કહેવાય. કારણ કે પર્યાય તો નવા નવા ઉત્પન્ન થાય છે, અને અમુક કાળ સુધી ટકી અવશ્ય વિનાશ પામે છે માટે. એ પ્રમાણે સર્વે પદાર્થોમાં દ્રવ્યપણું અને પર્યાયપણું વિચારવું.

૨. સામાન્ય સ્વરૂપે એટલે દ્રવ્યપણે અથવા વિશેષભેદરહિતપણે.

૩. અહીં પણ સામાન્ય સ્વરૂપે એટલે કાળના પ્રતિભેદરહિતપણે. એમ જાણવું.

૪. અવ્યય તો લિંગ, વચન અને વિભક્તિરહિત જ હોય માટે અહીં अध्धा એ અવ્યય સ્ત્રીલિંગે નથી પણ અર્થમાં સ્ત્રીલિંગ સરખા અર્થવાળો છે, માટે સ્ત્રીલિંગપ્રતિરૂપક કહેવાય.

Jain Education International

For Private & Personal Use Only
www.jainelibrary.org

અનાદિ. અને જે અન્ત સહિત વર્તે તે સાન્ત. અહીં પ્રજ્ઞાપકના પ્રરૂપણાકાળમાં વર્તતા સમયને મર્યાદિત કરીને (એટલે શ્રુતજ્ઞાની જે સમયે પ્રરૂપણા કરે છે તે સમયને લક્ષ્યમાં રાખીને અથવા તે વખતનો મુખ્ય ગણીને) અતીતકાળના અતીતપણાની વ્યવસ્થા થાય છે (એટલે તે સમયથી પહેલાંના સર્વે અનન્ત સમયો જે વ્યતીત થઈ ગયા તે વ્યતીત સમયોને અતીત અધ્ધા મનાય છે). તે કારણથી અથવા તે સમયથી પૂર્વે તે અતીત અધ્ધા અનાદિકાળની પ્રવર્તતી હોવાથી અનાદિપણું (અતીત અધ્ધાને અનાદિપણું) ગણાય છે. અને વર્તમાન સમયે (પ્રજ્ઞાપકની પ્રરૂપણા વખતનો જે છેલ્લો વર્તતો સમય તે વર્તમાન સમયે) તે અતીત અધ્ધાનો અન્ત - પર્યન્ત - છેડો હોવાથી અતીત અધ્ધાને સાન્તપણું ગણાય છે. તથા साइअणंता एसा, एसा એટલે વર્તમાન સમય વ્યતીત થયા બાદ જે અધ્ધા - કાળ પ્રવર્તશે તે एष्या (એટલે ભવિષ્યકાળ) તે વળી સાદિ અનન્ત છે. કારણ કે વર્તમાન સમય વીત્યા બાદ તેની પ્રવૃત્તિ શરૂ થશે માટે सादि અને તે ભવિષ્ય અધ્ધાનું પર્યવસાન - અન્તર નહિ હોવાથી अनन्तપણું છે (જેથી ભવિષ્યકાળ સાદિ અનન્ત છે). તથા समओ पुण वट्टमाणध्धा = પ્રજ્ઞાપક (કાળદ્રવ્યનો જ્ઞાતા કાળ આદિ દ્રવ્યોની જે પ્રરૂપણા કરે છે તે જ્ઞાતા)ની પ્રરૂપણાની અપેક્ષાએ જે કાળ વર્તે છે (એટલે પ્રરૂપણા કરતી વખતનો જે એક વર્તમાન સમય) તે વર્તમાન અને તે અધ્ધા તે વર્તમાન અધ્ધા કહેવાય, અને તે પુનઃ એક જ સમય રૂપ છે. કારણ કે અતીત સમય અતીત અધ્ધામાં અનુપ્રવેશ કરવાથી અને અનાગત સમય (હજી નહિ આવેલો - નહિ પ્રાપ્ત થયેલો સમય) ઐષ્યત્ અધ્ધામાં રહેલો હોવાથી વર્તમાનકાળ એક સમય જેટલો જ બાકી રહે છે (અર્થાત્ વિવક્ષિત એક સમયની પહેલાંના સર્વે સમય અતીત અધ્ધામાં ગણાયા અને હવે પછીના જે સમયો આવશે તે હજી ભવિષ્ય[1]માં ગણાય છે. તો એ બે કાળની વચ્ચે રહેલો વર્તમાનકાળ તે વિવક્ષિત એક સમય જેટલો જ ગણાય) એ તાત્પર્ય છે. એ પ્રમાણે ૨૪૧મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૨૪૧॥
इति अरूप्यजीवचतुष्कानां स्थितिकालः ॥

अवतरणः અજીવદ્રવ્યોનો સ્થિતિકાળ કહેવાના પ્રસ્તુત વિષયમાં ધર્માસ્તિકાયાદિ ચાર અજીવદ્રવ્યોનો સ્થિતિકાળ પૂર્વ ગાથામાં કહીને હવે આ ગાથામાં પુદ્ગલાસ્તિકાયરૂપ અજીવ દ્રવ્યોનો (રૂપી અજીવદ્રવ્યનો) સ્થિતિકાળ કહેવાય છે :

**कालो परमाणुस्स य, दुपएसाईणमेव खंधाणं ।**
**समओ जहण्णमियरो, उस्सप्पिणिओ असंखेज्ञा ॥२४२॥**

गाथार्थ : પરમાણુનો તથા દ્વિપ્રદેશી આદિ સ્કંધોનો જઘન્ય કાળ ૧ સમય છે, અને ઉત્કૃષ્ટ સ્થિતિકાળ અસંખ્યાત ઉત્સર્પિણી - અવસર્પિણી જેટલો છે. ॥૨૪૨॥

टीकार्थ : પરમાણુનો તથા દ્વિપ્રદેશી આદિ સ્કંધોનો દરેકનો આ પ્રમાણે સ્થિતિકાળ છે. કેટલો ? તે કહે છે - જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અસં[2]ખ્યાત ઉત્સર્પિણી- અવસર્પિણી.

૧. અહીં ભવિષ્યના સમયો અનુક્રમે એક પછી એક વર્તમાનકાળમાં આવતા જશે, પરન્તુ ભૂતકાળના વ્યતીત સમયોમાંનો એક-પણ સમય વર્તમાનકાળમાં આવવાનો નથી.

૨. અહીં કાળથી અસંખ્ય ઉત્સર્પિણી - અવસર્પિણી કાળ કહ્યો, પરન્તુ ક્ષેત્રથી કેટલો ? તે અહીં સ્પષ્ટ ન કહેલો હોવાથી અન્ય ગ્રંથોથી જાણવો.

Jain Education International

For Private & Personal Use Only
www.jainelibrary.org

અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે - સ્કંધ સાથે પ્રતિબદ્ધ નહિ એવો એકાકી - છૂટો પરમાણુ પરમાણુપણે જઘન્યથી એક સમય સુધી અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી સુધી કાયમ રહે છે (અને ત્યાર બાદ અવશ્ય સ્કંધમાં સંબંધવાળો થઈ પ્રદેશરૂપે થાય છે, - એ ભાવાર્થ છે). એ પ્રમાણે દ્વયણુક સ્કંધ ( બે પરમાણુ મળીને બનેલો સ્કંધ) પણ દ્વયણુક સ્કંધ સ્વરૂપે એટલા જ સ્થિતિકાળવાળો (એટલે જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી સુધી રહેનારી) છે, એમ જાણવું. તેવી જ રીતે ત્ર્યણુક (ત્રણ પરમાણુનો બનેલો) સ્કંધ તથા ચતુરણુક સ્કંધ (ચાર પરમાણુનો બનેલો સ્કંધ) યાવત્ અનન્તાણુક (અનન્ત પરમાણુનો બનેલો) સ્કંધ પણ એટલી સ્થિતિ[1]વાળો કહેવો. એ ૨૪૨ મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૨૪૨॥ इति पुद्गलद्रव्यस्थितिकालः, तत्समाप्तौ समाप्तश्च अजीवद्रव्याणां स्थितिकालः ॥ समाप्त पञ्चमं कालद्वारम् ॥

**॥ अथ जीवसमासेषु षष्टं अन्तरद्वारम् ॥**

अवतरणः એ પ્રમાણે પૂર્વ ગાથાઓમાં પાંચે અજીવદ્રવ્યોનો સ્થિતિકાળ કહ્યો, અને તે કહેવાથી જીવોનો તથા અજીવોનો કાળવિચાર પણ સમાપ્ત થયો. અને તે સમાપ્ત થવાથી નવ અનુયોગદ્વારમાંનું પાંચમું કાળદ્વાર પણ સમાપ્ત થયું. હવે संतपयपरूवणया એ પદવાળી નવ અનુયોગદ્વારની ગાથામાં જ કહેલું છઠ્ઠું अन्तरद्वार કહેવાની ઈચ્છાએ એ અન્તરદ્વારમાં જે કંઈ કહેવાનું છે, તેની પ્રથમ પ્રતિજ્ઞા કરવાને (એટલે હવે અન્તરદ્વાર કહું છું એમ કહેવાને) પ્રથમ અન્તરદ્વારનું સ્વરૂપ શું છે ? (અર્થાત્ અન્તરદ્વાર એટલે શું ?) તે કહેવાની ઈચ્છાએ ગ્રંથકર્તા પ્રથમ આ (અન્તરદ્વારના સ્વરૂપ સંબંધી) ગાથા કહે છે :

**जस्स गमो जत्थ भवे, जेण य भावेण विरहिओ वसइ ।**
**जाव न उवेइ भावो, सो चेव तमंतरं हवइ ॥२४३॥**

गाथार्थ : જેની જ્યાં ગતિ-ઉત્પત્તિ હોય (તે પ્રથમ કહીને) તે જીવાદિ પદાર્થ જે ભાવ વડે વિરહિત હોય, અને જ્યાં સુધી તે ભાવ પ્રાપ્ત ન કરે તે નિશ્ચયે અન્તર (અર્થાત્ અન્તર એટલે પદાર્થમાં વિવક્ષિત ભાવનો વિરહકાળ) કહેવાય છે. ॥૨૪૩॥

टीकार्थ : મરણ પામેલા અને તેથી પરભવમાં જતા એવા જે મનુષ્યાદિની નરકગતિ અથવા તિર્યંચગતિ વિગેરેમાં गम = ગમન - ઉત્પત્તિ હોય તે ગતિ આ અન્તરદ્વારમાં પ્રથમ કહેવાશે. અહીં 'તે પ્રથમ કહેવાશે' એ વાક્ય અધ્યાહારથી ગ્રહણ કરવાનું છે (પરન્તુ ગાથામાં કહ્યું નથી). હવે अन्तरનું સ્વરૂપ તો આ પ્રમાણે જાણવું કે - કઈ રીતે જાણવું ? તે કહે છે - પ્રથમ અનુભવ કરેલા જે નારકાદિપર્યાયરૂપ ભાવ વડે જીવ વિરહિત એટલે વિયુક્ત - રહિત થયો છતો મનુષ્યત્વાદિ બીજા પર્યાયમાં વર્તતો હોય, અને તે પૂર્વે અનુભવેલો નારકાદિપર્યાય પુનઃ જ્યાં સુધી પ્રાપ્ત ન કરે, એટલે તે નારકાદિપર્યાય પુનઃ અનુભવમાં જ્યાં સુધી ન આવે ત્યાં

૧. દ્વ્યણુક સ્કંધનો અસંખ્ય અવસર્પિણી - ઉત્સર્પિણીરૂપ ઉત્કૃષ્ટ કાળ પૂર્ણ થયા બાદ તે સ્કંધ કાં તો ત્ર્યણુક સ્કંધ રૂપે થાય, અથવા તો બે અણુ છૂટા પડી જઇ છૂટા જ રહે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુધીનો જે કોઈ અંતરાલ કાળ (વચ્ચેનો વિરહિતકાળ) હોય તે વિરહિત કાળ એ જ અન્તરનું સ્વરૂપ જાણવું (અર્થાત્ અન્તર એટલે વિરહકાળ જાણવો). જેમ કોઈ જીવ કે જેણે પ્રથમ નારકનો પર્યાય અનુભવ્યો, અને ત્યારબાદ ત્યાંથી નીકળીને નારકપર્યાયરહિત અનન્ત કાળ સુધી મનુષ્યાદિ પર્યાયોમાં જ રહ્યો. અને તેટલા અનન્ત કાળને અન્તે (તે વચ્ચેનો અનન્ત કાળ વ્યતીત થયા બાદ) જો મોક્ષમાં ન જાય તો અવશ્ય તે જીવને પુનઃ નારકપર્યાય પ્રાપ્ત થાય જ. તે કારણથી નરકગતિ સિવાયની અન્ય અન્ય ગતિઓમાં પર્યટન કરતા તે જીવનો જે કાળ (નારકપર્યાય રહિત) વ્યતીત થયો તે નારકપણાનું अन्तर કહેવાય. એ પ્રમાણે અન્તરનું સ્વરૂપ જાણવું. અહીં ગતિ સંબંધી અન્તરદ્વારનો અર્થ કહ્યો તે તો ઉપલક્ષણ છે. જેથી ગતિવિરહ, ઉત્પત્તિવિરહ આદિ બીજાં બીજાં અન્તરો પણ આ ચાલુ પ્રકરણમાં કહેવાશે. એ ૨૪૩ મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૨૪૩॥

अवतरणः હવે અન્તરનો અર્થ પૂર્વ ગાથામાં સમજાવીને તે અન્તરકાળ કહેવામાં અતિઉપકારી - ઉપયોગી હોવાથી પ્રથમ ક્યાં જીવની કઈ ગતિમાં ઉત્પત્તિ હોય છે (એટલે ક્યો જીવ મરીને કઈ ગતિમાં જાય છે) તે કહેવાય છે :

**सव्वा गई नराणं, सन्नितिरिक्खाण जा सहस्सारो ।**
**घम्माए भवणवंतर, गच्छइ सयलिंदिय असण्णी ॥२४४॥**

गाथार्थ : મનુષ્યોની સર્વ ગતિઓ હોય છે (મનુષ્ય મટીને સર્વ ગતિમાં ઉત્પન્ન થાય છે). સંજ્ઞી તિર્યંચોની ઉત્પત્તિ યાવત્ સહસ્રાર (આઠમા દેવલોક) સુધી હોય છે. અને અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયો નરકગતિમાં ઉત્પન્ન થાય તો ઘર્મા પૃથ્વી (પહેલી રત્નપ્રભા પૃથ્વી) સુધી ઉત્પન્ન થાય, અને દેવગતિમાં ઉત્પન્ન થાય તો ભવનપતિ અને વ્યન્તર દેવમાં જ ઉત્પન્ન થાય (બીજા દેવોમાં નહિ). ॥૨૪૪॥

टीकार्थ : પરભવમાં જતાં મનુષ્યની સર્વે ગતિઓ હોય છે, અર્થાત્ તે મનુષ્યો મરણ પામ્યા છતા નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ સંસારમાં વર્તતી ચારે ગતિઓમાં તેમજ સંસારથી બહારની પાંચમી સિદ્ધિગતિમાં પણ જાય છે, એ ભાવાર્થ છે.

હવે પ્રથમ તિર્યંચ પંચેન્દ્રિયો બે પ્રકારના છે - સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અને અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયો. ત્યાં સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયો નારક, મનુષ્ય, તિર્યંચ અને દેવ સંબંધી ચારે ગતિમાં ઉત્પન્ન થાય છે. પરન્તુ એ પંચેન્દ્રિયોનો કેવળ દેવગતિમાં ઉત્પન્ન થવા સંબંધી જે વિશેષ ફેરફાર છે તે કહેવાય છે - सण्णितिरिक्खाण जा सहस्सारो = દેવગતિમાં ઉત્પન્ન થવા સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયો ભવનપતિ, વ્યન્તર અને જ્યોતિષી એ ત્રણ નિકાયના દેવોમાં તો સર્વત્ર (તે તે નિકાયના સર્વ પ્રતિભેદોમાં) ઉત્પન્ન થાય. પરન્તુ જો વૈમાનિક દેવોમાં ઉત્પન્ન થાય તો આઠમા સહસ્રાર દેવલોક સુધી જ ઉત્પન્ન થાય. પરન્તુ એથી ઉપરાંતના નવમા આનત આદિ દેવલોકમાં ઉત્પન્ન થાય નહિ. કારણ કે તથાપ્રકારની યોગ્યતાનો અભાવ હોવાથી જ, એ તાત્પર્ય છે. વળી અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયો પણ નારકાદિ ચારે ગતિઓમાં ઉત્પન્ન થાય. પરન્તુ કેવળ નરકગતિ-દેવગતિમાં ઉત્પન્ન થાય તો તેમાં જે વિશેષતા છે તે દર્શાવે છે - घम्माए भवणवंतर ઈત્યાદિ = સકલ એટલે સંપૂર્ણ અર્થાત્ પાંચે ઇન્દ્રિયો જેને હોય તે સકલેન્દ્રિય એટલે પંચેન્દ્રિય અને અસંજ્ઞી


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલે સમ્મૂર્ચ્છિમ, અર્થાત્ સમ્મૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય જો નરકગતિમાં ઉત્પન્ન થાય તો ઘર્મા નામની પહેલી[1] નરકપૃથ્વીમાં જ ઉત્પન્ન થાય. પરન્તુ શેષ બીજી - ત્રીજી આદિ નરકપૃથ્વીઓમાં ઉત્પન્ન ન થાય. વળી તે નરકગતિમાં પણ ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસંખ્યા[2]તમા ભાગના આયુષ્યવાળા નારકોમાં જ (નારકપણે જ) ઉત્પન્ન થાય, પરન્તુ એથી અધિક આયુષ્યવાળા નારકીપણે ઉત્પન્ન ન થાય, એ વિશેષ છે. અને દેવગતિમાં ઉત્પન્ન થાય તો ભવનપતિ દેવમાં અને વ્યન્તર દેવોમાં જ ઉત્પન્ન થાય, પરન્તુ જ્યોતિષીઓમાં તથા વૈમાનિક દેવોમાં ઉત્પન્ન ન થાય. વળી તે ભવનપતિ - વ્યન્તરોમાં ઉત્પન્ન થાય તે પણ પલ્યોપમના અસંખ્યાતમા ભાગના આયુષ્યવાળા દેવોમાં જ ઉત્પન્ન થાય પરન્તુ એથી અધિક આયુષ્યવાળા દેવોમાં ઉત્પન્ન ન થાય. એ ૨૪૪મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૨૪૪॥ इति मनुष्य-तिर्यक्पञ्चेन्द्रियाणां गतिः ॥

अवतरणः પૂર્વ ગાથામાં મનુષ્યોની ગતિ કહીને સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય તથા અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયોની ગતિ કહી, તો એકેન્દ્રિયાદિ તિર્યંચો (એકેન્દ્રિયો અને વિકલેન્દ્રિયો) કઈ ગતિમાં ઉત્પન્ન થાય ? તે આ ગાથામાં કહેવાય છે :

**तिरिएसु तेउ वाऊ, सेसतिरिक्खा य तिरियमणुएसु ।**
**तमतमया सयलपसू, मणुयगई आणयाईया** ॥२४५॥

गाथार्थ : તેઉકાય (અગ્નિકાય) અને વાયુકાય એ બે એકેન્દ્રિય તિર્યંચો તિર્યંચગતિમાં જ ઉત્પન્ન થાય (શેષ ત્રણ ગતિમાં નહિ). અને શેષ સર્વે તિર્યંચો (પૃથ્વીકાયાદિ ત્રણ એકેન્દ્રિયો અને ત્રણે વિકલેન્દ્રિયો) તિર્યંચગતિમાં અને મનુષ્યગતિમાં એ બે ગતિમાં જ ઉત્પન્ન થાય. તથા सयलपसू = પંચેન્દ્રિય તિર્યંચો (સંજ્ઞિઓ)માં તમસ્તમઃપ્રભા (નામની સાતમી પૃથ્વી)ના નારકો ઉત્પન્ન થાય, અને આનતાદિ દેવો (નવમા સ્વર્ગથી પ્રારંભીને ઉપરના સર્વે દેવો) મનુષ્ય ગતિમાં જ ઉત્પન્ન થાય (પરન્તુ શેષ ત્રણ ગતિમાં ઉત્પન્ન ન થાય). ॥૨૪૫॥

टीकार्थः તેઉકાય અને વાઉકાય એ બે એકેન્દ્રિય તિર્યંચો કેવળ તિર્યંચોમાં જ (તિર્યંચગતિમાં જ) ઉત્પન્ન થાય. પરન્તુ શેષ ત્રણ ગતિમાં ઉત્પન્ન ન થાય, કારણ કે અગ્નિકાય અને વાયુકાયને ઉત્પન્ન થવાનું તિર્યંચગતિરૂપ એક જ સ્થાન છે, પરન્તુ શેષ નારકગતિ, મનુષ્યગતિ અને દેવગતિરૂપ ત્રણ ગતિઓમાં ઉત્પન્ન થતા નથી. એ ભાવાર્થ છે.

તથા सेस तिरिक्खा य ઇત્યાદિ = પૂર્વે કહેલા તેઉકાય અને વાયુકાય એ બે સિવાયના

૧. પલ્યોપમાસંખ્યેયભાગ આયુષ્યવાળા નારકો પહેલી પૃથ્વીમાં અને તેના પહેલા જ પ્રતરમાં હોવાથી.
૨. અસંજ્ઞી પંચેન્દ્રિયો પરભવનું આયુષ્ય બાંધે તો ઉત્કૃષ્ટથી પણ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલું જ આયુષ્ય બાંધે. જે કારણથી કહ્યું છે કે - 'इगविगलपुव्वकोडी, पलियासंखस आउ चउ अमणा ' એટલે એકેન્દ્રિયો અને વિકેલેન્દ્રિયો પરભવ સંબંધી આયુષ્ય પૂર્વક્રોડ વર્ષ પ્રમાણનું બાંધે, અને અસંજ્ઞિઓ (એટલે અસંજ્ઞી તિર્યંચો) ચારે આયુષ્યનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલો કરે. એ પ્રમાણે હોવાથી દેવ તથા નરકગતિમાં જ પલ્યોપમના અસંખ્યાતમા ભાગના આયુષ્યમાં ઉત્પન્ન થાય એમ નહિ પરન્તુ તિર્યંચગતિમાં અને મનુષ્યગતિમાં ઉત્પન્ન થાય તો પણ ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગના આયુષ્યવાળા છપ્પન અંતર્દ્વીપના યુગલિક મનુષ્યોમાં તેમજ યુગલિક તિર્યંચોમાં ઉત્પન્ન થાય છે. ઇતિ વિશેષઃ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શેષ તિર્યંચો એટલે પૃથ્વીકાય, અપ્‌કાય અને વનસ્પતિકાય એ ત્રણ એકેન્દ્રિયો, અને દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય તથા ચતુરિન્દ્રિય એ ત્રણ વિકલેન્દ્રિયો (એ છકાયના તિર્યંચો) તિર્યંચો[1]માં અને મનુષ્યોમાં જ ઉત્પન્ન થાય છે, પરન્તુ દેવોમાં અને નારકોમાં ઉત્પન્ન થતા નથી. (એ પણ તથાવિધ યોગ્યતાના અભાવે જ જાણવું.)

प्रश्नः- એ પ્રમાણે તિર્યંચોનું તથા મનુષ્યોનું ઉત્પત્તિસ્થાન તો કહ્યું પરન્તુ નારકો અને દેવો કઈ ગતિમાં ઉત્પન્ન થાય છે ? તે કહો. उत्तरः- દેવ - નારકોનું ઉત્પત્તિ સ્થાન આ પ્રમાણે - तमतमया सयलपसू - અહીં સકલ શબ્દથી ઇન્દ્રિયોની અપેક્ષાએ પરિપૂર્ણ એટલે પંચેન્દ્રિય કહ્યા છે, અને पसू એટલે પશુઓ - તિર્યંચો અર્થાત્ પંચેન્દ્રિય તિર્યંચો. જેથી તમસ્તમજાએટલે સાતમી પૃથ્વીના નારકો તો ત્યાંથી (સાતમી પૃથ્વીમાંથી) નીકળ્યા છતા (મરણ પામ્યા છતા) પંચેન્દ્રિય તિર્યંચ(માં જ ઉત્પન્ન) થાય છે. પરન્તુ મનુષ્યાદિ ગતિમાં ઉત્પન્ન થતા નથી. એ ભાવાર્થ છે. તથા मणुयगई आणयाई य - નવમા આનત દેવલોકથી આરંભીને જે દેવલોકો ઉપર વર્તે છે તે દેવલોકના દેવો એટલે (આનત), પ્રાણત, આરણ, અચ્યુત, નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તરવાસી એ (અઢાર) આનતાદિ દેવો ચ્યવીને કેવળ મનુષ્યગતિવાળા જ થાય છે (મનુષ્યમાં જ ઉત્પન્ન થાય છે), પરન્તુ તિર્યંચ આદિ ગતિમાં ઉત્પન્ન થતા નથી. એ ભાવાર્થ છે. એ ૨૪૫ મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૨૪૫॥

अवतरणः પૂર્વ ગાથામાં જે નારક તથા દેવોની ગતિ કહી તે સિવાયના શેષ નારક અને દેવો (એટલે પહેલી છ પૃથ્વીના નારકો, અને ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષી તથા સૌધર્મ કલ્પથી આઠમા સહસ્રાર કલ્પ સુધીના દેવો એ સર્વ) મરણ પામીને કઈ કઈ ગતિમાં ઉત્પન્ન થાય છે ? તે આ ગાથામાં કહેવાય છે :

**पंचेंदिय तिरियनरे, सुरनेरइया य सेसया जंति ।**
**अह पुढविउदयहरिए, ईसाणंता सुरा जंति ॥२४६॥**

गाथार्थ : શેષ દેવો અને નારકો પંચેન્દ્રિય તિર્યંચોમાં અને મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે, અને ઈશાનકલ્પ સુધીના દેવો (ભવનપતિથી ઈશાન સુધીના દેવો) તે પૃથ્વીકાય, અપ્‌કાય અને વનસ્પતિકાયમાં પણ જાય છે. ॥૨૪૬॥

टीकार्थ : सेसया = પૂર્વે કહેલા દેવ અને નારક સિવાયના દેવ અને નારકો તે ભવનપતિ - વ્યન્તર - જ્યોતિષી - સૌધર્મ - ઈશાન - સનત્કુમાર - માહેન્દ્ર - બ્રહ્મલોક - લાંતક - મહાશુક્ર અને સહસ્રાર દેવલોકમાં વસનારા દેવો તથા રત્નપ્રભાદિ છ પૃથ્વીના (રત્નપ્રભા-શર્કરાપ્રભા - વાલુકાપ્રભા - પંકપ્રભા - ધૂમપ્રભા અને તમઃપ્રભાના) નારકો એ સર્વે पंचिंदिय तिरियनरे

૧. સંખ્યાતવર્ષના આયુષ્યવાળા એટલે પૂર્વક્રોડવર્ષના આયુષ્યવાળા તિર્યંચોમાં અને મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે, પરન્તુ અસંખ્ય વર્ષાયુષ્યવાળા યુગલિક તિર્યંચોમાં તથા યુગલિક મનુષ્યોમાં ઉત્પન્ન થતા નથી. કારણ કે 'इग विगल पुव्वकोडी ' એ વચનથી એકેન્દ્રિયો અને વિકલેન્દ્રિયો પરભવ સંબંધી આયુષ્ય પૂર્વક્રોડવર્ષથી અધિક બાંધતા નથી. અને દેવ - નારકમાં તો સ્વભાવે જ ઉત્પન્ન થતા નથી. વળી વિશેષ એ છે કે એ કહેલા છ નિકાય સંબંધી જ આ વાત નથી. પરન્તુ પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાય પણ પૂર્વક્રોડવર્ષથી અધિક આયુષ્યવાળા તિર્યંચો અને મનુષ્યોમાં ઉત્પન્ન થતા નથી, તે પણ પૂર્વોક્ત આયુષ્યબંધના કારણથી જ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

= પંચેન્દ્રિય તિર્યંચોમાં અને મનુષ્યોમાં जंति = જાય છે - ઉત્પન્ન થાય છે (અર્થાત્ દેવ-નારકમાં ઉત્પન્ન થતા નથી).

प्रश्नः- એ ભવનપતિ આદિ દેવો તિર્યંચોમાં ઉત્પન્ન થાય છે તે શું પંચેન્દ્રિય તિર્યંચોમાં જ ઉત્પન્ન થાય એમ દર્શાવ્યું છે ? કારણ કે અન્ય ગ્રંથોમાં કેટલાક દેવોને એકેન્દ્રિયોમાં પણ ઉત્પન્ન થતા સાંભળ્યા છે, તો તેમ બને છે કે નહિ ?

उत्तरः- એ પ્રશ્નનો ઉત્તર ગાથામાં જ કહેવાય છે કે - 'अह पुढविउदयहरिए ईसाणंता सुरा जंति' - અહીં अह = અથ શબ્દ વિશેષતા દર્શાવવાને અર્થે (એટલે ગાથાના પૂર્વાર્ધમાં દેવોની જે તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થવા રૂપ સામાન્ય તિર્યંચ પંચેન્દ્રિય ગતિ કહી તે બાબતમાં કંઈક વિશેષતા તે અપવાદરૂપ વિશેષતા દર્શાવવાને અર્થે) કહેલો છે. તે વિશેષતા કહેવાય છે તે આ પ્રમાણે :

ભવનપતિથી પ્રારંભીને ઈશાન પર્યન્તના (ભવનપતિ - વ્યન્તર - જ્યોતિષી - સૌધર્મ અને ઈશાન દેવાલોકના) દેવોને વિશેષથી વિચારીએ તો એ દેવો બાદર પર્યાપ્ત પૃથ્વીકાય, બાદર પર્યાપ્ત અપ્કાય, અને પર્યાપ્ત પ્રત્યેક વનસ્પતિ[1] કાયમાં એ ત્રણમાં પણ ઉત્પન્ન થાય છે. પરન્તુ શેષ એકેન્દ્રિયોમાં અને સર્વ વિકલેન્દ્રિયોમાં ઉત્પન્ન થતા નથી, એ ભાવાર્થ છે. વળી સનત્કુમારથી પ્રારંભીને (સનત્કુમાર સહિત) ઉપરના દેવલોકના દેવો પંચેન્દ્રિય તિર્યંચોમાં જ (એટલે પર્યાપ્ત સંજ્ઞી તિર્યંચોમાં જ) અને મનુષ્યોમાં (પર્યાપ્ત ગર્ભજ મનુષ્યોમાં) ઉત્પન્ન થાય છે, પરન્તુ બીજા કોઈ પણ જીવભેદમાં ઉત્પન્ન થતા નથી. એ ૨૪૬ મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૨૪૬॥ इति जीवानां गतिः॥

---

૧. અહીં દેવો જે પ્રત્યેક વનસ્પતિમાં ઉત્પન્ન થાય છે, તે પ્રત્યેક વનસ્પતિના સર્વ ભેદમાં અથવા એક ભેદનાં સર્વ અંગોમાં (અવયવોમાં) ઉત્પન્ન થતા નથી, તે સંબંધી જે વિશેષ છે તે આ પ્રમાણે - શાલિ વિગેરે ઉત્તમ ધાન્યજાતિના પુષ્પોમાં, બીજમાં અને ફળમાં એ ત્રણ અંગમાં દેવો ઉત્પન્ન થાય છે, પરન્તુ બીજાં (મૂળ-કંદ-સ્કંધ-શાખા-પ્રવાલ-ત્વચા અને પત્ર એ સાત) અંગોમાં ઉત્પન્ન થતા નથી. તથા કોરંટક આદિ જે ગુલ્મજાતિની વનસ્પતિઓ છે તેના પણ પુષ્પ, બીજ અને ફળ એ ત્રણમાં ઉત્પન્ન થાય છે, પરન્તુ મૂળ આદિ સાત અંગમાં નહિ. તથા ઈક્ષુવાટિકા આદિ (પર્વજાતિની) વનસ્પતિઓના મૂળ આદિ નવ અંગમાં ઉત્પન્ન થતા નથી, પરન્તુ સ્કંધમાં ઉત્પન્ન થાય છે. અહીં (ઈક્ષુ) ઈક્ષુવાટિક - વીરણ - ઈક્કડ-માસ-સર-વેત્ર - સપ્તપર્ણ - તિમિર આદિ પર્વજાતિની વનસ્પતિઓ જાણવી. વળી એ સર્વના સ્કંધોમાં પણ ચારે લેશ્યાવાળા દેવો ઉત્પન્ન થાય. તથા તાડ વિગેરે (વલયજાતિની વનસ્પતિઓ), તથા એક બીજવાળાં વૃક્ષો (આમ્રાદિક), બહુ બીજવાળાં વૃક્ષો (દાડિમાદિ), તેમજ અનેક પ્રકારની વેલડીઓ (વલ્લીજાતિની વનસ્પતિઓ) એ સર્વ વનસ્પતિઓના (એટલે વલય-વૃક્ષ અને વલ્લી ત્રણ ભેદવાળી વનસ્પતિઓના) પ્રવાલ આદિ પાંચ અંગમાં (પ્રવાલ-પત્ર-પુષ્પ-ફળ અને બીજ એ પાંચ અંગમાં) દેવો ઉત્પન્ન થાય છે, પરન્તુ મૂળ આદિ પાંચ અંગમાં (મૂળ-કંદ-સ્કંધ-શાખા-ત્વચા એ પાંચ અંગમાં) તેમજ એ કહેલી (ધાન્ય - ઔષધિ, ગુલ્મ, પર્વ, વલય, વૃક્ષ અને વલ્લી એ ૬ પ્રકારની) વનસ્પતિથી શેષ (ગુચ્છ-લતા-જલરુહ-તૃણ - હરિતક - કુહણા એ ૬ પ્રકારની) વનસ્પતિઓમાં દેવો ઉત્પન્ન થતા નથી. એ પ્રમાણે સામાન્યથી ગણતાં બાર પ્રકારની પ્રત્યેક વનસ્પતિઓનાં જે દશ દશ અંગ છે, તેમાંથી ૬ પ્રકારની જ વનસ્પતિઓમાં દેવો ઉત્પન્ન થાય છે. તેમજ સામાન્યથી પત્ર-પ્રવાલ - પુષ્પ - ફળ અને બીજ એ પાંચ અંગમાં જ અને તે પણ પ્રશસ્ત - શુભ વર્ણ, શુભ ગંધ, શુભ રસ, અને શુભ સ્પર્શવાળા પત્રાદિ અંગમાં દેવો ઉત્પન્ન થાય છે. (તથા સાધારણ વનસ્પતિમાંની તો કોઈ પણ વનસ્પતિમાં દેવો ઉત્પન્ન થતા જ નથી). ઈત્યાદિ ભાવાર્થ શ્રી ભગવતીજીના બાવીશમા શતકની વૃત્તિમાં કહ્યો છે, અને તેનું ઉધ્ધરણ દ્રવ્ય લોકપ્રકાશનાં પાંચમા સર્ગમાં કર્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવતરણ: એ પ્રમાણે ચારે ગતિના જીવો કઈ કઈ ગતિમાં ઉત્પન્ન થાય છે, તે ઉત્પત્તિસ્થાન દર્શાવ્યું. અને ગતિમાં ઉત્પન્ન થવાનો તથા તેમાંથી નીકળવાના (મરવાના) વિરહકાળરૂપ જે અન્તર તે આગળ કહેવાનું છે, તે પહેલાં અહીં જે જીવો (જે ગતિના જીવો તે ગતિમાં) નિરન્તર-પ્રતિસમય ઉત્પન્ન થયા કરે છે, અને નિરન્તર મરણ પામે છે, જેથી તે જીવોમાં ઉત્પત્તિ વિરહ તથા મરણવિરહ પણ સંભવતો જ નથી તેવા નિરન્તર ઉત્પન્ન થતા અને મરણ પામતા (એટલે જેમાં અન્તરદ્વાર પ્રાપ્ત થતું નથી) તેવા જીવો આ ગાથામાં કહેવાય છે (અને ત્યારબાદ અન્તરદ્વાર કહેવાશે). તે આ પ્રમાણે :

**चयणुववाओ एगिंदियाण अविरहियमेव अणुसमयं ।**
**हरियाणंता लोगा, सेसा काया असंखेज्जा ॥२४७॥**

ગાથાર્થ : એકેન્દ્રિયોનું ચ્યવન (મરણ) અને ઉપપાત - ઉત્પત્તિ પ્રતિસમય અવિરહિત (વિરહરહિત) હોય છે. એમાં પણ હરિત - વનસ્પતિ જીવો પ્રતિસમય અનન્ત લોકાકાશના આકાશપ્રદેશ જેટલા અનન્તા મરે છે અને ઉત્પન્ન થાય છે. તથા શેષ કાયના (પૃથ્વીકાયાદિના) જીવો દરેક અસંખ્યાતા (અસંખ્યાત લોકાકાશના પ્રદેશો જેટલા અસંખ્યાતા) પ્રતિસમય મરે છે, અને ઉત્પન્ન થાય છે. ॥૨૪૭॥

ટીકાર્થ : પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય, વાયુકાય અને વનસ્પતિકાય એ પાંચ પ્રકારના એકેન્દ્રિયોનું ચ્યવન એટલે ઉદ્વર્તન અર્થાત્ મરણ એ चयणनो અર્થ છે. તથા उववाओ - ઉપપાત એટલે ઉત્પત્તિ-જન્મ એ ઉપપાતનો અર્થ જાણવો. એ પ્રમાણે એ જન્મ અને મરણ બન્ને પાંચેમાં પ્રત્યેકને પ્રતિસમય અવિરહિત એટલે નિરન્તર હોય છે. અર્થાત્ પૃથ્વી આદિ એકેન્દ્રિયોમાં પ્રાણીઓની ઉત્પત્તિ પ્રતિસમય નિરન્તર જ હોય છે, તેમજ મરણ પામી બીજી ગતિમાં જવારૂપ ચ્યવન પણ તેઓમાં પ્રત્યેક જીવને (જીવભેદને) પ્રતિસમય નિરન્તર જ હોય છે, એ ભાવાર્થ છે. અર્થાત્ એ જીવોની ઉત્પત્તિ અને ઉદ્વર્તન (જન્મ અને મરણ) પ્રતિસમય હોવાથી જ તેઓમાં (એકેન્દ્રિયોમાં) કદી પણ અન્તરકાળ (વિરહકાળ) પ્રાપ્ત થતો નથી, એ તાત્પર્ય છે. (એ રીતે એકેન્દ્રિયોમાં પાંચેમાં વિરહકાળનો અભાવ કહ્યો).

હવે એ પ્રમાણે જો એકેન્દ્રિય જીવોમાં જન્મ-મરણના અન્તરનો અભાવ હોવાથી સમયે સમયે જન્મ - મરણ ચાલુ જ છે, તો એ પૃથ્વીકાયાદિ પાંચે એકેન્દ્રિય જીવોમાં પ્રત્યેકમાં સમયે સમયે કેટલા જીવો જન્મે છે ? અને કેટલા જીવો મરણ પામતા રહે છે ? તે કહેવાય છે કે - हरियाणंता लोगा= (હરિત એટલે વનસ્પતિ) સામાન્યથી વનસ્પતિ (સાધારણ અને પ્રત્યેક એ બે ભેદની વિવક્ષા વિના સામાન્યથી વિચારતાં વનસ્પતિ) રૂપ એકેન્દ્રિય જીવોમાં તો જેવો આ એક લોકાકાશ છે તેવા અનન્તા લોકાકાશ (અસત્ કલ્પનાએ કલ્પતાં) તે સર્વના જેટલા આકાશપ્રદેશ તે[૧]ટલા વનસ્પતિજીવો સમયે સમયે ઉત્પન્ન થાય છે, અને મરણ પામે છે.

૧. અહીં સાધારણ વનસ્પતિ અને પ્રત્યેક વનસ્પતિ એ બે ભેદની જુદી જુદી વિવક્ષા કરીએ તેમજ સાધારણ વનસ્પતિમાં પણ સૂક્ષ્મ સાધારણ વનસ્પતિ અને બાદર સાધારણ વનસ્પતિ એ બે ભેદની જુદી જુદી વિવક્ષા કરીએ તો સૂક્ષ્મ અને બાદર સાધારણ વનસ્પતિમાં જ અનંત લોકાકાશના પ્રદેશ જેટલા અનન્ત જીવોનું જન્મ- મરણ પ્રતિસમય પ્રાપ્ત થાય. કારણ કે બન્ને ભેદમાં અનન્ત અનન્ત જીવો છે, અને તે દરેક અન્તર્મુહૂર્તના આયુષ્યવાળા હોય છે. જેથી અન્તર્મુહૂર્તના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા सेसा काया असंखेज्ञा અહીં (सेसा काया એ પદમાં સાતમી વિભક્તિને બદલે પ્રથમા વિભક્તિ છે તે પ્રાકૃતના નિયમ પ્રમાણે) વિભક્તિનો વ્યત્યય- ફેરફાર હોવાથી (સાતમી વિભક્તિના અર્થ પ્રમાણે શેષ કાયોમાં એટલે વનસ્પતિકાય કહેવાઈ ગયેલી હોવાથી) શેષ પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય અને વાયુકાય એ ચાર એકેન્દ્રિયકાયમાં દરેકમાં असंखेज्ञा અસંખ્યાતા (અહીં लोगा પદ નથી તો પણ हरियाणंता लोगा એ વાક્યમાં કહેલા) 'લોક' પદનું અનુસરણ હોવાથી અસંખ્યાત લોકપ્રમાણ એવો સંબંધ છે. અને તેથી અસંખ્યાત લોકાકાશના પ્રદેશરાશિપ્રમાણ (અસંખ્યાતા) જીવો એ ચાર કાયમાં સમયે સમયે ઉત્પન્ન થાય છે અને મરણ પામે છે, એમ પોતાની મેળે જાણી લેવું. (અર્થાત્ ઉત્પન્ન થાય છે અને મરણ પામે છે એ વાક્ય सेसा कायाની સાથે નથી કહ્યું તો પણ પોતાની મેળે જાણી લેવું).

અહીં લોકમાં વનસ્પતિજીવો અનન્તાનન્ત સંખ્યા જેટલા છે, તે કારણથી વનસ્પતિજીવોમાં ઉત્પન્ન થતા અને મરણ પામતા જીવો પ્રતિસમય અનન્ત હોઈ શકે છે, અને

---

અસંખ્યાત જ સમયો હોવાથી પ્રત્યેક સમયે અનન્ત અનન્ત જીવોનું જન્મ- મરણ પ્રાપ્ત થાય. તેમાં પણ બાદર સાધારણ વનસ્પતિનું જન્મ-મરણ સૂક્ષ્મ સાધારણની અપેક્ષાએ અસંખ્યાતમા ભાગ જેટલું હોય, અને સૂક્ષ્મ સાધારણનું જન્મ-મરણ તેથી અસંખ્યાતગુણ જાણવું. કારણ કે, બાદર સાધારણ વનસ્પતિ લોકના અસંખ્યાતમા ભાગમાં છે, અને સૂક્ષ્મ સાધારણ વનસ્પતિ સંપૂર્ણ લોકમાં વ્યાપ્ત છે. પુનઃ બાદર સાધારણ વનસ્પતિનાં ઔદારિકશરીર દરેક જુદી જુદી અવગાહનામાં રહેલાં છે, અને સૂક્ષ્મ સાધારણનાં ઔદારિકશરીરો અસંખ્યાતાં એકબીજામાં પ્રવેશ કરીને પણ રહ્યાં છે. પુનઃ દરેક સમયે સાધારણ વનસ્પતિના એકેક શરીરમાં જે અનન્ત જીવો છે, તેમાંના અસંખ્યાતમા ભાગ જેટલા અનન્ત જીવો પ્રતિસમય જન્મે છે, અને પ્રતિસમય મરણ પામે છે. જે કારણથી કહ્યું છે કે -

> एगो असंखभागो, वट्टइ उव्वट्टणोववायंमि ।
> एगनिगोए निच्चं, एवं सेसेसु वि सएवं ॥१॥

[અર્થઃ એક નિગોદને વિષે નિત્ય-પ્રતિસમય એક અસંખ્યાતમો ભાગ નિરન્તર ઉદ્વર્તના અને ઉપપાતમાં (જન્મ - મરણમાં) વર્તે છે, એ પ્રમાણે શેષ નિગોદોમાં પણ દરેકમાં સદાકાળ એક અસંખ્યાતમો ભાગ જન્મે છે અને મરે છે. ॥૧॥] અહીં એક અસંખ્યાતમો ભાગ તે અનન્ત લોકાકાશના આકાશપ્રદેશ જેટલો જાણવો. અને સર્વ નિગોદના સર્વ જીવો પણ અનન્ત લોકાકાશના આકાશપ્રદેશ જેટલા છે. પરન્તુ જન્મ - મરણમાં વર્તતા અનન્ત લોકથી સર્વ જીવના અનન્ત લોક અસંખ્યાતગુણા જાણવા. શ્રી પ્રજ્ઞાપનાજી મૂળ સૂત્રમાં કહ્યું છે કે -

> लोगागासपएसे, निगोयजीवं ठवेहि इक्किक्कं ।
> एवं मविज्ञमाणा, हवंति लोगा अणंता उ ॥२॥

[ અર્થ : લોકાકાશના એકેક પ્રદેશમાં નિગોદના એકેક જીવને સ્થાપીએ તો એ પ્રમાણે નિગોદજીવોનું પ્રમાણ માપતાં અનન્તા લોકાકાશ જેટલું થાય. ॥૨॥]

તથા પ્રત્યેક વનસ્પતિના સર્વ જીવો અસંખ્યાત લોકાકાશ જેટલા છે, તેથી જન્મ - મરણમાં પણ પ્રતિસમય અસંખ્ય લોકાકાશ (અસંખ્યાતમા ભાગ જેટલા અસંખ્ય લોકાકાશ)ના આકાશપ્રદેશ જેટલા જ અસંખ્યાતા પ્રાપ્ત થાય. જે કારણથી કહ્યું છે કે -

> लोगागासपएसे, परित्तजीवं ठवेहि इक्कि क्कं ।
> एवं मविज्ञमाणा, हवंति लोगा असंखिज्ञा ॥३॥

[અર્થઃ પ્રત્યેક વનસ્પતિના એકેક જીવને લોકાકાશના એકેક આકાશપ્રદેશ ઉપર સ્થાપીએ તો એ પ્રમાણે માપતાં પ્રત્યેક વનસ્પતિ જીવો અસંખ્યાતા લોકાકાશ જેટલા થાય. ॥૩॥] એ પ્રમાણે પ્રત્યેક વનસ્પતિ જીવો પ્રતિસમય અસંખ્યાતા લોકાકાશ જેટલા જ જન્મ - મરણ પામે છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શેષ પૃથ્વીકાયાદિ ચાર નિકાયના જીવો દરેક અસંખ્યાત અસંખ્યાત જ (અસંખ્ય લોકાકાશના પ્રદેશરાશિપ્રમાણ જ) છે, તે કારણથી એ ચાર નિકાયના જીવોમાં જન્મતા અને મરણ પામતા જીવો પ્રતિસમય અસંખ્યાતા જ પ્રાપ્ત થાય છે, એ તાત્પર્ય છે. એ ૨૪૭ મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૨૪૭॥ इति एकेन्द्रियेषु प्रतिसमयं उद्वर्तनोपपातप्रमाणम् ॥

अवतरणः પૂર્વ ગાથામાં નિરન્તર ઉત્પન્ન થતા અને મરણ પામતા એકેન્દ્રિયજીવોની (પાંચે કાયની) જીવસંખ્યા દર્શાવીને હવે આ ગાથામાં દ્વીન્દ્રિયાદિ ત્રસજીવો પ્રતિસમય કેટલા ઉત્પન્ન થાય છે ? અને કેટલા મરણ પામે છે ? અને તેનું જન્મ - મરણ નિરન્તર ચાલુ રહે તો કેટલા કાળ સુધી ચાલુ રહે ? તે સ્વરૂપનું નિરૂપણ કરાય છે :

**आवलियअसंखेज्जइ - भागेऽसंखेज्जरासि उववाओ ।**
**संखियसमये संखेज्जयाण, अट्ठेव सिद्धाणं ॥२४८॥**

गाथार्थ : [દ્વીન્દ્રિયાદિ સાત પ્રકારના અસંખ્ય-જીવરાશિઓમાં પ્રતિસમય] આવલિકાના અસંખ્યાતમા ભાગ સુધી નિરન્તર અસંખ્યાત જીવો જન્મે છે, અને અસંખ્યાત-જીવો મરણ પામે છે. તથા સંખ્યાત રાશિવાળા જીવભેદોમાં નિરન્તર સંખ્યાત સમય સુધી સંખ્યાતરાશિપ્રમાણ ઉપપાત - જન્મ અને મરણ ચાલુ રહે છે. અને સિધ્ધોની નિરન્તર ઉત્પત્તિ આઠ જ સમય સુધી ચાલુ રહે છે. [ એ ઉત્કૃષ્ટ સતતોત્પત્તિકાળ કહ્યો, અને જઘન્યથી તો સર્વત્ર એક સમય જ. ] ॥૨૪૮॥

टीकार्थ : અહીં પૃથ્વીકાયાદિ સ્થાવર જીવોના જન્મ-મરણ [ની સંખ્યા તથા તેના સતતકાળ ] સંબંધી વિચાર તો અનન્તર (પૂર્વ) ગાથામાં દર્શાવ્યો, માટે હવે સામર્થ્યથી જ સમજાય છે કે આ ગાથામાં દ્વીન્દ્રિયાદિ ત્રસજીવોના જન્મ-મરણ સંબંધી વિચાર કહેવાનો છે, એમ જાણવું. [અહીં ગાથામાં ત્રસજીવ સ્પષ્ટ કહ્યા નથી માટે જ એટલી વક્તવ્યતા અહીં કહેવી પડી, અર્થાત્ ત્રસજીવોને સામર્થ્યથી - અર્થાપત્તિથી ગ્રહણ કરવા પડ્યા]. તે કારણથી દ્વીન્દ્રિયાદિ જીવો સૂત્રમાં (આ ગાથામાં) નહિ કહ્યા છતાં પણ અધ્યાહારથી (સામર્થ્યથી) ગ્રહણ કરાય છે જ. અને તેથી असंखेज्जरासि उववाओ એટલે જે જીવભેદોમાં દરેકમાં અસંખ્ય જીવનો રાશિ છે, તેવા અસંખ્યાત રાશિવાળા દ્વીન્દ્રિય-ત્રીન્દ્રિય-ચતુરિન્દ્રિય-પંચેન્દ્રિય તિર્યંચ -સમ્મૂર્ચ્છિમ મનુષ્ય અને પ્રતિષ્ઠાન નરકાવાસ સિવાયના નારકો તથા સર્વાર્થસિદ્ધ વિમાન વર્જીને શેષ દેવલોકના દેવ એ સાત પ્રકારના ત્રસજીવના સમુદાયો (એટલે ત્રસજીવના ભેદો) તે દરેક ભેદ અસંખ્ય અસંખ્ય જીવરાશિવાળો છે. તેથી, અહીં ગાથામાં 'ऽसंखेज्जरासि' એ પદમાં સપ્તમી વિભક્તિનો તેમજ બહુવચનનો લોપ (પ્રાકૃત હોવાથી) થયો છે; જેથી તે લુપ્ત વિભક્તિ અને વચન પ્રમાણે અર્થ કરીએ તો 'અસંખ્યાત રાશિઓમાં' એટલે ત્રસજીવોની એ દરેક સાતે રાશિઓમાં જીવોનો પ્રતિસમય નિરન્તર ઉપપાત - જન્મ થાય છે. કેટલા કાળ સુધી નિરન્તર ઉત્પત્તિ થાય છે ? તે કહે છે કે - आवलियअसंखेज्जइभागे એટલે આવલિકાના

અસંખ્યાતમા ભાગના જેટલા સમયો, તેટલા સમયો સુધી ઉત્કૃષ્ટથી એ સાતે રાશિઓમાં દરેકમાં જીવો નિરન્તર ઉત્પન્ન થાય છે. અને ત્યારબાદ (આવલિકાનો અસંખ્યાતમો ભાગ વ્યતીત થયા બાદ) દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય તથા ચતુરિન્દ્રિય એ દરેકનો જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્તપ્રમાણ ઉત્પત્તિનો વિરહકાળ સિદ્ધાન્તમાં દર્શાવેલો છે. અને પંચેન્દ્રિય તિર્યંચ વિગેરે ચાર રાશિઓમાં અન્તરકાળ - વિરહકાળ કેટલો તે આ ગ્રંથમાં જ આગળ કહેવાશે. (અર્થાત્ એ સાત રાશિઓમાંથી ત્રણ રાશિનો અન્તરકાળ તો આગળની ગાથાઓમાં કહેવાશે તે માટે અહીં વૃત્તિમાં કહ્યો નથી, એ ભાવાર્થ છે. હવે કેટલા ઉત્પન્ન થાય ? તે પણ કહે છે).

એ પ્રમાણે આવલિકાના અસંખ્યાતમા ભાગ(ના અસંખ્યાત સમયો) સુધી નિરન્તરપણે જઘન્યથી એકેક જીવ અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત અસંખ્યાત જીવ એ સાતે રાશિઓમાં દરેકમાં ઉત્પન્ન થાય છે. [અહીં પ્રતિસમય કેટલા જીવો ઉત્પન્ન થાય તે જો કે ગ્રંથમાં કહ્યું નથી તો પણ ઉપલક્ષણથી એ પ્રમાણે (જઘન્યથી એક અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત જીવની ઉત્પત્તિનું કથન) પોતાની મેળે જાણે લેવું.] વળી એ પ્રમાણે ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતમા ભાગ સુધી જઘન્યથી એક જીવની અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત જીવોની પ્રતિસમય ઉદ્વર્ત્તના પણ એ સાતે રાશિઓમાં દરેકમાં જાણવી [અર્થાત્ જેમ ઉત્પત્તિ કરી તેમ ઉદ્વર્તના પણ સરખી જ જાણવી], અને ત્યારબાદ તો (આવલિકાનો અસંખ્યાતમો ભાગ વ્યતીત થયા બાદ તો) અન્તરકાળનો (ઉદ્વર્ત્તનાના - મરણના વિરહકાળનો) જ સંભવ છે માટે.

[હવે જો અસંખ્યાત રાશિવાળા જીવભેદો માટે નિરન્તર જન્મ - મરણ આવલિકાના અસંખ્યાતમા ભાગ સુધી કહ્યું] તો સંખ્યાત રાશિવાળા (જેમાં સંખ્યાત જ જીવો છે એવા) જીવભેદોમાં શી વાત છે ? (એટલે તેનો નિરન્તર ઉત્પત્તિકાળ તથા મરણકાળ કેટલો છે ?) તે હવે કહેવાય છે - संखियसमये संखेज्जयाण - જે વળી ગર્ભજ મનુષ્યો અપ્રતિષ્ઠાન નરકાવાસના (સાતમી પૃથ્વીના પાંચ નરકાવાસમાંથી મધ્યવર્તી પહેલા નરકાવાસના) નારકો અને સર્વાર્થ-સિદ્ધ વિમાનના દેવો એ દરેક સંખ્યાતા જ છે, માટે એ સંખ્યાતરાશિવાળા ત્રણ રાશિઓમાંના પ્રત્યેક રાશિમાં ઉત્કૃષ્ટથી સંખ્યાત સમયો સુધી નિરન્તર-પ્રતિસમય ઉત્પત્તિ અને ઉદ્વર્ત્તના (મરણ) થાય છે, અને ત્યારબાદ ઉદ્વર્ત્તના નથી થતી; કેમ કે પછી તો અન્તરનો જ (વિરહકાળનો જ) સદ્ભાવ હોય છે (અર્થાત્ સંખ્યાત સમય બાદ એ ત્રણ રાશિમાં ન કોઈ ઉત્પન્ન થાય કે ન કોઈ મરણ પામે - એ ભાવાર્થ છે).

વળી અહીં એ ત્રણ રાશિઓમાં દરેકમાં જઘન્યથી એક અથવા બે જીવ, અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા જ જીવો ઉત્પન્ન થાય છે, અને તેટલા મરણ પામે છે, પરન્તુ અસંખ્યાત નહિ, એમ પોતાની મેળે જ જાણી લેવું. કારણ કે જીવો જ અસંખ્યાત નથી, એ ત્રણે રાશિઓમાં દરેકમાં સંખ્યાત સંખ્યાત જ જીવો છે માટે સંખ્યાતરાશિવાળા એ ત્રણમાં અસંખ્યાત જીવોની ઉત્પત્તિ તથા મરણ સંભવે જ નહિ, એ ભાવાર્થ છે. (એ પ્રમાણે સંખ્યાત રાશિનો સંખ્યાત સમય નિરન્તરકાળ કહ્યો).

તથા अट्ठेव सिद्धाणं - સિદ્ધોનો પુનઃ ઉત્કૃષ્ટથી નિરન્તરપણે આઠ સમય સુધી ઉત્પાદ હોય, (એટલે આઠ સમય સુધી પ્રતિસમય સિદ્ધ થયા કરે અને ત્યારબાદ કોઈપણ જીવ સિદ્ધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ન થાય). અને ઉદ્વર્તના એટલે મરણ તે. સિદ્ધોનું હોતું જ નથી, (એટલે સિદ્ધ પુનઃ સંસારી તો થતો જ નથી). કારણ કે સિદ્ધપણું અપુનરાવૃત્તિવાળું જ (એટલે પુનઃ સિદ્ધિપણું પ્રાપ્ત ન થાય એવું જ) હોય છે. વળી એ આઠ સમય સુધી સિદ્ધોની નિરન્તર ઉત્પત્તિ પણ ત્યારે જ હોય છે કે જ્યારે પહેલે સમયે એક અથવા બે યાવત્ ઉત્કૃષ્ટથી બત્રીસ સુધી સિદ્ધ થયા હોય (પરન્તુ તેત્રીસ આદિ અધિક સંખ્યાવાળા સિદ્ધ ન થયા હોય). એ પ્રમાણે બીજે સમયે પણ જઘન્યથી એક અથવા બે અને ઉત્કૃષ્ટથી બત્રીસ સુધી સિદ્ધ થયા હોય; અને એ પ્રમાણે ત્રીજે સમયે, ચોથે સમયે યાવત્ આઠમે સમયે પણ જઘન્યથી એક અથવા બે અને ઉત્કૃષ્ટથી બત્રીસ સિદ્ધ થયા હોય. અને ત્યાર બાદ નવમે સમયે તો એકાદિ સમયનું અવશ્ય અન્તર પડે જ (એટલે નવમે સમયે કોઈપણ સિદ્ધ ન જ થાય; યાવત્ છ માસ સુધી પણ કોઈ સિદ્ધ ન થાય). એ રીતે જીવોની સિદ્ધિ નિરન્તરપણે આઠ સમય સુધી હોય છે. ।।इति अष्टसमयसिद्धिः ।।

વળી જો જઘન્યથી તેત્રીસથી આરંભીને ઉત્કૃષ્ટથી અડતાલીસ સુધી પ્રતિસમય સિદ્ધ થાય તો સાત સમય સુધી જ ઉત્કૃષ્ટથી સિદ્ધિગતિ પામતા પ્રાપ્ત થાય છે, પરન્તુ અધિક નહિ, (અને ત્યારબાદ આઠમે સમયે અવશ્ય અન્તર એટલે સમયાદિકનો વિરહકાળ પ્રાપ્ત થાય છે). ।। इति सप्तसमयनिरन्तरसिद्धिः ।।

તથા જઘન્યથી ઓગણપચાસથી આરંભીને ઉત્કૃષ્ટથી સાંઈઠ સુધી જો પ્રતિસમય સિદ્ધ થાય તો ઉત્કૃષ્ટથી છ સમય સુધી જ સિદ્ધત્વ પર્યાયની ઉત્પત્તિ (સિદ્ધની ઉત્પત્તિ) નિરન્તરપણે પ્રાપ્ત થાય, પરન્તુ એથી અધિક સમય (સાતમાદિ સમયે) કોઈપણ સિદ્ધ ન થાય. કારણ કે ત્યારબાદ (૬ સમય વીત્યા બાદ) અન્તરકાળનો સદ્ભાવ હોવાથી (અવશ્ય વિરહકાળ પ્રાપ્ત થવાથી). ।। इति षट्समयं निरन्तरसिद्धिः ।।

વળી જ્યારે જઘન્યથી એકસઠથી પ્રારંભીને ઉત્કૃષ્ટથી બોત્તેર સુધી પ્રતિસમય નિરન્તર સિદ્ધ થાય તો ઉત્કૃષ્ટથી પાંચ જ સમય સુધી નિરન્તર સિદ્ધિ પ્રાપ્ત થાય (નિરન્તર સિદ્ધ થાય), તેથી અધિક સમય નહિ. કારણ કે ત્યારબાદ (પાંચ સમય વીત્યા બાદ) અવશ્ય અન્તરકાળ પ્રાપ્ત થાય છે. ।। इति पंचसमयनिरन्तरसिद्धिः ।।

વળી જ્યારે જઘન્યથી ત્ર્યોતર (૭૩)થી પ્રારંભીને ઉત્કૃષ્ટથી ચોર્યાસી (૮૪) સુધી પ્રતિસમય સિદ્ધ થતા જીવોની નિરન્તર સિદ્ધિ ચાર સમય સુધી જ હોય છે. (ત્યારબાદ એકાદિ સમય વિરહકાળ અવશ્ય પ્રાપ્ત થાય જ.) ।। इति चतुःसमयनिरन्तरसिद्धिः ।।

વળી જ્યારે જઘન્યથી પંચાસીથી પ્રારંભીને ઉત્કૃષ્ટથી છન્નું સુધી સિદ્ધ થતા જીવોની નિરન્તરસિદ્ધિ ઉત્કૃષ્ટથી ત્રણ સમય સુધી જ હોય છે (અને ત્યારબાદ અવશ્ય સિદ્ધિગતિનો વિરહકાળ વર્તે છે). ।। इति त्रिसमयनिरन्तरसिद्धिः ।।

વળી જ્યારે જઘન્યથી સત્તાણુંથી પ્રારંભીને ઉત્કૃષ્ટથી એકસો બે સુધી સિદ્ધ થતા જીવોની નિરન્તર સિદ્ધિ ઉત્કૃષ્ટથી બે સમય સુધી જ હોય (અને ત્યારબાદ ત્રીજાદિ સમયે અવશ્ય વિરહકાળ જ વર્તે). ।। इति द्विसमयनिरन्तरसिद्धिः ।।

વળી જ્યારે જઘન્યથી એકસો ત્રણથી આરંભીને ઉત્કૃષ્ટથી એકસો આઠ સુધી એકેક સમયે

સમકાળે સિદ્ધ થાય તો તે એક જ સમય સિદ્ધિ થાય, અને ત્યારબાદ (બીજાદિ સમયે તો અવશ્ય) અન્તરકાળ જ પ્રાપ્ત થાય. इत्येकसमयनिरन्तरसिद्धिः ॥ (આ અભિપ્રાય આ ગ્રંથના વૃત્તિકર્તાનો કહ્યો, અને હવે એ વૃત્તિકર્તા પોતે બીજા આચાર્યોનો અભિપ્રાય આ બાબતમાં જુદો દર્શાવે છે તે આ પ્રમાણે -)

અન્ય આચાર્યો [આ નિરન્તર સિદ્ધિની બાબતમાં જુદા અભિપ્રાયથી આ પ્રમાણે ] કહે છે કે - પ્રથમ સમયે જઘન્યથી એક સિધ્ધ થાય અને ઉત્કૃષ્ટથી બત્રીસ સિદ્ધ થાય. ત્યાર બાદ બીજે સમયે જઘન્યથી એક સિદ્ધ થાય અને ઉત્કૃષ્ટથી અડતાલીસ સિધ્ધ થાય. ત્યારબાદ ત્રીજે સમયે જઘન્યથી એક અને ઉત્કૃષ્ટથી સાઠ સિદ્ધ થાય. ચોથે સમયે જઘન્યથી એક અને ઉત્કૃષ્ટથી બોતેર (૭૨) સિદ્ધ થાય. પુનઃ પાંચમા સમયે જઘન્યથી એક સિદ્ધ થાય અને ઉત્કૃષ્ટથી ચોર્યાસી સિદ્ધ થાય. પુનઃ છઠ્ઠા સમયે જઘન્યથી એક સિદ્ધ થાય અને ઉત્કૃષ્ટથી છન્નું સિદ્ધ થાય. પુનઃ સાતમા સમયે જઘન્યથી એક અને ઉત્કૃષ્ટથી એકસો બે સિદ્ધ થાય. અને આઠમા સમયે જઘન્યથી એક અને ઉત્કૃષ્ટથી ૧૦૮ (એકસો આઠ) સિદ્ધ નિરન્તર સિદ્ધિ પામતા પ્રાપ્ત થાય છે. આ વ્યાખ્યા શ્રી પ્રજ્ઞાપનાદિ સિદ્ધાન્તની સાથે વિરોધવાળી જણાય છે. માટે તે તાત્ત્વિક વ્યાખ્યા છે કે અતાત્ત્વિક તે શ્રી બહુશ્રુતો જ જાણે. એ પ્રમાણે ૨૪૮મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૨૪૮॥

अवतरणः હવે એ આઠ સમય સુધીની નિરન્તર સિદ્ધિમાં જે ઉત્કૃષ્ટથી બત્રીસ આદિ સંખ્યાનો નિયમ પૂર્વ ગાથાની વૃત્તિમાં કહ્યો તે જ સંખ્યાની સંગ્રહગાથા કહેવાય છે :

**बत्तीसा अडयाला, सट्ठी बावत्तरी य बोधव्वा ।**
**चुलसीई छण्णउई, दुरहिय अट्ठुत्तरसयं च ॥२४९॥**

गाथार्थ : બત્રીસ-અડતાલીસ-સાઠ - બોત્તેર-ચોર્યાસી-છન્નું - બે અધિક સો (૧૦૨), અને આઠ અધિક સો (એકસો આઠ) એ પ્રમાણે નિરન્તર સિદ્ધિનો સંખ્યાસંગ્રહ (૩૨-૪૮-૬૦-૭૨-૮૪-૯૬-૧૦૨-૧૦૮ પ્રમાણે) જાણવો. ॥૨૪૯॥

टीकार्थः જ્યારે પ્રતિસમય જઘન્યથી એક અને ઉત્કૃષ્ટથી બત્રીસ સિદ્ધ થાય, ત્યારે ઉત્કૃષ્ટથી નિરન્તરપણે આઠ સમય સુધી સિદ્ધિકાળ વર્તતો જાણવો. વળી જ્યારે તેત્રીસથી પ્રારંભીને અડતાલીસ સુધી પ્રતિસમય સિદ્ધ થાય ત્યારે ઉત્કૃષ્ટથી નિરન્તર સાત સમય સુધી સિદ્ધ થાય. વળી જ્યારે ઓગણપચાસથી પ્રારંભીને સાઠ સુધી પ્રતિસમય સિદ્ધ થાય ત્યારે ઉત્કૃષ્ટથી નિરન્તર છ સમય સુધી સિદ્ધ થાય. વળી જ્યારે એકસઠથી પ્રારંભીને બોતેર સુધી પ્રતિસમય સિદ્ધ થાય ત્યારે ઉત્કૃષ્ટથી નિરન્તરપણે પાંચ સમય સુધી સિદ્ધ થાય. વળી જ્યારે તોંતેરથી પ્રારંભીને ચોર્યાસી સુધી પ્રતિસમય સિદ્ધ થાય તો ઉત્કૃષ્ટથી નિરન્તરપણે ચાર સમય સુધી સિદ્ધ થાય. વળી જ્યારે પંચાસીથી પ્રારંભીને છન્નું સુધી પ્રતિસમય સિદ્ધ થાય ત્યારે ઉત્કૃષ્ટથી નિરન્તરપણે ત્રણ સમય સુધી સિદ્ધ થાય. વળી જ્યારે સત્તાણુંથી પ્રારંભીને એકસો બે સુધી પ્રતિસમય સિદ્ધ થાય ત્યારે ઉત્કૃષ્ટથી નિરન્તરપણે બે સમય સુધી સિદ્ધ થાય. અને જ્યારે એકસો

ત્રણથી પ્રારંભીને એકસો આઠ સુધીમાં કોઈપણ સંખ્યાએ સિદ્ધ થાય તો એક જ સમય સિદ્ધ થાય. એ પ્રમાણે જીવોને સિદ્ધિ- પ્રાપ્તિનો નિરન્તરકાળ કહ્યો. ત્યારબાદ સર્વત્ર (નવમાદિ સમયે-અષ્ટમાદિ સમયે - સપ્તમાદિ સમયે-ષષ્ઠાદિ સમયે- પંચમાદિ સમયે - ચતુર્થાદિ સમયે-તૃતીયાદિ સમયે અને દ્વિતીયાદિ સમયે) અવશ્ય સમયાદિકનું (જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી છ માસ સુધીનું) અન્તર પડવાથી કોઈપણ સિદ્ધ થાય નહિ, એ સર્વ વાત પૂર્વે પણ કહેલી છે (પૂર્વ ગાથાની વૃત્તિમાં કહી છે) જ, છતાં શિષ્યના ઉપકાર માટે પુનઃ કહી.

એ પ્રમાણે સિદ્ધોની નિરન્તર સિદ્ધિ જે આઠ સમય સુધી કહી તે એકથી પ્રારંભીને બત્રીસ સુધીની સંખ્યામાં સિદ્ધ થતા જીવોની જ જાણવી. કારણ કે ગાથામાં अट्ठेव सिद्धाणं એ પ્રમાણે (અન્તરની ૨૪૮મી ગાથાના પર્યન્તે) નિર્દેશ કરેલો હોવાથી અહીં એ જ વ્યાખ્યા (અથવા ગાથાના પદને અનુસારે વ્યાખ્યા) છે. (પરન્તુ સાત સમયની, છ સમયની નિરન્તર સિદ્ધિ જે કહી તે अट्ठेव सिद्धाणं પદમાંથી પ્રાપ્ત થતી નથી. કારણ કે 'अट्ठ एव' = આઠ જ સમય' એમ નિશ્ચયપૂર્વક કહેવાથી સાત આદિ સમયની નિરન્તર સિદ્ધિ ગાથામાંથી પ્રાપ્ત થતી નથી.) માટે જે તેત્રીસ આદિથી અડતાલીસ આદિ સુધીની સંખ્યામાં સિદ્ધ થતા સિદ્ધોની નિરન્તર સિદ્ધિ જે સાત સમય આદિ (૭-૬-૫-૪-૩-૨-૧ સમયની) કહી તે પ્રસંગથી જ કહી છે (અર્થાત્ સાત સમયની - છ સમયની ઇત્યાદિ નિરન્તર સિદ્ધિ પ્રસંગથી જ કહી છે).

વળી આ - ઉપર કહેલી ગાથા વડે (वत्तीसा अडयाला ઇત્યાદિ પદવાળી ગાથા વડે) બત્રીસ આદિ ઉત્કૃષ્ટ સંખ્યાપદ સંગૃહીત કર્યાં છે, પરંતુ જઘન્ય સંખ્યાપદ કહ્યાં નથી (અર્થાત્ અષ્ટાદિ સમયની નિરન્તર સિદ્ધિમાં ઉત્કૃષ્ટથી બત્રીસ આદિ સિદ્ધો મોક્ષે જાય, પરન્તુ જઘન્યથી કેટલા સિદ્ધ મોક્ષે જાય તે કહ્યું નથી માટે) જઘન્ય સંખ્યાપદો તો સર્વત્ર પોતાની મેળે જ (૧-૩૩-૪૯-૬૧-૭૩-૮૫-૯૭-૧૦૩ એ જઘન્ય સંખ્યાઓ) જાણી લેવી.

(વળી ૨૪૮મી ગાથામાં તો अट्ठेव પદથી આઠ જ સમયો નિરન્તર સિદ્ધિ માટે કહ્યા છે તો સાત, છ ઇત્યાદિ સમયો શું આધારે કહ્યા ? એ આશંકા ન થવા માટે વૃત્તિકર્તા જણાવે છે કે - ) આઠ આદિ સમયોનો સંગ્રહ આ કહેવાતી ગાથા વડે જ જાણવો. (તે ગાથા દર્શાવાય છે તે આ પ્રમાણે-)

अट्ठ य सत्त य छप्पंच, चेव चत्तारि तिन्नि दो एक्कं ।
वत्तीसाइपएसुं, समया भणिया जहासंखं ॥१॥

[અર્થ - બત્રીસ આદિ સંખ્યાપદોમાં અનુક્રમે આઠ, સાત, છ, પાંચ, ચાર, ત્રણ, બે અને એક, આઠ પ્રકારના સમયો કહ્યા છે - इति गाथार्थः].

બીજા પ્રકારની વ્યાખ્યામાં તો (સાત આદિ સમયોમાં પણ જઘન્યથી ૧ સિદ્ધ થાય એ પૂર્વે કહેલી મતાન્તરની વ્યાખ્યામાં) સાત આદિ સમયનો પક્ષ કહ્યો જ નથી. (એટલે નિરન્તર આઠ સમયની સિદ્ધિ સંબંધી વ્યાખ્યા કરી છે, પરન્તુ સાત સમયની સિદ્ધિમાં કયો સંખ્યાક્રમ જાણવો ? તે સંબંધે કંઈપણ કહ્યું નથી.) અને કેવળ આઠ સમયની નિરન્તર સિદ્ધિમાં આઠ સમયોને વિષે અનુક્રમે જે બત્રીસ આદિ આઠ ઉત્કૃષ્ટ સંખ્યાપદો કહ્યાં તે આ ઉપર કહેલી ગાથા


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વડે જ (बत्तीसा अडयाला એ ગાથા વડે જ) સંગ્રહ્યાં - ક[1]હ્યાં છે. અને જઘન્યાદિ સંખ્યાપદો તો આઠે સમયોમાં એક, બે આદિ જ કહ્યાં છે. અને તે તો (સર્વત્ર જઘન્યથી ૧-૨ સિદ્ધ કહેવા તે તો) સુખે યાદ રહી શકે તેમ છે. એ બાબતની વિશેષ ચર્ચાથી સર્યું. વળી એ પ્રક્ષિપ્ત ગાથા (बत्तीसा अडयाला એ ગાથા પ્રક્ષિપ્ત) છે, કારણ કે પૂર્વ ટીકાકારે (આ વૃત્તિકર્તાથી પહેલાંના વૃત્તિકર્તાએ) સાક્ષાત્ રીતે આ ગાથાની વ્યાખ્યા (વૃત્તિ) કરેલી નથી, તેમજ આ જીવસમાસની બીજી પ્રતિઓમાં પણ કોઈમાં એ ગાથા દેખવામાં આવતી નથી. જેથી કેવળ સંગ્રહાર્થીઓને (ઉપયોગી ઉપયોગી ગાથાઓનો સંગ્રહ કરનાર અથવા યાદ રાખનારને) આ ગાથા વિશેષ ઉપયોગી જાણીને એની વ્યાખ્યા - વૃત્તિ કરી છે. એ ૨૪૯મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૨૪૯॥

---

૧. बत्तीसा अडयाला એ ગાથા કેવળ ઉત્કૃષ્ટ સંખ્યાપદો કહેનારી હોવાથી આઠ આદિ સમયની આઠ પ્રકારની નિરન્તર સિદ્ધિનો જે અર્થ વૃત્તિકર્તાએ બહુમતે કહ્યો છે તે પણ ઉત્કૃષ્ટ સંખ્યાથી પ્રાપ્ત થાય છે અને જે સાત આદિ સમયભેદરહિત કેવળ આઠ જ સમયની એક પ્રકારની નિરન્તર સિદ્ધિનો જે મતાન્તરીય અર્થ ઉત્કૃષ્ટ સંખ્યાથી દર્શાવ્યો તે અર્થ પણ એ ગાથા ઉપરથી નીકળી શકે છે, એ પ્રમાણે ઉત્કૃષ્ટ સંખ્યાપદ સંબંધી અર્થ તો એક જ ગાથા ઉપરથી બન્ને રીતે નીકળી શકે છે. અને જઘન્ય સંખ્યાપદના સંબંધમાં તો આ ગ્રંથકર્તાએ કોઈ ગાથા કહી જ નથી. તેમજ આ ગાથા વૃત્તિકર્તાએ પ્રક્ષિપ્ત કરેલી છે, અને પ્રક્ષિપ્તની જ વ્યાખ્યા કરી છે. ગ્રંથકર્તાએ તો નિરન્તર સિદ્ધિના સંબંધમાં ૨૪૮મી ગાથામાં જ अट्ठेव सिद्धाणं એટલું જ માત્ર કહ્યું છે. જેથી એ બે પ્રકારના અર્થમાંથી આ ગ્રંથકર્તા પોતે કયો અર્થ કહે છે ? તે સ્પષ્ટ થઈ શકે નહિ. કારણ કે अट्ठेव सिध्धाणं એ પદ ઉપરથી પણ બન્ને પ્રકારના અર્થો પ્રગટ કરવા હોય તો કહી શકાય છે. વળી એ પદમાં एवकार હોવાથી બીજા અર્થને કંઈક વિશેષ પોષણ પણ મળી શકે, એ પ્રમાણે આ ગ્રંથમાં સ્પષ્ટ ન હોવા છતાં પણ अट्ठेव सिध्धाणं એ પદ ઉપરથી અથવા તો बत्तीसा अडयाला એ પ્રક્ષિપ્ત ગાથા ઉપરથી પણ પહેલા પ્રકારનો અર્થ ઉપજાવવો વિશેષ યોગ્ય હોઈ શકે, કારણ કે શ્રી પ્રજ્ઞાપના વૃત્તિ આદિ અનેક ગ્રંથમાં આ વૃત્તિકર્તાનો કહેલો અર્થ વિશેષ મળી આવે છે, તે વૃત્તિનો અક્ષરશઃ અર્થ આ પ્રમાણે -

बत्तीसा अडयाला, सट्ठी बावत्तरी य बोधव्वा ।
चुलसीई छन्नउई उ, दुरहियमट्ठुत्तरसयं च ॥१॥

શિષ્યજનના ઉપકારને અર્થે એ ગાથાની વ્યાખ્યા કરાય છે - આઠ સમય સુધી નિરન્તરપણે એકથી પ્રારંભીને બત્રીસ સુધી સિદ્ધ થતા પ્રાપ્ત થાય છે, એટલે શું કહ્યું ? તે કહે છે. પહેલે સમયે જઘન્યથી એક અથવા બે અને ઉત્કૃષ્ટથી બત્રીસ સુધી સિદ્ધ થાય છે. વળી બીજે સમયે પણ જઘન્યથી એક અથવા બે અને ઉત્કૃષ્ટથી બત્રીસ સુધી સિદ્ધ થાય છે. એ પ્રમાણે યાવત્ (ત્રીજે, ચોથે, પાંચમે, છઠ્ઠે, સાતમે અને) આઠમે સમયે પણ જઘન્યથી એક અથવા બે અને ઉત્કૃષ્ટથી બત્રીસ સુધી સિદ્ધ થાય છે. ત્યારબાદ (નવમે સમયે) નિશ્ચયથી અવશ્ય અંતર પડે જ. (એટલે કોઈપણ સિદ્ધ ન જ થાય). તથા તેત્રીસથી પ્રારંભીને અડતાલીસ સુધીની સંખ્યામાં જો નિરન્તર સિદ્ધ થાય તો સાત સમય સુધી જ નિરન્તર સિદ્ધ થાય, અને ત્યારબાદ અવશ્ય અન્તર પડે. તથા ઓગણપચાસથી પ્રારંભીને સાઠ સુધીની સંખ્યામાં નિરન્તર સિદ્ધ થાય તો ઉત્કૃષ્ટથી છ સમય સુધી જ સિદ્ધ થાય, અને ત્યાર બાદ અવશ્ય અંતર પડે. તથા એકસઠથી પ્રારંભીને બોતેર સુધીની સંખ્યામાં જો નિરન્તર સિદ્ધ થાય તો ઉત્કૃષ્ટથી પાંચ સમય સુધી જ, અને ત્યારબાદ અવશ્ય અન્તર પડે. તથા ૭૩થી ૮૪ સુધીની સંખ્યામાં ચાર સમય સુધી નિરન્તર સિદ્ધ થાય, ત્યારબાદ અવશ્ય અન્તર પડે. તથા પંચાસીથી પ્રારંભીને છન્નું સુધીની સંખ્યામાં નિરન્તર સિદ્ધ થાય તો ઉત્કૃષ્ટથી ત્રણ સમય સુધી જ સિદ્ધ થાય, અને ત્યારબાદ અવશ્ય અન્તર પડે. તથા સત્તાણુંથી એકસો બે સુધી નિરન્તર સિદ્ધ થાય તો ઉત્કૃષ્ટથી બે સમય સુધી જ સિદ્ધ થાય, ત્યારબાદ અવશ્ય અન્તર પડે. તથા એકસો ત્રણથી પ્રારંભીને એકસો આઠ સુધી નિરન્તર સિદ્ધ થાય તો (ઉત્કૃષ્ટથી વા જઘન્યથી) એક જ સમય સિદ્ધ થાય, પરન્તુ બે-ત્રણ આદિ સમય સુધી સિદ્ધ ન થાય. (એ પ્રમાણે પહેલા પ્રજ્ઞાપના પદમાં અનેકસિદ્ધ સંબંધી વ્યાખ્યામાં કહ્યું છે.) તથા બૃહત્સંગ્રહણીની વૃત્તિમાં પણ જ ભાવાર્થ કહ્યો છે.

પુનઃ બીજા મત પ્રમાણે જે આઠે સમય સુધીમાં જઘન્યથી એક-બેની સિદ્ધિ કહી છે, તે બાબતમાં આ ગ્રંથના વૃત્તિકર્તાએ સાત સમયની, છ સમયની ઈત્યાદિ શેષ સાત નિરન્તર સિદ્ધિઓ પ્રાપ્ત થતી નથી એમ કહ્યું છે તે પણ ઠીક છે. કારણ કે વિચાર કરતાં એ બીજા મતમાં સમયનાં આઠ સ્થાન પડતાં નથી પરન્તુ આઠ સમયનું માત્ર એક જ સ્થાન

Jain Education International
For Private & Personal Use Only

www.jainelibrary.org

પ્રાપ્ત થાય છે, શેષ સાત સ્થાનોના અભાવ જેવું જ થાય છે.

વળી આ નિરન્તર સિદ્ધિના આઠ પ્રકારોમાં સમસંખ્યાએ સિદ્ધિ ગણવી કે વિષમસંખ્યાએ ગણવી ? તે પણ સ્પષ્ટ સમજવું જોઈએ. ત્યાં સમસિદ્ધિ આ પ્રમાણે - આઠ સમયની પહેલી નિરન્તર સિદ્ધિમાં પહેલે સમયે ૧, બીજે સમયે ૧, ત્રીજે સમયે ૧, યાવત્ આઠમે સમયે પણ ૧ સિદ્ધ થાય તો એ સમસિદ્ધિ થઈ. અથવા પહેલે સમયે બે, બીજે સમયે બે, ત્રીજે સમયે બે, યાવત્ આઠમે સમયે બે સિદ્ધ થાય તો નિરન્તર આઠ સમય સુધી સિદ્ધ થાય એ समसिद्धि. તથા ઉત્કૃષ્ટ પદે પહેલે સમયે બત્રીસ, બીજે સમયે બત્રીસ, ત્રીજે સમયે બત્રીસ, યાવત્ આઠમે સમયે બત્રીસ એ આઠ સમયની નિરન્તર સમસિદ્ધિ જાણવી. એ પ્રમાણે સાત સમયની નિરન્તર સિદ્ધિમાં જઘન્યથી પહેલે સમયે એક નહિ, બે નહિ, યાવત્ બત્રીસ નહિ, પરન્તુ તેત્રીસ જ સિદ્ધ થાય. ત્યારબાદ બીજે સમયે તેત્રીસ, ત્રીજે સમયે તેત્રીસ, યાવત્ સાતમે સમયે તેત્રીસ સિદ્ધ થઈને આઠમે સમયે અવશ્ય અન્તર પડે જ. અને ઉત્કૃષ્ટપદે પહેલે સમયે અડતાલીસ, બીજે સમયે અડતાલીસ, ત્રીજે સમયે અડતાલીસ, યાવત્ સાતમે સમયે અડતાલીસ સિદ્ધ થઈને આઠમે સમયે અવશ્ય અન્તર પડે જ. એ પ્રમાણે છ, પાંચ, ચાર, ત્રણ અને બે સમયની નિરન્તર સિદ્ધિમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ સંખ્યા પ્રથમ કહ્યા પ્રમાણે ઓગણપચાસ આદિ તથા સાઠ આદિ સમાન સંખ્યાએ સિદ્ધ થાય તે સર્વ નિરન્તર સમસિદ્ધિ જાણવી. એ સમસંખ્યાની સિદ્ધિ કહી.

હવે વિષમસંખ્યાની સિદ્ધિ આ પ્રમાણે - આઠ સમયની નિરન્તર સિદ્ધિમાં પહેલે સમયે પાંચ, તો બીજે સમયે અગીઆર, તો ત્રીજે સમયે સત્તર, તો ચોથે સમયે ચોવીસ, તો પાંચમે સમયે ચાર, તો છટ્ઠે સમયે સોળ, વળી સાતમા સમયે બાર અને આઠમા સમયે બત્રીસ એમ દરેક સમયનો સિદ્ધિઅંક પરસ્પર સરખો ન હોય પરન્તુ કેટલાક સમયના સરખા અંક તો કેટલાકના જુદા અંક હોય. એ રીતે આઠ સમયના આઠ સિદ્ધિઅંકમાં સાત સમાન હોય અને કોઈ એક જ સમયનો અંક જુદો હોય તો પણ તે આઠ સમયની નિરન્તર સિદ્ધિ विषमांकसिद्धि જ જાણવી. પરન્તુ એ આઠ સમયમાં કોઈપણ સિદ્ધિનો અંક ૧ થી ૩૨ સુધીમાંનો જ કોઈપણ હોવો જોઈએ પરન્તુ બત્રીસથી અધિક અંક ન હોવો જોઈએ.

તેમજ સાત સમયની વિષમાંક નિરન્તર સિદ્ધિમાં ધારો કે પહેલે સમયે છત્રીસ, બીજે સમયે પીસ્તાલીસ, ત્રીજે સમયે તેત્રીસ, ચોથે સમયે ચાલીસ, પાંચમે સમયે અડતાલીસ, છટ્ઠે સમયે પાંત્રીસ, અને સાતમે સમયે એકતાલીસ સિદ્ધ થઈને આઠમે સમયે અવશ્ય અન્તર પડે. એ પદ્ધતિએ છ, પાંચ, ચાર, ત્રણ, બે અને એક સમયની નિરન્તર વિષમાંક સિદ્ધિ પણ યથાસંભવ વિચારવી.

હવે અહીં પ્રશ્ન એ છે કે - ઉપર કહેલી આઠ પ્રકારની નિરન્તર સિદ્ધિઓમાં समांकसिद्धि હોય ? કે विषमांकसिद्धि હોય ? તો તેનો ઉત્તર એજ છે કે - સમાંકસિદ્ધિ પણ હોય અને વિષમાંકસિદ્ધિ પણ હોય.

પ્રશ્નઃ સિદ્ધિસંખ્યાનો અંક નિરન્તરસિદ્ધિને આધીન કે નિરન્તરસિદ્ધિ અંકને આધીન છે ? એટલે મોક્ષમાં જતા જીવો અમુક સંખ્યાએ જતા હોય તો જ તે પ્રકારની નિરન્તરસિદ્ધિ હોય ? કે નિરન્તરસિદ્ધિ પ્રવર્તે ત્યારે જ અમુક સંખ્યાએ સિદ્ધ થાય ? જો પહેલો પક્ષ અંગીકાર કરો તો તે અમુક નિયત સંખ્યામાં ફેરફાર થયે તે પ્રકારની નિરન્તરસિદ્ધિ ન પ્રવર્તે, એટલું જ નહિ, પરન્તુ નિરન્તર સિદ્ધિ જે આઠ પ્રકારની કહી છે તે જ કાયમ ન રહી શકે. જેમ કે - પહેલે સમયે ચાર જીવ મોક્ષે ગયા તો બીજે જ સમયે ૯૯ જીવ મોક્ષે ગયા, અને ત્રીજે સમયે ૧૦૮ મોક્ષે ગયા. તો હવે આવા પ્રકારની સિદ્ધિસંખ્યામાં નિરન્તરસિદ્ધિ આઠ પ્રકારમાંથી કયા પ્રકારની માનવી ? અથવા તો એવા સંખ્યાક્રમવાળું સિદ્ધિગમન જ ન હોય કે કેમ ? તથા બીજો પક્ષ અંગીકાર કરો તો આઠ પ્રકારની નિરન્તરસિદ્ધિ ઉપરાન્ત બીજી અનિયત નિરન્તરસિદ્ધિ પણ માનવી પડે, જેથી આઠ પ્રકારની કહેલી નિરન્તરસિદ્ધિ પ્રવર્તે ત્યારે તે તે સંખ્યાક્રમવાળી સિદ્ધિ હોય. અને જ્યારે અનિયત સિદ્ધિ પ્રવર્તે ત્યારે કોઈપણ સમયે ૧ થી ૧૦૮ સુધીમાંની કોઈપણ સંખ્યા મોક્ષે જઈ શકે. માટે સમયોનો તથા સંખ્યાનો અનિયત ક્રમ પણ હોય કે નહિ ?

ઉત્તરઃ અહીં એટલું તો નિશ્ચિત જ છે કે - ૧૦૮થી અધિક સંખ્યાએ સિદ્ધિ છે જ નહિ. તેમજ સમય સંબંધી વિચાર કરીએ તો કોઈપણ પ્રકારે સિદ્ધિ હોય પરન્તુ આઠ સમયથી અધિક સમય સુધી તો સિદ્ધિ ન જ હોય. એ બે વાત તો બન્ને વ્યાખ્યાકર્તાને સ્વીકાર્ય (આઠ સમયાદિ નિરન્તરસિદ્ધિઓમાં જે બહુમત જઘન્યપદે ભિન્ન ભિન્ન સંખ્યા માને છે તેઓની વ્યાખ્યામાં અને જે આચાર્યો આઠ સમયની એક જ નિરન્તરસિદ્ધિ માને છે, અને તે દરેક સમયમાં જઘન્યપદે એકેક જીવની સિદ્ધિ માને છે, તેઓની એ બીજી વ્યાખ્યામાં પણ એ બે વાત તો અવશ્ય સ્વીકાર્ય) છે. વળી બીજી વ્યાખ્યા વિચારીએ તો પહેલે સમયે ચાર, બીજે સમયે નવાણું, અને ત્રીજે સમયે એકસો આઠ મોક્ષે જઈ શકે છે, અને ચોથે સમયે અવશ્ય અન્તર પડે. કારણ કે એમાં ૧૦૮ની સિદ્ધિ એક જ સમયયોગ્ય હોવાથી તદનન્તર અવશ્ય અન્તર

अवतरणः એ પ્રમાણે જે જીવોમાં જેટલા કાળ ઉત્પત્તિનું અંતર તથા મરણનું અન્તર નથી સંભવતું (એટલે જે જીવોનો જેટલો સતત ઉત્પત્તિકાળ છે, તથા સતત મરણકાળ છે) તે દર્શાવ્યું. હવે નરકાદિ ગતિમાં ઉત્પત્તિનું તથા મરણનું કેટલું અન્તર છે ? (એટલે નરકાદિ ગતિમાં કેટલા કાળ સુધી કોઈ ઉત્પન્ન જ ન થાય, તેમ કેટલા કાળ સુધી કોઈ મરણ પણ ન પામે તે દર્શાવવાને આ ગાથા કહેવાય છે :

**चउवीस मुहुत्ता सत्त दिवस, पक्खो य मास दुग चउरो ।**
**छम्मासा रयणाइसु, चउवीस मुहुत्त सण्णियरे ॥२५०॥**

गाथार्थः રત્નપ્રભાદિ પૃથ્વીમાં અનુક્રમે ચોવીસ મુહૂર્ત્ત, શર્કરાપ્રભામાં સાત દિવસ, વાલુકાપ્રભામાં એક પક્ષ (૧૫ દિવસ), પંકપ્રભામાં એક માસ, ધૂમપ્રભામાં બે માસ,

---

પડે, એમ સંભવે છે. અને પહેલી વ્યાખ્યા પ્રમાણે વિચારીએ તો એમાં નિરન્તરસિદ્ધિ ત્રણ સમયની હોવાથી ત્રણ સમયની નિરન્તરસિદ્ધિને લાયક સંખ્યા તો પંચાસીથી છન્નું સુધીમાંની જ હોવી જોઈએ. તેવી કોઈ સંખ્યા એ ત્રણ સમયમાં નથી, માટે એવા ક્રમવાળો મોક્ષ જ ન હોય, એવા નિર્ણયને અવકાશ મળે છે. એ બાબતમાં તત્ત્વ શું છે ? તે તો શ્રી બહુશ્રુતો જ જાણે.

વળી એ બાબતમાં એવી સંભાવના થઈ શકે કે - જો ૧ થી ૩૨ સુધીમાંની કોઈપણ સંખ્યા મોક્ષે જાય તો વધારેમાં વધારે આઠ સમય સુધી જ તેવી સંખ્યા મોક્ષમાં જાય. પરન્તુ એવો નિર્ણય કેમ થઈ શકે કે આઠ સમયની નિરન્તરસિદ્ધિમાં એજ ક્રમ હોવો જોઈએ ? અર્થાત્ સંખ્યાને આધીન સમયો ગણીએ પરન્તુ સમયોને આધીન સંખ્યા ન ગણીએ તો ભિન્ન ભિન્ન આઠ સંખ્યાએ આઠ સમય સુધીની સિધ્ધિ હોવી જોઈએ, અને તે ભિન્ન સંખ્યાઓ પણ એવી હોવી જોઈએ કે પહેલી વ્યાખ્યાને પણ વિરોધકર્તા ન હોય. ઉદાહરણ તરીકે એ આઠ સમયમાં ૧૦૩ થી ૧૦૮ સુધીમાંનો તો કોઈપણ અંક એકવાર પણ આવવો ન જોઈએ. જો આવે તો બીજે સમયે જ અન્તર પડે માટે. તથા ૯૭થી ૧૦૨ સુધીમાંનો કોઈપણ એક અંક એકવારથી વધુ ન આવવો જોઈએ, વધારે હોય તો તે છૂટો છૂટો આવવો જોઈએ, પરન્તુ સાથે સાથે નહિ. તથા ૮૫થી ૯૬ સુધીમાંનો કોઈપણ એક અંક એક સાથે બે વારથી વધુ ન આવવો જોઈએ, જો આવે તો અનન્તર સમયે જ અન્તર પડે માટે. એ રીતે बत्तीसा अडयाला એ ગાથાની વિશેષ મતવાળી વ્યાખ્યાને તથા તે તે સમયો બાદ અન્તરપ્રાપ્તિને પણ વિરોધ ન આવે તેવા ક્રમવાળો મોક્ષ જો થતો હોય તો સર્વથા અસંભવિત નથી પરંતુ તે નિર્ણય શ્રી બહુશ્રુતગમ્ય છે. વળી એ પ્રમાણે વિચારતાં બીજી વ્યાખ્યામાં વિરોધ આવે ખરો. પરન્તુ સંખ્યાને આધીન સમયો સ્વીકારતાં બીજી વ્યાખ્યાને પણ પ્રાયઃ વિરોધ ઉપજી શકતો નથી. એનો સંખ્યાક્રમ સંગ્રહ આ પ્રમાણે :

| બહુમતની વિશેષ વ્યાખ્યા પ્રમાણે નિરન્તર સિદ્ધિ. | મતાન્તરીય વ્યાખ્યા પ્રમાણે ૮ સમયસિદ્ધિ | સંખ્યાધીન સમય ગણતાં |
|---|---|---|
| સમય સુધી - સંખ્યા | સમયે સંખ્યા | સંખ્યા સમય |
| ૮ - ૧ થી ૩૨ | પહેલે - ૧ થી ૩૨ | ૧ થી ૩૨ - ૮ સુધી |
| ૭ - ૩૩ થી ૪૮ | બીજે - ૧ થી ૪૮ | ૩૩ થી ૪૮ - ૭ સુધી |
| ૬ - ૪૯ થી ૬૦ | ત્રીજે - ૧ થી ૬૦ | ૪૯ થી ૬૦ - ૬ સુધી |
| ૫ - ૬૧ થી ૭૨ | ચોથે - ૧ થી ૭૨ | ૬૧ થી ૭૨ - ૫ સુધી |
| ૪ - ૭૩ થી ૮૪ | પાંચમે - ૧ થી ૮૪ | ૭૩ થી ૮૪ - ૪ સુધી |
| ૩ - ૮૫ થી ૯૬ | છટ્ઠે - ૧ થી ૯૬ | ૮૫ થી ૯૬ - ૩ સુધી |
| ૨ - ૯૭ થી ૧૦૨ | સાતમે - ૧ થી ૧૦૨ | ૯૭ થી ૧૦૨ - ૨ સુધી |
| ૧ - ૧૦૩ થી ૧૦૮ | આઠમે - ૧ થી ૧૦૮ | ૧૦૩ થી ૧૦૮ - ૧ સમય |

વળી આ બાબતમાં હજી પણ અનેક વિકલ્પ હોઈ શકે, તે સર્વ વિસ્તારથી સર્યું.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તમ:પ્રભામાં ચાર માસ અને તમ:તમ:પ્રભામાં છ માસનું ઉત્કૃષ્ટ અન્તર છે. અને સંજ્ઞિથી ઈતર એટલે અસંજ્ઞિમાં ચોવીસ મુહૂર્ત્તનો અન્તરકાળ છે. ॥૨૫૦॥

टीकार्थः અહીં નરકગતિમાં, તિર્યંચગતિના અને મનુષ્યગતિના જીવો સદાકાળ નિરન્તર ઉત્પન્ન થાય છે, છતાં કેટલાક કાળ સુધીનું અન્તર પણ પડે છે. તે અન્તર કેટલા કાળ સુધી પડે છે ? એમ જો પૂછતા હો તો કહેવાય છે કે - સામાન્યથી સર્વ નરકગતિની અપેક્ષાએ (સાતે પૃથ્વીઓમાં સમકાળે) અન્તર પડે તો જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી બાર મુહૂર્ત્ત સુધી અન્તર પડે છે. અર્થાત્ એટલા કાળ સુધી અન્ય ગતિમાંથી આવીને કોઈપણ જીવ નરકગતિમાં ઉત્પન્ન થતો નથી, એ ભાવાર્થ છે. એ વાત જો કે સૂત્રમાં નથી કહી (અર્થાત્ સામાન્યપણે સાતે નરકપૃથ્વી આશ્રયિ ૧૨ (બાર) મુહૂર્ત્તનો વિરહકાળ ગાથામાં નથી કહ્યો) તો પણ પોતાની મેળે જાણે લેવો. જે કારણથી સિદ્ધાન્તમાં (નરકના વિરહકાળ માટે) કહ્યું છે કે -

> निर[1]यगई णं भंते ! केवइयं कालं विरहिया उववाएणं पन्नत्ता ? गोयमा !
> जहण्णेणं एक्कं समयं, उक्कोसेणं बारस मुहुत्ता । (इति प्रज्ञापनादौ)

એ પ્રમાણે સામાન્યથી (સાતે નરકપૃથ્વીરૂપ) નરકગતિમાં ઉપપાતનું અન્તર (જન્મ-વિરહ) કહ્યું, પરન્તુ વિશેષથી વિચારતાં રત્નપ્રભાદિ નરકપૃથ્વીઓમાં જુદું જુદું ઉપપાતનું અન્તર કેટલું ? તે સૂત્રકર્તા પોતે જ (ગાથામાં) કહે છે કે -

चउवीस ઈત્યાદિ - અન્ય ગતિમાંથી આવીને રત્નપ્રભા નરકપૃથ્વીમાં ઉત્પન્ન થતા જીવોનું જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી ચોવીસ મુહૂર્ત્ત જેટલું અન્તર પડે છે. અહીં ગાથામાં તો ફક્ત चउवीस मुहुत्ता એટલું જ પદ કહ્યું છે, તો પણ એટલા પદ ઉપરથી ગાથામાંથી જે અર્થ સાધ્ય હોય (જે વાક્ય ચાલુ વિષયને અંગે અપૂર્ણ હોય) તે અર્થને પ્રક્રમથી (ચાલુ વિષયના સંબંધથી) અધ્યાહાર કરીને (મળતું વાક્ય ઉપજાવીને) પોતાની મેળે પણ તે પદના અર્થનો સંબંધ જોડવો. વળી અહીં મુહૂર્ત્ત તે બે ઘડી પ્રમાણનો કાળ જાણવો. એ પ્રમાણે જઘન્ય અન્તર તો સર્વ સ્થાને પણ એકેક સમય જ જાણવું.

તથા શર્કરાપ્રભા નામની બીજી પૃથ્વીમાં ઉપપાતનું અન્તર ઉત્કૃષ્ટથી સાત દિવસનું છે. વાલુકાપ્રભા નામની ત્રીજી પૃથ્વીમાં ઉપપાતનું ઉત્કૃષ્ટ અંતર પંદર દિવસરૂપ એક પખવાડિયા જેટલું છે. ચોથી પંકપ્રભા પૃથ્વીમાં એક માસનું અન્તર છે. પાંચમી ધૂમપ્રભા પૃથ્વીમાં બે માસનું અન્તર છે. છટ્ઠી તમ:પ્રભા પૃથ્વીમાં ચાર માસનું અન્તર છે. અને સાતમી તમસ્તમ:પ્રભા પૃથ્વીમાં ઉપપાતનું અન્તર ઉત્કૃષ્ટથી છ માસ જેટલું છે.

એ પ્રમાણે દરેક પૃથ્વીમાં પોતપોતાનો જે અન્તરકાળ કહ્યો તેટલા કાળ સુધી તે પૃથ્વીમાં

૧. હે ભગવન્ ! નરકગતિ ઉપપાત વડે કેટલો કાળ વિરહિત હોય ? ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી બાર મુહૂર્ત્ત સુધી (નરકગતિ ઉપપાત વડે વિરહિત હોય).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અન્ય ગતિથી આવીને કોઈપણ જીવ કદી પણ ઉત્પન્ન થાય નહિ, એ ભાવાર્થ છે.

પ્રશ્નઃ અહીં કોઈક ભદ્રિક પ્રશ્નકર્તા શિષ્ય પ્રશ્ન કરે છે - સામાન્યથી નરકગતિમાં બાર મુહૂર્ત્તનો વિરહકાળ કહ્યો, અને તે નરકગતિના વિશેષભેદવાળી રત્નપ્રભા વિગેરે સાત નરકપૃથ્વીઓમાં તો ચોવીસ મુહૂર્ત્ત આદિ છ માસ સુધીનો જુદો જુદો કાળ કહ્યો. પરન્તુ એક પણ પૃથ્વીમાં બાર મુહૂર્ત્તનો વિરહકાળ કહ્યો નહિ. તો વિશેષભેદરૂપ નરકપૃથ્વીઓમાં કોઈમાં પણ જે વિરહકાળ નથી કહ્યો તે બાર મુહૂર્ત્તનો વિરહકાળ સામાન્યરૂપ નરકગતિમાં કેવી રીતે હોઈ શકે ? કારણ કે રેતીના એકેક કણમાં દરેકમાં જો તેલ ન હોય તો સામાન્ય સ્વરૂપવાળી એવી સર્વ રેતીમાં તેલ હોવાની વાત તે યોગ્ય કેવી રીતે ગણાય ?

ઉત્તરઃ એ સંબંધી સમાધાન કહેવાય છે કે - તેં જે એ વાત કહી તે અયોગ્ય છે, કારણ કે સર્વ સમુદિત નરકગતિમાં સાતે નરકપૃથ્વીઓ પિંડિત - સમુદિત - ભેગી ગણાય છે. તે કારણથી તે દરેક પૃથ્વીમાં નહિ કહેલો એવો પણ બાર મુહૂર્ત્ત પ્રમાણનો વિરહકાળ સમુદાયની અપેક્ષાએ નગરના દૃષ્ટાન્તે પ્રાપ્ત થાય છે જ. તે દૃષ્ટાંત આ પ્રમાણે -

કોઈક નગરને વિષે સાત મોટા પાડા (મોટા મહોલ્લા) છે. ત્યાં એક પાટકમાં તો જઘન્યથી એક સમય વીત્યા બાદ અને ઉત્કૃષ્ટથી ચોવીસ મુહૂર્ત્ત વીત્યા બાદ કોઈપણ સ્ત્રી અવશ્ય પુત્રને જન્મ આપે છે. બીજા પાટકમાં જઘન્યથી સમય વીત્યા બાદ અને ઉત્કૃષ્ટથી સાત દિવસ વીત્યા બાદ અવશ્ય કોઈ સ્ત્રી પુત્રને પ્રસવે છે જ. એ પ્રમાણે ત્રીજા પાડામાં પખવાડિયાને અન્તરે, [ચોથા પાડામાં એક માસને અન્તે, પાંચમા પાડામાં બે માસ વીત્યા બાદ, છટ્ઠા પાડામાં ચાર માસ વીત્યા બાદ અને] યાવત્ સાતમા પાડામાં જઘન્યથી સમય વીત્યા બાદ અને ઉત્કૃષ્ટથી છ માસ વીત્યા બાદ તો કોઈ પણ સ્ત્રી અવશ્ય પુત્રને જન્મ આપે છે જ. અને એ પ્રમાણે હોવાથી જ્યારે એક પાડામાં ઉત્કૃષ્ટ સ્થિતિ વ્યતીત થયે પુત્રજન્મ થાય છે, ત્યારે બીજા કોઈ પાડામાં જઘન્ય સ્થિતિ વ્યતીત થયે પુત્રજન્મ થાય છે, અને ત્રીજા કોઈ પાડામાં વળી મધ્યમ સ્થિતિ વ્યતીત થયે પુત્રજન્મ થાય છે. જો એ પ્રમાણે છે તો સર્વ (સાતે) પાટકોની અપેક્ષાએ જઘન્યથી એક સમય વીત્યા બાદ અને ઉત્કૃષ્ટથી બાર મુહૂર્ત્ત વીત્યા બાદ અવશ્ય કોઈ સ્ત્રીને બાળક જન્મે જ (તો તેમાં વિરોધ શું ?). એ પ્રમાણે અહીં સાતે નરકપૃથ્વીઓના સમકાળે સંભવતા વિરહકાળ આશ્રયિ પણ બાર મુહૂર્ત્ત કાળ હોઈ શકે, એમ જાણવું. વળી વિશેષ ભેદોમાં જે વસ્તુ ન હોય તે સામાન્ય સ્વરૂપમાં ન હોય એમ પણ નથી. કારણ કે વસ્ત્રાદિક તંતુ આદિમાં દરેકમાં જે નથી દેખાતું તે તેના સમુદાયમાં (આખા વસ્ત્રમાં) દેખાય છે. (અર્થાત્ પટાદિભાવ જે તંતુમાં દરેકમાં જોવા જતાં દેખાતો નથી, પરન્તુ તંતુઓના સમુદાયમાં તે પટાદિભાવ સ્પષ્ટ દેખાય છે). એ પ્રમાણે અહીં (આ બાબતમાં એટલે અવયવમાં જે નથી દેખાતું તે અવયવીમાં દેખાય

૧. ગુજરાતના પાટણ નગરમાં હજી પણ જુદા જુદા મહોલ્લાઓને 'પાડા'ના નામથી ઓળખવામાં આવે છે. જેમ મણિયાતી પાડો ઇત્યાદિ.

Jain Education International

For Private & Personal Use Only
www.jainelibrary.org

છે તે બાબતમાં) ઘણું કહેવા યોગ્ય છે, પરન્તુ તે સર્વ વક્તવ્ય અન્ય ગ્રંથોથી જાણવાયોગ્ય હોવાથી અહીં આ ગ્રંથમાં કહેવાશે નહિ.

હવે તિર્યંચગતિ અને મનુષ્યગતિ એ બે ગતિ આશ્રયિ કહે છે - सण्णियरे - સામાન્યથી તિર્યંચગતિમાં (સમકાળે સર્વ ભેદોમાં) વિચારીએ તો તિર્યંચગતિ સિવાયના બીજી ગતિમાંથી તિર્યંચમાં ઉત્પન્ન થતા જીવોનું જઘન્ય અન્તર એક સમય, અને ઉત્કૃષ્ટ અન્તર બાર મુહૂર્ત્ત પ્રમાણનું જાણવું. એ પ્રમાણે મનુષ્યગતિમાં પણ (શેષ ત્રણ ગતિમાંથી મનુષ્યગતિમાં ઉત્પન્ન થતા જીવોનું ઉત્પન્ન થવાનું આંતરૂં જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી બાર મુહૂર્ત્તનું) જાણવું. જે કારણથી કહ્યું છે કે -

> 'तिरि[1]यगई णं भंते ! केवइयं कालं विरहिया उववाएणं पण्णत्ता ? गोयमा ।
> जहण्णेणं एक्कं समयं उक्कोसेणं बारस मुहुत्ता, एवं मणुयगई वि' ॥

પુનઃ તિર્યંચગતિમાં વિશેષભેદે વિચારીએ તો સંજ્ઞી એટલે ગર્ભજ તિર્યંચ અને અસંજ્ઞી એટલે સમ્મૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય એ બે ભેદ છે. તેમજ મનુષ્યગતિમાં પણ સંજ્ઞી એટલે ગર્ભજ મનુષ્ય અને બીજા અસંજ્ઞી એટલે સમ્મૂર્ચ્છિમ મનુષ્યો એ બે ભેદ છે. ત્યાં ગર્ભજ તિર્યંચ [2]પંચેન્દ્રિયોમાં અને ગર્ભજ મનુષ્યોમાં ઉત્પન્ન થતા જીવોના ઉત્પાદનું અન્તર જઘન્યથી એક સમય, અને ઉત્કૃષ્ટથી બાર મુહૂર્ત્ત પ્રમાણનું પ્રત્યેકનું છે (એટલે તિર્યંચ પંચેન્દ્રિયમાં પણ બાર મુહૂર્ત્તનું અને ગર્ભજ મનુષ્યમાં પણ બાર મુહૂર્ત્તનું અન્તર જુદું જુદું જાણવું). તથા સમ્મૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિયનું - માં ઉત્પાદનું અન્તર જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત્ત પ્રમાણનું છે. વળી સમ્મૂર્છિમ મનુષ્યોમાં ઉત્પાદનું અન્તર જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી ચોવીસ મુહૂર્ત્તનું છે. સૂત્રમાં (ગાથામાં) જે સાક્ષાત્ ચોવીસ મુહૂર્ત્તનું અન્તર અસંજ્ઞિનું કહ્યું, તે એ સમ્મૂર્ચ્છિમ મનુષ્યરૂપ અસંજ્ઞિઓનું અન્તર કહ્યું, અને શેષ ત્રણ અન્તરો (ગર્ભજ તિર્યંચ, સમ્મૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય અને ગર્ભજ મનુષ્ય એ ત્રણનાં અન્તારો તો) ગાથા સૂચનામાત્ર હોવાથી (એટલે ગાથા એ સૂત્ર છે, અને સૂત્ર તે સૂચનામાત્રવાળું જ હોય જેથી શેષ અર્થ અધ્યાહારથી - ઉપલક્ષણથી પોતાની મેળે જાણવા યોગ્ય હોય છે માટે એ ત્રણ અન્તરો ગાથામાં સાક્ષાત્ નથી કહ્યાં પણ સૂચનામાત્રથી કહ્યાં છે એમ જાણીને) અમોએ જ (વૃત્તિકર્તાએ જ) દર્શાવેલ છે, એમ જાણવું. ॥ એ ત્રણ ગતિના ઉત્પાદનો વિરહકાળ કહ્યો ॥

વળી જે જીવભેદમાં જેટલો આ ઉત્પત્તિનો વિરહકાળ દર્શાવ્યો છે, તેટલો જ સરખો વિરહકાળ ઉદ્વર્ત્તનાના સંબંધમાં પણ જાણવો, (એટલે મરણનો વિરહકાળ અને જન્મનો વિરહકાળ એ બે તુલ્ય છે), કારણ કે સિદ્ધાન્તમાં તે પ્રમાણેજ કહેલું હોવાથી. કેવળ તફાવત

---

૧. હે ભગવન્ ? તિર્યંચગતિ ઉપપાત વડે (જન્મ વડે - નવા ઉત્પન્ન થતા જીવો વડે) કેટલા કાળ સુધી વિરહિત (વિરહવાળી) કહી છે ? ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી બાર મુહૂર્ત્ત સુધી (તિર્યંચગતિમાં ઉપપાતવિરહ વર્તે છે) ॥

૨. ગર્ભજ તે પંચેન્દ્રિય જ હોય છે, છતાં પંચેન્દ્રિય વિશેષણ ઘણે સ્થાને આવે છે તે માત્ર સ્વરૂપદર્શક જાણવું. તથા ચતુરિન્દ્રિય સુધીના તિર્યંચ જીવોમાં વિરહનો જ અભાવ હોવાથી પણ અહીં પંચેન્દ્રિય વિશેષણ સાર્થક થઈ શકે. કારણ કે વિરહકાળ પંચેન્દ્રિયોમાં જ હોઈ શકે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલો જ કે - ઉત્પાદ જેમ અન્ય ગતિમાંથી આવીને ઉત્પન્ન થતા જીવોનો કહેવાય છે, તેમ ઉદ્વર્તના વિવક્ષિત જીવભેદમાંથી ઉદ્વર્તીને એટલે નીકળીને અન્ય ગતિમાં જવારૂપ જાણવી. એ ૨૫૦ મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥ इति उप[1]पातोद्वर्त्तनाविरहः ॥૨૫૦॥

---

૧. આ ગાથામાં તેમજ ચાલુ અધિકારમાં ત્રણ ગતિનો વિરહકાળ કહેવાયો છે, પરન્તુ દેવગતિમાં ઉત્પત્તિ - ઉદ્વર્તનાનો વિરહકાળ વિશેષભેદે નારકવત્ કહેવા યોગ્ય છતાં કંઈ કારણ વિચારી આ સ્થાને નથી કહ્યો પરંતુ આગળ ૨૫૪મી ગાથાથી કહેવાશે. માટે સ્થાન અશૂન્યાર્થે અહીં જ દેવગતિ અને તેવા પ્રતિભેદમાં વિરહકાળ કહેવાય છે. તેમજ બીજા સામાન્ય જીવભેદો પણ જે અહીં નથી કહ્યા તેનો વિરહકાળ કહેવાય છે -

દેવગતિનો ઉપપાતવિરહ તથા ચ્યવનવિરહકાળ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી ૧૨ (બાર) મુહૂર્તનો છે. અર્થાત્ કોઈ કાળ એવો પણ આવે કે જે કાળે દેવગતિમાં અથવા તેના કોઈપણ પ્રતિભેદમાં ૧૨ મુહૂર્ત સુધી કોઈપણ જીવ અન્ય ગતિમાંથી આવીને દેવપણે ઉત્પન્ન થાય નહિ. તેમજ કોઈપણ દેવ ચ્યવીને અન્ય ગતિમાં જાય નહિ, એટલે કોઈ દેવ બાર મુહૂર્ત સુધી ચ્યવે પણ નહિ. એ સામાન્યથી દેવગતિના ઉપપાત તથા ચ્યવનનો વિરહ જાણવો.

અસુરકુમારમાં જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી ચોવીસ મુહૂર્ત વિરહ. એ રીતે નાગકુમારમાં અને શેષ ૮ ભવનપતિઓમાં પ્રત્યેકમાં જુદો જુદો વિરહકાળ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી ચોવીસ મુહૂર્તનો જાણવો.

તથા વ્યન્તરો અને જ્યોતિષીઓ (ના સામાન્ય ભેદમાં તેમજ દરેક પ્રતિભેદમાં પણ) જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી ચોવીસ મુહૂર્તનો વિરહકાળ છે.

સૌધર્મ તથા ઈશાન કલ્પમાં પણ જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી ૨૪ મુહૂર્ત વિરહ. સનત્કુમારમાં - જઘન્યથી સમય, ઉત્કૃષ્ટથી નવ રાત્રિ-દિવસ ઉપરાંત વીશ મુહૂર્તનો વિરહકાળ છે. માહેન્દ્રમાં - જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી બાર રાત્રિ-દિવસ ઉપરાંત દશ મુહૂર્તનો વિરહ છે. બ્રહ્મકલ્પમાં - જઘન્યથી સમય, અને ઉત્કૃષ્ટથી સાડી બાવીસ દિવસ વિરહ છે. લાંતકમાં જઘન્યથી સમય, ઉત્કૃષ્ટથી પીસ્તાલીસ રાત્રિ-દિવસનો વિરહ. મહાશુક્રમાં જઘન્યથી સમય, ઉત્કૃષ્ટથી એંસી (૮૦) રાત્રિ-દિવસનો વિરહ છે. સહસ્રારમાં જઘન્યથી સમય, અને ઉત્કૃષ્ટથી સો (૧૦૦) રાત્રિ દિવસનો વિરહ છે. આનતમાં જઘન્યથી સમય, ઉત્કૃષ્ટથી સંખ્યાતા માસનો વિરહકાળ છે. અહીં સંખ્યાતા માસ એટલે એક વર્ષની પહેલાંના એટલે એક વર્ષના બાર માસ પૂર્ણ નહિ, એમ બૃહત્સંગ્રહણીની વૃત્તિમાં वर्षादर्वाक् प्रतिपत्तव्या એ વચનથી કહેલ છે. અને બાલાવબોધમાં તો સ્પષ્ટ રીતે ૧૦ (દસ) માસ કહ્યા છે. કારણ કે પ્રાણતકલ્પમાં પણ સંખ્યાત માસ કહેલા હોવાથી અને તે વર્ષથી પહેલાંના હોવાથી ૧૧ માસ કહ્યા છે, અને આનતથી પ્રાણતમાં અધિક વિરહ ગણવાનો હોવાથી અહીં આનતમાં દશ માસ કહ્યા છે. પરન્તુ બૃ. સં. વૃત્તિમાં તો દસ કે અગિયાર માસ ન કહેતાં આનતથી પ્રાણતમાં અધિક વિરહ જાણવો એટલું જ માત્ર કહ્યું છે.

પ્રાણત કલ્પમાં જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા માસ વિરહ છે. એ સંખ્યાતા માસ આનત કલ્પમાં કહેલાં સંખ્યાત માસથી અધિક પણ વર્ષથી ન્યૂન જાણવા એમ બૃ. સંગ્રહણી વૃત્તિમાં કહ્યું છે. અને બૃ. સંગ્રહણીના બાલાવબોધમાં તો ૧૧ માસ સ્પષ્ટ કહ્યા છે.

આરણ અને અચ્યુતકલ્પમાં-જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા વર્ષનો વિરહકાળ છે. અહીં પણ આરણની અપેક્ષાએ અચ્યુત કલ્પમાં અધિક સંખ્યાત વર્ષ જાણવાં તો પણ સંપૂર્ણ સો વર્ષથી પહેલાંનાં જ જાણવાં, એમ બૃ. સંગ્રહણીની વૃત્તિમાં કહ્યું છે. અને બાલાવબોધમાં પણ એમ જ કહ્યું છે, પરન્તુ આનત-પ્રાણતવત્ સ્પષ્ટ સંખ્યા કહી નથી.

પ્રથમ ૩ ગ્રૈવેયકમાં જઘન્યથી સમય અને ઉત્કૃષ્ટથી પહેલામાં સંખ્યાતા સો વર્ષ, બીજામાં તેથી અધિક અને ત્રીજામાં તેથી પણ અધિક સંખ્યાત સો વર્ષ વિરહ જાણવો. અહીં સંખ્યાત સો વર્ષ તે એક હજાર વર્ષથી અર્વાક્નો - પહેલાંનો જાણવો.

દ્વિતીય ૩ ગ્રૈવેયકમાં - જઘન્યથી સમય અને ઉત્કૃષ્ટથી સંખ્યાત હજાર વર્ષ. એમાં પણ અનુક્રમે ત્રણેમાં અધિક અધિક સંખ્યાત હજાર વર્ષનો વિરહ જાણવો, પરન્તુ એક લાખ વર્ષથી તો ઓછો જ વિરહ જાણવો. લાખ વર્ષ સંપૂર્ણ નહિ જ.

તૃતીય ૩ ગ્રૈવેયકમાં - જઘન્યથી સમય અને ઉત્કૃષ્ટથી સંખ્યાત લાખ વર્ષનો વિરહ જાણવો; એમાં પણ ત્રણમાં અનુક્રમે અધિક અધિક વિરહ કહેવો, પરન્તુ એક ક્રોડ વર્ષથી ન્યૂન જાણવો. સંપૂર્ણ એક ક્રોડ વર્ષનો વિરહકાળ નહિ.

વિજયાદિ ૪ અનુત્તરમાં જઘન્યથી સમય, અને ઉત્કૃષ્ટથી સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલો અસંખ્યાતમા ભાગ જેટલો અસંખ્યાતા વર્ષનો વિરહકાળ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अवतरणः એ પ્રમાણે પૂર્વ ગાથાઓમાં ઉપજવાના તથા ચ્યવવાના વિરહકાળરૂપ અન્તર કહીને હવે પ્રથમ નિર્દેશ કરેલું એવું ત્રસાદિ જીવોનું તદ્ભાવ અપ્રાપ્તિરૂપ અન્તર[1] કહેવાય છે. (અહીં ત્રસાદિ કહેવાથી ત્રસ અને સ્થાવરનું અન્તર જાણવું) :

**थावरकालो तसकाइयाण, एगिंदियाण तसकालो ।**

**बायरसुहुमे हरिएयरे, य कमसो पउंजेज्जा ॥२५१॥**

ગાથાર્થઃ ત્રસકાયિક જીવોનું અન્તર સ્થાવરના કાળ જેટલું (સ્થાવરની કાયસ્થિતિ જેટલું), એકેન્દ્રિયોનું - સ્થાવરનું અન્તર ત્રસકાયના કાળ જેટલું, બાદરનું અન્તર સૂક્ષ્મ એકેન્દ્રિયના કાયસ્થિતિકાળ જેટલું, અને સૂક્ષ્મ એકેન્દ્રિયનું અન્તર બાદર એકેન્દ્રિયના કાયસ્થિતિકાળ જેટલું, વનસ્પતિનું અન્તર વનસ્પતિ સિવાયના એકેન્દ્રિયાદિકના કાયસ્થિતિકાળ જેટલું, અને વનસ્પતિથી ઇતર પૃથ્વીકાયાદિકનું અન્તર વનસ્પતિના કાયસ્થિતિકાળ જેટલું, એ પ્રમાણે અનુક્રમે સ્થાવરાદિ પદોનો સંબંધ (તેના ઇતર ઇતર પદો સાથે) જોડવો. ॥૨૫૧॥

ટીકાર્થઃ चीयते એટલે પ્રતિસમય ઉત્પન્ન થતા જીવોના સમૂહ વડે જેને પુષ્ટિ પમાડાય એટલે જેને પુષ્ટ કરાય તે काय, એટલે संघात - જીવસમૂહ કહેવાય. ત્યાં त्रस જીવોનો काय એટલે संघात - સમૂહ તે त्रसकाय તે વડે ચરન્તિ - વિચરે - વર્તે તે त्रसकायिक જીવો. તે ત્રસકાયને છોડીને બીજી કાયમાં ઉત્પન્ન થયેલા એવા તે ત્રસ જીવો [પૂર્વકાળની અપેક્ષાએ ત્રસ જીવો પરન્તુ વર્તમાન અપેક્ષાએ તે સ્થાવર જીવો] પુનઃ ત્રસકાયમાં ઉત્પન્ન થાય તો [કિટલે કાળે ઉત્પન્ન થાય ? તે ત્રસકાયિક જીવોનું અન્તર કહેવાય. તે] જઘન્યથી અન્ત[2]ર્મુહૂર્તે અને ઉત્કૃષ્ટથી તો સ્થાવરોનો એટલે એકેન્દ્રિય જીવોનો જે કાયસ્થિતિકાળ છે, તેટલું અન્તર છે [અર્થાત્ એટલો

સર્વાર્થસિદ્ધમાં જઘન્યથી એક સમય, અને ઉત્કૃષ્ટથી સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમના ભાગ જેટલો વિરહકાળ છે. એ પ્રમાણે સર્વ દેવોમાં વિરહકાળ કહ્યો.

સિદ્ધિગતિમાં જઘન્યથી ૧ સમય, અને ઉત્કૃષ્ટથી છ માસનો ઉત્પત્તિવિરહ છે. અહીં ચ્યવવાનું નહિ હોવાથી ચ્યવન વિરહકાળનો વ્યપદેશ જ ન હોય.

३ विकलेन्द्रियोમાં જઘન્યથી એક સમય, અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત સુધીનો વિરહકાળ છે. ૨૪૮ મી ગાથામાં વિકલેન્દ્રિયોનો પ્રત્યેકનો સતત ઉપપાત (આવલિકાના અસંખ્યાતમા ભાગ સુધી) કહ્યો છે, પરન્તુ વિરહકાળ કહ્યો નથી. વૃત્તિમાં જ કહ્યો છે. ॥ इति अनुक्तजीवभेदेषु विरहकालः ॥

સિદ્ધાન્તમાં ઉપપાતવિરહ એ શબ્દ તો સર્વ જીવભેદને અંગે કહ્યો છે, પરન્તુ ઉદ્વર્તનાવિરહ શબ્દ એકેન્દ્રિયથી યાવત્ વ્યન્તર સુધીના જીવભેદોમાં (નારકોમાં પણ) કહ્યો છે. અને જ્યોતિષી તથા વૈમાનિક દેવોના સંબંધમાં તો च्यवन विरह શબ્દનો જ ઉપયોગ કરવા કહ્યું છે. તે આ પ્રમાણે – एवं जहा उववाओ भणिओ तहा उव्वट्टणा वि भाणियव्वा, जाव अणुत्तरोववाइया, नवरं जोइस-वेमाणियाणं चवणेणं अहिलावो कायव्वो ॥ [એ પ્રમાણે જેમ ઉપપાત કહ્યો તેમ ઉદ્વર્ત્તના પણ અનુત્તરોપપાતિક સુધી કહેવી, પરન્તુ જ્યોતિષી અને વૈમાનિક દેવોમાં ચ્યવન શબ્દથી આલાપક કહેવો॥]

૧. પહેલાં પણ અન્તર કહેવાયું અને આ પણ બીજી વાર અન્તર કહેવાય છે. તે બે અન્તરમાં શું તફાવત ? તે ૨૪૩મી ગાથામાં કહેવાઈ ગયું છે તે આ બીજું અન્તર जस्स गमो जत्थ भवे એ ગાથામાં કહેલું વિવક્ષિત ભવ અમુક કાળ સુધી નહિ પામવારૂપ જાણવું. અને પહેલું અન્તર કહેવાયું તે વિવક્ષિત ભવમાં જન્મ-મરણના અભાવરૂપ કહેવાયું છે. અને તે અન્તર વૃત્તિમાં જ ઉપલક્ષણથી દર્શાવેલું હતું, ગાથામાં નહિ.

૨. અહીં જઘન્યથી અન્તર્મુહૂર્ત અન્તર કહ્યું તે અન્ય ભવમાં ૨૫૬ આવલિકારૂપ ક્ષુલ્લક ભવ જેટલું આયુષ્ય પૂર્ણ કરી પુનઃ ત્રસકાયમાં ઉત્પન્ન થવાથી જાણવો. એ રીતે અન્યત્ર પણ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાળ સ્થાવરપણામાં રહ્યા બાદ - વ્યતીત થયા બાદ પુનઃ ત્રસકાયમાં અવશ્ય ઉત્પન્ન થાય જ - એ ભાવાર્થ છે]. વળી તે એકેન્દ્રિયોનો કાયસ્થિતિકાળ આ ગ્રંથમાં જ પૂર્વે કાળદ્વારમાં એકેન્દ્રિયોનો કાયસ્થિતિકાળ કહેવાને પ્રસંગે કહેવાઈ ગયો છે, અને તે આવલિકાના અસંખ્યાતમા ભાગના જેટલા સમય તેટલા (અસંખ્યાતા) પુદ્‌ગલપરાવર્ત્તરૂપ (એટલે અસંખ્યગુણો અનન્તકાળ) જાણવો.

તથા एगिंदियाण तसकालो - પૃથ્વીકાયાદિ એકેન્દ્રિય જીવો સ્વભવને છોડીને અન્યત્ર ઉત્પન્ન થાય તો ફરીથી એકેન્દ્રિયપણું પ્રાપ્ત કરતાં જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી ત્રસ જીવોના કાયસ્થિતિકાળ જેટલું અન્તર પડે છે. અને તે આ ગ્રંથમાં જ પહેલાં કાળદ્વારને વિષે ત્રસ જીવોનો કાયસ્થિતિકાળ કહેવાના પ્રસંગે સાધિક બે હજાર સાગરોપમ જેટલો કહ્યો છે એમ જાણવું. (અર્થાત્ એકેન્દ્રિય જીવ એકેન્દ્રિયપણામાં નીકળીને પુનઃ એકેન્દ્રિય થાય તો ઉત્કૃષ્ટથી સાધિક બે હજાર સાગરોપમ વીત્યા બાદ થાય. એમ જાણવું). એ પ્રમાણે દિગ્દર્શનમાત્ર દર્શાવીને [કયા જીવોનો અન્તરકાળ કયા પ્રતિપક્ષી જીવોથી સમજવો, તેની લેશમાત્ર રીતિ દર્શાવીને] હવે શેષ બાદરાદિ જીવભેદોનો કાળ પણ તેવી રીતે જાણવો એમ ભળામણ કરતા છતા ગ્રંથકાર કહે છે કે :

बायरसुहुमे - જેમ પૂર્વે કહ્યા પ્રમાણે ત્રસોનું અન્તર સ્થાવરના કાળ જેટલું અને સ્થાવરોનું અન્તર ત્રસના કાળ જેટલું કહ્યું તેમ बायर = બાદરોનું અન્તર સૂક્ષ્મના કાળ જેટલું, અને सुहुमे = સૂક્ષ્મોનું અન્તર બાદરના કાળ જેટલું ઉત્કૃષ્ટથી છે, ઇત્યાદિ વિવક્ષા પણ બુદ્ધિમાનોએ દરેક પદમાં જોડવી. એ પ્રમાણે તો અહીં [ગાથામાં ઉત્તરાર્ધનો] સમુદાય અર્થ (સંક્ષિપ્ત અર્થ) કહ્યો. પરન્તુ વિશેષથી એમાં કહેવાનું તાત્પર્ય એ છે કે - બાદર નામકર્મના ઉદયવાળા એવા બાદર પૃથ્વીકાયાદિ જીવો બાદર પૃથ્વીકાયાદિપણામાંથી નીકળીને અન્ય અન્ય ભવમાં - ભાવમાં ઉત્પન્ન થયા હોય તો ત્યાં ઉત્પન્ન થયેલા તે જીવો પુનઃ પણ બાદરમાં ઉત્પન્ન થાય તો જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી સૂક્ષ્મ નામકર્મના ઉદયવાળા જે સૂક્ષ્મ જીવો, તેનો જેટલો કાયસ્થિતિકાળ છે, તેટલું (બાદરને પુનઃ બાદરપણે ઉત્પન્ન થવામાં) અન્તર પડે. અને તે કાળ આ ગ્રંથમાં જ પૂર્વે કાળદ્વારને વિષે સૂક્ષ્મ જીવોનો કાયસ્થિતિકાળ કહેવાના પ્રસંગે કહેવાઈ ગયો છે, અને તે અસંખ્યાત લોકના આકાશ પ્રદેશના સમૂહને પ્રતિસમય એકેક આકાશપ્રદેશ અપહરતાં જેટલી અસંખ્યાતી ઉત્સર્પિણી - અવસર્પિણીઓ વ્યતીત થાય તેટલો જાણવો. (અર્થાત્ અસંખ્ય કાળચક્ર વીત્યા બાદ બાદર જીવ પુનઃ બાદરપણે ઉત્પન્ન થાય).

તથા સૂક્ષ્મ નામકર્મના ઉદયવાળા (સૂક્ષ્મ પૃથ્વીકાયાદિ જીવો પણ સૂક્ષ્મપણામાંથી નીકળીને અન્યત્ર (બાદરમાં) ઉત્પન્ન થયા હોય, તો પુનઃ પણ સૂક્ષ્મ પૃથ્વીકાયાદિકમાં ઉત્પન્ન થવાને જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી તો બાદર જીવોના કાયસ્થિતિકાળ જેટલો અન્તરકાળ લાગે, અને તે બાદરનો કાયસ્થિતિકાળ આ ગ્રંથમાં જ પૂર્વે બાદરનો કાયસ્થિતિકાળ કહેવાના પ્રસંગે સિત્તેર કોડાકોડિ સાગરોપમ જેટલો કહેલો છે એમ જાણવું. (અર્થાત્ સૂક્ષ્મ જીવ સૂક્ષ્મપણામાં નીકળીને ૭૦ કોડાકોડિ સાગરોપમ જેટલા કાળે પુનઃ સૂક્ષ્મપણે એકેન્દ્રિયાદિ કોઈ પણ જીવભેદમાં ઉત્પન્ન થાય).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા हरिएयरे य - હરિત એટલે વનસ્પતિકાય અને ઇતર તે પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય અને ત્રસકાય. તેથી વનસ્પતિકાય જીવ વનસ્પતિમાંથી નીકળીને પુનઃ વનસ્પતિપણે ઉત્પન્ન થાય તો પૃથ્વીકાયાદિ પાંચ કાયનો (વનસ્પતિ સિવાયના પાંચ કાયનો) જેટલો કાયસ્થિતિકાળ છે, તેટલા કાળને અન્તરે ઉત્પન્ન થાય.

તથા પૃથ્વીકાયાદિમાંથી નીકળેલો જીવ પુનઃ પણ પૃથ્વીકાયાદિપણે ઉત્પન્ન થાય તો વનસ્પતિનો જેટલો કાયસ્થિતિકાળ છે, તેટલું અન્તર પડે છે. એ પ્રમાણે પ્રત્યેક પદોમાં યથાયોગ્ય સંબંધ જોડવો. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે - સામાન્યથી વનસ્પતિકાય જીવ (અર્થાત્ સાધારણ કે પ્રત્યેક એ બે ભેદની વિવક્ષા વિના સામાન્યથી વનસ્પતિકાયિક જીવ) વનસ્પતિકાયમાંથી નીકળીને અન્ય ભવમાં (વનસ્પતિ સિવાયના અન્ય ભવમાં) ઉત્પન્ન થાય, તો ત્યાં ઉત્પન્ન થયેલા તે જીવને પુનઃ પણ વનસ્પતિકાયપણે ઉત્પન્ન થવામાં જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી શેષ પૃથ્વીકાયાદિ જીવનો જેટલો કાયસ્થિતિકાળ છે તેટલું અન્તર પડે છે; અને તે અસંખ્યાત લોકાકાશોના આકાશપ્રદેશોને પ્રતિસમય એકેક અપહરતાં જેટલી અસંખ્યાતી ઉત્સર્પિણી - અવસર્પિણી લાગે તેટલા પ્રમાણનો કાળ આ ગ્રંથમાં જ પૂર્વે કહેવાઈ ગયો છે, તે જાણવો.

તથા ઇતરોનો એટલે વનસ્પતિથી અન્ય જે પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય અને ત્રસકાય એ પાંચ કાયના જીવો પૃથ્વી આદિકમાંથી નીકળીને વનસ્પતિમાં ઉત્પન્ન થયા હોય તો તે વનસ્પતિમાં ભ્રમણ કરતા જીવો પુનઃ પણ પૃથ્વી આદિ પણે ઉત્પન્ન થાય તો જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી વનસ્પતિકાયનો જેટલો કાયસ્થિતિકાળ છે તેટલો અન્તરકાળ થાય છે. (તેટલે કાળે પુનઃ પૃથ્વ્યાદિપણે ઉત્પન્ન થાય છે), અને તે કાળ આવલિકાના અસંખ્યાતમા ભાગના સમયરાશિ (અર્થાત્ તેટલા અસંખ્યાતા પુદ્ગલપરાવર્ત્ત) જેટલો આ ગ્રંથમાં જ પૂર્વે કહ્યો છે તે જાણવો. એ પ્રમાણે બસો એકાવનમી (૨૫૧મી) ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૨૫૧॥

अवतरणः પૂર્વ ગાથામાં (૨૫૧મી ગાથામાં) જે વનસ્પતિથી ઇતર પૃથ્વીકાયાદિકનો અન્તરકાળ કહ્યો તે જ બાબતમાં બીજી રીતે કંઈક વિશેષ આ ગાથામાં કહે છે :

**हरिएयरस्स अंतर, असंखया होंति पोग्गलपरट्टा ।**
**अड्ढाइज्ज परट्टा, पत्तेयतरुस्स उक्कोसं ॥२५२॥**

गाथार्थः વનસ્પતિથી ઇતર પૃથ્વીકાયાદિકનો અન્તરકાળ અસંખ્યાતા પુદ્ગલપરાવર્ત્ત જેટલો છે, અને પ્રત્યેક વનસ્પતિનું ઉત્કૃષ્ટ અન્તર અઢી પુદ્ગલપરાવર્ત્ત છે. ॥૨૫૨॥

टीकार्थः હરિત એટલે સામાન્યથી વનસ્પતિકાય, તેનાથી ઇતર પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય અને ત્રસકાય એ પાંચ કાયનો જે જીવરાશિ (એટલે પાંચે) તે हरितेतर કહેવાય. તેનો અન્તરકાળ આ પ્રમાણે - એ પૃથ્વીકાયાદિ જીવો પૃથ્વીકાયાદિકમાંથી નીકળીને વનસ્પતિમાં ઉત્પન્ન થયા હોય તો પુનઃ પૃથ્વ્યાદિપણે ઉત્પન્ન થવામાં જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતમા ભાગના જેટલા સમય તેટલા સમયરાશિ પ્રમાણ


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(અસંખ્યાતા) પુદ્ગલપરાવર્ત્ત જેટલું અન્તર લાગે.

તથા अड्ढाइज्ज परट्ठा पत्तेयतरुस्स - પ્રત્યેકતરુ એટલે પ્રત્યેકશરીરવાળી વનસ્પતિકાય, અને તેના ઉપલક્ષણથી પૃથ્વીકાય, અપ્‌કાય, અગ્નિકાય, વાયુકાય વિગેરે સર્વે પ્રત્યેકશરીરી જીવો પણ ગ્રહણ કરાય. તેથી સામાન્યપણે પ્રત્યેકશરીરી જીવ પ્રત્યેકશરીરી જીવરાશિમાંથી (એટલે પ્રત્યેકપણું છોડીને) સાધારણશરીરી વનસ્પતિકાયમાં (એટલે સાધારણશરીરપણે) ઉત્પન્ન થયો હોય તો ત્યાં ઉત્પન્ન થયેલા તે જીવને પ્રત્યેકપણામાં પુનઃ આવતાં - ઉત્પન્ન થતાં જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત જેટલો અન્તરકાળ લાગે અને ઉત્કૃષ્ટથી અઢી પુદ્ગલપરાવર્ત્ત જેટલો અનન્ત અન્તરકાળ લાગે (અર્થાત્ અઢી પુદ્ગલપરાવર્ત્ત સુધી સાધારણ વનસ્પતિમાં ભ્રમણ કરીને ત્યારબાદ અવશ્ય પ્રત્યેકશરીરીપણે જ ઉત્પન્ન થાય). કારણ કે પ્રત્યેકશરીરી જીવોમાંથી નીકળેલાઓની સાધારણવનસ્પતિમાં જ ઉત્પત્તિ થાય છે; અને સાધારણવનસ્પતિનો કાયસ્થિતિકાળ પૂર્વે આ ગ્રંથમાં જ ઉત્કૃષ્ટથી અઢી પુદ્ગલપરાવર્ત્ત જેટલો કહેવાઈ ગયો છે. માટે એટલા કાળ સુધી ત્યાં (સાધારણમાં) રહીને ત્યાંથી નીકળેલા જીવો પુનઃ પ્રત્યેકશરીરી જીવોમાંજ ઉત્પન્ન થાય. કારણ કે લોકમાં પ્રત્યેકશરીરી જીવરાશિ અને સાધારણશરીરી જીવરાશિ એ બે રાશિ સિવાય ત્રીજી રાશિનો અભાવ છે. તે કારણથી પ્રત્યેકશરીરી જીવરાશિમાંથી નીકળીને પુનઃ પ્રત્યેકશરીરી જીવરાશિમાં ઉત્પન્ન થવાને અઢી પુદ્ગલપરાવર્ત્ત જેટલો ઉત્કૃષ્ટ અન્તરકાળ કહ્યો તે યુક્ત જ છે.

[વળી पत्तेयतरुस्स એ પદના અર્થમાં કેવળ પ્રત્યેક વનસ્પતિ જ નહિ પરન્તુ ઉપલક્ષણથી બીજા પણ પૃથ્વીકાયાદિ પ્રત્યેકશરીરી જીવો ગ્રહણ કર્યા તે પ્રમાણે ] બીજા આચાર્યો એવું ઉપલક્ષણ વ્યાખ્યાન (એટલે પૃથ્વીકાયાદિ પ્રત્યેકશરીરીઓનું ગ્રહણ) કરતા નથી, પરન્તુ કેવળ પ્રત્યેક વનસ્પતિજીવો જ ગ્રહણ કરીને તે પ્રત્યેક વનસ્પતિકાયમાંથી નીકળેલા જીવો અન્યત્ર ઉત્પન્ન થયા હોય તો તે જીવોને પુનઃ પ્રત્યેકવનસ્પતિપણે ઉત્પન્ન થવામાં જ પૂર્વોક્ત (અઢી પુદ્ગલપરાવર્ત્તકાળ જેટલું) અન્તર લાગે છે, એવી રીતે पत्तेयतरुस्सની વ્યાખ્યા કરે છે. એ વ્યાખ્યા અયુક્ત સરખી સમજાય છે. કારણ કે કેવળ સાધારણ વનસ્પતિનો જ કાયસ્થિતિકાળ અઢી પુદ્ગલપરાવર્ત્ત જેટલો કહ્યો છે, અને પ્રત્યેક વનસ્પતિમાંથી નીકળેલા જીવોને કેવળ સાધારણ વનસ્પતિ જ ઉત્પન્ન થવાનું સ્થાન છે એમ નથી, કે જેથી સાધારણ વનસ્પતિના કાયસ્થિતિના કાયસ્થિતિકાળ જેટલો જ અન્તરકાળ હોય ! કારણ કે પૃથ્વીકાય, અપ્‌કાય, અગ્નિકાય, વાયુકાય અને ત્રસકાય એ પણ ઉત્પન્ન થવાનાં સ્થાનો છે જ. અને એ છએ કાયની સમુદિત - એકત્ર કાયસ્થિતિ તો અસંખ્યાતા પુદ્ગલપરાવર્ત્ત પણ સંભવે; કારણ કે તે અસંખ્યાતા પુદ્ગલપરાવર્ત્ત યુક્તિયુક્ત છે. તે આ પ્રમાણે - પ્રત્યેક અને સાધારણ એ બે ભેદની વિવક્ષા વિના સામાન્યથી (બન્ને મળીને) વનસ્પતિકાયનો કાળ (પુનઃ પુનઃ વનસ્પતિપણે ઉત્પન્ન થવાનો કાળ) પૂર્વે જેમ અસંખ્યાતા પુદ્ગલપરાવર્ત્ત કહ્યો છે, તેમ [એ છ કાયનો સમુદિતકાળ પણ તેટલો હોય તેમાં શું આશ્ચર્ય ?]. અને તે કારણથી જ જેમ પૃથ્વીકાયાદિ પાંચ કાયમાંથી એટલે પૃથ્વી - અપ્ - તેજઃ - વાયુ અને ત્રસ એ પાંચ કાયમાંથી નીકળીને વનસ્પતિમાં (સામાન્યપણે વનસ્પતિમાં) ઉત્પન્ન થાય તો પુનઃ પૃથ્વીકાયાદિપણું પ્રાપ્ત કરવામાં ઉત્કૃષ્ટથી

અસંખ્યાતા પુદ્ગલપરાવર્ત્ત જેટલું અન્તર પૂર્વે કહ્યું છે, તેમ કેવળ પ્રત્યેક વનસ્પતિમાંથી નીકળીને સાધારણ વનસ્પતિ - પૃથ્વીકાય - અપ્કાય - અગ્નિકાય અને વાયુકાય તથા ત્રસકાય એ છ કાયમાં ઉત્પન્ન થયેલા જીવોને પુનઃ પ્રત્યેક વનસ્પતિપણું પ્રાપ્ત કરવામાં પણ એટલું જ અન્તર (અસંખ્ય પુદ્ગલપરાવર્ત્ત કાળનું અન્તર) કહ્યું હોત; પરન્તુ તેટલું અન્તર નથી કહ્યું, તે કારણથી જ ઉપલક્ષણ વ્યાખ્યા વડે पत्तेयतरुस्स એ પદના અર્થમાં સર્વે પણ પ્રત્યેકશરીરીઓ ગ્રહણ કરવા. અને એ પ્રત્યેકશરીરીઓમાંથી નીકળેલો જીવ સાધારણમાં જ ઉત્પન્ન થાય, અને તેથી સાધારણ વનસ્પતિમાં ઉત્કૃષ્ટથી તેટલો કાળ અઢી પુદ્ગલપરાવર્ત્ત જેટલો કાળ ત્યાં ગુમાવીને પુનઃ પ્રત્યેકશરીરીપણું પ્રાપ્ત કરવામાં ઉત્કૃષ્ટથી અઢી પુદ્ગલપરાવર્ત્ત જેટલો અન્તરકાળ લાગે એમ કહ્યું તે યુક્ત જ છે. એ ૨૫૨ મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૨૫૨॥

अवतरण: હવે આ ગાથામાં બાદર નિગોદાદિકનો અન્તરકાળ કહેવાય છે :

**बायरसुहुमनिओया, हरियत्ति असंखया भवे लोगा ।**
**उयहीण सयपुहत्तं, तिरियनपुंसे असण्णी य** ॥२५३॥

गाथार्थ: બાદર નિગોદ, સૂક્ષ્મ નિગોદ અને સામાન્યપણે વનસ્પતિકાય એ ત્રણનો દરેકનો પોતપોતાનો અન્તરકાળ અસંખ્યાત લોકાકાશ જેટલો (અર્થાત્ અસંખ્યાત ઉત્સર્પિણી - અવસર્પિણી જેટલો) છે. તથા તિર્યંચગતિ, નપુંસકવેદ અને અસંજ્ઞિપણું એ ત્રણનો પોતપોતાનો અન્તરકાળ સોપૃથક્ત્વ સાગરોપમથી અધિક છે. ॥૨૫૩॥

टीकार्थ: બાદર નિગોદ જીવો બાદર નિગોદમાંથી નીકળીને અન્ય સ્થાને ઉત્પન્ન થયા હોય તો તે અન્ય સ્થાને ઉત્પન્ન થયેલા જીવોને પુનઃ બાદર નિગોદપણું પામવામાં જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતા લોકાકાશ જેટલો અન્તરકાળ લાગે. એટલે જેવો આ એક લોકાકાશ છે તેવા અસંખ્યાતા લોકાકાશના આકાશપ્રદેશના સમૂહને પ્રતિસમય એકેક અપહરતાં જેટલી અસંખ્યાત ઉત્સર્પિણી - અવસર્પિણીઓ લાગે તેટલા અસંખ્યાત કાળ પ્રમાણનું ઉત્કૃષ્ટ અન્તર છે, એ ભાવાર્થ છે. કારણ કે બાદર નિગોદમાંથી નીકળેલા જીવોને ઉત્પન્ન થવાનાં સૂક્ષ્મ નિગોદ - પૃથ્વીકાય - અપ્કાય - તેજસ્કાય - વાઉકાય - પ્રત્યેક વનસ્પતિકાય - અને ત્રસકાય એ છ સ્થાન છે. અને તે સર્વનો મળીને પણ એટલો જ કાયસ્થિતિકાળ છે - એ ભાવાર્થ છે. [એ પ્રમાણે બાદર નિગોદનું અન્તર જાણવું].

એ પ્રમાણે સૂક્ષ્મ નિગોદ જીવો પણ સૂક્ષ્મ નિગોદમાંથી નીકળીને અન્ય સ્થાને ઉત્પન્ન થયા હોય તો તે અન્ય સ્થાને ઉત્પન્ન થયેલા સૂક્ષ્મ નિગોદ જીવોને પુનઃ પણ સૂક્ષ્મ નિગોદપણું પ્રાપ્ત કરવામાં એટલું જ ઉત્કૃષ્ટ અન્તર (અસંખ્ય લોકાકાશના પ્રદેશાપહાર પ્રમાણ અસંખ્યાત ઉત્સર્પિણી - અવસર્પિણી જેટલું જ અન્તર) જાણવું. કારણ કે સૂક્ષ્મ નિગોદમાંથી નીકળેલા એ જીવો બાદર નિગોદ અને પૃથ્વીકાયાદિ (છ સ્થાન)માં ઉત્પન્ન થાય છે, અને એ બાદર નિગોદાદિ છ સ્થાનોનો (સર્વનો મળીને) પણ એટલો જ કાયસ્થિતિકાળ છે, એ ભાવાર્થ છે. [માટે સૂક્ષ્મ નિગોદ જીવોનું અન્તર પણ અસંખ્ય લોક પ્રમાણ જાણવું].

તથા हरियत्ति (હરિત ઇતિ) એટલે સામાન્યથી વનસ્પતિકાય. તે વનસ્પતિકાયના જીવો


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ વનસ્પતિમાંથી નીકળીને અન્ય સ્થાને ઉત્પન્ન થયા હોય તો તે અન્ય સ્થાને ઉત્પન્ન થયેલા એ વનસ્પતિ જીવોને પુનઃ વનસ્પતિપણું પ્રાપ્ત કરવામાં પણ એ જ અન્તર (એટલે અસંખ્ય લોકાકાશ જેટલું અન્તર) જાણવું. કારણ કે એ જીવોનું પણ વનસ્પતિમાંથી નીકળીને પૃથ્વી - અપ્ - તેજસ્ - વાયુ અને ત્રસ એ પાંચમાં જ ઉત્પત્તિ સ્થાન (ઉત્પન્ન થવાનું) છે. અને એ પાંચ કાયનો (ભેગો) કાયસ્થિતિકાળ પણ એટલો જ છે, માટે એટલું અંતર જાણવું. વળી અહીં જે અન્તર પૂર્વે કહેલું હોવા છતાં પણ પુનઃ પુનઃ કહેવાય છે, તે એ ત્રણ રાશિઓનું પોતપોતાનું સમાન - સરખું અન્તર છે એમ જણાવવાને માટે કહેવાય છે. તેથી એ અન્તરને વારંવાર કહેવામાં (વૃત્તિને વિષે વારંવાર કહેવામાં) કંઈપણ દોષ નથી. વળી બીજી પણ ત્રણ જીવરાશિઓનું તુલ્ય અન્તર દર્શાવવાને કહે છે કે - उयहीण सयवुहत्तं ઈત્યાદિ - तिरिय એટલે પ્રથમ તિર્યંચગતિમાંથી તિર્યંચપણું છોડીને નીકળેલા જે જીવો શેષ ત્રણ ગતિમાં ભમતાં ભમતાં પુનઃ પણ જો તિર્યંચપણું પ્રાપ્ત કરે તો તે પ્રાપ્તિમાં જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી તો કંઈક અધિક (એટલે કેટલાંક વર્ષ અધિક તે પ્રાયઃ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક) સોપૃથક્ત્વ (ઘણા સેંકડો) સાગરોપમ જેટલા અન્તર કાળે ઉત્પન્ન થાય, એ ઉત્કૃષ્ટ અન્તર જાણવું. અહીં ગાથામાં (કેવળ सयवुहत्तं પદથી સેંકડો સાગરોપમ જ કીધા છે, પણ) સાધિકતા નથી કહી. તે અલ્પકાળની અવિવક્ષાના કારણથી નથી કહી. તે સાધિકતા પોતાની મેળે જ જાણી લેવી. કારણ કે શેષ ત્રણ ગતિઓમાં (દેવ - મનુષ્ય - નારકગતિમાં ત્રણેનો મળીને) ઉત્કૃષ્ટથી પણ એટલા જ કાયસ્થિતિકાળ સુધી જીવ રહેતો હોવાથી [એ શતપૃથક્ત્વ સાગરોપમ સાધિક જેટલું અન્તર જાણવું].

તથા नपुंसे - નપુંસકવેદનું અન્તર પણ એટલું જ જાણવું. તે આ પ્રમાણે - નપુંસક જીવ નપુંસકપણું છોડીને સ્ત્રીવેદમાં તથા પુરુષવેદમાં ઉત્પન્ન થાય તો પુનઃ પણ નુપુંસકવેદ પ્રાપ્ત કરવામાં એટલું જ અન્તર (સાધિક શતપૃથક્ત્વ સાગરોપમ અન્તર) જાણવું. કારણ કે - સ્ત્રીવેદ અને પુરુષવેદમાં (બેમાં મળીને) એટલા જ કાળ સુધી જીવ રહે છે માટે. વળી અહીં એમ ન કહેવું કે - કેવળ પુરુષવેદમાં પણ એટલો અવસ્થિતિકાળ પૂર્વે (કાયસ્થિતિ કહેવાના પ્રસંગે) કહ્યો છે, તેથી સ્ત્રીવેદનો પણ કાળ તેમાં ઉમેરવાથી અધિક કાળ થાય[1] (એટલે સ્ત્રીવેદનો કાળ ગણવાથી અધિક સાધિકતા થાય એમ ન કહેવું). કારણ કે સ્ત્રીવેદનો કાળ તો અતિ અલ્પ છે, તેથી તે સાધિક શતપૃથક્ત્વ સાગરોપમ જેટલો પુરુષવેદનો સ્થિતિકાળ છે તેમાં પણ અન્તર્ગત થઈ જાય છે. માટે સ્ત્રીવેદનો કાળ ઉમેરવાથી વિશેષ સાધિકતા નહિ ગણવામાં કોઈ

---

૧. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે - પૂર્વે પુરુષવેદનો કાયસ્થિતિકાળ સાધિક શતપૃથક્ત્વ સાગરોપમ કહ્યો છે, અને સ્ત્રીવેદનો કાળ ગણવામાં પાંચ આદેશ કહ્યા છે તો પણ તે પાંચ આદેશમાં પણ વિશેષ કાળ ૧૧૦ (એકસો દસ) પલ્યોપમ અને બે પૂર્વક્રોડ વર્ષ જેટલો છે. માટે તે સ્ત્રીનો કાળ પુરુષના કાળમાં ઉમેરતાં બે પૂર્વક્રોડ વર્ષ સાધિક એકસો દસ પલ્યોપમ અધિક સાધિક શતપૃથક્ત્વ સાગરોપમ જેટલો થાય. જેથી પ્રશ્નકર્તાનું કહેવું એમ છે કે - કેવળ સાધિક શતપૃથક્ત્વ સાગરોપમ જ કાળ કેમ કહ્યો? તેના સમાધાન તરીકે અહીં એટલું જ કહ્યું કે સાધિક શબ્દથી તે સ્ત્રીપણાનો સાધિક ૧૧૦ પલ્યોપમ કાળ પણ ગ્રહણ કરી લેવાય છે, 'જેથી સાધિક શતપૃથક્ત્વ સાગરોપમ' કાળ જ કહ્યો. [અહીં સાધિક શબ્દથી પૂર્વે કહેલો પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક તો નહિ જ, કે જે ઘણા સ્થાનને સાધિક શબ્દથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ગ્રહણ કરાય છે.]


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દોષ નથી. (એ નપુંસકવેદનું અન્તર કહ્યું).

તથા असण्णी य - જે સંજ્ઞી નહિ તે અસંજ્ઞી, એવો વ્યુત્પત્તિ અર્થ હોવાથી ગર્ભજ પંચેન્દ્રિયરૂપ જે સંજ્ઞી જીવો તેથી અન્ય એકેન્દ્રિયાદિ સર્વે પણ જીવોને અહીં અસંજ્ઞી તરીકે ગણેલા છે (પરન્તુ કેવળ અસંજ્ઞી પંચેન્દ્રિયો જ નહિ). તે અસંજ્ઞી જીવ પણ પોતાનું અસંજ્ઞિપણું છોડીને ગર્ભજ પંચેન્દ્રિયરૂપ સંજ્ઞીમાં ઉત્પન્ન થાય તો તે જીવોને પુનઃ અસંજ્ઞીપણું પ્રાપ્ત કરવામાં એટલું જ અન્તર (સાધિક શતપૃથક્ત્વ સાગરોપમ અન્તર) જાણવું. કારણ કે - સંજ્ઞી જીવોનો કાયસ્થિતિકાળ આ ગ્રંથમાં પૂર્વે એટલો જ (સાધિક શતપૃથક્ત્વ સાગરોપમ જેટલો જ) કહ્યો છે.

વળી અહીં જો સમ્મૂર્ચ્છિમ પંચેન્દ્રિયને અસંજ્ઞી તરીકે ગણીએ, કે જે સિદ્ધાન્તમાં (વિશિષ્ટ પણે) સમ્મૂર્ચ્છિમ પંચેન્દ્રિયને જ અસંજ્ઞી તરીકે ગણ્યો છે. તો તેવો અસંજ્ઞી જીવ અસંજ્ઞિપણામાંથી નીકળી પુનઃ અસંજ્ઞિપણું પામે તો તે અન્તરકાળમાં વનસ્પતિ આદિ જીવોનો સર્વ કાયસ્થિતિકાળ પ્રાપ્ત થાય (અર્થાત્ તેવા અસંજ્ઞીનું અન્તર તો વનસ્પતિ આદિકના કાયસ્થિતિકાળ જેટલું થાય), અને તેમ ગણવાથી અસંખ્યાતા પુદ્ગલપરાવર્ત્ત (સાધિક આવલિકાના અસંખ્યાતમા ભાગના સમયો જેટલા પુદ્ગલપરાવર્ત્ત) જેટલું અન્તર પ્રાપ્ત થાય; અને તેટલું અન્તર તો કહ્યું નથી; માટે પૂર્વોક્ત સ્વરૂપવાળો (એકેન્દ્રિયાદિ સહિત) અસંજ્ઞી અહીં ગ્રહણ કરવો (પરન્તુ કેવળ સમ્મૂર્ચ્છિમ પંચેન્દ્રિય જ નહિ).

વળી અન્ય આચાર્યો તો (એ ગાથાના ઉત્તરાર્ધના અર્થમાં ત્રણ રાશિ જુદી નહિ કહેતાં કેવળ) તિર્યંચ નપુંસક અસંજ્ઞિરૂપ (એક જ) જીવરાશિનું અન્તર કહે છે. એટલે 'તે નપુંસક અસંજ્ઞી તિર્યંચ અન્ય સ્થાને ઉત્પન્ન થઈને પુનઃ નપુંસક અસંજ્ઞી તિર્યંચપણે ઉત્પન્ન થાય તો ઉત્કૃષ્ટથી સો પૃથક્ત્વ સાગરોપમને અન્તરે ઉત્પન્ન થાય છે' એમ કહે છે. એ વાત અનેક દોષ વડે દૂષિત (અતિવિરોધવાળી) હોવાથી અયોગ્ય સરખી જ સમજાય છે. અને તે દોષોને સિદ્ધાન્તથી સંસ્કાર પામેલી અથવા સિદ્ધાન્તમાં પરિશીલિત થયેલી બુદ્ધિવાળા પંડિતોએ અને પૂર્વાપર કહેલા અર્થને જાણનાર (અર્થાત્ પહેલાં શું અર્થ કહેવાઈ ગયો છે, અને હવે ચાલુ અર્થ શું કહેવાય છે તે બન્ને અર્થનો સંબંધ બેસાડવામાં કુશળ એવા) પંડિતોને અતિસ્પષ્ટ હોવાથી તે વિરોધો પોતાની મેળે જ વિચારવા. એ પ્રમાણે અહીં બસો ત્રેપનમી (૨૫૩મી) ગાથાનો વ્યાખ્યાર્થ સમાપ્ત થયો. ॥૨૫૩॥

अवतरणः પૂર્વ ગાથાઓમાં ત્રણ ગતિને અંગે બન્ને પ્રકારનું અન્તર (એટલે ઉપપાત - ચ્યવનવિરહરૂપ અન્તર તથા તદ્ભવ-અપ્રાપ્તિરૂપ અન્તર) કહેવાયું છે, પરન્તુ દેવગતિમાં એક પણ અન્તર કહેવાનું નથી. તેથી હવે દેવગતિમાં બે પ્રકારનું અન્તર કહેવાના પ્રસંગે, પ્રથમ તો જે લક્ષણવાળા અન્તરને કહેવાની પ્રતિજ્ઞા કરેલી છે (એટલે ૨૪૩મી ગાથામાં જે અન્તર કહેવાનો નિર્દેશ કર્યો છે) તે અન્તર (એટલે તદ્ભાવ-અપ્રાપ્તિ[1] રૂપ અન્તર) આ ગાથામાં કહેવાશે :

---

૧. ઉત્પત્તિ તથા ચ્યવનનું અન્તર કહેવાનો ગાથામાં ઉદ્દેશ નથી કર્યો, પરન્તુ વૃત્તિમાં ઉપલક્ષણથી ગ્રહણ કર્યું છે, કે જે અન્તરને ગ્રંથકારે પોતે (સ્પષ્ટ નિર્દેશ કર્યા વિના પણ) ગાથાઓ દ્વારા તો કહ્યું છે જ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**जावीसाणं अंतोमुहुत्तमपरं सणंकुसहसारो ।**
**नव दिण मासा वासा अणुत्तरोक्कोस उयहिदुगं ॥२५४॥**

ગાથાર્થ: ઈશાન સુધીના દેવોનું સ્વભવ અપ્રાપ્તિરૂપ અન્તર अपर = જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત, सणंकु = સનત્કુમારથી પ્રારંભીને સહસ્રાર સુધીના દેવોનું જઘન્ય અન્તર નવ દિવસ, તેથી ઉપરના ચાર કલ્પના દેવોનું અંતર નવ માસ, તેથી ઉપરના નવ ગ્રૈવેયક અને ચાર અનુત્તરના દેવોનું જઘન્ય અન્તર નવ વર્ષ, અને अणुत्तर = સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોનું જઘન્ય અન્તર બે સાગરોપમ જેટલું છે (એ સર્વ अपर એટલે જઘન્ય અન્તર જાણવું, અને પર એટલે ઉત્કૃષ્ટ અન્તર વનસ્પતિના કાયસ્થિતિકાળ જેટલું છે તે પોતાની મેળે જ વિચારી લેવું. આગળ જુદું નહિ કહેવાય). ॥૨૫૪॥

ટીકાર્થ: जावीसाणं (यावत् ईशानं) એટલે ભવનવાસી આદિ દેવોથી પ્રારંભીને (ભવનપતિથી પ્રારંભીને) યાવત્ ઈશાન = બીજા દેવલોક સુધીના જે દેવો, તે દેવોમાંથી કોઈ દેવ ચ્યવીને મત્સ્યાદિ (તિર્યંચ[1] પંચેન્દ્રિય ગર્ભજ)માં ઉત્પન્ન થયો હોય તો પુનઃ પોતાનું દેવાલય પ્રાપ્ત કરવામાં (એટલે પુનઃ ભવનપતિ આદિ દેવપણે ઉત્પન્ન થવામાં) अपरं = જઘન્ય અન્તર अंतोमुहत्तं = અન્તર્મુહૂર્ત્ત[2] પ્રમાણનું છે. અને ઉત્કૃષ્ટ અન્તર તો એ જ દેવને વનસ્પતિ આદિકમાં ભમતાં આવલિકાના અસંખ્યાતમા ભાગના સમયરાશિ જેટલા અસંખ્યાત પુદ્ગલપરાવર્ત્ત પ્રમાણનું છે, તે પોતાની મેળે જ જાણવું. એ પ્રમાણે ઈશાનકલ્પથી ઉપરના ગ્રૈવેયક દેવો સુધીના દેવોનું ઉત્કૃષ્ટ અન્તર એ જ જાણવું. તે ઉપરના દેવોનું હવે જઘન્ય અન્તર જ ગાથામાં કહેવાય છે. તે આ પ્રમાણે :

---

૧ પ્રશ્નઃ જઘન્યાયુષ્ય તો ગર્ભજ મનુષ્યમાં પણ છે, તો તે વર્જીને અહીં કેવળ મત્સ્યાદિ તિર્યંચ પંચેન્દ્રિયો જ કેમ ગ્રહણ કર્યા ? અને મનુષ્ય કેમ ન કહ્યા ?

ઉત્તરઃ અહીં કેવળ તિર્યંચ પંચેન્દ્રિય કહેવાનું કારણ કે જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત આયુષ્યવાળા તિર્યંચ પંચેન્દ્રિયો જ ભવનપતિથી પ્રારંભીને યાવત્ આઠમા સહસ્રાર દેવલોક સુધીના દેવોમાં (અને સાતે પૃથ્વીઓમાં) જઈ શકે છે, પરન્તુ અન્તર્મુહૂર્ત્તના આયુષ્યવાળા ગર્ભજ મનુષ્યો દેવોમાં તેમજ નરકપૃથ્વીમાં પણ ઉત્પન્ન થઈ શકતા નથી. મનુષ્યને તો ઈશાન સુધીના દેવોમાં અને પહેલી પૃથ્વીમાં ઉત્પન્ન થયું હોય તો પૃથક્ત્વમાસ (નવ માસ) જેટલું જઘન્ય આયુષ્ય હોવું જોઈએ અને તે ઉપરાંતના દેવલોકમાં અને નરકપૃથ્વીઓમાં તો જઘન્યથી પણ વર્ષપૃથક્ત્વના (નવ વર્ષના) આયુષ્યવાળો મનુષ્ય જ ઉત્પન્ન થઈ શકે છે માટે. (આ વિચાર દ્રવ્ય લોકપ્રકાશના ભવસંવેધ નામના સર્ગમાં છે.)

૨. આ અન્તર્મુહૂર્ત્ત તે ૨૫૬ આવલિકાના ક્ષુલ્લક ભવરૂપ નહિ પરન્તુ તેથી મોટું એટલે શીઘ્ર પર્યાપ્ત થવામાં જેટલો કાળ લાગે તેટલું પર્યાપ્તપણાનું અન્તર્મુહૂર્ત્ત જાણવું. કારણ કે દેવ ચ્યવીને લબ્ધિઅપર્યાપ્તામાં ઉત્પન્ન થાય નહિ પરન્તુ લબ્ધિપર્યાપ્તામાં જ ઉત્પન્ન થાય. જેથી ૨૫૬ આવલિકાથી ઘણું મોટું અન્તર્મુહૂર્ત્ત જાણવું.

વળી અહીં વિશેષ કે - ઈશાન સુધીના દેવો જે મત્સ્યાદિમાં ઉત્પન્ન થાય છે તે મત્સ્યાદિ તિર્યંચો પર્યાપ્તા થતાં તીવ્ર ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલા જાતિસ્મરણથી પોતાના પૂર્વ દેવભવને જાણીને શુભ અધ્યવસાયવાળા થઈને અથવા તો જાતિસ્મરણ વિના જ જીવની અચિંત્ય શક્તિ હોવાથી બીજા કોઈ નિમિત્તથી પણ ધર્મધ્યાન સરખી શુભ ભાવનાને ભાવતાં શુભ અધ્યવસાયવાળો થઈને અન્તર્મુહૂર્ત્તમાત્રમાં મરણ પામીને પુનઃ તે જ પોતાની દેવનિકાયમાં ઉત્પન્ન થાય છે, એમ શ્રીપંચસંગ્રહની વૃત્તિમાં કહ્યું. તે પાઠ આ પ્રમાણે - भवनपतिभ्यो व्यन्तरेभ्यो ज्योतिष्केभ्यः सौधर्मकल्पादीशानकल्पाद्वा च्युत्वा मत्स्यादिषु मध्ये समुत्पद्य सर्वाभिः पर्याप्तिभिः पर्याप्तः, ततस्तीव्रक्षयोपशमभावतः समुत्पन्नेन जातिस्मरणादिना पूर्वभवं वेदयमानोऽन्येन वा कारणेन अचिंत्यत्वाञ्जीवशक्तेः धर्मानुषक्तः शुभभावनां भावयन् उत्पत्त्यनन्तरमन्तर्मुहूर्तेन मृत्वा भूयस्तस्मिन्नेव स्वदेवनिकाये गच्छति तत एवं जघन्यमन्तर्मुहूर्तम् । [એ પ્રમાણે શ્રી પંચસંગ્રહના બંધક નામના બીજા દ્વારની ૫૯મી ગાથાની વૃત્તિમાં કહ્યું છે.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सणंकु-सहसारो नवदिण - સનત્કુમાર દેવલોકથી આરંભીને યાવત્ સહસ્રાર દેવલોક, ત્યાં સુધીના જે દેવો, તે દેવોમાંથી ચ્યવીને કોઈ દેવ પુનઃ પણ પોતાના[1] જ દેવલોકમાં ઉત્પન્ન થાય તો તેવી રીતે ઉત્પન્ન થતા દેવનું જઘન્ય અન્તર નવ દિવસ છે. અર્થાત્ નવ દિવસ પહેલાં તે દેવ પુનઃ તે દેવલોકમાં ઉત્પન્ન ન થાય, એ તાત્પર્ય છે.

તથા मास = પૂર્વે કહેલો નવ શબ્દનો સંબંધ અહીં પણ જોડાય છે. તથા આનત, પ્રાણત, આરણ અને અચ્યુત એ ચાર દેવલોકથી ચ્યવીને મનુષ્યોમાં ઉત્પન્ન થયેલો દેવ, પુનઃ પણ એ જ દેવલોકમાં ઉત્પન્ન થાય તો જઘન્યથી નવ માસ વીત્યા બાદ ઉત્પન્ન થાય, પરન્તુ તે પહેલાં ઉત્પન્ન ન થાય, એમ જાણવું.

તથા वास - પૂર્વે કહેલો નવ શબ્દ અહીં પણ સંબંધવાળો છે. માટે નવ વાસ એટલે નવ વર્ષ એ અર્થ છે. અને તેથી નવ ગ્રૈવેયકમાંથી તથા સર્વાર્થસિદ્ધ વર્જીને શેષ ચાર અનુત્તર વિમાનમાંથી ચ્યવીને જે દેવ મનુષ્યમાં ઉત્પન્ન થાય તે દેવ પુનઃ પણ પોતાના સ્થાનમાં (ગ્રૈવેયકનો દેવ ગ્રૈવેયકમાં અને અનુત્તરનો દેવ અનુત્તરમાં) ઉત્પન્ન થાય તો જઘન્યથી નવ વર્ષ વીત્યા બાદ ઉત્પન્ન થાય, પરન્તુ તે પહેલાં ઉત્પન્ન ન થાય, એ ભાવાર્થ છે. [એ જઘન્ય અન્તરકાળ કહ્યો].

તથા નવમા ગ્રૈવેયક સુધીમાં ઉત્કૃષ્ટ અન્તરકાળ તો પૂર્વે જે અસંખ્ય પુદ્ગલપરાવર્ત્તરૂપ અનન્તકાળ (વનસ્પતિની કાયસ્થિતિ જેટલો કાળ) સિદ્ધાન્તમાં કહ્યો છે, તેટલો જ દર્શાવ્યો છે. અને સર્વાર્થસિદ્ધ વર્જીને શેષ ચાર અનુત્તર વિમાનમાં દેવને પુનઃ ઉત્પન્ન થવાનો અન્તરકાળ તો ગ્રંથકાર પોતાની મેળે જ કહેવાની ઈચ્છાએ કહે છે કે :

अणुत्तरुक्कोस उयहिदुगं - વિજયાદિ (વિજય - વિજયંત - જયંત - અપરાજિત એ) ચાર વિમાનના દેવોમાંથી ચ્યવેલો કોઈ દેવ મનુષ્યાદિ ગતિમાં ભમતો છતો અને મુક્તિને નહિ પ્રાપ્ત કરતો છતો જો પરિભ્રમણ કરે તો ઉત્કૃષ્ટથી બે સાગરોપમ જેટલો કાળ પરિભ્રમણ કરીને પુનઃ વિજયાદિ વિમાનમાં ઉત્પન્ન થાય. તથા સર્વાર્થસિદ્ધ વિમાનમાં તો અન્તરકાળનો વિચાર જ કરવાનો નથી; કારણ કે ત્યાંથી તો મનુષ્યમાં ઉત્પન્ન થઈને તે જ ભવમાં અવશ્ય મોક્ષે જાય છે, એ તાત્પર્ય છે.

એ અન્તરકાળ કહ્યો તે તો આ પ્રસ્તુત (ચાલુ જીવસમાસ) ગ્રંથની ચાલુ ગાથાના અભિપ્રાયથી કહ્યો. પરન્તુ શ્રીભગવતી સૂત્રમાં તો (વ્યાખ્યાપ્રજ્ઞપ્તિમાં તો) ભવનપતિથી પ્રારંભીને સહસ્રાર કલ્પ સુધીના દેવોમાંથી ચ્યવેલો કોઈ દેવ અહીં તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય તો ત્યાં તિર્યંચ ગતિમાં અન્તર્મુહૂર્ત્તમાત્ર જીવીને પુનઃ પણ પોતાના દેવલોકમાં ઉત્પન્ન થાય છે. માટે તેવી રીતે ઉત્પન્ન થતા (ભવનપતિથી સહસ્રાર સુધીના) દેવોનું જઘન્ય અન્તર

૧ અહીં 'પોતાના જ' એમ કહેવાથી અન્ય દેવલોકમાં ઉત્પન્ન થાય તો તેથી ઓછું અન્તર હોય એમ નહિ; એ દેવપણામાંથી ચ્યવીને મનુષ્ય (અથવા તિર્યંચ) થાય તો નવ માસ મનુષ્ય (અથવા તિર્યંચ)ના ભવ સંબંધી ગણવા. દેવ-નારકમાં તો દશ હજાર વર્ષથી ઓછું આયુષ્ય જ નથી, તો એટલા વખતમાં અન્ય દેવપણે [વા નારકપણે] ક્યાંથી ઉત્પન્ન થાય ? વળી ગઈ ટિપ્પણીમાં તિર્યંચ અન્તર્મુહૂર્ત્તના આયુષ્યવાળો પણ સહસ્રાર સુધી જતો કહ્યો, અને અહીં જઘન્ય અન્તર નવ દિવસ કહ્યું તો સનત્કુમારથી સહસ્રાર સુધી જતા તિર્યંચનું આયુષ્ય પણ જઘન્યથી નવ દિવસ હોવું જોઈએ, તે ભિન્ન અભિપ્રાય આ વૃત્તિમાં જ કહેવાશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અન્તર્મુહૂર્ત્ત પ્રમાણનું પણ કહ્યું છે. અને મનુષ્ય જે ઈશાન દેવલોક સુધીના દેવોમાં ઉત્પન્ન થાય છે તે તો અંગુલપૃથક્ત્વ (નવ અંગુલની) અવગાહનાથી ન્યૂન અવગાહનાવાળો તેમજ માસપૃથક્ત્વથી (નવ માસથી) ઓછા આયુષ્યવાળો ઉત્પન્ન થતો નથી, (પરન્તુ નવ અંગુલની અવગાહના તથા નવ માસના આયુષ્યવાળો ઉત્પન્ન થાય છે). વળી સનત્કુમારથી પ્રારંભીને અનુત્તર વિમાન સુધીના દેવોમાં જે મનુષ્ય ઉત્પન્ન થાય છે તે હસ્તપૃથક્ત્વની (નવ હાથની) અવગાહનાથી ન્યૂન અવગાહનાવાળો અને વર્ષપૃથક્ત્વના (નવ વર્ષના) આયુષ્યથી ઓછા આયુષ્યવાળો ઉત્પન્ન ન થાય, (પરન્તુ તેટલી સંપૂર્ણ અવગાહના અને તેટલાં સંપૂર્ણ આયુષ્યવાળો જ ઉત્પન્ન થાય). તે કારણથી તિર્યંચોની અપેક્ષાએ [તિર્યંચમાં ઉત્પન્ન થવાની અપેક્ષાએ] ભવનપતિથી સહસ્રાર સુધીના દેવોમાં જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત જેટલું અન્તર પણ ત્યાં (શ્રીવ્યાખ્યાપ્રજ્ઞપ્તિ નામના પાંચમા અંગના ચોવીશમા શતકમાં) કહેલું છે, એ તાત્પર્ય છે. ।। इति देवान्तरकालस्याभिप्रायान्तरम् ।।

તથા આનતથી પ્રારંભીને અનુત્તર સુધીના દેવોમાંથી ચ્યવેલા દેવો મનુષ્યમાં જ ઉત્પન્ન થાય છે, અને તે દેવોમાં પણ મનુષ્યો જ ઉત્પન્ન થાય છે. તે કારણથી આ ગ્રંથમાં આનતથી પ્રારંભીને અનુત્તર સુધીના દેવોમાંથી ચ્યવેલા દેવો (મનુષ્યમાં) વર્ષપૃથક્ત્વ સુધી જીવીને પુનઃ પણ પોતપોતાના દેવલોકમાં ઉત્પન્ન થાય તો તેઓનું (ઉત્પન્ન થનારા દેવોનું) જઘન્ય અન્તર જે વર્ષપૃથક્ત્વ કહ્યું તે મનુષ્યમાં ઉત્પન્ન થવાની (મનુષ્યોની) અપેક્ષાએ જ કહ્યું છે. [એ અભિપ્રાય ઉભયસમ્મત છે].

એ પ્રમાણે શ્રીભગવતીજીમાં દર્શાવેલા અભિપ્રાય પ્રમાણે સહસ્રાર સુધીના દેવોમાં (ભવનપતિથી સહસ્રાર સુધીમાં) જઘન્ય અન્તર અન્તર્મુહૂર્ત્તનું (અને આ ગ્રંથના અભિપ્રાયથી ઈશાન સુધી જ અન્તર્મુહૂર્ત્તનું અને સનત્‌થી સહસ્રાર સુધીમાં નવ દિવસનું) કહ્યું. અને તેથી ઉપરના આનતાદિ દેવલોકોમાં સર્વ સ્થાને કંઈપણ તફાવત વિના (સિદ્ધાન્ત અને આ ગ્રંથ એ બન્નેના તુલ્ય અભિપ્રાયથી) વર્ષપૃથક્ત્વ પ્રમાણ અન્તર જ (ઉભયમતે) સિદ્ધ છે. અને આ ગ્રંથમાં તો કોઈ સ્થાને અન્તર્મુહૂર્ત્ત તો કોઈ સ્થાને નવ દિવસ તો કોઈ સ્થાને માસપૃથક્ત્વ (નવ માસ), અને કોઈ સ્થાને (કોઈ દેવલોકમાં) વર્ષપૃથક્ત્વ અન્તર કહેલું છે. એ બાબતમાં તત્ત્વ શું છે ? તે સમજાતું નથી, કારણ કે તે તત્ત્વ શ્રીસર્વજ્ઞગમ્ય જ છે. એ ૨૫૪ મી ગાથાનો અર્થ સમાપ્ત ॥૨૫૪॥.

अवतरणः હવે દેવગતિમાં જ ઉત્પત્તિવિરહકાળ અને ઉદ્વર્ત્તનાવિરહકાળરૂપ (બીજા પ્રકારનું અન્તર કે જે ઉપલક્ષણગૃહીત છે તે) અન્તર કહેવાની ઈચ્છાએ ગ્રંથકર્તા આ ગાથા કહે છે :

**नवदिण वीसमुहुत्ता, बारसदिण दसमुहुत्तया होंति ।**
**अध्धं तह बावीसा, पणयाल असीइ दिवससयं ॥२५५॥**
**संखेज्जमासवासा, सया सहस्सा य सयसहस्सा य ।**
**दुसु दुसु तिसु तिसु पंचसु, अणुत्तरे पल्लऽसंखइमो ॥२५६॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગાથાર્થ: નવ દિવસ વીસ મુહૂર્ત્ત - બાર દિવસ દશર્મુહૂર્ત્ત- (અર્ધ તથા બાવીસ એટલે) સાડા બાવીસ દિવસ - પિસ્તાલીસ દિવસ - એંસી દિવસ - સો દિવસ - સંખ્યાત માસ - સંખ્યાત વર્ષ - સંખ્યાત સો વર્ષ - સંખ્યાત હજાર વર્ષ - તથા સંખ્યાત લાખ વર્ષ. અહીં સંખ્યાત માસ આદિ પાંચ વિરહકાળ અનુક્રમે બે દ્વિકમાં અને ત્રણ ત્રિકમાં એ પાંચ દેવલોકમાં છે. તથા પાંચ અનુત્તરમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ વિરહકાળ[1] છે. ॥૨૫૫॥૨૫૬॥ [અહીં दुसु પદ નવમા દેવલોકથી જાણવું. અને नवदिण પદ ત્રીજા દેવલોકથી ગણવું. એ રીતે દેવલોકનો અનુક્રમ જાણવો].

ટીકાર્થ: અહીં ભવનપતિ, વ્યન્તર તથા જ્યોતિષી દેવોમાં અને સૌધર્મ તથા ઈશાન દેવલોકના દેવોમાં તિર્યંચ અને મનુષ્યગતિના જીવો જો કે નિરન્તર પ્રતિસમય ઉત્પન્ન થાય છે, છતાં કોઈક વખત વિરહ પણ હોય છે (એટલે કંઈક વખત સુધી ઉત્પન્ન ન પણ થાય). હવે જો કોઈ વખત ન ઉત્પન્ન થાય તો કેટલા કાળ સુધી એ પાંચ દેવોમાં કોઈપણ જીવ ઉત્પન્ન ન થાય ? એમ જો પૂછતા હો તો કહેવાય છે કે - જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી ચોવીસ મુહૂર્ત્ત સુધી પણ ન ઉત્પન્ન થાય. એ પ્રમાણે એ પાંચ દેવરાશિઓમાં વિરહકાળ જો કે આ (જીવસમાસ ગ્રંથમાં આ ગાથાને વિષે) કહ્યો નથી તો પણ સિદ્ધાન્તમાં કહેલો હોવાથી અહીં કહ્યો છે, એમ પોતાની મેળે જ જાણી લેવું. જે કારણથી સિદ્ધાન્તમાં કહ્યું છે કે - 'असु[2]रकुमाराणं भंते ! केवइयं कालं विरहिया उववाएणं पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एक्कं समयं, उक्कोसेणं चउवीसं मुहुत्ता, एवं जाव थणियकुमाराणं, एवं वाणमंतराणं, जोइसियाणं, सोहम्मीसाणकप्पेसु वि ।'

તથા नवदिण वीसमुहुत्ता - સનત્કુમાર કલ્પમાં તિર્યંચગતિના અને મનુષ્ય[3]ગતિના જીવોની ઉત્પત્તિનો વિરહકાળ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી નવ દિવસ ઉપરાંત વીસ મુહૂર્ત્ત જેટલો છે. એ પ્રમાણે જઘન્ય વિરહકાળ તો સર્વ સ્થાને એક સમય જ જાણવો (જેથી વારંવાર દરેક સ્થાને કહેવાશે નહિ, પરન્તુ ઉત્કૃષ્ટ વિરહકાળમાં જ સર્વ સ્થાને તફાવત છે તેથી તે ઉત્કૃષ્ટ વિરહકાળ સર્વત્ર જુદો જુદો કહેવાય છે). તથા माहेन्द्रकल्पमां (જઘન્ય વિરહ એક સમય અને) ઉત્કૃષ્ટ વિરહકાળ બાર દિવસ ઉપરાંત દશ મુહૂર્ત્તનો છે, એ ઉત્પત્તિનો અન્તરકાળ જાણવો.

તથા अध्धं तह बावीसा - પાંચમા ब्रह्मकल्पमां સાડા બાવીસ દિવસ (૨૨॥ દિવસ)નો

૧. અહીં સંક્ષિપ્ત સંગ્રહ આ પ્રમાણે - [ ભવનપતિથી ઈશાન સુધી ૨૪ મુહૂર્ત્ત ], ત્રીજે ૯ દિવસ - ૨૦ મુહૂર્ત્ત, ચોથે ૧૨ દિવસ - ૧૦ મુહૂર્ત્ત, પાંચમે ૨૨॥ દિવસ, છઠ્ઠે ૪૫, સાતમે ૮૦, આઠમે ૧૦૦ દિવસ, ૯-૧૦ મે સંખ્ય માસ, ૧૧-૧૨ મે સંખ્ય વર્ષ, પહેલા ત્રણ ગ્રૈવેયક સંખ્યાત સો વર્ષ, મધ્યત્રિકે સંખ્યાત હજાર વર્ષ, ઊર્ધ્વત્રિકે સંખ્યાત લાખ વર્ષ, પાંચ અનુત્તરે પલ્યાસંખ્યભાગ (પરંતુ પાંચમે પલ્યસંખ્યભાગ) વિરહ છે.

૨. હે ભગવન્ ! અસુરકુમારો ઉત્પત્તિ વડે કેટલા કાળ સુધી વિરહવાળા કહ્યા છે ? ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી ચોવીસ મુહૂર્ત્ત સુધી. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધીના શેષ નવે નિકાયના દેવોમાં, એ રીતે વ્યન્તર દેવોમાં, અને એ રીતે જ સૌધર્મ દેવલોક તથા ઈશાન દેવલોકના દેવોમાં પણ (જઘન્યથી સમય, ઉત્કૃષ્ટથી ૨૪ મુહૂર્ત્ત) વિરહ જાણવો.

૩. અહીં વિશેષ એ કે - તિર્યંચગતિના જીવો દેવલોકમાં ઉત્પન્ન થાય તો ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ સુધી સતત ઉત્પન્ન થાય, અને મનુષ્યગતિના જીવો તો સંખ્યાત સમય સુધી જ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્પત્તિવિરહ છે, लान्तकમાં પિસ્તાલીશ દિવસનો, शुक्र દેવલોકમાં એંસી દિવસનો, અને सहस्रार કલ્પમાં સો દિવસ (૧૦૦ દિવસ)નો વિરહકાળ છે.

તથા संखेज्जमास ઈત્યાદિ પદોનો સંબંધ અનુક્રમે दुसु दुसु ઈત્યાદિ પદોની સાથે જોડવો, તેથી आनत અને प्राणत કલ્પમાં સંખ્યાતા[1] માસનો ઉત્પત્તિવિરહ ઉત્કૃષ્ટથી છે.

તથા आरण અને अच्युत એ બે કલ્પમાં સંખ્યાતા વર્ષનો વિરહકાળ છે. તથા નીચેના त्रण ग्रैवेयकમાં - ત્રણ પ્રતરોમાં (ગ્રૈવેયકનાં નવ પ્રતર છે તેમાંથી ત્રણ પ્રતરમાં) સંખ્યાતા સો વર્ષોનો વિરહકાળ જાણવો. તથા મધ્યમ ગ્રૈવેયકના ત્રણ પ્રતરોમાં તો સંખ્યાત હજાર વર્ષ પ્રમાણ ઉત્કૃષ્ટ ઉત્પત્તિવિરહ જાણવો. તથા ઉપરના ત્રણ ગ્રૈવેયક પ્રતરોમાં તો સંખ્યાત[2] લાખ વર્ષ પ્રમાણ ઉત્પત્તિનો ઉત્કૃષ્ટ વિરહકાળ છે. (એ પ્રમાણે दुसु दुसु એટલે બે દ્વિકમાં અને तिसु तिसु એટલે ત્રણ ત્રિકમાં સંખ્યાત માસ આદિ પદોનો સંબંધ જોડીને કહેલો અર્થ સમાપ્ત થયો).

पंचसु अणुत्तरे ઈત્યાદિ - પાંચ અનુત્તર વિમાનોમાં મનુષ્યગતિના જ જીવો (મનુષ્યો જ) ઉત્પન્ન થાય છે. માટે તે મનુષ્યગતિમાંથી ઉત્પન્ન થનારા પાંચ અનુત્તર વિમાનોમાં દેવોને ઉત્પન્ન થવાનું જઘન્ય અન્તર એક સમય છે, અને ઉત્કૃષ્ટ અન્તર તો પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલું છે. એ પ્રમાણે અહીં પાંચે અનુત્તર વિમાનોમાં સામાન્યથી સર્વમાં એક સરખું અન્તર કહ્યું. પરન્તુ સિદ્ધાન્તમાં તો વિશેષથી આ પ્રમાણે કહ્યું છે કે :

विज[3]यवेजयन्तजयन्तापराजितदेवी णं भंते ! केवइयं कालं विरहिया उववाएणं पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एक्कं समयं उक्कोसेणं असंखेज्जं कालं ।। सव्वट्ठसिद्धदेवा णं भंते ! पुच्छा (केवइयं कालं विरहिया उववाएणं पण्णत्ता ?) गोयमा ! जहण्णेणं एक्कं समयं उक्कोसेणं पलिओवमस्स असंखेज्जइभागं ।।"

(એ પ્રમાણે ચાર અનુત્તર માટે અસંખ્યાતકાળ અને સર્વાર્થસિદ્ધ માટે પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ વિરહ દર્શાવ્યો છે) માટે એ બાબતમાં તત્ત્વ શું છે ? શ્રી સર્વજ્ઞો જાણે. અહીં જેટલો ઉત્પત્તિનો અન્તરકાળ કહ્યો તેટલો उद्वर्त्तना કે જેનું લક્ષણ પૂર્વે કહેવાયું છે, (અર્થાત્ ઉદ્વર્ત્તના એટલે મરણ એ લક્ષણ પૂર્વે કહેવાયું છે) તેનો અન્તરકાળ પણ તેટલો જ કંઈપણ તફાવત રહિત જાણવો. (इति उपपात - उद्वर्त्तना विरहः) ।।

તથા સિદ્ધિગતિમાં તો સિદ્ધોને ઉપજવાનું અન્તર જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી છ માસ જેટલું અન્તર (જો કે આ ગ્રંથમાં - ગાથામાં) નથી કહ્યું, તો પણ પોતાની મેળે જાણી લેવું.

---

૧. બૃ૦ સંગ્રહણીના બાલાવબોધમાં આનતમાં ૧૦ માસ કહ્યા છે, અને પ્રાણતમાં ૧૧ માસ કહ્યા છે, કારણ કે આનતથી પ્રાણતમાં અધિક વિરહ હોય, અને વર્ષથી પહેલાંના માસ ૧૧ પણ હોય, બીજા કોઈ ગ્રંથોમાં એવી સ્પષ્ટ અંક સંખ્યા દેખાતી નથી.

૨. અહીં સંખ્યાત લાખ વર્ષની મર્યાદા વૃત્તિમાં દર્શાવી નથી. તો પણ સંખ્યાત લાખ એટલે એક ક્રોડ વર્ષથી ન્યૂન વર્ષો જાણવાં, એમ બૃહત્સંગ્રહણીની વૃત્તિ વિગેરેમાં સ્પષ્ટ કહ્યું છે.

૩. હે ભગવંત ! વિજય-વિજયંત - જયંત-અપરાજિત એ ચાર અનુત્તર દેવો ઉત્પત્તિ વડે કેટલા કાળ સુધી વિરહિત

Jain Education International  For Private & Personal Use Only www.jainelibrary.org

જેથી કહ્યું છે કે - सिद्धाणं[1] भंते । केवइयं कालं विरहिया सिज्झणयाए पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एक्कं समयं उक्कोसेणं छम्मासा ॥

[એ પ્રમાણે સિદ્ધિગતિમાં સિદ્ધોનો ઉત્પત્તિવિરહ તો છે પરન્તુ ઉદ્વર્ત્તનાવિરહ તો] સિદ્ધિગતિમાં ન જ કહેવો. કારણ કે સિદ્ધિગતિમાંથી સિદ્ધોને ચ્યવનનો જ - નીકળવાનો જ અભાવ હોવાથી. એ પ્રમાણે ૨૫૫-૨૫૬ એ બે ગાથાનો અર્થ સમાપ્ત. ॥ इति जीवभेदाश्रितउपपातोद्वर्त्तनाविरहः ॥

## ॥ અથ ગુણસ્થાનેષુ અન્તરદ્વારમ્ ॥

अवतरण: પૂર્વ ગાથાઓમાં નારકાદિ ગતિમાં રહેલા જીવોનો ઉત્પત્તિવિરહકાળ તથા ઉદ્વર્ત્તનાવિરહકાળ દર્શાવ્યો. હવે ગુણસ્થાનરૂપ ચૌદ જીવસમાસોમાં અન્તરકાળ દર્શાવતાં ગ્રંથકર્તા આ ગાથા કહે છે :

**मिच्छस्स उयहिनामा, बे छावट्ठी परं तु देसूणा ।**
**सम्मत्तमणुगयस्स य, पोग्गलपरियट्टमद्धूणं ॥२५७॥**

गाथार्थ: મિથ્યાત્વ ગુણસ્થાનનું ઉત્કૃષ્ટ અન્તર દેશોન બે છાસઠ સાગરોપમ, અને સમ્યક્ત્વાનુગતનું એટલે સમ્યકત્વવાળા ગુણસ્થાનોનું પ્રત્યેકનું ઉત્કૃષ્ટ અન્તર દેશોન અર્ધ પુદ્ગલપરાવર્ત્ત પ્રમાણ છે (એ બે ગુણસ્થાનોમાં અન્તર કહ્યું). ॥૨૫૭॥

टीकार्थ: જેણે મિથ્યાત્વનો ત્યાગ કર્યો છે એવા મિથ્યાદૃષ્ટિને પુનઃ મિથ્યાત્વ પામવામાં

---

કહ્યા છે ? ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ સુધી. તથા સર્વાર્થસિદ્ધ વિમાનના દેવો હે ભગવંત ! ઉત્પત્તિ વડે કેટલા કાળ સુધી વિરહિત કહ્યા છે ? ગૌતમ ! જઘન્યથી એક સમય, અને ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સુધી (ઉત્પત્તિ વડે વિરહિત કહ્યા છે).

એ પાઠ કયા સિદ્ધાન્તનો છે તે વૃત્તિમાં કહ્યું નથી. પરન્તુ સિદ્ધાન્તમાં ગણાતા શ્રી પ્રજ્ઞાપનાજીમાં તો એથી પણ જુદો જ પાઠ पलिओवमस्स संखिज्जइभागं (પલ્યોપમનો સંખ્યાતમો ભાગ એવા ભાવાર્થવાળો) છે. તથા શ્રી પ્રજ્ઞાપનાજીની વૃત્તિમાં પણ વિરહકાળ સંબંધી સંગ્રહગાથાઓ દર્શાવી છે તેમાં પણ કહ્યું છે કે :

कालो संखाईतो, विजयाइसु चउसु होइ नायव्वो । संखेज्जो पल्लस्स उ, भागो सव्वट्ठसिद्धंमि ॥८॥

[અર્થ : વિજયાદિ ચાર વિમાનમાં સંખ્યાતીત (અસંખ્યાત) કાળ કહેલો જાણવો, અને સર્વાર્થસિદ્ધમાં તો પલ્યોપમનો સંખ્યાતમો ભાગ (વિરહકાળ) છે. ॥૮॥ વળી શ્રીજિનભદ્રગણિ ક્ષમાશ્રમણ સંગૃહીત શ્રીબૃહત્સંગ્રહણીમાં કહ્યું છે કે :

पलिया असंखभागो, उक्कोसो होइ विरहकालो उ । विजयाइसु निद्दिट्ठो, सव्वेसु जहन्नओ समओ ॥१५४॥

એ ગાથામાં વિજયાદિકને વિષે (સામાન્યથી) પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઉત્કૃષ્ટ વિરહકાળ કહ્યો, પરન્તુ વૃત્તિકર્તા શ્રીમલયગિરિજી મહારાજે ગાથામાં કહેલા उ પદથી વિશેષ અર્થ દર્શાવી સર્વાર્થસિદ્ધમાં પલ્યોપમનો સંખ્યાતમો ભાગ જ વિરહકાળ કહ્યો. અને તેની સાક્ષી તરીકે શ્રીપ્રજ્ઞાપનાજીનો જ પાઠ દર્શાવ્યો છે. તે વૃત્તિનો પાઠ આ પ્રમાણે : तु शब्दोऽनुक्तसमुच्चयार्थः स च सर्वार्थसिद्धविमान उत्कृष्ट उपपातविरहकालः पल्योपमस्य संख्येयो भाग इति समुच्चिनोति [એ ગાથામાં उ પદ નહિ કહેલા અર્થને સંગ્રહ કરવાના અર્થવાળું છે, તેથી તે उ પદ 'સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્કૃષ્ટ ઉપપાતવિરહકાળ પલ્યોપમનો સંખ્યાતમો ભાગ છે' એ અર્થને સંગ્રહે છે. (એટલે उ પદ એ તાત્પર્ય માટે કહ્યું છે).

એ પ્રમાણે જીવસમાસની વૃત્તિમાં તો જો કે બે જ બાબતનો વિસંવાદ દર્શાવ્યો. પરન્તુ અહીં કહ્યા પ્રમાણે તો અનુત્તરના વિરહકાળ માટે ત્રણ બાબતનો વિસંવાદ થયો. એમાં પહેલા બે વિસંવાદ તો આપેક્ષિક સંભવે છે, પરન્તુ ત્રીજો વિસંવાદ તો સ્પષ્ટ છે.

૧. હે ભગવંત ! સિદ્ધિ પામવા વડે સિદ્ધો કેટલાક કાળ સુધી વિરહિત કહ્યા છો ? ગૌતમ ! જઘન્યથી એક સમય, અને ઉત્કૃષ્ટથી છ માસ સુધી (સિદ્ધિગતિમાં વિરહકાળ હોય છે.).

Jain Education International  For Private & Personal Use Only www.jainelibrary.org

परं = ઉત્કૃષ્ટ અન્તર લાગે છે; કેટલું ? એમ જો પૂછતા હો તો કહીએ છીએ કે - બે છાસઠ उयहिनामा = સાગરોપમ જેટલું અન્તર લાગે છે. ગાથામાં પરંતુ એમાં તુ શબ્દ ચકાર ના અર્થવાળો છે. અને તે ચકાર ભિન્નક્રમના સંબંધવાળો છે. જેથી દેશન્યૂન મુહૂર્ત્ત જેટલો પણ, એટલે અન્તર્મુહૂર્ત્ત જેટલો પણ અન્તરકાળ છે, એ અધ્યાહાર છે (અર્થાત્ તુ देसूणा એટલે વળી દેશોન કાળ પણ છે, અહીં દેશોન એટલે જ અન્તર્મુહૂર્ત્ત અન્તરકાળ ગણવો). श्री कर्म्मप्रकृति चूर्णिમાં કહ્યું છે કે कोवि मिच्छत्ताओ सम्मत्तं गओ छावट्ठिं सागरोवमा सम्मत्तकालो, तओ अंतोमुहुत्तं सम्मामिच्छत्तं गओ, पुणो सम्मत्तं पडिवन्नो छावट्ठिं सागरोवमाइं अणुपालेइ, तयंते च सिज्झइ मिच्छत्तं वा पडिवज्जइ, एवमुक्कोसेणं अंतोमुहुत्तब्भहियाओ दो छावट्ठिओ सागरोवमाणं मिच्छत्तस्स अंतरकालो हवइ[1].

તથા પંચસંગ્રહને વિષે પણ જીવસમાસદ્વારમાં વૃત્તિકર્તાએ કહ્યું છે કે - કોઈક મિથ્યાદૃષ્ટિ જીવ સમ્યક્ત્વ ગુણ પામ્યો છતો છાસઠ સાગરોપમ સુધી સમ્યક્ત્વ ગુણમાં રહ્યો, અને ત્યારબાદ સમ્યક્ત્વ-ગુણવાળો તે જીવ સમ્યગ્મિથ્યાત્વમાં (મિશ્રમાં) અન્તર્મુહૂર્ત્ત સુધી રહીને પુનઃ પણ સમ્યક્ત્વ પામ્યો. ત્યારબાદ ત્યાં (સમ્યક્ત્વમાં) છાસઠ સાગરોપમ રહીને જે જીવ હજી સુધી સિદ્ધિગતિ પામ્યો નથી, તે જીવ અવશ્ય મિથ્યાત્વે જ જાય. તે કારણથી મિથ્યાત્વનું ઉત્કૃષ્ટ અન્તર એટલું (સાધિક બે છાસઠ સાગરોપમ) છે. એ મત કાર્મગ્રંથિકોનો છે. સિદ્ધાન્તમાં તો સમ્યક્ત્વમાંથી મિશ્રમાં જવું પ્રથમ જ (આ ગ્રંથમાં) નિષે[2]ધેલું છે. (કર્મગ્રંથમાં તો સમ્યક્ત્વથી મિશ્રે જવાનું કહ્યું છે).

વળી એ મિથ્યાત્વના અન્તરમાં अन्य आचार्यो તો એમ કહે છે કે - देसूणा એટલે દેશોને (એવો દ્વિવચન પ્રયોગ કરવાથી) બે અન્તર્મુહૂર્ત્ત ન્યૂન બે છાસઠ સાગરોપમ જેટલો મિથ્યાત્વનો ઉત્કૃષ્ટ અન્તરકાળ છે, એ વાત તો અયુક્ત સરખી જ સમજાય છે, કારણ કે બીજા ગ્રંથોની સાથે એ વાતમાં વિ[3]રોધ આવે છે માટે.

---

૧. કોઈ જીવ મિથ્યાત્વમાંથી સમ્યક્ત્વમાં ગયો, ત્યાં છાસઠ સાગરોપમ સુધીનો સમ્યક્ત્વકાળ છે, (તે પૂર્ણ કરીને) ત્યારબાદ અન્તર્મુહૂર્ત્ત માત્ર મિશ્ર સમ્યકત્વ પામ્યો. પુનઃ (મિશ્રમાંથી નીકળી) સમ્યક્ત્વ પામ્યો. તે સમ્યક્ત્વનું છાસઠ સાગરોપમ સુધી અનુપાલન કર્યું. ત્યારબાદ એ બીજા છાસઠ સાગરોપમને અન્તે મોક્ષ પામે અથવા મિથ્યાત્વ પામે જ. તેથી એ પ્રમાણે મિથ્યાત્વ ગુણસ્થાનનો અન્તરકાળ ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત્ત અધિક બે છાસઠ સાગરોપમ જેટલો જાણવો.

૨. સિદ્ધાંતમાં સમ્યક્ત્વાદિથી ગમનનો પાઠ આ પ્રમાણે છે -

मिच्छत्ता संकंती अविरुद्धा होइ सम्ममीसेसु । मीसाओ वा दोसुं, सम्मामिच्छं न उण मीसं ॥१॥

અર્થઃ મિથ્યાત્વથી સંક્રાન્તિ વિરોધરહિતપણે સમ્યક્ત્વમાં અને મિશ્રમાં હોય છે, (અર્થાત્ મિથ્યાત્વમાંથી જીવ એ બન્નેમાં જાય છે). તેમજ મિશ્રથી પણ શેષ બે સમ્યક્ત્વમાં સંક્રાન્તિ - ગમન હોય છે. પરન્તુ સમ્યક્ત્વમાંથી તો મિથ્યાત્વમાં જ સંક્રાન્તિ હોય પણ મિશ્રમાં ન હોય. ॥૧॥ એ સિદ્ધાન્તના પાઠ પ્રમાણે સમ્યક્ત્વથી મિશ્રમાં ગમન કહ્યું નથી, પરન્તુ સમ્યક્ત્વથી મિથ્યાત્વમાં જ ગમન કહ્યું છે.

૩. વળી એ બે છાસઠ સાગરોપમ જેટલું મિથ્યાત્વનું અન્તર કહ્યું તે પણ વાસ્તવિક રીતે તો સાધિક બે છાસઠ સાગરોપમ સંભવે, કારણ કે છાસઠ છાસઠ સાગરોપમ તો બે વાર વિજયાદિ અનુત્તરમાં અને ત્રણ વાર અચ્યુતમાં જ થાય છે. પરન્તુ અનુત્તરમાંથી તથા અચ્યુતમાંથી ચ્યવીને વચ્ચે વચ્ચે પૃથક્ત્વ સંખ્યા જેટલા (છ) મનુષ્ય ભવ કરવા પડે; તેમાં પણ સમ્યકત્વ - સર્વ વિરતિ તથા દેશવિરતિ જ પ્રાપ્ત હોય છે, પરન્તુ મિથ્યાત્વ તો નહિ જ. તે કારણથી છ પૂર્વક્રોડ વર્ષ છ મનુષ્યભવનાં વચ્ચેનાં, અને પૂર્વ પશ્ચાત્‌ના બે મનુષ્યભવ પૂર્વક્રોડ વર્ષના હોય, તેમાં પણ સમ્યકત્વાદિપણું જ હોવાથી આઠ પૂર્વક્રોડ વર્ષ અધિક સંભવે. પરન્તુ તેની અહીં વિવક્ષા જ નહિ હોય એમ સમજાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા सम्मत्तमणुगयस्स य - સમ્યક્ત્વાનુગત એટલે અવિરત સમ્યક્ત્વ, દેશવિરત, પ્રમત્ત, અપ્રમત્ત, ઉપશમશ્રેણિનું અપૂર્વકરણ, અનિવૃત્તિબાદર, સૂક્ષ્મસંપરાય અને ઉપશાન્તમોહ એ આઠે ગુણસ્થાનમાં વર્તતા સમ્યક્ત્વવાળા જીવસમૂહનો પોતપોતાનો પર્યાય ત્યાગ કર્યા બાદ (ચોથા ગુણસ્થાનવાળો ચોથું ગુણસ્થાન ત્યાગ કર્યા બાદ, પાંચમાવાળો પાંચમું ત્યાગ કર્યા બાદ, ઈત્યાદિ યાવત્ ઉપશાન્તમોહવાળો જીવ ઉપશાન્તમોહને ત્યાગ કર્યા બાદ) પુનઃ તે જ પર્યાય પામે તો (ચોથાવાળાને ચોથું પામવામાં ઈત્યાદિ યાવત્ અગિયારમા ગુણસ્થાનવાળો અગિયારમું પુનઃ પામવામાં) पोग्गलपरियट्टमध्धूणं = કિંચિત્ ન્યૂન અર્ધ પુદ્ગલપરાવર્ત્ત જેટલા અન્તરકાળે પામે છે. (અર્થાત્ દેશોન અર્ધ પુદ્ગલપરાવર્ત્ત વીત્યાબાદ તે ગુણસ્થાનને પુનઃ પ્રાપ્ત કરે છે).

અહીં 'સમ્યક્ત્વાનુગત' (સમ્યક્ત્વવાળા) એ શબ્દ ગ્રહણ કરવાથી અવિરતથી પ્રારંભીને ઉપશાન્તમોહ સુધીનાં (ચોથાથી અગિયારમા સુધીના આઠે) ગુણસ્થાનવાળા જીવો ગ્રહણ કરાય છે. કારણ કે એ સર્વમાં સમ્યક્ત્વનો સદ્ભાવ છે. તે કારણથી (સમ્યક્ત્વ એટલો જ શબ્દ ન કહેતાં ગાથામાં) 'સમ્યક્ત્વાનુગત' એવા પદનું ગ્રહણ કર્યું છે. અને એ અવિરતાદિ (આઠ) ગુણસ્થાનવાળા જીવો સમ્યક્ત્વ ગુણથી પણ[1] ભ્રષ્ટ થયા છતા ઉત્કૃષ્ટથી કંઈક ન્યૂન અર્ધ પુદ્ગલપરાવર્ત્ત સુધી સંસારમાં રખડે છે, અને તેટલા કાળને અન્તે પુનઃ પણ અવશ્ય સમ્યક્ત્વાદિ ગુણને પ્રાપ્ત કરી અવશ્ય મોક્ષમાં જ જાય છે. (એ પ્રમાણે ઉપશમ વા ક્ષયોપશમ સમ્યક્ત્વની અપેક્ષાએ જાણવું.)

વળી સાસ્વાદનગુણસ્થાનવર્તી તથા મિશ્રગુણસ્થાનવર્તી જીવોને પણ સમ્યક્ત્વ પુંજની સત્તા[2] અવશ્ય હોવાથી તેઓ પણ 'સમ્યક્ત્વાનુગત' એ શબ્દ વડે ગ્રહણ કરાયેલા જ છે એમ જાણવું. તેઓ પણ પોતાનું ગુણસ્થાન ત્યાગ કરીને ઉત્કૃષ્ટથી દેશોન અર્ધ પુદ્ગલપરાવર્ત્ત સુધી સંસારમાં ભમે છે. ત્યારબાદ કેટલાક જીવો તો પુનઃ પણ પોતાનું ગુણસ્થાન પ્રાપ્ત કરીને (સાસ્વાદનવર્તી જીવ પુનઃ સાસ્વાદનપણું પામીને અને મિશ્રદૃષ્ટિ જીવ પુનઃ મિશ્રદૃષ્ટિપણું પામીને); અથવા કેટલાક જીવો તો તે ભાવને પ્રાપ્ત કર્યા વિના પણ વિશુદ્ધ સમ્યક્ત્વાદિ ગુણરૂપ સામગ્રી પામીને અવશ્ય મોક્ષમાં જાય છે જ. (એ પ્રમાણે સાસ્વાદન તથા મિશ્ર સમ્યક્ત્વની અપેક્ષાએ જાણવું. જેથી અહીં સુધીમાં અગિયાર ગુણસ્થાનોનો અન્તરકાળ કહેવાયો, અને શેષ ત્રણ ગુણસ્થાનોનો તથા ક્ષપક સંબંધી સર્વ ગુણસ્થાનોનો અન્તરકાળ કહેવાનો બાકી છે તે કહે છે)-

તથા ક્ષપક-ક્ષીણમોહ - સયોગી કેવલી - અને અયોગી કેવલી એ ગુણસ્થાનોમાં તો અન્તર

---

૧. અહીં 'સમ્યક્ત્વથી પણ' એમાં 'પણ' શબ્દ કહેવાનું તાત્પર્ય એ છે કે - તે તે ગુણસ્થાનવાળા જીવો પોતાના દેશવિરત્યાદિ વિશેષ ગુણ દેશોન અર્ધ પુદ્ગલપરાવર્ત્ત પુનઃ પ્રાપ્ત કરે છે, એટલું જ નહિ, પરન્તુ એમાં વર્તતા સમ્યક્ત્વરૂપ સામાન્ય ગુણને પણ એટલે જ અન્તરે પ્રાપ્ત કરે છે - ઈતિ વિશેષ :

૨. અહીં એ બે ગુણસ્થાનમાં સમ્યક્ત્વપુંજની અવશ્ય સત્તા કહી તે બાબતમાં વિશેષ એ છે કે - સાસ્વાદનમાં તો સમ્યક્ત્વની અવશ્ય સત્તા હોય છે, પરન્તુ મિથ્યાત્વમાં સમ્યક્ત્વની સર્વથા ઉદ્વલના કરીને મિશ્રગુણસ્થાનમાં આવેલા જીવને સમ્યક્ત્વની સત્તા ન હોય પરન્તુ બીજાને હોય છે, માટે અહીં 'અવશ્ય' શબ્દ સમ્યક્ત્વની સત્તા પ્રાપ્ત થયા પછી જ મિશ્રગુણ પામે એવા અર્થમાં લેવો.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંબંધી વિચાર જ કરવાનો નથી. કારણ કે એ ગુણસ્થાનથી પડવાનો અભાવ છે. તે કારણથી એ ગુણસ્થાનો સમ્યક્ત્વાનુગત (સમ્યક્ત્વયુક્ત) છે તો પણ 'સમ્યક્ત્વાનુગત' શબ્દ વડે એ ગુણસ્થાનોનું અહીં ગ્રહણ કર્યું નથી, એમ જાણવું.

## ॥ પ્રસંગથી પુદ્ગલપરાવર્ત્તનું સ્વરૂપ ॥

હવે અહીં પ્રશ્ન થાય છે કે - પુદ્ગલપરાવર્ત્ત તે શું ? કે જેના કિંચિત્ ન્યૂન અર્ધ કાળ સુધી સાસ્વાદનાદિ ગુણસ્થાનવાળા જીવો સંસારમાં પરિભ્રમણ કરે છે ? તેનો ઉત્તર કહેવાય છે કે - ચૌદ રાજલોકમાં રહેલા સર્વ પુદ્ગલોને સંસાર સમુદ્રમાં ભમતો એક જ જીવ અનન્ત ભવમાં મળીને ઔદારિક વા વૈક્રિય વા તૈજસ વા કાર્મણ વા ભાષા અથવા શ્વાસોચ્છ્વાસ અથવા મન એ સાત વર્ગણાપણે પરિણમાવીને મૂકે, તેમાં જેટલો કાળ જાય તેટલો કાળ पुद्गलपरावर्त्त કહેવાય છે.

વળી કેટલાક[૧] આચાર્યો તો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ એ ભેદથી ચાર પ્રકારનો પુદ્ગલપરાવર્ત્ત માની, પુનઃ તે પ્રત્યેકને બાદર અને સૂક્ષ્મ ભેદથી બે બે પ્રકારનો ગણીને આઠ પ્રકારનો પુદ્ગલપરાવર્ત વર્ણવે છે. તે આઠ પ્રકાર આ પ્રમાણે :

૧. बादरद्रव्यपुद्गलपरावर्त्त - ત્યાં દ્રવ્યથી બાદર પુદ્ગલપરાવર્ત્ત ત્યારે થાય છે કે જ્યારે સંસારમાં ભમતો એક જ વિવક્ષિત જીવ સર્વ લોકવર્તી સર્વ પુદ્ગલોને સામાન્યથી ઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ એ ચાર[૨] શરીરપણે (કેટલાંકને કોઈ શરીરપણે તો કેટલાંક પુદ્ગલોને કોઈ શરીરપણે, એ રીતે સામાન્યથી) પરિણમાવી પરિણમાવીને મૂકે (તેમાં જેટલો કાળ લાગે તેટલો કાળ બાદર દ્રવ્ય પુદ્ગલપરાવર્ત્ત કહેવાય).

૨. सूक्ष्मद्रव्यपुद्गलपरावर्त्त - વળી જ્યારે એ જ ઔદારિકાદિ ચાર શરીરમાંથી કોઈ પણ એક જ શરીરપણે એ સર્વ લોકવર્તી સર્વ પુદ્ગલોને પરિણમાવી પરિણમાવીને મૂકે ત્યારે સૂક્ષ્મ દ્રવ્ય પુદ્ગલપરાવર્ત્ત કહેવાય. એમાં તે વખતે વિવક્ષિત એક શરીરથી અન્ય શરીરપણે પણ વારંવાર પુદ્ગલો પરિણમે છે, પરન્તુ તે અન્ય શરીરપણે પરિણમતાં પુદ્ગલોને ગ્રહણ કર્યાની ગણતરીમાં ન લેવાં (પરન્તુ વિવક્ષિત શરીરપણે પરિણમતાં પુદ્ગલોને જ એક વાર ગણવાં).

૩. बादरक्षेत्रपुद्गलपरावर्त्त - વળી ક્ષેત્રથી બાદર પુદ્ગલપરાવર્ત્ત ત્યારે થાય છે કે જ્યારે અનેક ભવપરંપરાઓમાં (અનેક ભવોમાં) સાથે સાથેના અથવા આંતરે આંતરે રહેલા બીજા બીજા આકાશપ્રદેશોમાં વારંવાર મરણ પામતો છતો જીવ જ્યારે લોકાકાશના સર્વ આકાશપ્રદેશોને (મરણ વડે) સ્પર્શે, (એટલે તે તે આકાશપ્રદેશમાં મરણ પામે) ત્યારે બાદર ક્ષેત્ર પુદ્ગલપરાવર્ત્ત

---

૧ આ કહેવાથી સાર એ નીકળે છે કે - ચાલુ ગ્રંથકર્તા અને વૃત્તિકર્તા એક જ પ્રકારનો પુદ્ગલપરાવર્ત્ત માને છે, - એ વિશેષ છે.

૨. અહીં કેટલાક આચાર્યોના અભિપ્રાય પ્રમાણે જ ચાર શરીર માત્ર કહ્યાં, પરન્તુ વિશેષથી તો આ વૃત્તિમાં જ સાત વર્ગણાપણે પરિણામ પ્રથમ જ કહેવાઈ ગયો છે. વળી આહારક શરીરને સર્વથા નહિ ગણવાનું કારણ કે આહારક પરિણામ સંસારચક્રમાં ચાર જ વખત હોય છે. અને શેષ વર્ગણાઓ ભવોભવમાં ગ્રહણ કરવાથી સર્વ પુદ્ગલો ગ્રહણ કરાય છે. પરન્તુ આહારક શરીર ચાર વખત જ પામવાથી સર્વ લોકવર્તી સર્વ પુદ્ગલો આહારકપણે એક જીવ ગ્રહણ કરી શકે નહિ .

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાળ થાય છે.

૪. सूक्ष्मक्षेत्रपुद्गलपरावर्त्त - વળી જ્યારે વિવક્ષિત જીવ જે આકાશપ્રદેશોમાં અવગાહ્યો છે, તે આકાશપ્રદેશો[૧]માં એક વાર મરણ પામ્યો. અને બીજી વખત તે આકાશપ્રદેશોની સાથે જ રહેલા આકાશપ્રદેશોમાં મરણ પામ્યો. એવી રીતે સાથે સાથેના આકાશપ્રદેશોને અનન્ત ભવોમાં મરણ વડે (અસંખ્યાત[૨] મરણ વડે) લોકાકાશના સર્વ આકાશપ્રદેશોને સ્પર્શે ત્યારે સૂક્ષ્મ ક્ષેત્ર પુદ્ગલપરાવર્ત્ત થાય છે. અહીં જે આકાશપ્રદેશો પૂર્વે (મરણ વડે) અવગાહેલા જ હોય પણ તેમાં નવા-વધુ આકાશપ્રદેશોની વૃદ્ધિ ન થઈ હોય તેવા પણ વ્યવહિત - આંતરાવાળા આકાશપ્રદેશોમાં મરણ પામ્યો હોય તો તે આકાશપ્રદેશો ગણતરીમાં ન લેવા.

૫. बादरकालपुद्गलपरावर्त्त- હવે કાળથી પુદ્ગલપરાવર્ત્ત તે જ્યારે ઉત્સર્પિણી અને અવસર્પિણી રૂપ કાળચક્રના (એ બે મળીને એક કાળચક્ર ગણાય છે તેના) સર્વે સમયોમાં અનુક્રમે વા અનુક્રમરહિત એક જીવ અનન્ત ભવો વડે મરણ પામે ત્યારે બાદર કાળ પુદ્ગલપરાવર્ત્ત થાય. વળી આ પુદ્ગલપરાવર્ત્તમાં પણ જે સમયોમાં એક વાર મરણ પામ્યો તે જ સમયોમાં બીજી વાર પણ મરણ પામે તો તે બીજી વારના મરણમાં તે સમયો ગણતરીમાં ન ગણાય, પરન્તુ જ્યારે પહેલો સમય, બીજો સમય, ત્રીજો સમય, ચોથો સમય, અને પાંચમો વિગેરે સમય ઈત્યાદિ અનુક્રમ ઉલ્લંઘીને પણ અપૂર્વ (પૂર્વે મરણ વડે નહિ સ્પર્શેલા એવા) સમયોમાં મરણ પામે તો તે વ્યવહિત સમયો (અનુક્રમરહિત અથવા સાથે સાથેના ન હોય તો તેવા દૂર દૂરના છૂટા છૂટા સમયો) પણ ગણતરીમાં ગણવા. (અર્થાત્ પૂર્વે મરણ વડે સ્પર્શેલા સમયથી દૂરના હોય અથવા નજીકના હોય તો પણ અપૂર્વ સ્પૃષ્ટ જ ગણવા).

---

૧. અહીં બહુવચન હોવાથી ઘણા આકાશપ્રદેશોમાં પહેલું મરણ થયે તે સર્વ આકાશપ્રદેશો ગણી લેવા એમ નહિ, પરન્તુ તે અસંખ્યાત પ્રદેશોમાંથી કોઈ પણ એક જ આકાશપ્રદેશ ગણવો. પુનઃ તેમાં જ અથવા તેથી એક આકાશપ્રદેશ ખસતો કોઈ વખતે બીજા વાર મરણ પામે તો પૂર્વે ગણેલાની સાથેનો જ એક આકાશપ્રદેશ ગણવો. એવી રીતે દરેક મરણોમાં અસંખ્યાતમાંથી એકેક આકાશપ્રદેશ જ ગણતરીમાં લેવો. કારણ કે જીવનું મરણ કોઈ પણ વખતે એક આકાશપ્રદેશમાં ન હોય, પરન્તુ મરણ વખતે અવગાહેલા અસંખ્યાત આકાશપ્રદેશોમાં જ હોય. બાદર ક્ષેત્ર પુદ્ગલપરાવર્ત્તમાં જો કે સાથે સાથેના જ આકાશપ્રદેશ ગણવાના નથી, તો પણ ગમે તે સ્થાને મરણ વડે સ્પર્શેલા પ્રદેશોમાંથી એકેક આકાશપ્રદેશ જ ગણવો.

૨. અહીં ભવ અનન્ત કહ્યા તો મરણ પણ અનન્ત કહેવાં જોઈએ તેમ નથી. કારણ કે સાથે સાથેના આકાશપ્રદેશોની સ્પર્શના દરેક મરણ વખતે હોઈ શકે નહિ. અને જો તેમ હોય તો અનન્તકાળનું માપ દર્શાવવાને ક્ષેત્ર પુદ્ગલપરાવર્ત્તની પ્રરૂપણા પણ ન હોય. માટે અહીં એક મરણ વિવક્ષિત આકાશપ્રદેશમાં થયું તો તે પછીના અનન્ત ભવો વ્યતીત થયા બાદ તેની સાથેના આકાશપ્રદેશમાં મરણ થાય. એવી રીતે કોઈવાર બીજે ભવે તો કોઈ વાર સંખ્યાત ભવ ગયે, તો કોઈ વાર અસંખ્યાત ભવ ગયે, અને કોઈ વાર અનન્ત ભવ ગયે, પણ સાથેના આકાશપ્રદેશમાં મરણ થાય. એ રીતે લોકના અસંખ્યા આકાશપ્રદેશોને મરણ વડે સ્પર્શતાં ગણતરીમાં અસંખ્યાત મરણ જ ગણાય; વચ્ચે થયેલાં અનેક મરણો ગણતરીમાં ન ગણાય માટે. પરન્તુ એવાં ચારે પુદ્ગલપરાવર્ત્તોમાં અસંખ્ય મરણો થવામાં એક જીવના તો અનન્તાનન્ત ભવ વીતી જાય છે, અને તેથી જ સૂક્ષ્મ ક્ષેત્ર આદિ પુદ્ગલપરાવર્ત્તના કાળ અનંત થાય છે.

વળી બાદર ક્ષેત્ર પુદ્ગલપરાવર્ત્તનમાં પણ એ પ્રમાણે ભવ અનન્ત થાય, પરન્તુ ગણતરીમાં તો અસંખ્યાત મરણ જ ગણાય. પરન્તુ તફાવત એટલો જ કે સૂક્ષ્મથી બાદરમાં કાળ ઘણો ઓછો થાય છે. અને ગણતરીના મરણની સંખ્યા તો બન્નેમાં એક સરખી જ હોય.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬. सूक्ष्मकालपुद्गलपरावर्त्त-તથા સૂક્ષ્મ કાળ પુદ્ગલપરાવર્ત્તમાં (બાદર કાળ પુદ્ગલપરાવર્ત્તથી) એટલો તફાવત છે કે - પહેલો સમય, બીજો સમય, ત્રીજો સમય ઇત્યાદિ અનુક્રમવાળા સમયોમાં જ વિવક્ષિત જીવ મરણ પામે તો તે જ સમયો ગણવા. અને એ પ્રમાણે ગણતાં કાળચક્રના આદિથી અન્ત સુધીના સર્વે સમયો અનુક્રમે મરણ વડે વ્યાપ્ત કર્યા હોય, તો તેમાં જેટલો કાળ લાગે તેટલો કાળ સૂક્ષ્મ કાળ પુદ્ગલપરાવર્ત્ત કહેવાય. અહીં પ્રથમ સમય, દ્વિતીય સમય ઇત્યાદિ અનુક્રમનું ઉલ્લંઘન કરીને દૂર દૂરના સમયોમાં મરણ પામે તો તેવા વ્યવહિત (આંતરાવાળા - દૂરના) સમયો ન જ ગણવા.

૭. बादरभावपुद्गलपरावर्त्त - હવે ભાવ પુદ્ગલપરાવર્ત્તનું નિરૂપણ કરાય છે. ત્યાં પ્રથમ (ભાવ એટલે અધ્યવસાયસ્થાનો કેટલાં છે તે કહેવાય છે -) એક સમયને વિષે જે સૂક્ષ્મ અગ્નિકાય જીવો (પરભવમાંથી આવીને સૂક્ષ્મ અગ્નિમાં) ઉત્પન્ન થતા હોય છે તેવા જીવો અસંખ્યાત લોકાકાશના જેટલા આકાશપ્રદેશ તેટલા છે. અને તેથી (ઉત્પન્ન થતા સૂક્ષ્મ અગ્નિજીવોથી) સર્વે સૂક્ષ્મ અગ્નિકાય જીવો અસંખ્યગુણા છે. અસંખ્યગુણા કેવી રીતે જાણવા ? તે જો પૂછતા હો તો કહીએ છીએ કે - ઉત્પન્ન થયેલો સૂક્ષ્માગ્નિકાયનો એક જીવ અન્તર્મુહૂર્ત્ત સુધી જીવે છે, કારણ કે અગ્નિજીવોનું એટલું જ આયુષ્ય છે. અને તે અન્તર્મુહૂર્ત્તના જેટલા સમય છે તે પ્રત્યેક સમયે નિરન્તર અસંખ્ય લોકપ્રમાણ જીવો ઉત્પન્ન થયા કરે છે, તે કારણથી ઉત્પન્ન થતા સૂક્ષ્માગ્નિજીવોથી સર્વે સૂક્ષ્માગ્નિજીવો અસંખ્યાતગુણા છે એ વાત સિદ્ધ થઈ. પુનઃ તે સર્વ સૂક્ષ્માગ્નિજીવોથી સૂક્ષ્માગ્નિકાયજીવની કાયસ્થિતિ અસંખ્યાતગુણી છે કારણ કે એકેક સૂક્ષ્માગ્નિકાયની પણ કાયસ્થિતિ અસંખ્ય ઉત્સર્પિણી - અવસર્પિણી જેટલી કહેલી છે માટે. વળી તે કાયસ્થિતિથી (એટલે કાયસ્થિતિકાળના સમયોથી) અનુભાગબંધનાં અધ્યવસાય સ્થાનો અસંખ્યાતગુણ છે. કારણ કે કાયસ્થિતિમાં અસંખ્યાત સ્થિતિબંધ[૧] છે, અને એકેક સ્થિતિ[૨]બંધમાં અનુભાગબંધનાં અધ્યવસાયસ્થાનો અસંખ્યાત અસંખ્યાત છે, માટે. વળી સંયમસ્થાનો પણ અનુભાગબંધાધ્યવસાયસ્થાન જેટલાં[3] જ છે. (એ રીતે પ્રથમ અધ્યવસાયસ્થાનોનું પ્રમાણ અસંખ્યાત લોકાકાશના જેટલા આકાશપ્રદેશ તેટલું દર્શાવીને હવે ભાવ પુદ્ગલપરાવર્ત્તનું સ્વરૂપ કહે છે-)

---

૧-૨. અહીં કાયસ્થિતિમાં અસંખ્યાત સ્થિતિબંધ કહ્યા, તે સ્થિતિબંધ એટલે સ્થિતિબંધનાં અધ્યવસાયસ્થાનો એમ જાણવું વિશેષ યોગ્ય લાગે છે. કારણ કે કાયસ્થિતિના સમયો અસંખ્ય લોકાકાશના આકાશપ્રદેશ જેટલા છે. અને સ્થિતિબંધ તો અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા ઘણા જ અલ્પ છે, માટે અહીં અનુક્રમે અધિક અધિક ગણતરીનો ઉદ્દેશ સર્વથા રહેતો જ નથી. અને અહીં ઉદ્દેશ તો અનુક્રમે અધિક અધિક સંખ્યા ગણાવવાનો છે. માટે, કાયસ્થિતિના સમયોથી સ્થિતિબંધના અધ્યવસાયો ઘણા છે. અને એકેક સ્થિતિબંધમાં એટલે સ્થિતિબંધાધ્યવસાયમાં અનુભાગ બંધાધ્યવસાયો પણ અસંખ્ય અસંખ્ય છે તે કર્મપ્રકૃતિ આદિ ગ્રંથોને અનુસરતી જ વાત છે.

૩. સંયમસ્થાનોને અહીં અનુભાગબંધાધ્યવસાય જેટલાં તુલ્ય કહ્યાં, તે કયા અભિપ્રાયથી કહ્યાં હશે તે વૃત્તિકર્તા જાણે. પરન્તુ કર્મપ્રકૃતિ આદિકને અનુસારે વિચારીએ તો સર્વ અનુભાગબંધસ્થાનોમાં સંયમસ્થાનો એક દેશ ભાગ જેટલાં છે. જેથી સંયમસ્થાનો અલ્પ છે, અને અનુભાગબંધસ્થાનો તેથી અધિક છે. કંઈક ષટ્સ્થાનો વીત્યા બાદ સંયમનાં ષટ્સ્થાનો પ્રાપ્ત થાય છે માટે સંયમસ્થાનો અલ્પ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાં જ્યારે એકેક અનુભાગ[1]બંધાધ્યવસાયસ્થાનમાં અનુક્રમે અથવા અનુક્રમ વિના વિવક્ષિત એક જીવ પોતાના મરણ વડે સ્પર્શતાં એ સર્વ અધ્યવસાયસ્થાનોને સ્પર્શે (એટલે સર્વ અધ્યવસાયોમાં મરણ પામે), તેમાં જેટલો કાળ લાગે તેટલો કાળ (અનન્ત કાળ) બાદર ભાવ પુદ્ગલપરાવર્ત્ત ગણાય. આ પુદ્ગલપરાવર્ત્તમાં પણ જીવે જે અધ્યવસાયસ્થાનને મરણ વડે એક વાર પણ સ્પર્શ્યું હોય, અને તે જ અધ્યવસાયને બીજી વારના મરણ વડે સ્પર્શે તો તેને બીજી વારની ગણતરીમાં ન લેવું (અર્થાત્ એક અધ્યવસાયમાં અનેક વાર મરણ થવા છતાં પણ તે અધ્યવસાયને એક જ વાર ગણતરીમાં ગણવો), અને જેમાં એકવાર પણ મરણ પામ્યો નથી તેવો અધ્યવસાય સાથે હોય અથવા તો [પૂર્વ સ્પૃષ્ટ અધ્યવસાયથી] કેટલેક અંતરે - દૂર હોય, અને તેમાં પહેલી વાર મરણ થાય તો તે અધ્યવસાયને ગણતરીમાં ગણવો.

૮. सूक्ष्मभावपुद्गलपरावर्त्त - વળી જ્યારે અનુભાગબંધાધ્યવસાયસ્થાનો વિશુદ્ધ વિશુદ્ધતર - અતિવિશુદ્ધ ઇત્યાદિ રીતે જે અનુક્રમે રહ્યાં છે તે જ અનુક્રમે[2] વિવક્ષિત એક જ જીવ અનંતાનંત ભવોમાં વારંવાર મરણ પામતો પોતાના મરણ વડે (તે અધ્યવસાયમાં મરણ પામવા વડે) સર્વ અધ્યવસાયોને સ્પર્શે (સર્વ અધ્યવસાયોમાં મરણ પામે), ત્યારે સૂક્ષ્મ ભાવ પુદ્ગલપરાવર્ત્ત થાય છે. અહીં પણ જે જે વ્યવહિત (છેટે છેટે રહેલા પણ સાથે સાથે નહિ એવા આંતરાવાળા) અધ્યવસાયોમાં મરણ પામવા છતાં પણ તે વ્યવહિત અધ્યવસાયસ્થાન ગણતરીમાં ન લેવું (પરન્તુ પ્રથમ જે અધ્યવસાયમાં મરણ પામ્યો છે તેની સાથેના નિરન્તર અધ્યવસાયમાં સંખ્યાત કાળે વા અસંખ્યાત કાળે વા અનન્ત કાળે પણ જ્યારે મરણ પામે ત્યારે તે સાથેનો જ અધ્યવસાય ગણતરીમાં લેવો. એવી રીતે અનુક્રમે સ્પર્શતાં જેટલો અનંતાનંત કાળ લાગે તેટલો કાળ તે એક સૂક્ષ્મ ભાવ પુદ્ગલપરાવર્ત્ત જાણવું). હવે એ બાબતમાં વિશેષ[3] વિસ્તારથી સર્યું. એ પ્રમાણે ૨૫૭મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૨૫૭॥ इति पुद्गलपरावर्त्तस्वरूपम् ॥

---

૧. અહીં અથવા અન્ય ગ્રંથોમાં ભાવ પુદ્ગલપરાવર્ત્તની પ્રરૂપણામાં સર્વ અધ્યવસાયસ્થાનોને મરણ વડે સ્પર્શવાનું સામાન્યથી કહ્યું છે, પરન્તુ મરણ વડે સ્પર્શવા યોગ્ય કે અયોગ્યની સ્પષ્ટતા - વિશેષતા દર્શાવી નથી તો પણ પોતાની મેળે જ જાણી લેવું કે - સર્વ અધ્યવસાયસ્થાનો એટલે એકાન્તે સર્વે નહિ; પરન્તુ જે જે અધ્યવસાયસ્થાનોમાં જીવોનું મરણ થઈ શકતું હોય તો મરણપ્રાયોગ્ય સર્વ અધ્યવસાયસ્થાનો અહીં જાણવાં, પરન્તુ મરણને અયોગ્ય અધ્યવસાયસ્થાનો આ પ્રરૂપણામાં ગ્રહણ ન કરવાં.

૨. અધ્યવસાયસ્થાનોનો અનુક્રમ ષટ્સ્થાનપતિતની પદ્ધતિ એ છે કે, જેમાં સર્વથી પહેલું અધ્યવસાયસ્થાન અનન્ત ભાગાધિક (ના કંડકમાં રહેલું) છે, બીજું અધ્યવસાયસ્થાન તેથી અનંત ભાગાધિક છે. એ રીતે અનન્ત ભાગાધિકના ક્રમવાળાં સ્થાનો એક કંડક જેટલાં (અંગુલના અસંખ્યાતમા ભાગમાં રહેલા અસંખ્યાતા આકાશપ્રદેશ જેટલાં અસંખ્યાત) છે. ત્યાર પછીનું એક અધ્યવસાયસ્થાન કંડકના છેલ્લા સ્થાનથી અસંખ્યભાગાધિક છે. અને ત્યાર પછીના કંડક જેટલાં અસંખ્યાતસ્થાનો અનન્તભાગાધિક છે. પુનઃ એક સ્થાન અસંખ્યભાગાધિક છે. અને ત્યાર પછીનાં કંડક જેટલાં સ્થાનો અસંખ્યભાગાધિક છે. એ પ્રમાણે વચ્ચેનું જે એકેક સ્થાન અસંખ્યાતભાગાધિક આવે છે તે અસંખ્યાતભાગાધિક સ્થાનો પણ કંડક જેટલાં થાય ત્યાં સુધી કહેવું. ત્યારબાદ એક કંડક અનન્તભાગાધિક સ્થાનનું છે. અને ત્યારબાદ એક જ અધ્ય૦ સ્થાન સંખ્યાત ભાગાધિક છે, - ઇત્યાદિ પ્રરૂપણા ઘણી છે તે સર્વ કર્મપ્રકૃતિ આદિ ગ્રંથથી જાણવા યોગ્ય છે.

૩. અહીં વિશેષ વિસ્તાર તો પંચસંગ્રહ ઇત્યાદિ ગ્રંથોમાં ઘણો છે ત્યાંથી જાણવા યોગ્ય છે. પરંતુ જે ધ્યાનમાં રાખવા યોગ્ય મુખ્ય વિશેષતા કેટલીક આ પ્રમાણે છે :

અવતરણઃ એ પ્રમાણે મિથ્યાદૃષ્ટિ આદિ ચૌદ ગુણસ્થાનોનો ઉત્કૃષ્ટ અન્તરકાળ કહ્યો, અને હવે એ જ ચૌદ ગુણસ્થાનોનો જઘન્ય અન્તરકાળ કહેવાય છે :

**सासाणुवसमसम्मे, पल्लासंखेज्जभागमवरं तु ।**
**अंतोमुहुत्तमियरे, खवगस्स उ अंतरं नत्थि ॥२५८॥**

---

૧. વૃત્તિમાં જે 'અપૂર્વમરણ' પદ આવે છે તે વિવક્ષિત જીવને અંગે જ્યારથી પુદ્ગલપરાવર્ત્તની ગણતરી શરૂ કરીએ ત્યારથી અપૂર્વમરણ લેવું પરન્તુ તે પહેલાંનું નહિ. કારણ કે તે પહેલાં તો દરેક આકાશપ્રદેશે દરેક સમયે અને મરણપ્રાયોગ્ય દરેક અધ્યવસાયે અનંતાનંતવાર મરણ પામ્યો છે.

૨. આઠે પ્રકારના પુદ્ગલપરાવર્ત્તોમાં દરેકમાં અનંત અનંત કાળ જાણવો, પરન્તુ કોઈનો પણ અસંખ્યાત કાળ ન જાણવો. તેમાં પણ બાદરથી સૂક્ષ્મ અસંખ્યાતગુણો હોઈ શકે છે.

૩. દ્રવ્ય પુદ્ગલપરાવર્ત્તને ઔદારિકાદિ કોઈપણ એકેક ભેદવાળો ગણતાં સાત વર્ગણાઓની અપેક્ષાએ સાત પ્રકારનો પણ ગણી શકાય. અને તે સાતેના કાળનું અલ્પબહુત્વ અનુક્રમે કાર્મણ-તૈજસ-ઔદારિક-ઉચ્છ્વાસ-મન-ભાષા-વૈક્રિય એ પ્રમાણે છે અને એક જીવને ભૂતકાળમાં વ્યતીત થયેલા પુદ્ગલપરાવર્ત્તોનું અલ્પબહુત્વ અનુક્રમે વૈક્રિય-ભાષા-મન-ઉચ્છ્વાસ-ઔદારિક-તૈજસ-કાર્મણ એ પ્રમાણે કાળના અલ્પબહુત્વથી વિપરીત જાણવું.

વળી પાંચમા કર્મગ્રંથના બાલાવબોધમાં અન્ય કોઈ ગ્રંથમાં (દિગંબર મતમાં) કહ્યા પ્રમાણે પાંચમું भवपुद्गलपरावर्त्त પણ કહ્યું છે તે આ પ્રમાણે - 'કોઈ એક જીવ નરકાદિગતિને વિષે દશ હજાર વર્ષના જઘન્ય આયુષ્યથી સમયાધિક સમયાધિક સ્થિતિ વધારતાં નેવું હજાર વર્ષની સ્થિતિ પર્યંત, તથા દશ લાખ વર્ષની સ્થિતિથી સમયાધિક સમયાધિક

વધારતાં તેત્રીસ સાગરોપમ સ્થિતિના આયુષ્ય સુધીમાં નરકાયુષ્યનાં સર્વ સ્થિતિસ્થાનકો નારકીના ભવ વડે સ્પર્શે; અને દેવગતિમાં દશ હજાર વર્ષના જઘન્ય આયુષ્યથી પ્રારંભીને સમયાધિક સમયાધિક વધારતાં એકત્રીસ સાગરોપમના આયુષ્ય સુધી દેવાયુષ્યનાં સર્વ સ્થિતિસ્થાનકોને દેવભવ વડે સ્પર્શે; તેમજ મનુષ્ય- તિર્યંચની ગતિમાં ક્ષુલ્લકભવના જઘન્ય આયુષ્યથી પ્રારંભીને સમયાધિક સમયાધિક વધારતાં યાવત્ ત્રણ પલ્યોપમ સુધીનાં સર્વ સ્થિતિસ્થાનોને મનુષ્ય-તિર્યંચના ભવ વડે (એટલે મનુષ્યાયુષ્યનાં સ્થિતિસ્થાનોને મનુષ્યભવ વડે અને તિર્યંચાયુષ્યનાં સ્થિતિસ્થાનોને તિર્યંચના ભવ વડે) સ્પર્શે; એમ સર્વ આયુષ્ય સ્થિતિસ્થાનોને અનુક્રમે (વિના અનુક્રમે) સ્પર્શે તો बादरभव पुद्गलपरावर्त्त થાય, અને સમયાધિક સમયાધિક સ્થિતિના અનુક્રમ પ્રમાણે એકેક ગતિનાં અનુક્રમે અનુક્રમે ચારે આયુષ્યનાં સર્વ સ્થાનોને સ્પર્શે તો सूक्ष्मभवपुद्गलपरावर्त्त થાય. એ પાંચમો ભવ પુદ્ગલપરાવર્ત્ત આશામ્બર મતે (દિગંબર મતે) માન્યો છે. (પરન્તુ શ્વેતામ્બર શાસ્ત્રોમાં તો ચાર પુદ્ગલપરાવર્ત્ત જ માનેલા છે).'

વળી એ જ બાલાવબોધમાં કહ્યું છે કે - 'પ્રકારાન્તરે વળી પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શ અને અગુરૂલઘુ એ બાવીસ (એમાં એક ગણાવવો બાકી રહી ગયો છે) ભેદે કરીને સર્વલોકવર્તી પુદ્ગલપરમાણુઓને અનુક્રમ વિના સ્પર્શી સ્પર્શીને મૂકે ત્યારે बादरभावपुद्गलपरावर्त्त થાય, અને એ બાવીસમાંહેથી એકેકના અનુક્રમ પ્રમાણે સર્વ પુદ્ગલોને સ્પર્શી રહે ત્યારે सूक्ष्मभावपुद्गलपरावर्त्त થાય.'

એમાં અનુક્રમ આ પ્રમાણે સંભવે છે - સર્વથી પ્રથમ કૃષ્ણવર્ણનાં પુદ્ગલોને ગ્રહણ કરે તે પુદ્ગલો ગણતરીમાં લેવાં; અને કૃષ્ણવર્ણનાં પુદ્ગલો ગ્રહણ કરતી વખતે નીલાદિ અન્ય વર્ણવાળાં પણ પુદ્ગલો ગ્રહણ થાય છે, પરન્તુ તે પુદ્ગલો ગણતરીમાં ન લેવાં. એ પ્રમાણે અનન્તકાળે જગતવર્તી સર્વ પુદ્ગલો કૃષ્ણવર્ણપણે ગ્રહણ થઈ ગયા પછી, નીલવર્ણવાળાં પુદ્ગલોનું ગ્રહણ ગણવાનું શરૂ કરવું. તે પણ કૃષ્ણવર્ણવત્ અનન્ત કાળે સર્વ પુદ્ગલો નીલવર્ણ પણે ગ્રહણ થઈ ગયા બાદ, એજ પદ્ધતિએ રક્તવર્ણનું ગ્રહણ ગણવાનો પ્રારંભ કરવો. તે પણ કૃષ્ણવર્ણવત્ સર્વ જગતવર્તી પુદ્ગલોને અનન્તકાળે રક્તવર્ણપણે ગ્રહણ કરી લીધા બાદ, પીતવર્ણી પુદ્ગલોનું અને ત્યારબાદ શ્વેતવર્ણી પુદ્ગલોનું ગ્રહણ પણ એ જ રીતે ગણવું. ત્યારબાદ સર્વ પુદ્ગલોને દુર્ગંધપણે ગ્રહણ કરતાં કરતાં સર્વ ગ્રહણ પણ એજ રીતે ગણવું. ત્યારબાદ સર્વ પુદ્ગલોને દુર્ગંધપણે ગ્રહણ કરતાં કરતાં સર્વ ગ્રહણ થયા બાદ, શુભ ગંધપણે ગ્રહણ થતાં પુદ્ગલો, અને એ જ ક્રમે શેષ પાંચ રસ, આઠ સ્પર્શ અને અગુરુલઘુપણે ગ્રહણ સમાપ્ત થાય ત્યારે અનન્તાનન્ત કાળે એક सूक्ष्मभावपुद्गलपरावर्त्त થાય.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગાથાર્થઃ સાસ્વાદન ગુણસ્થાનનો તથા ઉપશમ સમ્યક્ત્વનો જઘન્ય અન્તરકાળ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલો છે. અને બીજાં ગુણસ્થાનોનો (ઉપશમકનાં ગુણસ્થાનોનો તથા મિથ્યાત્વાદિનો) જઘન્ય અન્તરકાળ અન્તર્મુહૂર્ત પ્રમાણ છે. અને ક્ષપક (નાં ગુણસ્થાનો)નું તો અન્તર જ નથી. ॥૨૫૮॥

ટીકાર્થઃ सासाणुवसमसम्मे - સાસ્વાદન અને ઉપશમ સમ્યક્ત્વ જેને હોય તે સાસ્વાદન અને ઉપશમ સમ્યક્ત્વવાળા જીવ કહેવાય. એ બન્ને જીવોનો પણ તદ્ભાવપરિત્યાગ (સાસ્વાદની જીવે સાસ્વાદનનો ત્યાગ કર્યા બાદ અને ઉપશમ સમ્યગ્દૃષ્ટિ જીવે ઉપશમ સમ્યક્ત્વનો ત્યાગ) કર્યા બાદ પુનઃ તે ભાવને પ્રાપ્ત કરવામાં अवरं જઘન્ય અન્તરકાળ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલો લાગે છે.

અહીં ઉપશમશ્રેણિથી પડતો જે જીવ સાસ્વાદનપણું પામે છે, અને ઉપશમશ્રેણિમાં જે જીવ ઉપશમ સમ્યક્ત્વવાળો હોય છે, તે (ઉપશમશ્રેણિના સંબંધવાળા સાસ્વાદન તથા ઉપશમ સમ્યક્ત્વવાળા જીવો) ઘણા જ અલ્પ જીવો[૧] હોય છે, માટે તે અલ્પતાના કારણથી અહીં તે સાસ્વાદન તથા ઉપશમ સમ્યક્ત્વની વિવક્ષા (અપેક્ષા[૨]) નથી. ત્યારે કઈ વિવક્ષા છે ? તે કહે છે - જે અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ અથવા સમ્યક્ત્વપુંજ અને મિશ્રપુંજની ઉદ્વ[૩]લના કરી હોય એવો (એટલે ઉદ્વલના કરીને) છવ્વીસ મોહનીયની સત્તાવાળો થયેલો મિથ્યાદૃષ્ટિ જીવ પૂર્વે[૪] વર્ણવેલા ક્રમ પ્રમાણે જે ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે, અને એ જ ઉપશમ સમ્યક્ત્વના કાળમાં દર્શાવેલી રીતે જ જે સાસ્વાદનપણું પ્રાપ્ત થાય છે, તેવા સાસ્વાદન તથા ઉપશમ સમ્યક્ત્વવાળાં જીવો ચારે ગતિમાં હોવાના કારણે ઘણા હોવાથી તે ઘણા જીવોના જ સાસ્વાદન - ઉપશમનો અહીં અધિકાર કહેલો છે. અને એ જ બન્ને જીવો પ્રાપ્ત કરેલા ઉપશમ સમ્યક્ત્વનો અને સાસ્વાદનનો ત્યાગ કરીને પુનઃ પણ એ જ ઉપશમ તથા સાસ્વાદનભાવ પામે તો જઘન્યથી પણ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ વીત્યા બાદ જ પામે, પરન્તુ તે પહેલાં ન પામે (એ તાત્પર્ય છે).

(હવે એ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલો ઘણો કાળ વીત્યા બાદ જ ઉપશમ વા સાસ્વાદન ભાવ પુનઃ પ્રાપ્ત કરે તેનું શું કારણ ? તે દર્શાવાય છે) તેનું કારણ આ પ્રમાણે - ઉપશમ સમ્યક્ત્વમાંથી અથવા સાસ્વાદન સમ્યક્ત્વમાંથી મિથ્યાત્વે ગયેલા જીવને પ્રથમ તો સમ્યક્ત્વપુંજ અને મિશ્રપુંજ એ બે પુંજ સત્તામાં અવશ્ય હોય[૫] જ. અને જ્યાં સુધી

---

૧. એક સમયમાં સમકાળે સંખ્યાતા સંખ્યાતા મનુષ્ય માત્ર જ ઉપશમશ્રેણિથી પતિત થઈને સાસ્વાદન તથા ઉપશમના અન્તરકાળમાં અન્યાન્ય ભવોમાં વર્તતા હોય છે. જેથી અસંખ્યાત કાળમાં ઘણા અલ્પ અસંખ્યાત પ્રાયઃ જીવો જ એ બેના અંતરકાળમાં વર્તતા સંભવે માટે.

૨. એ વિવક્ષાથી તો જઘન્ય અન્તર અન્તર્મુહૂર્ત જ પ્રાપ્ત થાય.

૩-૪. આ જ ગ્રંથની ૮મી ગાથાની વૃત્તિમાં સાસ્વાદન તથા ઉપશમ સમ્યક્ત્વનું અન્તર પૂર્વે કહેવાઈ ગયું છે.

૫. કારણ કે ઉપશમ સમ્યક્ત્વના કાળમાં મિથ્યાત્વનાં પુદ્ગલો સમ્યક્ત્વ સ્વરૂપે અને મિશ્ર સ્વરૂપે પ્રતિસમય અવશ્ય પરિણમતાં જાય છે માટે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(મિથ્યાત્વમાં) એ બે પુંજની સત્તા રહે ત્યાં સુધી પુનઃ ઉપશમ સમ્યક્ત્વ પામે નહિ, અને (ઉપશમ સમ્યક્ત્વ ન પામે તો ઉપશમથી જ ઉત્પન્ન થતું) સાસ્વાદન સમ્યક્ત્વ (પણ) ન પામે. વળી મિથ્યાત્વને પ્રાપ્ત થયેલો જીવ એ બન્ને પુંજને પ્રતિસમય ઉદ્વર્તિત કરે છે (સત્તામાં ક્ષય પમાડતો જાય છે); એટલે કે એ બે પુંજનાં પુદ્ગલોને પ્રતિસમય મિથ્યાત્વમાં પ્રક્ષેપે છે (અર્થાત્ મિથ્યાત્વરૂપે પરિણમાવે છે). અને એ પ્રમાણે એ બે પુંજની ઉદ્વર્ત્તના કરતાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલો કાળ થાય ત્યારે સંપૂર્ણ ઉવેલાઈ જાય છે (ક્ષય પામી જાય છે), એટલે સર્વથા અભાવ સ્વરૂપને પ્રાપ્ત થાય છે; પરન્તુ તે પહેલાં (પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પહેલાં એ બે પુંજનો સર્વથા અભાવ થાય) નહિ, કર્મપ્રકૃતિ આદિ ગ્રંથોમાં એ પ્રમાણે જ કહ્યું છે માટે. જેથી એ રીતે પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ વ્યતીત થયે સમ્યક્ત્વપુંજ અને મિશ્રપુંજ જ્યારે સંપૂર્ણ ઉવેલાઈ રહે, ત્યારે (તેટલા કાળને અન્તે) જ જીવ પુનઃ પણ ઉપશમ સમ્યક્ત્વ (પામે) અને (તે પામવાથી) સાસ્વાદન ભાવ (પણ) પામે. તે કારણથી એ પ્રમાણે એ બેનું જઘન્ય અન્તર પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલું થાય છે.

તથા अंतोमुहुत्तमियरे (अन्तर्मुहूर्त्त इतरे) - ઈતર એટલે પૂર્વોક્ત સાસ્વાદન સિવાય કહેવાનાં બાકી રહેલાં મિથ્યાદૃષ્ટિ - મિશ્ર[1] - અવિરત - દેશવિરત - પ્રમત્ત - અપ્રમત્ત - ઉપશમશ્રેણિનાં અપૂર્વકરણ - અનિવૃત્તિબાદર - તેમજ સૂક્ષ્મસંપરાય અને ઉપશાન્તમોહ, એ દશ ગુણસ્થાનવાળા જીવોમાં (અર્થાત્ એ દશ ગુણસ્થાનોમાં વર્તતા જીવો) પોતપોતાના ગુણનો (ગુણસ્થાનનો) ત્યાગ કરીને પુનઃ તે જ ગુણસ્થાન પામવામાં જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત જેટલો અન્તરકાળ લાગે છે (અર્થાત્ અન્તર્મુહૂર્ત્ત બાદ પુનઃ તે જ ગુણસ્થાન પ્રાપ્ત કરી શકે છે), એમ જાણવું. અને એ મિથ્યાદૃષ્ટિ આદિ જીવોના જઘન્ય અન્તરની ભાવના તો પ્રાયઃ પૂર્વે પણ કહેવાઈ ગઈ છે. ઉપશમશ્રેણિનાં અપૂર્વકરણાદિ ગુણસ્થાનોના અન્તરની ભાવના પ્રાયઃ નથી કહી (એટલે એ અન્તર કેવી રીતે જાણવું ? તે સંબંધી વિચાર પ્રાયઃ નથી કહેવાયો, તો) તે ભાવના આ પ્રમાણે - ઉપશમશ્રેણિથી પડીને પુનઃ અન્તર્મુહૂર્ત્ત માત્રમાં બીજી વાર ઉપશમશ્રેણિ પ્રારંભે તો એ ગુણસ્થાનો પ્રાપ્ત કરવાથી જઘન્યથી અન્તર્મુહૂર્ત્તનું અંતર જાણવું. કારણ કે સિદ્ધાન્તમાં એક જ ભવને વિષે બે[2] વાર ઉપશમશ્રેણિ કરવાનું કહેલું છે માટે.

વળી અહીં પ્રશ્ન થાય કે - અહીં અપૂર્વકરણાદિ ગુણસ્થાનો ઉપશમશ્રેણિનાં જ શા માટે ગ્રહણ કર્યાં ? તો તેનો ઉત્તર કહેવાય છે કે - ક્ષપકને એટલે ક્ષપકશ્રેણિનાં અપૂર્વકરણાદિ (અપૂર્વ - અનિવૃત્તિ અને સૂક્ષ્મસંપરાય એ ત્રણ) ગુણસ્થાનોમાં તથા ક્ષીણમોહ, સયોગિકેવલી અને અયોગિકેવલી એ ત્રણ ગુણસ્થાનો મળીને છ ગુણસ્થાનોમાં તો અન્તર જ નથી, કારણ કે એ ગુણસ્થાનોથી પડવાનો અભાવ છે એમ કહેલું જ છે (તો જઘન્ય કે ઉત્કૃષ્ટ અંતરની વાત જ શું ?) એ ૨૫૮ મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥ इति १४ गुणस्थानेषु अन्तरकालप्रमाणम् ॥

## ॥ ૧૪ ગુણસ્થાનોમાં સર્વથા અભાવરૂપ અન્તર ॥

---

૧. મુદ્રિત જીવસમાસવૃત્તિમાં પ્રેસદોષથી અથવા અન્ય કારણથી એ મિશ્ર ગુણસ્થાન અહીં ગણાવ્યું નથી, તો પણ જઘન્યથી અન્તર્મુહૂર્ત્તના અન્તરમાં એ મિશ્ર ગુણસ્થાન પણ ગણવું.

૨. સિદ્ધાન્તમાં બે વાર ઉપશમશ્રેણિ માની છે, પરન્તુ એકવાર ઉપશમ અને બીજી વાર ક્ષપક એમ બે શ્રેણિ નથી માની, અને કર્મગ્રંથમતે તો એક ભવમાં ઉપશમ-ક્ષપક એ બે પણ માની છે - એ વિશેષઃ.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अवतरणः એ પ્રમાણે પૂર્વ ગાથાઓમાં જીવભેદોનું તથા ગુણસ્થાનોનું જઘન્ય અન્તર તથા ઉત્કૃષ્ટ અંતર કહ્યું. હવે એ જ ગુણસ્થાનોમાંનાં કયાં કયાં ગુણસ્થાન લોકમાં કોઈ વાર સર્વથા ન પણ વર્તતાં હોય. તેવા ગુણસ્થાનોનું સર્વથા અભાવરૂપ અન્તર નિરૂપણ કરવાની ઈચ્છાએ ગ્રન્થકર્તા આ ગાથા કહે છે :

**पल्लाऽसंखियभागं, सासणमिस्सासमत्तमणुएसु ।**

**वासपुहत्तं उवसामएसु खवगेसु छम्मासा ॥२५९॥**

गाथार्थः સાસ્વાદન ગુણસ્થાન, મિશ્ર ગુણસ્થાન અને અપર્યાપ્ત મનુષ્ય એ ત્રણનો ઉત્કૃષ્ટ અભાવકાળ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સુધી છે. ઉપશમકનાં (એટલે ઉપશમશ્રેણિસંબંધી) ગુણસ્થાનોનો અભાવકાળ વર્ષ પૃથક્ત્વપ્રમાણ છે. અને ક્ષપકનાં (અપૂર્વાદિ ચાર અને અયોગી એ પાંચ) ગુણસ્થાનોનો અભાવકાળ છ માસ પ્રમાણનો છે (એટલા કાળ સુધી તે ગુણસ્થાન કોઈ વખત લોકમાં વર્તતું જ ન હોય). ॥૨૫૯॥

टीकार्थः सासण ઈત્યાદિ - સાસ્વાદની, મિથ્યાદૃષ્ટિ અને અપર્યાપ્ત મનુષ્ય એ ત્રણના સમાસથી 'सास्वादनमिश्रासमाप्तमनुष्येषु' એ વાક્ય થયું. ત્યાં સાસ્વાદન અને મિશ્ર એ બે તો પ્રસિદ્ધ જ છે, અને असमत्त = અસમાપ્ત = અપર્યાપ્ત મનુષ્ય તે લબ્ધિથી અને કરણથી પણ સદા કાળ અપર્યાપ્ત હોય એવા મનુષ્ય જ અહીં ગ્રહણ કરવા. અને એવા પ્રકારના મનુષ્ય તો સમ્મૂર્ચ્છિમ મનુષ્યો જ હોય છે; કારણ કે ગર્ભજ મનુષ્યો તો પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ બન્ને પ્રકારના હોય છે (અને સમ્મૂર્ચ્છિમ મનુષ્યો તો હંમેશા અપર્યાપ્તા જ હોય છે). તેથી સાસ્વાદન ગુણસ્થાન, મિશ્ર ગુણસ્થાન અને અસમાપ્ત મનુષ્યો[1] (સમ્મૂર્ચ્છિમ મનુષ્યો) એ ત્રણનું પ્રત્યેકનું અભાવરૂપ અન્તર (સર્વથા અભાવ) પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણનું છે, એમ જાણવું.

અહીં તાત્પર્ય એ છે કે - એ ત્રણે રાશિના જીવો સમગ્ર લોકને વિષે કોઈ વખત પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સુધી ન પણ હોય.

તથા મોહનીય કર્મને જે ઉપશમાવે તે ઉપશમક કહેવાય. એટલે ઉપશમશ્રેણિમાં વર્તનારા સંયતો - મુનિઓ, તેઓનું અભાવરૂપ અન્તર વર્ષ પૃથકત્વ (બે થી નવ વર્ષનું) જાણવું. અર્થાત્ કોઈ વખત પૃથક્ત્વવર્ષો સુધી પણ લોકમાં કોઈ પણ જીવ ઉપશમશ્રેણિને પ્રાપ્ત જ ન કરે, એ ભાવાર્થ છે. તથા મોહનીયકર્મને જે ખપાવે તે ક્ષપક કહેવાય, એટલે ક્ષપકશ્રેણિમાં વર્તનારા સંયતો જ. અને તેઓનું અન્તર છ માસનું જાણવું. અર્થાત્ કોઈ વખત ઉત્કૃષ્ટથી છ માસ સુધી લોકમાં કોઈ પણ જીવ ક્ષપકશ્રેણિ પ્રારંભે જ નહિ, અને ત્યારબાદ (છ માસ બાદ) તો ક્ષપકશ્રેણિ કોઈને કોઈ જીવ અવશ્ય કરે જ.

અહીં ઉપશમક અને ક્ષપક એ બેના ગ્રહણથી અપૂર્વકરણ - અનિવૃત્તિબાદર - સૂક્ષ્મ સંપરાય-ઉપશાન્તમોહ અને ક્ષીણમોહ એ છ ગુણસ્થાનોનું ઉત્કૃષ્ટ અન્તર કહ્યું તથા અયોગિકેવલી ગુણસ્થાનનું પણ છ માસનું જ અન્તર છે તે તો પોતાની મેળે જ જાણી લેવું. તથા

૧. અહીં ગુણસ્થાનોનું અભાવરૂપ અન્તર કહેવાના પ્રસ્તુત વિષયમાં સમ્મૂર્છિમ મનુષ્યોનું પણ અભાવરૂપ અન્તર એક સરખું હોવાથી પ્રસંગતઃ કહ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ સિવાયનાં શેષ મિથ્યાત્વ, અવિરત, દેશવિરત, પ્રમત્ત અને અપ્રમત્ત તથા સયોગિકેવલી એ છ ગુણસ્થાનોનું તો અભાવરૂપ અન્તર છે જ નહિ. કારણ કે એ ગુણસ્થાનવર્તી જીવો તો લોકમાં નિરન્તરપણે સદા કાળ વર્તતા જ હોય છે. એ પ્રમાણે ગુણસ્થાનરૂપ ચૌદ જીવસમાસનું લોકમાં યથાસંભવ વિરહકાળરૂપ (અભાવરૂપ) ઉત્કૃષ્ટ અન્તર કહ્યું. અને સમ્મૂર્ચ્છિમ મનુષ્યો જો કે ગુણસ્થાનોના નિરૂપણમાં અપ્રસ્તુત (ભિન્ન જીવભેદરૂપ) છે તો પણ પલ્યોપમના અસંખ્યાતમા ભાગનો અભાવકાળ કહેવાના પ્રસંગમાં (તેઓનો પણ અભાવકાળ તુલ્ય હોવાથી) ગ્રંથમા લાઘવ માટે (ગ્રંથના સંક્ષેપ માટે) અહીં પ્રસંગથી જ તેઓનું ઉત્કૃષ્ટ અન્તર કહ્યું છે. જઘન્યથી તો એ સર્વેનું અભાવરૂપ અન્તર એક સમય પ્રમાણ જ છે, તે આગળની ગાથામાં ગ્રંથકર્તા પોતે જ (ગાથામાં) કહેશે. એ ૨૫૯મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૨૫૯॥
इति गुणस्थानेषु उत्कृष्टविरहकालप्रमाणम् ॥

अवतरण: હવે ગુણસ્થાનરૂપ જીવગુણોનો વિરહકાળ કહેવાનો પ્રસંગ હોવાથી યોગ આદિ જીવગુણોમાં પણ યથાયોગ્ય ઉત્કૃષ્ટ વિરહકાળ કહેવાય છે :

**आहारमिस्सजोगे, वासपुहत्तं विउव्विमिस्सेसु ।**
**बारस हुंति मुहुत्ता, सव्वेसु जहण्णओ समओ ॥२६०॥**

गाथार्थ: આહારકમિશ્રયોગનો લોકમાં અભાવકાળ વર્ષપૃથક્ત્વ સુધી હોય છે, અને વૈક્રિયમિશ્રયોગનો અભાવ લોકમાં ૧૨ મુહૂર્ત્ત સુધી હોય છે. તથા એ સર્વનું જઘન્ય અભાવરૂપ અન્તર તો એક સમય પ્રમાણનું જ છે. ॥૨૬૦॥

टीकार्थ: જે યોગમાં ઔદારિક પુદ્‌ગલો સાથે આહારક શરીર મિશ્ર હોય તે आहारकमिश्र યોગ કહેવાય. અર્થાત્ કારણ ઉત્પન્ન થયે ચૌદ પૂર્વધર મુનિએ આહારક શરીર રચવાનો પ્રારંભ કર્યો છે, પરન્તુ હજી પૂર્ણ નથી થયું ત્યાં સુધી (આહારકશરીરપર્યાપ્તિ સમાપ્ત ન થાય ત્યાં સુધી) આહારકમિશ્રયોગ ગણાય છે, એ ભાવાર્થ છે. તે આહારકમિશ્ર યોગનું ઉત્કૃષ્ટ અન્તર (લોકમાં અનેક જીવ આશ્રયિ) પૃથક્ત્વવર્ષ પ્રમાણનું છે. અર્થાત્ ઉત્કૃષ્ટથી વર્ષપૃથક્ત્વ સુધી લોકમાં આહારક શરીરની રચનાનો પ્રારંભ કરનાર કોઈ પણ જીવ ન હોય એ ભાવાર્થ છે. (આ બાબતમાં વિસંવાદ છે તે એ કે -) 'आहारगाइं लोए छम्मासं हुंति न कयाइ' (કદાચિત્ લોકમાં છ માસ સુધી આહારકની વિકુર્વણા નથી હોતી), ઈત્યાદિ શ્રીપ્રજ્ઞાપનાજીના વચનથી આહારકમિશ્રનું અન્તર છ માસનું છે, અને આ ગ્રંથમાં વર્ષપૃથક્ત્વનું કહ્યું માટે એમાં તત્ત્વ શું છે તે શ્રીસર્વજ્ઞો જાણે, - इति विसंवाद : ।

તથા જે યોગોમાં વૈક્રિયશરીર કાર્મણશરીરની સાથે મિશ્ર હોય તે वैक्रियमिश्र યોગ કહેવાય. અર્થાત્ નારકને તથા દેવોને ઉત્પન્ન થતી વખતે અસંપૂર્ણ અવસ્થાવાળાં વૈક્રિયશરીરો જ્યાં સુધી હોય છે (એટલે વૈક્રિયશરીરની શરીરપર્યાપ્તિ જ્યાં સુધી સમાપ્ત નથી થતી) ત્યાં સુધી વૈક્રિયમિશ્રયોગ પ્રવર્તે છે. તે વૈક્રિયમિશ્રયોગમાં ઉત્કૃષ્ટ અન્તર બાર મુહૂર્ત્ત હોય છે; કારણ કે નરકગતિમાં અને દેવગતિમાં નારક - દેવોને પ્રત્યેકને ઉત્પન્ન થવાનું અન્તર (ઉત્પત્તિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિરહકાળ) ઉત્કૃષ્ટથી બાર મુહૂર્ત્તનો પૂર્વે કહ્યો છે. તે કારણથી[1] સામર્થ્યથી જ (તાત્પર્યથી જ) સમજાય છે કે વૈક્રિયમિશ્ર શરીરો પણ એટલા કાળ સુધી ન હોય. કારણ કે એ શરીરો ઉત્પન્ન થતા નારકોને તથા દેવોને જ હોય છે. વળી લબ્ધિના હેતુવાળાં તિર્યંચ અને મનુષ્યોના જે વૈક્રિયશરીરો કહ્યાં છે, તેની અહીં વિવક્ષા નથી. (માટે અહીં વૈક્રિયમિશ્ર[2] યોગ નારક-દેવ સંબંધી જ ગણવો, મનુષ્ય-તિર્યંચનો નહિ.)

તથા औदारिक - औदारिकमिश्र - वैक्रिय - कार्मण એ ચાર કાયયોગ અને મન-વચનના યોગનું તો અન્તર જ નથી. કારણ કે એ યોગો તો લોકમાં નિરન્તરપણે સદાકાળ વર્તતા હોય છે. તથા આહારકમિશ્રયોગનું અન્તર કહેવાથી આહારક કાયયોગનું પણ અન્તર તેટલું જ કહ્યું જાણવું. કારણ કે આહારકમિશ્ર (અપૂર્ણ આહારક) અને આહારક સંપૂર્ણ એ બન્ને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત્ત સુધી જ (એક જીવને વા અનેક જીવને આશ્રયી પણ) હોય છે. એ પ્રમાણે પૂર્વ ગાથામાં અને આ ગાથામાં પણ સાસ્વાદનાદિકનું (પૂર્વ ગાથામાં જીવના ગુણસ્થાનરૂપ ગુણોનું અને આ ગાથામાં જીવના યોગરૂપ ગુણોનું) ઉત્કૃષ્ટ અન્તર કહ્યું. હવે (આ જ ગાથાના છેલ્લા ચરણમાં) તે સર્વનું જઘન્ય અન્તર કેટલું તે કહે છે. (ગુણસ્થાનોનું અને યોગોનું પણ જઘન્ય અન્તર કહે છે-) सव्वेसु जहण्णओ समओ- સર્વમાં એટલે સાસ્વાદનાદિ ગુણસ્થાનથી પ્રારંભીને વૈક્રિય મિશ્ર યોગ સુધીના જીવગુણોમાં જઘન્યથી એક સમયનો વિરહકાળ હોય છે. એ ૨૬૦મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૨૬૦॥

अवतरणः પૂર્વ ગાથાઓમાં જીવના ગુણસ્થાનરૂપ ગુણો તથા યોગરૂપ ગુણોનું અન્તર કહીને હવે જીવના છેદોપસ્થાપનીયાદિ ચારિત્રગુણોનું અન્તર કહે છે :

**तेवट्ठी चुलसीई, वाससहस्साइं छेयपरिहारे ।**
**अवरं परमुदहीणं अट्ठारस कोडिकोडीओ ॥२६१॥**

गाथार्थः છેદોપસ્થાપનીય ચારિત્રનું अवरं = જઘન્ય અન્તર ત્રેસઠ હજાર વર્ષનું છે. પરિહારવિશુદ્ધિનું જઘન્ય અન્તર ચોર્યાસી હજાર વર્ષનું છે, અને એ બન્ને ચારિત્રનું परं = ઉત્કૃષ્ટ અંતર અઢાર કોડાકોડી સાગરોપમ છે. ॥૨૬૧॥

टीकार्थः છેદોપસ્થાપનીય ચારિત્રવાળા સંયતોનું જઘન્ય અન્તર ત્રેસઠ હજાર વર્ષનું છે,

૧. પૂર્વે જે વિરહકાળ કહ્યો છે તેમાં તો દેવોનો વિરહકાળ બાર મુહૂર્ત અને નારકોનો પણ ઉત્પત્તિવિરહ બાર મુહૂર્ત્ત સુધીનો જુદો જુદો કહ્યો છે, જેથી બન્નેનો ભેગો વિરહકાળ પણ બાર મુહૂર્ત્ત જ હોય એવો જો કે નિર્ણય ન થાય તો પણ આ વૈક્રિય મિશ્રયોગના અન્તર ઉપરથી સંભવે છે કે - બન્ને ગતિનો ભેગો વિરહ પણ બાર મુહૂર્ત્ત જ હોય. પુનઃ બન્ને ગતિનો વિરહકાળ ભેગો કહેલો દેખવામાં નથી.

૨. અહીં મનુષ્ય તથા તિર્યંચોના ઉત્તરવૈક્રિય શરીરની અપેક્ષાએ વૈક્રિયમિશ્રનું અન્તર નથી કહ્યું, એટલું જ નહિ, પરન્તુ દેવો તથા નારકોના ઉત્તરવૈક્રિયની અપેક્ષાએ વૈક્રિયમિશ્રનું અન્તર નથી કહ્યું. જેમ મનુષ્ય - તિર્યંચોને ઉત્તર વૈક્રિયમાં ઔદારિક સાથે વૈક્રિયમિશ્ર હોય છે, તેમ દેવ-નારકોને પણ ઉત્તરવૈક્રિય રચતાં ઉત્તર વૈક્રિય સંબંધી શરીર પર્યાપ્તિ સમાપ્ત ન થાય ત્યાં સુધી ભવધારણીય વૈક્રિય સાથે મિશ્રતાવાળો વૈક્રિય મિશ્રયોગ હોય છે, માટે સામાન્યથી દેવ-નારક- મનુષ્ય અને તિર્યંચ એ ચારેના ઉત્તરવૈક્રિય શરીર સંબંધી વૈક્રિયમિશ્ર યોગનું અન્તર નહિ કહેવાનું કારણ કે એ ઉત્તરવૈક્રિયમિશ્રયોગ લોકમાં સદાકાળ પ્રવર્તતો હોય છે. માટે જ અહીં જે વૈક્રિયમિશ્રનો વિરહ કહ્યો તે દેવ-નારકના ભવધારણીય શરીરની અપેક્ષાએ જાણવો, પરન્તુ ઉત્તરવૈક્રિય શરીર આશ્રયિ નહિ. - જુઓ પ્રજ્ઞાપનાજીના ૧૬મા પ્રયોગપદની વૃત્તિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને परिहारे - પરિહારવિશુદ્ધિ ચારિત્રીઓનું જઘન્ય અન્તર ચોર્યાસી હજાર વર્ષનું છે. તથા परम् - ઉત્કૃષ્ટ અન્તર તો એ બન્ને ચારિત્રનું પણ દરેકનું અઢાર કોડાકોડી સાગરોપમ છે. (એ પ્રમાણે અક્ષરાર્થમાત્ર કહીને હવે ભાવાર્થ કહે છે -)

અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે - અવસર્પિણીના પાંચમા દુઃષમ નામના આરાના (કાળભેદના) પર્યાપ્તને પાંચ ભરત અને પાંચ ઐરવત ક્ષેત્રોમાં સર્વત્ર પ્રથમ છેદોપસ્થાપનીય ચારિત્રવાળા મુનિઓનો વિચ્છેદ હોય છે. ત્યારબાદ તીર્થંકર તથા ગણધરાદિકથી રહિત એવો એકવીસ હજાર (૨૧૦૦૦) વર્ષ પ્રમાણનો અવસર્પિણીનો છઠ્ઠો આરો દુઃષમદુઃષમ નામનો પ્રવર્તે છે. માટે તેટલા કાળ સુધી (૨૧૦૦૦ વર્ષ સુધી) તે છેદોપસ્થાપનીય ચારિત્ર એ દશ ક્ષેત્રોમાં હોતું નથી. ત્યારબાદ (૨૧૦૦૦ વર્ષ વીત્યા બાદ) ઉત્સર્પિણીનો પહેલો આરો પણ એ જ નામનો અને એટલા જ પ્રમાણવાળો પ્રવર્તે છે, તેમાં પણ તે છેદોપસ્થાપનીય ચારિત્રવાળા હોતા નથી. ત્યારબાદ દુઃષમ નામનો ઉત્સર્પિણીનો બીજો આરો પણ એટલા જ પ્રમાણવાળો પ્રવર્તે છે. તેમાં પણ છેદોપસ્થાપનીય ચારિત્રવાળા મુનિઓ દશે ક્ષેત્રમાં હોય નહિ. ત્યારે એ મુનિઓની ઉત્પત્તિ ક્યારે થાય ? તે કહે છે - ઉત્સર્પિણીનો દુઃષમસુષમ નામનો ત્રીજો આરો (કે જે બેંતાલીસ હજાર વર્ષ ન્યૂન એક કોડાકોડી સાગરોપમનો) પ્રવર્તે છે, તેમાં તીર્થંકર - ગણધરાદિકની ઉત્પત્તિ હોવાથી છેદોપસ્થાપનીય ચારિત્રવાળા હોય છે. માટે એ પ્રમાણે દરેક એકવીસ હજાર - એકવીસ હજાર વર્ષના ત્રણ આરા મળીને જે ત્રેસઠ હજાર (૬૩૦૦૦) વર્ષ થયાં તે ત્રેસઠ હજાર વર્ષમાં છેદોપસ્થાપનીય ચારિત્રવાળા ન હોવાથી એ સંયતોનો જઘન્યથી એટલો વિરહકાળ પ્રાપ્ત થાય છે. ।।इति छेदोपस्थापनीयजघन्यअन्तरम् ।।

તથા પરિહારવિશુદ્ધિ ચારિત્રવાળા સંયતો તો અવસર્પિણીનો પાંચમો આરો પ્રવર્તતાં પ્રથમ જ વિચ્છેદ પામે છે, તે કારણથી એકવીશ હજાર વર્ષ પ્રમાણના એ પાંચમા આરા સહિત પૂર્વે કહેલા ત્રણ આરાના ત્રેસઠ હજાર વર્ષ ગણતાં ચોર્યાસી હજાર વર્ષ સુધી એ પરિહારવિશુદ્ધિ ચારિત્રવાળા મુનિઓનું જઘન્ય અન્તર થાય છે. (અર્થાત્ અવસર્પિણીના છેલ્લા બે આરા અને ઉત્સર્પિણીના પહેલા બે આરા એ ચાર આરા એકવીસ હજાર - એકવીસ હજાર વર્ષ પ્રમાણના છે તેમાં એ ચારિત્રવાળા ન હોવાથી ૮૪૦૦૦ વર્ષનું જઘન્ય અન્તર પરિહારવિશુદ્ધિ ચારિત્રનું જાણવું. ।। इति परिहारविशुद्धिजघन्यअन्तरम् ।।

હવે એ બન્ને ચારિત્રનું ઉત્કૃષ્ટ અન્તર દરેક અઢાર કોડાકોડી સાગરોપમ પ્રમાણનું કહ્યું છે તે આ પ્રમાણે - ઉત્સર્પિણીનો સુષમદુઃષમ નામનો ચોથો આરો પ્રવર્તતાં જ છેદોપસ્થાપનીય ચારિત્રવાળા અને પરિહારવિશુદ્ધિ ચારિત્રવાળા એ બન્ને સંયતો વિચ્છેદ પામે છે. (અને ઉત્સર્પિણીનો ત્રીજો આરો પ્રવર્તતાં એ બન્ને હોય છે,) તે કારણથી અહીં ચોથો સુષમદુઃષમ આરો બે કોડાકોડી સાગરોપમનો, સુષમ નામનો પાંચમો આરો ત્રણ કોડાકોડી સાગરોપમનો, અને સુષમસુષમ નામનો છઠ્ઠો આરો ચાર કોડાકોડી સાગરોપમનો છે. એ પ્રમાણે ઉત્સર્પિણીના નવ કોડાકોડી સાગરોપમ પ્રમાણ કાળ સુધી એ બન્ને મુનિઓ દશ ક્ષેત્રમાંથી કોઈ પણ ક્ષેત્રમાં હોય નહિ. તથા અવસર્પિણીમાં પણ સુષમસુષમા નામનો પહેલો આરો ચાર કોડાકોડી સાગરોપમનો, સુષમ નામનો બીજો આરો ત્રણ કોડાકોડી સાગરોપમનો, અને સુષમદુઃષમ નામનો ત્રીજો આરો બે કોડાકોડી સાગરોપમનો છે. એ ત્રણ આરામાં પણ નવ કોડાકોડી

સાગરોપમના કાળ સુધી એ બે પ્રકારના મુનિઓ હોય નહિ. જેથી એ પ્રમાણે[1] છેદોપસ્થાપનીય ચારિત્ર અને પરિહારવિશુદ્ધિ ચારિત્રવાળા મુનિઓનો (એટલે એ બે ચારિત્રનો જ) ઉત્કૃષ્ટ વિરહકાળ અઢાર કોડાકોડિ સાગરોપમનો પ્રાપ્ત થાય છે. વળી ઉત્સર્પિણીના ચોથા આરાના પ્રારંભમાં તેમજ અવસર્પિણીના ત્રીજા આરાને અન્તે પણ કેટલાક કાળ સુધી એ બે ચારિત્ર વર્તતાં હોય છે તો એ કાળ ઘણો અલ્પ હોવાથી જ તેટલો ન્યૂન ઉત્કૃષ્ટ વિરહકાળ ગણવા યોગ્ય છતાં પણ ગણ્યો નથી. અને એ પ્રમાણે જઘન્ય વિરહકાળના સંબંધમાં પણ એમ જ જાણવું કે - કિંચિત્ હીન વા અધિક કાળની અહીં વિવક્ષા કરવાની ઉપેક્ષા જ કરેલી છે (ઉપેક્ષા કરીને નથી ગણ્યો - એ ભાવાર્થ).

વળી પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં તો એ બે ચારિત્રવાળા મુનિઓનો સદાકાળ જ અભાવ હોય છે, (માટે મહાવિદેહની અપેક્ષાએ જઘન્ય વા ઉત્કૃષ્ટ વિરહકાળ એ બે ચારિત્રને માટે હોય જ નહિ). તથા લોકમાં સામાયિક ચારિત્ર અને યથાખ્યાત ચારિત્ર એ બે ચારિત્રનો તો વિરહકાળ જ નથી; કારણ કે મહાવિદેહ[2] વિગેરે ક્ષેત્રોમાં એ બે ચારિત્ર નિરન્તરપણે સદાકાળ પ્રવર્તતાં જ હોય છે. તથા સૂક્ષ્મસંપરાય ચારિત્રીઓનો જઘન્ય અન્તરકાળ એક સમયનો છે, અને ઉત્કૃષ્ટ વિરહકાળ છ માસનો છે (તે ગ્રંથમાં કહ્યો નથી તો પણ) તે પોતાની મેળે જ જાણવો. એ ૨૬૧મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૨૬૧॥

## ॥ સમ્યક્ત્વાદિકનો પ્રાપ્તિનો અંતરકાળ ॥

अवतरणः હવે આ ગાથામાં સમ્યક્ત્વાદિ જીવગુણોની પ્રતિપત્તિનો વિરહકાળ કહેવાય છે (એટલે સમ્યક્ત્વાદિ ગુણો ઉત્પન્ન થયેલા વર્તતા હોય તો પણ લોકમાં સમ્યક્ત્વાદિની અભિનવ પ્રાપ્તિ કેટલા કાળ સુધી ન થાય ? તે પ્રાપ્તિનું અન્તર કહે છે) :

**सम्मत्तसत्तगं खलु, विरयाविरईए होइ चोद्दसगं ।**
**विरईए पनरसगं, विरहियकालो अहोरत्ता ॥२६२ ॥**

---

૧. અહીં કાળ ગણવાની સુગમતા માટે બાર આરાના કાળનો અનુક્રમ આ પ્રમાણે :

| | અવસર્પિણી | | | | |
|---|---|---|---|---|---|
| આરો. | કો.કો.કાળ | છેદોપ. પરિ. | | ઉત્સર્પિણીમાં | બે ચારિત્ર |
| ૧ | ૪ | ૦ ૦ | ૧ | ૨૧૦૦૦ વર્ષ | ૦ - ૦ |
| ૨ | ૩ | ૦ ૦ | ૨ | ૨૧૦૦૦ વર્ષ | ૦ - ૦ પર્યન્તે કિંચિત્ |
| ૩ | ૨ | પર્યન્તે કિંચિત્<br>૦ ૦ | ૩ | દેશોન ૧ કો.કો. | દેશોન ૧ કો. |
| ૪ | દેશોન ૧ | દેશોન ૧ | ૪ | ૨ કો.કો. | પ્રારંભે કિંચિત્<br>૦ ૦ |
| ૫ | ૨૧૦૦૦ વર્ષ | પ્રારંભે કિંચિત્ | ૫ | ૩ કો.કો. | ૦ - ૦ |
| ૬ | ૨૧૦૦૦ વર્ષ | ૨૧૦૦૦ -૦<br>૦ ૦ | ૬ | ૪ કો.કો. | ૦ - ૦ |

અહીં ચારિત્રના ખાનામાં ૦ શૂન્ય સ્થાને અન્તરકાળ ગણવો.

૨. અહીં महाविदेहादिषुમાં आदि પદનું અવશ્ય પ્રયોજન નથી તો પણ આદિ પદ હોવાથી પંદર ક્ષેત્રના સામાન્યપણાથી એ કાળ કહ્યો જાણવો. નહિતર વાસ્તવિક રીતે તો પાંચ મહાવિદેહમાં જ એ બે ચારિત્ર સદાકાળ પ્રવર્તે છે, અને પાંચ ભરતક્ષેત્ર તથા પાંચ ઐરવત ક્ષેત્રમાં તો કદાચિત્ કદાચિત્ પ્રવર્તે છે. એ વિશેષતઃ જાણવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગાથાર્થ: સમ્યક્ત્વની પ્રાપ્તિનો વિરહકાળ નિશ્ચય સાત અહોરાત્રનો, વિરતાવિરતિનો (દેશવિરતિનો) પ્રાપ્તિવિરહ ચૌદ અહોરાત્ર, વિરતિનો (સર્વવિરતિનો) પ્રાપ્તિવિરહકાળ પંદર દિવસનો કહ્યો છે. ॥૨૬૨॥

ટીકાર્થ: અહીં આ ચાલુ ગાથામાં કહેલા સમ્યક્ત્વાદિ ગુણોને આશ્રયિ જીવો પ્રથમ બે પ્રકારના છે; ૧. પૂર્વ[1]પ્રતિપન્ન અને ૨. પ્રતિપદ્યમાન. ત્યાં સમ્યક્ત્વના પૂર્વપ્રતિપન્ન જીવો લોકમાં કદી પણ વિચ્છેદ પામતા નથી, કારણ કે એ ગુણવાળા જીવો લોકને વિષે હમેશાં નિરન્તરપણે અસંખ્યાતા વર્તતા જ હોય છે. અને સમ્યક્ત્વના પ્રતિપદ્યમાન જીવો તો કદાચિત્ કદાચિત્ હોય છે. અને જો તેઓ કદાચિત્ નથી હોતા તો જઘન્યથી એક સમય સુધી અને ઉત્કૃષ્ટથી સાત અહોરાત્ર સુધી નથી હોતા. એટલે ત્રણે લોકમાં એવો પણ વખત આવે છે કે જે વખતે સાત દિવસ સુધી કોઈ જીવ સમ્યક્ત્વગુણ નવેસરથી પામે જ નહિ, એ તાત્પર્ય છે. ॥ इति सम्यक्त्व प्राप्तिविरहः ॥

તથા વિરતાવિરત એટલે દેશવિરતિના પણ પૂર્વપ્રતિપન્ન જીવો (એટલે પ્રતિપન્ન દેશવિરતિઓ) લોકમાં સદાકાળ હોય છે, અને તે અસંખ્યાતા જ હોય છે. પરન્તુ દેશવિરતિના પ્રતિપદ્યમાન જીવો (એટલે પ્રતિપદ્યમાન દેશવિરતિઓ) કદાચિત્ ન પણ હોય. જો ન હોય તો જઘન્યથી એક સમય સુધી ન હોય. અને ઉત્કૃષ્ટથી તો શ્રીઆવશ્યકસૂત્રમાં 'विरयाविरईए होइ बारसगं' [વિરતાવિરતનો પ્રતિપત્તિવિરહ બાર દિવસનો છે], એ વચનથી બાર દિવસનો વિરહ કહ્યો છે, અને આ ગ્રંથકર્તાએ કોઈ પણ હેતુથી કે ગ્રંથાધારથી चोद्दसगं ચૌદ દિવસનો વિરહકાળ કહ્યો - લખ્યો છે. એ બાબતમાં શું [2]પરમાર્થ છે ? તે અમો જાણતા નથી. ॥ इति देशविरतिप्रतिपत्तिविरहः ॥

તથા સર્વવિરતિના પણ પ્રતિપન્ન જીવો (એટલે પ્રતિપન્ન સર્વવિરતિઓ) લોકમાં સદાકાળ સંખ્યાતા[3] વર્તતા જ હોય છે. અને સર્વવિરતિના પ્રતિપદ્યમાન જીવો (પ્રતિપદ્યમાન સર્વ વિરતિઓ) તો કોઈ વખતે ન પણ હોય. વળી જો ન હોય તો જઘન્યથી એક સમય સુધી ન હોય, અને ઉત્કૃષ્ટથી પંદર અહોરાત્ર સુધી ન હોય. (અર્થાત્ ૧૫ દિવસ સુધી લોકમાં કોઈ સર્વવિરતિ જ ન પામે એવો પણ કાળ આવે છે). એ ૨૬૨ મી ગાથાનો અર્થ સમાપ્ત થયો

---

૧. સમ્યક્ત્વાદિ ગુણને જેઓ પામેલા છે (પરન્તુ વર્તમાનમાં પામતા છે એમ નહિ,) એવા સમ્યક્ત્વાદિ ગુણમાં વર્તતા જીવો पूर्वप्रतिपन्नसम्यग्दृष्ट्यादि, અને સમ્યક્ત્વાદિ ગુણને વર્તમાનમાં પામે છે તેવા પ્રથમ સમયમાં વર્તતા જીવો प्रतिपद्यमानसम्यग्दृष्टि आदि કહેવાય.

૨. શ્રી પંચસંગ્રહમાં જ ચૌદ દિવસનો વિરહ કહ્યો છે. તે પ્રમાણે આ ગ્રંથકર્તાએ પણ ચૌદ દિવસનો વિરહ કહ્યો હોય તો તે સંભવિત જ છે. તે પાઠ આ પ્રમાણે :

सम्माई तिन्नि गुणा, कमसो सग चोद्द पन्नरदिणाणि ।
छम्मास अजोगित्तं, न कोवि पडिवज्जए सययं ॥६३॥ દ્વાર બીજું ॥

અર્થ: સમ્યક્ત્વ આદિ ત્રણ ગુણો (સમ્યક્ત્વ, દેશવિરતિ અને સર્વવિરતિ)ને અનુક્રમે સાત દિવસ, ચૌદ દિવસ અને પંદર દિવસ સુધી તથા અયોગીપણાને છ માસ સુધી નિરન્તર કોઈપણ જીવ પ્રાપ્ત ન કરે (એવો વિરહકાળ આવે છે). ॥૬૩॥

વળી આવશ્યકસૂત્ર એ સિદ્ધાન્ત છે, અને પંચસંગ્રહ એ કર્મગ્રંથ સંબંધી પ્રકરણ છે, માટે એ ઉપરથી સિદ્ધાન્તમતે ૧૨ દિવસનો અને કાર્મગ્રંથિકમતે ચૌદ દિવસનો દેશવિરતિ પ્રતિપત્તિવિરહકાળ મનાતો હોય તો પણ સંભવિત છે.

૩. સમ્યક્ત્વાદિમાં અસંખ્યાત કહ્યા અને સર્વવિરતિમાં સંખ્યાત કહેવાનું કારણ કે સર્વવિરતિ પ્રતિપન્ન તો માત્ર ગર્ભજ મનુષ્યોમાંના કેટલાક ગર્ભજ મનુષ્યો જ હોય છે, અને ગર્ભજ મનુષ્યો ઉત્કૃષ્ટથી પણ સંખ્યાતા જ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥२६२॥ इति सर्वविरति[1] प्रतिपत्तिविरहः ॥

अवतरणः એ પ્રમાણે જીવમાં રહેલા કેટલાક ગુણોનો લેશથી (સંક્ષેપે) અન્તરકાળ કહીને હવે જીવમાં રહેલા સર્વ ગુણોનો અન્તરકાળ કહેવો અશક્ય ધારીને તે ગુણોનો વિરહકાળ જાણવાની ભલામણ કરતા છતા ગ્રંથકર્તા આ ગાથા કહે છે (એટલે આ ગાથામાં જીવના શેષ ગુણોનો અન્તરકાળ જાણવાની ભળામણ કરે છે) :

**भवभावपरित्तीणं, कालविभागं कमेणऽणुगमित्ता ।**
**भावेण समुवउत्तो, एवं कुज्जंऽतराणुगमं ॥२६३॥**

गाथार्थः એ પ્રમાણે નારકાદિ ભવ અને ઔદાયિકાદિ ભાવ એ બેની પરાવૃત્તિનો કાળવિભાગ અનુક્રમે જાણીને ભાવથી એકાગ્ર ઉપયોગવાળા થઈને અન્તરનો અનુગમ (અન્તરકાળની વ્યાખ્યા) કરવો. ॥૨૬૩॥

टीकार्थः નારક આદિકની ગતિ તે ભવ, અને ઔદયિકાદિ પાંચ ભાવ (અથવા બીજા અનેક જીવ સ્વભાવ)તે ભાવ. તે ભવ તથા ભાવોની પરાવૃત્તિઓ એટલે વિવક્ષિત (અમુક) ભવ અથવા ભાવમાંથી બીજા ભવ અથવા ભાવમાં જવું તે ભવભાવપરાવૃત્તિ કહેવાય. તે પરાવૃત્તિઓનો કાળદ્વારાદિ વડે કહેલો જુદો જુદો કાળ વિભાગ એટલે વિવિક્ત - અસંકીર્ણ (છૂટું છૂટું - ભિન્ન ભિન્ન) કાળનું સ્વરૂપ (એટલે ભિન્ન ભિન્ન કાળ) અનુક્રમે જાણીને भावेण મનઃપરિણામ વડે समुवउत्तो -સમુપયુક્ત-સમ્યક્ પ્રકારે એકાગ્ર ચિત્તવાળા થઈને एवं = પૂર્વે કહેલા (ગુણ સ્થાનાદિ અન્તરકાળના) સ્વરૂપને અનુસારે પૂર્વે નહિ કહેલા જીવગુણોનું પણ કરે; શું કરે ? તે કહે છે - अंतराणुगमं - અન્તરનો (અન્તરકાળનો) અનુયોગ એટલે અન્તરકાળની વ્યાખ્યા (કરે) [એ ગાથાનો અક્ષરાર્થ કહ્યો].

એમાં કહેવાનું તાત્પર્ય એ છે કે - અમુક ભવમાંથી બીજા ભવમાં જવું અને અમુક ભાવમાંથી બીજા ભાવમાં સંક્રમવું (એટલે એક ભાવ છોડીને અન્ય ભાવ પામવો) તે રૂપ પરાવૃત્તિ જેટલે કાળે થાય (અર્થાત્ જેટલા કાળે એક ભવમાંથી બીજા ભવમાં જવાય છે, અને એક ભાવથી બીજો ભાવ પ્રાપ્ત થાય છે) તે કાળ મર્યાદા જાણીને, અને એ ભવ તથા ભાવના ઉપલક્ષણથી લેશ્યા, વેદ, કષાય, જ્ઞાન અને દર્શનાદિ જીવગુણોની પરાવૃત્તિઓના પણ કાળવિભાગ (કાળમર્યાદા) શ્રીસિદ્ધાન્તને અનુસારે જાણીને પૂર્વે નહિ કહેલા પદાર્થોના પણ અન્તરનું એટલે વિરહકાળનું વ્યાખ્યાન, પૂર્વોક્ત રીતે સુબુદ્ધિવાળો જીવ એટલે સિદ્ધાન્તના જ્ઞાન વડે પરિશીલિત (પરસ્પરાવિરોધાદિ વિચારમાં કુશળ એવો) આત્મા જેનો થયો છે તેવો કોઈક જીવ - જ્ઞાતા જ (નહિ કહેલા જીવ સ્વભાવોના વિરહકાળનું વ્યાખ્યાન) કરે. એ ૨૬૩મી ગાથાનો અર્થ સમાપ્ત ॥૨૬૩॥ इति जीवगुणानां अन्तरकालः ॥

अवतरणः એ પ્રમાણે જીવદ્રવ્યમાં રહેલા કેટલાક સ્વભાવોનો - જીવગુણોનો અન્તરકાળ કહીને હવે તેના વિપક્ષભૂત - પ્રતિપક્ષી અજીવદ્રવ્યોનો અન્તરકાળ વિચારવાને કહે છે :

૧. અહીં સમ્યક્ત્વાદિ પ્રતિપત્તિવિરહના અધિકારમાં વિશેષતઃ એ જાણવું કે સમ્યક્ત્વાદિ ગુણની પ્રાપ્તિનો પ્રથમ સમય જ પ્રતિપત્તિમાં ગણાય, અને દ્વિતીયાદિ સમયે તો એ જ ગુણ અથવા જીવ પ્રતિપન્ન ગણાય. માટે પ્રતિપત્તિ સમયોથી પ્રતિપન્ન સમયો એક જીવની અપેક્ષાએ પણ અસંખ્યાતગુણા જાણવા.

**परमाणूदव्वाणं, दुपएसाईणमेव खंधाणं ।**
**समओ अणंतकालो - त्ति अंतरं नत्थि सेसाणं ॥२६४॥**

ગાથાર્થ: પરમાણુદ્રવ્યોનું (અન્તર અસંખ્ય કાળ છે), અને દ્વિપ્રદેશાદિ સ્કંધોનું અન્તર જઘન્યથી એક સમય તથા ઉત્કૃષ્ટથી અનન્ત કાળ છે. અને શેષ ધર્માસ્તિકાયાદિ (ચાર) દ્રવ્યોનું અન્તર જ નથી. ॥૨૬૪॥

ટીકાર્થ: એકેક છૂટા પડેલા, પુદ્‌ગલદ્રવ્યરૂપ પરમાણુદ્રવ્યોનું જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ જેટલું અન્તર છે. અહીં ઉત્કૃષ્ટ અન્તર અસંખ્ય કાળનું કહ્યું તે અધ્યાહારથી (ગાથામાં કહ્યું નથી માટે અન્ય ગ્રંથથી) જાણવું. અહીં તાત્પર્ય આ પ્રમાણે વિચારવું કે - જ્યારે એકાકી છૂટો પરમાણુ (પોતાનું એકાકી છૂટાપણું છોડીને) બીજા કોઈ પરમાણુ સાથે અથવા દ્વિપ્રદેશી સ્કંધ સાથે અથવા ત્રિપ્રદેશી સ્કંધરૂપ બીજાં પુદ્‌ગલદ્રવ્યો સાથે એક સમય માત્ર સંબંધવાળો થઈને (સ્કંધરૂપે પરિણમીને) પુનઃ પણ એકાકી પરમાણુપણાને પ્રાપ્ત કરે, ત્યારે પરમાણુને પુનઃ પરમાણુ સ્વરૂપે થતાં જઘન્યથી એક સમય અન્તરકાળ થાય છે. વળી જ્યારે તે જ પરમાણુ તે જ બીજા પરમાણુ આદિ અન્ય દ્રવ્યની (સ્કંધની) સાથે જોડાઈને અસંખ્ય કાળ સુધી (સ્કંધપણે) રહીને પુનઃ એકાકી પરમાણુપણું પ્રાપ્ત કરે તો એ રીતે ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ જેટલું અન્તર લાગે છે. (અર્થાત્ અસંખ્ય કાળે અવશ્ય પુનઃ પરમાણુરૂપે જ થાય.) જે કારણથી સિધ્ધાન્તમાં કહ્યું છે કે - परमाणुस्स णं भंते ! अंतरं कालओ केचिरं होइ ? गोयमा ! जहण्णेणं एक्कं समयं उक्कोसेणं असंखेज्जं कालं ॥' ઇતિ.

તથા दुपएसाईणमेव ઇત્યાદિ - બે પ્રદેશ એટલે બે પરમાણુ જે સ્કંધને વિષે હોય તે દ્વિપ્રદેશી સ્કંધ ત્યાંથી પ્રારંભીને જે ત્રિપ્રદેશી આદિ સ્કંધો તે દ્વિપ્રદેશાદિ કહેવાય. તે દ્વિપ્રદેશી આદિ સ્કંધોનું જઘન્યથી સમયમાત્ર અને ઉત્કૃષ્ટથી અનન્ત કાળ જેટલું અન્તર છે. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે - અહીં કોઈ પણ વિવક્ષિત એક દ્વિપ્રદેશી આદિ સ્કંધ પોતે ત્રુટીને કકડા થઈ જઈને અથવા તો બીજા દ્રવ્યની સાથે (બીજા સ્કંધની સાથે) જોડાઈ જઈને પોતાનો દ્વિપ્રદેશાદિપણાનો ત્યાગ કર્યા બાદ વિશ્રસાપરિણામ વડે (એટલે સ્વાભાવિક રીતે) એક સમય બાદ પુનઃ તે દ્વિપ્રદેશાદિભાવને પ્રાપ્ત કરે તો (એવી રીતે) પોતાના પરિણામને (દ્વિપ્રદેશાદિપણાને) ત્યાગ કરેલ એવા તે દ્વિપ્રદેશાદિ સ્કંધને પુનઃ તે ભાવ (દ્વિપ્રદેશાદિભાવ) પ્રાપ્ત કરવામાં જઘન્યથી એક સમય જેટલું અન્તર લાગે છે. અને જ્યારે તે જ દ્વિપ્રદેશાદિ સ્કંધ ત્રુટી કકડા થઈને અથવા બીજા સ્કંધો સાથે સંયોગ તથા વિયોગભાવને અનુભવતો (એટલે બીજા સ્કંધોની સાથે મળે અને છૂટો પડે એમ અનન્ત સ્કંધોની સાથે મળતો અને છૂટો પડતો) અનન્ત કાળ સુધી એ રીતે ભમીને પુનઃ તે જ વિવક્ષિત બે આદિ પરમાણુઓ સાથે મળીને તે જ વિવક્ષિત ભાવને (દ્વિપ્રદેશાદિ સ્કંધ સ્વરૂપને) પ્રાપ્ત કરે તો એ પ્રમાણે ઉત્કૃષ્ટથી અનન્ત કાળનું અંતર સિદ્ધ થાય છે. (એ સ્કંધોનો જઘન્ય - ઉત્કૃષ્ટ અંતરકાળ કહ્યો).

વળી કેટલાક આચાર્ય તો (આ ગાથામાં परमाणू दव्वाणं એ વાક્ય પછી અસંખ્ય કાળ


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંબંધી પદનો) અધ્યાહાર કર્યા વિના પરમાણુદ્રવ્યોને માટે પણ ઉત્કૃષ્ટથી અનન્ત કાળ જેટલું અંતર કહે છે, તે વાત અયુક્ત જ છે. કારણ કે પરમાણુને પુનઃ પરમાણુરૂપે થવામાં તો વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ આદિ (શ્રીભગવતીજી આદિ) સિદ્ધાન્તોમાં અનેક સ્થાને ઉત્કૃષ્ટ અન્તરમાં (ઉત્કૃષ્ટ અન્તરનો) અસંખ્યાત જ કાળ કહેલો છે (પરન્તુ અનન્ત કાળ કહ્યો નથી). इति विसंवाद[1] कथनम् ॥

૧. અહીં વિસંવાદ ઉત્પન્ન થવાનું કારણ એ છે કે - જેમ દ્વિપ્રદેશી આદિ સ્કંધો બીજા અનન્ત સ્કંધોની સાથે ભ્રમણ કરીને પુનઃ પોતાના દ્વિપ્રદેશી આદિ મૂળ-વિવક્ષિત ભાવને જો અનન્ત કાળે જ પ્રાપ્ત કરે તો એજ રીતે પરમાણુ પણ અનન્ત સ્કંધોની સાથે ભળીને અનન્ત કાળે પોતાનું પરમાણુપણું પુનઃ પ્રાપ્ત કરે એ સર્વ દ્રવ્યોને અંગે સરખો ન્યાય છે, તો પરમાણુનું અન્તર અસંખ્ય કાળ અને દ્વિપ્રદેશી આદિ દ્રવ્યોનું અન્તર અનન્ત કાળ એમ જુદું જુદું અન્તર શા માટે કહેવું જોઈએ ? (એજ વિસંવાદીનો પ્રશ્ન છે).

અહીં સમાધાન તરીકે અવશ્ય વિચારવા યોગ્ય એ છે કે - કોઈ પણ દ્રવ્યનો તદ્રૂપસંયોગ અથવા વિયોગ અસંખ્ય કાળથી વધારે ટકતો જ નથી. એ અવશ્ય નિયમને ધ્યાનમાં લઈએ તો પરમાણુદ્રવ્યનો અન્ય અન્ય સ્કંધો સાથેનો સંયોગ અસંખ્ય કાળ સુધી થઈને ત્યારબાદ અવશ્ય વિયોગ થતાં પુનઃ પરમાણુરૂપે જ થાય. એ કારણથી જ પરમાણુનો અન્તર કાળ અસંખ્ય કાળ કહ્યો છે. એજ પ્રમાણે દ્વિપ્રદેશી આદિ સ્કંધો પણ તદ્રૂપ સંયોગમાં અસંખ્ય કાળ સુધી જ પૂર્વોક્ત નિયમ પ્રમાણે રહે છે, અને ત્યારબાદ અવશ્ય તદ્રૂપપણાનો વિયોગ જ થાય છે (એટલે વિવક્ષિત બે આદિ પરમાણુઓ અસંખ્ય કાળ સુધી તદ્રૂપ દ્વિપ્રદેશીપણે રહીને અસંખ્ય કાળ બાદ અવશ્ય તે બે પરમાણુઓ છૂટા પડીને તેમાંનો એક પરમાણુ બીજા ત્રુટેલા દ્વિપ્રદેશી સાથે જોડાઈને અન્ય દ્વિપ્રદેશીરૂપે અથવા તો અખંડ રહેલા અન્ય દ્વિપ્રદેશી સાથે જોડાઈને નવો ત્રિપ્રદેશી સ્કંધ બને છે. અથવા ત્રુટેલા તેમજ અખંડ રહેલા ત્રિપ્રદેશી આદિ સાથે જોડાઈને અન્ય ત્રિપ્રદેશી આદિ સ્વરૂપે રહે છે. એ પ્રમાણે તે જ વિવક્ષિત દ્વિપ્રદેશીનો બીજો પરમાણુ પણ છૂટો પડીને અન્ય દ્વિપ્રદેશી-ત્રિપ્રદેશી આદિ સ્વરૂપે પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે અસંખ્ય કાળ સુધી બન્ને પરમાણુઓ અન્ય અન્ય સ્કંધોમાં સંબંધવાળા થઈને ત્યારબાદ અવશ્ય પરમાણુરૂપે છૂટા પડી જાય છે. પુનઃ એ બે છૂટા પડેલા પરમાણુઓ પણ પરમાણુરૂપે અસંખ્ય કાળ સુધી જ છૂટા રહીને પુનઃ અસંખ્ય કાળ સુધી અન્ય દ્વિપ્રદેશી આદિ સ્કંધોમાં પરિણત થાય છે. પુનઃ અસંખ્ય કાળે છૂટા પડી અસંખ્ય કાળ સુધી પરમાણુરૂપે રહી એ બે વિવક્ષિત પરમાણુ પુનઃ અસંખ્ય કાળ સુધી સ્કંધોમાં ભમે છે. એ રીતે વારંવાર દરેક સ્કંધ સાથે અસંખ્ય કાળ સુધી સંયોગવાળા અને અસંખ્ય કાળ સુધી વિયોગવાળા થતાં થતાં અનન્ત સ્કંધોમાં એ રીતે ભમતાં પુનઃ એજ બે પરમાણુઓને ભેગા થવાનો પ્રસંગ ઉત્કૃષ્ટથી અનન્ત કાળે જ પ્રાપ્ત થાય. તે કારણથી વિવક્ષિત બે પરમાણુના બનેલા દ્વિપ્રદેશી સ્કંધને છૂટા પડ્યા બાદ પુનઃ એ જ બે પરમાણુનો દ્વિપ્રદેશી સ્કંધ બનતાં વચમાં અનંત કાળ વ્યતીત થઈ જાય છે. એ જ રીતે ત્રિપ્રદેશી આદિ સ્કંધોને પણ તે જ પરમાણુઓના ત્રિપ્રદેશી આદિ સ્કંધ બનવામાં ઉત્કૃષ્ટથી અનન્ત કાળ વ્યતીત જાય છે. માટે પરમાણુનો અન્તર કાળ અસંખ્ય કાળ જ હોય અને સ્કંધોનો અન્તરકાળ અનન્ત જ હોય તે સારી રીતે સમજી શકાય તેમ છે.

આ બાબતની જ ચર્ચા શ્રીઅનુયોગદ્વાર સૂત્રની વૃત્તિમાં કરી છે તેનો અક્ષરાર્થ આ પ્રમાણે - इह यदा किञ्चिदनानुपूर्विद्रव्यं परमाणुलक्षणमन्येन ઇત્યાદિ - અહીં જ્યારે પરમાણુરૂપ કોઈ અનાનુપૂર્વી દ્રવ્ય બીજા કોઈ દ્વયણુક - ત્ર્યણુકાદિ દ્રવ્ય સાથે જોડાઈને એક સમય બાદ છૂટું થઈને પુનઃ પણ તથાસ્વરૂપ જ (પરમાણુ દ્રવ્યરૂપે જ) થાય ત્યારે સમયરૂપ જઘન્ય અન્તરકાળ પ્રાપ્ત થાય છે અને 'उक्कोसेणं असंखेज्जकालं' એટલે તે જ અનાનુપૂર્વી દ્રવ્ય (પરમાણુ) જ્યારે બીજા પરમાણુ સાથે અથવા કોઈ દ્વયણુક - ત્ર્યણુકાદિ દ્રવ્ય સાથે જોડાય, અને તેવી રીતે અસંખ્ય કાળ સુધી જોડાયેલું રહીને છૂટું પડીને પુનઃ પણ તથાસ્વરૂપે જ (પરમાણુરૂપે જ) થાય ત્યારે ઉત્કૃષ્ટથી અસંખ્યાત અન્તરકાળ પ્રાપ્ત થાય છે. अत्राह - અહીં કોઈ પ્રશ્ન કરે છે કે - અનાનુપૂર્વીદ્રવ્ય જ્યારે અનન્તાનન્ત પરમાણુઓથી બનેલા અનન્તપ્રદેશી સ્કંધ સાથે જોડાય, અને તે સંયોગમાં અસંખ્ય કાળ સુધી રહે ત્યારબાદ તે સ્કંધ ભેદાય, અને તે સ્કંધ ભેદાતાં તેમાંથી જે નાનો સ્કંધ થયો તેની સાથે પણ અસંખ્ય કાળ સુધી જોડાયેલું રહે; પુનઃ તે નાનો અનન્ત પ્રદેશી સ્કંધ ભેદાતાં જે બીજો વધારે નાનો સ્કન્ધ થયો તેની સાથે પણ અસંખ્ય કાળ સુધી જોડાયેલું રહે, પુનઃ તે વધારે નાનો સ્કંધ ભેદાતાં તેમાંથી જે ઘણો નાનો સ્કંધ થયો તેની સાથે પણ અસંખ્ય કાળ સુધી જોડાયેલું રહે; એ પ્રમાણે તે સ્કંધ ભેદાતાં પણ અનુક્રમે અસંખ્યાતા પણ (નાનાથી નાના, તેથી નાના) સ્કંધો સંભવે - થાય. અને તે દરેક સ્કંધમાં તે અનાનુપૂર્વીદ્રવ્ય (જ્યારે પરમાણુ દ્રવ્ય)


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા नत्थि सेसाणं - પૂર્વોક્ત પુદ્‌ગલાસ્તિકાયથી અન્ય ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ એ ચાર અજીવ દ્રવ્યોનો અન્તરકાળ નથી. કારણ કે એ ચાર દ્રવ્યો પોતાના સ્વરૂપનો ત્યાગ કરીને પુનઃ પોતાના સ્વરૂપને પ્રાપ્ત કરે એવો સંભવ જ નથી (અર્થાત્ પોતાના સ્વરૂપને જ ત્યાગ કરતાં નથી). અર્થાત્ એવો કાળ હતો નહિ, છે નહિ, તેમ હશે પણ નહિ કે જે કાળે ધર્માસ્તિકાયાદિ ચાર દ્રવ્યો પોતાનાં સ્વરૂપનો ત્યાગ કરીને પુનઃ કેટલેક કાળને અન્તરે તે સ્વરૂપને પુનઃ પ્રાપ્ત કરે. તે કારણથી એ દ્રવ્યોનાં અન્તરકાળનો વિચાર કરવાનો હોય

---

જોડાયેલું ને જોડાયેલું જ અસંખ્ય અસંખ્ય કાળ સુધી રહે, ત્યારે તે (અનંતવારની) અસંખ્ય કાળની સ્થિતિઓ અનુભવીને ત્યારબાદ એકાકી જ થાય (પર્યન્તે તે એક જ પરમાણુરૂપ રહે). તો તે અનાનુપૂર્વીદ્રવ્યનો પૂર્વોક્ત અનન્ત સ્કંધોની (દરેકની અસંખ્ય અસંખ્ય) સ્થિતિઓની અપેક્ષાએ અનન્ત કાળ જેટલો પણ અન્તરકાળ પ્રાપ્ત થઈ શકે છે તો અસંખ્યાત જ અન્તરકાળ કેમ કહ્યો ? હવે એ પ્રશ્નનો ઉત્તર અપાય છે કે - હા, એમ પણ બને, પણ તે ક્યારે ? કે - જો સ્કંધમાં જોડાયેલો પરમાણુ એટલા કાળ સુધી સંયોગવાળો રહેતો હોય તો જ, અને તેમ તો છે જ નહિ; કારણ કે પુદ્‌ગલ દ્રવ્યોનો સંયોગ તત્સ્વરૂપે અસંખ્યાતકાળ સુધી જ રહે છે, એમ પ્રથમ કહ્યું છે જ. વળી જો તમો એમ કહેતા હો કે - જે સ્કંધને વિષે તે પરમાણુ સંબદ્ધ થયો છે, તે જ સ્કંધ જો અસંખ્ય કાળ વીત્યા બાદ ભેદાય છે તો એ રીતે પુદ્‌ગલના સંયોગનો અસંખ્ય કાળરૂપ નિયમ તો સાર્થક જ છે. પરન્તુ (તે સ્કંધ અસંખ્ય કાળે ભેદાવા છતાં પણ) વિવક્ષિત પરમાણુનો વિયોગ ભલે ને ન પણ થાય ! [અર્થાત્ સ્કંધ પોતાના કાળનિયમ પ્રમાણે ભલે અસંખ્ય કાળ થયા બાદ ભેદાય, પરન્તુ તેથી તે ભેદાયેલા સ્કંધના ખંડમાંથી વિવક્ષિત એક પરમાણુ પણ છૂટો પડી જાય એમ માનવાની શી જરૂર ? અનેક વાર જુદા જુદા કકડા થવા છતાં પણ તે વિવક્ષિત પરમાણુ કોઈ પણ એક કકડામાં કાયમ ને કાયમ સંબંધવાળો કેમ ન રહે ? અને જો તેમ થાય તો અનન્ત કાળે તો તે પરમાણુ અવશ્ય છૂટો પડશે જ જેથી તે પરમાણુનું અન્તર અનન્ત કાળ જેટલું પ્રાપ્ત થવું સંભવિત છે].

હવે એનો ઉત્તર અપાય છે કે - ના, એ પ્રમાણે બનતું જ નથી. કારણ કે જે દ્રવ્યનો અન્ય દ્રવ્યની સાથે સંયોગ થયો તે જ દ્રવ્યનો असंख्य काल बाद (अवश्य) वियोग थाय ज (એમ એ નિયમ જ સર્વત્ર) વિચારવો જોઈએ. (માટે પરમાણુમાં એ નિયમ વિચારીએ તો) જો પરમાણુના આશ્રયવાળો સ્કંધ (અસંખ્ય કાળે જ) ભેદાય તો તેવી રીતે પરમાણુ પણ જો અસંખ્ય કાળે ભેદાય તો શું પ્રાપ્ત થયું ? (અર્થાત્ પરમાણુ અસંખ્ય કાળે સ્કંધમાંથી ભેદાતાં પરમાણુનો પરમાણુ જ રહ્યો કે બીજું કોઈ દ્રવ્ય રહ્યું ?) કારણ કે [જેમ એક સ્કંધનો - દ્રવ્યનો અન્ય સ્કંધ-દ્રવ્ય સાથેનો સંયોગ અસંખ્ય કાળ સુધી જ રહે તો] અન્ય દ્રવ્યની સાથે સંયોગવાળા પરમાણુ દ્રવ્યની પણ તેટલી જ સ્થિતિ હોય. તે કારણથી પરમાણુપણે સંયોગવાળું પરમાણુ દ્રવ્ય છે, તો તેનો વિયોગ પણ પરમાણુપણે જ વિચારવો જોઈએ (અર્થાત્ પરમાણુ જો અન્ય દ્રવ્યની સાથે સંબંધવાળો થયો તો અસંખ્ય કાળે પુનઃ તે પરમાણુ જ થવો જોઈએ). માટે (પરમાણુનો) પૂર્વે કહેલો જ કાળ (અસંખ્ય અન્તરકાળ જ) જાણવો, પરન્તુ અનન્ત (અન્તરકાળ) નહિ. વળી જો તમો એમ પૂછતા હો કે - તે અણુનો વિયોગ પરમાણુપણે જ શા માટે વિચારવો ? તો કહીએ છીએ કે - સૂત્રના પ્રમાણથી જ. કારણ કે આ સૂત્રમાં (એટલે અનુયોગદ્વારમાં તથા શ્રીવ્યાખ્યાપ્રજ્ઞપ્તિ આદિ સિદ્ધાન્તોમાં (અણુનો પુનઃ અણુપણે જ વિયોગ વિચારેલો હોવાથી) પરમાણુનો પુનઃ પરમાણુપણે થવામાં અસંખ્ય કાળ જેટલો જ અન્તરકાળ કહેલો છે. એ બાબતની હવે વિશેષ ચર્ચાથી સર્યું. ॥ इति श्रीअनुयोगद्वारसूत्रस्य वृत्तेरक्षरार्थः ॥

અહીં તાત્પર્ય એજ આવ્યું કે - એક અનન્તપ્રદેશી સ્કંધમાં અનન્તા પરમાણુઓ છે. તે દરેક પરમાણુ અસંખ્ય કાળે તો અવશ્ય પરમાણુ રૂપે જ થવાના. જેથી અસંખ્ય કાળ બાદ તે સ્કંધમાં જોવા જઈએ તો પહેલાંના વિવક્ષિત પરમાણુઓમાંનો એક પણ પરમાણુ વિદ્યમાન ન હોય, પરન્તુ નવા નવા પરમાણુઓ જ આવેલા હોય. જેવી રીતે એક નિગોદના સર્વના અનન્ત જીવો અન્તર્મુહૂર્ત્તમાં અવશ્ય પલટાઈને બીજા નવા જ જીવોથી તે નિગોદ બનેલી હોય તેમ અનન્તપ્રદેશી આદિ સર્વ સ્કંધો પણ અસંખ્ય કાળે અવશ્ય પરાવર્ત્તનવાળા હોય જ. જેથી વિવક્ષિત અનન્તપ્રદેશી સ્કંધના અનન્ત કકડા થવામાં અનન્તાનન્ત કાળ ભલે વ્યતીત થઈ જાય, પરન્તુ તેમાંનો વિવક્ષિત પરમાણુઓમાંનો તો એક પણ પરમાણુ અનન્તમા કકડામાં મળી શકે નહિ જ. ઈત્યધિકમ્ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નહિ. એ દ્રવ્યો અનાદિ[1] અનન્ત પારિણામિક ભાવને હંમેશાં પ્રાપ્ત થયેલા છે. એ ભાવાર્થ છે. એ પ્રમાણે ૨૬૪મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૨૬૪॥ इत्यजीवस्यान्तरकाल : ॥ समाप्तं च षष्ठं अन्तरद्वारम् ॥

**॥ अथ सप्तमं भावअनुयोगद्वारम् ॥**

अवतरणः એ પ્રમાણે યથાયોગ્ય અજીવદ્રવ્યોનો પણ અન્તરકાળ કહ્યો. અને તે કહેવાથી જીવદ્રવ્ય અને અજીવદ્રવ્ય એ બન્ને દ્રવ્યનો અન્તરકાળ કહેવાયો, અને તે કહેવાથી છઠ્ઠું અન્તરદ્વાર સમાપ્ત થયું. હવે 'संतपयपरूवणया दव्वपमाणं च' ઇત્યાદિ ગાથામાં કહેલા નવ અનુયોગદ્વારના અનુક્રમ પ્રમાણે પ્રાપ્ત થયેલું સાતમું ભાવદ્વાર કહેવાની ઈચ્છાએ ગ્રન્થકર્તા આ ગાથા કહે છે :

**उवसम खइओ मीसो, उदओ परिणाम सन्निवाओ अ ।**
**छध्धा जीवसमासो, परिणामुदओ अजीवाणं ॥२६५॥**

गाथार्थः ઉપશમભાવ - ક્ષાયિકભાવ - મિશ્રભાવ (ક્ષયોપશમભાવ)- ઉદયભાવ- પારિણામિકભાવ અને સાન્નિપાતિકભાવ એ છ પ્રકારનો જીવસમાસ છે (એટલે એ છ ભાવ જીવદ્રવ્યમાં છે), અને અજીવદ્રવ્યમાં પારિણામિક તથા ઔદયિક એ બે ભાવ છે. ॥૨૬૫॥

टीकार्थः અહીં સૂત્ર તો સૂચના જ માત્ર કરનાર હોવાથી તેમજ (પદના વા વાક્યના) એક દેશભાગથી પણ સમગ્ર પદાદિ જાણવાનું હોવાથી उवसम = ઉપશમ ઇત્યાદિ એકેક પદથી પણ સિદ્ધાન્તમાં કહેલા ઔપશમિક આદિ છ ભાવો દર્શાવેલા છે એમ જાણવું. તે આ પ્રમાણે - ઔપશમિકભાવ- ક્ષાયિકભાવ-મિશ્ર એટલે ક્ષાયોપશમિકભાવ - ઔદયિકભાવ- પારિણામિકભાવ અને સાન્નિપાતિક ભાવ (એ છ ભાવ જાણવા).

૧. उपशमभाव - ત્યાં ઉપશમવું તે ઉપશમ; એટલે કર્મનો ઉદય પણ નહિ અને ક્ષય પણ નહિ એવી (ઉદયરહિત સત્તામાત્ર) અવસ્થા. રાખના સમૂહથી ઢંકાયેલા અગ્નિ સરખી અવસ્થા તે જ ઔપશમિકભાવ કહેવાય. અથવા તેવી અવસ્થારૂપ ઉપશમથી ઉત્પન્ન થયેલો જે જીવ પરિણામ તે[2] પણ ઔપશમિકભાવ કહેવાય.

૨. क्षायिकभाव - ક્ષય એટલે કર્મનો નાશ તે જ ક્ષાયિકભાવ ગણાય. અથવા કર્મના નાશથી ઉત્પન્ન થયેલો જીવપરિણામ તે પણ ક્ષાયિકભાવ ગણાય.

૩. क्षयोपशमभाव- પૂર્વોક્ત સ્વરૂપવાળો કર્મનો ક્ષય અને કર્મનો ઉપશમ તે બે મળીને ક્ષાયોપશમિકભાવ કહેવાય. અથવા તેવા પ્રકારના કર્મના ક્ષયથી અને ઉપશમથી ઉત્પન્ન થયેલો

૧. કાળની અપેક્ષાએ પારિણામિકભાવ (એટલે વસ્તુસ્વભાવ) ચાર પ્રકારનો છે. ત્યાં પુદ્ગલ વિગેરેના વર્ણાદિ પરિણામ અને જીવના ગત્યાદિ પરિણામ सादि सान्त, સિદ્ધત્વાદિ પરિણામ सादि अनन्त, ભવ્યત્વાદિ પરિણામ अनादि सान्त, અને મેરુપર્વતાદિ શાશ્વત પુદ્ગલ પદાર્થો તથા ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો अनादि अनन्त પરિણામવાળાં જાણવાં.

૨. અહીં છએ ભાવમાં બે બે અર્થ કરેલા છે. તેમાંનો પહેલો અર્થ કર્મને અંગે છે, અને બીજો અર્થ જીવને અંગે છે. જેથી કર્મનો પણ ઉપશમ આદિ ભાવ ગણાય, અને જીવનો પણ ઉપશમ આદિ ભાવ ગણાય. એમાં કર્મનો ઉપશમ એ કારણ છે. અને તેથી ઉત્પન્ન થયેલો જીવનો ઉપશમભાવ તે કાર્ય છે. કારણ કે કર્મના ઉપશમ વિના જીવને પણ ઉપશમભાવ ન હોય. ઇત્યાદિ રીતે છએ ભાવના બે બે અર્થ કારણ - કાર્યરૂપે વિચારવા.

જે જીવપરિણામ તે પણ ક્ષાયોપશમિકભાવ કહેવાય. એ ક્ષયોપશમભાવ કિંચિત્ ઓલવાયેલા - બુઝાયેલા અને રાખથી ઢાંકેલા અગ્નિ સરખો જાણવો.

૪. औदयिकभाव - જ્ઞાનાવરણીયાદિ કર્મોનો તે તે સ્વરૂપે જીવને વિપાકથી (સાક્ષાત્ ફળરૂપે - રસોદયરૂપે) જે અનુભવ થયો તે ઉદય કહેવાય. એવા પ્રકારનો કર્મનો ઉદય એ જ ઔદયિકભાવ. અથવા એવા ઉદય વડે ઉત્પન્ન થયેલો જીવપર્યાય તે પણ ઔદયિકભાવ કહેવાય.

૫. पारिणामिकभाव - તે તે સ્વરૂપે (એટલે પોતપોતાના સ્વરૂપે) વસ્તુઓનું જે પરિણમવું એટલે થવું તે પરિણામ કહેવાય. એ પરિણામ પોતે જ પારિણામિકભાવ કહેવાય. અથવા તો તેવા પરિણામ વડે ઉત્પન્ન થયેલા પદાર્થોના પર્યાયો તે પણ પારિણામિકભાવ ગણાય. (અહીં ઉદય અને પારિણામિકભાવમાં પર્યાય કહેવા વિશેષ યોગ્ય છે.)

૬. सान्निपातिकभाव - એ જ નિર્દેશ કરેલા પાંચ ભાવોનો દ્વિ આદિ[1] સંયોગ

---

૧. એ દ્વિસંયોગાદિ ચાર પ્રકારના સંયોગ ૨૬ ભાંગે થાય છે તે આ પ્રમાણે -

द्विसंयोगी १० भंग

૧. ઔપશમિક - ક્ષાયિક
૨. ઔપશમિક - મિશ્ર (ક્ષયો.)
૩. ઔપશમિક - ઔદયિક
૪. ઔપશમિક - પારિણામિક
૫. ક્ષાયિક - ક્ષાયોપશમિક
૬. ક્ષાયિક - ઔદયિક
૭. ક્ષાયિક - પારિણામિક
૮. ક્ષાયોપશમિક - ઔદયિક
૯. ક્ષાયોપશમિક - પારિણામિક
૧૦. ઔદયિક - પારિણામિક

એ પ્રમાણે બે બે ભાવના સંયોગથી થયેલા દશ ભાંગા તે દ્વિસંયોગી ભાંગા ગણાય. હવે ત્રિસંયોગી ભાંગા પણ દશ થાય છે તે આ પ્રમાણે :

૧૦ ત્રિસંયોગી ભાંગા
૧. ઔપ. - ક્ષા. - ક્ષાયોપ.
૨. ઔપ. - ક્ષા. - ઔદ.
૩. ઔપ. - ક્ષા. - પારિ.
૪. ઔ. - ક્ષા. - ઔદ.
૫. ઔ. - ક્ષાયો. - પારિ.
૬. ઔપ. - ઔદ. - પારિ.
૭. ક્ષા. - ક્ષાયો. - ઔદ.
૮. ક્ષા. - ક્ષાયો. - પારિ.
૯. ક્ષા. - ઔદ. - પારિ.
૧૦. ક્ષાયો. - ઔદ. - પારિ.

૫ ચતુઃ સંયોગી ભાંગા.
૧. ઔપ. - ક્ષા. - ક્ષાયો. - ઔદા.
૨. ઔપ. - ક્ષા. - ક્ષાયો. - પારિ.
૩. ઔપ. ક્ષા. - ઔદ. - પારિ.
૪. ઔપ. - ક્ષાયો. - ઔદ. - પારિ.
૫. ક્ષા. - ક્ષાયો. - ઔદ. - પારિ.

૧ પંચ સંયોગી ભાવ.
૧. ઔપ. - ક્ષા. - ક્ષાયો. - ઔદ. - પારિ.

એ છવ્વીસ સંયોગી ભાવમાં જે દ્વિસંયોગી સાતમો ભાંગો ક્ષાયિક - પારિણામિક છે તેમાં સિદ્ધના જીવ ગણાય છે. કારણ કે સિદ્ધને સમકાળે ક્ષાયિકભાવે કેવળજ્ઞાનાદિ અને પારિણામિક ભાવે જીવત્વ વર્તે છે. તથા ત્રિસંયોગીમાં નવમો ભંગ ક્ષા. - ઔદ. - પારિ. કેવલિને હોય, અને દશમો ક્ષાયોપ. - ઔદ. - પારિ. ભાંગો ચારે ગતિના જીવને હોય. તથા ચતુ:સંયોગીમાં ચોથો ભાંગો ચારે ગતિના ઉપશમ સમ્યગ્દૃષ્ટિ જીવને હોય. અને પાંચમો ભંગ ચારે ગતિના ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવને હોય. તથા પંચસંયોગી એક ભાંગો ઉપશમશ્રેણિમાં નવમા, દશમા તથા અગિયારમા ગુણસ્થાનવર્તી જીવને હોય છે. શેષ ૨૦ ભાંગા શૂન્ય છે. એ છ ભાંગામાં જીવવૃત્તિ આગળ વૃત્તિમાં કહેવાશે, પરન્તુ સર્વ ભાંગા ગણાવાશે નહિ, માટે અહીં ગણાવ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(દ્વિસંયોગ-ત્રિસંયોગ-ચતુઃસંયોગ અને પંચસંયોગ એ ચાર પ્રકારનો સંયોગ) તે સન્નિપાત કહેવાય. એ જ સન્નિપાત તે સાન્નિપાતિકભાવ ગણાય. અથવા તો તેવા સન્નિપાત વડે ઉત્પન્ન થયેલા જીવપરિણામ અથવા જીવપર્યાય તે પણ સાન્નિપાતિકભાવ ગણાય.

એ છએને આગમમાં ભાવ કહેલા છે. ત્યાં વિશિષ્ટ હેતુ વડે (અમુક નિમિત્તથી) અથવા સ્વભાવથી જ જીવોનું તથા અજીવોનું તે તે સ્વરૂપે ભવન એટલે થવું તે ભાવ કહેવાય. અથવા તો એ છ વડે જે भवन्ति = થાય તે ભાવ કહેવાય. એ પ્રમાણે એ છ ભાવોનું સ્વરૂપ નિરૂપણ કરીને હવે જીવસમાસોમાં (ગુણસ્થાનરૂપ જીવભેદોમાં) તે ભાવોનો સંભવ - સદ્‌ભાવ હોય છે, એમ દર્શાવવાને માટે ગ્રન્થકર્તા કહે છે કે - छध्धा जीवसमासो - મિથ્યાદૃષ્ટિ આદિક ચૌદ પ્રકારનો ચાલુ વિષયવાળો જે જીવસમાસ તે આ કહેવાતા છ ભાવના સંબંધથી છ પ્રકારનો છે. એટલે ચાલુ વિષયમાં નિરૂપણ કરાતા છએ ભાવો જીવોને જ હોય છે, એ ભાવાર્થ છે. (એ પ્રમાણે જીવોમાં ભાવનો સંભવ કહ્યો).

હવે જીવને જો એ છએ ભાવ હોય છે, તો અજીવદ્રવ્યોને કેટલા ભાવ હોય છે ? તે કહેવાય છે - परिणामुदओ अजीवाणं - અજીવોને એટલે શરીર તથા ધર્માસ્તિકાયાદિ અજીવદ્રવ્યોને ઔદયિક અને પારિણામિક એ બે ભાવ હોય છે, પરન્તુ ઔપશમિક આદિ ભાવ હોય નહિ, એ તાત્પર્ય છે. ત્યાં અજીવોને જે ઔદયિક ભાવ કહ્યો તે આ પ્રમાણે - ઔદારિક આદિ શરીરોમાં નામકર્મના ઉદયથી ઉત્પન્ન થયેલો સુરૂપપણું, કુરૂપપણું ઇત્યાદિ ભાવ વિચારવો. અહીં કેટલાક આચાર્યો તો ઉદય (કર્મનો ઉદય) તે જ ઔદયિકભાવ એવી વ્યુત્પત્તિ કરીને જ્ઞાનાવરણીય આદિ કર્મરૂપ અજીવદ્રવ્યમાં ઔદયિક ભાવ વર્ણવે છે. કારણ કે કર્મનો વિપાકથી અનુભવરૂપ ઉદય જીવમાં અને કર્મમાં પણ રહ્યો છે માટે. એ ૨૬૫મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૨૬૫॥
इति ६ भावस्वरूपम् ॥

## ॥ આઠ કર્મમાં છ ભાવની યથાસંભવ પ્રાપ્તિ ॥

अवतरणः प्रश्नः પૂર્વ ગાથામાં જીવોના ઔપશમિકાદિ છ ભાવ કહ્યા (અને તે ભાવવાળા જીવો કર્મયુક્ત જ હોય છે). તો તે છ ભાવમાંથી કયો ભાવ કયા કર્મને વિષે હોય ? તે ગ્રંથકર્તા આ ગાથામાં દર્શાવે છે. તે આ પ્રમાણે :

**ओदइय ओवसमिउ, खइओ मीसो य मोहजा भावा ।**
**उवसमरहिया घाइसु, होंति उ सेसाइं ओदइए ॥२६६॥**

गाथार्थः ઔદયિકભાવ - ઔપશમિકભાવ - ક્ષાયિકભાવ અને ક્ષાયોપશમિક એ ચાર ભાવ મોહનીય કર્મથી ઉત્પન્ન થયેલા છે. તથા ઉપશમભાવરહિત એ જ ત્રણ ભાવ ઘાતી કર્મોમાં (ઘાતી કર્મથી ઉત્પન્ન થયેલા) છે. અને શેષ ત્રણ કર્મમાં ઔદયિકભાવ છે. (એ રીતે આઠ કર્મમાં છ ભાવ યથાસંભવ જાણવા). ॥૨૬૬॥

टीकार्थः ઔદયિકભાવ - ઔપશમિકભાવ - ક્ષાયિકભાવ અને ક્ષાયોપશમિકભાવ એ ચાર ભાવ મોહનીય કર્મમાં થયેલા હોવાથી તે મોહજાત કહેવાય. અર્થાત્ મિથ્યાત્વાદિ (૨૮) ભેદવાળા મોહનીય કર્મને વિષે એ ચાર ભાવ હોય છે, એ ભાવાર્થ છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા જે કર્મોનો જ્ઞાનાદિ ગુણને ઘાત કરવાનો (હણવાનો) સ્વભાવ હોય તે જ્ઞાનાવરણીય આદિ (જ્ઞાનાવરણ - દર્શનાવરણ - મોહનીય અને અન્તરાય એ) ચાર કર્મ ઘાતી કહેવાય. એ ઘાતી કર્મોમાં અન્તર્ગત મોહનીય કર્મના ભાવ તો કહેવાઈ ગયા છે. માટે બાકી રહેલાં ત્રણ ઘાતી કર્મો જ અહીં ગણવાં. જેથી એ ત્રણ ઘાતી કર્મોમાં એટલે જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયને વિષે ઔપશમિકભાવ વર્જીને એ જ હમણાં કહેલાં ઔદયિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિકરૂપ ત્રણ ભાવ હોય છે. અને ઔપશમિકભાવ તો મોહનીય સિવાયના બીજા કોઈ કર્મમાં હોય નહિ. કારણ કે 'मोहस्सेवोवसमो' (મોહનો જ ઉપશમ હોય) એ શાસ્ત્રવચન હોવાથી. (એ રીતે ચારે ઘાતી કર્મોના ભાવ કહેવાયા).

(હવે ચારે અઘાતી કર્મોના ભાવ કહે છે - होतिं उ सेसाइं ओदइए - અહીં પ્રાકૃતના નિયમ પ્રમાણે વિભક્તિનો ફેરફાર થવાથી સાતમી વિભક્તિના સ્થાને પ્રથમા થયેલી છે. જેથી સાતમી વિભક્તિ પ્રમાણે જ અર્થ કરતાં પૂર્વે કહેલાં ચાર કર્મોથી બાકી રહેલાં ચાર અઘાતી કર્મનો વિષે એટલે સંપૂર્ણ ભવપર્યન્ત રહેનારાં એવા ભવો[1]પગ્રાહી વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચાર કર્મોને વિષે એક ઔદયિકભાવ જ હોય છે, પરન્તુ બીજા ઔપશમિકાદિભાવ હોય નહિ. (એ રીતે ચાર અઘાતી કર્મોના પણ ભાવ કહ્યા).

प्रश्नः એ ચાર અઘાતી કર્મો તો ક્ષાયિકભાવમાં પણ વર્તે છે. કારણ કે - શૈલેશી આદિ અવસ્થાઓમાં એ કર્મોનો પણ ક્ષય થાય છે. તેમજ અન્ય સ્થાને એ કર્મોમાં ક્ષાયિકભાવ કહ્યો પણ છે. જે કારણથી કહ્યું છે કે -

मोहस्सेवोवसमो, खाओवसमो चउन्ह घाईणं ।
खयपारिणामिउदया, अट्ठण्हवि हुंति कम्माणं ।।१।।

[અર્થ : ઉપશમભાવ મોહનીય કર્મનો જ હોય, ક્ષાયોપશમિકભાવ ચાર ઘાતી કર્મોનો હોય, અને ક્ષાયિકભાવ, પારિણામિકભાવ તથા ઔદયિકભાવ એ ત્રણ ભાવ જ્ઞાનાવરણીયાદિ આઠે કર્મોના હોય છે. ।।૧।।]

उत्तरः હા, એ વાત સત્ય છે. પરન્તુ જ્ઞાનાવરણીયાદિ કર્મના ક્ષયથી જેવી કેવળજ્ઞાનાદિ વિશિષ્ટ લબ્ધિઓ પ્રાપ્ત થાય છે, (પ્રગટ થાય છે), તેવી કોઈ પણ પ્રકારની વિશિષ્ટ લબ્ધિઓ એ ચાર અઘાતી કર્મોના ક્ષયથી પ્રગટ થતી નથી,[2] એમ સિદ્ધાન્તમાં કહેલું સંભળાય છે. અને એક સિદ્ધત્વ લબ્ધિ ઉત્પન્ન થાય છે, તો પણ તે એક જ લબ્ધિ[3] હોવાના કારણથી અહીં તેની વિવક્ષા - અપેક્ષા રાખી નથી. તે કારણથી એ ચાર અઘાતી કર્મોમાં ક્ષાયિકભાવ હોવા છતાં પણ કહેવો ઈષ્ટ નથી ધાર્યો. અને ઔદયિક ભાવ તો કહ્યો છે; કારણ કે એ કર્મોના ઉદયથી વેદનાદિકનો અનુભવ સ્પષ્ટ થાય છે, (માટે ઔદયિકભાવની વિવક્ષા છે).

---

૧. વેદનીય આદિ ચાર અઘાતી કર્મો જીવને મોક્ષ જતાં સુધી પણ સત્તામાં વર્તનારાં હોય છે. અને જ્ઞાનાવરણીયાદિ ચાર ઘાતી કર્મો બારમા ગુણસ્થાનના પર્યન્ત સુધીમાં ક્ષય પામી જાય છે, માટે ચાર અઘાતી કર્મો ભવોપગ્રાહી કહેવાય.

૨. વેદનીય કર્મના ક્ષયથી અનન્ત સુખ, આયુષ્યકર્મના ક્ષયથી અક્ષય સ્થિતિ, નામ કર્મના ક્ષયથી અરૂપીપણું, અને ગોત્રકર્મના ક્ષયથી અનન્ત અવગાહના પ્રાપ્ત થાય છે. માટે એ ચાર ગુણ વિશિષ્ટ લબ્ધિરૂપે ગણ્યા નથી.

૩. કેવળજ્ઞાનાદિ લબ્ધિઓ ઉત્પન્ન થવામાં કર્મના ઉદયાદિ ભાવો કારણભૂત છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રશ્નઃ અહીં બીજો કોઈ એમ શંકા કરે છે - કર્મનો વિપાકથી જે અનુભવ થવો તે ઉદય એમ પૂર્વે કહ્યું છે. અને તે ઉદય - અનુભવ તો જીવને જ સંભવે, પરન્તુ કર્મોને ન સંભવે; કારણ કે તેઓ પોતપોતાના વિપાકથી અનુભવ કરતા નથી. તો એ કર્મો કેવી રીતે ઔદયિકભાવમાં વર્તે ? (માટે ઉદય તો જીવને ગણવો જોઈએ).

ઉત્તરઃ અહો, પુનઃ પણ વિસ્મરણ થયું ? (પહેલા એ સંબંધી ચર્ચા કહી છે તે વિસ્મૃત થઈ ?) કારણ કે હમણાં જ કહેવાઈ ગયું કે - વિપાકથી અનુભવરૂપ ઉદયનો અનુભવ કરનાર જીવ અને અનુભવ કરવા યોગ્ય કર્મ એ બેમાંથી કોઈ પણ એકનો અભાવ હોય તો ઉદયનો જ અભાવ થઈ જાય છે.

પ્રશ્નકર્ત્તાઃ હા એ વાત સત્ય છે. મને એ વાત વિસ્મૃત થઈ નથી. પરન્તુ એ ન્યાય વડે (એ પ્રમાણે વિચારતાં) તો કર્મોને આશ્રયિ થતા ઔપશમિકાદિ ભાવો પણ અજીવોને પણ પ્રાપ્ત થાય; કારણ કે ઉપશમાદિ ભાવો પણ તે ઉપશમાદિનો પ્રગટ કરતા જીવમાં તેમજ ઉપશમાવવા યોગ્ય કર્મોમાં એ બેમાં વર્તે છે. અર્થાત્ ઉપશમાદિ ભાવ કર્મમાં પણ રહ્યાં છે, અને જીવમાં પણ રહ્યા છે, તો તે ઉપશમાદિ ભાવો પણ બન્નેમાં શા માટે ન ગણવા ?

ઉત્તરઃ એ વાત સત્ય છે, પરન્તુ સૂત્રની પ્રવૃત્તિમાં વિવક્ષા (અપેક્ષા) પ્રધાન હોવાથી (આ સૂત્રમાં પણ) ઔદયિક અને પારિણામિક એ બે ભાવની જ અજીવોમાં વિવક્ષા કરી છે. અને એ યુક્તિથી સંભવતા એવા પણ ઔપશમિકાદિ ભાવોની વિવક્ષા કરી નથી, તેમાં કોઈ દોષ નથી. અને આ (વિવક્ષાની પ્રધાનતા હોવાના) હેતુથી જ, તે (અજીવમાં ઔદયિક તથા પારિણામિક એમ બે ભાવ હોવાનું) અમુક આચાર્યોને જ માન્ય છે, બધાને નહિ. કેટલાક આચાર્યોના મતે તો અજીવોમાં ફક્ત એક પારિણામિક ભાવ જ સંભવે છે.

પ્રશ્નઃ વિવક્ષાની મુખ્યતાએ અજીવમાં ઔપશમિકાદિ ભાવ ભલે નથી કહ્યા. પરન્તુ આ ગાથામાં કર્મોને પારિણામિકભાવ શા માટે ન કહ્યો ? કર્મોને વિષે પારિણામિકભાવ છે જ નહિ એમ તો નથી; કેમ કે 'खय परिणामिय उदया, अट्ठण्हवि होंति कम्माणं' ઈત્યાદિ વચન અન્ય ગ્રંથોમાં કહેલું પણ છે. તેમજ શ્રી જિનેશ્વરોએ પારિણામિકભાવને સર્વ પદાર્થોના સમુદાયમાં વ્યાપકપણે માનેલો છે, (અર્થાત્ પારિણામિકભાવ સર્વ દ્રવ્યમાં માનેલો છે. તો ગાથામાં કેમ ન કહ્યો ?).

ઉત્તરઃ એ વાત ઠીક કહી. પરન્તુ કર્મમાં ઔદયિ[1]કભાવ જ પ્રબલ - પ્રધાન છે, પારિણામિકભાવ નહિ. કારણ કે પારિણામિકભાવ તો (સર્વદ્રવ્યવર્તી હોવાથી) ગૌણપણે

૧. અહીં આઠે કર્મમાં ત્રણ ભાવ હોવા છતાં ક્ષાયિકભાવને અવિવક્ષાથી ન માન્યો અને પારિણામિક ને સર્વવ્યાપી હોવાથી ગૌણપણાની અપેક્ષાએ ન માન્યો, એ સર્વ અપેક્ષાભેદ છે, જેથી એમાં કોઈ વિશેષ વિરોધ કે વિસંવાદ જેવું નથી. તે સંબંધમાં શ્રી વિશેષાવશ્યકમાં પણ કહ્યું છે કે :

उदय खय खओवसमो - वसमसमुत्था बहुप्पगाराओ ।
एवं परिणामवसा, लध्धीओ होंति जीवाणं ॥८०१॥

[અર્થ : કર્મના ઉદયથી, ક્ષયથી, ક્ષયોપશમથી અને ઉપશમથી ઉત્પન્ન થતી લબ્ધિઓ ઘણા પ્રકારની હોય છે. અને એ પૂર્વોક્ત અને વક્ષ્યમાણ લબ્ધિઓ જીવોને પરિણામના વશથી (શુભ અધ્યવસાય)થી ઉત્પન્ન થાય છે. ॥૮૦૧॥]


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહેલો છે. હવે એ બાબતનો વિશેષ વિસ્તાર કરવાથી સર્યું. એ પ્રમાણે ૨૬૬મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૨૬૬॥

अवतरण: હવે એમાં ક્ષાયિકાદિ ભાવથી જીવને જે જે લબ્ધિઓ ઉત્પન્ન થાય છે તેને વિભાગપૂર્વક (જુદી જુદી) દર્શાવતાં ગ્રંથકર્તા આ ગાથા કહે છે :

**केवलिय नाणदंसण, खइयं सम्मं च चरणदाणाई ।**

**नव खइया लध्धीओ, उवसमिए सम्म चरणं च ॥२६७॥**

गाथार्थ: કેવળજ્ઞાન, કેવળદર્શન, ક્ષાયિક સમ્યક્ત્વ, ક્ષાયિક ચારિત્ર, અને ક્ષાયિક દાનાદિ (દાન-લાભ-ભોગ-ઉપભોગ-વીર્ય એ) પાંચ લબ્ધિ, એ સર્વ મળીને ક્ષાયિકભાવથી ઉત્પન્ન થતી નવ ક્ષાયિક લબ્ધિઓ છે, અને ઉપશમભાવમાં (એટલે ઉપશમભાવથી ઉત્પન્ન થનારી) ઉપશમ સમ્યક્ત્વ તથા ઉપશમ ચારિત્ર એ બે જ લબ્ધિઓ છે (એ રીતે બે ભાવની લબ્ધિઓ કહી). ॥૨૬૭॥

टीकार्थ: केवलिय नाणदंसण - કેવળજ્ઞાન, કેવળદર્શન તથા खइयं सम्मं च ઈત્યાદિ - ક્ષાયિક સમ્યક્ત્વ અને ક્ષાયિક ચારિત્ર એ બે તથા અન્તરાય કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલી दाणाइ = દાનલબ્ધિ અને 'આદિ' શબ્દથી લાભ-ભોગ-ઉપભોગ તથા વીર્ય લબ્ધિઓ પણ ગ્રહણ

---

એ ગાથાની વૃત્તિનો અર્થ આ પ્રમાણે - एवं એટલે એ પૂર્વે કહેલી, અને તે તે સિવાયની બીજી बहुप्पगाराओ - ઘણા પ્રકારની એટલે અપરિમિત સંખ્યાવાળી અનેક लध्धीओ - લબ્ધિઓ जीवाणं - જીવોને परिणामवसा - શુભ-શુભતર-શુભતમ અધ્યવસાયના વશથી होंति- થાય છે. એ લબ્ધિઓ કેવા પ્રકારની ? તે કહે છે - उदय વૈક્રિય નામકર્મ અને આહારક નામકર્મ આદિ કર્મના ઉદયથી ઉત્પન્ન થતી વૈક્રિય શરીર તથા આહારક શરીર રચવાની ઈત્યાદિ લબ્ધિઓ પ્રગટ થાય છે. તથા खय- દર્શનમોહનીયાદિ કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલી ક્ષાયિક સમ્યક્ત્વ, ક્ષીણમોહત્વ અને સિદ્ધત્વ આદિ લબ્ધિઓ પ્રગટ થાય છે. તથા खओवसम- દાનાન્તરાય, લાભાન્તરાય આદિ કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલી અક્ષીણમહાનસી આદિ લબ્ધિઓ પ્રગટ થાય છે. ત્યાં જે લબ્ધિવંત મુનિનો આણેલો આહાર બીજા ઘણાઓ વાપરે - ખાય તો ખૂટે જ નહિ, પરન્તુ આહાર લાવનાર મુનિ પોતે ખાય તો જ ખૂટે - પૂર્ણ થાય. એવા મુનિને અક્ષીણમહાનસી લબ્ધિ જાણવી. (જેમ શ્રી ગૌતમસ્વામીએ એક પાત્રી જેટલી ક્ષીરથી પંદરસો તાપસોને ભોજન કરાવ્યું, એ અક્ષીણમહાનસી લબ્ધિ). તથા उवसम - દર્શનમોહનીય આદિ કર્મના ઉપશમથી ઉત્પન્ન થયેલી ઔપશમિક સમ્યક્ત્વ તથા ઉપશાન્તમોહ ઈત્યાદિ લબ્ધિઓ પ્રગટ થાય છે. ॥૮૦૧॥

અહીં આમર્ષૌષધિ આદિ વીસ જ લબ્ધિઓ છે એમ નહિ, પરન્તુ તે ઉપરાંત ગણધરલબ્ધિ - તેજોલબ્ધિ - આહારકલબ્ધિ - પુલાકલબ્ધિ - ગગનગામી લબ્ધિ ઈત્યાદિ ઘણી લબ્ધિઓ સંભળાય છે, પરન્તુ લબ્ધિસંખ્યામાં તેનો સંગ્રહ નથી કર્યો. બીજા આચાર્યોએ માનેલી વીસ લબ્ધિઓનાં નામ :

| | | |
|---|---|---|
| ૧. આમર્ષૌષધિ | ૯. સંભિન્નશ્રોત | ૧૪. વૈક્રિયલબ્ધિ |
| ૨. શ્લેષ્મૌષધિ. | ૧૦. ઋજુમતિ | ૧૫. ચારણલબ્ધિ |
| ૩. મલૌષધિ | ૧૧. વિપુલમતિ | ૧૬. વિદ્યાધરલબ્ધિ |
| ૪. વિપ્રુષૌષધિ | ૧૨. ક્ષીરાશ્રવ, | ૧૭. અર્હન્તલબ્ધિ |
| ૫. સર્વૌષધિ | મધ્વાશ્રવ, | ૧૮. ચક્રવર્તિલબ્ધિ |
| ૬. કોષ્ટબુદ્ધિ | સર્પિષાશ્રવ. | ૧૯. વાસુદેવલબ્ધિ |
| ૭. બીજબુદ્ધિ | ૧૩. અક્ષીણમહાનસી | ૨૦. બલદેવલબ્ધિ |
| ૮. પદાનુસારી | | |

આ વીસ લબ્ધિઓ ભવ્ય પુરુષને હોય, એમાંથી ૧૩ લબ્ધિ ભવ્ય સ્ત્રીને હોય, ૧૧ લબ્ધિઓ અભવ્ય પુરુષને હોય, અને અભવ્ય સ્ત્રીને ૧૦ લબ્ધિઓ યથાસંભવ હોય તે સર્વ ગ્રન્થાન્તરથી જાણવું, અહીં વિસ્તારનું પ્રયોજન નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવી (અર્થાત્ ક્ષાયિક દાન - ક્ષાયિક લાભ - ક્ષાયિક ભોગ- ક્ષાયિક વીર્યલબ્ધિ). તે કારણથી એ કેવળજ્ઞાનાદિક નવ લબ્ધિઓ ક્ષાયિક એટલે ક્ષાયિકભાવથી (અર્થાત્ પોતાના આવરણીય કર્મના ક્ષયથી) ઉત્પન્ન થયેલી છે. તે આ પ્રમાણે -

કેવળજ્ઞાન અને કેવળદર્શન પોતપોતાના આવરણનો ક્ષય થયે જ (અર્થાત્ કેવળજ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થયે કેવળજ્ઞાન અને કેવળદર્શનાવરણીય કર્મનો ક્ષય થયે કેવળદર્શન) ઉત્પન્ન થાય છે. તથા સાત દર્શનમોહનીય કર્મના (એટલે ચાર અનંતાનુબંધી ક્રોધ-માન- માયા-લોભરૂપ કષાયના અને મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય તથા સમ્યક્ત્વ મોહનીય એ ત્રણ દર્શનમોહનીયના) ક્ષયથી ક્ષાયિક સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે. તથા ચારિત્રમોહનીય કર્મના (૨૧પ્રકારના મોહનીયના) ક્ષયથી ક્ષાયિક ચારિત્ર ઉત્પન્ન થાય છે. અને ક્ષાયિક દાનાદિ પાંચ લબ્ધિઓ પણ પાંચ પ્રકારના અન્તરાય કર્મના ક્ષયથી જ ઉત્પન્ન થાય છે. તે કારણથી એ નવ લબ્ધિઓ ક્ષાયિકભાવની ગણાય છે. ।। इति ९ क्षायिक लब्धि ।।

તથા उवसमिए सम्म चरणं च - અહીં सम्म चरणं એ સમ્યક્ત્વ અને ચારિત્રના અર્થવાળા પદમાં 'ઉપશમ' વિશેષણ (એટલે उवसम सम्म चरणं એવું વિશેષણયુક્ત પદ) નથી કહ્યું તો પણ વ્યાખ્યાનથી (વૃત્તિથી અથવા વ્યાખ્યાનથી વિશેષપ્રતિપત્તિના ન્યાયે) એ બન્ને પદમાં ઉપશમ વિશેષણ જોડવું - જાણવું. કારણ કે સમ્યક્ત્વ અને ચારિત્રના સર્વ ભેદ ઉપશમભાવના હોતા નથી (જો સમ્યક્ત્વ અને ચારિત્ર કેવળ ઉપશમભાવથી જ થતું હોત તો એ બેને ઉપશમ વિશેષણ લગાડવાની જરૂર ન હોત. પરન્તુ ક્ષાયિકાદિ ભાવનાં પણ સમ્યક્ત્વ ચારિત્ર હોય છે, માટે તે ગ્રહણ ન થઈ જાય તે માટે અહીં 'ઉપશમ' વિશેષણની જરૂર છે - એ તાત્પર્ય છે). તેથી ઉપશમ સમ્યક્ત્વ અને ઉપશમ ચારિત્ર ઉપશમભાવમાં જ વર્તે છે, (એટલે ઉપશમ સમ્યક્ત્વ અને ઉપશમ ચારિત્ર ઉપશમભાવથી જ ઉત્પન્ન થાય છે), પરન્તુ શેષ ક્ષાયિકાદિ ભાવમાં વર્તતું નથી. વળી એમાં પણ ઉપશમ સમ્યક્ત્વ તો દર્શનમોહનીયની સાત પ્રકૃતિ ઉપશાન્ત થયે થાય છે, અને ઉપશમ ચારિત્ર ચારિત્રમોહનીય (ની ૨૧ પ્રકૃતિ) ઉપશાન્ત થયે થાય છે. તે કારણથી ઉપશમ સમ્યક્ત્વ તથા ઉપશમ ચારિત્ર એ બે ઉપશમભાવવર્તી જ ગણાય છે. એ ૨૬૭ મી ગાથાનો અર્થ સમાપ્ત. ।।૨૬૭।।

अवतरणः હવે આ ગાથામાં ક્ષાયોપશમિક ભાવથી જે લબ્ધિઓ ઉત્પન્ન થાય છે, તે ક્ષાયોપશમિક લબ્ધિઓ કહેવાય છે. તે આ પ્રમાણે :

**नाणा चउ अण्णाणा, तिन्नि उ दंसणतिगं च गिहिधम्मो ।**
**वेयय चउ चारित्तं, दाणाइग मिस्सगा भावा ।।२६८।।**

गाथार्थः ચાર જ્ઞાન, ત્રણ અજ્ઞાન, વળી ત્રણ દર્શન, ગૃહસ્થધર્મ (દેશવિરતિ ચારિત્ર), વેદક સમ્યક્ત્વ (ક્ષયોપશમ સમ્ય૦), ચાર ચારિત્ર અને દાનાદિક પાંચ ક્ષાયોપશમિક લબ્ધિ એ ૨૧ લબ્ધિઓ મિશ્રભાવવાળી એટલે ક્ષયોપશમભાવથી ઉત્પન્ન થનારી છે. ।।૨૬૮।।

टीकार्थः मिस्सगा भावा - આ (આગળ કહેવાતા) જ્ઞાનાદિ ભાવો એટલે જીવપર્યાયો મિશ્રભાવને એટલે ક્ષાયોપશમિકભાવને પામે છે એટલે કારણપણે આશ્રય કરે છે (એટલે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આગળ કહેવાતા મતિજ્ઞાનાદિ ભાવો ક્ષાયોપશમિકભાવરૂપ કારણથી ઉત્પન્ન થતા હોવાથી) ક્ષાયોપશમિકભાવમાં ગણાય છે - એ ભાવાર્થ). તે આ પ્રમાણે - મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન તથા મનઃપર્યવજ્ઞાન એ ચારે જ્ઞાન, તથા મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન એ ત્રણ અજ્ઞાન યથાસંભવ પોતપોતાના આવરણ કરનારા મતિજ્ઞાનાવરણાદિ કર્મનો ક્ષયોપશમ થયે જ ઉત્પન્ન થાય છે.

તથા दंसणतिगं ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિદર્શન એ ત્રણ દર્શન પોતપોતાને આવરણ કરનારાં ચક્ષુદર્શનાવરણ ઇત્યાદિ કર્મનો ક્ષયોપશમ થવાથી જ પ્રગટ થાય છે. તથા गिहिधम्मो ગૃહસ્થનો ધર્મ જે દેશવિરતિ ચારિત્ર તે પણ અપ્રત્યાખ્યાનાવરણીય કષાયનો ક્ષયોપશમ થવાથી જ ઉત્પન્ન થાય છે. તથા वेयग - વેદક એટલે વિપાકરૂપ અનુભવ વડે જે વેદાય છે સમ્યક્ત્વપુંજનાં પુદ્ગલો જેમાં તે વેદક સમ્યક્ત્વ એટલે ક્ષયોપશમ સમ્યક્ત્વ; તે પણ સાત દર્શનમોહનીય કર્મનો ક્ષયોપશમ[1] થવાથી જ પ્રગટ થાય છે (માટે ક્ષયોપશમ ભાવમાં છે).

---

૧. અહીં સાત દર્શનમોહનીયનો ક્ષયોપશમ સામાન્યથી કહ્યો છે, પરન્તુ વાસ્તવિક રીતે તો છ દર્શનમોહનીયનો ક્ષયોપશમ અને સમ્યક્ત્વમોહનીયનો વિપાકોદય એ બેથી ક્ષયોપશમ સમ્યક્ત્વ પ્રગટ થાય છે, એ વિશેષ છે.

प्रश्न : ક્ષયોપશમ સમ્યક્ત્વ જો સમ્યક્ત્વમોહનીયના વિપાકોદયથી થાય છે ત્યારે તો ગતિ આદિવત્ એ સમ્યક્ત્વને ઔદયિકભાવનું જ ગણવું જોઈએ, તો અહીં ક્ષયોપશમભાવનું કેમ ગણ્યું ? કારણ કે કર્મના ઉદયથી ઉત્પન્ન થતાં સર્વ ભાવોઔદયિક ભાવમાં ગણાય એ સ્પષ્ટ વાત છે, તો એ વિરોધ કેમ ?

उत्तरः એ બાબતમાં વિરોધ કંઈ નથી. કારણ કે - સમ્યક્ત્વમોહનીય તથા મિશ્રમોહનીય એ બે મોહનીય મૂળ કર્મ નથી, પરન્તુ મૂળકર્મરૂપ મિથ્યાત્વમોહનીયનાં રૂપાન્તર છે. મૂળ કર્મ તો એક મિથ્યાત્વમોહનીય જ (ત્રણ દર્શનમોહનીયમાં) છે. એ રીતે સમ્યક્ત્વમોહનીય રૂપાન્તર કર્મ હોવાથી એનો જે રસોદય તે મિથ્યાત્વમોહનીયનો પ્રદેશોદય જ છે. માટે મિથ્યાત્વમોહનીયના પ્રદેશોદયરૂપ સમ્યક્ત્વમોહનીયના રસોદયને પોતાના રસોદયની મુખ્યતા ન ગણતાં મિથ્યાત્વના પ્રદેશોદયની જ મુખ્યતા ગણીને (એટલે સમ્યક્ત્વમોહનીયના ઉદયને મિથ્યાત્વના પ્રદેશોદયરૂપ ક્ષયોપશમની મુખ્યતા ગણીને) અહીં સમ્યક્ત્વના રસોદયથી ઉત્પન્ન થતા સમ્યક્ત્વને क्षयोपशम सम्यक्त्व કહ્યું છે, પણ ઔદયિક સમ્યક્ત્વ નહિ. એ રીતે મિશ્રમોહનીયના રસોદયમાં પણ મિથ્યાત્વનો પ્રદેશોદય મુખ્ય ગણીને મિશ્ર સમ્યક્ત્વને પણ ક્ષયોપશમભાવમાં ગણવું નહિ.

प्रश्नः જેમ સમ્યક્ત્વમોહનીયનો ઉદય તે મિથ્યાત્વનો પ્રદેશોદય છે, તેમ મિશ્રમોહનીયનો ઉદય તે પણ મિથ્યાત્વનો પ્રદેશોદય છે. તો એકમાં ક્ષયોપશમભાવ ગણવો, અને એકમાં ક્ષયોપશમભાવ ન ગણવો તેનું કારણ શું ?

उत्तरः એ વિષમતામાં રસસ્પર્ધકો જ મુખ્ય કારણ છે. તે આ પ્રમાણે - મિથ્યાત્વનાં તથા મિશ્રનાં રસસ્પર્ધકો સર્વે સર્વઘાતી જ છે, અને સમ્યક્ત્વમોહનીયના રસસ્પર્ધકો કેવળ દેશઘાતી જ છે. અને સ્થાનની અપેક્ષાએ સમ્યક્ત્વમોહનીયનાં સ્પર્ધકો એકસ્થાની તથા દ્વિસ્થાની છે, મિશ્રનાં કેવળ દ્વિસ્થાની છે, અને મિથ્યાત્વના દ્વિસ્થાની, ત્રિસ્થાની તથા ચતુઃસ્થાની છે. પુનઃ એક નિયમ એવો છે કે - સર્વઘાતી સ્પર્ધકો ઉદયમાં હોય ત્યારે ક્ષયોપશમભાવ ગણાય જ નહિ, અને દેશઘાતી સ્પર્ધકોનો ઉદય હોય ત્યારે જ ક્ષયોપશમભાવ ગણાય. એ નિયમ પ્રમાણે મિશ્રમોહનીય એ મિથ્યાત્વનો જો કે પ્રદેશોદય છે તો પણ સર્વઘાતી સ્પર્ધકોનો જ ઉદય હોવાથી એ પ્રદેશોદયને ક્ષયોપશમભાવ રૂપે ન ગણાય. (વળી અહીં મિશ્રમોહનીયના રસોદયમાં પ્રદેશોદયનો વ્યપદેશ તે પણ મિથ્યાત્વનો પરરૂપે ઉદય હોવાથી છે), અને સમ્યક્ત્વમોહનીયનાં તો સર્વે સ્પર્ધકો દેશઘાતી જ હોવાથી તે દેશઘાતીના ઉદયમાં ક્ષયોપશમભાવ અવશ્ય ગણી શકાય. અહીં મિશ્રમોહનીયને ક્ષયોપશમમાં ગણ્યું તે અનુદયાવસ્થામાં જ ગણાય; કારણ કે તે વખતે મિથ્યાત્વવત્ મિશ્રમોહનીય પણ સમ્યક્ત્વ સ્વરૂપે પરરૂપ થઈને ઉદયમાં આવે છે, પરન્તુ સ્વરૂપે ઉદયમાં આવતું નથી માટે જ તે વખતે પોતે પ્રદેશોદય રૂપે ઉદય આવવાથી અનુદયાવસ્થામાં ક્ષયોપશમભાવે ગણી શકાય. આ બાબતમાં ચર્ચા કરવા યોગ્ય વિષય ઘણો છે, પરન્તુ અહીં વિશેષ વિસ્તારનું પ્રયોજન નથી.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तथा चउ[1] चारित्तं સામાયિક ચારિત્ર, છેદોપસ્થાપનીય ચારિત્ર, પરિહારવિશુદ્ધિ ચારિત્ર અને સૂક્ષ્મસંપરાય ચારિત્ર એ ચાર ચારિત્ર ચારિત્રમોહનીયકર્મના ક્ષયોપશમથી થાય છે. તથા दाणाइग - દાનાદિક પાંચ લબ્ધિઓ અન્તરાય કર્મના ક્ષયોપશમથી પ્રગટ થાય છે. (હવે અહીં દાનાદિક લબ્ધિઓના સંબંધમાં પ્રશ્ન કરાય છે -)

प्रश्नः દાનાદિક પાંચ લબ્ધિઓ તો પ્રથમ ક્ષાયિકભાવની કહેવાઈ ગઈ છે, અને અહીં તમોએ ક્ષયોપશમભાવની કહી, તો એ બે બાબતમાં વિરોધ કેમ નહિ ?

उत्तरः ના, એ વાત એ પ્રમાણે નથી. કારણ કે એ બાબતનો અભિપ્રાય જ હજી તમારા જાણવામાં આવ્યો નથી. તે આ પ્રમાણે - દાનાદિક લબ્ધિઓ નિશ્ચયે બે પ્રકારની છે. એક તો અન્તરાયકર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલી, અને બીજી અન્તરાયકર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલી. તેમાં પહેલાં જે ક્ષાયિકભાવની કહી તે તો અન્તરાયકર્મના ક્ષયથી ઉત્પન્ન થનારી જાણવી, અને તે કેવલી ભગવંતોને જ હોય છે. અને આ ગાથામાં જે ક્ષાયોપશમિકભાવની કહી તે અન્તરાયકર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થનારી જાણવી, અને તે છદ્મસ્થોને જ જાણવી. એ પ્રમાણે આ ગાથામાં કહેલા સર્વે ભાવો ક્ષાયોપશમિક છે. એ ૨૬૮ મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૨૬૮॥

अवतरणः એ પ્રમાણે પૂર્વ ગાથામાં ક્ષાયોપશમિકભાવની લબ્ધિઓ કહીને હવે આ ગાથામાં ઔદયિકભાવથી ઉત્પન્ન થનારા તથા પારિણામિકભાવમાં વર્તનારા જીવધર્મ (જીવના પર્યાય) કહેવાય છે, તે આ પ્રમાણે :

**गइ काय वेय लेसा, कसाय अन्नाण अजय अस्सन्नी ।**
**मिच्छाहारो उदया, जिय भव्वियरियत्ति य सहावो ॥२६९॥**

गाथार्थः ગતિ-કાય-વેદ-લેશ્યા-કષાય-અજ્ઞાન-અવિરતિ-અસંજ્ઞિત્વ-મિથ્યાત્વ- આહારીપણું - એ સર્વ ઔદાયિક ભાવો છે. તથા જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ એ ત્રણ સ્વાભાવિક (એટલે પારિણામિક) ભાવ છે. ॥૨૬૯॥

टीकार्थः उदया - આ કહેવાતા ગતિ આદિ સર્વે જીવપર્યાયો उदयाः ઔદયિક ભાવ છે; કારણ કે નરકગતિનામકર્મ આદિ કર્મોના ઉદય વડે ઉત્પન્ન થતા હોવાથી; અને 'આ મારું શરીર તે પૂર્વનું બાંધેલું કર્મ છે' ઇત્યાદિ વચનવ્યવહારમાં જેમ કાર્યને વિષે કારણનો ઉપચાર થાય છે તેમ કાર્યમાં કારણના ઉપ[2]ચારથી ગતિ આદિ જીવપર્યાયો પણ કર્મનો ઉદય (ઉદયભાવ) છે. અને તે કારણથી એ ગતિ આદિક સર્વે પણ જીવપર્યાયો ઔદયિકભાવવર્તી (ઔદયિક ભાવમાં) જ જાણવા, એ તાત્પર્ય છે. (હવે એ ગતિ આદિ પર્યાયો કયા કયા કર્મના ઉદયથી ? તે દર્શાવાય છે-)

---

૧. ઘણાં ગ્રંથોમાં સામાન્યથી ક્ષયોપશમ ચારિત્ર એકજ ગણીને ક્ષયોપશમભાવના ૧૮ ભેદ નિયત કહ્યા છે. અહીં ત્રણ ચારિત્ર વધવાથી ૨૧ ભાવ થાય છે, એ ગ્રંથકર્તાની વિવક્ષામાત્ર છે, વિરોધ નથી.

૨. અહીં ગતિ આદિ કર્મનો ઉદય કારણ છે, અને ગતિ આદિ કાર્ય છે. માટે ગતિ આદિમાં ઉદયરૂપ કારણનો ઉપચાર માનીને ગતિ આદિ પોતે ઉદયભાવ છે એમ ગણાય છે. વાસ્તવમાં તો ગતિ આદિ પોતે ઉદયભાવવાળા નથી પણ કર્મો જ ઉદયભાવવાળાં છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ પર્યાયોને ઔદયિકભાવ તે આ પ્રમાણે - જે આ નારકપણું, તિર્યંચપણું, મનુષ્યપણું અને દેવપણું એ લક્ષણવાળો ગતિપર્યાય જીવને વિષે જે પ્રગટ થયો છે, તે નરકગતિ આદિ નામકર્મના (ગતિનામકર્મના) ઉદયથી જ થયો છે. તેવી રીતે काय[1] એટલે પૃથ્વીકાયપણું, અપ્કાયપણું ઇત્યાદિ પર્યાય પણ ગતિનામકર્મ-જાતિનામકર્મ - શરીરનામકર્મ - પ્રત્યેક (વા સાધારણ) નામકર્મ તથા સ્થાવર આદિ નામકર્મના ઉદયથી થાય છે. તથા वेय (વેદ) એટલે સ્ત્રીવેદ આદિ ત્રણ વેદ તે સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ નામના મોહનીયકર્મના ઉદયથી થાય છે. તથા लेसा - છ લેશ્યા તે જેઓના મતે કષાયનો નિષ્યંદ (સાર) તે લેશ્યા કહેવાય છે તેઓને મતે કષાયમોહનીયકર્મના ઉદયથી લેશ્યા માનવી. વળી જેઓને મતે લેશ્યાઓ યોગપરિણામ છે, તેઓને મતે ત્રણ યોગને ઉત્પન્ન કરનારાં કર્મોના ઉદયથી માનવી. વળી બીજા આચાર્યો તો એમ માને છે કે - જીવનું જેમ સંસારીપણું, અથવા અસિદ્ધપણું તે આઠે કર્મના સમુદિત ભાવથી ઉત્પન્ન થયેલું ગણાય, તેમ છ લેશ્યાઓ પણ આઠે કર્મના સમુદિત ઉદયથી[2] જાણવી.

---

૧. આ ભેદ બીજા ગ્રંથોમાં ગણાવ્યો નથી.

૨. અહીં લેશ્યાઓના સંબંધમાં શ્રીપ્રજ્ઞાપનાજીની વૃત્તિમાં ચર્ચા લખી છે તેનો ભાવાર્થ આ પ્રમાણે - 'એ કૃષ્ણાદિ લેશ્યાનાં દ્રવ્યો તે શું છે? કહેવાય છે કે - અહીં યોગ હોય તો લેશ્યા હોય, અને યોગ ન હોય તો લેશ્યા ન હોય. તેથી યોગની સાથે લેશ્યાનો અન્વય- વ્યતિરેકભાવ દેખવાથી લેશ્યા તે યોગના નિમિત્તવાળી છે, એમ નિશ્ચય થાય છે (योगनिमित्ता लेश्या). કારણ કે જ્યારે જોઈએ ત્યારે સર્વત્ર યોગનિમિત્તપણાના નિશ્ચયનો જ અન્વય- વ્યતિરેક દેખાય છે, એજ મૂળ કારણ હોવાથી. (અર્થાત્ ગમે તે વખતે પણ લેશ્યામાં યોગનિમિત્તનો જ અન્વય-વ્યતિરેકભાવ હોવાથી લેશ્યા એ યોગનિમિત્તવાળી છે એમ નિશ્ચય થાય છે).

વળી લેશ્યાના યોગનિમિત્તપણામાં પણ બે વિકલ્પ ઉભા થાય છે. તે આ પ્રમાણે - એ યોગનિમિત્તતા તે યોગાન્તર્ગત દ્રવ્યરૂપ છે? કે યોગનિમિત્તક કર્મદ્રવ્યરૂપ છે? ત્યાં પ્રથમ યોગનિમિત્તક કર્મદ્રવ્યરૂપ તો લેશ્યા નથી જ; કારણ કે જો તેમ હોય તો પુનઃ બે વિકલ્પ થશે. તે (નવા બે વિકલ્પ) આ પ્રમાણે - જો લેશ્યા યોગનિમિત્તક કર્મદ્રવ્યરૂપ હોય તો તે ઘાતિકર્મદ્રવ્યરૂપ છે? કે અઘાતિકર્મદ્રવ્યરૂપ છે? ત્યાં પ્રથમ ઘાતિકર્મદ્રવ્યરૂપ તો નથી જ; કારણ કે ઘાતિકર્મના અભાવે પણ સયોગી કેવલીને લેશ્યા હોય છે. તેમ અઘાતિકર્મદ્રવ્યરૂપ પણ નથી; કારણ કે અઘાતિકર્મ અયોગી કેવલીને હોવા છતાં પણ ત્યાં લેશ્યાનો અભાવ છે. તે કારણથી (પ્રથમ કરેલા બે વિકલ્પોમાંથી) બાકી રહેલ એક વિકલ્પ જે યોગાન્તર્ગત દ્રવ્યરૂપ છે, તત્સ્વરૂપ લેશ્યા છે (અર્થાત્ લેશ્યા યોગનિમિત્તક કર્મદ્રવ્યરૂપ નહિ પણ યોગાન્તર્ગત દ્રવ્યરૂપ છે), એમ જાણવું. વળી તે યોગાન્તર્ગત દ્રવ્યો જ્યાં સુધી કષાયો વર્તતા હોય છે ત્યાં સુધી તે કષાયોના ઉદયમાં પણ ઉપબૃંહક (ઉપષ્ટંભક- આલંબનભૂત) છે. વળી યોગાન્તર્ગત દ્રવ્યોમાં કષાયોદયનું ઉપબૃંહકપણાનું સામર્થ્ય છે તે અનુભવમાં પણ આવે છે; જેમ પિત્તદ્રવ્યનું. તે આ પ્રમાણે- પિત્તના પ્રકોપવિશેષથી (પિત્તના અતિપ્રકોપથી) ક્રોધ ઘણો વૃદ્ધિ પામતો દેખાય છે. વળી બીજી વાત એ છે કે - યોગાન્તર્ગત નહિ એવાં બાહ્ય દ્રવ્યો પણ કર્મના ઉદયમાં તથા ક્ષયોપશમ આદિમાં હેતુભૂત થાય છે; જેમ બ્રાહ્મી ઔષધિ (એ બાહ્ય દ્રવ્ય) જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમમાં કારણ છે, અને મદિરાપાન (એ બાહ્યદ્રવ્ય) જ્ઞાનાવરણીય કર્મના અધિક ઉદયમાં કારણભૂત છે. અને જો તેમ ન હોય તો આ યોગ્ય છે કે આ અયોગ્ય છે એવા વિવેકની શૂન્યતા કેમ પ્રાપ્ત થાય? તથા દહીંનું ભોજન (એ બાહ્ય દ્રવ્ય) નિદ્રારૂપ દર્શનાવરણીય કર્મના ઉદયમાં કારણભૂત છે. (એ પ્રમાણે જ્યારે બાહ્ય દ્રવ્યો પણ કર્મના ઉદયમાં તથા ક્ષયોપશમાદિકમાં કારણભૂત થઈ શકે છે) તો યોગદ્રવ્યો (યોગાન્તર્ગત દ્રવ્યો કર્મના ઉદયમાં) કારણભૂત કેમ ન થાય? (અર્થાત્ થાય જ). અને એ કારણથી જ બીજાં શાસ્ત્રોમાં (કર્મપ્રકૃતિ આદિમાં) 'લેશ્યાના વશથી સ્થિતિપાકવિશેષ' કહ્યો છે (અર્થાત્ કર્મની સ્થિતિનો પરિપાક થવામાં લેશ્યાને હેતુરૂપ માનેલી છે) તે પણ સમ્યક્ રીતે ઘટી શકે છે. કારણ કે સ્થિતિપાક એટલે અનુભાગ કહેવાય, અને તે અનુભાગનું નિમિત્ત (રસોદયનું નિમિત્ત) કષાયોદયાન્તર્ગત કૃષ્ણાદિ લેશ્યાના પરિણામવિશેષ છે. (લેશ્યાની પરિણતિવિશેષ છે). અને (કષાયોદયાન્તર્ગત હોવાથી અથવા કષાયને ઉપબૃંહક

Jain Education International  For Private & Personal Use Only www.jainelibrary.org

હોવાથી) તે લેશ્યાપરિણામો પણ (કષાયોદયમાં નિમિત્તની અપેક્ષાએ) કષાયસ્વરૂપ જ ગણાય છે; કારણ કે કષાયોદયમાં અન્તર્ગતપણે વર્તતા હોવાથી. વળી તે લેશ્યાપરિણામો કૃષ્ણાદિભેદો વડે ભેદવાળા તથા (તે એકેક ભેદમાં પણ) તરતમતાના ભેદે કરીને વિચિત્ર (ઘણા) ભેદવાળા થાય છે, તે તો કેવળ યોગાન્તર્ગત દ્રવ્ય જે સહકારી કારણ છે તે કારણના ભેદોથી તથા તે કારણની વિચિત્રતાથી જ (લેશ્યાપરિણામો પણ ભેદવાળા અને વિચિત્ર) છે. તે કારણથી શ્રી કર્મપ્રકૃતિ પ્રકરણના કર્તા ભગવાન્ શ્રી શિવશર્મસૂરિએ (પોતાના બનાવેલા) શતક નામના ગ્રંથમાં 'ठिइअणुभागं कसायओ कुणइ (જીવ કર્મની સ્થિતિ અને કર્મનો અનુભાગ - રસ જે કરે છે તે કષાયનિમિત્તથી કરે છે).' એમ જે કહ્યું છે, તે પણ સમીચીન-ઘટતું જ છે. કારણ કે - કૃષ્ણાદિ લેશ્યાના પરિણામો પણ કષાયોદયમાં અન્તર્ગત હોવાથી કષાયસ્વરૂપ જ ગણાય. વળી તે કારણથી કેટલાક આચાર્યો જે એમ કહે છે કે - 'લેશ્યાઓ યોગપરિણામરૂપ હોવાથી जोगा पयडिपएसं, ठिइअणुभागं कसायओ कुणइ (યોગથી પ્રકૃતિબંધ તથા પ્રદેશબંધ, અને કષાયથી સ્થિતિબંધ અને રસબંધ કરે છે, એ વચનથી લેશ્યાપરિણામો પ્રકૃતિબંધ અને પ્રદેશબંધમાં જ હેતુ હોઈ શકે, પરન્તુ કર્મની સ્થિતિમાં હેતુભૂત ન હોઈ શકે)' એ કથન પણ યોગ્ય નથી; કારણ કે પૂર્વે કહેલો ભાવાર્થ જાણવામાં આવ્યો નથી માટે.

વળી બીજી વાત એ છે કે - લેશ્યાઓ કર્મની સ્થિતિમાં હેતુભૂત નથી, પરન્તુ કર્મની સ્થિતિમાં કષાયો હેતુભૂત છે. અને લેશ્યાઓ તો કષાયોદયમાં અન્તર્ગત વર્તતી છતી કર્મના રસમાં હેતુભૂત છે. એ કારણથી જ स्थितिपाकविशेषस्तस्य, भवति लेश्याविशेषेण (તે કર્મનો સ્થિતિપાકવિશેષ લેશ્યાવિશેષ વડે થાય છે), એ વચનમાં પાક શબ્દનું ગ્રહણ અનુભાગના ગ્રહણ માટે, (જેથી સ્થિતિપાક કહેવાથી અનુભાગ ગ્રહણ કરવું, પણ કેવળ સ્થિતિનું નહિ; જો કેવળ સ્થિતિનું ગ્રહણ કરવું હોત તો સ્થિતિપાક શબ્દને બદલે સ્થિતિ શબ્દ જ કહેવો ઘટિત હોય). વળી એ વાતને શ્રીકર્મપ્રકૃતિ ટીકા વિગેરેમાં અતિદૃઢ પણ કરી છે. માટે તેઓને (લેશ્યા એ યોગપરિણામરૂપ હોવાથી કર્મના પ્રકૃતિબંધ અને પ્રદેશબંધમાં હેતુભૂત છે એમ કહેનારાઓને) સિદ્ધાન્તનું જ્ઞાન પણ સમ્યક્ રીતે નથી.

વળી જે એમ કહ્યું કે - 'લેશ્યા એ કર્મનો નિષ્યન્દ છે, અને નિષ્યન્દરૂપ હોવાથી જ જ્યાં સુધી કષાયોદય ત્યાં સુધી નિષ્યન્દનો પણ સદ્‌ભાવ હોવાથી કર્મની સ્થિતિમાં પણ હેતુરૂપ (લેશ્યાઓ) હોય તે ઘટિત વાત છે ઈત્યાદિ', એ કહેવું પણ અશ્લીલ (ગ્રામ્ય વચન-સમજ વિનાનું) વચન છે. કારણ કે લેશ્યાઓ અનુભાગબંધમાં હેતુ હોવાથી સ્થિતિબંધનો હેતુ ન ઘટી શકે.

વળી બીજી વાત એ છે કે - કર્મનો નિષ્યન્દ તે શું કર્મનો કલ્ક (અસાર ભાગ સરખો) જાણવો ? કે કર્મનો સાર જાણવો ? (એ બે વિકલ્પમાંથી પ્રથમ 'કર્મનો કલ્ક' તો ઘટતો નથી, કારણ કે) કલ્ક તો અસાર હોવાથી તેના વડે ઉત્કૃષ્ટ રસ બંધાય નહિ; જેથી ઉત્કૃષ્ટાનુભાગબંધના હેતુપણે અનુપપત્તિનો પ્રસંગ આવે છે. કારણ કે કલ્ક એ અસાર હોય છે, અને જે અસાર હોય તે ઉત્કૃષ્ટાનુભાગબંધમાં હેતુ કેવી રીતે હોઈ શકે ? અને લેશ્યાઓ તો ઉત્કૃષ્ટાનુભાગબંધમાં પણ હેતુભૂત છે જ. હવે જો લેશ્યાઓ કર્મનો કલ્ક નહિ પણ કર્મનો સાર છે એ પક્ષ અંગીકાર કરો તો તે કયા કર્મનો સાર છે ? એમ કહેવા યોગ્ય (પૂછવા યોગ્ય) છે. જો કહો કે યથાસંભવ આઠે કર્મનો સાર છે તો કહીએ છીએ કે - શાસ્ત્રમાં આઠે કર્મના વિપાક વર્ણવ્યા છે તેમાં લેશ્યારૂપ વિપાક તો કોઈપણ કર્મનો વર્ણવ્યો - દર્શાવ્યો નથી; તો 'લેશ્યાઓ આઠ કર્મનો સાર છે' એ તમારો પક્ષ અમે કેવી રીતે અંગીકાર કરીએ ? તે કારણથી પૂર્વે કહેલો પક્ષ જ ('લેશ્યાઓ યોગાન્તર્ગત દ્રવ્યરૂપ છે' એ પક્ષ જ) અતિ શ્રેયસ્કર છે, માટે અંગીકાર કરવા યોગ્ય છે. કારણ કે શ્રી હરિભદ્રસૂરિ વિગેરેએ પણ તે તે સ્થાને (લેશ્યાસ્વરૂપના પ્રસંગવાળા સ્થાને) એ જ પક્ષ અંગીકાર કરેલો છે.

એ શ્રી પ્રજ્ઞાપનાજીની વૃત્તિનો અક્ષરાર્થ દર્શાવ્યો, જેમાં લેશ્યાઓને યોગાન્તર્ગત દ્રવ્યસ્વરૂપે ગણી છે, અને એ બાબતનું જ વિશેષ સમર્થન કરેલું છે. વળી લેશ્યાના સંબંધમાં શ્રી ઉત્તરાધ્યયનસૂત્રની શિષ્યહિતા નામની વ્યાખ્યાના કર્તા વાદિવેતાલ શ્રી શાંતિસૂરિએ શ્રી ભદ્રબાહુસ્વામીકૃત નિર્યુક્તિની વૃત્તિમાં જે ભાવાર્થ કહ્યો છે, તે નિર્યુક્તિ તથા વૃત્તિનો અક્ષરાર્થ -

## ॥ લેશ્યા સંબંધી શિષ્યહિતા વૃત્તિનો અભિપ્રાય ॥

લેશ્યાના ચાર નિક્ષેપમાં ત્રીજા દ્રવ્યનિક્ષેપના તદ્વ્યતિરિક્ત ભેદમાં તદ્વ્યતિરિક્ત દ્રવ્યલેશ્યા બે પ્રકારની કર્મદ્રવ્યલેશ્યા અને નોકર્મદ્રવ્યલેશ્યાના ભેદથી કહી છે. તે સંબંધી શ્રી ભદ્રબાહુકૃત નિર્યુક્તિની ગાથાઓ આ પ્રમાણે -


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जाणगभवियसरीरा, तव्वइरित्ता य सा पुणो दुविहा ।
कम्मा नोकम्मे या, नोकम्मे हुंति दुविहा उ ॥५३५ ॥
जीवाणमजीवाण य, दुविहा जीवाण होइ नायव्वा ।
भवमभवसिद्धियाणं, दुविहाण वि होइ सत्तविहा ॥५३५॥
अजीवकम्मनोदव्वलेसा सा दसविहा उ नायव्वा ।
चंदाण य सूराण य, गहगणनक्खत्ततारा णं ॥५३७॥
आभरणच्छायणादंसगाण मणिकागिणीण जा लेसा ।
अजीवदव्वलेसा, नायव्वा दसविहा एसा ॥५३८॥
जा दव्वकम्मलेसा, सा नियमा छव्विहा उ नायव्वा ।
किण्हा नीला काऊ, तेऊ पम्हा य सुक्का य ॥५३९॥

ગાથાર્થઃ જાણગશરીર, ભવ્યશરીર અને તદ્વ્યતિરિક્ત એ ત્રણ નિક્ષેપભેદમાંથી તદ્વ્યતિરિક્ત દ્રવ્યલેશ્યા પુનઃ તે બે પ્રકારની છે : ૧. કર્મદ્રવ્યલેશ્યા, ૨. નોકર્મદ્રવ્યલેશ્યા. તેમાં જે નોકર્મદ્રવ્યલેશ્યા, તે બે પ્રકારની છે. ॥૫૩૫॥

જીવનોકર્મદ્રવ્યલેશ્યા તથા અજીવનોકર્મદ્રવ્યલેશ્યા. તેમાં જીવોની નોકર્મદ્રવ્યલેશ્યા બે પ્રકારની છે એમ જાણવું. તે આ પ્રમાણે - ભવ્યસિદ્ધિ જીવોની (ભવ્યોની)નોકર્મદ્રવ્યલેશ્યા, તથા અભવ્યસિદ્ધિ જીવોની(અભવ્યોની) નોકર્મદ્રવ્યલેશ્યા. ત્યાં એ બન્ને જીવોની નોકર્મદ્રવ્યલેશ્યા પુનઃ સાત સાત પ્રકારની છે. ॥૫૩૬॥

તથા અજીવનોકર્મદ્રવ્યલેશ્યા તે વળી દશ પ્રકારની જાણવી. તે આ પ્રમાણે - ચંદ્રોની - સૂર્યોની - ગ્રહોની - નક્ષત્રોની - તારાઓની - ॥૫૩૭॥ આભરણોની - આચ્છાદનોની - આદર્શોની - મણિરત્નની - કાકિણીરત્નની, એ દશપ્રકારનાં દ્રવ્યોની જે લેશ્યા (તેજવિશેષ) તે દશ પ્રકારની અજીવનોકર્મદ્રવ્યલેશ્યા જાણવી (અહીં આભરણ તે મોતીમાળા વિગેરે અને આચ્છાદન તે સુવર્ણાદિ). ॥૫૩૮॥ (એ નોકર્મ દ્રવ્યલેશ્યા કહીને હવે કર્મદ્રવ્યલેશ્યા કહેવાય છે). જે દ્રવ્યકર્મલેશ્યા છે તે નિશ્ચયથી છ પ્રકારની જ જાણવી. તે આ પ્રમાણે - કૃષ્ણલેશ્યા - નીલલેશ્યા - કાપોતલેશ્યા - તેજોલેશ્યા - શુક્લલેશ્યા. ॥૫૩૯॥

અહીં ૫૩૭મી ગાથામાં જે સાત પ્રકારની નોકર્મદ્રવ્યલેશ્યા જીવો સંબંધી કહી, તે સંબંધમાં श्रीजयसिंहसूरि કૃષ્ણવર્ણાદિ છ અને સાતમી સંયોગજન્ય લેશ્યા જીવો સંબંધી કહે છે, અને બીજા આચાર્યો ઔદારિક, ઔદારિકમિશ્ર ઇત્યાદિ સાત પ્રકારના કાયયોગના ભેદથી સાત પ્રકારની (શરીરસંબંધી) લેશ્યા કહે છે, એ વિશેષ છે.

હવે કર્મદ્રવ્યલેશ્યા જે છ પ્રકારની કૃષ્ણલેશ્યા ઇત્યાદિ ભેદથી કહી તે સંબંધમાં શ્રી શાન્તિસૂરિકૃત વૃત્તિનો અક્ષરશઃ ભાવાર્થ કહેવાય છે. તે આ પ્રમાણે -

વળી અહીં कर्मद्रव्यलेश्या એમ સામાન્યથી કહેવા છતાં પણ શરીરનામકર્મનાં દ્રવ્યો તે જ કર્મદ્રવ્યલેશ્યા. કેમ કે શ્રી પ્રજ્ઞાપનાજીની વૃત્તિકર્તાએ કહ્યું છે કે - યોગપરિણામરૂપ લેશ્યા છે, અને લેશ્યા તે યોગપરિણામ કેવી રીતે ? (તે કહે છે-) સયોગી કેવલી શુક્લલેશ્યાપરિણામ સહિત (સ્વાયુષ્યપર્યન્ત) વિચરીને અન્તર્મુહૂર્ત્ત બાકી રહે ત્યારે યોગનિરોધ કરે છે, અને ત્યારબાદ અયોગીપણું તથા અલેશીપણું પ્રાપ્ત કરે છે; તે કારણથી જણાય છે કે - લેશ્યા એ યોગપરિણામ છે. અને તે યોગ શરીરનામકર્મનો જ પરિણામ (પરિણતિ) વિશેષ છે. કહ્યું છે કે - 'कर्म हि कार्मणस्य कार्यमन्येषां च शरीराणाम् (કર્મ તે કાર્મણ શરીરનું પણ કાર્ય છે, તેમજ બીજાં શરીરોનું પણ કાર્ય છે),' તે કારણથી ઔદારિકાદિ શરીરયુક્ત આત્માની જે વીર્યપરિણતિ વિશેષ તે काययोग. તથા ઔદારિક, વૈક્રિય અને આહારક શરીરના વ્યાપારથી ગ્રહણ કરેલ ભાષાદ્રવ્યના સમૂહના સંબંધથી થતો જે જીવવ્યાપાર તે वचनयोग. તેમજ ઔદારિકાદિ (ઔદારિક - વૈક્રિય - આહારક) શરીરના વ્યાપારથી ગ્રહણ કરેલ મનોદ્રવ્યના સમૂહના સંબંધથી થતો જે જીવવ્યાપાર તે मनोयोग. તે કારણથી કાયાદિ (કાયા-વચન-મનરૂપ) કરણ (વ્યાપારના સાધન) યુક્ત આત્માની જે વીર્યપરિણતિ તે योग કહેવાય છે, તેવી જ રીતે (કાયાદિ કરણયુક્ત આત્માની વીર્યપરિણતિવિશેષ તે] लेश्या પણ જાણવી.

વળી गुरवस्तु व्याचक्षते - ગુરુવર્ય તો એમ કહે છે કે - કર્મનો નિષ્યન્દ તે લેશ્યા. કારણ કે લેશ્યાઓ કર્મની સ્થિતિમાં હેતુભૂત છે. જેથી કહ્યું છે કે -

ताः कृष्णनीलकापोत - तेजसीपद्मशुक्लनामानः ।
श्लेष इव वर्णबन्धस्य, कर्मबन्धस्थितिविधात्र्यः ॥१॥

તથા कसाय - ક્રોધાદિ કષાયો તે કષાયમોહનીયકર્મના ઉદયથી થાય છે. તથા अन्नाण - અજ્ઞાન જે વિપરીત બોધરૂપ મતિઅજ્ઞાન આદિ ત્રણ અજ્ઞાન તે જ્ઞાનાવરણ અને મિથ્યાત્વમોહનીય એ બે કર્મના ઉદયથી થાય છે. અહીં પ્રથમ જે એ અજ્ઞાનના જ મતિ

---

[અર્થ : કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજસ્લેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા નામવાળી તે લેશ્યાઓ વર્ણના સંબંધમાં (વર્ણ એટલે ચિત્ર રંગવાનું દ્રવ્ય, તેને મેળવવામાં એટલે કર્દમવત્ આર્દ્ર કરવામાં) જેમ શ્લેષદ્રવ્ય (સ્નેહવાળું જળ, ગુગળ, ગુંદર વા રોગાન આદિ દ્રવ્ય) તેમ કર્મનો બંધ અને સ્થિતિબંધ એ બન્નેને કરનારી છે (એમ જાણવું). ॥૧॥

અને જો લેશ્યાઓ યોગપરિણામરૂપ છે એમ કહીએ તો जोगा पयडिपएसं ठिइअणुभागं कसायाओ એ વચનથી (યોગથી પ્રકૃતિબંધ તથા પ્રદેશબંધ હોય, અને કષાયથી સ્થિતિબંધ તથા અનુભાગબંધ હોય એ વચનથી) લેશ્યાઓ પ્રકૃતિબંધ અને પ્રદેશબંધમાં જ હેતુભૂત થાય, પરન્તુ કર્મની સ્થિતિમાં હેતુભૂત ન થાય. [એ વ્યાખ્યાથી યોગપરિણામરૂપ લેશ્યા નથી એમ સિદ્ધ કર્યું].

વળી લેશ્યાઓ કર્મનો નિસ્યન્દ છે એમ માનીએ તો જ્યાં સુધી કષાયોદય હોય ત્યાં સુધી કર્મના નિસ્યન્દનો પણ સદ્ભાવ હોવાથી લેશ્યાઓ કર્મની સ્થિતિમાં હેતુભૂત છે એ વાત પણ ઘટી શકે છે જ. અને એ કારણથી જ ઉપશાન્તમોહ તથા ક્ષીણમોહ અવસ્થામાં કર્મબંધનો સદ્ભાવ હોવા છતાં પણ સ્થિતિબંધ થતો નથી. જે કારણથી કહ્યું છે કે - 'तं पढमसमये बद्धं बीयसमये वेइयं ततियसमये निज्जिण्णं [તે કર્મ પ્રથમ સમયે બાંધ્યું, બીજે સમયે વેદ્યું, અને ત્રીજે સમયે નિર્જર્યું]'. વળી અહીં કોઈ પ્રશ્ન કરે કે - જો લેશ્યા કર્મનો નિસ્યન્દ છે, તો સમુચ્છિન્નક્રિયા નામના શુક્લધ્યાને ધ્યાતા (કેવલી)ને પણ ચાર કર્મનો સદ્ભાવ હોવાથી તે (ચાર કર્મ)ના નિસ્યન્દના સદ્ભાવથી લેશ્યાનો સદ્ભાવ હોવો જોઈએ તે કેમ નથી ? તો તેનો ઉત્તર કહેવાય છે કે - એવો કંઈ નિયમ નથી કે નિસ્યન્દવંત સદાકાળ નિસ્યન્દસહિત જ હોય; કારણ કે કોઈ વખત નિસ્યન્દવાળી વસ્તુઓ પણ તથા પ્રકારની અવસ્થામાં નિસ્યન્દરહિત દેખાય છે [આ સર્વ વ્યાખ્યામાં લેશ્યાઓ કર્મનો નિસ્યન્દ છે એમ યુક્તિ પ્રયુક્તિથી સિદ્ધ કર્યું].

[હવે શ્રી પ્રજ્ઞાપનાજીની વૃત્તિમાં જે યોગપરિણામરૂપ લેશ્યા કહી છે, તેમજ આ વૃત્તિકર્તાએ પણ પોતાનો અભિપ્રાય તે વૃત્તિને અનુસારે જ દર્શાવ્યો છે તે યોગપરિણામરૂપ લેશ્યાનું ખંડન गुरवस्तु व्याचक्षते એ પદથી ગુરુ પોતે જ કરે છે તે આ પ્રમાણે -]

વળી પ્રથમ જે કહ્યું કે 'યોગપરિણામ એજ લેશ્યા' તે પણ અસાધક છે [એ વચન પણ લક્ષ્યને સિદ્ધ કરનાર નથી], કારણ કે - કિરણો વિગેરે જો કે સૂર્યાદિકના અભાવે હોય નહિ, પરન્તુ તે કારણથી કિરણો વિગેરે સૂર્યરૂપ જ છે એમ ન કહેવાય. જે કારણથી કહ્યું છે કે -

यच्च चन्द्रप्रभाद्यत्र, ज्ञातं तज्ज्ञातमात्रकम् ।
प्रभा पुद्गलरूपा यत्तध्धर्मो नोपपद्यते ॥१॥

[અર્થ : વળી અહીં [પ્રાયઃ લેશ્યાના સંબંધમાં] જે ચંદ્રપ્રભાદિકનું ઉદાહરણ આપ્યું તે તો ઉદાહરણમાત્ર જ છે. કારણ કે - પ્રભા જે પુદ્ગલસ્વરૂપ છે તે ચંદ્રાદિકનો ધર્મ છે એમ સિદ્ધ નથી ॥૧॥.

એ गुरवस्तु व्याचक्षते એ પદથી પ્રારંભીને અહીં સુધીમાં ગુરુકથિત વ્યાખ્યા સમાપ્ત થઈ, હવે વૃત્તિકર્તા પોતે કહે છે-]

વળી અન્ય આચાર્યો એમ કહે છે કે - કાર્મણશરીરની માફક આઠ કર્મથી જુદાં જ કાર્મણ વર્ગણાના દ્રવ્યોથી બનેલાં કર્મલેશ્યાનાં દ્રવ્યો છે. [અર્થાત્ કાર્મણ વર્ગણામાંથી જેમ કાર્મણ શરીર બન્યું છે તેવી જ રીતે કાર્મણ વર્ગણામાંથી જ લેશ્યાદ્રવ્યો પણ બનેલાં છે, જેથી લેશ્યાદ્રવ્યો તે કાર્મણ વર્ગણાનાં જ દ્રવ્યો છે]. માટે હવે એ સર્વ બાબતમાં (ભિન્ન ભિન્ન કથનમાં) તત્ત્વ શું છે તે શ્રી સર્વજ્ઞો જાણે.

એ પ્રમાણે લેશ્યાઓના સંબંધમાં યોગાન્તર્ગત દ્રવ્ય, એટલે આ વૃત્તિકર્તાના અર્થ પ્રમાણે પાંચ શરીરનામકર્મનાં દ્રવ્ય, કર્મનિસ્યન્દ અને કાર્મણવર્ગણાનાં સ્વતંત્ર દ્રવ્યો એ ત્રણ અભિપ્રાય કહેવાયા. એ સંબંધમાં તત્ત્વ શું છે તે શ્રી સર્વજ્ઞો જાણે. સમજવામાં તો પહેલો અને ત્રીજો અભિપ્રાય સુગમતાથી સમજી શકાય છે. તત્ત્વાર્થવૃત્તિકર્તા એ કર્મના નિસ્યન્દરૂપ અને વર્ણમાત્ર માને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અજ્ઞાનાદિક ભેદોમાં (ત્રણ અજ્ઞાનમાં) ક્ષાયોપશમિકભાવ કહ્યો તે વસ્તુના અવબોધમાત્રની અપેક્ષાએ જ કહ્યો (પરન્તુ વિપરીત કે અવિપરીતના વિશેષથી નહિ). કારણ કે - વસ્તુનો અવબોધ સર્વ પણ એટલે વિપરીત અવબોધ હોય અથવા તો અવિપરીત અવબોધ હોય તો પણ અવબોધ તો જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી જ થાય છે. અને એજ બોધમાં વિપર્યાસપણારૂપ જે અજ્ઞાનભાવ થાય છે તે તો જ્ઞાનાવરણ અને મિથ્યાત્વમોહનીય એ બે કર્મના ઉદયથી જ થાય છે. માટે એક જ અજ્ઞાનમાં ક્ષયોપશમભાવ અને ઔદયિકભાવ એ બે ભાવ કહેવા વિરોધવાળા નથી. એ પ્રમાણે બીજા જીવગુણોમાં પણ (જ્યાં બે ભાવની પ્રાપ્તિ હોય ત્યાં) વિરોધનો પરિહાર જાણવો.

તથા अजय - અયતપણું એટલે અવિરતિપણું તે પણ અપ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયથી થાય છે. અને अस्स[1]ण्णी - અસંજ્ઞિપણું મનઃઅપર્યાપ્તિનામ[2]કર્મના ઉદયથી અને જ્ઞાનાવરણીયાદિકના ઉદયથી થાય છે. मिच्छा - મિથ્યાત્વ તે મિથ્યાત્વમોહનીયકર્મના ઉદયથી થાય છે. आहारे - આહારકપણું એ ક્ષુધા[3]વેદનીય તથા આહાર[4]પર્યાપ્તિ આદિ નામકર્મના ઉદયથી થાય છે. એ પ્રમાણે યથાયોગ્ય પોતપોતાના કર્મના ઉદય વડે ઉત્પન્ન થતા હોવાથી એ ગતિ આદિ જીવપર્યાયો સર્વે ઔદયિક[5] ભાવમાં ગણાય છે.

प्रश्नः જો એ પ્રમાણે (ઔદયિકભાવના એ જ ભેદો) છે તો પાંચ નિદ્રા-વેદના હાસ્ય-રતિ-અરતિ-આદિ તેમજ અસિદ્ધત્વ, સંસારીપણું ઈત્યાદિ બીજા પણ કર્મોદયથી ઉત્પન્ન થયેલા અનેક પર્યાયો જીવોમાં છે, તો તે પર્યાયોને પણ અહીં (ઔદયિકભાવમાં) કેમ ન ગણ્યા?

उत्तरः એ પૂછવું સત્ય છે, પરન્તુ એ કહેલા પર્યાયો પણ ઉપલક્ષણથી (આ ભાવમાં) જાણવા, અને સંભવતા એવા બીજા બીજા પર્યાયો પણ (તે ભાવમાં) જાણવા.

હવે पारिणामिकभाव કહેવાય છે. जिय भव्वियरियत्ति य सहावो- જીવત્વ તથા ભવ્યત્વ અને તેથી ઈતર તે અભવ્યત્વ એ ત્રણ જીવના સ્વભાવ છે, અર્થાત્ અનાદિકાળથી વર્તતા ભાવ છે, અથવા આત્મગત સ્વરૂપ છે, અર્થાત્ અનાદિ પરિણામી ભાવ છે - એ ભાવાર્થ છે. એ

---

૧. ગ્રન્થાન્તરોમાં ૨૧ ઔદયિકભાવ કહ્યા છે, તેમાં આ અસંજ્ઞિપણું ગણ્યું નથી. તેમજ આગળ કહેવાતું આહારીપણું પણ ઘણા ગ્રન્થોમાં ગણ્યું નથી, તેથી જો કે એ બે ભાવ ઔદયિક ન હોય એમ તો નથી જ, એ બન્ને ઔદયિકભાવ જ છે. પરન્તુ અહીં ઔદયિકભાવોની સંખ્યાનો નિયમ ન રાખવાની અપેક્ષાએ એ બન્ને ભાવ ગણ્યા છે.

૨. અપર્યાપ્તનામકર્મ ઉચ્છવાસઅપર્યાપ્તનામકર્મ, ભાષાઅપર્યાપ્તનામકર્મ અને મનઃઅપર્યાપ્તનામકર્મ એમ ત્રણ પ્રકારનું છે. માટે અહીં મનઃઅપર્યાપ્તનામકર્મ ગ્રહણ કર્યું, કારણ કે મનના અભાવે જ અસંજ્ઞિપણું હોય છે.

૩. ક્ષુધાવેદનીય એ અશાતાવેદનીયમાં અન્તર્ગત છે.

૪. આહારપર્યાપ્તિનામકર્મના ઉદયથી આહારગ્રહણ અને ખલરસપરિણમન હોય છે. પરન્તુ (એ) નામકર્મના ઉદયથી ક્ષુધાની ઉત્પત્તિ માનવી એ કંઈક વિચારવા યોગ્ય તો છે, કારણ કે ક્ષુધા ઉત્પન્ન થયા બાદ આહારગ્રહણાદિમાં જ એનું પ્રયોજન છે.

૫. જેમ ક્ષાયોપશમિકભાવમાં અન્ય ગ્રંથોમાં ૧૮ સંખ્યાનો, અને ઔદયિકભાવમાં ૨૧ સંખ્યાનો નિયમ રાખ્યો છે, તેમ આ ગ્રંથમાં સંખ્યાનિયમ રાખવામાં આવ્યો નથી. કારણ કે ક્ષયોપશમભાવમાં ૨૧ ગણાવ્યા , અને અહીં ૨૮ ગણાવ્યા, અને અસિદ્ધત્વભાવ ગણાવ્યો નથી. એ સર્વ ગ્રંથકર્તાની વિવક્ષામાત્ર જેટલો ભેદ છે, પરન્તુ તેથી વિસંવાદ કે વિરોધ નથી.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૬૯મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૨૬૯॥

(ચાલુ પદ્ધતિ પ્રમાણે ગાથાર્થ સમાપ્ત થયા બાદ અવતરણ આવે છે તે આગળની કહેવાતી ગાથા સાથે જોડાય છે, એ આ ભાષાન્તરમાં પદ્ધતિ સર્વત્ર આવી ગઈ છે. પરન્તુ અહીં વૃત્તિ ઘણી મોટી હોવાથી એ સર્વ અર્થ આગળની ગાથામાં અવતરણસ્વરૂપે નહિ લખતાં આ ગાથાર્થના પર્યન્તે જ લખાય છે. તે આ પ્રમાણે-)

प्रश्नः મોહનીયાદિકર્મથી ઉત્પન્ન થયેલા છે, ઈત્યાદિ કથનરૂપે તેમજ તેનું કાર્ય કેવળજ્ઞાનાદિ લબ્ધિઓ દર્શાવવા દ્વારા અહીં ઔદયિકાદિ પાંચ ભાવોનું સ્વરૂપ કહ્યું. અને છઠ્ઠો સાન્નિપાતિક ભાવ કે જે પ્રથમ જીવોમાં પ્રાપ્ત થવાયોગ્ય કહ્યો છે, તે ભાવને તો અહીં કાર્યાદિ દર્શન દ્વારા (એ સાન્નિપાતિકભાવથી જીવોમાં કયા કયા પર્યાય ઉત્પન્ન થાય છે તે ઈત્યાદિ સ્વરૂપે) કહ્યો જ નથી ! [તો તેનું કારણ શું ? અર્થાત્ તે સાન્તિપાતિકભાવનું કાર્ય શું ? તે કહો].

उत्तरः એ વાત સત્ય છે (કે સાન્નિપાતિક ભાવથી ઉત્પન્ન થતા પર્યાયોને ઔદયિકાદિ ભાવવત્ કહ્યા નથી). પરન્તુ જો એ સાન્નિપાતિકભાવ ઔદયિક આદિ પાંચ ભાવોની પેઠે જુદો જ છઠ્ઠો ભાવ હોત ત્યારે તો તેથી ઉત્પન્ન થતું કાર્ય વિગેરે જુદું દર્શાવત, પરન્તુ તેમ નથી (એટલે તે સાન્નિપાતિકભાવ પાંચ ભાવથી સર્વથા ભિન્ન નથી), પરન્તુ એ ભાવને તો સિદ્ધાન્તોમાં ઔદયિક આદિ પાંચ ભાવોમાંથી બે ભાવનો, ત્રણ ભાવનો, ચાર ભાવનો અથવા પાંચ ભાવનો ભેગો યોગ તે જ સાન્નિપાતિકભાવ કહ્યો છે. તે આ પ્રમાણે - [હવે એ સંયોગો દર્શાવાય છે -]

ઔદયિકાદિ પાંચ ભાવના દ્વિસંયોગી યોગ (ભેદ) ૧૦ થાય છે. તેમજ ત્રિસંયોગી યોગ પણ દશ થાય છે. ચતુઃસંયોગી યોગ પાંચ થાય છે. અને પંચસંયોગી યોગ એક જ થાય છે. એ પ્રમાણે પ્રરૂપણામાત્રથી છ[૧]વ્વીસ ભાંગાનો બનેલો સાન્નિપાતિકભાવ છે. પરન્તુ વાસ્તવિક રીતે તો જીવોમાં એ છવ્વીસમાંના છ ભાંગા જ પ્રાપ્ત થાય છે, અને શેષ વીશ ભાંગા તો પ્રરૂપણા માત્ર જ છે. પરન્તુ કોઈપણ જીવમાં સંભવતા નથી. [હવે એ છ ભાંગાની પ્રાપ્તિ જીવોમાં દર્શાવાય છે-]

ત્યાં દ્વિસંયોગી દશ ભાંગામાં 'ક્ષાયિક - પારિણામિક' એ બે ભાવનો બનેલો જે નવમો ભાંગો તે સિદ્ધને પ્રાપ્ત થાય છે; કારણ કે સિદ્ધોમાં સમ્યક્ત્વાદિ (સમ્યક્ત્વ-જ્ઞાન - દર્શન - ચારિત્ર-વીર્ય આદિ) ક્ષાયિકભાવે છે, અને જીવત્વ પારિણામિકભાવનું છે. (બાકીના નવ દ્વિસંયોગી ભાંગા તો પ્રરૂપણામાત્ર જ છે. બીજા (સિદ્ધ સિવાયના) સંસારી જીવોને તો નિશ્ચયથી ગતિ આદિ ઔદયિકભાવની છે, જ્ઞાનાદિક ક્ષાયોપશમિકભાવનું છે, અને જીવત્વ પારિણામિકભાવનું છે, ઈત્યાદિ રીતે (સંસારી જીવોને તો) જઘન્યથી પણ ત્રણ ભાવની પ્રાપ્તિ છે, તેથી તેઓમાં (સંસારી જીવોમાં) દ્વિકસંયોગી એક પણ ભાવનો સદ્ભાવ કેવી રીતે હોય ? એ તાત્પર્ય છે.

---

૧. છવ્વીસ ભાંગા પાંચ ભાવના દ્વિકાદિ સંયોગથી કેવી રીતે થાય છે તે ચાલુ વર્ણન પ્રસંગે જ પ્રથમ ટિપ્પણીમાં સર્વ ભાંગા જુદા જુદા સ્પષ્ટ દર્શાવ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા ત્રિસંયોગી દશ ભાંગાઓમાંથી 'ઔદારિક-ક્ષાયિક-પારિણામિક' - એ ત્રણ ભાવનો બનેલો પાંચમો[1] ભંગ કેવલીને હોય છે. તે આ પ્રમાણે - કેવલી ભગવાનને મનુષ્યગતિ ઔદયિકભાવની છે, કેવલજ્ઞાન આદિ ગુણો ક્ષાયિકભાવના છે, અને જીવત્વ પારિણામિકભાવનું છે. એ પ્રમાણે એ ત્રણ ભાવો કેવલી ભગવાનને હોય છે. અહીં ઔપશમિક ભાવ હોય નહિ, કારણ કે ઔપશમિકભાવ તો મોહનીય કર્મના જ આશ્રયવાળો છે (અર્થાત્ મોહનીય કર્મવાળા જીવને જ હોય છે). અને મોહનીય કર્મ કેવલીને હોય નહિ (માટે ઉપશમભાવ પણ ન હોય). તથા અહીં કેવલી ભગવંતના ભાંગામાં ક્ષયોપશમભાવ પણ દૂર કરવા યોગ્ય છે (નહિ કહેવા યોગ્ય છે); કારણ કે કેવલીને ક્ષાયોપશમિકભાવનાં જ્ઞાનાદિ હોય નહિ. તે કારણથી બાકી રહેલા પૂર્વોક્ત ત્રણ ભાવનો જ સંયોગી પાંચમો ભાંગો કેવલીને સંભવે છે. તથા 'ઔદયિક - ક્ષાયોપશમિક - પારિણામિક' એ ત્રણ ભાવના યોગથી બનેલો ત્રિસંયોગી છટ્ઠો ભાંગો નારક આદિ ચારે ગતિમાં પ્રાપ્ત થાય છે. તે આ પ્રમાણે :

(ચારે ગતિના જીવોમાં પોતપોતાની) કોઈ પણ એક ગતિ (આદિ) ઔદયિકભાવની

---

૧. આ ગ્રંથકર્તાએ પાંચ ભાવોના અનુક્રમમાં ૨૬૫મી ગાથામાં ઉપશમ-ક્ષાયિક-ક્ષાયોપશમિક-ઔદયિક અને પારિણામિક એ અનુક્રમથી પાંચ ભાવ કહ્યા, અને ૨૬૬મી ગાથામાં ઔદયિક - ઔપશમિક - ક્ષાયિક - ક્ષાયોપશમિક અને પારિણામિક એ અનુક્રમથી પાંચ ભાવ કહ્યા. જેથી વૃત્તિકર્ત્તાએ અહીં ભાંગાની ગણતરીમાં ૨૬૬મી ગાથાનો ક્રમ ગ્રહણ કરવાથી પ્રથમ ૨૬૫મી ગાથાની વૃત્તિના અર્થમાં ટિપ્પણીને વિષે ૨૬૫મી ગાથામાં કહેલા ક્રમ પ્રમાણે જ સાન્નિપાતિકભાવના ૨૬ ભાંગા દર્શાવ્યા છે, તે ભાંગાઓ સાથે આ ત્રિકસંયોગ આદિના કહેવાતા પાંચમા-છઠ્ઠા આદિ દરેક ભાંગામાં ભાવોના ક્રમની વિષમતા તેમજ ભાંગાનો અંક એ બન્ને જુદા પડી જાય છે, મળતા આવતા નથી, તેનું કારણ વૃત્તિકર્તાએ ૨૬૬મી ગાથામાં કહેલો ક્રમ ગ્રહણ કર્યો તે જ છે. બીજા ઘણા ગ્રંથોમાં એ (૨૬૬મી ગાથામાં કહેલો) ક્રમ ગ્રહણ કર્યો નથી, પરન્તુ ૨૬૫મી ગાથા પ્રમાણે જ અનુક્રમ લીધો છે. તે કર્મના ભાંગા આ કહેવાતા ભાંગાઓ સાથે મળતા ન જ આવે માટે હવે અહીં વૃત્તિકર્ત્તાએ ગ્રહણ કરેલા ક્રમ પ્રમાણે પ્રાપ્ત થાય છે, તે દર્શાવાય છે.

દ્વિસંયોગી ૧૦ - ૧. ઔદ.-ઉપ. / ૨. ઔદ. ક્ષા. / ૩. ઔદ. - ક્ષાયોપ. / ૪. ઔદ.-પારિ. / ૫. ઉપ.-ક્ષા. / ૬. ઉપ. - ક્ષયોપ. / ૭. ઉપ. - પારિ. / ૮. ક્ષાયિક - ક્ષાયોપ. / ૯. ક્ષા. - પારિ. (સિદ્ધને) / ૧૦. ક્ષાયોપ. - પારિણા.

ત્રિસંયોગી ૧૦ ભાંગા

૧. ઉદય - ઉપ. - ક્ષાયિક.
૨. ઉદય - ઉપ. - ક્ષયોપ.
૩. ઉદય - ઉપ. - પારિ.
૪. ઉદય - ક્ષા. - ક્ષયોપ.
૫. ઉદય - ક્ષા. - પારિ. (કેવલીને)
૬. ઉદય - ક્ષયોપ. - પારિ.
(ચાર ગતિમાં)
૭. ઉપ. - ક્ષા. - ક્ષયોપ.
૮. ઉપ. ક્ષા. પારિ.
૯. ઉપ. - ક્ષયોપ. - પારિ.
૧૦. ક્ષા. - ક્ષયોપ. - પારિ.

- ચતુઃ સંયોગી ૫ ભાંગા

૧. ઉદય - ઉપ. - ક્ષા. - ક્ષયોપ.
૨. ઉદય - ઉપ. - ક્ષા. - પારિ.
૩. ઉદય - ઉપ. - ક્ષયોપ. - પારિ.
(ચાર ગતિમાં)
૪. ઉદય - ક્ષા. - ક્ષયોપ. - પારિ.
(ચાર ગતિમાં)
૫. ઉપ. - ક્ષા. ક્ષયોપ. - પારિ.

પંચસંયોગી ૧ ભંગ

૧. ઉદય - ઉપ. - ક્ષા. - ક્ષયોપ. - પારિ.
(ઉપ. શ્રેણિમાં).

એ પ્રમાણે આ ગ્રંથને અનુસારે ભંગ સંકલના દર્શાવી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય, જ્ઞાનાદિક ક્ષાયોપશમિકભાવનાં હોય, અને જીવત્વ પારિણામિકભાવનું હોય, એ પ્રમાણે એ ત્રણ ભાવ સર્વ ગતિઓના જીવોને હોય છે. શેષ ત્રિસંયોગી આઠ ભાંગા પ્રરૂપણામાત્ર છે, કારણ કે કોઈ પણ જીવમાં સંભવતા નથી માટે. તથા ચતુઃસંયોગી પાંચ ભાવમાં 'ઔદયિક - ઉપશમ - ક્ષયોપશમ - પારિણામિક' એ ચાર ભાવથી બનેલો ત્રીજો ભાંગો ચારે ગતિના જીવોમાં સંભવે છે, તેમાં ત્રણ ભાવની પ્રાપ્તિનો વિચાર તો પ્રથમ (ત્રિકસંયોગી ભાંગામાં) કહ્યા પ્રમાણે જાણવો, અને ચોથો ઉપશમભાવ તો જે જીવો અનાદિકાળમાં પ્રથમ સમ્યક્ત્વ પામ્યા હોય ઈત્યાદિ[1] વખતે જાણવો. વળી એ પ્રમાણે 'ઔદયિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, પારિણામિક' એ ચાર ભાવનો બનેલો ચોથો ભાંગો પણ સર્વ ગતિના જીવોને (ચારે ગતિમાં) પ્રાપ્ત થાય છે. તેમાં પણ ત્રણ ભાવની પ્રાપ્તિ તો પ્રથમ (ત્રિસંયોગીમાં) કહ્યા પ્રમાણે જાણવી. અને ક્ષાયિકભાવમાં ક્ષાયિક સમ્યક્ત્વ જાણવું. શેષ ચતુઃસંયોગી ત્રણ ભાંગા પ્રરૂપણામાત્ર છે (કારણ કે કોઈ પણ જીવમાં પ્રાપ્ત થતા નથી માટે). તથા એક જે પંચસંયોગી ભાંગો તે જે જીવ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ થઈને ઉપશમશ્રેણિ પ્રાપ્ત કરે છે, તે જીવને હોય છે; પરન્તુ બીજા જીવને હોય નહિ. કારણ કે પાંચે ભેગા ભાવનો સંયોગ (અર્થાત્ એક જીવને સમકાળે પાંચે ભાવની પ્રાપ્તિ)તો તેવા જીવને જ હોય છે માટે. [એમાં (૧૧ મા ગુણસ્થાનનું) ઉપશમ ચારિત્ર ઉપશમભાવનું ગણાય, ક્ષાયિકસમ્યક્ત્વ ક્ષાયિકભાવમાં ગણાય, જ્ઞાનાદિક ક્ષયોપશમભાવમાં, ગતિ આદિક ઔદયિકભાવમાં અને જીવત્વ પારિણામિકભાવમાં ગણાવાથી એ પાંચે ભાવનો સમકાળે સંયોગ ક્ષાયિક સમ્યક્ત્વ સહિત ઉપશમ ચારિત્રવંત જીવને ઉપશમશ્રેણિમાં જ હોય].

એ પ્રમાણે એક દ્વિસંયોગી ભાંગો, બે ત્રિસંયોગી ભાંગા, બે ચતુઃસંયોગી ભાંગા અને એક પંચસંયોગી ભાંગો એ રીતે એ છે ભાંગા અહીં સંભવિત ભાંગા તરીકે ગણાવ્યા. શેષ વીશ ભાંગા તો સંયોગથી ઉત્પન્ન થતી ગણતરી માત્રથી પ્રરૂપણામાત્ર જ કહ્યા, એમ સિદ્ધ થયું (એ ૨૬ સાન્નિપાતિક ભાંગા જાણવા).

[એ જ સંભવતા છ સાન્નિપાતિક ભાંગા ગતિના ભેદથી પંદર પ્રકારના પણ ગણાય છે. તે આ પ્રમાણે -] સંભવતા છ સન્નિપાત ભાંગાઓમાંથી ત્રિસંયોગી[2] એક ભાંગો અને ચતુઃસંયોગી બે ભાંગા એ ત્રણ ભાંગામાંનો દરેક ભાંગો ચારે ગતિના જીવોમાં પ્રાપ્ત થાય છે, એમ પ્રથમ નિર્ણય કહેલો છે. તે કારણથી ચાર ચાર ગતિના ભેદથી તે ત્રણને નિશ્ચયથી બાર ભાંગા ગણીએ, અને બાકી રહેલા ૧ દ્વિસંયોગી, ૧ ત્રિસંયોગી અને ૧ પંચસંયોગી એ ત્રણ ભાંગા અનુક્રમે સિદ્ધને, કેવલી ભગવંતને [અર્થાત્ ભવસ્થ કેવલીને] અને ઉપશાન્તમોહીને

૧. અહીં આદિ શબ્દથી ઉપશમશ્રેણિથી પતિત થઈને ઉપશમ સમ્યક્ત્વમાં વર્તતા મનુષ્ય આશ્રયિ જાણવો.

૨. આ ગ્રંથને અનુસારે ઔદયિક - ક્ષાયોપશમિક - પારિણામિક એ છટ્ઠો ત્રિસંયોગી અને ગ્રન્થાન્તરોને અનુસારે ક્ષાયોપ. - ઔદયિક. - પારિણામિક એ દશમો ત્રિસંયોગી ભંગ, તથા આ ગ્રંથને અનુસારે ઔદ. - ઉપ. - ક્ષાયોપ. - પારિ. એ ત્રીજો ચતુઃસંયોગી ભંગ અને ઔદ. - ક્ષા. - ક્ષાયોપ. - પારિણા. એ ચોથો ચતુઃ સંયોગી ભંગ. પરન્તુ ગ્રંથાન્તરોને અનુસારે ઉપ. - ક્ષાયોપ. - ઔદ.- પારિણામિક એ ચોથો ચતુઃસંયોગી, અને ક્ષા. - ક્ષાયોપ. - ઔદ.- પારિ. એ પાંચમો ચતુઃસંયોગી ભંગ જાણવો. ભાવોના ક્રમને અંગે એ ફેરફાર છે, પરન્તુ વસ્તુતઃ બન્ને પ્રકારના ભાંગા સરખા જ છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિશ્ચયથી કહેલા છે. માટે એકેક સ્થાનવર્તી હોવાથી [એકેક ગતિભેદવાળા હોવાથી] એ ત્રણને ત્રણ જ ભાંગા ગણીએ તો એ વિવક્ષા પ્રમાણે આ સાન્નિપાતિકભાવ સ્થાનાન્તરે [બીજા ઘણા ગ્રંથોમાં] પંદર પ્રકારનો પણ કહ્યો છે, એમ જાણવું. જે કારણથી (બીજા ગ્રંથો[1]માં) કહ્યું છે કે - अविरुद्ध सन्निवाइय, - भेया एमेते पन्नरस [એ પ્રમાણે વિરોધરહિત અથવા પરસ્પર અવિરુધ્ધ એવા સાન્નિપાતિકભાવના એ પંદર ભાંગા જાણવા]. એ પ્રમાણે ઔદયિકાદિ પાંચ ભાવોના સંયોગ વડે સાધ્ય હોવાથી (ઉત્પન્ન થતા હોવાથી) અહીં એ સાન્નિપાતિકભાવને કાર્યાદિ દર્શન દ્વારા જુદો કહ્યો નથી (એટલે ઔદયિકાદિ ભાવનું જેમ ગતિ આદિ જીવપર્યાયો ઇત્યાદિ જુદું જુદું કાર્ય-ફળ દર્શાવ્યું છે તેમ સાન્નિપાતિકભાવનું જુદું કાર્ય-ફળ દર્શાવ્યું નથી.) હવે એ બાબતના વિશેષ વિસ્તારથી સર્યું. હવે જે ચાલુ વિષય છે તે કહેવાય છે [અર્થાત્ સાન્નિપાતિકભાવનું ભિન્ન કાર્ય નથી એમ દર્શાવવા માટે અહીં જે સર્વ વ્યાખ્યા કરી તે સર્વ પ્રાસંગિક વ્યાખ્યા થઈ, માટે હવે તે વ્યાખ્યા સમાપ્ત કરીને ભાવનો જ જે વિષય ચાલુ છે તેની વ્યાખ્યા ચાલશે.] તે આ પ્રમાણે:

अवतरणः પ્રથમ જીવોને છએ ભાવ સંભવે છે, એમ જે કહ્યું હતું (૨૬૫મી ગાથામાં छध्धा जीवसमासो એ પદથી કહ્યું હતું) તે (૨૬૬-૨૬૭-૨૬૮-૨૬૯ ગાથામાં) દર્શાવ્યું. હવે परिणामुदओ अजीवाणं એમ જે (એ જ ૨૬૫મી ગાથામાં) કહ્યું હતું તે દર્શાવવાને માટે ગ્રન્થકર્તા આ ગાથા કહે છે :

**धम्माऽधम्माऽऽगासा, कालोत्ति य पारिणामिओ भावो ।**
**खंधा देस पएसा, अणू य परिणाम उदए य ॥२७०॥**

गाथार्थः ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ એ ચાર અરૂપી અજીવો પારિણામિકભાવવાળા છે, અને સ્કંધ-દેશ-પ્રદેશ-પરમાણુ એ ચાર પ્રકારવાળો પુદ્ગલાસ્તિકાય જે રૂપી અજીવ છે તે પારિણામિકભાવવાળો પણ છે. અને ઔદયિકભાવવાળો પણ છે. ॥૨૭૦॥

टीकार्थः ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ એ ચાર

---

૧. શ્રી દેવેન્દ્રસૂરિકૃત ચોથા ષડશીતિ કર્મગ્રંથમાં પણ સાન્નિપાતિક પંદર ભંગ જીવોમાં પ્રાપ્ત કહ્યા છે, તેની મૂળ ગાથા આ પ્રમાણે -

चउ चउ गईसु मीसग - परिणामुदएहि चउसु खइएहिं ।
उवसमजुएहिं वा चउ, केवलिपरिणामुदयखइए ॥७०॥
खयपरिणामे सिद्धा, नराण पण जोगुवसमसेढीए ।
इअ पनर सन्निवाइअ, भेआ वीसं असंभविणो ॥७१॥

**અર્થ :** ક્ષાયોપ. - પારિણા. - ઔદ. એ ચાર ગતિમાં હોવાથી ચાર ત્રિયોગી ભાવ, તથા ક્ષાયિક સહિત ચતુઃસંયોગીભાવ ચાર ગતિમાં હોવાથી ચાર પ્રકારનો અથવા ક્ષાયિકને બદલે ઉપશમભાવ સહિત ચતુઃસંયોગીભાવ તે પણ (ચાર ગતિમાં હોવાથી) ચાર પ્રકારનો છે. તથા પારિણામિક-ઔદયિક-ક્ષાયિક (એટલે ક્ષાયિક-ઔદયિક- પારિ.) એ ત્રિસંયોગીભાવ કેવલીને જ હોય માટે ૧ પ્રકારનો તથા ક્ષાયિક-પારિણામિક એ દ્વિસંયોગી ભાવમાં સિદ્ધ (હોવાથી એક પ્રકારનો) છે. અને પંચસંયોગી એક ભાવ તે ઉપશમશ્રેણિમાં મનુષ્યોને જ હોય છે. એ પ્રમાણે પંદર પ્રકારના સાન્નિપાતિકભાવ (સંભવિત) જાણવા, અને શેષ વીશ ભેદ અસંભવિત છે. ॥૭૦-૭૧॥


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પારિણામિકભાવે છે, અર્થાત્ એ ચારે દ્રવ્યો અનાદિ પારિણામિકભાવે વર્તે છે. કારણ કે જીવ-પુદ્ગલોને અનાદિ કાળથી ગતિસહાયકતા, સ્થિતિસહાયકતા, અવગાહદાનરૂપ પરિણામ વડે (સ્વભાવ વડે) પરિણત હોવાથી તથા સમય- આવલિકા ઈત્યાદિ પરિણામ વડે પરિણત હોવાથી [એ ચારે દ્રવ્ય અનાદિ પારિણામિકભાવમાં છે].

તથા स्कंध તે બે પરમાણુના સ્કંધથી પ્રારંભીને યાવત્ અનન્ત પરમાણુના બનેલા સ્કંધ સુધીનાં પુદ્ગલો. देश એટલે એ સ્કંધોના જ સ્થૂલ[1] અવયવો. અને પ્રદેશ તે એ સ્કંધોના જ અતિ ઘણા સૂક્ષ્મ અવયવો એટલે (પ્રતિબદ્ધ) પરમાણુઓ. અને अणू એટલે એકાકી - છૂટા પરમાણુઓ. એ પ્રમાણે ચારે[2] પ્રકારનો પુદ્ગલાસ્તિકાય પારિણામિકભાવમાં તથા ઔદયિક ભાવમાં વર્તે છે. કારણ કે બે આદિ પરમાણુઓથી બનેલા દ્વ્યણુકાદિ સ્કંધો સાદિ[3] કાળથી પોતપોતાના સ્વરૂપે પરિણમે છે. [માટે એ સ્કંધાદિ પુદ્ગલો सादिपारिणामिकભાવમાં ગણવા,] અને મેરુ[4]પર્વત આદિ સ્કંધો અનાદિ કાળથી તે તે સ્વરૂપે (પોતપોતાના સ્વરૂપે) પરિણમેલા હોવાથી अनादिपारिणामिक નામના] પારિણામિકભાવમાં ગણાય છે.

प्रश्नः એ પ્રમાણે પુદ્ગલાસ્તિકાયમાં [દ્વિપ્રદેશી આદિ સ્કંધોની] સાદિ પારિણામિકભાવે તથા [મેરુપર્વત આદિ સ્કંધોની] અનાદિ પારિણામિકભાવે વૃત્તિ-વર્તના ભલે હો, પરન્તુ એ પુદ્ગલાસ્તિકાય ઔદયિકભાવમાં કેવી રીતે વર્તે ? કારણ કે કર્મોનો વિપાકરૂપે અનુભવ તે ઉદય કહેવાય, તે જ વિપાકરૂપ ઉદય અથવા તો તેવા ઉદયથી નિષ્પન્ન થયેલો જીવપર્યાય તે औदयिकભાવ કહેવાય, એ પ્રમાણે પ્રથમ કહેલું છે, અને એવા પ્રકારનો ઔદયિકભાવ સામાન્યપણે પુદ્ગલાસ્તિકાયમાં સંભવતો નથી. [માટે ચારે પ્રકાર આશ્રયિ ઔદયિકભાવ પુદ્ગલોમાં કેમ ઘટે ? ].

उत्तरः એ વાત સત્ય છે. પરન્તુ વર્ણ-ગંધ-રસ આદિકનો તો પુદ્ગલાસ્તિકાયમાં પણ ઉદય ગણાય છે. તે કારણથી વર્ણાદિકનો ઉદય (રક્તવર્ણાદિક પોતે જ) ઉદયભાવ અથવા તેના વડે નિષ્પન્ન થયેલ [વર્ણાદિકના ઉદયથી બનેલો રક્ત ઘટ ઈત્યાદિ] પર્યાય પણ ઉદયભાવ, એવા

૧. અહીં સ્થૂલ અવયવો તે પણ જઘન્યથી દ્વિપ્રદેશી અને ઉત્કૃષ્ટથી અનન્તપ્રદેશી જાણવા. અને તેમાં ત્રિપ્રદેશી સ્કંધથી પ્રારંભીને દેશરૂપ અવયવો હોય. દ્વિપ્રદેશી સ્કંધમાં તો પ્રદેશરૂપ અવયવ હોય, પરંતુ દેશરૂપ નહિ.

૨. અહીં 'ચારે પ્રકારનો' એ પદ પુદ્ગલાસ્તિકાયના સ્વરૂપદર્શક વિશેષણ તરીકે જ જાણવું, પરન્તુ એ ચારે પ્રકાશે પારિણામિક તથા ઔદયિકભાવમાં છે એમ સૂચવવા માટે નહિ, કારણ કે પારિ. તથા ઔદયિક એ બે ભાવ તો શરીરપણે પરિણમેલા ઔદારિકાદિ પાંચ શરીર સ્કંધોમાં છે, શેષ પુદ્ગલભેદોમાં પ્રાયઃ પારિણામિકભાવ એક જ સંભવે. પુનઃ વર્ણાદિ પર્યાયની અપેક્ષાએ ચારે પ્રકારમાં પણ ઉદયભાવ વૃત્તિકર્તા પોતે જ પ્રશ્નોત્તરના સ્વરૂપમાં કહેશે.

૩. અહીં 'સાદિ કાળથી' કહેવાનું કારણ એ છે કે - કોઈ પણ વિવક્ષિત એક સ્કંધ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ સુધી તત્સ્વરૂપે એટલે તે સ્કંધપણે રહીને અવશ્ય અન્ય સ્કંધપણે પરિણમે છે. અથવા તો સર્વથા છૂટો થઈ પરમાણુઓ રૂપે થાય છે માટે.

૪. 'મેરુપર્વત આદિ'માં આદિ શબ્દથી બીજા પણ શાશ્વત પર્વતો, પૃથ્વીઓ, જળાશયો, વિમાનો વિગેરે સર્વે શાશ્વત પુદ્ગલસ્કંધો ગ્રહણ કરવા. વળી એ સ્કંધોમાં પણ પ્રતિસમય પુદ્ગલોની હાનિ - વૃદ્ધિ તથા મળવું - વિખરવું થયા જ કરે છે, તો પણ દેખાવમાં સદાકાળ તેવા ને તેવા જ સ્કંધો બન્યા રહે છે માટે અનાદિ પારિણામિક કહેવાય છે, [નહિતર વિવક્ષિત પુદ્ગલોની અપેક્ષાએ તે સાદિ પારિણામિક જ છે].


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકારની વિવક્ષા - અપેક્ષા વડે પુદ્ગલાસ્તિકાયને પણ ઔદયિકભાવ હોય તેમાં વિરોધ નથી. અહીં પ્રથમની વિવક્ષાની ['કર્મનો ઉદય અથવા કર્મના ઉદયથી નિષ્પન્ન થયેલ ભાવ તે ઔદયિક ભાવ' એ વિવક્ષાની] અપેક્ષા રાખેલી નથી, માટે એમાં કોઈ દોષ નથી. એ પ્રમાણે ૨૭૦મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૨૭૦॥ इति सप्तमं भावद्वारम् ॥.

**॥ જીવાજીવદ્રવ્યોમાં ૮મું અલ્પબહુત્વદ્વાર ॥**

अवतरणः એ પ્રમાણે જીવદ્રવ્યોમાં તથા અજીવદ્રવ્યોમાં યથાયોગ્ય છએ ભાવ દર્શાવ્યા, અને તે દર્શાવવાથી ૭મું ભાવદ્વાર પણ સમાપ્ત થયું. હવે संतपयपरूवणया दव्वपमाणं च ઈત્યાદિ નિર્દેશવાળી [નવ અનુયોગદ્વાર દર્શાવનારી] ગાથામાં કહેલું (એ દ્વારોમાં વર્ણનમાં અનુક્રમે પ્રાપ્ત થયેલું] ૮મું अल्पबहुत्व નામનું દ્વાર જીવાજીવદ્રવ્યોમાં દર્શાવવાની ઈચ્છાએ ગ્રન્થકર્તા આ ગાથા કહે છે :

**थोवा नरा नरेहि य, असंखगुणिया हवंति नेरइया ।**
**तत्तो सुरा सुरेहि य, सिद्धाणंता तओ तिरिया ॥२७१॥**

गाथार्थः સર્વથી થોડા મનુષ્યો છે, તે મનુષ્યોથી અસંખ્યાતગુણા નારક જીવો છે. તે નારકોથી અસંખ્યાતગુણા સુર-દેવો છે, અને દેવોથી અનંત (અનંતગુણા) સિદ્ધ છે, તે સિદ્ધોથી પણ અનંત (અનન્તગુણા) તિર્યંચો છે. ॥૨૭૧॥

टीकार्थः (મનુષ્ય સિવાયની) શેષ ત્રણ ગતિના જીવોની અપેક્ષાએ મનુષ્યગતિમાં વર્તનારા મનુષ્યો તો સર્વથી થોડા છે; કારણ કે તેઓ માત્ર અઢી દ્વીપમાં જ રહેલા છે. માટે તે મનુષ્યોથી અસંખ્યાતગુણા નારકો છે; કારણ કે નારકો રત્નપ્રભાદિ સાત પૃથ્વીઓમાં રહેલા છે, અને એકેક પૃથ્વીમાં પણ અસંખ્યાત અસંખ્યાત નારકો છે. તથા તે નારકોથી વળી અસંખ્યાતગુણા સર્વે દેવો છે; કારણ કે દેવો ભવનપતિનિકાયમાં, વ્યન્તરનિકાયમાં, જ્યોતિષીનિકાયમાં, બાર દેવલોકમાં, નવ ગ્રૈવેયકોમાં, અને પાંચ અનુત્તર વિમાનોમાં પણ રહેલા છે માટે. તથા મહા[1]દંડકમાં પણ તેમજ કહેલું છે (અસંખ્યાત જ કહેલા છે) [માટે દેવો નારકોથી પણ અસંખ્યગુણા છે]. વળી તે સર્વ દેવોથી સિદ્ધો અનંતગુણા છે, કારણ કે કાળ અનન્ત છે, અને (ઉત્કૃષ્ટથી) છ માસને અન્તે કોઈ ને કોઈ જીવ અવશ્ય સિદ્ધિગતિમાં જાય છે, અને ત્યાંથી પુનઃ સંસારમાં આવવાનો અભાવ છે. પુનઃ તે સર્વ સિદ્ધોથી પણ તિર્યંચો અનન્ત ગુણા છે; કારણ કે અનન્ત કાળ વ્યતીત થયે પણ એક નિગોદના અનન્ત[2]મા ભાગ જેટલો જ જીવરાશિ સિદ્ધ થયેલો હોય છે; અને તિર્યંચગતિમાં તેવી અસંખ્યાતી નિગોદ છે, અને દરેક

---

૧. શ્રી પ્રજ્ઞાપનાજી ઉપાંગમાં ૯૯ બોલનું [જીવભેદનું] જે મહા અલ્પબહુત્વ કહ્યું છે, તે મહાદંડક એટલે મહાલ્પબહુત્વ નામનો દંડક. દંડક એટલે ક્રમવર્તી જીવભેદવાળો સૂત્રપાઠ.

૨. એ સંબંધમાં

जइयाइ होइ पुच्छा, जिणाण मग्गंमि उत्तरं तइया ।
इक्किक्कस्स निगोअस्सऽणंतभागो उ सिद्धिगओ ॥१॥

એ ગાથા સિદ્ધાન્તમાં પ્રસિદ્ધ છે. અર્થાત્ શ્રીજિનેશ્વરને જ્યારે પૂછીએ ત્યારે એ જ ઉત્તર મળે કે એકેક નિગોદનો અનંતમો ભાગ સિદ્ધ થયેલો છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિગોદમાં સર્વ સિદ્ધથી અનંતગુણ અનંતગુણ જીવસમૂહ રહેલો છે માટે [સર્વ સિદ્ધોથી તિર્યંચો અનંતગુણા કહ્યા છે]. એ ૨૭૧મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૨૭૧॥ इति चतुर्गतिभेदे जीवाल्पबहुत्वम् ॥

अवतरण: હવે તિર્યંચાદિ ગતિમાં વર્તતી સ્ત્રીઓનું તથા તે પ્રસંગથી બીજા પણ નારકાદિ જીવોનું અલ્પબહુત્વ આ ગાથામાં કહેવાય છે :

**थोवा य मणुस्सीओ, नर नरय तिरिक्खिओ असंखगुणा ।**
**सुरदेवी संखगुणा, सिद्धा तिरिया अणंतगुणा ॥२७२॥**

गाथार्थ: સર્વથી થોડી મનુષ્ય સ્ત્રીઓ છે, તેથી મનુષ્યો અસંખ્યગુણા છે, તેથી નારકો અસંખ્યગુણા છે, તેથી તિર્યંચ સ્ત્રીઓ અસંખ્યગુણી છે, તેથી દેવીઓ સંખ્યાતગુણી છે, તેથી સિદ્ધો અનંતગુણ છે, અને તેથી તિર્યંચો અનંતગુણા છે. ॥૨૭૨॥

टीकार्थ: પૂર્વે કહેલી યુક્તિથી જ [મનુષ્યો માત્ર અઢી દ્વીપમાં જ રહેલા છે એ યુક્તિથી જ] પ્રથમ સર્વથી થોડી મનુષ્ય-સ્ત્રીઓ છે, અને નર એટલે મનુષ્યો તેથી અસંખ્યગુણા છે. અહીં ગાથામાં કહેલ असंखगुणा પદનો સંબંધ સર્વ સ્થાને જોડવો.

प्रश्न: સ્થાનાન્તરે (બીજા ઘણા ગ્રન્થોમાં) તો મનુષ્ય પુરુષોથી મનુષ્ય-સ્ત્રીઓ જ સત્તાવીસ ગુણી અને સત્તાવીસ અધિક કહી છે, જે કારણથી ત્યાં કહ્યું છે કે -

'તિર્યંચોની સ્ત્રીઓ તિર્યંચ પુરુષોથી ત્રણગુણી અને ત્રણ અધિક જાણવી, અને મનુષ્યોની સ્ત્રીઓ મનુષ્ય પુરુષોથી નિશ્ચય સત્તાવીસગુણી અને સત્તાવીસ અધિક જાણવી ॥૧॥ તથા દેવોની સ્ત્રીઓ (દેવીઓ) દેવોથી બત્રીસગુણી ઉપરાંત બત્રીસ અધિક રાગ-દ્વેષને જીતેલા એવા શ્રી જિનેશ્વરોએ કહી છે. [એ પ્રમાણે સર્વત્ર પુરુષોથી સ્ત્રીઓની અધિકતા દર્શાવી.] ॥૨॥'

એ પ્રમાણે કહ્યું છે તો મનુષ્ય સ્ત્રીઓથી મનુષ્યો (પુરુષો) અસંખ્યગુણા કેવી રીતે ?

उत्तर: એ વાત સત્ય છે. પરન્તુ ગર્ભજ મનુષ્ય-પુરુષોની અપેક્ષાએ સ્ત્રીઓ ગ્રન્થાન્તરોમાં ઘણી કહી છે. અને અહીં તો સમ્મૂર્ચ્છિમ[1] મનુષ્યોની અપેક્ષાએ સ્ત્રીઓથી પુરુષો અસંખ્યગુણા કહ્યા છે, કારણ કે સમ્મૂર્ચ્છિમ મનુષ્યો અસંખ્યાત છે, અને મનુષ્ય-સ્ત્રીઓ સંખ્યાત જ છે, માટે એમાં કોઈ દોષ ન[2]થી.

તથા એ કહેલી યુક્તિથી જ (એટલે ૨૭૧મી ગાથામાં કહેલી યુક્તિથી જ) મનુષ્યોથી પણ અસંખ્યગુણા નારક જીવો છે. અને તે નારકોથી પણ તિર્યંચ સ્ત્રીઓ અસંખ્યાતગુણી છે. જો કે મહાદંડકમાં નારકોથી અસંખ્યાતગુણા તિર્યંચ પુરુષો કહ્યા છે, અને તેની (તિર્યંચની) સ્ત્રીઓ તિર્યંચ પુરુષોથી ત્રણગુણી અને ત્રણ અધિક કહી છે. તો નારકોની અપેક્ષાએ તિર્યંચ સ્ત્રીઓ અસંખ્યાતગુણી કહી તે યુક્ત જ છે. [એ પ્રમાણે મનુષ્ય પુરુષાદિથી પ્રારંભીને તિર્યંચ સ્ત્રી સુધીનું અલ્પબહુત્વ કહ્યું].

---

૧. સમ્મૂર્ચ્છિમ મનુષ્યો બીજી પૃથ્વીના નારકથી અસંખ્યગુણા, અને ઈશાનદેવોથી અસંખ્યાતમા ભાગ જેટલા છે.

૨. મનુષ્યમાં જ એ વિવક્ષા કરી, પણ તિર્યંચોમાં કરી નથી તે ઉચિત છે. અન્યથા બહુ ભેદ થાત.

Jain Education International  For Private & Personal Use Only www.jainelibrary.org

તથા તે તિર્યંચ સ્ત્રીઓથી સુર એટલે સામાન્યથી[1] દેવો સંખ્યાતગુણા છે, કારણ કે મહાદંડકમાં એ પ્રમાણે સંખ્યાતગુણા જ દેવો કહ્યા છે. (જેથી એમાં અસંખ્યાતગુણા કેમ નહિ? એ યુક્તિનું અહીં પ્રયોજન નથી). વળી એ દેવોથી પણ દેવીઓ સંખ્યાતગુણી છે; કારણ કે દેવોથી દેવીઓ બત્રીસગુણી અને બત્રીસ અધિક કહેલી છે. પુનઃ એ દેવીઓથી પણ પૂર્વોક્ત (૨૭૧મી ગાથામાં કહેલી) યુક્તિ પ્રમાણે સિદ્ધ અનંતગુણા છે. અને તેથી પણ પૂર્વોક્ત (૨૭૧મી ગાથામાં કહેલી) રીતિ પ્રમાણે સર્વ તિર્યંચો અનન્તગુણા છે. એ ૨૭૨ મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૨૭૨॥

अवतरणः હવે નારકાદિ ગતિમાં નારકાદિકોનું પોતપોતાના સ્થાનમાં જ પરસ્પર અલ્પબહુત્વ દર્શાવવાને અર્થે ગ્રંથકર્તા આ ગાથા કહે છે :

**थोवा य तमतमाए, कमसो घम्मंतया असंखगुणा ।**
**थोवा तिरिक्खपिज्ञत्तऽसंखतिरिया अणंतगुणा ॥२७३॥**

गाथार्थः તમસ્તમઃપ્રભા પૃથ્વીમાં સર્વથી થોડા નારકો છે, અને ત્યાર બાદ ઘર્મા સુધીની સાતે પૃથ્વીઓમાં વિપરીત ક્રમે અસંખ્યગુણ અસંખ્યગુણ નારકો છે. તથા તિર્યંચીઓ થોડી છે, તેથી પર્યાપ્તા તિર્યંચો (પંચેન્દ્રિય તિર્યંચો) અસંખ્યગુણા છે, અને તેથી પણ સર્વ તિર્યંચો અનન્ત ગુણા છે. ॥૨૭૩॥

टीकार्थः તમસ્તમામાં એટલે સાતમી પૃથ્વીમાં સર્વથી થોડા નારકો છે. અર્થાત્ શેષ છ નરકપૃથ્વીઓ(માંની કોઈ પણ એક પૃથ્વીની અપેક્ષાએ પણ) થોડા નારકો છે. તેથી છટ્ઠી પૃથ્વીના (તમઃપ્રભાના) નારકો અસંખ્યાતગુણા છે. તેથી પણ પાંચમી પૃથ્વીના (ધૂમપ્રભાના) નારકો અસંખ્યાતગુણા છે. એ પ્રમાણે અનુક્રમે યાવત્ ઘ[2]ર્મા પર્યન્ત એટલે રત્નપ્રભા પૃથ્વી સુધીના નારકો શર્કરાપ્રભાથી અસંખ્યગુણા છે. એ રીતે પહેલી પૃથ્વી સુધી કહેવું. એ ભાવાર્થ છે. એ પ્રમાણે નરકગતિમાં જ સ્વસ્થાને નારકજીવોનું પરસ્પર અલ્પબહુત્વ કહ્યું. હવે તિર્યંચગતિમાં કહેવાય છે :

तिरिक्खि - તિર્યંચગતિમાં સર્વથી થોડી તિર્યંચ સ્ત્રીઓ છે, તેથી पज्ञत्त= પર્યાપ્ત તિર્યંચ પંચેન્દ્રિયો असंख = અસંખ્યાતગુણા છે, કારણ કે મહાદંડકમાં પર્યાપ્ત પંચેન્દ્રિય નપુંસક તિર્યંચો તિર્યંચ સ્ત્રીઓથી અસંખ્યાતગુણા કહ્યા છે માટે.

प्रश्नः એ પ્રમાણે [તિર્યંચ સ્ત્રીઓથી પર્યાપ્તા તિર્યંચ પંચેન્દ્રિયો] ભલે અસંખ્યગુણા હો, પરન્તુ [ગાથામાં તો पज्ञत्त માત્ર જ કહેવાથી પર્યાપ્તા તિર્યંચો ગ્રહણ થાય પરન્તુ] એ પર્યાપ્ત તિર્યંચોને પંચેન્દ્રિય વિશેષણ શી રીતે પ્રાપ્ત થાય ? [અર્થાત્ પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચો શી રીતે ગ્રહણ થાય ? એ પ્રશ્ન છે].

---

૧. સામાન્યથી એટલે 'ભવનપત્યાદિ ચાર નિકાયની જુદી જુદી વિવક્ષા વિના ચારે નિકાયના સર્વ દેવોની અપેક્ષાએ' એવો અર્થ જાણવો, પરન્તુ પુરુષ - સ્ત્રીની ભેગી વિવક્ષા ગણવા માટે 'સામાન્ય' શબ્દ નથી.

૨. આ સાત પૃથ્વીઓના ક્રમમાં પ્રથમ તમસ્તમઃપ્રભાદિ નામો ગ્રંથકર્તાએ ગોત્રનામો કહ્યાં, અને ઘર્મા એ શબ્દથી ગ્રંથકર્તાએ મૂળ સ્વાભાવિક નામો ગ્રહણ કર્યાં છે, જેથી બીજો કોઈ તફાવત નથી, અર્થાત્ માઘવતીથી ઘર્મા સુધીમાં બન્ને નામોનો ક્રમ ગ્રંથકારે કહ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उत्तरः એ વાત સત્ય છે. પરન્તુ તિર્યંચ સ્ત્રીઓ તો પંચેન્દ્રિય જ અવશ્ય હોય છે, તે પ્રસ્તાવથી - પ્રસંગથી પર્યાપ્ત તિર્યંચો પણ અહીં પંચેન્દ્રિય જ ગ્રહણ કરાય છે. તેમજ અસંખ્યગુણા કહેવાથી પણ પર્યાપ્ત પંચેન્દ્રિય જ સમજાય છે; કારણ કે જો તેમ ન હોય [એટલે પર્યાપ્તા તિર્યંચોને પંચેન્દ્રિય ન ગ્રહણ કરતાં ચતુરિન્દ્રિયાદિકને પણ ગ્રહણ કરીએ] તો પર્યાપ્તા એકેન્દ્રિયાદિ[થી પ્રારંભીને પંચેન્દ્રિય સુધીના સર્વ સામાન્ય] તિર્યંચો અનન્ત હોવાથી, અને તિર્યંચ સ્ત્રીઓ માત્ર અસંખ્યાતી જ હોવાથી તિર્યંચ સ્ત્રીઓથી સામાન્ય તિર્યંચ પર્યાપ્તા અનન્તગુણા જ થાય. હવે એ બાબતના વિશેષ વિસ્તારથી સર્યું. તથા પંચેન્દ્રિય પર્યાપ્ત તિર્યંચોથી સામાન્યપણે એકેન્દ્રિયાદિ સર્વ તિર્યંચો અનન્તગુણા છે. એ ૨૭૩ મી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૨૭૩॥ [એ રીતે તિર્યંચગતિમાં પરસ્પર અલ્પબહુત્વ કહેવાયું].

अवतरणः હવે દેવગતિમાં સ્વસ્થાને પરસ્પર અલ્પબહુત્વ કહેવાય છે :

**थोवाऽणुत्तरवासी, असंखगुणवुड्ढि जाव सोहम्मो ।**

**भवणेसु वंतरेसु य, संखेज्जगुणा य जोइसिया ॥ २७४॥**

गाथार्थः પાંચ અનુત્તર વિમાનવાસી દેવો સર્વથી થોડા છે. તેથી સૌધર્મ દેવલોક સુધીના દેવો અનુક્રમે અસંખ્યગુણ અસંખ્યગુણ છે. તેમજ ભવનપતિ દેવો તથા વ્યન્તરદેવો પણ અનુક્રમે અસંખ્યગુણા છે. પરન્તુ જ્યોતિષી દેવો સંખ્યાતગુણા છે. ॥૨૭૪॥

टीकार्थः શેષ સર્વ દેવોની અપેક્ષાએ અનુત્તર વિમાનવાસી દેવો સર્વથી થોડા છે. તેથી નવ ગ્રૈવેયકવર્તી દેવો અસંખ્યગુણા છે. તે ગ્રૈવેયક દેવોથી અચ્યુત દેવલોકના દેવો અસંખ્યાતગુણ છે. તેથી પણ આરણ દેવલોકના (૧૧મા કલ્પના) દેવો અસંખ્યાતગુણા છે. તેથી પણ ૧૦ મા પ્રાણત દેવલોકના દેવો અસંખ્યાતગુણા છે. તેથી પણ નવમા આનત દેવલોકના દેવો અસંખ્યાતગુણા છે. એ પ્રમાણે અનુક્રમે દરેક કલ્પના દેવોમાં અસંખ્યગુણ અસંખ્યગુણ વૃદ્ધિ ત્યાં સુધી જાણવી કે યાવત્ सोहम्मो- સૌધર્મ દેવલોકના દેવો ઈશાનકલ્પવાસી દેવોથી અસંખ્યાત ગુણા થાય. એ અલ્પબહુત્વ તો આ જીવસમાસ ગ્રંથના અભિપ્રાયથી જાણવું, અને તે અઘટિત જ સમજાય છે; કારણ કે મહાદંડકમાં તો અનુત્તર વિમાનવાસી દેવોથી આનતકલ્પ સુધીના દેવોમાં સંખ્યાતગુણ સંખ્યાતગુણ વૃદ્ધિ-અલ્પબહુત્વ કહ્યું છે. તથા માહેન્દ્ર દેવલોકના દેવોથી સનત્કુમાર દેવલોકના દેવો [ચોથાથી ત્રીજા સ્વર્ગના દેવો] સંખ્યાતગુણા કહ્યા છે, તેમજ ઈશાન દેવલોકના દેવોથી સૌધર્મ દેવલોકના દેવો પણ સંખ્યાતગુણા કહ્યા છે. ॥इति विसंवादः ॥

**તથા સૌધર્મ દેવલોકના દેવોથી** भवणेसु એટલે ભવનોમાં નિવાસ કરનારા જે ભવનપતિ દેવો તે અસંખ્યાતગુણા છે. એ પ્રમાણે ભવનપતિ દેવોથી वंतरेसु વ્યંતર દેવો પણ અસંખ્યાત ગુણા કહેવા. અને વ્યંતરદેવોથી જ્યોતિષી દેવો સંખ્યાતગુણા છે, કારણ કે મહાદંડકમાં એ પ્રમાણે [સંખ્યાતગુણા જ] કહેલા છે માટે. એ ૨૭૪ થી ગાથાનો અર્થ સમાપ્ત થયો. ॥૨૭૪॥ इति देवगतौ परस्परमल्पबहुत्वम् ॥

अवतरणः એ પ્રમાણે દેવગતિમાં પરસ્પર અલ્પબહુત્વ કહીને હવે આ ગાથામાં સામાન્યથી એકેન્દ્રિયાદિ વિશેષણવાળા (એકેન્દ્રિયાદિ) જીવોનું અલ્પબહુત્વ કહેવાની ઇચ્છાએ (એટલે


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इन्द्रिय માર્ગણામાં અલ્પબહુત્વ કહેવાને) ગ્રન્થકર્તા કહે છે :

**पंचिंदिया य थोवा, विवज्जएण वियला विसेसहिया ।**
**तत्तो अ अणंतगुणा, अणिंदि एगिंदिया कमसो ॥२७५॥**

ગાથાર્થઃ પંચેન્દ્રિયો સર્વથી થોડા છે, અને તેથી વિપરીતપણે વિકલેન્દ્રિયો [ચતુરિન્દ્રિય ત્રીન્દ્રિય - દ્વીન્દ્રિય એ વિપરીત ક્રમે] વિશેષાધિક છે. તેથી અનુક્રમે અનિન્દ્રિય જીવો [સિદ્ધો] અનંત ગુણા છે, અને તેથી એકેન્દ્રિયો અનન્તગુણા છે. ॥૨૭૫॥

ટીકાર્થઃ દ્વીન્દ્રિયાદિ જીવોની અપેક્ષાએ પ્રથમ પંચેન્દ્રિયો સર્વથી થોડા છે, અને તેથી वियला-विकला એટલે દ્વીન્દ્રિય-ત્રીન્દ્રિય-ચતુરિન્દ્રિયરૂપ વિકલેન્દ્રિયો વિપરીત ક્રમે વિશેષાધિક છે. અર્થાત્ કહેવાનું તાત્પર્ય એ છે કે - પંચેન્દ્રિયોથી ચતુરિન્દ્રિય જીવો વિશેષાધિક છે. (એ ત્રસનું અલ્પબહુત્વ કહ્યું).

तत्तो य अणंतगुणा- તેથી એટલે દ્વીન્દ્રિયોથી અનિન્દ્રિય એટલે સિદ્ધો અનન્તગુણા છે, અને સિદ્ધોથી એકેન્દ્રિયો પૂર્વોક્ત યુક્તિથી જ (૨૭૧ મી ગાથાની વૃત્તિમાં કહેલી યુક્તિથી જ) અનન્તગુણા છે. એ ૨૭૫મી ગાથાનો અર્થ સમાપ્ત ॥૨૭૫॥ इति इन्द्रियमार्गणायां अल्पबहुत्वम् ॥

अवतरणः એ પ્રમાણે ઇન્દ્રિયમાર્ગણામાં અલ્પબહુત્વ કહીને હવે સામાન્ય કાય વિશેષણ વડે વિશિષ્ટ એવા જીવોનું અલ્પબહુત્વ કહેવાય છે. [અર્થાત્ આ ગાથામાં છ કાય માર્ગણામાં પરસ્પર અલ્પબહુત્વ કહેવાય છે] :

**थोवा य तसा तत्तो, तेउ असंखा तओ विसेसहिया ।**
**कमसो भू दग वाऊ, अकाय हरिया अणंतगुणा ॥२७६॥**

ગાથાર્થઃ સર્વથી થોડા ત્રસજીવો છે, તેથી તેઉકાયજીવો અસંખ્યગુણા છે, તેથી અનુક્રમે પૃથ્વીકાય, અપ્કાય, અને વાયુકાયના જીવો વિશેષાધિક વિશેષાધિક છે. તેથી અકાયજીવો [સિદ્ધો] અનન્તગુણા છે, અને તેથી વનસ્પતિકાયના જીવો અનન્તગુણા છે [એ કાયભેદે જીવાલ્પબહુત્વ જાણવું]. ॥૨૭૬॥

ટીકાર્થઃ (ત્રસકાયથી) શેષ જે અગ્નિકાયાદિ જીવો તેની અપેક્ષાએ तसा - ત્રસકાય જીવો થોડા છે. તે ત્રસકાયિક જીવોથી અગ્નિકાયજીવો અસંખ્યાતગુણા છે, અને તેથી પૃથ્વીકાયાદિકજીવો અનુક્રમે વિશેષાધિક છે. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે - અગ્નિકાયજીવોથી પૃથ્વીકાયજીવો વિશેષાધિક છે. પૃથ્વીકાયજીવોથી અપ્કાયજીવો વિશેષાધિક છે. અને અપ્કાયજીવોથી વાયુકાયજીવો વિશેષાધિક છે. એ પ્રમાણે એ પૃથ્વીકાયાદિ જીવોનું અનુક્રમે વિશેષાધિકપણું જાણવું.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तथा अकाय हरिया अणंतगुणा- ઉપર કહેલા વાયુકાયજીવોથી પણ अकाय - (કાયરહિત) અયોગી કેવલીઓ તથા સિદ્ધો એ બન્ને મળી[1] ને જ અનંતગુણા છે. તેથી પણ हरिया - હરિતકાય એટલે વનસ્પતિકાયજીવો સામાન્યથી[2] અનન્તગુણા છે. કારણ કે મહાદંડકમાં એ પ્રમાણે જ કહ્યું છે માટે. આ અલ્પબહુત્વમાં સર્વત્ર યુક્તિઓ [કારણો] પોતાની મેળે જ વિચારવી. એ ૨૭૬મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૨૭૬॥ इति जीवभेदेष्वल्पबहुत्वम् ॥

## ॥ ગુણસ્થાનોમાં પરસ્પર અલ્પબહુ ત્વ ॥

अवतरणः પૂર્વ ગાથાઓમાં જીવભેદરૂપ જીવસમાસોમાં અલ્પબહુત્વદ્વાર કહીને હવે ગુણસ્થાનરૂપ જીવસમાસોમાં [અર્થાત્ જીવગુણોમાં] કે જે આ ગ્રંથમાં ચાલુ મુખ્ય વિષયરૂપ છે તેમાં અલ્પબહુત્વ કહેવાય છે :

**उवसामगा य थोवा, खवगजिणा अप्पमत्त इयरे य ।**
**कमसो संखेज्जगुणा, देसविरय सासणा असंखगुणा ॥२७७॥**
**मिस्साऽसंखेज्जगुणा, अविरयसम्मा तओ असंखगुणा ।**
**सिध्धा य अणंतगुणा, तत्तो मिच्छा अणंतगुणा ॥२७८॥**

गाथार्थः ઉપશામક [૮-૯-૧૦-૧૧ ગુણસ્થાનવાળા] જીવો સર્વથી થોડા છે, તેથી क्षपक [૮-૯-૧૦-૧૨ ગુણસ્થાનવાળા] જીવો અનુક્રમે સંખ્યાતગુણા છે, તેથી અપ્રમત્તગુણ સ્થાનવાળા તથા ઇતર તે પ્રમત્ત ગુણસ્થાનવાળા જીવો અનુક્રમે સંખ્યાતગુણા છે. તેથી દેશવિરતિ ગુણસ્થાનવાળા અસંખ્યાતગુણા છે, અને તેથી સાસ્વાદન ગુણસ્થાનવાળા અસંખ્ય ગુણા છે. ॥૨૭૭॥ તેથી મિશ્ર ગુણસ્થાનવાળા અસંખ્યાતગુણા છે, તેથી અવિરતસમ્યક્દૃષ્ટિ (ચોથા) ગુણસ્થાનવાળા અસંખ્યગુણા છે, તેથી સિદ્ધો (ગુણસ્થાનરહિત જીવો) અનંતગુણા છે, અને તેથી પણ મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનવાળા જીવો અનંતગુણા છે. ॥૨૭૮॥

टीकार्थः અહીં ઉપલક્ષણ[3] વ્યાખ્યાનથી, उवसामगा - ઉપશમક એ શબ્દના ગ્રહણથી મોહનીયકર્મનો ઉપશમ કરનારા (૮-૯-૧૦ ગુણસ્થાનવાળા) અને મોહને સર્વથા ઉપશાન્ત કરેલ (૧૧મા ગુણસ્થાનવાળા) એવા જીવો ગ્રહણ કરાય છે. તેમજ खवग = क्षपक એ શબ્દથી ગ્રહણ કરવાથી પણ મોહનીયનો ક્ષય કરનારા (૮-૯-૧૦ ગુણસ્થાનવાળા) અને સર્વથા મોહનો ક્ષય કરેલ એવા (૧૨મા ગુણસ્થાનવાળા) જીવ ગ્રહણ કરાય છે. તેથી (એ વ્યાખ્યાને

૧. કેવળ અયોગી કેવલીઓ સંખ્યાતા જ હોય છે, અને સિદ્ધ અનંત છે. માટે એ બે મળીને અનન્તગુણ કહ્યા. કેવળ સિદ્ધજીવો પણ અનંતગુણા છે.

૨. પ્રત્યેક વનસ્પતિ અને સાધારણ વનસ્પતિ એ બે ભેદની વિવક્ષા વિના સામાન્ય વનસ્પતિ અનંતગુણ છે, એમ કહ્યું તે પ્રત્યેક વનસ્પતિના નિષેધ માટે છે. વિશેષભેદે તો કેવળ પ્રત્યેક વનસ્પતિ અનંતમા ભાગની જ છે, અને કેવળ સાધારણ વનસ્પતિ અનંતગુણ છે.

૩. શાસ્ત્રમાં વિશેષતઃ ઉપશમક શબ્દનો અર્થ ઉપશમશ્રેણિગત ૮-૯-૧૦ ગુણસ્થાનવાળા, અને ક્ષપક શબ્દનો અર્થ ક્ષપકશ્રેણિગત ૮-૯-૧૦ એ ત્રણ ગુણસ્થાનવાળા જ થાય છે, માટે અહીં ઉપશમકમાં ૧૧ મા ગુણસ્થાનવાળા અને ક્ષપકમાં ૧૨ મા ગુણસ્થાનવાળા અધિક ગ્રહણ કર્યા તે અધિકગ્રહણ ઉપલક્ષણથી જાણવું - એ તાત્પર્ય છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુસારે) ઉપશમક જીવો સર્વથી થોડા છે, અને ક્ષપક જીવો તેથી સંખ્યાતગુણા છે. એ કહેવાતું ઉપશમક તથા ક્ષપકોનું અલ્પબહુત્વ બન્ને જ્યારે ઉત્કૃષ્ટ[1] સંખ્યામાં વર્તતા હોય તે વખતનું જાણવું. અન્યથા એ બન્ને ગુણસ્થાનવર્તીઓ (ઉપશમક અને ક્ષપકો) લોકમાં કોઈ વખત હોય અને કોઈ વખત ન પણ હોય; વળી હોય તો પણ કોઈ વખત ઉપશમક થોડા અને ક્ષપક ઘણા, અને કોઈ વખત તો એથી વિપરીતપણે (એટલે ઉપશમક ઘણા અને ક્ષપક થોડા એમ) પણ વર્તતા હોય છે. માટે એ પ્રમાણે (અનુત્કૃષ્ટ સંખ્યાની અપેક્ષાએ તો બન્નેના અલ્પબહુત્વની) ભજના[2] જાણવી.

પુનઃ ક્ષપકોથી પણ जिणे = जिन એટલે ભવસ્થ (મનુષ્યગતિમાં વર્તતા પણ સિદ્ધ થયેલા નહિ એવા) કેવલીઓ (૧૩મા ગુણસ્થાનવાળા) સંખ્યાતગુણા જાણવા. તેથી પણ અપ્રમત્ત મુનિઓ (એટલે સાતમા ગુણસ્થાનવાળા) સંખ્યાતગુણા જાણવા. તેથી પણ इयरे य = ઈતર એટલે પ્રમત્ત મુનિઓ (અર્થાત્ છટ્ઠા ગુણસ્થાનવાળા) સંખ્યાતગુણા જાણવા. તે થકી દેશવિરતિઓ (એટલે પાંચમા ગુણસ્થાનવાળા) તિર્યંચ પંચેન્દ્રિયોમાં પણ હોવાથી અસંખ્યાતગુણા જાણવા. તથા સાસ્વાદનીઓ (એટલે બીજા ગુણસ્થાનવાળા) કદાચિત્ સર્વથા

---

૧. ઉપશમક ઉત્કૃષ્ટથી સમકાળે ચોપન અને ક્ષપક ઉત્કૃષ્ટથી સમકાળે ૧૦૮ વર્તે, તે વખતે એ અલ્પબહુત્વ દ્વિગુણ હોવાથી સંખ્યાતગુણ જાણવું, કારણ કે બે એ જઘન્ય સંખ્યાત છે.

૨. જ્યારે ઉત્કૃષ્ટ સંખ્યાએ ન વર્તે ત્યારે કોઈ વખતે વિશેષાધિક અને કોઈ વખત વિશેષહીન એમ અલ્પબહુત્વ હોય. તેમજ કોઈ વખતે સંખ્યાતગુણ અને કોઈ વખત સંખ્યાતગુણહીન અને કોઈ વખત સમ એમ પાંચ પ્રકારે અલ્પબહુત્વ હોય. તે આ પ્રમાણે - જ્યારે ઉપશમક ૫૪ હોય અને ક્ષપક ૧૦૭ હોય ત્યારે વિશેષાધિક. ઉપશમક ૫૪ અને ક્ષપક ૫૩ હોય તો વિશેષહીન. વળી ઉપશમક ૫૩ હોય અને ક્ષપક ૧૦૭ હોય તો સંખ્યાતગુણ, અને ઉપશમક ૫૪ તો ક્ષપક ૨૭ હોય, ત્યારે સંખ્યાતગુણહીન અલ્પબહુત્વ જાણવું. બન્ને ૫૪-૫૪ હોય તો સમ. એ પ્રમાણે ઉપશમક તથા ક્ષપકના અંક દ્વિગુણ અથવા તેથી અધિક હોય તો સંખ્યાતગુણ, અને અર્ધ અથવા અર્ધથી હીન સંખ્યા વડે સંખ્યાતગુણહીન. સમાન હોય તો સમ, તથા દ્વિગુણથી ન્યૂન હોય તો વિશેષાધિક, અને અર્ધથી એકાદિ અધિકતા વડે વિશેષહીન અલ્પબહુત્વ ગણવું.

વળી અહીં ઉપશમશ્રેણિનાં ૮-૯-૧૦-૧૧ એ ચાર ગુણસ્થાનમાં જ પરસ્પર અલ્પબહુત્વ વિચારીએ તો ઉત્કૃષ્ટપદે ચારે ગુણસ્થાનો તુલ્ય હોય છે. કારણ કે દરેકમાં ચોપન ચોપન જીવોથી અધિક જીવો (પ્રતિપદ્યમાન) પ્રવેશ કરતા નથી, તેમજ સંખ્યાતા સો (શતપૃથક્ત્વ) જીવોથી અધિક જીવો વર્તતા નથી (પ્રતિપન્ન નથી). જે કારણથી શ્રી પંચસંગ્રહમાં કહ્યું છે કે -

एगाई चउपन्ना, समगं उवसामगा य उवसंता । अध्धं पडुच्च सेढीए, होंति सव्वे वि संखेज्जा ॥२३॥

અર્થ : ઉપશામક અને ઉપશાન્તમોહીઓ સમકાળે એકથી પ્રારંભીને ચોપન સુધી હોય છે, અને ઉપશમશ્રેણિના કાળ આશ્રયિ તો સર્વે મળીને સંખ્યાતા હોય છે. ॥૧॥

પુનઃ એ ગાથાની વૃત્તિમાં જે ભાવ કહ્યો છે તે અક્ષરશઃ આ પ્રમાણે છે - અહીં ઉપશમક અને ઉપશાન્તમોહી લોકમાં કદાચિત્ હોય છે, અને કદાચિત્ ન પણ હોય, કારણ કે ઉપશમશ્રેણિનું અન્તર (વિરહકાળ) હોય છે માટે. તે કારણથી જ્યારે उवसामगा = ઉપશામકો એટલે અપૂર્વકરણ, અનિવૃત્તિબાદર અને સૂક્ષ્મ સંપરાય એ ત્રણ ગુણસ્થાનવાળા, તથા उवसंता ઉપશાન્ત એટલે ઉપશાન્તમોહી (અગિયારમા ગુણસ્થાનવાળા) વર્તતા હોય છે, ત્યારે જઘન્યથી એક, બે અથવા ત્રણ, અને ઉત્કૃષ્ટથી ચોપન વર્તતા હોય છે. એ પ્રમાણ પ્રવેશ આશ્રયિ કહ્યું છે. અર્થાત્ એ અપૂર્વકરણાદિ ગુણસ્થાનોમાં પ્રત્યેકમાં એક જ સમયે એટલા જીવો (સમકાળે) ઉપશમશ્રેણિની અપેક્ષાએ પ્રવેશ કરતા પ્રાપ્ત થાય છે, એ ભાવાર્થ છે. અને सेढीए - ઉપશમશ્રેણિના अध्धं - કાળની पडुच्च - અપેક્ષાએ તો सव्वेवि संखेज्जा


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

होंति - સર્વે મળીને પણ સંખ્યાતા જ પ્રાપ્ત થાય છે. એમાં કહેવાનું તાત્પર્ય એ છે કે - ઉપશમશ્રેણિના સમગ્ર અન્તર્મુહૂર્તકાળમાં પણ બીજા બીજા પ્રવેશ કરતા જીવોની અપેક્ષાએ સર્વ મળીને સંખ્યાતા પ્રાપ્ત થાય છે.

પ્રશ્નઃ ઉપશમશ્રેણિના અન્તર્મુહૂર્તકાળમાં પણ અસંખ્યાતા સમયો છે. તેથી જો દરેક સમયે એકેક જીવ પ્રવેશ કરે તો પણ સમગ્ર શ્રેણિકાળમાં અસંખ્યાતા (પ્રતિપન્ન) જીવો પ્રાપ્ત થાય, (એ પ્રમાણે એકેક જીવના પ્રવેશથી પણ જ્યારે અસંખ્ય જીવો પ્રાપ્ત થાય) ત્યારે બે, ત્રણ આદિથી પ્રારંભીને ઉત્કૃષ્ટા ચોપન ચોપન જીવોના પ્રવેશથી તો (અસંખ્યાતા પ્રાપ્ત થાય તેમાં) આશ્ચર્ય જ શું ? (અર્થાત્ અસંખ્યાતા જ પ્રાપ્ત થાય).

उत्तरः હા. એવી કલ્પના પણ થઈ શકે, પરન્તુ ક્યારે ? કે જ્યારે શ્રેણિના સર્વ સમયોમાં પ્રવેશ ચાલુ થતો રહે ત્યારે જ. પરન્તુ તેવી રીતે સર્વ સમયોમાં પ્રવેશ જ થતો નથી, પણ કેટલાક સમયોમાં જ પ્રવેશ થાય છે. [માટે અસંખ્યાતા પ્રાપ્ત ન થાય]. વળી [સર્વ સમયોમાં પ્રવેશ ન હોય] એ વાત પણ કેવી રીતે સમજાય ? એમ જો પૂછતા હો તો કહીએ છીએ કે - અહીં ઉપશમશ્રેણિ ગર્ભજ પર્યાપ્તા મનુષ્યો જ પામી શકે છે, પરન્તુ બીજા કોઈ જીવો પામતા નથી. વળી તે ગર્ભજ મનુષ્યોમાં પણ જેઓ ચારિત્રવંત હોય છે, તેઓ જ પામી શકે છે, પરન્તુ જે તે મનુષ્યો નહિ. વળી ચારિત્રવંતો પણ ઉત્કૃષ્ટ ક્રોડપૃથક્ત્વ જેટલા જ લોકમાં વર્તતા હોય છે, તે પણ સર્વે શ્રેણિની પ્રાપ્તિમાં પ્રવેશમાં નથી વર્તતા, પરન્તુ કેટલાક ચારિત્રીઓ જ શ્રેણિના - પ્રવેશમાં વર્તતા હોય છે. તે કારણથી (સ્પષ્ટ) સમજાય છે કે - ઉપશમશ્રેણિના સર્વ સમયોમાં જીવપ્રવેશ હોય નહિ, પરન્તુ કેટલાક સમયોમાં જ જીવપ્રવેશ હોય. તેમાં પણ કોઈ કાળે કોઈ એક સમયમાં જ પંદર કર્મભૂમિને આશ્રયિ (એટલે કોઈમાં કેટલાક તો કોઈમાંથી કેટલાક એમ બધી કર્મભૂમિઓના ભેગા ગણતાં) ઉત્કૃષ્ટથી ચોપન જીવો પ્રવેશ કરતા હોય છે. પરન્તુ એથી અધિક પ્રવેશ કરતા નથી. તે કારણથી ઉપશમશ્રેણિના સંપૂર્ણ કાળમાં પણ ઉપશમશ્રેણિગત જીવો (પ્રતિપન્ન જીવો) સંખ્યાતા જ પ્રાપ્ત થાય, પરન્તુ અસંખ્યાત નહિ. વળી તે સંખ્યાતા પણ ઘણા સો પ્રમાણ જાણવા, ઘણા હજાર પ્રમાણ નહિ (અર્થાત્ શતપૃથક્ત્વ જેટલા જ). એ પ્રમાણે ઉપશમશ્રેણિનાં ચારે ગુણસ્થાનકોનું પરસ્પર અલ્પબહુત્વ પ્રવેશરૂપ પ્રતિપદ્યમાન જીવોને આશ્રયિ તુલ્ય છે. તેમજ પ્રતિપન્ન જીવો આશ્રયિ પણ તુલ્યતા સ્પષ્ટ કહી નથી, પરન્તુ સંભવે છે. એ અલ્પબહુત્વ ભિન્નકાળની અપેક્ષાનું જ જાણવું. પણ સમકાળની અપેક્ષાનું નથી.

તથા ક્ષપકશ્રેણિનાં ૮-૯-૧૦-૧૨ એ ચાર ગુણસ્થાનમાં પરસ્પર અલ્પબહુત્વ વિચારીએ તો પ્રત્યેક ગુણસ્થાનમાં એક સમયે વધુમાં વધુ ૧૦૮ જીવો પ્રવેશ કરી શકે છે. તેથી પ્રવેશની (એટલે પ્રતિપદ્યમાન જીવોની) અપેક્ષાએ એ ચારે ગુણસ્થાનો પરસ્પર તુલ્ય છે. અને દરેક ગુણસ્થાનના સમગ્ર કાળ આશ્રયિ અથવા ક્ષપકશ્રેણિના પણ સમગ્ર કાળ આશ્રયિ વિચારીએ તો દરેક ગુણસ્થાનમાં અથવા સમગ્ર ક્ષપકશ્રેણિમાં પણ શતપૃથક્ત્વ જીવો પ્રતિપન્નભાવે વર્તતાં હોય છે. એ રીતે પણ ચારે ગુણસ્થાનોનું અલ્પબહુત્વ તુલ્ય સંભવે છે. [આ પણ ભિન્નકાળ આશ્રયિ અલ્પબહુત્વ જાણવું, પણ સમકાલીન નહિ. કારણ કે અહીં સર્વ ગુણસ્થાનોમાં કહેવાતું અલ્પબહુત્વ ભિન્નકાળ આશ્રયિ જ છે.] કહ્યું છે કે -

खवगा खीणाजोगी, एगाई जाव होंति अट्ठसयं । अद्धाए सयपुहुत्तं, कोडिपुहुत्तं सजोगीओ ।। (पंचसं.) ।।

અર્થ : ક્ષપક-ક્ષીણમોહી અને અયોગી એ ત્રણ (એટલે ૮-૯-૧૦-૧૨-૧૪ ગુણસ્થાનવાળા) જીવો (પ્રવેશની અપેક્ષાએ) જઘન્ય એક-બે આદિથી પ્રારંભીને યાવત્ ઉત્કૃષ્ટથી એકસો આઠ સુધી હોય છે. અને ક્ષપકશ્રેણિના સમગ્ર अद्धाए - કાળની અપેક્ષાએ શતપૃથક્ત્વ જીવો હોય છે. તથા સયોગી કેવલીઓ ક્રોડપૃથક્ત્વ (નવ ક્રોડ) હોય છે. ।।૧।।

અહીં પણ ક્ષપકશ્રેણિના કાળના કોઈપણ એક સમયમાં પ્રવેશતા ઉત્કૃષ્ટથી ૧૦૮ જીવો હોય છે, તેમજ પ્રતિસમયમાં પ્રવેશ હોય નહિ, ઈત્યાદિ સર્વ વક્તવ્ય પૂર્વોક્ત ઉપશમશ્રેણિના વક્તવ્યતુલ્ય કહેવું. તફાવત એ જ કે - ચોપનને બદલે એકસો આઠ કહેવા.

એ રીતે બન્ને શ્રેણિઓનાં ગુણસ્થાનોમાં સ્વસ્થાને અલ્પબહુત્વ પ્રત્યેક ગુણસ્થાન આશ્રયિ કહીને હવે બે શ્રેણિઓનું પરસ્પર અલ્પબહુત્વ વિચારવામાં - પ્રવેશની અપેક્ષાએ ઉપશમશ્રેણિથી ક્ષપકશ્રેણિના જીવો દ્વિગુણ એટલે પ્રથમ અયોગી થોડા, તેથી ઉપશામક જીવો સંખ્યાતગુણા, તેથી ક્ષપકો, ઈત્યાદિ રીતે સંખ્યાતગુણ જાણવા, તેમજ પ્રતિપન્ન જીવોની અપેક્ષાએ પણ, દ્વિગુણ જેટલા સંખ્યાતગુણ જાણવા. એ પ્રમાણે ઉપશમશ્રેણિમાં સ્વસ્થાને, ક્ષપકશ્રેણિમાં સ્વસ્થાને અને બે શ્રેણિમાં પરસ્પર એમ ત્રણે પ્રકારનું અલ્પબહુત્વ દર્શાવ્યું.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ન પણ હોય. અને જો હોય તો જઘન્યથી એક અથવા બે યાવત્ ઉત્કૃષ્ટથી ચારે ગતિમાં હોવાથી દેશવિરતિઓથી પણ અસંખ્યાતગુણા હોય છે. તથા મિશ્ર એ સમ્યગ્મિથ્યાદૃષ્ટિઓ (ત્રીજા ગુણસ્થાનવાળા) કદાચિત્ [સર્વથા હોય નહિ, અને જો] હોય તો (જઘન્યથી એક અથવા બે અને) ઉત્કૃષ્ટથી સાસ્વાદનીઓથી અસંખ્યાત[1]ગુણા હોય છે. તેથી અવિરતસમ્યગ્દૃષ્ટિઓ (ચોથા ગુણસ્થાનવાળા) સદાકાળ અસંખ્યાતગુણા પ્રાપ્ત થાય છે. અને તેથી પણ અનન્તગુણા સિદ્ધો (અગુણસ્થાનીઓ) છે. તથા તે સિદ્ધોથી પણ અનન્તગુણા મિથ્યાદૃષ્ટિઓ (પહેલા ગુણસ્થાનવાળા) છે, કારણ કે સર્વ નિગોદજીવો મિથ્યાદૃષ્ટિ હોવાથી, ઈત્યાદિ યુક્તિ સુગમ છે. એ ૨૭૭-૨૭૮મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥ इति सामान्यतः गुणस्थानेषु अल्पबहुत्वम् ॥

## ॥ ચાર ગતિમાં ગુણસ્થાનોનું અલ્પબહુ ત્વ ॥

अवतरणः હવે એજ ગુણસ્થાનરૂપ જીવસમાસોનું અલ્પબહુત્વ ચાર ગતિમાં પ્રત્યેક ગતિને વિષે કહેવાની ઈચ્છાએ ગ્રન્થકર્તા પ્રથમ આ ગાથામાં નરકગતિ અને દેવગતિમાં એક સરખી વક્તવ્યતા હોવાથી એ બે ગતિનું સાથે જ અલ્પબહુત્વ કહે છે :

**सुरनरए सासाणा, थोवा मीसा य संखगुणयारा ।**
**तत्तो अविरयसम्मा, मिच्छा य भवे असंखगुणा ॥२७९॥**

गाथार्थः દેવગતિમાં અને નરકગતિમાં સાસ્વાદન ગુણસ્થાનવાળા જીવો સર્વથી થોડા છે. તેથી મિશ્રગુણસ્થાનવાળા સંખ્યાત ગુણાકાર જેટલા (સંખ્યાતગુણા) છે. તેથી અવિરત સમ્યગદૃષ્ટિઓ અસંખ્યાતગુણા છે, અને તેથી પણ મિથ્યાદૃષ્ટિઓ અસંખ્યાતગુણા છે. [એ બે ગતિમાં ગુણસ્થાનનું અલ્પબહુત્વ કહ્યું]. ॥૨૭૯॥

टीकार्थः દેવોમાં અને નારકોમાં - દરેકમાં (દરેક ગતિમાં સ્વસ્થાને) સાસ્વાદનીઓનો ઉત્કૃષ્ટપદે પ[2]ણ સં[3]ભવ હોતે છતે (વર્તતે છતે) પણ અલ્પ હોય છે. અને मीसा = મિશ્રગુણ સ્થાનવાળા ઉત્કૃષ્ટપદે વર્તતા હોય તે વખતે સંખ્યાતગુણા હોય છે. અહીં જેઓનો સાસ્વાદન

---

વળી અહીં ૨૭૭મી ગાથામાં અયોગી કેવલીરૂપ ૧૪ મા ગુણસ્થાનનું અલ્પબહુત્વ સ્પષ્ટ કહ્યું નથી, તેમજ વૃત્તિમાં પણ અયોગી કેવલી ગણાવ્યા નથી, તો પણ અયોગી કેવલીઓને ક્ષપકમાં જ અધ્યાહારથી - ઉપલક્ષણથી ગ્રહણ કરવા. કારણ કે અયોગી કેવલીનું અલ્પબહુત્વ ક્ષપકથી ભિન્ન નથી માટે. અથવા ગાથામાં ઉપશમક કહેવા માત્રથી જેમ ઉપશાન્તમોહી પણ ગ્રહણ કરાય છે, તેમ ક્ષપક શબ્દથી ક્ષીણમોહી અને અયોગીઓ પણ ગ્રહણ કરવા, અલ્પબહુત્વ તુલ્ય હોવાથી જ.

૧. મૂળગાથામાં मिस्साऽसंखेज्जगुणा એ પદ અવગ્રહયુક્ત હોવાથી તેમજ ગ્રન્થાન્તરોમાં પણ અસંખ્યગુણ કહેવાથી મિશ્રગુણસ્થાનીઓ અસંખ્યગુણ હોય છે, પરન્તુ વૃત્તિમાં सास्वादनेभ्यः सङ्ख्यातगुणा એ પાઠ પ્રેસદોષથી હોય અથવા બીજા કોઈ કારણથી હશે.

૨. અહીં अपि = પણ શબ્દથી 'જઘન્ય તથા મધ્યમ સંખ્યાએ વર્તતા સાસ્વાદનીઓ તો અલ્પ હોય જ એમાં કંઈ કહેવાનું ન હોય, પરન્તુ ઉત્કૃષ્ટ સંખ્યાએ વર્તતા હોય તો પણ શેષ ઉત્કૃષ્ટપદવર્તી ગુણસ્થાનવાળા જીવોની અપેક્ષાએ અલ્પ જ હોય, અધિક નહિ. એ પ્રમાણે જેમ દેવગતિમાં એ બે ગુણસ્થાનોનું અલ્પબહુત્વ છે તેમ નરકગતિમાં પણ એ રીતે જ સરખું અલ્પબહુત્વ છે, પરન્તુ તફાવત નથી.

૩. કદાચિત્ સર્વથા અભાવવાળા પણ હોય છે તે કારણથી 'જ્યારે સંભવ હોય ત્યારે' એમ કહ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાશિવાળાઓથી संख = સંખ્યાતરાશિ વડે गुणयारा = ગુણાકાર કરાય તે સંખ્યાતગુણકાર એટલે સંખ્યાતગુણા [એવો સમાસ અર્થ છે], એ ભાવાર્થ છે.

વળી તેઓથી એટલે મિશ્રગુણસ્થાનવર્તી દેવોથી અથવા નારકોથી અવિરતસમ્યગ્દૃષ્ટિ દેવો વા નારકો સંખ્યાતગુણા છે. પુનઃ તે અવિરતસમ્યગ્દૃષ્ટિઓથી પણ મિથ્યાદૃષ્ટિ દેવો વા નારકો અસંખ્યાતગુણા છે. મિથ્યાદૃષ્ટિ - સાસ્વાદન - મિશ્ર અને અવિરતસમ્યગ્દૃષ્ટિ રૂપ ચાર જીવસમાસોનું (ચાર ગુણસ્થાનોનું) અલ્પબહુત્વ દેવગતિમાં તથા નરકગતિમાં જુદું જુદું જાણવું. શેષ દેશવિરતિ આદિ ગુણસ્થાનકોનો દેવગતિમાં તથા નરકગતિમાં અભાવ છે (તે કારણથી તેનું અલ્પબહુત્વ પણ હોય નહિ). એ ૨૭૯મી ગાથાનો અર્થ સમાપ્ત. ।।૨૭૯।।

अवतरणः હવે તિર્યંચગતિમાં સંભવતાં ગુણસ્થાનોનું અલ્પબહુત્વ આ ગાથામાં કહેવાય છે. તે આ પ્રમાણે :

**तिरिएसु देसविरया, थोवा सासायणा असंखगुणा ।**
**मीसा य संख अजया, असंख मिच्छा अणंतगुणा ।।२८०।।**

गाथार्थः તિર્યંચગતિમાં દેશવિરતિગુણસ્થાનવાળા જીવો થોડા, તેથી સાસ્વાદન ગુણસ્થાનવાળા જીવો અસંખ્યગુણા, તેથી મિશ્રગુણસ્થાનવાળા જીવો સંખ્યાતગુણા, તેથી અવિરતસમ્યગ્દૃષ્ટિગુણસ્થાનવાળા જીવો અસંખ્યાતગુણા અને તેથી મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનવાળા જીવો અનન્તગુણા છે. ।।૨૮૦।।

टीकार्थः તિર્યંચોમાં દેશવિરતિ જીવો સર્વથી અલ્પ છે. તેથી સાસ્વાદન ગુણસ્થાનવાળા જીવો, વર્તતા હોય ત્યારે, ઉત્કૃષ્ટપદવર્તી અસંખ્યાતગુણા; (અહીં પણ 'વર્તતા હોય ત્યારે' એમ કહ્યું તે 'વિરહકાળ ન હોય તે વખતે' એમ સૂચવવા ને અર્થે કહ્યું છે); તેથી મિશ્રગુણસ્થાનવાળા સંખ્યાતગુણા; અને તેથી અવિરત સમ્યગ્દૃષ્ટિઓ અસંખ્યાતગુણા; અને મિથ્યાદૃષ્ટિઓ તો તેથી પણ અનંતગુણા છે. શેષ પ્રમત્તાદિ ગુણસ્થાનો એ તિર્યંચગતિમાં સંભવતાં જ નથી (માટે તેનું અલ્પબહુત્વ પણ નથી). એ ૨૮૦ મી ગાથાનો અર્થ સમાપ્ત. ।।૨૮૦।।

अवतरणः હવે મનુષ્યગતિમાં ગુણસ્થાનોનું અલ્પબહુત્વ કહેવાય છે :

**मणुया संखेज्जगुणा, गुणीसु मिच्छा भवे असंखगुणा ।**
**एवं अप्पाबहुयं, दव्वपमाणेहिं साहेज्जा ।।२८१।।**

गाथार्थः ગુણસ્થાનોમાં મનુષ્યો (યથાયોગ્ય) પરસ્પર સંખ્યાતગુણા છે. (પરન્તુ વિશેષ એ કે -) મિથ્યાત્વ ગુણસ્થાનમાં અસંખ્યગુણા મનુષ્યો છે, એ પ્રમાણે દ્રવ્યપ્રમાણ વડે સર્વત્ર અલ્પબહુત્વ સાધવું - જાણવું. ।।૨૮૧।।

टीकार्थः મનુષ્યગતિમાં તો ચૌદે ગુણસ્થાનકો હોય છે. તેથી મિથ્યાદૃષ્ટિઓને અહીં (ગાથામાં) જુદા કહેલા હોવાથી શેષ સાસ્વાદનથી પ્રારંભીને અયોગી સુધીમાં गुणीसु = એટલે તેર ગુણસ્થાનવર્તી જીવોમાં, એટલે ચાલુ વિષયને અંગે તેર ગુણસ્થાનવાળા મનુષ્યો, પરસ્પર યથાસંભવ સંખ્યાતગુણા સર્વત્ર (તેર ગુણસ્થાનકોમાં) કહેવા; કારણ કે મિથ્યાદૃષ્ટિ મનુષ્યો


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્જીને શેષ રહેલા મનુષ્યો સંખ્યાતા જ હોય છે માટે, એ ભાવાર્થ છે. તથા મિથ્યાદૃષ્ટિ મનુષ્યો તો અસંખ્યાતગુણા છે. [એ બાબતનો ભાવાર્થ કહે છે.] -

અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે - મનુષ્યગતિમાં [અયોગી કેવલીઓ કોઈ વખતે એક પણ ન હોય અને] જ્યારે અયોગી કેવલીઓ [વિરહકાળ પૂર્ણ થયા બાદ] હોય ત્યારે તેઓ પ્રથમ સર્વથી થોડા[૧] જ હોય છે. અને જ્યારે મનુષ્યગતિમાં ઉપશમકોનો [૮-૯-૧૦-૧૧ ગુણસ્થાનવાળાનો] સંભવ હોય છે અને તે પણ ઉત્કૃષ્ટપદે (ઉત્કૃષ્ટ સંખ્યાએ વર્તતા) હોય ત્યારે અયોગી કેવલીઓથી સંખ્યાત[૨]ગુણા હોય છે. પુનઃ તે ઉપશમકોથી પણ [ક્ષપકોનો સંભવ હોય ત્યારે ઉત્કૃષ્ટ સંખ્યાએ વર્તતા ] ક્ષપકો સંખ્યાત[૩]ગુણા હોય છે. તેથી પણ સયોગી કેવલીઓ (સદાકાળ વર્તતા હોય છે, પરન્તુ ઉત્કૃષ્ટ સંખ્યાએ વર્તતા હોય ત્યારે) સંખ્યાત[૪]ગુણા હોય છે, તેથી પણ અપ્રમત્ત[૫]મુનિઓ (સદાકાળ વર્તતા હોય છે તે પણ ઉત્કૃષ્ટ સંખ્યાએ વર્તતા હોય ત્યારે) સંખ્યાતગુણા હોય છે. તેથી પ્રમત્ત[૬] મુનિઓ સંખ્યાતગુણા છે. તેથી દેશવિરતિ મનુષ્યો સંખ્યાત[૭]ગુણા છે. તેથી પણ અવિરતસમ્યગ્દૃષ્ટિઓ સંખ્યાત[૮]ગુણા, તેથી સાસ્વાદનીઓ સંખ્યાત[૯]ગુણા, તેથી મિશ્રગુણસ્થાનવાળા મનુષ્યો સંખ્યાત[૧૦]ગુણા, તેથી ગર્ભજ મનુષ્યો તથા સમ્મૂર્છિમ મનુષ્યો એ બન્ને મનુષ્યોની અપેક્ષાએ (એટલે એ બન્ને પ્રકારના મનુષ્યો મિથ્યાદૃષ્ટિ હોવાથી) મિથ્યાદૃષ્ટિ મનુષ્યો અસંખ્યાતગુણા છે. એ પ્રમાણે સાસ્વાદનાદિ તેર ગુણસ્થાનો તો ગર્ભજ મનુષ્યોને જ હોય છે. અને તે ગર્ભજ મનુષ્યો સંખ્યાતા જ છે. તે કારણથી જ એ તેર

---

૧. જઘન્યથી પ્રતિપદ્યમાન ૧-૨ અને ઉત્કૃષ્ટથી ૧૦૮, તથા પ્રતિપન્ન જઘન્યથી ૧-૨ યાવત્ ઉત્કૃષ્ટથી શતપૃથક્ત્વ હોય માટે.

૨. પ્રતિપદ્યમાન જઘન્યથી ૧-૨ ,ઉત્કૃષ્ટથી ૫૪, અને પ્રતિપન્ન જઘન્યથી ૧-૨ તથા ઉત્કૃષ્ટથી સંખ્યાત (તે પણ ક્ષપકના શતપૃથક્ત્વથી અર્ધા) હોવાથી પ્રત્યેક ગુણસ્થાનમાં અર્ધા હોય છે, પરન્તુ ચારે ગુણસ્થાનોની ભેગી સંખ્યા ગણીએ ત્યારે અયોગીથી ઉપશામકો ઘણા હોય.

૩. ચાર ક્ષપક ગુણસ્થાનોની ભેગી સંખ્યા અથવા જુદી સંખ્યા ગણતાં પણ ઉપશામકની ભેગી અને જુદી સંખ્યાથી બમણા હોય માટે. વળી અહીં ક્ષીણમોહ ગુણસ્થાન તો કેવળ ક્ષપકશ્રેણિનું જ છે, અને ૮-૯-૧૦ એ ત્રણ ગુણસ્થાનો બન્ને શ્રેણિનાં છે. તથા ઉપશાન્તમોહ ગુણસ્થાન કેવળ ઉપશમશ્રેણિનું છે. જેથી અહીં બે શ્રેણિના મિશ્ર અલ્પબહુત્વમાં એવું પણ અલ્પબહુત્વ પ્રાપ્ત થાય છે કે - ક્ષીણમોહ જીવો ઉપશાન્તમોહથી સંખ્યાતગુણા, તેથી અપૂર્વકરણવાળા વિશેષાધિક, કારણ કે ઉપશાન્તમોહમાં પ્રતિપદ્યમાન ૫૪ હોય, અને ક્ષીણમોહમાં પ્રતિપદ્યમાન ૧૦૮ છે. અને અપૂર્વકરણમાં ઉપશમશ્રેણિવાળા ૫૪ તથા ક્ષપકશ્રેણિવાળા ૧૦૮ પ્રતિપદ્યમાન (પ્રવેશવાળા) હોવાથી ૧૬૨ જીવો પ્રતિપદ્યમાન છે. જેથી ૧૦૮ની અપેક્ષાએ ૧૬૨ જીવો દ્વિગુણ ન હોવાથી વિશેષાધિક જ કહેવાય. એ રીતે અનિવૃત્તિ ગુણસ્થાનમાં પણ ૧૬૨, તથા સૂક્ષ્મસંપરાયમાં પણ ૧૬૨ જીવો પ્રવેશતા હોવાથી [તેમજ પ્રવેશને અનુસારે જ પ્રતિપન્ન જીવો પણ સંખ્યાતા વર્તતા હોવાથી] એ ત્રણે ગુણસ્થાનમાં વિશેષાધિકતા ક્ષીણમોહની અપેક્ષાએ છે. પરન્તુ એ ત્રણે પરસ્પર તુલ્ય છે. એ તુલ્યતા પણ પ્રતિપદ્યમાન તથા પ્રતિપન્ન એમ બન્ને પ્રકારના જીવોની અપેક્ષાએ છે.

૪. ઉત્કૃષ્ટથી નવ ક્રોડ [ક્રોડપૃથક્ત્વ] કેવલીઓ વર્તતા હોવાથી. [જઘન્યથી બે ક્રોડ કેવળી સદાકાળ હોય જ.]

૫-૬ . ઉત્કૃષ્ટથી નવ ક્રોડ પ્રમત્ત મુનિઓ [અને જઘન્યથી બે ક્રોડ હોય]. તથા અપ્રમત્ત મુનિઓ પ્રમત્ત મુનિઓથી કંઈક અલ્પ જાણવા. (એ અલ્પતા પંચસંગ્રહમાં કહી છે.)

૭-૮-૯-૧૦. પ્રમત્તાદિવત્ દેશવિરતિ મનુષ્યોની નિયત સંખ્યા નથી, તો પણ પ્રમત્તથી સંખ્યાતગુણા જ હોય. કારણ કે ગર્ભજ મનુષ્ય સંખ્યાતા જ છે માટે. તેવી જ રીતે અવિરત સમ્યગ્દૃષ્ટિ આદિ અનિયત સંખ્યાવાળા મનુષ્યોનું અલ્પબહુત્વ પણ સંખ્યાતગુણ જાણવું.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણસ્થાનોમાં યથાયોગ્ય પૂર્વ પૂર્વ ગુણસ્થાનની અપેક્ષાએ ઉત્તરોત્તર ગુણસ્થાનમાં સર્વત્ર સંખ્યાતગુણ સંખ્યાતગુણ મનુષ્યો જ કહ્યા છે. અને મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનમાં તો સર્વ મનુષ્યો (બન્ને પ્રકારનાં, તેમાં સમ્મૂર્ચ્છિમ અસંખ્યાતા હોવાથી) એ સર્વ ગુણસ્થાનોના એકત્ર-ભેગા મનુષ્યોથી પણ મિથ્યાદૃષ્ટિ મનુષ્યો અસંખ્યાતગુણા કહ્યા છે. એ પ્રમાણે સંક્ષેપથી જીવસમાસોનું [ગુણસ્થાનોનું] અલ્પબહુત્વ કહીને હવે ચાલુ વિષયનો ઉપસંહાર કરવાની ઈચ્છાએ ગ્રંથકર્તા [જીવગુણાદિકની અપેક્ષાએ જીવોમાં બીજાં બીજાં અલ્પબહુત્વો સાધવા ઈત્યાદિ] ભલામણ કરવાનું કહે છે -

एवं ઈત્યાદિ. - એ પ્રમાણે એટલે પૂર્વોક્ત રીતિને અનુસારે સિદ્ધાન્તમાં પરિકર્મિત (અત્યંત પરિશીલિત) બુદ્ધિવાળા પંડિતે જીવોમાં બીજાં બીજાં અલ્પબહુત્વો પણ સાધવાં - સિદ્ધ કરવાં અથવા નિશ્ચિત કરવાં. કયા કયા હેતુઓ - સાધનો વડે વિચારીને કરવાં ? તે કહે છે - પૂર્વે કહેવાઈ ગયેલાં દ્રવ્યોનાં પ્રમાણ વડે. અર્થાત્ પૂર્વે પ્રમાણદ્વારમાં પૃથ્વીઆદિ જીવદ્રવ્યોનાં જે સંખ્યાવિશેષરૂપ પ્રમાણો કહેલાં છે, તે પ્રમાણો રૂપ સાધન વડે [બીજાં નવાં નવાં અલ્પબહુત્વ વિચારવાં]. એમાં કહેવાનું તાત્પર્ય એ છે કે - પૂર્વે કહેવાઈ ગયેલાં પૃથ્વીકાયાદિ જીવદ્રવ્યોનું પ્રમાણ વિચારી વિચારીને જે જીવોનું જેનાથી [જે અન્ય જીવોથી] જેવા પ્રકારનું [સમ વા વિશેષાધિક વા સંખ્યાતગુણ વા અસંખ્યાતગુણ વા અનંતગુણ એ પાંચમાંનું જે] અલ્પબહુત્વ સંભવતું હોય તે આગમ - સિદ્ધાન્તનો વિરોધ ન આવે એવી રીતે બુદ્ધિમાન જ્ઞાતા પુરુષ પ્રતિપાદન કરે. [એ ગ્રંથકર્તાએ અતિદેશ - ભલામણ કરી જાણવી].

## ॥ જીવોનું [જીવગુણોનું] પૂર્વે નહિ કહેલું અલ્પબહુત્વ ॥

[ગ્રંથકર્તાની પૂર્વોક્ત ભલામણને અનુસરીને વૃત્તિકર્તા પોતે જ તે શેષ ગુણોના અલ્પબહુત્વ માટે પોતે કહે છે કે -] સિદ્ધાન્તમાં કહેલું તે (બાકીના કેટલાક જીવગુણોનું] અલ્પબહુત્વ શિષ્યજનના અનુગ્રહ - ઉપકાર માટે અમો પોતે જ કિંચિત્ (સંક્ષેપથી] દર્શાવીએ છીએ, તે આ પ્રમાણે -

योगमां - પ્રથમ મનોયોગી જીવો સર્વથી[૧] અલ્પ છે, તેથી વચનયોગવાળા જીવો અ[૨]સંખ્યાતગુણા છે, તેથી અયોગી[૩]ઓ અનન્તગુણા છે, અને તેથી કાય[૪]યોગી જીવો અનન્તગુણા છે. [એ પ્રમાણે સંક્ષેપમાં યોગનું અલ્પબહુત્વ કહ્યું].

વેદમાં - સર્વથી થોડા પુરુષવેદવાળા[૫] જીવો છે. તેથી સ્ત્રીવેદવાળા સંખ્યાત[૬]ગુણા છે. તેથી અવેદી [વેદરહિત સિદ્ધજીવો તથા ૧૦-૧૧-૧૨-૧૩-૧૪ એ પાંચ ગુણસ્થાનવાળા સહિત] અનન્તગુણા છે. અને તેથી પણ નપુંસકવેદવાળા [૭]અનન્તગુણા છે.

---

૧. સંજ્ઞી પર્યાપ્તાઓને જ મનોયોગ હોવાથી. ૨. દ્વીન્દ્રિયાદિ જીવોને વચનયોગ હોય છે, અને તે સંજ્ઞિપર્યાપ્તાથી અસંખ્યગુણા છે માટે. ૩. સંખ્યાતા અયોગી ગુણસ્થાનવાળા સહિત સિદ્ધ અનન્ત હોવાથી. ૪. એકેન્દ્રિયો અનન્તગુણા હોવાથી.

૫. સંજ્ઞી તિર્યંચ અને સંજ્ઞી મનુષ્યો તથા દેવો પુરુષવેદવાળા હોય છે માટે.

૬. પુરુષોથી સ્ત્રીઓ ત્રણ ગુણી, સત્તાવીસગુણી તથા બત્રીસગુણી સાધિક હોવાથી.

૭. નપુંસકવેદવાળા જ એકેન્દ્રિયો હોય છે, અને તે સિદ્ધથી અનન્તગુણ છે માટે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कषायमां - કષાય રહિત જીવો [૧૧-૧૨-૧૩-૧૪ ગુણસ્થાનવાળા તથા સિદ્ધ એ બે મળીને] સર્વથી થોડા (તો પણ અનન્ત) છે. તેથી માન[૮]વાળા જીવો અનન્તગુણા છે. તેથી ક્રોધ[૯]વાળા જીવો વિશેષાધિક છે. તેથી માયા[૧૦]કષાયવાળા જીવો વિશેષાધિક છે. અને તેથી પણ લોભ[૧૧]કષાયવાળા જીવો વિશેષાધિક છે.

लेश्यामां - શુક્લ[૧૨]લેશ્યાવાળા જીવો સર્વથી થોડા છે. તેથી પદ્મ[૧૩]લેશ્યાવાળા જીવો સંખ્યાતગુણા છે. તેથી તેજો[૧૪]લેશ્યાવાળા જીવો સંખ્યાતગુણા છે. તેથી લેશ્યારહિત -

---

૮. માનકષાય છએ કાયના જીવોને હોય છે, અને તે સિદ્ધથી અનન્તગુણ છે માટે. ૯-૧૦-૧૧. માનકષાયનો કાળ ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત્ત છે, તેથી ક્રોધકષાયનો કાળ મોટા અન્તર્મુહૂર્ત્તપ્રમાણ છે, અને તેથી પણ માયાનો કાળ મોટા અન્તર્મુહૂર્ત્તપ્રમાણ છે, અને તેથી પણ લોભનો કાળ અનુક્રમે અધિક અધિક હોવાથી અલ્પબહુત્વ પણ એ રીતે જ કહ્યું છે. વળી અહીં ક્રોધકષાયી ઈત્યાદિ એટલે ક્રોધાદિકનો વિપાકોદય વર્તતો હોય એવા જીવો ગણવા, પરન્તુ ક્રોધાદિ કષાયોની સત્તામાત્રથી અથવા પ્રદેશોદયથી ક્રોધાદિ કષાયી ન કહેવો. અહીં શ્રેણિમાં કહેલો ક્રોધાદિકનો ઉદયકાળ ગ્રહણ ન કરવો, પરન્તુ શ્રેણિ સિવાયના જીવોને વર્તતા ક્રોધાદિકના કાળનું જ પૂર્વોક્ત અલ્પબહુત્વ જાણવું.

૧૨. શુક્લ લેશ્યા છઠ્ઠા દેવલોકથી પ્રારંભીને ઉપરના સર્વ દેવોમાં અને કર્મભૂમિના કેટલાક મનુષ્યો તથા તિર્યંચોમાં હોવાથી અલ્પ છે.

૧૩. પદ્મલેશ્યા ૩-૪-૫ કલ્પના દેવોમાં તથા ઘણા કર્મભૂમિના ગર્ભજોને છે, અને એમાં ૩-૪-૫ કલ્પના એકત્ર દેવો ૬થી અનુત્તર સુધીના દેવોથી પણ સંખ્યાતગુણા છે, માટે શુક્લલેશ્યાથી પદ્મલેશ્યાવાળા સંખ્યાતગુણા કહ્યા છે.

૧૪. સર્વ જ્યોતિષી, સૌધર્મ-ઈશાન દેવોને તથા કેટલાક ભવનપતિ-વ્યન્તર - ગર્ભજતિર્યંચ પંચેન્દ્રિય - ગર્ભજ મનુષ્યો અને બાદર પર્યાપ્ત પૃથ્વી-અપ-પ્રત્યેક વનસ્પતિને પણ તેજોલેશ્યા હોવાથી પદ્મલેશ્યાથી તેજોલેશ્યાવંત જીવો સંખ્યાતગુણા કહ્યા.

प्रश्न : સર્વે જ્યોતિષીઓ તેજોલેશ્યાવાળા છે. તે જ્યોતિષીઓ ભવનપતિઓથી પણ અસંખ્યાતગુણા છે. તો પદ્મલેશ્યાવાળા સનત્કુમારાદિ દેવોથી ભવનપતિઓ અસંખ્યગુણા હોય તેમાં શું આશ્ચર્ય ? અને તેજોલેશ્યા તો સર્વ જ્યોતિષીઓ, સર્વ સૌધર્મ અને સર્વ ઈશાનદેવોને પણ હોવાથી પદ્મલેશ્યાથી તેજોલેશ્યાવાળા અસંખ્યગુણા કેમ નહિ ?

उत्तर: તિર્યંચપંચેન્દ્રિય ગર્ભજમાં કૃષ્ણાદિ ચાર લેશ્યા વર્તે છે. તેમાં પણ શુક્લલેશ્યાથી પશ્ચાનુપૂર્વીએ પદ્મલેશ્યાવાળા સંખ્યાતગુણા અને તેથી તેજોલેશ્યાવાળા સંખ્યાતગુણા કહેલા છે. માટે કેવળ દેવોની અપેક્ષાએ તો પદ્મલેશ્યાવાળા ૩-૪-૫ મા દેવલોકના દેવોથી તેજોલેશ્યાવાળા જ્યોતિષી આદિ દેવરાશિ અસંખ્યાતગુણો જ થાય. પરન્તુ તિર્યંચસહિત પદ્મલેશ્યાવાળા અને તિર્યંચસહિત તેજોલેશ્યાવાળા એ બેમાં અલ્પબહુત્વ વિચારીએ તો તેજોલેશ્યાવાળા અસંખ્યાતગુણા નહિ પણ સંખ્યાતગુણા જ થાય.

प्रश्न: જેમ પદ્મલેશ્યાવાળા દેવરાશિમાં તિર્યંચપંચેન્દ્રિયો ઉમેરાય છે. તેમ તેજોલેશ્યામાં તો વળી સંખ્યાતગુણ તિર્યંચરાશિ ઉમેરાય છે, તો અસંખ્યગુણ મોટું થવાને બદલે સંખ્યાતગુણ કેમ થાય ?

उत्तर: સંખ્યાતગુણ તિર્યંચો તેજોલેશ્યામાં ઉમેરાવાથી જ અલ્પબહુત્વ અસંખ્યાતગુણ મટીને સંખ્યાતગુણ થયું. નહિતર જો અસંખ્યાતગુણો તિર્યંચરાશિ ઉમેરાત ત્યારે તો અસંખ્યાતગુણ જ થાત, એ ગણિત પ્રક્રિયાથી જ પ્રાપ્ત થાય છે, જેમ ઉદાહરણ તરીકે પદ્મલેશ્યાવાળા ૧૦૦ દેવથી તેજોલેશ્યાવાળા ૧૦૦૦ દેવ હોય તો દશગુણા થયા. તે દશને (૬ થી ૧૫ સુધીનાં અસંખ્યાતમાં મધ્યમ) અસંખ્યાત કલ્પીએ. અને તિર્યંચમાં પદ્મલેશ્યાવાળા (દેવોથી ઘણા હોવાથી) ૧૦૦૦, અને તેજોલેશ્યાવાળા સંખ્યાતગુણા, (એટલે બે થી પાંચ સુધીને સંખ્યાત કલ્પતાં) મધ્યમસંખ્યાતરૂપ ત્રણ ગુણા કરતાં ૩૦૦૦ તિર્યંચો ઉમેરાતાં, એકંદરે પદ્મલેશ્યાવાળા ૧૧૦૦ થયા; ત્યારે તેજોલેશ્યાવાળા ૪૦૦૦ થયા; જેથી સાધિક ત્રણ ગુણા એટલે સંખ્યાતગુણા જ થયા; પરન્તુ છ ગુણ આદિ રૂપ અસંખ્યગુણા ન થયા. એ પ્રમાણે અલ્પબહુત્વ પરાવૃત્તિ પામે છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવો અનન્ત[1]ગુણા છે. તેથી કાપોતલેશ્યાવાળા જીવો અનન્ત[2]ગુણા છે. તેથી નીલલેશ્યાવાળા જીવો વિશેષા[3]ધિક છે. અને તેથી પણ કૃષ્ણલેશ્યા[4]વાળા જીવો વિશેષાધિક છે.

દૃષ્ટિમાં - સમ્ય[5]ગ્દૃષ્ટિઓ સર્વથી થોડા છે, તેથી સમ્યગ્દૃષ્ટિઓ [6]અનંતગુણા છે, અને તેથી પણ મિથ્યાદૃષ્ટિઓ અન[7]ન્તગુણ છે.

જ્ઞાનમાં - મનઃ[8]પર્યવજ્ઞાનીઓ સર્વથી થોડા છે. તેથી અવધિ[9]જ્ઞાનીઓ અસંખ્યાતગુણા છે. તેથી મતિજ્ઞાની અને [10]શ્રુતજ્ઞાનીઓ એ બે પરસ્પર તુલ્ય છે. પરન્તુ અવધિજ્ઞાનીઓથી અસંખ્યગુણા છે. તેથી વિભંગ[11]જ્ઞાનીઓ અસંખ્યાતગુણા છે. તેથી કેવળ[12]જ્ઞાનીઓ અનન્તગુણા છે. તેથી મતિઅજ્ઞાની અને શ્રુતઅજ્ઞાની જીવો પરસ્પર[13]તુલ્ય છે. પરન્તુ કેવળજ્ઞાનીઓથી અનન્ત[14]ગુણા છે.

દર્શનમાં - અવધિદર્શનીઓ સર્વથી થોડા છે. તેથી ચક્ષુદર્શનીઓ અસંખ્યા[15]તગુણા છે. તેથી કેવળદર્શનીઓ અનન્ત[16]ગુણા છે અને તેથી પણ અચક્ષુદર્શની જીવો [એકેન્દ્રિયોમાં પણ હોવાથી] અનન્તગુણા છે, એમ જાણવું.

ચારિત્રમાં - સર્વવિરતિ ચારિત્રવાળા સર્વથી થોડા[17] છે. તેથી દેશવિરતિ[18] ચારિત્રવાળા

---

૧. સિદ્ધ અનન્ત છે, અને લેશ્યારહિત છે, તેથી અનંતગુણા.

૨. એકેન્દ્રિયોમાં સાધારણ વનસ્પતિમાં કાપોતલેશ્યા છે, અને તે વનસ્પતિ સિદ્ધથી અનંતગુણ છે.

૩-૪. એકેન્દ્રિયોમાં અશુભ અશુભતર પરિણામવાળા વિશેષ વિશેષ હોવાથી ત્રણે લેશ્યા પરસ્પર વિશેષાધિક છે.

૫. સમ્યગ્મિથ્યાદૃષ્ટિપણાનો અન્તર્મુહૂર્તકાળ ઘણો અલ્પ છે માટે.

૬. અહીં સિદ્ધને પણ સમ્યગ્દૃષ્ટિ ગણવાથી અનંતગુણા કહ્યા. સંસારી જીવોમાં તો અસંખ્યાતગુણા જ સમ્યગ્દૃષ્ટિઓ હોય, પણ અનંતગુણા નહિ.

૭. વનસ્પતિકાયની અપેક્ષાએ મિથ્યાદૃષ્ટિ અનંતગુણા છે.

૮. આમર્ષૌષધિ આદિ લબ્ધિવાળા કેટલાક મુનિઓને જ મનઃપર્યવ હોય છે માટે.

૯. સમ્યગ્દૃષ્ટિ નારકોને, સમ્યગ્દૃષ્ટિ દેવોને તથા સમ્યગ્દૃષ્ટિ ગર્ભજ તિર્યંચ અને મનુષ્યમાંના કેટલાકને અવધિજ્ઞાન હોય છે, અને તે સર્વ મળીને મનઃપર્યવજ્ઞાનવાળા મુનિઓથી અસંખ્યાતગુણા છે માટે.

૧૦. મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાન અવધિજ્ઞાનીઓને તો સર્વને હોય છે જ. પરન્તુ તે ઉપરાન્ત સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયોને તથા સંજ્ઞી મનુષ્યોને પણ જેઓ સમ્યગ્દૃષ્ટિ હોય છે, તેઓને સર્વને હોય છે. અને તે સર્વ મળીને અવધિજ્ઞાનીઓથી અસંખ્યાતગુણા હોય છે. માટે અવધિજ્ઞાનીઓથી મતિ-શ્રુતજ્ઞાનીઓ અસંખ્યાતગુણા કહ્યા છે. તથા મતિજ્ઞાની અને શ્રુતજ્ઞાની એ બેમાં પરસ્પર તુલ્ય કહેવાનું કારણ કે જેટલા મતિજ્ઞાની હોય છે તેટલા સર્વે શ્રુતજ્ઞાની પણ અવશ્ય છે, जत्थ मइनाणं तत्थ सुअनाणं, जत्थ सुयनाणं तत्थ मइनाणं [જ્યાં મતિજ્ઞાન ત્યાં શ્રુતજ્ઞાન અને જ્યાં શ્રુતજ્ઞાન ત્યાં મતિજ્ઞાન] એ વચનથી મતિજ્ઞાની અને શ્રુતજ્ઞાનીઓ એ બે પરસ્પર તુલ્ય સંખ્યાવાળા છે.

૧૧. સમ્યગ્દૃષ્ટિ સિવાયના સર્વ નારક, સર્વ દેવને તથા કેટલાક ગર્ભજ તિર્યંચો તથા ગર્ભજ મનુષ્યોને વિભંગજ્ઞાન હોવાથી અવધિજ્ઞાનથી સંખ્યગુણ છે.

૧૨. સર્વ સિદ્ધ તથા કેટલાક મનુષ્યો કેવળજ્ઞાની હોવાથી અનન્તગુણ છે.

૧૩. जत्थ मइअन्नाणं तत्थ सुयअन्नाणं जत्थ सुयअन्नाणं तत्थ मइअन्नाणं [જ્યાં મતિઅજ્ઞાન ત્યાં શ્રુતઅજ્ઞાન અને જ્યાં શ્રુતઅજ્ઞાન ત્યાં મતિઅજ્ઞાન] એ વચનથી.

૧૪. મતિઅજ્ઞાન, શ્રુનઅજ્ઞાન એકેન્દ્રિયોમાં પણ હોય છે માટે.

૧૫. ચતુરિન્દ્રિયાદિ જીવોને પણ ચક્ષુદર્શન હોય છે માટે.

૧૬. સિદ્ધની અપેક્ષાએ.

૧૭. સર્વવિરતિ ચારિત્ર કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોમાંના કેટલાક ગર્ભજ મનુષ્યોને જ હોય છે માટે.

૧૮. દેશવિરતિ ચારિત્ર સંખ્યાતાયુષ્યવાળા ગર્ભજ તિર્યંચોને પણ હોય, અને તે અસંખ્યાતા છે માટે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અસંખ્યાતગુણા છે. તેથી નોવિરત-નો અવિરત [એટલે નોચારિત્રી તથા નો અચારિત્રી અર્થાત્ જેઓને ચારિત્રી પણ ન કહી શકાય તેમ અચારિત્રી પણ ન કહી શકાય એવા સિદ્ધ જીવો હોવાથી તેઓ] અનન્તગુણા છે અને તેથી અવિરતજીવો [એકેન્દ્રિયોમાં પણ હોવાથી] અનંતગુણા હોય છે.

उपयोगमां - અનાકાર ઉપયોગવાળા [એટલે દર્શન ઉપયોગવાળા] જીવો સર્વથી થોડા છે. તેથી સાકાર ઉપયોગવાળા જીવો સંખ્યાતગુણા છે. કારણ કે દર્શનોપયોગના કાળથી (અન્તર્મુહૂર્તથી) જ્ઞાનોપયોગનો કાળ (જ્ઞાનોપયોગનો પણ અન્તર્મુહૂર્ત કાળ) સંખ્યાતગુણ છે. [માટે જ્ઞાનોપયોગી જીવો પણ સંખ્યાતગુણા છે].

आहारीमां - અનાહારી જીવો સર્વથી અલ્પ છે. તેથી આહારક જીવો અસંખ્યાતગુણા છે. અહીં અન્તર્મુહૂર્તના સમયો જેટલા નિગોદો સદાકાળ વિગ્રહગતિમાં જ વર્તે છે. તેમાંથી એક વિગ્રહ [બે સમયવાળી એકવક્રા ગતિ]વાળા જીવો [1]વર્જીને શેષ સર્વે [વિગ્રહગતિવાળા] જીવો અનાહારક હોય છે અને તે સિવાયના બીજા સર્વે સૂક્ષ્મ નિગોદજીવો [એકવક્રા ગતિવાળા તેમ જ દેહસ્થ નિગોદો] આહારી હોય છે. માટે અનાહારીથી આહારી જીવો અસંખ્યાતગુણા છે.

पर्याप्तमां - અપર્યાપ્ત જીવોથી પર્યાપ્તા સંખ્યાતગુણા છે. એ સામાન્ય જીવરાશિ આશ્રયિ જાણવું. અને વિશેષથી તો બાદર પર્યાપ્તાથી બાદર અપર્યાપ્તા જ અસંખ્યાતગુણા છે. [પરન્તુ સૂક્ષ્મરાશિમાં અપર્યાપ્તથી પર્યાપ્ત અસંખ્યાતગુણા છે, તે કારણથી બન્ને રાશિઓને સામાન્યથી વિચારતાં પર્યાપ્તા અસંખ્યગુણા નહિ પણ સંખ્યગુણા થાય છે].

बादर-सूक्ष्ममां - બાદર જીવોથી સૂક્ષ્મ જીવો અસંખ્યા[2]તગુણા છે.

भव्यमां - અભ[3]વ્યજીવો સર્વથી થોડા છે. તેથી નોભવ્ય નોઅભવ્ય [જેને ભવ્ય પણ ન કહી શકાય તેમ અભવ્ય પણ ન કહી શકાય એવા] જે સિદ્ધ[4]જીવો તે અનન્તગુણા છે. અને તેથી પણ ભ[5]વ્યો અનન્તગુણા છે.

दिशि आश्रयि - હવે દિશાઓની અપેક્ષાએ પણ વિચારીએ તો પશ્ચિમ દિશામાં સર્વથી અલ્પ જીવો છે. તેથી પૂર્વ દિશામાં વિશેષાધિક જીવો છે. તેથી દક્ષિણ દિશામાં વિશેષાધિક છે અને તેથી પણ ઉત્તર દિશામાં વિશેષાધિક જીવો છે. એ અલ્પબહુત્વ બાદર જીવોની અપેક્ષાએ જાણવું. કારણ કે સૂક્ષ્મજીવો તો પ્રાય[6]: સર્વ દિશાઓમાં તુલ્ય હોય છે. વળી બાદરજીવોમાં પણ બાદર વનસ્પતિના જીવો જ ઘણા હોય છે, માટે એ અલ્પબહુત્વ બાદર વનસ્પતિ જીવોને

૧. એક વિગ્રહવાળા જીવોના બે સમયમાં પહેલો સમય અનાહારી અને બીજો ઉત્પત્તિ સમય આહારી હોય છે એ નિશ્ચયનયનો મત છે, અ બન્ને સમય આહારવાળા હોય એ વ્યવહારનયનો મત છે, જેથી અહીં વ્યવહારનયનો આશ્રય થયો જાણવો.

૨. બાદરમાં બાદર નિગોદજીવો અનંત છે, અને તે લોકના અસંખ્યાતમા ભાગમાં જ છે અને સૂક્ષ્મ નિગોદજીવો સર્વ લોકમાં અનંત છે, માટે ક્ષેત્રાપેક્ષાએ અસંખ્યાતગુણ છે.

૩-૪. ચોથા અનંત જેટલા જ છે, અને સિદ્ધ આઠમે અનન્તે કહ્યા છે માટે.

૫. વ્યવહારરાશિમાં તથા અવ્યવહાર રાશિમાં પણ રહેલા સર્વ ભવ્યો આશ્રયિ અનંતગુણા છે. અહીં સિદ્ધની ગણતરી કેવળ ભૂતકાળમાં થઈ ગયેલાની જ નહિ, પરન્તુ ભવિષ્યકાળમાં થનારા અનંત સિધ્ધોની પણ જાણવી. અર્થાત્ શાસ્ત્રમાં જ્યાં જ્યાં સિદ્ધ જીવો ગણાતા હોય ત્યાં સર્વત્ર ત્રણે કાળના સિદ્ધજીવો ગણવા એ જ પરિપાટી છે.

૬. પ્રાયઃ કહેવાથી કોઈ દિશામાં કોઈ વખત કિંચિત્ વધારે હોય તો કોઈ વખત કિંચિત્ અલ્પ પણ હોય.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુસરીને જ હોય છે. વળી તે બાદર વનસ્પતિઓ જ્યાં જળ ઘણું હોય ત્યાં[1] જ ઘણી હોય છે, અને જ્યાં જળ થોડું હોય ત્યાં થોડી હોય છે. અને ઘણું જળ સમુદ્રોમાં જ હોય છે [માટે સમુદ્રના જળની અધિક્તાને અનુસરીને એ અલ્પબહુત્વ પ્રાપ્ત થાય છે. હવે સમુદ્રો તો ચારે દિશામાં પરિમંડલાકારે સરખા જ હોય છે. ત્યારે અમુક દિશામાં ઓછું જળ અને અમુક દિશામાં અધિક જળ એમ કેવી રીતે હોય ? એ આશંકાના સમાધાન તરીકે કહેવાય છે કે -] પૂર્વ દિશામાં અને પશ્ચિમ દિશામાં સમુદ્રોને વિષે ચંદ્ર-સૂર્યના [2]દ્વીપો છે, કે જે સ્થાને-દ્વીપોમાં ચંદ્ર-સૂર્યનાં અવસ્થાન [રહેઠાણો-આવાસો] છે, ત્યાં જળનો અભાવ છે, અને જળના અભાવે બાદર વનસ્પતિઓનો પણ અભાવ છે. [જો પૂર્વ અને પશ્ચિમમાં પણ ચંદ્ર-સૂર્યના દ્વીપો દરેક સમુદ્રમાં છે, તો પૂર્વ દિશા અને પશ્ચિમ દિશાના જીવો પરસ્પર તુલ્ય ગણવા જોઈએ તેને બદલે પશ્ચિમમાં જીવો અલ્પ અને પૂર્વમાં વિશેષાધિક એમ કેવી રીતે કહો છો ? એ આશંકાના સમાધાન તરીકે કહેવાય છે કે -] વળી પશ્ચિમ દિશામાં એ વિશેષ છે કે - ત્યાં એક હજાર છોત્તેર યોજન [૧૦૭૬ યોજન] ઊંચો અને બાર હજાર યોજન (૧૨૦૦૦ યોજન) વિષ્કંભ (લંબાઈ-પહોળાઈ)વાળો गौतम द्वीप નામનો દ્વીપ અધિક છે. તે દ્વીપે રોકેલા સ્થાનમાં જળનો અભાવ હોવાથી બાદર વનસ્પતિઓનો પણ તેટલા સ્થાનમાં [3]અભાવ છે. માટે એ પશ્ચિમ દિશામાં જીવો અલ્પ કહ્યા છે અને પૂર્વ દિશામાં ગૌતમ દ્વીપના અભાવે (પૂર્વ દિશામાં) જીવો વિશેષાધિક છે. અને દક્ષિણ દિશામાં ચંદ્ર-સૂર્યના દ્વીપો ન હોવાથી ત્યાં પૂર્વથી પણ વિશેષાધિક છે. અને ઉત્તર દિશામાં વળી સંખ્યાતા યોજન પહોળાઈવાળા કોઈ દ્વીપમાં સંખ્યાતા કોડાકોડી યોજન જેટલી લંબાઈ-પહોળાઈવાળું मानस सरोवर નામનું સરોવર છે, તે કારણથી એ ઉત્તર દિશામાં વિશેષાધિક જીવો કહ્યા છે. એ પ્રમાણે [કંઈ પણ વિશેષભેદરહિત] સામાન્યથી જીવોનું દિશાની અપેક્ષાએ અલ્પબહુત્વ કહ્યું. અને વિશેષ ભેદથી વિચારીએ તો પણ અપ્કાય-વનસ્પતિકાય-દ્વીન્દ્રિય-ત્રીન્દ્રિય-ચતુરિન્દ્રિયનું તથા સામાન્યથી તિર્યંચોનું પ્રાયઃ એ જ અલ્પબહુત્વ જાણવું; અને તેનું કારણ પણ એ [પૂર્વોક્ત ચંદ્ર-સૂર્યના દ્વીપ ગૌતમદ્વીપ અને માન સરોવરના હેતુથી] જ વિચારવું.

વળી અગ્નિકાય અને વાયુકાયના, દિશાની અપેક્ષાવાળા અલ્પબહુત્વમાં પશ્ચિમ દિશામાં અગ્નિકાય-વાયુકાય ઘણા છે એમ જાણવું. કારણ કે મેરુ પર્વતની પશ્ચિમ દિશામાં અધોલૌકિક ગામો (મનુષ્ય-વસતિનાં સ્થાનો) છે. તેમાં અગ્નિ અને વાયુના સદ્ભાવે પશ્ચિમ દિશામાં અગ્નિ-વાયુ વધારે છે. ઇત્યા[4]દિ સર્વ વિશેષ વિગત સિદ્ધા[5]ન્તરૂપી સમુદ્રમાંથી જાણવી.

---

૧. जत्थ जलं तत्थ वणं [જ્યાં જળ ત્યાં વનસ્પતિ] એ વચનથી.

૨. આ ઉપરથી સંભવે છે કે - ફક્ત અઢી દ્વીપમાં રહેલા બે સમુદ્રમાં જ ચંદ્ર-સૂર્યના દ્વીપ છે એમ નહિ પરંતુ સર્વ અસંખ્યાત સમુદ્રોમાં ચંદ્ર-સૂર્યના દ્વીપો છે. તે કારણથી પૂર્વ-પશ્ચિમ દિશામાં દ્વીપોની લંબાઈ-પહોળાઈ જેટલા ભાગમાં સર્વત્ર જળનો અભાવ છે. વળી દરેક સમુદ્રમાં પૂર્વદ્વીપમાં પૂર્વ વિભાગમાં ફરતા અર્ધા ચંદ્ર-સૂર્યના દ્વીપો, અને અગ્રદ્વીપમાં પશ્ચિમ વિભાગમાં ફરતા અર્ધા ચંદ્ર-સૂર્યના દ્વીપો હોય છે.

૩. અહીં અભાવ કહેવાથી વનસ્પતિઓ સર્વથા ન હોય એમ નહિ; કારણ કે ચંદ્ર-સૂર્યના દ્વીપોમાં વ્યન્તરોની રાજધાનીઓમાં તથા ગૌતમદ્વીપ આદિ દ્વીપોમાં પણ વનસ્પતિ જીવો [વૃક્ષો વિગેરે] છે જ. પરન્તુ તે વનસ્પતિઓ એટલા ઘણા પ્રમાણવાળી ન હોય કે જળની વનસ્પતિઓથી પણ તેનું પ્રમાણ વધે અથવા તુલ્ય હોય અથવા વિશેષહીન હોય; પરન્તુ ઘણી જ અલ્પ હોય તે કારણથી અભાવ કહેવાય છે.

૪. દક્ષિણ તથા ઉત્તર દિશામાં અગ્નિકાય સર્વથી અલ્પ છે, અને પરસ્પર તુલ્ય છે, તેથી પૂર્વ દિશામાં સંખ્યાતગુણા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. તેથી પશ્ચિમ દિશામાં વિશેષાધિક છે. અહિ મનુષ્યક્ષેત્રમાં જ બાદર અગ્નિકાય હોય છે, પરન્તુ બીજે સ્થાને નહિ. તેમાં પણ જ્યાં મનુષ્યો ઘણા હોય ત્યાં ઘણા ચૂલાદિ સળગાવાનાં કારણ હોય ત્યાં ઘણા અગ્નિકાય હોય, અને જ્યાં અલ્પ મનુષ્યવસતિ હોય ત્યાં તેવાં કારણો અલ્પ હોવાથી અગ્નિકાય પણ અલ્પ હોય. ત્યાં દક્ષિણ દિશામાં પાંચ ભરત તથા ઉત્તર દિશામાં પાંચ ઐરવતક્ષેત્રો જ હોવાથી મનુષ્યો એ બે દિશામાં અલ્પ છે, તે કારણથી અગ્નિજીવો પણ બે દિશામાં અલ્પ છે. અને પૂર્વ દિશામાં મહાવિદેહની ૧૬ વિજયોમાં મનુષ્યની વસતિ છે. તે ક્ષેત્ર ભરત-ઐરવતથી સંખ્યાતગુણ છે. માટે પૂર્વ દિશામાં અગ્નિજીવો પણ સંખ્યાતગુણા કહ્યા છે. તથા જે રીતે પૂર્વ દિશામાં ૧૬ વિજયક્ષેત્ર છે, તે રીતે પશ્ચિમમાં પણ ૧૬ વિજયક્ષેત્ર છે. પરન્તુ પશ્ચિમની ભૂમિ પ્રદેશહાનિના ક્રમથી ઘટતી યાવત્ પર્યન્તે ૧૦૦૦ યોજન ઊંડી ગયેલી હોવાથી તે ક્ષેત્ર પૂર્વક્ષેત્રથી દીર્ઘ છે, અને ત્યાં મનુષ્યની વસતિ પણ અધિક છે, તેથી અગ્નિજીવો પણ પૂર્વથી પશ્ચિમમાં અધિક કહ્યા છે. એ ૧૬ વિજયો જો કે ઊતરતા ઊતરતા ઢાળવાળા ક્ષેત્રમાં છે તો પણ ૧૦૦૦ યોજન ઊંડી તો છેલ્લી ચોવીસમી અને પચ્ચીસમી એ બે વિજયો જ अधोग्राम તરીકે ગણવી; કારણ કે નવસો યોજનથી નીચેનું ક્ષેત્ર સર્વ અધોલોકમાં જ ગણાય, અને નવસો સુધીનું તિર્ચ્છાલોકમાં ગણાય એથી મર્યાદા બંધાયેલી છે. इति अग्निकायाल्पबहुत्वं दिगपेक्षया .

वायुकायમાં - પૂર્વ દિશામાં વાયુજીવો અલ્પ છે, પશ્ચિમમાં વિશેષાધિક છે, તેથી ઉત્તરમાં વિશેષાધિક છે. તેથી દક્ષિણમાં વિશેષાધિક છે. અહીં જે દિશામાં પોલાણો વધારે હોય તે દિશામાં વાયુજીવો વધારે, અને જે દિશામાં ઘન ભાગ વધારે હોય ત્યાં વાયુ અલ્પ હોય. એ રીતિ પ્રમાણે વાયુનું અલ્પબહુત્વ વિચારાય, તે આ પ્રમાણે-પૂર્વ દિશામાં અતિઘન પૃથ્વ્યાદિના સદ્ભાવે વાયુ અલ્પ છે, ઇત્યાદિ પૃથ્વ્યાદિઘનતાની અલ્પતાને અનુસરીને અધોગ્રામની ભૂમિ ઊતરતી હોવાથી પશ્ચિમમાં વિશેષ, તેથી ઉત્તરમાં ભવનપતિ તથા નરકાવાસનાં પોલાણ ઘણાં હોવાથી વિશેષ, અને દક્ષિણમાં ઘણાં ભવનો તથા ઘણા નરકાવાસ હોવાથી પોલાણોની અધિકતા વડે દક્ષિણમાં વાયુજીવો વિશેષ કહ્યા છે. ।। इति दिगपेक्षया वायोरल्पबहुत्वम् ।।

૫. હવે શેષ રહેલું અલ્પબહુત્વ જે સિદ્ધાન્ત સમુદ્રમાંથી જાણવા યોગ્ય કહ્યું, તે સંક્ષેપમાં શ્રી પ્રજ્ઞાપનાજીને અનુસારે દર્શાવાય છે. તે આ પ્રમાણે -

पृथ्वीकायમાં - દક્ષિણ દિશામાં પૃથ્વીકાયજીવો અલ્પ છે. તેથી ઉત્તર દિશામાં વિશેષાધિક છે. તેથી પૂર્વદિશામાં વિશેષાધિક, અને તેથી પશ્ચિમ દિશામાં વિશેષાધિક છે. એ અલ્પબહુત્વની ઉત્પત્તિ આ પ્રમાણે - જે દિશામાં ઘનભાગ (પૃથ્વીભાગ) અધિક હોય ત્યાં અધિક અને જ્યાં પોલાણ ભાગ ઘણા હોય ત્યાં પૃથ્વીકાય અલ્પ હોય, એ રીતિને અનુસરીને વિચારતાં દક્ષિણ દિશામાં ભવનપતિનાં ભવનો ઘણાં છે, તેમ જ નરકાવાસ પણ ઘણા છે; તેથી પોલાણભાગો ઘણા હોવાથી દક્ષિણ દિશિમાં પૃથ્વીકાય જીવો સર્વથી અલ્પ છે. તથા ઉત્તર દિશામાં ભવનો અને નરકાવાસ થોડા હોવાથી ઉત્તર દિશામાં પૃથ્વીકાય જીવો વિશેષ છે. તથા પૂર્વ દિશામાં ચંદ્ર-સૂર્યના દ્વીપો સર્વ સમુદ્રમાં આવેલા છે, તેથી પૂર્વ દિશામાં પૃથ્વીકાય ઉત્તરથી પણ વિશેષ છે અને પશ્ચિમ દિશામાં પૂર્વ દિશા જેટલા જ ચંદ્ર-સૂર્યના દ્વીપ છે, પરન્તુ ગૌતમદ્વીપ અધિક હોવાથી પશ્ચિમ દિશામાં પૃથ્વીકાયજીવો વિશેષ છે. એ પ્રમાણે દિશાઓમાં પૃથ્વીજીવોનું અલ્પબહુત્વ છે.

अप्कायમાં - પશ્ચિમ દિશામાં અપ્કાયજીવો અલ્પ છે. તેથી પૂર્વ દિશામાં વિશેષાધિક છે. તેથી દક્ષિણમાં વિશેષાધિક, અને તેથી ઉત્તરમાં વિશેષાધિક છે. અહીં પશ્ચિમમાં ગૌતમદ્વીપના સદ્ભાવે જળ ઓછું હોવાથી પશ્ચિમમાં અપ્કાયજીવો અલ્પ કહ્યા છે. અને ગૌતમદ્વીપના અભાવે પૂર્વ દિશામાં અપ્કાયજીવો વિશેષ છે. તથા ચંદ્ર-સૂર્યના દ્વીપો ન હોવાથી દક્ષિણ દિશામાં અપ્કાય તેથી પણ વિશેષ છે. અને સંખ્યાતા કોડાકોડી યોજનનું માન સરોવર ઉત્તર દિશામાં હોવાથી એ દિશામાં અપ્કાયજીવો તેથી પણ વિશેષ છે.

वनस्पतिकायમાં - તથા દ્વીન્દ્રિયાદિમાં અલ્પબહુત્વ કહેવાઈ ગયું છે.

नरकगतिમાં - સર્વથી અધિક નારકીજીવો દક્ષિણ દિશામાં છે, અને તે શેષ ત્રણ દિશાઓથી અસંખ્યાતગુણા છે. પૂર્વાદિ ત્રણ દિશાઓમાં પ્રાયઃ તુલ્ય છે. અહીં પૂર્વાદિ ત્રણ દિશાઓમાં પુષ્પાવકીર્ણ નરકાવાસ થોડા છે. તેમાં પણ સંખ્યાતા યોજનવાળા નરકાવાસ ઘણા છે, (અને મોટા નરકાવાસ ઓછા છે). તેથી એ ત્રણ દિશાના નારકો અલ્પ છે, તથા દક્ષિણદિશામાં પુષ્પાવકીર્ણ નરકાવાસ પૂર્વોક્ત ત્રણ દિશાથી ઘણા છે, અને પ્રાયઃ અસંખ્યાતા અસંખ્યાતા


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોજનના મહાન્ વિસ્તારવાળા છે. તેમજ દક્ષિણ દિશામાં કૃષ્ણપાક્ષિક જીવો ઘણા ઉત્પન્ન થાય એવો સ્વાભાવિક નિયમ છે. માટે એ ત્રણ કારણથી દક્ષિણ દિશાના નારકો અસંખ્યાતગુણા છે. અહીં જેઓને દેશોન અર્ધ પુદ્ગલપરાવર્ત્તથી અધિક સંસાર બાકી હોય તે કૃષ્ણપાક્ષિક અને દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત જેટલો જ સંસાર બાકી હોય તે શુક્લપાક્ષિક જીવો કહેવાય.

એ પ્રમાણે સામાન્યપણે નારકજીવોનું દિશાલ્પબહુત્વ કહ્યું. તે પ્રમાણે જ દરેક પૃથ્વીઓમાં પણ જુદું જુદું જાણવું. તથા સાતે પૃથ્વીઓમાં પરસ્પર દિશાલ્પબહુત્વ વિચારીએ તે અલ્પબહુત્વ આ પ્રમાણે - સાતમી પૃથ્વીના પૂર્વાદિ ત્રણ દિશાના નારકોથી સાતમી પૃથ્વીના જ દક્ષિણદિશિના નારકો અસંખ્યાતગુણા છે. તેથી છટ્ઠી પૃથ્વીના પૂર્વાદિ ત્રણ દિશાના નારકો અસંખ્યાતગુણા છે. તેથી પાંચમી પૃથ્વીના જ દક્ષિણ નારકો અસંખ્યાતગુણા છે. એ પદ્ધતિએ યાવત્ પહેલી પૃથ્વીના દક્ષિણનારકો અસંખ્યગુણા છે ત્યાં સુધી કહેવું.

तिर्यचगतिમાં - તિર્યંચમાં સામાન્ય જીવોનું અલ્પબહુત્વ અપ્કાયવત્.

तिर्यंच पञ्चेन्द्रियમાં - આ અલ્પબહુત્વ પણ અપ્કાયવત્ જાણવું.

मनुष्यगतिમાં - સર્વથી અલ્પ મનુષ્યો દક્ષિણ-ઉત્તર દિશામાં છે. તેથી પૂર્વ દિશામાં સંખ્યાતગુણા, તેથી પશ્ચિમ દિશામાં વિશેષાધિક. અહીં દક્ષિણ-ઉત્તર દિશામાં પાંચ ભરત અને પાંચ ઐરવતક્ષેત્રો જ છે, અને તે પણ અલ્પ પ્રમાણવાળાં છે, માટે અલ્પ અને પૂર્વ-પશ્ચિમમાં મનુષ્યક્ષેત્ર અસંખ્યાતગુણ હોવાથી (મહાવિદેહનાં વિજયક્ષેત્ર ઘણી વસતિવાળાં હોવાથી) તેમાં મનુષ્યો વિશેષ છે. તેમાં પણ પશ્ચિમમાં મનુષ્યો વિશેષાધિક છે. એ પ્રમાણે મનુષ્યનું અલ્પબહુત્વ દિશાની અપેક્ષાએ જાણવું.

भवनपतिમાં - પૂર્વ અને પશ્ચિમ દિશામાં ભવનો અલ્પ હોવાથી એ બે દિશામાં ભવનપતિદેવો અલ્પ છે, અને ઉત્તર દિશામાં ઘણાં ભવનો હોવાથી ઉત્તરમાં ભવનપતિઓ અસંખ્યાતગુણા છે. કારણ કે ઉત્તરનિકાય અને દક્ષિણનિકાય એ ભવનપતિઓનું પોતાનું અવશ્ય સ્થાન છે. તેથી પણ દક્ષિણમાં ભવનપતિઓ અસંખ્યગુણા છે; તેનું કારણ કે દક્ષિણદિશિમાં ઘણા કૃષ્ણપાક્ષિકોની ઉત્પત્તિ છે, તેમજ ઉત્તર દિશાથી પણ દક્ષિણ દિશામાં દશે નિકાયને વિષે પ્રત્યેકમાં ચાર લાખ - ચાર લાખ ભવનો અધિક અધિક છે. એ પ્રમાણે દિશિ અપેક્ષાએ ભવનપતિ દેવોનું અલ્પબહુત્વ કહ્યું.

व्यन्तरમાં - પૂર્વ દિશામાં અલ્પ વ્યન્તરો છે. તેથી પશ્ચિમમાં વિશેષાધિક, તેથી ઉત્તરમાં વિશેષાધિક, અને તેથી પણ દક્ષિણ દિશામાં વિશેષાધિક વ્યન્તરો છે. અહીં વાયુકાયવત્ જે દિશામાં સુષિર (પોલાણ ભાગો) ઘણાં ત્યાં વ્યન્તરો વધારે ફરતા હોય છે, અને ઓછા સુષિરમાં ઓછા ફરતા હોય છે, તે અનુસારે પૂર્વ દિશામાં પોલાણો અલ્પ છે, પશ્ચિમમાં અધિક છે; ઉત્તરમાં નિકાયસ્થાન હોવાથી આવાસો અને નગરો ઘણાં છે; અને તેથી પણ દક્ષિણદિશિમાં વ્યન્તરના આવાસો અને નગરો ઘણાં છે. માટે એ હેતુથી તે તે દિશામાં અનુક્રમે વિશેષાધિક વ્યન્તરો કહ્યા છે.

ज्योतिषीમાં - પૂર્વ દિશા અને પશ્ચિમ દિશામાં જ્યોતિષીઓ અલ્પ હોય છે, કારણ કે [વિમાનો પણ અલ્પ છે, તે ઉપરાંત] બાગ બગીચા સરખાં એમના ક્રીડાસ્થાનો જે ચંદ્રદ્વીપો અને સૂર્યદ્વીપો સમુદ્રોમાં છે તેમાં કેટલાક ચંદ્ર-સૂર્ય આદિ જ્યોતિષીઓ ક્રીડા માટે આવેલા હોય તેટલા જ હોય છે માટે. તેથી દક્ષિણ દિશામાં વિમાનો ઘણાં હોવાથી તેમજ કૃષ્ણપાક્ષિકોની ઘણી ઉત્પત્તિ હોવાથી દક્ષિણદિશિમાં વિશેષાધિક છે. તેથી પણ ઉત્તર દિશામાં વિશેષાધિક જ્યોતિષીઓ છે; કારણ કે ઉત્તર દિશામાં સંખ્યાતા કોડાકોડિ યોજનવાળા કોઈ દ્વીપમાં સંખ્યાતા કોડાકોડિ યોજનનું જે મોટું માન સરોવર છે, ત્યાં ઘણા જ્યોતિષીઓનાં ક્રીડાસ્થાનો છે. ત્યાં ક્રીડા કરતા જ્યોતિષીઓ ઘણા હોય છે માટે. તથા માન સરોવરના મત્સ્યાદિ જલચરો તે પોતાની પાસે (ઉપર આકાશમાં) દેખાતાં વિમાનો વડે જાતિસ્મરણજ્ઞાન પામવાથી નિદાન-નિયાણા સહિત અનશનાદિ વ્રત અંગીકાર કરીને ત્યાં જ ઉત્તર દિશામાં જ્યોતિષીદેવોપણે ઘણા ઉત્પન્ન થાય છે, તે કારણથી પણ દક્ષિણ જ્યોતિષીઓથી ઉત્તરદિશિના જ્યોતિષીઓ વિશેષાધિક છે.

वैमानिकदेवोમાં - सौधर्म કલ્પમાં પૂર્વ-પશ્ચિમ દિશામાં અલ્પ દેવો છે. તેથી ઉત્તરદિશિમાં (ઘણાં પુષ્પાવકીર્ણ વિમાનો અને મોટા પ્રમાણવાળાં હોવાથી) અસંખ્યાતગુણા દેવો છે. અને દક્ષિણ દિશામાં તેથી ઘણાં અને મોટા પ્રમાણવાળાં પુષ્પાવકીર્ણ વિમાનો ઉપરાંત કૃષ્ણપાક્ષિક જીવોની વિશેષ ઉત્પત્તિ હોવાથી અસંખ્યાતગુણા દેવો છે.

ईशान-सनत्कुमार-माहेन्द्र કલ્પમાં અલ્પબહુત્વ સૌધર્મકલ્પવત્ જાણવું. ब्रह्मकल्पમાં - પૂર્વોત્તરપશ્ચિમ દિશામાં અલ્પ અને દક્ષિણ દિશામાં (કૃષ્ણપાક્ષિકોની અધિક ઉત્પત્તિ હોવાથી) અસંખ્યાતગુણા દેવો છે. लान्तक - सहस्रार કલ્પમાં - અલ્પબહુત્વ બ્રહ્મકલ્પવત્ જાણવું. आनत વિગેરે - ઉપરના સર્વ દેવલોકમાં સર્વ દિશાઓમાં પ્રાયઃ તુલ્ય દેવો છે.

सिद्धમાં - મનુષ્યવત્ ઉત્તર - દક્ષિણમાં અલ્પ, પૂર્વમાં સંખ્યાતગુણ, પશ્ચિમમાં વિશેષાધિક.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા ઊર્ધ્વલોક, અધોલોક અને તિર્ચ્છાલોક આશ્રયિ અલ્પબહુત્વ વિચારીએ તો તિર્યગ્લોકમાં સર્વથી થોડા જીવો છે, તેથી અસંખ્યાતગુણા ઊર્ધ્વલોકમાં છે, કારણ કે - તિર્ચ્છાલોકથી ઊર્ધ્વલોકનું ક્ષેત્ર અસંખ્યાતગુણ છે. અને તેથી પણ અધોલોકમાં ક્ષેત્ર વિશેષાધિક હોવાથી વિશેષાધિક છે. એ પ્રમાણે [આ ગ્રંથમાં નહિ કહેલા જીવભેદોનું અલ્પબહુત્વ સિદ્ધાન્તમાંથી કહ્યું,] હવે વિશેષ વિસ્તાર કરવાથી સર્યું. વિશેષ વિસ્તારના જિજ્ઞાસુએ શ્રી પ્રજ્ઞાપનાજી ઉપાંગમાં ત્રીજું પદ [અલ્પબહુત્વ સંબંધી] છે, ત્યાંથી જોઈ લેવું. એ પ્રમાણે ૨૮૧મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૨૮૧॥

॥ इति अल्पबहुत्वं जीवद्रव्याश्रितं समाप्तम् ॥

अवतरणः એ પ્રમાણે પૂર્વ ગાથાઓમાં જીવસમાસનું (જીવભેદ-ગુણસ્થાન અને જીવગુણ એ ત્રણેનું) અલ્પબહુત્વ કહીને હવે આ ગાથાઓમાં અજીવદ્રવ્યોનું અલ્પબહુત્વ કહેવાય છે તે આ પ્રમાણે :

**धम्माधम्मागासा, तिन्नि वि दव्वट्ठया भवे थोवा ।**
**तत्तो अणंतगुणिया, पोग्गलदव्वा तओ समया ॥२८२॥**

गाथार्थः ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એ ત્રણે દ્રવ્યો દ્રવ્યાર્થપણે (દ્રવ્યપણે) અલ્પ છે. (કારણ કે એકેક છે). તેથી અનન્તગુણાં પુદ્ગલદ્રવ્યો છે. અને તેથી પણ અનન્તગુણા સમયો (કાળ) છે. ॥૨૮૨॥

टीकार्थः દ્રવ્યરૂપ અર્થ (પદાર્થ) તે દ્રવ્યાર્થ; તેનો ભાવ અથવા તદ્રૂપ ભાવ તે દ્રવ્યાર્થતા; તે દ્રવ્યાર્થપણા વડે એટલે દ્રવ્યપણે વિચારાતાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય રૂપ ત્રણે વસ્તુઓ તે દરેક એકેક દ્રવ્ય હોવાથી સ્વસ્થાને તુલ્ય છે (એટલે એ ત્રણે દ્રવ્ય પરસ્પર તુલ્ય સંખ્યાવાળાં છે). પરન્તુ ઉત્તર દ્રવ્યોની અપેક્ષાએ (આગળ કહેવાતાં પુદ્ગલાદિ દ્રવ્યોની અપેક્ષાએ) તો અલ્પ જ છે. તેથી પરમાણુ, દ્વ્યણુકસ્કંધ, ત્ર્યણુકસ્કંધ યાવત્ અનન્તાણુક સ્કંધ સુધીનાં પુદ્ગલદ્રવ્યો અનન્તગુણાં છે. અને તેથી પણ નિર્વિભાજ્ય (જેના બે ભાગ ન કલ્પી શકાય તેવા) કાળના અંશો એટલે સમયો તે અનન્તગુણા છે. કારણ કે પુદ્ગલદ્રવ્યોમાં પરમાણુ આદિ એકેક દ્રવ્યે બીજાં બીજાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવના સંયોગો વડે (એટલે અન્ય દ્રવ્યાદિકના સંબંધમાં) અનન્ત સમયો પૂર્વે અનુભવાયા છે; અને તે પ્રમાણે અન્ય અન્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના સંબંધ[1] વડે (સંબંધમાં) ભાવી કાળે પણ અનન્તા સમયો

૧. અહીં દરેક પુદ્ગલદ્રવ્યનો દ્રવ્યાદિ સાથે અનન્ત સંબંધ આ પ્રમાણે - ભૂતકાળમાં એક વિવક્ષિત પરમાણુદ્રવ્ય બીજા પરમાણુ સાથે વિશેષમાં વિશેષ અસંખ્યાત કાળ સુધી રહીને એકવાર છૂટો પડ્યો. એ પ્રમાણે અનન્તવાર જોડાઈ છૂટો પડ્યો છે. પુનઃ વિશેષમાં વિશેષ અસંખ્ય કાળ પરમાણુરૂપે રહીને દ્વ્યણુક સ્કંધ સાથે પણ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અસંખ્ય કાળ રહીને અનંતીવાર છૂટો પડ્યો છે. વળી ભૂતકાળમાં એજ પરમાણુ ત્ર્યણુક સ્કંધ સાથે પણ અસંખ્યાત કાળ સુધીની સ્થિતિએ અનન્તીવાર જોડાઈને છૂટો પડ્યો છે. એ પ્રમાણે ચતુઃપ્રદેશી, પંચપ્રદેશી યાવત્ સંખ્યાતપ્રદેશી, અસંખ્યાતપ્રદેશી અને અનન્તપ્રદેશી અનન્ત અનન્ત સ્કંધો સાથે દરેક સાથે અનન્ત અનન્તવાર જોડાયો છે. તેવી રીતે દરેક પરમાણુ સર્વ અનન્તાનન્ત સ્કંધો સાથે અનન્ત અનન્તવાર સંબંધવાળો થઈ પુનઃ છૂટો પડ્યો છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુભવશે. તે કારણથી પુદ્ગલદ્રવ્યોથી સમયો અનન્તગુણા કહ્યા તે યુક્ત જ છે. વળી 'ભૂતકાળના સમયો નષ્ટ થઈ ગયા છે, અને ભવિષ્યકાલના સમયો - હજી ઉત્પન્ન થયા નથી, માટે એ બે કાળ તો અવસ્તુ છે (એટલે અહીં દ્રવ્યપણે ન ગણવી જોઈએ); પરન્તુ વર્તમાન કાળનો એક સમય જે વર્તમાનકાળમાં વિદ્યમાન છે તે જ એક સમય (વસ્તુરૂપે સત્ હોવાથી) દ્રવ્યરૂપે ગણવો જોઈએ' એમ ન કહેવું જોઈએ; કારણ કે ગ્રંથાન્તરોમાં નિરન્વયના વિનાશને અને એકાન્ત અસત્‌ની ઉત્પત્તિનો ન્યક્ષપૂર્વક (તિરસ્કારપૂર્વક) નિરાકરણ કરેલ છે (એટલે અર્થનો નિરન્વય વિનાશ ન થાય, અને એકાન્તે અસત્ અર્થ (પદાર્થ)નવો ઉત્પન્ન ન થાય એમ કહેલું છે). એ ૨૮૨ મી ગાથાનો અર્થ સમાપ્ત. ।।૨૮૨।। इति द्रव्यार्थेन अजीवाल्पबहुत्वम् ।।

अवतरण: પૂર્વ ગાથામાં દ્રવ્યાર્થપણે અજીવદ્રવ્યોમાં અલ્પબહુત્વ કહીને હવે આ ગાથામાં પ્રદેશાર્થપણે ધર્માસ્તિકાયાદિ અજીવદ્રવ્યોનું જ અલ્પબહુત્વ કહેવાય છે :

**धम्माधम्मपएसा, तुल्ला परमाणवो अणंतगुणा ।**
**समया तओ अणंता, तह खपएसा अणंतगुणा ।।२८३।।**

गाथार्थ: ધર્માસ્તિકાયના પ્રદેશ અને અધર્માસ્તિકાયના પ્રદેશ એ બે પરસ્પર તુલ્ય છે, તેથી

---

જેથી તે વિવક્ષિત એક જ પરમાણુ બીજા અનન્ત પરમાણુઓ સાથે અનન્તવાર જોડાયાથી અનન્ત સમય પ્રાપ્ત થયા; પુનઃ અનન્ત દ્વિપ્રદેશી સ્કંધોમાં પ્રત્યેકની સાથે અનન્તીવાર સંબંધવાળો થયેલો છે માટે એ બીજા અનન્ત સમય. એ પ્રમાણે યાવત્ અનન્તપ્રદેશી સુધીના પ્રત્યેક સ્કંધોમાં અનન્ત અનન્તવાર સંબંધવાળો થવાથી તે વિવક્ષિત પરમાણુનો કાળ અન્ય અન્ય દ્રવ્યો સાથેના સંબંધમાં અનન્તાનન્ત સમયો જેટલો થયો. એ પ્રમાણે સર્વ પરમાણુના પ્રત્યેકના સંબંધ અન્યાન્ય દ્રવ્ય સાથે અનન્તવાર થયા, તેમજ દ્વિપ્રદેશી આદિ દરેક સ્કંધોના પણ અન્યાન્ય દ્રવ્યો સાથે અનન્ત અનન્તવાર સંબંધ થયા માટે द्रव्यसंयोगे પણ ભૂતકાળના સમયો સર્વ દ્રવ્યોથી અનન્તગુણા થયા. ।। इति द्रव्यसंयोगे अनन्तगुणभूतकालसमयाः ।।

હવે ક્ષેત્રસંયોગથી પણ પુદ્ગલોની અપેક્ષાએ સમય અનન્તગુણા છે તે આ પ્રમાણે - વિવક્ષિત એક પરમાણુ વિવક્ષિત એક આકાશપ્રદેશમાં વિશેષમાં વિશેષ અસંખ્ય કાળ સુધી રહીને જઘન્યથી એક સમય બાદ અને ઉત્કૃષ્ટથી અનન્તકાળે પુનઃ તે જ આકાશપ્રદેશમાં આવે. એ રીતે અનંતવાર દરેક આકાશપ્રદેશને અવગાહ્યો છે. એ પ્રમાણે દ્વિપ્રદેશાદિ સ્કંધો પણ દરેક સર્વ લોકાકાશમાંના પ્રત્યેક આકાશપ્રદેશને અનન્તવાર અવગાહ્યા છે, માટે ક્ષેત્રસંયોગે પણ સર્વ પુદ્ગલદ્રવ્યોથી કાળના સમયો ભૂતકાળમાં અનન્તગુણા વ્યતીત થયા છે. ।। इति क्षेत्रयोगे अनन्तगुणभूतकालः ।।

તથા વિવક્ષિત એક પરમાણુ ભૂતકાળમાં અનંતીવાર એક સમયની સ્થિતિવાળો થયો હતો. તેમ અનંતીવાર બે સમયની સ્થિતિવાળો પણ થયો છે. યાવત્ અસંખ્યાત સમયની સ્થિતિ સુધીનાં દરેક સ્થિતિસ્થાનને અનન્તવાર પ્રાપ્ત થયો છે. એ પ્રમાણે સર્વે પરમાણુ તેમજ સર્વે દ્વિપ્રદેશાદિ સ્કંધો પણ દરેક સ્થિતિસ્થાનને અનન્તવાર પામેલા છે. માટે કાળના યોગે પણ ભૂતકાળ સર્વ પુદ્ગલોથી અનન્તગુણો વ્યતીત થયો છે.।। इति कालयोगेऽनन्तगुणभूतकालः ।।

તથા એક જ પરમાણુ એકગુણ કૃષ્ણવર્ણવાળો અનંતવાર થયો છે. તેમ બે ગુણ, ત્રણ ગુણ યાવત્ અનંતગુણ કૃષ્ણવર્ણ સુધીનાં અનન્ત કૃષ્ણવર્ણ સ્થાનોને પ્રત્યેકને અનન્ત અનન્તવાર પામ્યો છે. તેમજ નીલાદિ પાંચે વર્ણના પણ પ્રત્યેકનાં અનન્ત અનન્ત સ્થાનોને અનંતીવાર પામ્યો છે. એ રીતે ગંધ આદિ સર્વ ગુણોના ભાવોના એકેક સ્થાનને અનન્તવાર પામ્યો છે. વળી જેમ એક પરમાણુ તેમ સર્વે પરમાણુઓ એ અને સર્વે સ્કંધોએ સ્વસ્વયોગ્ય અનન્ત ભાવસ્થાનોને અનન્તવાર પામેલા ગણતાં ભાવયોગે પણ સર્વ પુદ્ગલોથી ભૂતકાળ અનન્તગુણો છે. इति भावयोगेऽनन्तगुणभूतकालः ।। એ રીતે ભાવી કાળના પણ અનન્તગુણ સમયો ગણવા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમાણુઓ અનન્તગુણ છે, તેથી સમયો અનન્તગુણ છે, અને તેથી આકાશપ્રદેશો અનન્તગુણ છે. [એ પ્રદેશાલ્પબહુત્વ જાણવું.] ॥ ૨૮૩॥.

ટીકાર્થ: ધર્માસ્તિકાયના અને અધર્માસ્તિકાયના એ બન્નેના દરેકના (સરખી સંખ્યાએ) અસંખ્યાત અસંખ્યાત પ્રદેશ છે. અહીં પુદ્ગાલસ્તિકાયના પ્રદેશોથી અતિઅલ્પ (અનંતમા ભાગ જેટલા અતિઅલ્પ) છે એમ પોતાની મેળે જ જાણી લેવું. તેથી સમગ્ર પુદ્ગલાસ્તિકાયના સર્વ પ્રદેશોરૂપ પરમાણુઓ અનન્તગુણા છે; કારણ કે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયનો (લોકાકાશનો) જ્યાં એકેક પ્રદેશ રહ્યો છે, ત્યાં જ પરમાણુઓ અનન્ત રહ્યા છે. દ્વિપ્રદેશી સ્કંધોના તથા ત્રિપ્રદેશી આદિ પુદ્ગલદ્રવ્યોના (સ્કંધોના) પણ અનંત અનંત પ્રદેશો અવગાહ્યા - રહ્યા છે. અને પૂર્વ ગાથાની વૃત્તિમાં કહેલી યુક્તિ પ્રમાણે પુદ્ગલદ્રવ્યના પ્રદેશોથી પણ સમયો અનન્તગુણા છે. તથા खं આકાશ એટલે લોકમાં રહેલું અને અલોકમાં રહેલું જે સર્વ આકાશ તેના પ્રદેશો એટલે નિર્વિભાજ્ય ભાગો તે કાળના સર્વ સમયોથી પણ અનંતગુણા છે, કારણ કે સિદ્ધાન્તમાં એ પ્રમાણે જ કહેલું છે માટે. એ ૨૮૩મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૨૮૩॥

અવતરણ: [પૂર્વ ગાથાઓમાં જીવાસ્તિકાયરહિત] પાંચ અજીવદ્રવ્યોનું અલ્પબહુત્વ કહ્યું. હવે આ ગાથામાં જીવદ્રવ્યો સહિત ધર્માસ્તિકાયાદિ છ દ્રવ્યમાં પાંચ અજીવના પ્રદેશો અને જીવાસ્તિકાયમાં જીવદ્રવ્યો એ પ્રમાણે મિશ્ર અલ્પબહુત્વ કહેવાય છે. તે આ પ્રમાણે :

**धम्माधम्मपएसेहिंतो, जीवा तओ अणंतगुणा ।**
**पोग्गल समया खं पि य, पएसओ ते अणंतगुणा ॥२८४॥**

ગાથાર્થ: ધર્માસ્તિકાયના પ્રદેશો અને અધર્માસ્તિકાયના પ્રદેશો એ બે પરસ્પર તુલ્ય (પણ અસંખ્યાત - અસંખ્યાત) છે. તેથી જીવદ્રવ્યો (તથા પ્રદેશો) અનંતગુણ છે. તેથી પુદ્ગલદ્રવ્યો અથવા પુદ્ગલપ્રદેશો અનંતગુણ છે. તેથી સમયો અનન્તગુણ છે, અને તેથી પણ આકાશ પણ પ્રદેશથી અનંતગુણ છે. ॥૨૮૪॥.

ટીકાર્થ: ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ બેના પ્રદેશોથી અનન્તર કહેલું (ગાથામાં ધમ્માધમ્મની પછી કહેલું) જીવદ્રવ્ય, તે દ્રવ્યથી તેમજ પ્રદેશથી પણ અનન્તગુણ છે; કારણ કે એકેક નિગોદમાં પણ ધર્માસ્તિકાય અથવા અધર્માસ્તિકાયના પ્રદેશોથી પણ અનન્તગુણા જીવદ્રવ્યો (જીવો) રહેલા છે, તો સર્વ જીવદ્રવ્યો અનંતગુણ હોય તેમાં તો કહેવું જ શું ? વળી પ્રત્યેક જીવદ્રવ્યમાં અસંખ્યાત અસંખ્યાત જીવપ્રદેશો હોવાથી ધર્માસ્તિકાયના અથવા અધર્માસ્તિકાયના પ્રદેશોથી જીવપ્રદેશો અનંતગુણા હોય તે સહેજે સમજાય તેવું છે. વળી જીવાસ્તિકાયના સમગ્ર પ્રદેશોથી દ્રવ્યથી પણ પુદ્ગલાસ્તિકાય અનંતગુણ છે, તો પ્રદેશથી અનંતગુણ હોય તેમાં તો કહેવું જ શું ? (અર્થાત્ અનંત જીવોના સર્વ પ્રદેશોથી પુદ્ગલદ્રવ્યો અનન્તગુણ, અને તેથી પણ પુદ્ગલાસ્તિકાયના પ્રદેશો અનન્તગુણ છે). કારણ કે એકેક જીવપ્રદેશ (જીવના એકેક પ્રદેશ) કર્મપુદ્ગલના અનન્તાનન્ત સ્કંધરૂપ દ્રવ્યો વડે આવેષ્ટિત (અવગાઢ) તથા પરિવેષ્ટિત (સ્પૃષ્ટ) છે. તથા પુદ્ગલાસ્તિકાયના સમગ્ર પ્રદેશોથી સમયો અનંતગુણા છે. એ બાબતમાં યુક્તિ પ્રથમ કહેવાઈ ગઈ છે. તથા તે સમયોથી પણ खं- લોકાકાશ

અને અલોકાકાશ બે મળીને આકાશદ્રવ્ય તે પ્રદેશથી અનન્તગુણ છે, (અર્થાત્ પુદ્ગલપ્રદેશોથી સમયો, અને સમયોથી આકાશપ્રદેશો અનુક્રમે અનન્તગુણ છે). એ ૨૮૪ મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૨૮૪॥ इत्यजीवाल्पबहुत्वम् ॥ तत्समाप्तौ च समाप्तं अल्पबहुत्वद्वारम् ॥

अवतरण: એ પ્રમાણે જીવ અને અજીવ સંબંધી અલ્પબહુત્વ કહ્યું. અને તે કહેવાથી અલ્પબહુત્વદ્વાર સમાપ્ત થયું. અને તે સમાપ્ત થવાથી સત્પદપ્રરૂપણાદિ આઠ દ્વારો વડે જીવસમાસોનો વિચાર સમાપ્ત થયો. અને તે સમાપ્ત થવાથી संतपयपरूवणया, दव्वपमाणं च ઈત્યાદિ ગાથાનું વ્યાખ્યાન સમાપ્ત થયું. અને તેથી આ जीवसमास નામનું પ્રકરણ પણ સમાપ્ત થયું. વળી આ પ્રકરણના કર્તાનો પ્રયાસ આ પ્રકરણના ભણનારા ભણે અને સાંભળનારા સાંભળે તો જ સફળ થાય, તે કારણથી તેના (ભણવા-સાંભળવાના અથવા ભણનાર-સાંભળનારના) ઉત્સાહને માટે આ પ્રકરણના અર્થમાં ઉપયોગવાળાઓને શું ફળ થાય તે હવે આ ગાથામાં કહેવાય છે :

**बहुभंगदिट्ठिवाए, दिट्ठत्थाणं जिणोवइट्ठाणं ।**
**धारणपत्तट्ठो पुण, जीवसमासत्थ उवउत्तो ॥२८५॥**

गाथार्थ: વળી આ જીવસમાસના અર્થોમાં ઉપયોગવાળો જીવ ઘણા ભાંગાવાળા દૃષ્ટિવાદ સૂત્રને વિષે (અર્થાત્ સર્વ સિદ્ધાન્તોને વિષે) દર્શાવેલા અર્થોમાં (સૂત્રરૂપ પદાર્થોને) તેમજ શ્રી જિનેશ્વરોએ કહેલા અર્થોને (અર્થરૂપ પદાર્થોને) ધારણ કરવામાં પ્રાપ્તાર્થ સમર્થ થાય છે. [અહીં 'बहुभंगदिट्ठिवाए दिट्ठत्थाणं' એ પદો 'जिणोवइट्ठाणं' પદના વિશેષણથી જિનેશ્વરોએ પ્રરૂપેલા અર્થને માટે છે, તેમજ ગણધરકથિત સૂત્રો માટે પણ છે જેથી ગણધરકથિત સૂત્રોમાં અને શ્રી તીર્થંકરપ્રરૂપિત અર્થોમાં એ બન્નેમાં સમર્થ થાય છે - એ ભાવાર્થ છે]. ॥૨૮૫॥

टीकार्थ: जीवसमास - જીવસમાસ નામના આ પ્રસ્તુત-ચાલુ પ્રકરણના अत्थ અર્થ જે અભિધેયરૂપ - વિષય, તેમાં ભણવું, પરાવર્તન કરવું, સાંભળવું અને વિચારવું, એ દ્વારા ઉપયોગવાળો જીવ તે જીવસમાસાર્થ- ઉપયુક્ત જીવ કહેવાય. એવો જીવ થાય છે; કેવા પ્રકારનો થાય છે ? તે કહે છે - धारणपत्तट्ठो = ધારવામાં એટલે ચિત્તને વિષે સ્થિરપણે (આગળ કહેવાતા સૂત્ર તથા અર્થને) સ્થાપવામાં પ્રાપ્તાર્થ-સમર્થ [થાય છે. હવે જીવસમાસાર્થમાં ઉપયુક્ત જીવ] કઈ બાબતમાં સમર્થ થાય છે ? તે કહે છે - દૃષ્ટ અને તે અર્થ તે દૃષ્ટાર્થ, અર્થાત્ જીવાદિક પદાર્થો તે દૃષ્ટાર્થ [તેમાં સમર્થ થાય છે]. વળી એ દૃષ્ટાર્થો (એટલે જીવાદિ અર્થો) ક્યાં રહેલા છે ? [કે જેમાં દેખીને સમર્થ થાય ?] તે કહે છે - પરિકર્મ-સૂત્ર ઈત્યાદિ ભેદો વડે बहुभंग ઘણા ભંગ - ઘણા[1] ભેદવાળો જે દૃષ્ટિવાદ (બારમું અંગ) તેને વિષે (તે દૃષ્ટાર્થો રહ્યા છે), અર્થાત્ (દૃષ્ટિવાદના ઉપલક્ષણથી) સર્વ સિદ્ધાન્તમાં [જે દૃષ્ટાર્થો રહ્યા છે, તેને વિષે સમર્થ થાય છે], એ ભાવાર્થ છે. કારણ કે દૃષ્ટિવાદ (નામના બારમા અંગ)માંથી જ એકાદશાંગીનો (આચારાંગાદિ અગિયાર અંગનો) ઉધ્ધાર કરેલો હોવાથી દૃષ્ટિવાદ કહેવાથી અહીં સર્વે

૧. અર્થાત્ પરિકર્મ - સૂત્ર - અનુયોગ - પૂર્વ અને ચૂલિકા એ મોટા વિભાગો મળીને એક સંપૂર્ણ દૃષ્ટિવાદસૂત્ર છે, જેમાં પૂર્વ એ ચોથા વિભાગમાં જ ચૌદ પૂર્વ છે, એ રીતે બીજા અવાન્તર ઘણા અધ્યાયવિશેષ છે. માટે ઘણા ભેદવાળું દૃષ્ટિવાદસૂત્ર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આગમોનું ગ્રહણ કરાય છે. વળી (જીવસમાસાર્થમાં ઉપયોગવાળો જીવ એવા પ્રકારના જે દૃષ્ટાર્થોમાં સમર્થ થાય છે તે દૃષ્ટાર્થો) કેવા પ્રકારના છે ? (તે કહે છે -) जिणोवइट्ठाणं અર્થથી શ્રી જિનેશ્વરોએ કહેલા અને સૂત્રથી શ્રીગણધરોએ કહેલા - ગુંથેલા [એવા દૃષ્ટાર્થોમાં સમર્થ થાય છે]. એ રીતે આ ગાથામાં કહેવાનો ભાવાર્થ એ છે કે - શ્રી જિનેશ્વરોના આગમમાં કહેલા જે સર્વ ભેદાનુભેદયુક્ત જીવાદિ પદાર્થોને અવિસ્મૃતિપણે (ભૂલી ન જવાય એવી રીતે) ધારણ કરવામાં (જાણવામાં) તેજ જીવ સમર્થ થાય છે, કે જે જીવ આ કહેલા જીવસમાસ પ્રકરણના અર્થોમાં ઉપયોગવાળો હોય. માટે તેવા સામર્થ્યના જિજ્ઞાસુ જીવે આ જીવસમાસના અર્થના ઉપયોગમાં જ સદાકાળ પ્રયત્ન કરવો. એ ૨૮૫મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥ ૨૮૫ ॥ इति जीवसमासोपयुक्तानामेकं फलम् ॥

अवतरणः જીવસમાસના અર્થોમાં ઉપયુક્ત જીવોને [સિદ્ધાન્તમાં કહેલા પદાર્થોને ધારણ કરવામાં સામર્થ્ય પ્રાપ્ત થવારૂપ એક પ્રકારનું ફળ પૂર્વ ગાથામાં કહીને હવે આ ગાથામાં] બીજું પણ ફળ પ્રાપ્ત થાય છે, તે કહે છે :

**एवं जीवाजीवे, वित्थरभिहिए समासनिद्दिट्ठे ।**
**उवउत्तो जो गुणए, तस्स मई जायए विउला ॥२८६॥**

गाथार्थः એ પ્રમાણે (સિદ્ધાન્તમાં) ઘણા વિસ્તારથી કહેલા જીવાજીવ પદાર્થોને જે અહીં સમાસથી-સંક્ષેપથી કહ્યા છે, તે (વિસ્તારથી અથવા સમાસથી કહેલા જીવાજીવ પદાર્થો)ને જે જીવ ઉપયોગવાળો થયો છતો ગુણે - સાંભળે અને વિચારે તેની મતિ-બુદ્ધિ અત્યંત विउला- વિપુલ વિસ્તારવાળી થાય છે. (એ બીજું ફળ કહ્યું). ॥૨૮૬॥

टीकार्थः જે જીવાજીવ પદાર્થોને સિદ્ધાન્તમાં વિસ્તારથી કહ્યા છે, એટલે પ્રતિપાદન કર્યા છે, અને અહીં વળી एवं= પૂર્વે કહ્યા પ્રમાણે (આ ગ્રંથમાં કહ્યા પ્રમાણે) **સમાસથી - સંક્ષેપથી** નિર્દેશ કર્યા છે (કહ્યા છે); તે જીવાજીવ પદાર્થોને જે જીવ ઉપયુક્ત એટલે દીધેલા એકાગ્ર ઉપયોગવાળો થયો છતો गुणए - ગુણે - એટલે સાંભળે અને વિચારે, તે જીવની મતિ વિપુલ - વિસ્તારવાળી થાય. અહીં કહેવાનો ભાવાર્થ એ છે કે - આગમોમાં વિસ્તારથી કહેલા અને આ ગ્રંથમાં પૂર્વે કહ્યા પ્રમાણે ગાથાઓના સંક્ષેપથી (કેવળ ૨૮૪ ગાથાઓમાં જ) દર્શાવેલા જે સત્પદપ્રરૂપણાદિ ભાવવાળા (સત્પદાદિ આઠ દ્વારવાળા) જીવાજીવ પદાર્થોને ઉપયોગવાળો થયો છતો વિચારે, તે જીવને તેમ કરવાથી (ઉપયોગસહિત વિચારવાથી) અભ્યાસ વડે અનુક્રમે ઉત્તરોત્તર વિશેષોને પ્રાપ્ત કરતી (આગળ આગળ વિશેષ જીવાજીવભેદોમાં અવગાહવાળી થઈ) છતી विपुला - વિસ્તારવાળી બુદ્ધિ થાય છે. એ ૨૮૬મી ગાથાનો અર્થ સમાપ્ત. ॥૨૮૬॥

એ પ્રમાણે આ જીવસમાસ પ્રકરણ સમર્થિત કર્યે છતે (સમાપ્ત કર્યે છતે), અને નિગમિત કર્યે છતે (પદાર્થોના નિશ્ચયથી નિશ્ચિત કર્યે છતે)-

**जीवा पोग्गल समया, दव्व पएसा य पज्जवा चेव ।**
**थोवाऽणंताऽणंता, विसेसमहिया दुवेऽणंता ॥१॥**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ પ્રક્ષિપ્ત (વધુ ઉમેરાયેલી) ગાથા કેટલીક પ્રતોમાં લખેલી દેખાય છે, અને પૂર્વ ટીકાકારોએ એ ગાથાની વ્યાખ્યા - વૃત્તિ નથી કરી, તો પણ શિષ્યજનના ઉપકારને માટે તેની વ્યાખ્યા કરાય છે. તે આ પ્રમાણે - (એ ગાથા ચાલુ વૃત્તિમાં જ અંતર્ગત સરખી જાણવી. એ ગાથામાં જીવા ઇત્યાદિ પદોની સાથે થોવા ઇત્યાદિ પદોનો અનુક્રમે સંબંધ જોડવાનો છે. તે પ્રમાણે સંબંધ જોડવાથી એ ગાથાનો અર્થ આ પ્રમાણે થાય છે -

પુદ્ગલો વિગેરેની અપેક્ષાએ પ્રથમ જીવો સર્વથી થોડા છે. તેથી પૂર્વે કહેલી યુક્તિ પ્રમાણે (એકેક જીવના એકેક પ્રદેશે અનન્તાનન્ત કર્મપુદ્ગલો છે એ યુક્તિ પ્રમાણે) સર્વે પુદ્ગલદ્રવ્યો અનન્ત એટલે અનન્તગુણા છે, એ ભાવાર્થ છે. અને સમયો તો પૂર્વે કહેવાયેલી રીતિ પ્રમાણે (દ્રવ્યાદિકના અનન્તાનન્ત સંયોગોના અનુભવ થવાથી) પુદ્ગલોથી પણ અનન્તગુણા છે. તથા સર્વ સમયોથી સર્વ દ્રવ્યો વિશેષાધિક છે; કારણ કે સર્વ સમયોને દરેકને સિદ્ધાન્તમાં દ્રવ્યરૂપે ગણેલા છે; તે કારણથી એ સમયો સિવાયનાં શેષ જે સર્વ જીવદ્રવ્યો અને પુદ્ગલદ્રવ્યો તે બન્ને મળીને પણ સમયોના અનન્તમા ભાગ જેટલાં છે. વળી જે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એ એકેક દ્રવ્ય હોવાથી ત્રણ દ્રવ્યો છે તે, તથા તે ઉપરાન્ત સર્વ સમયરૂપ દ્રવ્યરાશિ પણ તે સર્વે દ્રવ્યોમાં મેળવતાં જે દ્રવ્યરાશિ થાય તે દ્રવ્યરાશિ (એટલે ધર્માસ્તિકાય - અધર્માસ્તિકાય- આકાશાસ્તિકાય-અનંત જીવો-અનંત પુદ્ગલો અને અનન્ત સમયો એ છ દ્રવ્યોનો ભેગો રાશિ) તે એકલા સમયદ્રવ્યની રાશિથી (સર્વ સમયોથી) વિશેષાધિક જ થાય, તે સહેજે સમજાય તેવું છે. તથા સર્વ દ્રવ્યોથી સર્વ પ્રદેશો અનન્તગુણા છે; કારણ કે એક લોકાકાશદ્રવ્યના જ પ્રદેશો સર્વ દ્રવ્યથી અનન્તગુણ છે માટે. તથા પ્રદેશોથી પર્યાયો અનન્તગુણા છે; કારણ કે (દરેક દ્રવ્યનો) એકેક પ્રદેશ પણ પોતાના અનન્ત અનુગત પર્યાયવાળો અને અનન્ત વ્યાવૃત્ત પર્યાયવાળો છે માટે. એ પ્રક્ષિપ્ત ગાથાનો અર્થ સમાપ્ત. ॥૧॥ આ પ્રમાણે બીજી પણ પ્રક્ષિપ્ત ગાથાઓની વ્યાખ્યા શ્રીસિદ્ધાન્તને અનુસારે કરવી. ॥ **इति समाप्ता जीवसमासवृत्तिः** ॥

## ॥ અથ વૃત્તિકર્તાની પ્રશસ્તિ ॥

આ વૃત્તિને વિષે જે જે વસ્તુ કહી છે, તે વિશેષે કરીને સિદ્ધાન્તરૂપ સમુદ્રમાંથી જ લખી છે, તો પણ મતિદોષ વડે જે દોષ (ભૂલચૂક) હોય તે સર્વ દોષ બુદ્ધિમાનોએ શોધવો - દૂર કરવો. (અર્થાત્ શુદ્ધ કરીને વાંચવું). ॥૧॥

આ જીવસમાસ ગ્રંથની વૃત્તિ રચીને મેં પણ જે કંઈ પુણ્ય ઉપાર્જન કર્યું હોય, તે પુણ્ય વડે લોકો જીવાદિ પદાર્થ જાણીને મોક્ષ સુખ પામો ! ॥૨॥

શ્રી પ્રશ્નવાહન નામના કુલરૂપી સમુદ્રમાં ઉત્પન્ન થયેલ, તથા પૃથ્વીતલમાં જેની કીર્તિ પ્રસિદ્ધ છે, તથા ઉદય પામેલી છે શાખાઓ જેની (પ્રશ્નવાહનકુલની શાખા - એ ભાવાર્થ) એવો, તથા સર્વ સિદ્ધ કરી છે વિકલ્પિત વસ્તુઓ જેણે એવો (અર્થાત્ સર્વ જગતના પદાર્થોને તર્કવાદથી જેણે સિદ્ધ -સાબિત કર્યા છે એવો, અથવા વિકલ્પિત એટલે અનેક વિકલ્પ-પ્રકારવાળી અર્થાત્ અનેક પ્રકારની વસ્તુઓ જેણે પ્રાપ્ત કરી છે એવો) તથા જેની ઊંચી છાયામાં (મુનિવર્ગને ઉત્તમ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આશ્રયવાળો હોવાથી) નિર્વૃતિ - નિરાંત - સુખ પામ્યા છે ઘણા ભવ્ય પ્રાણીઓ એવો, તથા જ્ઞાનાદિ પુષ્પો વડે નિચિત (ઘણા જ્ઞાનાદિક પુષ્પોવાળો) એવો, તથા જ્ઞાનાદિ લક્ષ્મીવાળા આચાર્યોરૂપ ફળોના સમૂહ વડે ફળેલો એવો કલ્પવૃક્ષ સરખો શ્રી हर्षपुरीयगच्छ નામનો ગચ્છ છે. ॥૩-૪॥

એ હર્ષપુરીય ગચ્છને વિષે ગુણરૂપી રત્નોને ઉત્પન્ન થવામાં રોહણાચલ પર્વત સરખા, ગંભીરતા વડે સમુદ્ર સરખા, જેની ઊંચાઈનું (પક્ષે-ઉત્તમતાનું) અનુકરણ મેરુપર્વતે કરેલું છે એવા, સૌમ્યતા વડે ચંદ્રસરખા, સમ્યગ્જ્ઞાન વડે વિશુદ્ધ- નિર્મળ એવા સંયમના પતિ (સંયમવાળા), પોતાની આચારચર્યાના (મુનિઆચારના) ભંડાર, અતિશાન્ત, અને મુનિઓમાં મુકુટ સરખા એવા શ્રી जयसिंहसूरि નામના આચાર્ય થયા. ॥૫-૬॥

સમુદ્રમાંથી જેમ રત્ન ઉત્પન્ન થયા તેમ શ્રી જયસિંહસૂરિના એક શિષ્યરત્ન થયા; હું માનું છું કે, બૃહસ્પતિ પણ તે શિષ્યરત્નના ગુણ ગ્રહણ કરવામાં (વર્ણવવામાં) સમર્થ નહિ હોય. (અહીં બૃહસ્પતિ વાગીશ = વચનના ઈશ હોવા છતાં પણ ગુણગ્રહણમાં (વર્ણવવામાં) ઈશ સમર્થ નથી, તેથી તાત્પર્ય એ જ કે તે શિષ્યરત્ન ઘણા ગુણવાળા થયા.) ॥૭॥

વળી જે શિષ્યરત્નને શ્રી वीरदेव નામના પંડિતે ઉત્તમ મન્ત્રાદિકના અતિશયવાળા ઉત્તમ જળવડે વૃક્ષની માફક સિંચન કરેલ છે, તો તેવા (તે) શિષ્યરત્નના ગુણ ગાવાને કોણ સમર્થ થાય ? [અહીં સંભવે છે કે શ્રી જયસિંહસૂરીશ્વરના શિષ્યે ગ્રહણશિક્ષા તથા આસેવનશિક્ષા શ્રી વીરદેવ નામના કોઈ મુનિવર્ય પાસે પ્રાપ્ત કરી હોય]. ॥૭॥ (હવે તે શિષ્યરત્ન કેવા ગુણવાન થયા તે કિંચિત્ દર્શાવાય છે) -

જે શિષ્યરત્નની (શ્રી અભયદેવસૂરિની) આજ્ઞા રાજાઓ પણ પોતાના મસ્તકે ધારણ કરતા હતા. પ્રાયઃ અતિદુષ્ટ એવા પણ જનો જેને દેખવા માત્રથી પણ પરમ હર્ષ પામે છે, તથા જેના મુખરૂપી સમુદ્રમાંથી નીકળતા નિર્મળ વચનરૂપી અમૃતનું પાન કરવામાં (અમૃતને પીવામાં) તત્પર એવા જનો, સમુદ્રમંથનથી જેમ દેવો તૃપ્તિ ન પામ્યા તેમ, તૃપ્તિ ન પામ્યા. [એ વચનમાહાત્મ્ય દર્શાવ્યું]. ॥૮॥

વળી જે શિષ્યરત્ને અતિદુષ્કર તપશ્ચર્યા કરીને તથા વિશ્વના જનોને બોધ પમાડીને તેવા તેવા પ્રકારના પોતાના સદ્ગુણો વડે આ શ્રીસર્વજ્ઞપ્રભુનું (શ્રી મહાવીરસ્વામીનું) તીર્થ પ્રભાવિત કર્યું (અર્થાત્ તીર્થની પ્રભાવના કરી), તથા ભવ્યોએ બાંધેલી સ્પૃહાવાળી (ભવ્ય જીવો પણ જે યશની આશા રાખે છે એવો), તથા આ વિશ્વરૂપી કુહરને (મહાસુષિરવાળા લોકને) ઉજ્વલ-નિર્મલ કરતો, અને શ્વેત અંશુ = કિરણો વડે શુભ-ઉજ્જવલ, એવો જેનો યશ સર્વ દિશાઓમાં અસ્ખલિતપણે વિચારે છે - ફેલાયેલો છે; ॥૯॥

તથા ગંગાનદી જેમ યમુનાના સંગ વડે સર્વને પવિત્ર કરે છે, તેમ યમુના નદીના પ્રવાહ સરખા નિર્મળ श्रीमुनिचन्द्रसूरि ના સંગથી જે શિષ્યરત્ને સુરનદીની - ગંગાનદીની પેઠે આ સર્વ પૃથ્વીતલને જેણે પવિત્ર કર્યું છે; ॥૧૦॥.

વિશેષતઃ સ્ફુરાયમાન થતા (પ્રવર્તતા) કલિયુગના પ્રભાવ વડે દુઃખે તરી શકાય એવા


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અજ્ઞાનરૂપ મહાઅંધકારથી લોપાઈ ગઈ છે મર્યાદા જેની એવા અને પ્રાચીન મુનિઓએ આચરેલા માર્ગને વિવેકરૂપી પર્વતને મસ્તકે (ઉદયાચલ ઉપર) ઉગતા સૂર્યની માફક જેણે સમ્યગ્જ્ઞાનરૂપી કિરણો વડે પ્રકાશિત કર્યો, તે श्रीअभयदेवसूरि એવા નામથી પૃથ્વીમાં પ્રસિદ્ધ થયા. ।।૧૦।।

તેમના શિષ્યલવ સરખા (શિષ્યોમાં લેશ - અલ્પ[૧] શિષ્ય સરખા) એવા श्री हेमचन्द्रसूरि એ (પંડિતજનોને) ગર્હણીય[૨] અર્થવાળી તો પણ શિષ્યજનોના સંતોષ માટે આ પ્રકૃત (જે હમણાં કહેવાઈ તે અથવા ચાલુ જીવસમાસ ગ્રંથની) વૃત્તિ રચી છે. ।।૧૧।।

આ ગ્રંથમાં પ્રત્યેક અક્ષરની ગણતરી પ્રમાણે સર્વ ગ્રંથસમૂહ છ હજાર છસો અધિક સત્તાવીસ શ્લોક પ્રમાણનો છે. તે અંકથી ૬૬૨૭ શ્લોક પ્રમાણ છે.

**इतिश्री हर्षपुरीय मलधारश्रीमद्हेमचन्द्रसूरिविरचिता श्रीजीवसमासवृत्तिः**
**तस्याः गूर्ज्जरभाषार्थः समाप्तः ॥**

---

૧. એ વચન સ્વલઘુતા દર્શક છે.

૨. મહાન પંડિતોને અનાદરણીય, તો પણ શિષ્યજનને આદરણીય ઈતિ ભાવદર્શક.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org